[1983]



# સ્વ. ચીમનભાઇને અનેક સંસ્થાઓની ભવ્ય શ્રદ્ધાંજલિ

● કૃષ્ણવીર દીક્ષિત

આપણા એક ખરા તત્ત્વચિંતક, નિષ્ઠાવાન લોકસેવક, જૈન સમાજના પ્રતિષ્ઠિત આગેવાન, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અધ્યક્ષ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, જેમનો તા. ૨૦મી નવેમ્બર ૧૯૮૨ને રોજ મુંબઇમાં તેમના નિવાસસ્થાને એંશી વર્ષની વયે દેહવિલય થયો તેમને શ્રદ્ધાંજલિ અર્પવા શનિવાર તા. ૨૭મી નવેમ્બર ૧૯૮૨ની સાંજે ૪-૩૦ કલાકે ભારતીય વિદ્યા ભવનમાં બૃહદ્ મુંબઇ અને મુંબઇ બહારની વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે એક સભા યોજવામાં આવી હતી.

આ શ્રદ્ધાંજલિ સભાના પ્રમુખપદે હતા ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઇ.

સભાનો આરંભ શ્રીમતી દ્રૌપદિલાબહેન વકાણીના ભજનથી થયો હતો.

તે પછી પૂજ્ય મહાસતીજી ધર્મશીલાશ્રીએ માંગલિક પ્રવચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે: 'લોકાયત્ર ગમે ત્યાં પડ્યું હોય પરંતુ તેની સોય ઉત્તર દિશા તરફ જ હોય છે. નદીનું ગન્તવ્ય લક્ષ્ય સમુદ્ર છે તેમ તત્ત્વચિંતક અને પ્રતિભાસંપન્ન ચીમનભાઇનું લક્ષ્ય સમાજ સેવા અને દેશ સેવા હતું. ચીમનભાઇ નિત્ય પ્રસન્ન રહેતા. તેમણે શૂન્યમાંથી સર્જન કર્યું. જેના હૃદયમાં કરુણા અને દયા છે, એ જ ખરો માણસ છે. ચીમનભાઇ એ દૃષ્ટિએ ખરા માણસ હતા, ગુજરાત સૌરાષ્ટ્રમાં કે દેશમાં કયાંય પણ આપત્તિ ઉદ્ભવતાં ચીમનભાઇ તત્કાળ આફતગ્રસ્તોની વહારે દોડી જતા. તેમની વાણીમાં મીઠાશ હતી. એમના મુખ ઉપર હીરાનું તેજ અને મોતીની ચમક હતાં તેમ સ્ફટિકની પારદર્શિતા હતી. જીવનભર એમણે પરોપકારનાં કાર્યો જ કર્યાં છે. અનેક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા. એમનામાં અદ્ભુત શક્તિ હતી. એમનો દેહ વિલય પામ્યો છે પરન્તુ એમનો આત્મા અમર છે. આવા પુરુષ કોને વંદનીય ન હોય? તેમનું મૃત્યુ અકાળ મરણ હતું. જીવનની છેલ્લી ક્ષણે એમણે હસતાં હસતાં નવકાર મંત્ર બોલતાં પ્રયાણ કર્યું. તેઓ ક્રમયોગી, જ્ઞાનયોગી અને ભક્તિયોગી હતા. આપણે સૌ એમના માર્ગને અનુસરીએ એ જ એમને સાચી અંજલિ આપી ગણાય.

## તેજસ્વી વ્યક્તિત્વ

મહાસતીજીની શ્રદ્ધાંજલિ પછી સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણચન્દ્ર ગાંધીએ કહ્યું: 'મારો તેમની સાથેનો ગાઢ પરિચય સંસ્થા સંચાલન ક્ષેત્રે થયો હતો. સંસ્થા સંચાલનનો તેમનો શો આદર્શ હતો તે વક્તાએ,' સદ્ગતનાં જ 'અવગાહન' નામના ગ્રંથમાંથી અવતરણ રજુ કરી દર્શાવ્યો હતો અને કહ્યું હતું કે: એમનું વ્યક્તિત્વ તેજસ્વી હતું. એમની આંગળીઓમાં પારસનો સ્પર્શ હતો. જે કામ તેઓ હાથમાં લેતા તે યશસ્વી રીતે તેઓ પાર પાડતા. સૌરાષ્ટ્ર ટ્રસ્ટની દરેક સમસ્યા પરત્વે તત્કાળ સ્પષ્ટ નિર્ણય લેવાની તેમનામાં સૂઝ હતી. ચોખ્ખું માર્ગદર્શન આપવાની તેમનામાં કુનેહ હતી. 'પ્રબુદ્ધ જીવન'માંનાં તેમનાં લખાણો સામાજિક તેમજ આધ્યાત્મિક હતાં. દૂધ તેમજ દહીં બંનેમાં પગ રાખવાને બદલે તેઓ પોતે માનતા તે જ ઉચ્ચારતા. દા. ત. તેમણે કહ્યું હતું કે અણુશસ્ત્રો બનાવવાં તે ભારત જેવા અહિંસાની ભાવનાને વરેલા ગરીબ દેશ માટે અનૈતિક છે. તેમનામાં અન્ય વ્યક્તિઓને પોતાની કરી લેવાનો ઉદાર-ચરિત ગુણ હતો. 'ટાઇમ્સ ઓફ ઇંડિયા,' 'ઇન્ડિયન એક્સપ્રેસ' કે 'પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા' જેવી અનેક અખબારી સંસ્થાઓને ચીમનભાઇ પોતાના કાયદાક્ષેત્રગત કૌશલનો લાભ આપતા. શ્રીમદ્ રાજચન્દ્ર, જેમને ગાંધીજીએ પોતાના એક ગુરુ માન્યા હતા તેમના ગ્રન્થ 'આત્મસિદ્ધિ'ના પ્રકાશનનું શ્રેય ચીમનભાઇને છે. તોલ્સ્તોય કે રસ્કિન કરતાં પણ શ્રીમદ્ રાજચન્દ્રનું તેમને મન વિશેષ મહત્ત્વ હતું. ચીમનભાઇ એક આધ્યાત્મિક પુરુષ હતા. આવતાં અનેક વર્ષો સુધી તેમની વાણી પ્રેરણાદાયી નીવડશે.

## શ્રદ્ધાંજલિ અર્પતો ઠરાવ

આટલું કહ્યા પછી શ્રી પ્રવીણચન્દ્ર ગાંધીએ સદ્ગત શ્રી ચીમનભાઇને શ્રદ્ધાંજલિ અર્પતો નીચે મુજબનો ઠરાવ વાંચી સંભળાવ્યો હતો:

'સ્વર્ગસ્થ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે બૃહદ મુંબઇ અને મુંબઇ બહારની વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે આજે શનિવાર, તા. ૨૭મી નવેમ્બર ૧૯૮૨ના રોજ શ્રી મોરારજીભાઇ દેસાઇના અધ્યક્ષપદે ભારતીય વિદ્યાભવન (ચોપાટી, મુંબઇ) માં યોજાયેલી આ સભા એમને શ્રદ્ધાંજલિ આપતાં ઠરાવે છે કે આપણા સંનિષ્ઠ લોકસેવક શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના શનિવાર, તા. ૨૦મી નવેમ્બરના રોજ થયેલા અવસાનથી આપણને સૌને માટે ન પૂરી શકાય એવી મોટી ખોટ પડી છે.

સ્વ. શ્રી ચીમનભાઇએ પોતાના જીવનકાળ દરમિયાન અનેકવિધ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક લોકસેવાનું બહુમૂલ્ય કાર્ય કરીને અનેક લોકોની ચાહના મેળવી છે. એક તેજસ્વી વિદ્યાર્થી, બ્રિટિશ ગવરમેન્ટના સોલિસિટર તરીકે રાજીનામું આપનાર, ભારતના બંધારણના ઘડનારાઓમાંના એક, ભારતની લોકસભાના સભ્ય, જૈન સમાજના મૂર્ધન્ય નેતા, પ્રખર કાયદાશાસ્ત્રી, અનેક સામાજિક, શૈક્ષણિક, સાંસ્કારિક અને ધાર્મિક સંસ્થાઓના સૂત્રધાર, શીલસંપન્ન તત્વચિંતક, પીઢ પત્રકાર, પ્રતિભાશાળી લેખક એવા શ્રી ચીમનભાઇએ અપ્રમત્તભાવે, પૂરી તન્મયતાથી આપણા જાહેરજીવનમાં જે અનેકવિધ લોકોપયોગી કાર્યો કર્યા છે અને પોતાના સાત્ત્વિક અને મૌલિક વિચારો દ્વારા લોકોને પ્રબુદ્ધ બનાવવાનું જે અવિરત કાર્ય કર્યું છે તેનું મૂલ્ય ઘણું મોટું છે અને બીજાઓને માટે પ્રેરણારૂપ બની રહે એવું છે.

સ્વ. ચીમનભાઇ એટલે પ્રબળ પુરુષાર્થની ભવ્ય ગાથા, એમના અવસાનથી ભારત માતાએ પોતાનો એક રત્ન સમાન સુપુત્ર ગુમાવ્યો છે.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો.!'

## મહાન વિચારક

અગ્રણી જૈન ઉદ્યોગપતિ શ્રી શ્રેયાંસ પ્રસાદ જૈને સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પતાં કહ્યું હતું: 'શ્રી ચીમનભાઇએ પોતાનું સારું એ

જીવન સમાજસેવા અને દેશસેવામાં ગાળ્યું હતું. તેમની સાથેના પોતાનો ૩૫ વર્ષોના સંબંધનો નિર્દેશ કરીને વક્તાએ કહ્યું હતું કે ચીમનભાઇની સાથે અનેક સંસ્થાઓમાં કામ કરવાનો યોગ મને પ્રાપ્ત થયો હતો. કુદરતી આપત્તિ વેળા એમની કાર્યશક્તિ દેખાઇ આવતી. તેમનામાં અદ્‌ભૂત વિચાર-શક્તિ હતી. તેઓ મહાન વિચારક હતા. અને એટલા જ નિષ્ઠાવાન સમાજસેવક હતા. મરણશય્યા ઉપર હતા ત્યારે પણ તેઓ સમાજ સેવાની ચિંતા કરતા હતા. ઇશ્વર એમના આત્માને શાશ્વત શાંતિ આપે.

## વત્સલ મિત્ર

જસ્ટીસ શ્રી જે. સી. શાહે ચીમનભાઇ તેમના કેવા આદરણીય અને વત્સલ મિત્ર હતા, જીવનનાં અનેક ક્ષેત્રોમાં કેવા માર્ગદર્શક અને પ્રેરકબળ સમા હતા, એ સર્વ કહી સદ્‌ગતને એક વિરલ વ્યક્તિ તરીકે ઓળખાવ્યા હતા. વક્તાએ કહ્યું : 'શ્રી ચીમનભાઇએ માત્ર પૈસા રળી જાણ્યું નહોતું, રળેલા પૈસાનો તેમણે માનવતાની સેવામાં ઉપયોગ કરી જાણ્યો હતો. 'બોર્ડ ઓફ પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા'માં એમની સાથે કામ કરવાનો યોગ પોતાને સાંપડેલો તે સંભારીને શ્રી જે. સી. શાહે કહ્યું હતું : 'સવાલોની ઝીણવટમાં ઊતરવાની તેમનામાં અદ્‌ભૂત કુનેહ હતી. સોલિસિટર હોવા છતાં ચીમનભાઇ અનેક સામાજિક રાજકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહેતા. સંસદમાં સહુ કોઇ તેમનો આદર કરતું. તેઓ સત્તાકાંક્ષી નહોતા ને તે જ કારણસર ચૂંટણીમાં ઊભા રહ્યા નહોતા. ચીમનભાઇ ખરેખર એક અગ્રગણ્ય તત્ત્વચિંતક હતા.

## અજાતશત્રુ

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના એક ટ્રસ્ટી અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શ્રી ધનશ્યામભાઇ ઓઝાએ શ્રી ચીમનભાઇને અજાત શત્રુ તરીકે ઓળખાવીને કહ્યું હતું : 'ચીમનભાઇ જે જે ક્ષેત્રમાં પ્રવેશ્યા તે પ્રત્યેકમાં તેમણે બહુ જ સાફલ્ય પ્રાપ્ત કર્યું. તેમની પ્રજ્ઞા વિકસિત હતી. અને વિવેકશક્તિ ઘણી સૂક્ષ્મ હતી. કોઇ પણ પ્રશ્ન હાથમાં લે તેની તેઓ યોગ્ય છણાવટ કરી સાચા ઉકેલ ઉપર આવી શકતા. મૃત્યુ સન્મુખ હતું ત્યારે પણ ચીમનભાઇએ 'પ્રબુદ્ધ જીવન' માટે લેખનકાર્ય કર્યું હતું. તેમનાં લખાણો-માંનાં કેટલાંક વિદ્વાનો અવતારી શ્રી ધનશ્યામભાઇએ કવિ બલવન્તરાય ઠાકોરનું એક કાવ્ય જે શરીરને ઉદ્દેશીને હતું તેની પંક્તિઓ ટાંકી કહ્યું હતું : નદી મહાસાગરમાં વિલીન થાય એમ ચીમનભાઇનું ચૈતન્ય મહાચૈતન્યમાં, વિશ્વ ચૈતન્યમાં વિલીન થઇ ગયું. ઝાલાવાડ જિલ્લાના લીમડી તાલુકાના પાણશીણા ગામમાં જન્મેલા ચીમનભાઇએ સુરેન્દ્રનગર જિલ્લાને કુદરતી આપત્તિ વેળા કરેલી સહાયતાનો નિર્દેશ કરીને વક્તાએ ઝાલાવાડના સહુ કાર્યકરોને કૃતજ્ઞભાવે ચીમનભાઇના સેવાના આદર્શને ચરિતાર્થ કરવાની પ્રતિજ્ઞા લેવાનો અનુરોધ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

## સમન્વય સાધક

ડો. ઉષાબહેન મહેતાએ શ્રી ચીમનભાઇને સહુના વત્સલ વડીલ અને સૌમ્યમૂર્તિ તરીકે વર્ણવી પોતાની એવી શ્રધ્ધા વ્યક્ત કરી હતી કે ચીમનભાઇ આપણી વચ્ચે નથી પરન્તુ જ્યારે પણ એમને સાદ પાડીશું ત્યારે તેઓ પ્રતિસાદ આપશે જ અને અંધારામાં પ્રકાશ રેલાવશે.

શ્રી ચીમનભાઇમાં જ્ઞાન, ભક્તિ અને યોગનો વિચાર, વ્યવહાર, તેમજ વહીવટી કૌશલનો તથા તર્ક, બુધ્ધિ અને ભાવનાનો ત્રિવેણીસંગમ થયેલો હોવાનું કહી ડો. ઉષાબહેને કહ્યું હતું : 'ચીમનભાઇ જન્મે જૈન હોવા છતાં જગતના સર્વ ધર્મોના ઉત્તમોત્તમ અંશોનો તેમજ પ્રાચીન અને અર્વાચીન વિચારસરણીનો સમન્વય કરી જાણ્યો હતો. ચીમનભાઇ લોકશાહીના સંત્રી તથા માનવ અધિકારના સંરક્ષક હતા. તેમના જવાથી ગાંધી સ્મારક નિધિ, મણિભવન અને સર્વોદય કેન્દ્ર જેવી સંસ્થાઓને ઘણી મોટી ખોટ પડી છે. અમારા પુસ્તકાલયના તેઓ અધ્યક્ષ હતા. ગાંધીજીનાં લખાણો અંગે કંઇ પણ શંકા જાગતા અમે એમની પાસે પહોંચી જતા અને તેઓ અમારી શંકાનું નિવારણ કરતા. આજના વ્યક્તિપૂજાના જમાનામાં પણ ચીમનભાઇ પોતાની પાછળ, કામ કરી શકે એવા યુવાનોનું એક જુથ નિર્માણ કરતા ગયા છે. બાપુના 'હરિજન' માટે જેમ સૌ મીટ માંડતા તેમ લોકો 'પ્રબુદ્ધ જીવન' માટે મીટ માંડે છે. ચીમનભાઇએ જૈન જ નહિ, જૈનેતર સમાજને પણ પ્રબુદ્ધ જીવનને અભિમુખ થવાની પ્રેરણા આપી હતી. તેઓ એવા મહામાનવ હતા કે આપણે કહેવું પડે કે 'મૃત્યુ મરી ગયું રે લોલ'

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના એક ટ્રસ્ટી અને જાણીતા સોલિસિટર શ્રી શાંતિલાલ હ. શાહે કહ્યું : 'ચીમનભાઇ સાથેનો મારો પરિચય ૫૫ વર્ષનો હતો. તેઓ ફિલસૂફીના વિષય સાથે બી. એ. થયા અને ચાન્સેલર્સ ગોલ્ડ મેડલ તેમણે મેળવેલો. 'બ્રહ્મસત્યં જગન્મિથ્યા' એ ફિલસૂફીને એમણે પોતાના જીવનમાં ચરિતાર્થ કરી જાણી હતી. સોલિસિટરના વ્યવસાયમાં હું એમનો સાથી હતો. સમાજને એમણે કરેલું યોગદાન ઘણું મૂલ્યવાન છે. 'પ્રબુદ્ધ જીવન'માં જે લેખો તેઓ લખતા તે અભ્યાસપૂર્ણ અને તટસ્થતાભર્યા હતા. ચીમનભાઇ સ્પષ્ટ વક્તા હતા. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોમાં એમના પ્રત્યે ભારે આદરભાવ હતો. મૃત્યુ નિશ્ચિત હોવાનું જાણવા છતાં તેમણે અદ્‌ભૂત સ્વસ્થતા જાળવી હતી. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના પ્રમુખ તરીકે તેની નીતિના ઘડતરમાં ચીમનભાઇએ ઘણો મોટો ફાળો આપ્યો છે.

શ્રી જયંતીલાલ આર. શાહે કહ્યું : શ્રી ચીમનભાઇ બીજાને જીવવાનું મન થાય એવું આદર્શ જીવન જીવી ગયા. એમણે પોતાની શક્તિ માનવ કલ્યાણ અર્થે વાપરી હતી. એઓ એવી રીતે જીવ્યા કે તે જીવનપદ્ધતિનો એક માપદંડ બની રહે. તેઓ મહાન ચિંતક હતા. એમના પ્રબળ વ્યક્તિત્વને કારણે અનેક સંસ્થાઓ જન્મ પામી. એમણે પૈસો રળ્યો પણ કોઇપણ જાતના જ્ઞાતિ યા ધર્મના ભેદભાવ વગર ઇષ્ટ માર્ગે પૈસાનો વિનિયોગ કરી જાણ્યો. એમના નિધનથી સામાજિક જીવનમાં એક શૂન્યાવકાશ સર્જાયો છે. એમની પ્રતિભા અને એમની માનવતા વર્ષો સુધી આપણો પ્રેરણા લઇ શકીએ એવી હતી.

## વિચાર પુરુષ

'જન્મભૂમિ' અને 'જન્મભૂમિ પ્રવાસી'ના તંત્રી શ્રી હરીન્દ્ર દવેએ શ્રી ચીમનભાઇને એક વિચાર પુરુષ તરીકે ઓળખાવ્યા હતા અને કહ્યું હતું કે વિચાર કરવાની શક્તિ એક વિરલ વસ્તુ છે. સરસ્વતીપુત્રો ઓછા છે. કારણ, પ્રજ્ઞામાંનો

મોટો ભાગ પોતા વતી વિચાર કરવાનું તેઓ પર છોડી દે છે. તેઓ વિચાર કરનાર વ્યક્તિથી ડરે છે અને તેઓને પોતાના માર્ગમાંથી દૂર કરે છે. તેમણે આ વિધાનનું હિટલરનો દાખલો ટાંકી સમર્થન કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે ચીમનભાઈ ઘણા ઘણા મહત્ત્વના વિષયોમાં અવગાહન કરી શકતા. જીવનનાં અંતિમ મૂલ્યો, પ્રેમ અને કરુણા તથા માનવ અનુકંપા છે. આ અંતિમ મૂલ્યોનો ચીમનભાઇએ પુરસ્કાર કર્યો હતો અને તેને જીવનમાં આચારસ્થ કર્યાં હતાં. પ્રેમ અને કરુણા એ વિચારના માર્ગમાં આવતાં બે શિખરો છે. ચીમનભાઇ એ શિખરોને અભિમુખ રહ્યા હતા. તેમનું પ્રિય પાત્ર સોક્રેટિસ હતું. સોક્રેટિસે વિદાયની ક્ષણે પોતાના અંતેવાસીઓને કહ્યું હતું 'હું મૃત્યુને માર્ગે છું. તમે જીવનના માર્ગે છો.' એમાંથી કયો સારો છે તે હું નથી જાણતો. પણ ચીમનભાઇ જે રીતે આધ્યાત્મિક શીખર ઉપર રહીને મૃત્યુ પામ્યા તે જોતાં કોઇને પણ એમના મૃત્યુની ઇર્ષ્યા આવે.

## દુઃખ સહેવાની શક્તિ

મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ ચી. શાહે કહ્યું : 'ચીમનભાઇના અવસાનથી અંગત રીતે મને મારા પિતાતુલ્ય વડીલ ગુમાવ્યાનું દુઃખ થાય છે. તેઓ તો કહેતા ગયા હતા કે 'મારા મૃત્યુનો કોઇએ શોક ન કરવો.' ચીમનભાઇમાં દુઃખ સહેવાની કેટલી બધી શક્તિ હતી તેનો દાખલો એક પ્રસંગ ટાંકીને આપતાં કહ્યું હતું કે એક વેળા પેટમાં સખત દુઃખાવો થતો હોવા છતાં ચીમનભાઇએ એક કલાક સુધી વ્યાખ્યાન આપી પોતાનું વચન પાળ્યું હતું. હોસ્પિટલમાં તેઓ માંદગીને બિછાને હતા તે દિવસોના સાક્ષી એવા ડૉ. રમણલાલે કહ્યું હતું કે મૃત્યુની આગલી રાત્રે ચીમનભાઇ ભગવાન વિશે વિચારતા હતા. તેમની આંખનું તેજ ચાલ્યું ગયું હતું પણ કાન સરવા હતા. તેઓ નવકાર મંત્રનો રટણ ઉચ્ચાર કરતા હતા. તેમને સંથારો લેવડાવ્યો ત્યારે તેમના ચહેરા ઉપર અચાનક સ્મિત છવાયું, અને તેજ પ્રગટયું હતું, તેમને મૃત્યુનો ભય ન હોતો. તેઓ મૃત્યુનો મહોત્સવ માણીને મૃત્યુને ભેટયા. ચીમનભાઇ શીલવંત અને બહુશ્રુત વિદ્વાન હતા. એમનું જીવન અનેક પ્રવૃત્તિઓનો સમન્વય હતું. એક જિંદગીમાં તેમણે ત્રણ જિંદગીનું કામ કર્યું. અને આ બધું છતાં અંદરથી તેઓ અલિપ્ત રહ્યા હતા. અનેક પ્રવૃતિઓ કરતા રહેવા છતાં તેઓ ભીતરથી અનાસકત હતા. ચીમનભાઇ સદૈવ એક જાગ્રત આત્મા હતા. પ્રમત્ત ભાવ એમના જીવનમાં ભાગ્યે જ જોવા મળ્યો હતો, એમનું હૃદય કરુણાસભર હતું. એમનું અવસાન આપણા બધાની જ નહીં પુરાય એવી ખોટ રૂપ છે.

## સમાજ સેવક

શ્રી ગીજુભાઇ મહેતાએ શ્રી ચીમનભાઇને પોતાના ગુરુ, પિતા અને મોટાભાઇ તુલ્ય ઓળખાવીને કહ્યું : 'ચીમનભાઇ સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રે માણસને માણસ બનાવે એવી સંસ્થાઓના આદ્યપ્રણેતા હતા. તેમણે કરોડો રૂપિયા એકઠા કરી સંસ્થાઓ માટે નવા નવા દાનવીરો બનાવ્યા. જે જે સંસ્થા સાથે તેઓ સંકળાયેલા હતા તે દરેકને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડતા. એમની પ્રતિભા એવી હતી કે સમાજને એમનો એકે એક શબ્દ ઝીલવાની વૃત્તિ થાય. તેઓ પોતે વિચારક હતા અને સમાજને વિચાર કરતો કર્યો...એકે એક સંસ્થાને દોરવણી આપી તેને તેઓ ઊંચે લઇ ગયા, તેમણે અનેક કાર્યકરો ઊભા કર્યા : નાનામાં નાની સંસ્થાની પણ એકે એક સભામાં એમની હાજરી હોય જ. વકતાએ સદ્‌ગતના પ્રકૃતિ વિશેષ લેખે કરુણાનો સદ્‌દષ્ટાન્ત મહિમા કર્યો હતો. ચીમનભાઇને માટે એક મેમોરિયલ નિર્માણ કરવા માટે બોલાવવામાં આવનાર સભામાં હાજર રહેનાર સહુને યોગ્ય સૂચનો સાથે આવવાનું તેમણે સૂચવ્યું હતું.

## અમૂલ્ય મૂડીરૂપ જીવન

શ્રી ચીમનભાઇની સારવારમાં રહેલા ડૉ. સાંધાણીએ કહ્યું હતું : ચીમનભાઇની સાથે ૩૩ વર્ષ સુધી મેં કામ કર્યું છે. એમની તબિયત નાનપણથી જ નાજુક હતી. તેમને પેટનો સખત દુઃખાવો રહેતો. છતાં દૃઢ મનોબળથી તેઓ પ્રવૃત્તિમય જીવન જીવતા. જીવલેણ નીવડેલી ગંભીર માંદગી વચ્ચે પણ ચીમનભાઇએ 'પ્રબુદ્ધ જીવન' માટે ત્રણ લેખો લખાવ્યા હતા, એ ત્રણ લેખોમાં એમના જીવનભરના વિચાર અને મનનનો નીચોડ છે. એમનું જીવન આપણા સહુ માટે અમૂલ્ય મૂડીરૂપ હતું. એમણે સ્થાપેલી પ્રણાલીઓને આપણે અનુસરીએ એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ રૂપ લેખાશે

શ્રી રમણીકભાઇ ડોકટરીએ કહ્યું હતું : શ્રી ચીમનભાઇ હકીકતમાં એવા દીપક હતા, જેમણે હજારો દીવડાઓ પ્રગટાવ્યા છે. એમની જીવનદૃષ્ટિ અને જીવનસાધના માનવતાલક્ષી હતી. 'જગતમાં કોઇનાં પણ દુઃખ દર્દ ઓછાં કરી શકું તો સારું' એવી એમની ભાવના હતી.

## વિરલ વ્યકિત

શ્રી દુલભજી ખેતાણીએ કહ્યું હતું : 'શ્રી ચીમનભાઇ એક વિરલ વ્યકિત હતા. મોટા માણસો શહેરમાંથી નહિ પણ ગામડામાંથી પેદા થાય છે. શ્રી ચીમનભાઇ એક ગામડામાં જન્મ્યા હતા. અત્યંત કઠણ સ્થિતિમાં એમણે અભ્યાસ કર્યો. કાલબાદેવીમાં બદામવાડીમાં એક કાતરિયા જેવી જગ્યામાં રહેતા હતા. સોક્રેટિસ, તોલ્સ્તોય, રવાઇઝર તથા ગાંધીજી વગેરે વિભૂતિઓના જીવન અને કાર્યના અભ્યાસથી એમણે પોતાના માનસનું ઘડતર કર્યું. ચિંતનનો મહાવરો પાડયો. જે કોઇનું દુઃખ તેમના જોવા જાણવામાં આવતું તેનું દુઃખ ઓછું કરવાની તેમની ભાવના હતી. તેમણે સંસ્કારી સમાજ નિર્માણ કરવા માટે પ્રયાસ કર્યો. અને સમાજ માટે સુંદર કાર્યોનો દાખલો બેસાડયો.

શ્રી કંચનલાલ તલસાણીઆએ કહ્યું હતું : શ્રી ચીમનભાઇ મારા ગુરુ હતા, તેમણે મારું ઘડતર અને ચણતર કર્યું. ૧૯૪૪માં મેં એમની સાથે આર્ટિકલ સાધન કર્યા. હું તેમનો નમ્ર શિષ્ય હતો. તેમણે કાયદો, સાહિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજ સુધારણા, આદર્શ અને વ્યવહાર આ સર્વક્ષેત્રે નવા અને જૂનાનો સંગમ સાધ્યો તથા અનેક સંસ્થાઓને વિકસાવી. 'કમ ખાના ઔર ગમ ખાના' એ વસ્તુ તેમણે અપનાવી. વિચાર અને વાણીમાં સંયમ પાળ્યો. તેમણે પરોપકારી કાર્યો અનાસકિત ભાવે કર્યા. પાંદડીનો વળ છેડે એ ઉકિત પ્રમાણે દરેક વ્યકિતની કસોટી મૃત્યુ સમયે થતી હોય છે. માણસનું મૃત્યુ એના જીવનનો સરવાળો છે. રાષ્ટ્રપિતા, ગોડસેની ગોળીથી વીંધાયા ત્યારે 'હે રામ'ના

ઉદ્‌ગાર એમના મોઢામાંથી નીકળ્યા હતા. એમના આધ્યાત્મિક વારસદાર વિનોબા ભાવેએ અન્ત સમયે અન્નપાણી અને ઔષધનો ત્યાગ કર્યો હતો. ચીમનભાઇએ મૃત્યુ સમયે જૈન પરંપરા મુજબ સંથારો કર્યો. એમના મનમાં સહજાનન્દી શુદ્ધ સ્વરૂપ હતું. દેહ મરે છે, હું નથી મરતો એમ એમની માન્યતા હતી.'

## મોરારજીભાઇની શ્રદ્ધાંજલિ

શ્રી તલસાણીઆએ શ્રદ્ધાંજલિ આપ્યા બાદ પ્રમુખપદેથી શ્રી મોરારજીભાઇ દેસાઇએ કહ્યું હતું : 'ચીમનભાઇ સાથે મારો સંબંધ જૂનો હતો. અલબત્ત શાંતિભાઇ જેટલો જૂનો નહિ. પણ છેલ્લાં થોડાં વર્ષોમાં હું એમના બહુ ઘનિષ્ઠ સંબંધમાં આવ્યો હતો અમને સાંકળનારી કડી હતી ધર્મ. ચીમનભાઇએ હમેશાં ધર્મને પોતાના જીવનમાં સ્થાન આપ્યું હતું. પોતાની તેજસ્વી બુદ્ધિને ઊલટે રસ્તે ન ચડવા દેતાં તેમણે તેનો સદુપયોગ કર્યો. તેઓ સોલિસિટર હોવા છતાં તેમની વૃત્તિ હમેશાં સમાધાન કરાવવાની રહેતી. તેઓ ઝઘડા વધારવાના નહિ પણ ઝઘડા શમાવવાના પ્રયાસ કરતા. જાહેર જીવનમાં તેઓ ઊંડો રસ લેતા અને સક્રિય રહેતા. માણસને આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય ત્રણ પાસાં સંભવી શકે. ઘણી ખરી વ્યક્તિઓની બાબતમાં રાજકીય અને સામાજિક મુખ્ય પાસાં હોય છે. પણ ચીમનભાઇએ આધ્યાત્મિક પાસાને પ્રાધાન્ય આપ્યું હતું તેથી તેમનું રાજકીય અને સામાજિક જીવન શુદ્ધ હતું.

ચીમનભાઇ ભારે સાધક અવસ્થામાં રહેતા હતા. એમના મનમાં સત્તાનો મોહ ન હતો. તેમ, નામને ખાતર કામમાં રહેવામાં તેઓ માનતા નહોતા. મહાવીરના ઉપદેશ અને સ્વાધ્યાયમાં તેઓ માનતા હતા. બીજાના વિચારોને માન આપવાનું તેઓ કદી ચૂકતા નહિ અને કડવી ટીકા કરવામાંથી દૂર રહેતા. કડવી ટીકા કરવામાંથી માણસ ધારે તો બચી શકે એનું ચીમનભાઇ સારું દૃષ્ટાન્ત હતા. જે કામ તેઓ હાથમાં લેતા તેને તેઓ પૂરી ધગશથી પાર પાડતા. બીજાનાં દુઃખ જોઇને તેઓ રડતા હતા. દુઃખીઓને મદદગાર થવાની ભાવના તેઓ સેવતા હતા. પોતે જ્યારે જાણ્યું કે માંદગીમાંથી પોતે ઊઠવાના નથી ત્યારે એમણે સ્વસ્થતા ગુમાવી નહોતી. મેં એમના મોઢા પર વેદના ન જોઇ. આ જ ધર્મમય જીવવનું લક્ષણ છે. એમણે જીવી પણ જાણ્યું ને મરી પણ જાણ્યું. જીવવાના કે મરવાના આનંદમાં તેમને મન કોઇ ફરક નહોતો. મૃત્યુ આવતું હોવાનું જાણવા છતાં ધર્મનો વિચાર તેમના મનમાં છેવટની ક્ષણ સુધી રહ્યો હતો. ધર્મનો વિચાર તેમણે જીવનભર કર્યો હતો. માણસ પોતાનું જીવન સાચી રીતે જીવ્યો કે નહિ. તેની કસોટી મરણ વખતે થતી હોય છે. એ કસોટીમાંથી ચીમનભાઇ પાર ઉતર્યા હતા. અત્યંત પ્રવૃત્તિમય જીવનમાં તેમણે લેખનકાર્ય કર્યું એટલું જ નહિ મરણની ક્ષણોમાં પણ તેમણે લેખનકાર્ય કર્યું અને તેમાં સ્વસ્થતા જાળવી હતી એવા ચીમનભાઇ માટે શોક કરવાનો હોય નહિ. જીવનમાં કંઇ પણ નિશ્ચિત વસ્તુ હોય તો તે મરણ છે. મરણ વખતે પણ આનંદથી જવામાં ચીમનભાઇ માનતા હતા. ધાર્મિક વિચારોની બાબતમાં અમારી વચ્ચે કદી અંતરાય પડ્યો નથી. ચીમનભાઇએ સંસ્થાઓમાં રહી ઘણું કામ કર્યું. એ કોઇ દિવસ સ્થિતિસ્થાપક રહ્યા નથી. હંમેશાં ગતિશીલ રહ્યા હતા. ચીમનભાઇ એવી સુવાસ મૂકી ગયા. એવો સેવાનો વારસો મૂકી ગયા અને એવા વિચારો મૂકતા ગયા કે દરેકને પોતાના જીવનમાં વિચારવાની શક્તિ મળે.

શ્રી મોરારજીભાઇએ શ્રદ્ધાંજલિ આપ્યા બાદ સહુએ ઊભા થઇ બે મિનિટનું મૌન જાળવીને સદ્‌ગતને શ્રધ્ધાંજલિ આપી હતી.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કારોબારી સમિતિએ પસાર કરેલ શ્રધ્ધાંજલિ પ્રસ્તાવ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૮૨ ના રોજ થયેલ અવસાનથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની આજરોજ તા. ૨૯-૧૧-૮૨ ના રોજ મળેલી સભા તીવ્ર સંવેદના અનુભવે છે.

સ્વ. ચીમનભાઇ ઇ. સ. ૧૯૪૦ થી ૧૯૪૫ અને ઇ. સ. ૧૯૫૨ ના વર્ષો દરમિયાન સંઘના ઉપપ્રમુખ હતા અને ઇ. સ. ૧૯૪૬ થી ૧૯૫૧ અને ઇ. સ. ૧૯૬૪ થી જીવનના અંતિમ સમય સુધી પ્રમુખ તરીકે સેવા આપી હતી. સ્વ. પરમાનંદભાઇના અવસાન બાદ 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી તરીકે એમણે ઇ. સ ૧૯૭૧ થી જવાબદારી વહન કરી હતી. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ઇ. સ. ૧૯૩૬ થી છેલ્લી વ્યાખ્યાનમાળા સુધી એક સફળ વક્તા તરીકે એમણે આપેલ પ્રવચનો કાયમી સંભારણું બની રહેશે.

એમના પ્રમુખપદ દરમિયાન નવી પ્રવૃત્તિઓ હાથ ધરવા એમના તરફથી યોગ્ય માર્ગદર્શન હંમેશાં સતત મળતું રહ્યું હતું. 'વસંત વ્યાખ્યાનમાળા', 'પ્રેમળ જ્યોતિ', 'વિદ્યાસત્ર', 'અભ્યાસ વર્તુળ' જેવી નવી પ્રવૃત્તિઓ અને સંઘને આર્થિક દૃષ્ટિએ પગભર કરવા આજીવન સભ્યો અને પેટ્રનો બનાવવાની યોજના અમલમાં આવી. પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ અને સંઘના સુવર્ણ મહોત્સવની ઉજવણી અંગે એમનું સ્પષ્ટ માર્ગદર્શન મળતું રહ્યું હતું. શ્રી મ. ભો શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ટ્રસ્ટી તરીકે પણ એમની સેવા છેક સુધી મળતી રહી હતી.

ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજકલ્યાણ, રાજકીય પ્રવાહો, આંતરરાષ્ટ્રીય રાજકારણ, એમ જીવનના વિવિધ ક્ષેત્રોને સ્પર્શતી બાબતો અંગે 'પ્રબુદ્ધ જીવન'માં તંત્રીલેખો દ્વારા અને સંઘ દ્વારા યોજાતા વ્યાખ્યાનો દ્વારા એમના તરફથી સતત માર્ગદર્શન મળતું રહ્યું. એજ રીતે સાર્વજનિક અનેક સંસ્થાઓને જુદા જુદા અધિકારપદે એમની સેવાનો લાભ મળ્યો.

આવા બહુશ્રુત, ન્યાયપૂર્ણ, સ્પષ્ટ વિચારસરણી ધરાવતા મહાનુભાવના દેહવિલયથી સંઘને કદી ન પૂરાય તેવી ખોટ પડી છે.

એમના કુટુંબીજનો પર આવી પડેલાં દુઃખમાં સહભાગી થવા સાથે એમના આત્માને શાસનદેવ ચિરશાન્તિ અર્પે એવી આજની સભા પ્રાર્થના કરે છે.

# વિવેક પુરૂષ....સ્વ. ચીમનભાઇ

મનુભાઇ પંચોલી, 'દર્શક'

મુ. સ્નેહી સમા ચીમનલાલ ચકુભાઇ શાહના અવસાનથી ગુજરાતે સંસ્કારિતા તેમજ સમાજસુધારાના ક્ષેત્રમાં એક વિવેકનિષ્ઠ આગેવાન ખોયો છે. જૈન સમાજમાં તો તેમની ખોટ આવતા વર્ષોમાં પૂરાય તેવો સંભવ નથી.

વિવેકનિષ્ઠા, કદાગ્રહનો અભાવ અને અભ્યાસ પરાયણતા માગે છે. નિર્ણય વિવેકયુક્ત થાય તે માટે પ્રશ્નને વિવિધ બાજુઓથી તપાસવો પડે છે. અભ્યાસ વિના આ ન બને. ચીમનભાઈ ધારાશાસ્ત્રના તેમજ બંધારણના મોટા અભ્યાસી હતા. મુંબઈમાં પહેલા પાંચમા તે ગણાતા. ભારતનું બંધારણ ઘડાયું ત્યારે તેઓ બંધારણ સભાના સભ્ય હતા અને આપણા દેશ વતી મુનોમાં પણ ગયેલા.

પણ આવા બંધારણના જાણકાર તેમજ કુશળ ધારાશાસ્ત્રી બીજા મળે પણ ચીમનભાઇ જેવો અભ્યાસપૂર્ણ વિવેક મળવો મુશ્કેલ છે.

તેમનો અને મારો પરિચય એકાદ દસકાનો જ ગણાય. ગુજરાતને પણ તેમનો ખાસ પરિચય એમણે 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સંભાળ્યું ત્યારથી વિશેષ થયો. પહેલાં તે 'પ્રબુદ્ધ જૈન' હતું. અને તે રીતે પણ જૈન સમાજમાં નવા જ્ઞાનનો પ્રકાશ સ્વ. પરમાનંદભાઈ મારફત સારી પેઠે ફેલાવેલો. આજનો ગુજરાતી જૈન સમાજ રૂઢિજડતામાંથી નીકળ્યો હોય તો તેનું એક કારણ પરમાનંદભાઇ અને તેમના મંડળ 'પ્રબુદ્ધ જૈન' મારફત ફેલાવેલા નવા જમાનાનો પ્રકાશ છે.

આ મંડળમાં ચીમનભાઇ પણ પહેલેથી જ હતા. પણ પરમાનંદભાઇ જતાં તેમણે 'પ્રબુદ્ધ જીવન' સંભાળ્યું અને શોભાવ્યું. તેમના શાણપણ અને નિર્ભયતાથી શોભતા લેખો હોંશે હોંશે વંચાતા.

તેઓ પર જૈન વિચારણાની પ્રગાઢ અસર હતી. એક શુદ્ધ જૈન તરીકે જ જીવ્યા અને તે જ રીતે મરણને સમતાભર્યા ચિત્તથી શોભાવ્યું. અમારો છેલ્લો મેળાપ હોસ્પિટલમાં થયેલો. બીજે દિવસે તેમનું ઓપરેશન હતું. પણ તેઓ સ્વસ્થ જ નહીં પ્રસન્ન હતા. મને કહે 'કશી ચિંતા કે વાસના નથી, દેહકષ્ટ ભલે હોય, આગલે અઠવાડિયે જ મેં હેરોલ્ડ લાસ્કી ઇન્સ્ટીટ્યુટમાં સોક્રેટીસ પર આપેલ વ્યાખ્યાન મળેલું. એટલે સોક્રેટીસ વિષે પણ વાતો થઇ. સોક્રેટીસના અનુયાયી જેવી તર્કબધ્ધ મરણ તત્પરતા હતી. ઊઠતી વખતે મેં સહેજ રૂંધાયલા કંઠે તેમનો હાથ પકડી કહ્યું, 'હું કાંઇ કહું', તેવી અપેક્ષા આપણી વચ્ચે ન હોય. તમે તો દેહની આળપંપાળ છોડી છે.' હસીને કહે, 'કશી જરૂર નથી. તમારી વાત યથાર્થ છે.' દેહ છતાં વિદેહ અવસ્થા કેવી હોય તેની કાંઇક ઝાંખી થયાનું મેં મિત્રોને કહ્યું.

આ અવસ્થા પાર આવતાં તેમને ઘણું ચિંતન મનન જાગરૂકતા રાખવા પડ્યાં જ હશે. આ કાંઈ એમનો પ્રથમ રોગ નહોતો. જિંદગી પર ક્ષય કે તેવા રોગના વિવિધ હુમલા થયા કરેલા. યુનિવર્સિટીની છેલ્લી પરીક્ષા આવા રોગ વચ્ચે જ આપેલી, અને તેમાં પણ પ્રથમ કક્ષામાં ઉત્તીર્ણ થયા. મહારાષ્ટ્રના સંતો તથા ઉપનિષદના મહાન અભ્યાસી અને કેટલાયના ગુરૂવર્ય રાનડેએ સોમાંથી સો માર્ક તત્વજ્ઞાનના પ્રશ્ન પત્રમાં એમને આપેલ.

પણ ચીમનભાઇએ તત્વજ્ઞાન પરીક્ષાનો વિષય માન્યો નહોતો. તે તો જીવનનું સત્ય શોધકતા જીવનનું ભાથું હતો. સત્ય શોધ્યા કરવું, નવું લેવું, જૂનું ખોટું લાગે ત્યારે છોડવું એવી પ્રબુદ્ધ સાધના હતી તેમની.

'શીલ અને સમાજ'માં મેં એકવાર વિનોબાજીએ જ્યારે ઇંદિરાજીને સર્વોદય સમાજમાંના એક કહ્યા ત્યારે ટીકા કરેલી. ચીમનભાઇને એમાં મારી ઉધ્ધતાઇ કે અવિવેક દેખાયાં અને તેમણે પણ એક નોંધ લખેલી. મેં પણ તેનો વિવેકપુરઃસર જવાબ આપેલો.

કટોકટી આગળ વધતાં તેમનો ઇંદિરાજી વિષેનો અભિપ્રાય બદલાયો, તે પછી તરત અમારે રાજકોટમાં મળવાનું થયેલું. સભામાં જ મારો હાથ પકડીને કહે, 'હવે હું ઇંદિરાજીનો હિમાયતી નથી.'

મારા કરતાં જ્ઞાન અને વયમાં કયાંયે મોટેરા પણ જૂનું જો ખોટું લાગે તો પ્રબુદ્ધ પુરૂષ તેને કેમ ચાલુ રાખે?

'લોક ભારતી'માં ગાંધી વિચાર પર ત્રણ વ્યાખ્યાનો આપ્યાં. અપૂર્વ હતાં. હૃદયની તલ્લીનતા અને બુદ્ધિની જાગરૂકતાનો સૌને અનુભવ થયો.

તે દિવસોમાં મેં જોયું કે તેમનો સર્વ વ્યવહાર એક મુમુક્ષુપુરૂષ 'બોલે, ચાલે, કરે કેમ' જેવો હતો.

આહાર તો નહીંવત જ, પણ વાણી પ્રિય અને મિષ્ટ, સ્પષ્ટ છતાં કશોય આઘાત ઉપજાવે તેવી નહીં, હાસ્ય પણ નિર્ભેળ. પણ તેની પાછળ જોનારને એક નિસંગતા, ઉદાસીનતાની છાયા જોવા મળે.

એક અર્થમાં તેઓ જૈન ધર્મની ઉત્તમ પેદાશ હતા.

જૈન ધર્મ આવા વિવેક પુરૂષોને આપતો રહે તે જ તેમનું ઉત્તમ તર્પણ છે.

---

સાધના એટલે વિચારમય જીવન. વિચારમય જીવન જીવવાનો અને તે પ્રમાણે જીવન ઘડવાનો મેં પ્રયત્ન કર્યો છે. આવી સાધના સતત સાધના છે. સામાન્યપણે કષ્ટદાયી છે. આપણું જીવન પરંપરાગત હોય છે. વિચારમય જીવન કેટલેક દરજ્જે વિચાર કરવો એટલે સત્ય શોધવા પ્રયત્ન કરવો. તે પ્રમાણે વર્તન કરવું એથી પણ અઘરું છે. સ્વતંત્ર વિચાર કરવાની અથવા જીવનશોધન કરવાની વૃત્તિ અને શક્તિ બહુ થોડી વ્યક્તિઓમાં હોય છે. તે પ્રમાણે વર્તન કરવાની હિંમત એથી પણ થોડી વ્યક્તિઓમાં હોય છે. [અવગાહન'માંથી

# દૃષ્ટિપૂત વિચારક—માર્ગદર્શક

અમૃતલાલ યાજ્ઞિક

નવેમ્બરમાં હું હરદ્વાર હતો. ચીમનભાઇની ચિરનિદ્રાના સમાચાર વર્તમાનપત્રમાં વાંચ્યા, ત્યારે મેં અકથ્ય મનોવેદના સંવેદન અનુભવ્યાં. માર્ગદર્શક પ્રકાશ બુઝાયો અને અંધારું વ્યાપ્યું એવું લાગ્યું. તેની વ્યાકુળતા તીવ્ર બની.

'પ્રબુદ્ધ જીવન'નાં દ્રશ્યો સામે તરવરવા લાગ્યાં. તેના ધડવૈયા પરમાનંદભાઇનું પુણ્ય સ્મરણ થયું. 'પ્રબુદ્ધ જીવન' એટલે પરમાનંદ કાપડિયા એવું સમીકરણ હતું. પછી એ સમીકરણ ચીમનભાઈ માટે વિશેષ સાર્થક બન્યું. પરમાનંદભાઇ ગયા એટલે તેનું સુકાન ચીમનભાઇએ સંભાળ્યું. તેમાં પહેલાં ચીમનભાઇ લખતાં, પણ તેમના વ્યક્તિત્વનો પૂર્ણ પ્રકાશ તો તે એ પત્રના તંત્રી બન્યા ત્યારે ઝળહળતો જોયો. પછી તો ગાંધીજીના 'હરિજન' સાથે તેને હું સરખાવતો. ગાંધીજી જેમ એ પત્ર દ્વારા પ્રજા-શિક્ષણ કરતા, તેમ 'પ્રબુદ્ધ જીવન' સમાજને માટે વિચારશિક્ષણનું સાધન બન્યું હતું. એ શાળાનો હું વિદ્યાર્થી. રાજકારણના (સમાજના અને ધર્મના પણ) પ્રશ્નોનું હાર્દ સમજવા-શીખવા માટે 'પ્રબુદ્ધ જીવન'માં ચીમનભાઇ તેનું કેવું વિશ્લેષણ કરે છે અને તત્ત્વદર્શી વિશદ વિચારણા વ્યક્ત કરે છે તેની રાહ જોતો, અનેક જોતા હશે. તેમની છેલ્લી જન્મજયંતી વખતે યોજાયેલું સન્માનમિલન યાદ આવ્યું. ચીમનભાઇએ એ પ્રસંગે તેમની જીવનભાવના વ્યક્ત કરી હતી તે હું જાણે અંતઃશ્રુતિથી સાંભળતો હોઉં એવું અત્યારે અનુભવું છું.

૧૯૮૦માં શ્રી પ્રતાપભાઇ ગાંધી અમને સાવરકુંડલા એક સમારંભ માટે લઇ ગયા. તે પ્રસંગ મારે માટે અવિસ્મરણીય બન્યો છે. બે દિવસ અમે સાથે રહ્યા, ત્યારે ચીમનભાઇનો અંતરંગ પરિચય થયો. તેમની સાથે અનેક પ્રકારની વાત થઇ. તેમણે તેમના વિદ્યાર્થીકાળના પ્રસંગો કહ્યા, થોડી અંગત વાતો કરી, તેમની જીવનદૃષ્ટિની થોડી ઝાંખી કરાવી. તેની અમૂલ્ય વિચારસામગ્રી મારા ચિત્તમાં સંધરાઇ છે. તેમને સાવરકુંડલા જેટલે દૂર ભાવનગરથી કારમાં પ્રવાસ કરવો પડે તે તેમની તબિયતને અનુકૂળ નહોતું છતાં તેમણે શા માટે જવાનું સ્વીકાર્યું એ વિશે કહેલું: 'જ્યાં સુધી સવારમાં પેટ સાફ ન થાય, ત્યાં સુધી બહાર નીકળવું એ મારી તબિયત માટે પ્રતિકૂળ છે. મારે બહારગામ લાંબે જવાનું થાય, તો મારે જમવાનું ટાળવું પડે છે. એટલે જવાનું ટાળું છું. આજે મારે ઉપવાસ જેવું થશે, પણ હું પાર્લામેન્ટની ચૂંટણી માટે ઊભો હતો ત્યારે સાવરકુંડલાનાં લોકોએ તેમાં મદદ કરી હતી. એમનું નિમંત્રણ આવે ત્યારે એમણે કરેલી મદદને હું કેમ ભૂલું? તબિયતની અગવડ ભોગવવી પડે તોપણ ત્યાં જવું એ મારી ફરજ છે, તેમનું મારા ઉપર ઋણ છે...' તેમની ઉપવાસસ્થિતિ મેં નજરે નિહાળી. કૃતજ્ઞતાની તેમની લાગણીનું પ્રત્યક્ષ દર્શન થયું.

સાવરકુંડલા જવા માટે અમરેલી થઇને જવું પડે છે. અમરેલીમાં મારા મિત્ર શ્રી રતિલાલ સુંદરજી શાહ વકીલ રહે છે. તેમને થોડી મિનિટ મળવાની મારી ઇચ્છા હતી. અમે મળ્યા. શ્રી રતિલાલભાઇ માત્ર વકીલ જ નથી, તેઓ કેળવણી મંડળના પ્રમુખ છે, સામાજિક કાર્યકર્તા છે. પહેલાં રાજકારણમાં પણ સક્રિય હતા. શ્રી રતિભાઇએ ચીમનભાઇને વિનંતી કરી કે સાવરકુંડલાથી વળતી વખતે તમારો લાભ અમરેલીને મળે તે માટે અમે મિલન ગોઠવવાનો વિચાર કર્યો છે ને આપ સંમતિ આપો. ચીમનભાઇએ તેમનો પ્રેમાદરભાવ જોઇને સંમતિ આપી. બીજે દિવસે સાંજે છ વાગ્યે અમરેલીમાં મિલન ગોઠવવાનું ઠરાવ્યું હતું. સાવરકુંડલાથી નીકળવાનું મોડું થયું તેથી ત્યાંના નેતા શ્રી લલ્લુભાઇ શેઠને ટેલિફોનથી કલાકેક મોડું થશે એમ જણાવવા અમે વિનંતી કરેલી. અમે અમરેલી રાતે આઠેક વાગ્યે પહોંચ્યાં. શ્રી રતિભાઇને મળ્યા ત્યારે જાણ્યું કે સાવરકુંડલાનો ટેલિફોન-સંદેશો મળ્યો નથી, અને હોલમાં શ્રોતાઓ છ વાગ્યાથી આવેલા છે. બે કલાક રાહ જોવરાવવા માટે અમને ખૂબ દુઃખ થયું. બે કલાકથી અમારી રાહ જોઇને રતિભાઇ ઘેર જ બેઠા હતા. ઘણો વખત અમારી રાહ જોઇને શ્રોતાઓ ચાલ્યા ગયા હશે, એટલે હોલમાં જવાની જરૂર નથી એમ અમે ક્ષમાયાચના કરતા રતિભાઇને જણાવ્યું. રતિભાઇ બોલ્યા, 'આપણે હોલમાં તો જઇએ.' રતિભાઇ સચિંત હતા, તે દેખાતું હતું. પણ અમે આઠ વાગ્યે હોલમાં ગયા, ત્યારે આખો હોલ ચિક્કાર હતો! અને શ્રોતાઓમાં અમરેલીના ડાક્તરો, વકીલો, ન્યાયાધીશ, શાળા-કોલેજના આચાર્યો, રાજકરણીઓ વગેરે હતા. ચીમનભાઇને સાંભળવા અને મળવાની તેમની આટલી બધી ઉત્સુકતા હશે તેની મને કલ્પના નહોતી. 'પ્રબુદ્ધ જીવન'માં વ્યક્ત થતી તેમની વિચારણા પ્રત્યે પ્રેમાદર-ભાવનું આ પરિણામ જોઈ મને સાનંદાશ્ચર્ય થયું.

ચીમનભાઇએ થોડું કે પ્રારતાવિક કહી, પ્રશ્નોત્તરી રાખી. રાજકીય પ્રશ્નો પુછાયા, તેમાં એક બે વકીલો અને અન્ય જનો ચીમનભાઇના વિચારોથી વિરોધી મત ધરાવતા હતા. ચીમનભાઇના જવાબોથી તેમને સંતોષ ન થયો. તેઓ ઉશ્કેરાટ અને આવેશથી ચીમનભાઇના વિચારોનો વિરોધ કરવા લાગ્યા. પછી ઉગ્ર કટાક્ષો પણ કરતા હતા. હું આ જોઇને અકળાયો હતો, મારા મનમાં રોષ પણ ઉત્પન્ન થયો હતો. જાણે અનાદર બતાવતા હોય તેવું મને લાગતું હતું. પરંતુ નવાઇની વાત એ હતી કે ચીમનભાઇ તદ્દન સ્વસ્થતાથી જવાબો આપતા હતા. તેમાં નહોતો જરાય ઉશ્કેરાટ કે નહોતી કશી અકળામણ. મન ઉપર તેમનો સંયમ જોઇને મને થયું કે જૈન ધર્મનું તત્ત્વ તેમણે આચરણમાં ઉતાર્યું છે. અમરેલી ન ગયા હોત તો ચીમનભાઇનો ચિત્તસંયમ નિહાળવા મને ન મળ્યો હોત. પણ સૌથી વિશેષ આશ્ચર્ય તો એ હતું કે મિલન પૂરું થઇ ગયા પછી ઉકળાટ અને અકળામણ બતાવનાર વિરોધી મતવાળા મિત્રો ચીમનભાઇને મળ્યા, ત્યારે તેમના મુખ ઉપર વિશિષ્ટ પ્રકારના આદરવિનયના ભાવો વરતાઈ આવતા હતા. ત્યારે મને પેલું અંગ્રેજી વિધાન યાદ આવ્યું હતું કે Those who came to scoff, became followers. એમનું થયેલું પરિવર્તન કેવું મર્મસૂચક છે!

છેલ્લે, એક અંગત વાત કર્યા વિના હું રહી શકતો નથી. મારા વિશ્વાસ-ભોળપણ-મૂર્ખાઇને લીધે એક સ્નેહી (?) એ કહ્યું તેમ મેં સહી કરી આપી હતી-વિચાર્યા વિના. પરિણામે, મને પ્રથમ કાયદેસરની નોટીસ આવી હતી કે મારે તેમનો તેમના શેરો પાછા આપી દેવા. મેં એ શેરો તેમને મોકલાવી જ દીધા હતા! હું તેમને મળીને વાત કરીશ એવું વિચારી રહ્યો

હતો, પણ મળ્યો નહોતો. ત્યાં તો તેમણે મારા ઉપર ફોજદારી નોટીસ મોકલી. મારી મૂંઝવણ ચિંતા મનોવેદનાનો પાર નહોતો. ચીમનભાઇને મળ્યો, વાત કરી. ચીમનભાઇ મારી મૂર્ખાઇ ઉપર ખૂબ હસ્યા. જે બન્યું હતું તે મને અક્ષરશઃ લખવાનું તેમણે કહ્યું. પછી વકાલતનામા ઉપર મારી સહી કરાવીને બોલ્યા : 'એ ચિંતા મને સોંપી દો, ઘેર જઇને સો મણની તળાઇમાં નિરાંતે સૂવો.' તેમણે એ માટે કાગળિયાં, સ્ટામ્પ વગેરેનો ખર્ચ કર્યો હતો. મેં નમ્રતાપૂર્વક તેમને એ માટે પૈસા આપવાનું કહ્યું, ત્યારે હસીને તે બોલ્યા : 'હવે જાઓ, જાઓ...' હું શું બોલું ? મારા ઉપર તેમણે કરેલા ઉપકાર માટે હું તેમનો આજીવન ઋણી છું. આ આખો પ્રસંગ હું અન્યત્ર લખવા ઇચ્છું છું. વ્યાવસાયિક ચીમનભાઈ આવી રીતે મારા પ્રત્યે વત્સલ બન્યા અને જે પ્રેમથી તેમણે મને મદદ કરી તેને વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી.

તેમની છેલ્લી જન્મજયંતી વખતે કરેલી ભાવનાનું મને દર્શન થયું. તેમના માંદગીના બિછાનેથી લખાવેલાં નિવેદનોમાં તેમની ભાવના સરસ રીતે વ્યક્ત થઇ છે, ખૂબ મર્મસૂચક છે, ધર્મપ્રેરક છે.

# મહાજન ચીમનલાલ ચકુભાઈ શાહ

★ ઇશ્વર પેટલીકર

સદ્‌ગત શ્રદ્ધેય ચીમનલાલ ચકુભાઇ શાહના ૮૨ વર્ષના દીર્ઘજીવનનાં અનેક પાસાં હતાં. એ સૌ જેમાં અભિપ્રેત હોય તેવું પરંપરિત વિશેષણ તેમને માટે વાપરીએ તો મહાજન ચીમનભાઇ કહી શકાય. મહાજન એટલે બીજા સર્વજન વચ્ચે વસતો, એમનામાંનો જ એક, છતાં એમનાથી 'વિશેષ, મોટો, મહાજન. ચીમનભાઇ બીજા સંસારીઓની જેમ સંસારી હતા અને વ્યવસાયે સોલિસીટર હતા. વ્યક્તિ વ્યવસાયમાં પ્રામાણિક અને નિષ્ઠાવાન હોય તો એ વ્યવસાય દ્વારા પણ સમાજની સેવા કરે છે. સોલિસીટરનું-વકીલનું કાર્ય પોતાના અસીલનું હિત કરવાનું છે. પરંતુ એ પ્રામાણિક-ન્યાયપુરઃસર કરવાની ફરજ અદા કરે તો તેનાથી પ્રતિવાદીને અન્યાય થવાનો સંભવ નથી. એ દૃષ્ટિએ તે એની પણ સેવા કરે છે. વ્યવસાય-વેપાર વગો-વાયો છે તેનું કારણ એ દ્વારા યેનકેન પ્રકારેણ પોતાનો સ્વાર્થ સાધવા મથે છે. જે તેનાથી દૂર રહે છે તે સર્વ સમાજથી જુદો પડે છે. ચીમનભાઇ એ તેજસ્વી વિદ્યાર્થીજીવન પૂરું કર્યા પછી કમાવાનો માર્ગ લીધો, પણ ગમે તે માર્ગે નહિ, આથી તેમના વ્યવસાયના તે મહાજન બની રહ્યા.

જે વ્યક્તિ વ્યવસાયમાં નિષ્ઠાવાન હોય છે, તે યથા-શક્તિ સમાજનું કાર્ય કરી છૂટયા વિના રહી શકતી નથી. એ જમાનો આઝાદીની લડતનો હતો અને મુંબઇ જેવું જાગ્રત સ્થળ હતું એટલે ચીમનભાઇ કૉંગ્રેસની પ્રવૃત્તિમાં જોડાયા વિના શી રીતે રહી શકે ? તેમની બુદ્ધિ-શક્તિનો ઉપયોગ કૉંગ્રેસે '૩૭માં પ્રાંતિક સરકાર રચવાની જવાબદારી લીધી ત્યારે ચીમનભાઇને મુંબઇ સરકારના સોલિસીટર નીમીને કર્યો હતો. કૉંગ્રેસે બીજા વિશ્વયુદ્ધના પ્રસંગે પ્રાંતિક સરકારોમાંથી રાજીનામું આપ્યું ત્યારે એમણે તે સ્થાનનું રાજીનામું આપી દીધું હતું. સ્વરાજ્યમાં બંધારણ ઘડવાની જવાબદારી આવતાં બંધારણ સભાના સભ્ય તરીકે તેમને કૉંગ્રેસે પસંદ કર્યા હતા. જવાહરલાલ નહેરુએ તેમના મંત્રી મંડળમાં તેમને લઇને તેમની શક્તિનો ઉપયોગ કરવાનું વિચાર્યું હતું, પરંતુ છેલ્લી ઘડીએ તેમના નામની જગ્યાએ બીજું નામ આવી ગયું અને તેમનો લાભ વહીવટી તંત્રને ન મળ્યો.

ચીમનભાઈ જો આ પદની ખેવના રાખતા હોય તો એમનું નામ કાયમ રહ્યું હોત. રાજકારણમાં દબાણ અને પ્રતિદબાણની પડદા પાછળની રાજરમત અજાણી નથી. નેહરુના વખતમાં તે પ્રબળ નહોતી તો પણ સાવ નહોતી એવું પણ નહિ. ચીમનભાઇ જો પદના આકાંક્ષી હોત તો એમનું નામ રદ ન થાય તેની તકેદારી રાખી હોત અને પ્રતિદબાણ લાવ્યા હોત. પરંતુ એ પોતાનું નામ મૂકાવવા દબાણ લાવ્યા ન હતા પછી પ્રતિદબાણનો સવાલ ન હતો. આથી ચીમનભાઇ મંત્રીપદ પ્રાપ્ત કરતા રહી ગયા તેમ ન કહેવાય, પણ એ પદ ચીમનભાઇને પ્રાપ્ત કરતાં રહી ગયું તેમ કહી શકાય. રાજકારણમાં છતાં સત્તાપદ અંગે નિર્મોહ રહેવું, એમનું એ ક્ષેત્રનું મહાજન સ્વરૂપ છે.

એમની શક્તિનો રાજસત્તામાં ઉપયોગ ન થયો તો એમના સમય અને નિષ્ઠાનો સમાજ સેવામાં ઉપયોગ થયો. એ પોતે મહાવીર કલ્યાણ કેન્દ્ર અને મુંબઇ જૈન યુવક સંઘ સંસ્થાઓમાં સક્રિય બની કાર્ય કરતા હતા. પરંતુ બીજી ઘણી સંસ્થાઓ તેમનું માર્ગદર્શન સામેથી મેળવી તે પ્રમાણે કાર્ય કરતી હતી. વ્યક્તિગત લોકો તેમની સાંસારિક, આર્થિક કે બીજી બાબતોમાં એમની સલાહ લેતા અને હૃદય ઠાલવવાનું આત્મીય સ્થાન માનતા હતા. તે વ્યવસાયી રહીને સેવાભાવી રહ્યા હતા, તે એમનો જીવનનો મધ્યમ માર્ગ એમની બીજી પ્રવૃત્તિઓમાં જોવા મળતો હતો. એ જૈન હતા અને બધા ધર્મના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છતાં જૈન તત્ત્વજ્ઞાન પ્રત્યેની તેમની નિષ્ઠા અચળ હતી. આથી તેમનામાં સાંપ્રદાયિક સંકુચિતતા ન હતી અને જૈન ધર્મ સમાજમાં જ્યાં તે જોવા મળતી તે દૂર થાય તે માટે એમણે યથાશક્તિ યોગદાન આપ્યું હતું. મુંબઇ જૈન યુવક સંઘનું એ એક કાર્ય રહેલું છે. બીજા ધર્મોમાંથી જે જીવન-ઉન્નતિ માટે ગ્રહણ કરવા જેવું છે, તે સ્વીકારવામાં તેમની જૈનનિષ્ઠાને આંચ આવતી ન હતી. એનો વ્યાપક પ્રચાર થાય માટે મુંબઇ જૈન યુવક સંઘે પર્યુષણ પર્વની વ્યાખ્યાન માળામાં વ્યાપક વિષયોનો વર્ષોથી સમાવેશ કરેલો છે. પહેલી નજરે તેમનો લાંબો કોટ, ટોપી અને ધોતિયાનો પહેરવેશ વેપારી જેવો દેખાય, પણ એમનું જીવન ગાંધીવાદી મહાજનનું હતું.

મુંબઇ બહાર ગુજરાતની નવી પેઢીનું એમના તરફ ધ્યાન દોરાયું અને ગૌરવ વરસ્યું, તે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની એમની કલમને લીધે. '૩૦ ના દસકામાં જ્યારે 'પ્રસ્થાન' માસિક સદ્‌ગત સાક્ષર રામનારાયણ વિશ્વનાથ પાઠકના તંત્રીપદ નીચે પ્રગટ થતું ત્યારે ચીમનભાઇ તેમાં રાજકીય નોંધ લખતા હતા. જૂની પેઢીએ એ વાંચી છે, તે એ વાતને વર્ષો થયાં ભૂલી નથી. પરંતુ 'પ્રબુદ્ધ જીવન'ના આજીવન કહી શકાય તેવા તંત્રી સદ્‌ગત પરમાનંદભાઇ કાપડિયાના અવસાન પછી ચીમનભાઇને તંત્રી થવાનો ફરજ આવી પડી એટલે તેમની વિચારસમૃદ્ધિને અક્ષરદેહે

અવતરવની સ્થિતિ પેદા થઈ. તેમાંય '૭૫–'૭૭માં દેશ ઉપર લદાયેલાં કટોકટીકાળમાં એમની કલમે લોકશાહી, વ્યક્તિ સ્વાતંત્ર્ય, બંધારણીય હક વગેરે પ્રશ્નો ઉપર સેન્સરશિપની પરવા કર્યા વિના સૌમ્ય અને છતાં અસંદિગ્ધ ભાષામાં કટોકટીના એકાધિકારવાદનો પડદો ચીરી નાખ્યો હતો. મધ્યમમાર્ગી એટલે ઢીલોપોચો, દૂધ અને દહીંમાં પગ રાખનાર નહિ પણ દૂધ અને પાણીને ચોખ્ખું કરી આપવાની શક્તિ ધરાવનાર.

મૂલ્યની વાત આવે ત્યારે એમાં બિલકુલ નમતું ન મૂકાય, પણ જ્યાં મૂલ્યનો મુદ્દો ન હોય પણ વ્યવહારનો હોય ત્યારે લોકલાગણી કે શ્રદ્ધેય પ્રત્યેના આદરભાવને લીધે ઘટઘોડ કરવા જેટલી આર્દ્રતા સુરેન્દ્રનગરની વતનપની ઉજવણીના અતિરેકમાં એમની હાજરી આપવાનો પ્રસંગ તે કહી જાય છે. એવી ઉજવણી ન થવી જોઇએ તેમ માને છે, છતાં તેમાં એ હાજર રહે છે એનો એ બચાવ કરતા નથી પણ વ્યવહારની છૂટછાટ તરીકે તે ઘટાવે છે.

એમના રાજકીય અને સામાજિક લખાણો ચિંતનપ્રેરક હતા તેટલાં ધાર્મિક, જેને આધ્યાત્મિક કહી શકાય તે પણ એવાં હતાં. એમને મોટે મૂલ્યો, તત્ત્વો કેવળ જાણવાનો વિષય ન હતો. એ જીવનમાં ઉતારવા માટે હતાં. એમણે એમ. એ. માં તત્ત્વજ્ઞાનનો વિષય લીધો હતો. પરીક્ષાના એમના પેપરો વાંચીને પરીક્ષકો પ્રો. હેમ્પટન અને પ્રો. રાનડેએ જણાવ્યું હતું કે છેલ્લા વીસ વર્ષમાં અમે ફિલોસોફીમાં આવા પેપરો વાંચ્યા નથી! તે પછી ચીમનભાઇએ જગતના ચિંતકોના વિચારોનો અભ્યાસ કર્યો હતો અને યથાશક્ય જીવનમાં ઉતારવા પ્રયત્ન કર્યો હતો. આથી એમના ધર્મ અંગેના વિચારો આચરણના અનુભવમાંથી આવતા હતા એટલે તે એક સાધક-સાધુ પુરુષના સ્વરૂપે જોવા મળ્યા હતા.

સંસારીથી તે સાધ્ય ન થઇ શકે તેમ માની લેવાથી ચીમનભાઇની આધ્યાત્મિક મૂડીથી આપણને આશ્ચર્ય થાય છે. પરંતુ એમનું જીવન સંસારીઓને શ્રદ્ધા પ્રેરે છે કે આ જમાનામાં, મુંબઇ જેવા મોટાં શહેરોના પ્રલોભન વચ્ચે વસવા છતાં અને વેશ્યા સાથે જે વકીલના વ્યવસાયને સરખાવાની હદે એ નીચે ઉતરેલો સમાજ માને છે ત્યારે ચીમનભાઇ જીવનના બધાં ક્ષેત્રમાં જનસમૂહથી અદકા મહાજન પુરૂષાર્થ દ્વારા બની શકયા છે. એમને મરણનો ભય ન હતો અને કોઈ સ્પૃહા રહી ન હતી. તે શાંતિ અને મુક્તિની સ્થિતિ એમણે જીવનમાં પ્રાપ્ત કરી હોય તો જ છેલ્લી ઘડી મૃત્યુને બદલે જીર્ણ વસ્ત્ર છોડવા જેવી સહજ બની રહે. મહાજન ચીમનભાઇ જીવન સાર્થક કરી ગયા.

# અનુભૂતિનું પરોઢ

★ હરીન્દ્ર દવે

'વિચારવંત મનુષ્ય સદા પૂછતો આવ્યો છે–આ જગત શું છે? હું કોણ છું? મારી અંતિમ ગતિ શી છે? શાશ્વત સુખ અને શાંતિ શાથી મળે? તત્ત્વજ્ઞો અને સંતપુરુષો આ પ્રશ્નોના જવાબ આપવા મથી રહ્યા છે. તત્ત્વજ્ઞો જ્ઞાનની ઉપાસના કરે છે. સંતપુરુષો અનુભવવાણી કહે છે. દાર્શનિક પ્રશ્નોમાં મતભેદ રહે છે. સંત પુરુષોની અનુભવવાણીમાં મોટે ભાગે એકરૂપતા હોય છે. તેના સ્વરૂપની ભિન્નતા હોય. કેટલાંક ધર્મો તત્ત્વશોધનના અંતિમ પ્રશ્નો છોડી, અનુભવને પ્રધાનતા આપે છે. જૈન ધર્મમાં દર્શન અને અનુભવ બંને છે. અંતિમ પ્રશ્ન એ છે કે જીવનનું ધ્યેય શું? શાશ્વત સુખ અને શાંતિ ધ્યેય હોય તો આ બધું દુઃખ અને અશાંતિ શેને લીધે છે? તેનો ઉપાય શો છે?'

ભગવાન મહાવીર વિશેની પરિચય પુસ્તિકામાંથી ઉપરનો પરિચ્છેદ લીધો છે. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના જીવન અને મનનની ચાવી આ નાનકડા પરિચ્છેદમાં મળે છે. જૈન ધર્મની વાત કરતા તેમણે લખ્યું છે, પરંતુ તેમાં કેટલાક પાયાના પ્રશ્નોને સુસ્પષ્ટ રીતે રૂપ આપ્યું છે. પ્રશ્નો નવા નથી. આદિ કાળથી આ પ્રશ્નો 'વિચારવંત મનુષ્ય'ના મનમાં ઊગ્યા જ કરે છે, પરંતુ આ પ્રશ્નો અંગેની સ્પષ્ટતા હોય તો જ તેના ઉત્તરની સ્પષ્ટતા પણ આવે. ઉત્તર શોધવો એ સાધના છે: પરંતુ સાધનાની કેડી ધુમ્મસમાંથી પસાર ન થતી હોય એ અનિવાર્ય છે.

આ પ્રશ્નોનો ઉત્તર શોધવા મુ. ચીમનભાઇ સતત મથતા રહ્યા છે: એમણે ઉઠાવેલો પ્રથમ પ્રશ્ન 'આ જગત શું છે?' તથા 'હું કોણ છું?' નો વિચાર બે પ્રકારના ભાવ પ્રેરે છે: વિશાળ જગતમાં મનુષ્ય કેટલો નાનો છે એ ભાવ આવે એ સાથે જ જે ગતિ કરે છે એ જગત, સરે છે એ સૃષ્ટિ વચ્ચે સ્થાયી એવો આત્મા એ ભાવ પણ પ્રગટયા વિના ન રહે. વ્યક્તિ તરીકે પોતાનો વિચાર કરે ત્યારે આ જગતના બધા જ ચરાચર પદાર્થોમાં પોતાની અંતિમ ગતિ કયાં છે, એના પર મતિ સ્થિર થયા વિના રહે નહીં. ચીમનભાઇ આ પ્રશ્નનો ઉત્તર પામ્યા હતા. તેમની અંતિમ ગતિ બાણગંગા પર કાષ્ટની ચિતા પર અગ્નિમાં લીન થઇ ગયું એ સ્થૂલ અસ્થિ પિંજર સાથે સંબંધિત ન હતી; પણ આત્યંતિક કષ્ટ અને તીવ્રતમ વેદના વચ્ચે પણ સ્વસ્થ અને નિરામય રીતે નવકારમંત્રનું ઉચ્ચારણ એ એમની અંતિમ ગતિનું સૂચક હતું.

શાશ્વત સુખ અને શાંતિ જ જો ધ્યેય હોય તો આ બધું દુઃખ અને અશાંતિ શેને લીધે છે? તેનું મૂળ શું છે? તેનો ઉપાય શો છે?–આ પ્રશ્નો પર મુ. ચીમનભાઇ હંમેશાં વિચાર કરતા રહ્યા છે. તેમણે દુઃખને તટસ્થ રહીને જોવા પ્રયત્ન કર્યો છે. તેમણે અંગત જીવનમાં દુઃખ નથી જોયું એમ કોઇ નહીં કહે: આધિ-વિટંબણાઓ તેમને કદાચ નથી નડી: પણ સંસાર-વ્યવહારથી માંડી દેહ સાથેના ઋણાનુબંધમાં તેમણે કષ્ટનો બહોળો અનુભવ કર્યો છે. કષ્ટને એ પોતાના પર ન પડતું હોય એ રીતે જોઇ શકયા છે. દુઃખ પરનું તેમનું મનન એ રીતે સૂચક છે. તેમણે દુઃખ કે કષ્ટ વિશે વૈચારિક ભૂમિકા પર જે મનન કર્યું તે જ વ્યવહારના સ્તરે એ વિશે કહેવાનું આવ્યું ત્યારે સાચું ઠર્યું: વિચાર અને વ્યવહારની આ એકરૂપતા અસાધારણ છે. જીવનના છેલ્લા ચાલીસ દિવસોમાં તેઓ શરશય્યા પર સૂતેલા ભિષ્મની માફક પોતાની વેદનાનો ઉંહકારો કર્યા સિવાય બધી જ વાતો કરી શકતા હતા.

'આ દેહ પર મને આસક્તિ શા માટે હોય? એણે

(વધુ માટે જુઓ પાનું ૧૭૯)

# ★ 'વિરાટ વ્યક્તિત્વ–વિશાલ કૃતિત્વ' ★

© પરમપૂજ્ય મહાસતી શ્રી ધર્મશીલાજી

વિશ્વવાટિકામાં અનેક પુષ્પો ખીલે છે અને પોતાની સૌરભ દુનિયાને આપીને કરમાઇ જાય છે. એવી જ રીતે અનેક માનવ આ અવનીતલ પર જન્મે છે અને પોતાના સમુજ્જવલ જીવનની સૌરભ સંસારમાં ફેલાવીને ચાલ્યા જાય છે.

તત્ત્વચિંતક, પ્રતિભાસંપન્ન લોકપ્રિય સ્વ. ભાઇ ચીમનભાઇ પણ આ વિશ્વવાટિકાના સુગંધિત સુમન હતા. તેઓ પોતાના સુમધુર જીવનની સૌરભ સમાજમાં ફેલાવીને આપણા વચ્ચેથી તેમનો નશ્વર દેહ ચાલ્યો ગયો છે. પરંતુ તેમનો આત્મા અજર અમર છે, અને તેમની સુમધુર સ્મૃતિઓ આપણા જીવનને આજે પણ સુવાસિત કરી રહી છે.

જેમ અગરબત્તી અને મીણબત્તી પોતાના દેહના કણ કણને બાળીને વાતાવરણને સુવાસિત અને પ્રકાશિત બનાવે છે તેમ સમાજસેવક ભાઈ ચીમનભાઇએ પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ સમાજને સમર્પિત કરીને સમાજમાં જ્ઞાનનો પ્રકાશ અને પ્રેમની સુવાસ પ્રસરાવી છે. લાગે છે કે કવિની આ લીટીઓ તેમને જ ઉદ્દેશીને કહી હશે.

'તુમ જીવનકી દીપ શીખાહો, જીસને કેવલ જલના જાના,
તુમ જલતે દીપકકી લૌ હો, જીસને જલનેમેં સુખ માના,'

તેમનું જીવન, દયા, કરુણા અને અનુકંપાથી ઓતપ્રોત હતું. તેમના વાણી, વિચાર અને વર્તનના અણુ અણુમાં મધુરતા હતી. તેમના વ્યક્તિત્વનિર્માણમાં 'નિરપૃહતા, અનાસક્તિ' આ પાયાની ચીજ હતી. નિરપૃહતા એ જ તેમનો જીવનમંત્ર અને સાધનાસૂત્ર હતું.

સૌજન્યમૂર્તિ ભાઇ ચીમનભાઇમાં સૂર્યનું પ્રખર તેજ પણ હતું અને ચંદ્રની શીતળતા પણ હતી. તેઓ સિદ્ધાંતમાં વજ્ર સમાન હતા, તો વ્યવહારમાં પુષ્પ સમાન હતા. પાખંડ, આડંબર, વહેમને તોડવામાં તેઓ ભીમની ગદાનું કામ કરતા હતા. તેમનામાં નમ્રતાની સાથે નિર્ભયતા પણ હતી. તેમનું જીવન રંગબેરંગી પુષ્પોની વાટિકા સમાન હતું. તેઓ ઉદાર વિચારક, સાચા સુધારક અને પ્રખર ક્રાંતિકારક હતા અને સ્પષ્ટ વક્તા હતા.

તેઓ માનવતાની મૂર્તિ હતા. સહાનુભૂતિ અને સહૃદયતા તેમનામાં ઠાંસી ઠાંસીને ભરી હતી. કોઇ પણ દીનદુઃખી તેમની પાસે આવે તો સંતોષ પામીને જ જતા. Simple Living and High thinking આ તેમનો આદર્શ હતો. તેમનું જીવન સાદું અને વિચારો ઉચ્ચ હતા. એક બાજુ તેઓ મહાન તત્ત્વજ્ઞાની હતા તો બીજી બાજુ તેમનામાં નાના બાળક જેવી નિર્દોષતા, સરળતા અને નમ્રતા હતી. તેઓમાં વિદ્વત્તાની સાથે વક્તૃત્વકલા પણ ખીલેલી હતી.

તેમનાં સ્વભાવમાં નમ્રતા, વ્યવહારમાં વિવેક, વાણીમાં મધુરતા, મુખ પર સૌમ્યતા, હૃદયમાં ગંભીરતા, મનમાં મૃદુતા, ભાવોમાં ભવ્યતા, આત્મામાં દિવ્યતા અને નિર્ણયમાં દૃઢતા હતી.

કરોડો માનવો જન્મે છે અને મૃત્યુ પામે છે પરંતુ કોઇ એવા વીરલા હોય છે કે જે મરીને પણ અમર રહે છે. ચીમનભાઇનું જીવન પણ વીરલ માનવોની જ શ્રેણીમાં છે. તેમની અંતિમ ભાવના મેં આંખોથી પ્રત્યક્ષ જોઈ હતી. એટલે એમ લાગે છે કે હવે તેઓ જ્યાં પણ હશે ત્યાં આત્મધ્યાનમાં જ મગ્ન રહેશે. કારણ કે તેઓ જીવનમાં અત્યંત જાગૃત હતા. મૃત્યુને તેઓએ આંખોથી જોયું હતું. તેમને મૃત્યુનો ભય ન હતો. તેમના જીવનની ક્ષણ ક્ષણ અને મનના કણ કણ આત્મ-જાગૃતિથી યુક્ત હતા.

તેઓ 'અપૂર્વ અવસર કયારે આવશે' અને 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી' તથા 'નવકારમંત્ર' સાંભળતા હતા ત્યારે એકરૂપ બની જતા હતા, અને પોતાના દેહની વેદનાને ભૂલી આત્મલીન બની જતા હતા.

તેમનો પરિવાર તથા જૈન સમાજ આવા મહાન આત્માને પ્રાપ્ત કરીને ધન્ય ધન્ય બની ગયો હતો. તેઓ સમાજના ભૂષણ તથા રત્ન હતા. તેઓ અનેક ગુણોના સમુદ્ર પણ હતા. તેઓ માનતા હતા કે–Birth is nothing where Virtue is not.

ભાઇ ચીમનભાઇ માટે આ કાવ્ય પંક્તિઓ યથાર્થ છે.

જગ કહતા હૈ તુમ રહે નહીં,
મન કહેતા હૈ, તુમ હટે નહીં,
જગ ભી સચ્ચા, મન ભી સચ્ચા,
તુમ ગયે સહી, પર મિટે નહીં,
જ્ઞાન કર્મ કે યોગી થે તુમ,
અંતમેં બને ભક્તિયોગી તુમ,
નવકારમંત્ર કો, પાકર તુમને,
સફલ બનાયા જીવનકો.

# ચીમનલાલ ચકુભાઇ શાહ: થોડું અંગત સ્મરણ

© ગુલાબદાસ બ્રોકર

તા. ૨૦–૧૧–૧૯૮૨ ને દિવસે મારું કામ કરતો બેઠો હતો ત્યાં ઓચિંતો ટેલિફોન રણકયો. બોલનાર કહે: 'હું મુંબઇ જૈન યુવક સંઘમાંથી પન્નાલાલ બોલું છું. ચીમનલાલભાઇનું અવસાન થયું છે. સાંજે સવા પાંચે સ્મશાનયાત્રા એમને ઘરેથી નીકળશે.'

'અરર,' મેં કહ્યું: 'હું ત્યાં આવી પહોંચીશ.'

મન આખું ચીમનભાઇ વિશેના વિચારોથી ભરાઇ ગયું.

હજી એ વિચારો વાગોળતો હતો ત્યાં જ બીજો ટેલિફોન આવ્યો: 'હું તારાબહેન બોલું છું, રમણલાલ સી. શાહને ત્યાંથી–મુરબ્બી ચીમનલાલભાઇ ચાલ્યા ગયા છે. સ્મશાનયાત્રા સવાપાંચે તેમને ઘેરેથી નીકળશે.'

'તમને બહુ દુઃખ થતું હશે, તારાબહેન' મેં કહ્યું.

'મારા બાપ જેવા હતા.'

'શું થાય?' મેં કહ્યું: 'હું સમયસર આવી પહોંચીશ.'

પછી તો આખું મન ચીમનભાઇનાં સ્મરણોથી ભરાઇ ગયું. વર્ષોનો પટ તો જાણે આમ વીંધાઇ ગયો, યુવાન સોલિસિટર ચીમનભાઇ યાદ આવ્યા, હમામ સ્ટ્રીટની ઓફિસમાં બેસનારા

ચીમનભાઇ, દલાલ સ્ટ્રીટની ઓફિસમાં બેસનારા નહિ. સમાજ વિશે ચિંતન કરનારા ચીમનભાઇ, સમાજની પ્રશસ્ય સેવા કરનારા ચીમનભાઇ નહિ.

એ ચીમનભાઇ રામનારાયણ પાઠકનાં નિકટના મિત્ર. રામનારાયણ પાઠક મારા નિકટના મુરબ્બી. મારી સાથે ચીમનભાઇ વિશે વારંવાર પ્રેમપૂર્વક વાતો કરે, મને એમને વિશે કુતૂહલ થાય.

એક દિવસ ઓચિંતા એ કહે:

'હું આજે ચીમનલાલભાઈ પાસે જવાનો છું. તમે સાથે આવશો? તમારી ઓફિસની તો નજીક જ છે. તમને પરિચય થશે. પરિચય કરવા જેવા છે એ.'

'ચાલો', મેં કહ્યું. 'મને પણ એમને મળવાનું મન છે.'

ચાલતાં ચાલતાં રામનારાયણભાઇ કહે: 'એક ખાનગી વાત કરું? એમને પણ તમને મળવાનું મન છે.'

મને આનંદ થયો. રામનારાયણભાઇ જેમને વિશે આટલો આદર ધરાવતા હતા તેમને હું તદ્દન અજાણ્યા તરીકે મળવા નહોતો જતો.

ગયા તેમની ઓફિસમાં. આજે લાગતા હતા તેવા જ લાગતા હતા–થોડા યુવાન વધારે, માથે કાળા વાળવાળા. પણ એ જ ટોપી, એ જ કોટ, એ જ પ્રેમળ સ્મિત. એ જ ફિક્કાશવાળો ચહેરો.

'આવો, આવો,' કહી હાથ લંબાવ્યો.

'આ ગુલાબદાસને લાવ્યો છું' રામનારાયણભાઇએ કહ્યું.

'એમના સિવાય એમની પેઢીના બધાને ઓળખું છું.' કહી પ્રેમપૂર્વક હાથ મિલાવ્યો.

પછી તો વાતો ચાલી. સાહિત્યની તો હોય જ. પણ વિશેષ પ્રમાણમાં રાજકારણની. એ દિવસોમાં એમને રાજકારણના અભ્યાસમાં ખૂબ જ રસ. સમાજવાદ વિશે એક પુસ્તિકા કરતા હતા એ. મને તો જેટલો સાહિત્યમાં એટલો જ લગભગ, એ દિવસોમાં, રાજકારણમાં રસ. મજા આવી.

પણ રામનારાયણભાઇ હોય ત્યાં એકલું રાજકારણ કેટલું'ક ચાલે? પાછા સાહિત્ય ઉપર ઊતરી ગયા.

યુજીન ઓ'નીલ ત્યારે ખૂબ જ વંચાતો. મારો તો ઘણો પ્રિય નાટયકાર એટલે એને વિશે વાત કરતા જ્યારે એમણે કહ્યું:

"મને "સ્ટ્રેન્જ ઇન્ટરલ્યુડ" કે "મોર્નિંગ બિકમ્સ ઇલેક્ટ્રા" એમાં બેહાં નહિ." ત્યારે મને વિવાદ કરવાનું મન થયું. હિંદી-વાળાઓ કહે તેમ અમારી "બહશ" ચાલી. રામનારાયણભાઇ એનો આનંદ માણતા હતા. ચીમનભાઇ કહે:

"ફ્રોઇડ બહુ આવે છે તેમાં."

મેં કહ્યું: 'નાટયરૂપ બનીને, નાટકના ભાગ રૂપે રસાઇને આવે તો વાંધો શો?'

રામનારાયણભાઇએ તોડ કાઢયો: અમારે બન્નેએ ફરીથી ઓનીલ વાંચી જવો અને પછી ફરી એને વિશે ચર્ચા કરવી.

ત્રણે હસી પડયા. છૂટા પડયા ત્યારે મનમાં આનંદ હતો. સાહિત્યની ચર્ચા આવે એ આનંદ તો ખરો જ, પણ એ આનંદ હતો પોતાનાં મંતવ્યો, ચાલુ ચીલાની વિરુદ્ધનાં હોય તો યે, તેનો સ્પષ્ટ સ્વરૂપે ઉદ્‌ગાર કરનાર એક સાચકલા માણસને મળ્યાનો.

એ આનંદ તો પછીનાં વર્ષોમાં અનેકવાર મળતો રહ્યો. રામનારાયણભાઇ અને હીરાબહેન ઉપર એમને પારાવાર પ્રેમ, પણ પોતાને જે લાગતું હોય તે સ્પષ્ટ રીતે કહી દેતાં અચકાય નહિ. મુનશી તો એમના મુરબ્બી. પણ સાહિત્ય પરિષદના અમદાવાદના સંમેલન વખતે મુનશીની વિરુદ્ધ ઝંડો ઉઠાવનારા સાહિત્યકારો સાથે એ જોડાયા હતા. પછી સંજોગો બદલાતાં એ મુનશી જોડે જોડાયા એ ખરું, પણ એ પણ સ્પષ્ટ સમજણ અને સ્વમાનપૂર્વક.

આવા સ્પષ્ટવકતા માણસો સાચું કહી શકે, તેમ. જો તેઓ સારા માણસો હોય તો સાચું સાંભળી પણ શકે અને ત્યારે એ એટલા ગમી જાય!

એક પ્રસંગ બરોબર યાદ છે. એકવાર મુંબઇ જતી લોકલ ટ્રેનમાં એ ભેગા થઇ ગયા. વાતો કરતાં કરતાં હું આવેશથી સાહિત્ય પરિષદના મુનશી પ્રેરિત બંધારણની વાત કરતો હતો. ત્યાં આંખમાં એક જાતની રમૂજની ચમક લાવીને એ કહે:

'ગુલાબદાસ, એ આખું બંધારણ તમે વાંચ્યું છે?'

મેં કહ્યું: 'ના.'

'તો પછી?' એમણે પુછયું.

મેં કહ્યું: 'હું એક સવાલ પુછું, ચીમનભાઇ?'

'પુછો ને.' તે હસ્યા. સમજ્યા તો ખરા જ કે કંઇક તોફાને આવે છે.

મેં પુછયું; 'ઉ૯૩૫ના સરકાર સૂચિત ખરડાની બધી કલમો તમે વાંચી છે?'

એ કહે: 'ના'

'તો પછી?' મેં પુછયું, કેમકે એ દિવસોમાં બધા જ એ ખરડાની ટીકા કરતા હતા અને ચીમનભાઇ તેમાં અપવાદરૂપ નહોતા.

એ હસી પડયા. હું યે હસ્યો. ગાડીમાંથી નીચે ઉતર્યા ત્યારે અમે એકબીજાની વધારે નજીક આવ્યા હોઇએ તેવો મને અનુભવ થયો.

° ° °

પછીનાં ઘણાં વર્ષો બાદનો એક પ્રસંગ તો હજીયે એવોને એવો મારા મનમાં તાજો છે.

ત્યારે ચીમનભાઇ સુપ્રસિદ્ધ સમાજસેવક, અને સુપ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી બની ચૂકયા હતા. ડો. ગજેન્દ્ર ગડકર ત્યારે મુંબઇ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે હતા.

ત્યારે એક વાત ચર્ચાતી હતી. મરાઠી ભાષાને મુંબઇની કોલેજોમાં કોઇક પ્રકારનું વિશિષ્ટ સ્થાન આપવાની.

મનસુખલાલ ઝવેરી ત્યારે એ યુનિવર્સિટીમાં સક્રિય ભાગ લેનારા ખરા. એમને આ પગલું વ્યાજબી નહોતું લાગતું.

સવારે અમે જુહુ તટે મળીએ. મનસુખભાઇ, ખેટાઇ, અને ત્યારે, અમૃતલાલ યાજ્ઞિક પણ...

મનસુખભાઇએ પોતાનો કયવાટ પ્રદર્શિત કર્યો. મેં કહ્યું:

"અહીં ઉકળાટ કરવાથી શું વળે? તમારે કેળવણીવાળા–ઓએ જાહેરમાં કશુંક કરવું જોઇએ."

'કોણ સાંભળે આપણું જાહેરમાં? એમનું જોર ઘણું છે.'

'પણ યુનિવર્સિટીમાં ગુજરાતી વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી નથી.'

'પણ...' શું કરવું તે સૂઝતું નહોતું એમને, પણ મને એક વાત સૂઝી મેં કહ્યું:

'ચાલો આ બાબત ચીમનભાઇની સલાહ લઇએ.'

ગયા અમે ચીમનભાઇ પાસે. આખી વાત કરી ત્યારે યુનિવર્સિટીના માધ્યમ તરીકે ગુજરાતી, હિંદી, અંગ્રેજી વગેરેની ચર્ચા થતી. અમારા દૃષ્ટિબિંદુઓ જુદાં હતા તે યાદ કરી ચીમનભાઇ કહે.

'હું જાણું છું કે ઉમાશંકર, તમે, બધા મારાથી જૂદો મત ધરાવો છો, પણ એ સાચું નથી.'

'એ વિશે આ પતી જાય પછી આપણે લડી લઇશું પણ આનું શું કરવું છે?'

અમારી વાત પૂરી સમજ્યા કે તરત તેમણે ટેલિફોન ઉપાડ્યો શ્રી ગજેન્દ્રગડકરને ટેલિફોન કર્યો. આ બાબત મળવું છે એવું કહ્યું. ઉપકુલપતિએ કશોક ઉતાવળો જવાબ વાળ્યો. પતી ગયું. પછી એમની સાથે વાત કરવાની રહી નહિ ચીમનભાઇએ સૂચવ્યું.

'મુંબઇના બધા નામાંકિત ગુજરાતીઓની સભા બોલાવી આ પ્રશ્ને ઉહાપોહ ઊભો કરીએ.'

'જરૂર કરીએ, પણ એ બધાને બોલાવવામાં પહેલી સહી તમારી જોઇએ ચીમનભાઇ.'

'એ એમ નહિ હોય એવી તમને શંકા છે? એ હસ્યા. સભા બોલાવી. એમણે જ બધું આયોજન કર્યું.

સરસ સભા થઇ. અભ્યાસપૂર્ણ નિવેદન ચીમનભાઇએ કર્યું. આગેવાનો સંમત થયા. યુનિવર્સિટીએ વાત પડતી મૂકી દીધી.

° ° °

એમને વિશે મેં હંમેશા જોયું હતું. ગમે એવા કામમાં હોય, પણ આપણે મળીએ ત્યારે એની કશી વળગણ એમને હોય નહિ આડીઅવળી વાતોમાં સમય ન બગાડે, પણ વાત પૂરા ધ્યાનથી સાંભળે અને તેનો ઉકેલ સ્પષ્ટરૂપે સૂચવે તેમાં આપણું હિત પૂરેપૂરું જળવાતું હોય તેમ પણ જુએ.

એકવાર કોઇ પ્રસંગે એક ભાઇએ એના એક ટ્રસ્ટમાં મારે પણ એમની સાથે ટ્રસ્ટી રહેવું એમ સૂચવ્યું. હું કંઇ જવાબ આપું એ પહેલાં ચીમનભાઇએ આખરી ફેંસલો આપતા હોય તેમ કહ્યું :

'ચુનીભાઇદાસ એમાં ટ્રસ્ટી નહિ થાય.'

એ ભાઇ આગળથી વકીલ તરીકે તેમને કમાણી થાય એવી જોગવાઇ તેમાં હતી, પણ જરા પણ ખચકાટ વિના, સ્પષ્ટ રીતે, તેમણે આમ કહી દીધું. પેલા ભાઇ એમની સામે જોઇ રહ્યા ને સમજી ગયા એ વાત એમણે મૂકી દીધી.

ચીમનલાલ ચકુભાઇ શાહ વિશે વિચાર કરું છું ત્યારે આવી અનેક વાતો મને યાદ આવે છે. એક નાનકડું પુસ્તક ભરાય તેથી યે વધારે એટલે એ જ વાતો મેં કરી છે. કેમકે માણસ આંચે આંચો ધણીયે વાર 'આવી બધી નાની નાની વાતોમાંથી ઓળખાય છે. એની જે જાહેરમૂર્તિ પ્રસ્થાપિત થઇ હોય તેનાથી એ માણસ વિશે જાણવા મળે છે, પણ એ માણસ પોતે પમાતો નથી.

ને આમનું તો જાહેરજીવન પણ કેટલું સ્પષ્ટ છે. એમના સ્વભાવ જેટલું જ. ગમે તે કામ કરે, કશી અસ્પષ્ટતા નહિ, કશી ગોલમાલ નહિ. માનસિક અપ્રામાણિકતા પણ નહિ. આર્થિક કે સામાજિક અપ્રામાણિકતા તો આવા માણસને સ્પર્શી શકે જ નહિ, માનસિક પણ નહિ.

પરંતુ એમના આ પાસાં વિશે તો અનેકો લખશે એટલે મેં તો થોડાં અંગત પાસાંઓનો જ સ્પર્શ કર્યો છે. એમાંથી જે ચિત્ર મારી નજરમાં ઉપરયું છે એ ઉજળું છે એમના ખાદીના પોષાક જેટલું જ ઉજળું

એ ઉજ્જવલતા આપણને હંમેશાં પ્રેરતી રહો.

# સ્વસ્થતાની મૂર્તિ

★ ફ્રાંધર વાલેસ

એક શબ્દમાં સ્વ. શ્રી ચીમનભાઇનું મારું સ્મરણ વ્યક્ત કરું છું : સ્વસ્થતા. એમના વિચારો સ્વસ્થ, એમના ભાવ સ્વસ્થ, એમની વાણી સ્વસ્થ સમતોલ, નીરવ, નિર્મળ. એમના વિચારોમાં તેમજ એમની વાણીમાં ખૂબ શક્તિ હતી, તોય એ શક્તિની સાથે એની સ્વસ્થતા ને તટસ્થતા હતાં કે એમની વાત સાંભળતાં અથવા એમના લેખો વાંચતાં મારું મન હંમેશા પ્રસન્ન રહેતું. તર્ક, નીડરતા અને તટસ્થતા એ એમનાં ગદ્યનાં સહજ આભૂષણો. 'પ્રબુદ્ધ જીવન' આવે ત્યારે એમના લેખો વાંચ્યા વગર હું કદી રહ્યો નથી, એટલું જ નહિ પણ જો હું બહારગામ ગયો હોઉં અને અમદાવાદ પાછો આવું ને ઘણા દિવસોની ટપાલ ભેગી થયેલી જોઉં ત્યારે કાળજીથી 'પ્રબુદ્ધ જીવન'ના અંકો ટપાલના ઢગલામાંથી પહેલા કાઢું અને એ પહેલા વાંચું. સ્વ. ચીમનભાઇની કલમનું આકર્ષણ મારે માટે મોટું હતું. રાજકારણની બાબતમાં હું તો ઠોઠ છું. હજી કોણ કયા પક્ષમાં છે એ મોટા નેતાઓ માટે પણ હું કહી શકતો નથી. તો ય થોડું જાણવાની અને થોડું બોલવાની પણ કોઇ વખત જરૂર રહે છે, અને એમાં સ્વ. ચીમનભાઇના લેખો મારે માટે આશીર્વાદ-રૂપ નીકળ્યા. હું એ હંમેશાં વાંચતો, કોઇવાર બે વખત પણ વાંચતો. અગત્યના મુદ્દાઓ યાદ રાખવા પ્રયત્ન કરતો, અને રાજકારણ વિશે બીજાઓની સાથે કંઇક બોલવાનું થાય ત્યારે એને આધારે હું બોલું. એ રીતે મને એમની બોટ સીધી અને અંગત રીતે લાગવાની છે.

એમના લેખો વાંચતી વખતે મને માહિતી મળતી એ લાભ ખરો, પણ તે ઉપરાંત વાંચવાની મજા પડતી એ એક અલગ અને સાચી હકીકત છે. આટલી સ્પષ્ટતા તર્ક, પ્રામાણિકતા, પ્રકાશ, વિશ્લેષણ, સચ્ચાઇ જોવા મળે કે વિષયમાં રસ ન હોય તોય વાંચવામાં મજા પડે.

મારું મન પણ ખૂબ તર્કપ્રિય છે, ને કદાચ એટલા માટે મને અને એમને બહુ સારું બનતું. અમે પહેલી વખત મળ્યા ત્યારથી એમને માટે મને બહુમાન થયું. અને મેં એ વ્યક્ત પણ કર્યું. એમણે પણ મારે માટે હંમેશાં વિશેષ માન બતાવ્યું. અને એ જોઇને હું ગૌરવ અનુભવતો. એક વખત મારા પુસ્તક 'ખ્રિસ્તી દર્શન' વિશે કોઇ વિવેચકે અણધારી ટીકા કરી ત્યારે મને પણ કહ્યા વગર સ્વ. ચીમનભાઇએ પોતાની મેળે લખીને એને જાહેર જવાબ આપ્યો. એ પ્રસંગ મને ખરેખર સ્પર્શી ગયો.

માનવીની સાચી કસોટી મૃત્યુ હોય છે. સ્વ. ચીમનભાઇને માટે એ છેલ્લી બિમારી, શસ્ત્રક્રિયા 'શારીરિક પીડા ને અકારી પ્રતીક્ષારૂપે એ કસોટી આવી. એમાં એમની સ્વસ્થતા અદ્‌ભુત હતી. 'પ્રબુદ્ધ જીવન'માં આવેલ એમનો લેખ 'મારી જીવનદૃષ્ટિ,' પછી શસ્ત્રક્રિયા પહેલાંનું મંથન, અને બિમારીના ખાટલામાંથી લખાવેલ છેલ્લા બે લેખો–એ મારે મન માનવ સાધનાનું એક વિરલ સ્મારક છે.

ધર્મ માણસને સારી રીતે જીવતાં શીખવાડે છે અને સારી રીતે મરતાં શીખવાડે છે. જૈન ધર્મમાં સારા જીવન માટે તેમ જ સારા મૃત્યુ માટે બોધ, પ્રેરણા અને સામર્થ્ય છે એ સ્વ. ચીમનભાઇના ઉત્કૃષ્ટ ઉદાહરણમાં મૂર્તિમાન થયું છે.

જૈન ધર્મને માટે મને ખૂબ માન અને મમતા છે. સ્વ. ચીમનભાઇનું નમૂનેદાર જીવન અને અતિસ્વસ્થ મૃત્યુ જોઇને એ માન અને મમતા મારામાં વધ્યાં છે. એ મારી સાચી અને અર્થભરી અંજલિ છે.

# ક્રિયાશીલ અને સત્યનિષ્ઠ વ્યક્તિત્વ

❋ એચ. એમ. પટેલ

ચીમનભાઇને હું છેલ્લા ત્રણેક દસકાથી એક યા બીજી રીતે ઓળખું છું. વરસો પહેલાં ગુજરાત સરકારે સુરત જિલ્લાનું વિભાજન કરવા તથા નવા જિલ્લામથક અંગે ભલામણ કરવા મારા અધ્યક્ષપદે એક સમિતિ નિમી હતી. ચીમનભાઈ એના સભ્ય હતા. ત્યારથી એમને સારી રીતે હું ઓળખતો થયો. જોકે, મારો એમની સાથેનો સંબંધ નિકટનો ન કહેવાય અને છતાં 'પ્રબુદ્ધ જીવન'નાં છેલ્લાં કેટલાંક વરસોના નિયમિત વાચક તરીકે ચીમનભાઈ સાથે મારો નિકટનો બૌદ્ધિક તેમજ આત્મીય સંબંધ હતો જ.

ચીમનભાઇનું પંચાવનેક વરસોનું જાહેર જીવન સુદીર્ઘ હતું. પચાસ જેટલી સંસ્થાઓ સાથે તેઓ સંકળાએલા હતા. આ સંસ્થાઓ મારફત કરોડો રૂપિયાનો પ્રમાણિક વહીવટ તેમણે દક્ષતાપૂર્વક કર્યો હતો. લોકોને ચીમનભાઇની ઇમાનદારીમાં એવા વિશ્વાસ હતો કે એમના સંપર્ક કે સંચાલનવાળી જાહેર સંસ્થાઓને નાણાંની સહાય સહજ રીતે મળ્યા કરતી હતી. આવી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ગુજરાતની તેમ જ દેશની ચીમનભાઇએ કરેલી સેવાનો ખ્યાલ સામાન્ય રીતે ઘણાં ઓછાને હશે. વળી આ સેવા સંપ્રદાય કે ધર્મનિરપેક્ષ પણ હતી.

"પ્રબુદ્ધ જીવન"ના તંત્રી તરીકે એમણે જે લેખો લખ્યા છે તેમાં એમની સ્પષ્ટ, નિખાલસ અને ઊંડી વિચારણા પ્રગટ થઇ છે. ચીમનભાઇનું વિશાળ વાચન પણ એ લેખોમાં, પંડિતાઇનો કોઇ બોજ પ્રગટાવ્યા વિના, પ્રતિબિંબિત થયા કરે છે. ખુદ્દકજીવાળા આ ચિંતકના લેખોમાં વિચારની નિર્ભયતા દેખાય છે. એમની વિચારસરણી કોઈ સંકુચિત પંથ કે વાદ સાથે જકડાયેલી નહોતી જીવનના સત્યની ખોજ કરતા તેઓ સતત દેખાય છે. ચીમનભાઇ એક નગદ તેમજ મુક્ત એવા વિચારક હતા. એમના લેખોનું મુખ્ય ધન તે વિચારધન છે. પરિણામે નિબંધોની ભાષાને કોઇ કૃત્રિમ સાજસજ્જાવટની જરૂર રહેતી નથી. જીવનના નક્કર અવગાહનમાંથી એ ભાષા સ્વભાવિક રીતે ઘડાતી રહે છે.

આપણા દેશનાં રાજકીય જીવનનાં કથળતાં ધોરણો વિશે ચીમનભાઈ ઘણા ચિંતિત હતા. દેશની કથળતી સ્થિતિ એ એમની ગંભીર ચિંતાનો વિષય બને છે. કેટલીકવાર ચીમનભાઇનાં લખાણોમાં એ કારણે નિરાશા અને ગમગીનીનો ભાવ જોવા મળે છે. એ નિરાશા કોઇ પરાજિત મનોવૃત્તિવાળા વાંકદેખા માણસની નહોતી. દેશની વાસ્તવિક પરિસ્થિતિના યથાર્થ અવલોકનમાંથી એ નિરાશા જન્મી હતી અને હતાશ કરી દે એવી પરિસ્થિતિ વચ્ચે પણ માર્ગ શોધવાની મથામણ એમાં દેખાય છે. રાષ્ટ્ર જીવનની બાબતો વિશે એમનાં લખાણોમાં એક દેશ હિતચિંતકનું સ્પષ્ટ વક્તૃત્વ હતું પરંતુ કડવાશ નહતી. તેમનાં રાજકીય વિષયનાં લખાણોમાં જ્યાં પ્રશંસા કરવા જેવું લાગે છે ત્યાં તેઓ પ્રશંસા કરે છે, ટીકા કરવા જેવું લાગે છે ત્યાં ટીકા કરે છે. એ બધાંની વચ્ચે એમની બૌદ્ધિક ઇમાનદારી પ્રકાશી રહે છે. ચીમનભાઇની સત્યનિષ્ઠા અને બૌદ્ધિક ઇમાનદારીનો હું પ્રશંસક રહ્યો છું.

ચીમનભાઇના તા. ૧૬-૧૧-૮૨ ના 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ થયેલા છેલ્લો લેખ 'માનવ સંબંધો' માં સક્રિય પ્રેમની હિમાયત કરતા તેઓ લખે છે: 'પ્રેમ, કરુણા, દયા, મૈત્રી- આ બધાં સક્રિયપણે જીવનમાં ઉતારવા જોઇએ... સક્રિય પ્રેમ અને કરુણા સિવાય જીવનમાં બીજો આનંદ નથી. આપણી આસપાસ, દૃષ્ટિ ખુલ્લી હોય તો એટલું બધું કરવાનું છે કે, જે થાય છે એ ઓછું પડે છે.' મૃત્યુની પથારીએથી લખાયેલા આ લેખમાં સક્રિય પ્રેમની જીવંતભાવના હૃદયસ્પર્શી રીતે પ્રગટ થયેલી છે. ચીમનભાઇ મુખ્યત્વે કર્મનિષ્ઠ જ્ઞાની હતા. સાથે ભક્તિહૃદય પણ હતા. તા. ૨૫-૧૦-૮૨ ના રોજ લખાવેલી નોંધમાં એમણે કહ્યું છે: 'એવી પ્રતીતિ થઈ છે કે માણસનો અંતિમ આશ્રય ઇશ્વર સિવાય બીજો કોઈ નથી. એની દયા અસીમ છે, પણ એ પ્રાપ્ત કરવી સહેલી નથી. પૂરી કસોટી કરે. ચીમનભાઇનાં જ્ઞાન અને ભક્તિ સક્રિય પ્રેમમાં પરિણમ્યાં હતાં, તે નોંધપાત્ર છે. કર્મ-જ્ઞાન-ભક્તિનું સંમિશ્રન ચીમનભાઇના સત્યનિષ્ઠ વ્યક્તિત્વ તેમજ લખાણોમાં થયેલું છે. આવા વિરલ વ્યક્તિત્વને મારી શ્રદ્ધાંજલિ અર્પું છું.

# સ્વ. ચીમનલાલ શાહ—સ્મરણાંજલિ

★ શાંતિલાલ હ. શાહ

ચીમનભાઇનો અને મારો પરિચય આશરે પંચાવન વરસનો, એકાદ વરસ આમતેમ હશે. વચમાં ખારમાં પણ વરસ દોઢ વરસ રહી ગયેલા. એમનું વિદ્યાર્થીજીવન અસાધારણ ઉજ્જ્વળ હતું અને મેટ્રિકથી બી.એ સુધી અને તે પછી એલ એલ. બી. અને સોલિસિટરની પરીક્ષાઓમાં પહેલે નંબરે આવતાં. વચમાં ઘણાં ઘણાં ઇનામો, સ્કોલરશિપો અને ગોલ્ડમેડલ્સ મેળવ્યા, એ બધામાં હું જેને શિરમોર ગણું છું. તે ફિલસૂફીનો વિષય લઇ બી. એમાં કુળપાતનો સુવર્ણચંદ્રક (ચાન્સેલર્સ ગોલ્ડમેડલ) મેળવ્યો.

એમનો ગૃહસ્થાશ્રમ, 'ધન્યો ગૃહસ્થાશ્રમો' કહી શકાય તેવો નહોતો. તેને પણ સ્વસ્થતાથી નભાવ્યો.

સોલિસિટરના ધંધામાં અસાધારણ કુશળતા દાખવી. એમાંનો એક કેસ જે મને યાદ આવે છે તે 'લેંગડી વિરુદ્ધ ડારસી.' લેંગડી રૂનો મોટો વેપારી. પૂના મુંબઇની રેસોમાં એના ઘોડા દોડે, એ ઘોડાઓનો માનીતો સવાર Jockey ડારસી હતો. લેંગડી ઘોડાની શરતોમાં અંચી કરે જે ઘોડો જે શરતને લાયક હોય ત્યાં ન મૂકતાં બીજી શરતમાં મૂકે એવી બે ચાર શરતોમાં હારે એવું કરે. ડારસીને જોકી તરીકે આ બધું કહેવું પડ્યું કંઇ કારણસર તે બેની વચ્ચે વિખવાદ થયો અને લેંગડીએ ડારસી સામે કોર્ટમાં દાવો માંડ્યો. ચીમનભાઇ ડારસીના સોલિસિટર, કેસ એવી કુશળતાથી લડ્યા કે લેંગડીને રેસકોર્સ છોડવું પડ્યું એટલું જ નહીં, પણ મુંબઇનો ધંધો છોડી વિલાયત નાસી જવું પડ્યું. આવા બીજા કેસો પણ જાણું છું, પણ તે બધા લખતો નથી. સોલિસિટરના ધંધામાં કુશાગ્ર બુદ્ધિ અને પ્રમાણિકતાને કારણે ઘણી ઊંચી આબરુ જમી.

આ બધું તો ઠીક છે, પણ એમના જીવનમાં જે ફિલસૂફી

લગ્નને બીજે. થયા હતા તે ભારોભાર ભરી હતી. અનેક સંસ્થાઓના રાહબર સંચાલક હતા. જન્મભૂમિ જૂથના માલિક, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ઘણાં વર્ષો સુધી ચેરમેન રહયા. એ સંસ્થાઓના ઘડતરમાં જે ફાળો આપ્યો તેનો હું સાક્ષી છું. 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી તરીકે સ્થાન એમણે શોભાવ્યું અને 'પ્રબુદ્ધ જીવન'ની આબરુ ઘણી ઊંચે લાવ્યા. મુંબઇ જૈન યુવક સંઘના એ મુખપત્રમાં તેઓ અગ્રલેખ લખતા. એ લેખો હકીકતમાં અભ્યાસપૂર્ણ તટસ્થ અને સ્પષ્ટ વિચારધારા ધરાવતા. પ્રબુદ્ધ જીવનના અગ્રલેખો ઘણા નેતાઓ ધ્યાનપૂર્વક વાંચતા. એમના અગ્રલેખ સિવાયનું 'પ્રબુદ્ધ જીવન' એટલું ઊણું જ રહેશે.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને મુંબઇ જૈન યુવક સંઘ ઉપરાંત ઘણી સંસ્થાઓ એમની સલાહ સૂચના પ્રમાણે અથવા એમની નેતાગીરી નીચે ચાલતી. ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર, જૈન કલીનીક અને એવાં તો ઘણાં. એમની ફિલસૂફી એમના જીવનમાં એટલે સુધી ઉતારી હતી કે જૈન કલીનીકમાં જ્યારે એમની સારવાર ચાલતી અને મોટા ડાકતરો સર્જીકલ ઓપરેશન કરતા તે વિષે અને તે વખતના પોતાના વિચાર સ્થિર બુદ્ધિથી 'પ્રબુદ્ધ જીવન' માટે લખાવ્યા.

જૈન કલીનીકમાંથી જ્યારે ડાકતરોએ એમને રજા આપી અને ઘેર ગયા ત્યારે હું એમને મળવા ગયો. એમને કેન્સરનો રોગ હતો અને શરીરમાં ફેલાઇ ગયો હતો. થોડી ઘણી સર્જરી કરવાથી પણ આ ફેલાઇ ગયેલો રોગ નિર્મૂળ થયો નહીં. જૈન કલીનીકમાંથી ઘેર ગયા પછી તરતજ મળ્યો. મેં કહ્યું કે આનો અર્થ હું એમ કરું છું કે હવે ડાકતરોને કંઇ કરવાપણું રહ્યું નથી...એમણે કહ્યું, 'હા, હું પણ એમજ સમજુ છું.'

એમને સવારના મળશુદ્ધિમાં બે ત્રણ કલાક થાય ત્યાં સુધી અસ્વસ્થ રહેતા. કોઈની સાથે ટેલિફોન પર વાત કરે તો સુદ્દાસર ટુંકામાં પૂરી કરી ટેલિફોન મૂકી દે. ઘણી વખત સામા માણસને એમ લાગે કે અચાનક કેમ મૂકી દીધો, પણ સુદ્દાની વાત પૂરી થયા પછી ફાલતુ વાતોમાં પડતાં નહીં સોક્રેટિસ અને આલ્બર્ટ સ્વાઇઝર માટે એમને ઘણું માન હતું. ગાંધીજીનાં વિચારો ગ્રહણ કરી જીવનમાં ઉતાર્યા હતા. આવા સજ્જનની મૃત્યુ પછી સદ્‌ગતિ જ હોય.

# મોટા 'સી. સી.'

ચંદ્રવદન ચી. મહેતા

૧૯૨૦-૧૯૨૫ ના દાયકામાં એલ્ફિન્સ્ટન કોલેજમાં સાથે ભણવામાં એ "સી. સી." સદ્. ચીમનભાઇ શાહ મોટા "સીસી"માં ઓળખાય. એ ઓળખ પાડનારા યુસુફ મહેઅલ્લી, મીનુ મસાની, સોલી બાટલીવાળા.

અને એ નામે ઓળખનારા પ્રાધ્યાપકોમાં પ્રો. સી. આર. શાહ, પ્રો. હેમિલ, પ્રો. શિરટન, પ્રો. ટકાખડ, પ્રો. અશ્વત્થામા, ગજેન્દ્રગડકર, પ્રો. નરસિંહરાવ દિવેટિયા.

આવા લેખમાં જાતને અળગી રાખી લખવું એ કપરું કામ છે. સદ્‌ગત ચીમનભાઇ શાહનો વિષય તદ્દન જુદો-એ પ્રો. ડયાન્ડ્રુના વિદ્યાર્થી પ્રો. ડયાન્ડ્રુ અમને લોજીક શીખવે. પણ ઊંચા વર્ગોમાં એ ફિલોસોફી શીખવે, અને એ વિષયમાં પ્રો. ડયાન્ડેના પટ્ટશિષ્ય, એમની સાથે બરોબરની ટક્કર ઝીલે. એ ટક્કરો ઝીલતા પ્રોફેસરના ચારે હાથે આશિર્વાદ મેળવતા રહે એવા શિષ્ય તે ચીમનભાઇ શાહ.

તર્કશાસ્ત્ર અને ફિલોસોફીની ઝીણામાં ઝીણી વિવેચના પૃથ્થકરણના કીમિયા, તડજોડની ચાવીઓ એવા બધામાં ચીમનભાઇ મોખરે, વાદવિવાદની સૌ કોઇ સભામાં એમનો ડંકો વાગે. એ ત્રણ ચાર વર્ષોમાં અમારે બે વચ્ચે વિષયો અલાયદા, પણ જે મૈત્રીની ગાંઠ બંધાઇ તે છેવટ સુધી, કશીય ઔપચારિક વિધિ વિના, આડંબર વિના કોઇ નિત્ય કે એકાંતરે કે અમુક મંડળીમાં નિયમાનુસાર મળવાની કશી વ્યવસ્થા વિના એ મૈત્રી છેવટ સુધી એટલાં જ સ્નેહ અને ઉમળકાથી ટકી હતી. બહુ સ્વચ્છ વ્યકિત, સ્પષ્ટ વકતા, સૌજન્યથી ભરપૂર જ્ઞાનસમૃદ્ધ, ધર્મપાલનમાં પાવરધા, ફરજ અદા કરવામાં અતિ ચોકકસ, પોતાના વિષય, ઉપરાંત રાજકારણના આટાપાટાની દંભી, લુચ્ચી, જીવલેણ અને સ્વાર્થલોભથી ભરપૂર દુષ્ટ નીતિના ન્યાયસર, પદ્ધતિસર, તર્કબદ્ધ તાંતણે તાંતણા છૂટા કરી, કૂટનીતિને ઉઘાડી પાડનાર સ્વદેશ ભાવનાથી તરબોળાયેલા અને ગાંધીવાદી, મૂળ તળ ગુજરાતીમાં, પણ કેવળ અંગ્રેજી વાંચનાર દીલ્હીના મુઘલ ખીલજી વાડી વજીફા ભોગવનાર ઉમરાવજાદા અને ઉમરાવવાડીઓએ ભાગ્યે જ એની બુદ્ધિને પ્રમાણી ન્યાય કર્યો હશે! કલમ તેજસ્વી, તે સ્મૃતિસ્મૃતિ ન્યાયદંડ નીતિના ચિરસ્થાયી સિદ્ધાંતોમાં તરબોળાયલી. એના તેજે પ્રખર, અણિશુદ્ધ સ્વતંત્ર, વિશુદ્ધ, છતાં કયાંય કદી અવિનય કે અવિવેકનો નાનોસરખો ગોબો કે ડાઘ પડવા દીધો નથી.

કર્તવ્યનિષ્ઠાવાળી વ્યકિતઓ સમાજને દૃષ્ટાંતરૂપ બને છે. એવી વ્યકિતઓને સરકારી તંત્ર ઉવેખતી રહે છે. રખેને સરકારી તંત્રની ખામીઓ પ્રગટ થઈ જાય, રખેને સરકારી તંત્ર નીચે ને નીચે ઢસડાતું રહે તે જરા ઊંચુ આવી જાય, એવો એમને ભય રહે છે. દેશમાં ચીમનભાઇ જેવી શકિતશાળી વ્યકિતઓ ઓછી પણ ખોટ પડે એટલી એવી વ્યકિતઓના હાથમાં સત્તાની લગામ સોંપવામાં આવતી નથી, એ આ દેશનું દુર્ભાગ્ય છે. આવી દશેક વ્યકિત જેતજોતામાં મળે, એવાઓને હાથે એકાદ સ્ટેટ જેટલું સામ્રાજ્ય ખીલે, વિકસે કલ્યાણકારક માર્ગે જાય, પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ એવું બનતું નથી. સામે પક્ષે એકાદ એવી વ્યકિત કયાંક એવા રગસિયા રેઢિયાળ તંત્રમાં ખોટકાઈ પડી હોય તો એને એમાં ગુંગળામણ થવા માંડે છે, અને નાસીપાસ થઇ, દૂર ફેંકાઇ જવાનું પસંદ કરે છે.

શોક એટલો જ કે આવી વ્યકિતઓને જ્યાં જે દેશમાં કેવળ રાજ્યવહીવટ મહત્વનો ગણાય છે મોખરાનો રહ્યો છે, ત્યાંથી એને આઘા રાખવામાં આવી: સંતોષ એટલો જ કે રાજ્યકારણથી અલગ એવા સમાજમાં એમણે પોતાથી બનતી આપી, માર્ગદર્શક થયા, જાત અનુભવ અને ચિંતનનો લાભ આપ્યો, થઇ શકાય એ રીતે સૌને ઉપયોગી બની ચેતનવંતુ જીવન જીવી ગયા. એવા સાન્નિત્યની ડાબા હાથની નાની આંગળી પકડીને ઉભા રહેવાના મળેલા લાભથી હું જાતને ધન્ય માનું છું.

# સ્વસ્થ અને વિચારમય જીવન

મોહનલાલ મહેતા, 'સોપાન'

સ્વ. ચીમનભાઈ અનેક ગુણો અને અનેક આંતરિક શક્તિઓનો ભંડાર હતા છતાં સૌથી ઉપર તરી આવે અને આપણા ચિતને ઊંડી અસર કરી જાય તેવો ગુણ તો સ્વસ્થ તથા તર્કશુદ્ધ વિચારણાનો. આ ગુણનો વિકાસ એમના જીવનમાં નિરંતર થતો રહ્યો હતો તે તેમની વિશેષતા. તેઓ વ્યવસાયે સોલિસિટર હતા અને તે વ્યવસાયમાં ઊંચું સ્થાન મેળવી વ્યાવસાયિક રીતે પણ સફળ થયા હતા. એમના જીવનના ઘડતર પર પણ આ વ્યવસાયની અસર થઇ હતી. કોઇ પણ આયોજન કે કાર્ય માટે વિવેકપૂર્ણ વિચાર કરવાની ટેવ પણ આ વ્યવસાયને કારણે જ કદાચ દૃઢ થઇ હશે. હેતુની સ્પષ્ટતા અને તે હેતુ પાર પાડવા માટેના ઉપાયોની તથા સાધનોની વિચારણા આમાં સહાયક થાય તેવો ઊંડો અને વ્યાપક અભ્યાસ, આવશ્યક ચર્ચા-વિચારણા વગેરે તેમનામાં સહજ હતું. તેથી કોઇપણ કાર્ય માટે ભવિષ્યમાં અફસોસ થાય એવા પ્રસંગો એમના જીવનમાં જૂજ જ દેખાયા છે. આ ગુણોની વિશેષતાને કારણે બીજો કંઇક અદ્‌ભુત કહી શકાય એવો એક ગુણ પણ તેમનામાં વિકસ્યો હતો. આ ગુણ હતો વિપરીત સંયોગોમાં પણ સફળતા મેળવવાનો. આ ગુણે એમને સામાન્યમાંથી અસામાન્ય બનાવ્યા એમ કહી શકાય. કંઇપણ વિપરીત થતાં તેમાં તેઓ અટકી જાય નહિ, મુંઝવણમાં પડે નહિ. કર્તવ્યદિશા છોડે નહિ. આમ જોવા જઇએ તો લીંબડી પાસેના પાણશીણા નામના ગામડામાં સામાન્ય કુટુંબમાં જન્મ. બાળપણમાં માતાની વિદાય. શરીર અને સંયોગો બંને નબળાં તથા પ્રતિકૂળ અપકવ અવસ્થાએ સંસાર-જીવનનો પ્રારંભ અને તેમાં વિસંવાદિતાનો પાર નહિ. સમજ આવ્યા પછી પણ સરળ સાદું જીવન જીવવાની વિચારણા. કોઇ મહત્ત્વાકાંક્ષાને ધકકો નહિ, ઉશ્કેરાટ નહિ છતાં જીવનવિકાસનાં સોપાનો તેઓ નિરંતર ચડતા જ રહ્યા. આનો મર્મ શ્રોએ સમજવો ઘટે છે. કયારેક એમ પણ થઇ જાય છે કે સ્વ. ચીમનભાઇનું જીવનમાં બધું સમુંસુતરું ઉતર્યું હોત તો કદાચ તેમનો આટલો વિકાસ થયો ન હોત. તેમણે સમાજજીવનના અને જાહેરજીવનનાં જે ઉચ્ચ સ્થાનો પ્રાપ્ત કર્યાં, તે માટે કયારેય પ્રયાસ કર્યો હોય, કોઇની ભકિત કરી હોય કે કોઇના ચરણ સેવ્યાં હોય એવું જાણવા મળતું નથી. એમના જીવન વિશે જે કંઇ જાણવા-સાંભળવા મળ્યું છે તેનો સાર એમ કહી જાય છે કે સ્વ. ચીમનભાઇએ બાળપણથી માંડીને જીવનના છેલ્લાં શ્વાસ સુધી સર્વ પ્રકારે પોતાની યોગ્યતા કેળવવા પર જ ધ્યાન આપ્યું હતું. તેઓએ જે જે કામ હાથમાં લીધાં અને જે સ્થાનો પર તેઓ આવ્યા તે બધામાં સફળ થયા અને બધું શોભી ઉઠયું તેનો મર્મ અહીં પડયો છે એમ કહેવું જોઇએ. કેવાં કેવાં વિવિધ ક્ષેત્રો એમણે શોભાવ્યાં! જૈન સમાજની વિવિધ શાખાઓ અને સંસ્થાઓમાં તો એમનો જોટો જ મળે નહિ. કોઇપણ પ્રકારના પ્રસંગે ઉચ્ચ સ્થાને તો ચીમનભાઇ જ જોઇએ એવો આગ્રહમાં સૌ કોઇ સંમત. વિરોધનો સૂર કર્યાયથી નીકળે જ નહિ. જાહેર જીવનમાં સંઘર્ષના પ્રસંગોમાં લીંબડીનું આંદોલન અને હિજરત જુનાગઢની નવાબી અને પાકિસ્તાની પંજા સામે આરઝી હકુમત. સમગ્ર સૌરાષ્ટ્રનાં સર્વપ્રકારના કાર્યો કરવા માટે મુંબઇનું કાઠિયાવાડ પ્રજામંડળ. અખબારી આલમમાં જન્મભૂમિ જૂથ, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વગેરેની પ્રવૃત્તિ. ફ્રી પ્રેસ, ઇન્ડિયન એકસપ્રેસ, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા વગેરેમાં કાયદાના સલાહકાર. પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાનું પ્રમુખપદ. આ બધું તેઓ પોતાની લાયકાતના બળે જ મેળવી શકયા અને શોભાવી શકયા. ભારતીય સંસદમાં ગયા. રાષ્ટ્રસંસ્થાના ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે પસંદગી પામ્યા, આ બધું એમની લાયકાતથી જ થયા કરતું હતું. આ લાયકાત કેળવવા માટેનું મુખ્ય બળ અભ્યાસનું, ચિંતનનું અને જે સામે આવે તે સ્વીકારવાની આત્મ-શ્રદ્ધાભરી તત્પરતાનું. નાનાં સ્થાનોનો વસવસો નહિ અને મોટાં સ્થાનોનો ગભરાટ નહિ એ એમના જીવનની વિશેષતા હતી. આ લેખકને એમના જે સમારંભોમાં બોલવાનું આવતું ત્યારે તે સતત એમ ફરિયાદ કરતો હતો કે ચીમનભાઇની જે બુદ્ધિપ્રતિભા અને યોગ્યતા છે તેના પ્રમાણમાં કાર્યક્ષેત્ર ઘણું સાંકડું અને મર્યાદિત છે. તેઓને જવાબ આપવાનો પ્રસંગ આવતો ત્યારે કહેતા હતા કે લાયકાતથી વધુ મોટું સ્થાન મળી ગયું છે એવી ફરિયાદ કોઇ કરતું નથી તેથી હું ઇર્ષાથી બચી જાઉં છું.

સ્વ. ચીમનભાઇ સાથે ઘણાં વર્ષોનો મને પરિચય હતો. કાઠિયાવાડ પ્રજામંડળ અને આરઝી હકુમતની છાયા સમિતિમાં અમે સાથે કામ કર્યું હતું. જન્મભૂમિના સંપર્કની પણ મારે નોંધ લેવી જોઇએ, પ્રસંગો તો પાર વિનાના યાદ આવે છે, પરંતુ ચિત્ત ઉપર ઊંડી અસર કરી ગયેલો એક પ્રસંગ નોંધ્યા વિના હું રહી શકતો નથી. રાષ્ટ્રસંસ્થાના ભારતીય પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે એમની પસંદગી થઇ ત્યારે તેમનું બહુમાન કરવા એક ભોજનસમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મારે ભાગે પણ બોલવાનું આવ્યું હતું. એ વખતે હળવી શૈલીમાં મેં કેટલીક વાતો કરી તેમાં એમ પણ કહ્યું કે તેમણે તેમનાં પત્નીને સાથે લઇ જવા જોઇએ. આ મુદ્દો મેં લડાવીને કહેવા માંડયો ત્યારે હું એમની પાસે જ ઊભો ઊભો માઇક ઉપર બોલતો હતો. એમણે મને અટકાવવા માટે મારા ઝબ્બાનો છેડો ખેંચવા માંડયો. મેં બોલવાની શૈલી અને પછી તો તેનો મુદ્દો પણ બદલી નાખ્યો. સમારંભ પૂરો થયા પછી તેઓએ મને એક બાજુ લઇ જઇને કહ્યું કે મારા સંસાર વિશે તમે કંઇ જાણતા લાગતા નથી. તમારા બોલવાથી 'એ' ઉશ્કેરાય અને સાથે આવવાનો આગ્રહ રાખે તો મારું શું થાય? હું સમજી ગયો. પછી તો મેં વિસ્તારથી પરિસ્થિતિ જાણી લીધી. એ વિશે અમારી વચ્ચે કયારેક નિખાલસ વાતો પણ થતી હતી. એક દિવસ એમનો ફોન આવ્યો અને અજવાળીબેનને સાથે લઇ અમારો પરિચય કરાવવા તેઓ ઘેર આવી પહોંચ્યા. 'એમને' ગમે એવાં પુસ્તકો વાંચવા માટે માગ્યાં અને તે કાઢી આપ્યાં અને વારંવાર આવતાં રહેવાની વાતો થઇ.

આ બાબતને ચીમનભાઇના જીવનમાં હું ઘણું મહત્ત્વ આપું છું. અત્યંત વિપરીત સંયોગોમાં માણસની શકિત ક્ષીણ થઇ

જાય અને જો તે દુર્ભાગી હોય તો વૃત્તિઓ પણ વિકૃત બની જાય, પરંતુ ચીમનભાઇ તો વિચારક, ચિંતક, એટલે વધુ ચિંતન-મનન અને સમાજસેવાના ક્ષેત્રે આગળ વધી એ વિપરીત સંયોગો સામે વિજયવંત નીવડ્યા. મારા ચિત્ત ઉપર આની એટલી ઊંડી અસર થયેલી કે જ્યારે અજવાળી-બહેનનું અવસાન થયું ત્યારે ચીમનભાઇને મળવા અમે ગયેલાં ત્યારે એમને સૌથી પહેલાં મેં [એ શબ્દો કહેલા કે દાદર ઉપર ચડતાં ચડતાં મને પ્રત્યેક ક્ષણે સોક્રેટીસનું સ્મરણ થયા કર્યું હતું. આ સાંભળી તેઓ મીઠું હસ્યા હતા. એમના જીવનનો આ ગુણ સર્વક્ષેત્રે પ્રસરેલો હતો તેથી વિપરીત સંયોગોમાં વિચારની અને કાર્યની દિશા બદલવાની જીવનકળા એમને હાથ આવી ગઇ હતી. સર્વ ક્ષેત્રે તેઓ સફળ થયા તેનું મારે મન આ રહસ્ય હતું અને તેથી તેમના પ્રત્યે હું સદાયે આદર ધરાવતો બન્યો હતો. દિલની એક વિચિત્ર વાત કહું, તો તે એ છે કે સ્વ. ચીમનભાઇને શ્રદ્ધાંજલિ આપવા અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓની સભા યોજવાની જ્યારે જાહેરાત થઈ ત્યારે તે જાહેરાત વાંચીને મને પ્રથમ પળે એમ થયેલું કે આવી વિરાટસભાના પ્રમુખપદે શ્રી ચીમનભાઇ જ જોઇએ!

વધુ શું લખું?

# જાણે મોભારો તૂટ્યો

ડા. ગુણવંત શાહ

ચીમનભાઇ આત્મસ્થ થયાના સમાચાર મળ્યા ને જે પહેલી લાગણી થઇ તે એ કે જાણે મોભારો તૂટ્યો. આ મોભારો તે માત્ર જૈન સમાજનો કે પછી જન્મભૂમિ પ્રકાશનોનો કે પછી મુંબઇગરા ગુજરાતીઓનો જ નહીં પણ વિચારોના વૃન્દાવનમાં વિહરતાં સૌ કોઇના ચિત્તનિકેતનનો મોભારો. શ્રેષ્ઠિઓની વચ્ચે હરતોફરતો એક શ્રેયાર્થી જાણે પોતાની ચિંતનયાત્રા સંકેલીને ચાલતો થયો.

કવિ ન્હાનાલાલે કયાંક ગ્રીસની સૌંદર્યવલ્લભ સંસ્કૃતિ, રોમની રાજ્યવલ્લભ સંસ્કૃતિ યૂરોપ-અમેરિકાની અર્થવલ્લભ સંસ્કૃતિ અને ભારતની ધર્મવલ્લભ સંસ્કૃતિની વાત કરી છે. કયારેક પ્રશ્ન થાય કે કહેવાતી ધર્મવલ્લભ સંસ્કૃતિનાં સંતાનોના આ દેશમાં સાચો ધર્મોદય કેમ થતો નહીં હોય! કયારેક તો વહેમ પડે કે આ તે ધર્મવલ્લભ સંસ્કૃતિ કે દંભવલ્લભ વિકૃતિ! જો વિશુદ્ધિકરણની પ્રક્રિયા સતત ચાલતી ન રહે તો ધર્મોદયને બદલે દંભોદય થાય એમ બને. આમ ન બને તે માટે આપણા સામાજિક, ધાર્મિક, આર્થિક, અને રાજકીય વ્યવહારોને સતત છમકારતાં રહેવું પડે. ચીમનભાઇએ આ કામ વર્ષો સુધી કર્યું 'પ્રબુદ્ધ જીવન' પર એમની ચિંતનપૂત મુદ્રા અંકિત થયેલી હતી. બે-અઢી મહિના પર એમણે પત્ર લખીને 'પ્રબુદ્ધ જીવન' માટે કશુંક લખતાં રહેવાની વિનંતી કરેલી: મુંબઇ ગયો ત્યારે ત્રંબકભાઇએ ટકોર પણ કરી: 'તમે ચીમનભાઇને જવાબ લખીને હા તો પાડી, પણ 'પ્રબુદ્ધ જીવન' માટે કશું મોકલ્યું નથી.' તે વખતે ખ્યાલ નહીં કે મારે ચીમનભાઇને ભાવાંજલિ આપવા આવું કશુંક લખવું પડશે. મારી મુંબઇની મુલાકાત વખતે શ્રી ચીમનલાલ જે. શાહ મળવા આવ્યા અને મુ. ચીમનભાઇ ચકુભાઇ શાહ માંદા છે એ જાણ્યું. જૈન ક્લિનિકમાં એમને મળ્યો ત્યારે કહે: 'ગુણવંત-ભાઇ! મને ખૂબ ભૂખ લાગે છે, મને ખોરાક મોકલાવો-સારાં પુસ્તકોનો ખોરાક.' પુસ્તકો તો મોકલ્યાં પણ તે એવી આશાએ કે બીજી વાર મુંબઇ જઇશ ત્યારે ચીમનભાઇને મળીને પૂછીશ કે, 'પુસ્તકો ગમ્યાં ખરાં?' પણ એ તક ન જ મળી.

એક ખાનગી વાત કરી લઉં. સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રમાં તાતા ઓડિટોરિયમમાં 'માનવને ઊગવા દઇએ' વિષય પર ત્રણ પ્રવચનો આપવાનાં થયાં ત્યારે મુ. ચીમનભાઇની હાજરીને કારણે હું મનોમન થોડોક સભાન બની જતો. ત્રીજા દિવસ માટે મેં ડૉ. રમણલાલ શાહને જે વિષય મોકલેલો તે 'સ્ત્રીપુરુષ સહજીવન' હતો પણ તે બદલી કાઢ્યો અને 'માનવને ખતમ ન કરે તેવું વિજ્ઞાન' એ વિષય ગોઠવી દીધો. ત્રીજે દિવસે શ્રોતામિત્રોએ 'સ્ત્રીપુરુષ સહ-જીવન' પર જ બોલો એવી ટકોર પણ કરી. મેં કાનમાં કોઇકને કહ્યું ય ખરું: 'મુ. ચીમનભાઇ ન હોત તો હું બોલત પણ આ વિષય પર મારા વિચારો થોડાક ઉદ્દામ હોવાથી, હું મલાજો પાળવા માગું છું. 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'માં બોલવાનું પતે પછી મુ. ચીમનભાઇની સમીક્ષા સાંભળવા કાન સરવા કરવા પડે. એમની વાણી સ્વસ્થ, ગંભીર અને પ્રસન્ન. શબ્દે શબ્દે જીવનમાં વણાઇ ગયેલી વિચારયાત્રાની ઝલક મળતી રહે. એમના શબ્દોને આચારનો સથવારો એટલે શબ્દો નોધારા ન લાગે.

વસતિવધારો, શહેરીકરણ, ઔદ્યોગીકરણ, પ્રદૂષણ, હરિફાઇ, સરખામણી, મૂલવિહીનતા (rootlessness) અને નિરાંતના અભાવને કારણે કયારેક આપણી જીવનયાત્રા જાણે તાણયાત્રા હોય એવો વહેમ પડે. દિવસાનુદિવસ આવો વહેમ પાકો થતો જાય છે. ભવિષ્યમાં એવું ય બને કે એકંદરે સ્વસ્થ એવા માણસને લોકો તીર્થસ્થાન ગણીને આદરપૂર્વક આવકારશે. આવાં માનવતીર્થો આજે ય દુર્લભ જણાય છે.

આવું એક માનવતીર્થ આપણી વચ્ચેથી વિદાય થયું. શબ્દો સાથ નથી આપતા તેથી અહીં અટકું છું.

ચીમનભાઈ આખરે ગયા જ! કેવડી મોટી હૂંફ મોટાં કામો ઉપાડવા માટે તેમના તરફથી મળતી હતી? એમનો વિચાર કરું છું ત્યારે ઉત્તરાવસ્થાનું સાથ્થક્ય જ નહીં પણ સૌંદર્ય મને અભિભૂત કરે છે. ઠેઠ સુધી પોતાના વિશાળ સ્વજન સમુદાય સાથે તેમનો ભાષા વ્યવહાર ચાલુ જ રહ્યો, તેમાં કેટલી બધી પારદર્શકતા પરખાતી? એ જ વાણીને અંકિત કરનાર તત્ત્વ છે ને? ઊંચે ને ઊંચે જતી એમની ધર્મરતિ એમને વ્યવહાર પુરુષ મટાડીને ધર્મપુરુષ બનાવ્યે જતી હતી, 'પ્રબુદ્ધ જીવન' વાટે જે ચીમનભાઇ મળતા હતા તે કર્મજીવનમાં તેજસ્વી અને ધર્મજીવનમાં ચિંતનશીલ હોઇને આખો અંક ઝગી ઊઠતો. કયા પ્રશ્ન વિષે ચીમનભાઇ કેવી રીતે વિચારે છે તે આપણા વિચારોનું અનુમોદન શોધવા માટે જાણવું જરૂરી બની જતું હતું. એમનો પ્રત્યક્ષ પરિચય ઠેઠ ૧૯૪૨ થી. ત્યારથી એમનું સ્નેહ નીતરતું પ્રોત્સાહન પામતો રહ્યો છું. હવે એ સ્મૃતિશેષ બન્યા છે ત્યારે એમનાં વિવિધ સમુન્નત જીવનકાર્યોને સ્મરીને એ સ્મરણોને પ્રણમું છું.

—આચાર્ય યશવંત શુકલ.

# વિદ્યા અને સેવાનિષ્ઠ ચીમનભાઈ

પંડિત દલસુખભાઇ માલવણિયા

સ્વ. ચીમનભાઇના પરિચયમાં આવવાનું મારે વિશેષરૂપે ઈ. સ ૧૯૩૩માં બન્યું. હું સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સમાં 'જૈન પ્રકાશ'ની ઑફિસમાં કામ કરતો અને સ્વ. ચીમનભાઇ એ કૉન્ફરન્સના મંત્રી હતા. હું તો તેમના વિષે એક સોલીસીટર છે એટલું જ તે સમયે જાણતો. એકવાર મેં બકોરલેનું એક પુસ્તક કાલબાદેવીમાં જૂના પુસ્તકોના વિક્રેતા પાસેથી ખરીદ્યું હતું, અને રસ્તામાં તેના પાના ફેરવતો હતો. ત્યાં ચીમનભાઇ ભેટી ગયા. આશ્ચર્યથી પૂછવા લાગ્યા કે 'અરે! તમે બકોર પણ વાંચો છો' એમ કહ્યાનું યાદ છે. ત્યારે મને ખબર ન હતી કે તેઓ તત્ત્વજ્ઞાન લઇને એમ. એ. થયા હતા. પછીથી જાણવા મળ્યું કે તેમણે ઉચ્ચ કક્ષામાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી, એટલું જ નહિ પરંતુ પરીક્ષકને પણ તેમના પ્રશંસક બનાવી દીધા હતા. એટલું સમર્થ તેમનું જ્ઞાન પોતાના વિષયમાં હતું.

અહીં મારે તેમનું મારા ઉપર ન ભૂલી શકાય તેવું અને મારા નિર્માણમાં જે તેમનો ફાળો છે, તેમનું જે ઋણ છે તેનો નિર્દેશ કરવો જરૂરી છે. સ્થાનકવાસી કૉન્ફરન્સમાં જ્યારે હું નોકરી કરતો હતો ત્યારે પં. સુખલાલજી મુંબઇ આવ્યા અને મને કહ્યું કે, 'તું અહીં શું કરે છે?' મેં કહ્યું: 'જૈન પ્રકાશમાં અઠવાડિયે એક લેખ અને ગ્રાહકોના સરનામા કરું છું.' પંડિતજીને આશ્ચર્ય થયું, અને કહેવા લાગ્યા કે, 'શાંતિનિકેતન જેવા સ્થળે ભણ્યા પછી આવું કામ કરે તે બરાબર નથી. મારી પાસે બનારસ આવ.' પંડિતજીની વાત મને ગમી. પણ મારી સમક્ષ એક જવાબદારી હતી. મને સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સે ભણાવ્યો હતો અને એની શરત હતી કે ભણ્યા પછી ત્રણ વર્ષ મારે કૉન્ફરન્સની નોકરી કરવી. મેં પંડિતજીને એ વાત કરી. તેમણે સલાહ આપી કે મંત્રીને કહી જો, જો તેઓ શરત મુક્ત કરે તો કામ છોડી દે. મેં સ્વ. ચીમનભાઇ પાસે મારી વાત મૂકી અને કહ્યું કે, 'મને શાંતિનિકેતન જેવી ઉચ્ચ સંસ્થામાં મોકલી ભણાવ્યો તો હવે આપે મને મારા ભણતરનો કાંઇક ઉપયોગ થાય તેવું કાર્ય આપવું જોઇએ. ન આપી શકતા હો તો શરતમાંથી મુક્ત કરી મને બનારસ જવા દો.' મેં એમ પણ કહ્યું કે, 'કૉન્ફરન્સ પાસે જૈન આગમના સંપાદન માટે સ્વ. કામાણીએ ફંડ આપ્યું છે તો તે કામ મને સોંપો તો હું તે કામ કરવા રાજી છું.'' તે કાળે આગમનું સંપાદન સાધુ મુનિરાજો જ કરે એવી હવા હતી. એટલે તે કામ તેઓ મને સોંપી શકે તેમ હતું નહીં. એટલે તેમણે નોકરી કરવાની શરતમાંથી મને મુક્તિ આપી, અને મારી જે કાંઇ પ્રગતિ થઇ શકી તેમાં તેઓ આ પ્રકારે નિમિત્ત બન્યા છે તે હું કદી ભૂલી શકયો નથી. આજે જ્યારે હવે તેઓ આપણી વચ્ચે નથી ત્યારે મારા ઉપરના તેમના આ ઋણનો સ્વીકાર કરી થોડો હળવો બનું છું. જો તેમણે મને રજા ન આપી હોત તો મારી શી દશા હોત તેનો આજે વિચાર કરું છું, ત્યારે મનમાં તેમણે મારા ઉપર મોટો ઉપકાર કર્યો હતો એવી ભાવના જાગૃત થાય એ સ્વાભાવિક છે.

સ્વ. ચીમનભાઇ નિર્ભિક વિચારક હતા એ તો કટોકટી-કાળના તેમના લેખો જ બતાવી આપે છે. તે કાળે 'પ્રબુદ્ધ-જીવન' જ એક એવું સામયિક હતું, જેમાં નિર્ભયપણે જે કાંઇ રાજનીતિ ખેલાઇ રહી હતી તેની તેઓ સમીક્ષા કરી ગયા છે.

સ્થાનકવાસી મહાસંઘની મુંબઇમાં સ્થાપના અને તેની જે કાંઇ પ્રગતિ થઇ છે તેના યશભાગી જો કોઇ હોય તો સ્વ. ચીમનભાઇ જ છે. તેમના એક તરફ પ્રગતિશીલ વિચારોને કારણે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ બન્યા તો સમાધાનકારી વલણને કારણે તેઓ મુંબઇ સ્થાનકવાસી મહાસંઘના પ્રમુખ બન્યા. આમ જૂના-નવાનો સેતુ એ સ્વ. ચીમનભાઇ હતા. એમના જવાથી યુવાનો અને વૃદ્ધો બન્નેએ સાચા સલાહકારને ગુમાવ્યા છે એ માનવું જ રહ્યું.

જન્મે જૈન છતાં તેમનો અભ્યાસ સર્વ ધર્મનો હતો, અને જ્યાંથી જે ગ્રહણ કરવા જેવું લાગ્યું તે તેમણે પોતાની બુદ્ધિએ કસીને સ્વીકાર્યું હતું. તેમાં તેમણે કાંઇ સંકોચ અનુભવ્યો ન હતો. ઇશ્વરમાં તેમની અનન્ય નિષ્ઠા હતી સાથે જ કર્મવાદમાં પણ માનતા એ તેમનું સમન્વયપરક માનસ દેખાડી આપે છે.

મૃત્યુ પર્યંત તેઓ અપ્રમત્ત રહ્યા એ તેમણે મૃત્યુ જીતી લીધું હતું તેની ખાતરી કરાવવા પૂરતું છે.

# મહામાનવનો પાર્થિવ દેહત્યાગ

★ કેશવરામ કા. શાસ્ત્રી

આજે અત્યારે સવારમાં સ્થાનિક પત્રો Times of India અને જનસત્તામાં વાંચ્યું કે સન્મિત્ર માનનીય મુ. શ્રી ચીમનભાઇ ગઇ કાલે અવસાન પામ્યા. વાંચી ઘણું દુઃખ થયું. 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૧૧-૧૯૮૨ના છેલ્લા અંકમાં એમના 'હૉસ્પિટલના બિછાનેથી' એ નિવેદનમાં એમણે પોતાની બિમારીના વિષયમાં આપેલી વિગતોને વાંચતાં આટલા ટૂંકા ગાળામાં આ મહામાનવ પાર્થિવ દેહનો ત્યાગ કરી જશે એ માન્યામાં કેમ આવે? આવા મજબૂત હૃદયના માનવને આપણે ગુમાવ્યા એ તો હકીકત બની ગઇ.

અમારા બેઉ વચ્ચેની વિકસેલી આત્મીયતાના બીજ ૧૯૩૩માં લાઠીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના અગિયારમા સંમેલનમાં વવાયેલાં. ત્યારથી સદ્‌ગત મુનશીના હાથમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું સુકાન હતું ત્યાં સુધી દરેક સંમેલનમાં તો અમો અચૂક મળતા. એમનો પણ થોડો ગંભીરભાવે ટીખળ કરવાનો સ્વભાવ. મારો પણ જરા હળવાશનો. ખૂબ નિકટતા તો સ્વ. શામળદાસ ગાંધીના સમયમાં જૂનાગઢમાં પરિષદનું સંમેલન મળ્યું ત્યારે શ્રી મુનશીને મારા તરફ જે મમત્વ વિકસેલું તેને કારણે મધ્યસ્થ સભામાં ઠરાવ મારી પાસે લખાવે. બાજુમાં મુ. શ્રી ચીમનભાઇ હોય, તેઓ શ્રી મુનશીની છાયા જેવા હતા.

'પ્રબુદ્ધ જીવન'ના સંચાલન પછી મને નિયમિત અંક મોકલવા લાગ્યા અને જ્યારે પણ એમનો કોઇ લેખ નોંધપાત્ર જણાયો હોય અને એ વિશે કાંઇ કહેવાનું યોગ્ય માન્યું હોય

અને હું લખું એટલે એમનો પ્રત્યુત્તર હોય જ. એમની કાયદાની જ નહિ, રાજકારણ અને સમાજની ઊંડી જાણકારી એમના લેખોમાં આપણને જોવા મળે, અને ઉચ્ચ કોટિના પત્રકાર હતા એ આ નાના સામયિક દ્વારા સમજાય.

મારા તરફ એમની આત્મીયતા. તમે સ્વજનોએ થોડાં વર્ષો ઉપર જૈન સાહિત્ય સમારોહનું મુંબઈમાં ૧લું અધિવેશન મળ્યું તે વખતે અજૈન એવા મને એનો પહેલો પ્રમુખ બનાવ્યો. તેઓ સંકુચિત સાંપ્રદાયિક નહોતા. એમની દ્રષ્ટિ ખૂબ જ વ્યાપક હતી.

જૈનોનું 'જાતિ' તરીકે સ્વતંત્ર અસ્તિત્વ છે એવો વાદ ઊભો થયેલો. તે વખતે 'જન્મભૂમિ'માં મેં એક ચર્ચાપત્ર આપેલું. એનો એમણે સમુચિત જવાબ આપેલો. એ પણ મારા પ્રત્યેની એમની આત્મીયતા હતી. હું શું લખું ? એમના પુત્રોએ છત્ર ગુમાવ્યું છે તો આપણે સ્વજનોએ વાત્સલ્ય નીતરતા વડીલ ગુમાવ્યા છે. જૈન માન્યતા ભલે સંસારીને મોક્ષ થવામાં ન માનતી હોય. હું તો દૃઢતાથી માનું છું કે આત્મસંતુષ્ટ મને સ્વીકાર્ય સાંગોપાંગ પાર પાડી ગયેલાં મહામાનવ માટે પુનર્જન્મ નથી. આવા પ્રસન્નાત્મા મહાજીવને મારાં છેલ્લાં વંદન.

# આંતરમાર્ગના પ્રવાસી

❖ વાડીલાલ ડગલી

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના ૧૬૮૨ના ૨૦મી નવેમ્બરે થયેલા અવસાનથી મુંબઇ શહેરની સેવાની સંસ્થાઓએ છત્ર ગુમાવ્યું છે. મુંબઇની અનુકંપા દંતકથા જેવી છે. બિહારનો દુકાળ હોય, આંધ્રનું વાવાઝોડું હોય, બંગાળની રેલ હોય, કોઇપણ ભાગમાં કુદરતી આપત્તિ આવી અને મુંબઇનું હૈયું પીગળે જ. પણ હૈયું પીગળવું એ તો ઊર્મિલતા છે. પીગળેલા હૈયાને સત્કાર્યમાં ફેરવી નાખવા માટે યોજકનું રસાયણ હોવું જોઇએ. ચીમનભાઇ આવું રસાયણ હતા.

ચીમનભાઇ ખરું પૂછો તો દેશની પરિસ્થિતિને કારણે જ સેવાકાર્યમાં સંડોવાયા હતા. લોકમાન્ય ટિળકને ગણિતશાસ્ત્રી થવું હતું પણ આઝાદીની લડત તેમને ગણિત કરતાં વધુ મહત્ત્વની લાગી અને તેમણે 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે' એમ કહીને પ્રજાની આગેવાની લીધી, અને કાળા પાણીની સજા ભોગવી. ચીમનભાઇનું પણ કંઈક આવું હતું. તેમને સમય હોત તો તે સોક્રેટિસ, શ્રીમદ્ રાજચંદ્ર, સ્વામીદયાનંદ અને ભિન્ન ભિન્ન ધર્મશાસ્ત્રોની ફિલસૂફીના અભ્યાસમાં જીવન વિતાવત. એમનું વલણ ચિંતન તરફ હતું પણ એમના પગ સમાજની યાતના હળવી કરવા માટે વળ્યા હતા. જનસેવા એ તેમના જીવનનો આનંદ હતો.

આમ જોઇએ તો તેમનું જીવન સંસારની સફળતાથી છલકાતું હતું. બાહોશ વકીલ, પાર્લામેન્ટના સભ્ય, આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભારત તરફથી પ્રતિનિધિ, જન્મભૂમિ જૂથના ટ્રસ્ટના અને પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના ચેરમેન, ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી અને છેલ્લે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી. આ ઉપરાંત અનેક સંસ્થાઓના પ્રમુખ. ચીમનભાઇ આમ સામાજિક પ્રવૃત્તિમાં તરબોળ હતા. પણ એમની એક વિશેષતા એ હતી કે સામાજિક પ્રવૃત્તિમાં પડે અને છતાં તેનાથી તે અલિપ્ત રહે. જીવન એક વિચારસાધના છે. જીવનનું કેન્દ્ર વિચાર છે. આ કેન્દ્રને તેમણે કયારેય છોડયું નહિ. આથી તે જેટલા સામાન્ય પ્રજામાં પ્રિય હતા એથી ય વધુ પ્રિય બુદ્ધિજીવીઓમાં હતા, એમનું જીવન એક એવા મહાગ્રંથ (ક્લાસિક) જેવું હતું, જે લોકપ્રિય પણ થાય અને વિવેચકોને પણ વહાલું લાગે.

શ્રી ચીમનભાઇ સામાજિક સંસ્થાઓ માટે અઢળક ધન ઉધરાવી શકતા. તેમની સોલિસિટર તરીકેની પ્રતિષ્ઠાનો સમાજ-સેવા માટે ઉપયોગ કર્યો. હિન્દુસ્તાનના કેટલાય ઉદ્યોગપતિઓના ચીમનભાઇ સોલિસિટર હતા. એમનાં છિદ્રો તે જાણે. એમને મુશ્કેલીમાંથી બચાવે બીજો કોઇ સોલિસિટર મોટી ફી લઇને આનંદપ્રમોદ કરે પણ ચીમનભાઇએ સારાનરસા બધા પ્રકારના ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પાસેથી એવી રીતે દાન ઉધરાવ્યાં કે સંસ્થાઓ ટકી અને શેઠિયાઓનો અંતરાત્મા પણ રાજી થયો.

ચીમનભાઇનું જીવન પરેશાન થયેલા વર્ગો ભણી કેમ વળ્યું ? એમણે ગરીબીમાં અભ્યાસ કર્યો અને મધ્યમ વર્ગની મુશ્કેલી એ એમના જીવનનો એક ઊંડો અનુભવ હતો. તેમની સમાજ-સેવાના કેન્દ્રમાં મધ્યમ વર્ગ હતો. જયારે કુદરતી આપત્તિ આવતી ત્યારે તેમની કરુણાના વિસ્તારમાં રંકમાં રંક લોકો સહજ આવી જતાં. એમણે રંકની સેવા માગી નહિ, પણ ખોળે આવીને પડી ત્યારે અત્યંત કુશળતાથી કરી. મધ્યમ વર્ગનો માણસ કેટકેટલી દિશામાં તેની અનુકંપા ચરિતાર્થ કરી શકે તે સમજવા માટે ચીમનભાઇનું જીવન જાણવું જોઇએ.

ચીમનભાઇની કામ કરવાની પધ્ધતિ એવી હતી કે સેવા સંસ્થામાં પણ તે કોઇ મોટી કંપનીના ચેરમેનની જેમ વર્તે. મહાકાય કોર્પોરેશનના ચેરમેન નીતિવિષયક નિર્ણયો કરે પણ વિગતોની બહુ ચર્ચા ન કરે. ચીમનભાઇ મિતાક્ષરી ઢબે નિર્ણયો કરે અને સાથીઓ તેનો અમલ કરે. પ્રશ્નો ઊભા થાય તો ચીમનભાઇ રસ્તો કાઢે પણ અમલની બાબતમાં દખલગીરી કરે નહિ. એમની આ પ્રકૃતિ કેટલીકવાર ઉપરછલ્લી નજરે જોનારને ચીમનભાઇ ધમંડી લાગે, પણ આ વર્તનની પાછળ તેમની કામ પતાવવાની કળા હતી.

પંડિત સુખલાલજીને ત્યાં મને ચીમનભાઇનો પ્રથમવાર પરિચય થયો. પરમાનંદભાઇ કાપડિયાએ તેમના વિષે વાત કરેલી. તેમને હું પહેલીવાર મળ્યો ત્યારે મને લાગ્યું કે ચીમનભાઇ તો સાવચેતીથી ચાલનારા સોલીસિટર છે. પરમાનંદભાઇ રૂઢિભંજક, ચીમનભાઇ રૂઢિચુસ્ત તો નહિ પણ રૂઢિભંજક પણ નહિ. સુખલાલજીએ એકવાર ચીમનભાઇને કહ્યું કે 'તમારે સંપ્રદાયથી અળગા થઇ જવું જોઇએ.' ચીમનભાઇએ આવી મતલબનો જવાબ આપ્યો: 'એટલે જ તમારી પાસે આવીને બેસું છું'. પંડિતજી ગાંધીજીના જીવનમાં જૈન ધર્મનો પ્રાણ જોતા. જૈન સાધુઓ બ્રાહ્મણ પંડિતો વગેરેનાં જીવનમાં તેમને કહેવાટની બદબૂ આવતી. પરમાનંદભાઇ અને 'પ્રબુદ્ધ જીવન' પંડિત સુખલાલજીના જીવનદર્શનનાં જાણે બે વાહક હતાં. ચીમનભાઇને પંડિતજીની વાત ગળે ઊતરતી પણ એમનો ખ્યાલ એવો હતો કે અંદર રહીને ફેરફાર કરવો. તેમણે તેમનાં લખાણોમાં જૈન ધર્મના રોગ પ્રત્યે આંગળી ચીંધવામાં કોઇની શેહ રાખી નહિ.

ચીમનભાઇએ એમના અહિંસા પરના એક નિબંધમાં

(અવગાહન, પાનું ૨૯) પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી અને શ્રી પરમાનંદભાઇ રાજી થાય એવો મુદ્દો પોતાની સંયત શૈલીમાં આ રીતે મૂકયો છે: 'જૈન સમાજ–શ્રમણ અને શ્રાવકવર્ગ–અહિંસાની સમજણ અને આચરણ બાબતમાં મોટા વમળમાં પડેલ છે. તેની મુક્ત વિચારણા થતી નથી. પરંપરાગત માન્યતાઓનું પ્રાબલ્ય આવી મુક્ત વિચારણાને રુંધે છે. શ્રાવક પરંપરાગત ક્રિયાઓ કરી ધર્મ કર્યાનો સંતોષ લે છે. તેથી તેમના વહેવાર અને ધર્મ વચ્ચે મોટું અંતર છે. શ્રમણવર્ગ મોટા ભાગે જીવનના વાસ્તવિક પ્રશ્નોથી અનભિજ્ઞ છે અને રૂઢિબદ્ધ છે. વિદ્વાન મુનિઓ અને અન્ય વિદ્વાનો નીડરતાથી વિચાર કરે, અહિંસાધર્મને સાથે કરે એવી અપેક્ષા રાખવી વધારેપડતું લેખાશે?'

આ નિબંધમાં આગળ તેમણે નાનચંદ્રજી મહારાજ, સંતબાલજી અને મુનિ સુશીલકુમારે ઉત્તરોત્તર પારમાર્થિક કાર્યો કરી કેવી રીતે અહિંસાધર્મની શોભા વધારી છે તેની વાત કરી છે. ચીમનભાઇએ જે મુદ્દો ઊભો કર્યો છે તે એટલો મહત્ત્વનો છે કે આપણે–ગૃહસ્થો અને સાધુઓ–એના અમલ માટે વિચાર નહિ કરીએ તો આપણા હોઠ પરથી ધર્મ શબ્દ જ કરમાઇ જશે. આજે જ્યારે સમાજ સુધારાની ચળવળ લગભગ મુડદા જેવી થઇ ગઈ છે ત્યારે, અને દરેક ધર્મમાં અકર્મણ્ય સાધુવાદે માથું ઊંચકયું છે ત્યારે આપણે ધર્મ અને સમાજને એકસાથે રાખવાની પ્રવૃત્તિ પ્રમાદ વિના કરીએ તો ચીમનભાઇ જેવાનું જીવ્યું લેખે લાગે.

ચીમનભાઇ એક એવી વ્યકિત હતા કે જેમને મન દુઃખીનું એક આંસુ લૂછવું એ મોક્ષ કરતાં મોટી વાત હતી. આને જ કારણે તે ક્રિયાશીલ ગાંધીવાદી હતા. ચીમનભાઇને મન સામાજિક જવાબદારી એ ધર્મનો પ્રાણ હતો. મૃત્યુપથારી પરથી એમણે જે ત્રણ લેખો લખ્યા તેમાં એક ભવ્ય લેખ 'માનવસંબંધો'માં તેમણે એક સચોટ વાત એ કરી હતી કે સંસારના સંબંધો મિથ્યા છે એવી વાત એમને સ્વીકાર્ય નથી.

શાસ્ત્રોમાં એક એવો વિચારપ્રવાહ છે કે બધાય સંબંધો જૂઠા છે, કોઇ કોઇનું સગું નથી. આ સંસારમાં એકલા આવ્યા અને એકલા જવાનું છે. ચીમનભાઇએ આ લેખમાં એમ લખ્યું કે સદ્‌ભાગ્યે માણસને ઉપરના ઉપદેશની અસર થતી નથી. એમણે એમ પણ કહ્યું કે માનવજીવન એટલે જ અનેકવિધ સંબંધો અને અનેકવિધ પ્રવૃત્તિઓ. એ વાત સાચી કે આ સંબંધો અનિત્ય છે. એક દિવસ આ સંબંધોનો અંત આવવાનો છે.

શ્રી ચીમનભાઇએ ઉમેર્યું કે "પણ તે કારણે આવા સંબંધો જૂઠા અથવા મિથ્યા નથી. એ જ માનવજીવન છે. એનો અર્થ એટલો જ કે એમાં આસકિત ન કેળવે. પણ માણસના જીવનની કૃતાર્થતા માત્ર માનવ સાથે જ નહિ પણ સમસ્ત પ્રાણીસૃષ્ટિ સાથે તાદાત્મ્ય સાધવામાં છે. જે માણસ ખોટા વિચારોથી અથવા સ્વાર્થથી સંકુચિત મન રાખી, આવી જંજાળથી દૂર રહેવું એમ માને છે એનું જીવન ઝાડના સૂકા ઠૂંઠા જેવું છે. અલબત્ત, સ્વાર્થના સંબંધો કેટલીયે વખત દુઃખમય નીવડે છે, પરમાર્થના સંબંધો પણ કષ્ટમય હોય છે. એટલે કે પારમાર્થિક કાર્યો કરવામાં પણ કષ્ટ વેઠવું પડે છે, પણ એ કષ્ટ જ જીવનનો આનંદ છે.'

એક બાજુ માનવ સંબંધો મિથ્યા છે એમ કહેવામાં આવે છે જ્યારે બીજી બાજુ એવો ઉપદેશ આપવામાં આવે છે કે પ્રાણીમાત્ર સાથે તારો મૈત્રીભાવ હો. ચીમનભાઇએ એમના આ લેખમાં આ વિચારોની નબળાઇ પ્રત્યે એવી રીતે ધ્યાન દોર્યું છે કે 'માનવસંબંધો' લેખ બધા ધર્મગુરુઓએ નમ્રભાવે વાંચવો જોઇએ.

ચીમનભાઇએ કહ્યું કે પ્રાણીમાત્ર સાથેનો મૈત્રી ભાવ માત્ર શબ્દોમાં જ ન રહેવો જોઇએ પણ પ્રેમ, કરુણા, દયા, મૈત્રી આ બધા ગુણો સક્રિયપણે જીવનમાં ઉતારવા જોઇએ. આ ગુણોનો પોપટપાઠ બાળપણથી આપણે કરતા આવ્યા હતા પણ ગાંધીજીએ તેને કરણીમાં મૂકયા. ચીમનભાઇએ આથી એકવાર લખેલું: 'મારી જીવનદૃષ્ટિ ગાંધીજીને બધી રીતે આદર્શ તરીકે સ્વીકારે છે. પ્રકૃતિથી હું પ્રવૃત્તિમય છું. નિવૃત્તિ મારા સ્વભાવમાં નથી. સાધનશુધ્ધિ અને અન્યાયના પ્રતિકારોમાં માનું છું. મારી ચિત્તવૃત્તિઓ ઉપર સારી પેઠે મારો કાબુ છે. જીવનમાં સંયમ મને સ્વાભાવિક છે ચિંતન અને મનન મારા જીવનનું અંગ છે. સતત વિચારશીલ રહું છું. મારા ધ્યેયથી લાખો જોજન દૂર છું. ગાંધીજીને આદર્શ તરીકે માન્યા છે, એ માટે નહિ કે તેઓ અવતારી કે પુણ્યપુરુષ હતા. તેમની અપૂર્ણતાઓ જ તેમના પ્રત્યેનું આકર્ષણ છે. તેમાં રહેલી જીવનસાધના મને માર્ગદર્શક છે.'

જીવનનો આનંદ કયાં હશે? ચીમનભાઇએ સક્રિય કરુણાની ચર્ચા કરતાં આ પ્રશ્નનો જવાબ આપ્યો છે: 'સામાન્ય માણસ જેટલા વિશાળ સમુદાય સાથે આત્મૌપમ્ય સાધી શકે એમાં એના જીવનનો આનંદ છે. માણસ જેટલો પ્રેમ આપે છે તેનાં કરતાં અનેકગણો પ્રેમ તેને મળે છે, એ કુદરતનો નિયમ છે. એ ખરું કે આ સંસાર દુઃખથી ભરપૂર છે. એમાંનું ઘણું દુઃખ માણસે પોતે પેદા કરેલું હોય છે, પોતાની પ્રકૃતિ અથવા સ્વાર્થથી...આ જીવનના રહસ્યનો તાગ પામી શકાતો નથી પણ એ અનુભવસિધ્ધ હકીકત છે કે સક્રિય પ્રેમ અને કરુણા સિવાય જીવનમાં બીજો આનંદ નથી.'

ચીમનભાઇ ધર્મમય વ્યકિત હતા. સ્થાનકવાસી જૈન સમાજના આગેવાન, સમગ્ર જૈન સમાજના જ નહિ પણ બધા ધર્મોના સમાજના તે એક આગેવાન બન્યા. તેનું કારણ તેમની માનવલક્ષી ધર્મદૃષ્ટિ હતી. આ ધર્મદૃષ્ટિના હાર્દમાં વિવેક અને અનુકંપા હતાં. આથી તે જે કરતા તેમાંથી ધર્મની સુગંધ સહજ રીતે ફરી વળતી. આ વિવેક અને અનુકંપાને કારણે એમના પ્રત્યેક કાર્યના કેન્દ્રમાં મનુષ્ય દેખાતો. ચીમનભાઇ ધાર્મિક એટલા માટે હતા કે તે મનુષ્યવાદી હતા.

ચીમનભાઇ આમ તો કાયદો અને વ્યવસ્થાના ઉપાસક હતા. દેશમાં પેઠેલા સડા સામે જ્યારે જયપ્રકાશજીએ ચળવળ શરૂ કરી ત્યારે ચીમનભાઇએ એનો વિરોધ કરેલો. ઇન્દિરા ગાંધીના પ્રશંસક તરીકે એ પંકાયા. પણ જ્યારે ૧૯૭૭પમાં કટોકટી લાદવામાં આવી અને કાયદાના રાજ્યની જગ્યાએ સરમુખત્યારશાહી ચડી બેઠી ત્યારે તેમણે સરકારનો વિરોધ કરવા માંડયો. કટોકટી વખતે જન્મભૂમિ જૂથનાં પત્રોનું શીલ સચવાઇ રહ્યું તેનું શ્રેય ચીમનભાઇની લોકશાહીનાં મૂલ્યોમાં રહેલી આસ્થાને જાય છે.

કટોકટી વખતે એકવાર મારી ઓફિસમાં શ્રી ચીમનભાઈ, જાણીતા તંત્રી શ્રી બી. જી. વર્ગીઝ અને હું ભેગા થઈ ગયા. ચીમનભાઇ વર્ગીઝને કહે: 'મેં તો ઇન્દિરા ગાંધીને એટલો ટેકો આપવા માંડેલો કે મારા યુવાન મિત્ર વાડીલાલને પણ શંકા જાય કે મારે વડા પ્રધાન પાસે કંઇક જોઇતું હશે. 'આ તેમણે કહ્યું ત્યારે તેમના મોં ઉપર જે વિષાદ મેં જોયો તે વિષાદ નિર્ભય વિચારકનો હતો. ચીમનભાઇએ એ પછી 'પ્રબુદ્ધ જીવન'માં ભારે નીડરતાથી સરમુખત્યારશાહીની અ-નરવી પ્રવૃત્તિઓની સમીક્ષાઓ લખી.

ચીમનભાઇએ છેક ૭૦ વર્ષની ઉંમરે 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સંભાળ્યું. એ પદ સંભાળ્યું તે પહેલાં તેમણે ઘણા મિત્રો સાથે ચર્ચા કરેલી. મને કહે: 'પરમાનંદભાઇનું આ પત્ર હું સંભાળી શકું કે કેમ તે વિષે મારા મનમાં અવઢવ છે. તમે નિયમિત લખો તો આપણે આ કામ હાથમાં લઇએ.' 'મેં લખવાની હા પાડી, પણ બહુ લખાયું નહિ. પણ જ્યારે મળે ત્યાર મજાક કરે: 'મને શૂળીએ ચડાવી તમે બધા એક બાજુ ખસી ગયા.'

છેલ્લે હોસ્પિટલમાં ગંભીર માંદગીમાં હતા અને હું મળવા ગયો ત્યારે પહેલું વાક્ય જ એમના મોંમાંથી આ આવ્યું: 'હવે એક લેખ તરત 'પ્રબુદ્ધ જીવન' માટે મોકલો.' સદ્‌ભાગ્યે એમની હયાતીમાં જમ'ની ઉપર એક લેખ હું મોકલી શકયો તેનો મને એટલા માટે સંતોષ છે કે ચીમનભાઈ પ્રત્યેનો પ્રેમ આ રીતે હું વ્યકત કરી શકયો.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે તેમનું કામ કદાચ સૌથી વધુ ચિરંજીવ રહેશે. ગુજરાતના કેટલાક વિચારકોને શંકા હતી કે પરમાનંદભાઇનું પત્ર ચીમનભાઇ તેમની જેમ ચલાવી શકશે? પણ ચીમનભાઇએ 'પ્રબુદ્ધ જીવન'ને નવું જ પરિમાણ આપ્યું. તેમના રાજકીય લેખો, તેમના કાયદાવિષયક લેખો એવી ઉચ્ચ કોટિના હતા કે ગુજરાતી ભાષાની શકિત વધી. એ પરમાનંદભાઇ જેવા ગદ્યકાર નહોતા પણ એમના વિચારો અને વિષયો એવા નવા હતા કે લખાણ વિચારોથી બે કાંઠે છલકાતું.

ચીમનભાઇના આંતરજીવનનો એક પુરુષાર્થ એ હતો કે દુઃખને સમજવું. દુઃખ શું છે? દુઃખ ઓળવું કરી શકાય કે નહિ? જાણીતા તત્ત્વચિંતક અને જીવનવીર ડૉ. આલ્બર્ટ સ્વાઇટઝર ઉપર તેમણે એક પરિચય પુસ્તિકા લખી હતી તેમાં તેમણે સ્વાઇટઝરના દુઃખચિંતનની ચર્ચા કરી છે. સ્વાઇટઝરને આ દુનિયામાં કોઇ મંગળ તત્ત્વ દેખાતું નથી. તેમના મનમાં ભારોભાર નિરાશા છે. તેનું કારણ એ છે કે જગતમાં પાર વિનાનાં દુઃખ છે. એનું કોઇ સંતોષકારક સમાધાન સ્વાઇટઝરને મળતું નથી. ચીમનભાઈ લખે છે: 'આવું મનનું વલણ હોય તો સંસાર પ્રત્યે ઉદાસીનતા અથવા વિષાદ પેદા થાય. પરંતુ સ્વાઇટઝરને આવું કાંઇ જ ન થયું. આનું કારણ તેમની પ્રકૃતિ અને ચિંતનમાં મળી રહે છે. તેમની પ્રકૃતિ કર્મયોગીની અને તેમના ચિંતનનાં પરિણામે આ અંતર-કરુણાને આચારધર્મના પાયારૂપ ગણી સ્વાનુભૂતિથી તેમણે સર્વે જીવો પ્રત્યે પ્રેમ, આદર અને કરુણા દાખવવામાં જ પોતાની સાચી માનવતા જોઇ...માનવતાવિહોણી લક્ષ્મી, સત્તા કે કીર્તિમાં તેમણે સંસ્કૃતિનો વિનાશ જોયો.

સ્વાઇટઝરને જગતનાં દુઃખનું કોઇ બૌદ્ધિક સમાધાન મળતું નથી. ચીમનભાઇમાં આ નિરાશા નથી. ઇશાવાસ્યોપનિષદના 'તું ત્યાગીને ભોગવ' સૂત્રમાં તેમણે નિરાશા દૂર કરવાનું બળ શોધ્યું. જગતમાં જે કાંઇ જીવન છે તે ઇશ્વરે વસાવેલું છે. ઇશ્વર મંગળ છે તેમ જીવન પણ મંગળ છે. આથી ઇશ્વરના નામે ત્યાગ કરીને જે આવી મળે તે તું ભોગવતો જા. ઇશ્વરની સત્તા સ્વીકારવામાં આવે એટલે માણસનું સ્વામિત્વ સહેજે દૂર થઈ જાય છે. બધું ઇશ્વરને સમર્પણ કરવાનું છે. આ જગતમાં કશું જ હેતુહીન નથી. પુરુષાર્થ કરીએ પણ પરિણામ ન દેખાય તો પણ છેવટે સત્યનો જ જય થશે એવી અહીં શ્રદ્ધા છે. આ સ્થિતિમાં દુઃખ સામેનું યુદ્ધ એ ખરેખર તો અનિષ્ટ સામેનું શુભનું યુદ્ધ છે.

ચીમનભાઇએ જે સમતાથી મૃત્યુને આવકાર્યું તેની પાછળ પણ આ જ શ્રદ્ધાનું બળ હતું. ચીમનભાઇ જીવનવીર હતા અને એટલા જ મોટા મૃત્યુવીર પણ બન્યા.

★

# રાંક બનેલું જાહેર જીવન

પુરુષોત્તમ માવળંકર

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની ચિરવિદાયથી આપણું જાહેર જીવન કાંઇક રાંક બન્યું છે. લગભગ ત્રણ દાયકાથી હું એમને ઠીક નજીકથી જોતો જાણતો રહ્યો. હંમેશ એ જ સ્વસ્થતા અને એ જ સમતોલપણું! મારા એ મુરબ્બી હતા. મુંબઇમાં જ વર્ષોથી સુપ્રસિદ્ધ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ઘણાં વર્ષ મેં પ્રવચનો કર્યા તે દરેકમાં ચીમનભાઇની હાજરી-હુંકૃ તો હોય જ, પણ શાબાશીના બે બોલ બાદ શાણપણભરી સરસ પાદટીપ પણ એમની હોય જ. ચીમનભાઇનું વાચન વિશાળ હતું અને એમની વિચારશકિત સુદૃઢ હતી. 'પ્રબુદ્ધ જીવન' પાક્ષિકના તંત્રી તરીકે એમણે અવિરત અદ્‌ભુત લેખન ચિંતન પીરસ્યું. એમની રજૂઆત હંમેશ સુરેખ, સ્પષ્ટ, સુઘડ રહેતી અને એમાં દલીલો તથા દૃષ્ટાંતોની સુંદર રમઝટ ચાલતી. અખબારી આલમ સાથેનો એમનો નાતો સુદીર્ઘ અને ગાઢ હતો. 'જન્મભૂમિ', 'પ્રવાસી', 'ફૂલછાબ' 'કુચ્છમિત્રે' 'પ્રતાપ' પત્રોના ટ્રસ્ટના તેઓ અધ્યક્ષ હતા. તેની રૂએ માર્ગદર્શક બની રહ્યા, પણ એ પત્રોના રોજંદા વ્યવહારમાં કે એમના તંત્રીઓની સ્વતંત્ર અભિવ્યકિતમાં ચીમનભાઇની કોઇ દખલ કે કશી રુકાવટ કદી નહોતી. પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા સમાચાર-સંસ્થાના પણ તેઓ અધ્યક્ષ હતા. પી. ટી. આઇ. ના બોર્ડ ઓફ ડિરેકટર્સમાં મારી વરણી મુખ્યત્વે એમને આભારી હતી એ હું કૃતજ્ઞભાવે સ્મરું છું. ચીમનભાઇ અચ્છા અને સાચા 'જૈન' હતા. એમની પ્રકૃતિ ધીરગંભીર અને એમની વાણી-વર્તણુંક ટેકવાળી ને ટટાર. મહાવીર, સોક્રેટિસ, ગાંધીજીના તેઓ પરમ ઉપાસક હતા. મુંબઇના જાહેર જીવન પર તેમની સવિશેષ છાપ અને અસર હતી. કાયદાના ક્ષેત્રે તેઓ નિષ્ણાત હતા. સંસદીય કાર્યપ્રદેશમાં તેમનો ફાળો મોટો અને ઉલ્લેખનીય હતો. એમની છેલ્લી ગંભીર માંદગીમાં મુંબઇમાં જૈન હોસ્પિટલમાં હું એમને બે વાર મળી શકયો ત્યારે એમનું શરીર કૃશ થતું જોયું પણ એમની ચેતના એવી જ બલકે વધુ તેજસ્વી અને અકબંધ! મુરબ્બી ચીમનભાઈ ને હું પ્રેમાદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પું છું.

# અજાતશત્રુ શ્રી ચીમનભાઇ

પૂર્ણિમા પકવાસા

આપણા વચ્ચેથી એક એવી પ્રજ્ઞાસંપન્ન હસ્તીએ વિદાય લીધી છે કે જેની ખોટ પુરાવી અસંભવ જણાય છે. તેમનું જીવન એક પહેલદાર સ્વયંપ્રકાશે ઝળહળતા હીરા જેવું તેજસ્વી હતું. અને તે દરેક પહેલ પોતાની રીતે સંપૂર્ણ હતી. જીવનનાં અનેક ક્ષેત્રો અને વિષયોનું તેમનું જ્ઞાન, ચિંતન મનન અને જાણકારી અદ્‌ભુત હતા. તેમનાં વ્યક્તિત્વમાં એક એવું શીળું સૌજન્ય સરળતા, સ્પષ્ટતા, સ્થિરતા, અને વાત્સલ્ય વિલસી રહેતા કે કોઇ અંગત અથવા સંસ્થાકીય મુશ્કેલી હોય તો માર્ગદર્શન મેળવવા તરત એ વડીલ પાસે દોડી જવાનું મન થાય.

મને યાદ છે કે એકવાર આપણા સાપુતારા પ્રોજેક્ટમાં એક વિકટ સમસ્યા ઉભી થયેલી. ત્યારે હું અને શ્રી હરીલાલ ડ્રેસવાળા તેમને મળવા ગયા. રાત્રે નવ વાગ્યાનો સમય હતો. અમે જઇને જોયું તો માથાનો સખત દુઃખાવો હોવાથી તેઓ સૂતા હતા. અમને જોઇને તરત તેઓ બિછાનામાં બેઠા થઇ ગયા. અમોએ તેમને બેઠા થઈને શ્રમ લેવાની ના કહી, અને જે કામ માટે ગયા હતા તે બાબત વાત કરવા ફરી આવીશું તેમ જણાવ્યું, ત્યારે તેમણે કહ્યું કે 'ના', ના મને તો સારું છે, કહો શું મુશ્કેલી છે ? અમોએ મુંશ્કેલી કહી, ત્યારે તરત થોડો વિચાર કરીને તેનો તોડ કાઢયો અને મુદ્દાઓ પણ લખાવ્યા. એટલે કામને તેઓ પ્રથમ મહત્વ આપતા હતા. શારીરિક તકલીફોને લઇને કામ ન અટકવું જોઇએ તેવું તેઓ માનતા હતા. અને આચરણમાં મૂકતા હતા. છેલ્લે છેલ્લે તેમનાં જીવનની અંતિમ સ્થિતિમાં પણ તેઓએ સ્વચિંતનનાં નિચોડરૂપે સુંદર મનનીય લેખો લખાવ્યા છે. જે 'પ્રબુધ્ધ જીવન' દ્વારા આપણને વાંચવા મળ્યા છે.

તેઓની શારીરિક સંપત્તિ નબળી હતી છતાં માનસિક શક્તિ ઘણી સમૃદ્ધ હતી, 'વીલપાવર' મજબૂત હતો. એટલે શારીરિક તકલીફો વેઠતા વેઠતા પણ તેઓ હસતે મુખે રહી શકતા હતા, તેઓના ચહેરા પર ઉદાસી કે દિલગીરી ભાગ્યે જ જોવા મળતી. 'ફટોકટી' દરમ્યાન જ્યારે વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્ય પર તરાપ પડી. અખબારો ઉપર સેન્સરશિપની કાતર બેકામ રીતે ચાલવા લાગી, ત્યારે એક દેશપ્રેમી સચિંત જાગૃત નાગરિક તરીકે તેઓનું લોહી ઉકળી ઊઠયું. તેઓ ઘણાં દુઃખી થતા, અને ગમગમી ઉઠયા. આવા અન્યાયી કાયદા માટે તેઓનું મન વિદ્રોહ કરી ઊઠયું કે 'હવે તો હદ થાય છે, આ સહન થઇ શકે તેમ નથી.' આ વેદના તેમણે સખત શબ્દોમાં 'વસંત વ્યાખ્યાનમાળા'ના વ્યાખ્યાનમાં ઠાલવેલી. આ અન્યાયી કાયદા વિરોધી તેમનાં વિચારો અખબારોમાં પ્રગટ થતાં સત્તાવાળાઓ ચોંકી ઉઠેલા, અને કોઇપણ ક્ષણે તેમને જેલભેગા કરવામાં આવે તેવા સ્પષ્ટ ચિન્હો જણાવા લાગ્યા, તેમની નબળી તબિયત જેલવાસ સહી શકે તેમ ન હોવા છતાં નાગરિકોની સ્વતંત્રતા અને સ્વમાન ઉપર પ્રહાર સમાન ઘોર અન્યાયનો સામનો કરવા જતા કદાચ જેલમાં જવું પડે તો તે માટે પણ તેઓ તૈયાર થઇને બેઠા હતા. આવી હતી તેમની સ્થિર શાંત ઠંડી તાકાત.

તેમનાં ગૃહજીવનમાં અસમાનતા અને વિસંવાદિતા હતી. એ અભાવને પૂરવા માટે તેમણે અન્ય કોઇ માર્ગ ન અપનાવતા કેવળ ધર્મસંગત માર્ગ પસંદ કર્યો, તેમણે ચિંતન મનન અને સાધનાપૂર્વક પોતાનાં મનને જ સંવાદિતાથી ભરી દીધું. અને એટલે જ ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ તેઓ સ્વસ્થ રહી શકતા. એટલે આપણને માનવા કારણ મળે છે કે જેમ કેટલાક સંતો અને તપસ્વીઓની સાધના વિકાસમાં તેમની પત્નીઓ કારણભૂત બની હતી, તેમ શ્રી ચીમનભાઇના આધ્યાત્મિક વિકાસમાં પણ તેમનાં પત્ની શ્રીમતી અજવાળીબેનનો સારો જેવો ફાળો ગણી શકાય.

તેમની બિમારી પૂર્વે થોડા વખત પહેલા તેમને મળવા ગયેલી ત્યારે સાપુતારાની પ્રવૃત્તિઓની ખબર પુછીને પ્રચ્છા વ્યક્ત કરી કે સાપુતારામાં જ્યારે બહુ ઠંડી ન હોય તેમજ ગરમી પણ શરૂ ન થઇ હોય તેવા સમયમાં અઠવાડિયું આવીને અમારી આદિવાસી કન્યાઓ સાથે રહેવા અને તેમની પ્રવૃત્તિઓ નિહાળવા આવવું છે. આ જાણીને મને બહુ જ આનંદ થયો હતો, અને જ્યારે સાપુતારાનાં સ્ટાફને અને કન્યાઓને આ વાત કહી ત્યારે સૌ આનંદવિભોર બની ગયા. તેમને ત્યાં આવવા માટેનો આદર્શ સમય ફેબ્રુઆરીની શરૂઆતનો નક્કી થયો, અમો એ સમયની ઉત્સુકતાથી પ્રતીક્ષા કરવા લાગ્યા, પ્રભુએ અમારી આ હોંશ પાર ન પાડી તેનો ખૂબ અફસોસ રહ્યો.

તેઓ વિશાળ વડલા જેવા હતા. અને પોતાની શીતળ સ્નેહાળ અને વત્સલ છાયામાં સૌને ઢાંકીને બેઠા હતા. આજે અમારા જેવા કેટલાયે લોકો અને કેટલીયે સંસ્થાઓ તેમની ફૂંફાળી છાયાથી વંચિત થઇ ગઇ છે.

આ પ્રજ્ઞાસંપન્ન તેજસ્વી વ્યક્તિનું તેજ બીજાને ઉષ્મા અને પ્રકાશ આપનારું હતું, તેઓ પોતે કબૂલ કરતાં કે તેમનાથી ધ્યાનમાં બેસી શકાતું નથી, અને તે છતાં જ્યારે જુઓ ત્યારે તેઓ સ્વસ્થ અને ધ્યાનસ્થ જેવા જ લાગે, તેઓનું વાંચન વિશાળ અને ચિંતનમનન તેથી પણ વિશાળ હતું.

વિચાર ચિંતનમનન અને સદ્‌ભાવથકી તેમનામાં રાગદ્વેષ ઇર્ષ્યા આદિ સામાન્ય માનવીય નબળાઇઓનો પ્રાયઃ અભાવ જણાતો, તેમનાં વિશાળ મિત્ર સમુદાયે તેમની ૭૫ અને ૮૦ વર્ષની ઉજવણીનાં સમારંભો સંપન્ન કર્યા ત્યારે તેમના ઉપર વરસેલી સ્નેહવર્ષાથી તેઓ ગદ્‌ગદિત થઇ ગયા હતા, તેઓને સૌ પોતાના આત્મીયજન જેવા લાગતા તેમજ સૌને પણ તેઓ પોતાના અંગત મિત્ર જેવાજ લાગતા, તેઓને કોઇને માટે ખાસ ગમા કે અણગમાનો ભાવ નહોતો રહેતો. પરંતુ મનમાં નિર્વૈરનો ભાવ હતો, એટલે એમ કહી શકાય કે મૃત્યુ સમયે પણ તેમના મનમાં ભગવાન બુદ્ધની પ્રાર્થના રમતી હશે કે :-

'સુસુરવં વત જીવામ
વેરિનેસુ અવેરિનો।
વેરિનેસુ મનુસ્સેસુ વિહરામ અવેરિનો ।
સુસુરવં વત જીવામ, આતુરેસુ અનાતુરા ।
આતુરેસુ મનુસ્સેસુ વિહરામ અનાતુરા ॥
સુસુરવં વત જીવામ, ઉસ્સુકેસુ અનુસ્સુકા ।
ઉસ્સુકેસુ મનુસ્સેસુ વિહરામ અનુસ્સુકા ॥
સુસુરવં વત જીવામ, યેસં નોનત્થિ કિંચનં ।
પીતિ ભક્ખા ભવિસ્સામ, દેવા આભસ્સરાયથા॥

સ્થાંત :– વેરીઓમાં અવેરી થઇને અમે સુખેથી જીવીએ છીએ, અને અવૈરપૂર્વક વર્તીએ છીએ. આતુરોમાં અમે અનાતુર થઇને સુખેથી જીવીએ છીએ, અને અનાતુર થઇને વર્તીએ છીએ. ઉત્સુકોમાં અમે અનુત્સુકતાથી સુખેથી જીવીએ છીએ અને વર્તીએ છીએ અમને નામરૂપાત્મક પદાર્થોની કોઇ આસક્તિ નથી, એવા અમે સુખેથી જીવીએ છીએ, આભસ્વર દેવોની માફક અમે પ્રેમરૂપી અન્ન ગ્રહણ કરીએ છીએ, સર્વત્ર આનંદ મંગળ હો; વેર ઇર્ષ્યા દ્વેષ દુઃખ વિઘ્નો દૂર હો, સૌ પોતપોતાનાં માર્ગે નિર્ભયતાપૂર્વક આગળ વધો આવા પ્રેમાળ વત્સલ અને પ્રબુધ્ધ આત્માનું સ્થાન તો પ્રભુચરણોજ હોય. આપણે તો એ પ્રાર્થના કરવાની કે તેમનાં જેવા પ્રબુધ્ધ પ્રજ્ઞાનો અંશ આપણામાં પ્રગટો.

# સૌંદર્ય ને સત્યલક્ષી જીવન–પ્રતિભા

## ગુણવંત ભટ્ટ

સત્ય બોલવું, દંભ ટાળવો, સત્ય પચાવવું–આ બધાં ગુણો માણસ જીવનમાં ઉતારી શકે, એની માનવીયતા ને એના લક્ષણો ચિરકાળપર્યંત જીવંત રહે છેઃ શ્રી ચીમનભાઇ ચકુભાઇ શાહ જીવનના–શરીર અને આત્માના–સત્યને પામી શકયા હતા. આ સત્ય બહુ વિરલ વ્યકિતઓ જ પચાવી શકે.

મને તેઓશ્રીનો વ્યકિતગત અનુભવ નહીં, પણ એની વાણી અને વિચારોનો ;વિશેષે અનુભવ ખરો. એમનું જ્યારે સન્માન થયું ત્યારે સ્વ. ચીમનભાઇએ દંભ વગરની વાણી ઉચ્ચારી હતી. એ સત્ય બોલ્યા હતા, જે સન્માનીય વ્યકિત ભાગ્યે જ બોલી શકે.

જ્યારે કોઇ વ્યકિતનું સન્માન થાય છે, ત્યારે એમની મનોદશામાં અને ભાવમાં પરિવર્તન આવે જ છે, બેશક, આ પરિવર્તન માનવીય જીવનની પરિપકવતા કેટલી છે. એ પૂર્ણ અંશે નહીં તો અપૂર્ણ અંશે વ્યકત થઇ જાય છે–એમના સન્માનના ઉત્તરમાં વ્યકત કરી જ દયે છે : ત્યારે માનવસ્થિત–પ્રજ્ઞતા રાખી શકતો નથી. સ્વ. ચીમનભાઇના સન્માન વખતે જે વાણી ઉચ્ચારાતી હતી, એ સાંભળતા હતા. મોં પર સહેજ હાસ્ય હતું પરંતુ એમનામાં કોઇ પરિવર્તન નહોતું. એમની આ સ્થિતપ્રજ્ઞતા હતા. આ ગુણ હતો એમના જીવનનો.

એમની આ સ્થિતપ્રજ્ઞતા એ એમના જીવનનું લાક્ષણિક સૌંદર્ય હતું–આ સૌંદર્ય એ આત્મતેજ.

જીવનના ચિરકાળ સુધી, જીવનના અનેક વિકટ સંજોગોમાંથી પસાર થઇને પણ સામાજિક સત્કાર્યનો દીપ પ્રગટતો રાખવો એ જીવનની વિરલતા છે–આવો દીપ પ્રગટતો રાખવા માટે સ્વ. ચીમનભાઇએ જીવનની એક સૂચક દિશા નકકી કરી હતી.

એમણે જીવનની અંતિમ સમાધિસ્થ સ્થિતિમાં કહ્યું હતું : "મારો જાહેરમાં કે ખાનગી શોક કરવાનું ટાળજો." આ એક મોટો ગુણ હતો. અનેક સૌંદર્યવાન વ્યકિતને આ રીતે જીવનને મૂલવતા નહોતું આવડ્યું એ સ્વ. ચીમનભાઇ જતાં જતાં, જીવનનો ખૂબ ઉપયોગી ગુણ શીખવતા ગયા.

શ્રી ચીમનભાઇ ગયા. સાચા સૌંદર્યલક્ષી ને સત્યલક્ષી જીવનની પ્રતિભા કોઇક અગમ્ય જગતમાં વિલીન થઇ ગઇ. હું એમને અંજલિ આપીશ, પણ એમના જીવનના કોઇક ગુણને સ્વીકારીને. વ્યકિતત્વ જન્મે છે ને મૃત્યુ પામે છે એ દરમિયાન જ નહીં, આ જગતમાંથી સ્થૂળ દેહ નામશેષ થયા પછી પણ સ્વીકારવા જેવા ચિરંજીવ ભાવ મૂકતા જાય છે.

સ્વ. શ્રી ચીમનભાઇ, આવો ભાવ મૂકતા ગયા છે એને ગ્રહણ કરીને જ આપણે એને અંજલિ આપી શકીએ.

# 'મહામાનવનો દેહવિલય'

## ગુણવંતલાલ મ. ઝવેરી

जातस्य हि ध्रुवो मृत्युः આ શાશ્વત નિયમાનુસાર મહાનુભાવ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનો પાર્થિવ દેહ ૨૦ નવેંબર '૮૨ને દિને પંચમહાભૂતમાં વિલીન થયો.

મુ. શ્રી ચીમનભાઇ પરાપુરૂષ હતા. સુશ્રાવક હતા. અનેક–વિધ સંસ્થાઓના તેઓ વટવૃક્ષ હતા, જેની પ્રત્યેક વડવાઇ આજે સ્વયં સુદૃઢ વૃક્ષ બની છે. જનસમાજ માટે તેઓ આમવૃક્ષ સમા હતા, જેના મધુર ફળો અને શીતળ છાંયડાનો આજે હજારો લોકો અનેક રીતે લાભ લઇ રહ્યા છે. સંખ્યાબંધ ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના તેઓ પ્રણેતા અને પ્રાણ સમા હોવા છતાં અને પ્રત્યેકમાં સક્રિયપણે સંલગ્ન હોવા છતાં પોતે જલકમલવત્ અલિપ્ત રહી શકયા એ એમની વિશેષતા હતી.

ઉત્તમ સાહિત્યસામગ્રીનું સઘન વાંચન અને પરિશીલન પોતે કરે, ત્યારબાદ ચિંતન અને મનોમંથન કરે અને અંતે લેખો તથા વકતવ્યો દ્વારા નવનીત આપણને આપે એવા તેઓ વિરલ તત્ત્વચિંતક અને પ્રાજ્ઞપુરુષ હતા. એમના સમગ્ર જીવન, લેખન અને ચિંતનમાં ગાંધીજીની ગાઢ છાયા હતી. તે કારણે એમની ભાષાશૈલી સાદી સરળ અને હૃદયસ્પર્શી રહી હતી.

સદા જાગ્રત, અલ્પભાષી અને વ્યવહારમાં સૂક્ષ્મ પ્રમાણભાન જાળવનારા પૂ. ચીમનભાઇ સ્થિતપ્રજ્ઞ સમા હતા. કોઇ પ્રત્યે દ્વેષભાવ નહીં કે વધુ પડતો અનુરાગ નહીં. વિચાર, વાણી અને વર્તનમાં જેમણે વધુમાં વધુ સમન્વય સાધ્યો હોય તેવા તેઓ સજ્જન શ્રેષ્ઠ હતા.

તેઓ રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત હતા. ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ પોતાના સ્પષ્ટ વિચારોને મકકમપણે અને નિડરતાપૂર્વક તેઓ રજૂ કરતા.

બાહ્ય રીતે ઉચિત સખ્ત જણાય છતાં એમનાં અંતસ્થલમાં કરુણા, સંવેદના અને અનુકંપાનો સ્રોત સદા વહેતો. પોતાના સત્ત્વશીલ જીવનમાં એમણે ધર્મ અને સામાજિક વ્યવસ્થા તથા વ્યવહારુ વિચારધારાની સુંદર સંવાદિતા રચી હતી.

એમના જેવા બહુમુખી પ્રતિભાસંપન્ન અને મેધાવી પુરૂષ અનેક દાયકાઓમા 'એકવાર' જન્મે છે અને બહુજન સમાજને અનોખો પ્રકાશ આપે છે.

કીર્તિ, પ્રસિદ્ધિ અને પદાધિકારની જેમને લગીરે ખેવના નહોતી એવા પૂ. ચીમનભાઇ એક નિષ્કામ કર્મયોગી હતા.

છેલ્લા થોડા વર્ષોમાં મુરબ્બીશ્રીના વાત્સલ્ય અને સાન્નિધ્યનો મને ઘણો લાભ મળ્યો જેથી મારા જીવનમાં મેં ધન્યતા અનુભવી છે.

એમના દેહોત્સર્ગથી જૈન જગતમાં શૂન્યાવકાશ સર્જાયો છે. મુંબઇ જૈન યુવક સંઘના પિતામહ અદૃશ્ય થયા છે, અનેક સંસ્થાઓએ શિરછત્ર ગુમાવ્યું છે અને મારા જેવી ઘણી વ્યકિતઓને એક પ્રેમાળ રાહબરની ન પૂરાય એવી ખોટ પડી છે. એમના જેવી તેજસ્વી વ્યકિતની ક્ષતિપૂર્તિ ભાગ્યે જ થશે.

તેઓ જીવન જીવી જાણ્યા. મૃત્યુને આવકાર્યું અને એમનું મૃત્યુ પણ ધન્ય બન્યું.

મા વસુંધરાને પણ પોતાનો ખોળો ખૂંદનાર માટે ગૌરવ થાય એવા નરરત્ન મુરબ્બી શ્રી ચીમનભાઇને આ અલ્પ–શબ્દ–પુષ્પોથી હું અંતરની શ્રધ્ધાંજલિ અર્પું છું અને એમના મહાન અને પવિત્ર આત્માને પ્રણામ કરું છું.

# અનુભવને સંક્રાંત કરવાની મથામણ

★ યશવંત દોશી

નવેમ્બર ૨૦, ૧૯૮૨ને દિવસે અનશનપૂર્વક દેહમુક્ત બનેલા શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ અનેકવિધ ઉજ્જવળ પાસાં ધરાવતું જીવન જીવી ગયા. સોલિસિટરના વ્યવસાયમાં એ અત્યંત સફળ થયા, તો બીજી બાજુ સામાજિક ક્ષેત્રે વિવિધ સેવાકાર્યોમાં પ્રવૃત્ત થયા. પણ મૂળે જીવ ચિંતકનો. રાજકારણ, કાયદો અને રાજ્યબંધારણ એ બધા એમના ચિંતનના વિષયો ખરા પણ સૌથી વધુ અનુરાગ તત્ત્વજ્ઞાન પ્રત્યે. ચીમનભાઇ ભક્ત નહિ પણ જ્ઞાની હતા, એટલે એમનામાં કોઇને ચરણે બેસવા કરતાં સ્વતંત્ર ચિંતન કરવાની વધુ વૃત્તિ હતી. ભક્તિ અને તપ દ્વારા થતી ધર્મારાધના પ્રત્યે તેઓ સમભાવપૂર્વક જોતા ખરા પણ એમનો પોતાનો માર્ગ જ્ઞાનનો વધુ હતો. એમની મથામણ સૃષ્ટિના સનાતન પ્રશ્નો સમજવા માટેની હતી.

સમાજનું કામ કરનારા માણસો કાં તો પૈસા એકઠા કરવાની શક્તિ ધરાવતા હોય છે, અથવા વ્યવસ્થાની અને સંગઠનની શક્તિ ધરાવતા હોય છે, અથવા કંઇક કરી છૂટવાની લગન ધરાવતા હોય છે. ચીમનભાઇની સેવાવૃત્તિ આ ત્રણેય શક્તિઓથી મંડિત થયેલી હતી એટલે એમનું સેવાકાર્ય હંમેશાં સફળ થતું. અસંખ્ય સંસ્થાઓ એમને પોતાના અધ્યક્ષ તરીકે મેળવવા ઉત્સુક રહેતી. એનું કારણ સેવાના ક્ષેત્રે આવશ્યક એવી આ શક્તિઓનું એમનામાં થયેલું મિલન હતું.

સંસ્થાઓમાં સાથે કાર્ય કરનારાઓમાં ચીમનભાઇની લોકપ્રિયતાનું કારણ સામાજિક કાર્યો અંગે મમત્વનો અભાવ હશે. તેઓ સાથી કાર્યકરો ઉપર ઘણું બધું કામ છોડી દઇ શકતા. ચર્ચાઓ પછી સામાનો મુદ્દો સ્વીકારવાની અને બાંધછોડ કરવાની ઉદારતા એમનામાં પુષ્કળ હતી. જરૂર પડે ત્યારે પરિસ્થિતિને હળવી બનાવવાની અને એ રીતે તંગદિલી ટાળવાની વિનોદશક્તિ પણ એમનામાં હતી. હસી કાઢવા જેવી બાબતને વિના કારણ ગંભીર સ્વરૂપ નહિ આપવાની વિવેકશક્તિ એમનામાં હતી. આ બધા ગુણોને લીધે સંસ્થાઓના કામનો એમને વિના કારણ બોજો પણ લાગતો નહિ હોય.

ચીમનભાઇ મધ્યમમાર્ગી સ્વભાવના માણસ હતા. વિચારમાં કે કાર્યમાં તદ્દન છેડા પર જવાનું એમનું વલણ નહોતું. એને લીધે તેઓ અનેક પ્રકારની સંસ્થાઓમાં કામ કરી શકતા અને તરેહતરેહના માણસો સાથે પણ કામ કરી શકતા. પોતે રૂઢિચુસ્ત કે પરંપરાવાદી માનસવાળા નહિ હોવા છતાં સાંપ્રદાયિક સંસ્થાઓ સાથે સંબંધ રાખવામાં કે એમનું કામ કરવામાં એમને કશો બાધ નહોતો. જે વ્યક્તિઓ અને જે સંસ્થાઓ આજે અસ્તિત્વમાં છે તે સૌને સાથે લઇને ચાલવું અને એ બધાં પાસે સત્કાર્યો કરાવવાં એ એમની કાર્યપદ્ધતિ હતી.

પ્રાદેશિક ધોરણે તેઓ ઝાલાવાડની કેટલીક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. સાંપ્રદાયિક ધોરણે રથાનકવાસી જૈન સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા. પણ માનવહિતની કેટલીક સંસ્થાઓ દ્વારા તેઓ દેશભરમાં જે જે રથળે સહાયની જરૂર હોય ત્યાં તે પહોંચાડવા તત્પર રહેતા. પી. ટી. આઇ. જેવી સંસ્થાના અધ્યક્ષપદે રહી તેમણે સમગ્ર ભારતના અખબારી ક્ષેત્રનું કામ કર્યું. એક વેળા દેશની બંધારણસભા અને સંસદમાં પણ જઇ આવ્યા. પણ પછી આવી દેશવ્યાપી સંસ્થાઓમાંથી અને સક્રિય રાજકારણમાંથી મન ખેંચી લઇને મર્યાદિત પ્રકારની અને પોતાને ગમતાં ક્ષેત્રોની સંસ્થાઓમાં જ મન સ્થિર કર્યું. આમ થવાથી કદાચ સાધારણ લોકદૃષ્ટિએ એમનું નુકસાન પણ થયું હશે. એમની શક્તિ જોતાં જે અખીલ ભારતીય રથાનો તેમને મળી શકયાં હોત તે એમણે જાણે કે સામે ચાલીને જતાં કર્યાં એમ પણ કોઇ કહે. પણ પોતાની રુચિ અને શક્તિનો વિચાર કરીને પોતાનું કાર્યક્ષેત્ર નક્કી કરી લેવાની વ્યવહારુ સૂઝ એમણે પહેલેથી પ્રગટ કરેલી. એમણે એકવાર કહ્યું હતું કે નાનપણમાં જીભ થોથવાતી એટલે પોતે વકીલને બદલે સોલિસિટરનો વ્યવસાય પસંદ કર્યો. જો કે ખરેખર તો વખત જતાં તેઓ એક અત્યંત અસરકારક વકતા તરીકે સુપ્રસિદ્ધ બન્યા તે આપણે સૌએ જોયું. પણ એ જુદી વાત થઇ. એમણે તો સંજોગો વિચારીને એ સંજોગોમાં શકય હોય તેવો શ્રેષ્ઠ વ્યવસાય પસંદ કર્યો. રાજકારણનો પણ પ્રત્યક્ષ અનુભવ લઇ જોયો. અનુભવે કદાચ લાગ્યું હશે કે આપણા જેવાનું આમાં કામ નહિ, એટલે પછી ચૂંટણી અને સત્તાના રાજકારણથી દૂર રહ્યા.

એક રીતે એમ કહેવાય કે મૃત્યુ ચીમનભાઇને નહોતું જોઇતું એવી રીતે આવ્યું. ચીમનભાઇ હંમેશાં કહેતા કે મૃત્યુ ગમે ત્યારે આવે, હું તૈયાર છું. મૃત્યુની બીક નથી, પણ રોગથી પીડાતાં પથારીવશ રહેવાની બીક છે, અને થયું એવું કે છેલ્લા બેએક મહિના એમને અસાધ્ય દર્દથી પીડાતાં ધરિપતાલમાં પથારીવશ રહેવું પડયું. આ સ્થિતિની પીડા ભારે હતી. એમણે ઓપરેશનનો જે અનુભવ કર્યો તે ઉપરથી એમણે એમ પણ લખ્યું કે ઉંમરલાયક અને નબળી સ્થિતિના માણસે ઓપરેશન કરાવતાં ખૂબ વિચાર કરવો, પીડામાં માણસની લાચારી વર્ણવતાં કહ્યું કે 'મનની સ્થિરતા ગમે તેટલી હોય તો પણ મન દેહને કેટલું પરવશ છે એનો અનુભવ થાય છે. આમ જીવનમાં જે અનુભવ નહોતો કરવો તે છેલ્લા દિવસોમાં કરવો પડયો. આ વિષે એમણે જે ખુલ્લે દિલે અને નિખાલસતાથી લખ્યું તેમાં એમની બૌદ્ધિક પ્રામાણિકતા દેખાઇ આવે છે. જે પ્રામાણિકતા એક વેળા ઇન્દિરા ગાંધીની તરફેણ કરવામાં અને પછી પોતાની ગણતરી ખોટી જણાતાં ઇન્દિરા ગાંધીનો વિરોધ કરવામાં પ્રગટ કરી એવી જ પ્રામાણિકતાથી એમણે જીવનના અંતિમ દિવસોમાં આ અનુભવ વિશે પણ લખ્યું.

દુઃખનો અનુભવ થતો હતો અને પીડા પણ ભારે હતી તો પણ એમણે ચિત્તને શાંત રાખવાનો ભગીરથ પ્રયત્ન કર્યો. એમણે કહ્યું છે તેમ માનસિક શાંતિ અને સ્વરથતા સારા પ્રમાણમાં હતી. કોઇ આડાઅવળા વિચાર મનમાં આવવા દેતા નહોતા. એમની ચિત્તશાંતિ અને ધૈર્ય તથા જીવનભરનું ચિંતન છેલ્લી અવરથામાં તેમની મદદે આવ્યાં. ધાર્મિક પરંપરા પ્રમાણે કહો કે પોતાના ચિંતનના પરિપાકરૂપે કહો, પણ એમણે છેલ્લા એકાદ દિવસ દરમિયાન આહાર–પાણીનો ત્યાગ કરી છેવટના પ્રયાણની જાગ્રત અને સ્વરથ ચિત્તે તૈયારી કરી. છેવટ સુધી સજ્ઞાન અવરથામાં રહી દેહત્યાગ કર્યો. આ રીતે કુદરતે એમને

માથે મૃત્યુ સમયે અણગમતા સંજોગો નિર્માણ કર્યા તો પણ ચીમનભાઇએ તેમાંથી પણ પોતાનો મનગમતો આખરી માર્ગ જાતે જ પસંદ કરી લીધો.

હોસ્પિટલના બિછાનેથી ચીમનભાઇએ જે રીતે લેખો લખાવ્યા તે એક અસાધારણ ઘટના છે. ચીમનભાઇ એક ખરેખરા બૌધ્ધિક હતા તે દર્શાવતું આ એક આદર્શ દૃષ્ટાંત છે. તેમાં બૌધ્ધિક પ્રામાણિકતા ઉપરાંત એક સર્જક-ચિંતકની સર્જનાત્મક પ્રેરણા પણ છે. જીવનમાં જે કંઇ અનુભવો થાય તેને શબ્દબધ્ધ કરવાનું મન તો ઘણા બધા લોકોને હોય છે પણ ચીમનભાઇએ અનુભવ અને એની શબ્દગત રજૂઆત એ બે વચ્ચેનો સંબંધ છેલ્લી ઘડી સુધી છોડ્યો નહિ. ભલભલા લેખકો જ્યારે શારીરિક પીડા સહન કરવાની આવે ત્યારે પોતાની સર્જન અને ચિંતનની ઇચ્છા ખોઇ બેસે છે. માણસને એવે વખતે કશું સૂઝતું નથી. વેદના કદાચ એમના ચિત્તનો સર્વાંશે કબ્જો લઇ લેતી હશે, ચીમનભાઇ તો અતોલ પીડા સહન કરતા હતા. અને છતાં એમના દિલના ઊંડાણમાં પોતાનો અનુભવ શબ્દ દ્વારા વ્યકત કરવાની, વાચકોને પહોંચાડવાની અદમ્ય ઇચ્છા સળગ રહી હતી. આને જ આપણે ખરો આંતરિક ધકકો, સર્જનની પ્રેરણા (ક્રીએટિવ અર્જ) કે બૌદ્ધિક જાગૃતિ કહી શકીએ. માણસ પોતાના આનંદ વિષે, પોતાની માનસિક વ્યથાઓ અને લાગણીઓ વિષે હંમેશાં લખવા પ્રેરાયો છે અને એવાં લખાણોમાંથી જ સાહિત્યસર્જન થયું છે. પણ અસહ્ય શારીરિક વેદનાની અને અગ્નિપરીક્ષાની વાત વાચકના મનમાં સંક્રાંત કરવી, અને તે પણ એ વેદના સહન કરતાં કરતાં જ, એ કોઇ વિરલ વ્યકિતથી જ થાય. જે વ્યકિતની સિસૃક્ષા, સર્જનની ઇચ્છા, શારીરિક વેદનાની પાર જઇને પણ અભિવ્યકિત, પ્રગટીકરણ શોધે તેને એક પ્રકારની લોકોત્તર વ્યકિત જ કહેવી પડે.

છેલ્લી ઘડીએ, મરણપથારીએ પડયો હોય ત્યારે માણસ જાતજાતની વિમાસણોમાં, સાચાખોટા વિચારોમાં, ઇચ્છાઓમાં ડૂબેલો જણાય છે. કોઇ હાયવોય કરે છે, કોઇ પાછળનાઓની ચિંતા કરે છે. કોઇ અમુક વ્યકિતની ભલામણ કે ભાળવણ કરે છે, કોઇ સંતાનો કે સાથીઓને છેલ્લી ઘડી સુધી સલાહ-સૂચન આપવામાં જ રચ્યોપચ્યો રહી સાંભળનારાઓને "હા બાપા" કહેવાની સ્થિતિમાં મૂકે છે. પણ છેલ્લા દિવસોમાં પોતાની શારીરિક વેદના અને એનાથી પ્રગટતા પ્રત્યાઘાતો-એ અનુભૂતિ શબ્દાંકિત કરવાની ઇચ્છા જ વિરલ છે અને એનો અમલ એથીયે વિરલ છે. આ એક જ બનાવથી પણ ચીમનભાઇને આપણે સર્જકનો આત્મા કહી શકીએ.

★

> આપણો આત્મા વિશ્વઆત્માનો જ અંશ છે એવું હોય તો એ પરમાત્મા સાથે એકતાર થવું અને તેનું સંગીત સાંભળવું એ પરમ લક્ષ હોય તેની સાથે એકતાર થઇ શકાય છે, એવો સંતપુરુષોનો અનુભવ છે. રેડિયોમાં અમુક વેવલેંગ્થ તેમજ ફ્રીકવન્સી ઉપર રિસીવીંગ સેટ ગોઠવવાથી અમુક ટ્રાન્સમિટરનું અનુસંધાન સાધી શકાય છે, તેવું જ અનુસંધાન આ જગતની પરમશકિત સાથે સાધી આપવાનું કામ પ્રાર્થના કરે છે. આ પ્રાર્થના એટલે અંતરશુદ્ધિ. 'અવગાહન'માંથી

# જય જીવનનો, મૃત્યુનો નહીં

## ✠ મૃણાલિની દેસાઇ

૧૯૫૦ ની વાત હશે. મલબાર વ્યુ માં મારાં મોટાં નણંદ રહે. એમને ત્યાં અવારનવાર જવાનું થાય. ત્યાંજ મેં મુ. ચિમનલાલભાઇને પ્રથમ જોયાં. તે જમાનામાં એઓ પ્રખ્યાત સોલિસિટર તો ખરાંજ. અને રાજકારણધુરંધર પણ ખરાં. હું જેલમાં જઈ આવેલી એ હિસાબે મારો પરિચય કરાવ્યો. ઘણા રાજકારણી મહાનુભાવો સાથે નાનપણથી રહેવા મળ્યું છે. નિકટનો પરિચય પણ થયો છે. એ બધાજ ખૂબ બુદ્ધિશાળી હોય છે, ચતુર હોય છે. એમની બોલવાની ભાષા એક હોય. પણ એમનું મન જાણવું હોય તો એમની આંખોમાંથી વાંચી લેવું પડે એટલું તો એ નાની ઉંમરે પણ જાણી ગઇ હતી.

જ્યારે મુ. ચિમનલાલભાઈ સાથે પરિચય થયો ત્યારે ત્યાં કાર્યક્રમ કાયદાની છણાવટ જ ચાલતી હતી. એમાં બીજાઓને બિલકુલ ખબર ન પડે એવો મુદ્દો એમણે ક્ષણવારમાં પકડી પાડી એનું મહત્ત્વ થોડાક શબ્દોમાં, પણ એવી સચોટ રીતે સ્પષ્ટ કર્યું હતું-એ સાંભળી જેટલો આનંદ થયો તેથી વિશેષ આનંદ મને એમની આંખો જોઇને થયેલો ! એ આંખોમાં બુધ્ધિનો ચમકાર હતો. આગળ, પાછળ, બે લીટીઓ વચ્ચે ન લખાયેલાં કે મોંમાંથી ન ઉચ્ચારાયેલાં શબ્દો પકડી પાડવા. જરૂર એવી સાવચેતીભરી કાળેલિયત હતી. છતાં એમાં એક અનેરી નિર્મળતા પણ હતી; એવા મહાભાનુવો પાસે એવી પારદર્શક નિર્મળતા ભાગ્યે જ મળે ! સાધારણ રીતે માણસોને મળું, વાતો કરું પણ લાંબા સમય સુધી સંબંધ ના રહે તો સામાન્ય રીતે ભૂલી જઉં એ મારી નબળાઈ છે. પણ મુ. ચિમનલાલભાઇને જોયાં ત્યારથી જ મન ગણગણતું હતું : 'એમને ભૂલી ના શકાય.'

ત્યાર પછી લગભગ ૧૨ વર્ષ પછી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મળ્યા અને હું તો એમને ભૂલી નહોતી ગઇ. નવાઇની વાત તો એ કે એઓ પણ મને ભૂલી નહોતાં ગયા ! વ્યાખ્યાનમાળા પૂરી થયા પછીના સ્નેહમિલનમાં એમણે રાજકીય પરિસ્થિતિની કલ્પના આપતું એક ટૂંકું પ્રવચન આપ્યું. આ વખતે કૃષ્ણ મેનો હતો. ભારતના અંતર્ગત પ્રવાહો અને આંતરરાષ્ટ્રીય પરિબળો અંગે એઓ કહી રહ્યા હતા. આપણી રોજની સગવડો કે અગવડો પાછળ ખરેખર શું હોય છે, ધઉં, અમેરિકન લાલ ધઉં આવ્યાં, ખાંડ મોંઘી થઇ, બાસમતી ચોખા જોવા નથી મળતા (આ તે વખતની અમારી રામાયણ!) એ બધાં પાછળ કેવી રાજરમતો હોય છે એ જાણી નવાઈ લાગી, અને યાદ આવી પ્રથમ પરિચય વખતે મન પર પડેલી છાપ. એજ મુદ્દો પકડી પાડવાની કુશળતા. એવીજ સચોટ શબ્દરચના. એવા જ સુરપટ્ટ વિચાર, એ જ ચમકતી આંખો.

મુ. પરમાનંદભાઇના ગયા પછી પ્રબુદ્ધ જીવનનું સંચાલન મુ. ચિમનલાલભાઇએ સંભાળ્યું, અને પછી તો 'તંત્રીસ્થાનેથી' એઓ વારંવાર મળતાં જ રહ્યા. ન્યાયતંત્રની સ્વાયત્તતા, શાસનમાં પ્રવેશી રહેલી આપખુદી, અંધારણની જોગવાઇ વિશેની છણાવટ, ગીતા અને ગાંધીજી એ બે વિચારધારાનું એમણે કરેલું વિવેચન, શ્રીમદ્ રાજચંદ્ર વિશેના એમના લેખ, જૈન તત્ત્વજ્ઞાન વિશેનું ચિંતન, એમના પત્નીના દેહવિલય પછીનું નિષ્પાલસ

આત્મચિંતન, છેલ્લે છેલ્લે પોતાની જીવલેણ માંદગી વિશેના પૂરી સ્વસ્થતાથી લખેલાં લેખ, અને છેલ્લો મનના વિચારો ટાંકીને પૂર્ણવિરામ આપતો એ શાંત, ગંભીર અને છતાં સહજ એવી પ્રસન્નાતાથી, તૃપ્તિથી સભર ભરેલો લેખ, એ અને એવા અનેક લેખ એકવાર વાંચ્યા પછી ભૂલી જવાય એવા નથી. જેવું એમનું વ્યક્તિત્વ હતું તેવું જ એમનું સાહિત્ય પણ હતું. તલસ્પર્શી, પારદર્શક, ભાષા–સૌષ્ઠવ હોવા છતાં આડંબર વિનાનું, સહૃદય, સુજ્ઞતાથી, વિવેકથી શોભતું.

એમના દેહવિલયથી આપણે કાંઇક બહુ જ મૂલ્યવાન એવું ગુમાવ્યું એવી લાગણી થયા વગર ના રહી. છતાં પૂર્ણ ભરેલો દીવો પૂર્ણ ચેતીને ઘી પૂરું થાય એટલે સહજ રીતે શાંત થાય. એમાં ફડફડાટ, કાજળી, ધૂમાડો એવું કશું ના હોય, તેમ મુ. ચિમનલાલભાઇએ સહજ રીતે દેહ મૂક્યો, એમાં જય જીવનનો છે, મૃત્યુનો નહીં!

# સંસ્કારપોષક ચીમનભાઈ

✠ દુર્લભજી કેશવજી ખેતાણી

ગરીબીમાં જન્મ લીધાનો શ્રેય લાંબે ગાળે વ્યક્તિને સમજાય છે–મોટે ભાગે ગામડામાં જન્મેલા માણસો મોટા માણસ તરીકે પંકાયા છે. સાહિત્યકારો યા ડાહ્યા માણસો કહેવતના રૂપમાં કહી ગયા છે કે 'ગામડું સંસ્કારનું પોષક છે, શહેર સંસ્કારનું ઘાતક છે.'

જેના અગણિત ગુણોનું ગાન આજે હજારો મુખેથી કરી રહ્યા છીએ, તેનું જન્મસ્થાન નાનું ગામડું હતું.

એણે, ગામડામાંથી શહેરમાં આવીને પોતાના પૂર્વ ભવની પૂણ્યાઇને, પ્રબળ પુરૂષાર્થ વડે ગુણીને, મુંબઇ જેવા શહેરમાં પ્રકાશ પાથર્યો.

વડીલની સામાન્ય આવકમાં, મુંબઇ નગરીના મોટા દીવાનખાનાની ગરજ વગર, વીજળીની ઝગમગતી જ્યોતિના અજવાળા વગર, આજની અનેક પ્રકારની સગવડવાળી હોસ્ટેલોની મદદ વગર, સાદી શેતરંજી કે ગોદડાની પથારી પર આરામ કરીને, કોલેજમાં એમ. એ. સુધીનો અભ્યાસ કરીને સોનાનો ચાંદ તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી તરીકે મેળવ્યો હતો.

તેજસ્વી વિદ્યાર્થી તરીકે પોતાની કીર્તિ જામતી જોઇને તેને સોલિસીટર થવાની સ્પૃહા જાગી. પ્રખ્યાત પેઢી 'કેપ્ટન અને વૈદ્ય' ની ઓફિસમાં ઉમેદવારી કરી અને સફળતા મેળવી.

સ્થાનકવાસી જૈન સમાજમાં તે વખતના પંકાયેલા લીંબડીના સોલિસીટરની ખૂંટ મેળવી. સમાજમાં જ્યારે જ્યારે સેવા કરવાની તક મળતી, તેને ઝડપી લેવાની કાળજી કરી, અને ધીમેથી સોલિસીટરની એક ચાલુ પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા. સીનીયર ભાગીદારોની ગેરહાજરી થતાં સ્વતંત્રપણે પોતાની ઓફિસ કરી.

કાયદાની કુશળતા અને ઠાવકે મોંઢે ગ્રાહકની મૂંઝવણ અને ગૂંચની ઉકેલ ઝડપથી કરવાની ટેવથી પોતાનો ધંધો, ટોચના કામ કરનારા અને રળનારાની હરોળમાં લાવી શક્યા.

મુંબઇ જેવા શહેરમાં, આ રીતે કોર્ટ–કચેરીના કામમાં પ્રવીણતા મેળવવાથી તેમનું વ્યક્તિત્વ ખીલ્યું. લોકો પ્રસંશા કરીને અઢળક કામ આપવા લાગ્યા.

વખત જતાં બેંકો અને સરકારી ખાતાના કામો ગળવા માંડયા રાષ્ટ્રીય ચળવળમાં પૂરો રસ જમાવેલ તેથી સરકારી સોલિસીટરની જગ્યા પણ મળી. ઉપરાંત કેન્દ્રની સરકારી ચૂંટણી વખતે મહેનત કરીને સંસદના સભાસદનું સ્થાન મેળવ્યું. પંડિત જવાહરલાલજીની નજરે કુશળ કાયદાશાસ્ત્રી તરીકે ચઢયા પછી પરદેશમાં ભારતના પ્રતિનિધિ તરીકે જવાની તક મળી. ગાંધીજીની ચળવળમાં ભાગ લેતાં, સરદાર વલ્લભભાઇ અને મુન્શીજી જેવાના સંગમાં ઊઠબેસ થઇ શકી.

'પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાનું પ્રમુખસ્થાન મળ્યું. જે વરસો સુધી જાળવી શકયા. સ્થાનકવાસી જૈન સમાજમાં, કોન્ફરન્સ જેવા જુદા જુદા સમાજહિતનાં કાર્યોમાં વધુ હિસ્સો લેતા થયા. તેથી ભારતભરના સ્થા. જૈન સમાજમાં ખ્યાતિ મળી. મુંબઇ શહેરની વસતિ વધી–કચ્છથી, ગુજરાતથી, માળવા, મેવાડ, ઉદેપુરથી અને સૌરાષ્ટ્રથી કામધંધા તથા નોકરી માટે હજારોની સંખ્યામાં લોકો મુંબઇ આવવા લાગ્યા. સહુની ધર્મભાવના તો સાથે જ હતી. તેથી ધર્મકરણી માટે ઉપાશ્રયો ગામમાં તથા પરાંઓમાં બંધાવા લાગ્યા. તેની સાથે સાધુ–સાધ્વીઓના ચાતુર્માસ થવા લાગ્યા.

આ કાર્ય માટે સરખી વ્યવસ્થા જળવાય એ દૃષ્ટિએ શ્રી ચીમનભાઇએ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘની સ્થાપના કરી, જેના છેવટ સુધી તેઓ પ્રમુખ રહ્યા.

ધર્મકરણી માટેની વ્યવસ્થા તો થઇ પણ સમાજના યુવક વર્ગને મેટ્રીકથી આગળ અભ્યાસ કરવા માટે, મુંબઇની કોલેજોનો આશરો લેવો હોય તો, સારી હોસ્ટેલોની ઉણપ હતી. તે માટે સર ચુનીલાલ ભાયચંદ મહેતા તથા શ્રીમાન કેશવલાલ રાઘવજી સંઘરાજકા બ્રધર્સની માતબર સખાવતો મેળવીને બહુ જ સુંદર અને વ્યવસ્થિત બે હોસ્ટેલો શરૂ કરી. છેવટ સુધી તેના મંત્રી રહ્યા પૂનામાં પણ જૈન કોન્ફરન્સની અધૂરી રહેલી બિલ્ડીંગ સંભાળીને ત્યાં હોસ્ટેલ ચાલુ કરી. આ કાર્ય માટે શ્રી જૈન કેળવણી મંડળની સ્થાપના કરી અને તેના પેટામાં નાનું બાળમંદિર તથા લાયબ્રેરી અને ખેતાણી ભાઇઓની માતબર સખાવતમાંથી એક કન્યાશાળા શરૂ કરી હતી. રાજકોટમાં પણ શેઠ ગુલાબચંદ તલકચંદના નામથી હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે.

ચીમનભાઇની અનુકંપાવૃત્તિ એટલી જોરાવર હતી કે કોઇનું દુઃખ જોતાં જ તેનું હૈયું ભરાઇ આવે અને કંઇક કરવાનું મન થઇ આવે.

જૈન ઉપાશ્રયમાં દવાખાના ચલાવવાનો રિવાજ તેમણે દાખલ કર્યો છે. હાલમાં કાંદાવાડીનું જૈન ક્લીનીક એટલા મોટા પાયા પર ચાલે છે કે મોટી હોસ્પિટલોનો મુકાબલો કરી શકે. એમાં તો હજારો હિંદુ–મુસલમાન દર્દીઓ તેનો લાભ લઇ રહ્યા છે. એને મોટા પાયા પર લઇ જવામાં ચીમનભાઇનો ખાસ ફાળો છે.

ચીમનભાઇનું જીવન પ્રથમથી જ સાદગીભર્યું અને ઓછું ખર્ચાળ હતું, જે તેમણે તવંગર સ્થિતિમાં પણ નિભાવી રાખ્યું.

તેમની સુવાસ અને સેવાવૃત્તિએ આમ–જનતામાં ખૂબ આકર્ષણ ઉભું કર્યું હતું. દાખલા તરીકે, સમાજસેવાના કામ માટે આંગળી ચીંધતાં જ લાખો રૂપિયાના દાન મળી

રહેતું. કામ કરનારાઓની સારી ટીમ તૈયાર કરવાની તેમને ટેવ હતી.

ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર નામની સંસ્થા–દેશના ભયંકર ઉપદ્રવો વખતે સમાજને મદદ કરવા માટે ઊભી થયેલ, તેના હસ્તક લાખોના અનાજ તથા કપડાંની સહાય થયા જ કરે છે. તેમાં તેમણે સારો ભાગ ભજવ્યો હતો.

સાચા અર્થમાં સમાજના સભ્યો, ધર્મને સમજે અને આચરે એવા હેતુથી જૈન યુવક સંઘ હસ્તક દર વરસે વ્યાખ્યાનમાળા ગોઠવવાનો તેમનો ભારે શોખ તેમણે નિભાવી રાખ્યો હતો, જેમાં બહારગામથી પણ ફાધર વાલેસ જેવા પવિત્ર પુરુષોને બોલાવી તેમના વ્યાખ્યાનો ગોઠવતા.

ચીમનભાઇ પોતાના ધંધામાંથી બચતો બધો વખત સમાજ સેવામાં ગાળતા. તેમનો ગૃહસ્થાશ્રમ ઘણો ટૂંકો હતો–તેમને બે દીકરા છે. એક તેમનીજ સાથે ધંધામાં અને બીજો ઇજનેર છે. થોડા વરસ પહેલાં તેમના પત્નીએ વિદાય લીધી હતી. તેમની શરીર સંપત્તિ ઘણી સારી નહીં–પણ મનોબળે ઘણા કામો કરતા હતા. છેલ્લા વરસોમાં 'પ્રબુદ્ધ જીવન' નામના પાક્ષિક પત્રમાં તેઓ, તત્ત્વજ્ઞાનના, પોતાના અનુભવના તેમજ રાજદ્વારી વિષયો પર લેખો લખતા. તેના તંત્રી હતા.

'પ્રબુદ્ધજીવન' ના લેખોએ સારા સંસ્કારી વાંચનારાઓને તેમના પ્રત્યે ખૂબ આકર્ષ્યા હતા. તેનાથી યુવક વર્ગને તથા વિચારકોને ખૂબ લાભ થયો છે.

તેમની આંતરડાની બિમારીથી તેઓ હતાશ થયા પછી ડોક્ટરોના અભિપ્રાય મુજબ સરજરી માટે તેમને જૈન કલીનીકમાં લાંબો વખત રહેવું પડ્યું.

સમય જતાં, તેમને લાગ્યું કે હવે આમાંથી સાજા થવું મુશ્કેલ છે. ત્યારે વિશેષ અંતર્મુખ થયા. જૈન દૃષ્ટિએ સંથારો કહેવાય છે તેવા કડક વ્રત સાથે તેમણે અન્યને ધર્મ્યા થાય તેવી રીતે દેહ છોડ્યો. એકયાશી વર્ષ સુધી તેઓએ જીવી જાણ્યું. એમાં શંકા નથી કે તેમનું જીવન આદર્શ ગણાય.

(પાના ૧૬૨થી ચાલુ)

મને ઘણું કષ્ટ આપ્યું છે. એ છૂટી જાય તો મને ચિંતા નથી.' આ શબ્દો એ માત્ર વાણીના શણગારરૂપે નહોતા બોલતા. એ સતત આ પ્રતીતિ અનુભવતા હતા. એમની શસ્ત્રક્રિયા પછી વેદના વધતી ચાલી ત્યારે ચહેરા પર કદીક એ વેદના પ્રગટે ત્યારે એ વેદનાનો અનાસક્તભાવે અભ્યાસ કરતી તટસ્થતા પણ સાથોસાથ જ પ્રગટતી. દુઃખ અને અશાંતિને સમજી જવાની તથા સુખ તથા શાંતિનો માર્ગ પામવાની મુ. ચીમનભાઈની સાધના વૈયક્તિક ન હતી : એ એક્રાંતિક સાધના હતી : પણ એના વિશેનું એમનું મનન તેઓ જેને પણ એમાં રસ હોય તેના સુધી પહોંચાડવા માગતા હતા.

એમણે દેહ તજી દીધો એની આગલી સાંજે મહાસતીજી તેમને નવકારમંત્ર બોલાવી રહ્યા હતા, ત્યારે તેઓ લગાર પણ કંટાળ્યા વિના નવકારમંત્ર બોલતા હતા. મહાસતીજીએ પૂછ્યું : 'પાંચ વાગ્યા છે. પચ્ચખાણ લેવડાવું ?' તેમણે 'હા' કહી, પણ સાથે જ પૂછ્યું : 'સાંજના પાંચ વાગ્યા છે કે સવારના ?' એ વખતે તો તેમને 'સાંજના પાંચ થયા છે' એવો ખુલાસો અપાયો : લૌકિક દૃષ્ટિએ એ સત્ય હતું : પણ એમના દેખીતી રીતે સભાન ચિત્તમાં ત્યારે અનુભૂતિનું પરોઢ ઊઘડી રહ્યું હતું. અનુભવના આ પરોઢની જ ઝલક આપણને 'અવગાહન'ના કેટલાક લેખોમાં મળે છે : એ પછીથી તેમણે જીવન પર કરેલા મનનમાંથી મળે છે અને જેને છેલ્લી પથારી કહેવાય એવા માંદગીના બિછાનેથી લખેલા ત્રણ લેખોમાં પણ આ અનુભૂતિના પરોઢના જ રંગો જોવા સાંપડે છે.

ચીમનભાઇ,

તમે સ્થૂલ દેહે જ્યારે આથમ્યા ત્યારે જ સૂક્ષ્મ દેહે અમારા સૌ વચ્ચે ઊગ્યા છોઃ તમારી અનુભૂતિના એ નિરભ્ર પરોઢની લાલિમા અમારી આંખોમાં સુરખી બનીને છવાઇ ગઇ છે.

તમે અમને થોડાક પ્રશ્નો આપ્યા છે. એ પ્રશ્નોના ઉત્તર તરફ ગતિ કરી શકાય એવું મનન આપ્યું છે. એ માટે તમારો આભાર નથી માનતા; એ ભાર તો સ્વીકારવો જ ગમે.

# ભારતના ભામાશા

## રતિભાઈ ગાંધિયા

કાળની ગતિ કંઇક જુદી જ દિશાએ ચાલતી હોય તેવાં એંધાણ દેખાય છે. એમ લાગે છે કે સમાજ માટે, માભોમ માટે જીવન ન્યોછાવર કરનાર સપૂતોને એકએકને વીણીને કાળના ખપ્પરમાં લેવાની વિધાતાની યોજના છે. છેલ્લા એક વર્ષથી આવી વ્યક્તિઓની ચિર વિદાયના જે જે આઘાતો આપણે સહન કરી રહ્યા છીએ તે આની સાબિતી છે. હજુ તો પાંચ દિવસ પહેલાં જ ગાંધીજીના આધ્યાત્મિક વારસદાર, પૂર્વની સંસ્કૃતિના સાક્ષીરૂપ ઋષિ વિનોબાજીએ ચિર વિદાય લીધી ! ગાંધીજીના અંગત મંત્રી પ્રખર વિદ્વાન પ્યારેલાલજીના અવસાનની નોંધ તો હજુ સુકાઇ નથી ત્યાં આજે સૌરાષ્ટ્રની ધરતીના ઘાવણને ઉજાળનાર ઉજ્જવળ પ્રભાતશાળી વ્યક્તિત્વ ધરાવતા, કુદરતી આફત વખતે સૌરાષ્ટ્રના મોટા વિસામારૂપ સમાજસેવક શ્રી ચીમનલાલ ચકુભાઇની ચિર વિદાયના આઘાતજનક ખબર મળ્યા.

ચીમનભાઇની વિદાય એ ગુજરાત માટે ભામાશાની વિદાય છે. સંસ્કારના રક્ષકની વિદાય છે. ચીમનભાઇની પ્રતિભાથી ગુજરાત અજાણ્યું નથી અને વળી કુદરતી નિયતિ પ્રમાણે મૃત્યુ અટલ છે. પણ કેટલાંક મૃત્યુ વિસરાતાં નથી તેવું ચીમનભાઇનું મૃત્યુ છે. તેમની ખોટ ન પુરાય તેવી છે.

ચીમનભાઇ શું નહોતા ? તેઓ પ્રખ્યાત તત્ત્વચિંતક હતા. હંમેશાં અધ્યાત્મની ખોજ કરતા. તેઓનો બહુ જ બહોળો અભ્યાસ હતો. તેઓ જગતના બધા જ ધર્મોના પ્રખર અભ્યાસી હતા. અને આ બધા અભ્યાસ પછી તેમનું કહેવાનું હતું કે તેમના જીવન પર વધુ પ્રભાવશાળી અસર કરનારા ગાંધીજી હતા. તેઓ અનેક સામાજિક સંસ્થાઓ, કેળવણી, માનવરાહત, ધાર્મિક અને વૈદ્યકીય સંસ્થાઓ (હોસ્પિટલો)ના મુખ્ય વહીવટકર્તા હતા અને આ માટે જોઇતા લાખો રૂપિયા મેળવવા માટે તેમને કયારેય કોઇ તકલીફ ન પડતી.

અલબત્ત, દેશમાં તેમની ખ્યાતિ એક પ્રખર ધારાશાસ્ત્રી, પાર્લામેન્ટેરિયન, સાહિત્યકાર અને પત્રકાર તરીકેની વધુ છે અને તેથી જ દેશની પ્રથમ બંધારણસભાના તેઓ સભ્ય હતા, અને

એ ખૂબ જાણીતી બાબત છે કે દેશનું બંધારણ ઘડવામાં તેમનો ફાળો પણ ગણનાપાત્ર છે. એ ગણનાપાત્ર ફાળાના કારણે જ દેશના પ્રથમ પ્રધાનમંડળની યાદીના નામોમાં પંડિત નહેરુએ જે. સી. સી. નામ લખ્યું હતું તે ચીમનભાઈનું હતું, પણ દેશના સદ્‌ભાગ્યે કહો કે કમભાગ્યે, આ નામ આવા જ નામની બીજી વ્યક્તિનું છે તેવી કાર્યાલયની ગેરસમજણે ચીમનભાઇ ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં ન જોડાઇ શકયા અને જ્યારે સોગંદવિધિનો સમય આવ્યો ત્યારે પંડિત નહેરુને પણ તેનું આશ્ચર્ય થયું અને તેમણે પૂછ્યું પણ ખરું કે 'યે સી. સી. કૌન હૈ?' ભાવિને ફેરવનારી આ ઘટનાએ દેશને એક પ્રખર સમાજસેવક આપ્યો અને રાજકીયક્ષેત્રે એક જબ્બર વહીવટકર્તા અને કાનુનનિષ્ણાત ગુમાવ્યો!

કુદરતી આફતમાં દેશભરમાં માનવરાહત પહોંચાડવાના કામને ચીમનભાઇએ ખૂબ અગ્રતા આપેલી અને તેને જ માટે તેઓએ 'ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર' નામની સંસ્થા બનાવેલી છે, જે સંસ્થા દ્વારા તેઓ દેશમાં જ્યાં અને જ્યારે મદદ જોઇએ તે પહોંચાડતા. આ મદદ એવડી મોટી હોય છે કે તેનો આંકડો લાખો રૂપિયાનો રહે છે. તેમનું આ પ્રિય કાર્ય પણ તેમની છેલ્લી વિદાય વખતે જાણે પૂરું કરી ગયા! સૌરાષ્ટ્રના વાવાઝોડામાં મહાવીર કલ્યાણ કેન્દ્ર દ્વારા મદદ પહોંચાડવાનો છેલ્લો નિર્ણય કરીને જ તેમણે સંસારની વિદાય લીધી તે જાણીને મસ્તક નમી પડે છે. જાણવા મળ્યું કે તેમણે આપેલા નિર્ણય પ્રમાણે આ સહાયની રકમ ઘણી મોટી છે.

મારું એટલું સદ્‌ભાગ્ય હતું કે હું તેઓના નજીકના પરિચયમાં હતો. એનું કારણ એ પણ હતું કે મારા હસ્તકનાં જાહેર સંસ્થાકીય કામોમાં રાજકોટથી બહારના કાર્યક્ષેત્રમાં તેઓ અમારા કાનુની સલાહકાર તરીકે રહે એવો નિર્ણય મેં આ સંસ્થાઓ પાસે કરાવ્યો હતો, ૧૯૭૭થી ૧૯૮૦ના સમય દરમિયાન હું ખાદી ગ્રામોદ્યોગ કમિશનમાં હતો ત્યારે એ સરકારી તંત્રમાં પણ અમે નિર્ણય કરેલો અને ત્રણ વર્ષ તેઓ ખાદી ગ્રામોદ્યોગ કમિશનના કાનુની સલાહકાર હતા.

મારી અને તેમની વચ્ચે ઉંમર અને કક્ષાનો ઘણો તફાવત હતો તેમ છતાં તેઓ આવો તફાવત કયારેય દેખાવા ન દેતા અને ગમે તે કામ માટે પણ રાજકોટ આવે અને હું મળવા જાઉં એટલે તરત ઉમળકાભેર આવકારે અને તેમનો પ્રેમાળ હાથ લાંબો કરી મારા હાથનો પંજો તેમના પંજામાં અકબંધ બેસાડી દે અને પોતાનો નિયત કાર્યક્રમ પૂરો થાય પછી જ્યાં જ્યાં જાહેર કામ કરનારી વ્યક્તિને મળવા જવાનું હોય ત્યાં મારી સાથે જ જાય. મારું સદ્‌ભાગ્ય ઇશ્વરે લઈ લીધું તેનો મને ખૂબ જ આઘાત લાગ્યો અને મેં એક પ્રેમાળ વડીલ મિત્ર ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું.

તેમની આવી પ્રેમાળ લાગણીને કારણે જ અશોક ગોંધિયા મેમોરિયલ ટ્રસ્ટ પ્રત્યે તેમની પ્રથમથી જ કુણી લાગણી રહી અને ટ્રસ્ટનું ઉદ્‌ઘાટન કરવા પોતે ખાસ મુંબઇથી આવ્યા અને મને એવો એક પણ પ્રસંગ યાદ નથી કે અમે મળ્યા હોઇએ ત્યારે તેઓએ ટ્રસ્ટના ખબર ન પૂછ્યા હોય અને પોતાના અનુભવોમાંથી કંઇનો કંઇ સલાહ ન આપી હોય!

તેઓએ હંમેશાં રાષ્ટ્ર-જીવનઘડતરને માટે ચિંતા સેવી હતી અને તેથી તેઓ દેશમાં બનતાં દરેક બનાવોના સંપર્કમાં રહી દેશની ઘટનાઓ પર 'પ્રબુધ્ધ જીવન' પાક્ષિકમાં પોતાનો અભિપ્રાય-સલાહ આપતા અને તે માટે કોઇની પણ શેહમાં ન તણાતા. ખાસ કરીને સને ૧૯૬૯થી ૧૯૮૨ સુધીના ગાળામાં આપણે જોઇશું કે 'પ્રબુદ્ધ જીવન'નાં પાનાંઓ દેશની ઘટનાઓ ઉપરનાં તેમનાં મંતવ્યોથી ભરેલાં છે. તે માટે જરૂર પડયે તેમણે શ્રી ઇન્દિરાબેન, શ્રી મોરારજીભાઈ, સ્વ. શ્રી વિનોબાજી, સ્વ. જયપ્રકાશ નારાયણની પણ ટીકા કરવામાં સંકોચ નથી રાખ્યો અને તેમનાં પગલાંને બિરદાવવામાં પણ હંમેશાં આગળ રહ્યા છે.

ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રથી માંડીને અનેક સામાજિક સંસ્થાઓના તેઓ વડીલ હતા અને આ સંસ્થાઓ દ્વારા તેઓ અનેક ક્ષેત્રે સેવા કરતા, જે માટે તેમને મોટા ફંડોની જરૂર પડે જ. પણ મેં જોયું છે કે તેઓ આ ટ્રસ્ટો માટેનાં લાખો રૂપિયાનાં ફંડો ટેલિફોન ઉપર જ મેળવતા. એક વખત મને તેઓ કહેતા હતા કે, 'નકકી કરેલું ફંડ હું ફોન ઉપર જ એકઠું કરું છું. તે માટે ભાગ્યે જ હું કોઇને મળવા જાઉં. એટલું જ નહિ એવા પ્રસંગો ઘણા છે કે નકકી કરેલું ફંડ ઝાપટથી પૂરું થઇ જાય અને પછી બીજાને ના પાડવી પડે કે હવે ફંડ નથી જોઇતું.' આ પ્રતિભાનું આપણે શું માપ કાઢશું? આપણે જોઇએ છીએ કે ફંડો કરવાનું કામ કેટલું કઠણ છે! પણ ચીમનભાઇને માટે તે અત્યંત સહજ હતું. એવો એમનો પોતાના સેવાકાર્ય દ્વારા સમાજ પર પ્રભાવ હતો.

૧૪-૮-૮૨ ના રોજ મુંબઇમાં જાણીતા અર્થશાસ્ત્રી વાડીલાલ ડગલીના પુત્રના લગ્નમાં 'અમે સાથે થઇ ગયા. હું તેઓને કેટલાક સમયથી મળ્યો નહોતો તેથી તેમને જોઇને મને ચિંતા થઈ. કારણ કે તેઓ ખૂબ દૂબળા પડી ગયા હતા. તેથી મેં ચિંતાથી પૂછ્યું: 'ચીમનભાઇ આ શું? આપ આટલા બધા દૂબળા કેમ પડી ગયા છો? જવાબમાં મારો હાથ પકડી કહે: "બસ, ભગવાનનો કોલ આવી ગયો છે." મેં ચિંતાતી કહ્યું: "અરે! ના, ના, એવું શું કહો છો?" પછી ખુરસીમાં સાથે બેસી અનેક જાતની વાતો કરતા પોતાને હમણાં નબળાઇ વધી ગઇ તે સ્વીકારી હસીને કહ્યું:' 'પણ હવે શરીરનો શું વાંક છે?'

આજે હવે સમજાય છે કે ભગવાનના તેડાનો ખ્યાલ તેમને આવી ગયો હતો! અફસોસ એટલો જ છે કે ભારતમાંથી અઠે પેઢી વિદાય લઈ રહી છે તેની ખોટ પુરાતી નથી. ઢેબરભાઇની ખોટ પણ પુરાઈ નથી! આમ સૌરાષ્ટ્રના મોભીઓ-તેમાંથી ગરીબો માટે જીવન અર્પણ કરનારા મોભીઓ-એક પછી એક વિદાય લે છે તે જાહેર જીવન માટે મોટી ચિંતાનો વિષય છે.

> બધા ધર્મસ્થાપકો અને સંતપુરુષોનો એક મત છે કે સંયમ જીવનનો પાયો છે. એ જ ધર્મ છે. સંયમ એટલે પોતાની જાત ઉપર કાબુ મેળવવો. આ સંયમ સર્વ પ્રકારનો, જીવનની બધી ક્રિયાઓમાં અને વ્યવહારમાં કેળવવાનો છે. અસંયમથી જીવન વેડફાય છે. મન, વચન, કાયાથી સંયમ, વિચાર, વાણી અને વર્તનમાં સંયમ એ ધ્યેયલક્ષી જીવન.
>
> 'અવગાહન'માંથી

# જીવનના આઠ દાયકા જેમણે ઉજાળ્યા

★ રામુ પંડિત

જૈન સમાજનો મોભ તૂટી પડ્યો, સમગ્ર સમાજનો સરસ ચિંતક ખરી પડ્યો. ૮૧મા જન્મદિને ૧૧મી માર્ચ, ૧૯૮૨ના રોજ તો ચીમનભાઇ એવા સ્વસ્થ, પ્રફુલ્લ અને ચેતનવંતા ભાસતા હતા કે આ સદી [તો સહેજે વટાવી શકશે એવી લાગણી થતી હતી; એ બોલવામાં જેટલા સંયમી હતા એટલા જ ખાવાપીવામાં. જીવન પ્રત્યે એમનું વલણ પણ નિસ્પૃહ થતું જતું હતું; આથી એવું માનવાને કારણ હતું કે એ બાકીનાં વર્ષો લોકકલ્યાણની પ્રવૃત્તિમાં જ વિતાવશે. એ જરૂરી પણ હતું; કારણ કે જે સમાજના એ વડા હતા અને જ્યાં એમનો માનમરતબો ખૂબ જળવાતો એ સમાજને આવા દુન્યવી આધ્યાત્મિક પુરુષ જ કર્તવ્યભાન કરાવી શકે. ચીમનભાઇ રૂઢિચુસ્તતા અને આધુનિકતા વચ્ચે સેતુરૂપ હતા. એમના ધાર્મિક વિચારોમાં કર્મકાંડ કરતાં વૈજ્ઞાનિક વલણ પ્રત્યે વધુ પક્ષપાત હતો; પરંતુ એમની પ્રવૃત્તિ વિશેષતઃ જૈન સમાજલક્ષી રહી, આથી એમનું રાજકીય અને સામાજીક પ્રદાન બિનસાંપ્રદાયિક હોવા છતાં સંભવ છે કે ઇતિહાસ એમને જૈન ધર્મીઓના નેતા તરીકે જ વિશેષ યાદ રાખે.

ધીરગંભીર વ્યક્તિત્વવાળા શ્રી ચીમનભાઇ સામે ચડીને મિત્રો બનાવવાની વૃત્તિવાળા ન હતા; પરંતુ જેમને મિત્ર બનાવતા એમના પ્રત્યે વાત્સલ્ય દાખવતા. કોઇપણ મેળાવડામાં એમનું વ્યક્તિત્વ ખૂબ ધ્યાન ખેંચતું. ખાદીની સફેદ ટોપી, લાંબો સફેદ કોટ ને ઝીણું ધોતિયું, ધીરગંભીર લાંબું મ્હોં, વેધક આંખો, પાતળી સોટી જેવી કાયા અને બોલવાની પ્રવાહી શૈલી. એ બોલતા ખપ પૂરતું પણ સાંભળતા એકાગ્રચિત્તે. માનવીને જોતાંવેંત જાણી લે. એમની હાજરીમાં એલફેફ્ટ બોલવાની કોઇ હિંમત જ ન કરી શકે. દેખાવે કોઈ શરાફી પેઢીના ભાગીદાર જેવા પણ ધંધે સોલિસીટર. કાયદાની આંટીઘૂંટી ખૂબ સારી રીતે જાણે, ધર્માદા ટ્રસ્ટો અંગેના કાયદાની ઘણી કલમો એમને મોઢે. પબ્લિક ટ્રસ્ટ અંગેની કોઈપણ કાયદાવિષયક ગૂંચ એ પળવારમાં ઉકેલી આપે.

ચીમનભાઇ જેવો સન્માનનીય, તેજસ્વી અને વિચક્ષણ પુરુષ જૈન સમાજને ન સાંપડ્યો હોત તો કરોડો રૂપિયા સદાવ્રતમાં ખર્ચવાને બદલે આરસપહાણના મંદિરોમાં કે મહાલક્ષ્મીની ઘોડદોડમાં ખર્ચાયા હોત. જીવ્યા ત્યાં સુધી એ શ્રીમંત જૈનોના આત્માને ઢંઢોળતા રહ્યા, એમના આતમરામને જગાડતા રહ્યા અને એમની સંપત્તિને યોગ્યમાર્ગે ખર્ચાવતા રહ્યા. ચીમનભાઇ સારા કામ માટે ટહેલ નાખે પલકવારમાં પાંચ-પચીસ લાખ રૂપિયા એકઠા ન થાય એવું બને જ નહીં. એમની પ્રામાણિકતામાં અને કરકસરભર્યા વહીવટમાં લોકોને શ્રદ્ધા હતી. આ શ્રદ્ધા દિનપ્રતિદિન દૃઢ બનતી ગઇ, કદી એમાં ઓટ આવવાનો પ્રસંગ ઉભો થયો જ નહીં. જૈન સમાજમાં શ્રીમંતોની ખોટ નથી. શ્રીમંતાઇને સદ્‌કાર્યમાં વાળે એવા માણસની ખોટ ઉભી થઇ છે, આ ખોટ ઝટ પૂરી શકે એવી વ્યક્તિ અત્યારે તો ક્ષિતિજ ઉપર કયાંય દેખાતી નથી.

ચીમનભાઇ ગરીબ કુટુંબમાં જન્મેલા પણ આપબળે આગળ આવેલા હતા. એ આર્થિકરીતે સુખી હતા, સમૃદ્ધ હતા; પરંતુ કરોડપતિ ન હતા. એમની જીવનશૈલી મધ્યમવર્ગીય હતી. સાદાઇ અને સંસ્કારને વરેલા હતા. એ ત્યાગી ન હતા, પણ સંતોષી જીવ હતા. જીવનમાં એમનું લક્ષ્ય વકીલાતમાં વધુ ને વધુ પૈસા બનાવવાનું ન હતું, પરંતુ પોતાના બહોળા જ્ઞાનનો લાભ શિક્ષણવિષયક અને સદાવ્રતી સંસ્થાઓને આપવાનું હતું.

આજથી એક દસકા પહેલાં એ પૂર્ણ કોંગ્રેસના પરમભક્ત હતા; શ્રીમતી ગાંધી જે કાંઇ પગલું લે એને એ આવકારતા. ભારતીય રાજકારણે લીધેલા ઝોકને એમણે મોકળે મને આવકારેલો અને થોડો વખત તો 'પ્રબુદ્ધ જીવન' જાણે કે કોંગ્રેસ (આઇ)નું મુખપત્ર હોય એવી છાપ ઉઠતી, પરંતુ ધીમે ધીમે બદલાતી જતી રાજકીય શૈલી, સગવાડિયાં સૂત્રો, ભ્રષ્ટાચાર અને અતિકેન્દ્રીત કાર્યશૈલીથી એ અકળાઇ ગયા અને એની સામે કડક શબ્દોમાં લખવા માંડ્યા. અંતિમ કટોકટી (ઇમરજન્સી) દરમિયાન તો સત્તાને સત્ય સંભળાવવાની જેહાદ જગાવી અને પોતાના હૃદયની વ્યથા એટલી સ્પષ્ટ ભાષામાં વ્યક્ત કરવા માંડી કે ખુદ એમના મિત્રો અને પ્રશંસકો પણ ડઘાઇ ગયા. કટોકટીએ ચીમનભાઇના ચારિત્ર્યની તેજસ્વી બાજુનો લોકોને પરિચય કરાવ્યો. એ મૃત્યુ પામ્યા ત્યાં સુધી જ્યારે જ્યારે એમણે રાજકીય પરિસ્થિતિની સમાલોચના કરી ત્યારે ત્યારે એ કોઇની પણ શેહમાં તણાયા નહીં, પોતાને લાગ્યું તે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું. નીડર તંત્રી તરીકે ચીમનભાઇએ નામ ઉજાળ્યું, "પ્રબુદ્ધ જીવન"ની પ્રતિષ્ઠા પણ પાંચ હેત ઊંચે ચઢાવી. આ પ્રતિષ્ઠા ટકાવવાનું કામ અઘરું બનવાનું છે. કારણ કે શ્રીમંત કોમને પાક્ષિક ચલાવવાના પૈસાની ખોટ નહીં પડે, એમાં પ્રાણ પૂરનારની ખોટ પડશે.

ચીમનભાઇ હૃદયના ખૂબ સંવેદનશીલ, પણ ચહેરા ઉપર પોતાની વેદના કળાવા ન દે. એમના કરતાં અડધી ઉંમરતાને પણ એમની હાજરીનો ભાર સાલવા ન દે. પોતાના મોભા વિષે એ જરાપણ સભાન નહીં; સામાજીક કામ અંગે ગમે તે વ્યક્તિને મળવા જવું પડે તો પણ એ તૈયાર.

એ સંસારી હતા, પણ સંસારસુખ સાચું યહીં ભોગવી શકેલા. એ પિતા હતા, દાદા પણ હતા; [એમનાં પત્ની લાંબી માંદગીને અંતે ચિર:વિદાય પામ્યાં તે દિવસે ચીમનભાઇની સ્વસ્થતા જોઇને ઘણા દિંગ પામી ગયેલા. દુન્યવી-રીતે સફળ હોય અને જ્ઞાન અને ચિંતન ઠાંસોઠાંસ ભર્યા હોય એ કારણે પાંચ માણસોમાં પુજાતા હોય એવા જે જુજ સજ્જનો મેં આપણા સમાજમાં જોયા છે, એમાં ચીમનભાઇ એક છે.

એમની લેખનશૈલી સાદી પણ ચિંતનપૂર્ણ હતી. બિનઆડંબરી અને હૃદય સોંસરાં ઉતરી જાય એવાં પ્રવચનો અને એવાં જ સચોટ લખાણો વડે એક વિશાળ ચાહક વર્ગ એ મણે ઉભો કર્યો હતો. એ ક જ કુ ટુંબમાં વસતી ત્રણ ત્રણ પેઢી ઉપર એમના વિચારોની ભૂરકી છંટાઇ હતી. આવા મહાનુભાવની વિદાયે શૂન્યાવકાશ સર્જ્યો છે; પરંતુ એમની પરંપરા જાળવવાની અને એને સંવર્ધવાની જવાબદારી આપણી સૌની છે. ચીમનભાઇએ જીવી જાણ્યું, આપણે પણ જીવી જાણીશું ?

# પ્રતિભાશાળી મહાજન અને તત્ત્વચિંતક

© જયન્તિલાલ આર. શાહ

મૃત્યુ અને જીવન પ્રત્યેકના માટે સનાતન છે. કેટલીક વ્યક્તિઓ એવી હોય છે જેઓ મૃત્યુ પર વિજય મેળવી શકે છે. આવી વ્યક્તિઓનું મૃત્યુ જીવનની સાધનાની પૂર્તિ સમુ બની રહે છે, જે એ સત્યની પ્રતીતિ આપી રહે છે કે જીવન ભલે ક્ષણિક હોય, પણ મૃત્યુ ક્ષણિક નથી. આવું મૃત્યુ અપવાદરૂપ હોય છે. કોઇ તેને ઇચ્છિત મૃત્યુ કહે છે. માનવી જ્યાં સુધી જીવવા ઇચ્છે છે ત્યાં સુધી મૃત્યુ તેને આંબી શકતું નથી, છતાંય માનવીએ મૃત્યુને આવકારવું પડે છે. ધર્મશાસ્ત્રે મૃત્યુને માત્ર દેહરૂપી જીર્ણ વસ્ત્રને બદલાવી નવા દેહરૂપી વસ્ત્રને પરિધાન કરાવનાર પ્રક્રિયા તરીકે મુલવ્યું છે. દેહ નાશવંત છે. આત્મા નાશવંત નથી તેથી તે જીર્ણ દેહ ત્યજી નવો દેહ ધારણ કરે છે.

સ્નેહીવર્ય શ્રી ચીમનભાઇએ પોતાના જીવનને કદાચ આ જ દૃષ્ટિથી મુલવ્યાં મૃત્યુને આવકાર્યાં તા. ૬ ઠ્ઠી ઓક્ટોબરે જણાવ્યું હતું કે 'આ દેહ પર મને લગારે આસક્તિ કે પ્રીતિ નથી. આ દેહે તો મને ઘણું કષ્ટ આપ્યું છે, એ છુટી જાય તો ચિંતા નથી.' આ શબ્દોનું ઉચ્ચારણ કરવું સરળ અને સહેલું નથી. કોઇ સામાન્ય માનવી પોતાના જીવનનો અંત નજીક હોવા છતાંય જીવનનો મોહ છોડી શકતા નથી. જન્મ અને મૃત્યુ આ બન્ને વચ્ચે જે અવકાશ છે તે છે જીવન, સામાન્ય રોજિંદુ જીવન, માનવ આ અવકાશમાં અટવાઇ નિર્ણાયક વલણ લઇ શકતો નથી. એટલે શાસ્ત્રકારોએ માનવીને માયાથી ચાલતા યંત્ર સાથે સરખાવેલ છે.

શ્રી ચીમનભાઇએ 'પ્રબુદ્ધજીવન' માટે તા. ૧૦-૧૧-૧૯૮૨ ના રોજ લખાવેલ પોતાના છેલ્લા લેખમાં વર્ણવ્યું છે કે 'ભારતીય વિચારધારામાં એક પ્રવાહ એવો છે કે બધાય સંબંધો જુઠા છે, મિથ્યા છે. કોઇ કોઇનું સગું નથી. એકલા આવ્યા છીએ અને એકલા જવાનું છે. સદભાગ્યે માણસને આ ઉપદેશની બહુ અસર થતી નથી, કોઇ પ્રસંગને અનુલક્ષીને ક્ષણિક વૈરાગ્ય આવે. એ વાત ખરી છે કે આ બધા સંબંધો અનિત્ય છે, એટલે કે એક દિવસ એનો અંત આવવાનો છે, પણ તે કારણે સંબંધો જુઠા અથવા મિથ્યા નથી. એ જ માનવજીવન છે.'

શ્રી ચીમનભાઇ તત્વદર્શી ચિંતક હતા. એટલે જ તેઓએ જીવનને અનિત્ય તરીકે સ્વીકાર્યા છતાંય તેને મિથ્યા ન માનતા. જીવન તરીકે પારમાર્થિક સ્તર પર મુલવતાં આલેખે છે, કે જે માણસ ખોટા વિચારોથી અથવા સ્વાર્થથી સંકુચિત મન રાખી, આવી જંજાળથી દુર રહેવું માને છે, એનું જીવન ઝાડના સૂકા ઠુંઠા જેવું છે. અલબત, સ્વાર્થના સંબંધો કેટલીય વખત દુઃખમય નીવડે છે. પરમાર્થના સંબંધો પણ કષ્ટમય હોય છે, એટલે કે પારમાર્થિક કાર્યો કરવામાં પણ કષ્ટ વેઠવું પડે છે, પણ એ કષ્ટ જ જીવનનો આનંદ છે.'

શ્રી ચીમનભાઇના આ શબ્દો જ એ વાતની પ્રતીતિ આપે છે કે તેઓનો આત્મા, નજીક હોવા છતાંય તેઓએ સંસારી તરીકેની સાધનામાં જ સંન્યાસી જીવનની સુવાસથી સભર કરી પોતાના જીવનને નહિ પરંતુ પોતાની આજુબાજુના સમગ્ર વાતાવરણને ચેતનાથી ધબકતું રાખ્યું હતું. આ રીતે તેઓ આજીવન કર્મયોગના સાધક બની રહ્યા હતાં.

શ્રી ચીમનભાઇએ પોતાના મૃત્યુના થોડા વર્ષો અગાઉ પોતાના તત્ત્વદર્શન ગ્રંથ અવગાહનમાં 'મરણભય' ના શિર્ષકથી મૃત્યુની મુલવણી કરતાં વિચારો પ્રદર્શિત કર્યા છે. એ વેળા તો મૃત્યુ કર્યાંય દેખાતું ન હતું, છતાંય એમણે મનુષ્ય તરીકે કરેલ વર્ણન એમની ઊંડી ચિંતન દૃષ્ટિનોજ નહિ પણ એક દૃદિવ્ય આત્માનું જ દર્શન અપી રહે છે.

"ઝેર તો પીધાં છે જાણી જાણી" અનુસાર જીવનની અનેકવિધ કડવાશરૂપી ઝેરને તેઓએ પોતાના જીવનમાં પચાવી ધર્મ, સમાજ અને રાષ્ટ્રને પોતાનો અનુભવોની ફલશ્રુતિરૂપે જે પાથેય અર્પ્યું છે, જે માર્ગદર્શન આપેલ છે, એ માત્ર આપણા માટે નહિ, પણ આપણા અનુગામીઓ માટે ધ્રુવતારક બની એમની કર્તવ્ય કેડીને સદાય અજવાળતો રહેશે.

સ્વ. શ્રી પરમાનંદભાઇ કાપડીઆના અનુગામી તરીકે શ્રી ચીમનભાઇએ 'પ્રબુદ્ધ જીવન'ને જે રીતે સંભાળ્યું, આત્મસાત કર્યું એજ એમની કર્તવ્યસાધનાની ઉજ્જવળપુણું પરિપૂર્તિ કહી શકાય. જીવન પ્રત્યેની સભાનતા અને સજ્જતાએ એમને કર્મયોગી બનાવ્યા.

એક બાહોશ ધારાશાસ્ત્રી રાજનીતિજ્ઞ તરીકે, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના એક સેનાની અને ભારતના બંધારણના ઘડવૈયામાંના એક નિષ્ણાત તરીકે, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કારિક અને ધાર્મિક સંસ્થાઓના પ્રેરક તરીકે, સુત્રધાર તરીકે, ગુજરાત સાહિત્ય પરિષદના વર્ષો સુધી મંત્રી, પીઢ પત્રકાર, પ્રતિભાસંપન્ન લેખક તેમજ સમગ્ર જૈન સમાજના અગ્રેસર તરીકે તેઓએ પોતાના જીવનરૂપી કુરુક્ષેત્રમાં એક કુશળ યોધ્ધા જ નહિ, પણ સેનાપતિ તરીકે આજીવન સંઘર્ષમાં એક અણનમ લડવૈયા તરીકે યશસ્વી રહ્યા. એ જ રીતે મૃત્યુ સામે બે બે મહિના સુધી અવિરત લડત આપી. હસતા ચહેરે મૃત્યુનું પ્રતિપાદન દેતા દેતા જે રીતે આપણી સૌ કોઇની વચ્ચેથી વિદાય થયા, એ વિદાય આપણા સૌના માટે પ્રેરણાબળ બની રહે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે ૧૯૪૦ થી ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે તેઓ સંકળાયેલ હતા. વર્ધમાન સ્થાનકવાસી જૈન કલીનીક, શ્રી જૈન એજ્યુકેશન સોસાયટી, પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડીયા, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ઇન્વેસ્ટમેન્ટસ કોરપોરેશન, ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર, ભગવાન મહાવીર ૨૫૦૦ નિર્વાણ સમિતિ વગેરે અનેક પ્રતિભાશાળી સંસ્થાઓ સાથે સંકળાઈ ચિરસ્મરણીય સેવા અર્પી હતી.

શ્રી ચીમનભાઇની વિદાયથી કેવળ જૈન સમાજ માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજ માટે ન પૂરાય તેવી ખોટ પડી છે.

જેમ એમનું જીવન ધન્ય બન્યું એ રીતે જ એમનું મૃત્યુ પણ ધન્યતા અનુભવતું આપણા સૌ કોઇના માટે કર્તવ્યનિષ્ઠાની દેણરૂપ બની રહે છે.

જીવનની અંતિમ પળ સુધી સજાગ રહેનાર આ મહાન આત્મા એમના અક્ષરદેહે આપણા સૌ કોઇના માટે એક જીવંત આદર્શરૂપ બની રહે એજ પ્રાર્થના.

# ચીમનલાલ ચકુભાઈ શાહ

ડૉ. રમણલાલ ચી. શાહ

ચીમનભાઇ એટલે આપણા રાષ્ટ્ર સ્થવીરોમાંના એક, તેઓ પોતાનો મોટા ભાગનો સમય વિવિધ સામાજિક, ધાર્મિક, ને સાંસ્કારિક પ્રવૃત્તિઓનાં સંચાલન અને માર્ગદર્શનમાં તેમજ લેખન, અધ્યયન અને મનનચિંતનમાં પસાર કરતા હતા.

ચીમનભાઇ એટલે સેલ્ફ મેઇડ મેન. એમનું જીવન એટલે શૂન્યમાંથી સર્જન. એમનું જીવન એટલે પ્રબળ પુરુષાર્થની ગૌરવગાથા.

ચીમનભાઇનો જન્મ સૌરાષ્ટ્રમાં લીમડી પાસે પાણસીણા ગામમાં ઇ. સ. ૧૯૦૨ના માર્ચની ૧૧ મી તારીખે સ્થાનકવાસી જૈન કોમમાં થયો હતો. એમના પિતા ચકુભાઇ ગુલાબચંદની આર્થિક સ્થિતિ સારી નહિ એટલે ઇ. સ. ૧૯૦૦માં તેઓ મુંબઇમાં નોકરી કરવા આવ્યા. મુંબઇમાં ઝવેરી બજારમાં સુથારચાલમાં એક નાનકડી ઓરડીમાં રહેતા અને દવા બજારમાં દવાની એક દુકાને નોકરી કરતા. બાળક ચીમનભાઇ બે વર્ષના થવા આવ્યા ત્યાં એમની માતાનું અવસાન થયું. પિતા ચકુભાઇ ભરયુવાન વયે વિધુર થયા. બીજા લગ્ન કર્યાં. અપર માતા રંભાબહેને બાળક ચીમનભાઇને પોતાના જ સંતાનની જેમ ઊછેર્યો-એટલી બધી સારી રીતે કે ચીમનભાઇને પોતાની જન્મદાત્રી માતા જુદી છે એવી ખબર સુદ્ધાં પડવા દીધી નહિ. રંભાબહેનને પોતાનું કોઇ સંતાન થયું નહિ એથી પણ એમનું સમગ્ર વાત્સલ્ય ચીમનભાઇ પર વરસ્યું. એથી ચકુભાઇ, રંભાબહેન અને ચીમનભાઇ એ ત્રણ સભ્યોના કુટુંબમાં કોઇ કૌટુંબિક વિસંવાદ કે સંઘર્ષને અવકાશ રહ્યો નહિ.

પ્રાથમિક શિક્ષણ પાણસીણામાં અને માધ્યમિક શિક્ષણ મુંબઇની બાણુ પન્નાલાલ હાઇસ્કુલમાં તથા ભરડા હાઇસ્કુલમાં લઇને ચીમનભાઇએ તેજસ્વી કારકિર્દી સાથે મેટ્રિકની પરીક્ષા ૧૯૧૯માં અમદાવાદમાં આપી. પણ પરીક્ષાના દિવસો દરમિયાન જ અમૃતસરમાં જલિયાંવાલા બાગનો બનાવ બન્યો અને ભારતભરમાં જાણે અગ્નિ-જ્વાળા ફાટી નીકળી. અમદાવાદમાં પણ તોફાનો થયાં અને વિદ્યાર્થીઓએ મેટ્રિકની પરીક્ષા માટેના શર્મીઆણા બાળી નાખ્યા. ભૂમિતિના પેપરની પરીક્ષા અધૂરી રહી અને થોડા સમય પછી તે વડોદરામાં લેવાનું નક્કી થયું. પરંતુ તે દરમ્યાન ચીમનભાઇના લગ્નની મિતિ નક્કી થઇ ગઇ હતી. ભૂમિતિની પરીક્ષા ન આપે તો ટકા ઓછા આવે. નાપાસ થવાનો પ્રશ્ન નહોતો, કારણ કે ગણિતના બીજા બે પેપરો સારા ગયા હતા. સત્તર વર્ષની વયે ચીમનભાઇનાં અજવાળીબહેન સાથે લગ્ન થયાં.

મેટ્રિકમાં પૂરી તૈયારી છતાં સંજોગવશાત્ પ્રથમ વર્ગ ન મળ્યો. બીજી બાજુ ગૃહસ્થજીવનમાં પ્રવેશ કર્યો. એ જમાનામાં મેટ્રિક સુધીનો અભ્યાસ ઓછો ન ગણાતો. પરંતુ ચીમનભાઇની ઇચ્છા કૉલેજમાં અભ્યાસ કરવાની હતી. આર્થિક સ્થિતિને કારણે પિતાશ્રીની ઇચ્છા એમને નોકરીએ બેસાડવાની હતી. છેવટે એક વર્ષ માટે ભણવાની છુટ મળી ને તેઓ મુંબઇમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા.

એ દિવસોમાં એલ્ફિન્સ્ટન જેવી કૉલેજમાં અભ્યાસ કરવો એ મોટા ગૌરવની વાત ગણાતી. આખા મુંબઇ ઇલાકામાં ગણીગાંઠી કૉલેજો હતી અને તેમાં સર્વશ્રેષ્ઠ તે એલ્ફિન્સ્ટન. પ્રિન્સિપલ તરીકે કોઇ અંગ્રેજ જ હોય. ચીમનભાઇના વખતમાં પ્રિન્સિપલ કેન્વર્ટન્ટ હતા અને અધ્યાપકોમાં નરસિંહરાવ દિવેટિયા, સંસ્કૃતના સમર્થ પંડિત એ. બી. ગજેન્દ્રગડકર અને ફિલોસોફીના પ્રખર અભ્યાસી ડિ-અન્દ્રાદે હતા. ચીમનભાઇ એ દિવસોમાં એમના પિતાશ્રી સાથે કાલબાદેવીમાં એક ચાલમાં રહેતા. ઓરડીમાં વીજળીની બત્તી પણ નહોતી. પોતે ચાલીમાં સૂઇ રહેતા અને ચાલીની બત્તીએ વાંચતા. કાલબાદેવીથી એલ્ફિન્સ્ટન કૉલેજ સુધી ટ્રામમાં એક આનાની ટિકિટ હતી એ પણ પરવડે તેવી સ્થિતિ નહોતી, એટલે રોજ કૉલેજ ચાલીને જતા અને ચાલીને પાછા આવતા.

પહેલા વર્ષનો અભ્યાસ પૂરો થયો અને ઉનાળાની રજાઓ પડી કે તરત પિતાશ્રીએ એમને ઠાકરસી મૂલજીની ઓફિસમાં નોકરીએ બેસાડી દીધા. પરંતુ પરીક્ષાનું પરિણામ જ્યારે આવ્યું ત્યારે તે ઘણું જ સારું હતું. ચીમનભાઇને સરકાર તરફથી શિષ્યવૃત્તિ મળી-આગળ અભ્યાસ ચાલુ રાખે એ શરતે. તે સ્વીકારવી કે નહિ એ પ્રશ્ન હતો. કુટુંબ ઉપર ભણવાનો આર્થિક બોજો નહોતો એટલે એક વધુ વર્ષ ભણવાની છૂટ મળી. વળી પરિણામ સારું આવ્યું, શિષ્યવૃત્તિ મળી ને વળી અભ્યાસ કરવાની મર્યાદા લંબાવાઇ. એમ કરતાં બી. એ., એમ. એ. ને એલએલ. બી. થયા. ઘણું ખરું પહેલો નંબર મેળવતા. એમ. એ. માટે કાશીનાથ તેલંગ સુવર્ણચન્દ્રક અને એલએલ. બી. માટે યુનિવર્સિટી સુવર્ણચન્દ્રક મળ્યા. કૉલેજમાં બે વર્ષ માટે 'દક્ષિણાફેલો' તરીકે નિમાયા.

એ દિવસોમાં સુશિક્ષિતોમાં એકબીજાને નામના આદ્યાક્ષરથી બોલાવવાની પદ્ધતિ વિશેષપ્રચલિત હતી ચીમનલાલ ચકુભાઇ એટલે 'સી. સી.' પણ એલ્ફિન્સ્ટનમાં એમની સાથે બીજા પણ એક સી. સી. હતા, તે આપણા જાણીતા કવિ અને નાટ્યકાર ચંદ્રવદન ચીમનલાલ મહેતા. એમના વર્ષોમાં એમની સાથેના બીજા તેજસ્વી વિદ્યાર્થીઓમાં અશોક મહેતા, યુસુફ મહેરઅલી, મીનુ મસાણી, સીરવાઇ (એડવોકેટ જનરલ), કવિ ભાનુશંકર વ્યાસ (બાદરાયણ), કવિ અમીદાસ કાણકિયા વગેરે હતા. વિદ્યાર્થીકાળે ચીમનભાઇનો સ્વભાવ સંકોચશીલ હતો. તેનું મુખ્ય કારણ એ હતું કે બોલતી વખતે તેમની જીભ તોતડાતી હતી. બીજું કારણ નબળી આર્થિક સ્થિતિ હતી. પરંતુ તેમનામાં ગજબનો આત્મવિશ્વાસ હતો. તેમણે દૃઢ સંકલ્પ કર્યો હતો કે તોતડાપણા ઉપર વિજય મેળવવો અને ડેમોસ્થિનિસની જેમ સારા વક્તા થવું તથા પ્રબળ પુરુષાર્થ કરી આર્થિક સ્થિતિ સુધારવી. બી. એ. અને એમ. એ.માં એમણે મુખ્ય વિષય તત્ત્વજ્ઞાનનો લીધો હતો. પ્લેટો, સોક્રેટિસ, એરિસ્ટોટલ, કેન્ટ, હેગલ વગેરેનાં લખાણોની એમના જીવન ઉપર મોટી અસર પડી અને તર્કયુક્ત વિચારણાની ટેવ પડી. એલએલ. બી.ના અભ્યાસથી દરેક પરિસ્થિતિનો બારીકાઇથી વિચાર કરવાની અને શબ્દેશબ્દ તોળી તોળીને બોલવા લખવાની ટેવ પડી.

ચીમનભાઇ એમ. એ. માં પ્રથમ નંબરે આવ્યા એટલે

પ્રિન્સિપલ હેમ્પટને તેમને પોતાની ધારવાડની કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાવા માટે નિમંત્રણ આપ્યું. પ્રિન્સિપલ રાનડેએ તેમને પોતાની કૉલેજમાં આવવા કહ્યું. પરંતુ ચીમનભાઇએ વકીલાતના વ્યવસાયમાં જવાનું નક્કી કર્યું. એ વ્યવસાયમાં એડવોકેટ થવું કે સોલિસિટર થવું એ પ્રશ્ન હતો. પોતાની મોલવાની મર્યાદાનો ખ્યાલ રાખી ચીમનભાઇએ અધ્યાપક કે એડવોકેટને બદલે સોલિસિટર થવાનો નિશ્ચય કર્યો અને 'કેપ્ટન એન્ડ વૈદ્ય'ની પેઢીમાં આર્ટિકલ કરી ૧૯૨૮માં સોલિસિટર થયા કે તરત જ પેઢીએ એમને માસિક અઢીસો રૂપિયાના પગારે નોકરીમાં રાખી લીધા. સમય જતાં એમણે પોતાની જુદી પેઢી ચાલુ કરી.

અભ્યાસના સતત પરિશ્રમને લીધે સોલિસિટર થતાં સુધીમાં તો ચીમનભાઇને આંતરડાના ક્ષયનો રોગ લાગુ પડ્યો. ઓપરેશન કરાવવું પડ્યું અને ડૉક્ટરોએ મુંબઇ છોડવાની સલાહ આપી. પણ મુંબઇ સિવાય સોલિસિટરનો વ્યવસાય ચાલે નહિ, એટલે ગમે તે સંજોગોમાં મુંબઇમાં રહેવાનો જ નિશ્ચય કર્યો અને પરિણામે તે છેવટ સુધી ચાલુ રહ્યા. એવા નબળા શરીર પાસેથી પણ મજબૂત મનથી કામ લીધા કર્યું.

કૉલેજમાં હતા ત્યારથી જ ચીમનભાઇને જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં રસ હતો પોતાને પડ્યા તેવાં કષ્ટો બીજાઓને ન પડે તે માટે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ થવી જોઇએ એવી એમને ભાવના હતી અને એ માટે ધગશપૂર્વક કામ કરવા તેઓ ઉત્સુક હતા. વિદ્યાર્થી તરીકેની એમની તેજસ્વિતાથી સ્થાનકવાસી જૈન સમાજ સુપરિચિત થયો હતો. એટલે જ ૧૯૨૭ માં મુંબઇમાં જ્યારે સ્થાનકવાસી કૉન્ફરન્સનું અધિવેશન યોજાયું ત્યારે પચ્ચીસ વર્ષની યુવાન વયે સ્વાગત સમિતિના મંત્રી તરીકે એમની નિમણૂક થઇ. ત્યારથી એ કૉન્ફરન્સમાં એમણે સક્રિય કામ કર્યું અને વર્ષો સુધી મંત્રી તરીકે રહ્યા.

ઈ. ૧૯૩૦ ની સાલથી એમણે કૉંગ્રેસની લડતોમાં ભાગ લેવો શરૂ કર્યો. એ પહેલાં કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવાનું તો એમણે ૧૯૨૧ થી કૉલેજમાં ભણતા હતા ત્યારથી શરૂ કર્યું હતું. ઇ. ૧૯૩૪ માં એમણે Socialism in India નામનો લેખ લખ્યો. એની એક નકલ એમણે જવાહરલાલ નેહરુને જોવા માટે મોકલી એજ વર્ષે જવાહરલાલે કૉંગ્રેસમાં પોતાના સમાજવાદી વિચારોની ઘોષણા કરી હતી. આથી ચીમનભાઇનો લેખ વાંચી તેઓ પ્રભાવિત થયા. એમણે એ લેખ જયપ્રકાશ નારાયણને વાંચવા માટે આપ્યો અને એ લેખના લખનાર કોણ છે અને શું કરે છે તેની તપાસ કરવાનું એમને કહ્યું. જયપ્રકાશ તપાસ કરતા કરતા મુંબઇમાં ચીમનભાઇની ઑફિસે આવી પહોંચ્યા. ઘણા વિચારોની આપ-લે થઇ. લેખ પુસ્તિકારૂપે છપાયો. અને જવાહરલાલે એની પ્રસ્તાવના લખી આપી. આમ, બત્રીસ વર્ષની યુવાન વયે ચીમનભાઈ જવાહરલાલ અને જયપ્રકાશના સંપર્કમાં આવ્યા.

ઇ. ૧૯૩૭ માં તે સમયની બ્રિટિશ સરકારે કરેલી ઘોષણા અનુસાર મુંબઇ રાજ્યમાં કૉંગ્રેસ સત્તા ઉપર આવી. બાલાસાહેબ ખેર મુખ્ય પ્રધાન થયા અને ગૃહપ્રધાન બન્યા. કનૈયાલાલ મુનશી. તે સમયે ત્રધાનમંડળે નિર્ણય લીધો કે સરકારી સૉલિસિટર કોઇ અંગ્રેજ નહિ પણ હિંદી હોવો જોઇએ. એ માટે પસંદગી થઇ ચીમનભાઇની. તેઓ સરકારના પ્રથમ હિંદી સૉલિસિટર થયા. અલબત્ત, સરકારી રીતરસમ કાયદે, એવી નહોતી, પગાર પણ ઓછો હતો, રાજીનામું આપવાનું મન થઇ આવતું, છતાં મુનશીના આગ્રહને લીધે એ સ્થાન પર ટકી રહ્યા. તે ૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડત સુધી.

આ સમય દરમિયાન, આઝાદી માટેની ચળવળ વધતી વધતી દેશી રાજ્યોમાં પણ પહોંચી. સૌરાષ્ટ્રમાં રાજકોટ, લીંબડી અને ધ્રાંગધ્રામાં મોટા પાયા પર લડત ચાલી. એને દબાવી દેવા માટે રાજ્ય તરફથી દમન અને અત્યાચાર થયા. લીંબડીમાં લડતે ગંભીર સ્વરૂપ લીધું. લગભગ છ હજાર માણસોએ લીંબડીમાંથી હિજરત કરી. એમાં ચીમનભાઇનાં માતાપિતા પણ હતાં. લીંબડીના અત્યાચારોનો અહેવાલ તૈયાર કરવાનું કાર્ય સરદાર પટેલે ચીમનભાઇને સોંપ્યું ને એમણે પાંચ વર્ષ ચાલેલી એ લડતનો ઇતિહાસ 'Lawless Limbdi'ના નામથી લખ્યો. સરદાર પટેલે એની પ્રસ્તાવના લખી. ભારતની સ્વતંત્રય લડતનું સમાધાન વિચારવા સર સ્ટેફર્ડ ક્રિપ્સ હિંદ આવ્યા ત્યારે દેશી રાજ્યોની પરિષદના પ્રમુખ ડૉ. પટ્ટાભી સીતારામૈયાએ ક્રિપ્સને દેશી રાજ્યોની પરિસ્થિતિથી વાકેફ કરવા માટે આ પુસ્તક આપ્યું. લીંબડીની લડત પાંચ વર્ષ ચાલી. દરમિયાન રાજા સગીર હોવાથી ૧૯૪૪માં બ્રિટિશ સરકારી એડમિનિસ્ટ્રેટર સાથે લડતનું સમાધાન થયું. હિજરતીઓ લીંબડીમાં પાછા ફર્યા. આ સમાધાન કરાવવામાં ચીમનભાઇએ મુખ્ય ભાગ ભજવ્યો. આ સમય દરમિયાન તેઓ ત્યારના અગ્રણી કૉંગ્રેસ કાર્યકર અને પાછળથી કૉંગ્રેસ પ્રમુખ થએલા ઢેબરભાઇ સાથે પરિચયમાં આવ્યા.

ઇ. ૧૯૪૬ માં મુંબઇ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં એક ઉમેદવાર તરીકે ચીમનભાઇની પસંદગી થઇ. તેઓ જીત્યા ને ૧૯૪૮ માં બીજી વાર પણ ચૂંટણીમાં જીત્યા. આમ, સતત છ વર્ષ મુંબઇ શહેરના પ્રશ્નોમાં એમણે સક્રિય રસ લઇ માર્ગદર્શન આપ્યું. કૉર્પોરેશનની જુદી જુદી કમિટીઓના સભ્યપદે પણ તેઓ રહ્યા હતા. ઇ. ૧૯૪૭ માં તેમણે જૂનાગઢમાં આરઝી હકૂમતની સ્થાપનામાં સરદાર પટેલની દેખરેખ નીચે ઢેબરભાઇ સાથે મહત્વનું કાર્ય કર્યું.

સ્વરાજ્ય મળ્યા પછી ૧૯૪૮ થી ચીમનભાઇની એક મુખ્ય કામગીરી તે બંધારણસભા (Constituent Assembly) ના સભ્ય તરીકેની હતી. તેઓ પ્રખર બંધારણશાસ્ત્રી હતા ને બંધારણના વિષયના નિષ્ણાત હતા એટલે બંધારણસભાને તેમની શક્તિનો સારો લાભ મળ્યો. એમના કાર્યની જવાહરલાલ, ઢેબરભાઇ, દાદાસાહેબ માવલંકર વગેરેએ પ્રશંસા કરી એટલું જ નહિ, લોકસભાની ચૂંટણીના ઉમેદવાર તરીકે એમની પસંદગી કરી તેમાં પણ તેઓ સફળ થયા અને ત્યાં તેમની શક્તિનો સૌને સવિશેષ પરિચય થયો. ઇ. ૧૯૫૦ માં ન્યૂઝીલેન્ડમાં કૉમનવેલ્થ પાર્લામેન્ટરી કૉન્ફરન્સ થઇ તેમાં ભારતીય પ્રતિનિધિ મંડળના એક સભ્ય તરીકે તેમની પસંદગી થઇ. ત્યાર પછી ૧૯૫૩માં વૉશિંગ્ટનમાં ઇન્ટરપાર્લામેન્ટરી યુનિયનનું અધિવેશન યોજાયું, તેમાં પણ ચીમનભાઇની નિયુક્તિ થઇ. વળી એજ વર્ષે સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળ મોકલવાનું હતું. એ પ્રતિનિધિમંડળમાં પણ ચીમનભાઇને લેવામાં આવ્યા. આમ, ૧૯૪૮થી ૧૯૫૭ સુધી ચીમનભાઇએ દિલ્હીમાં રહી કેન્દ્ર સરકારની કામગીરીમાં પોતાનો યશસ્વી ફાળો આપ્યો. ભાષાકીય ધોરણે રાજ્યોની પુનઃરચના કરવામાં આવતી હતી તે સમયે એમણે

લોકસભામાં કરેલું પ્રવચન યાદગાર બની ગયું.

ઇ. ૧૯૩૭ માં ચીમનભાઇ કનૈયાલાલ મુનશીના પ્રથમ સંપર્કમાં આવ્યા. એમની લેખનશક્તિ તથા મૌલિક ચિંતનશક્તિથી પ્રભાવિત થએલા મુનશીએ એમને ગુજરાતી સાહિત્ય પરિષદની કારોબારી સમિતિમાં લીધા અને ૧૯૩૯ થી ૧૯૫૧ સુધી એમ સતત બાર વર્ષ સુધી ચીમનભાઇએ ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે સેવાઓ આપી. એમણે અમદાવાદ, લાઠી, નાગપુર, જૂનાગઢ, નવસારી વગેરે સ્થળે ભરાએલાં અધિવેશનોમાં હાજરી આપી એ અધિવેશનોની પૂર્વતૈયારીઓ કરવામાં, વહીવટી આયોજન કરવામાં અને અધિવેશન પછી એના અહેવાલો તૈયાર કરવામાં પુષ્કળ સમય આપ્યો. એમની કામગીરીથી પ્રસન્ન થઇ મુનશીએ એમને ભારતીય વિદ્યાભવનની કારોબારી સમિતિમાં પણ લીધા. સાહિત્ય પરિષદના મંત્રી હતા ત્યારે ચીમનભાઇની લેખનપ્રવૃત્તિ ઠીક ચાલતી. સ્વ. રામનારાયણ પાઠક ત્યારે 'પ્રસ્થાન'ના તંત્રી હતા. એમની સૂચનાથી ચીમનભાઇ 'પ્રસ્થાન'માં નિયમિત નોંધ લખતા. ત્યાર પછી એ પ્રવૃત્તિ મંદ પડી. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષથી તેઓ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી થયા ત્યાર પછી એમની લેખન પ્રવૃત્તિ ફરીથી નિયમિત ચાલી. એમના ચિંતનાત્મક લેખોનું પુસ્તક 'અવગાહન'ના નામથી ઇ. સ. ૧૯૭૭માં પ્રગટ થયું. "ભગવાન મહાવીર' અને 'આલ્બર્ટ સ્વાઇત્ઝર' એ બે પરિચય-પુસ્તિકાઓ પણ એમણે લખી હતી. પત્રકારત્વના અને કેળવણીના ક્ષેત્ર સાથે પણ ચીમનભાઇને ગાઢ સંપર્ક રહ્યો હતો. તેઓ ૧૯૩૯ થી 'જન્મભૂમિ' અને એનાં બીજા પત્રો સાથે સંકળાએલા હતા. કેટલોક સમય એ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે એમણે કામ કર્યું અને એ પછી એના પ્રમુખ બન્યા. ઇ. ૧૯૫૫માં તેઓ પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયામાં ડાયરેક્ટર તરીકે જોડાયા હતા, ત્યાર પછી એના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તેઓ બીજી વાર પણ એના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તેઓ 'ફ્રી પ્રેસ' જૂથ, 'એકસપ્રેસ' જૂથ અને 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' જૂથનાં પત્રો અને કામગીરીથી તથા એના કર્મચારીઓના પ્રશ્નોથી પણ સુમાહિતગાર હતા. કારણ કે વર્ષો સુધી એ પત્રોના સોલિસિટર તરીકે એમણે કામ કર્યું હતું.

ચીમનભાઇને કેળવણીના ક્ષેત્રમાં જીવંત રસ હતો. કોલેજમાં અધ્યાપક થવાની ૩૭ વર્ષની વયે સંજોગવશાત્ એમણે ન સ્વીકારી, પરંતુ કચ્છે યુનિવર્સિટીની મુંબઇની કોલેજની સ્થાપના થઇ ત્યારે પોતાનો વ્યવસાયની સાથે સાથે તેમાં કેટલાંક વર્ષ માનાર્હ અધ્યાપક તરીકે પણ કામ કર્યું ને તે પછી વર્ષોથી એ યુનિવર્સિટીની સેનેટ ને સિન્ડિકેટના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. મુંબઇમાં જૈન કેળવણી મંડળ, જેના હસ્તક ઘણી સંસ્થાઓ ચાલે છે, તેમાં એના સ્થાપનાકાળથી છેવટ સુધી તેઓ મંત્રી રહ્યા. વળી અંધકૃત જૈન વિદ્યાર્થીગૃહ અને લીંબડી કેળવણી મંડળમાં એના પ્રમુખ તરીકે પણ તેઓએ કાર્ય કર્યું.

કેળવણીની પેઠે તબીબી રાહતના ક્ષેત્રે પણ એમની સેવાઓ નોંધપાત્ર રહી હતી. મુંબઇમાં કોનવેસ્ટ જૈન ક્લિનિક, જે ગરીબો ને મધ્યમ વર્ગોના માણસો માટે આશીર્વાદરૂપ છે, તેના તેઓ આદ્યસ્થાપક અને ત્રીસ વર્ષથી પ્રમુખ હતા. તેવી જ રીતે સૌરાષ્ટ્ર મેડિકલ સેન્ટર અને સુરેન્દ્રનગર સી. યુ. શાહ ટી. બી. હોસ્પિટલના તેઓ શરૂઆતથી અંત સુધી પ્રમુખ રહ્યા.

ચીમનભાઇ કાયદાનાં નિષ્ણાત હોવાથી કેન્દ્ર અને રાજ્યોની સરકારની એ વિષયની ઘણી જુદી જુદી સમિતિઓમાં વખતોવખત એમણે કામ કર્યું હતું અને જુદા જુદા ધારાઓ ઘડવામાં સરકારને મદદરૂપ થયા હતા. ગુજરાત સરકારના ઔદ્યોગિક વિકાસ નિગમના પ્રમુખ તરીકે પણ એમણે સેવા આપી હતી.

ચીમનભાઇ, લોકસભાના સભ્ય હતા ત્યારે તેમની તબિયત અસ્વસ્થ રહેતી હતી. લોકસભામાંથી નિવૃત્ત થઇ ૧૯૫૭ માં મુંબઇ આવ્યા અને ડોકટરને બતાવ્યું. ડોકટરે કહ્યું કે આંતરડામાં કેન્સરની ગાંઠ હશે. ઇ. ૧૯૫૯ માં ઓપરેશન કરાવ્યું છતાં આંતરડામાંથી કશું નીકળ્યું નહિ. પરંતુ આંતરડાં નબળાં પડી ગયાં હતાં અને પાચનશક્તિ સાવ મંદ પડી ગઇ હતી એ સાચું. એથી ચીમનભાઇએ ખાવાપીવામાં ખૂબ કાળજી રાખવાનું અને નિયમિત ફરવા જવાનું ચાલુ કર્યું હતું અને ઘર છોડી મુંબઇ બહાર રહેવું પડે એવી રાજદ્વારી કે બીજા પ્રકારની નિમણૂક સ્વીકારવાનું માંડી વાળ્યું હતું. પરિણામે મુંબઇની ઘણી સંસ્થાઓને એમની સેવાઓનો સારો લાભ મળ્યો. તેઓ જે સંસ્થાઓમાં જોડાય તે સંસ્થાને આર્થિક રીતે સધ્ધર બનાવી આપતા અને એની પ્રવૃત્તિઓની ક્ષિતિજ વિસ્તારી આપતા. ફંડફાળાની શરૂઆત પોતાનાથી જ કરે અને મિત્રો, સંબંધીઓ તથા અન્ય દાતાઓ પાસેથી સારી રકમ મેળવી આપતા. લોકોને તેમનામાં ઘણો વિશ્વાસ અને તેથી તેમના હાથે લાખો રૂપિયાનાં ફંડ જુદા જુદા હેતુઓ માટે થયાં. તેઓ ભારત જૈન મહામંડળ અને ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રમાં અગ્રસ્થાન ધરાવતા હતા. અને દેશમાં જ્યાં અને જ્યારે કુદરતી આપત્તિ આવી પડે ત્યારે એ કેન્દ્ર તરફથી રાહતકાર્ય માટે તેમના દ્વારા ઘણી મોટી રકમનાં ફંડ એકત્ર થયા હતા. ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે રાષ્ટ્રીય સમિતિના મંત્રી તરીકે તેમણે ઘણું સંગીન કાર્ય કર્યું.

ચીમનભાઇ પચીસથી વધુ સંસ્થાઓમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી કે ટ્રસ્ટીનો હોદ્દો ધરાવતા હતા. આટલી બધી સંસ્થાઓનાં કામને તેઓ એકલે હાથે કેવી રીતે પહોંચી વળતા હતા. એવો પ્રશ્ન થાય. એનો જવાબ એ છે કે ચીમનભાઇ અત્યંત કુશળ વહીવટકર્તા હતા, દરેક બાબતનો પુખ્ત અને ઝીણવટભર્યો વિચાર કરતા પરંતુ નિર્ણય ત્વરિત લે. ફાલતુ વાતચીત અને ચર્ચાઓમાં સમયને વેડફાઇ જવા દેતા નહિ, અને પોતાના હાથ નીચેના માણસોમાં પૂર્ણ વિશ્વાસ મૂકી તેમની પાસેથી હોંશથી કામ લેતા. ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં તેઓ પોતાના મનની સમતુલા અને સ્વસ્થતા ગુમાવતા નહિ. સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા હોવા છતાં અંતરથી તેઓ અલિપ્ત રહી શકત. કારણ કે તેમની વિચારણાના પાયામાં ધર્મ અને તત્ત્વજ્ઞાન રહેલાં હતા. પહેલેથી તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી હોઇ ભગવાન મહાવીર, બુદ્ધ, ક્રાઇસ્ટ વગેરેનો એમના જીવન ઉપર પ્રભાવ પડે એ સ્વાભાવિક હતું. તદુપરાંત ગાંધીજી, રાજચંદ્ર, સોક્રેટિસ, ટોલ્સ્ટોય, આલ્બર્ટ સ્વાઇત્ઝર વગેરેનો પણ એમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. અને એમના જીવન વિકાસમાં એ મહાપુરુષોનો પણ મહત્વનો ફાળો હતો.

સામાજિક ક્ષેત્રે, વિશેષત : મુંબઇમાં ચીમનભાઇનું સ્થાન ઘણું મોટું હતું. લોકસેવાનાં અનેક કાર્યો એમનાં હાથે થયાં. એમની ૭૧ મી જન્મજયંતી પ્રસંગે એમના મિત્રો અને પ્રશંસકોએ એમને સાડા ત્રણ લાખ રૂપિયાની થેલી અર્પણ કરી હતી. ચીમનભાઇએ એમાં પોતાનાં તરફથી રૂા. ૭૬,૦૦૦

ઉમેરીને તે રકમનું 'માનવ રાહત ટ્રસ્ટ' કર્યું, જેમાંથી દર વર્ષે લગભગ ચાલીસ હજાર રૂપિયાની સહાય ગરીબોને અપાય છે. તેવી જ રીતે એમની તોંતેરમી જન્મજયંતી પ્રસંગે ઝાલાવાડી સભા જેના તેઓ ત્રીસ વર્ષથી પ્રમુખ હતા, તેના સભ્યોએ એમને ચાર લાખ રૂપિયાની થેલી અર્પણ કરી, જેમાં ચીમનભાઇએ રા. ત્રીસ હજાર ઉમેર્યા. એ રકમનું ચીમનભાઇના નામથી ઉચ્ચ 'શિક્ષણ ફંડ' સ્થાપવામાં આવ્યું જેમાંથી દર વર્ષે રૂપિયા પચાસ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તરીકે અપાય છે. ચીમનભાઇ પ્રત્યે લોકોને કેટલો પ્રેમાદર હતો. તેની સાક્ષી આ ઘટનાઓ છે.

ચીમનભાઇ જેમ ચિંતનશીલ લેખક હતા તેમ કુશળ વક્તા અને વ્યાખ્યાતા પણ હતા. લેખનમાં તેમ વક્તૃત્વમાં ગુજરાતી તેમજ અંગ્રેજી એ બંને ભાષા પર તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવતા હતા. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રતિ વર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ૧૯૩૬થી છેલ્લી વ્યાખ્યાનમાળા સુધી દર વર્ષે તેઓ કોઇ એક વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપતા આવ્યા હતા એમના વક્તવ્યમાં હમેશાં ગહનતા, મૌલિકતા, નવો અભિગમ અને તાજગી રહેલાં હતા. તેમની વાણી સ્પષ્ટ ને સચોટ હતી અને શ્રોતાઓ પર તેનો ઊંડો પ્રભાવ પાડતી. સ્વ. પરમાનંદ કાપડિયાના અવસાન પછી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીપદની જવાબદારી ચીમનભાઇના માથે આવી પડી. એથી મોટો લાભ એ થયો કે વર્તમાન ભારતીય અને આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ને ઇતર ઘટનાઓ વિષેના તેમના વિચારો, પહેલાં તેમના એ વિષેનાં વ્યાખ્યાનો દ્વારા ફક્ત થોડાક શ્રોતાઓને જ જાણવા મળતા હતા તે 'પ્રબુદ્ધ જીવન'ના વિશાળ વાચક વર્ગને સુલભ થયા. તદુપરાંત એના પ્રત્યેક અંકમાં કોઇ એક વિષય ઉપર તેમનો મનનીય લેખ પણ રહેતો એમાં એમના સન્નિષ્ઠ ને પારદર્શક વ્યક્તિત્વનો આપણને પરિચય થાય છે. એમની શૈલી ગાંધીજીની ગદ્યશૈલીની આપણને યાદ અપાવે એવી. ચીમનભાઇની એક મોટી સેવા એ હતી કે દેશમાં જ્યારે કટોકટીનું શાસન લાદવામાં આવ્યું અને વાણીસ્વાતંત્ર્ય છીનવી લેવામાં આવ્યું ત્યારે તેની સામે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા એમણે પૂરી નિર્ભયતાથી પોતાનો બુલંદ અવાજ ઉઠાવ્યો. એ દિવસો દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' ઉપર સતત ભય તોળાતો રહ્યો, ને ચીમનભાઇની ઘરપકડની અફવાઓ વારંવાર મુંબઇમાં ફેલાતી રહી, પરંતુ એમની સાચી નિષ્ઠા અને ઉચ્ચ ચારિત્ર્યશીલતાને લીધે સરકારે સદ્બુદ્ધિપૂર્વક એવું કોઇ પગલું લીધું નહિ. કટોકટી દરમિયાન ચીમનભાઇએ મુક્ત વિચારણા દ્વારા કરેલી દેશસેવા યાદગાર બની રહેશે.

શ્રી ચીમનભાઇનું પરિણીત જીવન બહુ ઉત્સાહપ્રેરક નં હતું. ચીમનભાઇનાં લગ્ન સત્તર વર્ષની વયે એમના દાદાએ નક્કી કરેલી કન્યા સાથે થયાં. એ જમાનાની કેટલી યે તેજસ્વી વ્યક્તિઓના જીવનમાં બન્યું હતું તેમ પતિપત્ની વચ્ચે અભ્યાસ, સંસ્કાર વગેરેનું અંતર રહેતું. ચીમનભાઇ સોલિસિટર થયા હતા અને એમનાં પત્ની અંજવાળીબહેન અલ્પશિક્ષિત હતાં. બંનેની પ્રકૃતિ વચ્ચે પણ અંતર હતું. પત્નીનો સ્વભાવ વિશેષ બહિર્મુખ, એકલતાથી, શાંત છતાં આગ્રહી હતો. ચીમનભાઇની જાહેર જીવનની પ્રવૃત્તિઓ પત્નીને બહુ પસંદ નહોતી. પરિણામે દાંપત્યજીવનમાં કયારેક ઘર્ષણ થયા કરતું. ત્રણેક વખત પત્નીએ માનસિક સમતુલા ગુમાવી હતી, પરંતુ તબીબી સારવારથી સારું થઇ ગયું હતું. આવી વ્યથાભરી પરિસ્થિતિમાં પણ ચીમનભાઇએ પૂરી સ્વસ્થતા, ધૈર્ય અને નિષ્ઠાથી પોતાનું ગૃહજીવન નભાવ્યું. પોતાની જાહેર જીવનની પ્રવૃત્તિઓ ઉપર તેની અસર પડવા ન દીધી. કેટલેક અંશે એ ગૃહજીવન જાહેરજીવનને પોષક બન્યું. માંદગી દરમિયાન એમણે પત્નીની સારી ચાકરી કરી. ઉત્તરાવસ્થામાં પત્નીનું માનસપરિવર્તન થયું હતું. વારંવાર તેઓ ચીમનભાઇ માટે હૃદયની શુભેચ્છા વ્યક્ત કરતાં. ઈ. ૧૯૭૩માં લગભગ બે વર્ષના માંદવાડ પછી એમનું અવસાન થયું. ત્યાર પછી ૧૯૭૬ માં ચીમનભાઇનાં માતાનું ૮૭ વર્ષની વયે સમાધિપૂર્વક અવસાન થયું.

ચીમનભાઇને સંતાનોમાં બે પુત્રો છે. મોટા પુત્ર મનસુખભાઇ એમની સાથે વકીલાતના વ્યવસાયમાં જોડાએલા અને નાના પુત્ર સુધીરભાઇ એન્જિનીઅર છે. એ બંનેને ત્યાં સંતાનો છે. ઘરે ચીમનભાઇનો ઘણો ખરો સમય વાચન, ચિંતન, મનન અને લેખનમાં પસાર થતો.

આમ, ચીમનભાઇ એટલે આપણા સામાજિક સાંસ્કારિક, રાજનૈતિક, ધાર્મિક, શૈક્ષણિક, સાહિત્યિક ઇત્યાદિ ક્ષેત્રોની એક અગ્રગણ્ય વ્યક્તિ. તેમની પ્રતિભા બહુમુખી હતી. તેમનામાં રૂઢિગત પરંપરા અને આધુનિકતાનો સુભગ સમન્વય હતો. તેમનું જીવન હમેશાં પ્રસન્ન, સંયમી, સંસ્કારમય અને સેવામય રહ્યું હતું. ઘરે અને ઓફિસમાં મળી તેઓ દરરોજ દસથી બાર કલાક ભિન્નભિન્ન સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓનાં સંચાલન અને માર્ગદર્શનમાં તથા અનેક મુલાકાતીઓની સાથે ચર્ચાવિચારણામાં પસાર કરતા હતા. એકલા પડે ત્યારે અધ્યયન-લેખન ચાલતું. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ અંતર્મુખ વિશેષ બન્યા હતા. પોતાની બેઠક પાસે 'સમણસુત્તમ્', 'ઇશાવાસ્ય ઉપનિષદ', 'ભગવદ્ ગીતા', 'બાઇબલ' વગેરે થોડાક ગ્રંથો કાયમ મૂકી રાખતા અને અંતર્મુખ થવા માટે આ ગ્રંથોમાંથી એમને પુષ્કળ પ્રેરણા મળ્યા કરતી.

...અને ચીમનભાઇના જીવનમાંથી બીજા અનેકને પુષ્કળ સતત પ્રેરણા મળ્યા કરતી. ૨૦મી નવેમ્બર ૧૯૮૨ના રોજ એમનો દેહ વિલય થયો.

★

માણસને માંસાહારમાંથી છોડાવવાની એક ઉપાય મને સૂઝે છે. આઠ દિવસ તેને દેવનાર (મુંબઇ)ના અથવા કોઇ કતલખાનામાં રાખી મૂકવો. તેનામાં જરા પણ માણસાઇ હશે તો, મને શ્રદ્ધા છે કે, માંસાહાર પ્રત્યે તેને ઘૃણા થશે. મોટા ભાગના માંસાહારી લોકોએ પ્રાણીવધ જોયો નથી, લોહીની નદીઓ વહેતી જોઈ નથી, કેટલું ઘૃણાત્મક છે તે અનુભવ્યું નથી. તેની અનહદ ગંદકી, મળમૂત્ર, લોહીનો થતો ખીચડો, હાડમાંસના લોચા, આ બધું નજરે નિહાળે તો એની આંખ ઊઘડે. સ્વાષ્ટિ વાનગીઓ અદૃશ્ય રીતે ટેબલ ઉપર આવે છે એટલે તેની પાછળ કેટલી ભયંકર પ્રક્રિયાઓ પડી છે તેનું માણસને ભાન નથી. માંસાહાર છોડાવવાનો આ ઉપાય જરૂર અજમાવવા જેવો છે.

('નિરામિષ આહાર'માંથી)

# "વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુંધરાની."

ડૉ. હરીશ વ્યાસ

સર્વોદય પ્રવૃત્તિઓ અને ગુજરાત, મુંબઇ તથા પશ્ચિમ ભારતની સર્વોદય પદયાત્રાઓ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'ના સ્વ. તંત્રી પરમાનંદ કાપડિયાના સ્નેહ સંબંધને કારણે સમાજ સુધારક, પ્રખર ચિન્તક અને પ્રબુદ્ધ જીવનના ઉપાસક તથા સર્વ ધર્મ સમભાવનાના નિત્ય આરાધક શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સાથે મુંબઇમાં અનેકવાર મળવાના પ્રસંગો થયા છે. જેને લીધે મુંબઇ જૈન યુવક સંઘ સામે વ્યાખ્યાનો આપવા આવવાનું યે બન્યું છે.

કાંજીવરમ્ સર્વોદય સંમેલનમાં જતાં શ્રી પરમાનંદભાઇ કાપડિયાને ઘેર એમને મળવાનું થયું. મળતાંની સાથે જ હાવકાશથી તેમણે મને પૂછી પાડ્યું, 'વિનોબાજીએ આ ભૂમિદાનનું કામ ઉપાડ્યું છે પણ એનાથી ઝાઝું વળે એવું તમને લાગે છે ખરું! અહિંસક માર્ગે આર્થિક ક્રાન્તિ થઈ શકશે ખરી?'

જમતાં જમતાં હું અટકી ગયો અને એમની ગંભીર મુખ-મુદ્રા સામે તાકી રહ્યો. સ્વસ્થ થઇને એમને સામો પ્રશ્ન પૂછ્યો, 'આવો પ્રશ્ન મને શા માટે પુછો છો? એક જમાનામાં આ પ્રશ્ન વિનોબાને બદલે ગાંધીને પૂછ્યો હોત તો? ચીમનભાઇ, કોઇ પણ ક્રાન્તિકારી મનુષ્યને પોતાના કાર્યમાં વિશ્વાસ ન હોય તો એ કાર્યને જ હાથમાં લઇ શકે નહીં. દાંડીકૂચ માટે ૧૨મી માર્ચે ૧૯૩૦ની સાલમાં હરિજન આશ્રમમાંથી વિદાય લેતાં કહ્યું હતું તે યાદ છે ને? 'કાગડા-કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા સિવાય આ આશ્રમમાં પાછો પગ નહીં મુકું', આ અડકમતા, નિશ્ચલતા અને અડગતા ગાંધીજીમાં હતાં, જેણે છત્રીસ કરોડ માટી પગાઓને મર્દ બનાવ્યા. અને જેનો સૂર્ય કયારે ય આથમતો નહોતો એવી અંગ્રેજ સલ્તનતને આ દેશમાંથી હાંકી કાઢી. વિનોબા એ જ ગાંધીના સપૂત છે. એમણે જે કાર્ય હાથમાં લીધું છે તે થઇને જ રહેશે.'

તરત જ એમનામાંથી શબ્દો સરી પડ્યા : 'તમે બધા સર્વોદયવાળાઓ ખૂબ ભાવનાશાળી છો. પણ એકલી ભાવનાથી કામ નથી પતતું. ભાવનાની સાથે સંયોજનાત્મક બુદ્ધિ યે જોઇએ. એ વાત તમે સ્વીકારો છો કે નહીં?'

'ભાવનાશાળી કહીને તમે સર્વોદય કાર્યકર્તાઓનું ગૌરવ કરો છો કે ગાળ દો છો એ તો તમે જાણો. પરન્તુ તમને અમારા સૌ માટે આદર છે જ. એટલે હું તો ગૌરવ કરો છો એવો જ ભાવાત્મક-positive અર્થ કાઢીશ. સર્વોદય સમાજનું કાર્ય કરવા માટે ગાંધીજીનું મૃત્યુ થતાં જ વિનોબાજીએ બાપુ જે સર્વોદય સંમેલનમાં હાજરી આપવાના હતા તેમાં ઉપસ્થિત રહીને સંયોજનાત્મક બુદ્ધિથી 'સર્વ સેવા સંઘ'ની નિર્મિતિ કરી છે, જે આ તમામે સર્વોદય પ્રવૃત્તિઓ, સંસ્થાઓ અને કાર્યકર્તાઓને માર્ગદર્શન અને વ્યવસ્થા પૂરી પાડે છે.'

'એ વાત તો બરાબર છે. પરંતુ સામાજિક ક્રાન્તિ સાથે કાર્યકર્તાઓની શુદ્ધિનો યે ખ્યાલ રાખવો પડશે નહિ તો Anti-revolution-પ્રતિક્રાન્તિનો સવાલ ઊભો થશે.'

'આપની વાત ઠીક જ છે. ગાંધીજીની જેમ જ વિનોબાજીએ આર્યના, મૌન, ધ્યાન, સદ્‌ગુણોના સ્મરણ-સંવર્ધન, આત્મ-નિરીક્ષણ અને અંત: જાગૃતિ ઉપર ભાર દીધેલો જ છે. પોતે જ સામ્યયોગી અને આધ્યાત્મિક સાધક છે. એટલે તેઓ આ ક્રાન્તિને આધ્યાત્મિક દૃષ્ટિથી જ આગળ ધપાવી રહ્યા છે જે તે કાર્યકર્તાની જેટલી શક્તિ-ગ્રહણશક્તિ હશે તેટલું ગ્રહણ કરશે. છેવટે તો વ્યક્તિની ગ્રહણશક્તિ, અંત: જાગૃતિ અને પ્રબુદ્ધતા ઉપર જ શુદ્ધિનો આધાર છે. ચિત્તશુદ્ધિ દ્વારા આત્મ-શુદ્ધિ, જીવનશુદ્ધિ અને વ્યવહાર શુદ્ધિ થાય એમ વિનોબાજી માને છે. જે સમાજશુદ્ધિ માટે અત્યંત આવશ્યક છે. વળી આ સર્વોદય આન્દોલન અહિંસા-કરુણામૂલક છે એટલે એને પ્રતિક્રાંતિ-anti-revelution નો ભય રહેશે નહિ. સામાન્ય રીતે તો ચીમનભાઇ, જ્યાં હિંસાને ક્રાન્તિનું સાધન માનીને, સ્વીકારીને કામ થાય છે ત્યાં પ્રતિક્રાન્તિ અને હિંસાની પરંપરાઓ સરજાય છે, એ સમજી શકાય તેવું છે.'

મુંબઇની એકાદ વર્ષ માટે સર્વોદય પદયાત્રા કરી, તે નિમિત્તે શ્રી ચીમનભાઇને ઘેર જમવા જવાનું આમંત્રણ મળેલું. સરનામા પ્રમાણે અમો right time-સમયસર પહોંચી ગયેલા. ત્યાં જ તેઓ આવી પહોંચ્યા. કહેવા લાગ્યા, 'તમે લોકો ત્રણ મિનિટ વહેલા આવી ગયા છો. અને હું સમયસર જ આવી ગયો છું,' કહીને ખડખડાટ હસી પડ્યા. જમવા બેઠા, એટલે વાતો શરૂ થઇ. મેં કહ્યું, 'પ્રથમ જે ખોરાક બહેને બનાવ્યો છે તેને જ એકાગ્રતાથી આરોગીએ.'

એટલે બહેન બોલી ઊઠ્યાં, 'આપની વાત સાચી છે. ખાતાં ખાતાં વાતો નહિ કરવી જોઇએ. નિરાંતે ખાવું જોઇએ. પણ એ તો ખાતાંખાતાં યે કંઇક વાતો અને ભાંજગડો કરતા હોય છે.'

'ના ના, તદ્દન એવું તો નથી જ.' ચીમનભાઇ બોલ્યાં. એટલે બહેને કહ્યું 'હોય ત્યારે કહો જોઇએ, ગઇ કાલે રાત્રે તમે ભોજનમાં શું ખાધેલું?' ચીમનભાઇ થોડાક મૂંઝાયા ને કહે, 'દાળભાત, રોટલીને શાક...! કેમ, બરાબર?' બહેન હસતાં હસતાં કહે, 'તદ્દન બોટી વાત! ગઇ કાલે મેં તો મૂઠિયાં બનાવ્યાં હતાં.' ચીમનભાઈ મરક મરક હસીને કહે,' આજે તો બરાબર પકડાઇ ગયો.'

જમ્યા પછી કહે, 'તમારી વાતનો મર્મ હું સમજી ગયો.' મેં કહ્યું, 'એનાથી કશુંક વધારે મારે કહેવું છે. There must be direct relation with the thing. otherwise we cannot enjoy it fully.' અર્થાત્ વસ્તુ સાથે આપણો સીધો સંબંધ થવો જોઇએ. વચ્ચે વિઘ્નો-બાધાઓ ન આવવી જોઇએ. વાતચીતોની બાધાઓથી આપણે વસ્તુઓને-ચીજોને પૂરેપૂરી માણી શકતા નથી.'

'હા હા, કૃષ્ણમૂર્તિ યે કંઇક આવું જ કહે છે ને? તમારી વાત તદ્દન સાચી છે.' વાતને સ્પષ્ટ કરતાં એમણે કહ્યું, 'પેટ એ સ્ટીમએન્જિન નથી કે બસ એમાં કોલસાની જેમ ખાવા પીવાની ચીજો ઓર્યા કરીએ? ખાવું અને ભોજન કરવું અલગ અલગ બાબતો છે. માત્ર પેટમાં નાખ્યા કરવું, બહેક તેની સાથે સંબંધ થવા દેવો નહિ તે ખાવું કહેવાય, અને વસ્તુ સાથે તરબોળ થઇને આરોગવું એ છે ભોજન.'

'વાહ ભાઇ વાહ! અરે હરીશભાઇ! તમે તો મને આવું અને ભોજન કરવું એ બે વચ્ચેનો ભેદ સરસ સમજાવી દીધો. એને હું કયારે ય ભૂલીશ નહિ. પણ એક વાત પૂછું? દેશમાં હજારો ગ્રામદાન થયાં છે. એના સંયોજનનું શું? વિનોબા સન્યાસી વૃત્તિના છે. બાપુના જેટલા વ્યવહારુ નથી. આવડી મોટી અહિંસક ક્રાન્તિ થયા પછી જે એનું બરાબર સંયોજન અને કાર્યકર્તાઓ દ્વારા માર્ગદર્શનની વ્યવસ્થાનું નહિ ગોઠવાય, તો બધું યે કર્યું કોરાયું ધૂળમાં મળશે.'

એમના પ્રશ્નને સમજીને મેં વાત ચલાવી, 'આપની વાત સાથે મારી સો ટકા સંમતિ છે. અમે લોકો વિનોબાજી સાથે આ અંગે વારંવાર વાટાઘાટો, મંત્રણાઓ અને ચર્ચાઓ કરીએ છીએ. પરંતુ બાબાને ગ્રામદાનના વિચારની આગ લગાડવામાં જેટલો રસ છે, તેટલો રસ આગ ઠારીને ક્રાન્તિકારી સમાજનું નિર્માણ કરવામાં નથી. એ બધું સમાજ, મહાજનો અને સરકારનું કામ છે–એમ કહીને એ વાતને ટૂંકે છે. ત્યાં મને આ ક્રાન્તિકારી આન્દોલન સામે ભાવિ ખતરો દેખાય છે.'

ચીમનભાઇ સ્વસ્થતાથી કહે. 'જુઓ હરીશભાઇ. વિનોબાજીને સમજાવો કે ગાંધીજીની જેમ દૂરદૂર જિલ્લે જિલ્લે વિદ્યાપીઠો કાઢીને, કાર્યકર્તાઓ તૈયાર કરે અને તેમના યોગક્ષેમ માટે 'ગ્રામદાન નવનિર્માણ ફંડ' પણ ઉઘરાવે તથા આ કાર્યકર્તાઓને સૈદ્ધાન્તિક અને પ્રાયોગિક તાલીમ આપીને આ ગ્રામદાની ગામોના નવનિર્માણમાં જોડે. ૧૦–૨૦ ગામ વચ્ચે એક કાર્યકર્તા રહે. અને માર્ગદર્શન આપે. ક્રાન્તિકારી કામોમાં સરકાર, સમાજ અને મહાજનો આર્થિક–કાનૂની–બંધારણીય વગેરે સહાય આપી શકશે. ક્રાન્તિકારી કામ તો ક્રાન્તિકારી માણસો દ્વારા જ થઇ શકશે. એમાં વિનોબાજી જો એલફેલ કરશે, તો આંદોલનને ભારે ખતરો ઊભો કરશે. આમ તો વિનોબાજી આ બધું કામ ન કરી શકતા હોય તો એમની પાસે જયપ્રકાશજી, દાદા ધર્માધિકારી, ધીરેન્દ્ર મજમુદાર, જુગતરામ દવે, બળવંતભાઇ મહેતા જેવા અનેક વિચક્ષણ પુરુષો છે. જેમની મારફતે ગ્રામદાન નિર્માણનું કાર્ય જરૂર ગોઠવવું જોઇએ.'

આજે તો ચીમનભાઇ જીવતા નથી. પરંતુ એમની વાતમાંજ અગમચેતીભરી ભવિષ્યવાણી હતી. તે ખરેખર સાચી પડી છે. સાડા પાંચ લાખ ગામોમાંથી જે દેશમાં બ્રાંઢ લાખ ગામોએ ગ્રામદાનો કર્યાં અને એકલા બિહારે પંચાવન હજાર ગામોમાં ગ્રામદાનનો વિચાર સ્વીકાર્યો એ જેવી તેવી અહિંસક ક્રાન્તિ નથી. ગ્રામાય દાનમ! ગામને માટે જમીનનો ચાલીસમો હિસ્સો અને આબકનો ચાલીસમો હિસ્સો આપે, જેમાંથી ભૂમિહીનોને જમીન મળે અને બેકારોને ઉદ્યોગ ધર દ્વારા ઉદ્યોગધંધા કરવાનાં સાધનો મળે. પરિણામે ગામમાં કોઇ જ બેકાર ન રહે. આ વ્યવસ્થા દેશમાં ઊભી કરવા માટે વિનોબાજીએ ન તો કાર્યકર્તાઓની તાલીમ માટે જિલ્લે જિલ્લે વિદ્યાપીઠો કાઢી કે ન તો ગ્રામદાની ગામોના નવનિર્માણ માટે ગ્રામ નિર્માણ ફંડ ઊભું કર્યું કે ન તો ૧૦–૧૨ ગામો વચ્ચે કાર્યકર્તાઓના માર્ગદર્શન માટે આયોજન કર્યું. પરિણામે આખી યે અહિંસક ક્રાન્તિને ભારે ધક્કો વાગ્યો છે. આજે વિનોબાજી યે નથી અને ચીમનભાઇ પણ નથી, ત્યારે એમની અગમચેતીભરી વાણીને હજીયે સર્વ સેવા સંઘ અને સર્વોદય સમાજના કાર્યકર્તાઓ વિચારે તો બહુ વખત વીતી ગયો નથી જાણ્યા ત્યાંથી સવાર ગણીને વિચારવામાં આવે તો સર્વોદ્યા ક્રાન્તિને ચીમનભાઇની આયોજનાત્મક બુદ્ધિથી હજીયે ઘણો લાભ થશે.'

ચર્ચાનો અંત કરતાં તેમણે પૂછ્યું, 'વિનોબાજી આ 'વિશ્વમાનવ' ની વાત કરે છે તેનું શું છે?' તેના જવાબમાં મેં એમને કહ્યું, 'આજે દુનિયામાં સ્વાર્થી, સંકુચિત અને સંકીર્ણ વૃત્તિના મનુષ્યો જોવા મળે છે. યુગની આકાંક્ષા છે મુક્તિમાનવ ના નિરુપાધિક માનવની. જ્ઞાતિ, જાતિ, કોમ, સંપ્રદાય, ભાષા, દેશ, વેશ વગેરેથી મુક્ત એવો માનવ તે જ છે વિનોબાજીની કલ્પનાનો વિશ્વમાનવ, એવા વિશ્વમાનવથી જ વિશ્વશાન્તિ અને વિશ્વકુટુંબભાવનાનો વિકાસ થશે. આપણા મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકરે કર્યાક આ જ વાત કવિતામાં ગાઇ છે ને? 'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુન્ધરાની.' બલકે આપણે સંકીર્ણતાથી મુક્ત એવા માનવ, વિશ્વમાનવ બનીને અને સમસ્ત સૃષ્ટિને પોતીકી ગણીએ.'

'પરંતુ આમાં હું હિન્દુ, જૈન, મુસલમાન...હોઉં એનો કોઇ વાંધો ખરો?' મેં કહ્યું, લેશ માત્ર નહિ. હિન્દુ, જૈન, મુસલમાન આદિ હોઇએ છતાં સર્વના ઉદય અને સર્વના કલ્યાણ માટે મથીએ. એટલી જ વાત નિહિત છે.'

'તો તો આપણને મંજૂર છે એ વિશ્વમાનવ થવાની વાત અને ઉમાશંકરની કવિતા યે–વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી... અસ્તુ. શ્રી ચીમનભાઇની ભાવનાઓ સિદ્ધ કરવા સૌને શક્તિ–મતિ મળો એ જ અભ્યર્થના. દિવંગતને શતશત પ્રણામ!

# યુવાનોના આધાર સ્તંભ

## ન્યાયમૂર્તિ ચન્દ્રશેખર ધર્માધિકારી

સ્વ. શાહજી (ચીમનલાલભાઇ) સાથે મારો વ્યક્તિગત પરિચય અલ્પ હતો આમ તો એ મારા પિતાજી (દાદા ધર્માધિકારી)ને મળવા બે–ચાર વખત અમારા ઘરે આવ્યા હતા. એક વર્ષે પર્યુષણ પર્વના અવસરે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત વ્યાખ્યાનમાળા માટે નિમંત્રણ આપવા તેઓ પોતે આવ્યા હતા. ત્યારે મેં જોયું કે, યુવાનોમાં એમનું પોતાનું વિશિષ્ટ સ્થાન હતું. જૈન ધર્મના તેઓ અભ્યાસી હતા, તથા પોતાનાં જીવનમાં ધર્મના સિધ્ધાન્તોનો અમલ કરવા ભરચક પ્રયત્ન કરતા હતા. આખા સમાજને તેઓ આધારરૂપ લાગતા હતા.

પૂ. વિનોબાજીના દેહાન્ત પછી ૨૦ નવેમ્બરે ભારતીય વિદ્યાભવનમાં પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. એ સભામાં હું પણ હાજર હતો. વિદ્યાભવનમાં પહોંચતાં જ ખબર પડી કે, શ્રી શાહ હવે નથી રહ્યા. એ પ્રાર્થના સભા પર એમના મૃત્યુની છાયા પથરાઇ ગઇ હતી. પૂ. વિનોબાજીના મૃત્યુ પછી, ત્યાં ભેગા થયેલા નાગરિકો માટે તે બીજો દારુણ આઘાત હતો. જાણે ગાંધી વિનોબાના વિચારોમાં માનનાર મુંબઇવાસીઓનો આધાર તૂટી ગયો.

શ્રી શાહજીનું મુંબઇના સાર્વજનિક જીવનમાં અનન્ય સ્થાન હતું. એમણે સમાજમાંથી જેટલું લીધું એનાથી અધિક સમાજના ચરણોમાં સમર્પણ કર્યું. એમના ચાલ્યા જવાથી મુંબઇ શહેરના સાર્વજનિક જીવનને જે ક્ષતિ પહોંચી છે, એની પૂર્તિ કરવાનું કામ જેમના માટે તેઓ આધાર સ્તંભ હતા એ તરુણ યુવકોનું છે. હું એમના પ્રતિ મારી નમ્ર શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું.

# શાહ કાકા : એક એપોલોનિયન સ્ટ્રક્ચર

★ ડા. યશવંત ત્રિવેદી

સામુદ્રિક શાસ્ત્રે જે ચહેરાનો શિલ્પ જેવો મહિમા કર્યો છે તેવો વિશ્વસનીય અને શ્રદ્ધાપૂત ચહેરો શાહકાકાનો–ચીમનલાલ ચકુભાઈ શાહનો હતો. જ્યારે જ્યારે મળવાનું થાય ત્યારે ત્યારે મેં એમનો ચહેરો ધારી ધારીને શિલ્પની જેમ જોયો છે. મહાન ગ્રીક શિલ્પી ફિડિયાસે શિલ્પની ઉત્તમ કલાકૃતિઓ આપી કે માઇકેલ એન્જેલોએ ઇટાલીમાં જે ઉત્તમ શિલ્પ રચનાઓ આપી તેમને જેમ ધારી ધારીને જોઈ છે અને તેમના મર્મને ઉકેલવા મથામણ કરી છે તે રીતે શાહકાકાની ગૂઢ વેદના પર નિશ્ચલ દૃઢતાની મુદ્રાને મેં વારંવાર વાંચ્યા કરી છે.

સ્વભાવગત આકારની દૃષ્ટિએ માનવપાત્રો વિષે બે વિભાવનાઓ છે: એક છે ઊર્મિ-ઉદ્રેકથી ઢોળાઈ જતા જીવનની વિભાવના, જેમાં રંગીલાપણું, કુતૂહલપ્રિયતા વગેરે સ્વભાવધર્મ હોય છે. વિભાવનાને ડાયોનિસિયન કન્સેપ્ટ કહેવાય છે. બીજી વિભાવના એપોલોનિયન કન્સેપ્ટ કહેવાય છે. એપોલો સ્વસ્થતા અને સંયમનો તથા દૃઢ આકારનો દેવતા ગણાય છે. એપોલોને સૂર્યદેવ પણ કહેવાય છે. આ સ્વભાવધર્મ પ્રમાણે વ્યક્તિ દૃઢ નિશ્ચલતાવાળી, સ્વસ્થ અને સંયમી હોય છે. શાહકાકા આ બીજા પ્રકારના સ્વસ્થ સંયમના પ્રજ્ઞા પુરુષ હતા. હું માનું છું કે એમણે દાંપત્ય જીવનની વસંતની ઊર્મિ-ઉદ્રેક ચંચળતાને હંમેશને માટે ભીતરમાં જડી દઈને ઉપર એક દૃઢ આરથાનો ચહેરો રચી રાખ્યો હતો. એમના એક જન્મદિન ઉત્સવ વેળાએ એમની રૂબરૂમાં મેં એમને વિષે આ વિધાન કર્યું હતું.

વ્યક્તિમાત્રે – પ્રજામાત્રે સત્ય અને ન્યાય માટે લડવું જોઈએ. કટોકટીવેળાએ એમના અંતરાત્મામાં અગ્નિ પ્રજ્વલિત – વધુ પ્રજ્વલિત થયો હતો. તેમણે 'પ્રબુદ્ધ જીવન' બંધ કરવાને બદલે લોકશાહી સરકારની સ્થાપના માટે તથા ન્યાયપૂર્ણ વહીવટ માટે 'પ્રબુદ્ધ જીવન' ચાલુ રાખવાનો નિર્ણય કર્યો અને અક્ષરશ: ન્યાય સ્થાપનાની લડત ચાલુ રાખી. આ પોલાદી દૃઢતા એ તેમના ચહેરાની વિશિષ્ટ લાક્ષણિકતા હતી. પોતે તત્ત્વજ્ઞાન સાથે એમ. એ. થયા હતા અને પ્રથમ વર્ગ લાવી સુવર્ણચંદ્રકો જીત્યા હતા. એક ચિંતક તરીકે તેમણે હંમેશાં સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ વિષે શુભચિંતન કર્યા કર્યું હતું. એક બાજુથી આત્માના અગ્નિની પ્રજ્વલિત જ્યોત અને બીજી બાજુ શાણપણનો દિવ્ય પ્રકાશ–આ બન્ને એમના જીવનના આધારસ્તંભ હતા. આત્મતત્ત્વ એટલે કે જુસ્સો (રિપરિટ) એ જ સ્વતંત્રતા છે. આત્મતત્ત્વ સર્જનાત્મક ઉન્મેષ હોય છે. 'અનગ્રાઉન્ડેડ વિલ' માં–ભૂમિવિહીન મહેચ્છામાં–આદિમ સ્વાતંત્ર્ય રહેલું હોય છે. 'અનગ્રન્ડ' શૂન્યતા છે; આ અનગ્રન્ડના અંધકારમાં અગ્નિની જ્વાલાઓ ભભૂકવા લાગે છે તે જ સ્વતંત્રતા છે. શાહકાકાની સ્વાતંત્ર્ય ઝંખના આ આત્મતત્ત્વના અગ્નિમાંથી પ્રકટી હતી. એક બાજુ જીવનની એકલતા અને બીજી બાજુ પ્રકટેલો વૈશ્વાનર–આમ શાહકાકાને ખૂબ મોટી ચેતનાના આવિષ્કાર લેખે, એમના ભવિષ્યના ચરિત્રકારે મૂલવવાના રહેશે.

ધર્મ, ચિંતન, મનન, સમાજ, કેળવણી, સાહિત્ય, કાયદો, તત્ત્વજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રોમાં તેમણે ઉજ્જ્વળ પ્રદાન કર્યું છે. વિચારક, વક્તા, લેખક તરીકે તેમણે પ્રથમ હરોળમાં પોતાના નામને સુવર્ણ અક્ષરે લખ્યું છે. સત્ય, પ્રેમ, કરુણા, માનવતા પ્રત્યેની અપાર અનુકંપા વગેરે તેમના જીવનની આધારશિલાઓ હતી. જ્ઞાન, ભક્તિ, યોગ, સુવિચાર, સુવ્યવહાર, સુશાસન, સુતર્ક, સુબુદ્ધિ અને મંગલભાવના તેમનામાં હતી. પ્રાચીન સંસ્કૃતિ અને અર્વાચીન સંસ્કૃતિનો સુયોગ્ય સમન્વય તેમણે કર્યો હતો. એવો જ અદ્‌ભુત સમન્વય તેમણે કાર્ય ઉન્મુખતા–action અને વિચાર–શક્તિનો કર્યો હતો. આવા અનેક પ્રકારનું સાધુચરિત વ્યક્તિત્વ યોગ્ય સમન્વયને લીધે તેઓ ગુજરાતની અને ભારતની અપૂર્વ સેવા કરી શક્યા હતા. લોકસભાના માનાર્હ સભ્ય તરીકે, બંધારણ સભાના સભ્ય તરીકે કે સંસદની અનેક પ્રવર સમિતિઓના સભ્ય તરીકે તેમણે આ દેશની સેવા કરી છે. પુષ્કળ સામાજિક, શૈક્ષણિક અને માનવજનતરણની સંસ્થાઓના પ્રમુખ કે ટ્રસ્ટી તરીકે તેમણે પોતાની સેવા આપી છે. મોટા ગજના ચિંતક અને લેખક તરીકે તેમણે તત્ત્વચર્ચા, ધર્મ, રાજકારણ, અર્થશાસ્ત્ર, સમાજ, સંસ્કૃતિ, મનોવિજ્ઞાન સમેત અનેક માનવવિદ્યાઓ વિષે વિશદ અને પારદર્શક લેખો લખ્યા છે. જેવું સ્પષ્ટ અને પારદર્શક એમનું જીવન હતું તેવા જ સ્વચ્છ, નિરામય અને પારદર્શક તેમના વિચારો હતા. 'અવગાહન'ના ૬૬ લેખો અને ત્યાર પછીના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલાં એમના લેખો સતત વાંચનાર ભાવક એ જાણે છે કે ચીમનલાલ ચકુભાઈ શાહ આપણા સમયના એક જ્યોતિર્મય આત્મા હતા. મનીષી તરીકે તેમણે આ સમાજની સદાયે ખેવના કરી હતી. આ આત્મરતિ અને વિરતિના સમયમાં જ્યારે મનુષ્ય પોતાના નાસિસસ-રૂપમાં રચ્યો પચ્યો હોય ત્યારે સમગ્ર માનવજાતિના કલ્યાણની ભાવનાની ખેવના કોણ કરે? શાહકાકાએ દીવાની શગ જેવું સમગ્ર સુદીર્ઘ જીવન મનુષ્યજાતિની ખેવના પાછળ ગાળ્યું હતું. આપણી વચ્ચે રહેલા અને જીવેલા આ મનીષીને આપણા વારંવાર નમસ્કાર હો.

શાહકાકા પરમ સદ્‌ભાગી હતા કે એમના કાર્યસાથીઓ ઉજ્જ્વળ ચરિત્રના અને કર્મનિષ્ઠ લોકો મળ્યા હતા. હવે એમની ગેરહાજરીમાં એમના જેવું ઉદાત્ત જીવનમૂલ્ય સ્થાપીને તેઓ જૈનયુવક સંઘના મન-પ્રાણને આકાર આપતા રહેશે તેની મને પૂરી શ્રદ્ધા છે.

પણ (અનિષ્ટનો) પ્રતિકાર નથી થતો તેમ નથી. માણસ નિરાધારતા અનુભવે છે તેમ આત્મિક શક્તિનો મહાન પ્રાદુર્ભાવ પણ અનુભવે છે ત્યારે અદ્‌ભુત સહન શક્તિ અને ધૈર્ય ખીલે છે. સોક્રેટિસ સ્વહસ્તે ઝેરનો પ્યાલો પી લે, ક્રાઇસ્ટ ક્રોસ ઉપર ચડે, ગાંધી હસ્તે મુખે મરણને ભેટે. મહાપુરુષોની પ્રેરણાથી પણ આવી શક્તિ બતાવે છે અને અન્યાય અને અનિષ્ટનો સામનો કરે છે. આ બળ ક્યાંથી આવે છે? દેહજ્ઞાન ભૂલ્યા દેહદ્રષ્ટને આશીર્વાદ આપે છે, આવા શહીદોની શહાદત, તેમના ત્યાગ અને બલિદાન, જગતનો આધાર છે.

'સનાતન પ્રશ્નો' માંથી

# પ્રભાવક ચિંતક સ્વ. ચીમનભાઇ

✠ ડા. હસમુખ દોશી

મુરબ્બી શ્રી ચીમનલાલ ચકુભાઈના નિધનના સમાચાર સહુ માટે અત્યંત આઘાતજનક છે. વરસો સુધી તેઓ ગુજરાત અને મુંબઇના જાહેર જીવન ઉપર છવાઇ ગયા હતા. તેમની સામાજિક સેવાઓ ઘણી અમૂલ્ય હતી. અનેક સંસ્થાઓ તેમના અથાગ પરિશ્રમ અને અખૂટ પ્રેરણાસ્રોતથી પાંગરીને નવપલ્લવિત રહી હતી. એટલે જ તેઓ વ્યક્તિ મટી સંસ્થા બન્યા હતા. રાજકીય જીવનમાં પણ તેમનું પ્રદાન એવું જ હતું. છતાં સામ્પ્રત રાજકીય જીવન જેડે સંકળાયેલાં અનિષ્ટોથી તેઓ સર્વાંશે મુક્ત રહી શકયા હતા. સત્તાનું રાજકારણ તેમને સ્પર્શી શકયું ન હતું. તેઓ સાચા અર્થમાં અનાસક્ત કર્મયોગી હતા.

પણ તેમના જીવનનું સૌથી સ્પર્શી જાય એવું પાસું તો એક સ્વસ્થ, તટસ્થ અને મૌલિક વિચારકનું મને લાગ્યું છે. તેમણે હંમેશા જીવન વિશે વિચાર્યું હતું. પરંતુ તે તર્કની શુદ્ધ ભૂમિકા ઉપર વિચાર્યું હતું. સામાન્ય રીતે જૈન ધર્મ સંસારથી વિમુખ રહેવાનો કે વિરક્ત રહેવાનો આદેશ આપે છે, ત્યારે ચીમનભાઇ સંસારમાં રહીને જ સંસારને સમજવાની અને સમજાવવાની કોશિશ કરે છે. જૈન ધર્મ સંસારી સંબંધોને નિરર્થક ગણે છે, ત્યારે સ્વસ્થ ચીમનભાઇએ તેમના છેલ્લા લેખમાં સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે કે માનવજીવન એટલે જ માનવીય સંબંધો અને પ્રવૃત્તિઓ. જીવનનો પરિહાર કરવામાં મનુષ્યનું ગૌરવ નથી, જેવો છે એવો આ સંસાર સબંધો અને પ્રવૃત્તિઓથી સાચવી લેવાનો છે; અલબત્ત એ સંબંધો અને પ્રવૃત્તિઓ સ્વાર્થરહિત અને નિષ્કામ હોવાં જોઇએ.

આ દૃષ્ટિએ જોઇએ તો તેમનું ચિંતન જીવનનાં પ્રત્યેક ક્ષેત્રે વ્યહારની ભૂમિકા ઉપર ઊભેલું દેખાય છે. તેઓ સંપત્તિ વિશે વિચારે છે ત્યારે પણ સંપત્તિની વ્યવહારુ ઉપયોગિતા ભૂલી જતા નથી. ધર્મ વિશે વિચારતાં પણ તેઓ ધર્મને વ્યવહારુ વાસ્તવિક પરિપ્રેક્ષ્યમાં જોવાનું અને મૂલવવાનું ચૂકતા નથી. એટલે જ તેમનું ધર્મચિંતન કેવળ કહેવાતા અધ્યાત્મવાદીઓના ચિંતન જેવું જડ કે શુષ્ક નથી. તેમનું ચિંતન સામાન્ય મનુષ્યના કોયડાઓ ઉકેલવામાં સહાયભૂત બને તેવું યથાર્થલક્ષી છે. જીવનની અંતિમ પળોમાં તેઓ ઇશ્વરની સર્વોપરિતા સ્વીકારે છે ઇશ્વરની વિરાટ શક્તિઓ પાસે મનુષ્ય માત્ર, પછી તે રંક હોય કે રાજા હોય, તુચ્છ છે એવા નિષ્કર્ષ ઉપર તેઓ આવે છે. પરંતુ સાથે સાથે તેઓ તબીબી વિદ્યાઓના વિકાસને પણ છેક ભૂલી જતા નથી, એટલું જ નહીં પરંતુ એવી અંતિમ ક્ષણોમાં પણ તેમને અદનો ગરીબ માણસ યાદ આવે છે. તેમને પોતાને મળી હતી તેવી તબીબી સેવાઓની સુવિધા પ્રત્યેક માણસને પ્રાપ્ત નથી તેવું આપણા સમાજનું વાસ્તવિક ચિત્ર અંતિમ પળોમાં પણ ભૂલી શકયા નથી. આમ સામાન્ય મનુષ્ય, દરિદ્રનારાયણ તેમના ચિંતનમાં જાણે હંમેશાં કેન્દ્રસ્થાને રહ્યો છે. ગમે તેવા વિશાળ પ્રશ્નને તેઓ છેડે, ગમે તેવા ગહન કોયડાને તેઓ ઊખેળે, પણ તેમનું લક્ષ્ય કદાપિ સામાન્ય મનુષ્યને ચૂકતું નથી, અને તેમની વિચારણા વાસ્તવિક ભૂમિકાનું ઉલ્લંઘન કરતી નથી. ધર્મ કે મોક્ષ વિશે લખતા હોય, છતાં તેમનું નિરૂપણ બોટા તર્કમાં કે ન પહોંચી શકાય એવા Abstract પ્રદેશોમાં અટવાઇ જતું નથી. એક ચિંતક કે વિચારક તરીકે મને આ તેમની સહુથી મોટી સિદ્ધિ લાગી છે. આપણા ધર્મો, આપણા મુમુક્ષુઓ અને આપણા સમૃધ્ધ ચિંતકો ઘણું ઊંડું વિચારી શકે છે, અધ્યાત્મ જીવનના અગમ્ય સીમાડાઓ ઓળંગી શકે છે. પરંતુ તેમ છતાં તેઓ કયારેક જીવનની વાસ્તવિક ભૂમિકાને ભૂલી જાય છે અને સામાન્ય મનુષ્યને તદ્દન ઉપેક્ષે છે. એટલે આ પ્રકારનું ચિંતન ઘણીવાર કેવળ બુદ્ધિનો વિલાસ બની રહે છે. સદ્‌ગત ચીમનભાઇનું ચિંતન બૌદ્ધિકોના વિલાસથી મુક્ત રહીને આમજનતાનું ભાજન બની શકયું છે.

જેવી સરળતા અને સર્વસ્પર્શિતા તેમના વિચારોમાં છે એવી જ સરળતા અને સુબોધતા તેમની અભિવ્યક્તિમાં છે. તેમનું નિરૂપણ કયાંય સંકુલ, દુર્બોધ કે અમૂર્ત બનતું નથી. પ્રત્યેક વાક્યનો પ્રત્યેક શબ્દ તેમાં ઉપયોગી હોય છે અને તે અર્થને વધારે ને વધારે સ્પષ્ટ કરતો હોય છે. ગાંધીજીને બાદ કરતાં આવી સરળતા ભાગ્યે જ બીજા કોઇ ગુજરાતી ગદ્યકારના ચિંતનમાં જોવા મળશે. વિચારોનો પ્રવાહ મંથર ગતિએ વહ્યો જતો હોય છતાં તે સચોટતાથી વાચકોના હૃદયમાં અંકિત થઇ જાય છે. માટે જ એમનાં લખાણો વારંવાર વાંચવાં ગમે તેવાં રસાવિષ્ટ બની શકયાં છે. તેઓ સભાન સાહિત્યકાર કે શૈલીકાર નહોતા, છતાં જે વિચારબળે તેમને લખવાને પ્રેર્યા છે એ જ બળે તેમની ગદ્યશૈલીને ઘડેલી છે. સ્વાભાવિક, અકૃત્રિમ ગદ્યસર્જક તરીકે તેમનું સ્થાન ઘણું ઊંચું છે અને રહેશે

# જીવનભર વિચારને માંજતા રહ્યા

✠ નવલભાઇ શાહ

૮૧ વર્ષની ઉંમરે શ્રી ચીમનભાઇના જવાથી ગુજરાતે ને દેશે એક સ્વસ્થ મનનો સમર્થ વિચારક ગુમાવ્યો છે.

મુંબઇના જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવનની પ્રવૃત્તિઓના પ્રાણસમા પરમાનંદભાઇ કાપડિયા આપણી વચ્ચેથી ગયા ત્યારે લાગતું હતું કે તેમણે શરૂ કરેલી પ્રવૃત્તિઓમાં મંદતા આવશે પણ શ્રી ચીમનભાઇએ પ્રવૃત્તિનું સુકાન સંભાળ્યા પછી એને એક વિશાળ ફલક સાંપડયું.

બધા સમાજોની જેમ જૈન સમાજ રૂઢિચુસ્તતાથી સંપૂર્ણ મુક્ત નથી. પણ નવા ક્રાંતિકારી વિચારોને આગળ લઇ જનાર અને તેને આવકારનાર સમુદાય હંમેશાં મળી રહ્યો છે એ આપણું સદ્‌ભાગ્ય છે.

શ્રી ચીમનભાઇના ચિંતનનું ફલક ઘણું વ્યાપક હતું. એટલે જ જૈન યુવક સંઘની કે પ્રબુધ્ધ જીવનની પ્રવૃત્તિઓએ દેશના વૈચારિક જીવનમાં એક મહત્વનું ભાથું પૂરું પાડયું છે.

પર્યુષણના દિવસોમાં સાધુ મહારાજો ઉપાશ્રયમાં ઠરાવેલાં વ્યાખ્યાનો વાંચે ને શ્રદ્ધાથી ઘરેડ મુજબ જૈનો સાંભળે તેને સ્થાને પર્યુષણ-પર્વ વ્યાખ્યાનમાળા વ્યાપક વિચારની વ્યાખ્યાનમાળા બની ગઇ. જૈન ન હોય એવા ફાધર વાલસ, શ્રી

આવલંકર કે ગુણવંત શાહ પણ વિચારોને માંજવાની પ્રક્રિયામાં સાથ આપે.

આ તો પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે પણ તેમણે બીજી વ્યાખ્યાન શ્રેણીઓ યોજી ને સમાજના વિચારોને યોગ્ય દિશામાં વાળવાનો ગજબનો પુરુષાર્થ કર્યો.

સ્વ. ચીમનભાઇને જે કારણે જે સાચું લાગ્યું તેનો સ્વીકાર કર્યો. અને એ વિચારમાં દોષ લાગતાં એટલી જ સહજતા ને નિર્ભીકતાથી તે વિચાર છોડયો એટલું જ નહિ સૌને સાચું સમજાવવા મથ્યા.

મુંબઈ શહેરની વૈચારિક પ્રવૃત્તિ કરતાં કરતાં પણ તેમનું ગામડાં સાથે અનુસંધાન ચાલુ જ હતું. પાણશીણા તેમનું વતન. હું શિક્ષણ મંત્રી હતો ત્યારે એક પત્ર આવ્યો. મારા વતન પાણશીણામાં એક હાઇસ્કૂલનું મકાન બાંધવું છે. તેમાં જમીન મેળવવામાં મુશ્કેલી છે. તમે મદદ કરશો ?

એક શહેરમાં રહેનારના દિલમાં પણ વતન માટે આવો પ્રેમ જાગે ત્યારે એ પ્રશ્ન તાત્કાલિક ઉકેલવો જોઇએ. આ પ્રસંગ એટલા માટે યાદ આવે છે કે તેઓના આ પગલાંએ સુરેંદ્રનગર જિલ્લાના અનેક વતનીઓને પોતાના ગામમાં કાંઇ ને કાંઇ કરવાની પ્રેરણા આપી, પાણશીણા પાસેથી જ્યારે પસાર થાઉં છું ત્યારે શ્રી સ્વ. શ્રી ચીમનભાઇની યાદ તાજી થાય છે.

વિચાર, વિશ્વની મોટામાં મોટી શક્તિ છે. ભગવાન મહાવીરનો અહિંસાનો વિચાર ૨૫૦૦ વર્ષ પછી પણ માનવજાતને પ્રેરણા આપતો રહે છે. જે સમાજ સતત વિચારને માંજતો રહે છે તે જ સમાજ તાજો રહી શકે. જે સમાજ વિચારનાં બારણાં બંધ કરી દે છે તે ગમે તેટલી ઊંચી કક્ષાએ ગયો હોય તો પણ ધીમે ધીમે ગંધાઇ ઊઠે છે. શ્રી ચીમનભાઇ મુંબઇ–ગુજરાતની અનેક સંસ્થાઓ ને ટ્રસ્ટો સાથે સંકળાએલા હતા એથી ગુજરાતને લાભ થયો જ પણ એમનું કાયમનું પ્રદાન તો સતત મંજતો વિચાર.

આપણે પણ એ પ્રક્રિયાને આગળ ધપાવીએ ને આપણા વિચારને કોઇ બીજે જડતાથી બાંધી ન લઇએ. શ્રી ચીમનભાઇ એ રીતે આપણી વચ્ચે નીડરતાથી, સ્વસ્થતાથી જીવી ગયા. હોરિપટલના બીછાનેથી લખાયેલો તેમનો લેખ એ 'યોગી'ના માનસનું ચિત્ર બહું કરે છે, એમની જીવનદૃષ્ટિ આપણાને પ્રેરણા આપતી જ રહેશે એમાં મને શંકા નથી.

# સમાજને સાથે લઇને ચાલનાર એક સ્વતંત્ર વિચારક

ચીમનલાલ જે. શાહ

સ્વ. પરમાનંદભાઇએ મને જૈન યુવક સંઘમાં લઇને સામાજિક કાર્યની દીક્ષા આપી તો સ્વ. પૂજ્ય ચીમનભાઇએ એની વડી દીક્ષા આપી. તેઓ સંઘના પ્રમુખપદે છેલ્લાં અઢાર વર્ષથી અને હું મંત્રી–શરૂ શરૂમાં મને બ્હીક હતી એમની નીચે કામ કરવાની. એમની પ્રતિભા, એમની પ્રજ્ઞા, તાપ પાડતા. વળી તેઓ કામ સિવાય આપણી સાથે કશું બોલે નહિ. 'કેમ છો ? બેસો. ચાહપાણી પીઓ–'આવું કદીય એમના મુખે સાંભળવા મળે નહિ–આમાં મારા મંત્રીપદની આકરી કસોટી હતી. પણ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ મને અનુભવ થયો કે પૂજ્ય ચીમનભાઇ સરળ છે, સ્નેહાળ છે, અને સહૃદયી છે. આથી એમની સાથે વાત કરવાની અને એમને મારી સાથે વાત કરાવવાની મેં કળા શોધી લીધી. એમનો વિશ્વાસ મેં સંપાદન કર્યો. સ્વ. પરમાનંદભાઇએ મને એકવાર કહ્યું હતું કે જૈન યુવક સંઘના પ્રમુખપદે ચીમનભાઇ હોય તો આપણા સંઘની શોભા–પ્રતિષ્ઠા–વધે; ઘરના પ્રવેશદ્વારે સરસ મજાનું તોરણ ટીંગાડયું હોય અને ઘર જેમ શોભે એમ સંઘ શોભે... પરમાનંદભાઇ ચીમનભાઇના ઘરે રોજ સવારે જાય. વિચારોની આપ લે કરે...અને ચીમનભાઇને યુવક સંઘના પ્રમુખપદ માટે સમજાવી શકયા.

પરમાનંદભાઇ અને ચીમનભાઇ બંને બુધ્ધિશાળી મિત્રો. પરમાનંદભાઇ કંઇક સુધારકવાદી ક્રાન્તિકારી. મને એકવાર પરમાનંદભાઇ કહે–ચીમનભાઇ આટલા ચિંતક છે. વિદ્વાન છે–બુધ્ધ વાંચે છે–પરંતુ એમની દૃષ્ટિ વિશાળ નથી. એમનાથી જો એકવાર સાંપ્રદાયિકતાની સંકુચિતતા નીકળી જાય તો સમગ્ર સમાજના એ પૂજનીય બની જાય–નવી પેઢીનું નેતૃત્વ પણ લઇ શકે.'

આ વાતનો દોર લઇને મેં પૂજ્ય ચીમનભાઇને એકવાર પૂછયું–'તમે દૂધ અને દહીં બંનેમાં પગ રાખો છો એમ ઘણાનું માનવું છે તો આ બાબતમાં તમે શું માનો છો ?' એમનો જવાબ સ્પષ્ટ હતો : 'લોકોને માનવું હોય તે માને. હું તો સમાજને સાથે લઇને ચાલવામાં માનું છું.'

રજનીશજીને પ્રસિદ્ધિમાં લાવવાનો મોટો ફાળો યુવક સંઘનો હતો, પરંતુ ચીમનભાઇ રજનીશજીના પ્રવાહમાં બિલકુલ ખેંચાયા ન હતા.

એક મુનિએ વિદેશપ્રયાણ કર્યું ત્યારે ચીમનભાઇ સંઘની કારોબારીમાં હતા. વિદેશપ્રયાણના આ પગલાંને સખ્ત વખોડી કાઢયું હતું.

આમ ચીમનભાઇ વ્યવહારુ, દૂરદૃષ્ટિવાળા, સ્વતંત્ર અને સ્ફુટિક ચિંતનવાળા હતા. એમનો નિર્ણય ત્વરિત રહેતો અને એ નિર્ણય સમાજને લાભદાયી જ રહેતો.

ચીમનભાઇ આજ્ઞાંકિત પુત્ર હતા. આદર્શ પતિ હતા. વત્સલ પિતા હતા અને વડલાની છાયા સમાન દાદા હતા. વિશાળ કુટુંબના વડીલ હતા.

ચીમનભાઇ દરેક સંસ્થાને – દરેક વ્યકિતને સમય આપી શકતા–આનું રહસ્ય પૂછીએ ત્યારે કહે–

A Bsuy Man Always Gets Time..

કોઇને ચીમનભાઇ ઘણીવાર ધાર્મિક નેતા લાગતા. પરંતુ હકીકતમાં એ સાચા અર્થમાં આધ્યાત્મિક હતા. અને શ્રમણ વર્ગને માટે પણ માર્ગદર્શક હતા. એમના મૃત્યુથી મહાસતી ધર્મશિલાજીની આંખોની પાંપણ ભીની થાય એ નાનીસૂની વાત નથી. ચીમનભાઇ એટલે સ્વસ્થતાની સૌજન્ય મૂર્તિ. વિરોધીઓનો પણ પ્રેમ તેઓ સહેલાઇથી મેળવી શકે. જો એમના ઉપર કોઇ ગુસ્સે થાય તો તેઓ શાંતિ રાખતા. અને થોડીક પળો પછી કંઇ બન્યું જ નથી એ રીતે ગુસ્સે થનારના ખભા ઉપર હાથ મૂકી વાત કરતા હોય.

ચીમનભાઇને સમાજે ખૂબ પ્રેમ આપ્યો અને ચીમનભાઇએ સમાજની-તબીબીક્ષેત્રે, માનવતાક્ષેત્રે, કેળવણીક્ષેત્રે ખૂબ સેવા કરી. આમ ચીમનભાઈ એક અજોડ સમાજસેવક રહ્યા-એક મૂઠી ઊંચેરા માનવી બન્યા. એમના જીવનમંત્રો જીવનમાં ઉતારવા જેવા છે:

* જીવન સાદુ અને સંયમી હોવું જોઇએ.
* એક પણ શબ્દ ખોટો ન બોલવો જોઇએ-લખાણમાં ન વપરાવો જોઇએ.
* જેવા હો તેવા જ દેખાવ.
* પૈસો વાપરવા માટે છે વેડફવા માટે નથી.
* વિસ્તાર નહિ વિકાસ કરો.
* સમાજના દુઃખી માણસોની પડખે હંમેશ ઊભા રહો. પ્રેમ અને કરુણા એજ સાચો ધર્મ છે.
* શારીરિક પીડા રાય અને રંકને સરખી હોય છે. ક્રોધએ અભિમાન ન કરવું કર્મનું ફળ સૌને ભોગવવું જ પડે છે.
* લાગણી રાખવી પણ લાગણીવશ થવું નહિ.
* સમાજને સાથે રાખીને સમાજને નવા વિચારો આપવા અને સૌ સ્વતંત્ર રીતે વિચાર કરતા થાય એવી પ્રવૃત્તિ કરવી.
* ચારિત્ર્યથી જ જીવન શોભે.

આવા ચીમનભાઈ મારા પૂજ્ય હતા મારા મુરબ્બી હતા. અનેક સમારંભોમાં મને તેઓ લઇ જતા. પાછા ફરતાં મને મારા ઘરે મૂકી જતાં. રસ્તામાં, મોટરમાં, હું પ્રશ્નો પૂછતો, અલકમલકની વાતો કરતો-એમના મોં ઉપર પ્રસન્નતા અને પ્રફુલ્લતા રહેતી તમે તનાવ (Tension Free) મુક્ત કેવી રીતે રહો છો? તો ટૂંકો જવાબ મળતો પણ એ જવાબ ગમી જતો. 'કશી ચિંતા જ ન કરવી જગત વરસોથી આમ જ ચાલતું આવ્યું છે અને આમ જ ચાલશે. માણસ આવશે અને જશે, પણ જગત અને જીવન તો ચાલ્યા જ કરશે.'

આપણા મિત્ર, માર્ગદર્શક અને તત્ત્વચિંતક ચીમનભાઇ આપણી વચ્ચે હવે નથી. જગત અને જીવન ચાલ્યા જ કરશે. પરંતુ ચીમનભાઈ વિના આપણે વર્ષો સુધી શું બેચેન નહિ રહીએ?

# લોકકલ્યાણની શુભ નિષ્ઠાથી સભર એવા સ્વ. ચીમનભાઈ

★ તુલસીદાસ વિશ્રામ

મુરબ્બી શ્રી ચીમનભાઇ એટલે એક એવું વ્યક્તિત્વ કે જેના સર્વે મનોરથો પૂર્ણ થયા હોય, કોઇ આકાંક્ષાઓ સતાવતી ન હોય, છતાં પણ પ્રાતઃકાળથી રાત્રિ પર્યંતની દિનચર્યા કાર્યક્રમોથી ભરેલી હોય.

લોકકલ્યાણની શુભનિષ્ઠાથી સભર અને સદા સર્વદા શાન્ત અને સ્થિર આગેવાન તરીકે જીવનના ઉત્તરાર્ધમાં મહાલતી તેમની પ્રતિભા અવિસ્મરણીય રહેશે.

એ તો સ્વાભાવિક છે કે તેમનું પૂર્વજીવન આટલું સંતુલિત મઢેલું અને અનુભવ સમૃદ્ધ ન પણ હોય. ૧૯૩૭માં મુંબઇ રાજ્યના સોલિસિટર નિયુક્ત થયા – જે એક ભારતીયને પ્રથમવાર મળેલો હોદ્દો હતો. ત્યારે તેમને થએલી ઉત્તેજનાને સાપ કાંચળી ઉતારે તેમ ક્ષણના વિચાર વિના ત્યાગી દીધી. એ હતું ગાંધીમાર્ગના મુસાફર તરીકેનું તેમનું પ્રથમ પગલું. બીજું પગલું હતું સ્વેચ્છાએ સ્વીકારેલો કારાવાસ.

તેમના યૌવનના ઊદ્ગમકાળ તરફ દૃષ્ટિપાત કરતાં પણ તેમની શ્રમનિષ્ઠા અને આદર્શપ્રિયતા આપણું ધ્યાન ખેંચી રાખે છે. તેથી જ તો એમ. એ. માં સુવર્ણચંદ્રક તેમણે મેળવ્યો. પરંતુ તેમના ધ્રુવ તારકો તો હતા તે વખતનાં સમર્થ કાયદા વિશેષજ્ઞો જેવા કે સર દિનશા વાચ્છા, ચીમનલાલ સેતલવાડ, સર ફિરોજશાહ મહેતા, જસ્ટીસ તેલંગ, વિ. તેમને આ દેશનાં પ્રથમ હરોળનાં આગેવાનોની રચાએલી આ નિહારિકા સતત સ્મરણ કરાવતી રહી કે દેશસેવા કરવા કાયદાનું જ્ઞાન જરૂરી છે.

કાયદાના અટપટા અભ્યાસમાં રચ્યા પચ્યા રહેવા છતાં તેમનો તત્ત્વચિંતકનો આત્મા સોક્રેટિસ, ટોલ્સ્ટોય, શ્રીમદ્ રાજચન્દ્રની વિચારધારાઓનું આચમન કરતો હતો.

વ્યાવસાયિક નિષ્ઠા અને અભ્યાસપ્રિયતાને કારણે તેમણે ઝડપી પ્રગતિ સાધી લીધી પણ ઊંડે ઊંડે તેમનું મન સત્ય અને શુભનું ચિંતન કર્યા કરતું. તેમાં, સતત પ્રસરતા ગાંધીજીના રાષ્ટ્રીય ભાવનાના વિચારોનું આકર્ષણ ઉમેરાયું. પરિણામ એ આવ્યું કે એક લબ્ધ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રીને ધનપ્રાપ્તિ કરતાં લોકકલ્યાણના કામોમાં વધારે રસ પડવા લાગ્યો. એ બધાં વર્ષો દરમ્યાન બંધારણ સભા--લોકસભામાં જઇ તેમણે સર્વશ્રી જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, મુન્શીજી જેવા મહારથીઓનાં હાથ નીચે રહી દેશસેવાનાં ક્ષેત્રે ઉચ્ચ યોગદાન આપ્યું.

સદૈવ ઉદાત્ત વિચારોનું મનન-ચિંતન એ તો તેમનો શ્વાસોશ્વાસ થઇ પડ્યું હતું. કોનું ચિંતન તેમને કર્યા કબૂલ હતું? દૈનંદિન જીવનમાં ઉચ્ચ ભાવનાઓ ઝળકતી રાખવી એ તેમનો આદર્શ હોવાથી તુરત જ કેટલીએ સંસ્થાઓમાં તેઓ જોડાયા. વ્યવસ્થાશક્તિ, શુભનિષ્ઠા અને તે ઉપરાંત તેમની સામાજિક પ્રતિષ્ઠા તેમને પ્રત્યેક સંસ્થાઓમાં મહત્વ યોગદાન કરવામાં મદદરૂપ થઇ પડ્યાં.

એ વર્ષોમાં મુંબઈ નગરી એ તો ગુજરાત રાજધાની ગણાતી. તત્કાલીન જૈન સમાજનાં અગ્રેસરો કંઇક અંશે સામ્પ્રદાયિક વિચારોમાં ગળાબૂડ હતા. પણ જૈન ધર્મ વ્યક્તિગત જીવનને ઉર્ધ્વગામી કરી સાથે સાથે સમાજ-જીવનનાં સ્તરને ઊંચું લાવવામાં કઈ રીતે મદદરૂપ થઇ શકે છે તે તેમણે પ્રયત્ક્ષ રીતે જીવી બતાવી આપ્યું. આ રીતે કેવળ જૈન સમાજમાં શ્રેષ્ઠ તરીકે પંકાવા ઉપરાંત તેમની સાર્વત્રિક સેવાની માંગ દિનપ્રતિદિન વધી ગઇ.

સદાસર્વદા તેઓ શુભગ્રાહી, ગુણગ્રાહી થઇને રહ્યાં કેમકે સોક્રેટિસ, રાજચન્દ્ર, મહાવીર સ્વામી, કૃષ્ણ ભગવાન અને ગાંધીજી જેવા તેમની મનોભૂમિનાં આદર્શ તારક બળ હતાં.

શ્રી ચીમનભાઇનું જીવનક્ષેત્ર જાણે અફાટ સમુદ્ર. પણ ખારો ખારો! કોર્ટના કેસસ, સાંપ્રદાયિક અને સંસ્થાકીય ગૂંચવણોનાં સંકુચિત વતુંળો! આ બધું તેમના ઉદાત્ત પ્રબુદ્ધ આત્મા માટે સમુચિત વાતાવરણ તો ન જ ગણાય. પણ ખારા

સમુદ્રમાં પાકતાં સાચાં મોતી અને રત્નોની જેમ જ આવા વાતાવરણમાં પણ તેમની 'મનોભોમમાં એવાં વિચાર મૌક્તિકો પાકયાં કે જે પ્રજાજીવનનાં સમસ્તક્ષેત્રને આવરી લઇ વાંચકોને કલ્યાણ અને નીતિના માર્ગે જ દોરતાં રહે.

તેમનાં સાથી કાર્યકરોની તો તેઓ સાક્ષાત્ પ્રેરણામૂર્તિ! પોતે બહુવિધ પ્રતિભાનાં સ્વામી હોવા છતાં પૂરેપૂરા સમભાવી થઇ રહે અને સંપૂર્ણ જવાબદારી પૂરા વિશ્વાસ અને હોંશથી પોતાના બિનઅનુભવી સાથીઓને સોંપતા. તેમના આ ગુણો ઉપરાંત તેમની સાદાઇ, અનૌપચારિકતા અને માયાળુપણાએ કોઇ પણ કાર્યક્ષેત્રમાં તેમને લોકપ્રિય બનાવી મૂકયા હતા.

શ્રી. ચીમનભાઇ વિષે ટૂંકમાં કહેવું હોય તો એટલું તો કહેવું જ જોઇએ કે મુંબઇ શહેરની કોઇ એક કોમમાં એક જ વ્યક્તિએ રાષ્ટ્રીય સેવા, કેળવણી, સમાજસેવા, માનવતાવાદી કાર્યકરની સંસ્થાઓ, સાહિત્ય, પત્રકારિત્વ અને છેવટે સર્વોદય સમાજમાં પણ આટલો ઉન્નત ફાળો આપ્યો હોય તેવી વ્યક્તિનો જોટો જડવો મુશ્કેલ થશે. કદાચ સ્વ. ક. મા. મુન્શી સાથે સરખાવવા જોઇએ. તો કંઇક સંતોષ મળે. કેમકે તેમણે ભારતીય વિદ્યાભવન જેવી દેશદેશાંતરમાં કાર્યો કરતી વિરાટ સંસ્થા સ્થાપી છતાંએ શ્રી ચીમનભાઇએ જાહેર પ્રજાનું ખમીર સચવાય તે માટે લોકહિતનાં જે કાર્યો કર્યાં તે તો અદ્વિતીય રહેશેજ.

તેમનું અતિ ફળદાયી યશસ્વી જીવન અને ઠીક ઠીક લાંબુ કહેવાય તેવું આયુષ્ય અંતે અનિવાર્ય એવી હજારો સાથી કાર્યકરોની આંખમાં આંસુ લાવે તેવી વિદાયમાં પરિણમ્યું. પણ પ્રિય સાથીઓ! આપણે તેમના જવાનો શોક ત્યજી દઇએ અને તેમને પ્રિય એવું લોકકલ્યાણનું કામ આપણી પ્રામાણિક સૂઝબૂઝથી કરી દીપાવીએ અને એ જ્યોત જલતી રાખીને જ તેમનાં આત્માને આપણી પ્રેમભરી સ્મરણાંજલિ આપીએ.

# અસ્વસ્થ દેહે સ્વસ્થ જીવન

❋ ડા. કાન્તિલાલ એમ. સાંગાણી

મુરબ્બી સ્વ. ચીમનભાઇની તબિયત નાનપણથી જ નાજુક હતી. શાળા અને કોલેજમાં અભ્યાસ દરમ્યાન પણ તેમની તબિયત બરાબર નહોતી રહેતી. ઝીણો તાવ, પેટમાં દુઃખાવો, કબજિયાત વગેરેની એમને તકલીફ હતી, ત્યારે સૌરાષ્ટ્રમાં વૈદ પાસે દવા કરાવવા ગયેલાં. પણ ખાસ ફેર પડયો નહીં. તે સમયના નિષ્ણાત તબીબોના મત પ્રમાણે તેમને પેટનો ટી બી. હશે એમ મનાયું પરંતુ પેટનું ઓપરેશન કર્યું ત્યારે માલુમ પડયું કે તેમને ટી. બી નથી. પણ ફકત એપેન્ડીકસનો દુખાવો રહે છે. એટલે એપેન્ડીકસ (Appendix) કાઢી નાખી ઓપરેશન પુરું કર્યું. જો કે ત્યાર પછી પણ તેમને કબજિયાત અને પેટનો દુખાવો તો રહેતો અને એથી તબિયત એકંદરે બરોબર રહેતી ન હતી.

૧૯૫૨–૫૩ માં પેટના એકસ–રે વગેરે દ્વારા ડોકટરે એવું નિદાન કર્યું કે તેમને 'Crone's Disease' છે. તેવામાં તેમને U. N. O. ના પ્રતિનિધિ મંડળમાં અમેરિકા જવાનું થયું. ત્યાં ફરીથી એકસરે વગેરેની તપાસ કરાવી ત્યાં DR. Crones જેમણે આ રોગની શોધ કરી હતી, તેમણે પોતે જ ચીમનભાઇને તપાસીને જણાવ્યું કે 'you may be having anything else except crone's disease.'

આવી તકલીફ તેમને ૧૯૫૯ સુધી ચાલુ રહી, અને દુઃખાવો વધવા લાગ્યો. ઘણા તબીબોને બતાવ્યું પણ ચોકકસ નિદાન ન થયું. પેટમાં કેન્સર હોય તેવો વહેમ હતો, જાણીતા સર્જન ડો. બાલીગાએ પેટનું ઓપરેશન કર્યું. થોડા Adesious આંતરડા ચોંટી ગયેલા તે કાઢી નાખવામાં આવ્યા. પણ તેમને કેન્સર જેવો કોઇ રોગ ન હતો. ત્યાર પછી તેમની તબિયત એકંદરે સારી રહેતી. પણ કબજિયાત મટી નહીં અને એ કાયમ પરેશાન કરતી રહી.

શ્રી ચીમનભાઇને ઘણા ડોકટરો સાથે સારો સંબંધ એટલે સારવાર માટે કોઇ પ્રશ્ન જ ન હતો. છેલ્લા થોડાં વર્ષોથી હું તેમને જોતો રહેતો. કોઇપણ ડોકટર તપાસે તો તેઓ તેમનું પ્રીસ્ક્રીપશન (Prescription) બતાવી જાય અને તેમાંથી કઇ દવા લેવી તે પૂછતા. જે દવા બતાવીએ તે જ લેતા. કોઇ પણ જાતની તપાસ કરાવતા પહેલાં પણ પૂછી લેતા.

ગયા વર્ષે તેમની તબિયતની ફરિયાદને લીધે જાતજાતની તપાસ કરાવેલી, પણ કંઇ જ તપાસમાં આવ્યું નહીં.

આ વર્ષે ૧૨મી સપ્ટેમ્બરે તેમને પેટમાં દુખાવો થયો. આ દુખાવો તેમના હંમેશાના દુખાવા કરતાં જુદો હતો. દવાથી થોડો આરામ રહ્યો. ૧૩મી સપ્ટેમ્બરે દુખાવો જરા વધ્યો, બે ત્રણ ઝાડા થયા, બેચેની પણ હતી. પહેલીવાર પેટમાં તપાસતાં જમણી તરફ ઉપરના ભાગમાં ગોળા જેવું લાગ્યું. તા. ૧૪મી સપ્ટેમ્બરે સવારે ડો. આર. એચ. મહેતાએ તપાસ્યું. તેમને પણ ગોળા જેવું લાગ્યું. અને દવાઓ બદલી. છતાં ફેર ન પડયો. ઉલ્ટી થઇ, મોઢાથી પ્રવાહી ન લેવાયું, વચ્ચે બે દિવસ કંઇ ઠીક લાગ્યું. પણ તા. ૧૬મી સપ્ટેમ્બરથી ફરીને દુખાવો થયો. મોઢાથી પ્રવાહી લેવાતું ન હોવાથી નકકી કર્યું કે હોસ્પિટલમાં રાખવામાં આવે તો નસમાં ગ્લુકોઝ આપી શકાય, તેમજ અન્ય તપાસ પણ થઇ શકે.

તેઓ જૈન કલીનીક હોસ્પિટલમાં જ દાખલ થવા મક્કમ હતા. તા. ૨૦મી સપ્ટેમ્બરે સવારે ૧૧ વાગ્યે તેમને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા. પછી તો બનાવો ઝડપથી બનવા લાગ્યા. તેમના પેટના એકસ–રે લેવાયા, પેટના જુદા જુદા અવયવો Sonography થી તપાસ્યાં. પેટમાં નળી નાંખી (Gastro Scopy) તપાસ કરવામાં આવી. (Sigmoidoscopy) કરી. લોહીની દરેક જાતની તપાસ કરી. તપાસને અંતે કશું જ શોધી ન શકાયું.

આ સમયે પણ પેટને તપાસતાં ગાંઠ કે ગોળા જેવું લાગતું હતું. પણ કયાં છે અને કયા અવયવમાંથી આવે છે, તે નકકી ન કરી શકાયું. ડો. મીનોચર મોદી એમને તપાસી ગયા. પછી સર્જન ડો. ભણસાલી તપાસી ગયા. આ સમયમાં તેઓ ડો. આર. એચ. મહેતા અને સર્જન ડો. આર. જે. શાહની સારવાર હેઠળ હતા. તદુપરાંત ડો. શાન્તિલાલ મહેતાને બોલાવવામાં આવ્યા. તેમની સલાહ પ્રમાણે જનરલ હોસ્પિટલમાં Liver

Scanning કરવામાં આવ્યું. લીવરમાં પણ કંઇ માલુમ ન પડયું. હવે ફકત એક જ તપાસ બાકી રહેતી હતી. તે હોજરી અને તેની જોડે નાના આંતરડાનો ભાગ.

બેરિયમ આપીને તપાસ કરાવવા ચીમનભાઇ રાજી ન હતા, પણ છેવટે તેમને સમજાવી શકાયા. તપાસ કર્યા પછી પણ તકલીફ ચાલુ જ હતી. નસ દ્વારા ગ્લુકોઝ ચાલું જ હતું. આ સમય અમારા માટે ખરી કસોટીનો હતો. નિદાન થાય નહીં. તકલીફમાં ફેર પડે નહીં. એટલે નિર્ણય લેવાની ચિંતા, અને માનસિક તાણ રહે.

બેરિયલ આપીને તપાસ કરતાં જણાયું કે, હોજરીમાંથી નાના આંતરડામાં જવાનો રસ્તો લગભગ બંધ થઇ ગયો છે. અને કંઇ પસાર થઇ શકે તેમ નથી. હોજરી પછી નાના આંતરડાનો ભાગ જે Pylorus કહેવાય છે, તેમાંથી એક ગાંઠ તેના ઉપર દબાણ કરે છે. ત્યાર પછી ડોકટરોને સાથે મળી પરસ્પર વિચારણા કરી અને નકકી થયું કે ઓપરેશન કરવું જોઇએ.

પૂરતો વિચાર કર્યા પછી નકકી કર્યું કે, ઓપરેશન જૈન કલીનીકમાં કરવું. શ્રી ચીમનભાઈ પણ સંમત થયા, ઓપરેશન થિયેટરની પૂરી તૈયારી કરી. તા. ૭મી ઓકટોબરે સવારે ૯ વાગે ઓપરેશન ડો. શાન્તિલાલ મહેતા તથા ડો. આર. જે. શાહે કર્યું.

પેટ ખોલતા ગાંઠ દેખાણી, ફેલાઈ ગયેલી હતી એટલે કાઢી શકાય તેમ ન હતી. હોજરીનો રસ્તો બંધ હતો, એટલે હોજરીમાંથી આંતરડાનો નવો રસ્તો કરી તેને જોડી દીધો. ગાંઠનો ટુકડો લઇને તપાસ માટે મોકલાવ્યો. બે કલાક બાદ ઓપરેશન પુરું થયું. અરધાતના ૭૨ કલાક થોડી તકલીફ રહી, પછી સાધારણ આરામ રહ્યો. દરરોજ ડો. શાન્તિલાલ મહેતા, ડો. આર. જે. શાહ, ડો. આર. એચ. મહેતા તપસતા રહે અને સારવાર ગોઠવતા રહે.

આ દિવસોમાં મુલાકાતીઓનો મોટો ધસારો હતો. દરેકને તો શ્રી ચીમનભાઇ પાસે લઇ જવાય પણ નહીં. કેમકે એમને પૂરતા આરામની જરૂર હતી. તેમની પૂછપરછ માટે ઘણા ફોન આવે. V. I. P. લોકોને શ્રી ચીમનભાઇ પાસે લઇ જવા. તેમને અમુક જ પ્રમાણમાં વાત કરવા વિનંતી કરવાની, તથા કોઇને માઠું ન લાગે તેનું ધ્યાન રાખવાનું, એ રીતે આ સમય અમારા માટે ખૂબ જ નાજુક હતો. તેમાં પણ શ્રી ચીમનભાઇ અને તેમના પુત્ર સુધીરભાઇનો સારો સહકાર મળી રહેતો.

ભાઇ સુધીરભાઇ વિષે પણ થોડી વાત કરવાની છે. શ્રી ચીમનભાઇને સારવાર માટે, તપાસ કરાવવા બાબત, ઓપરેશનનો નિર્ણય લેવા વિષે સમજાવવામાં અમને સુધીરભાઇની ખૂબ જ મદદ મળી છે. હોસ્પિટલમાં ૪૦ દિવસ અને ઘરે ૨૦ દિવસમાં ૨૪ કલાકની તેમની ઉભે પગે હાજરી અને એકધારા ૬૦ દિવસ-રાતના ઉજાગરા. સમયે સમયે નિયમિત દવા આપવા ઉપરાંત, નાની નાની બાબતમાં પણ તેઓ ધ્યાન રાખતા. શ્રી ચીમનભાઇને રૂબરૂ આપવામાં તથા નર્સની જોડે જોડે તેમનાં મળ-મૂત્ર પણ પોતે જાતેજ સાફ કરે. પથારી કરવી, કપડાં બદલવા, તેમના પોષણનું માપ રાખવાનું વગેરે કાર્યમાં સુધીરભાઇએ પુત્ર તરીકેની ફરજ બજાવવામાં કંઇ જ બાકી નથી રાખ્યું, ચીમનભાઇના સેવા-કાર્યમાં તેમણે શ્રવણ જેવું કામ કર્યું છે.

આવી ગંભીર માંદગી અને અનહદ શારીરિક પીડા છતાં ચીમનભાઇની મનની સ્વસ્થતા, સમતા, અને શાંતિ સારી જળવાઇ રહી હતી. ઓપરેશનની આગલી રાત્રે તેમણે 'મારી કસોટી' નામનો લેખ 'પ્રબુદ્ધ જીવન' માટે લખાવ્યો. ઓપરેશન પછી માંદગી ઉગ્ર હતી તે સમયે પણ મનની સ્વસ્થતાથી તેમણે 'માંદગીને બિછાનેથી' એ બીજો લેખ લખાવ્યો. અને મૃત્યુ જ્યારે નજીક છે, તેની પ્રતીતિ થઇ ત્યારે 'માનવ સંબંધો' એ લેખ લખાવ્યો. આવા કઠીન વ્યથાના દિવસોમાં પૂર્ણ સ્વસ્થતાથી, માનસિક સ્થિતિને કાબુમાં લઈને જીવનભરના વિચારોના નિચોડને એમણે આ ત્રણ લેખમાં આલેખ્યા. તેના ઉપરથી ચીમનભાઇની આકૃતિ આપણા અંતરના ઉંડાણમાં હંમેશને માટે કંડારાઇ રહ્યાની લાગણી અનુભવાઇ રહી છે.

માંદગીના સાઠ દિવસ તેમના માટે અસહ્ય, શારીરિક પીડાના હતા, પણ તેમની મનની સ્વસ્થા પૂરેપૂરી હતી. તેમણે કોઇપણ જાતની ફરિયાદ કરી નથી. ઓપરેશન પછી અઠવાડિયા બાદ નકકી કર્યું કે તેમને રોગ વિશે વાકેફ કરવા. તેમના પુત્ર સુધીરભાઇએ પૂર્વભૂમિકા તૈયાર કરી, અને અમે ધડકતા હૃદયે અને વ્યથિતપણે, તેમની પાસે બેસીને તેમને સઘળી હકીકત કડીબદ્ધ જણાવી. તે સમયે પણ શરીરની પીડા ઘણી જ, પણ સંપૂર્ણ સ્વસ્થતાથી જરાયે લાગણીવશ થયા સિવાય સાંભળ્યું. ત્યાર પછી આ રોગ બાબતમાં 'રોગ કેવો વળાંક લે છે?' 'વધારે કંઇ કરવા જેવું ખરું કે?' વગેરે ત્રણચાર સવાલો સ્વસ્થતાથી પુછ્યા બાદ કહ્યું કે, 'ડોકટર! ચિંતા કરવાનું કે મુઝાવાનું કોઇ કારણ નથી. આ શરીર પ્રત્યે કોઈ જાતનું વળગણ નથી; છુટી જવાનું પણ દુઃખ નથી. ફકત લાંબી માંદગી પરવશ બનાવી મુકે અને બીજાને ભારરૂપ થવાય તેનું જ દુઃખ છે.' આવી સ્વસ્થતા સાથે આવા ગંભીર સમાચાર તેમણે શાંતિથી પચાવી દીધા.

અંતમાં, થોડા ટાંકા કાઢવાના બાકી હતા. એકંદરે તબિયત સારી હોવાથી ડોકટરોની સલાહથી ઘરે લઇ જવાનું નકકી કર્યું. તા. ૩૧ મી ઓકટોબરને, રવિવારે ઘરે ગયા. ત્યાર પછી સાધારણ ઠીક રહેતું. પણ રુચિ બિલકુલ નહીં, તબિયતમાં ખાસ સુધારો ન હતો. દિવાળીની રાતથી તબિયતે પલટો લીધો, ઉલટી થઇ અને તેમાં થોડું લોહી પડયું. પછીના ચાર દિવસ વિકટ ગયા. તબિયત ઉત્તરોત્તર લથડતીજ રહી, અને શનિવારે ૨૦ મી નવેમ્બરે સવારે ૧૧ વાગ્યે તેમના પુત્રો, પુત્રવધૂઓ અને પૌત્રપૌત્રીઓની તથા મહાસતીજીની હાજરીમાં નવકાર ગણતાં ગણતાં તેમનો આત્મા દેહને ત્યજીને વિલીન થઇ ગયો.

---

સેવા કરવી સહેલી નથી. અંતરના ભાવ શુદ્ધ હોય પણ સંજોગો પ્રતિકૂળ હોય, વિરોધ હોય, ધર્ષા કે ખટપટ હોય, મતભેદો થાય અને જીવને કલેશ થાય. માનવ્યવહાર એટલે સંઘર્ષ. ભારે ધીરજ અને સહિષ્ણુતા જોઇએ. પોતાનું ધાર્યું કરવાની વૃત્તિને ખૂબ કાબૂમાં રાખવી જોઇએ. સંસ્થામાં કે સમૂહમાં કામ કરતાં હોઇએ ત્યાં સૌને સાથી રાખીને કામ કરવાની કુશળતા જોઇએ. આ ત્યારે બને કે સાથી કાર્યકર્તાઓ પ્રત્યે પોતે આદર રાખે અને પોતાનું વર્તન એવું હોય કે બીજાને પોતાના પ્રત્યે આદર થાય.

'સેવાનો મોહ'માંથી

# સર્વતોમુખી પ્રતિભા

કંચનલાલ લાલચંદ તલસાણીયા

લીંબડી તાલુકાના પાણશીણા ગામમાં તા. ૧૧-૩-૧૯૦૨માં સદ્‌ગત મુરબ્બી શ્રી ચીમનભાઇનો જન્મ થયો. તા. ૨૦-૧૧-૮૨માં સર્વતોમુખી પ્રતિભા અને વિરાટ વ્યક્તિત્વ ધરાવતી તેમની જીવનયાત્રા અનેક સિદ્ધિના શિખરો સર કરી મુંબઇમાં સમાપ્ત થઇ. શ્રી ચીમનભાઇનો આત્મા પરમ ધામમાં લીન થયો. તેઓ ઉત્તમ જીવન જીવીને વિરલ મૃત્યુને વરીને ધન્ય ધન્ય થઇ અમર થઇ ગયા.

૧૯૪૪ થી ૧૯૫૧ સુધી મેસર્સ મંગેરશા ખી. ચોથીવાની સોલીસીટર્સની પેઢીમાં તેમના મદદનીશ તરીકે કામ કરવાનું અને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. ૧૯૬૮ થી હાલ સુધી મેસર્સ ચીમનલાલ શાહની પેઢીમાં તેમના ભાગીદાર તરીકે કામ કરવાનો અને મોકો મળ્યો. મારા બે પુત્રો દીનેશ તથા રોહીતને પણ તેમના પ્રેરણાદાયી અને સબળ નેતૃત્વ નીચે ભાગીદાર તરીકે કામ કરવાનું બન્યું.

તેમની કામ કરવાની અને કામ લેવાની રીત અનોખી હતી. તેમની સાથેનું અમારૂ સુદીર્ઘ ધંધાદારી સહિતનું સાતત્ય, તેમની પ્રેમાળ હૂંફ, શાણપણભરી શિખામણ અને પ્રેરણા, અમારા જીવનની અવિસ્મરણીય ઘટના છે અને રહેશે અમારા જીવનના ઘડતર અને ચણતરમાં તેમનો અમૂલ્ય ફાળો છે. એક રીતે તેઓ અમારા ગુરૂણામ્ ગુરૂ હતા.

સ્મરણ સંહિતામાંથી ઘણા યાદગાર પ્રસંગો માનસપટમાં ઉપસી આવે છે. બધા જ આલેખવા શકય નથી. થોડાંક રજુ કરું છું. કાયદાના સ્નાતક થવાથી કાંઈ પ્રેકટીસ કરવાની આવડત અને કુનેહ આવી જતી નથી. તેમની ઓફિસમાં ૧૯૪૪ ના જુન જુલાઇમાં પહેલે જ દિવસે તેમણે મને કહ્યું 'રીટર્ન ધ પ્રેસીપી' મેં કહ્યું, 'પ્રેસીપી કયાં છે?' તેમણે કહ્યું 'આ શું છે?' મેં કહ્યું, 'આ તો કોર્ટના ઓફિસરને સંબોધેલો સહી કરેલો કાગળ છે.' તેમણે હસીને જવાબ આપ્યો. 'આને જ પ્રેસીપી કહેવાય.'

ભારતના ઔદ્યોગિક ધારાઓમાં ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટસ એકટ ૧૯૪૭ ખૂબ અગત્યનો કાયદો છે.

શ્રી સલીમ એમ મરચંટની ટ્રાઇબ્યુનલ તરીકે નિમણુક થઇ. મુંબઇના બધા અખબારી એકમો જેવા કે જન્મભૂમિ, મુંબઇ સમાચાર, ફ્રી પ્રેસ, ઇન્ડીયન એકસપ્રેસ, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા, વગેરેમાં કામ કરતાં તમામ કર્મચારીઓના વેતન ધોરણ, પગાર વધારો, મોંઘવારી ભથ્થું હકક રજાઓ વિગેરેની લવાદી હતી. બંને પક્ષે કાયદાના નિષ્ણાત ધુરંધરો હતા. મુરબ્બી શ્રી ચીમનભાઇ અખબાર માલિકોના પક્ષે હતા. શ્રી શાંતીલાલ એચ. શાહ, શ્રી આંબેકર કર્મચારીઓના પક્ષે હતા. શ્રી ચીમનભાઇના જુનિયર તરીકે અખબારી આલમ કેવી રીતે ચાલે છે, તેની આંટીઘૂંટીઓ કેવી હોય છે, તેનું અર્થશાસ્ત્ર કેવું છે તે વિશે ઘણું જાણવાનું, શીખવાનું મળ્યું. શ્રી ચીમનભાઈ માલિકોના પક્ષે હતા, છતાં પણ કર્મચારીઓની વ્યાજબી માંગણીઓ કબૂલ રાખતાં અને અતિશયોકિત ભરેલી, ગેરવ્યાજબી માંગણીઓનો મકકમ સામનો કરતા હતા. લાંબી કાર્યવાહી પછી ચૂકાદો આવ્યો જે આજે પણ અખબારી આલમ માટે પાયાના સ્તંભરૂપ ગણાય છે. બધાં જ અખબારી પ્રેસોની અનેકવિધ પરિસ્થિતિનું અવલોકન કરી, તેને લગતી હકીકતો વિગતો ભેગી કરી, તેનું સમીકરણ અને અન્વેષણ કરી, તેઓની આર્થિક શકિત અને મર્યાદાઓની સચોટ, સર્વગ્રાહી અને સબળ તથા તર્કબદ્ધ રજૂઆત કરીને શ્રી ચીમનભાઇએ પોતાની પ્રથમ પંકિતના અનુભવી કાબેલ અને નિષ્ણાત ધારાશાસ્ત્રી તરીકેની શકિતઓથી શ્રી સલીમ મરચંટને પ્રભાવિત કર્યા હતા.

શ્રી ચીમનભાઇ સુરેન્દ્રનગરમાંથી પાર્લામેન્ટના સભ્યપદ માટેની કોંગ્રેસની ટિકિટ ઉપર ચૂંટણી લડવાના હતા તે અરસામાં ભાલકીઆ મીલ્સ લિ. અમદાવાદનો મોટો ઝગડો ઊભો થયો. તે વખતે મને બોલાવી કેસની વિગતો સમજાવી મારામાં હિંમત પ્રેરી, વિશ્વાસ મૂકયો અને કેસ હાઇકોર્ટમાં લડી લેવાની સૂચના આપી. તેઓ મુંબઇથી રવાના થઇ પોતાના ચૂંટણી કાર્યમાં લાગી ગયા. મારી સામે અમારા ધંધામાં બહુજ સીનીયર ગણાતા હોંશિયાર, અનુભવી સોલિસિટર હતા. મેં પ્રબળ પુરૂષાર્થ કરી આત્મવિશ્વાસ રાખી, કેઇસની તૈયારી કરી. હાઇકોર્ટમાં કેઇસ ઘણા દિવસો ચાલ્યો અને અમારી જીત થઇ. મારો આત્મ વિશ્વાસ વધ્યો અને ત્યાર પછી કોઇ પણ મોટા અટપટા કેઇસ લડવા માટે મને કોઇપણ દિવસ ગભરાટ કે ખચકાટ થયો નથી.

કાયદાના ક્ષેત્રમાં સર જમશેદજી કાંગા, સર ચીમનલાલ સેતલવાડ, શ્રી મોતીલાલ સેતલવાડ, શ્રી મહમદઅલી ઝીણા, શ્રી કનૈયાલાલ મુન્શી, શ્રી ભુલાભાઈ દેસાઇનો અતિશય યશસ્વી અને તેજસ્વી ધારાશાસ્ત્રી તરીકેનો જમાનો હતો. સર જમશેદજીની ચેમ્બરમાંથી શ્રી આર. જે. કોલાહ, શ્રી નાની પાલખીવાલા, શ્રી એચ. એમ. સીરવાઇ જેવાં સર્વોત્તમ ધારાશાસ્ત્રીઓ બહાર આવ્યા. શ્રી જે. સી. ભટ, શ્રી ગોરધનભાઇ ઠકકર, શ્રી કે. ટી. દેસાઇ, શ્રી કે. કે. દેસાઇ, શ્રી પી. એન. ભગવતી જેવાં ઉત્તમ એડવોકેટોએ મુંબઇ હાઇકોર્ટમાં વકીલાત કરી છે. તેમાંથી ઘણાં મુંબઇ હાઇકોર્ટમાં ન્યાયાધિશ તરીકે નીમાયા અને શ્રી ભગવતી આજે પણ સુપ્રીમ કોર્ટમાં નામદાર ન્યાયમૂર્તિ તરીકે બિરાજે છે. શ્રી ચીમનભાઇએ ઉપરમાંના ખ્યાતનામ એડવોકેટોને વખતો વખત કેઇસો ચલાવવા માટે રોકેલા. તેઓને શ્રી ચીમનભાઇ પોતાના કેઇસોના મુખ્ય મુદ્દાઓ એવી વિશદ છતાં સરળ સર્વગ્રાહી અને તર્કબદ્ધ રીતે સમજાવતાં હતાં કે અડધા કેઇસો તો ચાલ્યા પહેલાંજ જીતાઈ જવાશે એવો વિશ્વાસ ઊભો થતો અને ઘણા કેઇસોમાં સફળતા પણ મળી હતી.

તેમની શતાવધાની જેવી તીવ્ર અને ફોટોજેનિક સ્મરણ શકિત, કાયદાઓનું તલસ્પર્શી જ્ઞાન, જટીલ પ્રશ્નોને ઉકેલવાની આવડત અને કોઠાસૂઝ, અનેકવિધ વિષયોનું વિશાળ વાંચન, ચિંતન મનન, જીવનના વિધવિધ પાસાંઓનો અને માનવ સ્વભાવનો અનુભવ, વ્યાપારીઓના નામા અને ચોપડાઓની વ્યાપારીઓ કરતાં પણ વધારે શીઘ્ર, સારી અને સઘન રીતે સમજવાની શકિત, હકીકતોની માંડણી, ગૂંથણી અને મૌલિક વિચારણા અને રજૂઆત, ભાષા ઉપરનું આગવું પ્રભુત્વ, તર્કબદ્ધ દલીલો વિગેરે અસાધારણ શકિતઓથી, શ્રી ચીમનભાઇ સામા પક્ષના એડવો-

કેટોને અને હાઇકોર્ટના તેમજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધિશોને પણ પ્રભાવિત કરતા હતા. ઇનકોરપોરેટેડ લૉ સોસાયટી અને બાર એસોસીએશનમાં તેમની એક સર્વોત્તમ ધારાશાસ્ત્રી તરીકે ગણના થતી હતી અને માન અને મરતબો હતા.

૧૯૭૫ના આંતરિક કટોકટીના અંધકારયુક્ત અને ભયભીત વાતાવરણમાં પણ પોતાના અંતર આત્માના અવાજને અનુસરીને, અનેક શારીરિક મર્યાદાઓ અને વયોવૃધ્ધ ઉમ્મર હોવા છતાં, વ્યક્તિ, વાણી અને અખબારી સ્વાતંત્ર્યની જાળવણી અને રક્ષા માટે, શ્રી ચીમનભાઇએ, અતિશય નિર્ભય અને નીડરતાથી, પરિણામની પરવા કર્યા વગર, તેજાબી કલમથી લેખો લખીને, ભાષણો આપીને, અને ઇન્ડીયન એક્સપ્રેસ જુથના અખબારોના પ્રાણસમા શ્રી રામનાથજી ગોએન્કા વતી મુંબઇ હાઇકોર્ટમાં અને સુપ્રીમ કોર્ટમાં અનેક કાર્યવાહીઓ કરીને તે વખતની સરકારની આપખુદ, બિનલોકશાહી અનુચિત નીતિરીતિને પ્રચંડ પડકાર આપીને, મક્કમ સામનો કરીને, ઝુઝવાની તૈયારી કરતાં લોકશાહીના દીવામાં પ્રાણ પૂરી શકિત સંચાર કર્યો હતો.

જૈન, જૈનેતર, શૈક્ષણિક સાંસ્કારિક, ધાર્મિક, સાહિત્યક અને સામાજિક અનેક સંસ્થાઓના શ્રી ચીમનભાઇ પ્રેરકબળ, અને કર્ણધાર હતા. તેમના પ્રેરણાદાયી માર્ગદર્શન અને દોરવણી વગર, લાગતાં વળગતાં તેમના સાથી સંચાલકો અને કાર્યકરોને ખાલીપો મુસ્કેલી, મુંઝવણ લાગે તે સમજી શકાય તેમ છે, પણ 'Show must go on.' 'તેમણે આદરેલાં અગર તો અધૂરા મૂકેલાં કાર્યો અગર તો શિક્ષણ, તખીખી રાહત, જેવાં કાર્યો, કરુણા, મૈત્રી, પ્રેમ જેવાં ગુણો માટે તે જીવનભર જીવ્યા અને ગતિશીલ રહ્યાં, તેવાં કલ્યાણકારી, સમાજ ઉપયોગી, આત્માની ઉન્નતિ કરનારા કાર્યો આપણે બધા આપણી યથાશકિત, મતિ મુજબ, ખભેખભા મિલાવીને, રચનાત્મક અભિગમ રાખીને, હોંસાતુંસી ટાળીને, ચાલું રાખીએ અને પૂરાં કરીએ તો શ્રી ચીમનભાઇને સાચી અને યોગ્ય શ્રદ્ધાંજલિ આપી ગણાશે. પરમકૃપાળુ, પરમાત્મા આપણને સૌને તેવી સદ્‌બુધ્ધિ, શકિત અને પ્રેરણા આપે એજ અભ્યર્થના.

# વૈચારિક દૃષ્ટિએ સતત અપ્રમત્ત

પન્નાલાલ આર. શાહ

Would that even for a day,
We have behaved ourselves so well in this world;
Be therefore always in readiness,
So that the Death may never find thee unprepared,
–Thomas A. Kempis

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના સમગ્ર જીવનનો જ્યારે વિચાર કરીએ ત્યારે આ લેખના મથાળે મૂકેલી પંકિતઓ એમણે એમના જીવનમાં ચરિતાર્થ કરી હતી એવી પ્રતીતિ થાય છે. મૃત્યુ સમીપ હોવા છતાં જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે જાળવેલી અસાધારણ સ્વસ્થતાથી એમના ચિંતન, મનન અને વર્તનનો સુમેળ આપણને જોવા મળ્યો. એમનું જીવન તો કયારનું ય એ રીતે ઘડાયેલું હતું. એમના જીવનમાં તો કેટલાંય એવા પ્રસંગો ઉપસ્થિત થયા હશે, જેમાં આપણા જેવા સામાન્ય માનવી સ્વસ્થ ન રહી શકે. આપણી અને એમની વચ્ચેનો આ ફરક એ એમની મહત્તા છે. અંતિમ સમયે એમની કસોટી થઇ. એમાં ય તેઓ પાર પડયા અને એમની સ્વસ્થતાની આપણને પૂર્ણ પ્રતીતિ થઇ.

મને સૌ પ્રથમ એમનો પરિચય પત્ર દ્વારા થયો. ઇ. સ. ૧૯૬૯ માં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં એમના મંતવ્યોથી મારું દૃષ્ટિબિંદુ જુદું હતું. આથી મેં એમને એક પત્ર લખ્યો. એ પત્ર સ્વ. પરમાનંદભાઇ કાપડિયા મારફત મેં એમને મોકલાવ્યો. એ પત્રનો એમણે ચીવટપૂર્વક પ્રત્યુત્તર લખ્યો. વિચારભેદ સ્પષ્ટ હતો. પત્રના અંતમાં એમણે લખ્યું: 'જૈન યુવક સંઘ એ એક વૈચારિક સંસ્થા છે. એમાં તમે ભાગ લેશો.' સંઘ સાથે મારી આ રીતે સગાઇ થઇ.

ઇ. સ. ૧૯૭૫ની મધ્યમાં રાષ્ટ્રવ્યાપી કટોકટી જાહેર થઇ. વૈચારિક સ્વાતંત્ર્ય ન હોય એવા સંજોગોમાં 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે રહેવાનો શો અર્થ? એવું સંવેદન, એવી વિચાર ઘટમાળ એમના મનમાં ચાલતી હતી. વૈચારિક સ્વાતંત્ર્ય વિના શરમાતમાં ગૂંગળામણ જેવી સ્થિતિ તેઓ અનુભવતા હતા, તેના આપણે સૌ સાક્ષી છીએ. એ વર્ષની શરૂઆતમાં શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના ઉપક્રમે 'દેશની વર્તમાન પરિસ્થિતિ' એ વિષય પર એક પરિસંવાદ યોજાયો હતો. એનું સમાપન કરતાં પૂ. કાકાએ કહ્યું: 'દેશની પરિસ્થિતિનો વિચાર કરતાં એક અંગ્રેજી કાવ્ય મને યાદ છે. સ્ટીમર ડૂબવાની અણી પર છે. બધા એને છોડી જાય છે, પરંતુ કેપ્તાન એને છોડતો નથી. છેવટ સુધી સ્ટીમરને બચાવવાનો પ્રયાસ કરે છે. આવો પ્રયાસ કરનાર સાચો કેપ્તાન છે એ એનો કેન્દ્રવર્તી વિચાર.' આ વાતને લંબાવીને પૂ. કાકાએ ઉમેર્યું: 'દેશની કપરી પરિસ્થિતિમાં બૌદ્ધિકોએ દેશ છોડીને કાયમી વસવાટ માટે પરદેશ જવું ન જોઇએ.' એમની આ વાતનો હવાલો આપીને મેં એમને વિસ્તારથી 'પ્રબુદ્ધ જીવન' સંબંધે એક પત્ર લખ્યો. વૈચારિક સ્વાતંત્ર્ય નથી એટલે સામયિક છોડવું કે બંધ ન કરવું જોઇએ, એ એનો ધ્વનિ હતો. અલબત્ત, આ વિચાર – પુરુષ માટે આ વાત કાંઇ નવી ન હતી. આમ છતાં તા. ૧૬ – ૮ – ૧૯૭૫ના 'પ્રબુધ્ધ જીવન'ના અંકમાં મારો એ પત્ર પ્રગટ કર્યો અને એના પર નોંધ લખી: 'બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી હું તંત્રી તરીકે ચાલુ રહીશ.' એમનામાં રહેલું આવું વૈચારિક ઔદાર્ય અને સહિષ્ણુતા એ એમની વિશિષ્ટતા હતી.

એમની કાર્યપદ્ધતિ, વહીવટી કુશળતા અને કોઠાપણું સમરયા અંગે પૂ. કાકાનું (૧) મિતભાષીપણું (૨) સમસ્યાનો ન્યાયપૂર્ણ ઉકેલ અને (૩) એમનો પ્રભાવ, આ ત્રણે ગુણોના સમન્વયને લીધે એમનો બોલ કોઇ ઉથાપી ન શકતું. કયારેક ન્યાયયુકત વિચારણા આપણે કરી હોય તો એની રજૂઆતમાં ડંખ હોય. કયારેક આપણો સ્વાર્થ, અહમ્ કે બીજા કારણો એના સ્વીકારમાં આડે આવતા હોય. કયાંક શેહશરમ નડે. આ બધા કારણોથી અનિર્ણાયક દશા પણ રહે અને એ નિષ્ફળતામાં પરિણમે. પૂ. કાકાએ કેટલીય વ્યકિતઓ, સંસ્થાઓ અને સમાજમાં આવતી

મુશ્કેલીઓ અને મડાગાંઠમાંથી માર્ગ સૂચવ્યો હશે. છેલ્લા એક વર્ષમાં–ખાસ કરીને ગત વર્ષની વસંત વ્યાખ્યાનમાળા નિમિત્તે અને સંઘના વહીવટ તેમજ 'પ્રબુદ્ધ જીવન'ના કામ અંગે અવારનવાર એમની નિકટ આવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું. એ દરમિયાન મેં એમને 'પ્રબુદ્ધ જીવન' માટે આવા અનુભવપૂર્ણ પ્રસંગોનું આલેખન કરવા વારંવાર વિનંતી કરી. છેવટ લખાવવા કહ્યું, પરંતુ એમના પોતા વિષે વાત કરતાં કે લખતાં હંમેશા તેઓ સંકોચશીલ રહ્યા છે. એટલે આવા અનુભવોના સાક્ષી અને એમના સાથીદારો એને શબ્દ બદ્ધ કરે તો તે સમાજને ઉપયોગી થશે.

ઇ. સ. ૧૯૮૦માં ભારતભરના અમારા સમાજની પ્રથમ યુવક પરિષદનું અમે આયોજન કર્યું. એનું ઉદ્‌ઘાટન પૂ. કાકાના વરદ્‌હસ્તે રાખ્યું. ઉદ્‌ઘાટન પ્રવચનમાં હસતાં હસતાં કહ્યું: 'તમારો ફન્ડીનર ભાઇ પન્નાલાલ ખરો છે. યુવક પરિષદનું ઉદ્‌ઘાટન મારા જેવા વૃદ્ધને હાથે કરાવે છે.' પૂ. કાકાની આ પણ એક વિશિષ્ટતા હતી. પોતાની જાત પર લોકોને જાહેરમાં હસાવતા. સતત વિચાર અને ચિંતન સાથે એમનામાં નિર્દોષ વિનોદવૃત્તિ હતી. યુવક પરિષદના એ ઉદ્‌ઘાટન પ્રવચનના અંતમાં એમણે જે કહ્યું એ એમનો જીવન સંદેશ કહી શકાય. ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને વારંવાર કહેલાં શબ્દો એમણે યાદ કર્યાં. 'હે ગૌતમ! એક પણ ક્ષણનો પ્રમાદ ના કરીશ.' આ શબ્દોની સાથે એમણે અપ્રમાદની વ્યાખ્યા કરી. એમણે કહ્યું: 'અપ્રમાદ એટલે માત્ર શારીરિક દૃષ્ટિએ પ્રમાદ ન સેવવો એટલું જ નહિ, પરંતુ અપ્રમાદ એટલે વૈચારિક દૃષ્ટિએ સતત, પ્રતિક્ષણ, ક્ષણેક્ષણ જાગૃતિ. જયણા એટલે માત્ર જગ્યા પૂંજીને બેસવું એટલું જ નહિ, પરંતુ જયણા એટલે વિવેક.'

વૈચારિક દૃષ્ટિએ સતત જાગૃત, અપ્રમત્ત અને વિવેકપૂર્ણ તેમજ શીલસંપન્ન એવા એમના પુનિત આત્માને ભાવ વંદના!

# ઇન્દ્ર ધનુષ અમ્બરમાં વિલીન થઇ ગયું

ચંદનમલ 'ચાંદ'

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વિશે મેં થોડાં વર્ષો પહેલાં એક લેખ લખ્યો હતો. એમના વ્યક્તિત્વને ઇન્દ્રધનુષની ઉપમા આપી એમની સપ્તરંગી વિશેષતાઓનો ઉલ્લેખ કર્યો હતો. દુઃખની વાત એ છે કે એ મહાન વ્યક્તિના દેહત્યાગ પછી લખવું પડે છે કે, તે ઇન્દ્રધનુષ અમ્બરમાં વિલીન થઈ ગયું છે. ખરેખર ચીમનભાઇ ઇન્દ્રધનુષી વિરલ આભાથી મંડિત વ્યક્તિતત્વવાળા હતા. એમના જીવનની અનેક વિશેષતાઓમાંથી એમનો પુરૂષાર્થ, સતત સ્વાધ્યાય, નિર્ભયતા, નિર્ણયની શીઘ્રતા, કાર્યનિષ્ઠા, તટસ્થતા અને સહકાર્યકરોમાં વિશ્વાસની ભાવના મને વધુ આકર્ષે છે. આ સાત વિશેષતાઓ એમના વ્યક્તિતત્વમાં સાત રંગ સર્જીને ઇન્દ્રધનુષ રચે છે.

લગભગ તેર વર્ષ સુધી એમના વડપણમાં ભારત જૈન મહામંડળ, ભગવાન મહાવીર પચ્ચીસોમી નિર્વાણ મહોત્સવ સમિતિ, ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર અને રાંકા ચેરિટેબલ ટ્રસ્ટ વગેરે સંસ્થાઓમાં કાર્ય કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. એમની નિકટ આવવાના, સાથે કામ કરવાના અનેક અવસર મળ્યા, પરંતુ નિકટતામાં પણ તેઓ તટસ્થતા જાળવી રાખતા હતા. એમનો સ્નેહ આસક્તિ કે બંધન ન બની જતો. કામ હોય તો હું એમની પાસે જતો. પ્રેમપૂર્વક મળતા અને તરત નિર્ણય સહ આદેશ આપી દેતા. એમને કામ હોય તો ફોન કરી બોલાવી લેતા, પોતાની વાત સમજાવી તરત વિદાય આપતા. એવો કોઇ આગ્રહ ન હતો કે, એમના દરબારમાં કોઇ બેસે અને એમની પ્રશંસા કરે. એમનું પ્રત્યેક કાર્ય પ્રમાણસરનું, ભાષામાં શબ્દો પણ બસ પૂરતા, ફોન પર વાતચીત પણ બસ પૂરતી અને થોડામાં સમજવું તથા સમજાવવાની ક્ષમતા અદ્‌ભુત હતી.

સ્વ. ચીમનભાઇ સાથી કાર્યકરોની ખામીઓ અને ખૂબીઓ બન્ને જાણતા હતા, પણ ખૂબીઓને ખ્યાલમાં રાખી એ પ્રકારનું કામ સોંપતા. મારા માટે એમના મનમાં એવી ધારણા હતી કે, સંગઠન, પ્રચાર, લેખન અને ભાષણમાં મારો ઉપયોગ સારી રીતે થઇ શકે એમ છે તેથી એ પ્રકારના કાર્યો મને સોંપતા. વિદેશ જતી વખતે આશીર્વાદ પણ આપ્યા.

સ્વ. ચીમનભાઈ સ્વાધ્યાયરત હતાં. એક વખત એમના જન્મદિવસ પર આયોજિત સભામાં મેં કહ્યું હતું કે, ચીમનભાઇને એક વ્યસન છે અને તે છે સ્વાધ્યાયનું વ્યસન. સ્વ. ચીમનભાઇએ એ વાતનો સ્વીકાર કરતાં કહ્યું હતું કે, બહુવિધ કામકાજ વચ્ચે 'પણ વાચન, ચિંતન અને મનન ચાલતાં જ રહે છે. એથી જ ૮૧ વર્ષની વૃધ્ધાવસ્થામાં પણ નવા ચિંતન અને નવા વાતાવરણમાં તરુણ હતા. એમનું ચિંતન રૂઢિચુસ્ત, પરંપરાગત કે એકાંત આગ્રહી કયારેય ન હતું. ચીમનભાઈ ભગવાન મહાવીરના અનેકાન્તને અપનાવી સમન્વય અને સતત પ્રવાહમાન વિચારધારામાં રહ્યા હતા. તેથી જ જૈન સમાજના વિભિન્ન સંપ્રદાયોમાં જ નહિ જૈનેતર સમાજના પણ લોકપ્રિય નેતા હતા. બચપણથી અંત સુધી પુરૂષાર્થ દ્વારા શૂન્યમાંથી સર્જન કરી પોતાના વ્યક્તિતત્વનું નિર્માણ કર્યું હતું, પુરૂષાર્થનું આ રૂપ એમનું સ્વાભાવિક અંગ બની ગયું હતું. તેથી કર્મયોગી બની અંતિમ શય્યા પરથી પણ ચિંતન લેખ લખાવતા રહ્યા. શરીર વર્ષોથી થાકયું હતું પણ મનોબળથી કાર્યશીલ રહ્યા હતા. મેં એક દિવસ કહ્યું, 'ભાઇ! તમારું સ્વાસ્થ્ય ઠીક નથી તો થોડા દિવસ ધ્યાન શિબિરમાં કયાંક આરામ ન કરી આવો?' એમણે હસીને કહ્યું, 'નિવૃત્તિ મારા હાથની વાત જ નથી. હું હંમેશાં પ્રવૃતિમય રહયો છું, તેથી ધ્યાન, યોગ, ક્રિયાકાંડ ઇત્યાદિનો સંભવ નથી.'

સ્વ. ચીમનભાઇના જીવનના અનેક પ્રસંગો મારી નજર સામે આવે છે, જેમાં દૃઢતા, નિર્ણયની ત્વરિત સ્પષ્ટતા અને નિર્ભયતા દેખાય છે. ભગવાન મહાવીરના પચ્ચીસોમા નિર્વાણ મહોત્સવનો પ્રસંગ હોય કે રાયપુરમાં આચાર્ય તુલસીના પુસ્તક અગ્નિપરીક્ષાને લીધે હિંસાત્મક વાતાવરણ હોય. એમણે સ્પષ્ટ રીતે દૃઢતાથી રાયપુર કોંગ્રેસના નેતાઓની આલોચના કરી અગ્નિપરીક્ષા પુસ્તકના સમર્થનમાં વિચાર વ્યકત કર્યા હતા. નિર્વાણ મહોત્સવનો વિરોધ કરનાર વિરોધીની સામે પણ અડગ ઊભા રહ્યા. આ રીતે અનેક પ્રસંગોમાં એક વખત સમજી વિચારીને નિર્ણય લઇ લે તો

અંત સુધી એના પર અટલ રહેતા, એ કાર્યને સફળ બનાવી જંપતા. કાર્ય કરવા માટે એમની આસ્થા દૃઢ હતી, પણ ફળ માટે તટસ્થ રહેતા. અનેક વખત એમના કોઇ કાર્ય માટે યશ સાર્વજનિક રૂપમાં મળે તો તરત કહેતા, 'આ શ્રેય મારા સાથીઓને મળવું જોઇએ જેમણે આ કાર્ય કર્યું છે.'

ગુણ ગ્રાહકતા એમની વિશેષતા હતી. તેઓ જે વ્યક્તિના ગુણની પ્રશંસા કરતા તેના જ કોઇ અવગુણની આલોચના તેની સામે જ નિર્ભયતાથી કરતા. આલોચનામાં હંમેશાં વાણીનો વિવેક જાળવી શકતા. કાર્યની નિષ્ઠાની સાથે તટસ્થતાનો અદ્‌ભુત સંયોગ એમના સ્વભાવમાં હતો. પૂરી નિષ્ઠાથી કાર્ય કરતા પરંતુ એ કાર્યમાં ડૂબી ન જતા. ચીમનભાઇ ભીડમાં પણ એકલા રહેવાના અભ્યસ્ત હતા. એમની તટસ્થતા ઉદાસીનતા ન હતી પરંતુ નિર્લેપતા હતી. એમનો એકાકી સ્વભાવ અને સામાજિક કાર્ય બન્ને પરસ્પર વિરોધી ભાસતા હોવા છતાં તેઓ વચ્ચે સમન્વય સાધી પૂરી સફળતાથી લાખો લોકો અને સેંકડો સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા.

દુબળા-પાતળા, લાંબા, ધઉંવર્ણો રંગ, અણીદાર નાક અને ધોતિયું, ખમીસ પર બંધ ગળાનો કોટ તથા ગાંધી ટોપી પહેરેલ તે સૌમ્ય વ્યક્તિ પોતાના ઊંચા કદની સાથોસાથ વ્યક્તિત્વની ઊંચાઈ પણ એટલી જ ધરાવતા હતા. કાર્યક્રમોમાં બધાને પ્રેમપૂર્વક મળતા અને જ્યારે બોલતા ત્યારે ચિંતનપૂર્ણ ભાષણથી શ્રોતાઓ મુગ્ધ થઈ જતા.

આજે એ ઇન્દ્રધનુષ આકાશમાંથી વિલીન થઇ ગયું છે. પરંતુ એમની ચિન્તનધારા, કાર્ય, સેવાઓ નિરંતર આપણને પ્રેરણા આપતી રહેશે. ફૂલ ખરે છે. પરંતુ સુગંધ નથી મરતી, સ્વ. ચીમનભાઇ આપણી વચ્ચે નશ્વર દેહ રૂપે નથી પરંતુ એમનો અમર આત્મા સદા પ્રેરણા આપતો રહેશે!

# અમરાં મરે ન કોઇ દિ'

* શાંતિલાલ ટી. શેઠ

જ્યારે પૂજ્ય ગાંધીજીનું અવસાન થયું ત્યારે કોઇએ નીચેની પંક્તિ ગાયેલી:

'ગયો ગયો એ પ્રેમળ જ્યોતિ, ગયો ગયો એ સંત સુજાણ,
ગયો ગયો કોડોનો બાપુ, ગયો ગયો એ તારણહાર.

તા. ૨૦ નવેમ્બર શનિવારના રોજ બપોરના ૧૧-૧૫ મિનિટે, જૈન સમાજના આગેવાન અને તત્ત્વચિન્તક શ્રીયુત ચીમનલાલ ચકુભાઇના ભવ્ય આત્માએ પોતાના પાર્થિવ દેહમાંથી મુક્તિ મેળવી. તેમનું સેવાક્ષેત્ર એટલું વિવિધલક્ષી હતું કે તેઓ એક વ્યક્તિ રહ્યા જ નહોતા પરંતુ સંસ્થા બની ગયા હતા. અનેક સંસ્થાઓના જન્મદાતા તેમજ રાહબર હતા. રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે તેમનું જે પ્રદાન હતું તે અદ્વિતીય હતું. સામાજિક, રાજકીય તેમજ ધાર્મિક-એમ ત્રિવિધ ક્ષેત્રે કામ કરનારી, તેમની કક્ષામાં મૂકી શકાય એવી વ્યક્તિઓ બહુ ઓછી જોવા મળશે. એમના વિષે એમ કહી શકાય કે:

**ચકુઉત પંતે પાઠયો લાખણ તારણહાર**
**જીન જૈનેતર લાડકો, ગયો તત્ત્વ તોખાર**
**ગયો ગયો તો યે કહું ગયો નથી પળવાર**
**અમરાં મરે ન કોઈ દિ', હૈડે હેત અપાર**

તેમનું ચિન્તન ઊંડું હતું; ગમે તેવી કઠિન બાબત વિષે પણ ત્વરિત નિર્ણય લેવાની તેમનામાં શક્તિ હતી. ગમે તેવા ચમરબંધીને પણ તેના ખોટા વિચાર વિષે બેધડક રીતે તેઓ અંગૂલિનિર્દેશ કરી શકતા હતા, એટલું તેમનું સ્પષ્ટ વક્તવ્ય હતું. ૮૧ વર્ષની પાકટ વયે પણ, જીવનના અન્ત સુધી તેઓ પોતાના વ્યવસાય સાથે સંકળાયેલા રહ્યા હતા, એમ છતાં જૈનોની તેમ જ ઇતર વિવિધ પ્રકારની સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા એટલું જ નહિ પરંતુ અંત સમય સુધી સક્રિય રહ્યા હતા. જે જે સંસ્થા સાથે તેઓ સંકળાયા હતા તે તે સંસ્થાને આર્થિક રીતે તેમણે સધ્ધર બનાવી હતી અને દરેક સંસ્થા અંગેની પરિસ્થિતિથી તેઓ સંપૂર્ણપણે માહિતગાર રહેતા. તેમની યાદશક્તિ અદ્‌ભુત કહી શકાય તેવી હતી.

તેમની કામ કરવાની રીત સાવ નિરાળી, અનોખી હતી. પોતાનો મોટી જવાબદારીવાળો સોલિસિટરનો વ્યવસાય સંભાળતાં સંભાળતાં વીસથી પચ્ચીસ સંસ્થાઓ સાથે સંલગ્ન રહીને તેને વ્યવસ્થિત રીતે ચલાવવી તે કામ સરળ ન ગણાય, પરંતુ માણસ પારખવાની તેમનામાં શક્તિ હતી અને એ રીતના સહકાર્યકરો તેમને સાંપડયા હતા. જે સહકાર્યકર ઉપર એક વખત વિશ્વાસ મૂક્યો તેને વિષે તેઓ કદી આશંકા કરતા નહોતા. એ કારણે કાર્યકરને કામ કરવાનો ઉત્સાહ રહેતો. આ રીતે તેમના પર કામનો કોઈ બોજ રહેતો નહોતો, અને જ્યારે જરૂર પડે ત્યારે તેમનું ત્વરિત માર્ગદર્શન પણ મળતું હતું.

તેઓ વ્યવસાયે સોલિસિટર હતા, પરંતુ એ સિવાય તેમના અનેક પાસા હતાં. તેઓ નેતા હતા, લેખક હતા, પત્રકાર હતા, સાહિત્યકાર તેમજ ચિન્તક હતા અને વિવિધ પ્રકારના અનેક ક્ષેત્રોના તેઓ સલાહકાર હતા. તેમના જવાથી અનેક સંસ્થાઓ ઝાંખી બની જશે એમ કહેવામાં હું જરા પણ અતિશયોક્તિ નથી કરતો. તેમનામાં નિર્ભિકતા પણ ઉચ્ચ પ્રકારની હતી. કોઇની શેહમાં તણાવું તે તેમના સ્વભાવમાં નહોતું, તેમના લખાણની શૈલી ખૂબ જ આકર્ષક હતી. થોડામાં ઘણું કહી દેવું એ રીતનું લખાણ પૂ. ગાંધીજી લખતા હતા. લખાણની બાબતમાં શ્રી ચીમનભાઇને ગાંધીજીની નાની આવૃત્તિ કહી શકાય. તેમનું પુસ્તક 'અવગાહન' વાંચવાથી આપણને કેટલી બધી જીવનલક્ષી વિચારણા મળે છે!

સંઘના પાક્ષિક પત્ર 'પ્રબુધ્ધ જીવન' ના તેઓ દસેક વર્ષથી તંત્રી હતા. તેમના લેખો વાંચવા માટે ઘણા બૌધિકો 'પ્રબુદ્ધ જીવન' ક્યારે ટપાલમાં મળે તેની રાહ જોતા હતા અને મળ્યા બાદ એક જ બેઠકે વાંચી જતા હતા. તેમના લખાણમાંથી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનો મોટે ભાગે ખ્યાલ આવી જતો હતો. એ બાબતમાં તેમનો અભિપ્રાય શું હશે? તે જાણવા માટે મોટા ભાગના વાચકો આતુર રહેતા અને તેમના અભિપ્રાયનું એ રીતનું મહત્ત્વ હતું.

એક મહત્ત્વની વાત પર ધ્યાન ખેંચવાનું મન થાય છે. તે એ કે, તેમણે 'પ્રબુદ્ધ જીવન' સંભાળ્યા પછી, દિવસાનુ

દિવસ તેમની વૃત્તિ અને વલણમાં, સ્વભાવ અને વ્યવહારમાં તેમ જ પત્રોના લખાણમાં મોટું પરિવર્તન આવ્યું હતું. તેઓ ઘણા વિનમ્ર બન્યા હતા. આના કારણે તેમના જીવનમાં અનેક ગુણોનો વિકાસ થયો હતો. આ વાત નિખાલસપણે તેઓ પણ અવારનવાર કરતા હતા.

તેમની માંદગીમાં–અસહ્ય યાતનાભરી માંદગીમાં–તેમણે જે તટસ્થભાવ જાળવ્યો, જે જ્ઞાતા અને સમતા રાખી, એ જોઈને ખરેખર અમારું મસ્તક નમી પડતું હતું. ડૉક્ટરોએ તેમના ભયંકર રોગની તેમને જાણ કરી, એ પછી પણ તેમણે સ્વસ્થતા ગુમાવી નહોતી, એટલું જ નહિ, પરંતુ નજર સામે–દરવાજામાં–મૃત્યુ ખડું છે તેની પ્રતીતિ થયા બાદ પણ તેમનું કાળજું ક્ષુબ્ધ નહોતું. એવી સ્થિતિમાં તેમણે નવકારમંત્રનો પાઠ, ચત્તારી મંગલમ્, અપૂર્વ અવસર વિગેરેનો સતત જાપ ચાલુ રાખ્યો હતો. પચાસેક દિવસથી તેમણે અન્ન લીધું નહોતું–ઉપરાઉપરી બે ઑપરેશનોનો ભારે પરિશ્રમ શરીરને પડ્યો હતો; અશક્તિ એટલી બધી હતી કે તેમને બોલવામાં પણ ઘણો શ્રમ પડતો હતો; એમ છતાં બે વખત હૉસ્પિટલના બિછાનેથી અને એક વખત તેમના નિવાસસ્થાનના બિછાનેથી–એમ ત્રણ લેખો, 'પ્રબુદ્ધ જીવન' માટે, તેમણે લખાવ્યા. તે એવી રીતે કે, એક શબ્દ બોલે, નર્સ પાણી આપે; વાક્ય પુરું કરે. ફરીથી નર્સ ચમચીથી પાણી પાય. આવી રીતે તેમણે એ ત્રણ લેખ લખાવ્યા. છેલ્લો ત્રીજો લેખ લખવા માટે જ્યારે મને તેમના નિવાસસ્થાને બોલાવ્યો જ્યારે, લખાવવાનું શરૂ કરાવે તે પહેલાં, પાંચ મિનિટ સુધી બોઢામાંથી શબ્દ નીકળી શકતો નહોતો. મેં કહ્યું, 'ચીમનભાઈ, આ સ્થિતિમાં આપ ન લખાવો તો સારું. પરંતુ તેમણે કહ્યું, 'ના, લખો.' તેમનું એ લખાણ હૃદયસ્પર્શી હતું. આ રીતે આવા યાતનાભર્યા પચાસ દિવસ પસાર કર્યા પછી પણ, જીવનના અંત સમય સુધી તેમની સ્મૃતિમાં જરા પણ ફરક પડ્યો નહોતો, એનો–તેમના તા. ૧૬-૧૦ ૧-૧૧ તેમજ ૧૬-૧૧ ના પ્રબુદ્ધ જીવનના એ ત્રણ લખાણો વાંચવાથી ખ્યાલ આવશે આ એક અદ્‌ભુત અને ભારે આશ્ચર્યકારક ઘટના ગણાય.

અમારા સંઘના મંત્રી શ્રી ચીમનભાઇ જે. શાહે એક દિવસ હૉસ્પિટલમાં તેમની સ્વસ્થતા જોઇને કહ્યું કે, 'આપ જાણે સ્થિતપ્રજ્ઞની દશામાં હો એવું લાગે છે.' ત્યારે તેમણે કહ્યું કે; 'ચીમનલાલ ધરતી પર પગ રાખો, આકાશમાં ન ઊડો. જેવા હોઇએ એવા દેખાવાનો હંમેશા પ્રયત્ન કરવો,' 'આ જાણે તેમનો એક મહત્ત્વનો છેલ્લો સંદેશો ન હોય એમ લાગે. આ વાક્યો ચીમનભાઇ જે. શાહે ટપકાવી લીધેલા. શ્રી ચીમનભાઈ તો મુક્ત થઇ ગયા. તેમના અવસાનનો કોઇ શોક ન કરે, તેમના ભવ્ય ગુણોનું અનુસરણ કરવું એ જ તેમને સાચી અંજલિ આપી ગણાશે.

આવી એક વિરલ વ્યક્તિને ગુમાવીને સમગ્ર જૈન-જૈનેતર સમાજ ખરેખર ઝાંખો બન્યો છે અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘે તો જાણે તેનો આધાર ગુમાવ્યો ન હોય એવો પ્રત્યાઘાત મન પર પડે છે. ઇશ્વર આ ભવ્ય આત્માને શાશ્વત શાન્તિ બક્ષે એવી અંતરની પ્રાર્થના.

# લોકશાહીના સંત્રી ચીમનભાઇ

★ ઉષાબહેન મહેતા

આજે લોકશાહી શબ્દ એટલો પ્રચલિત અને લોકપ્રિય બન્યો છે કે એમાં વિશ્વાસ ન ધરાવનારા પણ એનો ખુલ્લો વિરોધ કરવાની હિંમત ન કરતાં, એનોજ અંચળો ઓઢી એને નામશેષ કરવાનું હીણું કામ કરે છે. લોકશાહીનાં મૂલ્યોની ચર્ચા કરતાં ચીમનભાઇએ સાચું જ કહ્યું છે કે, 'લોકશાહીની પ્રતિષ્ઠા અને ગૌરવ એટલાં બધાં છે કે લોકશાહીમાં માનતા ન હોય અને લોકશાહી આચરણ કરવાની લેશમાત્ર ઇચ્છા ન હોય એવા લોકો અને દેશો પણ પોતે લોકશાહી ધોરણ સ્વીકાર્યું છે એવી જાહેરાતો ભારપૂર્વક કરે છે.'

સાધારણ રીતે લોકશાહીનો અર્થ લોકોને જવાબદાર હોય એવું જનતંત્ર. એટલે કે એવું તંત્ર કે જેમાં રાજ રાજાનું નહિ, પ્રજાનું હોય; સત્તા અમલદારોની નહિ, આમજનતાની હોય; સ્વામીત્વ સત્તાધારીઓનું નહિ, સર્વસાધારણનું હોય. પરંતુ લોકશાહીનો અર્થ અત્યંત વ્યાપક છે. એ માત્ર શાસનવ્યવસ્થા જ નહિ પણ એક સમાજ વ્યવસ્થા અને સમગ્ર જીવનને આવરી લેતી જીવનપદ્ધતિ અથવા જીવનદર્શન Way of life છે. જેનો આધાર છે માનવીનું માનવ તરીકેનું ગૌરવ. એમાં ન હોય વર્ગ વર્ગનો ભેદ કે વર્ણનું અંતર; એમાં ન હોય શાસક કે શાસિત, શોષક કે શોષિત, એમાં ન હોય કોઇ શેઠિયો કે કોઇ વેઠિયો, ન હોય કોઇ માલિક કે નોકર, દરેક વ્યક્તિ પછી તે કાળો હોય કે ગોરો, સ્ત્રી હોય કે પુરુષ; દરેકનું ગૌરવ કરવું, તેની સાથે સમાનભાવે વર્તવું, તેનો આદર કરવો એ લોકશાહીનું હાર્દ છે' એવી ચીમનભાઈની દૃઢ માન્યતા હતી. મનુષ્યને આધિપત્ય જમાવવું અને ભોગવવું ગમે છે. જેણે જીવનની લોકશાહી રસમ અપનાવી હોય એ આવી ઇચ્છાને વશ ન થતાં સર્વ માનવીઓ સાથે સમાનભાવે, મિત્રભાવે વર્તે અને સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનાને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરે. આવો માણસ જ લોકશાહીનો સાચો ચાહક લેખી શકાય.

લોકશાહીના વ્યાપક અર્થમાં રાજકીય લોકશાહી ઉપરાંત સામાજિક અને આર્થિક લોકશાહીનો પણ સમાવેશ થાય છે. ગાંધીજી અને સર્વોદય વિચારકોએ લોકશાહીને નૈતિક ભાવના તરીકે પણ મહત્ત્વ આપ્યું છે. એમના મત પ્રમાણે લોકશાહી નેતાઓનાં ભાષણો કે લખાણો પર કે કોરા સિદ્ધાન્તો પર નહિ પણ પ્રજાની નીતિ અને વૃત્તિઓ પર, લોકચારિત્ર્ય અને માનવીય મૂલ્યો પર આધારિત છે. સાધારણમાં સાધારણ નાગરિકમાં પણ સત્પ્રવૃત્તિ છે, દુષ્ટમાં દુષ્ટ માણસમાં પણ દૈવી અંશ છે એ લોકશાહીની આધારશિલા છે. વ્યક્તિનો વિકાસ અને સમાજનું કલ્યાણ એ એનો ઉદ્દેશ છે.

આજે ભારત તેમજ ઇંગ્લેંડ, અમેરિકા વગેરે દેશોમાં પ્રવર્તતી લોકશાહી પ્રત્યક્ષ લોકશાહી નહિ પણ સંસદીય અને પ્રતિનિધિ-પ્રથા પર આધારિત લોકશાહી છે. એનું મુખ્ય અંગ ચૂંટણી અને રાજકીય પક્ષો છે. આને લીધે લોકશાહીમાં અનેક અનિષ્ટો અને મર્યાદાઓ છે.

કોઇ પણ રાજતંત્ર અને વિશેષ કરીને લોકતંત્ર લોકોનું

તંત્ર તો હોય જ અને એ લોકો માટે, લોકહિત માટે કામ કરતું હોવાનો દાવો પણ કરેજ પણ એ લોકતંત્ર લોકો વડે ચાલતું તંત્ર હોય એમ બહુ ઓછું લાગે છે. ચીમનભાઇના મત પ્રમાણે વર્તમાન સંસદીય લોકશાહીમાં by the People એટલે લોકો દ્વારા તંત્ર ચાલતું હોવાનું તત્વ ઓછું થતું જાય છે.

લોકશાહીમાં રાજકીય પક્ષોએ અગત્યની કામગીરી બજાવવાની હોય છે, પણ ઘણા માને છે કે આજકાલ પક્ષો લોકમાનસ કેળવવાની સંસ્થાઓને બદલે લોકમાનસને ઉત્તેજિત કરતી સંસ્થાઓ કે ષડ્યંત્રો તરીકે કામ કરી રહ્યા છે, લોકોને સંગઠિત કરવાને બદલે એમનામાં ભાતભાતના ભેદો ઊભા કરે છે, પોતાનાં સંકુચિત હિતનો વિચાર કરી રાષ્ટ્રહિતની ઉપેક્ષા કરે છે. સત્તાને લોકાભિમુખ બનાવવાનું પોતાનું ખરું કામ છોડી પક્ષો લોકોને અને ખાસ કરીને એના સભ્યોને સત્તાભિમુખ બનાવે છે. આથી ચૂંટણી સમયે પક્ષની ટિકિટો માટે પડાપડી થાય છે અને ઉમેદવારપત્રકો ભરવામાં જ નાગરિક ધર્મની પરિસમાપ્તિ થાય છે. આ ઉપરાંત ઉમેદવારોની પસંદગી પણ યોગ્ય ધોરણે ભાગ્યેજ થતી હોય છે. ચીમનભાઇના શબ્દોમાં 'રાજકીય પક્ષો જે રીતે ઉમેદવારો નક્કી કરે છે તેમાં લાયકાતના ધોરણ કરતાં બીજાં કારણો વધારે હોય છે. ઉમેદવારની લાગવગ, તેની કોમ, જાતિ. ખરચ કરવાની શક્તિ, પક્ષમાં તેનું સ્થાન, એવાં અનેક કારણો ભેગાં થાય છે.'

ચૂંટણીખર્ચ' એટલું અનહદ વધી ગયું છે કે ઘણી વખત આજની લોકશાહી સાહુકારની દીકરી છે એમ કહી એની ટીકા કરવામાં આવે છે. ચૂંટણીઓમાં મતદાન, મતપેટીઓ, મતપત્રકો વગેરે માટે અઢળક પૈસો ખર્ચાય છે; અને આ ઉપરાંત પક્ષના પ્રચારાર્થે જે પૈસો વેરાય છે એ તો જાણે સાચી લોકશાહીનો વેરી જ બની રહે છે. છૂટે હાથે પૈસો ખરચી શકે એવા પૂંજીપતિઓ બાજી મારી જઇ શકે છે. વળી સંસદ અને ધારાસભાઓ પાછળ થતો ખર્ચ પણ ભારત જેવા ગરીબ દેશને પોષાય એવો નથી હોતો. સંસદના એક સભ્ય પાછળ દૈમાસિક પાંચ હજાર રૂપિયા ખર્ચાય છે એવો અંદાજ છે.

આવા અમર્યાદ ખર્ચને લીધે ભ્રષ્ટાચાર માઝા મૂકે છે. એટલું જ નહિ. પણ એને અનાચાર નહિ, પણ ચૂંટણીનું એક અંગ માનવામાં આવે છે. આ અંગે પોતાની વ્યથા વ્યકત કરતાં ચીમનભાઇ લખે છે કે 'આ ભ્રષ્ટાચાર બધા ક્ષેત્રોમાં વ્યાપક છે. આ એક જ કારણે આ પદ્ધતિ ભયંકર અનિષ્ટ છે, અસામાજિક અને ગુંડા તત્વોને પોષણ આપે છે.'

લોકશાહીના મૂળભૂત સિદ્ધાંત બહુમતિથી લેવાતા નિર્ણય અંગે પણ આકરી ટીકા કરવામાં આવે છે. બહુમતીતિમાં આદર ગુણનો નહિ પણ સંખ્યાનો કરવામાં આવે છે. એકાવન વિરુદ્ધ ઓગણપચાસ મતની વાત કરતાં વિનોબાજી કોઇક વખત આજની લોકશાહીને 'ગલતિયોંકા ગુણાકાર' ની સંજ્ઞા આપતા.

ઘણી વખત એમ પણ બને કે કોઇ એક પક્ષને બહુમતિ ન મળી હોય પણ મતો વિરોધ પક્ષોમાં વહેંચાઇ ગયા હોય અને મતોની સંખ્યા અલ્પ હોવા છતાં એ પક્ષ બહુમતિ પક્ષ કહેવાય. આપણા દેશમાં સાધારણ રીતે સરેરાશ ૬૦ ટકા મતદાન થાય છે. આ ૬૦ ટકામાંથી ૪૦ ટકા મત મેળવનારો પક્ષ બહુમતિ પક્ષ કહેવાય છે. વળી આ રીતે અલ્પમત પર ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ દરેક બાબતમાં એકમત નથી હોતા.

આંકડાની આ આંટીઘૂંટી પક્ષના નેતા અને વડા પ્રધાનની પસંદગીમાં પણ અગત્યનો ભાગ ભજવે છે, જો કે આપણે ત્યાં નેતાની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષમાં એક જ વખત મતદાન થયું. પણ બીજા દેશોમાં આ સામાન્ય બનાવ છે. વળી સત્તાધારી પક્ષમાં પણ નિર્ણયો લોકશાહી ઢબે ભાગ્યે જ લેવાતા હોય છે.

લોકશાહીમાં નેતા ન હોવા જોઇએ એ મત સાથે આપણે કદાચ સંમત ન થઇએ પણ તે સાથે જ વિચારોને આધારે રચાયેલા પક્ષો પર ચાલતી લોકશાહીમાં વ્યકિતનિષ્ઠ પક્ષો ન પાંગરે અને વ્યકિતપૂજનને મહિમા લોકોને પાંગળા અને પરાવલંબી બનાવી દે છે એ દોષ પ્રત્યે પણ દુર્લક્ષ ન કરીએ. આનાથી નાગરિકો સજાગ અને ઉદાર બનવાને બદલે સંકુચિત માનસ અને ટુંકી દૃષ્ટિવાળા બને છે. એમની ઉન્નતિ થવાને બદલે એઓ અવનતિને પંથે પ્રયાણ કરતા થઇ જાય છે. આ ભયસ્થાન પ્રત્યે આપણું ધ્યાન ખેંચતાં હેન્રી ઓમ્સ નામના અમેરિકન રાજપુરુષ આપણને સચેત કરતાં કહે છે કે, 'લોકશાહી પણ પડતીના કુદરતની નિયમને વશ છે. કારણ, મનુષ્ય સ્વભાવ હલકો છે અને કાળક્રમે વધુ હલકો બને તો નવાઇ નહિ.

પ્રતિનિધિઓ અને મતદાતાઓની યોગ્યતા અંગે પણ અનેક શંકાકુશંકાઓ સેવવામાં આવે છે. ઘણી વખત લોકશાહીને અણઘડોની સરકાર તરીકે વખોડવામાં આવે છે. આજકાલ કારકુનની કે એવી બીજી કોઇ સાધારણ જગ્યા માટે પણ અનેક પ્રકારની યોગ્યતાની આશા રાખવામાં આવે છે. પરીક્ષા પાસ કર્યા વિના કે જોઇતી પદવીઓ મેળવ્યા વિના, ડોકટર, વકીલ આદિ વ્યવસાયના લોકોને ધંધો કરવાની પરવાનગી અપાતી નથી. પણ લોકશાહીમાં–ખાસ કરીને ભારતમાં પ્રવર્તતી આજની લોકશાહીમાં કોઇ પણ યોગ્યતા ન હોવી એનેજ મોટી યોગ્યતા લેખવામાં આવે છે. સંસદ અને વિધાનસભાઓનું કામ કાયદા અંગે તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકારણ અંગે ઊંડી સમજ માંગી લે છે. જ્યારે સંસદમાં અને ઘણીખરી વિધાનસભાઓમાં આ બધું સમજવાની મથામણોમાં પડવાને બદલે નેતાની આંગળીના ઇશારે આંગળી ઊંચી કરી પોતાની જવાબદારી પૂરી કર્યાનો સંતોષ માનનારી કઠપુતળીઓના ખેલ જ જોવા મળે છે. આ અંગે ચીમનભાઇનું મંતવ્ય છે કે, ચૂંટાયેલ વ્યકિતઓનો મોટો ભાગ સામાન્ય બુદ્ધિશકિતનો અથવા તેથી પણ ઉતરતી કોટિનો હોય છે. ખરેખર બુદ્ધિશાળી, પ્રામાણિક, શકિતશાળી બહુ ઓછા હોય છે. It is a crowd of mediocrities.

મતદાતાઓ અંગે પણ એવી દલીલો થાય છે કે આપણા દેશના ઘણા લોકો અશિક્ષિત હોવાને લીધે મત આપવાની યોગ્યતા ધરાવતા નથી. કહેવાય છે કે એક ચૂંટણીમાં રામરાજ્ય પરિષદ નામના એક પક્ષની નિશાની ઊગતો સૂર્ય હતો. એક ઠેકાણે ચૂંટણીમથક પર મતદાનપેટીની સામે નતમસ્તક થઇ ઊભાં જ રહ્યાં અને સૂર્યદેવનું સ્તવન પૂરું કરી મત આપ્યા વિના જ પાછાં ફર્યાં. એવી જ રીતે પહેલી ચૂંટણી વખતે સમાજવાદી

પક્ષની નિશાની ઝાડ હોવાથી કેટલાક મતદાતાઓ ઝાડ સામે ચોકડી કરી સમાજવાદી પક્ષને મત આપવાને બદલે મતદાન-મથકોની આજુબાજુના ઝાડ ઉપર ચડી ગયા હતા. આવા મતદાતાઓ હોય તો પણ ઉમેદવારોને એમની ખુશામત કરી મત મેળવવા પડે છે. આ રીતે મતદાતાઓનું ધમંડ જગે છે, એમનું અહં પોષાય છે. આમ, ચૂંટણીઓ પક્ષ, ઉમેદવાર અને મતદાતા ત્રણેની ઉન્નતિ નહિ પણ અવનત માટે કારણભૂત બની રાષ્ટ્રની રગેરગના કોરી ખાતા કર્કરોગની ગરજ સારે છે.

લોકશાહીના આ દોષો છતાં એ તો કબુલ કરવું જ પડશે કે લોકશાહી સિવાય આપણી પાસે બીજો કોઇ પર્યાય નથી. ચીમનભાઇએ સાચું જ કહ્યું છે કે, 'સંસદીય લોકશાહીમાં અનેક દોષો હોવા છતાં તેના કરતાં વધારે સારી પદ્ધતિ ન શોધાય ત્યાં સુધી તે શ્રેષ્ઠ રાજ્યપદ્ધતિ છે. તે એટલા માટે કે બીજી રાજ્યપદ્ધતિઓ મુકાબલે આ પદ્ધતિમાં પ્રજાનો કાંઇક અવાજ છે, વિચાર અને વાણીસ્વાતંત્ર્ય છે. પાંચ વર્ષે પ્રજાને જવાબ આપવો પડે છે, સંસદમાં સતત દેખરેખ અને ટીકાને અવકાશ છે. પ્રજાને રાજ્યકર્તાઓમાં ફેરફાર કરવાની તક રહે છે.' આમ સાચો ઉપાય લોકશાહીને તિલાંજલિ આપવાનો નહિ પણ એને સાચો યજ્ઞ બનાવી, ચૂંટણીઓને લોકશિક્ષણ અને લોકજાગૃતિ માટેનાં પવિત્ર પર્વો બનાવી રાષ્ટ્રના ચારિત્ર્યનું ઘડતર કરવાનો છે. આમ, લોકશાહીને સાચા અર્થમાં લોકશાહી બનાવી, આદર્શ પ્રત્યે વાળવી હોય તો શું કરી શકાય? આને માટે સંસ્થાકીય સ્તરે તેમજ વૈયકિતક સ્તરે, ચૂંટણીની પ્રક્રિયામાં તેમજ નાગરિકોના વ્યકિતત્વમાં અમુક પરિવર્તનો લાવવા આવશ્યક છે.

(૧) ચૂંટણીઓ નિયત સમયે થાય એ આવશ્યક છે પણ આ સાથેજ એ વાતની પણ પૂરી તકેદારી રાખવી રહી કે ચૂંટણીઓ, મુકત ચૂંટણીઓ એટલે કે સરકાર કે સત્તાધારી પક્ષની કોઇ પણ જાતની દખલગીરી વિના થાય.

(૨) સરકારની માફકજ ચૂંટણીઓ પર પ્રસરતું પૂંજીપતિઓનું વર્ચસ્વ પણ નાબૂદ થવું જ જોઇએ. ચીમનભાઇ હંમેશ એ વાત પર ભાર મૂકતા કે ચૂંટણી માટે ખર્ચની નકકી થયેલી મર્યાદાનો કડક અમલ થવો જોઇએ, એટલું જ નહિ પણ, ઉમેદવારોની માફક રાજકીય પક્ષો માટે પણ આવી મર્યાદા નકકી કરવામાં આવે. બધા પક્ષો એનું પાલન કરી પોતાનો પાકો અને પૂરો હિસાબ રજુ કરે, જેની નિષ્પક્ષ તપાસ થાય. એમની એવી અપેક્ષા હતી કે સત્તાધારી પક્ષ આ દિશામાં પહેલ કરે.

(૩) પક્ષોએ યોગ્ય ઉમેદવારોને ઉમેદવાર તરીકે ઉભા રાખવા જોઇએ. ઉમેદવારોએ એક વખત ચૂંટાઇને આવ્યા પછી મતદારોની આશા-આકાંક્ષા અને આવશ્યકતાઓને નિર્ભય રીતે વાચા આપવી જોઇએ તેમજ પ્રજાને યોગ્ય માર્ગદર્શન પણ પુરું પાડવું જોઇએ. સંક્ષેપમાં પક્ષના નેતાઓમાં કાર્યકુશળતા અને ચારિત્ર્યશીલતાનો સમન્વય સધાયેલો હોવો જોઇએ એ વાતમાં કોઇ શંકા નથી. કે લોકશાહીની સફળતા માટે ઋષિકલ્પ નેતાઓની આવશ્યકતા રહે છે. સંભવ છે કે એક ઉમેદવાર ચૂંટણી વખતે અનેક વચનો આપે, લોકોની સેવા કરવાની ઉત્કટ ઇચ્છા પ્રદર્શિત કરે પણ એક વખત ચૂંટાઇ આવ્યા પછી નિષ્ઠાપૂર્વક કામ ન કરે, લોકને સ્થાને 'સ્વ' ને કેંદ્રમાં રાખતો થઈ જાય અને જાહેરજીવનના સર્વ નીતિનિયમોને નેવે મૂકી દે. ચીમનભાઇ આ માટે સ્પષ્ટ રીતે એક ઉપાય ચીંધે છે અને તે આવા ઉમેદવારને પાછા ખેંચી લેવાનો એટલે Right to Recallનો.

આજકાલ પ્રચલિત થયેલી પક્ષાંતરની કુરીતિના પણ ચીમનભાઇ પ્રખર વિરોધી હતા. લોકશાહીને દોષમુકત કરવા માટે અમણે સૂચવેલા અનેક ઉપાયોમાંનો એક છે 'પક્ષાંતર સર્વથા બંધ થવું જોઇએ. પક્ષાંતર કરવું હોય તો રાજીનામું આપી ફરી ચૂંટણી થાય.'

(૪) ઉમેદવારોની માફક મતદાતાઓએ પણ સતત જાગૃત અને કોઇ પણ જાતનાં પ્રલોભનોને વશ થયા વિના યોગ્યતાને આધારે મતદાન કરવા માટે તૈયાર રહેવું પડે. આ માટે સર્વોદય વિચારકોની માફક ચીમનભાઇ પણ બિનપક્ષીય મતદાર મંડળો રચવાની હિમાયત કરે છે. આવાં મંડળોને ચૂંટણીમાં થતી ગેરરીતિઓને અટકાવવા માટે કાનૂની પગલાં લેવાનો અધિકાર આપવો જોઇએ એમ પણ એઓ માનતા. આમ લોકશાહી સફળ થાય એટલા માટે નિતિનિષ્ઠ નરવીરો કે ઋષિકલ્પ નેતાઓ હોવા જરૂરી છે, એ જ પ્રમાણે મતદાતાઓ પણ જાગૃત હોય, શિસ્તબદ્ધ હોય, સ્વતંત્ર વિચારવાળા અને નૈતિક ચૈતન્યવાળા હોય એ પણ એટલું જ આવશ્યક છે.

(૫) વિચાર અને વાણીસ્વાતંત્ર્ય એ લોકશાહીનાં પ્રાણસમાન તત્ત્વો છે. આ બન્ને હકોને સ્પષ્ટ મર્યાદાઓ છે. સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા ન પોષી શકાય અને સમાજની પ્રગતિને અવરોધતા સ્થાપિત હિતોનું રક્ષણ પણ ન કરી શકાય. પરંતુ આનો અર્થ એમ ન ધરાવી શકાય કે સમાનતાને નામે આપણે વ્યકિતસ્વાતંત્ર્યને પડતું મુકીએ.

સ્વાતંત્ર્યની રક્ષા ખાતર ન્યાયતંત્રની સ્વતંત્રતા અને વર્તમાનપત્રો તથા સંચારમાં બીજા સાધનો પર વધુ પડતાં નિયંત્રણોનો અભાવ ખૂબ જરૂરી છે. જો વર્તમાનપત્રો પર અંકુશ મુકવામાં આવે અથવા એમને પ્રજાના અવાજને વાચા આપતા અટકાવવામાં આવે તો જેવો પ્રજાનો અવાજ રૂંધાય એવું જ લોકશાહીનું ગળું પણ રૂંધાયજ એ વાત નિર્વિવાદ છે.

ચીમનભાઈ અભિવ્યકિત અને અખબારી સ્વાતંત્ર્યના કેવા પ્રચંડ સમર્થક હતા એ કટોકટીના કઠણ કાળ દરમ્યાનના એમના 'પ્રબુદ્ધ જીવન'ના લેખોથી એમણે પુરવાર કરી બતાવ્યું. એમની સૌમ્ય પણ ખમીરવંતી લેખિનીમાં સત્તાના અન્યાયી આદેશોનો અનાદર કરવાની હિંમત હતી. જનમતને નિર્ભયપણે વ્યકત કરવાનું સામર્થ્ય હતું. એઓ કહેતા જ કે સમાચારપત્રોના સ્વાતંત્ર્ય વિનાની લોકશાહીની હું કલ્પના જ કરી શકતો નથી.

બિહાર Press Bill અંગે પણ ચીમનભાઇના દિલમાં ઊંડી વ્યથા હતી. જરૂર પડે તો આ બિલ સામે સક્રિય લડત આપવાની પણ એમની તૈયારી હતી.

(૬) લોકશાહીમાંથી લોકોનો વિશ્વાસ ઊઠી ન જાય અને એનાં પાયા સુદૃઢ બને એટલા માટે લોકશાહીના અન્ય ચાહકોની માફક ચીમનભાઇ પણ સત્તાધારી અને વિરોધી બન્ને

પક્ષોને આપણી સંસ્કૃતિને અનુરૂપ એવું ઉદાર, સંયમી અને સહિષ્ણુ વર્તન રાખવાની શીખ આપે છે. એઓ લખે છે કે, 'આપણી સંસ્કૃતિનું બીજું એક પ્રધાન લક્ષણ સહિષ્ણુતા છે. અનેક જાતિઓના બનેલા આ દેશમાં પરસ્પર સહકાર અને આદરથી સૌ રહેતા આવ્યા છે. આક્રમકતા, ધાર્મિક, સામાજિક કે અન્ય પ્રકારની આપણી પ્રકૃતિમાં નથી.

સત્તાધારી પક્ષ સાથે સંમત ન હોય એવા પક્ષ કે વ્યક્તિને પોતાનો અભિપ્રાય વ્યકત કરવાની પૂરી તક મળે એ લોકશાહીમાં અતિ મહત્વનું છે. મીલ જેવા ખ્યાતનામ રાજનીતિજ્ઞોની માફક ચીમનભાઇ આગ્રહપૂર્વક દલીલ કરતા : 'Right of Dissert એ લોકશાહીનો પાયો છે અને બહુમતિ નિર્ણય કરે તે પૂર્વે તેમજ તે પછી પણ હોવો જોઇએ.'

સત્તાધારી પક્ષ, વિરોધ પક્ષો પ્રત્વે માનભર્યું વર્તન રાખે એટલું જ નહિ પણ જ્યાં શકય હોય ત્યાં એની સલાહ અને સહાય લે એ પણ ઇષ્ટ છે.'

આ સાથેજ વિરોધી પક્ષોએ પણ વિરોધ ખાતર વિરોધ કરવાનું અવરોધાત્મક નહિ પણ સરકાર સાચી હોય ત્યાં એને સ્વ રીતે સહાયક બનવાનું, રાષ્ટ્રહિત અને લોકકલ્યાણનાં બધા કામોમાં સહભાગી બનવાનું અને એ ખોટી હોય ત્યાં રચનાત્મક અભિગમ અપનાવી સરકારને સાવચેત કરી એની નીતિના કુપરિણામો પ્રત્યે એનું ધ્યાન આકર્ષિત કરવાનું હોવું જોઇએ.

(૭) રાજકીય પક્ષોની માફક નાગરિકોએ પણ પોતાનાં કર્તવ્યોનું પ્રામાણિકપણે પાલન કરવું રહ્યું. પ્રજાના કર્તવ્યોમાંનું એક મહત્વનું કર્તવ્ય એટલે રાજય પ્રત્યે વફાદાર રહી એના કાયદાઓનું પાલન કરવાનું. સંવિધાનનું સન્માન સાચવવાની આ આદતને અંગ્રેજીમાં Constitutional Habit કહેવામાં આવે છે.

આ આદત કેળવવી સારી છે, પરંતુ એટલું યાદ રહે કે એમાં જે કાયદાનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે એ ન્યાયી અને લોકહિતકારી કાયદાઓ; પરંતુ જ્યારે નાગરિકને લાગે કે રાજ્યના કાયદાઓ અન્યાયી અને અનીતિમય છે અને શાસન અત્યાચારી બનતું જાય છે ત્યારે એ શાસનને પડકારવાની, એનો પ્રતિકાર કરવાની એની પવિત્ર ફરજ થઇ પડે છે. સર આઇવર જીનિંગ્સ આ અંગે એવું વિધાન કર્યું છે કે 'લોકોમાં લોકશાહીનો સ્વીકાર કરવાની ઇચ્છા હોય એટલું પૂરતું નથી, એમનામાં લોકશાહીને જાળવી રાખવાની શકિત હોવી જોઇએ એટલે કે સરકારનાં અન્યાયી કામો સામે તથા એની જુલમશાહી સામે વિરોધ કરવાની હિંમત હોવી જોઇએ. જો પ્રજામાં આ પ્રકારની હિંમત ન હોય તો સરકાર લોકશાહીના અંચળા નીચે સરમુખત્યારશાહીની સત્તાઓ ભોગવતી થઈ જાય છે.'

પ્રત્યેક નાગરિક આ ફરજ અદા કરે, એ માટે શકિત કેળવે, પણ એણે એ વાતની સાવચેતી રાખવી પડશે કે એમ કરતાં કયાંક હિંસા કે અરાજકતાનું સામ્રાજ્ય ન સ્થપાઇ જાય. આમ સાધારણ સમયમાં કાયદાનું પાલન અને અસાધારણ સંજોગોમાં અન્યાયી કાયદાનો શાંતિમય માર્ગે પ્રતિકાર એ જ આદર્શ લોકશાહીના નાગરિકનો મંત્ર રહેવો જોઇએ.

ચીમનભાઈ માનતા કે સત્યાગ્રહ એ ગાંધીજીનું રાજકીય ક્ષેત્રે અતિ મહત્વનું યોગદાન છે અને વખત આવ્યે પ્રત્યેક નાગરિકે એનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા માટે કટિબદ્ધ રહેવું જોઇએ.

ચીમનભાઇના હૈયે રાષ્ટ્રીય ચારિત્ર્યના વિકાસદ્વારા રાષ્ટ્રનું નવનિર્માણ કરવાના કોડ હતા. એમના દેશબંધુઓ સતત જાગ્રત રહી લોકશાહીને સબળ, સુદૃઢ બનાવે, ભારતના ભાવિનું ઘડતર અને ચણતર કરે એ એમની મનોકામના હતી. એમનાં આ સ્વપ્નાંને સાકાર કરવા માટે જરૂર છે અડગ નિશ્ચય અને દૃઢ સંકલ્પની. સ્વતંત્રતાના અજોડ સેનાની અને લોકશાહીનાં સંત્રી, માનવ અધિકારોનાં સંરક્ષક અને માનવીનાં ગૌરવના ગાયક ચીમનભાઇને શ્રધ્ધાંજલિ આપતાં આપણે પણ ઉમાશંકરભાઇની સાથે સ્વતંત્રતા દેવી પાસે વરદાન માંગતાં ગાઇએ કે.

સ્વતંત્રતા દે વરદાન આટલું
ન હીન સંકલ્પ હજો કદિ મન.

# મંગલમૂર્તિ ચીમનભાઇ

* સુબોધભાઇ એમ. શાહ

શ્રી પરમાનંદભાઇનાં સ્વર્ગવાસ પછી 'પ્રબુદ્ધ જીવન' સ્વ. શ્રી ચીમનભાઇએ સંભાળ્યું ત્યારથી સંસ્થાનાં કામને અંગે તેમની વધુ નિકટ આવવાનું બનતું ગયું. શરૂમાં અમને સૌને એમને મળવામાં ઓછેવત્તે અંશે સંકોચ રહેતો. અમારે એમને કશું પૂછવાનું હોય તો કોણ ફોન કરે એમ થતું. પરંતુ થોડાંક જ સમયમાં સંકોચ તો તદ્દન જ ગયો, ઉપરથી ખૂબ માયા બંધાણી. હોસ્પીટલમાં એકવાર મેં એમને કહ્યું કે 'ચીમનભાઇ, મારાં તો મા અને બાપ બંને ગુજરી ગયાં છે. હવે તો તમે જ અમારા મા ને બાપ બંને છો.' ત્યારે મીઠું હસ્યા ને મારો હાથ દબાવીને કહે કે 'તમારો સૌનો ખૂબ પ્રેમ મને મળ્યો છે.'

એમનું રૂપાળું વ્યકિતત્વ મને ખૂબ ગમતું. દેખાવડો ચહેરો ને તેજસ્વી બુદ્ધિપ્રતિભાને લઇને તેમનો પ્રભાવ પડતો. કયારેક-કયારેક એમનાં કપડાં પર ડાઘ લાગ્યો હોય અથવા કદાચ કોટનો કોલર રફ કરેલો હોય ત્યારે મિટીંગ પછી દાદર ઉતરતી વખતે આસ્તેથી એમનું ધ્યાન ખેંચતો. તેઓ સરળતાથી સહજરીતે ઉપેક્ષા સેવતાં. બાહ્ય દેખાવ અને ટાપટીપ કરતાં આંતરિક ગુણો અને વિકાસની વાત એમને વધુ મહત્વની હતી.

કટોકટી પછી 'પ્રબુદ્ધ જીવન' માં પોતાના વિચારો સ્વતંત્ર રીતે વ્યકત કરવાનું થોડું મુશ્કેલ હતું તો પણ નિર્ભયતાથી એ કામ એમણે જારી રાખ્યું. આમ છતાં એમણે વધુમાં બંધ બારણે મળી શકાય એવી નાની સભાઓ યોજવાનું સૂચન કર્યું', જેમાં સૌ પોતાની મૂંઝવણો, પોતાનાં વિચારો-વ્યકત કરી શકે, એટલું જ નહિ પરંતુ જિજ્ઞાસાવૃત્તિ પણ સંતોષાય. તેમાંથી 'અભ્યાસ વર્તુળ' પ્રવૃત્તિનો જન્મ થયો ને એ ચલાવવાનું કામ મને સોંપ્યું. ત્યારથી આજસુધીમાં એમણે આ કામગીરી બાબત કશું કહ્યું નથી. એકજવાર, માત્ર એકજવાર એક સભાનાં આયોજન વિષે એમણે

એમનું મંતવ્ય જણાવ્યું હતું અને તે પણ સંઘનાં મંત્રી શ્રી ચીમનભાઇ જે. શાહ મારફ, માત્ર સૂચન રૂપે. બાકી ઘણી ખરી સભાઓમાં તેઓ આવતાં ને પ્રમુખસ્થાને બિરાજતા. કયારેક તો આગળથી પણ ફોન કરીને કહેતાં કે આજની મિટીંગમાં હું આવીશ. એમનો એક ગુણ હતો કે સાથી કાર્યકરને જવાબદારી સોંપ્યા પછી સંપૂર્ણ વિશ્વાસ મૂકવો અને તેના કામમાં કર્યાય મુશ્કેલી ન આવે તે જોવું. 'અભ્યાસ વર્તુળ' ની કામગીરીનો મારો આ સુખદ અનુભવ છે.

૧૮ મી સપ્ટેમ્બરે અમે થોડાંક મિત્રોએ લોક-મિત્ર' નું ઉદ્‌ઘાટન શ્રી ચીમનભાઇનાં વરદ હસ્તે રાખ્યું. ખૂબ નબળી તબિયતે પણ તેઓ આવ્યા ને પૂરું ૪૫-૫૦ મિનિટ બોલ્યા. પોતાના જીવનકાળ દરમ્યાન એમણે અનેક સભાઓમાં પ્રવચનો કર્યાં છે પણ આ તેમની અંતિમ સભા નીવડશે એનો તો અમને તે વખતે સ્વપ્ને પણ ખ્યાલ નહતો. હજી તો આ પ્રતિભાશાળી માનવી પાસેથી ઘણી વાતો સાંભળવાની હતી, જાણવાની હતી, પણ વિધિએ બીજું કાંઇ નિર્માણ કરી રાખેલું' તે બીજે જ દિવસે તેમને જૈન કલીનીકમાં દાખલ કરવા પડ્યા ને ત્યાર પછી બરાબર બે મહિને તેમનો સ્વર્ગવાસ થયો.

સંઘના કાર્યકરોમાં એકથી વધુ ચીમનભાઇઓ હોવાથી અમે શરુમાં તેમનો ઉલ્લેખ 'સી. સી.' તરીકે કરતાં. પણ છેલ્લે છેલ્લે તો અમે સૌ તેમને 'મુરબ્બી' જ કહેતાં, એ રીતેજ મિટીંગમાં સંબોધતાં અને એમનો ઉલ્લેખ પણ એજ રીતે કરતાં. 'મુરબ્બી' એટલે ચીમનભાઇ. એ શબ્દ એમનો પર્યાય બની ગયો હતો. ઉપરથી ખૂબ કડક અને મિતભાષી હતા પણ અંદરથી કેવા કોમળ હતાં તેનો ખ્યાલ મને બહુ મોડેથી આવ્યો.

તેઓ હોસ્પિટલમાં હતા અને ઇન્વેસ્ટીગેશન ચાલુ હતા તેવા સમયે મેં એમને એકવાર કહ્યું કે 'ચીમનભાઇ, જાણે એમ થાય છે કે તમે જલ્દી સારાં થઇ જાવ એ માટે અમે શું કરીએ ? સંઘના કાર્યાલયમાં રોજ સાંજે બધાં ભેળાં થઇને પ્રાર્થનાઓ કરીએ તો કેમ ? તો કહે : 'ઇશ્વરે ધાર્યું હશે તે થશે.' મૃત્યુનો એમને ભય ન હતો પણ મૃત્યુ પહેલાં એમને લાંબો સમય કોઈ પણ પ્રકારની નાની મોટી વાતના ભોગવવી પડે એ વિચાર મારાથી જીરવાતો ન હતો. મને જ એ વાતનો ભય હતો.

વિનોબાજી ગયા ત્યારે એમનાં મંત્રીએ કહેલું કે **महावीर का अवतार समाप्त हो गया'** મુરબ્બીના જવા સાથે અમારે માટે, અમારી સંસ્થા માટે જાણે સોક્રેટીસનો અવતાર ચાલી ગયો હોય એમ મને લાગ્યા કરે છે. જગત તો ચાલશે, જીવન પણ ચાલ્યા જ કરશે સંસ્થાઓનું કામ પણ અટકી પડવાનું નથી. પણ મુરબ્બીની ખોટ તો નહીં જ પૂરાય.

# સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ: એક વિચારપુરુષ

કૃષ્ણવીર દીક્ષિત

જૈન સમાજના એક અગ્રણી, તત્ત્વચિંતક અને વિચારપુરુષ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું ૯૦ વર્ષની વયે તા. ૨૦ મી નવેમ્બર ૧૯૮૨ના રોજ મુંબઇમાં તેમના નિવાસસ્થાને અવસાન થયું તે એક દુઃખદ ઘટના છે. દુઃખદ એટલા માટે કે સમાજને હવે શ્રી ચીમનભાઇ જેવા એક મોટા ગજાના વિચાર-પુરુષની તેમજ ભાવનાપુરુષની વિવેકપૂત રાજકીય, સામાજિક અને ધાર્મિક વિચારણાથી હંમેશ માટે વંચિત રહેવું પડશે. વ્યવસાયે તેઓ સોલીસીટર હતા એટલે કાયદા ક્ષેત્રના નિષ્ણાત તેઓ હતા જ. સરકાર, વારતવમાં સ્વહિતાર્થે તથા આભાસી લોકહિતાર્થે જે કાયદાઓ કરતી યા કાયદાઓમાં સુધારા કરતી તેની, તેઓ 'પ્રબુદ્ધ જીવન'માં તેના સંપાદક તરીકે, ત્રુટિઓ તથા ભયસ્થાનો પ્રત્યે અંગુલિ-નિર્દેશ કરી વિશદ અને તાત્વિક ચર્ચા કરી વાચકોને જાગ્રત રાખવા અને એ રીતે લોકશાહીના પ્રહરી તરીકેની પોતાની કામગીરી તેઓ સ્વધર્મ સમજીને નિર્ભયતાથી બજાવતા. 'પ્રબુદ્ધ જીવન' એક ઉત્તમ વિચારપત્ર છે. ચીમનભાઇ તેના પ્રાણરૂપ હતા. તેમાં વિચારોનું તેમ ભાવનાઓનું જે ઓજસ અનુભવાતું તે ચીમનભાઇના પ્રબુદ્ધ આત્માની નીપજરૂપ હતા.

દેશના તેમજ દુનિયાના રાજકારણમાં ચીમનભાઇને ઊંડો રસ હતો. તે રસ માત્ર 'એકેડેમિક' ન હતો. એટલે કે વિદ્વદ્‌વ્યર્થા પૂરતો ન હતો, પરંતુ રાષ્ટ્રના તેમ વિશ્વના રાજકારણની ઘટનાઓની પ્રજાજીવન ઉપર રાષ્ટ્રીય તેમજ જાગતિક દ્રષ્ટિએ કેવી ને કેટલી અનિષ્ટ યાને માઠી અસર પડશે તેની ચિન્તા તેઓ અનુભવતા અને તે ચિંતાની ભોંયમાંથી જે અભ્યાસમંડિત વિચારવૃક્ષ ઊગતું તેની ઘટા 'પ્રબુદ્ધ જીવન' ને આવશ્યક પ્રમાણમાં આવરી લેતી. રાજકીય ઘટનાઓની વિવેકદૃષ્ટિપૂર્ણ, તટસ્થ, સમતોલ, વિચારપૂર્વકની અને મનનીય સમીક્ષા કરનારા અલ્પસંખ્ય વિચારકોમાંના તેઓ એક હતા.

ગાંધીજી, ડો. શ્વાઇત્ઝર, તોલ્સ્તોય અને સોક્રેટીસ—આ વિશ્વવિભૂતિઓની ચિંતનધારાના શ્રી ચીમનભાઇ ઊંડા અભ્યાસી હતા. તે પ્રત્યેક વિભૂતિના ચિંતનથી તેમનું જીવન રંગાયું હતું અને તેમની વિચારસરણી આધ્યાત્મિક સ્તરે પહોંચી તેમના જીવનમાં વાણી અને વ્યવહારે રૂપે પ્રતિષ્ઠિત થઇ હતી શ્રીમદ્ રાજચન્દ્ર, ભગવાન મહાવીર, ગાંધીજી, ડો. શ્વાઇત્ઝર, તોલ્સ્તોય તથા સોક્રેટીસ—આ વિભૂતિઓના ચિંતન-વારિથી જ તેમનો વિચારમિનાર ઘડાયો હતો.

તેમનું જીવન સોલીસીટર તરીકે જેટલું વ્યસાયગ્રસ્ત હતું તેનાથી અધિકાંશે તે સેવારત હતું. તે સમતલ હતું. એકધારું વહયું હતું. માંદગી, ગરીબી, આઘાત, નૈરાશ્ય આ બધું એમણે અનુભવેલું અને તેમના જીવન ઉપર તે સર્વની અસર પણ થઇ હતી, પરન્તુ પ્રકૃતિગત પ્રેમ અને કરુણા આ બે મહાન ગુણોને કારણે સેવાયજ્ઞની જ્વાળામાં તેઓ સ્વદુઃખોને ભસ્મીભૂત કરી શકયા હતા, અને સ્વસ્થતાનો ગુણ તેમણે અદ્‌ભુત રીતે, કોઇને પણ આશ્ચર્ય સાથે અપનાવવાની પ્રેરણા થાય એટલી હદે કેળવ્યો હતો.

તેઓ જૈન હતા. પણ જૈન ધર્મ જ ઉત્તમ છે એવી કોઇ ગ્રંથિથી તેઓ પીડાતા ન હતા. જગતના લગભગ ધણા-ખરા ધર્મોનો અભ્યાસ કરીને પ્રત્યેકના ઉત્તમાંશોનો સમન્વય કરવાને તેઓ પ્રયત્નશીલ રહ્યા હતા. ચીમનભાઇ ઇશ્વરમાં માનતા. ઇશોપનિષદ એ કદાચ તેમનો પ્રિયતમ ગ્રન્થ હતો. એમ

તો જૈન, બુદ્ધ તેમજ હિંદુ અને ખ્રિસ્તી—આ ચારે ય ધર્મના ગ્રન્થોનો તેમનો અભ્યાસ ઊંડો હતો. તેમનો મોટામોટો પ્રાકૃતિવિશેષ તે, પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ સમજપૂર્વક, વિવેક જાગૃતિથી કોઇને કોઇ રીતે પોતાને યા અન્યને ઉપકારક નીવડે તથા ભીતરથી પોતે વિકસતા રહે એ રીતે જ વીતે એવો તેમનો આગ્રહ હતો. આથી સમયનો દુર્વ્યય પોતે તો ન જ થવા દેતા પણ ઇતર જન પણ તેમના સમયનો દુર્વ્યય કરી શકતા નહિ, કારણ તેઓ બહુ જ મિતભાષી હતા, અલ્પભાષી હતા. જરૂર કરતાં વધુ બોલવાનું કે લખવાનું તેમના સ્વભાવમાં ન હતું. તેમના પત્રો ટૂંકા હોય, અને છતાં કહેવાનું બધું જ એમાં આવી જતું હોય. ટેલીફોન ઉપર કે રૂબરૂ મુલાકાતમાં તેઓ ટૂંકેથી પતાવતા. જીવનની પ્રત્યેક ક્ષણ તેઓ જાગૃત રહેતા. સંપર્કમાં આવતી દરેક વ્યક્તિને તેના ગુણાવગુણ સંદર્ભે પારખવાની તેમનામાં અદ્‌ભુત શક્તિ હતી તેઓ દરેકની મર્યાદા સહી લેતા ને તેની મહત્તાનો આદર કરતા. પોતાની મર્યાદાઓથી જ્ઞાત રહેતા ને તેમાંથી મુક્ત થવાને પ્રવૃત્ત રહેતા. તેમણે જીવનભર મનુષ્યમાંથી માણસ બનવાની સાધના કરી. સાધના કરવા માટે જે ગ્રન્થોનું વાચન તેમને આવશ્યક જણાયું તે ગ્રન્થો તેમણે વાંચ્યા, તેમાં ઊંડા ઊતર્યા. દા. ત. ઉપનિષદ, ગીતા, રામાયણ, મહાભારત, પ્લેટો અને એરિસ્ટોટલનું તથા સોક્રેટીસનું તત્ત્વચિંતન, ગાંધીજી અને તોલ્સ્તોયનું તત્ત્વચિંતન, તથા શ્વાઇત્ઝરના જીવનવિષયક ગ્રન્થો તેમણે સારી રીતે વાંચ્યા વિચાર્યા હતા. સાત્ર, આર્થરમિલર, કાફકા, રામુ કે સમરસેટમોમ ન વંચાય તો તેનો તેઓ અફસોસ નહોતા અનુભવતા સોક્રેટીસ એ કદાચ તેમની પ્રિયતમ વિભૂતિ હતા. કદાચ તેથી જ પ્રકૃતિગત પ્રેમ અને કરુણા આ બે ગુણો તેમના જીવનમાં સવિશેષ દીપ્તિથી પ્રકાશ્યા હતા અને લોકસેવારૂપે મૂર્તસ્વરૂપ પામ્યા હતા. તેઓ માનતા કે મનની સ્થિરતા અને સ્વસ્થતા એ જ અંતે ચિત્તની શાંતિ અને પ્રસન્નતાનો પાયો છે.

ચીમનભાઇ વિચારપૂર્વક જીવ્યા અને પૂરી સ્વસ્થતાથી શાંતિથી, તથા પોતે મૃત્યુ પામે છે તેની સભાનતા છતાં જરાયે વિહ્વળ થયા વગર પ્રપન્નતાથી મૃત્યુના અંકમાં પોઢ્યા. એમના જીવનનો સમગ્ર દૃષ્ટિથી કોઇ વિચાર કરે તો એમની ચિરવિદાયથી આઘાત જરૂર અનુભવે, પણ ફળ વળ્યા પછી તેમના જીવનદીપના પ્રકાશમાં પોતાના જીવનરાહે આગળ વધવાને કૃતસંકલ્પ કદાચ બને. ચીમનભાઇની ચિરવિદાય એ એક મોટી સામાજિક ખોટ છે. સમાજની ખોટ છે. ઇશ્વર એમના આત્માને શાશ્વત શાંતિ બક્ષે.

માણસે દીનતા, લઘુગ્રંથિ ન રાખવી, તે સાથે અહંકાર પણ ન કરવો. પોતાની શક્તિ જાણવી, મર્યાદાઓ પણ જાણવી, પોતાનામાં કેટલી શક્તિ પડી છે, તે પ્રસંગ આવ્યે ખબર પડે, આત્મવિશ્વાસ કેળવવો. ગુણાનુરાગી થવા સાથે જ્યાં ત્યાં રોદણાં ન રોવાં.

★

જીવનના અંતિમ મૂલ્યો પ્રેમ અને કરુણા છે. આ ઝરણું અંતરમાં સદા વહેતું રહે તો જીવન સાર્થક છે, બીજું બધું મિથ્યા છે.

'અવગાહન' માંથી

# સ્વ. ચીમનભાઇની સુવાસ

ડૉ. કાન્તિલાલ કામદાર

મુ. શ્રી ચીમનભાઇ સાથેનો મારો પરિચય ઇ. સ. ૧૯૪૨માં થયો. ભૌતિકશાસ્ત્રનું પારડી-સનું એક પાઠય પુસ્તક મને આપવા માટે તેમણે ખોટાદમાં આવેલ કોઇ મહેમાનને કહ્યું ત્યારથી માંડીને હું ડૉક્ટર થયો ત્યાં સુધી નાનીમોટી સહાય તેમના લીધે મળેલી. પછી વિલાયત ગયો. તેમને મારા પર ઘણી મમતા હતી શ્રી જૈન કેળવણી મંડળની કારોબારીમાં મને લીધો અને અમારો સંબંધ વધ્યો. ઇ. સ. ૧૯૫૬ માં અમેરિકામાં પડાવેલા ઘણા જ એક્સ-રે લઇને તેઓ મારી પાસે આવ્યા અને ફરી એક્સ-રેથી તપાસવા કહ્યું. અમેરિકા અને અહીંના નિદાનમાં ફરક હતો. તેથી ડૉ. બાલીગા પાસે પેટ બોલાવ્યું અને અમને સૌને નિરાંત થઈ કે તેમને હોજરીનું કેન્સર નથી.

અમારો પત્રવ્યવહાર સાન્ત્વિક રહ્યો હતો. મને અવારનવાર સોક્રેટિસ, ગાંધીજી, આલ્બર્ટ સ્વાઇત્ઝર અને ટોલસ્ટોય વાંચવાનું કહે.

છેલ્લે જૈન કલીનીકમાં મને કહ્યું: 'તું તપાસીને કહે કે અંદર શું છે?' એક્સ-રે લેવરાવ્યા ત્યારે પણ મને પૂછ્યું. 'ઓપરેશન કરાવવું કે નહિ?' અંદર શું પ્રક્રિયાઓ થઇ રહી છે અને તેનું અંતે શું પરિણામ આવશે તે બધું એ સમજતા અને કહેતા કે 'આ દેહ ઉપર હવે મોહ રહ્યો નથી. આ દેહ થકી ઘણું કામ થયું છે, તેનો સંતોષ છે.'

છેલ્લા બેંતાલીસ વર્ષોમાં ઘણી વખત હું એમને મળ્યો છું. મને કોઇ દિવસ એવું લાગવા નહોતું દીધું કે હું તેમની ઉપર આધારિત હતો. હંમેશાં સામાજિક કામ કરવા પ્રેરણા અને માર્ગદર્શન આપતા અને અનેકને તેઓ આ રંગે રંગતા.

એમના આત્માને ભાવપૂર્વક અંજલિ અર્પું છું.

# સ્વ. ચીમનલાલ ચકુભાઇને—

ગાંધી-વીરતણી બની પ્રતિકૃતિ મેં નીરખી, ક્યાં ગઇ?
ઇચ્છા—મૃત્યુ વહી વિલીન થઇ શું, નોંધાર મૂકી ગઇ!

છેલ્લા શ્વાસ સુધી લડ્યા જનહિતે, મૃત્યુ જ થાકી ગયું;
પુષ્પોનું ઝુમખું ગયું, સુગંધ તો ચોમેર વેરી ગયું.

વાતો સ્પષ્ટ, વિચાર ઉચ્ચ, મમતા માયાભર્યા બંધાવા,
ના પોથી પૂતળા હતા, જીવન તો જીવ્યા જવાંમર્દ શા;

જ્યાં અન્યાય દીઠો, બજ્યું બ્યુગલ ત્યાં તાતું તમારું અહા?
જે લાગે દૃઢ ન્યાયપૂર્ણ ખુદને, તેના સૂકાની થતા!

શ્રદ્ધા કાર્યમહીં વિશેષ, જીવતા શા રાજહંસી રીતે,
ના સત્તાતણી શેહ કે શરમમાં વાચા દબાણી તમે;

ઊંડા ચિંતક તત્ત્વના, સમયના તો યે પૂરા પારખું,
ત્યાગી ને હમદર્દ સૌ દલિતના, શા લાડકા લોકના!

પાયો જૈન સમાજનો તૂટી પડ્યો, હોલાતનું શું થશે?
સૃષ્ટિના રખવાળનું ગમન આ, શૂન્યાવકાશે રહે!

—ચંપકલાલ સંઘવી

# ★ પત્રોમાંથી તારણ ★

## Rare Combination of Total Honesty and Unusual Ability.

I had great personal regard and esteem for Shri Chimanlal Chakubhai Shah as a lawyer and a solicitor. I had known him since 1944 when I joined the chambers of Sir Jamshedji Kanga.

He had great legal acumen and had formidable knowledge of the law. It was a pleasure to work with him as an instructing solicitor, because his preparation of every case was so thorough and painstaking. I know that my senior, Sir Jamshedji Kanga, also held him in very high esteem.

Chimanlal was an expert in the branch of the law pertaining to the press. He instructed me in a number of cases in the High Court and in the Supreme Court and I enjoyed working with him in all those matters. With his original mind he always liked to fall back on fundamental principles rather than on mere case law.

What I admired about Chimanlal most was his intellectual integrity and the courage of his convictions. He represented the rare combination of total honesty and unusual ability. During the Emergency he presided over a meeting which I addressed on the changes which were made in the Constitution of India, and I was struck by the tremendous courage he showed in expressing his views in a forthright manner.

The last time I met him was at the beginning of the current year when he brought with him his grandson who is also in the legal profession—the third generation to join the prestigious solicitors' firm of Chimanlal Shah & Co.

In the death of Chimanlal, the country has lost a great patriot, the free press has lost a great champion, and the legal profession has lost one of its most respected members.

NANI A. PALKHIVALA

## Tower of Strength

Chimanlal Chakubhai Shah was popularly known to all of us as " Chimanbhai ".

He was a member of the Managing Committee of our Bombay Incorporated Law Society for a number of years.

He was always a tower of strength not only to the Society but to the entire profession of Solicitors in Bombay. He was a man of many parts, he spurned reward, looked upon duty as pleasure, and upheld notable traditions of the profession.

Chimanbhai was a man who inspired both affection and respect.

He could always tolerate criticism, but was a vigorous champion of his own views. He was generous in his recognition of the contributions of others, but he never tolerated fools gladly.

His criticism could be telling, forceful and on occasion would disarm his opponents and he would win over with his power of persuasion.

His service to the nation, to the Jain community and to humanity at large will long be remembered.

I had the privilege of working with him and against him, but in whatever sitution I was, I was always struck by his unfailing courtesy which as a junior was a source of great inspiration to me.

His death has deprived all of us of a noble and courageous soul, but he has left this world in much better shape than he found it.

On behalf of the Bombay Incorporated Law Society and on my own behalf a prayer goes out to Almighty that the departed soul may rest in eternal peace.

JASHWANT P. THAKKAR
President
Bombay Incorporated Law Society

## Lively Interest in Social work

I had the pleasure and privilege of knowing Chimanbhai Shah, when I was practising at the Bar as well as from the Bench. He was an extremely intelligent Solicitor and used his remarkable mind to help his clients. In fact, if a junior was briefed by Chimanbhai, it was regarded as a sign that he was a competent junior who bound to do well in future. He also took a very lively interest in doing social work and was the leading lights of the Bombay Jain Yuvak Sangh. He had the ability to put in simple language thoughts and ideas pertaining to religion, politics and philosophy and to bring them home to a common people.

JUSTICE M. H. KANIA

## પ્રજાજીવનને ઉજાળવાનો સાધુ પુરૂષાર્થ

સ્વ. ચીમનભાઇ જેવા સન્નિષ્ઠ લોકસેવક અને ઉદાર ચિંતક ગુજરાતમાં બહુ ઓછા હશે, 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી તરીકે એમણે પ્રજાજીવનને ઉજળું કરવા સાધુ પુરૂષાર્થ કર્યો; બદલે એમ કહી શકાય કે આ ગાળાની સેવા તેમની ઉત્કૃષ્ટ સેવા હતી. જૈન ધર્મ તેમને માટે સંપ્રદાય નહોતો, ધર્મ જ હતો અને તેથી તેમણે તેની વ્યાપકતાનો વિચાર દ્રઢતાથી કર્યો. વિચારક તરીકે તેઓ પ્રામાણિક, વિનમ્ર અને તેજસ્વી; સેવક તરીકે પ્રામાણિક, દક્ષ અને દ્રઢ. ચીમનભાઇના જવાથી ગુજરાતના સાંસ્કૃતિક જીવનને મોટી ખોટ પડી છે.

–વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

## મૃત્યુને કલગી

ચૈતન્યના મહાસાગરમાં વિલીન થવું એવી મોક્ષની કલ્પના એવતા ચીમનભાઇ એવા મોક્ષ માર્ગે પ્રયાણ કરી ગયા છે. એ સમાચાર માટે એમણે પોતે જ આપણને અગાઉથી સજ્જ કર્યાં હોવા છતાં એ સમાચાર મળતાં ઊંડી વેદના અનુભવી. 'પ્રબુદ્ધ જીવન' દ્વારા એમને નિયમિત મળવાનું થતું અને એ પ્રત્યેક મિલન જાણે કે સદ્‌ચિંતનમાં અને અફર આશાવાદમાં પરિણમતું. તેવું હવે નહિ બને. તેમનો અભય સાદ હવે એમના સદેહે સાંભળવાનો નહિ મળે, એ ખોટ કેમે કરીને પુરાય એવી નથી. પણ એ માટે પણ આપણને ઘણું દિશાસૂચન કરતા ગયા છે તે હવે આપણું મંગલ સંભારણું બની રહેશે. કર્મના સિધ્ધાંતમાંની એમની શ્રધ્ધાએ એમને નિરપ્રેક્ષતા, નિર્મમતા ને નિરંહકારિતાના વાહક બનાવ્યા હતા. તેણે હવે અવશ્ય એમની કલ્પનાના મોક્ષમંદિરના દ્વારે એમને પહોંચાડયા હશે, જ્યાં એમને સુખદ અનુભવ થયો હશે કે :

અજાણ્યા દ્વાર
ગયાં ખૂલી; કલગી
મૃત્યુને કરે !

આપણા સૌની આ દૃઢ શ્રધ્ધા હો અને એમાં આપણું પરમ આશ્વાસન હો !

–ઝીણાભાઇ દેસાઇ, 'સ્નેહરશ્મિ'

## કુશાગ્રબુદ્ધિ અને કાર્યનિષ્ઠાનો સુમેળ

સ્વ. ચીમનભાઇ શાહ મુંબઇના જ્યેષ્ઠ અને ધણા બાહોશ સોલિસિટર તરીકે વિખ્યાત હતા. કુશાગ્ર બુદ્ધિ અને કોઇ પણ કાર્ય-કાયદાક્ષેત્રે કે સમાજક્ષેત્રે-નિષ્ઠાથી કરવાનો આગ્રહ; આ બન્ને તત્ત્વોનો તેમનામાં સુંદર સુમેળ હતો. ઇન્કોર્પોરેટેડ લો સોસાયટીના ઉપપ્રમુખ થવાનું પણ તેમને માન મળ્યું હતું. તેમના દુઃખદ નિધનથી કાયદાના ક્ષેત્રમાં મોટી ઊણપ નિર્માણ થઈ છે. આ ઊણપ પૂરવી મુશ્કેલ છે.

–ન્યાયમૂર્તિ શ્રીમતી સુજાતા મનોહર

## સાધક અને શુર પુરુષની સ્વસ્થતા

સ્વ ચીમનભાઇ વિષે જે લખાયું, જે અંજલિઓ અપાઇ એમાં એમના મૃત્યુના શોક કરતાં એમના જીવન અને મૃત્યુની મહત્તા પ્રકાશ પામતી ગઇ.

ગરીબ મા–બાપના દીકરા, સમાજ અને રાજકારણમાં અસાધારણ પ્રતિભા અને પ્રતિષ્ઠા મેળવી. એમના વ્યવસાયમાં ખૂબ વિકાસ પામ્યા, અને અનેક સામાજિક સંસ્થાઓને છત્રછાયા આપતા વડલા સમાન હતા એટલું તો હું જાણતો જ હતો, પણ એની સાચી ઓળખાણ તો 'પ્રબુદ્ધ જીવન'માં આવતા એમના બુદ્ધિપ્રભાથી ઝળકતા, માનવભાવયુકત, ઉદાત્ત, ચિંતનાત્મક લેખો દ્વારા પડી. 'પ્રબુદ્ધ જીવન'માં એમણે લખવું શરુ ન કર્યું હોત તો એમના ભવ્યોદાત્ત વ્યકિતત્વની પૂરી પિછાન જ ન પડત. માત્ર ધાર્મિક ક્ષેત્રે જ નહિ, પણ જ્ઞાનના બહુવિધક્ષેત્રનું એમનું પ્રદાન તત્ત્વચિંતકોની હરોળમાં એમને સ્થાન અપાવી ગયું.

મૃત્યુ પહેલાંના માંદગીના એમના પહેલાં લેખથી મારા ચિત્તમાં પણ એવો ક્ષોભ થયો કે ચીમનભાઈ જેવા ધર્મમય ચિંતક ડગી ગયા કે શું ? પણ પછીના એમના બીજા અને ત્રીજા લેખે તો એક સાધક અને શૂર પુરુષની સ્વસ્થતાનાં દર્શન કરાવ્યા. મૃત્યુને મંગલ કરી જાણ્યું.

–જયમલ પરમાર

## વ્યકિતમાં રહેલાં આંતરતત્ત્વની ઓળખ

સ્વ ચીમનભાઇ ખરેખર એક સહૃદયી માણસ. અંગ્રેજીમાં જેને 'A man in men' કહે છે તેવા હતા. હું બે'ક વાર તેમને ઇશરૂ મળેલો. પહેલીવાર 'રેખા-૨'માં ગયો ત્યારે એમને મોઢે 'હરપીસ' નામનો રોગ થયેલો. છતાં તેમણે મારી સાથે વાતચીત, ચર્ચા–વિચારણા કરેલી. તેમના ઊંડા તત્ત્વચિંતનની મારા પર અવિસ્મરણીય અસર થયેલી.

વિનોબાની પાછળ ચાલી નીકળેલાં ચીમનભાઈ માણસમાત્રના ઊંડાણને સ્પર્શી શકતા. બીજી વારની મારી મુલાકાત શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મારા વ્યાખ્યાન વખતે થયેલી.

વર્ષોથી 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ થતાં તેમના તંત્રી–લેખો હું ખૂબ જ ઊંડાણપુર્વક–વાંચતો, વિચારતો આવ્યો છું. તેમની સરળતા, સાદાઈ અને નિખાલસતા મને ગમતાં. વ્યકિતમાં રહેલાં આંતરતત્ત્વની એમની ઓળખ અચંબો પમાડે તેવી હતી.

ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.

–હરજીવન થાનકી

## 'પ્રબુધ્ધ જીવન' દ્વારા લોકશિક્ષણનું કામ

સદ્‌ગત મુ શ્રી ચીમનભાઇ સાથે મારી ઓળખાણ માત્ર સ્વ. સસરા મુ. પરમાનંદભાઇ કાપડિયાને કારણે થઇ હતી, અને મુંબઇમાં કયારેક મળી જવાનું બનતું. તે વખતે તેમની સાથે વિનોબાજીના ભૂદાન આંદોલન, સર્વોદય આંદોલન વિગેરે અંગેની વાતો થતી. તેમને તે પ્રવૃત્તિઓ ગમતી, પરંતુ તેનાથી દેશના રાજકારણ ઉપર બહુ અસર થશે નહીં, એવી તેમની સ્પષ્ટ માન્યતા હતી. પરમાનંદભાઇના ગયા પછી છેલ્લા દસ વર્ષમાં દેશમાં બહુજ મહત્ત્વના રાજકીય બનાવો બન્યા તેની ઊંડાણથી સમજણ આપવાને 'ચીમનભાઇનો 'પ્રબુધ્ધ જીવન' મારફતે જે પ્રયત્ન રહ્યો તે દરેક રાજકીય વિચારકોને ઘણો પસંદ પડતો ૧૯૭૪ માં નવનિર્માણ આંદોલન ગુજરાતમાં થયું અને બિહારમાં જયપ્રકાશજીએ સંપૂર્ણ ક્રાંતિની રાજ્ય કરવાની રીત સામે જે ઝંડો પોકારાયું તેનું ઘણા અંશે સમર્થન ચીમનભાઇના લેખોમાં મળતું. દેશના ન્યાયતંત્રની સામે જે મોટા પડકારો આવ્યા તેની વિગતો 'પ્રબુદ્ધ જીવન'માં જે રીતે તેઓ ચર્ચતા, તે એક બહુ મોટું લોકશિક્ષણનું કામ હતું. દૂર રહ્યા રહ્યા પણ ચીમનભાઇના વ્યકિતત્વનો અનુભવ 'પ્રબુદ્ધ જીવન' મારફતે તો થતો જ, પરંતુ ઇશરૂ મળતા ત્યારે પણ તેમની મારા અને મારા પત્ની ગીતા તરફની લાગણીઓ વ્યકત થતી, અને તેમનું વૈચારિક ભાથું પ્રત્યક્ષ જાણવા મળતું હતું.

જ્યારે સમાજમાં બહુવિધ ચિંતકોની અછત છે, ત્યારે શ્રી ચીમનભાઇ જેવા વિચારક, ચિંતક અને લેખકની ભારે મોટી ખોટ મુંબઇના અને ગુજરાતના જાહેર જીવનમાં પડી છે. પોતાના મૃત્યુ અંગેનું તેમનું જે મનન–ચિંતન છેલ્લા દિવસોમાં ચાલ્યું તે તેમના મનની નિર્મળતા અને સ્થિતપ્રજ્ઞ અવસ્થા તરફ જવાની તૈયારી સૌથી મોટું ઉદાહરણ છે, અને એ રીતે તેમનું મૃત્યુ એ ધન્ય મૃત્યુ હતું.

શ્રી ચીમનભાઇને મારી ભાવપૂર્વકની અંજલી.

–સૂર્યકાન્ત પરીખ

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૧૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ ૧-૨-૮૩ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## લોકમત

રમણલાલ ચી. શાહ

જનસંખ્યાની દૃષ્ટિએ લોકશાહી પધ્ધતિએ મતાધિકાર ધરાવનાર દુનિયાનો સૌથી મોટો દેશ તે ભારત છે. આઝાદી પછી સમયે સમયે ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ચૂંટણીઓ યોજાઇ છે. એનાં પરિણામોમાં બદલાતા જતા લોકમાનસનો પડઘો પડયો છે. કેન્દ્રમાં એક પક્ષ અને રાજ્યમાં અન્ય પક્ષ સત્તારૂઢ હોય એવી પરિસ્થિતિ ભારતમાં હવે નવી નથી.

આંધ્ર અને કર્ણાટકની ચૂંટણીઓએ ફરી એક વાર લોકમાનસનો પરિચય કરાવ્યો છે. એમ કહેવાય છે કે ચૂંટણીઓમાં પ્રજા સામુદાયિક રીતે પોતાની ગુણગ્રાહક વૃત્તિ જેટલી વ્યક્ત કરે છે, તેથી વિશેષપણે ઝડપથી પોતાની નાપસંદગીની વૃત્તિ વ્યક્ત કરે છે. સુખ-આશા કરતાં સ્વાર્થહાનિનો પ્રત્યાઘાત ચૂંટણીઓમાં તરત પડે છે. વિપરીત અનુભવો થતાં વ્યક્તિ કદાચ અલુબ્ધ રહી શકે, પ્રબુદ્ધ ન રહી શકે.

પ્રજા જ્યારે ચૂંટણી દ્વારા શાસક પક્ષને બદલે છે ત્યારે એનો નિર્ણય હંમેશાં સાચો જ હોય છે એવું નથી. તેવી રીતે કોઈ પણ રાજકીય પક્ષ એકસરખી કાર્યદક્ષતા અને દૃષ્ટિ કાયમ માટે ટકાવી રાખે એવું પણ નથી. ઉચ્ચ સ્તરે નેતાગીરીના કેટલાક ફેરફારથી કે પક્ષની બદલાતી નીતિ-રીતિથી પક્ષનું સ્વરૂપ બદલાઇ જાય છે. એની અસર ચૂંટણીઓ ઉપર પડે છે.

દક્ષિણનાં રાજ્યોમાં ચલચિત્રના ક્ષેત્રે સુપ્રસિદ્ધ હોય એવી વ્યક્તિઓ સત્તારૂઢ આવી છે. દુનિયામાં આવી ઘટના પ્રથમ વાર બને છે એવું નથી. કેટલાક વર્ષો પહેલાં જાપાનમાં દૂરના એક જિલ્લામાં ઘણા ટી. વી. કોમેડિયન રાજકીય ચૂંટણીઓ જીતી ગયા હતા ભારતમાં ભવિષ્યમાં કયારેક સુપ્રસિદ્ધ કથાકારો કે પ્રવચનકાર, ક્રિકેટ કે હોકીના ખેલાડી, રામલીલા કે ભવાઇ ભજવનાર, સર્કસ કે જાદુના ખેલ કરનાર, વગેરે પોતાની લોકપ્રિયતાના બળે ચૂંટણી જીતી જાય તો નવાઇ ન લાગવી જોઇએ.

અભિનેતાઓ, ટી. વી. ના કોમેડિયન, રમતગમતના ખેલાડીઓ, કથાકારો, મોટાં પારિતોષિકો જીતી જનારાઓ વગેરે પ્રસિદ્ધ પુરુષો સારાં રાજ્યકર્તા ન જ હોઇ શકે કે ન જ થઇ શકે એમ તો કેમ તો કેમ કહેવાય ? પરંતુ પ્રજાએ તેમને ચૂંટી કાઢયા તે એમની રાજદ્વારી પ્રતિભાથી પ્રભાવિત થઇને કે તેમની લોકપ્રિયતાથી પ્રેરાઇને ? એ મહત્ત્વનો પ્રશ્ન છે.

માણસ લોકપ્રિય છે, માટે તે સફળ રાજ્યકર્તા બનશે જ એમ ન કહી શકાય. બીજી બાજુ રાજ્ય કરવાની ઉત્તમ કુનેહને લીધે કોઇ વ્યક્તિ બહુ લોકપ્રિય જરૂર થઈ શકે. એવી વ્યક્તિ ફરીથી પણ ચૂંટાઇ આવે, પણ લોકપ્રિયતાની મૂડી પર સત્તારૂઢ થયેલા આવડતહીન રાજ્યકર્તાઓની પુનર્પસંદગી ભાગ્યે જ થતી હોય છે.

દરેક વરતુનો સાચો નિર્ણય કરવાનું ગજું આમ પ્રજાનું ન હોઇ શકે. એક બાજુ ગામ હોય અને બીજી બાજુ રામ હોય તો પણ રામનું પલ્લું નીચું નમે એમ કહેવાય છે. 'પ્રજામત જૂઠો કે ગાંડો હોય છે' (કાર્લાઇલ) અને 'પ્રજામતમાં પ્રભુ વસે છે' (ગાંધીજી) એ બે વિધાનો વચ્ચે અસંખ્ય કોટિ સંભવી શકે.

લોકમતની પારાશીશી એક જ નિયમ પ્રમાણે એકસરખી ન કામ કરે. શિક્ષણ, આર્થિક સ્થિતિ, તત્કાલીન સ્થાનિક પ્રશ્નો, ધર્મ, જાતિ, ભાષા, પ્રદેશ અને સીમા ઇત્યાદિ માટેના સાચા-ખોટા અભિનિવેશો રાજદ્વારી ચૂંટણીઓમાં કયારેક અચાનક મહત્ત્વનો ભાગ ભજવી જાય છે.

જેમ જેમ પ્રગતિ થતી જાય છે તેમ તેમ લોકસંપર્ક અને પ્રચાર માટેનાં સાધનો વધતાં જાય છે. માઇક્રોફોન, છાપાઓ, રેડિયો, ટી. વી., ચલચિત્રો-આ બધાં લોકમાધ્યમો, સાચા-ખોટા પ્રચારને માટે મહત્ત્વનાં બની ગયાં છે. એનો દુરુપયોગ કયારેક ચૂંટણીનાં અપેક્ષિત પરિણામોને પલટાવી નાખે છે. ભોળી પ્રજા લુચ્ચા રાજકારણીથી છેતરાય છે. Nothing is unfair in love, war and election-માં માનવવાળા રાજકારણીઓ નદી ન હોય ત્યાં એના ઉપર પૂલ બંધાવી આપવાનું વચન આપીને અભણ અને ભોળા લોકોના મત મેળવી જાય છે. એક ચૂંટણી પૂરી થતાં સત્તાલોલુપ રાજકારણીઓ આગામી ચૂંટણીનો વિચાર કરે છે, જયારે શાણા રાજપુરુષો આગામી પેઢીનો વિચાર કરે છે.

લોકમાનસ કયારેક અકળ હોય છે. લોકોને પોતાના હિતને હાનિ પહોંચાડે એવા માણસો ન જ ગમે એ સ્વાભાવિક છે. છે. પરંતુ કયારેક અલ્પશિક્ષિત માણસો દેખાદેખીથી નાનકડો સ્વાર્થ સંતોષાતાં ખોટી પસંદગી કરી બેસે એવું પણ બની શકે છે. પ્રજા ગરીબ અને અલ્પશિક્ષિત કે અશિક્ષિત હોય તો પૈસા આપીને કે ચીજવસ્તુઓ ભેટ આપીને મત ખરીદી શકાય છે. ગામડાંઓની તાત્કાલિક આવશ્યકતાઓ થોડી સંતોષી કે પ્રશ્નો થોડા હળવા કરી પ્રજાની લાગણીને અમુક વ્યક્તિને મત આપવા માટે દોરવી શકાય છે. પ્રજા ભીરુ હોય ત્યારે અસમાજિક તત્ત્વો ભયનું વાતાવરણ પેદા કરીને પણ મત મેળવી જઇ શકે છે

સમૃદ્ધ દેશોમાં રાજ્યકર્તાઓની ચૂંટણી અને અવિકસિત કે અર્ધવિકસિત દેશોમાં શાસનકર્તાઓની ચૂંટણી એ બે વચ્ચે કેટલોક મહત્ત્વનો ફરક હોય છે. જે પ્રજા આર્થિક સુખી હોય, સુશિક્ષિત હોય અને નીડર પણ હોય તે પ્રજા ચૂંટણીઓમાં લાલચ કે ખોટા આવેગ વડે દોરવાતી નથી. ગરીબ પ્રજાને પોતાની જીવન જરૂરિયાતની સામગ્રી સારી રીતે પૂરી પાડે તેવા રાજ્યકર્તા તરફ મીટ માંડી બેસવું પડે છે. તેવી પ્રજાના રોજિંદા જીવનમાં રાજ્યકર્તાઓ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. લોકોદ્ધાર માટે પુષ્કળ નાણાં મંજૂર કરનારા

ક્રૂરતખોર, ચારિત્રહીન, ભ્રષ્ટ રાજ્યકર્તા પ્રત્યે લાચાર પ્રજા કયારેક આદરની નજરે જુએ છે. પરંતુ એ જ પ્રજા તક મળતાં એવા રાજ્યકર્તાને હાંકી પણ કાઢે છે.

વિવિધ રાજદ્વારી પદ્ધતિઓમાં લોકશાહી પદ્ધતિ ઉત્તમ છે, પરંતુ એ પૂર્ણ છે એમ ન કહી શકાય. એની અપૂર્ણતા કયારેક ખોટા માણસોને ઊંચા આસને બેસાડી દે છે; કયારેક લોકકલ્યાણનાં કાર્યોને વિલંબમાં નાખી દે છે; કયારેક લોકવિગ્રહ પણ કરાવે છે.

પ્રજા કલ્યાણની ભાવના જેમના હૈયે સદા પ્રજ્વલિત રહેતી હોય છે, જેઓ નિઃસ્વાર્થ, ત્યાગમય, સેવાપરાયણ જીવન જીવે છે, જેઓએ ધન, સ્ત્રી, સત્તા, કીર્તિ વગેરેની એષણાને સંયમિત બનાવી દીધી હોય છે, અને જેઓ લોકપ્રિયતાનો કેફ પોતાને ચઢવા દેતા નથી એવા આદરણીય પ્રામાણિક મહાપુરુષો, થોડી ઓછી કાર્યદક્ષતા હોય તો પણ સારું શાસન દીર્ઘકાળ સુધી ચલાવી શકે છે. રાતોરાત મોટા થઈ ગયેલા ભ્રષ્ટ સત્તાધીશોને પ્રજા દીર્ઘકાળ સહન કરી શકતી નથી.

આપણી ચૂંટણીઓએ આપણા રાજદ્વારી નેતાઓને ઓછો બોધપાઠ આપ્યો નથી.

## સ્વ. અગરચંદજી નાહટા

❖ રમણલાલ ચી. શાહ

**શ્રી** અગરચંદજી નાહટાનું તા. ૧૨ મી જાન્યુઆરીએ એમના વતન બીકાનેરમાં સવારે સવા નવ વાગ્યે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું. એમના અવસાનથી ભારતીય સાંસ્કૃતિક અભ્યાસના ક્ષેત્રે અને વિશેષતઃ પ્રાચીન જૈન-સાહિત્ય અને કલાના ક્ષેત્રે મોટી ખોટ પડી છે. એમની ખોટ કેટલી મોટી છે એની પ્રતીતિ તો બીજા પાંચ-પચીસ વર્ષે એ ક્ષેત્રમાં અભ્યાસ કરનાર વ્યક્તિઓને જ્યારે હસ્તપ્રતોના સંદર્ભ અને માહિતી મેળવવામાં કેટલીક મુશ્કેલીઓ પડશે ત્યારે થશે.

કેસરી સાફો, સફેદ ડગલો તથા ધોતિયું પહેરેલા નાહટાજી પસાર થાય તો કોઈને ખ્યાલ ન આવે કે ભારતના આ એક મૂર્ધન્ય સારસ્વત છે. શ્રી અગરચંદજી નાહટા એટલે જૈન સાહિત્યના સંશોધન માટેની જાણે કે એક જીવતી જાગતી સંસ્થા. ભારતભરમાં અને ભારત બહાર કેટલાય વિદ્વાનોને એમના તરફથી જરૂરી માહિતી ઓછા શ્રમે તરત સાંપડી જતી. પ્રાચીન જૈન સાહિત્યના તેઓ જાણે કે જીવંત જ્ઞાનકોશ જેવા, વોકિંગ એન્સાકલોપીડિયા જેવા હતા. એ વિષયમાં કોઈ કૃતિ વિશે, કોઈ કર્તા વિશે કે કોઈ કૃતિની રચનાસાલ વિશે પૂછીએ તો નાહટાજીને એ બધી વિગતો મોઢે હોય. સ્તવન-સજ્ઝાયની હજારો પંક્તિઓ એમને કંઠસ્થ અને ગાય પણ બુલંદ સ્વરે. સ્વ. પૂ. પુણ્યવિજયજી મહારાજ એમની પાસે શ્રીમદ્ રાજચંદ્રકૃત 'અપૂર્વ અવસર' વારંવાર ગવડાવતા.

શ્રીનાહટાજીનું દેહાવસાન આટલું વહેલું થશે એવી ધારણા નહોતી, કારણ કે થોડા દિવસ પહેલાં જ તેઓ સૌરાષ્ટ્રમાં સોનગઢ મુકામે યોજાયેલા ચતુર્થ જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે પ્રમુખ તરીકે પધાર્યા હતા. એ પ્રસંગે તેઓ જે રીતે હરતા ફરતા હતા, જે રીતે બુલંદ સ્વરે એમણે પ્રમુખ તરીકે પોતાનું પ્રવચન આપ્યું હતું તથા એક વિભાગીય બેઠકમાં બે પ્રાચીન અપરિચિત જૈન કૃતિઓનો પરિચય કરાવતો પેપર એમણે વાંચ્યો હતો તે પરથી તો એમની કામ કરવાની શારીરિક યોગ્યતા હજુ એટલી જ સબળ છે એની પ્રતીતિ થઈ હતી. અલબત્ત, એમને પગની થોડી તકલીફ ચાલુ થઈ હતી. ઊઠવા-બેસવામાં એમને શ્રમ પડતો હતો; ટેકાની જરૂર પડતી હતી. એમણે તે પ્રસંગે મને કહ્યું, 'રમણભાઈ, મારી પગની તકલીફ વધતી જાય છે મુંબઈમાં કોઈ સારા ડોકટરને બતાવવા આવવું છે. તમે એ માટે તપાસ કરી રાખજો.' સોનગઢના સાહિત્ય સમારોહ પછી પાલીતાણામાં પૂ. યશોદેવસૂરિજી પાસે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ડાયરેકટર પૂ. કોરાસાહેબ સાથે હું ગયો હતો ત્યારે ત્યાં પણ શ્રી નાહટાજી અમને મળ્યા હતા અને ત્યારે પણ પોતાના ઘૂંટણની તકલીફ અંગે કરી મને યાદ કરાવ્યું હતું. મુંબઈ આવીને એમને પત્ર લખવાનો વિચાર કરતો હતો ત્યાં તો એમના અવસાનના સમાચાર આવ્યા.

જૈન સાહિત્ય સમારોહના પ્રમુખ તરીકે શ્રી નાહટાજીની વરણી થઈ તે અંગે મેં તેમને પત્ર લખ્યો હતો. જવાબમાં એમણે જણાવ્યું હતું કે પોતે અકવાડિયા પહેલાં સપરિવાર બીકાનેરથી નીકળશે અને રાણકપુર, આબુ, શેત્રુંજય વગેરે તીર્થોની યાત્રા કરીને સોનગઢ પહોંચશે. આમ એમના અંતિમ દિવસો જૈન સાહિત્ય સમારોહના પ્રમુખસ્થાનને લીધે, વિદ્વાનો સાથેના મિલનને લીધે અને પવિત્ર તીર્થોની યાત્રાને લીધે આનંદસભર બની ગયા હતા.

શ્રી નાહટાજીની વય ૭૪ વર્ષની હતી. તેમનો જન્મ બીકાનેરમાં નાહટા પરિવારમાં શ્રીમંત વેપારી કુટુંબમાં ઈ સ. ૧૯૧૧ ના માર્ચ મહિનાની ૧૯ મી તારીખે થયો હતો. એમણે શાળામાં માત્ર પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. કુટુંબના વેપારને કારણે કિશોરાવસ્થામાં જ નાહટાજીને વેપારમાં લાગી જવું પડ્યું હતું. તેઓ કલકત્તામાં પોતાની પેઢીમાં કામ કરતા થઈ ગયા. પરંતુ ૧૭ વર્ષની ઉંમરે તેઓ બીકાનેરમા કૃપાચંદ્રસૂરિ નામના આચાર્ય ભગવંતના સંપર્કમાં આવ્યા અને ત્યાર પછી પૂ. ભદ્રમુનિ (હંપીવાળા પૂ. સહજાનંદ મુનિ)ના સંપર્કમાં આવ્યા ત્યારથી તેમના જીવનમાં ઘણું મોટું પરિવર્તન આવી ગયું. તેમની ભાવના તો દીક્ષા અંગીકાર કરીને જૈન મુનિ બનવાની હતી; પરંતુ કુટુંબના આગ્રહને કારણે તેઓ તેમ કરી શકયા નહીં. તેમનાં લગ્ન થયાં; ગૃહસ્થ જીવનમાં પ્રવેશ થયો, પરંતુ એમણે સંકલ્પ કર્યો કે વર્ષમાં લગભગ આઠ મહિના જેટલો સમય સ્વાધ્યાય, આરાધના વગેરેમાં આપવો અને બાકીનો સમય વેપારમાં આપવો. આ રીતે દર વર્ષે તેઓ કલકત્તા અને ગોહાટીમાં પોતાની દુકાને જઈ ચારેક મહિનાનો સમય આપી, બીકાનેર આવી જતા અને પછી ત્યાં સળંગ સાત-આઠ મહિના સાહિત્યના સ્વાધ્યાયમાં વીતાવતા. યૌવનમાં આરંભાયેલો આ એમનો જીવનક્રમ ઘણાં વર્ષો સુધી ચાલ્યો. પછી તો વેપાર માટેનો સમય ઘટીને એક-બે મહિના પૂરતો મર્યાદિત થઈ ગયેલો અને છેલ્લાં પંદરેક વર્ષથી તો તેઓ વેપારમાંથી સાવ નિવૃત્ત થઈ ગયા હતા. આખું વર્ષ તેઓ સ્વાધ્યાયમાં પસાર કરવા લાગ્યા હતા.

શ્રી નાહટાજીનો રોજનો કાર્યક્રમ વિશિષ્ટ પ્રકારનો હતો. ઈ. સ. ૧૯૬૦ માં હું બીકાનેરમાં એમને ઘેર રહ્યો હતો ત્યારે એમની કામ કરવાની પદ્ધતિથી પ્રભાવિત થયો હતો. રોજ સવારે ત્રણ વાગ્યે ઊઠીને તરત જ તેઓ સ્વાધ્યાય, ધ્યાન, જાપ વગેરેમાં લાગી જતા. સવારમાં નિયમિતપણે તેઓ આ રીતે પાંચ સામાયિક કરતા. ત્યાર પછી સ્નાન વગેરે કરી, દેરાસરે પૂજા કરી આવીને દૂધ-નાસ્તો લઈને પોતાના ઘરની સામે અભય જૈન ગ્રંથાલયના મકાનમાં જઈ ફરી પાછા સ્વાધ્યાયમાં લાગી જતા. જમીને બપોરે તેઓ ગ્રન્થો, સામયિકો વગેરે વાંચતા અને ટપાલ લખતા. ત્યાર પછી તેઓ જે વિષય પર પોતાને લેખ લખવાનો હોય તેને લગતું વાચન – મનન કરી લેતા. સાંજે જમ્યા પછી તેઓ એક લેખ લખતા. આ રીતે વર્ષમાં સહેજે તેઓ નાના મોટા સો-દોઢસો લેખો લખતા. તેમની કામ કરવાની ઝડપ ઘણી હતી. એમને ત્યાં મહિને સવાસોથી વધુ સામયિકો – પત્રિકાઓ ઇત્યાદિ આવતાં. એ દરેક પર એમની નજર ફરી જતી અને એમાંના મહત્વના

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૧)

# બુદ્ધિવાદ અને શ્રદ્ધાવાદ

✠ કીર્તિભાઇ માણેકલાલ શાહ

વસ્તુદર્શન કરી તેના સ્વરૂપનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવું તે ભારતીય દર્શનકારોનું ધ્યેય રહ્યું છે. આધુનિક વિજ્ઞાન (Science)નું ધ્યેય પણ આ જ હોઈ દર્શન અને વિજ્ઞાનમાં મૂળભૂત રીતે કોઇ ભેદ ન હોવા છતાં પણ વસ્તુ, પ્રયોજન અને સાધનાની અપેક્ષાએ બંનેના માર્મિક ભેદ છે. દર્શનની વસ્તુ-સામાન્યથી વિશ્વના સર્વ પદાર્થો છે, પણ તેમાં પ્રધાનતા જીવ-દ્રવ્યની છે, જ્યારે વિજ્ઞાનમાં પ્રધાનતા ભૌતિક પદાર્થોની છે. જીવ દ્રવ્યનો ગંભીર વિચાર વિજ્ઞાનની કોઇ પણ શાખાએ કર્યો નથી. પ્રાણીશાસ્ત્રમાં ભિન્ન ભિન્ન પ્રાણીઓનો વિચાર છે. પરંતુ શરીરરહિત શુદ્ધ જીવન દ્રવ્ય હોઇ શકે કે નહીં, હોય તો તેનું સ્વરૂપ શું છે, જીવનું અંતિમ ધ્યેય શું છે ?-આવી વિચારણા વિજ્ઞાને ગંભીરતાપૂર્વક કરી નથી.

પ્રયોજનની બાબતમાં જીવને દુઃખથી સર્વથા મુકત કરવો તે દર્શનનું પ્રયોજન છે. તેને માટે જ્ઞાન, માત્ર જ્ઞાન ખાતર જ નથી, પરંતુ સહેતુક છે, પરંતુ વિજ્ઞાની પોતાના લક્ષ્ય સંબંધમાં સ્પષ્ટ નથી, તેને જિજ્ઞાસા છે. તે એકનિષ્ઠાથી પોતાનું કાર્ય કરે છે. વિશ્વ વિચિત્રતાઓના ગર્ભમાં છૂપાયેલાં પરિબળોનો સ્ફોટ કરે છે, ત્યારે તેને સંતોષ થાય છે. તેને માટે વિજ્ઞાન બૌદ્ધિક આનંદ છે. પરંતુ તેની શોધખોળોનો ઉપયોગ બહુધા ભૌતિક સુખ-સગવડનાં સાધનોના વિકાસમાં જ થતો હોય છે; આથી વિજ્ઞાનને ભૌતિકલક્ષી અને દર્શનને આત્મલક્ષી કહી શકાય. ત્રીજો મહત્ત્વનો ભેદ એ છે કે વિજ્ઞાનના વિકાસનો આધાર ઐન્દ્રિય અનુભવ, પ્રયોગો અને બુદ્ધિ આ ત્રણ સાધનો છે, જ્યારે દર્શન પોતાને માન્ય આગમની અંતિમ પ્રામાણિકતામાં અદમ્ય શ્રદ્ધા રાખી તેને વફાદાર રહીને જ અનુભવ અને બુદ્ધિનો સહારો લે છે. આથી દર્શન શ્રદ્ધાવાદી છે અને વિજ્ઞાન બુદ્ધિવાદી છે એમ કહી શકાય.

જેની પ્રામાણિકતા પર આટલો બધો આધળો વિશ્વાસ મૂકવામાં આવે છે તે આગમ એટલે શું ? તે પર આંધળો વિશ્વાસ મૂકવામાં જોખમ નથી ? અનુભવ અને અનુમાન, અર્થાત્ ઇંદ્રિયો, મન અને બુદ્ધિ દ્વારા વસ્તુ સ્વરૂપનો નિર્ણય કરવામાં શો વાંધો આવે છે ? આ પ્રશ્નોનું સમાધાન કરવા પ્રથમ આપણા જ્ઞાનનાં સાધનો તપાસીએ.

આપણા અનુભવનું સાધન પાંચ ઇંદ્રિયો છે, જે માત્ર સ્થૂલ પૌદ્ગલિક પદાર્થો ( Gross matter ) નો જ અનુભવ કરાવી શકે છે, પરંતુ વિશ્વમાં આવા સ્થૂલ કરતાં અનંતગણા સૂક્ષ્મ પુદ્ગલો ( Fine matter ) એવા છે કે ગમે તેટલા શકિતશાળી દૂરબીન યા સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી પણ ઇંદ્રિયો ગ્રહણ કરવા સમર્થ નથી. આ સિવાય આકાશ (Space), ધર્માસ્તિકાય આદિ અભૌતિક પદાર્થો પણ આ વિશ્વમાં છે, જેનો અનુભવ ઇંદ્રિયો દ્વારા કદાપી થઇ શકતો નથી. કારણકે તે પદાર્થોમાં ઇંદ્રિયગ્રાહ્ય વર્ણ, રસ, સ્પર્શ આદિ કોઈ જ ગુણધર્મો નથી. આપણા જ્ઞાનનું બીજું સાધન સ્મૃતિ, ચિંતન અને મનન છે, જેનો આધાર મન છે, જેની વૃત્તિઓ ન્યૂનાધિક અંશે રાગદ્વેષના સંસ્કારોથી લિપ્ત હોઇ તે તર્ક અને અનુમાનના સાધન બુદ્ધિને તટસ્થ ભાવે પ્રવર્તવા દેતી નથી. વૃત્તિ અનુસાર દોરવાતી બુદ્ધિનો તત્ત્વનિર્ણય વિશ્વસનીય બની શકે નહીં. આ રીતે અપૂર્ણ અને પરિમિત શકિતવાળી ઇંદ્રિયો, રાગ-દ્વેષથી લિપ્ત મન અને આવા વિકારી મનની વૃત્તિઓથી દોરવાતી બુદ્ધિ, આ ત્રણે ખોડાં સાધનો થકી થતું જ્ઞાન નિતાંત અપૂર્ણ, પરિમિત અને પ્રાયઃભ્રાંત જ રહેવાનું. તેથી તેવા જ્ઞાનમાં સંપૂર્ણ સાતત્ય, અવિસંવાદિત્વ અને પૂર્વાપર અવિરોધત્વ અવશ્ય હોય. તેમાં વિશ્વાસ કેમ મૂકી શકાય ?

આથી વિપરીત, આગમ અત્યંત વિશ્વસનીય છે, કારણ કે તેનું સાતત્ય સંપૂર્ણ છે, અવિસંવાદી અને પૂર્વાપરાવિરોધી છે; પરંતુ આગમ એટલે શું તેની સ્પષ્ટતા કરવી જોઇએ.

અનાદિ કાળથી ચૈતન્ય સ્વરૂપ આ જીવે પોતાથી અત્યંત ભિન્ન અને સદંતર વિલક્ષણ એવા નિશ્ચેત જડ ઇંદ્રિયોના વિષયો સાથે રાગ-દ્વેષ સ્વરૂપ એક વિચિત્ર સંબંધથી જોડાઇને પોતાની ચૈતન્યશકિતને કુંઠિત કરી નાખી છે. ઇંદ્રિય, મન અને બુદ્ધિ આદિ કોઇ પણ વિજાતીય સાધનોના આલંબન વિના, દેશ-કાળથી અમર્યાદિત્ અર્થાત્ સર્વક્ષેત્રવર્તી, સર્વ પદાર્થોના ત્રણે કાળના સર્વ ભાવો અક્રમથી જાણવાની પોતાની શકિત જીવ આ વિચિત્ર સંબંધથી ખોઇ બેઠો છે. જડ અને ચેતન આ બે શકિતના ગાઢ સંશ્લેષ સંબંધનું આ પરિણામ છે.

પરંતુ જીવ જ્યારે રાગદ્વેષના સંસ્કાર સર્વથા નાશ કરી વીતરાગ બની જાય છે ત્યારે પોતાની ચૈતન્યશકિત પરનાં જડશકિતએ લાદેલાં આવરણો અને અંતરાયો દૂર થઇ જાય છે, અને જીવનું શુદ્ધ, સંપૂર્ણ અને અખંડ ચૈતન્ય કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપે પ્રગટ થાય છે. ઇંદ્રિય, પ્રકાશાદિ કોઇ પણ આલંબન રહિત જે જ્ઞાનલબ્ધિ પ્રગટે છે, તે અત્યંત પ્રત્યક્ષ છે. સ્વાધીન છે અને તેથી જ અત્યંત સ્પષ્ટ છે, સંપૂર્ણ છે-સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને યથાવત્ યુગપત ( Simultaneous ) જણાવનાર છે. આ જ્ઞાન જ કેવળજ્ઞાન છે. આવા વીતરાગ સર્વજ્ઞ દ્વારા પ્રરૂપિત વસ્તુવિજ્ઞાન, જીવધર્મ, ઉપદેશાદિ યથાર્થ અને અત્યંત પ્રમાણભૂત હોય તે સ્વાભાવિક છે. આવા વીતરાગ સર્વજ્ઞના વચનને આગમ કહેવાય છે. આવા આગમ પર વિશ્વાસ મૂકવામાં લેશમાત્ર પણ જોખમ નથી, જ્યારે રાગીના વચન પર વિશ્વાસ મૂકવામાં પૂરેપૂરું જોખમ સમાયું છે.

જન્મથી તે મરણ પર્યંત મનુષ્ય સંશયસાગરમાં ગોથાં ખાધા જ કરતો જણાય છે. સત્ય-અસત્ય, સન્માર્ગ-ઉન્માર્ગ, હેય-ઉપાદેય ઇત્યાદિ બાબતોનો નિર્ણય તેની બુદ્ધિમાં એકસરખો કદાપી ટકતો નથી. આજે જે હેય લાગે છે, તે કાલે ઉપાદેય બની જાય અને આજે જે ઉપાદેય લાગે છે તે કાલે હેય બની જાય છે. જેમ જેમ તેની બુદ્ધિનો વિકાસ થાય છે, તેમ તેમ તેની માન્યતાઓ પણ બદલાતી જાય છે. બૌદ્ધિક નિર્ણયો કદાપી આખરી હોતા નથી. વિજ્ઞાનની દુનિયામાં પણ આ જ જોવા મળે છે. આશરે ૩૫૦ વર્ષ પૂર્વે ગેલિલીઓએ આધુનિક વિજ્ઞાનનો પાયો નાંખ્યો ત્યારથી માંડી આજે પ્લેન્ક અને આઇન્સ્ટાઇન સુધી તીવ્ર બુદ્ધિના બળથી વસ્તુરૂપને પામવાનો પ્રયત્ન થતો રહ્યો છે, પરંતુ વસ્તુસ્વરૂપ લાધ્યું છે તેવો સંતોષ

તેમને આજે પણ થતો નથી. ઘણું જાણ્યા છતાં ઘણું નથી સમજાતું તેવો તેમનો અનુભવ જ બુદ્ધિની વસ્તુસ્વરૂપને પામવાની શક્તિની પરિમિતતા અને અપૂર્ણતાને જ સૂચવે છે.

કોઇ પણ વસ્તુ આપણી દૃષ્ટિમર્યાદાથી દૂર થતાં તેનો નાશ માની લઇએ છીએ અને દૃષ્ટિમર્યાદામાં નવીન ઉપસ્થિત થતાં તેની ઉત્પત્તિ માની લઇએ છીએ. પરંતુ સૂક્ષ્મ વિચારણા નિર્ણય કરે છે કે વસ્તુતઃ વસ્તુઓનો નાશ પણ નથી ને અવસ્તુની ઉત્પત્તિ પણ નથી, પરંતુ તે સર્વ રૂપાંતર માત્ર છે. Nothing cannot become Something and Something cannot become nothing. અર્થાત્ સત્નો નાશ નથી અને અસત્ની ઉત્પત્તિ નથી. વિજ્ઞાન તેમ જ દર્શનની દરેક શાખાના સિદ્ધાંતો અને સૂત્રો (Formulae)ના મૂળમાં આ સિદ્ધાંતની સ્વીકૃતિ અવશ્ય હોય છે. મનુષ્ય ગર્ભમાં આવ્યો તે પહેલાં તે શું હતો અને મૃત્યુ બાદ તે શું થાય છે. તેને સ્પષ્ટ સ્વરૂપમાં જાણવા બુદ્ધિ અસમર્થ છે. વસ્તુતઃ ગર્ભ પણ કોઇ બીજનું જ રૂપાંતર છે અને મૃત્યુ પણ હયાતનું જ અવસ્થાન્તર છે. છતાં પણ તે કયા બીજનું રૂપાંતર છે અને મૃત્યુ બાદ તેનું અવસ્થાન્તર કયાં અને કેવા સ્વરૂપે થાય છે, તેને જાણવાની બુદ્ધિમાં શક્તિ નથી, તેનો સ્વીકાર કરવો જ પડે છે. વિશ્વમાં આવાં તો અનેક પ્રકારનાં રૂપાંતરો નિરંતર થયા કરે છે, પરંતુ તે બધાંને તો શું પણ તેના અનંતમા ભાગનાં રૂપાંતરોના ગર્ભમાં કયાં અને કેવાં પરિબળો કામ કરે છે, તે જાણવા કે સમજવા બુદ્ધિ કેટલી પાંગળી છે?

બુદ્ધિશક્તિની અપૂર્ણતાનું ભાન થયે મનુષ્ય શ્રદ્ધાનો આશરો લે છે અને જ્યારે આ શ્રદ્ધા સર્વથા નિર્દોષ એવા વીતરાગ સર્વજ્ઞના વચનો પર અર્થાત્ આગમ પર સ્થિર થાય છે ત્યારે જ તેને સત્ય સાંપડે છે; પરંતુ સર્વથા નિર્દોષ કોણ? સર્વજ્ઞ કોણ? આગમો ઘણાં છે, જે પરસ્પર વિરોધી છે, તો કયું આગમ પ્રામાણિક માનવું? આ શોધવાનું કામ મુશ્કેલ જરૂર છે, પરંતુ અશક્ય નથી. સાચો જિજ્ઞાસુ મત, પંથ અને સાંપ્રદાયિક દૃષ્ટિરાગથી પર થઈ માધ્યસ્થ બુદ્ધિથી તેની શોધ કરે તો આજે પણ તેને પરમ નિર્દોષ, યથાર્થ વક્તા એવા વીતરાગ સર્વજ્ઞનાં વચનોનાં દર્શન થઇ શકે છે, અને સત્યને શોધી ઇષ્ટ માર્ગની પ્રાપ્તિ કરી શકે છે. આ જ તો જ્ઞાનની સફળતા છે. જ્ઞાન સાધ્ય નથી. પરંતુ ઇષ્ટ પ્રાપ્તિનું સાધન છે. જે જ્ઞાન મનુષ્યને ઇષ્ટ પ્રાપ્તિનું સાધન ન બનતાં બાધક બને તે જ્ઞાન નામ પૂરતું જ જ્ઞાન છે; કલેશ એટલે કે બુદ્ધિનો વિલાસ માત્ર છે. કોરા અર્થાત્ શ્રદ્ધાનિરપેક્ષ બુદ્ધિવાદનો પાયો કેટલો નકકર છે, તેનો થોડોક પણ ખ્યાલ ઉપરોકત લખાણથી સહૃદય મનુષ્યને આવ્યા વિના રહેશે નહીં. જે બુદ્ધિને વસ્તુસ્વરૂપ પામવાની તેની શક્તિની મર્યાદા અને અપૂર્ણતાનું ભાન નથી, તે બુદ્ધિની અપરિપકવતા છે, નાદાનિયત છે. ઘણું ખરું બુદ્ધિનો મદ તેને સમ્યગ્શ્રદ્ધાનનો આશરો લેતાં રોકે છે, જે સમ્યગજ્ઞાનની પ્રાપ્તિમાં બાધક બને છે.

શ્રદ્ધા અને બુદ્ધિ એ બેમાં બુદ્ધિપૂર્વકની શ્રદ્ધા દૃઢ અને સંગત હોય છે, બુદ્ધિવાદીની આ વાત અપેક્ષાએ સત્ય છે, પરંતુ વ્યવહારમાં બુદ્ધિપૂર્વકની શ્રદ્ધા ભાગ્યે જ જોવા મળે છે. શ્રદ્ધા બિલકુલ ન હોય અને બુદ્ધિમાં ઊતરતું જાય એ કથન માત્ર રમ્ય છે, પરંતુ અનુભવગમ્ય થવામાં વિષમ છે. બાળક જન્મે છે ત્યારથી તે શ્રદ્ધાના બળે જ વિકાસ કરે છે. જેમ જેમ તેની બુદ્ધિ વિકસે છે તેમ તેમ જે શ્રધ્યેય હતું, તે બુદ્ધિગમ્ય થતું જાય છે; અને જ્યાં બુદ્ધિગમ્ય નથી બનતું ત્યાં શ્રદ્ધા તેનો આશ્રય બદલે છે.

આધુનિક વિજ્ઞાનને બુદ્ધિવાદી ભલે કહો, પરંતુ તેના વિકાસના મૂળમાં પણ શ્રદ્ધાવાદ જ છે. કોઇ પણ વૈજ્ઞાનિક સૂત્ર યા સિદ્ધાંત અવશ્ય પૂર્વધારણાઓ (Hypothesis) પર જ આધારિત હોય છે. આ પૂર્વધારણાઓ ન તો પ્રત્યક્ષ જ્ઞાનગમ્ય છે કે નથી તે બુદ્ધિગમ્ય. તેનો સ્વીકાર માત્ર શ્રધ્ધા પર જ આધાર રાખે છે, પછી અનુભવ અને પ્રયોગો દ્વારા જ્યારે વિસંવાદિતાઓ ઊભી થાય છે ત્યારે તે પૂર્વધારણાઓના સ્થાને નવી જ પૂર્વધારણાઓ ઉપર વિજ્ઞાન તેનું માળખું રચે છે. ન્યૂટનના પ્રખ્યાત ત્રણ સિધ્ધાંતો (The three laws of motion)ને દેશ-કાળની નિરપેક્ષતા અને ગતિમાધ્યમ ઇથર (ether)ની પૂર્વધારણાઓ પર સ્થાપિત કરી આખું મિકેનિકલ સાયન્સ રચાયું અને હવે તે જ અવધારણાઓનો આઇન્સ્ટાઇને અયથાર્થ ઠરાવી દેશ-કાળની સાપેક્ષતા સિધ્ધ કરી વિજ્ઞાનને નવી દિશા આપી, પરંતુ અત્રે પણ પ્રકાશ-તરંગોના માધ્યમ ઇથર અને ગુરુત્વાકર્ષણ અને અન્ય ચૂંબકીય બળોના પ્રસારણના માધ્યમ વિષયક વિસંવાદિતાઓ unified field theory માં અથડાયા કરે છે. આજ સુધી પણ આઇન્સ્ટાઇન અને પ્લેન્કના સિદ્ધાંતોને હાઇપોથિસીસના દૃઢ પાયા પ્રાપ્ત થયા નથી. આનું કારણ સ્પષ્ટ છે. અંતે તો કોઈ પણ વિજ્ઞાન માટે બુદ્ધિથી પર અને જે માત્ર શુદ્ધ સ્વાધીન (ઇંદ્રિય, મન અને બુદ્ધિના આલંબન રહિત) એવા કેવળજ્ઞાનને જ પ્રત્યક્ષ થઇ શકે છે, તેવા આગમિક પદાર્થો (Concepts) ને હાઇપોથિસીસના સ્થાને સ્થાપિત કર્યા વિના વિકાસની ચરમ સીમા પ્રાપ્ત કરવી અશકય કહી શકાય તેટલી હદે મુશ્કેલ છે.

શ્રદ્ધાનો સીધો સંબંધ આત્મા-પરમાત્મા સાથે છે, જ્યારે બુદ્ધિનો સીધો સંબંધ મન સાથે છે, જે ચંચળ છે અને અનેક શુભાશુભ સંસ્કારોથી લિપ્ત છે. આથી બુદ્ધિમાં સાધુની જેમ સેતાન પણ વસી શકે છે, આથી જ શ્રદ્ધાનિરપેક્ષ બુદ્ધિવાદને આંધળો કહ્યો છે. એક દેખતાની પાછળ સો આંધળા ઇષ્ટ સ્થાને પહોંચી શકે છે, જ્યારે એક આંધળાની પાછળ લાખ દેખતા પણ ખોવાઇ જાય છે.

ભારતના સર્વ આસ્તિક દર્શનકારોએ શ્રદ્ધાન ગુણ પર અત્યંત ભાર મૂકયો છે, કારણ કે જીવને જે પરમ ઇષ્ટ છે તે શાશ્વત, સંપૂર્ણ અને સ્વાધીન સુખ-પ્રાપ્તિના માર્ગ પર તેને શ્રદ્ધા સ્થાપિત કરે છે, પરંતુ ખેદની વાત તો એ છે કે આજે શ્રધ્ધાનપદનો વાસ્તવિક અર્થબોધ નષ્ટ પામ્યો છે. આધુનિક બુદ્ધિપ્રધાન શિક્ષિતવર્ગ આ શ્રધ્ધાનને મંદબુદ્ધિ મુખ જીવોનો ગુણ સમજે છે અને ધર્મના ઉપદેશકોનું લોકોને ભોળવી પોતાના સંકુચિત સંપ્રદાયમાં બાંધી રાખવાનું સ્વાર્થી સાધન સમજે છે. અણસમજુ ભોળા જીવોની તે ઉપરછલ્લી માન્યતા સમજે છે.

જો કે માન્યતા અને શ્રદ્ધાન એક જ વસ્તુની કળા છે, પરંતુ શ્રદ્ધાન ઘણા જ ઊંચા સ્થાને છે. આ શ્રધ્ધાન ગુણનો આવિર્ભાવ થતાં જીવ અને દેહનું આત્મસ્પર્શી વિવેકજ્ઞાન ફૂરે છે. પોતાના પરમ ઇષ્ટ પ્રયોજનમાં બાધક શું છે અને સાધન શું છે તેનો સ્પષ્ટ બોધ થાય છે. ઉપરછલ્લી માન્યતા સાથે આ શ્રધ્ધાન ગુણને કંઇ જ લાગતું-વળગતું નથી.

'સંગીત' જેવી ઉત્તમ વિદ્યા વારાંગનાઓના હાથમાં જતાં, 'પ્રેમ' પ્યારમાં મસ્ત રહેનાર વ્યભિચારીઓના હાથમાં જતાં, 'ભકિત' ચકડોળે ચઢેલાં ચિત્તવાળા પાખંડીઓના હાથમાં જતાં અને 'વિદ્યા' કુપાત્રના હાથમાં જતાં તે તે પદોમાં રહેલું અર્થરહસ્ય જેમ છિન્નભિન્ન થઇ ગયું છે, તેવી જ રીતે અવિવેકી બુદ્ધિશાળીઓના હાથે શ્રદ્ધાન શબ્દનું અર્થરહસ્ય નષ્ટ પામ્યું છે. શ્રદ્ધાન પદના આ ગંભીર અર્થરહસ્ય પામવાનું પ્રેરણાબળ આપણને મળી રહો.

# નીતિ–અનીતિ–સાહિત્ય દૃષ્ટિએ

ડૉ. સુમન શાહ

આદમ અને ઇવને સફરજન ખાવાની ના પાડવામાં આવી હતી. છતાં એ નિષિદ્ધ ફળ એમણે ખાધું. આ ભૂલ પાછળથી પાપ ગણાઈ. મનુષ્યના બંધારણમાં જે ભૂલ કરવાપણું છે તે આ આદિ માતાપિતાને આભારી છે. પ્રકૃતિએ કરીને જ મનુષ્ય સ–મર્યાદ જીવ છે; વૃત્તિઓને વશ છે અને વાસનાઓ વડે દબાયેલો છે. એની આ પતનશીલતા ફૉલિબિલિટી–નું હજી પૂરું નિરસન થયું નથી, ભલે એ ચોપગામાંથી બેપગો થયો. સાહિત્યકારને મનુષ્યના આ મૂળભૂત માનવ્યમાં રસ છે અને પોતાની કલામાં એ આવા પૂર્ણ મનુષ્યને હૂબહૂ પ્રગટાવવા માંગે છે. ધર્મ અને નીતિશાસ્ત્રમાં મનુષ્યની આ પશુ–સદૃશ પ્રકૃતિને જીતવાની વાત છે. જે મનુષ્ય પોતાને જીતી શકે તે ધર્મદૃષ્ટિએ મુક્ત ગણાય, નીતિદૃષ્ટિએ વિજેતા ગણાય, એવી એક સરાવલિ જમાનાઓથી ગવાતી રહી છે. પરન્તુ સાહિત્યકારો મૂળગામી પ્રશ્નને આગળ કરે છે, કે મનુષ્ય પોતાની પશુ સદૃશ પ્રકૃતિને કદી પણ પૂરી જીતી શક્યો છે ખરો? માનવજાતના એક પ્રતિનિધિ લેખે મનુષ્યને વિષય બનાવતું સાહિત્ય માનવજાતે ઊભી કરેલી સંસ્કૃતિ અને સભ્યતા સામે પ્રશ્ન રચે છે, કે મનુષ્ય કદી સંસ્કૃત થઇ શક્યો છે ખરો? નીતિ–અનીતિ, સદ્–અસદ્ વગેરે ખાનાંઓમાં વહેંચાએલો મનુષ્ય ઘણીવાર તો કૃતક અને ભ્રામક જ પુરવાર થયો છે. એના જીવનને કશામાં ધારી શકાતું નથી, દોરી શકાતું નથી. કે બાંધી શકાતું નથી. આદર્શો અને મૂલ્યોથી લગભગ હંમેશાં ઉફરું જવા જ સરજાયેલું એનું એ આદિમ માનવ્ય સાહિત્યકારના રસનો વિષય બનતું રહ્યું છે. અને એની કલામાં મનુષ્યને માટેની એક અપાર કરુણા સંચિત થતી આવી છે, કલાકારની એવી કરુણાળુ દૃષ્ટિમાં મનુષ્યનું મનુષ્ય લેખેનું જે ગૌરવ ઉપસ્યું છે, તે સાહિત્યનો તેમજ તમામ કલાઓનો આગળો વિશેષ છે. સાહિત્યકાર, મનુષ્યનું પુણ્ય અને મૂળગામી દર્શન પ્રગટાવે છે, નીતિવેત્તાની જેમ કે ધર્મજ્ઞની જેમ મનુષ્યને એ વિધિ–નિષેધોભર્યા ખંડ–દર્શનમાં ઢાળીને જોતો નથી.

વૃત્તિઓ અને વાસનાઓમાં આબદ્ધ મનુષ્ય એક સંકુલને રૂપે કલાકાર માટે હંમેશાં પડકારસ્વરૂપ રહ્યો છે. એની પૂરી સંકુલતામાં એનું આલેખન કરનારા સાહિત્યકારોએ એ પડકાર ઝીલ્યો પણ બતાવ્યો છે. દરેક જમાને એ પડકારનું સ્વરૂપ બદલાતું રહ્યું છે અને પરિણામે સાહિત્યકલાતું સ્વરૂપ પણ સતત બદલાતું રહ્યું છે. છતાં, કલા પાસે સંસ્કૃતિના બધા જ ગાળાઓ દરમ્યાન એવી અપેક્ષા રખાઈ છે, કે એ નીતિ અને ધર્મને દૃઢાવે, સાંસ્કૃતિક મૂલ્યોને બઢાવે અને મનુષ્યને એની પ્રગતિશીલતાને વિશે અખૂટ પ્રેરણાઓ પણ આપે. રેનેસાં પછી માનવ–સભ્યતાનું સ્વરૂપ વધુ ને વધુ આધુનિક બનતું આવ્યું. એ દરમ્યાન સાહિત્ય પણ એક આગવી માનવ–પ્રવૃત્તિ લેખે પોતાનું અલાયદું વિશ્વ ઊભું કરતું રહ્યું છે. ધર્મ અને નીતિ માનવ વ્યવહારથી જુદાં નહિ હોવા એવા પ્રાચીન સમયોમાં સાહિત્ય પણ એક પદાર્થ તરીકે જુદી વસ્તુ નહોતી. પણ સામુજ્યો અને સંશ્લેષણો ક્રમશ: તૂટતાં આવ્યાં, મનુષ્ય વધુ ને વધુ વિઘટનપરાયણ તરેહોમાં ફસાતો રહ્યો અને આજે તો સાવ જ ફસાઈ ચૂક્યો છે. પરિણામે ધર્મ, સદાચાર કે નીતિનું કામ આજે સાહિત્યની કલા પાસે કરાવવું તે એક જાતની હાસ્યાસ્પદતા લેખાય એવા દિવસો છે. આપણે નીતિનિરપેક્ષ અને સ્વાયત્ત કલાઓના જમાનામાં જીવીએ છીએ: સાહિત્ય આજે બહુ બહુ તો પોતાને માટે હોઇ શકે છે, અન્ય કોઇને માટે તો હરગિઝ નહિ.

ધર્મ–સાહિત્ય, અને આપણું વૈદિક સાહિત્ય, તત્ત્વજ્ઞાન કે નીતિશાસ્ત્રનું સ્થાન આજે માનવવિદ્યાઓએ લીધું છે. મનુષ્યને વિષય બનાવતી શબ્દની કલા આજે સાવ જુદી વસ્તુ છે. મધ્યકાળમાં નીતિ–નાટિકાઓ–મોરાલિટી પ્લેઝ–લખાયેલી. એ બધી રચનાઓમાં નીતિ અને સદાચારને દૃઢાવનારા, મનુષ્યના સદ્ગુણોની રમણા જોવા મળે છે. નાટકનું તો નામ જ છે, બાકી રૂપકો અને રૂપકગ્રંથિઓમાં બધું જોડી કાઢવામાં આવ્યું છે એમ જ છાપ ઊપસે છે. રૂપક એ બધાં મધ્યયુગીન સાહિત્યોની વિશેષતા છે, પણ એમાં જે જાતનો સમીકરણાત્મક અને ઉપદેશપ્રધાન વિકાસ છે તેને કલા લેખે ઘટાવવાનું ખૂબ મુશ્કેલ છે. સરમુખત્યારોએ એકાંગી સાહિત્ય લખાવી જોયું છે. એમાં મનુષ્યની ઊજળી બાજુ જ ચીતરવાનો સંકલ્પ હોય છે. પણ પ્રજાઓ એવા પ્રચારો કે પક્ષિલ લખાણોનાં ચોપડાંને સાહિત્ય તરીકે આજો સમય કદી સ્વીકારતી નથી. પ્રાચીન નીતિકથાઓમાં, પંચતન્ત્રની વાર્તાઓ કે ધર્મપની બોધકથાઓમાં નીતિને સાહિત્યના વિષય તરીકે સીધે સીધો જ નિરૂપણ પામેલો જોઇએ છીએ, પણ એની સફળતાનું રહસ્ય પૂર્વ–સિદ્ધ વિધિ–નિષેધોમાં નથી–કથાની કલાત્મક રજૂઆતમાં છે. શિયાળ કેવું આપણા જેવું લુચ્ચું છે એમ આનન્દમૂલ બોધ શ્રોતાઓ ઠરે છે અને લુચ્ચા શિયાળની કથા સફળ થાય છે. નીતિકથામાં કે બોધકથાઓ મનુષ્યને સીધા નીતિમાન બનાવી દે તેવા બાલ આયોજનનું પરિણામ નથી–સાદી સરળ સુબોધ, પણ કલાનું પરિણામ છે. આપણા જમાનાની નીતિકથા કોઇ કોઇ વાર તો સાહિત્યકલાની સીમા દર્શાવી દેતી હોય છે–કાફકા અને લોહેંસની ઘણી રચનાઓ આ જાતની છે. એ આધુનિક બોધકથા પોતાની વિરુધ્ધ જઇને સફળ થતી હોય છે ત્યારે, વળી નૂતન ધર્મ, વળી નવી નીતિ, નવાં મૂલ્યો, વગેરેની આબોહવા રચાતી હોય છે. ઘણા આધુનિક સાહિત્યકારો એ સંદર્ભે નવ્ય ઋષિઓ કે સંતો છે.

કલા માત્ર પૂર્વ–સિધ્ધના પ્રચારનું સાધન બની શકતી નથી. નીતિ અને સદાચારનાં સૂત્રો રૂપાળી ભાષામાં, પાત્રોના મુખમાં, બરાબર અણીને ટાણે મૂકી દેવાથી સાહિત્યકાર પોતાના કામમાં વિજયી નીવડતો નથી. એવી કૃતકતા જ કલાની શત્રુ છે. કલાકાર તો પોતાના સર્જનવ્યાપાર દરમ્યાન જ કશુંક દર્શન ઉપસાવી રહેતો હોય છે. ભાવન દરમ્યાન જ ભાવકની ચેતના કશાક કરણીયને, કશાક શુભને કે કશીક નીતિને આત્મસાત કરે છે, અને એમ એનામાં સાહિત્યનો પ્રભાવ ક્રમે ક્રમે ઝમે છે–બાકી કલાના સાક્ષાત્કારની ક્ષણો હંમેશાં આનંદભર હોય છે. આનો અર્થ એ નથી કે સાહિત્યકારો અધર્મ કે અનીતિના પુરસ્કર્તા હોય છે અને મનુષ્યના એ કાળી બાજુને વિશે ઉદાસીન હોય છે. ખરેખર તો તેઓ મનુષ્યજીવનમાં જે દુરિત છે તેનાથી સુપરિચિત હોય છે, દુરિતનો એમનો સાક્ષાત્કાર કોઇ પણ સરેરાશ મનુષ્ય કરતાં અનેકગણો વધુ હોય છે. પરન્તુ એક કલાકાર તરીકે તેઓ દુરિતને શુભનું અનિવાર્ય

ગણીને મનુષ્યને એના પૂર્ણ સ્વ-રૂપમાં આલેખે છે. અખિલ મનુષ્ય પ્રગટાવવો એ જ સાહિત્યકારની નીતિ છે, એની એવી સદ્-અસદ્ રેખાંકોવાળી વ્યક્તિતા ઉપસાવવી એ જ એનો ધર્મ છે. સાહિત્યકારો પોતાની આ નીતિ કે પોતાનો આ ધર્મ ચૂકી જાય છે ત્યારે જ અનીતિ અને અધર્મ વકરે એવું, સત્તા-વિહોણું સાહિત્ય પેદા થાય છે. પ્રજાના સત્ત્વમેં એવી કૃતિઓ પાતળું પાડી દે છે અને એવી કૃતિઓના કર્તાઓ ટૂંકજીવી સફળતા રૂળીને છેલ્લે તો હંમેશને માટે કાળમાં લુપ્ત થઇ જાય છે.

આજે તો અ-કલા જ સાહિત્યકાર માટે અ-ધર્મ અને અ-નીતિ છે. વિઘટનશીલ આધુનિક માનવ-સભ્યતા સાહિત્ય-કલાને એક સ્વાયત્ત પ્રવૃત્તિમાં સ્થિર કરે ત્યાં લગી તો બરાબર છે. પણ સભ્યતામાં જો મનુષ્ય પોતે જ 'એક સરેરાશ વસ્તુ બની ગયો હોય, તો સાહિત્યકલાની સફળતા પણ પ્રશ્નાર્થ હેઠળ આવી જવાની. સભ્યતા સામે પ્રશ્નાર્થ રચનારી સર્જકચેતના પોતે જ આમ દહેશત હેઠળ ધ્રુજે છે. માનવધર્મ કે માનવતા-વાદનું સ્વરૂપ આગળના જમાનાઓ જેવું અને જેટલું સાદું હવે નથી રહ્યું. મનુષ્યની વ્યાખ્યા સતત બદલાતી રહે છે. એની નીતિ કે એના ધર્મનું પોતાનું જ કંઇ ઠેકાણું નથી, ત્યાં સાહિત્યકાર શેની હિફાઝત કરવાનો છે હવે? પ્રગતિની દોડમાં મનુષ્ય જ વિસરાતો કે લુપ્ત થતો આવતો હોય ત્યારે, સાહિત્યકારનું દાયિત્વ અપૂર્વપણે વધી જાય છે. સંસ્કૃતિ અને સભ્યતાના વાંકા વિસ્તાર વચ્ચેનો મનુષ્ય જ નિશ્ચિહ્ન થતો આવતો હોય, તો એ અપૂર્વ વિડમ્બનાનું ચિત્ર આપવાની જવાબદારી માત્ર કલાકારની હશે. કેમકે જવાબદાર કલાકારો પોતાના ધર્મબળે પોતાની નીતિથી ટકી શકયા હશે એવા વિશ્વાસનું હજી નિકન્દન નથી નીકળ્યું...

# માંસાહાર સર્વથા ત્યાજ્ય છે....

**-સાધુ પ્રીતમપ્રસાદદાસ**

એક સાધક હતો. એકવાર તેણે રાજાનાં ઘરેણાં જોયાં અને તે લઇ લેવાની ઇચ્છા થઈ. નિષ્કપટભાવે તેણે પોતાના મનની વાત ગુરુને કહી. ગુરુને શંકા થઇ કે, આજે શિષ્યે અશુદ્ધ તેમજ અયોગ્ય અન્ન ગ્રહણ કર્યું હોવું જોઇએ. તપાસ કરતાં એ વાત સાચી ઠરી.

માણસ સાત્ત્વિક, રાજસી કે તામસી-જેવું અન્ન ખાય છે તેવા ગુણો તેને પ્રાપ્ત થાય છે. ગુણો પ્રમાણે તેનું વર્તન થાય છે. ધર્મામૃત નામના ગ્રંથમાં પણ આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ થાય છે અને સત્ત્વશુદ્ધિથી ભગવાનની અખંડ સ્મૃતિ રહે છે એ કહ્યું છે. યુક્તાહાર એટલે આહાર સંયમિત તેમજ શાકાહારી હોવો જોઇએ. માંસાહારનો સંપૂર્ણ રીતે ત્યાગ કરવો જોઇએ.

માંસ કાંઇ વાડીમાં ઊગતું નથી, તેમજ કાષ્ટમાંથી બનતું નથી. એ તો પશુઓનાં ઘાત વડે બને છે. પૂર્વના મહાપુરુષો જે માંસાહાર-નિષેધ વિષે કહી ગયા છે તે શબ્દો વિચારીએ તો સહેજે વૃત્તિ પાછી વળે છે. જિસસ ક્રાઇસ્ટથી હજારો વર્ષ પહેલાં વેદે માંસાહાર કરવાની ના કહી છે. જૈન ધર્મે, ગૌતમ-બુધ્ધે તેમજ ઝોરીસ્તરે પણ હિંસા કરવાની અને માંસ ખાવાની ના કહી છે.

દરેક જીવ માટે કુદરતે આહાર નિશ્ચિત કર્યા જ છે. હાથી હંમેશાં શાકાહારી પ્રાણી છે. તે કદી માંસ નહિ ખાય, તેમજ સિંહ કયારેય ઘાસ નહિ ખાય. કેટલાકનો મત છે કે માંસાહાર ન લેવાય તો શરીર ક્ષીણ થઇ જાય. પણ એ વાત ખોટી છે. ગિરનારના પ્રદેશમાં ઘણા ભરવાડો માત્ર રોટલો અને છાશજ ખાય છે. માંસાહાર બિલકુલ કરતા જ નથી. આમ છતાં તેઓ શરીરે ખડતલ હોય છે.

દેશ, કાળ, સંગ વગેરે વાતાવરણ જોઇને માનવ પોતાનો ધર્મ ચૂકે છે. અને અધર્મનો આશ્રય લેતાં અચકાતો નથી. વાસુદેવ મહાત્મ્ય ગ્રંથમાં લખ્યું છે કે, 'એકવાર વિશ્વજિત નામનો ઇન્દ્ર રંભા નામની અપ્સરાના પ્રેમમાં મસ્ત હતો. એવામાં દુર્વાસામુનિ ત્યાંથી પસાર થયા અને ઇન્દ્ર તરફ દૃષ્ટિ કરી, દુર્વાસા પાસે એક પુષ્પમાળા હતી, જે તેમણે મદ્યલા નામની અપ્સરા પાસેથી મેળવી હતી. તે માળા તેમણે પ્રેમમગ્ન ઇન્દ્ર પર ફેંકી. ઇન્દ્ર કામાતુર હોવાથી આ માળા પ્રત્યે બેદરકાર રહ્યો. તેણે માળા હાથીના ગંડ સ્થળ પર મૂકી. સુગંધીથી આકર્ષાઇને હાથીએ માળા સૂંઢ વડે નીચે પાડી અને દુર્વાસાના દેખતાં જ કચડી નાખી, તેથી દુર્વાસાએ ઇન્દ્રને શાપ આપ્યો કે, 'જે લક્ષ્મીના પ્રસાદથી તું આવી સમૃધ્ધિને પામ્યો છે, તે બધું સમુદ્રમાં લીન થઈ જાઓ! ભયંકર દુષ્કાળ થાઓ.' પરિણામે દુષ્કાળના ઓળા ઉતરી આવ્યા. અનાવૃષ્ટિ થઇ. દુષ્કાળની પરંપરા શરુ થઇ. લોકો વનમાં ભટકવા લાગ્યા. ક્ષુધાથી પીડાઇને બકરાં-મૃગલાંને મારીને માંસ ખાવા લાગ્યા.

સમય જતાં સત્પુરુષોની કૃપા થઇ અને સુકાળ થયો. પણ માંસભક્ષણ અમુક અંશે ચાલું રહ્યું. ભારતદેશમાં માંસાહારની પ્રવૃત્તિને અંગ્રેજોએ સારો વેગ આપ્યો. તેઓ અહીં બે હેતુથી આવ્યા હતા: (૧) ભારતની સમૃધ્ધિને લૂંટી પોતાના દેશ ભેગી કરવી અને (૨) આપણી સંસ્કૃતિ અને ધાર્મિક વ્યવસ્થાને છિન્ન ભિન્ન કરી ખ્રિસ્તી ધર્મ અને યુરોપીય ધર્મ સ્થાપવો. હિન્દુઓ ગોમાંસ ખાતા થાય તો જ આ કાર્યમાં સફળતા મળે એ હેતુથી તેમણે પ્રચાર શરૂ કર્યો કે, 'વેદો કાંઇ બહુ પ્રાચીન નથી. તેના કરતાં અમારું બાઇબલ ઘણું ઉત્તમ છે! આમ ઘણો પ્રચાર કરી હિન્દુઓને ગાય કાપતા કર્યા, સાથે સાથે દેશના પણ બે ટૂકડા કર્યા.'

આ અરસામાં માંસભક્ષણને એટલો બધો વેગ મળ્યો કે સુરતમાં મૂર લોકો એક વર્ષમાં જેટલા પશુઓ કાપતાં તેટલાં પશુઓ મુંબઇમાં એક મહિનામાં કપાવા લાગ્યાં. જે. ટી. વ્હીલરે 'મુસ્લીમ શાસન નીચેના હિન્દ'માં નોંધ્યું છે કે, 'અંગ્રેજો ગાયનું માંસ અકરાંતિયાની પેઠે ખાવાથી અચાનક ટપોટપ મરવા લાગ્યા.'

'જેવું અન્ન તેવું મન'. જયાં માંસાહાર, શરાબી વગેરે હોય ત્યાં અનાચાર, દુરાચાર, ભ્રષ્ટાચાર, કલેશ વગેરે આવવાનાં જ. આ બધાંની ઉત્પતિ માંસ જેવા દુષ્ટ આહાર છે. આજે યુરોપ, અમેરિકા વગેરે દેશોમાં લખલૂંટ સમૃદ્ધિ છતાં માંસાહાર વગેરેને લઇને વ્યભિચારે માઝા મૂકી છે. કહેવાય છે કે જે માણસ માખી મારે, તે માણસ પણ મારે.

એક વખત આલ્પ્સ પર્વત પર વિમાન તૂટયું. ઘાયલ થયેલા માણસોએ સાથે બેઠા વગેરે હતું તે ખાધું. એ ખૂટયું એટલે મડદાં ખાધાં. એ પણ ખૂટયાં. ત્રાસ, આશરો ન રહ્યો એટલે હત્યામત કરવાની ઘેલછાથી માણસને પણ મારી મારીને

ખાધાં. એક માણસ દોડીને સહાય રથાને પહોંચ્યો ત્યારે શાતા વળી. પણ માંસાહારની આસુરીવૃત્તિએ હૃદ વાળી દીધી.

મનુષ્યના દાંત, હોજરી, વગેરેની રચના જોઇને પણ ખ્યાલ આવી જાય છે કે મનુષ્ય એ શાકાહારી જ હોવો જોઇએ. માંસભક્ષણ એ જંગલીપશુઓનો જ આહાર છે, તેથી તેમનાં દાંત લાંબા, મોટા તેમજ પાચનઅવયવો માંસભક્ષણને યોગ્ય બનાવ્યાં છે.

લાગણીપક્ષ વિરોધ ઊઠાવશે કે, દૂધ એ પણ પ્રાણીમાંથી જ બને છે માટે એ પણ માંસાહાર કહેવાય. એમ તો હવા પણ માંસ કહેવાય. કારણકે હવા લેવામાં ઘણાં બેક્ટેરિયાં મરે છે. પણ આ સંજોગો અનિવાર્ય છે. લાગણીશીલને ન મારવાં એ ધર્મ છે. એના આહારથી લાભ નથી. માનવીના કોશ જુદા અને પ્રાણીઓના જુદા. એક વનસ્પતિ એવી છે કે ઘણાના કોશમાં ભળે છે. પ્રાણીના કોશમાંનું માત્ર દૂધ સુપાચ્ય છે, બીજું કાંઇ નહિ.

પ્રાણીઓનો આહાર કરવાથી કોશ એવા નિર્બળ થશે કે રોગનાં જંતુઓ પણ મનુષ્યના શરીરને હચમચાવશે. રોગ-પ્રતિકાર શક્તિ ઘટી જશે. જઠરાગ્નિ મંદ પડશે. ઔષધો લેતાં જ રહેવું પડશે. રોગની જેમ ઉદ્વેગ વધી જશે. જિંદગીમાં અશાંતિ ફેલાઇ જશે.

જાનવરોની હત્યા સમયનું દૃશ્ય વિચારીએ તો, કસાઇ છરો લઇને તેના ગળા પર ફેરવે. ઢોર તરફડે. જીવતાં જીવની ચામડી અને માંસ નિર્ભયતાથી અલગ કરે; તે માત્ર માનવીની સ્વાદેન્દ્રિય પોષવા ! આવી ક્રૂરતા મનુષ્યની સહજ દયા, કોમળતાને નષ્ટ કરી નાખે છે. કેટલાંક પશુઓને કતલખાનામાં લાવતાં જ તેઓ ગભરાય છે. ક્રોધી બની જાય છે, ત્યારે તેનું માંસ ઝેરી બની જાય છે. તેને ખાવાથી અનેક રોગો થાય છે.

કહેવાય છે કે, ગાયનાં ગળા, કાંધ કે પેટ જેવા અંગે જે ગાંઠ હોય છે, ત્યાં કેન્સર થવાનો વધુ સંભવ હોય છે. જાનવરોને જુદા જુદા ૨૦૦ રોગ થાય છે. એવાનું માંસ ખાવાથી જરૂર મંદવાડ આવે છે. પ્રાણીનું માંસ ખાનારને કૃમિરોગ વધુ થાય છે. ઘેટાંબકરાંનાં લીવર અને ફેફસાંમાં જે પાણી જેવો ભાગ હોય છે તે ખાસ નુકસાનકારક હોય છે.

ગાંધીજી કહે છે કે, 'ધર્મ, મને માંસ કે ઇંડાં ખાવાની આજ્ઞા આપતો નથી. સત્ય હોય કે ભૂલભરેલું, પણ મારો ધાર્મિક વિશ્વાસ છે કે માણસ માંસ, ઇંડાં કે અન્ય પ્રકારનું માંસ ન ખાય. માણસે જીવતા રહેવા માટે પણ બેજવાબદારી ભરેલ સાધનો ઉપયોગમાં લેવાં જોઇએ નહિ. જીવનને સલામત રાખવા માટે પણ અધમ ઉપાયોનું આલંબન લેવું જોઇએ નહિ. ધર્મની સમજ મેં જે મેળવી છે તે એ છે કે જ્યારે જીવનમરણનો સવાલ હોય ત્યારે પણ માંસ કે ઇંડાં ખાવાની આજ્ઞા ધર્મ આપતો નથી.'

બાઇબલ (રોમન્સ ૧૪૨૯-૨૧)માં કહ્યું છે કે, 'માંસ માટે ભગવાનનાં કાર્યનો નાશ ન કરો...માંસ ખાવું કે દારૂ પીવો એ સારું નથી.' કુરાન (સુર'ઇ ૪૪'-૨૬)માં કહ્યું છે કે, 'અલ્લાહને તમારી કુરબાનીનું લોહી, માંસ પહોંચતાં નથી, તેને તો તમારા તકવા અને પરહેજગારી (અહિંસાવ્રત) પહોંચે છે.

ભગવાન સ્વામીનારાયણે આજથી ૨૦૦ વર્ષ પૂર્વે પ્રગટ થઇને અહિંસામય યજ્ઞો, જાણીને મચ્છર, માંકડ, જૂ, વગેરેને ન મારવા એમ કહી અહિંસાનું પ્રતિપાદન કર્યું. યજ્ઞના પ્રસાદ-રૂપે પણ માંસ ન લેવું એમ સ્પષ્ટ આજ્ઞા આપી. એ જ બાબતોને અનુલક્ષીને પૂ. પ્રમુખસ્વામી મહારાજે દાદરાનગર-હવેલી-સેલવાસમાં આ પ્રવૃત્તિ ઉપાડી તો ત્યાંના રહેવાસી ભક્તોએ વર્ષો સુધી જે ચૂલાઓ પર માંસ રંધાયું છે, તે ચૂલાઓ પણ તોડી નાંખ્યા છે.

ફ્રિન-નોર્થ અમેરિકામાં ગેલ્વેસ્ટીન પરગણામાં આજે કોઇ માંસ ખાતું નથી. ખ્રિસ્તી ધર્મના સેવન્થડે એડવેન્ટિસ્ટ ચર્ચે પોતાની ૧૬૦ શાખાઓ દ્વારા માંસભક્ષણ અને પ્રાણીઓની હિંસા ન કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. આપણે આ સૃષ્ટિ સાથે જીવવું છે, એમાં ભળવું છે, પછી શીદ કાપાકાપી કરવી ? એ ગરીબડાં પશુઓ તો નહિ બોલે, પણ કુદરત બોલશે.

## સ્ટીલ કોલર કામદાર : યંત્રમાનવ

(અભ્યાસ વર્તુળનાં ઉપક્રમે શુક્રવાર, તા. ૨૧-૧-૧૯૮૩ ના રોજ ડૉ. રામુ પંડિતે ઉપરોકત વિષય પર આપેલાં વાર્તાલાપનો સાર અત્રે આપ્યો છે. —તંત્રી)

રોબોટ (Robot) એટલે યંત્રમાનવ. એનું આખું શરીર સ્ટીલનું હોવાથી એને 'સ્ટીલ કોલર કામદાર' પણ કહેવાય છે. યાંત્રિક શક્તિ અને ઇલેકટ્રોનિકસ ગણતરી યંત્ર (Computor) ની સહાયથી રોબોટ અનેક જાતનાં કામ ખૂબ જ ચોકસાઇથી કરે છે. યંત્રમાનવ હોવાથી માનવીય તે પાસાંઓથી પર છે, જેમ કે, સતત ત્રણ પાળી કામ કરવામાં લાગતો થાક, ચા, પાન, બીડી અને તમાકુના વ્યસનાદિ, લંચ માટે રીસેસ, હડતાળ કે પગાર વધારાના પ્રશ્નો નથી. યંત્રમાનવ જોખમી કામ કરવામાં, દુર્ગંધ મારતી જગ્યાએ કામ કરવામાં ખૂબ જ ઉપયોગી છે. માત્ર આપણે એને પ્રોગ્રામ કરી આપવો પડે. બાકીનું બધું એ સંભાળી લે છે. એના કાર્યનાં વૈવિધ્યમાં હોસ્પિટલમાં નર્સ તરીકે કામ આપવાથી માંડીને મહાસત્તાઓ વચ્ચેના સંભવિત યુધ્ધોમાં યંત્રમાનવ દ્વારા ન્યુકલીયર યુધ્ધ લડવાની શકયતા ઊભી થઇ છે.

વિજ્ઞાનની હરણફાળના ફળસ્વરૂપે આજે આપણે યંત્રમાનવ યુગમાં આવીને ઊભા છીએ. વિશ્વમાં આજે વધુમાં વધુ યંત્ર માનવ જાપાનમાં કાર્યશીલ છે. એ પછી અમેરિકા અને અન્ય દેશોનો ક્રમ આવે છે. ઓછી માનવશકિત અને વસતિ વધારાનો દર નહીંવત્ હોવાથી જાપાનમાં યંત્ર માનવના ઉપયોગને જલ્દી આવકાર સાંપડયો. શરૂઆતમાં કામદારોએ પણ યંત્ર માનવના ઉપયોગને આવકાર્યો, જેથી એકના એક પુનરાવર્તન પામતા કંટાળાજનક કામમાંથી છૂટી શકે અને અન્ય બૌદ્ધિક કામમાં પોતાની શકિતનો ઉપયોગ થઇ શકે. જો કે હવે જાપાનમાં યંત્રમાનવના ઉપયોગનો કામદાર સંઘોએ વિરોધ કર્યો છે, કારણકે, હવે યંત્રમાનવ પાસેથી અનેક જાતનાં કામો લેવાય છે કયારેક સૂંઘવાનું, બોલવાનું અને સાંભળવાનું કામ પણ એની પાસેથી લેવાય છે. એક માત્ર મર્યાદા યંત્રમાનવની છે, અને તે એ કે એની પાસે માનવ સુલભ હૈયું નથી અને સંવેદન ઝીલી શકે એવું તંત્ર નથી.

અત્યારે યંત્રમાનવની કીંમત અંદાજે રૂપિયા ત્રણ લાખ છે, પરંતુ કીંમતના પ્રમાણમાં અનેક પ્રકારના કામ લઇ શકાય છે, આપણા દેશનો વિચાર કરીએ તો આપણે ત્યાં બેકારીનું પ્રમાણ વિશેષ હોવાથી યંત્રમાનવના ઉદ્યોગના વિકાસની શકયતા ઓછી છે. અલબત્ત, કેટલાંક ઉદ્યોગોમાં એની પાસેથી કામ લેવામાં કશું બોટું નથી.

# ઉત્તમ બાળ સાહિત્ય : બચ્ચોં કી કહાનિયાં

ગુલાબ દેઢિયા

આપણી ભાષાઓમાં ઉત્તમ બાળ સાહિત્યની અછત વર્તાતી રહી છે. બાળ માનસને સંસ્કારી બનાવે એવા વાર્તા સાહિત્યની અનોખી ભેટ 'હિન્દુસ્તાની પ્રચાર સભા-મુંબઈ એ 'બચ્ચોં કી કહાનિયાં' સંપુટની પ્રથમ પચ્ચીસ પુસ્તિકાઓ પ્રસિધ્ધ કરી, આપી છે. વિશ્વના બધા ધર્મોમાં જે જીવનમાં ઉતારવા જેવી મહાન હકીકતો બની છે, તેને સરળ અને રોચક ભાષામાં લેખકોએ રજૂ કરી છે. આ વાર્તાઓ દ્વારા બાળકોને આનંદની સાથોસાથ જ્ઞાન મળશે. સત્ય અને અહિંસાના સંસ્કારોનું આપો આપ સિંચન થશે.

દરેક પુસ્તિકાની છપાઇ અને વાર્તાઓ સાથેના ચિત્રો ખરેખર સુંદર છે. બાળકો આ વાર્તાઓ વાંચી રાજી થઇ જશે.

પ્રત્યેક મા-બાપ એમના બાળકોને આ વાર્તાઓ સમજાવે. આ વાર્તાઓ નર્યા ઉપદેશની નથી, બાળકોના મન ઉપર કાયમી સંસ્કારની છાપ પાડે એવી છે.

હિન્દુસ્તાની પ્રચાર સભાએ હિન્દુસ્તાની ભાષામાં આ વાર્તાઓ પ્રસિદ્ધ કરી બાળ સાહિત્યમાં ઉત્તમ ઉમેરો કર્યો છે.

બાળકોને જીવનમાં ઉપયોગી થાય એવી વાર્તાઓનાં નામ અને લેખકોના નામ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) રોશન સિતારા | -લે. અબ્દુલ્લા કમાલ |
| (૨) નચિકેતા | -લે. મહેરચંદ દવે |
| (૩) માં કી મમતા | -લે. સ્નેહ અગ્રવાલ |
| (૪) સંજાણ કી કહાની | -લે. હોરમજદિયાર દલાલ |
| (૫) પહલા પત્થર કૌન મારેગા ? | -લે. રાધેશ્યામ શર્મા |
| (૬) અનમોલ તોહફા | -લે. મુસ્તાક મોમિન |
| (૭) સેઠ જિનદાસ | -લે. વીણા શાહ |
| (૮) ગૌમાતા કા વરદાન | -લે. મૂલશંકર ભટ્ટ |
| (૯) મમતા કા ચમત્કાર | -લે ખાલિદ શાહીન |
| (૧૦) પ્રેમ જહાં પરમેશ વહાં | -લે. લીલાવતી ભાગવત |
| (૧૧) કૃતઘ્ન ઔર કૃતદ્ન | -લે. રૌલજ્ઞ રાજે |
| (૧૨) ભગીરથ | -લે કુ દનિકા કાપડિઆ |
| (૧૩) યુધિષ્ઠિર કા સ્વર્ગારોહણ | -લે. મનુભાઇ પંચોળી 'દર્શક' |
| (૧૪) બ્રહ્મા કા ગર્વહરણ | -લે. ગુરુનાથ દીવેકર |
| (૧૫) શરણાગત વત્સલતા | -લે પ્રભાદશંકર ભટ્ટ |
| (૧૬) કહાની એક તૂફાન કી | -લે. રિયાજ આફ્રિન્દી |
| (૧૭) હજરત નિજામુદ્દીન ઔલિયા | -લે. સિરાજ અનવર |
| (૧૮) અંગુલિમાલ | -લે ગિરિજાશંકર ત્રિવેદી |
| (૧૯) પ્રભુકા પ્રકાશ | -લે. મૂળશંકર ભટ્ટ |
| (૨૦) તીન સાધુ | -લે. યૂનુસ આગાસ્કર |
| (૨૧) કૃષ્ણકા ગોવર્ધન ધારણ | -લે. રામેશ્વર દયાલ દુબે |
| (૨૨) અચલ આખ્યાન | -લે અમૃતલાલ સ. ગોપાણી |
| (૨૩) દ્રુપદ ઔર દ્રોણ | -લે. શૈલકુમારી |
| (૨૪) બલિ કા બકરા | -લે. કવિતા વર્મા |
| (૨૫) સેવા કી રાહ | -લે. જનકી |

આ લેખકોના નામ પરથી ખ્યાલ આવી શકે કે ભારતના ઉત્તમ લેખકો દ્વારા આ કથાઓ લખવામાં આવી છે. આનંદની વાત એ છે કે, આ વાર્તાઓના સંપાદક મૂળશંકર ભટ્ટ છે, જેઓ પોતે બાળ સાહિત્યના ખ્યાતનામ લેખક છે.

દરેક પુસ્તિકાની કિંમત બે રૂપિયા છે.

પ્રકાશક : હિન્દુસ્તાની પ્રચાર સભા
મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ મુંબઇ-૪૦૦ ૦૦૨.
વિક્રેતા :-એસ. ચાન્દ એન્ડ કં. લિ. દિલ્હી, કલકત્તા, હૈદરાબાદ, નાગપુર, પટણા, જાલન્ધર, મદ્રાસ, મુંબઇ, બેંગલોર, અને કોચીન.

બાળકો માટે ઘરમાં અને શાળાઓમાં વિશેષ વાંચન તરીકે વસાવવા જેવો આ સંપુટ છે.

# શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક નિધિ

## તા. ૨૮-૧-૧૯૮૩ સુધીમાં નોંધાયેલી રકમો

| | |
|---|---|
| ૧,૯૬,૨૦૮ | તા. ૧૬-૧-૧૯૮૩ ના અંકમાં પ્રગટ થયેલી રકમો. (ગતાંકમાં રકમનો સરવાળો રૂા. ૧,૯૭,૧૯૮ દર્શાવાયો હતો, તે છાપકામની ભૂલ હતી.) |
| ૫,૦૦૦ | શ્રી અમૃતલાલ ફાઉન્ડેશન, હ. શ્રી જે. એચ. દોશી |
| ૫,૦૦૦ | મે. ન્યુ સ્ટાન્ડર્ડ એન્જિનિયરિંગ વર્કસ', હ. શ્રી જેઠાલાલભાઇ પટેલ |
| ૨,૫૦૦ | મે. અમરસન્સ |
| ૨,૫૦૦ | શ્રી દામજી લાલજી શાહ |
| ૨,૫૦૦ | શ્રી સેવંતીલાલ મફતલાલ શાહ |
| ૨,૫૦૧ | શ્રી લાલજી ભેદા ચેરિટેબલ ટ્રસ્ટ, હ. શ્રી સુંદરજી લાલજી ભેદા. |
| ૧,૫૦૧ | શ્રી વિનુભાઇ ઉમેદચંદ શાહ |
| ૧,૦૦૧ | શ્રી ચીમનલાલ પી. શાહ |
| ૧,૦૦૧ | શ્રી લખમશી નપું સ્મારક સાધારણ ફંડ |
| ૧,૦૦૧ | એક સદ્ગૃહસ્થ |
| ૧,૦૦૦ | સ્વ. ઉમરબાઇ શીવજી ભેદાના સ્મરણાર્થે હ. શ્રી શીવજી માણેક ભેદા. |
| ૧,૦૦૦ | શ્રી સુરેશ અમૃતલાલ ડી. ડોઢારી |
| ૧,૦૦૧ | મે. કાંતિલાલ મણીલાલ એન્ડ કું., |
| ૫૦૧ | શ્રી જીવુભાઇ ખાટડિયા |
| ૫૦૧ | શ્રી અરણુભાઇ મુ-શીફ |
| ૫૦૧ | શ્રી મણીલાલ નરશીદાસ દોશી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦ | શ્રી નેમચંદ નાથાલાલ શાહ |
| ૨૫૧ | ડો. કે. એન. કામદાર |
| ૨૫૧ | શ્રી રસિકલાલ ડી જૂઠાણી |
| ૨૫૧ | શ્રી અશોકભાઇ કાજી |
| ૨૦૧ | શ્રીમતી કમલાબેન સંઘવી |
| ૨૦૧ | મે. રમણીકલાલ વાડીલાલ એન્ડ કું., |
| ૧૫૧ | શ્રી મંગળદાસ ટી. શાહ |
| ૧૨૫ | શ્રી જે. એમ. શાહ, ભાવનગર |
| ૧૨૧ | શ્રી મગનલાલ સુંદરજી મહેતા |
| ૧૦૧ | શ્રી રતિલાલ શંકરલાલ મહેતા. |
| ૧૦૧ | શ્રી લોક શિક્ષણ ટ્રસ્ટ, હ. ડો. ગુણવંત શાહ-સુરત |
| ૧૦૧ | શ્રી આર. એ. સંઘવી |
| ૧૦૧ | આચાર્ય શ્રી યશવંત શુકલ |
| ૧૦૧ | ડો. રામુ પંડિત |
| ૫૧ | શ્રીમતી અંબાબેન લક્ષ્મીચંદ સંઘવી |
| ૧૦ | શ્રી જે. એમ. રાજ |
| ૨,૨૭,૮૩૫ | |

(પૃષ્ઠ ૨૨૪ પરથી ચાલુ)

લેખો તેઓ પૂરા વાંચી જતા. એવી જ રીતે તેઓ પોતાને ત્યાં ભેટ આવેલા કે પોતે વેચાતા લીધેલા ગ્રન્થો પણ ઝડપથી જોઇ જતા અને એમાંની મહત્ત્વની નવી સામગ્રી એમના સ્મૃતિપટ ઉપર દૃઢપણે અંકિત થઇ જતી.

શ્રી નાહટાજીએ એટલું બધું લેખનકાર્ય કર્યું છે કે તેની વાત કરીએ તો સામાન્ય માણસને વિસ્મય થાય. લગભગ ૭ દાયકા જેટલા સમયમાં એમણે ૭ હજારથી વધુ લેખો લખ્યા છે. સતત લખવાને કારણે તેમના અક્ષર પણ બગડવા લાગ્યા હતા અને એને કારણે એમનાં કુટુંબીજનો કે પરિચિત સ્નેહીજનો સિવાય બીજાઓ તેમનું હાથનું લખાણ બરાબર વાંચી શકતા નહીં. મારા ઉપર ૧૯૬૦ ની આસપાસ જ્યારે પણ નાહટાજીનો હાથનો લખેલો પત્ર આવતો ત્યારે બિલોરી કાચ લઇને કલાક મથામણ કરીને હું તે વાંચી શકતો, પરંતુ પછીથી તો એમાં પણ મુશ્કેલી પડવા માંડી. એટલે મારી વિનંતી સ્વીકારી તેઓ ટાઇપ કરીને કે બીજા પાસે લખાવીને મને પત્ર મોકલતા. શ્રી નાહટાજીનો પત્ર-વ્યવહાર ઘણો મોટો હતો. જુદી જુદી વ્યક્તિઓ અને સંસ્થાઓને રોજનાં ત્રીસથી ચાલીસ પોસ્ટકાર્ડ તેઓ લખતા અને કેટલાયને વિવિધ પ્રકારની માહિતી પૂરી પાડતા.

તેઓ મોટા ભાગે પોતાના ડાબા હાથની હથેળીને મુખ સન્મુખ ડેસ્કની જેમ રાખીને તેમાં પોસ્ટકાર્ડ રાખતા અને જમણા હાથમાં કલમ લઇ ઝપાટાબંધ પત્રો લખી નાખતા. અનેક વ્યક્તિઓ સાથે તેઓ સંપર્કમાં રહેતા. દરેકની સાથે શું શું કામ બાકી છે તેની સ્મૃતિ તેમને હંમેશાં તાજી રહેતી અને તે કામ માટે તેમની ઉઘરાણી નિયમિત ચાલતી. નાહટાજીએ સોંપેલું એક કામ પૂરું ન થાય ત્યાં સુધી તેમના દરેક પત્રમાં તેનો નિર્દેશ થયો જ હોય.

નાહટાજી સમયનો કયારેય દુર્વ્યય ન થવા દે. પોતે સ્નાન, ભોજન, નિદ્રા ઇત્યાદિમાં જરૂર કરતાં જરા પણ વધુ સમય ન બગાડે. કોઇની સાથે ટોળટપ્પાં ન કરે. તેમના મનમાં સ્વાધ્યાય અને સંશોધનની એક પછી એક યોજનાઓ પડેલી હોય. એમના માર્ગદર્શન માટે રાજસ્થાનમાંથી કેટલાય માણસો વખતોવખત મળવા આવે. કેટલાય માણસો પત્ર દ્વારા એમનું માર્ગદર્શન મેળવવા ઇચ્છે. એ દરેકને કોઈ પણ પ્રકારની અપેક્ષા વગેરે નાહટાજી ઉત્સાહપૂર્વક માર્ગદર્શન આપતા રહે. મધ્યકાલીન જૈન-સાહિત્યની કોઇ કૃતિ કે કર્તા વિશે મારે જાણવું હોય તો હું નાહટાજીને પત્ર લખતો અને તેમનો વળતી ટપાલે વિગતવાર જવાબ આવ્યો જ હોય, અથવા હસ્તપ્રત આવી પહોંચી હોય.

નાહટાજીએ પોતાના નાનાભાઇ અભયરાજની સ્મૃતિમાં અભય જૈન ગ્રંથમાળા નામની સંસ્થા પોતાના પૈસે સ્થાપી અને તેમાં હસ્તપ્રતો, ગ્રન્થો, સામયિકો, પ્રાચીન ચિત્રો, કલા કૃતિઓ વગેરે વસાવવાનું કાર્ય એકલે હાથે શરુ કર્યું. પ્રતિ વર્ષ તેમાં ઉમેરો થતો જ રહ્યો. એમાં અત્યાર સુધીમાં ૬૫ હજાર હસ્તપ્રતો એમણે એકત્ર કરી છે. અને એવી જ રીતે પચાસ હજારથી વધુ મુદ્રિત ગ્રંથો તથા પ્રાચીન અનેક ચિત્રો, સિક્કાઓ, પટ્ટાવલીઓ ઇત્યાદિ એકત્રિત કર્યા છે. કોઇ મોટી સંસ્થા કરી શકે એવું કામ નાહટાજીએ એકલે હાથે કર્યું છે.

નાહટાજીએ મેટ્રિક સુધીનો પણ અભ્યાસ નહોતો કર્યો, પણ આપસૂઝથી એમણે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, રાજસ્થાની, હિંદી, જૂની ગુજરાતી, અર્વાચીન ગુજરાતીના અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો, ઉપરાંત તેઓ અંગ્રેજીમાં લખાયેલા ગ્રંથો પણ સમજાય તેટલા વાંચીને તેનો સાર ગ્રહણ કરી લેતા. ઘણી જુદી જુદી યુનિવર્સિટીઓના પી.એચ. ડી. ના પરીક્ષક તરીકે તેમણે કામ કર્યું છે અને તેમના હાથ નીચે કેટલાય વિદ્યાર્થીઓએ પીએચ. ડી. ની પદવી માટે માર્ગ-દર્શન મેળવ્યું છે. તેમણે ઘણી યુનિવર્સિટીઓના ઉપક્રમે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં છે. યુવક-સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પણ બે વખત તેઓ વ્યાખ્યાન આપવા માટે પધારેલા.

નાહટાજીને 'સિદ્ધાન્તાચાર્ય', 'વિદ્યાવારિધિ' 'સાહિત્ય વાચસ્પતિ', 'જૈન ઇતિહાસ-રત્ન', 'રાજસ્થાની સાહિત્ય-વાચસ્પતિ', 'સંધરત્ન' 'પુરાતત્ત્વવેત્તા' ઇત્યાદિ વિવિધ બિરુદો જુદી જુદી સંસ્થાઓ તરફથી જુદે જુદે સમયે આપવામાં આવ્યાં છે, જે એમની આગવી સિદ્ધિનાં દ્યોતક છે. નાહટાજીનું સમગ્ર જીવન આ રીતે વિદ્યોપાસનામાં સફળતાપૂર્વક પસાર થયું છે. શ્રી અને સરસ્વતીનો સુભગ સમન્વય એમના જીવનમાં થયેલો.

નાહટાજી સરળ પ્રકૃતિના હતા. કોઇ વાતે એમને માઠું લાગતું નહીં. તેમનો પહેરવેશ સાદો હતો. તેમની જીવન જરૂરિયાતો ઓછી હતી. કયારેક રેલવેના બીજા વર્ગનાં ડબ્બામાં બેસવાની જગ્યા ન હોય અને પેસેજમાં નીચે બેસવું પડે ત્યારે પણ અત્યંત પ્રસન્ન ચિત્તે નાહટાજી પ્રવાસ કરતા હોય. કોઇને ઘરે ઊતર્યા હોય ત્યારે સગવડની બહુ અપેક્ષા તેઓ ન રાખે. ખાવા પીવાનો સમય વીતી જાય તો પણ ચહેરા ઉપર વ્યગ્રતા ન જણાય. એક વખત મુંબઇમાં મારે ઘરે ઊતર્યા હતા, ત્યારે સવારના વહેલાં અમે કેટલાક વિદ્વાનોને મળવા માટે નીકળી ગયા. ત્યાંથી ઘરે આવી ભોજન લઇ એક કાર્યક્રમમાં જવાના હતા, પરંતુ પગમાંથી પાછા ફરતાં સમય એટલો વીતી ગયો કે અમારે સીધા કાર્યક્રમમાં જવું પડ્યું. ઘરે પાછા પહોંચતાં ચાર વાગવા આવ્યા. નાહટાજીએ સવારથી કશું ખાધેલું નહીં, કોઇને ત્યાં પણ કશું લીધેલું નહિ. એમણે ઘરે આવીને એમ કહ્યું કે 'આજે તપશ્ચર્યાનો અનાયાસ બહુ સારો લાભ મળ્યો છે. હવે સાંજે જમવાનો નથી. આખા દિવસનો ઉપવાસ થવા છતાં તેઓ એટલી જ સ્વસ્થતા અને પ્રસન્નતાપૂર્વક કામ કરતા રહ્યા હતા.

જૈન સાહિત્યમાં પણ નાહટાજીના રસના વિષયો વિવિધ પ્રકારના રહ્યા હતા. મધ્યકાલીન રાસાસાહિત્ય અને ફાગુસાહિત્યના સંશોધનના ક્ષેત્રે એમનું કાર્ય ઘણું મહત્ત્વનું છે. એમણે સંશોધન કરીને સંપાદિત કરેલા એવા સંખ્યાબંધ ગ્રન્થો છે, જેમાં 'પ્રાચીન ગુર્જર રાસ-સંચય,' 'સીતારામ ચોપાઇ,' 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ' વગેરે મહત્ત્વના ગ્રન્થો છે. સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઇએ 'જૈન ગુર્જર કવિઓ' નામનો ગ્રન્થ તૈયાર કરવા જેવું ભગીરથ કાર્ય કર્યું હતું એવું જ ભગીરથ કાર્ય નાહટાજીએ પણ કર્યું છે. ત્રણ લાખથી વધુ હસ્તપ્રતો નાહટાજીએ પોતે જોઇ તપાસી છે! એમાંની અજ્ઞાત હસ્તપ્રતોને આધારે એમણે 'અપ્રગુર્જર કવિઓ અને એમની રચનાઓ' નામનો એક ગ્રંથ પ્રકાશિત કર્યો છે. એના વધુ ત્રણ ભાગ જેટલી લેખનસામગ્રી એમની પાસે છાપવા માટે તૈયાર હતી. પરંતુ આવા પ્રકારના સંશોધનાત્મક ગ્રંથોનું પ્રકાશન આર્થિક પ્રોત્સાહન વગર અટકી જતું હોય છે. એ પ્રકાશિત થયું હોત તો નાહટાજીને બહુ આનંદ થાત. સોનગઢના જૈન સાહિત્ય સમારોહમાં એમણે એ વિશે નિર્દેશ કર્યો હતો.

જૈન સાહિત્યના સંશોધનક્ષેત્રે, ખાસ કરીને હસ્તલિખિત પ્રતિઓની દૃષ્ટિએ નાહટાજી જેટલું જ મોટું કાર્ય કરનાર અત્યારે બીજી કોઇ વ્યક્તિ નથી. હવેના સમયમાં પ્રાચીન સાહિત્યના સંશોધનકાર્યમાં એકંદરે રસ ઓછો થતો જાય છે ત્યારે નાહટાજીએ કરેલી સાડા પાંચ દાયકાની સેવાનું મૂલ્ય ઘણું મોટું લાગે છે. એ ક્ષેત્રમાં કામ કરનારાઓને એમની ખોટ વર્ષો સુધી લાગ્યા કરશે.

આવા બહુશ્રુત વિદ્વાનને આપણી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ હો!

# ચતુર્થ જૈન સાહિત્ય સમારોહ,

© પન્નાલાલ આર. શાહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ અને શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ, સોનગઢના સંયુકત ઉપક્રમે યોજાયેલ ચતુર્થ જૈન સાહિત્ય સમારોહમાં (૧) જૈન તત્ત્વજ્ઞાન, (૨) જૈન ઇતિહાસ-પુરાતત્ત્વ, સ્થાપત્ય-શિલ્પ-કલા અને પત્રકારત્વ અને (૩) જૈન સાહિત્ય અંગેની વિભાગીય બેઠકો અનુક્રમે શ્રી અગરચંદજી નાહટા, ડૉ. નેમિચંદજી જૈન અને ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવી હતી

## જપ સાધના

શ્રી શશીકાન્ત મહેતાએ 'જપ સાધના' વિષે શોધ નિબંધમાં નમસ્કાર મહામંત્રને ચૌદ પૂર્વના, સમગ્ર જ્ઞાનના સારરૂપ ઓળખાવી પ્રાચીનોના 'વાગ્યોગ', મધ્યકાલીન યુગના 'સુરત-શબ્દ-યોગ' અને અર્વાચીનોના 'શબ્દબ્રહ્મ'ની ઉપાસનાની ઝાંખી કરાવી હતી. જગત સર્જનના આરોહણના ક્રમ મુજબ પરામાંથી પશ્યન્તિ, પશ્યન્તિમાંથી મધ્યમા અને મધ્યમામાંથી વૈખરીમાં જવાનો ક્રમ છે. જપ સાધનામાં એ ક્રમ ઊલટો છે એમ જણાવી એમણે મંત્ર રહસ્યના ત્રણ પાદ-સંબોધન, વિશેષણ અને દ્રવણની સમજ આપી હતી. બિન્દુમાંથી શરુ થતાં આરોહણની ક્રમિક ભૂમિકા અને સાક્ષરમાંથી સ્વાક્ષર થવાની પ્રક્રિયા સમજાવી પ્રથમ જપ, બાદમાં રુચિજપ અને અંતમાં અજપાજાપની સ્થિતિ થતાં સદા સર્વત્ર, સર્વથા ઇષ્ટનું, સ્મરણ અને સાતત્ય મળે છે, એ એમણે વિગતે સમજાવ્યું હતું.

## સદીનું સરવૈયું : વિદેશી વિદ્વાનોનું પ્રદાન

ડૉ. કુમારપાળ દેસાઇએ 'છેલ્લા સૈકાની જૈન ધર્મની પ્રવૃત્તિઓ વિષે બોલતાં એમણે જૈન ધર્મની છેલ્લી એક સદીનું સરવૈયું રજુ કર્યું હતું. ડૉ. હર્મન જેકોબીએ ઇ. સ. ૧૮૮૪માં કરેલાં આચારાંગ સૂત્ર અને કલ્પસૂત્રના અંગ્રેજી અનુવાદ, 'જૈન સૂત્રો' ની પ્રસ્તાવનામાં એમણે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની શાખા નથી, પરંતુ સ્વતંત્ર દર્શન છે એવા પ્રતિપાદન સાથે પ્રા. લાસેનની દલીલોનું કરેલું ખંડન અને ભ્રમ નિરસન પછીના સમયગાળામાં મહત્ત્વનું બની રહ્યાનું જણાવ્યું હતું જૈન આગમો અને જૈન સાહિત્યના સંશોધનની દિશામાં તેમજ ભાષા, સ્થાપત્ય-શિલ્પ, ઇતિહાસ – પુરાતત્ત્વ અને જૈન કલાના ક્ષેત્રમાં ડૉ. એચ. એચ વીલ્સન, ડૉ. વેબર, પ્રા. લોયમાન, ડૉ. બુહલર, ડૉ. વોન'ર, સ્ટીવન્સન, ડૉ. એલ. પી. ટેસીટોરી, રાઇટ, પીટર્સન, ફર્ગ્યુસન, ડૉ. બર્ગ આદિ વિદેશી વિદ્વાનોનું પ્રદાન સીમાચિન્હરૂપ હોવાનું જણાવીને ડૉ. વોન'રે 'ઉપાસક દશાંગ સૂત્ર' ના કરેલાં સંશોધન અને અનુવાદનો ગ્રંથ એમણે આત્મારામજી મહારાજને સ્વરચિત સંસ્કૃત પદ્ય રચના દ્વારા અર્પણ કર્યાનું ઉમેર્યું હતું.

## મહત્ત્વની ઘટનાઓ

મહુવાના વીરચંદ રાઘવજી ગાંધીએ ઇ. સ. ૧૮૯૩ માં શિકાગો ખાતે મળેલી વિશ્વ ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદની સાથે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે બજાવેલી કામગીરી અને યુરોપ-અમેરિકા તેમજ ઇગ્લેંડ આદિ દેશોમાં જૈન ધર્મના કરેલાં પ્રસારની ઝાંખી કરાવીને ડૉ. કુમારપાળે શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ અને આગમોદ્ધારક આચાર્ય શ્રી વિજયસાગરાનંદસૂરિના વિરાટ કાર્યનો આછો ખ્યાલ આપ્યો હતો. તત્ત્વદર્શનના ક્ષેત્રે પં. સુખલાલજી, પ્રાચીન ભાષા અને આગમ ગ્રંથોના સંપાદન-સંશોધનમાં પં. બેચરદાસજી અને પ્રાકૃત ભાષાના ક્ષેત્રમાં પં. હરગોવિંદદાસના પ્રદાનને મહત્ત્વનું લેખાવ્યું હતું. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ કૃત 'જૈન ગુર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ' દ્વારા આ ક્ષેત્રની દિશા વિસ્તારી હોવાનું જણાવીને શ્રીમદ્ રાજચંદ્ર, પૂ. કાનજીસ્વામીની સાધના, અને તેરાપંથના થયેલાં રૂપાંતરને એમણે આ સદીની મહત્ત્વની ઘટના ગણાવી હતી. ડૉ. કુમારપાળે અસ્તિત્વમાં આવેલાં નવા તીર્થોની યાદી આપીને એમણે ભગવાન મહાવીરની ૨૫ મી નિર્વાણ શતાબ્દી, શ્રવણ બેલગોલા ખાતે ગોમટેશ્વર-બાહુબલીની પ્રતિમાનો મહામસ્તિષ્કાભિષેક અને દિગમ્બર આમ્નાયની સંસ્થા સ્યાદ્વાદ મહાવિદ્યાલયની મહત્ત્વપૂર્ણ કામગીરીની વિશદ છણાવટ કરી હતી.

## લોકાલોક અને કાળ ગણના

રાજસ્થાન વિશ્વ વિદ્યાલય, જયપુરના એસોસિએટ પ્રાધ્યાપક ડૉ. નરેન્દ્ર ભાનાવતે 'જૈન દર્શનમેં દિક્ और कालकी अवधारणा' એ વિષય પર રજુ કરેલાં અભ્યાસ લેખમાં જણાવ્યું હતું કે જૈન દર્શન વિશ્વને અનાદિ-અનંત માને છે. ભગવતી સૂત્રમાં (સૂત્ર ૫-૬-૨૨૫) વિશ્વ માટે 'લોક' શબ્દનો પ્રયોગ થયો છે એમ જણાવીને જે દેખાય છે તે 'લોક' એવી વ્યાખ્યા આપી હતી. દિશાની વાત કરતાં એમણે લોકાકાશ અને અલોકાકાશનો ભેદ સમજાવીને આકાશ દ્રવ્ય દૃષ્ટિએ અખંડ, ક્ષેત્રની દૃષ્ટિએ અનંત અને અસીમ, કાળની અપેક્ષાએ અનાદિ-અનંત અને સ્વરૂપની દૃષ્ટિએ અમૂર્ત હોવાનું જણાવ્યું હતું.

કાળની સૂક્ષ્માતિસૂક્ષ્મ ગણતરી અંગે ડૉ. ભાનાવતે (૧) અવિભાજ્ય કાળ-એક સેકન્ડના ૫૭૦૦ મા ભાગથી પણ અલ્પ-થી લઇને ચોર્યાશી લાખ પૂર્વાંગ (ચોર્યાશી લાખ વર્ષ = એક પૂર્વાંગ) સુધીની કાળ ગણનાનો ખ્યાલ આપ્યો હતો. જૈન દર્શનમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના ૬-૬ આરા ગણાવીને જૈન ગણિતના આ પાસાંનો વિગત-પ્રચુર માહિતીથી એમણે મહિમા કર્યો હતો.

## બ્રહ્મચર્ય સાધના : નિયમ અને વિવેક પ્રધાન શૈલી

બ્રહ્મચર્ય સાધનાની જૈન શૈલી' વિષે રજૂઆત કરતાં પ્રા. મલુકચંદ શાહે જૈન દર્શનમાં બ્રહ્મચર્ય સાધનાની નિયમ અને વિવેક પ્રધાન શૈલીની વિશદ છણાવટ કરી હતી. વિકાર થાય એવા સ્થાનોથી કે તત્ત્વોથી દૂર રહેવામાં નિવૃત્તિ ધર્મની નિયમ પ્રધાન શૈલી બ્રહ્મચર્યની નવવાડ દ્વારા વિગતે સમજાવી હતી, જ્યારે પ્રલોભનોથી દૂર રહેવાને બદલે પ્રલોભનોની વચ્ચે રહીને આત્મવિશ્વાસપૂર્વક એવી કસોટીમાંથી પાર પડવાની બાબતને એમણે બ્રહ્મચર્ય સાધનાની વિવેક પ્રધાન શૈલી તરીકે ઓળખાવી હતી. આ અંગે એમણે સ્થૂલિભદ્ર, વિજય શેઠ અને વિજયા શેઠાણી, વર્તમાન સમયમાં મહાત્મા ગાંધીજી અને કસ્તુરબા તેમજ લોકનાયક જયપ્રકાશ નારાયણ અને શ્રીમતી પ્રભાવતીબેન નારાયણના દૃષ્ટાંતો આપ્યા હતા.

શ્રી અગરચંદજી નાહટાએ રજુ થયેલાં નિબંધોની મહત્તા સ્વીકારીને જૈન તત્ત્વજ્ઞાન અને ખાસ કરીને યોગ એ અભ્યાસ, કે વિદ્વત્તા કરતાં ય અનુભૂતિ અને અનુભવનો વિષય છે, આલોચનાનો નહિ એમ જણાવ્યું હતું. 'સંસાર દાવાનલ'ની સ્તુતિથી માંડણી કરીને એમણે 'વિપશ્યના સાધના' અને 'પ્રેક્ષાધ્યાન'ની શિબિરોના પોતાના અનુભવ દ્વારા શાસ્ત્ર કથિત સિદ્ધાંતોનું સમર્થન એમણે તત્ત્વજ્ઞાનની આ બેઠકના સમાપનમાં કર્યું હતું.

(ક્રમશઃ)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ ૧૬-૨-૮૩ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સન્માન – પ્રતીકો

રમણલાલ ચી. શાહ

આપણી સરકાર તરફથી સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્ય વિનોબા ભાવે માટે 'ભારતરત્ન'નો મરણોત્તર ઇલ્કાબ જાહેર કરવામાં આવ્યો છે. સરકારના આ કાર્યને આપણે સ્તુત્ય ગણીશું ?

વિનોબાજીની હયાતી દરમિયાન સરકારને આવો વિચાર કેમ ન આવ્યો ? વિનોબાજી હજુ હયાત હોત તો આ વર્ષે સરકારે આ ઇલ્કાબ જાહેર કર્યો હોત ? જો જાહેર કર્યો હોત તો વિનોબાજીએ એ સ્વીકાર્યો હોત ? ભૂતકાળમાં વિનોબાજીએ આવા ઇલ્કાબ માટે પોતાની નામરજી દર્શાવી હતી ? આપણા સ્વાતંત્ર્ય-સંગ્રામના કેટલા બધા મહાન નેતાઓ માટે ભૂતકાળમાં સરકારે આવા મરણોત્તર ઇલ્કાબ કેમ જાહેર નહોતા કર્યા ? આવા ઘણા બધા પ્રશ્નો ઊભા થાય છે.

પ્રતિ વર્ષ આપણી સરકાર તરફથી પ્રજાસત્તાક દિનની ઊજવણી નિમિત્તે વિવિધ ઇલ્કાબો જાહેર થાય છે. વચ્ચે જનતા સરકારે ઇલ્કાબો બંધ કરી દીધા હતા. અંગ્રેજો ગયા, પણ એમની ઇલ્કાબોની પ્રથા ગઈ નથી એવી ફરિયાદ કરનારો વર્ગ પણ છે. સરકારી ઇલ્કાબો એ માનસિક ગુલામીને પોષનારી પ્રથા છે, એવો પણ એક મત છે. પોતાના ક્ષેત્રે અનેરી સિદ્ધિ દાખવનાર, પણ સરકારની આકરી ટીકા કરનારને ઇલ્કાબો અપાતા નથી એવી ફરિયાદમાં અને ખોટા માણસોને લાગવગથી કે રાજકીય હેતુથી ઇલ્કાબો અપાઇ જાય છે, એવી ફરિયાદમાં અલબત્ત તથ્ય રહેલું છે, પરિણામે આપણી સરકારી ઇલ્કાબોની પ્રથા, ઘણી યોગ્ય વ્યક્તિઓને ઇલ્કાબો અપાતા હોવા છતાં, એની સાથે રાજકારણ સંકળાયેલું હોવાને કારણે પ્રજાના બુદ્ધિ-શાળી વર્ગનો એટલો આદર મેળવી શકતી નથી.

જેમ કેન્દ્ર સરકારની બાબતમાં તેમ રાજ્ય સરકારની બાબતમાં પણ સન્માનપત્રો, પારિતોષિકો વગેરે માટે એવી જ સ્થિતિ પ્રવર્તે છે.

વસ્તિની દૃષ્ટિએ ભારત એટલો મોટો દેશ છે કે ઇલ્કાબો ઓછા પડે. વિજ્ઞાન, શિક્ષણ, સાહિત્ય, લલિતકલાઓ, રમત-ગમતો, સમાજસેવા ઇત્યાદિ દરેક ક્ષેત્રે યોગ્ય ઉમેદવારો ઘણા બધા હોય છે, અને ઇલ્કાબો પારિતોષિકો, ચન્દ્રકો ઇત્યાદિ સન્માનપ્રતીકો ઓછાં હોય છે. પરિણામે પાત્રતા હોવા છતાં કેટલીય વ્યક્તિઓ એનાથી વંચિત રહી જાય છે. એમાં પણ અયોગ્ય વ્યક્તિને અયોગ્ય રીતે જ્યારે એ અપાઈ જાય છે ત્યારે એનું ગૌરવ ઘટે છે અને અસંતોષ વધે છે. ભારત સરકારની પદ્મઇલ્હાણી હંમેશાં નિરવદ્ય રહી છે એમ નહીં કહી શકાય. એ વહેંચણીમાં જ્યારે પાત્રતા કરતાં લાગવગ કે રાજકારણ મહત્ત્વનો ભાગ ભજવી જાય છે ત્યારે તે ટીકાપાત્ર બને છે. જે પક્ષની સરકારે ખિતાબોની વહેંચણી કરી હોય તેને બદલે અન્ય પક્ષ સત્તા પર હોય તો કેટલાંય નામોની વધઘટ થઇ જાય, જે દર્શાવે છે કે સરકારની આ પ્રવૃત્તિ સર્વથા ગૌરવયુક્ત રહી નથી. જ્યાં ખિતાબો, ચન્દ્રકો, પારિતોષિકો ઇત્યાદિ સન્માન-પ્રતીકો અયોગ્ય રીતે, યુક્તિપૂર્વક અપાત્રને અપાય છે ત્યાં ભલે એનો આશય યશનો હોય, પરંતુ વાસ્તવમાં તો તે આપનાર અને લેનાર બંનેને અપયશ અપાવે છે. વર્ગશિક્ષક ઠોઠ વિદ્યાર્થીને પ્રથમ નંબરે મેસ્સાડી દે તો તેથી વિદ્યાર્થી અને વર્ગશિક્ષક બંને હસીને પાત્ર બને છે. અતિ પ્રશંસામાં જ નિંદાનાં બીજ પડેલાં હોય છે, જે પાસે ઊભેલાંને જણાતાં નથી; દૂર ઊભેલા તટસ્થ માણસોને તો તે તરત દેખાવા લાગે છે.

માત્ર કેન્દ્ર કે રાજ્યની સરકારની બાબતમાં જ આમ બને છે એવું નથી. શાળા કે કોલેજના ઇનામ-વિતરણથી માંડીને નોબેલ પારિતોષિકની જાહેરાત સુધી આવી ખટપટો ચાલતી હોય છે. નોબેલ પારિતોષિકને ગાંધીજી સુધી પહોંચવા ન દીધું (પહોંચ્યું હોત તો પણ ગાંધીજીએ એ સ્વીકાર્યું હોત ?) અને સાત્ર જેવાએ એનો અસ્વીકાર કર્યો ઇત્યાદિ ઘટનાઓ એમાં રહેલી ત્રુટિઓ દર્શાવે છે.

સામાન્ય રીતે તો એવું બનવું જોઇએ કે વ્યક્તિગત કે સંસ્થાગત પારિતોષિકો કરતાં લોકશાહીમાં સરકાર દ્વારા અપાતાં પારિતોષિકોમાં વિવાદ ઓછામાં ઓછો થવો જોઇએ, કારણ કે સરકાર પાસે તટસ્થ અને નિરપેક્ષ પદ્ધતિની અપેક્ષા રાખી શકાય. પરંતુ દુર્ભાગ્યે ભારતમાં કેટકેટલી બાબતમાં સારી વસ્તુને કેમ બગાડી શકાય એનું ઉદાહરણ સરકાર દ્વારા પૂરું પાડવામાં આવે છે. ભારત એટલો મોટો અને વૈવિધ્યસભર દેશ છે કે ગુણવત્તા ઉપરાંત પ્રજાના વિવિધ વર્ગને સંતોષવા માટે પ્રાંત, જિલ્લો, વર્ણ, જાતિ, ધર્મ, ભાષા, લઘુમતિ, પક્ષ ઇત્યાદિ ઇતર વસ્તુ-ઓને પણ ગણનામાં લેવાય છે, પરિણામે પ્રતિ વર્ષ ઇલ્કાબોની જાહેરાત થતાં આનંદ અને અસંતોષની મિશ્ર લાગણી પ્રજામાં, વિશેષતઃ બુદ્ધિજીવી વર્ગમાં પ્રવર્તે છે.

સન્માન પ્રતીકોની બાબતમાં ભારતમાં અને સર્વત્ર જો આમ બન્યા કરતું હોય તો સારી સ્થિતિ એ નથી કે સન્માન-પ્રતીકો સદંતર નાબૂદ કરવાં જોઇએ ? હરગીજ નહિ. બીજાના ચડિયાતા ગુણની કદર કરવાની વૃત્તિ મનુષ્યમાં સહજ રીતે રહેલી છે. એમ કરવાથી ઉભય પક્ષને પ્રોત્સાહન મળી રહે છે.

જે સમાજ પોતાના ઉત્તમ નાગરિકોની અસાધારણ સિદ્ધિઓ બિરદાવતો નથી તે સમાજ વખત જતાં નિસ્તેજ બનવા લાગે છે. જે માણસને બીજાની સિદ્ધિઓ જોઈને આનંદ થતો નથી તે માણસ સૂક્ષ્મ દૃષ્ટિએ પોતાની સિદ્ધિઓને જ હાનિ પહોંચાડે છે.

સન્માન-પ્રતીકો હોય તો સમાજના વિવિધ વર્ગ વચ્ચે, વ્યક્તિ વ્યક્તિ વચ્ચે તે મેળવવા માટે સ્વસ્થ સ્પર્ધા રહે છે. સ્પર્ધા પુરુષાર્થને પ્રોત્સાહિત કરે છે, અને નિષ્ક્રિયતા કે મંદતાને દૂર કરે છે, એટલે સન્માન પ્રતીકોની પ્રથા બંધ કરવા કરતાં તેના વિતરણની પદ્ધતિમાં રહેલા દોષોનું નિવારણ કરવું વધુ શ્રેષ્ટ છે. કેન્દ્ર અને રાજ્યની સરકારોએ પોતાનાં સન્માન-પ્રતીકોને ગૌરવ અપાવવું હોય તો તે માટે સ્વાયત્ત તંત્રની રચના કરવી જોઈએ. તેમાં નિર્ણાયક તરીકે પ્રામાણિક પ્રતિષ્ઠિત વ્યક્તિઓની નિમણૂક કરવી જોઈએ, અને તેમના લોકશાહી પદ્ધતિએ થતા કાર્યમાં સરકારે હસ્તક્ષેપ કરવો ન જોઈએ. અલબત્ત, એમ કરવાથી સર્વને સર્વથા સંતોષ જ થશે, એમ ન કહી શકાય, કારણ કે એ સન્માન-પ્રતીકોના ક્ષેત્રની પોતાની જ કેટલીક અટપટી મર્યાદાઓ છે. તેમ છતાં અસંતોષનું પ્રમાણ ઓછું અવશ્ય થઈ શકે.

યુદ્ધભૂમિમાં અનેરું પરાક્રમ દાખવનાર સૈનિકોને, ઘોડદોડમાં કે કારરેલીમાં ભાગ લેનારને, રમતગમતના ખેલાડીઓને, શિક્ષણના વિવિધ ક્ષેત્રે યશસ્વી સિદ્ધિઓ દાખવનારને ચન્દ્રકો અપાય છે. તેમાં કયારેય ગેરરીતિ નથી જ થતી એમ ન કહી શકાય. તો પણ જ્યાં જ્યાં પરલક્ષી (Objective) પ્રમાણ અનુસાર તે અપાતા હોય છે ત્યાં વિવાદ જાગવાનો સંભવ એકંદરે ઘણો ઓછો હોય છે. પરંતુ જ્યાં ગુણવત્તાનું માપ આત્મલક્ષી (Subjective) ધોરણે થતું હોય છે ત્યાં પ્રામાણિક નિર્ણાયકોનાં પોતાનાં રુચિભેદ, દૃષ્ટિભેદ, સારાનરસા પૂર્વગ્રહો કયારેક મહત્વનો ભાગ ભજવી જાય છે. જ્યાં એની એ જ વ્યક્તિઓ નિર્ણાયક તરીકે દાયકા કે બે ત્રણ દાયકા સુધી રહ્યા કરે છે ત્યારે પણ પરિસ્થિતિ વધુ વિષમ બને છે. અલબત્ત, લોકશાહીમાં કેટલાક દુરારાધ્ય અસંતુષ્ટોને પદ્ધતિ કે પરિસ્થિતિનો અભ્યાસ કર્યા વિના દરેક વાતે નિષ્કારણ કકળાટ કરવાની ટેવ પડી ગઈ હોય છે એ પણ એટલું જ સાચું છે.

જ્યાં સન્માન-પ્રતીકો યોગ્ય ઉમેદવારને જ અપાતાં હોય ત્યાં પણ લાયક ઉમેદવારોની સંખ્યા વધુ હોય તો ઈર્ષ્યા, દ્વેષ, લાગવગ, ખટપટ ઇત્યાદિ કામ કરવા લાગે છે. કયારેક અમુક ઉમેદવારને એનાથી વંચિત રાખવા માટે ચારિત્ર્યખંડનની પદ્ધતિનો આશ્રય પણ લેવાય છે.

કોઇક ક્ષેત્રે કોઇ એક વ્યક્તિની શક્તિ-સિદ્ધિ બીજાઓ કરતાં એટલી બધી ચડિયાતી હોય કે વર્ષો સુધી એ જ વ્યક્તિ પારિતોષિકો જીતી જાય અને બીજાને એનો લાભ ન મળે. એટલા માટે કેટલીક સંસ્થાઓ એક વ્યક્તિને બે વખત પારિતોષિક ન અપાય એવો નિયમ કરે છે, પરંતુ ત્યાર પછી નિર્ણાયકોનું લક્ષ ગુણવત્તા કરતાં વ્યક્તિ તરફ વધુ જાય છે અને એ ક્ષેત્રની કોઇ મોટી વ્યક્તિ પારિતોષિક વગર રહી ગઇ છે તેની ભાળ કાઢીને કોઈ એકાદ વર્ષ માટે એ વ્યક્તિની પારિતોષિક માટેની પાત્રતા ગોઠવી કઢાય છે. પરિણામે અન્ય ઉમેદવારોમાં અસંતોષ, કચવાટ, ટીકા પ્રવર્તવા લાગે છે. પારિતોષિકોના વિતરણમાં પદ્ધતિનો કયારેક દોષ હોય છે, નિર્ણાયકોનો નહિ; પરંતુ નિરાશ ઉમેદવારોને તેમાં નિર્ણાયકોનો પક્ષપાતી વલણનો ભાસ થાય છે.

કયારેક પારિતોષિકની પ્રાપ્તિ પછી જ તે વ્યક્તિમાં રહેલી શક્તિની આપણને ખબર પડે છે. એનામાં રહેલી ગુણવત્તાને આપણે ઓળખતા થઈએ છીએ. જનસમુદાયમાં એનો પ્રચાર થાય છે. કયારેક નવા આદર્શોનું નિર્માણ થાય છે. કેટલાયને એમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મળે છે.

અન્ય પક્ષે કયારેક લાગવગ કે પક્ષપાતથી પારિતોષિક અપાઇ જાય છે ત્યારે વ્યક્તિમાં ન હોય એવી શક્તિનો અકારણ આભાસ લોકોને થાય છે અને તેઓ એના પ્રત્યે અધિળા અહોભાવથી જોવા લાગે છે. સમાજમાં એક મોટો દાખલો બેસે છે.

જેઓ ત્યાગી છે, સાધુ-સંન્યાસી છે, સંત-મહાત્મા છે તેમને માટે તો ઇલકાબો, ચંદ્રકો, પારિતોષિકો, માન-સન્માન ત્યાજ્ય છે. (સ્વામીઆનંદે સાહિત્ય માટેના પારિતોષિકનો અસ્વીકાર કર્યો હતો.) એક સંસ્કૃત શ્લોકમાં કહેવાયું છે તેમ, પરિવ્રાજકે તો સન્માનને સુરાપાન ગણીને, ગૌરવને ઘોર રૌરવ ગણીને અને પ્રતિષ્ઠાને શૂકરીની વિષ્ઠા ગણીને ત્યજી દેવી જોઈએ. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે :

પૂયણટ્ઠા જસોકમી સમ્માણકામએ ।
બહુ પસવઇ પાવં માયા-સલ્લં ચ કુવ્વઇ ॥

(પૂજા, યશ, માન-સન્માનની ઇચ્છા ધરાવતો માણસ ઘણું પાપનું ઉપાર્જન કરે છે અને માયાશલ્યનો ભોગ બને છે.)

જેમને આત્માનુભૂતિ થઇ છે કે કરવી છે તેવા સાધકોને દુન્યવી ઇલકાબો ક્ષુદ્ર ભાસે એ સ્વાભાવિક છે. વિનોબાજી જેવા વિશ્વવંદ્ય સંતને 'ભારતરત્ન'નો ઇલકાબ કંકરા જેવો તુચ્છ લાગે તો તેનું આપણને આશ્ચર્ય ન થવું જોઇએ. મહાવીર અને બુદ્ધ, ઇશુખ્રિસ્ત અને મહમદ પયગંબર, વ્યાસ અને વાલ્મીકિ, શંકરાચાર્ય અને હેમચન્દ્રાચાર્ય જેવા મહાન આત્માઓના તેજ પાસે તો સેંકડો સુવર્ણ ચન્દ્રકોનું તેજ પણ શરમાઇ જાય.

પારિતોષિકોથી વ્યક્તિ મહાન લાગે તેના કરતાં વ્યક્તિથી પારિતોષિકોને ગૌરવ મળે એવી સ્થિતિ વધુ ઇષ્ટ ગણાય.

## * સંઘ સમાચાર *

### જ્ઞાન શિબિર

આગામી માર્ચ માસની તા. ૧૧, ૧૨ અને ૧૩ના રોજ સંઘના ઉપક્રમે દેવલાલી (જિ. નાસિક) ખાતે 'પંચ મહાવ્રત' વિષે એક જ્ઞાન શિબિર યોજવાનું નક્કી કર્યું છે.

શુક્રવાર તા. ૧૧-૩-૮૨ના રોજ સાંજના મુંબઇથી લકઝરી બસ કે રેલ્વે દ્વારા પ્રવાસ, ઉતારા તથા ભોજન અને રવિવારે સાંજે પાછા ફરવા આદિની વ્યવસ્થા થઇ રહી છે. મર્યાદિત સંખ્યામાં શિબિરાર્થીઓને લેવાના હોઇ, જેમના નામો કાર્યાલયમાં વહેલો તે પહેલો ધોરણે નોંધાશે તેમને લેવામાં આવશે. ખર્ચ માટે વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- લેવાનું ઠરાવ્યું છે.

સવિગત કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

પન્નાલાલ આર. શાહ — ચીમનલાલ જે. શાહ
ધનવંત ટી. શાહ — કે. પી. શાહ
સંયોજકો — મંત્રીઓ

# આરોપીનો બચાવનો હક લઈ લેવાય ?

યશવંત દોશી

ગયા નવેમ્બરની પહેલી તારીખના 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં એક સમાચાર પ્રગટ થયા હતા : શિવસેનાના બે નેતાઓએ વકીલોને એવી વિનંતિ કરી છે કે માહીમ ડિપોના માછીમાર કોલોની ખાતેના બળાત્કારના કેસમાં જેમની ઉપર આરોપ મૂકાયો છે તેમનો બચાવ કરવાનું કોઇ વકીલે સ્વીકારવું નહિ. આ દેશમાં આ પ્રકારની માગણી અવારનવાર થતી રહી છે. બે-અઢી દાયકા પહેલાં રાજકોટમાં બનેલા એક બનાવ અંગે ત્યાંની જાહેર સભામાં સ્થાનિક નેતાઓએ વકીલો પાસે આવી જ માગણી કરતો ઠરાવ કરાવ્યો હતો એ મને યાદ આવે છે. એ પ્રસંગ એટલા માટે યાદ આવી ગયો કે મુંબઇથી શ્રી ચુનીલાલ મડિયાએ એ નેતાઓને અભિનંદન આપતો તારકરેલો અને તે પછી શ્રી મડિયા સાથે મારે એ મુદ્દા ઉપર સારી એવી ચર્ચા થયેલી. જુદે જુદે વખતે જુદા જુદા પ્રકારના ગુનાઓના આરોપીઓનો વકીલોએ બચાવ ન કરવો એવી જાહેર માગણી થતી હોય છે. આથી આ વિષય જાહેરમાં ચર્ચા કરવા યોગ્ય છે.

વકીલે આરોપીનો કેસ ન લેવો એનું પરિણામ એ આવે કે મોટે ભાગે આરોપી ગુનેગાર ઠર્યા વિના રહે નહિ. આપણી ન્યાય વ્યવસ્થામાં ન્યાયાધીશ પોતાના મેળે સત્ય હકીકત શોધવાની જવાબદારી લેતા નથી. બે પક્ષોના વકીલો જે રજૂઆત કરે તેની ચકાસણી અને તુલના કરીને ન્યાયાધીશ ચૂકાદો આપે છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષે વકીલ હોય અને આરોપીને પક્ષે કોઇ પણ વકીલ ઊભો ન રહે તો એનો બચાવ લગભગ થઇ જ ન શકે એવી પરિસ્થિતિ પેદા થાય.

આપણી ન્યાયપ્રથાનો એક સ્વીકૃત સિધ્ધાંત એ છે કે જ્યાં સુધી અદાલતમાં આરોપીનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને ગુનેગાર ન ગણવો. આપણે અમુક આરોપીનો બચાવ કોઇ પણ વકીલે ન કરવો એમ કહીએ છીએ ત્યારે આરોપીનો ગુનો સાબિત કર્યા પહેલાં જ તેને ગુનેગાર જાહેર કરી દઇએ છીએ.

જ્યારે અદાલતના ન્યાયાધીશ સિવાયના બીજા માણસો ગમે તેટલા શુભ ઇરાદાથી પણ ન્યાયનું કામ પોતાના હાથમાં લઇ લેતા હોય ત્યારે તેઓ અદાલતની સત્તા પોતાના હાથમાં લઇ લેતા હોય એવું બને છે. એક માણસ અદાલતમાં બચી શકે જ નહિ અને અવશ્ય ગુનેગાર ઠરે એવી રીતે ન્યાયવિધિ કરવાનો હોય તો અદાલતની જરૂર જ શી ?

આપણી આજની ન્યાય પ્રથાનો જ નહિ પણ જગતભરના સર્વ યુગના ન્યાય વિધિનો એ સિદ્ધાંત છે કે ફરિયાદીને ફરિયાદ કરવાની જેટલી તક મળવી જોઇએ એટલી જ તક આરોપીને બચાવ કરવાની પણ મળવી જોઇએ. જો આરોપીને ફરિયાદીની જેમ જ વકીલ રાખવાની સગવડ ન મળવાની હોય તો એ તટસ્થ ન્યાયવિધિ થાય નહિ. એટલા માટે તો કેટલાક પ્રકારના કિસ્સામાં વકીલ રાખવાના પૈસા જેની પાસે ન હોય એવા ગરીબ આરોપીને સરકારને ખર્ચે વકીલ આપવાની પણ પ્રથા છે.

સારાં સારાં વકીલોએ આરોપીનો બચાવ કરવાની ના પાડી હોય એવા કિસ્સા પણ ન્યાયના ઇતિહાસમાં બનેલા છે. અબ્રાહમ લિંકને એક માણસનો કેસ ચલાવતાં ચલાવતાં જાણ્યું કે એ માણસે પોતાના વકીલને, એટલે કે લિંકનને, ખોટી વાત કરી હતી અને માણસ ખરેખર ગુનેગાર હતો. લિંકને અડધેથી જ એ કેસ છોડી દીધો અને આરોપીને સજા થઇ. ગાંધીજીએ આફ્રિકામાં એક માણસે ગુનો કરેલો તેનો અદાલતમાં બચાવ કરવાને બદલે તેને ગુનો કબૂલ કરી લેવાની સલાહ આપી હતી. આ બન્ને મહાપુરુષોએ જાણી જોઇને ખોટા કેસો નહિ લેવાનું વલણ રાખેલું. વકીલને પોતાને આરોપી પાસેથી ખબર પડે કે તે ગુનેગાર છે અને તે પછી એ ગુનેગારને બિનગુનેગાર ઠરાવવા માટે કેસ લડવાનો ધન્ધાર કરે તો તે નીતિમત્તાની વાત થઇ. એ માટે કોઇ એ વકીલોને દોષ ન દઇ શકે

પણ ઉપર આપણે જે જાહેર માગણીઓની વાત કરી તેમાં વકીલે ખોટો કેસ ન લેવો એવી માગણી નથી. વકીલોએ અમુક ચોક્કસ વિષયનો કેસ ન લેવો એવી માગણી છે. કોઇ પણ ચોક્કસ વિષયમાં આરોપીને બચાવની તક ન આપવી હોય તો કાયદામાં જ એની જોગવાઇ કરવી જોઇએ. કઇ જાતના ગુના માટે આરોપીને બચાવનો અધિકાર ન આપવો ? બળાત્કાર, ખૂન, કાળાં બજાર, દહેજની માગણી, પુત્રવધૂની રિબામણી, નફાખોરી, ભેળસેળ, લાંચરુશવત, દેશદ્રોહ, બળવો વગેરે ગુનાઓમાંથી કયા ગુનાના આરોપીને બચાવનો અધિકાર આપવો અને કોને ન આપવો ?

સરકાર ઘણુંખરું દેશદ્રોહ કે બળવાના ગુનેગારોને વગર બચાવે શિક્ષા કરવાનું ઇચ્છે. રાજકારણી માણસ કાળાં બજાર, નફાખોરી વગેરેના આરોપીઓને બચાવની છૂટથી વંચિત રાખવા ઇચ્છે. સામાજિક કાર્યકરો લાંચરુશવત અને ભેળસેળ જેવા ગુનાઓ માટે ત્વરિત આકરી શિક્ષા માગે. સ્ત્રીઓ અને સ્ત્રીઓની સંસ્થાઓ બળાત્કાર જેવા કેસોમાં આરોપીને ગુનેગાર ગણી લેવાનું વલણ રાખે.

મોટે ભાગે આવા લોકો તરતમાં બનેલા કોઇક બનાવથી ઉશ્કેરાઇ જઇને આવી માગણી કરતા હોય છે. ઉશ્કેરાટ શમી જતાં એમને પોતાને પણ કદાચ પોતાની ભૂલ સમજાતી હશે. એટલે તરતમાં આવો કોઇ બનાવ બનેલો ન હોય એવા સામાન્ય સંજોગોમાં આવી માગણી થતી નથી. અથવા એકવાર થયેલી આવી માગણી વિષે અમુક સમય વીત્યા પછી આગ્રહ ચાલુ રખાતો નથી.

વકીલે અમુક અમુક ગુનાના આરોપમાં આરોપીનો કેસ ન લેવો એવી માગણી કરવામાં આપણે ઘણા બધા ખોટા ખ્યાલો સ્વીકારીને ચાલીએ છીએ. અમુક પ્રકારના ગુના માટે ખોટા આરોપો કદી મુકાતા જ નથી એવું આપણે જાણે માની લઇએ છીએ. એવું પણ માની લઇએ છીએ કે અમુક પ્રકારના કેસોના બધાયે આરોપી હંમેશાં ગુનેગાર હોય જ. આપણે જાણે એવું પણ સ્વીકારીને ચાલીએ છીએ કે આરોપી ગુનેગાર છે કે નહિ તે નક્કી કરવાનો અધિકાર અદાલતનો નહિ પણ પ્રજાનો છે. આવું બધું સ્વીકારીને ચાલવામાં આપણે ન્યાયના સિદ્ધાંતોનો પાયો જ ખોદી નાખીએ છીએ.

જે કિસ્સામાં આપણે આરોપીને તેનો કેસ લડનારો વકીલ ન મળે એવો આગ્રહ રાખીએ છીએ તે કિસ્સામાં પરિસ્થિતિ એવી બને છે કે ફરિયાદીને પક્ષે વકીલ હોય અથવા તો

સરકારી વકીલ કે પબ્લિક પ્રોસિક્યુટર હોય, એ બધા કાયદાના જ્ઞાન સાથે આરોપીને ગુનેગાર ઠરાવવાનો જોરશોરથી પ્રયત્ન કરતા હોય, પણ આરોપી કાયદાના કશા જ્ઞાન વિના પોતે જ પોતાનો બચાવ કરવાની સ્થિતિમાં મૂકાયો હોય. આ પરિસ્થિતિમાં ન્યાય નથી. બીજા શબ્દોમાં કહીએ તો આમાં 'આરોપીએ બચાવ ન કરવો' એવી માગણી થઇ.

લોકો આરોપીને વકીલની મદદ ન મળે એવી માગણી કરે તે કરતાં પ્રજાકીય અદાલતો સ્થાપવી સારી. એમાં ન્યાય કરનારા વિદ્વાન ન્યાયાધીશો નહિ હોય. એમાં કદાચ સામાજિક પરિસ્થિતિના જાણકાર એવા માણસો વધુ હશે. આ અદાલતોનો ન્યાય કદાચ આપણી પરંપરિત અદાલતોના ન્યાય જેવો સફાઇદાર નહિ હોય. તેમ છતાં એ અદાલતો બન્ને પક્ષોની વાત તો સાંભળશે જ. એમાં વકીલ રાખવાની જોગવાઇ નહિ હોય તો બન્ને પક્ષે નહિ હોય.

સામાજિક કાર્યકરો કે મોવડીઓ અમુક ચોક્કસ ગુનાના આરોપીને વકીલ ન મળે એવી માગણી કરે છે, ત્યારે તેઓ એ ભૂલી જાય છે કે આવી માગણી કોઇ પણ ગંભીર ગુના માટે ગમે તે લોકો ઊભી કરી શકે છે. એમણે સમજવું જોઇએ કે આજે બીજાનો વારો તો કાલે આપણો વારો. પણ માગણી કરતી વખતે કંઇક એવી લાગણી હોય છે કે ખરેખરો ગંભીર ગુનો આ એક જ છે, અને એ ગુનાનો આરોપી વકીલની મદદથી પોતાનો બચાવ કરી જ ન શકે એવી સ્થિતિ પેદા કરવી.

બચાવ પક્ષનો વકીલ ગુનેગારને નિર્દોષ છોડાવી દેશે એવું પણ નથી. એણે ખરેખર ગુનો કર્યો હોય અને એ સ્પષ્ટ રીતે સાબિત થઇ જાય એવું પણ હોય તો યે એણે એ ગુનો અમુક સંયોગોને આધીન થઇને કર્યો હોય, અમુક પ્રકારે ઉશ્કેરાઇને કર્યો હોય, પોતે સંજોગોનો શિકાર બનીને લાચારીથી ગુનામાં સંડોવાયો હોય એવું બધું પણ બની શકે છે. એવે વખતે ગુનો કરેલો હોવા છતાં આરોપી ઓછી સજાને પાત્ર છે એ બતાવવા પણ વકીલની જરૂર પડે છે. સામો વકીલ ન હોય તો સરકારી વકીલ કે ફરિયાદીનો વકીલ આરોપીને આકરામાં આકરી સજા કરાવે.

આરોપીને વકીલ ન મળે એવું કરવા ઇચ્છતા માણસો અજાણપણે લોકશાહીના દુશ્મનોના હાથમાં રમી જાય છે તે પણ તેમણે ખ્યાલમાં રાખવું જોઇએ. લોકશાહીમાં પણ અતિશય સત્તાપ્રિય નેતાઓ સત્તા પર આવે ત્યારે તેમનું વલણ અનેક પ્રકારના ગુનાઓને અદાલતની સત્તાથી દૂર રાખી સજા કરવાની સત્તા પોતાના હાથમાં લઇ લેવા તરફ હોય છે. પછી આ સત્તાઓનો ઉપયોગ સરકારી અમલદારો મારફત થાય છે. અમુક અમુક ગુનામાં આરોપીઓને અપીલનો અધિકાર ન મળે એવા કાયદા પણ કરવાનું વલણ સત્તાધારીઓ રાખતા હોય છે. આવા વલણ પાછળ આરોપી કોઇ પણ રીતે નિર્દોષ ઠરીને છૂટી જાય નહિ અથવા એની સજા ઓછી થાય નહિ તે પાકું કરવાની ઇચ્છા હોય છે.

સરકાર પોતાનાં કારણોસર અને સમાજના મોવડીઓ પોતાનાં કારણોસર અમુક અમુક ગુનાના આરોપી છૂટી જાય નહિ એવું ઇચ્છતા હોય છે. પણ આરોપી અને ગુનેગાર વચ્ચેનો ભેદ સ્વીકારવાની એમની અનિચ્છા નિર્દોષોને પણ દંડી શકે એ તેઓ એ ઘડીએ ભૂલી જાય છે. સરકારો તો વધુ ને વધુ સત્તા પોતાના હાથમાં રહે એમ ઇચ્છતી હોય, સરકારમાત્રનું એ સ્વાભાવિક વલણ હોય, એટલે એ તો આવી સ્થિતિ પેદા કરવા પ્રયત્ન કરે. એને તો એટલું જ જોઇએ કે એમણે એક માણસ ઉપર અમુક આરોપ મૂક્યો એટલે એને અદાલતની ઓછામાં ઓછી દરમિયાનગીરીથી સજા થવી જોઇએ, એ માણસ નિર્દોષ નહિ જ ઠરવો જોઇએ. આરોપી નિર્દોષ ઠરે તો સરકારની પ્રતિષ્ઠા ઘટે.

આવા સરકારી વલણનાં બે ખતરનાક પાસાં છે: એક નોકરશાહી દ્વારા રખાતી વેરવૃત્તિનું, અને બીજું પોતાની નિષ્ફળતા ઢાંકવા કોઇક નિર્દોષને ગુનેગાર તરીકે ઠસાવી દેવાની પોલીસની મનોવૃત્તિનું.

સરકારનો કોઇક અમલદાર, અથવા એ અમલદારનો હાથો તરીકે ઉપયોગ કરતો કોઇ પ્રધાન, તમને કોઇકે ગુનાને નામે પકડીને જેલમાં પૂરી દે તો તમારી પાસે શો ઇલાજ? અદાલત જ તમારો આશરો રહ્યો. પણ અમુક ગુનાનો આરોપ મૂકાનો તમને પકડે ત્યારે અદાલત વચ્ચે પડી જ ન શકે એવો કાયદો હોય તો? તો તમે એ અમલદારની કે આડકતરી રીતે પેલા પ્રધાનની દયા ઉપર જ રહ્યા. એ લોકો એનો કેટલો લાભ લઇ શકે તે ભારતમાં આજે દરેક નાગરિક જાણે છે. આવી પરિસ્થિતિ વધુ ને વધુ પ્રમાણમાં સર્જાય એવો પ્રયત્ન સરકારો કરતી રહે છે. મૂર્ખ પ્રધાનો અને શઠ અમલદારોની જુગલબંદીને પરિણામે અમલદારોના હાથમાં વધુ ને વધુ સત્તા મૂકાય છે અને અદાલતોની સત્તા ઓછી થતી જાય છે. આવી સ્થિતિમાં કોઇ પણ અમલદાર કે પ્રધાન અંગત વેર વાળવા કે તમારી પાસે પોતાનું ધાર્યું કરાવવા તમને કાયદેસર હેરાન કરી શકે અને અદાલતો હાથ ઘસતી રહી જાય.

પોલીસની રીત તો જાણીતી છે. એકાદ ખૂન કે લૂંટનો કિસ્સો બન્યો હોય અને ગુનેગાર ન પકડાતાં એની પ્રતિષ્ઠાને આંચ આવતી હોય ત્યારે એ જે હાથે જડ્યો તે માણસને હાથકડી પહેરાવી લોક-અપ ભેગો કરી દે છે. આવે વખતે અદાલત નિર્દોષનો આશરો બની રહે છે.

સરકારના આવા વલણ સામે સમાજના મોવડીઓનું વલણ હંમેશાં અદાલતની સત્તા વધારવાનું હોવું જોઇએ, ઘટાડવાનું નહિ. અમુક ગુનાના આરોપીને વકીલ ન મળે એવી સામાજિક માગણી અદાલતના કામમાં દરમિયાનગીરી જેવી છે. એની પાછળની મનોવૃત્તિ આરોપી છૂટી ન જાય, આરોપી એટલે ગુનેગાર જ એ જાતની હોય છે. પણ આડકતરી રીતે એ પેલા સરકારી વલણમાં જ પૂર્તિ કરે છે. તમે એક માણસની ઉપર અમુક આરોપ મૂક્યો એટલે થઇ રહ્યું. પછી એ માણસ નિર્દોષ હોય તો યે બચાવ ન કરી શકે એવી સ્થિતિમાં એને મૂકીએ તો નિર્દોષ ચોક્કસ માર્યો જાય.

કાયદા આવા કે તેવા છે એટલે ગુનેગાર છૂટી જાય છે એવો ડર સામાજિક કાર્યકર્તાઓને હોય એ સમજી શકાય તેવું છે. અદાલતી કારવાઇ લાંબી ચાલે છે એ ફરિયાદ પણ ખોટી નથી. પણ એ માટે કાયદામાં સુધારા કરાવવા, અદાલતી કામકાજની પદ્ધતિ સુધારવી એ સાચો રસ્તો છે. કોઇક આરોપીનો બચાવ કરવા માટે વકીલ જ મળે નહિ એવી માગણીથી ન્યાયપદ્ધતિ સુધરતી નથી. એનાથી તમે એક ખરા કે ખોટા આરોપીને ગુનેગાર ઠરાવી દો છો. પણ એથી ન્યાયનું પ્રમાણ વધતું નથી.

આરોપીના બચાવમાં કોઇ વકીલ ઊભો ન રહે એવી માગણી સામાજિક ઊહાપોહના આવેશમાં સારાં ને સમજુ માણસો પણ ઘણીવાર કરી બેસે છે, પણ એમાં ન્યાય નથી, સામાજિક જવાબદારી પણ નથી.

# પ્રાચીન શ્રાવક કવિઓ : એક ઝલક

● મુનિ વાત્સલ્યદીપ

સાહિત્ય મહાનદ છે, એમાં તરનાર પ્રવાસી, જો એ સાચો સરસ્વતી ઉપાસક હોય તો સ્વાન્તઃ સુખાય નાની-મોટી હોડી તરવા મૂકે છે. પછી, એમાંથી કોઇક હોડીને સમગ્ર જનસમૂહને માટે અનુભૂતિયુક્ત આનંદનું નિમિત્ત થવાનું સૌભાગ્ય પણ વરે છે.

ભારતવર્ષમાં યુગે યુગે સાહિત્યોપાસના થતી રહી છે. જૈન સાહિત્ય અને ધર્મની પરંપરાએ પણ, એ સરસ્વતીની ઉપાસનાનું પોત ઝળહળતું અને સુંદર રાખવામાં ઉત્તમ પ્રદાન કર્યું છે, એ માટે, તેની ધર્મનિષ્ઠા અને નિઃસ્વાર્થ સેવા કારણભૂત માનવા જોઇએ.

જૈન સાહિત્યનો ભંડાર વિપુલ છે.

ધાર્મિક સાહિત્યનું નિર્માણ મહદંશે ત્યાગીજનો દ્વારા થતું હોય છે. નિવૃત્ત વ્યક્તિઓ એમાં વધુ ગતિ કરી શકે, એટલે સંસારવૃત્તિથી વિરકત ત્યાગીઓ એ સર્જન કરે તે વધુ શકય છે. જૈન સાહિત્યના સર્જનમાં વ્રતધારી મુનિઓએ અનન્ય પ્રદાન કર્યું છે. અને તેમાં જૈન પરિભાષાએ ઓળખેલા દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગ-એ તમામ ક્ષેત્રો આવરી લેવાયા છે. એમ કહેવું જોઇએ કે મુનિઓ આ કરે તે સહજ હતું, કેમકે, એમના આચારો અને જીવન તે મુજબના હતા. પરંતુ સાહિત્યના આ જ માર્ગે મુનિઓની જેમ જ બહુ અલ્પ છતાંય ઉલ્લેખનીય એવો કેટલોક જૈન ગૃહસ્થ-શ્રાવકોએ સર્જનમાં ફાળો આપ્યો છે, આ સરસ્વત્યોપાસક ગૃહસ્થોમાં વ્યવસાયી વ્યક્તિઓ મુખ્યત્વે છે. રાજા, મંત્રી, શ્રેષ્ઠિ-જેવા લોકોએ વિદ્યાવ્યાસંગ બતાવ્યો એ એક આશ્ચર્યજનક બીના છે. શ્રી અને સરસ્વતીનો સુમેળ કેટલો દુર્લભ હોય છે!

નિરવધિ કાળમાં એ સર્જકોમાંથી કેટલાયનાં નામ સ્મરણશેષ રહ્યા નહીં હોય. કિંતુ જેટલાં મળે છે તે ધ્રુવતારક સમા શોભે છે.

આરંભે કવિશ્રેષ્ઠ ધનપાળ (૧૧ મો સૈકો) ને સંભારવા જોઇએ. જન્મે શૈવ, ધર્મે જૈન. આજીવન સાહિત્યસેવી જીવ. એ સંસ્કાર એમને વારસામાં મળ્યા હશે, તેવું તેમણે નોંધેલી વંશપરંપરા ઉપરથી કહી શકાય. ધારાનગરીના રાજા મુંજ તેમને 'સરસ્વતી' ના માનભર્યા ઉપનામથી સંબોધતાં. જૈન મુનિવરોમાં યશસ્વી નામ ધરાવતા પંડિત શોભનમુનિ રચિત ચમત્કૃતિપૂર્ણ સ્તુતિ-ચતુર્વિંશતિ જિનસ્તુતિ ઉપર તેઓએ સંસ્કૃત ટીકા પણ રચી છે. કવિ ધનપાલ, શોભનમુનિના સંસાર પક્ષે મોટાભાઇ થાય : कृतीरियं मूर्ध्नैव ज्येष्ठभ्रातुः पण्डित धनपालस्य। તેમણે નોંધ્યું છે.

કવિ ધનપાલે અતીવ પ્રસિદ્ધિ 'તિલકમંજરી' નામની પ્રૌઢ કૃતિ સર્જી. મુંજના અનુગામી ધારાનગરીના રાજા ભોજે તેમને સિધ્ધસારસ્વત કવીશ્વર 'કૂર્ચાલ સરસ્વતી'-એ નામનું બિરુદ આપેલું. તિલકમંજરી માટે એવી અનુશ્રુતિ છે કે તેમાં આવતાં પાત્રોના નામો બદલીને પોતાનું અને પોતાના કુળદેવનું નામ મૂકવું એવો આગ્રહ રાજા ભોજનો હતો. પરંતુ એ ધનપાલે અમાન્ય કર્યું ત્યારે ભોજે તે કૃતિ સળગાવી મૂકી! ખિન્ન ધનપાળ ઘરે પહોંચ્યા ત્યારે તેમની પુત્રી તિલકમંજરીએ નિરાશાનું કારણ જાણીને આખો ગ્રંથ પોતાને યાદ છે તેમ કહીને લખાવી આપ્યો. આથી, ધનપાળે ગ્રંથ સાથે પુત્રીનું નામ જોડ્યું.

એ સિવાય, 'પાઇયલચ્છી નામમાળા' અને 'સંસ્કૃત નામમાળા' રચ્યાં છે. એમણે સંસ્કૃત કોષ પણ રચ્યો હશે, તેવું અનુમાન કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે 'અભિધાન ચિંતામણિ'માં કરેલા ઉલ્લેખોથી થઈ શકે છે.

કવિ ધનપાલે શ્રુતવતી પ્રદાન કર્યું છે. તેમણે પ્રારંભેલી આ પરંપરા પછી ખેડાતી રહી છે. તેમના પછી, કવિ શિવનાગ, કવિ પદ્માનંદ, કવિ વાગ્ભટ થયા. કવિ શિવનાગ (૯ મો અથવા ૧૧ મો સૈકો) અત્યંત ધનિક હતા. ધરણેન્દ્રનું તેમને વરદાન મળેલું કે તું અડીશ તેને જો કાળા નાગનું ઝેર ચડ્યું હશે તો ઊતરી જશે. તેમણે ભક્તિપૂર્વક ધરણેન્દ્ર દેવનું સ્તવન પણ રચ્યું છે. કવિ પદ્માનંદે 'જિનવલ્લભ ગુરુ'ના 'શાંત ઉપદેશથી નાગોટામાં જિનમંદિર બંધાવેલું. કવિ વાગ્ભટે (૧૦ મો સૈકો) 'વાગ્ભટાલંકાર' રચ્યો છે. આ વાગ્ભટ, તે મંત્રી ઉદયનના પુત્ર અને શત્રુંજયોદ્ધારક વાગ્ભટ (બાહડ) કે અન્ય તેનો નિર્ણય મળતો નથી.

સંસ્કાર વારસામાં ઊતરે તો પોતે અને પરિવાર સહુ નામ પ્રતિષ્ઠિત કરે છે. સાહિત્યસેવી ગૃહસ્થોમાં કેટલાંક પિતા-પુત્રે આ જ્ઞાનસેવાની પરંપરાનું સાતત્ય જાળવ્યું છે. સિદ્ધરાજ જયસિંહના સમયમાં કવિ શ્રીપાળ (૧૨ મો સૈકો) નામના મહાન કવિ થયા. તેમના બન્ને પુત્રો સિધ્ધપાળ અને વિજયપાળ પણ વિદ્વાન કવિઓ હતા. તે પછી દુર્લભરાજ (મહારાજા કુમારપાળના મંત્રી) નામના કવિ થયા. તેમના પુત્ર તે કવિ જગદેવ. આ કવિ, જગદેવની વિદ્વતાથી આકર્ષાઇને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજીએ તેમને 'બાલકવિ'નું બિરુદ આપેલું.

કવિ શ્રીપાળ પ્રજ્ઞાચક્ષુ હતા. તેમણે, દેવબોધિ નામના પંડિતે મશ્કરી કરી તેના ઉત્તરમાં પોતાની વિદ્વત્તાથી પરાજિત કરેલો. કવિ શ્રીપાળે બૃહદ્‌ગચ્છના હેમચંદ્રસૂરિ કૃત 'નાભેયનેમિદ્વિસંધાન' કાવ્ય તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના 'દ્વયાશ્રયનું સંશોધન કરેલું. પોતાના 'પ્રતિપન્ન બંધુ' કવિ શ્રીપાળને મહારાજા સિધ્ધરાજે 'કવીન્દ્ર' (અથવા કવિચક્રવર્તી') નું બિરુદ આપેલું. કવિ શ્રીપાળનાં કેટલાંક કાવ્યો મળે છે. તેમના મોટા પુત્ર સિધ્ધરાજ મહાકવિ અને ધર્મરસિક શ્રાવક હતા. તે વ્યાખ્યાનના શોખીન હતા. તેમના સ્થાનમાં રહીને સં. ૧૨૪૧માં શ્રી સોમપ્રભસૂરિએ પૂર્ણ કરેલ 'કુમારપાળ પ્રતિબોધ'માં એવું એક વ્યાખ્યાન છે. તેમની પોતાની કોઇ કૃતિ ઉપલબ્ધ નથી. કવિ શ્રીપાળના નાના પુત્ર વિજયપાળે તે સમયે અત્યંત લોકપ્રિય થયેલું 'દ્રૌપદી સ્વયંવર' નામનું નાટક રચેલું. એ આજે લભ્ય છે.

કવિ દુર્લભરાજ એક નવા વિષયમાં પ્રવેશ્યા. તેમણે સામુદ્રિક શાસ્ત્ર વિષયક 'સામુદ્રિક તિલક' (૧૨૧૬ માં) નામના ગ્રંથની રચના કરી. તેમના પુત્ર 'બાલકવિ જગદેવે' આ ગ્રંથ વિશે પુષ્ટિ આપી છે. આ કવિએ શુભ અને અશુભ નામના બે પ્રકરણયુક્ત અને જ્યોતિષશાસ્ત્ર વિષયક 'સ્વપ્નચિંતામણિ' નામના ગ્રંથની રચના કરેલી.

રાજર્ષિ પરમાર્હત કુમારપાળ (સં. ૧૧૪૯ થી ૧૨૩૦) શ્રાવક તરીકે જેટલા પ્રસિદ્ધ છે તેટલા સર્જક તરીકે નથી. તેઓએ 'જિનેશ્વર સ્તુતિ' નામની એક કૃતિ રચેલી. તેમણે એક જ કૃતિ રચી હોવાની શકયતા છે, કિંતુ એમના જીવનના

અભ્યાસી કહી શકે કે એ પણ એક વિશિષ્ટ પ્રદાન ગણાય. એમણે સ્વાધ્યાય ઘણો કરેલો તેવું જણાય છે. પરંતુ તેથી ય વિશેષ શ્રી હેમચંદ્રસૂરિજીને સજ્જનકાર્યમાં અત્યંત સહકાર કરેલો, તે તેમની વિદ્યાપ્રીતિ સૂચવે છે.

એક બીજા મહારાજા, જેમણે પાલનપુર (મૂળ-પ્રહ્લાદનપુર) ની સ્થાપના કરેલી, તે પ્રહ્લાદનદેવે પણ 'પાર્થપરાક્રમવ્યાયોગ' નામક ગ્રંથ રચ્યો છે. કવિશ્રી સોમેશ્વરે તેમણે અન્ય કાવ્યોગ્રંથો રચ્યાની નોંધ કરી છે, પણ તે કશું જ ઉપલબ્ધ જણાતું નથી.

મોઢવંશના કવિ યશપાલે (૧૩ મો સૈકો) મોહપરાજય નાટકમાં મહારાજા કુમારપાળનું ધર્મરાજ અને વિરતિ દેવીની પુત્રી કૃપાસુંદરીની સાથે પાણિગ્રહણ ભગવાન મહાવીર અને હેમચંદ્રસૂરિ સમક્ષ થયેલું તેવી અદ્‌ભુત અને મનોરમ્ય અલંકારયુક્ત કલ્પના કરી છે. તેમણે રાજવી કુમારપાળે જૈન ધર્મનો સ્વીકાર કર્યાની તિથિ સં ૧૨૧૬ ના માગશર સુદિ ૨ કહી છે. આ ઉપયોગી બાબત છે.

ધર્મપ્રેમી વસ્તુપાળ મંત્રી સજ્જન પણ હતા, તેવું કેટલાં જાણતા હશે?

વસ્તુપાળ ધોળકાના મહારાજા વીરધવળને ત્યાં સં. ૧૨૭૬માં મંત્રીપદે નિયુક્ત થયા. ત્યારબાદ તેમની સાહિત્ય પ્રીતિ અને સજ્જનતાને નવી દિશાઓ મળી ગઇ. તેઓએ 'નરનારાયણાનંદ' નામનું કાવ્ય ૧૬ સર્ગોમાં રચ્યું છે. પ્રણેતા તરીકે તેમણે પોતાનું નામ 'કવિ હરહર' તેમ નોંધ્યું છે. આ નામ પાછળ કોઇ ઇતિહાસ હશે? કવિ સોમેશ્વરે તેમને 'વસંતપાલ' નામ પણ આપેલું. તેમણે 'આદિ જિનેશ્વર મનોરથમય' કાવ્ય લખેલું અને ત્યારબાદ 'નરનારાયણાનંદ' રચ્યું. 'અંબિકાસ્તવન' પણ તેમણે લખ્યું છે. તેની વિદ્વત્તા અને વિદ્યાવ્યાસંગની કીર્તિપતાકા દેશ-વિદેશમાં લહેરાતી રહેલી અને તેને લીધે જ તે સમયમાં અને પછીથી રચાયેલા અનેક ગ્રંથોમાં તેમની સૂક્તિઓનો ઉપયોગ થયેલો જોવા મળે છે. 'સરસ્વતીપુત્ર' 'કાવ્યદેવીપુત્ર' વગેરે અનેક બિરુદો પણ તેમને મળેલાં અને સોમેશ્વર કવિએ તેમને શ્રેષ્ઠ કવિ કહ્યા છે.

વસ્તુપાળ રાજ્યના મુખ્યમંત્રી, શ્રીમંત, ધર્મી અને વિદ્યાપુત્રોના આશ્રયઘર સમાન હતા. સમગ્ર ગૃહસ્થ કવિઓની પરંપરામાં તેમણે કેળવેલી વિદ્યાપ્રીતિ અને તેના દ્વારા મેળવેલી પ્રતિષ્ઠા અનન્ય છે.

શ્રી નરેન્દ્રપ્રભસૂરિએ તેમના વિનોદ માટે 'અલંકારમહોદધિ' ગ્રંથ રચ્યો હતો.

તેમના પછી, નેમિચંદ્ર ભાંડાગારિક, સંગ્રામસિંહ, મંત્રીશ્વર યશોવીર વગેરે કવિઓ થયા. નેમિચંદ્ર ભાંડાગારિકના પુત્રે દીક્ષા ગ્રહણ કરેલી. તેઓ જિનેશ્વરસૂરિ નામે પ્રસિધ્ધ આચાર્ય થયા.

મંડન કવિ ૧૪માં શતકના અંતે થયાના ઉલ્લેખો મળે છે, તેમ તેમની જ નોંધેલી પ્રશસ્તિ દ્વારા તેઓ ૧૫માં શતકના પ્રારંભે થયા હોય તેવું જાણવા મળે છે. વિદ્યા અને ધન બન્ને તેઓ મેળવી શકેલા. તેમણે પોતાના તમામ ગ્રંથોમાં પોતાનું નામ પણ જોડ્યું છે. તેમના તમામ ગ્રંથો વિશાળ ચિંતન અને અધ્યયનની ગવાહી પૂરે છે. તેમના કાકા ધનદ (ધનરાજ, ધનેરા અથવા ધનદ) પણ ઉત્તમ કવિ હતા.

સંસ્કૃત સાહિત્યમાં ખેડાણ કરનાર આ ઉપરાંત અન્ય વિદ્વાન કવિઓ પણ છે. અન્ય ભાષાઓમાં પણ જૈન સાહિત્યમાં પ્રદાન કરનાર ગૃહસ્થ કવિઓ મળે છે તેમ ગુજરાતી ભાષામાં પણ વિશિષ્ટ દેણગી કરનાર ગૃહસ્થ કવિઓ થયા છે. તેમાં ખીમો, લીંબો, હિરાણંદ, વાનો, શાંતિદાસ, ગોડીદાસ જિનદાસ, રયણદાસ વગેરે ગૂજરકવિઓ મુખ્ય છે. આમાં વિશેષ ખ્યાતિ કવિ ઋષભદાસની છે.

કવિ ઋષભદાસની લોકપ્રિયતાના મૂળમાં શ્રી સેનસૂરિના આશીર્વાદ કારણભૂત હતા. કવિએ શ્રી હીરસૂરિ, દેવસૂરિ, સેનસૂરિનાં નામનું સ્મરણ પોતાના પદ્યોમાં ભક્તિપૂર્વક કર્યું છે. રાસ સ્તુતિ, સ્તવન, સજઝાય વગેરે અનેક પ્રકારના કાવ્યો અને દીર્ઘ કાવ્યોનો ઘોધ તેમણે વહાવ્યો છે.

આ તો એક ઝલક છે. કિંતુ સોનાની એક રેખા, કસોટીના પથ્થર ઉપર અંકાઇ જાય તેમ આ કવિઓની સ્મૃતિ કાળના પથ્થર પર અમીટ રહેશે તેમાં શંકા નથી. સમય અનંત છે: પૃથ્વી અમાપ.

* * *

(ઋણ-સ્વીકાર: ૧ તિલકમંજરી ૨ કુમારપાળ પ્રતિબોધ ૩ શ્રી જૈન સાહિત્ય પ્રકાશ વર્ષ-૭ ના દીપોત્સવી અંકમાંનો પૂ. મુનિશ્રી ચતુરવિજયજીનો લેખ.)

# રશિયન રીંછ માટે અમેરિકન અનાજ

● વિજયગુપ્ત મૌર્ય

અમેરિકાના પ્રમુખ રેગને રશિયા ઉપર અને રશિયન છત્ર નીચેના પૂર્વ યુરોપી સામ્યવાદી દેશો પર આર્થિક વિગ્રહનું આક્રમણ કર્યું છે, તેમાં કેટલીક રમુજી પરિસ્થિતિ ઉભી થઇ છે. તેમણે આ દેશોને ગુંગળાવી નાખવા સંખ્યાબંધ આર્થિક નિયંત્રણો જાહેર કર્યા છે, અને પોતાના મિત્ર દેશો ઉપર પણ દબાણ કરે છે કે તમે પણ આ દેશો સામે આર્થિક નિયંત્રણો મૂકો, કારણ કે તેઓ પોલેન્ડમાં લશ્કરી કાયદા વડે માનવ અધિકારોનો ભંગ કરે છે. પરંતુ રેગન પાકિસ્તાનમાં જનરલ ઝીયાને સૌથી વધુ જુલ્મી લશ્કરી કાયદા વડે માનવ અધિકારોનો નાશ કરવામાં મદદ કરે છે! પશ્ચિમ યુરોપી દેશો પર રેગને એવું દબાણ કર્યું છે કે રશિયા પાસેથી ગેસ ખરીદવા અને તે માટે ૫ હજાર કિલોમીટર લાંબી પાઇપલાઇન બાંધવામાં મદદ કરવા કુલ અબજો ડોલરની કિંમતના તેણે કરાર કર્યા છે તે રદ કરો. પશ્ચિમ યુરોપી દેશો રેગનનો આ હુકમ માથે ચડાવવા તૈયાર નથી. તેઓ કહે છે કે તમે અમને રશિયા સાથેનો આર્થિક વહેવાર બંધ કરવા દબાણ કરો છો ત્યારે તમે પોતે રશિયાને અબજો ડોલરની કિંમતે તેને અનાજ વેચો છો? રેગનનો પાંગળો બચાવ એ છે કે રશિયા વિદેશી હુંડિયામણની અછતથી પીડાય છે અને અમે તેને ઘઉં વેચીને તેની પાસેથી વધુ હુંડિયામણ પડાવી લઇ તેને વધુ ગરીબ બનાવીએ છીએ, જેથી તે શસ્ત્રો માટે વધુ નાણા ખર્ચી ન શકે. પ્રમુખ રેગને ૧૯૮૨ માં રશિયાને લગભગ દોઢ કરોડ ટન અનાજ આપ્યું હતું અને ૧૯૮૩ માં ૨ કરોડ ૩૦ લાખ ટન ઘઉં ખરીદવાની છૂટ આપી છે, ત્યારે રશિયા કહે છે કે અમને તમારા ઘઉં જોઇતા નથી. સાચી વાત એ છે કે રેગન, અમેરિકન ખેડૂતોનો અને ઘઉંના વેપારીઓનો ટેકો ગુમાવી ન બેસે, અને અમેરિકામાં અનાજના વેપારમાં મંદી ન આવે માટે રશિયાને અનાજ વેચે છે.

વાસ્તવમાં રશિયાએ ૧૯૮૧ ના નવેમ્બર પછી અમેરિકા પાસેથી ઘઉં ખરીદ્યા જ નથી, મકાઈ ખરીદી છે, અને હવે ખરીદે તેવી વકી નથી. કારણ કે તે પણ યુદ્ધમાં વળતો પ્રહાર કરવા માગે છે. ગયે વર્ષે રશિયાએ અમેરિકા પાસેથી ઘઉં નહિ પણ મકાઈ ખરીદી હતી જે ઢોરને ખવરાવે છે. ગયે વર્ષે રશિયાએ ૭૬ લાખ ટન ઘઉં કેનેડા પાસેથી ખરીદ્યા હતા. તેણે ફ્રાન્સ અને ઇટાલી પાસેથી પણ ઘઉં ખરીદવાના સોદા કર્યા છે. પ્રમુખ રેગન એ દેશોને કેમ કહી શકે કે તમારે રશિયાને અનાજ ન વેચવું ? એક અમેરિકન રાજપુરુષે કટાક્ષમાં કહ્યું હતું કે જો દુનિયામાં મૂડીવાદી દેશો ન હોય તો રશિયાને અનાજ કોણ આપે ? આ કટાક્ષ સરસ છે. પરંતુ તે ભૂગોળ અને હવામાનનું અજ્ઞાન દર્શાવે છે. રશિયા દુનિયામાં સૌથી મોટો દેશ છે, અમેરિકા કરતાં આશરે પોણા ત્રણ ગણો મોટો. તેમ છતાં રશિયા કરતાં અમેરિકામાં ખેતી લાયક જમીન વધુ છે, અને વરતી ઓછી છે. અમેરિકાને ત્રણ દિશામાંથી વરસાદ મળે છે, ત્યારે રશિયામાં વરસાદ સુલભ નથી. તેની ઉત્તરમાં અને પૂર્વમાં બરફવાળા સમુદ્રો છે, જેમાંથી વરસાદ ન મળે. દક્ષિણે દરિયો નથી. પશ્ચિમમાં યુરોપમાં વરસાદ વરસી ગયા પછી આછો પાંખો વરસાદ રશિયાને ભાગે આવે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે રશિયાના અતિ વિશાળ પ્રદેશો એટલા ઠંડા છે કે ત્યાં ખેતી થઈ શકે નહિ. તેથી ખેતીની ઉપજના ક્ષેત્રે સ્વાશ્રયી થવું એ રશિયા માટે એક સ્વપ્ન જ છે. તેમ છતાં તેનું જીવનધોરણ આપણી સરખામણીમાં એટલું ઊંચું છે કે આપણા દેશમાં ૧૩ કરોડ ટન અનાજ ૭૦ કરોડ લોકોને પૂરું થઈ રહે છે, ત્યારે ૨૬ કરોડ રશિયનોને ૩૬ કરોડ ટન અનાજ જોઈએ છે. કારણ કે તેઓ ઢોરને પણ અનાજ ખવડાવે છે.

આ વર્ષે અમેરિકામાં ઘઉંનો મબલખ શિયાળુ પાક થયો છે. તેથી જો રશિયા જેવા બહારના દેશોમાંથી ખરીદી ન આવે તો ઘઉંના બજારમાં મંદી આવે. બીજી બાજુ રશિયામાં ઉપરાછાપરી આ ચોથા વર્ષે અનાજનો પાક ઘણો ઓછો ઊતર્યો છે. ૧૯૭૯માં તેનો લક્ષ્યાંક ૨૨ કરોડ ૭૦ લાખ ટનનો હતો ત્યારે પાક ઊતર્યો ૧૭ કરોડ ૯૩ લાખ ટન. ૧૯૮૦માં અને ૧૯૮૧ માં લક્ષ્યાંક અનુક્રમે ૨૩ કરોડ ૫૦ લાખ અને ૨૩ કરોડ ૭ લાખ ટન હતો ત્યારે પાક ઊતર્યો અનુક્રમે ૧૮ કરોડ ૯૧ લાખ અને ૧૭ કરોડ ૫૦ લાખ ટન. લક્ષ્યાંક ઉત્તરોત્તર વધે છે. ૧૯૮૨ માં લક્ષ્યાંક ૨૩ કરોડ ૮૦ લાખ ટન હતો ત્યારે પાક ઘટીને માત્ર ૧૭ કરોડ ટન ઊતર્યો; એવો અંદાજ છે.

રશિયાએ ૧૯૭૬ માં અમેરિકા પાસેથી અનાજ ખરીદવા કરાર કર્યા હતા, જેની મુદત ગઈ તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ પૂરી થઈ. આ મુદત લંબાવવા અમેરિકન ખેડૂતો અને વેપારીઓ તરફથી એવું સખત દબાણ છે કે રેગને તેને વશ થવું પડ્યું. પરંતુ રશિયનો અમેરિકન ખેડૂતો અને વેપારીઓની મદદે આવવા તત્પર નથી. પશ્ચિમ યુરોપી દેશો અમેરિકન સરકારને ટોણા મારે છે કે રશિયાની ૧૦ અબજ ડોલરની કિંમતની પાઇપલાઇનમાં સહકાર આપી અમારા કામદારો કમાય તેની સામે તમે વાંધો લ્યો છો અને તમારા ખેડૂતોને રશિયા પાસેથી કમાણી કરવા દો છો.

ગઈ વસંતઋતુમાં પણ રશિયામાં હવામાન એટલું ખરાબ હતું કે ૧૯૭૧ પછી ઓછામાં ઓછી જમીનમાં વાવેતર થઈ શક્યું છે. ગયા જૂન સુધીના વર્ષમાં રશિયાએ ૬ અબજ ડોલરની કિંમતનું અનાજ આયાત કર્યું છે. દુનિયામાં રશિયા વધુમાં વધુ અનાજ આયાત કરનાર દેશ છે. ગેસની પાઇપલાઇન જો આવતા વર્ષે પૂરેપૂરી બંધાઈ જાય તો રશિયાને દર વર્ષે ૮ અબજ ડોલરની કમાણી થશે. પ્રમુખ રેગન આ યોજના ભાંગી નાખવા બધા પ્રયત્નો કરે છે. બ્રિટિશ વડાપ્રધાન થેચર અમેરિકાને બહુ વફાદાર હોવા છતાં તેમણે પણ કહી દીધું છે કે અમને મનાઈ કરતો તમારો કાયદો સ્વીકાર્ય નથી.

પ્રમુખ રેગન એવો ડોળ કરે છે કે અફઘાનિસ્તાન ઉપર રશિયાએ આક્રમણ કર્યું છે તેથી, અને રશિયાની પ્રેરણાથી પોલેન્ડની લશ્કરી સરકારે લશ્કરી કાયદા અમલમાં મૂક્યા છે, તેથી તેમને સજા કરવા માટે અમે તેમનો આર્થિક બહિષ્કાર કરીએ છીએ. ખરેખર, તો પ્રમુખ રેગનને રશિયા સામે લડવાની ચળ છે. પરંતુ તેમ કરવાં જતાં રશિયા સાથે અમેરિકાનો અને આખી દુનિયાનો પણ નાશ થાય, તેથી શસ્ત્ર સ્પર્ધા અને બળ પ્રદર્શન પૂરતી યુદ્ધની ખેંચવાળ મર્યાદિત રાખીને તેઓ આર્થિક યુદ્ધ લડવા માગે છે. પરંતુ સેંકડો અબજ ડોલર શસ્ત્રો માટે વેડફી નાખવાથી અમેરિકાના નીચલા વર્ગની ગરીબીમાં અને બેકારોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થતો રહ્યો છે. દુનિયામાં વિકાસ પામતાં ગરીબ દેશોને ઊંચા ભાવે અનાજ વેંચીને અમેરિકા દર વર્ષે અબજો ડોલરની કમાણી કરે છે, પરંતુ વિકાસ પામતા દેશોમાં પણ ભારત જેવા કેટલાક દેશો પોતાની ખેતીનું ઉત્પાદન વધારી રહ્યા છે. કેનેડા, આર્જેન્ટિના, અને ઓસ્ટ્રેલીયા જેવા દેશો અનાજ નિકાસ કરવામાં અમેરિકાના હરીફ છે. યુરોપી સમાન બજારના દેશો પણ અનાજનું ઉત્પાદન વધારીને નિકાસ કરી રહ્યા છે. આ સંજોગોમાં જો રશિયા અમેરિકા પાસેથી, ખાસ કરીને ઘઉં ન ખરીદે તો અમેરિકન ખેડૂતો અને વેપારીઓ અબજો ડોલરની આવક ગુમાવે. કારણ કે અનાજ અને દૂધના ક્ષેત્રે પશ્ચિમના દેશોમાં મંદી ફેલાઈ રહી છે. પ્રમુખ રેગનનું ખેતીવાડી ખાતું એમ માને છે કે આ ક્ષેત્રે ૧૯૩૩ પછી સૌથી મોટી મંદી હશે.

અમેરિકન સરકારે અફઘાનો અને પોલેન્ડની પ્રજા માટે મગરના આંસુ સારીને રશિયન રીંછને ટીસો તો માથેં પણ પોતાને જ જખમ થયા. લબનાનમાં ઇઝરાયેલ દ્વારા અમાનુષી અત્યાચારો કરાવનાર અથવા થવા દેનાર અમેરિકાની અફઘાનિસ્તાન અને પોલેન્ડ પ્રત્યેની સહાનુભૂતિ પોકળ લાગે છે.

પ્રમુખ રેગન રશિયન રીંછના મોંમાં એટલું બધું અનાજ ઠાંસી દેવા માગે છે કે જેથી રીંછ ગુંગળાઈ મરે ? વાસ્તવમાં અમેરિકામાં આ વર્ષે અભૂતપૂર્વ પાક થયો છે. ત્રીસ વર્ષમાં અમેરિકન ખેડૂતોએ અનાજનું ઉત્પાદન ત્રણગણું કર્યું છે. ખેડૂતોના ફાટફાટ થતાં અન્ન ભંડારો ઝડપથી વેચાતા ન હોવાથી તેઓ આર્થિક મુસીબતમાં સપડાઇ ગયા છે. એક અહેવાલ પ્રમાણે ૨૦,૦૦૦ ટનના બે જહાજો રોજ અનાજ ભરીને રશિયા તરફ હંકારે છે. જો ૧૯૮૩ માં પણ રશિયાને અનાજ વેંચવાની રેગને આપેલી છૂટનો અમલ થાય તો દુનિયાના ઇતિહાસમાં તે દુનિયાનો સૌથી મોટા સોદો હશે.

રશિયાએ અફઘાનિસ્તાનમાં લશ્કર મોકલ્યું તેની સજા તરીકે પ્રમુખ જીમી કાર્ટરે રશિયાને અનાજ વેંચવા પર પ્રતિબંધ મૂક્યો હતો. રેગન તે પ્રતિબંધ દૂર કરવાનું વચન આપીને ચૂંટાઈ આવ્યા હવે જ્યારે મધ્યસત્ર ચૂંટણી માથે છે ત્યારે રશિયાને વધુ અનાજ વેંચવાની અમેરિકનોને છૂટ આપીને રેગન મધ્યસત્ર ચૂંટણી જીતી જવા માગે છે. આમાં અફઘાનો માટેની સહાનુભૂતિ ક્યાં ભૂલાઈ ગઈ ? કંઈ નહિ તો અનાજના ક્ષેત્રે અમેરિકા અને રશિયા પરસ્પરાવલંબી થઈ ગયા છે. રશિયાને જોઈતું અનાજ અમેરિકા ઉગાડી દે અને અમેરિકાએ વહેંચવાનું અનાજ ખરીદી લઈને રશિયા અમેરિકાના પ્રમુખને, અને અમેરિકન ખેડૂતોને મુસીબતમાંથી બચાવી લે.

# ચતુર્થ જૈન સાહિત્ય સમારોહ

❖ પન્નાલાલ આર. શાહ

## દ્વિતીય બેઠક : જૈન ઇતિહાસ-પત્રકારત્વ

રવિવાર, તા. ૨-૧-૧૯૮૩ ના રોજ સવારના ૯-૦ કલાકે 'જૈન તત્ત્વજ્ઞાન' અંગેની આગલા દિવસની બેઠકમાં બાકી રહેલાં નિબંધોનું વાચન થયા બાદ 'જૈન ઇતિહાસ-પુરાતત્ત્વ, સ્થાપત્ય-શિલ્પ, કલા અને પત્રકારત્વ' અંગેની વિભાગીય બેઠકમાં (૧) જૈન પત્રકારત્વ : એક ઝલક વિષે ગુણવંત શાહ, (મુંબઇ) અને (૨) પ્રાચીન જૈન શાસ્ત્રોમાં વિજ્ઞાન અને વિદ્યાઓ વિષે શ્રી નાનાલાલ વસાએ (મુંબઇ) સંશોધન લેખો રજુ કર્યાં હતાં.

## વિવિધ વિદ્યાશાખાઓનું જૈન દર્શનમાં ચિંતન

શ્રી નાનાલાલ વસાએ પ્રાચીન જૈન શાસ્ત્રોમાં વિજ્ઞાન અને વિદ્યાઓ' વિષેનો સંશોધન લેખ રજુ કરતાં પ્રાચીન જ્યોતિષકાળ, જૈન ધર્મની ઐતિહાસિકતા, ખગોળ, વાતાવરણ, આકારો, દિશાઓ, ભૂગોળ, જંતુદર (Worm Tunnel), જંતુશાસ્ત્ર, જીવ વિજ્ઞાન, ગણિત, પરમાણુવાદ, પદાર્થ વિજ્ઞાન, અવકાશ, કોસ્મિક રેડીએશન, મનોવિજ્ઞાન, નાટય, સંગીત, નૃત્ય, અન્ય કલાઓ, સામાજિક વિજ્ઞાન આદિ વિવિધ વિદ્યાશાખાઓ અંગે આધુનિક-વૈજ્ઞાનિક અભિગમના સંદર્ભમાં જૈન દર્શનમાં થયેલાં ચિંતનની ઝલક આપી હતી, અને એ અંગેનું પ્રમાણ જુદા જુદા જૈન સૂત્રો અને ગ્રંથોમાંથી શ્લોકો ટાંકીને આપ્યું હતું. આ રીતે જૈન દર્શનની વૈજ્ઞાનિક વિચારધારાનો એમણે મહિમા કર્યો હતો.

## જૈન પત્રકારત્વની ઝલક

શ્રી ગુણવંત શાહે 'જૈન પત્રકારત્વ : એક ઝલક' વિષેના વક્તવ્યમાં જણાવ્યું હતું કે જૈન પત્રકારત્વની શરૂઆત ઇ. સ. ૧૮૫૯ માં થઇ, ત્યારથી ભાષા અને પ્રકાશન સ્થળના સંદર્ભમાં પ્રગટ થતાં જૈન સામયિકોની માહિતી અને એનું પૃથક્કરણ રજુ કર્યું હતું. સામયિકના પ્રકાશનની અવધિ અનુસાર પણ પૃથક્કરણ આપવા સાથે એમણે જૈન પત્રકારત્વના આધારભૂત ઇતિહાસ માટેની સામગ્રી પૂરી પાડી હતી. જૈન પત્રકારત્વના વિકાસના તબક્કા, ભીતરી સ્વરૂપ, પત્રકારત્વની ધર્મ અને સમાજ જીવન પર અસર એમ વિવિધ દૃષ્ટિકોણથી એમણે અભ્યાસનિષ્ઠ નિબંધ રજુ કર્યો.

## તૃતિય બેઠક : જૈન સાહિત્ય સંગોષ્ઠિ

રવિવારે બપોરના ૩-૦ કલાકે 'જૈન સાહિત્ય સંગોષ્ઠિ અને સમાપન' અંગે તૃતીય બેઠકમાં (૧) જૈન દર્શનમેં નારી ભાવના વિષે આચાર્યા ડો. શાન્તા ભાનાવત (જયપુર), (૨) Economic History of India and Jain Community વિષે શ્રી ટી. શીનોડા (જાપાન), (૩) જૈન પ્રતીકને પગલે પગલે વિષે ડો. ભાઇલાલ બાવીશી (પાલીતાણા) (૪) જૈન ઇતિહાસ વિષે શ્રી ગજસિંહ રાઠોડ (જયપુર) (૫) શ્રી જિનાગમ અને જૈન સાહિત્ય વિષે પં. કપુરચંદ વારૈયા (પાલીતાણા) (૬) નેમિનાથ ફાગુ : એક પરિચય વિષે ડો. કનુભાઇ શેઠ (અમદાવાદ) (૭) ઉપાધ્યાય યશોવિજય કૃત સમાધિશતક : એક અધ્યયન વિષે ડો. શેખરચંદ્ર જૈન (ભાવનગર) (૮) જૈન સાહિત્ય : સંભાવનાઓંકે નયે ક્ષિતિજ વિષે ડો નેમિચંદ્રદજી જૈન (ઇન્દોર) (૯) ઉપાસક દશાંગસૂત્ર : એક અધ્યયન વિષે પ્રા. અરુણ જોષી (ભાવનગર), અને (૧૦) જૈન ગુર્જર સાહિત્યનું એક અમૂલ્ય સંદર્ભ સાધન વિષે પ્રા. જયંત કોઠારી (અમદાવાદ) વગેરેએ સંશોધન લેખો રજુ કર્યા હતા.

## જૈન દર્શનમાં સ્ત્રીનું સ્થાન

'જૈન દર્શનમેં નારી ભાવના' એ વિષય પરની રજૂઆતમાં આચાર્યા ડો. શાન્તા ભાણાવતે હિન્દુ અને બૌદ્ધ ધર્મમાં સ્ત્રીઓના સ્થાન અને અધિકાર આદિની તુલના દૃષ્ટિએ જૈન ધર્મમાં શી પરિસ્થિતિ છે એ સદૃષ્ટાંત જણાવ્યું. જૈન દર્શનમાં સ્ત્રી સન્માન અને સમાનતાની ભાવના ભગવાન ઋષભદેવના કાળથી છે. સૌ પ્રથમ કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને મોક્ષગમન ભગવાન ઋષભદેવના માતા મરુદેવીનું જણાવી, એમની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીને લિપિશાસ્ત્ર અને અંકગણિતનું શિક્ષણ આપ્યાનું એમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં કહ્યું : 'ભગવાન મલ્લિનાથ ઓગણીશમા તીર્થંકર થયા એ દૃષ્ટિએ સ્ત્રીની પણ તીર્થંકર થવાની ક્ષમતા જૈન ધર્મે સ્વીકારી છે તેમ જ જૈન દર્શને દાસી પ્રથાનો વિરોધ કરી સ્ત્રી સન્માન અને સમાનતાની ભાવના ચરિતાર્થ કરી છે.' સ્ત્રીના વિવિધ સ્વરૂપોમાં જીવનની ઉન્નતિમાં એ કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે એ એમણે સદૃષ્ટાંત સમજાવ્યું હતું.

## સંયમ-સાધનાના ઉપક્રમમાં સમાનતા અંગે સૂચનો

વર્તમાન સમયમાં સ્ત્રીની યોગ્યતા, સમાનતા અને અધિકારના સંદર્ભમાં કેટલાંક પ્રશ્નો એમણે રજુ કર્યાં હતા. તદનુસાર નવદીક્ષિત સાધુને દીક્ષાના સમયની દૃષ્ટિએ જ્યેષ્ઠ સાધ્વીએ પણ વંદન કરવું પડે અને સંયમ તેમજ સાધના પથમાં આગળ જવા છતાં ય સાધ્વીને વંદન કરવાનું યોગ્ય ગણ્યું નથી એ બાબત પુરુષપ્રધાન ચતુર્વિધ સંઘની વ્યવસ્થાનું પરિણામ હોવાનું જણાવી એમાં ગુણવત્તા અને સંયમ-સાધનાને લક્ષમાં રાખી પરિવર્તન કરવાનું સૂચન એમણે કર્યું હતું. વધુમાં દીક્ષા આપવાનો અધિકાર માત્ર સાધુઓને જ છે અને આચાર્યપદની પ્રતિષ્ઠા માત્ર સાધુ પૂરતી જ મર્યાદિત છે. તેમાં પણ ગુણવત્તા અને સંયમ-સાધનાને લક્ષમાં રાખી, સાધ્વીઓને એવા સ્થાન અને અધિકાર માટે યોગ્ય સમજી, એમાં પરિવર્તન લાવવાનું સૂચન પણ એમણે કર્યું હતું.

## ભગવાન મહાવીરની વિભાવના

'જૈન સાહિત્ય : સંભાવનાઓંકે નયે ક્ષિતિજ' એ વિષે વિચારો વ્યક્ત કરતાં ડો. નેમિચંદ્રજી જૈને કહ્યું : 'ભગવાન મહાવીરના સમયમાં સૌ પ્રથમ જૈન સાહિત્ય જન અભિમુખ થયું. એ પહેલાં એ વિદ્વદ્‌ભોગ્ય હતું. ભગવાન મહાવીરે ધર્મ, દર્શન, ન્યાય આદિ ગહન વિદ્યાશાખાઓને જનજીવન સાથે જોડવાનો અદ્વિતીય પ્રયાસ કર્યો, અને ધર્મને પણ સામાજિક સ્વરૂપ આપ્યું. વ્યક્તિ મુક્તિ અને સ્ત્રી-સ્વાતંત્ર્ય સાથે સામાજિક વિષમતાઓનો અંત લાવવાનું એમણે મહાભારત કામ કર્યું. એથી સમાજમાં ઐતિહાસિક ક્રાંતિ થઇ.' ધર્મનું પુનઃ વ્યવસ્થાપન અને યુક્તિયુક્તકરણ તરફ વિશેષ ધ્યાન ભગવાન મહાવીરે ખેંચ્યું અને સરળતાનું સમીકરણ રચીને સંપત્તિ તેમ જ સત્તા આદિનું દ્વિતીય કક્ષાનું યોગ્ય સ્થાન એમણે સમજાવ્યું એમ એમણે ઉમેર્યું હતું.

### સર્જનાત્મક સાહિત્યના પ્રકાશનની જરૂરિયાત

જૈન સાહિત્યની સંભવિત નવી ક્ષિતિજો તરફ અંગૂલિ-નિર્દેશ કરતાં એમણે કહ્યું : 'પ્રકાશન થતાં જૈન સાહિત્યમાં આજે સર્જકતા કેટલી છે અને પરંપરાગત કેટલું છે એ પ્રશ્ન વિચારવા જેવો છે. શુષ્ક જ્ઞાન અંગેનું સાહિત્ય માત્ર આપવાને બદલે સર્જનાત્મક સાહિત્યના પ્રકાશનને વિશેષ મહત્ત્વ આપવાની જરૂર છે. આજે પ્રકાશિત થતાં જૈન સાહિત્યમાં ૯૦% સાહિત્ય પરંપરાગત અને સાધુ પ્રણિત કે પ્રેરિત છે; ૮% સાહિત્ય વિવાદ અને પરસ્પર સંઘર્ષ અંગેનું છે અને માત્ર ૨% સાહિત્ય સર્જનાત્મક સાહિત્ય છે. આ ક્રમ ઉલટાવવો જોઇએ. પ્રકાશન થનાર સાહિત્ય અંગે નિર્ણય કરનારી અનુભવી અને નિષ્પક્ષ સમિતિ એનું મૂલ્યાંકન કરે ત્યારબાદ જ જૈન સાહિત્યનું પ્રકાશન થાય એવી વ્યવસ્થા થાય તો આ ક્રમ સહેલાઇથી ઉલટાવી શકાય.

### સામયિક અને પ્રકાશન : સ્વતંત્ર સામાજિક સ્વરૂપ

સર્જનાત્મક સાહિત્યના વિવિધ સ્વરૂપો જેવા કે કાવ્ય, નાટક, નવલકથા, નવલિકા, નિબંધ, સામયિક, અનુવાદ, લઘુકથા આદિના સર્જન તરફ વળવાની જરૂરિયાત પર ભાર મૂકીને સામયિક અને જૈન પત્રોનું સ્વતંત્ર સામાજિક સ્વરૂપ નથી એમ એમણે જણાવ્યું હતું. સમીક્ષા, તાત્ત્વિક કે નિતાંત પરંપરાગત સાહિત્ય સમકાલીન નથી અને એની ભાષાશૈલીમાં પણ કોઈ ઉલ્લેખનીય પરિવર્તન નથી એમ જણાવીને ડો. નેમચંદજી જૈને વાચક વર્ગની જાગૃતિના અભાવે સમજદાર વાચકવર્ગ તૈયાર થયો નથી એમ ઉમેર્યું હતું. એમણે વધુમાં જણાવ્યું : 'શૈલી કે ભાષા વિજ્ઞાનની દૃષ્ટિએ જૈન સાહિત્યનું ગહન મૂલ્યાંકન થયું નથી અને વિદ્વદ્‌વર્ગનું એ તરફ લક્ષ ગયું નથી. લેખકોની અધ્યયન વૃત્તિને ખીલવવી અને અલગ અલગ મહત્ત્વપૂર્ણ લેખકોના વ્યક્તિ-કોશના પ્રકાશનનું કાર્ય હાથ ધરવું જોઇએ. આ માટે આંદોલનપરક માનસને બદલે સમૂહ માનસના વિકાસ તરફ લક્ષ આપવું જોઇએ અને બાલ સાહિત્ય, કિશોર સાહિત્ય, પાઠ્ય પુસ્તક આદિ સાહિત્યના પ્રકાશનની મહત્વપૂર્ણ દિશામાં કામ કરવું જોઇએ.'

### જૈન ગુર્જર સાહિત્ય : અમૂલ્ય સંદર્ભ સાધન

પ્રા. જયંત કોઠારીએ 'જૈન ગુર્જર સાહિત્યનું અમૂલ્ય સંદર્ભ સાધન' વિષે બોલતાં જણાવ્યું : ગુજરાતી 'સાહિત્ય પરિષદ ગુજરાતી સાહિત્યના કોશનું કામ કરે છે. ઇ. સ. ૧૮૫૦ સુધીની કૃતિઓ અને કર્તાઓમાં મોટા ભાગની કૃતિઓ અને કર્તાઓ જૈન છે. એ માટે અમે 'જૈન ગુર્જર કવિઓ' (ત્રણ ભાગમાં)નો મુખ્ય આધાર લીધો છે, શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ કરેલું કામ અદ્‌ભુત છે. એકલે હાથે આવું મહાભારત કામ થઇ શકે એની આજે કલ્પના આવવી મુશ્કેલ છે.'

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇના કામનું સામગ્રી અને પદ્ધતિની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે એમ જણાવી પ્રા. જયંત કોઠારીએ કહ્યું : 'વ્યવસાયે વકીલાતના ધંધામાં વ્યસ્ત એવા એમણે વૈજ્ઞાનિક પદ્ધતિએ કામ કર્યું એ સામે મારું મસ્તક નમે છે. આમ તો એ હસ્તપ્રતોની યાદી છે. એમાં કૃતિના આરંભ અને અંત, મંગલાચરણ અને પ્રશસ્તિ આપવાથી કૃતિ સમય, ગુરુ પરંપરા, કર્તા વગેરે ઐતિહાસિક બાબતો નક્કી કરવામાં સરળતા રહે છે. આ બધામાં અગત્યની બાબત એ છે કે સતત જાગૃતિથી એમણે નવી માહિતી અને અર્થઘટનના આધારે સતત સુધારા કર્યા છે. તદુપરાંત એમણે જે સૂચિઓ આપી છે એવી સૂચિઓ આજ સુધી મેં ગુજરાતી ગ્રંથોમાં ક્યાંય જોઇ નથી. ૪૦૦૦ પૃષ્ઠોના આ ગ્રંથોમાં ૨૨૬ પૃષ્ઠો સૂચિના છે. એમાં કર્તા સૂચિ, કૃતિ સૂચિ, વર્ગીકૃત સૂચિ, જેમ કે, રાસાઓ, લોકકથાઓ વગેરેની સૂચિ, ગદ્યકારોની અલગ સૂચિ અને હસ્તપ્રત લિપિબધ્ધ થયાની સાલના સમાવેશ સાથે આપી છે. સ્થાન અને રાજકર્તાઓની પણ સૂચિ આપીને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં એવી કૃતિની નિર્ણાયકતાના દરવાજા એમણે ખોલી આપ્યા છે. આ ઉપરાંત પૂરક સામગ્રીઓ, ગુરુ પટ્ટાવળીઓ, કથા નામકોષ, દેશીઓની કક્કાવાર અનુક્રમણિકા અને સૂચિથી સંશોધકનો માર્ગ સરળ થયો છે અને એટલે વિરોધી પુરાવો ન મળે તો 'જૈન ગુર્જર કવિઓ'ના આ ગ્રંથને અમે અધિકૃત ગણીએ છીએ.'

### જૈન ભંડારો : સાચવણીની વિશિષ્ઠ પરિપાટી

જૈન સાહિત્યની આ વિભાગીય બેઠકના સંચાલક ડો. રમણભાઇએ સમાપન કરતાં કહ્યું : 'જૈન ધર્મમાં સાહિત્ય કૃતિ લખાય એ જ્ઞાન છે. તેની આશાતના ન થાય એટલે કાળજીપૂર્વક સાચવણીની એક વિશિષ્ઠ પરિપાટી ઊભી થઇ. એના પરિણામે ગ્રંથ ભંડારો ઊભા થયા અને એ ભંડારો સાર્વજનિક થયા. એમાં માત્ર જૈનોની કૃતિઓ સચવાઇ છે એવું નથી. આવા ભંડારોમાં વીસ લાખથી પણ વધુ જૈન જૈનેતર હસ્તપ્રતો અત્યારે મળે છે. એમાં કેટલીય હસ્તપ્રતો અમૂલ્ય અને ભાગ્યે જ મળે એવી અલભ્ય છે. ઉદ્યોતનસૂરિ કૃત 'કુવલયમાળા' નામક ગ્રંથની જેસલમેર અને ભાંડારકર ઇન્સ્ટીટ્યુટના સંગ્રહમાંથી માત્ર બે જ હસ્તપ્રત મળી અને ડો. આદિનાથ નેમિનાથ ઉપાધ્યેએ એનું સંશોધન-સંપાદન કર્યું. પ્રાકૃત ભાષાના કથાના પ્રકારનો છતાં ધર્મ તત્ત્વને વણી લેવામાં આવેલો આ અદ્‌ભુત ગ્રંથ છે. બાણની કાદંબરી સાથે એને અતિશયોક્તિ વિના મૂકી શકાય. આપણે જૈન છીએ, એટલે સંકુચિતતા કે અભિમાનથી એમ કહીએ છીએ એવું નથી, પરંતુ જૈનેતર વિદ્વાનોએ પણ આ ગ્રંથની પ્રશંસા કરી છે.'

### પ્રત્યેક દાયકાની ભાષાનો આધાર જૈન ભંડારો

એમણે વધુમાં કહ્યું : 'પશ્ચિમના વિદ્વાનોએ સ્વીકાર્યું છે, કે ભાષા વિજ્ઞાનની દૃષ્ટિએ પ્રત્યેક દાયકાની ભાષા જોવી હોય તો દુનિયામાં માત્ર જૈનો પાસેથી જ મળે છે. છેલ્લા ૮૦૦ વર્ષની વાત કરીએ તો આ ભંડારોમાં સચવાયેલી કૃતિઓમાં પ્રત્યેક દાયકાની ભાષા જોવા મળે છે. ભાષા વિજ્ઞાનની દૃષ્ટિએ, સામાજિક સંદર્ભની દૃષ્ટિએ એનો અભ્યાસ કરવા જેવો છે, અને ભવિષ્યમાં એમ થશે પણ ખરું. ડો. રમણભાઇના વક્તવ્ય સાથે સમારોહ પૂરો થયો હતો.

આ ઉપરાંત જે વિદ્વાનો આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા ન હતા પરંતુ એમના તરફથી સંશોધન-લેખો પ્રાપ્ત થયા હતા એની યાદી આ પ્રમાણે છે :

૧. આપણા બાલાવબોધ શ્રી કે. કા. શાસ્ત્રી, (અમદાવાદ)
૨. ભક્ત ત્રિમૂર્તિ : આનંદઘનજી યશોવિજયજી અને દેવચંદ્રજી, ડો. ભગવાનદાસ મનસુખલાલ મહેતા (મુંબઇ)
૩. શ્રીમદ્ રાજચંદ્ર : એક મહાવિભૂતિ. ડો. ભગવાનદાસ મનસુખલાલ મહેતા (મુંબઇ)
૪. જૈન ધર્મમાં સ્યાદ્વાદ, શ્રી દિલસુખ કૃતેહચંદ મહેતા, (મોરબી)
૫. જૈન કથા સાહિત્ય : કેટલીક લાક્ષણિકતા ડો. હસુ યાજ્ઞિક,(અમદાવાદ)

આ રીતે ચતુર્થ જૈન સાહિત્ય સમારોહ સફળતાપૂર્વક ઊજવાયો. એ માટે સૌને અભિનંદન. (સંપૂર્ણ)

# 'કેથેડ્રલમાં હત્યા'માંથી સમૂહપાઠ

❖ ટી. એસ. એલિયટ
★ જયા મહેતા

[૧]

અમે નથી ઇચ્છતા કે કાંઇ પણ બને.
સાત વર્ષ અમે શાંતિથી જીવ્યા છીએ.
ધ્યાન ખેંચવાનું ટાળવામાં સફળ થયા છીએ.
જીવ્યા કર્યું છે, અધુંપધું જીવ્યા કર્યું છે.
જુલમો અને ભોગવિલાસ વેઠ્યા છે,
ગરીબાઇ અને દુરાચાર ભોગવ્યા છે,
નાના નાના અન્યાયો સહ્યા છે,
તોયે અમે જીવ્યા કર્યું છે,
જીવ્યા કર્યું છે, અધુંપધું જીવ્યા કર્યું છે.
કયારેક પાક નિષ્ફળ ગયો છે,
કયારેક પાક સારો ઊતર્યો છે,
એક વર્ષ વરસાદનું વર્ષ
તો બીજું સુકકું કોરું.
એક વર્ષ અસંખ્ય સફરજન પાકે છે.
બીજે વર્ષે જરદાળુ પાકતાં નથી.
તોયે અમે જીવ્યા કર્યું છે, અધુંપધું જીવ્યા કર્યું છે.
અમે તહેવારો મનાવ્યા છે, ક્રીતંન પ્રવચનો સાંભળ્યાં છે.
અમે બિયર અને સફરજનમાંથી પીણું બનાવ્યાં છે.
શિયાળાનો સામનો કરવા લાકડાં ભેગાં કર્યાં છે,
તાપણાની બાજુમાં બેસીને વાતો કરી છે,
રસ્તાઓને નાકે ઊભા ઊભા વાતો કરી છે,
વાતો કરી છે, હંમેશાં ધીમે અવાજે નહીં.
જીવ્યા કર્યું છે, અધુંપધું જીવ્યા કર્યું છે.
અમે જન્મ, મૃત્યુ અને લગ્ન જોયાં છે.
અમે લગ્નબાહ્ય વર્તનો જોયાં છે.
અમને કરવેરાથી પીડવામાં આવ્યા છે.
અમે હરયા છીએ ને કૂથલીઓ કરી છે.
કેટલીયે છોકરીઓ ગુમ થઇ ગઇ છે,
એનો હિસાબ નથી, અને કેટલીક નથી થઇ શકી.
અમને બધાને અમારા ખાનગી ભય છે,
અમારા વિશિષ્ટ પડછાયા છે, અમારા છૂપા ભય છે.
પણ હવે અમારી ઉપર એક મહાન ભય છે,
એકનો નહીં, અનેકનો ભય,
જન્મ અને મૃત્યુને અલગ રીતે એકલા જોઇએ છીએ ત્યારે
જન્મ અને મૃત્યુ જેવો ભય,
અમે જેને જાણી શકતા નથી, જેનો સામનો કરી શકતા નથી,
જેને કોઇ સમજી શકતું નથી,
એ ભયથી અમે ડરીએ છીએ
અને અમારી અંદરથી અમારાં હૃદય ચીરી નાખવામાં આવે છે,
ડુંગળીનાં પડ ઉતારીએ એમ અમારાં મગજને
છોલી નાખવામાં આવે છે,
કાંઈ નથી સમજાતું એવા છેવટના ભયમાં
અમારી અસ્મિતા ખોવાઇ ગઇ છે, ખોવાઇ ગઇ છે.

[૨]

અમે સુખી નહોતા, હે ગુરુદેવ, અમે બહુ સુખી નહોતા.
અમે અજ્ઞાની સ્ત્રીઓ નથી, અમારે જ્ઞાની અપેક્ષા રાખવી અને
જ્ઞાની નહીં તે અમે જાણીએ છીએ.
અમે જુલમ અને અત્યાચાર શું છે તે જાણીએ છીએ.
અમે લૂંટ અને હિંસાને
કંગાલિયત અને રોગને જાણીએ છીએ.
શિયાળામાં તાપણા વગર વૃદ્ધો
ઉનાળામાં દૂધ વગર બાળકો
અમારું મહેનતાણું અમારી પાસેથી ખૂંચવી લેવામાં આવ્યું છે.
અમારાં પાપને ભારેખમ કરી અમારી પર લાદવામાં આવ્યાં છે.
યુવાન માણસને અપંગ બનાવાતો અમે જોયો છે.
ચીરી ફાડી નાખવામાં આવેલી છોકરીને જળચક્કી પાસે
થથરતી અમે જોઇ છે.
અને તે દરમિયાન અમે જીવ્યા કર્યું છે.
સૂવા અને ખાવા અને પીવા અને હસવા માટે
ટુકડાઓ ભેગાં કરતાં,
અમે જીવ્યા કર્યું છે, અધુંપધું જીવ્યા કર્યું છે.
ઇશ્વરે અમને હંમેશા આપ્યું છે કંઇક કારણ, કંઇક આશા;
પણ હવે એક નવા ભયે અમને લાંછન લગાડયું છે.
અમારા પગ નીચેથી અને આકાશ પરથી વહેતો
બારણાં નીચે અને ચીમનીમાંથી અંદર, કાનમાં ને મોઢામાં ને
આંખમાં વહેતાં
જેને કોઇ રોકી ન શકે, ટાળી ન શકે.
ઇશ્વર અમને ત્યજી રહ્યો છે, ઇશ્વર અમને ત્યજી રહ્યો છે,
જન્મ અને મૃત્યુ કરતાં પણ વધુ સંતાપ, વધુ પીડા.
ભીડી અને ઊભરાતી નિરાશાની ગૂંગળાવતી ગંધ
ગાઢ હવામાં થઇને આવે છે.
આકૃતિઓ ગાઢ હવામાં આકાર ધારણ કરે છે :
ચિત્તાનો ઘૂરકાટ, ગાદીવાળા રીંછનો પગરવ,
માથું ઘૂણાવતા વાનરની હળવી થપાટો, જરખ રાહ જુએ છે.
હાસ્ય હાસ્ય હાસ્ય માટે. નરકના સત્તાધીશો અહીં છે.
તેઓ તમારી આસપાસ ગોળ ગોળ ફરે છે, તમારા પગમાં
જુહાણું ઊચરે છે, ઝૂલે છે અને ગાઢી હવામાં થઇને ઊડે છે.

## અવગાહન

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના ઉત્તમ લેખો ચૂંટીને જેમાં સમાવ્યા છે તે પુસ્તક અવગાહનની કીંમત રૂા. ૧૮) છે. તે આપણે રૂા. ૧૨) માં સભ્યોને આપતા હતા. હજુ થોડી નકલો સીલકમાં છે. જેમને "અવગાહન" પુસ્તક જોઇતું હશે તેમને હવે ફકત ૧૦) જ રૂપિયામાં મળશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ ૧-૩-૮૩ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## લિઝનાં આઠમા લગ્ન

રમણલાલ ચી. શાહ

લિઝના ટૂંકા નામથી ઓળખાતી જગવિખ્યાત અભિનેત્રી એલિઝાબેથ ટેયલર ફરી પાછી દુનિયાભરનાં છાપાઓમાં ચમકી છે. પચાસ વર્ષની ઉંમરે તે હવે મેક્સિકોના ધારાશાસ્ત્રી વિક્ટર લ્યૂનાની સાથે આઠમાં લગ્ન કરવાની છે. છ પુરુષો સાથે તેનાં કુલ સાત લગ્ન થઇ ચૂક્યાં છે, કારણ કે રિચાર્ડ બર્ટન નામના અભિનેતા સાથે તેણે બે વાર લગ્ન કર્યાં હતાં.

લિઝ ટેયલર કરતાં વધુ વખત લગ્ન કરનાર દુનિયામાં ઘણી સ્ત્રીઓ છે (પુરુષોમાં તો ૧૦૦ થી વધુવાર લગ્ન કરનારના દાખલાઓ પણ નોંધાયા છે.), પરંતુ લિઝ ખ્યાતનામ છે, માટે એનું નામ છાપાઓમાં ચમકે છે.

ચલચિત્રના ક્ષેત્રે લિઝે કિશોરાવસ્થામાં પ્રવેશ કર્યો ત્યારથી પોતાનાં રૂપ અને હોંશિયારીને કારણે તે એ ક્ષેત્રની ઘણી વ્યક્તિઓની નિશાન બનતી આવી છે. તેમ એ ક્ષેત્રના અને અન્ય ક્ષેત્રોના મહારથીઓને પણ નચાવવાની કળા તેના જેની ચંચળ અને જાજ્વલ્ય રૂપવતી પાસે ન હોય એવું માની શકાય નહિ.

લગ્ન અને વિચ્છેદનો ક્રમ એના જીવનમાં એટલો બધો ચાલ્યો છે કે આ હવે એનાં છેલ્લાં લગ્ન છે એમ માનવાની ઉતાવળ કોણ કરશે? પરણનાર વ્યક્તિઓ પણ કદાચ આ પોતાનું છેલ્લું લગ્ન છે એમ અંતરના ઊંડા ખૂણે નહિ માનતી હોય.

જેમ ઇન્દિરા ગાંધી કોઇપણ એક વ્યક્તિને સત્તા-સ્થાન ઉપર વધુ સમય સ્થિર થવા દેવામાં માનતાં લાગતાં નથી, તેમ પોતાના પતિ તરીકે લાંબો સમય કોઇને સ્થિર થવા દેવામાં કદાચ લિઝ ટેયલર નહિ માનતી હોય શું? પોતાની બરાબરી કરી શકવાની પાત્રતા દુનિયાના કોઇ પણ પુરુષમાં નથી, અથવા પોતાનું નામ કોઇ પુરુષને વધારે વખત વટાવી ખાવા દેવું નથી, એવી કોઇ ગ્રંથિ એના ચિત્તમાં કામ નહિ કરતી હોય ને?! એક તો રૂપ, તેમાં વળી અભિનય ક્ષેત્રે અનેરી સિદ્ધિ અને અઢળક સંપત્તિ, આ ત્રણ હોય પછી સ્ત્રીને કોની પરવા રહે?

જેને છ પુરુષો સાથે ફાવ્યું નહિ એને પોતાની સાથે શું કાયમ માટે ફાવશે ખરું?-એવો પ્રશ્ન પરણનાર પુરુષને નહિ થતો હોય એમ કેમ કહી શકાય? જો ખરેખર જ આવો પ્રશ્ન થતો હોય તો પછી આપણને પ્રશ્ન થાય કે આવા પુરુષો પરણવા શા માટે તૈયાર થતા હશે? જગવિખ્યાત અભિનેત્રી એક દિવસ માટે પણ પોતાની પત્ની બને તો પોતે ધન્ય થઇ જાય એવા ક્ષુદ્ર વાસના, લિઝના ભાતભાતના મોંઘાદાટ શોખને પોષી શકે એવા અનેક શ્રીમંત પુરુષોમાં પડેલી હોઇ શકે. લિઝની સાથે પોતે પણ ખ્યાતનામ બનશે એવી એક એષણા પણ તેમાં કામ કરતી હોય છે.

ફાવશે ત્યાં સુધી ઠીક છે, નહિ તો પછી છૂટાછેડા કર્યા નથી લઇ શકાતા?-એવા વિચારે જે વ્યક્તિ લગ્ન કરે છે તે વ્યક્તિ આરંભથી જ એક જુદી ભૂમિકા ઉપર ગોઠવાઇ જાય છે અને નજીવું કારણ મળતાં જ વિચ્છેદની વૃત્તિ એનાં ચિત્તમાં જોર કરતી હોય છે. એમાં પણ આવાં શ્રીમંત સ્ત્રી-પુરુષોને જે વકીલો ઘણી મોંઘી ફી લઇને લગ્નના કરાર કરી આપતા હોય છે તે જ વકીલો છૂટાછેડાનાં કાગળિયાં પણ પહેલેથી તૈયાર જ રાખતા હોય છે!

ચલચિત્રના ક્ષેત્રમાં કાર્ય કરતી વ્યક્તિઓ માટે જાતીય સંયમ રાખવાનું દુષ્કર ગણાય છે. જેનો દેહ તંદુરસ્ત અને સમપ્રમાણ હોય અને ચહેરો અત્યંત આકર્ષક હોય એવાં યુવાન સ્ત્રી-પુરુષોની એ ક્ષેત્રમાં પસંદગી થાય છે. આકર્ષક રૂપ ઉપરાંત, રપશની છૂટછાટ અને વખતો-વખત થતા પ્રણયના મુક્ત રિહર્સલને કારણે સ્ત્રી-પુરુષ પરસ્પર આકર્ષાય એ તે ક્ષેત્રની સ્વાભાવિક ઘટના છે. પરિણામે એ ક્ષેત્રમાં પડેલી પરિણીત કે અપરિણીત વ્યક્તિઓનો એક કરતાં વધારે વ્યક્તિઓ સાથે દેહસંબંધ કે લગ્ન સંબંધ થાય તે એમાં પડેલા લોકોમાં બહુ ટીકાપાત્ર ગણાતી વાત નથી. અભિનય-કલામાં કુશળ બનેલાં નટનટીઓ આ બાબતમાં પણ એકબીજાને રીઝવવા માટે સારો અભિનય કરી શકતાં હોય છે. એટલે લગ્ન અને વિચ્છેદની ઘટના એમાં બહુ ઝડપથી બને છે. છૂટાછેડા લેવાશે તો પોતાનું શું થશે, તેની ફિકર સંપત્તિ અને કીર્તિના કારણે તેમને બહુ રહેતી નથી. લોકનિંદાની તેમને પરવા હોતી નથી. કમારેક કોઇક તો એમ માનતા હોય છે કે આવી કંઇક વિવાદાસ્પદ વાતો પોતાના માટે વહેતી થાય અને લોકોમાં ચકચાર જાગે તો એથી ચલચિત્રના ક્ષેત્રે પોતાને લાભ થાય એમ છે.

યુરોપમાં અને વિશેષતઃ અમેરિકામાં, ચલચિત્રોમાં કામ કરનારાઓની દુનિયા બહુ અનોખી છે. મન ફાવે ત્યારે પરણવું અને મન ફાવે ત્યારે છૂટાછેડા લેવા એવી પ્રવૃત્તિ ત્યાં બહુ વેગથી ચાલતી હોય છે. એમ કહેવાય છે કે હોલીવૂડમાં વસતિના પ્રમાણમાં લગ્નો ઘણાં વધારે નોંધાય છે. પરંતુ હજી સુધી ત્યાં કોઇએ (રોબર્ટ રેડફોર્ડ જેવા એકાદ અપવાદ સિવાય) પોતાનાં લગ્ન જીવનની રજતજયંતી ઊજવી નથી.

આઠ-દસ વર્ષનું દામ્પત્યજીવન તો થકવી નાખે એટલું લાંબું તેમને લાગતું હોય છે.

એક વખત હું સાન ફ્રાન્સિસ્કોથી રાતના બસમાં લોસ એન્જલસ જઈ રહ્યો હતો. તે વખતે મારી પાછળ બેઠેલી એક પ્રૌઢ મહિલા પોતાની કોઈ બહેનપણી સાથે બહુ મોટેથી વાતો કરતી હતી. તે પ્રૌઢ મહિલા થોડી થોડી વારે એમ બોલતી, 'Yes, my ex-husband also used to tell me like that.' અને બાજુની મહિલા કોઈ કોઈ વખત એને પૂછતી, 'Which number?' જવાબમાં તે મહિલા કોઈ વખત ત્રણ નંબરનાં પતિનો, કોઈ વખત ચાર નંબરના પતિનો, તો કોઈ વખત બે નંબરના પતિનો ઉલ્લેખ કરતી. કહેનાર મહિલા પોતાના ભૂતપૂર્વ પતિઓની વાત બહુ સ્વાભાવિકતાથી કરતી હતી. વિવિધ પતિઓ સાથેના દામ્પત્યને લીધે એનું જીવન કદાચ બહુ સુખી નહિ હોય, તો પણ ઘણું અનુભવસમૃદ્ધ બન્યું હશે એમ એની વાતો પરથી લાગતું હતું.

લંડનમાં એક મિત્રને ત્યાં અમે ગયાં હતાં. પોતાના પાડોશીની વાત નીકળતાં એમણે કહ્યું, 'આ યુવાન દંપતીએ હવે પોતાનાં માતા-પિતા સાથેનો સંબંધ કાપી નાખ્યો છે, કારણ કે વિધુર વેવાઈ અને ત્યકતા વેવાણ બંને એકબીજા સાથે પરણી ગયાં છે.' એક વાર્તા જેવી આ ઘટના અમને સાંભળવા મળી. આવી ઘટના આપણા દેશમાં બને તો ઘણી જાહેર ચકચાર થાય. પશ્ચિમના દેશોમાં પાડોશીઓ પણ એની ખાસ નોંધ ન લે.

સ્ત્રી કે પુરુષ ગમે તેટલામી વાર લગ્ન કરે તો પણ નવાં લગ્નમાં ઉત્સાહપૂર્વક એક બીજાને અનુકૂળ થઈ જવાની અને એકબીજાને રાજી રાખવાની વૃત્તિ આરંભમાં તો અવશ્ય રહેતી હોય છે. કેટલોક સમય વીત્યા પછી પરસ્પરનું આકર્ષણ થોડું ઘટવા લાગે છે, સ્થિતિસ્થાપકતા આવે છે, અને સમય જતાં જ્યારે પ્રત્યેકની સ્વભાવગત નબળાઈઓ પ્રગટ થવા લાગે છે, ત્યારે વિસંવાદ અને ઘર્ષણ ચાલુ થાય છે, અને એકબીજાથી છૂટા થવાની વાત થવા લાગે છે.

અમેરિકામાં સહુથી વધુ સરળતાથી છૂટાછેડા આપનારું શહેર તે રિનો ગણાય છે. 'પત્ની નસકોરાં બોલાવેછે,' 'પતિ જે લોશન મોઢે લગાડે છે તેની વાસ ગમતી નથી,' 'પત્ની ટેલિફોન ઉપર લાંબી વાત કર્યા કરે છે,' 'પતિ મને પૂછ્યા વગર મારી ગાડી વાપરે છે,' એવાં એવાં નજીવાં બાલિશ કારણોસર પણ ત્યાં તત્ક્ષણ છૂટાછેડા આપી દેવાય છે! નજીવી બોલાચાલી થતાં 'લે તારાં બલોયાં અને આજથી તું મારો નાથોકાકો' એવું તુચ્છકાર વચન પોતાના પતિ નાથાલાલને સંભળાવીને તરત ફારગતિ લઈ આકાશ ફાડવતી એ કહેવતવાળી કોઈક ગુજરાતણને સમદુઃખી સખીઓ રિનોમાં ઘણી બધી મળી રહે.

પશ્ચિમના દેશોમાં મા-બાપે ગોઠવેલાં લગ્ન કરતાં યુવક-યુવતીઓ પરસ્પર અનુરાગ અનુભવ્યા પછી પોતાની પસંદગીથી કરેલાં સ્નેહલગ્ન સવિશેષ હોય છે. તેમ છતાં ત્યાં છૂટાછેડાનું પ્રમાણ વધુ હોય છે. એનો અર્થ એ થયો કે જેને પ્રેમ માનવામાં આવ્યો તે ક્ષણિક પ્રેમ હતો અથવા માત્ર યૌવન સહજ દેહાકર્ષણ હતું.

પશ્ચિમના દેશોમાં એકબીજા પ્રત્યે આકર્ષણ થવા માટે યુવક અને યુવતીની કેટલીક સ્વભાવગત અસાધારણ ખાસિયતો કારણરૂપ હોય છે, જે એકબીજાને બહુ ગમી જાય છે; પણ લગ્નજીવનનો તરવરાટ શમી જતાં યુવાનીમાં ગમી ગયેલી એક બીજાની ખાસિયતો કયારેક પાછળથી અસહ્ય થઈ પડે છે અને જે ખાસિયતોએ લગ્નજીવન જોડી આપ્યું એ જ ખાસિયતો છૂટાછેડાનું નિમિત્ત બને છે!

સ્ત્રી જ્યારથી કમાતી થઈ અને પોતાની કમાણી ઉપર સ્વતંત્ર રીતે પગભર રહી શકતી થઈ ત્યારથી પશ્ચિમનાં દેશોમાં દામ્પત્યજીવનનાં બંધનો શિથિલ થવાં લાગ્યાં છે. વ્યક્તિનાં સુખ-ચેન અને વિકાસની દૃષ્ટિએ કેટલાંકને આ પરિસ્થિતિ ઇષ્ટ લાગે છે, તો બીજી બાજુ સંતાનોના વિકાસ અને પ્રેમની દૃષ્ટિએ કેટલાંકને આ પરિસ્થિતિ વિઘાતક લાગે છે.

એશિયા અને આફ્રિકા કરતાં યુરોપ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં જ્યાં ગોરી પ્રજા વસે છે ત્યાં લગ્નવિચ્છેદ અને પુનર્લગ્નનું પ્રમાણ વધુ છે. સ્ત્રી કે પુરુષ એક કરતાં વધુ લગ્ન કરે એની આપણને જેટલી નવાઈ લાગે તેટલી નવાઈ ત્યાંની પ્રજાને લાગતી નથી. અલબત્ત, છૂટાછેડા લઈ, પુનર્લગ્ન કરી વધુ સુખી થયાં હોય એવાં દંપતીઓના દાખલા પણ ત્યાં પુષ્કળ જોવા મળે છે.

જે લોકો માત્ર ભોગોપભોગમય ઇન્દ્રિયાર્થ જીવન જીવવા ઇચ્છતા હોય છે, જેઓ પરહિતચિંતાથી નિવૃત્ત છે અને જેઓ અહંકેન્દ્રી છે તેઓ પુનર્લગ્ન કરીને નવી તાજગી અને નવો ઉલ્લાસ અનુભવતાં હોય છે. કયારેક કેટલાકને લગ્ન પણ બંધનરૂપ લાગતું હોય છે. પરિણામે પાશ્ચાત્ય દેશોમાં સ્ત્રી-પુરુષો વચ્ચે લગ્નનાં બંધન વિનાનો મુકત સહચાર વધતો જાય છે. અનેક દાખલાઓમાં દામ્પત્યજીવન માત્ર સપાટી પરનું જિવાય છે. પ્રસન્ન, મધુર દામ્પત્યજીવનનું ઊંડાણ કેવું અતલ હોય છે અને એનું મૂલ્ય કેટલું બધું હોય છે તેની કલ્પના, આવું સપાટી પરનું જીવન જીવનારાઓને કયારેય આવી શકતી નથી.

દામ્પત્યજીવન અને ગૃહસ્થ જીવન ઉપર ધર્મનો પ્રભાવ પણ ઘણો મોટો હોઈ શકે. ભારતની પ્રજા જન્મજન્માંતરમાં અને ઋણાનુબંધમાં માને છે. ભારતમાં લગ્ન-સંસ્થાના પાયામાં ધર્મની સ્થાપના બહુ પ્રાચીન સમયથી છે. વેદો, ઉપનિષદો, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ, ગૃહ્યસૂત્ર, મહાભારત, રામાયણ ઇત્યાદિ ગ્રંથોમાં દામ્પત્યજીવનનો મહિમા સુપેરે ગવાયો છે. પ્રીતિયોગ તરીકે એને બિરદાવવામાં આવ્યો છે. અગ્નિની સાક્ષીએ થતાં લગ્નમાં બોલાતી સપ્તપદીમાં અનેરી ભાવનાઓ પણ ગૂંથી લેવામાં આવી છે.

બીજી બાજુ પાશ્ચાત્ય જીવનમાં સામાન્ય રીતે જન્મજન્માંતરની વાત નથી. પ્રાપ્ત થયેલાં જીવન પૂરતી જ વાત ત્યાં હોય છે. એ જીવનને સ્થૂલ દૃષ્ટિએ વધુમાં વધુ સુખસગવડમય અને આનંદપ્રમોદમય કેમ બનાવી શકાય તેની વિચારણા રહેલી છે. ત્યાં કેટલાંયે દંપતી, સુખી દામ્પત્યજીવનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે; તો પણ જ્યાં માત્ર ભૌતિકવાદી જીવન જિવાય છે ત્યાં કષ્ટમય દિવસો ન વીતાવતાં, છૂટાછેડા લઈ પોતાનો રસ્તો પોતે કરી લઈને સુખમય દિવસો પસાર કરવા એવી વૃત્તિ વિશેષ રહેલી હોય છે. એવા સમાજમાં પણ શરીર જ્યારે ઉપભોગને લાયક રહેતું નથી ત્યારે વખતોવખત જીવનસાથી બદલનારની સ્થિતિ કરુણ બને છે.

આપણા શાસ્ત્રકારોએ લગ્નજીવનનાં ત્રણ હેતુ બતાવ્યા

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૨)

# "આખું બ્રહ્માંડ સંવાદપૂર્ણ છે" — આઈન્સ્ટાઈન

ડૉ. યશવંત ત્રિવેદી

ઓગણીસમી અને વીસમી શતાબ્દીમાં વિશ્વને ઘણી મોટી પ્રતિભાઓ મળી. એમનાં કાર્યોથી વિશ્વ અનેક ડગલાં આગળ ગયું છે. આલ્બર્ટ આઈન્સ્ટાઇન આવી વિરલ વિભૂતિ હતા. એમનાં વૈજ્ઞાનિક સંશોધનોને લીધે વીસમી સદીના પ્રારંભમાં ખૂબ મોટી હલચલ મચી ગઇ. ૧૮૭૯ માં એમનો જન્મ થયો હતો આઇન્સ્ટાઇનનાં વૈજ્ઞાનિક સંશોધનોએ વિજ્ઞાનની ઉત્ક્રાંતિની યાત્રામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. ભૌતિક વિજ્ઞાનમાં અગાઉ જે સંશોધનો થયાં હતાં તેમાં આઇન્સ્ટાઇનના સિદ્ધાંતોને લીધે આમૂલ પરિવર્તનો આવ્યાં. અગાઉ ગેલિલીઓ, ન્યૂટન વગેરેએ ઘણું કામ કર્યું હતું, પણ આઇન્સ્ટાઇનનાં સંશોધનોને લીધે તેમાં ઘણા ફેરફાર કરવા પડયા. ૧૯૦૫ માં 'ઇલેક્ટ્રોડાયનેમિક્સ ઓફ મુવિંગ બોડીઝ' નામના તેમના ત્રીજા નિબંધે તેમને વિશ્વખ્યાત કર્યા. સ્થળ અને સમય સંદર્ભે તેમણે નવો સિદ્ધાંત આપ્યો.

ગેલિલીઓ અને ન્યૂટનની ભૂલોને તેમણે સુધારી. જ્યારે એમને સાપેક્ષવાદના સિદ્ધાંત વિષે હાન્સ રિશનબાએ પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે કહ્યું કે 'મેં એ સિદ્ધાંત શોધી કાઢયો, કારણ કે મને નિશ્ચયપૂર્વક પ્રતીતિ થઇ ગઇ હતી કે આખું બ્રહ્માંડ સંવાદપૂર્ણ છે.' વળી તેમણે કહેલું કે મારા પૂર્વસૂરિઓની ખાંધે બેસીને જ આ શક્ય બન્યું છે. કોઇ પોતે માત્ર પોતાનો જ દીપ હોઇ શકે નહીં. એમણે ગેલિલીઓ, ન્યૂટન, મેક્સવેલ અને લોરેન્જના ઋણનો વારંવાર સ્વીકાર કર્યો છે.

આઇન્સ્ટાઇન ખૂબ જ મોટી પ્રતિભા ધરાવનાર વૈજ્ઞાનિક હતા એ માનતા હતા કે પ્રયોગશાળામાં સિદ્ધ થાય તે સિદ્ધાંત જ ટકી શકે. વળી તેઓ એમ પણ માનતા હતા કે કુદરતના મૂળભૂત સિદ્ધાંતો ખૂબ જ સરળ હશે. જે સિદ્ધાંતનું પ્રતિપાદન કરવું હોય તેને વિષે પૂરી વિશ્વસ્તતા હોવી જોઇએ. સાપેક્ષવાદનો સિદ્ધાંત, જે વિશ્વવિખ્યાત થયો તેની તારવણી તેમણે ફક્ત દોઢ પાનામાં સમાવી હતી.

આઈન્સ્ટાઇને આખા બ્રહ્માંડનાં સર્જન, તેની સ્થિતિ અને અંત વિષે મર્મપૂર્ણ સંશોધનો કર્યાં છે. આ મનીષી વૈજ્ઞાનિકને આખું બ્રહ્માંડ નિયંતાએ યથાસ્થાને ગોઠવેલું લાગ્યું. 'હામ'ની ઓવ ધ યુનિવર્સ"—પરિબ્રહ્મની સંવાદિતાની એક જબરદસ્ત કલ્પના એ કંઇ નાનીસૂની વાત નથી. તત્ત્વજ્ઞ કે ધર્મપુરુષ જે કલ્પનાશીલતાથી પરિબ્રહ્મ વિષે વિચારે તેવી કાવ્યમય કલ્પનાશીલતાથી તેમણે વિશ્વ વિષે વિચાર કર્યો છે. પરમાત્માની ગોઠવાયેલી સૃષ્ટિનો સ્વીકાર કરીને આ વૈજ્ઞાનિક મનીષીએ ઇશ્વરના અસ્તિત્વને સ્વીકાર્યું છે. પ્રકાશની ગતિને મૂળભૂત (એબ્સોલ્યુટ) માનીને તેઓ આપણા ઇશાવાસ્ય ઉપનિષદના મંત્રનું સ્મરણ કરાવે છે.

'પૂર્ણમદઃ પૂર્ણમ્ ઇદં પૂર્ણાત્ પૂર્ણમ્ ઉદચ્યતે;
પૂર્ણસ્ય પૂર્ણમાદાય, પૂર્ણમેવાવ શિષ્યતે'

એટલે કે પૂર્ણમાંથી પૂર્ણ બાદ જાય તો પૂર્ણ જ બાકી રહે એમ ઉપનિષદે કહ્યું છે. આઇન્સ્ટાઇન પણ કહે છે કે પૂર્ણમાંથી કશુંય બાદ થાય કે પૂર્ણમાં ઉમેરાય તો ય પૂર્ણ પૂર્ણ જ રહે છે.

સાપેક્ષવાદનો એમનો સિદ્ધાંત એ છે કે સ્થિર પદાર્થના દ્રવ્યરાશિ કરતાં ગતિશીલ પદાર્થના દ્રવ્યરાશિમાં ફરક પડે છે.

આઇન્સ્ટાઇનનું સંશોધન એ છે કે અવકાશ કે સમય પણ સાપેક્ષ છે. એમણે વિશિષ્ટ સાપેક્ષવાદના સિદ્ધાંતમાં ત્રણ વસ્તુ તારવી આપી. (અ) કોઇ પણ પદાર્થ પ્રકાશની ગતિની નિકટ આવે તો તેનું કદ ઓછું થાય છે (બ) ઘડિયાળ ધીમી ચાલે; અને (ક) પદાર્થના દ્રવ્યમાં વધારો થાય. સાપેક્ષવાદની આધારશિલા સંબંધ-સાપેક્ષતા છે. માણસ જે કંઇ જુએ છે ત્યારે તે દૃશ્ય પદાર્થ જોડે કેવો સંબંધ રાખે છે તેના પર બધું આધારિત છે. સ્થિર કે ગતિશીલ પદાર્થ સાથે એ ભિન્ન સંબંધથી જુએ છે, તે બન્નેનો તેનો અનુભવ જુદો છે. જો કોઇ વ્યક્તિ પોતે સ્થિર હોય અને તે ઝડપી ગતિથી જતા યાનમાં પદાર્થોને જુએ તો તેને તે ખૂબ જુદા સ્વરૂપે દેખાય. એને લાગે કે કદ ઓછું થઇ જાય છે, ઘડિયાળ ધીમી ચાલે છે અને યાનમાં બેઠેલી વ્યક્તિની ઉંમર ધીમી ગતિએ આગળ વધે છે. આ વસ્તુને રસપ્રદ રીતે મૂકીએ. યાનમાં બેઠેલો માણસ પૃથ્વી પર પાછો ફરે ત્યારે તેની જ ઉંમરના પૃથ્વી પર રહેલા માણસો કરતાં તેની વય ઓછી હોય છે.

એમણે એમના સિદ્ધાંતમાં પ્રતિપાદન કર્યું કે દ્રવ્યરાશિ (માસ) અને શક્તિ (એનર્જી)નું એકમેકમાં રૂપાંતર કરી શકાય છે. દ્રવ્યમાન અને શક્તિ વચ્ચેનો સંબંધ એમણે રજૂ કર્યો. શક્તિ એ દ્રવ્યમાન × (પ્રકાશની ગતિ) ૨ છે. આ સિદ્ધાંત પ્રમાણે અણુબોમ્બની યોજના કરવામાં આવી હતી. દ્રવ્યરાશિના વિસ્ફોટથી જબ્બર વિનાશક શક્તિ ઉત્પન્ન થઇ અને બીજા વિશ્વયુદ્ધમાં હિરોશિમા અને નાગાસાકીનો ધાણ નીકળી ગયો.

સમય અને દિશાઓના બનેલા એક ચતુષ્પરિમાણી પટની કલ્પના એમણે કરી છે. આ પરિકલ્પના સાથે સાહિત્યસર્જનને ઘણો સંબંધ છે. લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇવાળા એક ઓરડામાંથી નાસી છૂટવું શક્ય છે પણ સમયની ચતુષ્પરિમાણી દીવાલમાંથી નાસવું અશક્ય છે. કવિ એલિયટ વગેરેએ આ પ્રશ્નને પોતાની રચનાઓમાં નાનાવિધ પ્રકારે આવકાર્યો છે. એલિયટ સમયને ઝુઓલોજિકલ શો-કેઇસમાં પતંગિયાને ખોસેલી ટાંચણી સાથે સરખાવે છે. અને એમાંથી મુક્ત થવાનો માર્ગ દર્શાવે છે-જીવનમાં સમાધિ-ભાવ કેળવીને સંગીત એટલા માધુર્યથી સાભળ્યું હોય કે જાણે જિંદગીભર તેની સમાધિ ખંડિત જ ન થાય!

આઇન્સ્ટાઇન પ્રારબ્ધનું નિર્માણ કરનારા ઇશ્વરમાં માનતા નથી. પણ બ્રહ્માંડની રચના પાછળ કોઇ પરમ બુદ્ધિ કર્મ માણ છે, તેને, જે સનાતન નિયમોના આધારે બ્રહ્માંડનું સંચાલન કરે છે, એ ચૈતન્યરૂપ ઇશ્વરને માને છે. ૧૯૩૦ના જુલાઇની ૧૪મી એ આઇન્સ્ટાઇન અને રવીન્દ્રનાથ ટાગોર વચ્ચે થયેલો વાર્તાલાપ ખૂબ રસપ્રદ હતો. આઇન્સ્ટાઇને રવીન્દ્રનાથને પૂછ્યું હતું કે તમે જગતથી અલિપ્ત એવી દિવ્યતામાં માનો છો? રવીન્દ્રનાથે કહ્યું હતું કે પદાર્થ ભલે પ્રોટોન, ઇલેક્ટ્રોન અને તેમના વચ્ચેના અવકાશનો બનેલો છે; છતાં પદાર્થ નક્કર લાગે છે. તેવી જ રીતે માનવતા વ્યક્તિઓની બનેલી હોવા છતાં

તેમની વચ્ચે માનવીય સંબંધનો સેતુ છે, તે માણસની દુનિયાને જીવંત નકકરતા આપે છે. તેવી જ રીતે સમગ્ર બ્રહ્માંડ આપણી સાથે સંકળાયેલું છે, તે માનવીય બ્રહ્માંડ છે. રવીન્દ્રનાથ બ્રહ્માંડને માનવસંદર્ભમાં જ જુએ છે, ત્યારે આઇન્સ્ટાઇન માનતા હતા કે સત્ય માનવબુદ્ધિથી નિરપેક્ષ છે. વૈજ્ઞાનિક સત્યમાં માનવીય સંદર્ભ અનિવાર્ય નથી. એમણે કહ્યું હતું કે ભૂમિતિનો પાયથાગોરાસનો પ્રમેય માનવ અસ્તિત્વ સાથેના કશાય સંબંધ વગર પણ સત્ય છે, તેમ માનવીય સંદર્ભ વગર પણ સત્યનો ખ્યાલ હોવો જોઇએ. આઇન્સ્ટાઇન એમ માને છે કે વિજ્ઞાનના સનાતન નિયમો માનવ-સંદર્ભથી નિરપેક્ષ છે, માનવબુદ્ધિ એ નિયમો સમજે કે ન સમજે તો પણ. પ્રકાશની ગતિ સામાન્ય માનવીય ઇંદ્રિયથી પામી શકાય નહીં; તેને માટે એકસ્ટ્રા સેન્સરી પર્સેપ્શન-'અતીન્દ્રિય આકલન' અનિવાર્ય છે, એમ આઇન્સ્ટાઇન માનતા હતા.

આઇન્સ્ટાઇનની આંખોમાં બબ્બે વિશ્વયુદ્ધોની અસીમ વેદના હતી. જર્મનીમાં યહૂદીઓ માટેના રોગ અને ધિક્કારને લીધે તેમનું મન ખાટું થઇ ગયું હતું. પોતે યહૂદી હતા. એ માનતા હતા કે યહૂદી કોમે પેલેસ્ટાઇનમાં એકઠા થઇને યહૂદી રાજ્યની સ્થાપના કરવી જોઇએ. જે જર્મનીમાં પોતાની કોમ સામે ધિક્કાર હોય તે જર્મનીમાં હવે રહેવાની તેમની ઇચ્છા નહોતી. ગેસચેમ્બરમાં ચાલીસ લાખ યહૂદીઓને મોતને ઘાટ ઊતારી દેનારાનું જર્મની તેમને 'ધ લેન્ડ ઓવ ધ માસ મર્ડરસ'-સામૂહિક હત્યારાઓની ભૂમિ-લાગે તે સ્વાભાવિક હતું. એટલે પોતે ઉત્તરાવસ્થામાં અમેરિકા જઇ વસ્યા. એમના મનમાં બર્ટ્રાન્ડ રસેલ જેવું વિશ્વવ્યવસ્થા ઊભી કરી શકાય તેવું યુરોપના દેશોનું સમવાયતંત્રનું સ્વપ્ન હતું. એમનું જીવન એ અર્થમાં કરુણ હતું કે એઓ એકાકી હતા અને એમને કોઇ પોતીકો દેશ ન હતો. વળી એમના મહાન સંશોધનની ફિલસૂફી સમજવાને બદલે અને જીવનને પ્રકાશ તથા અર્થ આપવાને બદલે રાજ્યકર્તાઓએ તેમના સિદ્ધાંત પરથી વિનાશક અણુબોમ્બ સર્જ્યા હતા!

પણ આ મહામના મનીષીએ છેક સુધી સાદગીથી જીવીને પોતાની કમાણી જરૂરતમંદ લોકોને આપ્યા કરી હતી. 'અનવિઝિબલ પાઇપર'-અદૃષ્ટ એવા પરમાત્માને ચરણે તલ્લીન થઈ જવા તેમણે વિજ્ઞાનમાં ખૂબ જિજ્ઞાસાપૂર્વક કામ કર્યું. મનુષ્ય પરનો અપાર અનુરાગ, શ્રદ્ધાપૂત જીવન અને વિજ્ઞાનની અપૂર્વ સિદ્ધિઓને લીધે આઇન્સ્ટાઇન વીસમી સદીના જ નહીં પણ માનવ-ઇતિહાસના અનન્ય મનીષી અને વિજ્ઞાનપુરુષ સિદ્ધ થયા છે.

મને આઇન્સ્ટાઇનની બે વાત ખૂબ મહત્ત્વની લાગે છે: કુદરતના મૂળભૂત સિદ્ધાંતો ખૂબ જ સરળ હશે; અને આખું બ્રહ્માંડ સંવાદિતામાં છે-તે આ મુદ્દાઓ પર ભવિષ્યમાં વિજ્ઞાન અને ધર્મ બન્ને સાથે મળીને ઊંડું કામ કરશે ત્યારે તેમાંથી પૂર્ણ પ્રબુદ્ધ સમાજની સ્થાપના થશે. એ નવા જાગરણવાળા સમાજની પ્રતીક્ષામાં આપણે બુદ્ધિનિષ્ઠાથી અને સચ્ચાઇથી કામ કરીએ એ જ મનીષી આઇન્સ્ટાઇનને સાચી પ્રેમાંજલિ હશે.

# આઇન્સ્ટાઇન અને બુદ્ધ

સંકલન : કાન્તિ ભટ્ટ

લંડનના બી. બી. સી. નામના રેડિયો ઉપર જાણીતા વિજ્ઞાની ડૉ. ફ્રીજોફ કાપ્રાની એક મુલાકાત લેવામાં આવી હતી. મુંબઇમાં, ટ્રાન્સપર્સનલ કૉન્ફરન્સ ભરાઇ ત્યારે આપણે પ્રથમવાર ડૉ. ફ્રીજોફ કાપ્રાનું નામ જાણ્યું હતું. તેમણે 'ધી તાઓ ઓફ ફિઝિક્સ' નામનું પુસ્તક લખ્યું છે તેમાં વિજ્ઞાની તરીકે તેમને આધ્યાત્મનો કેવો અનુભવ થયો છે તે લખ્યું છે. ડૉ. કાપ્રા સાથે બી. બી. સી.ના વિદ્વાન શ્રી રાઇડર રિમથે વાર્તાલાપ કર્યો હતો એ પ્રશ્નોત્તરી નહોતી પણ વાર્તાલાપ હતો. એટલે તે સ્વરૂપે હું ડૉ. ફ્રીજોફ કાપ્રા અને શ્રી રાઇડર રિમથની ચર્ચા નીચે રજુ કરું છું, જેમાં આ સામયિકના પ્રબુદ્ધ વાચકોને જરૂર રસ પડશે:-

**ડૉ. ફ્રિજોફ કાપ્રા :** હકીકતમાં મારા પુસ્તક (ધી તાઓ ઓફ ફિઝિક્સ)માં ત્રણ મહાન પદાર્થવિજ્ઞાનીઓની પંક્તિઓ ટાંકીને જ પ્રથમ પ્રકરણ શરૂ કર્યું છે. તેઓનાં નામ છે સર્વશ્રી વર્નર, હેઝનબર્ગ, રોબર્ટ ઓપનહેમર અને નીલ બોહર. આ ત્રણેય આ સદીના બહુ જ પ્રતિભાશાળી વિજ્ઞાનીઓ છે અને તેમણે એ વાત ઉપર ખૂબ ભાર આપ્યો છે કે આધુનિક પદાર્થવિજ્ઞાન, પૂર્વના આધ્યાત્મના વિચારો સાથે બહુ જ તાલમેળ અને સરખાપણું ધરાવે છે.

**રાઇડર રિમથ :** જગતમાં ઘણા લોકો પૂર્વના ગૂઢ તત્ત્વોની માન્યતામાં કે અધ્યાત્મવાદમાં વિજ્ઞાનના દર્શન કરે છે. ડૉ. કાપ્રા જેવા વિજ્ઞાની પણ પોતાનો મત વ્યકત કરીને તે માન્યતાને દૃઢ બનાવે છે. ડૉ. કાપ્રા કહે છે કે, તમે જે વિચારો છો તે જ ખરું છે અને તમે જે વિચારો છો તે મહત્ત્વનું છે. કારણ કે વિચારો થકી જ જીવન ઘડાય છે'...પરંતુ સાથે એ વાત પણ છે કે આપણે તમામ અનુભવ આપણી પાંચ ઇન્દ્રિયો વડે કરીએ છીએ. સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને શ્રવણ. આપણી આ પાંચ ઇન્દ્રિયો જે કાંઇ કહે તેના કરતાં વિશેષ પણ બીજી કંઇ છે? આપણી પશ્ચિમની સંસ્કૃતિ તો કંઇ જુદું જ માને છે ખરું?

**ડૉ. કાપ્રા :** આપણને ફલૂ થયો હોય કે શરદી થઇ હોય તો આપણે કહીએ છીએ કે કશાક જંતુએ આપણા ઉપર હુમલો કર્યો છે. તે કામ માઇક્રોબ્સનું છે, પણ આફ્રિકાનો કોઇ અભણ માણસ હશે અને તેને ફલૂ થશે તો તે માનશે કે તેણે કુટુંબના લોકોને દગો દીધો એટલે તેને તાવ આવ્યો. અગર તો માનશે કે ભૂત વળગ્યું. આમ માંદગી વિષેનું અર્થઘટન જ જુદી જુદી રીતે જુદા જુદા દેશોમાં થાય છે.

**રાઇડર રિમથ :** પરંતુ જે કેટલીક ચિરકાળ ટકતી ચીજો આપણે જોઇએ જેવી કે ખડક, વૃક્ષો, ટેબલ, મકાન વગેરે બાબતોમાં વિશ્વમાં જે માન્યતા છે તે વિષે કોઇ અલગ મત હોઇ શકે ખરો?

**ડૉ. કાપ્રા :** ચોકકસ. તમે મધ્યયુગને વિષે જ જુઓ ત્યારે દરેક વસ્તુને ભૂતપ્રેત કે સ્પિરિટને નામે જ ઓળખવામાં આવતી હતી. ત્યારે કોઇ યંત્ર વિષે કલ્પના પણ નહોતી. અત્યારે તો આ બધી ચીજોને આપણે મેકનસેન્સથી ઓળખી શકીએ છીએ. ૧૭મી સદીમાં વિજ્ઞાનનો ઉદય થયો ત્યારથી સૂર્ય અને ચંદ્ર વગેરે કોઇ જાદુવાળી ચીજો લાગતી નથી.

**રાઇડર રિમથ :** એ કબૂલ કરવા જેવું છે કે આધુનિક પદાર્થ-વિજ્ઞાન ઘણું આગળ વધી ગયું છે. અત્યારે પદાર્થ-

વિજ્ઞાનીઓ તો પ્રોટોન અને ન્યુટ્રોન જેવા પરમાણુઓનો અભ્યાસ પણ કરવા લાગ્યા છે.

**ડૉ. કાપ્રા :** બરાબર છે તમે જ્યારે આ સૂક્ષ્મ પરમાણુ કે ન્યુટ્રોન કે પ્રોટોનનો અભ્યાસ કરો ત્યારે તેને સમજવા હોય ત્યારે તેને અલગ પદાર્થ તરીકે સ્વતંત્ર રૂપે સમજી ન શકો. એ બધા સૂક્ષ્મ પરમાણુઓ એકબીજા સાથે અવિભિન્ન રીતે જોડાયેલા છે. જુદી જુદી પ્રક્રિયાઓ વખતે કે તેમના માપ કાઢતી વખતે તમે બે પરમાણુને અલગ રીતે ઓળખી ન શકો. અણુ, પરમાણુના બનેલા છે, અને પરમાણુ પાછા અનેક સૂક્ષ્મ પરમાણુના બનેલા છે. તે તમારે સ્વીકારવું જ પડે અને જો કોઇ પરમાણુનું સાવ સ્વતંત્ર સ્વરૂપ ન હોય તો પછી પ્રવાહી કે વાયુ વગેરે પણ સ્વતંત્ર નથી. આમ બધું જ એકબીજાની સાથે જોડાયેલું છે-ઇન્ટર કનેક્ટેડ છે, અને એ બધું જ પાછું એકત્રિત બનીને એક જ સ્વરૂપમાં આવે છે

**રાઇઝર સ્મિથ :** તો પછી તમે જે કહો છો તેથી એ વાત સિદ્ધ થાય છે, કે મિસ્ટીસીઝમ (અર્થાત્ ગુઢતત્ત્વવાદ કે આધ્યાત્મવાદ) બધી બાબતોને એકબીજા સાથે જોડાયેલી ગણે છે; તો જે વાત વિજ્ઞાની કહે છે, તે વાત પૂર્વના ઋષિઓ પણ કહે છે?

**ડૉ. કાપ્રા :** મારો મુદ્દો એ છે કે આ વિશ્વમાં તમે કોઇ એક ચીજને અલગ પાડી શકો નહિ અને તે પૂર્વના આધ્યાત્મવાદનો બહુ જ મજબૂત મુદ્દો છે. બુદ્ધધર્મ, હિન્દુ ધર્મ અને તાઓ વગેરેના સિદ્ધાંતમાં જ નહિ, પણ પશ્ચિમમાં જે કોઇ ફિલસૂફો થઇ ગયા તે પણ એ વાત કહે છે. આ બધા લોકો કહે છે કે: જગત એક પૂર્ણ ચીજનું બનેલું છે અને એ પૂર્ણતામાંથી તમે કંઇ લઇ લો તો પણ એ ચીજ પૂર્ણ જ રહે છે. જો તમે એ ચીજમાંથી કાઢી લઇને જુદા સ્વરૂપે જોતા હો તો તે તમારી ભ્રમણા છે. અહીં આપણે વિજ્ઞાનીઓ અને આધ્યાત્મવાદીઓના મંતવ્યને વ્યકત કરવામાં થોડો ભેદ જોઇએ છીએ. વિજ્ઞાની તરીકે હું કહું છું કે કોઇ અલગ ચીજનું અસ્તિત્વ આપણે સ્વીકારીએ તો તે એક આદર્શ પૂરતું છે. એક ધારણા તરીકે તે બહુ ઉપયોગી ચીજ છે. પણ મૂળભૂત રીતે તે ધારણા બહુ ટકતી નથી. હવે કોઇ આધ્યાત્મવાદી હશે તે કહેશે કે પદાર્થને, અલગ રીતે જુઓ તો તે તમારી ભ્રમણા છે અને જ્યાં સુધી તમે ભ્રમણામાં હો ત્યાં સુધી તમે ખરી વસ્તુને પામી ન શકો. પૂર્ણત્વને ઓળખી ન શકો.

**રાઇઝર સ્મિથ :** આઇનસ્ટીનનો સાપેક્ષવાદનો સિદ્ધાંત અને આધ્યાત્મવાદ જે કહે છે તેમાં કોઇ તફાવત નથી એમ કહી શકાય. વળી આધુનિક પદાર્થવિજ્ઞાનીઓ અને પૂર્વના ફિલસૂફો બીજી એક વાતમાં પણ મળતા આવે છે. બન્ને કહે છે કે તમે જે જગત જુઓ છો તેના દૃષ્ટા તરીકે તમે તમારી જાતને અલગ ન માની શકો.

**ડૉ. કાપ્રા :** બરાબર છે. વળી પૂર્વનું જે આધ્યાત્મિક જ્ઞાન છે તે તમે માત્ર પુસ્તકમાં જ ન વાંચી શકો. તમે તે જ્ઞાનને સ્કૂલમાં જ ન શીખી શકો. આ જ્ઞાન એવું છે કે તમારે અનુભવવું પડે છે. આ જ્ઞાન સાથે તમારે આખા અસ્તિત્વને ઓતપ્રોત કરી દેવું પડે છે. અત્યારે વિજ્ઞાનીઓ પણ પ્રયોગોની વાત કરે છે ત્યારે તે પોતે નિરીક્ષક (ઓબ્ઝરવર) છે તેમ કહેતા નથી. પણ સહભાગી (પાર્ટીસીપેટર) તરીકે પ્રયોગ કરે છે. આધ્યાત્મજ્ઞાનમાં પણ તમારે 'પાર્ટીસીપેટ' કરવું પડે છે માત્ર દૃષ્ટા રહીને દૂર બેસી શકતા નથી. સહભાગી બનીને અનુભવ લેનારા બનીને તમે જે જ્ઞાન લો છો તે ખૂબ મહત્ત્વનું છે અને પૂર્વના આધ્યાત્મ વિજ્ઞાનમાં આ પ્રણાલિકા છે-જાતે જ અનુભવ કરવો.

**રાઇઝર સ્મિથ :** વાહ તમે સરસ વાત કરી. વિજ્ઞાન અને ગુપ્ત તત્ત્વવાદ આ પ્રકારે સમાંતર ચાલી રહ્યા છે અને તેમાંથી બે બાબતો સ્પષ્ટ તરી આવે છે.

**ડૉ. કાપ્રા :** એ બે બાબતો શું છે તે હું કહું : (૧) એક તો મૂળભૂત રીતે આ જગતમાં એકાત્મતા છે-યુનિટી છે. દરેક ઘટનાની એકાત્મતા છે અને ઇન્ટરડીપેન્ડન્સ પણ છે એટલે કોઇ પણ ઘટના બીજી કોઇ ઘટનાના સંબંધમાં જ બને છે. (૨) બીજી બાબત એ છે કે આ જગતમાં જે વાસ્તવિકતા છે તે પરિવર્તનશીલ છે.

**રાઇઝર સ્મિથ :** અહીં મને એક પ્રશ્ન થાય છે. આધ્યાત્મ અને વિજ્ઞાન વચ્ચેનું આ સામ્ય ઊડું છે કે ઉપરછલ્લું છે? વિજ્ઞાની અને આધ્યાત્મવાદીઓ હવે સરખા શબ્દો વાપરવા માંડયા છે. તો તે કોઇ ગહન સામ્યતાને કારણે છે?

**ડૉ. કાપ્રા :** વાહ વાહ તમે બહુ રસપ્રદ પ્રશ્ન ઉપાડયો. મારે પણ કબૂલ કરવું જોઇએ. શરૂઆતમાં હું પોતે આ બધું વિચારતો હતો ત્યારે મને લાગ્યું કે વિજ્ઞાન અને આધ્યાત્મ વચ્ચેનું સામ્ય ઉપરછલ્લું છે આપણે મારી-મચડીને તે બેસાડી દીધું છે. પણ પછી મને લાગ્યું કે જુદા જુદા ક્ષેત્રોમાં વિજ્ઞાન અને આધ્યાત્મનું જે સામ્ય છે તે ઉપરછલ્લું નથી, ઊંડું છે, એકબીજાને ટેકો આપનારું છે અત્યારે હું દૃઢપણે માનું છું કે આધુનિક વિજ્ઞાનનાં સિદ્ધાંતો માટે, પરાપૂર્વની જે ગૂઢતત્ત્વની ફિલસૂફી છે તે શ્રેષ્ઠ પાર્શ્વભૂમિ પૂરી પાડે છે.

**રાઇઝર સ્મિથ :** તો પછી જે વિજ્ઞાની તમારા વિચારોની સાથે સહમત થાય તે અગર બીજાઓ ધીરે ધીરે આધ્યાત્મવાદી કે મીસ્ટીક બની જાય તેવું બને ખરું?

**ડૉ. કાપ્રા :** તમે જોઇ શકો છો કે આઇન્સ્ટાઇન અને નીલ બોહર વગેરે વિજ્ઞાનીઓ આધ્યાત્મની બહુ નજીક આવી ગયા હતા. તે લોકોનું જીવન વિજ્ઞાનના સિદ્ધાંતો સાથે તાલમેળમાં હતું. વિજ્ઞાની હંમેશાં તેના વિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણેનો જ જીવનનો રાહ રાખતા નથી, તે જરૂરી પણ નથી. પરંતુ આધ્યાત્મવાદી પુરુષ પોતાના સિદ્ધાંતને અનુરૂપ જ જીવન જીવે છે. કારણ કે તમે અમુક રીતે જીવો તો જ આંતરદૃષ્ટિ કેળવી શકો. પરંતુ વિજ્ઞાનીઓ તો પોતાના સિદ્ધાંતોથી અલિપ્ત રહીને જીવી શકે છે.

**રાઇઝર સ્મિથ :** ગૂઢતત્ત્વ કે આધ્યાત્મનું જ્ઞાન આપણી પાસે ૨૫૦૦ વર્ષથી છે, જ્યારે સૂક્ષ્મ પદાર્થવિજ્ઞાનનો જન્મ તો આ સદીમાં જ થયો. વળી વિજ્ઞાનનાં સિદ્ધાંતો તો અવારનવાર બદલે છે અને વિકસે પણ છે. તો પછી તમને નથી લાગતું કે વિજ્ઞાન અને આધ્યાત્મવાદનું સામ્ય કામચલાઉ છે? વિજ્ઞાનીઓ તો કયારે પણ તેમનો મત બદલી નાંખશે?

**ડૉ. કાપ્રા :** આવી દલીલ તમે જરૂર કરી શકો અને ખરેખર તો એ બહુ પેચીદો-ટ્રીકવાળો સવાલ છે. વિજ્ઞાનમાં ભવિષ્યમાં શું બનશે તે કહેવાનો મારી પાસે અત્યારે કોઇ માર્ગ નથી; પરંતુ હું મારી અંગત માન્યતા શું છે તે કહી શકું. મારી માન્યતા છે કે આપણી થિયરીઓ બદલાય તો પણ ગૂઢ તત્ત્વવાદ સાથેનું સામ્ય વધુ જોરદાર થશે. બાયોલોજી, માનસશાસ્ત્ર, સામાજિક શાસ્ત્રો એ દરેકમાં આમ બન્યું છે અને તે બધા જ આધ્યાત્મવાદની વધુ નિકટ આવ્યા છે. મારી શ્રદ્ધા અટલ છે કે વિજ્ઞાન અને આધ્યાત્મવાદ અલગ નથી, બુદ્ધ અને આઇન્સ્ટાઇનની વાતો એક જ સરખી છે.

# આપણે આવું અનુકરણ કરીએ તો?

★ મૂળ લેખક : આર્ટ્યુચવાલ્ડ ★ અનુવાદક : રંભાબહેન ગાંધી

આપણો દેશ સ્વતંત્ર થયો, કેટલા બધા બલિદાન પછી આપણને સ્વતંત્રતા મળી. આને લીધે સમગ્ર ભારત વર્ષમાં આનંદ વ્યાપી ગયો. પરંતુ પરિસ્થિતિએ એવો વળાંક લીધો કે જેમને પ્રજાનું રક્ષણ કરવા માટે સત્તાસ્થાને આરૂઢ કર્યા એ લોકો જ ભક્ષણ કરનારા નીવડ્યા. એટલે આપણને થોડા વિચારમાં મૂકી દે એવો આ લેખ પ્રગટ કરવાની ઉત્કંઠા જાગી.

આજે કાળાનાણાંનું જાણે સામ્રાજ્ય વ્યાપી ગયું છે. દેશદાઝ જેવી વસ્તુ જેમના દિલમાં નથી એવા શાસકો આજે ભ્રષ્ટ બની ગયા છે અને પોતાની સત્તા કેમ ટકી રહે અને પોતાનો વૈભવ કેમ વધે એ જ વિચારસરણીથી વહીવટ ચલાવી રહ્યા છે અને વૈરભાવના અગ્નિદ્વારા દેશ આખાને રગદોળી રહ્યા છે. આમ કરીને તેઓ સમગ્ર દેશને ભારે મોટું નુકશાન કરી રહ્યા છે, એટલી ભાન-સાન પણ તેમણે ગુમાવી દીધી છે.

આપણે ઘણી બધી બાબતોમાં પરદેશનું અનુકરણ કરવામાં શૂરા છીએ, પરંતુ એ અનુકરણ ખોટી વાતોનું જ કરીએ છીએ-તેમના સદ્‌ગુણોનું નથી કરતાં, તેને આપણું મોટું દુર્ભાગ્ય ગણાવી શકાય.

સ્વતંત્ર ભારતમાં દરેક નાગરિક સ્વતંત્ર છે. સૌ કોઇને પોતાના યુનિયનો રચવાનો અધિકાર મળ્યો છે, મોરચા કાઢવાની પણ છૂટ મળી છે. એ છૂટનો ઉપયોગ આપણે ત્યાં ખોટી રીતે થઇ રહ્યો છે. એ મોરચાઓ તોફાની બની જતા હોય છે, આને કારણે સામાન્ય જનને ઘણો ત્રાસ પડતો હોય છે અને કયારેક તો આને કારણે સામાન્યજનની સહી સલામતી પણ જાણે ભયમાં મૂકાતી હોય એમ લાગે છે!

આ બધા પછી એવો પ્રશ્ન થાય છે કે આવા ખોટા અનુકરણને બદલે જે દેશ માટે ખૂબ જ લાભદાયક થઇ પડે એવું આપણે જાપાનનું અનુકરણ કરીએ તો? તો દેશને કેટલો મોટો લાભ થાય? આમ કરવામાં મજૂરો તેમ જ માલિકો-સૌએ પોતાનો ઢાંચો બદલવો પડે અને દેશદાઝની વૃત્તિ કેળવવી પડે તેનાં આપણને નીચેનાં લખાણમાં સ્પષ્ટ દર્શન થાય છે.

આ લેખકનો લેખ મૂળ 'હિન્દુ' પત્રમાં પ્રગટ થયો હતો, તેમાંના મહત્ત્વનાં થોડા મુદ્દાનો આપણે અભ્યાસ કરીએ.

તેમાં લખ્યું છે કે જાપાનમાં કોઇ મીલ કે કારખાના કદી બંધ રહેતાં જ નથી, એનું ઉત્પાદન કદી અટકતું નથી, અને તેથી મજૂરોની રોજી અટકતી નથી. ત્યાં હડતાળ પડે છે, પરંતુ ત્યાં હડતાળની રીત અનોખી છે. મજૂરો, તેમના વેતન માટે કે કામ માટે નાખુશી વ્યક્ત કરે છે, પરંતુ કામ અટકાવીને નહિ. તેઓ અવાજ જરૂર ઉઠાવે છે, પરંતુ દેશને નુકશાન થાય એ રીતે નહિ. કારણ, ત્યાંની જનતામાં દેશપ્રેમ છે, અને કોઇ દેશપ્રેમી પોતાના દેશને નુકસાન થાય તેવું કદાપિ ઇચ્છે નહિ; કરે નહિ.

લેખકે લખ્યું છે કે, 'મારો એક મિત્ર જાપાનના શહેર ટોકિયોમાં કારખાનું જોવા ગયો, તે કારખાનામાં ટી. વી. સેટ બની રહ્યા હતા. બધા જ કારીગરો બરાબર કામ કરી રહ્યા હતા, પરન્તુ બધાએ માથે લાલપટ્ટી બાંધી હતી. તે જોઇને મિત્રે પૂછ્યું કે 'આનો શો અર્થ છે?' કારખાનાના મેનેજરે કહ્યું : 'એનો અર્થ એ છે કે આ બધાં હડતાળ ઉપર છે. આ રીતે પટ્ટી બાંધીને તેમનો વિરોધ દર્શાવી રહ્યા છે.' આ સાંભળી મિત્રને ભારે આશ્ચર્ય થયું અને તેણે પૂછ્યું કે 'હડતાળ પર હોવા છતાં કામ તો બરાબર કરે છે, આને હડતાળ કેવી રીતે કહેવાય?'

હડતાળ પાડવા છતાં કારીગરો કામ કરે છે અને 'ગો-સ્લો' પણ નથી કરતા એ જોઇ મિત્રને ભારે આશ્ચર્ય થયું અને તેટલું જ આશ્ચર્ય મેનેજરને મિત્રના પ્રશ્નથી થયું. એણે મિત્રને કહ્યું કે 'કામ કેવી રીતે અટકાવાય? ઉત્પાદન અટકે તો તેમને પોતાને નુકસાન થાય, પગાર ન મળે અને દેશને પણ નુકસાન થાય-એ કેમ પરવડે?'

'અસંતોષ જાહેર કરવાનો એમનો અધિકાર જરૂર છે, પરંતુ દેશને નુકસાન પહોંચે એ રીતે નહીં-એ લોકો આ રીતે પટ્ટી બાંધીને તેમનો અસંતોષ જાહેર કરે છે અને અમે પણ અરસપરસ મળીને તુરત જ સૌને સંતોષ થાય એવું નિરાકરણ શોધી કાઢીએ છીએ.' મિત્રે પૂછ્યું, 'આ લોકો કંઇ ભાંગફોડ કરતાં નથી?' મેનેજરે કહ્યું, 'એવી કલ્પના પણ કેમ કરી શકાય? ભાંગફોડથી તો દેશને જ નુકસાન થાય ને? કોઇ પણ દેશપ્રેમી દેશને નુકસાન કરે ખરો? હા, આવી લાલ કે કાળી પટ્ટી ઉપરાન્ત આ લોકો એમનો અસંતોષ બીજી રીતે પણ જાહેર કરે છે, તે બધા કામના સમય કરતા પંદર મિનિટ વહેલાં આવે છે અને બહાર ચોકમાં શાન્તિથી ઊભા રહીને એવા ગીતો ગાય છે, જેમાં એમનાં દુઃખનાં, કષ્ટનાં વર્ણન આવે છે, એ સાંભળીને મેનેજમેન્ટને વિચાર આવે છે કે આપણે એમને પૂરા સંતોષી શકયા નથી, અને તેમની માગણી અંગે વિચાર કરતાં એમ લાગે છે કે એમની ફરિયાદ સાચી છે. અને એ બાબત ગંભીર વિચારણા કરી તરત નિર્ણય લેવાય છે અને એ રીતે પ્રશ્નનો ત્વરિત ઉકેલ આવી જાય છે.'

મિત્રને આ રીત સાંભળીને ભારે આશ્ચર્ય થયું, કારણ કે તેણે પોતાના દેશમાં આનાથી વિપરીત રીતના દર્શન થતાં હતાં. એટલે મિત્રે ફરીથી પૂછ્યું કે 'એ લોકો ટી. વી. સેટને નુકસાન કરતા નથી? અથવા તે ખામીવાળા બનાવવાનો પ્રયત્ન કરતા નથી?' મેનેજરે કહ્યું કે 'ના દેશપ્રેમી માણસ એવું કેમ કરી શકે? તેઓ તેમના મૌન દ્વારા જ અમારી આંખો ખોલી નાંખે છે, અને મેનેજમેન્ટ તુરત જ મીટીંગ બોલાવીને વ્યાજબી ઉકેલ શોધી કાઢે છે. કારણ, અમારે ત્યાં કોઇ કારખાનામાં, મીલમાં કે અન્ય જગ્યાએ હડતાળ પડે તે મેનેજમેન્ટ માટે જ શરમરૂપ ગણાય છે. હા, હમણાં અમારે ત્યા થોડા અંશમાં અમેરિકાનો પવન આવ્યો છે. અને તમારી જેમ ક્રાંતિમાં માનનારો એક નાનકડો વર્ગ ઊભો થયો છે, એટલે એમની ચડામણીથી 'સબ-વે'માં એવી હડતાળ પડી હતી ખરી. મિત્રે પૂછ્યું, 'ત્યારે તમોને ઘણી મુશ્કેલી પડી હશે?' મેનેજરે કહ્યું, 'બાસ નહિ. કારણ, અમારા લોકોમાં દેશાભિમાન હતું, તમારે ત્યાં છે, એવી ઉગ્રતા નહોતી જ, તેથી હડતાળ એક જ દિવસની પાડી-રવિવારે રજા વાગ્યા પછી, જ્યારે ઓછા પેસેન્જરો હોય.'

આ વાંચ્યા પછી એવો પ્રશ્ન મનમાં થાય કે આપણે ત્યાં પણ આવું અનુકરણ કરીએ તો?

પણ આપણે ત્યાં, યુનિયનોના લીડરોમાં મજૂરોમાં કે માલિકોમાં દેશદાઝ જેવી વસ્તુ જ કયાં છે? આ બધા જ તકવાદી છે, તક મળતાં જ માથાં ઊંચા કરે છે અને જનતાને રંજાડે છે. આ રીતે પોતાના દેશની પાયમાલી કરી રહ્યા છે.

મનમાં પ્રશ્ન થાય છે કે સ્વતંત્રતા માટે લડનારાઓમાં જેવો શુદ્ધ દેશપ્રેમ હતો તેવા દેશપ્રેમને શું આપણે સદંતર દેશનિકાલ જ કરી દીધો છે?

# ધ્યાન : એક પરમ પુરુષાર્થ

★ યુવાચાર્ય મહાપ્રજ્ઞ ★ અનુ : ગુલાબ દેઢિયા

એકાંગી રીતે કેટલાક એમ માની બેસે છે કે, ધ્યાન કરવાની પ્રવૃત્તિ સમયનો બગાડ છે, શ્રમનો અભાવ છે. તેઓ જો માત્ર સમાજશાસ્ત્ર કે માત્ર અર્થશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરે તો કદાચ એમ બનવાની શકયતા છે.

એકાગ્રતા અને શક્તિ એ બન્ને કાર્યની દક્ષતા માટે ખૂબ જરૂરી છે. માત્ર કામ કરવું એ એક વાત છે અને દક્ષતાની સાથે કરવું એ બીજી વાત છે. કામ પહેલાં પણ થતું હતું, પણ દક્ષતાના વિકાસથી કલાકોનું કામ મિનિટોમાં થઇ શકે છે.

લોકો કહે છે કે જાપાને ખૂબ પ્રગતિ કરી છે તેનાં કારણોનાં મૂળમાં એકાગ્રતા છે જાપાની લોકોએ ધ્યાન દ્વારા ખૂબ લાભ મેળવ્યો. છે. એમણે મનોબળ અને અનુશાસન એ બંને ધ્યાન દ્વારા મેળવ્યાં છે. તેઓ કયારેક હડતાળ પાડે છે પણ કામ બંધ નથી કરતા. હડતાળનું પ્રતીક છે હાથ પર કાળી પટ્ટી બાંધી દેવી. આ કામ કરવાની પ્રખરતા કયાંથી આવી ? આ બધું એકાગ્રતા અને ધ્યાનથી પ્રાપ્ત થયું છે

આજનો વૈજ્ઞાનિક જે ઊંડાણથી સંશોધન કરે છે તે વસ્તુત : ધ્યાની હોય છે. ધ્યાન વગર નવા તથ્ય કયાંથી મળે ? ધ્યાનની એક નહિ, અનેક પદ્ધતિ છે.

ન્યૂટન નામનો વૈજ્ઞાનિક ઘોડા પર બેસી જઇ રહ્યો હતો. ચઢાણ આવ્યું, નીચે ઊતરી લગામ હાથમાં લઇ ચાલવા લાગ્યો. મગજમાં કોઇક પ્રશ્ન ઉદ્‌ભવ્યો. વિચારમાળા ચાલુ થઇ. ગતિ મંદ પડી ગઈ. કંટાળીને ઘોડો લગામમાંથી માથું છોડાવી ઘર ભેગો થઇ ગયો ન્યૂટન તો ઘોડાની લગામ પકડી એજ ગતિએ જઇ રહ્યો હતો. ઘરે પહોંચ્યો ત્યારે આખી વાતની ખબર પડી.

આને શું એકાગ્રતા નહિ કહીએ ? એનું મન બધા વિષયમાંથી હટીને એક જ વિષયમાં લાગી ગયું હતું. ચેતનના એક જ પ્રવાહમાં પ્રવાહિત થઈ જવું તે એકાગ્રતા છે. કોઇ વ્યકિત જયારે ગહન સમસ્યામાં અટવાઇ જાય છે ત્યારે તે ધ્યાનની સ્થિતિમાં પહોંચી જાય છે. એકાગ્રતા સાધ્યા વગર સૂક્ષ્મ સત્યનું જ્ઞાન થતું નથી.

શક્તિ અને એકાગ્રતાનો વિકાસ ધ્યાન વડે થઇ શકે છે. આપણી પાસે બે શકિતઓ છે. એક જ્ઞાનની શકિત અને બીજી ક્રિયાની શકિત. આ શકિતઓના વિકાસમાં ત્રણ વિઘ્નો આવી શકે-શરીરની બીમારી, મનની બીમારી અને પ્રભાવની બીમારી.

જ્યારે શરીર બીમાર હોય છે ત્યારે જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક શકિતઓ સૂઇ જાય છે. એનાથી ખતરનાક તો મનની બીમારી છે. એક માણસ ખૂબ સારું કામ કરે છે. કોઈ આવીને કહેશે બેવકૂફ છે. આ શું કામ કરવાની રીત છે ? આટલું સાંભળતાં જ એના મનમાં આગ લાગી જશે. કામ કરવાની ભાવના તૂટી જાય છે. શકિત ક્ષીણ થઇ જાય છે. મોટા કર્મઠ મનુષ્યો પણ મન પર ચોટ લાગતાં અકર્મણ્ય બની જાય છે.

સર્વાંગીણ દૃષ્ટિએ જો વિચાર કરવામાં આવે તો જયોતિષ-શાસ્ત્રને પણ એનું તથ્ય હોય છે. એનો પ્રભાવ હોય છે. જૈન આચાર્યે એક ગ્રંથ લખ્યો 'ગણિવિજ્જા' (સ. ગણિવિદ્યા) આચાર્યને એનો અભ્યાસ કરવો જરૂરી હોય છે. કયા મુહૂર્તે અને કયાં દીક્ષા આપવી જોઇએ ? કયારે આપવી જોઇએ ? અધ્યયન કયારે શરૂ કરવું જોઇએ ? કઇ દિશા તરફ મોં રાખી કરવું જોઇએ ? આ વસ્તુ તે ગ્રંથમાં જણાવી છે.

દેશ અને કાળ વગર કોઇ પ્રવૃત્તિ થઇ નથી શકતી. એક આચાર્ય જંગલમાં જઈ રહ્યા હતા. સાથે દીક્ષાર્થી પણ હતા. આચાર્ય મુહૂર્તના જ્ઞાતા હતા શુભ મુહૂર્ત જોઇ દીક્ષાર્થીને ગૃહસ્થ વેશમાં જ દીક્ષા આપી દીધી. દીક્ષાર્થીએ આભૂષણ પણ પહેર્યા હતા, પરંતુ દીક્ષિત થયા પછી આગળના ગામમાં પહોંચી ગૃહસ્થનો વેશ અને આભૂષણ બીજા ગૃહસ્થોને સોંપી દીધાં.

સૌર મંડળમાંથી આવતા વિકિરણ આપણા દરેક કાર્યને પ્રભાવિત કરે છે. જયોતિષની જેમ અધ્યાત્મનું પણ સૌર મંડળ છે. જયોતિષની જેમ અધ્યાત્મમાં પણ નવ ગ્રહ છે.

| | | |
|---|---|---|
| જ્ઞાનકેન્દ્ર | – | ગુરુનું ક્ષેત્ર |
| દર્શનકેન્દ્ર | – | બુધનું ક્ષેત્ર |
| શક્તિકેન્દ્ર | – | રાહુનું ક્ષેત્ર, બુધનું ક્ષેત્ર. |
| આનંદકેન્દ્ર | – | મંગળનું કેન્દ્ર |
| વિશુદ્ધિકેન્દ્ર | – | ચન્દ્રમાનું કેન્દ્ર |
| સ્વાસ્થ્યકેન્દ્ર | – | શુક્રનું ક્ષેત્ર |
| તેજસ્‌કેન્દ્ર | – | સૂર્યનું ક્ષેત્ર |
| જ્ઞાનકેન્દ્ર | – | શનિનું ક્ષેત્ર. |

આખું સૌર મંડળ આપણા શરીરમાં છે. જો કુંડલીના આધાર પર એ ખબર પડે કે અમુક ગ્રહ અત્યારે શુભ નથી, એની ગતિ હિતકારક નથી તો એને બદલવાનો ઉપાય આપણી પાસે છે. જયોતિષ એ ભાગ્ય-ભરોસે બેસવાનું શાસ્ત્ર નથી. જયોતિષ ભાગ્યને બદલવાનું શાસ્ત્ર છે. જયોતિષ દ્વારા જાણી શકાય છે. અને પછી ભાગ્યને બદલાવી શકાય છે. પુરુષાર્થનો સિદ્ધાંત એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કે એના વડે ભાગ્યની પ્રત્યેક રેખાને બદલી શકાય છે. જયોતિષ બતાવી શકે છે કે અમુક ઘટના બનશે એવું જાણી લીધા પછી ઉચિત ઉપાય કરવાનું આપણા હાથમાં છે. જેમ જેમ ધ્યાનનો વિકાસ થાય છે, તેમ તેમ આપણી પ્રજ્ઞા નિર્મળ બને છે, શકિત જાગૃત બને છે અને પુરુષાર્થ પ્રબળ બને છે. ધ્યાનની સાધનાથી માણસ નકામો નથી બનતો પરંતુ ભાગ્યને બદલનાર બની શકે છે.

જે વ્યકિત ચેતન કેન્દ્રો પર ધ્યાન કરે છે, મંત્રોનું ધ્યાન કરે છે, તે પોતાના શારીરિક સ્વાસ્થ્યને પણ બદલી શકે છે, માનસિક દુર્બળતાને દૂર કરી શકે છે. માનસિક ગ્રંથિઓ, જેને બદલવી દુષ્કર અને અસંભવ હોય છે તેને પણ તે બદલી શકે છે.

અધ્યાત્મનું પોતાનું જયોતિષ છે. એનાથી જાણી શકાય છે કે, કયા મહિનામાં, કઇ રાશિમાં, કયા ચૈતન્ય કેન્દ્ર પર ધ્યાન કરવું જોઇએ; અમુક શકિતના વિકાસ માટે કયારે અને કયાં ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. આ બધા તથ્ય અધ્યાત્મ જયોતિષના પરિધમાં આવે છે. આ શકિત-જાગરણનું પૂર્ણ વિજ્ઞાન છે.

ધ્યાન કરનાર નકામો નથી હોતો, આળસુ નથી હોતો, અકર્મણ્ય નથી હોતો. એનામાં એક અગ્નિ પ્રજ્વલિત થઇ જાય છે, એક જયોત પ્રકાશમાન થઇ હોય છે. એ પ્રકાશથી સાચી દિશામાં પોતાની શકિતનું નિયોજન કરી શકે છે.

ધ્યાન માત્ર એકાગ્રતા નથી. ધ્યાનનું પ્રયોજન છે ચિત્તને નિર્મળ બનાવવાનું. ચિત્તમાં જામેલા કષાયના મેલને ધોઇ નાખવા. ચિત્તને એટલું નિર્મળ બનાવવાનું કે એમાં શત્રુતાનો કોઇ પડછાયો જ ન રહે.

ધ્યાનથી વ્યકિતમાં કર્મજા શકિત જાગે છે. ચેતના જાગે છે અને દિશા બદલાઇ જાય છે. ધ્યાન કરનાર કલ્યાણકારી કર્મો કરશે, વિનાશકારી કર્મો તો નહીં જ કરે.

# સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રમાં પ્રો. ભોળાભાઈ પટેલનાં વ્યાખ્યાનો

# કવિતા અને ધર્મ સંવેદના

★ કૃષ્ણવીર દીક્ષિત

તા. ૧૦, ૧૧ અને ૧૨ મી જાન્યુઆરી ૧૯૮૩ એ ત્રણ દિવસ રોજ સાંજે સુપ્રસિદ્ધ વિવેચક પ્રો. ભોળાભાઈ પટેલે તાતા ઓડિટોરિયમમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત સાતમા વિદ્યાસત્રમાં સુપ્રસિદ્ધ કવિ ડો. સુરેશ દલાલના પ્રમુખપદે 'કવિતા અને ધર્મ સંવેદના' એ વિષય ઉપર ત્રણ રસાત્મક અને અભ્યાસ-પૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં તેમણે વાર્તાલાપ શૈલીમાં વિષયને વિસ્તારથી પણ ઔચિત્ય જાળવીને સરલ ભાષામાં ન્યાય આપ્યો તે કારણે સહૃદય ભાવકોને તે ઘણાં આસ્વાદ્ય નીવડ્યાં. પ્રથમ દિવસે તેમના વ્યાખ્યાનનો વિષય હતો : કબીર અને મીરાં'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે સહુનું સ્વાગત કર્યા બાદ પ્રમુખપદેથી ડો. સુરેશ દલાલે વક્તાનો પરિચય આપતાં કહ્યું હતું : 'ભોળાભાઈ ઔચિત્યના માણસ છે તેઓ હિન્દીના પ્રાધ્યાપક છે, બંગાળી અને જર્મન ભાષાના જાણકાર છે. તેમનાં પ્રવાસ વર્ણનો વાંચતાં કહી શકાય કે તેમનામાં આપણને નવે રૂપે કાકા કાલેલકર મળ્યા છે. તેઓ જે રીતે બંગાળી સાહિત્ય કૃતિઓના અનુવાદ કરે છે તે જોતાં તેમનામાં આપણને આજના ને આવતી કાલના નગીનદાસ પારેખ મળે છે. ભોળાભાઈમાં નગીનદાસ અને કાલેલકર બંનેનો સમન્વય થયો છે.'

## કબીર અને મીરાં

પ્રો. ભોળાભાઈએ 'કવિતા સાથે ધર્મ સંવેદનાને સનત સંબંધ છે' એ વિધાનથી વિષયમાં પ્રવેશતાં કહ્યું : 'કબીર અને મીરાં બંને પ્રથમ ભક્ત છે અને પછી કવિ છે. પણ બંનેનું ભાવવિશ્વ સામસામા છેડા ઉપર છે. કબીર અને મીરાં બંને વિશ્વમાં વિરલ કહેવાય એવા કવિ છે. બંને વિરલ ઘટનારૂપ છે. કબીર એવા સંત કવિ છે જે કહે છે : 'જો ઘાળે ઘર અપના વહી ચલે હમારે સાથ.' તો મીરાં સંસારથી વિરક્ત એવી જુદી જ ભૂમિકા ઉપર વિચરતી કવયિત્રી છે. કબીર અને મીરાં બન્ને વચ્ચે સો વર્ષનું અંતર છે. કબીર જન્મે બ્રાહ્મણ પણ ઉછેર વણકર જ્ઞાતિમાં થયો. કબીર દ્રષ્ટા છે. કારણ, એનાં પોતાનાં અંતરનાં દ્વાર ઊઘડી ગયાં હતાં. ધર્મ એટલે ઈશ્વર સાથેનો મનુષ્યનો સ્થાપિત સંબંધ એમ કહીને શ્રી ભોળાભાઈએ કહ્યું હતું : 'ધર્મ એ સંસ્થાગત વસ્તુ સ્વરૂપે સંપ્રદાયમાં સીમિત બને છે, જેમ કે સુરદાસ પુષ્ટિમાર્ગના કવિ હતા...કબીર અને મીરાં બંને એવાં કવિ છે જે પોતાની સંવેદના દ્વારા ધર્મના બંધનમાં બંધાયા વગર અંગત ભૂમિકા ઉપર પરમ તત્ત્વ સાથે સંબંધ બાંધે છે. કબીરની સાધના તે પોતાના સમયની સાધના પદ્ધતિ અનુસાર હતી. કબીરની કુંડલિની જાગ્રત થઈ ચૂકી હતી. સહસ્ત્રાર સ્થાનમાં પહોંચી ગગનમંડલમાં સ્થિર થઈ હતી. યૌગિક પ્રક્રિયા દ્વારા કબીર અનાહત નાદની શ્રવણાનુભૂતિ સુધી પહોંચ્યા હતા. એ જે વાત કરે છે તે યૌગિક પરિભાષામાં કરે છે. એને જે અનાહત નાદ સંભળાયો તેનો એને આનંદ છે.

## ભોળાભાઈનો વિશેષ

ભોળાભાઈના વાર્તાલાપ શૈલીનો વ્યાખ્યાનનો વિશેષ એ હતો કે પોતાનાં ઘણાં વિધાનોને એમણે કબીરની અનેક પદાવલિથી પ્રત્યયાત્મક બનાવ્યાં હતાં અને તેથી તેમનું વક્તવ્ય રસાળ નીવડ્યું હતું. તેમણે કહ્યું : 'મધ્યકાલીન ધર્મભાવનામાં સંસારની ક્ષણિકતાનું આરોપણ થયું છે. જ્યારે ઉપનિષદોમાં જીવનનો કર્યાય નકાર નથી જીવનનો સ્વીકાર છે' મધ્યકાલીન કવિ કબીરનાં પદોમાં જે ઉપમાઓ છે તે પરંપરાગત છે તેમાં ધારદાર વ્યંગ પણ છે. તેની કવિતામાં મિટ્ટીની ફિલસૂફી છે. 'માટી કહે કુંભારને' એ પંક્તિથી શરૂ થતી પદાવલિનો ઉલ્લેખ કરી વક્તાએ કહ્યું હતું કે "માટીના મુખમાં વિચાર મૂકીને કબીર પોતાની પદાવલિને ઇન્દ્રિય ગ્રાહ્ય બનાવે છે. અને ત્યાં કવિનો ચહેરો તે યોગીનો ચહેરો બની રહે છે. કબીરને ધર્મના બાહ્યાચારો સ્વીકાર્ય નથી. તેનો ઈશ્વર સાથેનો નાતો આત્મનિર્ભર છે અથવા સ્વકલ્પિત છે. કબીર પોતાની પદાવલિમાં રહસ્યવાદી સંત તરીકે પ્રગટ થાય છે. એની પદાવલિ તે એની અને પરમાત્મા વચ્ચેનો સંવાદ છે. એની ધર્મસંવેદના લૌકિક ભૂમિકા ઉપર છે. તેમાં એની ઈશ્વરના વિરહની યાતના છે. તો મિલનનો આનંદ પણ છે જે સંવેદના માનવીય ધરા ઉપર છે, તેને કબીરે પરાત્પર ધરા સુધી લઈ જવાની વાત કરી છે કબીરની પદાવલિ સાખી તરીકે ઓળખાય છે. સાખી એટલે સાક્ષી કબીરનો ઈશ્વર સાથેનો પ્રેમ સતીનો ને શૂરવીરનો છે. તેમાં એક બાજુ સતત સંગ્રામ છે, તો બીજી બાજુ પ્રેમની અભિવ્યક્તિ છે. પ્રેમ હમેશાં સમર્પણ માગે છે. તે સાથે પ્રેમ ઇર્ષાળુ પણ છે, એટલે જ કબીર કહે છે : 'હે ઈશ્વર તું મારી આંખોમાં આવ એટલે હું આંખો બંધ કરી દઉં.' કબીર પોતાને બુંદ સમાન અને ઈશ્વરને સાગર સમો લેખે છે. આ આખો સમુદ્ર બુંદમાં આવીને સમાઈ જાય તેનો કબીરને આનન્દ છે.-તેને પરિણામે એનું મન કોઈ અજબ મસ્તીમાં રમમાણ છે.

## મીરાં

મધ્યકાલીન કવયિત્રી મીરાં મેવાડનો રાજમહેલ છોડીને સાધુ સંતોની સાથે વસે છે. મીરાંની અનેક પંક્તિઓ ટાંકતાં શ્રી ભોળાભાઈએ કહ્યું : 'મીરાંએ પોતાનાં આંસુના જળથી પ્રભુપ્રેમની લતા ઉગાડી છે. 'પ્રેમ આંસુ ડાર ડાર અમરવેલ બોઈ' મીરાં સાધુ સંતોને જોઈ રાજી થતી પણ જગત દેખીને રોઈ 'સંત દેખ દોડ આઈ, જગત દેખિ રોઈ' મીરાંની કરુણાનો વ્યાપ અતિ વિસ્તૃત છે મીરાંની કૃતિઓમાં તેની ધર્મ સંવેદના જુદી જ રીતે પ્રગટ થાય છે. કબીર અને મીરાં બંને પોતાના ઈશ્વરને પોતાની રીતે મેળવે છે. મીરાં કૃષ્ણ સ્વરૂપે ઈશ્વરને મેળવે છે. તેને છેક બાળપણથી કૃષ્ણ સાથે પ્રીતિ છે. હરિનો સાક્ષાત્કાર તો કબીર અને મીરાં બંને કરે છે. મીરાં ગાય છે : 'મુખડાની માયા લાગી રે મોહન પ્યારા, મુખડું મેં જાયું તારું, જગ લાગ્યું ખારું સારું, પરણ્યું તો પ્રીતમ પ્યારા.' કારણ, મીરાંને શ્રદ્ધા છે કે હરિનું મૃત્યુ થવાનું હશે તો જ મારું મૃત્યુ થશે. એનો વૈધવ્યનો ભય આપોઆપ ટળી ગયો આમ જોઈએ તો મીરાં પોતે જ રાધા છે. પોતાના જીવનની જે જે ઘટનાનાં ઉદાહરણો આપે છે તેમાં મીરાં ઈશ્વરનો મહિમા કરે છે. પ્રિયતમ જેનાથી રીઝે

તે વેશ ધારણ કરવાની એ તત્પરતા દાખવે છે. એ 'સાંવરિયા કે દરશન પાસું પહિર કુસુમ્બી સારી.' 'પ્રેમની પ્રેમની પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની.' પ્રેમની કટારીની વાત પણ કરે છે. એ વૃંદાવનની વાત કરે છે અને મથુરાની વાટ પણ પકડે છે. દરેકને પોતાનું વૃન્દાવન ને પોતાનું મથુરા હોય છે.

શ્રી ભોળાભાઇએ પોતાના વાર્તાલાપમાં કવિ વિદ્યાપતિ, કવિ ચંડીદાસ, ટાગોર, સુરદાસ-એમ ઘણાં કવિઓને ઉચિત સંદર્ભમાં તે પ્રત્યેકની પંક્તિઓ ઉપર પંક્તિઓ ટાંકીને સંભાર્યા. મીરાંની ભક્તિ અનન્ય હોવાનું જણાવી તેનાં પદો ધાર્મિક પ્રતિભાવ ઉપરાંત રસાનુભૂતિ પણ કરાવે છે એમ કહીને વક્તાએ કહ્યું, મીરાંની વ્યથા એની પોતાની જ છે અને એ જ સમજે છે. એટલે તો એ ગાય છે: 'શૂળી ઉપર સેજ હમારી' અથવા 'ઘાયલકી ગત ઘાયલ જાને.' કબીર અને મીરાં બંને ગુજરાતી ભાષામાં ઓગળી ગયાં છે. એમની વાણીથી આપણી ભાષા સમ્પન્ન બની છે. મીરાંની કેટકેટલી, એકએકથી ચડિયાતી ને મીરાંના હૃદયના કૃષ્ણલક્ષી વિવિધ ભાવોને અસરકારક રીતે વ્યક્ત કરતી ભક્તિ રસિત પંક્તિઓ ટાંકતાં ટાંકતાં વક્તાએ પોતાના વક્તવ્યને અત્યંત રસાત્મક ને આસ્વાદ્ય બનાવ્યું હતું.

ડો. સુરેશ દલાલે ટૂંકમાં વ્યાખ્યાનનો ઉપસંહાર કર્યો હતો.

(ક્રમશઃ)

## જ્ઞાન શિબિર

સંઘના ઉપક્રમે દેવલાલી (જિ. નાસિક) ખાતે તા. ૧૧, ૧૨ અને ૧૩ મી માર્ચ, ૧૯૮૩ ના રોજ 'પંચ મહાવ્રત' વિષે જ્ઞાન શિબિર યોજવામાં આવી છે. એક બસના પેસેન્જર જેટલાં નામો લખાઈ ગયા છે, હવે નવા નામો નોંધાશે નહીં. વ્યક્તિ દીઠ રૂ. ૫૦/=નો ચાર્જ રાખવામાં આવ્યો છે.

દેવલાલી જવાની વ્યવસ્થાથી માંડીને અન્ય વિગતો માટે શિબિરાર્થીઓએ તા. ૭-૩-૮૩ની તા. ૯-૩-૧૯૮૩ સુધીમાં કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.

### વસંત વ્યાખ્યાનમાળા

★

આગામી વસંત વ્યાખ્યાનમાળા, તા. ૪ એપ્રિલથી તા. ૭ એપ્રિલ, ૧૯૮૩ સુધી, તાતા ઓડિટોરિયમ, ખોજમે હાઉસ, ગુસ સ્ટ્રીટ, મુંબઇ ૧ ખાતે યોજાશે. વિષયો અને વક્તાઓ અંગેની વિગતો યોગ્ય સમયે જણાવવામાં આવશે.

લિ.

અમર જરીવાલા — ચીમનલાલ જે. શાહ
સંયોજક — કે. પી. શાહ
મંત્રીઓ.

### અભ્યાસ વર્તુળ

★

વક્તા–શ્રી ડાહ્યાભાઇ કકલભાઇ શાહ
વિષય–શાંત રસ
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
સમય : શુક્રવાર તા. ૯મી માર્ચ ૧૯૮૩, સાંજે ૬ વાગે.

રસ ધરાવતા સૌ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

સુબોધભાઇ એમ. શાહ — ચીમનલાલ જે. શાહ
સંયોજક — કે. પી. શાહ
મંત્રીઓ

## એકયુપ્રેશરના વર્ગો અને સારવાર કેન્દ્ર

સંકલન : શાંતિલાલ ટી. શેઠ

સંઘ સંચાલિત 'પ્રેમળ જ્યોતિ' ના ઉપક્રમે શ્રી ચીમનભાઇ દવેના સંચાલન હેઠળ એકયુપ્રેશર દ્વારા ઉપચાર પદ્ધતિની તાલીમ માટેના વર્ગો છેલ્લા ૬ માસથી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં નિયમિત ચાલતા હતા. તેમાં બાવન ભાઇ-બહેનો જોડાયાં હતાં. સત્રાંતે પરીક્ષા થતાં તેમાં ઉત્તીર્ણ થનાર દરેકને પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં.

આ રીતે ઉત્તીર્ણ થનાર અને આ પદ્ધતિની સારી જાણકારી ધરાવનાર ભાઇઓ-બહેનોમાંથી સમય આપી શકે એવા સેવાભાવી ભાઇઓ-બહેનો દ્વારા શ્રી ચીમનભાઈ દવેના માર્ગદર્શન હેઠળ દરદીઓની સારવાર માટે વિનામૂલ્યે પ્રાયોગિક ધોરણે કેન્દ્ર શરૂ કરવાનો સંઘે નિર્ણય કર્યો છે. તદનુસાર, તા. ૧૩-૨-૧૯૮૩ ના રોજ સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહના વરદહસ્તે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં 'એકયુપ્રેશર સારવાર કેન્દ્ર'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન કરતાં ડો. રમણભાઇએ બહુજનસમાજ માટે આવી સારવારની ઉપયોગિતા જણાવી, આ સારવારપદ્ધતિથી બધાને રાહત થાય એવી ભાવના સાથે આ કેન્દ્રની પ્રવૃત્તિઓ બહુ સારી રીતે ચાલે એવા આશીર્વાદ આપ્યા હતા.

કેન્દ્રના માનાર્હ સંચાલક શ્રી ચીમનભાઇ દવેએ એકયુપ્રેશરની સારવારનાં પરિણામો સમજાવી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, આવા સાર્વજનિક કામમાં ઊંડો રસ દાખવે છે તે અંગે આનંદ વ્યક્ત કરવા સાથે પ્રથમ, વર્ગો માટે અને હવે સારવાર કેન્દ્ર માટે સંઘે મંજૂરી આપી તે માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે શ્રી ચીમનભાઇ દવેના માર્ગદર્શન હેઠળ આવી સારવાર અંગેના ૧૦ કેન્દ્રો ચાલે છે, અને બીજા પાંચ કેન્દ્રો શરૂ થવાનાં છે. આ બધાં કેન્દ્રો પાછળ પ્રતિદિન ૧૬ કલાક પરાર્થે માનાર્હ કામ કરનાર શ્રી ચીમનભાઇ ઋષિકક્ષાની વ્યક્તિ છે. એમનું સંઘ તરફથી સન્માન કરવાની વિનંતી કરતાં ડો. રમણભાઇએ ચંદનહારથી શ્રી ચીમનભાઇ દવેનું અભિવાદન કર્યું હતું. શ્રોતાઓએ તાળીઓથી એમાં સૂર પુરાવ્યો હતો.

શ્રી કે. પી. શાહે 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિઓ ગૌરવપ્રદ છે, એમ જણાવી સંયોજકો તરીકે મળેલાં શ્રીમતી નિરુબેન અને શ્રીમતી કમલબેન પીસપાટી તેમજ અન્ય બહેનોના સારા સાથ અને સહકારની પ્રસંશા સાથે આ પ્રવૃત્તિનું ફલક વિસ્તારવાની ભાવના વ્યક્ત કરી હતી.

'પ્રેમળ જ્યોતિ' ના સંયોજક શ્રીમતી નિરુબહેને સભાની શરૂઆતમાં પ્રાર્થના કરી હતી અને સભાના અંતે સૌ પરત્વે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી. અલ્પાહાર અને ચા-પાણીને ન્યાય આપી સભા સમાપ્ત થઇ હતી.

એકયુપ્રેશર પદ્ધતિથી સારવાર માટેના તાલીમ વર્ગોની નવી બેચ સોમવાર, તા. ૭-૩-૧૯૮૩ થી શરૂ થશે. આ તાલીમ કેન્દ્રનો સમય દર સોમવારે બપોરના ૨-૩૦ થી ૪-૦ સુધીનો રહેશે.

આ પધ્ધતિથી ઉપચાર માટેનું સારવાર કેન્દ્ર તા ૭-૩-૮૩ થી એ જ રીતે દર સોમવારે સાંજના ૪-૦ થી ૫-૦ દરમિયાન નિયમિત કામ કરશે. સર્વ પ્રકારના દરદીઓની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

આ પધ્ધતિથી સારવાર કરવા માટે, તાલીમ લેવા ઉત્સુક ભાઇ-બહેનોને તાલીમ કેન્દ્રનો અને દરદીઓને સારવાર કેન્દ્રનો વિનાસંકોચ લાભ લેવા વિનંતી છે.

શ્રીમતી નિરુબેન એસ. શાહ — ચીમનલાલ જે. શાહ
શ્રીમતી કમલબેન પીસપાટી — કે. પી. શાહ
સંયોજકો, 'પ્રેમળ જ્યોતિ' — મંત્રીઓ

# નંદગાંવ : અમારી મુલાકાત

સંકલન ✠ શાંતિલાલ ટી. શેઠ

બોમ્બે સાઉથ રોટરી ક્લબે થાણા જિલ્લાના મનોર ગામની નજીક આવેલ નંદગાંવને દત્તક લીધું છે, જે મુંબઇથી સો કીલો મીટર અને પાલઘરથી ૨૦ કીલો મીટર દૂર છે. બોરીવલી, વીરાર અને થાણાથી બસમાં ત્યાં જવાય છે. નંદગાંવમાં ૧૧૮ કુટુંબોની કુલ ૮૭૦ ની વસતિ છે. મોટે ભાગે ગરીબીની રેખા હેઠળ જીવતા આ લોકોને ચોમાસામાં થોડી મજૂરીનું કામ મળે છે, બાકીના દિવસોમાં નવરાશ. એટલે દારૂની લત લાગી જાય. પાણી માટે ત્યાં એક જ કૂવો છે. એટલે પીવાના પાણીની પણ ખેંચ રહે છે. નાના ઘાસના ઝુંપડામાં વસતા આ લોકોનો પહેરવેશ પણ ફાટયો-તૂટયો હોય છે. બોરાક પણ એક ટંક મળે તો મળે.

આવા આ નંદગાંવને દત્તક લઇ, ગ્રામ સુધારણાનું પાયાનું કામ કરનાર બોમ્બે સાઉથ રોટરી ક્લબની પ્રવૃત્તિઓના નિરીક્ષણ માટે ક્લબના અધિકારીઓ શ્રી જે. પી. શાહ અને શ્રી એન. આર. શાહે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કારોબારી સમિતિના સભ્યોને નંદગાંવની મુલાકાત લેવાનું નિમંત્રણ આપ્યું. તા. ૨૦-૨-૧૯૮૩ ના રોજ અમે નંદગાંવ ગયા અને ત્યાંનું કામ જોઇને તથા અમારી મુલાકાત માટે મુંબઇથી જવા આવવાની તથા ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા જોઇને અમે બહુ પ્રસન્નતા અનુભવી. ત્યાંની પ્રવૃત્તિઓની ટૂંકી વિગત નીચે પ્રમાણે છે.

આ પ્રવૃત્તિનો પ્રાણ છે, મુંબઇના જાણીતા ગાયનેકોલોજિસ્ટ ડૉ. ઓ. જે. શાહ. છેલ્લા દસ-બાર વર્ષથી તેઓએ ત્યાં દવાખાનું શરૂ કર્યું છે અને વિનામૂલ્યે સેવા આપે છે. દર શનિ-રવિવારે તેઓ મુંબઇથી ત્યાં જાય છે અને તૈયાર દવાઓ લેવાને બદલે તેઓ ત્યાં હાથે દવા બનાવે છે અને દરદીઓની ચિકિત્સા તેમજ સારવાર કરે છે. તેમની ગેરહાજરીમાં એમનો નોકર સારવાર કરે છે અને ડૉ. ઓ. જે. શાહે તેને સારવાર અંગેની તાલીમ પણ આપી છે.

ગરીબીને કારણે એક ટંક પૂરતું પણ ખાવા ન મળે એટલે પોષણના અભાવે માંદગી આવે. આ માટે ડૉ. ઓ. જે. શાહે દરરોજ એક વખત છાશ આપવાની શરૂઆત કરી છે અને એનું પરિણામ પણ સારું આવ્યું છે. જાતજાતના વહેમોના કારણે શરૂઆતમાં દવા ન લેતા ગ્રામ્યવાસીઓનો એમણે ધીમે ધીમે વિશ્વાસ સંપાદન કર્યો છે.

બોમ્બે સાઉથ રોટરી ક્લબે પણ આ ક્ષેત્રમાં થોડા વર્ષોથી રસ લેવો શરૂ કર્યો અને ગ્રામ સુધારણાનું કાર્ય હાથ ધર્યું. નંદગાંવને પાંચ વિભાગમાં વહેંચી દીધું છે અને સારા ઝૂંપડા બાંધી આપી રહેઠાણની સમસ્યા હળવી કરી. ત્યાર બાદ પ્રત્યેક ઝૂંપડાને વિજળીની સુવિધા પૂરી પાડવામાં આવી. શિક્ષણ માટે પ્રાથમિક શાળા શરૂ કરી અને હાલ ૧૦૦ બાળકો અભ્યાસ કરે છે, બે વિદ્યાર્થીઓએ એસ. એસ. સી. ની પરીક્ષા પણ આપી છે. એક 'બાળ મંદિર' પણ શરૂ કર્યું છે, જેમાં ૩૫ બાળકો અભ્યાસ કરે છે. આ 'બાળ મંદિર' 'સમાજવાદી મહિલા મંડળ, પૂના તરફથી ચાલે છે. ત્યાંના શિક્ષણ અંગેની જવાબદારી માટુંગાની એમ. એમ. પી. શાહ મહિલા કૉલેજના પ્રા. મૃદુલાબેન શાહ સંભાળે છે. તેઓ પણ પ્રાયઃ દર શનિ-રવિવારે નંદગાંવ જાય છે.

દર મહિનાના ત્રીજા રવિવારે ગ્રામવાસીઓનું સમૂહ ભોજન યોજાય છે ત્યારે બોમ્બે સાઉથ રોટરી ક્લબના અધિકારીઓ ત્યાં અચૂક જાય છે અને એમની સાથે ભોજન લે છે. ગ્રામ્યવાસીઓનો સંકોચ દૂર કરવામાં અને એમનો વિશ્વાસ સંપાદન કરવામાં સહભોજનની આ સૂઝે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અસ્પૃશ્યતાનો ખ્યાલ પણ આથી દૂર કરી શકાયો છે

આ બધી પ્રવૃત્તિઓના નિરીક્ષણથી અમને ખૂબ જ સંતોષ થયો અને કાર્યકરોને અંતરથી ધન્યવાદ આપ્યા.

પૃષ્ઠ ૨૪૪ પરથી ચાલુ

છે : (૧) રતિ (૨) પ્રજોત્પત્તિ અને (૩) ધર્મસંપત્તિ. આ ત્રણમાં પહેલા કરતાં બીજો અને બીજા કરતાં ત્રીજો હેતુ ચઢિયાતો છે. કોઇકના જીવનમાં કોઈ પણ એકને, કોઇકના જીવનમાં બેને અને કોઇકમાં એ ત્રણેયને સ્થાન હોઇ શકે. સામાન્ય લોકોના જીવનમાં માત્ર રતિને સ્થાન હોય છે, પ્રજોત્પત્તિ તો એની મેળે થાય તો થાય અને ધર્મસાધનાની તો એમને સ્વપ્નેય કલ્પના હોતી નથી. એમનાથી ઉચ્ચતર કક્ષાનાં દંપતીઓમાં ત્રણેય હેતુઓને સ્થાન હોય છે. પરંતુ કોઇક વિરલ ઉચ્ચતમ દંપતીઓનાં જીવનમાં રતિ અને પ્રજોત્પત્તિ નહીં પહેલેથી માત્ર ધર્મસાધનાને જ સ્થાન હોય છે. આપણા શાસ્ત્રકારોએ પત્નીને માટે 'સહધર્મચારિણી' શબ્દ પ્રયોજ્યો છે તેમાં સ્થૂલ જીવન-વ્યવહારથી માંડીને સૂક્ષ્મતમ આધ્યાત્મિક સાધના સુધીનો અર્થ રહેલો છે.

ત્યાગ, સંયમ, સહકાર, સહિષ્ણુતા ઇત્યાદિની ભાવના વિના દામ્પત્યજીવન લાંબો સમય આનંદમય રહી ન શકે. કામભોગ-રહિત દામ્પત્યજીવન પણ ઉલ્લાસમય હોઇ શકે એવું દુનિયાના બહુ ઓછા દેશોના લોકોને પ્રતીત થતું હોય છે. લગ્નની પ્રથમ રાત્રિથી જ પોતાની આદ્યેય પત્ની સાથે દીક્ષા લેનાર જમ્બૂકુમાર અથવા એકબીજાની જાણ વિના એકથી શુક્લ પક્ષની અને બીજાથી કૃષ્ણ પક્ષની બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવાઇ જતાં તે સાચી નિષ્ઠાથી જીવનભર નિભાવનાર વિજય શેઠ અને વિજયા શેઠાણીના ઉલ્લાસમય અને આરાધનામય દામ્પત્ય-જીવનની અને એવાં બીજાં કેટલાંયે દંપતીઓની વાત તો પશ્ચિમના જગતને ગળે ન ઊતરે તેવી છે.

અલબત્ત, ભારતમાં બધાંનું લગ્નજીવન બહુ સુખી હોય છે, એમ તો ન જ કહી શકાય.

ભારતમાં છૂટાછેડા જલદી લેવાતા નથી. કાયદાની દૃષ્ટિએ યુરોપ-અમેરિકા જેટલું સહેલું પણ નથી, પરંતુ જો એ સરળ બને તો અને લોકનિંદાનું કારણ ઓછું થાય તો સહેજે પાંચ-પંદર ટકા એવાં દંપતીઓ હોઇ શકે કે જે છૂટાછેડા લઇને વધુ સુખી થઇ શકે પતિ અને સાસુનો ત્રાસ, આર્થિક પરતંત્રતા, એકલાં રહેવાની હિંમતનો અભાવ, લોકનિંદાનો ડર, કેટલીક સામાજિક પ્રતિકૂળતાઓ-ઇત્યાદિ કારણે સ્ત્રી છૂટાછેડા લેતી નથી અને લાચારીથી જીવન પૂરું કરે છે. કેટલીક કાયમ માંદી રહેતી સ્ત્રીઓની, વિધવા બન્યા પછી તબિયત સુધરતી જાય છે તેમાં પણ આવું એક કારણ રહેલું હોય છે.

દામ્પત્યજીવનમાં પતિ-પત્ની બંનેના પક્ષે કેટલીક સહિષ્ણુતાની અપેક્ષા રહે છે. પતિ અને પત્ની વચ્ચે વય-ભેદ, શિક્ષણ-ભેદ, રુચિ-ભેદ, દૃષ્ટિ-ભેદ, લક્ષ્ય-ભેદ વગેરેના કારણે મતમતાંતર અવશ્ય હોઇ શકે. એમાં સહકાર, સહિષ્ણુતા અને સમભાવ હોય તો દામ્પત્યજીવન સમગ્ર દામ્પત્યજીવન એક પણ ઉગ્ર શબ્દ વિના સુસંવાદી રહ્યા કરે અને પ્રેમમય ચાલ્યા કરે એવું તો સામાન્ય રીતે અસંભવિત ગણાયું છે.

લગ્નજીવનમાં સંઘર્ષ કે વિસંવાદ, બકરીના યુદ્ધ, ઋષિના શ્રાદ્ધ અને પ્રભાતની મેઘગર્જનાની જેમ અલ્પજીવી હોય છે:

अजायुद्धमृषिश्राद्धं प्रभाते मेघडम्बरम् ।
स्त्रीभर्तुः कलहश्चैव चिरकालं न तिष्ठति ॥

વિસંવાદનું વાદળ પસાર થઇ જાય એટલે ફરી પાછું દામ્પત્યજીવન સુસંવાદી બને છે. માટે જ જે ડાહ્યા સ્ત્રી-પુરુષો મતભેદ કે તકરારની નજીવી બાબતોને બહુ મોટું રૂપ આપતાં નથી, તેમનું દામ્પત્યજીવન સરળતાથી ચાલે છે.

સુખી દામ્પત્યજીવન એ પણ એક કળા છે, જેને એ હસ્તગત છે તેને આવા કોઇ પ્રશ્નો નડતા નથી.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૨૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧૬-૩-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ ] [ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સામુદાયિક માનવહત્યા

રમણલાલ ચી. શાહ

આસામમાં ચૂંટણીઓ યોજાઇ ગઇ. પરંતુ એ રક્તરંગી ચૂંટણીઓની કિંમત ઘણી મોંઘી ચૂકવવી પડી છે. ચૂંટણીને કારણે નોગોંગ, દારંગ, ગોઆલપરા, કામરૂપ વગેરે જિલ્લાઓનાં ગામડાંઓમાં બે હજારથી વધુ માનવોની હત્યા થઇ છે.

આસામમાં થયેલી સામુદાયિક માનવહત્યા એ આ પ્રકારની હત્યાનો દુનિયામાં પહેલો પ્રસંગ નથી. માનવજાતના ઇતિહાસમાં સામુદાયિક માનવહત્યાના પ્રસંગો વખતોવખત બનતા રહ્યા છે. ખુદ ભારતમાં પાકિસ્તાન અને ભારતના વિભાજન વખતે ઘણા મોટા પાયા ઉપર સામુદાયિક માનવહત્યાના સંખ્યાબંધ બનાવો બન્યા હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મનીમાં લાખો યહૂદીઓની હત્યાનો ઇતિહાસ કમકમાટીભર્યો છે.

વર્ણ, જાતિ, ધર્મ, ભાષા, કોમ, પ્રદેશ વગેરેના ભેદોને કારણે જ્યાં જ્યાં રાષ્ટ્રમાં, જિલ્લામાં, નગર કે નાના ગામડાંની શેરીઓમાં સામસામા બે સમાન પક્ષ પડી જાય અથવા એક વર્ગ બહુમતીમાં હોય અને બીજો વર્ગ લઘુમતીમાં હોય ત્યાં કોઇકિ વખત પરસ્પર હિતના મોટા સંઘર્ષના કારણે અચાનક અથડામણો થાય છે, અને હિંસાનો દાવાનળ ફાટી નીકળે છે. વેરની વૃત્તિ ત્યારે એટલા વેગથી પ્રજ્વલિત બને છે અને વિશાળ સામુદાયિક જોરને કારણે એટલી બધી પોષાય છે કે ધડીકમાં સેંકડો, હજારો નિર્દોષ માણસોની કતલ થઈ જાય છે. આવા અત્યાચારોની વાતમાં નિમિત્ત કયારેક કોઈ એકલદોકલ વ્યક્તિની અવળચંડાઈ હોય છે, કયારેક કોઇ કોમી, પ્રદેશવાદી, રાજદ્વારી કે સામાજિક નેતાની વૈરવિષયુકત વાણી હોય છે; કયારેક કોઈ કહેવાતા ધર્મગુરુની નેતાનો પ્રકોપ હોય છે, તો કયારેક સમગ્ર સમુદાયની સામુદાયિક તીવ્ર લાગણીનો જોરદાર પડઘો હોય છે.

માનવ સમુદાયમાં 'આપણા લોકો' ની સ્વાર્થી સંકુચિત ભાવના સમયે સમયે, સ્થળે સ્થળે બદલાતી રહે છે. જ્યારે એ ઉત્કટ બને છે અને પોતાનું હિત અથવા પ્રતિષ્ઠા જોખમમાં છે એવી ઉશ્કેરાટભરી લાગણી કોઈ એમનામાં પ્રવર્તાવે છે ત્યારે તેવા લોકો વગર વિચાર્યે તરત ઘાતક હથિયારનો આશ્રય લે છે. અસામાજિક તત્ત્વો પણ પોતાના અંગત વેરનો બદલો લેવા આવી તક ઝડપી લે છે.

પૃથ્વીનાં સર્વ પ્રાણીઓમાં એક મનુષ્ય જ એવું પ્રાણી છે કે જે બીજા નિર્દોષ મનુષ્યની કતલ કરી નાખે છે. બીજા પ્રાણીઓમાં, હિંસક પ્રાણીઓમાં સુદ્ધાં માંહેમાંહે ખાસ કલહ નથી હોતો અને હોય તો તે ક્ષણિક હોય છે. પરંતુ મનુષ્ય પાસે બુદ્ધિ છે અને એ બુદ્ધિ વડે ઉપજાવેલાં ઘાતક શસ્ત્રો છે. પોતાના પરિવાર, સમાજ કે રાષ્ટ્ર માટે મમત્વની ઉત્કટ લાગણી એનામાં છે. દૂરના ભવિષ્યનો તે વિચાર કરી શકે છે. પોતાના હિતાહિતને તે સમજે છે, અને મનુષ્ય મનુષ્ય વચ્ચેની સ્થૂળ ભેદરેખા તે તરત શોધી કાઢી શકે છે. પરિણામે જેના પ્રત્યે પોતાને વેરભાવ હોય તેવા બીજા મનુષ્યોના આખા વર્ગનું નિકંદન કાઢી નાખવાની વેરવૃત્તિ તેનામાં બહુ જોર પકડતી હોય છે. યુદ્ધ સમયે આ વૃત્તિ વધારે વ્યાપક બને છે અને અનેક નિર્દોષ માનવોની કતલ થઈ જાય છે.

સામાન્ય મનુષ્યમાં કુદરતી રીતે જ બીજા મનુષ્યો સાથે સુસંવાદી જીવન જીવવાનું વલણ રહ્યું હોય છે. જેમ વેરની ભાવના ઇતર પ્રાણીઓ કરતાં મનુષ્યમાં સૌથી વિશેષ રહેલી હોય છે, તેમ દયા અને કરુણાની લાગણી, પ્રેમ અને સહકારની ભાવના, ત્યાગ અને પરગજુપણાની વૃત્તિ પણ મનુષ્યમાં જ સૌથી વિશેષ રહેલી હોય છે. પરિણામે સાધારણ મનુષ્યો એકંદરે દુનિયામાં સર્વત્ર સુસંવાદી અને શાંતિમય જીવન જીવતા હોય છે. ધરતીનો એવો કોઈ પ્રદેશ નથી, એવો કોઇ ખૂણો નથી કે જ્યાં કેટલાક મનુષ્યો એક યા બીજી દૃષ્ટિએ લઘુમતીમાં ન હોય અને છતાં બહુમતી વર્ગ સાથે સહકારભર્યું, પ્રેમમય અને શાંતિમય જીવન જીવતા હોય. પરંતુ જ્યારે દ્વેષભર્યાં કૃત્રિમ પરિબળો તેને ઉશ્કેરે છે ત્યારે તેનું શાંતિમય, સુસંવાદી જીવન ખળભળી ઊઠે છે. પરસ્પર ભ્રાતૃભાવ અદૃશ્ય થવા લાગે છે અને વૈમનસ્યની ઉન્માદયુક્ત લાગણી પ્રવર્તી રહે છે. કયા પક્ષે કેટલી હાનિ થઇ છે તેની તુલના થાય છે અને અન્ય પક્ષને વધુ હાનિ પહોંચાડીને રાજી થવાય છે.

કોઇકિવાર કોઈ એક વર્ગની રાષ્ટ્રમાં લઘુમતી હોય છે, પણ એના કોઈ એક જિલ્લામાં બહુમતી હોય છે; કયારેક જિલ્લામાં લઘુમતી હોય છે, પણ એના કોઇક શહેરમાં બહુમતી હોય છે અથવા શહેરમાં લઘુમતી હોય છે, પણ એના કોઇકિ વિસ્તારમાં બહુમતી હોય છે, ત્યારે આવો લઘુમતી વર્ગ વધુ પડતા આત્મવિશ્વાસથી અથવા પોતાને કોઇનો ડર નથી એવી સભાનતા બતાવી દેવાના આશયથી ઉશ્કેરાઇને બહુમતી વર્ગ ઉપર આક્રમણ કરે છે. પરંતુ બીજા પ્રદેશો ઉપર એના પ્રત્યાઘાતો અવળા પડે છે અને એક નાના સરખા છમકલા-

માંથી ચારે બાજુ માનવહત્યાની મોટી આગ ફાટી નીકળે છે. વેર અને પ્રતિવેરની પરંપરા ચાલે છે, જે અસંખ્ય મનુષ્યોનો ભોગ લઈને શાંત થાય છે.

કયારેક બહુમતી વર્ગ લઘુમતી વર્ગની નિર્બળતાને લક્ષમાં લઈ એના ઉપર પોતાનું વર્ચસ્વ વધુ ને વધુ જમાવવા જાય છે. પરિણામે એના આક્રમક વલણ કે વર્તનનો જરા સરખો પણ પ્રતિકાર લઘુમતી વર્ગ તરફથી થાય છે ત્યારે પરસ્પર અસહિષ્ણુતામાંથી ઘોર હિંસા અચાનક ફેલાઈ જાય છે.

મનુષ્યને માટે પોતાના અસ્તિત્વનો પ્રશ્ન સૌથી મહત્ત્વનો છે. જ્યારે એને વહેમ પડે છે કે અન્ય વર્ગની કોઈક હિલચાલને કારણે પોતાનું સમગ્ર અસ્તિત્વ જોખમમાં આવી પડશે ત્યારે તે પ્રાણાંતે પણ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. લડી લીધા વગર છૂટકો નથી, અને એમાં જ કદાચ ઓછામાં ઓછું જોખમ રહ્યું છે એમ તેને લાગે છે. જો તે લડી નહિ લે તો પોતાનું અસ્તિત્વ નિઃસંશય નામૂદ થવાનું જ છે. પરંતુ જો તે લડી લેશે તો કદાચ બચી પણ જવાશે. કહ્યું છે: **મૃત્યુ યુદ્ધે ધ્રુવમ્ જીવિત સંશયઃ।** આવી પરિસ્થિતિ જ્યારે નિર્માય છે ત્યારે ઉભય પક્ષે વેરના દાવાનળનો ભોગ ઘણા માણસો બને છે.

ધરતીકંપ, પૂર, રોગચાળો દુકાળ વગેરે કુદરતી આપત્તિઓમાં એકસામટા ઘણા બધા માણસો મૃત્યુ પામે છે, પરંતુ તે પરિસ્થિતિ જુદી છે. યુદ્ધભૂમિ પર ઘણા બધા સૈનિકો મૃત્યુ પામે છે, પરંતુ તેમની વાત જુદી છે, કારણ કે મરવા કે મારવા નીકળેલા માણસોની એ વાત છે. પરંતુ નિર્દોષ સ્ત્રીઓ અને બાળકો સહિત સામાન્ય મનુષ્યો પોતાનું નિરુપદ્રવી શાંત જીવન જીવતાં જીવતાં પોતાના પેટનો ખાડો માંડ ભરતાં હોય છે અને જેમને વર્ણ, ધર્મ, જાતિ, ભાષા, વગેરે માટે કશો જ આગ્રહ હોતો નથી એવા નિર્દોષ માનવસમુદાય ઉપર શક્તિશાળી વિપક્ષ અચાનક છાપો મારીને, હથિયારો વડે કે આગ લગાડીને કે અન્ય કોઈ રીતે તેમની કતલ કરી નાખે છે ત્યારે મનુષ્ય કેટલો બધો પાશવી બની શકે છે તેનો ખ્યાલ આવે છે. કયારેક આવી ચિનગારી પ્રગટાવનારાઓને પોતાને પણ કલ્પના નથી હોતી કે એનું પરિણામ આટલું બધું ભયંકર આવશે.

બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાના ઘણા દેશોમાં સામુદાયિક માનવહત્યાની એક વિશેષ પ્રવૃત્તિ જોર પકડતી જાય છે. જે લોકોના હાથમાં પોતાના દેશની સર્વોપરી સત્તા આવે છે તેઓ એમ માને છે કે પોતાની સત્તાને આંચ ન આવે એ રીતે સરળતાથી રાજ્ય કરવું હોય તો વિરોધીઓને ખતમ કરી નાખવા જોઈએ. કોઈ બળવાન વિરોધી નેતા કે એના મહત્ત્વના બે-ચાર સાથીદારોનું અને પાંચ-પચાસ મોટા અનુયાયીઓનું અસ્તિત્વ જો નામૂદ કરવામાં આવે તો પછીના અનુયાયી વર્ગનું જોર નબળું પડી જાય છે. એને લીધે કશા પણ કારણ વિના અથવા જાહેરમાં ખોટા આરોપો મૂકીને પરંતુ તટસ્થ કોર્ટમાં કાયદેસર કામ ચલાવ્યા વિના, બંદૂકની ગોળીએ તેમની રીતસરની હત્યા કરી નાખવામાં આવે છે. આવા બનાવો જ્યાં લશ્કરી સરમુખત્યારશાહી છે ત્યાં વધુ બને છે. સામ્યવાદી દેશોમાં પણ બીજા દેશો કરતાં આવા બનાવો વિશેષ પ્રમાણમાં બનતા હોય છે.

તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ તરફથી માનવ અધિકાર પંચનો અહેવાલ પ્રગટ થયો છે અને તેમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લાં પંદરેક વર્ષમાં દુનિયામાં વીસ લાખથી વધુ માણસોની કાયદેસર કેસ ચલાવ્યા વિના હત્યા થઈ છે. તેમાં મુખ્યત્વે ઈરાન, દક્ષિણ આફ્રિકા, આર્જેન્ટિના, કોલોમ્બિયા, ગ્વાટેમાલા, યુગાન્ડા, વગેરે દેશો છે. આ દેશોમાં આવી સામુદાયિક માનવહત્યા ખુદ સરકાર તરફથી થયા કરી છે. જાસૂસી, દુશ્મનો સાથે મૈત્રી, સરકાર સાથે અસહકાર ઇત્યાદિ પ્રકારના દેશદ્રોહના સાચાખોટા આક્ષેપો મૂકી તેવા કહેવાતા દેશદ્રોહીઓને વખતોવખત પકડી હારબંધ ઊભા રાખી બંદૂકની ગોળીએ વીંધી નાખવામાં આવે છે. પોતાની સત્તા ટકાવી રાખવા માટે બહુ મોટા પ્રમાણમાં આ રીતે સરકાર તરફથી જ માનવભોગ લેવાય છે.

માનવજાતિમાં વખતોવખત થતી સામુદાયિક હત્યાનો કયારેય અંત નહિ આવે શું? ઇતિહાસના પાને જંગલી આદિવાસીઓથી માંડીને સુધરેલી આધુનિક પ્રજાઓ સુધીમાં સામુદાયિક હત્યાના સેંકડો બનાવો નોંધાયા છે. માનવજાતિએ કુદરતે નિર્મેલા ભેદો ઉપરાંત અનેક પ્રકારના કૃત્રિમ ભેદો પણ ઉત્પન્ન કર્યા છે. જ્યાં સુધી ભેદ છે ત્યાં સુધી વિગ્રહને સદંતર નિવારી શકાશે નહિ. જ્યાં જ્યાં જ્યારે જ્યારે ભેદમાં પણ અભેદ બુદ્ધિનાં અર્થાત્ એકત્વનાં કે ભ્રાતૃભાવનાં દર્શન માનવજાતિ કરી નહિ શકે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે એ ભેદોના પ્રમાણમાં એનો ભોગ લેવાતો રહેશે. મનુષ્યમાત્ર સમાન છે એવી દૃષ્ટિવાળા, માનવ-કલ્યાણની ભાવનાવાળા સમાજનેતાઓ, સંનિષ્ઠ કાર્યકરો અથવા સંત પ્રકૃતિના ધર્માચાર્યો શાંતિદૂત બનીને પ્રચાર કરે તેટલા પ્રમાણમાં એવી હિંસા નિવારી શકાય.

અચાનક ફાટી નીકળતા દાવાનળો અને હત્યાકાંડોને પોલિસ કે લશ્કરના શસ્ત્રની સહાયથી દાબી દઈ શકાય છે; પરિસ્થિતિ શાંત થતાં તપાસ પંચ નીમીને ગુનેગારોને શિક્ષા પણ કરી શકાય છે. તો પણ શાંતિના મિશનરી નેતાઓ અને કાર્યકર્તાઓ જેટલું દૂરગામી કાર્ય કરી શકે તેટલું શસ્ત્રની તાકાતવાળા પોલિસ કે લશ્કરના માણસો ન કરી શકે. જ્યાં આવા હત્યાકાંડો પાછળ ખુદ સરકારનો જ છૂપો હાથ હોય છે ત્યાં શાંતિસેના પણ કેટલેક અંશે લાચાર બની જાય છે.

પોતાની અંગત મહત્ત્વાકાંક્ષા માટે કે પોતાના ધર્મ, કોમ કે પક્ષના રક્ષણ કે વિજય માટે જેમના ચિત્રમાં સામુદાયિક માનવહત્યાનો પાપમય વિચાર સ્ફુરે છે તે શાંત અને નિર્મૂળ થાઓ અને એમને સદ્‌બુદ્ધિ સદ્‌વિચાર સાંપડી રહો એ જ આપણી પ્રાર્થના હોવી ઘટે.

---

## * વસંત વ્યાખ્યાનમાળા *

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૪, ૫, ૬ અને ૭ એપ્રિલ, ૧૯૮૩ના રોજ વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

**વિષય:** Future of Centre and State Relationship in India.

**સ્થળ:** તાતા ઓડિટોરિયમ, બુસ સ્ટ્રીટ, કોટ, મુંબઈ, ૧.

**સમય:** દરરોજ સાંજના ૬-૦ કલાકે

**વ્યાખ્યાતાઓ:** શ્રી બાબુભાઇ જશભાઈ પટેલ, શ્રી કુલદીપ નાયર, શ્રી રામકૃષ્ણ હેગડે.

પ્રથમ દિવસે 'શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા' એ રીતે વ્યાખ્યાનમાળાની નામકરણ વિધિ શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવશે.

સવિગત કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

**અમર જરીવાળા** **ચીમનલાલ જે. શાહ**
**સંયોજક,** **કે. પી. શાહ**
**વસંત વ્યાખ્યાનમાળા** મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

# પૂજ્ય સ્વ. કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ

✠ રમણલાલ ચી. શાહ

પ. પૂ. શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજ ફાગણ સુદ ૪ ને ગુરુવાર, તા. ૧૭મી ફેબ્રુઆરી ૧૯૮૩ના દિને સવારે ૧૦-૦૩ કલાકે જામ-ખંભાળિયામાં ૬૩ વર્ષની વયે કાળધર્મ પામ્યા છે. એમના કાળધર્મના સમાચાર છાપામાં વાંચતાં મેં એમના પરમ ભક્ત શ્રી શશિકાન્તભાઈ મહેતાનો રાજકોટ ફોનથી સંપર્ક કર્યો હતો. એમણે કહ્યું કે પોતે અંતિમ સમયે ત્યાં હાજર હતા અને એક જૈન સાધુ ભગવંતનું સમાધિમરણ કેવું અપૂર્વ હોઇ શકે તે પ્રત્યક્ષ જોવા મળ્યું.

વર્તમાન જૈન શ્રમણ સમુદાયમાં જેમના પ્રત્યે આપણને અત્યંત પૂજ્યભાવ થાય એવા આચાર્યોમાં પૂ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજીને ગણાવી શકાય. તેઓ ગચ્છાધિપતિ પરમ શાસન પ્રભાવક પૂ. વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય અને પૂ. સ્વ. ભદ્રંકરવિજયજી ગણિવર્યના શિષ્ય હતા. પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં શિષ્યરત્નોમાં પંન્યાસજી મહારાજ તરીકે સુપ્રસિધ્ધ, નમસ્કાર મહામંત્રના પરમ આરાધક અને વિવિધ શાસ્ત્રીય વિષયો ઉપર સ્વાનુભૂતિને આધારે મૌલિક પ્રકાશ પાડનાર એવા શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના નામથી ભાગ્યે જ કોઈ ધર્માનુરાગી નવકાર મહામંત્રના આરાધક જૈન અપરિચિત હશે. પૂ. પંન્યાસજી મહારાજના કાળધર્મ પછી પટ્ટધર શિષ્ય શ્રી કુંદકુંદસૂરિજી મહારાજના શિરે એમના સમુદાયની જવાબદારી આવી હતી. તેઓ પોતાના ગુરુમહારાજની પાછળ પાછળ આટલા જલદી આપણી વિદાય લેશે એવી કલ્પના નહોતી.

પોતાના ગુરુની જેમ શ્રી કુંદકુંદસૂરિજીએ પણ નમસ્કાર મહામંત્રની અનેરી આરાધના કરી હતી. એમણે 'નમસ્કાર ચિંતામણિ' નામનો જે ગ્રંથ લખ્યો છે તે પણ એ વિષયનો માહિતીસભર પ્રમાણભૂત ગ્રંથ ગણાય છે.

પૂ. કુંદકુંદસૂરિજીનો જન્મ સૌરાષ્ટ્રના હાલારના મોટામાંઢા નામના ગામમાં થયો હતો. એમનું પૂર્વાશ્રમનું નામ કેશવજીભાઇ પુંજાભાઈ હતું, એમણે શાળામાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી ધર્મ પ્રત્યે એમની પ્રીતિ વધતી ગઈ હતી. પ. પૂ. શ્રી રામચંદ્રસૂરિ, પ. પૂ. શ્રી ભદ્રંકરવિજયજી વગેરેના સંપર્કમાં આવતાં તેમને દીક્ષા લેવાની ભાવના થઈ, અને મહારાષ્ટ્રમાં નાસિક જિલ્લામાં વણી ગામે એમણે સં. ૧૯૯૮માં દીક્ષા લીધી હતી. જેમ એમના ગુરુમહારાજ શ્રી ભદ્રંકરવિજયજી આચાર્યાદિ પદવીથી વિમુખ હતા તેમ શ્રી કુંદકુંદસૂરિજીને પણ પદવીની કોઈ અભિલાષા નહોતી. લગભગ આડત્રીસ વર્ષ એમણે મુનિપદમાં જ સંતોષ માન્યો હતો. એમના ગુરુના કાળધર્મ પછી સમુદાયની વ્યવસ્થા અને વ્યવહારને લક્ષમાં લઈ, સંઘોના આગ્રહથી તેમણે સં. ૨૦૩૭માં પંન્યાસપદવી લીધી અને તાજેતરમાં જ સં. ૨૦૩૮માં અમદાવાદમાં આચાર્ય-પદવી સ્વીકારી હતી. એમના શિષ્યોમાં પૂ. ખાંતિવિજયજી પૂ. વજૂસેનવિજયજી, પૂ. કમલસેનવિજયજી, પૂ. વીરસેનવિજયજી વગેરે પણ ઉત્તમ આરાધકો છે.

પૂ. કુંદકુંદસૂરિજીના પૂર્વાશ્રમનાં કેટલાંક સગાંઓ અને એમની જ્ઞાતિના જૈનો મોટી સંખ્યામાં પૂર્વ આફ્રિકામાં વસે છે, એને લીધે એમનાં પુસ્તકોનો પ્રચાર પૂર્વ આફ્રિકામાં ઘણો બધો રહ્યો છે. પરિણામે પૂર્વ આફ્રિકાના જૈનોના ધર્મ-જીવન પર એમનો પ્રભાવ ઘણો બધો પડ્યો છે. પૂર્વ આફ્રિકામાં મોમ્બાસા, નાઇરોબી ઇત્યાદિ શહેરોમાં ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે અમારે ત્યાં જવાનું થયું-હતું ત્યારે શ્રી કેશવજીભાઈ રૂપશીભાઈ, શ્રી વાઘજીભાઈ ગુડકા વગેરે સંઘના આગેવાનો સાથેની વાતો દ્વારા જાણવા મળ્યું હતું, અને પ્રત્યક્ષ જોવા મળ્યું હતું કે શ્રી કુંદકુંદ-વિજયજીનાં પુસ્તકો, લેખો, પત્રો, ઇત્યાદિ ત્યાંના લોકોને માટે કેટલાં બધાં પ્રેરણારૂપ બની રહ્યાં છે.

પૂ. કુંદકુંદસૂરિજીને મારે પિંડવાડામાં અને પાલીતાણામાં, એમ બે વખત મળવાનું થયું હતું. પાલીતાણામાં હું એમને મળ્યો હતો ત્યારે બહુ નિરાંતે એમની સાથે ઘણા વિષયો પર ઘણી વાતો થઈ હતી. એ વખતે એમણે મને પોતાના લખેલાં ઘણાં પુસ્તકો વાંચવા માટે ભેટ આપ્યાં હતાં. પૂ. કુંદકુંદસૂરિજીને મળીએ ત્યારે એમની સરળતા અને પવિત્રતાની સુવાસ આપણને ઊંડી સ્પર્શી જાય. એક જ્ઞાની ભગવંત કેટલા બધા પવિત્ર અને સરળ હોઈ શકે તેના ઉદાહરણરૂપ એમનું જીવન હતું.

પૂ. કુંદકુંદસૂરિજીનો ચાલીસ વર્ષનો દીક્ષાપર્યાય હતો. આ દીક્ષાપર્યાયમાં એમણે વિવિધ અનુષ્ઠાનો, યાત્રાઓ, છ-રી પાળતા સંઘ, ઉપધાનતપ, ગ્રંથલેખન, ઇત્યાદિ દ્વારા ધર્મની ઘણી સારી પ્રભાવના કરી છે.

પૂ. કુંદકુંદસૂરિજીએ લગભગ એંસી જેટલાં પુસ્તકો લખ્યાં છે. એમાં 'નમસ્કાર ચિંતામણિ,' 'આનંદઘન ચોવીસી ભાવાર્થ,' 'યશોવિજયજી ચોવીસી ભાવાર્થ,' 'આરાધનાસાર,' 'નમસ્કાર મહામંત્રનાં દૃષ્ટાંતો,' 'જપ સાધના,' 'મંગલપ્રકાશ,' 'ચિત્રલેખાની ચતુર વાતો,' 'બોધદાયક દૃષ્ટાંતો (અગિયાર ભાગ),' 'સમાધિ-સુધા,' વગેરે ગ્રંથો સુપ્રસિધ્ધ છે. એમાંનાં કેટલાંક વિદ્વતાપૂર્ણ છે અને કેટલાંક સામાન્ય વાચકો માટે બોધપ્રેરક છે.

શ્રી કુંદકુંદસૂરિજીની તબિયત છેલ્લા કેટલાક સમયથી સારી રહેતી ન હતી. તેમને કિડનીની તકલીફ હતી, અને દિવસે દિવસે તે વધતી જતી હતી. તેમ છતાં તેમણે પોતાની સંયમ-આરાધનામાં જરા પણ શિથિલતા આવવા દીધી ન હતી. અમદાવાદમાં છેલ્લા ચાતુર્માસ પછી જામખંભાળિયામાં લગભગ ચારસો આરાધકોને ઉપધાનતપની આરાધના તેમણે શરૂ કરાવી હતી. ઉપધાનતપમાં સવારથી તે સાંજ સુધી આખો દિવસ વિવિધ પ્રકારની ધર્મક્રિયાઓ કરવા-કરાવવાના કારણે શ્રમ પડે એ સ્વાભાવિક છે. પોતાની લથડતી તબિયત છતાં પૂ. કુંદકુંદસૂરિજીએ આ જવાબદારી ઉપાડી હતી. પોતાનો દેહ હવે વધુ સમય ટકવાનો નથી એનો અણસાર એમને આવી ગયો હતો. તેમ છતાં તેઓ ચિત્તની પૂરેપૂરી સ્વસ્થતા ધરાવતા હતા. એમની માંદગી ફાગણ સુદ એકમે ગંભીર બનતાં ત્યાં ઉપસ્થિત થયેલા જુદા જુદા સંઘના આગેવાનોએ ચાર્ટર્ડ વિમાન કરીને એમને અમદાવાદ કે મુંબઇ જેવા મોટા શહેરની હોસ્પિટલમાં દાખલ કરવા માટે વિચાર કર્યો પરંતુ તેની ખબર પડતાં પૂ. કુંદકુંદસૂરિજીએ તે માટે સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. એમણે સભાન અવસ્થામાં પોતાના જ હાથે ચિઠ્ઠી

લખી અને રાજકોટના શ્રી શશિકાન્તભાઇ મહેતાના તથા પોતાના ગુરુબંધુ પૂ. શ્રી મહાસેનવિજયજી મહારાજને આપી હતી. એમાં લખ્યું હતું, 'આ બીમારીમાં કદાચ હું બેભાન બની જાઉં તો મારા ચારિત્ર્યધર્મને બાધક, એવી કોઇ પ્રવૃત્તિ, મારા શરીર અંગે કરશો નહિ.'

પોતાની અંતિમ ક્ષણોમાં પૂ. કુંદકુંદસૂરિજીના ઉદ્‌ગારો હતા કે 'મારા દાદા ગુરુમહારાજ શ્રીમદ્ વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજે મને ચારિત્ર્યધર્મ આપ્યો, મારા પૂજ્ય ગુરુ મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે મને મૈત્રીભાવથી નવડાવી દીધો અને શ્રી સકળ સંઘે મને વાત્સલ્યભાવનું દાન કર્યું. હવે મારે શી ખામી છે? મારી તમે જરા પણ ચિંતા ન કરશો. હું સારા સ્થાને જાઉં છું.'

ત્યાર પછી બરાબર ૧૦-૦૨ કલાકે એમણે કહ્યું, 'મને પદ્માસને બેસાડો અને ભગવાનનાં દર્શન કરાવો.' એટલે તેમને બેઠા કરી પદ્માસને બેસાડવામાં આવ્યા અને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન કરાવવામાં આવ્યાં. એ દર્શન કરતાં કરતાં તેઓ બોલ્યા, 'નમો જિણાણં' અને પછી તરત જ તેમણે આંખ ઢાળી દીધી. બરાબર ૧૦-૦૩ કલાકે એમણે દેહ છોડી દીધો. એક વિરલ પ્રકારનું સમાધિમરણ તેઓ પામ્યા. આવું સમાધિમરણ માત્ર ઇચ્છાથી નથી આવી શકતું. દીર્ઘ સમયની સાધના હોય તો જ તે સંભવિત છે. પૂ. કુંદકુંદસૂરિજીના જીવનમાં પરમાત્મા પ્રત્યેની અપાર ભક્તિ, નવકાર મહામંત્રની દીર્ઘ સાધના, નૈષ્ઠિક બ્રહ્મચર્યનું સુસ્ત પાલન, પોતાના ગુરુ પ્રત્યે સમર્પિત ભાવ, જીવમાત્ર પ્રત્યે મૈત્રી, પ્રમોદ આદિ ભાવના, સ્વાધ્યાય, લેખન, મનનચિંતનમાં સતત અનુરક્તિ, પંચસૂત્રનું રટણચિંતન વગેરે જે હતા તેને લીધે તેઓ બહુ ઊંચી કોટિના શ્રમણ બન્યા હતા અને એમની આ આરાધનાએ એમને સમાધિમરણ અપાવ્યું. એમણે છેલ્લે 'સમાધિસુધા' નામનું પુસ્તક લખ્યું હતું, જાણે કે પોતાની પૂર્વ તૈયારી તરીકે જ એ પુસ્તક ન લખાયું હોય!

સ્વ. પૂજ્ય શ્રી કુંદકુંદસૂરીશ્વરજીને આપણી કોટિશઃ સાદર વંદના હો!

# આસામનો આર્તનાદ

❖ ચુનીલાલ વૈદ્ય

છેલ્લા કેટલાય દિવસોથી સવારનું છાપું કાળજું વીંધતી કારમી ખબર લઇને આવે છે. આસામમાં આટલા લોકો ગોળીએ વીંધાયા...આમ તો મરવાના સમાચારની કંઇ નવાઈ નથી. પરંતુ જે ક્રૂર નિયમિતતાથી આ સમાચારો આવે છે તેણે દેશ આખામાં અરેરાટી ફેલાવી દીધી છે. કોઈ હિંસક પ્રાણીની જાતને ઘટાડી દેવાનું રાષ્ટ્રીય સ્તરે આયોજન થયું હોય અને એના અમલમાં રોજ રોજ કેટલાનો શિકાર થયો, તેનો દૈનિક હેવાલ આવતો હોય તે રીતે આવતા આ હેવાલો ખરેખર જ બર્બર છે. આસામમાં બાર વર્ષ રહેવાનું થયું હોવાથી અને એ લોકોનાં સુખ દુઃખમાં ભળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હોવાથી કે કેમ પણ છાપાના મથાળા પર આંખ પડતાં જ એક ઊંડી ભોંઠપ અનુભવી આંખો ત્યાંથી ઝટઝટ ખસી જવા માંગે છે. એક અપરાધની લાગણી દિલ અને દિમાગને ખિન્ન કરી મેલે છે. છાપું ફેંકી દેવાની, છાપા પરથી મોઢું ફેરવી લેવાની ઇચ્છા થઈ આવે છે. પણ દિલના ગભારામાં ચઢી બેસી દિલને શારડીથી વીંધતી એ અપરાધની લાગણીથી ભાગીને જવું તો ક્યાં જવું? ભાગવું તો શી રીતે ભાગવું?

ચિત્ત સવાલ કરે છે–ઘણુંઘણાટી બોલાવતી ને માણસોના મડાં ઢાળી દેતી જલિયાંવાલા બાગની કતલેઆમની યાદ દેવરાવતી આ ગોળીઓ માટે તારી કોઈ જવાબદારી ખરી કે નહીં? એ ગોળીઓ ખરીદવામાં તારો પણ પૈસો નથી વપરાયો શું? દેશની એકતાનાં ગાણાં ગાનાર તું અસમિયાને ભારત માડીનો જાયો ગણે છે ને? એને દેશબાંધવ માને છે ને? એ માડીજાયા બંધુનો શિકાર તારા દેશના બંધારણના નામે બોલાતો હોય અને તું નિષ્ક્રિય બેઠો હોય તો એ અસમિયો જાણશે શી રીતે કે તું એનો ભાઈ છે અને એ તારો ભાઈ છે?

વડા પ્રધાન કહે છે કે ચૂંટણી કરાવવી એ બંધારણીય ફરજ હતી. તેના પાલન માટે આ બધું કરવું પડે છે. શું થાય? ઉપાય નથી, લાચાર છીએ! બંધારણીય ફરજ છે ને? તારકુંડેએ એમાંથી નીકળી શકાય તેવો એક બંધારણીય રસ્તો બતાવ્યો તો તેનો પણ કંઈ જવાબ નથી. તો પછી લોકોની છાતીઓ વીંધીને જ બંધારણીય ફરજ બજાવવી છે એમ માનીએ ને?

દસકાઓથી બહારના લોકોને આસામની ધરતી પર લાવી વસાવવાનાં કાવતરાં ચાલી રહ્યાં છે. સર શાદુલ્લા અને ફકરુદ્દીન અલી અહમદનાં નામો એમાં ખૂબ ગવાય છે. ક્યારેક અધિક અન્ન ઉત્પાદનને બહાને તો ક્યારેક સત્તાની આડ લઇને પડોશના દેશના લોકોને વસાવતા ચાલ્યા જ ગયા. રેલવે કે રસ્તાઓના લગભગ સદંતર અભાવને કારણે દૂર દૂર ઊંડાણે વસતાં જતાં ને વધતાં જતાં એ ગામડાંઓના સમાચાર દેશની બાકીની આમજનતા સુધી પહોંચી શકયા નહીં, અને એમ આસામની વસ્તીના પોતમાં ધરખમ ફેરફારો થતા રહ્યા. બીજાઓની બે ચાર ટકા વસ્તી વધી હોય ત્યારે આ લોકોની પચ્ચીસ ટકા વસ્તી વધી જાય તે શી રીતે બન્યું? અનેક મૌખિક અને લેખિત રજૂઆતો તરફ જરા પણ ધ્યાન ન દેવાયું. પ્રશ્ન વકરતો ગયો, પણ શાસક પક્ષને એ ફાવતું રહ્યું હશે. (ફકરુદ્દીન સાહેબને તો એ ખૂબ જ ફાવ્યું અને ફળ્યું.) એમને માટે આ બધી વોટ બેંકો બનતી જતી હતી. બ્રહ્મપતની ખીણની આસામની એ કુંવારી ફળદ્રૂપ અને રસે કસે ભરેલી ધરતી મફતમાં પચાવવા દેનારને હાલ તરત વોટ આપવામાં આગંતુકોને વાંધો નથી, ન હોઈ શકે.

આજે ઇન્દિરાબેન કહે છે કે વરસોથી વસી ગયેલાઓને કાઢવા શી રીતે? પણ એ પોતે જ તો આ દેશના પંત પ્રધાન એક દાયકાથી વધારે વખતથી રહ્યા છે. શું આ વિશે એમને ખબર નહોતી? કેમ નહીં હોય? પૂરી જાણકારી હશે. છતાં આ બધા વિદેશીઓને વસવા દીધા, જમી જવા દીધા, ફેલાઈ જવા દીધા અને હવે કહે છે કે શું થાય? શી રીતે કઢાય? જાણ્યું ત્યારથી એ વિદેશી લોકોને અંદર આવતા રોકવા અને આવેલાને પાછા કાઢવા એમની બંધારણીય ફરજ નહોતી શું? એ બધા નકલી ભારતીય બની નાગરિક

અધિકારો પ્રાપ્ત કરે ત્યારે તેમ થતું રોકવાની બંધારણીય ફરજ એમની નહોતી શું? વારુ, ૧૯૭૧ પછીના આવેલાઓને કાઢવા તો એ સમંત થયાં છે. તો પછી એ બધામાંથી જેમનાં નામો ગેરકાયદેસર રીતે મતદાતા સૂચિઓમાં ઘુસાડવામાં આવ્યા હતા તેમને ચૂંટણી જાહેર કરતાં પહેલાં કાઢવાની એમની બંધારણીય ફરજ નહોતી શું? આ બધા ઉપરાંત અગાઉ કહી ગયા તેમ તારકુંડેજીએ એમાંથી નીકળવા રાજ્યમાં મૂળભૂત અધિકારો અકબંધ રાખીને કટોકટી જાહેર કરી, ચૂંટણી ટાળવાનો રસ્તો પણ બતાવ્યો. પણ તે પણ એમને નહોતો લેવો; તો પછી શું કરવું છે? કાયદેસરના અને શાંત નાગરિકોને ગોળીએ દઈને જ ચૂંટણીની એમની બંધારણીય ફરજ એમને બજાવવી હતી?

આખા પ્રશ્નને અત્રે આપણે નથી તપાસવો. છતાં ટૂંકામાં જોઈએ કે આ અસમિયા લોકોનું શું કહેવું છે? બહારથી આવનારા આ લોકોને કારણે અસમિયાઓ પોતાની ધરતીથી વંચિત થઈ રહ્યા છે. એમની ભાષા, એમની સંસ્કૃતિ, એમનો ધર્મ બાજુએ હડસેલાઈ જાય તેવી દશા બહુ ઝડપભેર ઊભી થઈ રહી છે. મતદાતાઓની ભાતમાં જે પરિવર્તન આવી રહ્યું છે, તેથી સ્થાનિક લોકોની ઇચ્છા વિરુદ્ધની સરકારો રચાય છે.

આમ છતાં અસમિયા લોકોની જે માગણી છે તેમાં કશી ભૂલ નથી એવું કહેવાનો અમારો આશય નથી. વળી જે મરી રહ્યા છે તે બધા અસમિયા જ છે એમ કહી શકવા જેટલી માહિતી અમારી પાસે આજે નથી. પણ આજે માનવીઓનો શિકાર ખેલાઈ રહ્યો છે તેને રોકવા આપણાં દિલો ચિત્કારી ઊઠવાં જોઈએ. થઈ રહેલી એ ભ્રાતૃહત્યામાં તમારી ને મારી જવાબદારી છે. હા, એ જવાબદારી અદા કરવા સારુ જ આપણે લેખો લખ્યા, સભાઓ કરી, ઠરાવો પસાર કર્યા, થોડા લોકો આસામ જઈ આવ્યા, અને થોડા ત્યાંના લોકોને આપણે અહીં બોલાવી સાંભળ્યા અને સહાનુભૂતિ વ્યકત કરી.

પણ આપણે જોઈએ છીએ કે લોકમતની એ અભિવ્યકિત એટલી પ્રભાવક ન નીવડી. ઊણી પડી. પણ હવે એથી આગળ આપણી કોઈ ફરજ ખરી? આપણે આપણું બનતું બધું કરી લીધું છે. હવે આપણે કરવાનું કંઈ રહેતું નથી એવી આત્મ-સંતુષ્ટિને છાતીએ બાંધી અસમિયાઓને શિકારીઓની ગોળીની દયા પર છોડી છાંડી આપણે આપણા સંસારમાં પડી જઈએ તો તે બરાબર ગણાશે?

ભારતના ભાગલા વખતે અસમિયાઓએ ભારતમાં જ રહેવાનો આગ્રહ રાખ્યો અને રહ્યા. ઇતિહાસના જાણકારો જાણે છે કે કોંગ્રેસની કારોબારીએ તો નકરા 'પહાડ અને જંગલ' નો એ પ્રદેશ પાકિસ્તાનને પધરાવવાનો વિચાર કરી લીધો હતો. પણ ગોપીનાથ બોરદોલોઈ ગાંધીજી પાસે દોડી ગયા અને ગાંધીજીના આગ્રહને ટાળી ન શકાયો એટલે આસામ આજે ભારતમાં છે. એ લોકોએ ભારતમાં રહેવાનો આગ્રહ રાખ્યો, કારણ કે એમાં એમને એમની ભાષા સંસ્કૃતિ અને ધર્મનું રક્ષણ દેખાયું. પણ જેને માટે એ લોકો ભારતમાં રહ્યા આજે એ જ બધું જવા બેઠું છે. ત્યારે એમનો આક્રોશ દેશને ચીરતો આવી આ કિનારે અફળાય છે. આજે આંદોલન હિંસક બન્યું છે. હિંસાનો બચાવ ન થઈ શકે. પણ બબ્બે વર્ષ સુધી એ પ્રદેશની લગભગ સમગ્ર જનતા અહિંસક માર્ગે આંદોલન કરતી રહી અને આપણી સરકાર એમને અવગણતી રહી. લોકશાહીની રીત તો એ હતી કે એમને સાંભળી એમને વાતનો ઉચિત ફેંસલો લાવવો જોઈતો હતો! તેને બદલે એમનામાં હિંદુ મુસ્લિમ અને આદિવાસી-ઓના ઘોરણે ભાગલા પાડી એમને તોડવા મથ્યા. ભાગલા પાડી-ભાઈ ભાઈને એક બીજાના જાન લેવા ઉશ્કેર્યા. આ બધું બંધારણીય ફરજ જ હશે ને?!

કેટકેટલા ત્યાગ અને બલિદાન દઈ એ લોકો અહિંસક રહેવા મથ્યાં? એમને આટલું બધું શા માટે વેઠવું પડે? એ લોકો આ દેશના કાયદેસરના નાગરિક નથી શું? કે સાથે રહ્યા તે જ ગુનો થયો? એમને અહિંસાની દુહાઇ દેવાનો આપણને અધિકાર નથી. એ બબ્બે વર્ષથી આંદોલન કરતા રહ્યા અને આપણે એમને ન્યાય ન અપાવી શકયા તે એક હકીકત છે. ઘેટાંઓ પર ત્રાટકી સિંહનું ટોળું કેટલાંક ઘેટાં ઉપાડી જાય અને બાકીનાં ઘેટાં બેં બેં કરતાં રહે તેવું આપણું નથી થઈ રહ્યું શું? કે પછી આપણાં ચિત્ત બહેરાશ તો મારી ગયાં નથી? આપણી સંવેદનશીલતા ખતમ તો નથી થઈને?

ના, ચિત્ત બહેરાશ મારી ગયાં નથી. સંવેદનશીલતા પણ ઓછી થઈ નથી. પરંતુ લોકશાહીના ખેલમાં એક પક્ષ નિયમ પ્રમાણે ખેલતો નથી. એ અંચાઈ કરે છે, અને એનો પ્રતિકાર શી રીતે કરવો તે આપણને સમજાતું નથી, તેથી આપણે મુંઝાઇએ છીએ. દિલ ડગ ભરવા ઘણું તલપે છે, પણ પગને કેડી કે રસ્તો જડતો નથી. રાષ્ટ્રપિતાના એ ચશ્મા તે દિ રાજઘાટમાં ખોવાણા હતા તે આજ દિ સુધી આપણને જડ્યા નથી. વગર ચશ્મે રસ્તો શી રીતે જડે? સત્યાગ્રહનો રાજમાર્ગ ભલે ન જડે. કોઈ કેડી જ ભલી!

એક કામ થઇ શકે. આખા દેશની વાત કરવા જેટલી તો આપણી પહોંચ નથી, પરંતુ કહેવામાં સંકોચ પણ ન કરીએ. આખા દેશમાંથી પ્રદેશે પ્રદેશથી-સત્યાગ્રહીઓની ટુકડીઓ આસામ જાય. [એક કાળે નાગપુર ઝંડા સત્યાગ્રહ માટે દેશભરમાંથી સત્યાગ્રહીઓ નાગપુરની ધરતી પર ઉતર્યા હતા. સત્યાગ્રહ કરતાં વેઠવું પડે તે વેઠયું હતું; આજે ફરી એવો જ પ્રસંગ આવી ઊભો તો પ્રદેશે પ્રદેશથી સત્યાગ્રહી ટુકડીઓ આસામ જાય.

ગુજરાતની જનતાને આ સૂચન ઉચિત લાગે તો સૌ પહેલો પ્રતિસાદ દે! એક સો સાથી તૈયાર થતા હોય તો નીકળવાનો વિચાર થઈ શકે. જે જવા તૈયાર થાય તે પોતાનો ખર્ચ ઉપાડે અથવા મિત્રો યા કોઈ સંસ્થા પાસેથી મેળવે. જવા આવવાનો ખર્ચ અને વાટ ખર્ચ મળી લગભગ પાંચસો રૂપિયા થાય. આસામમાં આસામની જનતા ખાવાનું આપશે એવો ભરોસો રાખીને ચાલીએ.

જવા ઇચ્છનારાઓ નીચેને સરનામે સંપર્ક કરે:

સ્વરાજ્ય સંગમ, કેરએફ: ગુજરાત લોકસમિતિ–નશાબંધી કમ્પાઉન્ડ, લાલ દરવાજા, અપના બજાર સામે

–અમદાવાદ ૩૮૦૦૦૧

# રવીન્દ્રનાથ અને રિલ્કે

કૃષ્ણવીર દીક્ષિત

વિદ્યાસત્રના બીજા દિવસે શ્રી ભોળાભાઇના વ્યાખ્યાનનો વિષય હતો 'રવીન્દ્રનાથ અને રિલ્કે.'

શ્રી ભોળાભાઇએ કહ્યું : 'કવિ યેટ્સે કવિતા અને ધર્મ સંવેદના બંનેને પરસ્પરના પર્યાયરૂપ લેખ્યા છે. તેમણે કહ્યું : 'ધર્મ અને કવિતાના સાયુજ્યની ભાવના સમયાંતરે બદલાતી રહી છે. જર્મન કવિ રિલ્કે સન ૧૮૭૫માં જન્મ્યો. આધુનિક કવિઓમાં રિલ્કે ઘણો મોટો કવિ છે. એની 'દુઇનો એલિજીઝ' તે માનવીનું ગૌરવગાન છે. એવી જ એની વિખ્યાત કૃતિ તે 'સોનેટ ઓફ ઓર્ફિયસ' છે. રિલ્કે માને છે કે આ પૃથ્વી ઉપર એક વાર હોવું એ પણ પર્યાપ્ત છે. માણસ જગતને નામ આપીને એને સાર્થક કરે છે. રિલ્કે આખા જગતને પોતાની તમામ ઇન્દ્રિયોથી પામવા મથે છે. શ્રી ભોળાભાઇએ રિલ્કે ના પુષ્પ વિશેના કાવ્યનો નિર્દેશ કર્યો હતો, જેમાં કવિની ચેતના ફૂલની જેમ પૂરી ઊઘડી ગઈ છે. રિલ્કે રશિયા ગયેલો ત્યાં ખ્રિસ્તી ધર્મનો જે જુદો પ્રકાર એણે જોયો તેનાથી એ પ્રભાવિત થયો 'રેનેસાં'થી પણ એ પ્રભાવિત થયો. રશિયા જોતાં રિલ્કેની ધર્મ વિષયક સંવેદના જાગી ઊઠી. એણે પોતાની જાતને 'મંક' એટલે કે એક સાધુરૂપે જોઈ અને પછી જે રીતે એનામાં સંવેદનો ઝીલાયાં તે ધર્મ સંવેદનારૂપે ઝીલાયાં. ધર્મ સંવેદનાને વ્યાખ્યામાં બાંધી શકાતી નથી. ખ્રિસ્તી ધર્મની પરંપરામાં એનો ઈશ્વર, સત્તાધીશ તે ઈશુ છે. રિલ્કેની બાબતમાં 'મન્ક' તરીકેની ચેતનામાંથી ઈશ્વર આવે છે. આમ જોઇએ તો મનુષ્યે જ ઈશ્વરનું નિર્માણ કર્યું છે. અને પછી ઈશ્વરે મનુષ્યનું નિર્માણ કર્યું એમ વ્યવસ્થા ગોઠવાઇ. રિલ્કે ઈશ્વરને પૂછે કે 'હું મૃત્યુ પામીશ તો તું શું કરીશ? રિલ્કે પોતાની મૃત્યુની ભીતિને રૂપાંતરિત કરે છે. ઇશ્વર સાથેના સંદર્ભમાં રિલ્કેને મતે ઈશ્વરની સાર્થકતા મનુષ્યના હોવાપણામાં છે એટલેજ તો એ કહે છે : 'હું તારો ઘટ છું. હું ચૂર્ણ વિચૂર્ણ થઈ જાઉંશ તો શું કરીશ? હું એક પેચ છું. હું ઢોળાઈ જાઉંશ તો તું શું કરીશ? હું એક વસ્ત્ર છું. હું છિન્નવિચ્છિન્ન તાર તાર થઈ જાઉંશ તો શું કરીશ? તારે રહેવા ઘર નથી. હું નહિ હોઉં તો મારા અંકને બદલે કોઈ ખડકને તારે તારું ઓશિકું બનાવવું પડશે.' આમ રિલ્કે પોતાની ચિંતા, પોતાની સંવેદના ઇશ્વરના સંદર્ભમાં રૂપાંતરિત કરે છે. એકબીજા કાવ્યમાં રિલ્કે ઇશ્વરને નજીક લાવીને મૂકે છે. ઇશ્વરને એ પડોશી તરીકે કલ્પે છે અને કહે છે, તું એકલો છે માટે ડરીશ નહિ. આપણી બે વચ્ચે ફક્ત એક પાતળી દીવાલ છે. તે ઓગળી જશે. તું મારે બારણે એક ટકોરો મારતાં જ મારાં દ્વાર ઊઘડી જશે. રિલ્કે ઇશ્વરને જુદે જુદે રૂપે જુએ છે. માળામાં પક્ષીનું એક ઇંડું છે. એ ફોડીને બહાર આવેલું પંખીનું બચ્ચું માળામાંથી પડી જાય છે તો રિલ્કે તેને પૂછે : 'હું તને કેવી રીતે લઉં ? મારા હાથ ઘણા મોટા છે. માય હાર્ટ ઇઝ ધ્લીડિંગ' મારી આંગળી ઉપર પાણીનું ટીપું છે. તું ચાંચ ખોલે તો હું એ પાણીનું ટીપું તારી પહોળી થયેલી ચાંચમાં સેરવું.' રિલ્કેનું આ કલ્પિત, માળામાંથી પડી ગયેલું પંખીનું બચ્ચું એ ઇશ્વર છે. રિલ્કે પોતાના ઇશ્વરનું નિર્માણ એક કલાકાર તરીકે કરે છે, રિલ્કેનો ઈશ્વર બાઇબલનો થઈ ગયેલો ઇશ્વર નથી. તે તો હવે પછી આવનારો ઇશ્વર છે. એ કહે છે કે અમે કવિઓ ને કલાકારો તો કારીગરો છીએ, જેમ ગોમટેશ્વરની પ્રચંડ મૂર્તિ ઘડનારા કારીગરો ઊંચી ઊંચી પાલખો બાંધીને હથોડા પર હથોડા ઝીંકી જેમ પાષાણમાંથી મૂર્તિના અંગ ઉપાંગ ધીમે ધીમે ઉપસાવે છે, અને પછી નિર્માણ થતી, વિરાટ મૂર્તિથી ઓચાઈ જતાં એને નમ્રતાથી નમી પડે છે. તેમ રિલ્કે કહે છે. 'કોઈ માણસને નમતો જોવો અને એને આપણામાં અનુભવવો એ પણ એક પુણ્ય દર્શન છે.' રિલ્કેની કવિતા 'બુક ઓફ અવર્સ'નો નિર્દેશ કરતાં ભોળાભાઇએ રિલ્કે એમાં પરમેશ્વર પૃથ્વી ઉપર વળાવતા મનુષ્યને શું શું કહે છે તેની વાત કરે છે. ઇશ્વર એને કહે છે : 'તું ત્યાં જઇને મને નીચે ઊતરવા ટેકા અર્થે તારો હાથ આપવાનું, મને વસ્ત્ર પહેરાવવાનું ચૂકીશ નહિ.' આ સંસારમાં પ્રજાપતિ તો કવિ જ છે. પ્રેમ એ રિલ્કેની કવિતાનું વિલક્ષણ તત્ત્વ છે. આ કવિની વાણીમાંથી રવીન્દ્રનાથને સમજવાની ભૂમિકા સાંપડે છે.

## ટાગોરની કવિતા

શ્રી ભોળાભાઇએ કવિ ટાગોરની 'નૈવેદ્ય' કવિતાને તેમની ભગવદ્ ચેતનાની કવિતા તરીકે ઓળખાવી રવીન્દ્રનાથની કવિતામાં ઇશ્વર પ્રિયતમા, નાવિક, અંતરદેવતા, તથા જીવનદેવતા એમ જુદે જુદે રૂપે આવે છે. કવિની પ્રેમચેતના અને ભગવદ્ ચેતના વચ્ચે દ્વૈધીભાવ એ છે કે એની દ્વિઅર્થિતાને કારણે એ પ્રેમનાં કાવ્યો છે કે ભક્તિ કાવ્યો છે એ મતલબની સારી એવી ચર્ચા જાગી હતી. વક્તાએ રવીન્દ્રનાથે પ્રચ્છન્ન નામે રચેલી 'ભાનુસિંહની પદાવલિ'નો નિર્દેશ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે 'રવીન્દ્રનાથના ભક્તિગીતોમાં આધુનિક ભગવદ્ ચેતના અનુભવાય છે. 'નૈવેદ્ય'માં ભક્તના અભિસારની વાત છે. કવિની કવિતામાં નિરુદ્દેશ અને અકારણ તથા સુદૂરની પ્યારા કેવા વારંવાર કેવી કેવી રીતે આવે છે તે તેમની કવિતાની અનેક પંક્તિઓ દ્વારા દર્શાવતાં કહ્યું હતું કે 'કવિની ચેતના અલૌકિક અનુભૂતિ સાથે એકરૂપ થાય છે પણ તે એની નિરુદ્દેશ યાત્રા છે. કવિની એક કૃતિ 'પ્રતીક્ષા' લઈને શ્રી ભોળાભાઈ એ કવિની સંવેદનાના તાર તાર છુટ્ટા દર્શાવ્યા હતા અને કહ્યું : 'ઇશ્વર અથવા પરમ સત્તા કવિની કવિતામાં નાવિકરૂપે, સુંદરીરૂપે, અથવા ઘોડેસ્વાર રૂપે એમ જુદે જુદે રૂપે આવે છે. એમની નૈવેદ્ય' એ એમની ભગવદ્ ભક્તિનાં સીધાં ભજન જ છે. ઇશ્વરને તે તેમના સીધા નિવેદનરૂપ છે. ઇશ્વર સાથેના કવિ આત્માના મિલનની તેમાં ભૂમિકા છે. ઇશ્વર પોતે અનેક પાત્રો ભરે છે અને પાછાં ઠાલવે પણ છે. રવીન્દ્રનાથની ઇશ્વરની ચેતના પ્રકૃતિમાં ને અનેક મનુષ્યોમાં વિસ્તરે છે. જગતને પામવું એમાં જ ઈશ્વરને પામવાનો સંકેત છે. પણ તે કયારે પામી શકીએ ? આપણું સમગ્ર એને એટલે કે ઇશ્વરને ચરણે ધરી દઈએ તો જ પામી શકીએ. પણ તે આપીએ નહિ. તો ચાલ્યા ગયેલા મુહૂર્તનો વિલાપ કરવા સિવાય આપણાથી બીજું કંઈ થઈ શકતું નથી. ઇશ્વરને મળવું છે ? તો અહંકાર ટાળ્યા વિના નહિ મળાય. કારણ પ્રેમની ગલી અતિ સાંકડી છે. રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'નો

નિર્દેશ કરીને ભોળાભાઇએ કહ્યું: 'ગીતાંજલિમાં કવિની ભગવદ્‌ચેતના રોજબરોજના અનુભવના સંદર્ભમાં પ્રગટ થાય છે. કહે છે: 'ઈશ્વર તમારા હૃદયમાં છે. ઈશ્વર સામા મનુષ્યના હૃદયમાં પણ છે. તમે સામા માણસને કટુ વચન કહેશો તો તમારા ને પેલાના હૃદયમાં રહેલો ઈશ્વર દુભાશે.' કવિ કહે છે કે તું મારા હૃદયમાં બેઠેલો છે પછી હું દુરિતને કેવી રીતે સ્થાન આપી શકું? ગીતાંજલિ એ ઈશ્વરને પામવાની એક ભૂમિકા ચીંધે છે. એવી જ ઈશ્વરને પામવાની ભૂમિકા કવિ એનાં પ્રેમ કાવ્યોમાં પણ નિર્માણ કરે છે. ઈશ્વર મનુષ્ય દ્વારા જ સિદ્ધ થાય છે. કવિ પૂછે છે 'હે અંતર દેવતા! મારા, હૃદયમાં વસ્યા પછી તારી બધી પ્યાસ સંતોષાઈ છે ખરી?' એમાં કવિની પ્રેમભક્તિનો સંતોષ છે. એણે કયાંય રાધાનું નામ નથી આપ્યું. ટાગોરની કવિતામાં ઈશ્વર વિરહિણીરૂપે, અભિસારિકારૂપે તેમ રાજાના કુંવર રૂપે પણ આવે છે. એ કહે છે: 'બધા નવા અપરિચિતોમાં તું એક પુરાતન બેઠેલો છે. એની કવિતાની યાત્રામાં ઘણાં 'એરેડોક્સિઝસ' છે. કવિની કવિતામાં, પ્રકૃતિમાં અને મનુષ્યમાં જે ઈશ્વરનો એને બોધ થાય છે તે જોવા જેવો છે. એ કહે છે: 'આ પાંદડી ઉપર જે સોનેરી તડકો ઢોળે છે એ તું જ છે. આ આકાશમાં જે મેઘ ગર્જે છે તે પણ તું જ છે, મનુષ્ય પ્રત્યેના પ્રેમમાંથી જ ઈશ્વરપ્રેમ પ્રગટે છે. ઈશ્વરને એ કહે છે, 'તને હું ન પામું તો પણ હું તને ભૂલીશ નહીં, તું મને નહિ મળે તો યે હું તને ભૂલીશ નહિ.' ઈશ્વરને કવિ શુકલાભિસારિકા અને કૃષ્ણાભિસારિકા રૂપે કલ્પે છે. ભગવદ ચેતના વ્યક્ત કરવા માટે લૌકિક ચેતનાનું પ્રતીક કવિની વાણીમાં ઈશ્વરના અભિસારરૂપે યોજાયું છે. રિલ્કેમાં ઈશ્વર સ્ટોર્મ–આંધી રૂપે આવે છે. કવિ રવીન્દ્રનાથ કહે છે કે 'તારો આનંદ મારે લીધે છે માટે તું નીચે ઊતરી આવ્યો છે.' 'હરિવર મુજને હરી ગયો, મેં તો વહાલ કર્યું નહોતું તો પણ મુજને વરી ગયો.' તારો પ્રેમ મારા વિના મિથ્યા છે: ભોળાભાઇએ કવિના 'સ્વપ્ન' કાવ્યનો તથા 'બલાકા' કાવ્યનો નિર્દેશ કરીને કહ્યું હતું કે 'જગતના રહસ્યને આપણે ઉકેલી શકીએ એમ નથી. પ્રથમ દિવસના સૂર્યનો અને સાંજના સૂર્યનો પ્રશ્ન 'તું કોણ છે? અને કયાં છે?' સદાકાળ અનુત્તર જ રહ્યો છે. ઈશ્વર કોણ છે? કયાં છે? એની કોને ખબર છે? આપણે જ એનું સર્જન કરીને એને પામવાના પ્રયત્ન કરવાના છે.' (ક્રમશ:)

## લેખકોને સૂચના

**'પ્રબુદ્ધ જીવન'માં સામાન્ય રીતે કાવ્યો, વાર્તાઓ કે નાટકો લેવાતાં નથી. ધર્મ–આધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય સમાજ અને રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન આદિ જીવનના વિવિધ ક્ષેત્રો અને વિષયો પરના લેખોને આ પત્રના ધોરણ અનુસાર સ્થાન અપાય છે.**

**પ્રગટ થતાં લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે**

**લખાણ સારા અક્ષરે, ફૂલસ્કેપ કાગળ પર, શાહીથી, એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે, અસ્વીકૃત લખાણ પરત મોકલાતું નથી.**

**વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠ સંખ્યાની મર્યાદા જાળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે, લેખ કયારે પ્રગટ થઇ શકશે એ ચોકકસ જણાવવું મુશ્કેલ છે.**

**લેખ મોકલવાથી માંડીને તમામ પત્રવ્યવહાર સંઘના કાર્યાલયના સરનામે કરવા વિનંતી. –તંત્રી**

# એક વિકલાંગ વ્યકિત માટે સ્ટોલનું ઉદ્‌ઘાટન

નટુભાઇ પટેલ



**હારેથી જમણે:** શ્રીમતી જયાબેન વીરા, શ્રી પ્રવિણભાઈ કે. શાહ (પાછળ) પ્રો. તારાબેન શાહ, ડો. રમણલાલ શાહ, શ્રી. કે. પી. શાહ, શ્રીમતી કમલબેન પીસપાટી, શ્રીમતી નીરૂબેન શાહ.

પ્રેમળ જ્યોતિ અને રાષ્ટ્રીય અંધજન સંગઠનના સંયુકત ઉપક્રમે તા. ૨૭-૨-૮૩ રવિવારે સવારે જોગેશ્વરી પૂર્વમાં, ઇરમાઇલ યુસુફ કોલેજની બાજુમાં ઉભા કરાએલા સ્ટોલને ત્યાં જ પાસે રહેતા નેત્રહીન શ્રી બચ્ચુલાલને અર્પણ કરવાનો સમારંભ, આપણા સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખપદે યોજાયો હતો. રાષ્ટ્રીય અંધજન સંગઠનના પ્રમુખ શ્રી વિજય મરચન્ટ મુખ્ય મહેમાન હતા.

'પ્રેમળ જ્યોતિ' તરફથી અંધ અને વિકલાંગજનોના પુનર્વસવાટ માટે અપાતો આ ચોથો સ્ટોલ હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રેમળ જ્યોતિનાં સંચાલક શ્રી નીરૂબેન શાહે પ્રાર્થનાથી કરી હતી. સંઘના માનદ મંત્રી શ્રી કે. પી. શાહે હાજર રહેલા આમંત્રિતોને આવકાર આપ્યો હતો, અને શ્રી ગુણવંતભાઈ શાહ તરફથી આ સ્ટોલ માટે મળેલાં દાનની વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે માત્ર વ્યાખ્યાનોથી નહીં પણ સક્રિય રીતે સંઘ, સમાજને મદદ કરે છે, અને આ માટે આવી રહેલા દાનના પ્રવાહની વિગતો આપી હતી, અને દાતાઓની ઉદારતાને બિરદાવી હતી. આવી મદદરૂપ થવાની અન્ય પ્રવૃત્તિઓની પણ તેમણે વિગતો આપી હતી, અને પ્રેમળ જ્યોતિ તરફથી થઈ રહેલી સુંદર પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી.

રાષ્ટ્રીય અંધજન સંગઠનના મંત્રી શ્રી શીરાલીએ સંગઠનની પ્રવૃત્તિઓનું કેવી રીતે સંચાલન થાય છે તે સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સંસ્થાની મદદથી

આર્થિક રીતે પગભર થએલા નેત્રહીનો તેમની કમાણીમાંથી અન્ય નેત્રહીનોને આર્થિક પુનર્વસવાટમાં મદદ કરે છે તે અમારે માટે ગર્વની વાત છે.

મુખ્ય મહેમાન શ્રી વિજય મરચન્ટે તેમના પ્રવચનની શરૂઆત ટેસ્ટમેચની વિગતો આપીને રમુજી શૈલીથી કરી હતી. પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિને તેમણે હૃદયપૂર્વક બિરદાવી હતી. ઉપસ્થિત પ્રેક્ષકોને જગા માટે અપીલ કરતાં તેમણે જણાવ્યું હતું કે મુંબઇમાં જગાની ખૂબ તંગી હોવાથી ખાનગી મકાન, સોસાયટી, કોલેજો, રૂકકો કે ચોગાનમાં એક કેબીન જેટલી જગા મળે તો એક નેત્રહીન અથવા વિકલાંગને તેની જીવિકા આપી શકાય. શહેરમાં ૨૫૦૦ જાહેર ટેલીફોન સ્ટોલ માટે તેમને પરવાનગી મળી છે, અને અત્યાર સુધીમાં ૩૫૦ સ્ટોલ ઉભા થઈ શકયા છે.

પ્રમુખપદેથી સંઘના પ્રમુખ શ્રી રમણલાલ શાહે આ બંને સંસ્થાઓના સંયોજનથી થતા કાર્યને આવકાર્યું હતું તેમણે કહ્યું હતું કે દેશમાંસશકત લોકોની બેકારી છે, પણ વિકલાંગ અને નેત્રહીનનનું પુનર્વસવાટનું કામ સમાજ ઉપાડી લે તે યોગ્ય જ છે, તે માટે સરકારની રાહ જોઈ બેસી રહેવાય નહીં. સમાજની અનેક સમસ્યાઓ વચ્ચે 'પ્રેમળ જ્યોતિનું' કાર્ય સાગરમાં બિન્દુ સમાન છે. તેમણે સ્ટોલ મેળવનાર શ્રી બચ્ચુલાલને શુભેચ્છા પાઠવી હતી.

પ્રવચનો બાદ શ્રી વિજય મરચન્ટે સ્ટોલનું વિધિપૂર્વક ઉદ્ઘાટન કર્યું હતું, અને નેત્રહીન શ્રી બચ્ચુલાલને તે અર્પણ કર્યો હતો.

રાષ્ટ્રીય અંધજન સંગઠનના શ્રી મન્સુલીકરે આ કાર્યમાં મદદ કરનાર દાતા, અધિકારીઓ અને પ્રેક્ષકોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે એક નેત્રહીન મહિલાના આર્થિક પુનર્વસવાટ માટે એક સિલાઈનું મશીન ખરીદવા રૂા. ૧૦૨૫ નો ચેક શ્રી કમલબેન પીસપાટી મારફતે શ્રી વિજય મરચન્ટને અર્પણ થયો હતો.


## પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રૂલ્સ અન્વયે ૧૯૫૬ ના)
(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી ૩૮૫, સરદાર વી.પી. રોડ મુંબઈ-૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિનાની પહેલી અને સોળમી તારીખ. |
| ૩. મુદ્રકનું નામ | ; | ચીમનલાલ જે. શાહ |
| કયા દેશના | ; | ભારતીય |
| ઠેકાણું | ; | રસધારા કો. ઓ. હા. સોસાયટી ૩૮૫ સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. |
| ૪. પ્રકાશકનું નામ | : | ચીમનલાલ જે. શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, |
| | : | ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. |
| ૫, તંત્રીનું નામ | ; | ડો. રમણલાલ ચી. શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. |
| ૬. માલિકનું નામ અને | ; | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, |
| સરનામું | ; | ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૩-'૮૨ રમણલાલ ચી. શાહ


## * જીવન *

જે જન્મે છે તે મરે જ છે. પણ જે પોતાના જીવનની સુવાસ મૂકી જાય છે તેનું જીવન સફળ ગણાય.

જીવનની સાર્થકતા, સદ્વિચાર, સદાચરણ પર આધારિત છે. માનવનું ડહાપણ એમાં જ છે. અહીં ખૂબ-શાન્તિ રહે એવી રીતે જીવવું એ જ ડહાપણભર્યું જીવન છે. એ જ સાચી જીવનકળા છે.

ઇશ્વરની સાચી પૂજા આપણા જીવનને સદ્ગુણી, સદાચારી બનાવવામાં છે. જે સત્કર્મોના રૂપમાં ઇશ્વરને ભજે છે તે જ સિદ્ધિ પામે છે. દુનિયાના તમામ ધર્મો આપણને આ જ બાબત સમજાવે છે. —નાનચન્દ્રજી મહારાજ

## સ્વ. ચીમનભાઇને લોકસભા તેમ જ રાજ્યસભાની ભવ્ય અંજલિ

**તા. ૧૮-૨-૮૩ના રોજ દિલ્હી ખાતે સંસદના શરૂ થયેલા અંદાજપત્ર સત્રની સંયુક્ત બેઠકને રાષ્ટ્રપતિએ સંબોધી. ત્યાર બાદ લોકસભા અને રાજ્યસભાએ તાજેતરમાં સ્વર્ગસ્થ થયેલ આચાર્ય વિનોબા ભાવે, પ્રેસિડન્ટ ઝૈલસિંહ આદિ કેટલાક મહાનુભાવોને હાર્દિક શોકાંજલિ આપી હતી, જેમાં આપણા સંઘના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના નામનો પણ નિર્દેશ હતો.**

**લોકસભાના સ્પીકર શ્રી બલીરામ ભગતે સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહને શ્રદ્ધાંજલિ આપતાં, તેમણે બજાવેલી સેવાઓનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ ૧૯૪૮ થી ૧૯૫૭ દરમિયાન બંધારણ સભા, વચગાળાની લોકસભા અને પ્રથમ લોકસભાના સભ્ય હતા. તેઓ સૌરાષ્ટ્ર રાજ્યના સોરઠ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા.'**

**'ભાતીગળ વ્યકિતત્વ ધરાવતા ચીમનભાઇએ ત્યારની મુંબઇ સરકારના સોલિસિટર તરીકે સેવા બજાવી હતી, તેઓ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનના પણ સભ્ય હતા અને સંખ્યાબંધ સાંસ્કૃતિક તથા શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. ૧૯૫૭માં ન્યુઝીલેન્ડમાં યોજાયેલી કોમનવેલ્થ પરિષદના અને વોશિંગ્ટનમાં મળેલી આંતર સંસદીય પરિષદમાં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ ૧૯૫૩માં સંયુકત રાષ્ટ્રોની આઠમી પરિષદમાં ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય હતા. તેમનું અવસાન મુંબઇમાં તા. ૨૦ મી નવેંબર ૧૯૮૨ ના દિને એંસી વર્ષની વયે થયું હતું.'**

**સંસદ ઊભા થઇને એ વિદેહી મહાનુભાવોને એક મિનિટનું મૌન પાળી અંજલિ આપી હતી.**

**આપણા સંઘના ભૂતપૂર્વ પ્રમુખશ્રીને ભારતની લોકસભા તેમ જ રાજ્યસભા દ્વારા આવી ભવ્ય અંજલિ આપવામાં આવી તે આપણા સૌ માટે ભારે ગૌરવની વાત છે.**

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# સોરઠની લોકક્રાન્તિના આલેખ

ગુલાબ દેઢિયા

**(સોરઠની લોકક્રાન્તિનાં વહેણ અને વમળ ભાગ-૧ લેખક: રતુભાઇ અદાણી પ્રકાશક: રાજુલ દવે, નવરંગ પ્રકાશન ૧૩, જગનાથ પ્લોટ રાજકોટ ૩૬૦૦૦૧ કિ. રૂા. ૩૦.)**

ઇતિહાસ અનેક રીતે લખી શકાય છે. સુલભ બધી માહિતી મેળવીને અભ્યાસી-સંશોધક ઇતિહાસકાર તટસ્થ તવારીખ લખી શકે. એના લાભાલાભ તો હોય છે, પણ એ બનાવોની વચ્ચે રહીને જેણે કાર્ય કર્યું હોય, કાર્ય થતું જોયું હોય, પ્રત્યક્ષ સાક્ષી હોય તેવી વ્યકિત જ્યારે કલમ ઉપાડે ત્યારે સ્વકીય મુદ્રાથી વિગતોને વધુ સાચી રીતે, તલસ્પર્શી રીતે અને રસપ્રદ રીતે રજૂ કરી શકે છે.

સોરઠની લોકક્રાન્તિનાં વહેણ અને વમળ ભાગ-૧ એ એવું પુસ્તક છે, જેમાં ભારતને આઝાદી પ્રાપ્ત થઈ ત્યાર પછી સરદાર વલ્લભભાઇ પટેલ કુનેહથી દેશી રજવાડાંને સાર્વભૌમમાં ભારતમાં ભેળવી શકાયાં. તે વખતે જૂનાગઢ રાજ્યના નવાબે સોરઠના પ્રદેશને પાકિસ્તાનમાં જોડવાની જાહેરાત કરી હતી. આ અયોગ્ય જાહેરાત સામે લડી લેવા માટે તે સમયે આરઝી હકૂમતની સ્થાપના થઈ હતી. એ ઐતિહાસિક ઘટના સુપ્રસિદ્ધ છે.

આ આરઝી હકૂમતે લોક સંગઠનથી જે રીતે મુકાબલો કરીને અને સોરઠમાં લોક ક્રાંન્તિ સર્જીને એ પ્રદેશને ભારતનો ભાગ તરીકે બચાવી લીધો તેની વિસ્તૃત, રસિક કથા આ પુસ્તકમાં છે. આરઝી હકૂમતના એક અગ્રણી રતુભાઇ અદાણી તે આ પુસ્તકના લેખક છે એમણે પોતાની પ્રશંસા કર્યા વગર ઘટનાઓનું તટસ્થ રીતે આલેખન કર્યું છે. એથી ઇતિહાસ અને સ્મરણકથાનું સુભગ મિલન અહીં થયું છે.

પ્રજાના પ્રચંડ જુસ્સાની અને સાથે સાથે એ લડતમાં ભાગ લેનાર મહારથીઓના વિચારો અને કાર્યોની સુંદર ઝાંખી આ પુસ્તકમાં થાય છે. એમાં દરબાર ગોપાળદાસ, ઉછંગરાય ઢેબર, બળવંતરાય મહેતા, રસિકભાઈ પરીખ, નાનાભાઈ ભટ્ટ, અમૃતલાલ શેઠ, મોહનલાલ મહેતા-સોપાન, જેઠાલાલ જોશી, શામળદાસ ગાંધી, મણિલાલ દોશી, નરેન્દ્ર નથવાણી, ભવાનીશંકર ઓઝા, દુર્લભજી ખેતાણી, ધનશ્યામભાઈ ઓઝા, ગોકુળભાઈ ગગલાણી, જસુભાઈ મહેતા વગેરે નેતાઓ અને કાર્યકરોની વતન પરસ્તી અને સમર્પણભાવનાનો પણ સરસ પરિચય આ પુસ્તક દ્વારા આપણને થાય છે.

આખું પુસ્તક વસ્તુગૂંથણી, સંવાદો અને પ્રસંગોના આલેખનથી એક રસિક કથા વાંચ્યા જેવો અનુભવ વાચકને કરાવે છે. તે સમયના પ્રજા માનસનો ચિતાર એ પુસ્તકની એક વિશેષ નોંધપાત્ર લાક્ષણિકતા છે.

શ્રી રતુભાઈ અદાણીએ તેત્રીસ વર્ષ પહેલાંનાં પોતાનાં સંસ્મરણોને જે કડીબધ્ધ રીતે આલેખ્યાં છે તેમનાવોમાં પોતે કેટલાં ઓતપ્રોત હશે!

આ પુસ્તકનો બીજો ભાગ પ્રસિદ્ધ થતાં એ લોકક્રાંતિનો પૂરો ચિતાર મળી રહેશે.

પ્રજાના ખમીરને ઘિરદાવતા અને આજના યુવા વર્ગને આઝાદીનો મર્મ સમજાવતાં આવાં રસિક, તટસ્થ, અને વસ્તુનિષ્ઠ વિચારણા રજૂ કરતાં પુસ્તકોનું મૂલ્ય વર્તમાન સમયમાં સવિશેષ છે.

# વિશ્વનો અટલ નિયમ

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના અવસાનને હજુ ચાર માસ થયા. તેમની સ્મૃતિ તાજી જ છે. ૧૧ મી માર્ચના રોજ તેમનો ૮૨ મો જન્મદિન ગયો. જન્મ અને મૃત્યુ કાળના પ્રવાહ સાથે ઓગણી જતાં હોય છે. પરંતુ ચીમનભાઇની અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે ચિરકાળ સુધી તેમની સ્મૃતિ જળવાઈ રહેશે. તેમના જન્મદિનના પુણ્ય સ્મરણ તરીકે સૌને બોધપ્રદ એવો તેમનો લેખ અહીં પુનર્મુદ્રિત કરવામાં આવે છે. — તંત્રી

पापो पि पस्सति भद्र याव पापं न पच्चति
यदा च पच्चति पापं अथ पापो पापानि पस्सति ।
भद्रो पि पस्सति पापं याव भद्रं न पच्चति
यदा च पच्चति भद्र अथ भद्रो भद्राणि पस्सति ।
न अन्तलिक्खे न समुद्दमज्झे न पब्बतानं विवरं पविस्स
न विज्जती सो जगति प्पदेसो यत्र ट्ठितो मुञ्चेय्य पापकम्मा
अत्तना व कतं पाप अत्तजं अत्तसंभवं
अभिमन्थति दुम्मेधं वजिरं वम्हमय मणि ।
अत्ता हि अत्तनो नाथो को हि नाथो परो सिया ।
अत्तना हि सुदन्तेन नाथं लभति दुल्लभं ।
अत्तना चोदयेत्तानं पटिमासे अत्तमत्तना
सो अत्तगुत्तो सतिमा सुखं भिक्खु विहाहिसि ।
यो सहस्सं सहस्सेन सङ्गामे मानुसे जिने
एकं च जेय्यमत्तानं स वे सङ्गामजुत्तमो ।
अत्ता ह वे जितं सेय्यो या चायं इतरा पजा
अत्तदन्तस्स पोसस्स निच्चं संयतचारिनो ।
नेव देवो न गन्धब्बो न मारो सह ब्रहाना
जितं अपजितं कयिरा तथा रूपस्स जन्तुनो ।

(૧) જ્યાં સુધી પાપ પાકતું નથી (તેનું ફળ મળતું નથી) ત્યાં સુધી પાપ કરવાવાળાને તે સારું લાગે છે. જ્યારે તે (પાપ) પાકી જાય છે, ત્યારે પાપ કરવાવાળાને પોતાનું પાપ દેખાય છે.

(૨) જ્યાં સુધી પુણ્ય પાકતું નથી, ત્યાં સુધી પુણ્ય કરવાવાળાને પુણ્ય પણ પાપ જેવું લાગે છે. પરંતુ જ્યારે પુણ્ય પાકે છે ત્યારે પુણ્ય કરવાવાળાને પોતાનું પુણ્ય દેખાય છે.

(૩) સંસારમાં એવું કોઇ સ્થાન નથી, નથી અંતરિક્ષમાં, નથી સમુદ્રમાં કે ગર્ભમાં, નથી પર્વતની ગુફાઓમાં કે જ્યાં ધૂસીને-છુપાઇને-માણસ પાપકર્મથી (તેના કડવા ફળથી) બચી શકે.

(૪) જેમ વજ્ર પથ્થરથી પેદા થઇ પથ્થરને કાપે છે, તેમ દુર્બુદ્ધિમનુષ્યનું પાપ, જેને પોતે જન્મ આપ્યો છે અને પોતે ધારણ કર્યું છે, તેનો પોતાનો જ નાશ કરે છે.

(૫) પુરુષ પોતે પોતાનો સ્વામી છે. પોતાનો સ્વામી બીજો કોણ હોઈ શકે? પોતાનું ઠીક દમન કરે તો તે સુદાન્ત આત્મા દુર્લભ સ્વામી બની જાય છે.

(૬) પોતે જ પોતાને પ્રેરિત કરે, પોતે જ પોતાની ચોકીદારી કરે, આવી રીતે પોતે જ પોતાની રક્ષા કરે અને સ્મૃતિમાન બની ભિખ્ખુ સુખવિહાર કરી શકે.

(૭) યુદ્ધમાં સહસ્ર મનુષ્યને જીતવાવાળા કરતાં, પોતે પોતાની જાતને જીતવાવાળો આત્મવિજેતા મોટો યુદ્ધવિજેતા છે.

(૮) આ બધા લોકોને જીતવા કરતાં પોતાની જાતને જીતવી શ્રેષ્ઠ છે. જેણે પોતાનું દમન કર્યું છે તે સંયમથી ચાલે છે.

(૯) એના જેવા પુરુષની જાતને હાર કરવાવાળો કોઈ દેવ નથી, કોઈ ગંધર્વ નથી, અને બ્રહ્મા સહિત માર પણ નથી.

આ ગાથાઓ ધમ્મપદની છે. આવાં વચનો અન્ય ભારતીય ધર્મો, જૈન અને હિન્દુ ધર્મ ગ્રન્થોમાં મળી આવે છે. ભારતીય સંસ્કૃતિનો આ સર્વમાન્ય વારસો છે. આ બધા ધર્મોએ સદાચારનો ઉપદેશ આપ્યો છે. પણ તેનો પાયો ભારતીય દર્શનોએ જ શોધી કાઢયો છે. સદાચાર શા માટે? પાપ શું છે, પુણ્ય શું છે, તેનું તાત્ત્વિક દર્શન ભારતીય ધર્મોમાં મળે છે. What is the metaphysical Foundation of ethical conduct? why good Conduct?

આ વચનો અનુભવની વાણી છે. માત્ર બુદ્ધિ કે તર્ક પર આધારિત નથી. આવો અનુભવ થાય ત્યારે આત્મદર્શન થાય છે. આ સ્વાનુભવ પ્રમાણે સદાચારનો પાયો છે. કર્મસિદ્ધાંત એ માત્ર વ્યહારનીતિ નથી. (Utility) એ સગવડિયો ધર્મ નથી. (Honestiy is the best holicy) માત્ર વ્યવહારનીતિ છે. કર્મસિદ્ધાંત વિશ્વનો અટલ નિયમ (Moral Law of the Universe) છે. સકળ વિશ્વ તેને આધીન છે. બ્રહ્માંડ આ નિયમથી નભે છે. એ કોઇ ભૌતિક આંધળું તત્ત્વ–Blind Material force નથી. It is a spiritual and Moral Law.

ઉપરની ગાથાઓ આ સિદ્ધાંતનાં બે પાસા બતાવે છે. એક, દરેક જીવે પોતાની કરણીનું સારુંનરસું ફળ અવશ્ય ભોગવવાનું છે. તેમાંથી કોઈ છૂટી શકતું નથી, છૂટી શકે નહિ. પાપ પાકયું ન હોય ત્યાં સુધી સારું લાગે. પાકે ત્યારે પાપ દેખાય. પુણ્ય પાકયું ન હોય ત્યાં સુધી પાપ જેવું દેખાય. પાકે ત્યારે પુણ્યની પ્રતીતિ થાય. પણ સારુંનરસું કર્મ અવશ્ય ફળ આપે છે. અને પોતે જ ભોગવવું પડે છે. આ કર્મસિદ્ધાંત અતિ ગૂઢ છે. તેનું રહસ્ય પામવા ચિત્તની નિર્મળતા અને અંતર્મુખતા જોઇએ. કર્મસિદ્ધાંતને જૈન ધર્મે વધુમાં વધુ ઝીણવટથી ખોજ્યો છે, સમજાવ્યો છે.

તેનું બીજું પાસું એ છે કે, આત્મા પોતે જ પોતાનાં સુખદુઃખનો કર્તા છે, પોતાના ભાવિનો સ્વામી છે. કોઈ પરપદાર્થ તેનું ભાવિ ઘડતું નથી, ઘડી શકે નહિ. मनः एव मनुष्याणाम् कारणम् बन्ध मोक्षयोः । आत्मैव आत्मनो बन्धुः, आत्मैव आत्मनो रिपुः કોઈ આંધળું પ્રારબ્ધ તેનું ભાવિ ઘડતું નથી. જેને પ્રારબ્ધ કહીએ છીએ તે પૂર્વકર્મ છે, પોતાનાં જ છે.

કર્મસિદ્ધાંતમાંથી આત્માનું અસ્તિત્વ, તેનું નિત્યત્વ, પૂર્વભવ, પુનર્જન્મ વગેરે ફલિત થાય છે. સદાચાર કે દુરાચારનું ફળ એક ભવમાં જોવા કે ભોગવવા ન પણ મળે. માટે :–

આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ,
વળી ભોકતા છે, મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ.
આ સુધર્મ એટલે સદાચાર.

આવો કર્મનો સિદ્ધાંત ન સ્વીકારીએ તો જિંદગીનો મેળ મળતો નથી, આ જગતનું રહસ્ય સમજાતું નથી. કર્મ સિદ્ધાંતથી જિંદગીનો તાળો મળે છે. મનનું સમાધાન થાય છે. પોતાની સારીનરસી કરણીનાં કડવાંમીઠાં ફળ પોતાને ભોગવવા ન પડતાં હોય તો આ જિન્દગી એક અર્થહીન રમત છે. (Blind play. Then there is not left any meaning or purpose in life) કર્મનો સિદ્ધાંત અને તેનો અમલ અતિગહન છે. સ્વાનુભવથી જ સમજાય. શ્રદ્ધાથી સ્વાનુભવની દિશામાં જવાય. એ શ્રદ્ધા એટલે કે આમ જ હોય, આમ જ હોવું જોઈએ, અને આમ જ છે. (It can be so, it must be so, it is so) આમ ન હોય તો આ જિંદગી નિરર્થક છે.

સોક્રેટિસને દેહાંત–દંડની સજા થઈ. પછી અંતિમ ઉદ્બોધન તેણે કર્યું ત્યારે છેવટે કહ્યું :

Still I have a favour to ask of them (my judges). When my sons grown up I would ask you, O my friends, to punish them; and I would have you trouble them as I have troubled you, if they seem to care about riches or anything, more than about virtue, or if they pretend to be something when they are really nothing – then reprove them, as I have reproved you, for not caring about that for which they ought to care, and thinking that they are something, when really they are nothing. And if you do this, both I and my sons will have received justice at your hands.

The hour of departure has arrived and we go our ways. I to die and you to live, which is better God only knows.

મારે મારા ન્યાયાધીશો સમક્ષ હજુ યે એક વિનંતિ કરવાની છે. મારા સંતાનો મોટા થાય ત્યારે સદાચાર કરતાં સંપત્તિને કે બીજી કોઈ ચીજને વિશેષ મહત્ત્વ આપતાં લાગે તો, અથવા વસ્તુતઃ તેઓ કશું જ ન હોવા છતાં પોતે કંઈક હોવાનો દંભ આચરે તો, મારા મિત્રો, તમે એમને શિક્ષા કરજો અને જે રીતે મેં તમને પરેશાન કર્યા છે એ રીતે એમને પણ પરેશાન કરજો. એ જ રીતે, જેને એમણે મહત્ત્વ આપવું જોઇએ એને મહત્ત્વ નહિ આપવા માટે અને તેઓ સાવ કંઈ જ નહિ હોવા છતાં પોતે કંઈક છે એમ મિથ્યાભિમાન સેવે ત્યારે જેમ મેં તમને ઉપાલંભ આપ્યો છે તેમ એમને પણ ઉપાલંભ આપજો. જો તમે આટલું કરશો તો મને અને મારા પુત્રોને તમારા હાથે ન્યાય મળ્યો ગણાશે.

વિદાયની પળ આવી ચૂકી છે અને આપણે આપણા માર્ગે પ્રયાણ કરીએ છીએ. હું મૃત્યુ પામવા અને તમે જીવવા માટે, આમાં કયું વધારે સારું છે એ તો ઈશ્વર જ જાણે છે.

(અવગાહનમાંથી)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૨૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧-૪-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ટેનેસી વિલિયમ્સ અને આર્થર કોસ્લર

❖ રમણલાલ ચી. શાહ

મહિના પહેલાં લગભગ એક અઠવાડિયાના સમયગાળામાં વિશ્વના બે વિખ્યાત લેખકો ટેનેસી વિલિયમ્સ અને આર્થર કોસ્લરે (કસ્લર, કેસ્લર, કેસ્ટલર) પોતાના જીવનનો અંત આણ્યો.

કોઇકના તરફથી શારીરિક કે માનસિક ત્રાસ, પ્રેમમાં નિરાશા, પરીક્ષામાં નિષ્ફળતા, વેપારમાં દેવાળું, સામાજિક અપકીર્તિ, ન જીરવાય એવા આઘાતજનક સમાચાર, અસાધ્ય વ્યાધિની અસહ્ય પીડા ઇત્યાદિ કારણોને લીધે માણસો આપઘાત કરતા હોય છે. પરંતુ વિચારશીલ શાણા સર્જકો જ્યારે આત્મઘાત કરે ત્યારે આપણને આશ્ચર્ય થાય છે. આપઘાત માટે સામાન્ય કોઇ કારણ ન હોવા છતાં જીવન અને જગત પ્રત્યે માત્ર નર્યા નિર્વેદને કારણે ઉત્તરાવસ્થામાં કયારેક મહાન લેખકો પણ આત્મઘાત કરતા હોય છે. છેલ્લા ત્રણેક દાયકામાં નોબેલ પારિતોષિક વિજેતા જાપાની લેખક કાવાબાતા, આપણા સાને ગુરુજી, અમેરિકન લેખક અર્નેસ્ટ હેમિંગ્વે જેવા કેટલાક લેખકોએ પોતાના જીવનનો અંત આણ્યો છે.

પોતાના નાટકો માટે પુલિત્ઝર પારિતોષિક બે વખત મેળવનાર સુવિખ્યાત અમેરિકન લેખક થોમસ લેનિએર વિલિયમ્સ જે ટેનેસી રાજ્યના હોવાને કારણે વિલિયમ્સ ટેનેસી તરીકે વધુ જાણીતા હતા. તેઓ ૨૫મી ફેબ્રુઆરીએ ૭૨ વર્ષની વયે ન્યૂયોર્કની એક હોટેલની રૂમમાં જમીન ઉપર મૃતાવસ્થામાં પડેલા હતા. દવાની બાટલીનું ઢાંકણું ગળી જવાને કારણે તેઓ મૃત્યુ પામ્યા એવો અહેવાલ છે. એમના મૃતદેહની પાસે દારૂની બાટલી હતી અને દવાની ગોળીઓ હતી. ટેનેસી વિલિયમ્સે આપઘાત ન કર્યો હોય તો પણ તેઓ પોતાના જીવનનો અંત નજીક આણી રહ્યા હતા, એ તો એમનાં પાછલાં વર્ષોના સંજોગો જોતાં કહી શકાય.

ત્યાર પછી તા. ત્રીજી માર્ચે ઇંગ્લેંડમાં રહેતા ૭૭ વર્ષના સુપ્રસિદ્ધ હંગેરિયન લેખક આર્થર કોસ્લર અને એમનાં ત્રીજી વારનાં પત્ની સિન્થિયા મૃત્યુ પામેલી અવસ્થામાં લંડનમાં એમના નિવાસસ્થાને મળી આવ્યાં હતાં. બંનેએ સ્વેચ્છાએ આપઘાત કર્યો હતો.

અમેરિકાની રંગભૂમિ ઉપર ૧૯૪૦ થી '૫૦ ના દાયકામાં પોતાનાં બે નાટકો 'ધ ગ્લાસ મિનેજરી' (૧૯૩૯) અને 'અ સ્ટ્રીટકાર નેમ્ડ ડીઝાયર' (૧૯૪૭) ની સફળતા પૂર્વક ભજવણીના કારણે ટેનેસી વિલિયમ્સ બહુ લોકપ્રિય થઇ ગયા. પછીના દાયકામાં પણ 'કેટ ઓન અ ટિન રૂફ' (૧૯૫૫), 'સ્વીટ બર્ડ ઓફ યુથ' (૧૯૫૯) અને 'નાઇટ ઓફ ઇગ્વુઆના' (૧૯૬૧) વગેરે નાટકોએ ટેનેસી વિલિયમ્સને આંતરરાષ્ટ્રીય લોકપ્રસિદ્ધિ અપાવી. એમનાં કેટલાંક નાટકો ઉપરથી ચલચિત્રો ઊતર્યાં અને તે પણ ઘણાં સફળ થયાં. નાટકોની કમાણીએ વિલિયમ્સને ઝડપથી શ્રીમંત બનાવી દીધા.

ટેનેસી બહુ ઊંચી પ્રતિભા ધરાવનાર નાટય લેખક ગણાય છે. એમણે નાટકોમાં જાતીય સંબંધો, ખૂન, બળાત્કાર, નપુંસકતા, દવાનાં વ્યસનો, નશો, માનવભક્ષણ, ખસીકરણ, જાતીય આવેગો, આક્રોશ, હિંસા જેવી લાગણીઓને બેધડક રજૂ કરીને અમેરિકન રંગભૂમિને એક નવું પરિમાણ આપ્યું. એ બધામાં એમના અંગત જીવનના આવેગોનું પણ ઠીક ઠીક પ્રતિબિંબ પડેલું વિવેચકોને જણાયું છે, અને એમણે એ કબૂલ્યું પણ છે.

ટેનેસીનું અંગત જીવન બહુ સુખી ન ગણાય. એમનાં માતા-પિતા વારંવાર ઝઘડતાં રહેતાં. એમની ચક્રમ જેવી બહેન પછીથી ગાંડી – સ્કિઝોફ્રેનિક-બની ગઇ હતી. સમાજના નીતિનિયમો સામે ટેનેસીના મનમાં વિદ્રોહના ભાવ વારંવાર ઊઠતા હતા. વિલિયમ્સને ઓસ્કાર વાઇલ્ડની જેમ યુવાન વયથી સંજાતીય સંબંધની ટેવ પડી ગઈ હતી. પોતાની માનસિક અસ્વસ્થતાને ભૂલવા માટે તેઓ શરાબ પુષ્કળ પીતા અને માદક દવાઓનું સેવન બહુ કરતા. આ બધી ટેવો, જ્યારે એમની લોકપ્રિયતાનો યુગ આથમી ગયો ત્યારે ઘણી વકરી ગઇ હતી. કોઇ પણ લેખક કે કલાકારને માટે લોકપ્રિયતાની ટોચે પહોંચ્યા પછી વળતાં પાણી જોવાનો વખત આવે તે જીરવવો કયારેક મુશ્કેલ બને છે.

ઉત્તમ સર્જક હંમેશાં માનવ તરીકે પણ ઉત્તમ હોય એવું નથી. કેટલાક સર્જકો એવી ભ્રમણામાં હોય છે કે સમાજના બધા જ નીતિનિયમો જડ, કૃત્રિમ, નિરર્થક અને બંધનરૂપ છે. પોતાના નૈતિક અધ:પતનનો પોતાની બૌદ્ધિક પ્રતિભાથી તે સબળ બચાવ કરે છે. સમાજ કદાચ તેને માફ કરશે, પણ તેના બચાવનો સ્વીકાર નહિ કરે. કેટલાક લેખકોના સર્જન અને જીવન વચ્ચે આવો વિસંવાદ રહેતો હોય છે. ટેનેસી વિલિયમ્સ, ઓસ્કર વાઇલ્ડ, બાયરન વગેરે એ પ્રકારના લેખકો છે. કેટલાક લેખકો સર્જક

તરીકે ઉત્તમ હોય છે અને માનવ તરીકે પણ ઉત્તમ હોય છે બર્નાડ શૉ, રવીન્દ્રનાથ, ટૉલ્સ્ટૉય વગેરે એ કોટિના લેખકો છે. સર્જક કરતાં વ્યકિત તરીકે મહાન બનવું ઘણું દુષ્કર છે.

આર્થર કોસ્લરનો જન્મ ઇ. સ. ૧૯૦૫માં હંગેરીમાં બુડાપેસ્ટ નગરમાં એક યહૂદી કુટુંબમાં થયો હતો. કુટુંબની આર્થિક સ્થિતિ બહુ સારી ન હતી. એમની માતા બહુ ઉગ્ર સ્વભાવની હતી અને કોસ્લરને વારંવાર કડક શિક્ષા કરતી. એને લીધે કિશોરાવસ્થામાં જ કોસ્લરને આપઘાતના વારંવાર વિચાર આવતા હતા. તેઓ એકાંતપ્રિય અને ધૂની સ્વભાવના બની ગયા હતા. પરંતુ નાની ઉંમરથી જ તેમનામાં તેજસ્વિતાનાં લક્ષણ જણાતાં હતાં. તેમણે વિયેનાની પોલિટેક્નિકમાં જઈને વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. પરંતુ વિજ્ઞાન કરતાં સામાજિક અને ધાર્મિક બાબતોમાં તેમને વિશેષ રસ રહ્યો હતો. ૧૯ વર્ષની વયે તો તેઓ એક રાષ્ટ્રીય નેતાના અંગત મંત્રી બન્યા હતા, અને ત્યાર પછી તેમણે વૈજ્ઞાનિક થવા કરતાં લેખક અને પત્રકાર તરીકેની જાહેર કારકિર્દી વધુ પસંદ કરી હતી. તેમણે પદાર્થ વિજ્ઞાનથી માંડીને પેરાસાઇકોલોજી સુધીના ઘણા બધા વિષયોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.

કોસ્લરે યુવાન વયથી જ વખતોવખત પોતાની વિચાર-સરણી બદલાવ્યા કરી હતી. પરંતુ જે વિચારસરણી પોતે સ્વીકારતા તેને પ્રામાણિકપણે પૂરી નિષ્ઠાથી વળગી રહેતા અને જ્યારે એમાંથી પોતાનો વિશ્વાસ ડગી જતો ત્યારે તેઓ જાહેરમાં તેનો સકારણ એકરાર પણ કરતા. તેઓ કેટલીક ગ્રંથીઓથી પીડાતા, પરતું હમેશાં નિર્દંભ રહ્યા હતા. કોસ્લરે હિટલરના ફાસીવાદનો વિરોધ કર્યો હતો. વિશ્વયુદ્ધના આરંભમાં તેઓ જ્યારે પેરિસમાં હતા ત્યારે ફ્રાન્સ ઉપર વર્ચસ જમાવી બેઠેલા નાઝીઓએ તેમને કેદમાં પૂર્યા હતા. ફાસીવાદનો સામનો કરનાર કોસ્લરની શ્રદ્ધા તે સમયે સામ્યવાદમાં ઠરી હતી. તેમણે માનવ-કલ્યાણ માટે સામ્યવાદની હિમાયત કરી. તેઓ રશિયામાં જઈને રહ્યા અને ત્યાં ઉચ્ચ અધિકારીનું પદ પ્રાપ્ત કર્યું. સોવિયેત યુનિયન તરફથી તેમને સ્પેનમાં જનરલ ફ્રાન્કોનો અને જર્મની તથા ઇટલીની દખલગીરીનો વિરોધ કરવા મોકલાયા હતા. કોસ્લરે તે કામ જોરશોરથી કર્યું. તેમની ધરપકડ થઈ અને મોતની સજા થઈ, પરંતુ એ સામે આખા યુરોપમાં બહુ ઉહાપોહ થયો. એને કારણે કોસ્લરને છોડી મૂકવામાં આવ્યા. એ સમયે એમણે 'સ્પેનિશ ટેસ્ટામેન્ટ' નામનું પુસ્તક લખ્યું, જેમાં એમણે પોતાના અનુભવો અને વિચારોને સચોટ રીતે વ્યકત કર્યા. ત્યાર પછી કોસ્લર સોવિયેત યુનિયનમાં પાછા આવ્યા. પરંતુ સ્તાલિનના શાસનમાં તેમણે જે અત્યાચારો નજરે નિહાળ્યા તે જોઇને તેમનું હૃદય કંપી ઊઠયું. તેમણે સોવિયેત યુનિયન છોડયું. પોતાના અનુભવોને તેમણે નવલકથારૂપે વાચા આપી. 'ડાર્કનેસ એટ નૂન' (૧૯૪૧) નામની પોતાની એ રાજદ્વારી નવલકથામાં તેમણે સ્તાલિનના સમયના સોવિયેત યુનિયનનો આબેહૂબ વાસ્તવિક ચિતાર આપ્યો છે. કોસ્લરની આ નવલકથા ખૂબ પ્રખ્યાત થઈ ગઈ અને દુનિયાની ઘણી ભાષાઓમાં એનું ભાષાંતર થયું. આ નવલકથા ઉપરાંત કોસ્લરે 'ધ ગોડ ધેટ ફેઇલ્ડ' નામનો એક ગ્રંથ પણ લખ્યો, જેમાં તેમણે સ્વાનુભવના આધારે સામ્યવાદની નીતિરીતિનો સખત વિરોધ કર્યો.

કોસ્લરે નવલકથાઓ, નિબંધો, ચિંતનાત્મક લેખો, આત્મકથા ઇત્યાદિ પ્રકારનાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે. બે ભાગમાં લખાયેલી એમની આત્મકથા 'એરો ઇન ધી બ્લ્યૂ' અને 'ધી ઇન્વિઝિબલ રાઇટિંગ'–એ આ સૌકાની મહત્ત્વની આત્મકથાઓમાં સ્થાન પામે તેવી છે.

કોસ્લરે 'ધ યોગી એન્ડ ધ કમિસાર' 'સ્પૂક્સાઇડ ઑફ અ નેશન' 'ધ ડાર્કનેસ ઑફ ઇન્ડિનિટી', વગેરે ચિંતનાત્મક પ્રકારનાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે. એમણે મૃત્યુ વિશે વારંવાર વિચાર કર્યો છે. 'ડાયલોગ વિથ ડેથ' નામના પુસ્તકમાં તેમણે પોતાના એ વિશેના કેટલાક સ્વાનુભાવોનું વર્ણન પણ કર્યું છે.

કોસ્લરે પોતાના ગ્રંથોમાં જુદા જુદા વિષયો પરત્વે જે જે વિચારો વ્યકત કર્યા તે બધા સાચા જ હતા એમ ન કહી શકાય. કોસ્લરે કેટલીક બાબતોમાં તારવેલા અભિપ્રાયોનું ઇતિહાસકારો, વૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓએ ખંડન કર્યું છે.

કોસ્લર નૈતિકતાના ચુસ્ત આગ્રહી હતા. મનુષ્ય માત્રના કલ્યાણની ભાવના એમના હૃદયે વસેલી હતી. માનવ ઉપર વ્યકિતગત કે સામુદાયિક રીતે માનસિક કે શારીરિક અત્યાચાર ગુજારવામાં આવે તેવી સ્થિતિ તેઓ સહન કરી શકતા નહિ. એમાં પણ જેઓ માનવ ઉદ્ધારની ડાહી ડાહી વાતો કરે અને એટલા માટે જ કેટલાક માણસને કચડી નાખે એવા વિચક્ષણ પણ દંભી રાજદ્વારી કે સામાજિક નેતાઓ પ્રત્યે તેમને અત્યંત ધિક્કાર હતો.

ટેનેસી વિલિયમ્સ અને આર્થર કોસ્લર બંનેના જીવનમાં કેટલોક સામ્યભેદ જોવા મળશે. બંને ઊંચી કોટિના સર્જક હતા, પરંતુ અંગત જીવનની દૃષ્ટિએ વિલિયમ્સ કરતાં કોસ્લર ઘણી ચઢિયાતી કોટિના માનવી હતા. વિલિયમ્સનું જીવન અતિશય શરાબ, મુકત સજાતીય અને વિજાતીય સંબંધો, કેફી પદાર્થોનું અતિ સેવન ઇત્યાદિ બદીઓથી ભરપૂર હતું. તેમને અંગત સિદ્ધિ–પ્રસિદ્ધિની મહાત્ત્વાકાંક્ષા હતી. પોતાનો આથમતો કાળ તેઓ જીરવી શકયા નહોતા. નરી નિરાશા અને નિર્વેદને કારણે પોતાના જીવનનો અંત આણવા તરફડયા હોય એમ લાગે છે. કોસ્લર શાણા અને વિચક્ષણ મહાપુરુષ હતા. તેઓ અત્યંત બુદ્ધિશાળી, સંવેદનશીલ, નીડર અને નિર્દંભ હતા. લોક-કલ્યાણને અર્થે જેલમાં જતાં પણ તેઓ અચકાયા નહોતા. જુદા જુદા વિષયોનો તેમનો અભ્યાસ ઘણો વિશાળ અને ઊંડો હતો. જ્યાં જ્યાં જીવનનાં ઉચ્ચ મૂલ્યોનો હ્રાસ તેમને જણાતો, ત્યાં ત્યાં તેમનો પુણ્યપ્રકોપ પ્રજ્વલિત થતો. માનવના કલ્યાણની ભાવના તેમના હૈયે વસેલી હતી. પરંતુ જગતની વાસ્તવિકતા તો સદૈવ સ્વાર્થ, પ્રપંચ, દંભ, દુરાચારી, પક્ષાપક્ષી, નિર્દયતા ઇત્યાદિથી ભરેલી રહે છે. જીવનની અને જગતની આવી વાસ્તવિકતા જીરવવી કોસ્લરને વૃદ્ધાવસ્થામાં કદાચ અતિશય દુષ્કર લાગી હશે. વળી, શારીરિક વ્યાધિઓની વેદના અને નિરાશામય જગત વિશેની માનસિક વ્યથાને કારણે જ કદાચ તેમણે પોતાના જીવનનો અંત આણ્યો હોય એવો સંભવ છે.

એમ કહેવાય છે કે દુનિયામાં કોઇ એવો ડાહ્યો પુરુષ નહીં હોય જેને જિંદગીમાં એકાદ વખત પણ આપઘાતનો વિચાર નહિ આવ્યો હોય. આપઘાતનો વિચાર માત્ર દુઃખી કે મૂર્ખ માણસને જ આવે એવું નથી. ડાહ્યા અને સંવેદનશીલ માણસોને પણ એ વિચાર એટલો જ આવતો હોય છે. પરંતુ એનું ડહાપણ એને એમ કરતાં અટકાવે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૧)

# સત્યનું પરિણામ–નિરપેક્ષ પ્રકાશન યોગ્ય છે ?

[શ્રી યશવંત દોશીના એ લેખના પ્રતિભાવરૂપે આવેલાં લખાણો અહીં પ્રકટ કરીએ છીએ. – તંત્રી]

[૧]

અંબુભાઈ શાહ

પ્રબુદ્ધ જીવનના તા. ૧૬–૧૦–૮૨ ના અંકમાં શ્રી યશવંતભાઈ દોશીએ સત્ય હકીકત પ્રગટ કરવા વિષે કેટલાક દાખલાઓ આપીને પ્રગટ ચિંતન માટે છેલ્લે પ્રશ્નાર્થ મૂક્યો છે કે 'સત્ય એ માનવહિતથી પર એવું કોઈ મૂલ્ય છે ?'

એમનો લેખ, સમાચાર આપતી સંસ્થાઓ કે માધ્યમોને કેન્દ્રમાં રાખીને લખાયો છે. અને એના અનુસંધાનમાં કેટલાક દાખલાઓ આપીને પ્રશ્નો કર્યા છે કે, 'સત્ય હકીકત કોઈપણ આગે પૂરેપૂરી અને તે જ વખતે કહી દેવી જરૂરી છે?' વળી આપણે અપૂર્ણ છીએ એટલે આપણું દર્શન પૂર્ણ સત્ય હોય જ એમ ન પણ બને. એ દૃષ્ટિએ એમણે એમ પણ કહ્યું છે કે, 'આપણા ખંડદર્શનને સત્ય માનીને તેને તત્ક્ષણ અને પરિણામની પરવા સિવાય પ્રગટ કરવાનો આગ્રહ રાખવો કેટલે અંશે યોગ્ય છે ?'

એમના આખા લેખમાં સત્ય હકીકત પ્રગટ કરવામાં દેશકાળ અને પરિસ્થિતિ મુજબ સત્ય કયારે, કેટલું અને કોની પાસે પ્રગટ કરવું, તે બાબત વિવેક વાપરવો જોઈએ કે કેમ ? એ મુખ્ય મુદ્દો છે. આ બાબતમાં મારા નમ્ર મતે, સામાન્ય રીતે મતભેદ ન હોય, નથી. કેટલીક હકીકત એવી હોય કે તે પ્રગટ કરવી તે વખતે જરૂરી ન હોય, એટલે ન કહેવાય. પણ ન કહેવાઈ તેથી તે અસત્યાચરણ બનતું નથી, કે સત્યવાદીપણામાં કંઈ દોષ લાગી જાય છે એમ માનવાની જરૂર નથી.

એટલે તેમના આ લેખમાં, સત્ય હકીકતને પ્રગટ કરવામાં વિવેક વાપરવાની વાતને લાગેવળગે છે ત્યાં સુધી, તે મુદ્દા પૂરતો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. પણ છેક છેલ્લા પેરામાં લેખકે વ્યવહારમાં 'સત્યનો હંમેશાં જય થાય જ છે એવું આપણે જોતા નથી અને 'ધરમીને ધેર ધાડ'ની કહેવત ટાંકી સત્યનો વિજય એ વાકયને સૂત્ર તરીકે સારું ગણી, 'હકીકત હંમેશાં એવી નથી હોતી' એમ વિધાન કરી છેલ્લે પ્રશ્ન ઊભો રાખ્યો છે કે 'સત્ય એ માનવહિતથી પર એવું કોઈ મૂલ્ય છે ?'

એક મિત્ર, લેખના આ છેલ્લા પેરાના લખાણ બાબત પોતાના પ્રતિભાવો આપતાં કહેતા હતા કે 'સત્યનો વિજય હંમેશ ન થતો હોય કે ધરમીને ત્યાં ધાડ પડતી હોય તેથી શું અસત્ય બોલવું અથવા અધર્મનું આચરણ કરવું વાજબી ઠરે છે ?

આ મુદ્દાઓ પર થોડું પ્રગટ ચિંતન કરવા જેવું છે. એક તરફ 'સત્ય મેવ જયતે' 'સત્ય એ જ ઈશ્વર', 'સત્ય એ જ ધર્મ' વગેરે સૂત્રો છે.

'વેરથી વેર શમતું નથી' એ સૂત્ર બુદ્ધ ભગવાને આપ્યું. 'અહિંસા પરમો ધર્મ' એ સૂત્ર ભગવાન મહાવીરે આપ્યું. પ્રેમ એ જ પ્રભુ' એ સૂત્ર ઈશુ ભગવાને આપ્યું. આ બધા છે તો સૂત્રો, પણ એની પાછળ જે તે મહાપુરુષોની જીવનભરની સાધનાની અનુભૂતિ રહેલી છે. એટલે માત્ર સૂત્ર નથી, અનુભવસિધ્ધ આચરણ છે

અલબત્ત, સામાન્ય જનસમાજ એ પ્રમાણે આચરણ નથી કરી શકતો. પણ એથી જ અસત્યાચરણનાં ફળ પણ આજે માનવ સમાજ ભોગવી જ રહ્યો છે ને ?

સત્યને ભોગે સ્વરાજ પણ ન લઉં એમ ગાંધીજીએ કહ્યું, તેમાં ગાંધીજીની સત્ય ઉપરની નિષ્ઠા અને સત્યનું આચરણ કરવાની તેમની તૈયારી હતી. આપણે એવું ન બોલી શકીએ કે ન કરી શકીએ, એ આપણી નબળાઇ કે અપૂર્ણતા છે. બીજી તરફ મહાભારતના 'નરો વા કુંજરો વા' ના ધર્મરાજાના દાખલા ઉપરથી સ્થુળ રીતે તો એમ જ સમજાય છે કે ભગવાન જેવા ભગવાન કૃષ્ણે પણ ધર્મરાજા પાસે અર્ધસત્ય બોલાવરાવ્યું ત્યારે જ દ્રોણ મરાયા, અને પાંડવોનો વિજય થયો. આમ વ્યવહારમાં તો અસત્યનો વિજય થતો જોવામાં આવે છે. પણ મહાભારતકાર ભગવાન વ્યાસે એ પણ કહ્યું જ છે કે, ધર્મરાજાએ દ્રોણને ભ્રમમાં રાખવા અર્ધસત્ય ઉચ્ચાર્યું, એને પરિણામે એમનો રથ જમીનથી અદ્ધર ચાલતો હતો તે નીચે ઊતરી ગયો. મતલબ ધર્મરાજાની પ્રતિભા, પ્રતિષ્ઠા, પ્રભાવ, ઘટયા જ. આમ સત્યનો જેટલે અંશે ત્યાગ કર્યો તેટલે અંશે, ધર્મરાજા જેવા ધર્મરાજા નીચા જ પડયા. કિંમત ચૂકવવી જ પડી. ભગવાન કૃષ્ણે આમ અર્ધસત્ય બોલાવરાવ્યું તેનો અર્થ 'સત્ય મેવ જયતે' સૂત્ર ખોટું છે, એમ થતો નથી.

અલબત્ત, સત્યનું આચરણ દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ થઈ શકે. વ્યકિત અને સમાજની જેટલે અંશે અપૂર્ણતા એટલે અંશે સત્યાચરણમાં પણ અપૂર્ણતા રહે. મહાભારતકાળમાં જે સમાજ અને જે સંજોગો હતાં તેમાં સત્યનું આચરણ કરવાની એક મર્યાદા અને વાસ્તવિકતા હતી પણ તેથી સત્ય આચરવાની માણસમાં રહેલી શકિત ત્યાં જ સીમિત થઈ જાય છે, અને એથી આગળ જઈ શકાય નહિ, એમ માનીને ત્યાં જ ઊભા રહેવું, એ પણ બરાબર નહિ ગણાય.

પેલા હરણનો દાખલો આપીને વિધાન કર્યું છે કે 'શિકારીને ખોટે માર્ગે દોરવીને હરણને વધુ ચોકકસપણે બચાવી શકાય.'

સંભવ છે તે હરણ તેટલા સમય પૂરતું બચે, પણ શિકારી તો હતો તેવો જ શિકારીવૃત્તિનો જ રહ્યો. પરિણામે એક હરણ બચ્યું પણ અનેક હરણને મારનારો શિકારી તો એવો જ રહયો. અને તેથી પ્રત્યક્ષ લાભ એક હરણ બચવાનો થયો એમ ગણીએ, પરંતુ ઘણાં બધાં હરણ મરી જવાના ગેરલાભના સંજોગો પણ ઊભા જ રહયા એમ નહિ ? આમ સરવાળે લાભ કરતાં નુકશાન વધુ થયું એમ ન ગણાય ?

માત્ર માનવહિત જ નહિ, સમગ્ર જીવનસૃષ્ટિના હિતથી સત્યનું જુદું કે સ્વતંત્ર કોઈ મૂલ્ય હોઈ શકે નહિ. કારણ કે દરેક જીવ–સૃષ્ટિમાં એક જ તત્ત્વ રહેલું છે. એકના હિતમાં બધાનું હિત અને બધાના હિતમાં એકનું હિત એ સર્વોદયનો સિદ્ધાંત એ જ સત્યધર્મ.

જો કે વ્યવહારમાં આમ જોવા મળતું નથી. પણ પરસ્પર હિત-વિરોધ જોવા મળે છે. અને એમાં તત્ક્ષણ હિત સાધવામાં સત્યનું આચરણ બાધારૂપ બને તો ત્યાં, અસત્યાચરણ કરીને તાત્કાલિક હિત સાધી લઈએ છીએ એ ખરું, પરંતુ એ વ્યવહારનો અનુભવ પણ એમ જ બતાવે છે કે એમાં વધુ અસત્યાચરણ કરવામાં જે પાવરધો તે વધુ હિત સાધી જાય છે. પરિણામે તો જેને આપણે માનવનું સર્વ-સામાન્ય હિત કહીએ, તે પણ સધાતું નથી. માત્ર વ્યક્તિગત-હિત જ સધાય છે. સરવાળે તો આ વ્યક્તિગત હિત પણ ટકાઉ કે કાયમી રહેતું નથી. કારણ, તે બહુજનસમાજની આંખે ચડે છે, અને વિરોધ કરીને તે હિત પણ બહુજન સમાજ આંચકી લે છે.

એટલે સરવાળે તો સાર એ જ નીકળે છે કે, સકળ જીવ-સૃષ્ટિના હિતથી જુદું એવું કોઈ સત્યનું મૂલ્ય નથી અને સત્યધર્મથી જુદું કોઈ માનવીનું કે જીવસૃષ્ટિનું હિત સાધવું હોય તો સત્યનું કે સત્યરૂપી ધર્મનું પાલન આવશ્યક છે. આજે એ પાલન નથી થઈ શકતું એટલે અસત્યાચરણ કે અધર્મ કરીને તાત્કાલિક હિત સાધી લેવાની આપણી વૃત્તિ છે તે ટૂંકી દૃષ્ટિની, ટૂંકા લાભની છે. સંપૂર્ણ સત્યનું આચરણ કરવામાં આપણે માનવજાત અપૂર્ણ છીએ. એ વાત સાચી, પણ ઋષિમુનિઓએ, સાધુસંતોએ, મહાપુરુષોએ સાધના કરી કરીને અનુભૂમિ મેળવીને સત્યનો જ વિજય નિશ્ચિત ગણ્યો છે. તો એના પરની આપણી શ્રદ્ધાને વધુ દૃઢ બનાવીએ. આપણે અપૂર્ણ માણસો સંપૂર્ણ સત્યનું પાલન ન કરી શકીએ પણ સત્યનો વિજય થાય છે એવું શ્રદ્ધાબળ તો ધરાવી જ શકીએ. આ શ્રદ્ધાબળ જ માણસજાતને ટકાવે છે, આગળ વધારે છે.

'સત્યમેવ જયતે' સૂત્ર નથી, સત્ય છે.

સત્ય ઉપરના આ શ્રધ્ધાબળને દ્રઢાવીએ, વધારીએ.

આવું શ્રધ્ધાબળ જ સત્યનું આચરણ પણ સુલભ બનાવશે.

[૨]

## ❖ કીર્તિકાન્ત શેઠ

ઉપરના શીર્ષક તળે તા. ૧૬-૧૦-૮૨ ના અંકમાં શ્રી યશવંત દોશીનો સંતુલિત અને વિચારણીય લેખ વાંચીને તેના અનુસંધાનમાં થોડી વિગતોની પૂર્તિ કરવાના લોભનું સંવરણ કરી શકતો નથી.

ગાંધીજીની નારાજગીનું બીજું પણ સબળ કારણ હતું. ગાંધી-ઝીણા પત્રવ્યવહાર 'જન્મભૂમિ'માં પ્રસિધ્ધ કરવામાં આવ્યો તેથી ધુંધવાઇને ઝીણાએ ગાંધીજીની શુધ્ધ બુધ્ધિ ને પ્રમાણિકતા પર આક્ષેપ કરેલો, કે પત્રવ્યવહાર જાણીબુઝીને પ્રકટ થવા દેવામાં આવ્યો છે, ને તેની બધી જવાબદારી ગાંધીજીની છે.

ગાંધીજીને દુઃખ થયું. તાબડતોબ અમૃતલાલ શેઠને બોલાવીને તેમણે કહ્યું : 'અમૃતલાલ, કોઈને ત્યાં નહિ ને મારે ત્યાં ખાતર પાડ્યું?' અમૃતલાલ શેઠ એકનિષ્ઠ ગાંધીભકત હતા. ગાંધીજી એ જાણતા હતા. એટલે તો એમની ઉંડી વ્યથા ઉપરના શબ્દોમાં વ્યકત કરેલી.

અમૃતલાલ શેઠે બચાવમાં કહ્યું : કે 'મેં પત્રવ્યવહાર બીજેથી મેળવ્યો છે. એ બાબત હું આપને કદાચ ૨૪ કલાકમાં જ ખાત્રી કરાવી આપીશ.' ને અમૃતલાલ શેઠે પોતાનું વચન ૨૪ કલાક પૂરા થાય તે પહેલાં જ પાળી બતાવીને ગાંધીજીના મનનું યથાશકય સમાધાન કર્યું.

નાયર નામના એક નટખટ સંવાદદાતા મારફત એમને શું રંધાઈ રહ્યું છે તેની ચણભણ વાતો જાણવા મળેલી. ને એમનો પત્રકારનો જીવડો 'રંગડો' રાખવા ચનગની ઉઠ્યો. દેશના વિભાજન જેવી ગંભીર ને મહત્વની સમસ્યા પરત્વે લોકમતને જાગૃત કરીને તેને કેળવવાની એક પત્રકાર તરીકેની પોતાની ફરજ માનીને તેમણે નાયર મારફત ઝીણાના બે સેક્રેટરીઓને સાધેલા. ગાંધીજીનો અભિપ્રાય એવો હતો કે લાંચ-રૂશ્વતમાં કોઇને લપટાવીને સમાચાર મેળવી તેને પ્રસિદ્ધ કરવામાં નીતિ નથી, અનીતિ છે. સાંભળીને અમૃતલાલ શેઠે વિનમ્રતાથી પણ કોંકિ અંશે ધુંધવાઇને જવાબ આપેલો કે 'બાપુ, હું દૈનિક અખબારનું સંચાલન કરું છું, સાબરમતીના આશ્રમનું નહિ.

બીજી જ સવારે ઝીણાએ ગાંધીજીને લખેલા પત્રની શબ્દશ : પ્રતિલિપિ અમૃતલાલ શેઠે ગાંધીજીના હાથમાં મૂકી, ને કહ્યું કે મૂળ પત્ર ઝીણાના મલબાર હિલના બંગલેથી સંદેશવાહક જોડે રવાના થઈ ચૂકયો છે ને લગભગ અરધી કલાકમાં આપને મળી જશે. બરોબર એ પ્રમાણે જ ઝીણાનો પત્ર ગાંધીજીને મળ્યો. ને અમૃતલાલ શેઠે એમના હાથમાં થોડીવાર પહેલા મૂકેલી પ્રતિલિપિ સાથે સરખાવતા તેમાં કાનામાત્રનો પણ ફરક જણાયો નહિ. વસ્તુત : એ પ્રતિલિપિ ટંકણયંત્ર પર ઉતારેલી મૂળ પત્રની 'કાર્બન કોપી' જ હતી. ને ગાંધીજીને પ્રતીતિ થઈ કે અમૃતલાલે સચ્ચાઇનો ચીલો ચાતર્યો નથી. લાંચ-રૂશ્વતની અનીતિ પરત્વે અમૃતલાલ શેઠે ખુલાસો કરેલો કે ઝીણાના બન્ને સેક્રેટરીઓને એક એક સૂટનું કાપડ ભેટ કરવા સિવાય ઈતર કંઈ જ આપવામાં આવ્યું નથી.

ગાંધીજી જાણતા હતા ને પરિચયમાં આવનાર સહુ કોઇ જાણતા હતા કે અંગત તેમજ જાહેરજીવનમાં, આત્યંતિક સેવાભાવથી ને પ્રખર દેશપ્રેમથી અનુપ્રાણિત એવા અમૃત-લાલ શેઠ કદી પણ સચ્ચાઈ ને પ્રમાણિકતાનો ચીલો ચાતરતા નથી. માલામાલ કરી દેવાના અનેકવિધ પ્રલોભનો પ્રત્યે એમનો એકમેવ તુચ્છકારભર્યો પ્રતિભાવ હતો કે-'સિંહ કદી ખડ ખાય નહિ'. છેક ઉપરથી છેક નીચે સુધી, ખાયકી ને ભ્રષ્ટાચારથી ખદબદતા દેશના રાજકારણ, જાહેર સેવાઓ અને જાહેર જીવનને જોઈએ છીએ ત્યારે અમૃતલાલ શેઠ જેવા નિર્ભીક પત્રકાર ને લોકનેતાની નિષ્ઠા, પ્રમાણિકતા, ખમીર ને ખુમારીની વાતો 'કિવદંતિ' જેવી ભાસે તેમાં આશ્ચર્ય નથી.

ગાંધી-ઝીણા પત્રવહેવારને લગતી ઉપર આપેલી વિગતો મેં સ્વ. અમૃતલાલ શેઠના સ્વમુખેથી એકથી વધુ વખત સાંભળી છે ને તે પ્રમાણે અત્રે પ્રસ્તુત કરી છે. ખાસ તો એટલા માટે કે શ્રી યશવંત દોશીના નીચેના વિધાન અંગે થોડી ગેરસમજ થવાનો સંભવ છે.

'અમૃતલાલ શેઠનો મત એવો જણાતો હતો, કે રાષ્ટ્રના લાભ-નુકસાન સાથે પત્રકારને કંઈ લેવાદેવા નથી. એમની દૃષ્ટિએ પત્રકારની ફરજ ગમે તેમ કરીને હકીકતો મેળવવાની

અને પરિણામની પરવા કર્યા વગર એ પ્રકટ કરવાની છે.'

અમૃતલાલ શેઠ એક પ્રખર દેશભક્ત હતા. પત્રકારિત્વમાં પડવાનું મૂળ પ્રયોજન દેશી રજવાડાઓની જુલ્મ-જહાંગીરી ને અત્યાચારોમાં સબડતા દેશવાસીઓના દુઃખ-દર્દને વાચા આપવાનું, એને પ્રસિદ્ધિના પ્રકાશમાં લાવી એના નિવારણ માટે ઝુંબેશ ચલાવવાનું હતું. એમણે પત્રકારિત્વની હાટડી માંડી ન હતી. નફા-તોટાના સવાલને એમણે ગૌણ ગણ્યો હતો. માથે કફન બાંધીને દિલના શોણિતમાં બોળીને એ દુધારે કલમ ચલાવી હતી. પત્રકાર તરીકેની એમની ફરજના પાલનમાં એમણે કયારેય પણ ન્યાય, નીતિ તેમ જ રાષ્ટ્રહિતની ઉપેક્ષા કરી નથી. અલબત્ત, એ સાબરમતીના ગાંધી આશ્રમના અંતેવાસી ન હતા. દૈનિક અખબારોનું સંચાલન કરનારને વેદિયાવેડા કરવાનું પાલવે નહિ. પણ રાષ્ટ્રના લાભ-નુકસાન સાથે પત્રકારને કંઈ લેવા દેવા નથી, એવા અમૃતલાલ શેઠના કહેવાતા મત અંગેનું વિધાન સત્યથી સદંતર વેગળું, અન્યાયી ને એક પ્રખર પત્રકારની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડે તેવું છે.

અંગત લાભ કે પ્રતિષ્ઠા માટે રાષ્ટ્રને થતા પારાવાર નુકસાનની પણ પરવા નહિ કરવાની, ને તેમ છતાં રાષ્ટ્રનેતા થઇને કરવાની ને લોકોને, રાષ્ટ્રની ઉન્નતિ માટે ભોગો આપતા રહેવાની છાશવારે ને છાશવારે હાકલ કરવાની પ્રણાલિ ગાંધીયુગમાં, એટલે કે મોહનદાસ કરમચંદ ગાંધીના યુગમાં ન હતી. એ પ્રણાલિ તો 'સંજય ગાંધી-ઇન્દિરા નહેરૂ ગાંધી યુગની નીપજ છે. જ્યારે કહેવાતા રાષ્ટ્રનેતાઓના વિચાર, વાણી ને વર્તનની વિસંવાદિતા એના ભાતીગળ સ્વરૂપમાં દિન દહાડે પ્રગટ થતી રહે છે.

'ગમે તેમ કરીને હકીકતો મેળવવા 'અમૃતલાલ શેઠે યુદ્ધ-ખબરપત્રીનો સ્વાંગ સજેલો ને જીવસટોસટની બાજી ખેલીને રંગૂન-બ્રહ્મદેશમાંથી આઝાદ હિંદ ફૌજની પ્રવૃત્તિમાં ને સિદ્ધિઓની સનસનાટીભરી વિગતો, તસવીરો ને સાહિત્ય, આઝદ હિન્દ સરકારની કેબીનેટના એક પ્રધાન ને હાલ વિલેપારલેમાં વસતા ઉદ્યોગપતિ શ્રી મણિલાલ સુંદરજી દોશી પાસેથી મેળવીને ભારત લઈ આવેલા.

જન્મભૂમિ-પત્રોને કાચી ઘડીએ 'સીલ' લાગી જાય, સેંકડો કર્મચારીઓની રોજી રોટી, રઝળી જાય એવા દુઃસહ 'પરિણામની પરવા કર્યા વગર' એમણે ઉપરોકત સામગ્રીને એમના બધા જ અખબારોમાં એકી સાથે સચિત્ર પ્રસિદ્ધિ આપી તેમજ તેની નકલો પૂના કોંગ્રેસ કાર્યવાહક સમિતિની બેઠકમાં ઉપસ્થિત ગાંધીજી, સરદાર, જવાહર આદિ નેતાઓના હાથમાં ખાસ સંદેશવાહક મારફત પહોંચાડેલી.

સ્વ. અમૃતલાલ શેઠ જેવા પ્રખર દેશપ્રેમી ને સંનિષ્ઠ પત્રકારના રાષ્ટ્રહિત અંગેના અને પત્રકારિત્વની નીતિના ખ્યાલો અંગે કંઈ ગેરસમજ ન ફેલાય તે માટે મારી અંગત માહિતીની વાતો-વિગતો અત્રે પ્રસ્તુત કરી છે.

[૩]

## યશવંત દોશીનો ખુલાસો

શ્રી કીર્તિકાન્ત શેઠના પોતાના પત્રમાંથી પણ નીચેની હકીકતો નીકળે છે.

(૧) અમૃતલાલ શેઠે ઝીણાના બે સેક્રેટરીઓને લાંચ આપી પત્રવ્યવહાર મેળવેલો અને પ્રગટ કરેલો.

(૨) લાંચ-રુશવતમાં અનીતિ છે એવા ગાંધીજીના મતથી ધૂંધવાઇને શ્રી અમૃતલાલ શેઠે કહેલું ; 'હું દૈનિક અખબારનું સંચાલન કરું છું, સાબરમતીના આશ્રમનું નહિ.'

આ હકીકતો મારા લેખથી જુદી પડતી નથી. આ રીતે પત્રવ્યવહાર પ્રગટ થયો તેમાં ગાંધીજીએ રાષ્ટ્રને નુકશાન થતું જોયું. અમૃતલાલ શેઠને એમાં રાષ્ટ્રહિત શી રીતે દેખાયું એ શ્રી કીર્તિકાન્ત શેઠે પણ સમજાવ્યું નથી. મારો મત એવો છે કે અમૃતલાલ શેઠને તે વખતે રાષ્ટ્રહિત કરતાં વ્યવસાયી ધર્મજ વધુ અગત્યની લાગી હશે. 'એમનો પત્રકારનો જીવડો 'રંગડો' રાખવા થનગની ઊઠ્યો' એવું શ્રી કીર્તિકાન્ત શેઠે લખ્યું જ છે.

અમૃતલાલ શેઠ પોતે કેવા દેશભક્ત હતા એ વાત આ ચર્ચામાં અપ્રસ્તુત છે, એમનું આ ચોકકસ કાર્ય દેશહિતનું હતું કે દેશને નુકસાનકર્તા હતું એટલી જ વાત પ્રસ્તુત છે.

# ગૃહસ્થાશ્રમનું ગૌરવ

❖ હરિભાઇ કોઠારી

પ્રગટાવે પ્રેમ પાવિત્ર્ય, વેરે સંસ્કાર સૌરભ;
વખણાતું જગે તેથી ગૃહસ્થાશ્રમ ગૌરવ !

માનવ સમૂહને વ્યવસ્થિત આકાર આપી સમાજમાં રૂપાંતરિત કરનાર રાજર્ષિ મનુએ ગૃહસ્થાશ્રમનું ગૌરવ પ્રગટ કરતો એક સુંદર શ્લોક કહ્યો છે.

'यथा नदीनदा : सर्वे सागरे यान्ति संस्थितिम् ।
तथैवाश्रमिण : सर्वे गृहस्थे यान्ति संस्थितिम् ॥'

અર્થાત્ : 'બધાં નદીનાળાંઓ જેમ સમુદ્રમાં આશ્રય પામે છે તેમ બધાં આશ્રમો, પછી એ બ્રહ્મચર્ય હોય, વાનપ્રસ્થ હોય કે સંન્યસ્ત હોય, ગૃહસ્થાશ્રમમાં આશ્રય પામે છે.

गृहे तिष्ठति इति गृहस्थ :– એ રીતે જોતાં ગૃહસ્થજીવન એ સ્થિર જીવનનું સૂચક છે જ્યારે 'આશ્રમ' શબ્દમાં પ્રેમ અને પાવિત્ર્ય અપેક્ષિત છે. પ્રેમ ત્યાગને પ્રેરે છે, જ્યારે પાવિત્ર્ય તપશ્ચર્યા પર અવલંબે છે. પ્રેમ સહનશીલ હોય છે, જ્યારે તપશ્ચર્યા ઘસાઈ છૂટવામાં ગૌરવ અનુભવે છે. With all thy faults I love thee',–એ પ્રેમનો જીવનમંત્ર છે. આવી સમજદારી સંસારબાગને મહેકાવે છે.

સંસાર તો પારદર્શક કાચ જેવો છે. કાચની પાછળ જેવા રંગનો કાગળ મૂકીએ તેવો કાચ લાગે, તે જ રીતે સંસારની પાછળ જે જાતની સમજદારી રાખીએ તેવો સંસાર ભાસે. પ્રત્યેક માણસે પોતપોતાનાં સ્નેહ અને સમજદારીથી પોતાના ગૃહસ્થાશ્રમને સજાવવાનો હોય છે.

જગતમાં ઐક્ય લાવવું એ આપણું લક્ષ્ય છે, પરંતુ તેની શરૂઆત ઘરથી થવી જોઇએ. કુટુંબ એ સમાજનું નાનકડું ઘટક છે. ઘરમાં જો પ્રેમસ્વરૂપ પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા થાય તો ઘરનું જ રૂપાંતર મંદિરમાં થઈ જાય અને એક સાચા મંદિરમાં મળતાં રહેલાં ઉત્સાહ, આનંદ, સમાધાન વગેરે ઘરમાં જ મળવા લાગે. તેથી એક સાચા સંસારીની પ્રભુ પાસે પ્રાર્થના હોવી જોઇએ કે–

પ્રભુ ! આનંદરૂપે આપ મારા ઘર વિષે વસજો,
બનો ઉત્સાહનું એ સ્થાન ને સૌનો વિસામો હો;
સુખીને સાથ એમાં હો, દુઃખીને પણ દિલાસો હો,
પ્રભુ, નાનકડું ઘર મારું, સદા તારું જ મંદિર હો !'

સાહિત્ય, સંગીત અને કલાની સાચા અર્થમાં ઉપાસના તેમજ ધર્મની જીવંત સાધના એ ઘરને પાવન કરનારાં તત્ત્વો છે. નિષ્પાપ બાળકો, પ્રેમાળ ગૃહિણી, સમજદાર પતિ એ સંસારનો સાચો વૈભવ છે. સંતોનો સંગ, સચ્ચાઇની લક્ષ્મી અને પવિત્ર દૃષ્ટિ, કુટુંબમાં સંસ્કારોની સૌરભ ફેલાવે છે.

એક સંસ્કૃત સુભાષિતમાં ચાણુક્યે ગૃહસ્થાશ્રમની ધન્યતાને યથોચિત શબ્દોમાં પ્રગટ કરી છે.

"सानन्दं सदनं सुताश्च सुधीयः कान्ता मनोहारिणी
सन्मित्रं सुधनं स्वयोषिति रतिश्चाज्ञापरा सेवकाः ।
आतिथ्यं प्रभुपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे ।
साधोः संगमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः ॥"

सानन्द सदनम्–ઘરમાં પ્રસન્નતાનું વાતાવરણ હોવું જોઇએ. 'Home ! sweet home ! However humble it may be, there is no place like home !' પૃથ્વીનો છેડો ઘર ! પશુપંખીઓને સાંજ પડયે જેમ પોતાનું ઘર યાદ આવે છે તેમ માણસને પણ ઘરનું તેવું જ આકર્ષણ રહેવું જોઇએ. ગૃહસ્થ સ્વસ્થ હોવો જોઇએ. ઘરમાં પ્રવેશ કરતાં જ માણસે બહારની ચિંતાઓ કે વ્યાવસાયિક ઉપાધિઓને પગરખાંની પેઠે બારણે ઉતારી નાખવી જોઇએ. ઘરમાં માણસ નિશ્ચિંત હોવો જોઇએ. જ્યાં માણસ સહજ રીતે જીવી શકે અને મોકળે મને વિચરી શકે તે જ સાચું ઘર !

सुताश्च सुधीयः પરિવારનાં બાળકો શુભ બુદ્ધિનાં હોવા જોઇએ. તેમનામાં સંસ્કારોનું સિંચન કરવાનો જાગૃત પ્રયાસ થવો જોઇએ. રોગનો પ્રસાર સ્વયં થાય છે જ્યારે સદ્‌ગુણોનો પ્રચાર કરવો પડે છે. माता शत्रु पिता वैरी यै न बालो न पाठितः । જે માબાપ પોતાના બાળકને યોગ્ય દિશાસૂચન કરતાં નથી. કે એના જીવનને સુયોગ્ય ધ્યેય જોડે બાંધતાં નથી, તે જાણ્યે અજાણ્યે તેના હિતશત્રુ બની રહે છે. સંતાનોને યોગ્ય માર્ગદર્શન આપનાર માબાપ દેવ સમાન ગણાય છે. આવાં માબાપને માટે જ શાસ્ત્રોમાં मातृदेवो भव, पितृ देवो भव એમ કહેવાયું છે.

कान्ता मनोहारिणी–ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીનું સ્થાન અજોડ તેમ જ અનુપમેય છે.–न गृहं गृहमित्याहुः गृहिणी गृहमुच्यते । ગૃહિણીથી જ ઘર, ઘર કહેવાય છે. તેના વગરનું ઘર, જંગલથી પણ ભયંકર હોય છે. લગ્ન એટલે પુરુષના કર્તૃત્વ અને સ્ત્રીના સમર્પણનું સુભગ મિલન ! સમર્પણની સુગંધથી સ્ત્રી, સંસારની ફૂલવાડીને મહેકાવે છે. પુરુષ જો ગદ્ય હશે તો સ્ત્રી એ પદ્ય છે અને એ ગદ્ય–પદ્ય સંગ્રહનું નામ જ છે દાંપત્ય જીવન !

નદી જેમ પોતાનાં રંગ, રૂપ, આકાર કે સ્વાદને ત્યજીને સાગરમાં ભળી જાય છે તેમ સ્ત્રી પણ પોતાનું સમગ્ર વ્યક્તિત્વ પુરુષમાં ભેળવી નાખીને સંસારમાં અદ્વૈત સાધે છે. દૂધમાં ભળી ગયેલી સાકર દેખાતી નથી અને છતાં દૂધની મીઠાશને વધારે છે. તે જ રીતે સ્ત્રી પણ ગુપ્ત રહીને ગૃહસ્થાશ્રમની મધુરતાને વધારે છે. વ્યંજનમાં ભળેલો સ્વર દેખાતો નથી પણ સ્વર વગરનો વ્યંજન લંગડો છે. સ્ત્રી પણ સ્વરરૂપે પુરુષ–વ્યંજનમાં ભળી જઇને તેને પૂર્ણ બનાવે છે. પુરુષના જીવનમાં રહેલા શૂન્યાવકાશને ભરી નાખતી હોવાથી જ કદાચ તે ભાર્યા કહેવાતી હશે.

सन्मित्रम्–આપણા મિત્રો પણ ખાનદાન અને ખમીરવંતા હોવા જોઇએ. 'A man is known by the company he keeps' દોષમાંથી જે તારે તે દોસ્તાર, જે આપણને પાપથી નિવારે અને પુણ્યકાર્યમાં યોજે; આપણી એબને જે ઢાંકે અને ખૂબીઓને પ્રગટ કરે; આપત્કાલે છેહ ન દેતાં જે સહયોગી બનીને ઊભો રહે તે જ ખરો સન્મિત્ર. જેને એકાદ પણ આવો સાચો મિત્ર સાંપડયો નથી, તેના જેવો કંગાલ આ જગતમાં બીજો કોઈ નથી.

सुधनम्–વિત્તોપાર્જન એ એક ખૂબ જ મહત્ત્વની બાબત છે. વિત્ત એ એક શક્તિ છે. આપણા શાસ્ત્રકારોએ લક્ષ્મીને મા કહીને બિરદાવી છે. મા ભોગ્ય નથી તેમજ ત્યાજ્ય પણ નથી, એ તો પૂજ્ય છે. એ રીતે જોતાં મા લક્ષ્મી સાથેનો આપણો સંબંધ પવિત્ર રહેવો જોઇએ. આપણા ઘરમાં આવતી લક્ષ્મીમાં અનાચાર કે ભ્રષ્ટાચારનો અંશમાત્ર પણ ન હોવો જોઇએ. પરિશ્રમ અને પરસેવાથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીને પ્રસાદરૂપે સ્વીકારી માણસે સંતોષપૂર્વક જીવતાં શીખવું જોઇએ.

સંતોષ એ સાચા સુખનો ખજાનો છે. એ વાત જેને સમજાઈ ગઈ, તેનું જીવન સદા સભર બની રહે છે. ઘરમાં રહેલા સ્ત્રીવર્ગનો અસંતોષ ઘણીવાર પુરુષને વધુ અર્થોપાર્જન માટે અનીતિના માર્ગે પ્રેરે છે. પરંતુ અનીતિથી મેળવેલું ધન અશાંતિ અને અસુખનું કારણ બને છે. અનીતિનો પૈસો કદાચ છત્રપલંગ લાવી આપશે, પરંતુ તેના પર સૂનારની ઊંઘ હરામ થઈ જશે. વિપરીત માર્ગે મેળવેલો વૈભવ પત્નીને સોનાની બંગડી પહેરાવશે તો કયારેક પતિના હાથમાં તે લોખંડની બેડી પણ પહેરાવી દેશે. પોતાના સુખોપભોગને માટે પોતાનો પતિ નિસ્તેજ બને કે બહારના લોકો પાસે લાચારી કરતો ફરે તે કોઈ જ સ્વમાની સ્ત્રીને ગમતું નથી. પતિનું તેજ ટકાવવું એ સ્ત્રીના હાથની વાત છે.

स्वयोषिति रति :–પ્રતિપક્ષે પતિને પણ પોતાની પત્ની પ્રત્યે નિરપેક્ષ અને નિઃસંશય પ્રેમ હોવો જોઇએ. વિત્ત કરતાં વ્યક્તિનું મૂલ્ય અનેકગણું વધારે છે, એ વાત જેને સમજાઈ ગઇ, તેનું ધ્યાન પછી દહેજ જેવી ક્ષુલ્લક બાબતો તરફ જતું જ નથી. મફતનું ન લેવામાં ગૌરવ અનુભવે તે જ સાચો ગૃહસ્થાશ્રમી !

કેવળ ભોગવિલાસ માટે પરણતાં લોકોના જીવનમાં સંવાદિતા જોવા મળતી નથી. એમના સંસારની મહેંદીનો રંગ થોડા જ વખતમાં ફિક્કો પડી જાય છે : સમજદારીનું સંગીત ન હોય ત્યાં જિદ્દ, અહંકાર, દંભ અને દુરાગ્રહનો

ધોંધાટ શરૂ થઈ જાય છે. નિત્યનો વિવાદ એમના જીવનમાં વિખવાદ સર્જે છે. શરૂઆતના આભાસી અનુરાગમાં ખટરાગનો પ્રવેશ થાય છે, અને રોજનો વધતો જતો એ ખટરાગ અંતે વિનાશક આગનું સ્વરૂપ લે છે:

પતિ પત્નીના સંબંધો પ્રેમની ઉષ્માથી યુક્ત, ભાવની ભીનાશથી ભરેલા અને સંશયથી પર હોવા જોઈએ. પત્ની બન્યા પછી પણ સ્ત્રીએ પતિની પ્રિયતમા બની રહેવાનું છે, એ વાત ભૂલાવી ન જોઈએ તેમજ પતિએ પણ પ્રિયતમ બની પોતાની પત્ની પ્રત્યે અનન્ય વફાદારી દાખવવી જોઈએ. ભવભૂતિએ 'ઉત્તર રામચરિત'માં રામ અને સીતાના દાંપત્ય પ્રેમનું હૃદયંગમ વર્ણન કર્યું છે.

"अद्वैतं सुखदुःखयोरनुगतं सर्वावस्थासु यद्
विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः।"

જીવનની કોઈપણ અવસ્થામાં જે અદ્વૈત સાધી શકે, હૃદય જ્યાં સાચો વિશ્રામ પામી શકે તેમજ વાર્ધક્ય પણ જેના રસને ઘટાડી શકે નહિ, તે જ સાચો દાંપત્ય પ્રેમ!

**આજ્ઞાપરા સેવકા:** આજ્ઞાંકિત સેવકો પ્રાપ્ત થવા એ પણ એક સૌભાગ્ય છે. વળી સેવકો સાથેનો આપણો વ્યવહાર પણ પરિવારના આત્મીયજનો જેવો જ રહેવો જોઈએ.

**આતિથ્યમ્:** અતિથિઓનું આગમન એ ગૃહસ્થાશ્રમનું ગૌરવ છે. ગૃહસ્થીના બારણે સન્મિત્રો, સ્વજનો અને સંતોનું સદા સ્વાગત થાય છે. એ તો પ્રાર્થે છે કે–

'ખરા મિત્રો અને સંતો ઘરે મુજ આવતા રહેજો,
અને સચ્ચાઈની લક્ષ્મી સદા ભવને વહી રહેજો;
પરસ્ત્રી માત હું માનું, પરાયું દ્રવ્ય માટી હો,
પ્રભુ! નાનકડું ઘર મારું, સદા તારું જ મંદિર હો'

**પ્રમુપૂજનમ્** સૃષ્ટિમાં વિલસતા ઐશ્વરી સૌંદર્યને નીરખવા બે આંખ જાણે કે ઓછી પડતી હોય તેમ માણસ લગ્ન કરીને બીજી બે આંખોનો સહકાર વાંચ્છે છે. માણસે ગૃહસ્થાશ્રમનું આ ગૌરવ સમજી લેવું જોઈએ. લગ્ન એ કેવળ ભોગવિલાસ માટેનો પરવાનો નથી, પરંતુ જીવનસાથીના સથવારે જનસેવાનાં કાર્યો કરતાં કરતાં ઈશપૂજન કરવાનું માધ્યમ છે. સર્વત્ર પ્રભુદર્શન કરનારો માણસ જગતમાં કોઈને દુભવી કેમ શકે?

**મિષ્ટાન્નમ્ન ગૃહે**–એનો અર્થ એવો નથી કે ઘરમાં રોજ મિષ્ટાન્ન બનાવવું. ઘરનું વાતાવરણ જ એવું પ્રસન્ન હોવું જોઈએ કે થાળીમાં જે કંઈ પીરસાય તે મીઠું જ લાગે, ક્લેશ કંકાસથી યુક્ત વાતાવરણમાં મિષ્ટાન્ન પણ ઝેર જેવું લાગે છે, જ્યારે પ્રેમાળ સંબંધો સૂકા રોટલામાં પણ માધુર્ય સર્જે છે.

**साधोः संगमुपासते हि सततं**–સત્સંગ એ અત્યાવશ્યક વાત છે. પોતાનું ઘર આશ્રમ જેવું પવિત્ર બની રહે તે માટે ભારતીય નારી ઉંબરા-પૂજન કરે છે. ઉંબરો એટલે લક્ષ્મણરેખા! ઘરમાં કઈ વ્યક્તિ, કયા પ્રકારનું વિત્ત, કઈ વસ્તુઓ અને કેવા વિચારો પ્રવેશે, તે ઉંબરા પર નક્કી થવું જોઈએ.

આજે માણસ ગંદું કે મેલું પાણી પીતો નથી, પરંતુ વિચારો કે વિત્ત ગમે તેવાં મલિન હોય તો પણ સ્વીકારી લે છે. ખરાબ વ્યક્તિ ખાડામાં લઈ જશે, પાપનો પૈસો પતનના માર્ગે ધકેલશે, અનૈતિક ભોગ જીવનમાં ભીતિ નિર્માણ કરશે અને અશ્લીલ વિચારો આડે માર્ગે ચડાવી દેશે. તેથી એવી વ્યક્તિ, વિત્ત વસ્તુ કે વિચાર ઘરના ઉંબરાની બહાર રહે એમાં જ કુટુંબનું શ્રેય છે.

ગૃહલક્ષ્મીએ ઉંબરાનું પૂજન કરી ઉંબરામાં રહેલા દેવને પ્રાર્થના કરવી જોઈએ કે, 'હે પ્રભુ! મારા બારણે સંતાનનું નહિ, સંતનું સ્વાગત હો; અલક્ષ્મીનું નહિ, લક્ષ્મીનું પૂજન હો! મારા ઘરમાં ભોગથી નિર્માણ થવાવાળા રોગ નહિ પરંતુ પ્રસાદથી પ્રાપ્ત થતી પ્રસન્નતા વ્યાપી રહો; કુવિચારોનો કચરો નહિ પણ સદ્વિચારોનું સામ્રાજ્ય સર્જાઈ રહો!'

ગૃહસ્થાશ્રમમાં જે આવી ગરવી દીક્ષા પામ્યો હોય તે સમાજનો એક સારો સદસ્ય કે રાષ્ટ્રનો એક અચ્છો નાગરિક બની રહે, તેમાં શું આશ્ચર્ય? કુટુંબની માફક સમાજ કે રાષ્ટ્રના સભ્યો વચ્ચે પણ વય, વિદ્યા, અભિરુચિ, સ્વભાવ કે ધ્યેય વગેરેની અસમાનતાને કારણે કેટલોક વિસંવાદ સહજ રીતે રહે, પરંતુ પરસ્પર પ્રેમભાવ હોય તો આ બધા ભેદ ગૌણ બની જાય છે. ગૃહસ્થાશ્રમનું ગૌરવ સમજનારો માનવ: રાષ્ટ્રના ગૌરવને પણ વધારશે એ નિર્વિવાદ ઘટના છે! –અસ્તુ।

## ॐ ઉમાશંકર અને સુન્દરમ્ ॐ

કૃષ્ણવીર દીક્ષિત

ત્રીજે દિવસે આરંભમાં શ્રી કે. પી. શાહે શ્રી ભોળાભાઇનો આભાર માન્યો હતો. તેમના વ્યાખ્યાનનો વિષય હતો: 'ઉમાશંકર અને સુંદરમ.'

શ્રી ભોળાભાઇએ આ સત્રને એક પર્વ તરીકે ઓળખાવીને તે યોજવા બદલ જૈન યુવક સંઘને અભિનન્દન આપ્યાં હતાં તેમણે કવિતાના સામાજિક કર્તવ્યનો મહિમા કર્યો હતો. તેમણે કહ્યું: સમાજમાં બધા જ લોકો કવિતા વાંચતા નથી પણ કવિતા લખાતી જ બંધ થશે તો હૃદયમાં અભિરુચિ ઘડવાની શબ્દોની જે શક્તિ છે તે લુપ્ત થઈ જશે. સમાજમાં કાવ્યનું નિર્માણ થતું જ રહેવું જોઇએ. કવિતાનું કામ વિચારને ભાવરૂપ બનાવી ભાવક સુધી, સમાજ સુધી પહોંચાડવાનું છે. કવિની વાણીનો રણકો આપણે ભકત ન હોઇએ તો પણ આપણને હલાવી જાય છે. ઉમાશંકર અને સુંદરમ્ આપણા સમયના, સમકાલીન કવિઓ છે. કવિતાની વાત ધર્મસંવેદનાના સંદર્ભમાં કરવી હોય તો કાન્તની કવિતાની વાત કરવી જોઇએ. કારણ કાન્ત, ધર્મ વિષયક કટોકટીમાંથી પસાર થયા હતા. જો કે કાન્તની પ્રતિભાનો સર્વોચ્ચ આવિષ્કાર 'સાગર અને શશી'માં અનુભવાય છે. ધર્માન્તર પછીની કાન્તની કવિતા બાઇબિલના સંદર્ભમાં અવતરતી લાગે છે. બલવન્તરાય 'એગ્નોસ્ટિક' કવિ હતા. ઈશ્વર છે કે નહિ તેની ચિંતામાં એ પડયા નથી. કવિ સુંદરમ્ને કાવ્ય-દીક્ષા રામનારાયણ અને બ. ક. ઠા. પાસેથી મળેલી. સુંદરમ્ યોગ માર્ગે વળે છે, ત્યારે પોતાના એ માનસશિષ્યને ઠાકોર પ્રથમ તો વારે છે પણ પછી કહે છે 'તું નવા માર્ગે વળે છે તોય તને હું આશિષ આપું છું. 'ધર્મ-સંવેદના સંબંધમાં એક વાત શંકાની પણ છે. શંકાનું પણ મહત્ત્વ છે. કારણ, શંકા કરનાર મનુષ્ય અંદરથી જિજ્ઞાસુ છે. ધર્મના અન્વેષણમાં પડનારને શંકા થયા વિના રહે જ નહિ. સુંદરમ્ આરંભમાં પ્રભુ સંબંધી જે રચના કરે છે તેમાં ભક્તિભાવ સહજરૂપે પ્રગટે છે.

તેમાં પ્રાગતિક વિચારો પણ વ્યક્ત થાય છે. ઈશ્વર સામેનો વિરોધ પણ જણાય છે. પછી સુંદરમ્ જે કવિતા રચે છે તેમાં સહેજ પરિવર્તન અનુભવાય છે. 'નમું તને પથ્થરને ? નહીં નહીં અહા તણા આસનને નમું નમું.' સુન્દરમ્ નો મૂર્તિપૂજનો વિરોધ અહીં જોઇ શકાય છે. શ્રીધરાણીએ પણ એ રીતે 'પૂજારી પાછો જા' કાવ્ય રચીને મૂર્તિપૂજા સામે વિરોધ દર્શાવેલો. આપણી ગુજરાતી કવિતા ઉપર ત્યારે બે વિભૂતિઓનો પ્રભાવ પડેલો. ગાંધી અને ટાગોરનો. બંને કવિઓ ઉપર ગાંધીના માનવતાવાદનો પ્રભાવ પડેલો. સુંદરમ્ વિચારો પરત્વે પ્રાગતિક છે. તેમાં માર્કસવાદી વલણ પણ જોવા મળે છે. કોયા ભગતની કડવી વાણીમાં કડવાં વચન ઝીલાયાં છે. તે પછી તેમની 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા' વગેરે કાવ્યગ્રંથો મળે છે. દક્ષિણાયન થયા પછી સુંદરમની કવિતાનો વિશેષ શ્રી અરવિંદની દાર્શનિક ઉર્ધ્વ વિચારણારૂપે પ્રગટ થાય છે. તે તેમનું યોગ માર્ગે થતું પ્રસ્થાન છે. શ્રી અરવિંદના પ્રતીકમાં બે ત્રિકોણ છે. એમાંનો એક ત્રિકોણ ઊલટો છે. ઊલટાસુલટા બંને ત્રિકોણ વચ્ચે કમળની આકૃતિ છે. શ્રી અરવિંદની ફિલસૂફી એ છે કે મનુષ્ય જાતિ ઊર્ધ્વમુખી થાય ત્યારે દિવ્ય ચેતના 'સુપ્રામેન્ટલ પાવર'નું અવતરણ થશે. અને દિવ્ય ચેતનાના અવતરણથી સમગ્ર મનુષ્ય જાતિનું કલ્યાણ સધાશે. સુંદરમની એક ખોજ તે તેમના ધ્રુવપદ અંગે છે. વિશ્વાસને માર્ગે ચાલતા સુંદરમને 'યાત્રા'માં 'આ મારું ધ્રુવપદ છે' એમ નિશ્ચિત રીતે જડે છે.

**અહો પંખી, આ છે ધ્રુવ મનુજનું આ ધ્રુવપદ**
**જગત-સંઘર્ષોની ચરમ અહીં સંવાદ ઘટના,**
**અધૂરા'દર્શોની અહીં જ બનવી પૂર્ણ ફલના,**
**બધાં અલ્પોનું કયાં પરિણમન ભૂમાયુત મુદ :**
**પ્રભુત્વે આરોહી, પ્રભુ તણી લઇ સિદ્ધિ સકલ**
**ધરા હૈયે પાછું અવતરિત થાવું પ્રભુતણી**
**અહીં આંકી દેવી બૃહત ઋતુમુદ્રા : રણઝણી**
**રહો એ ભવ્યાંશે વિકસિત ઉરોનાં શતકુલ.**

જેમ મિલ્ટન સામે પ્રશ્નો ઉદ્‌ભવેલા, અને દરેક મોટા ગજાના કવિને પ્રશ્નો ઉદ્‌ભવે જ છે. મિલ્ટનને થાય છે કે મનુષ્યે ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરતાં તેના ઉપર અનેક દુઃખો આવી પડ્યાં. મિલ્ટનનો ઈશ્વર, મિલ્ટનનો સેતાન, એનું સમગ્ર વિશ્વ ભક્તિભાવનાને અતિક્રમી જાય છે અને સેતાનના કર્મનું 'જસ્ટિફિકેશન' પણ એ મેળવે છે. કવિ સુંદરમની બાબતમાં એક મુશ્કેલી એના પોતાના કવિ તરીકેના ધર્મ અને એણે સ્વીકારેલી ધાર્મિક ભાવના બે વચ્ચે મેળ જોવાની છે. કવિ સુંદરમને જે ધ્રુવપદ સાંપડ્યું એમાં એનું દર્શન વ્યક્ત થાય છે. એનું એક કાવ્ય પંખીઓને સંબોધીને છે. 'સપ્તપદી'માં ઉમાશંકરનું છેલ્લું કાવ્ય 'પંખી લોક' છે. સુંદરમના ધ્રુવપદમાં પંખીનું પ્રતીક છે. પંખીને લઈ કવિ જગતનું દર્શન કરાવવા નીકળે છે. કહે છે: 'જુઓ આ સૂર્ય.' પછી સૂર્ય મધ્યાહ્ને પહોંચતાં એ પ્રખર મધ્યાહ્નનો તાપ પંખી જરવી ના શકે એટલે એ એને પૃથ્વી ઉપર નીચે લઇ જાય છે ને કહે છે: જો આ પૃથ્વીને વીંટી વળતો સમુદ્ર, આ ઠંડક અર્પતો માતરિશ્વા આ ગગન જે પૃથ્વી ઉપર પ્રીતિની જેમ છવાયું છે. પૃથ્વીની સપાટી ઉપર આવતાં પંખી કંપી ઊઠ્યું, કારણ, પંખીનો મનુષ્ય ઉપરનો 'વિશ્વાસ ઊઠી ગયો છે. મનુષ્ય, પંખીનો જ શિકાર નથી કરતો. મનુષ્ય મનુષ્યને પણ હણે છે. તો કવિ પરમતત્ત્વની ખોજ દરમિયાન દુરિતની શોધ પણ કરે છે. મનુષ્ય આગળ વધતાં વધતાં પોતાના વિકાસ-ક્રમમાં બ્રહ્મદર્શન સુધી પહોંચી ગયો છે. સુંદરમ્ કહે છે કે મનુષ્યે મનુષ્યમાંથી પૂર્ણતર અને પૂર્ણતમ મનુષ્યની ભૂમિકા સુધી પહોંચવાનું છે. પણ ત્યાં, સુંદરમની બાબતમાં કવિતા અને દર્શન વચ્ચે દ્વૈત જણાય છે. કવિતામાં દર્શન જરૂર આવી શકે પણ તે ભાવરૂપ બનીને રસરૂપ બનીને આવવું જોઇએ. કવિતામાં દર્શન ઓગળીને એકરસ થવું જોઇએ કવિતા અને દર્શન વચ્ચે દ્વૈત રહેવું ન જોઇએ. 'થીટ' એટલે કે વિચાર પણ કવિતામાં લાગણીરૂપે આવવો જોઇએ. એક મત એવો છે કે ધર્મસંવેદના જેમાં પ્રગટ થઈ હોય તે કવિતા મેજર નહિ પણ માઇનોર કોટિની કવિતા બને છે. વામનનાં ત્રણ વિરાટ પગલાં પછી ચોથું પગલું તે પૃથ્વી ઉપર પરમ તત્ત્વના અવતરણરૂપ છે, સુંદરમે આ દર્શન પછી પણ અનેક કવિતા લખી છે. 'યાત્રા'માં શ્રી અરવિંદ ને શ્રી માતાજી વિશેનાં કાવ્યો છે. 'સાવિત્રી'નો અનુવાદ પણ આપણને મળે છે. દિવ્યચેતનાનું અવતરણ અને તેને પરિણામે સધાનાર જગતનું 'ટ્રાન્સફોર્મેશન' શ્રી અરવિંદ અને શ્રી માતાજીના માધ્યમદ્વારા થશે એવી સુંદરમની શ્રદ્ધા છે. રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'માં સંવેદના છે. સુંદરમમાં શ્રી માતાજી પ્રત્યેની જે ભક્તિભાવના છે તેની નિન્દા કરવાનો સવાલ જ નથી. મુખ્ય મુદ્દો કવિતા લેખે તે કેટલાં પ્રમાણમાં આસ્વાદ્ય છે! કવિની પોતાની ધર્મસંવેદના ભાવકની ધર્મ સંવેદના લેખે કેટલે અંશે સ્વીકાર પામે છે એ શુદ્ધ કવિતાનો પ્રશ્ન છે. કવિ સુંદરમનો ધર્મલક્ષી, ધર્મસંવેદનાલક્ષી સ્વાનુભવી કવિતા દ્વારા ભાવકનો પોતાનો બને છે? મુખ્ય મુદ્દો આ છે. 'સુંદરમની કેટલીક કવિતા 'મારી બંસીમાં બોલ બે વગાડી તું જા' અથવા 'મેરે પિયા તો અમર સુહાગી, મૈં તો પલપલ પ્યાસી' અથવા 'કાહેકો રતિયા બનાઇ?' આ બધી રચના સુંદરમના હૃદયમાંથી સીધી સહજ રીતે આવી છે. તે તેમની આંતરિક સંવેદનામાંથી જન્મેલી રચના છે.

## ઉમાશંકર જોશી

ઉમાશંકર જોશીનો વિચાર કરતાં પહેલો પ્રશ્ન એ થાય કે એ ધર્મસંવેદનાના કવિ તરીકે કેટલે અંશે આપણને પ્રભાવિત કરે છે! ઉમાશંકરની કવિતામાં વિશ્વ સાથેનો ને ઈશ્વર સાથેનો અનુભવ છે. એમણે સહુ પ્રથમ 'વિશ્વશાંતિ' રચ્યું. ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો' એ પંક્તિથી કાવ્ય આરંભાય છે. એમાં કવિની રાષ્ટ્રભાવનાનો પરિચય થાય છે. એમાં ધર્મ અંગેની ભાવના નથી. ઉમાશંકરની ધર્મસંવેદનાનો વ્યાપ એમની 'સપ્તપદી'માં જોવા મળે છે. 'સપ્તપદી'માં ઉમાશંકર પોતાની વ્યક્તિગત વાત કહે છે. શ્રી ભોળાભાઇએ ગ્વેલિયર અને રિલ્કેને પણ ઉચિત સંદર્ભમાં સંભાર્યા હતા. બંનેને એમણે પ્રજ્ઞાવંત કવિ તરીકે ઓળખાવ્યા હતા. ઉમાશંકર 'સપ્તપદી'માં પોતાની છિન્નભિન્નતાની વાત કરે છે. સૌંદર્યની અને ઈશ્વરની શોધ કરે છે. કહે છે: 'પ્રભુએ મને પકડ્યો' તો એકવાર સંધ્યાના તડકાથી એ વૃક્ષનાં થડ રંગતો હતો.' ઉમાશંકરનું કવિનું હૃદય ઈશ્વરની શોધમાં નીકળી પડે છે ત્યારે તેમાં

ગુજરાતી ભાષાનું ગૌરવ પણ અનુભવાય છે. ભગવદ્ ગીતાનો અનુષ્ટુપ એક પરમ ભગવદ્ સંવેદનાને પામવા માટેનો સંકેત છે. 'નવપરિણીત પેલાં' કૃતિમાં ઉમાશંકર કહે છે 'પ્રત્યેક પૂરેપૂરું એક બને, તો જ પૂરું જામે. એકત્વ પ્રત્યેક જણ સાત ડગ પોતાની સાથેય તે નહીં ચાલે કયારેક ને કયારેક ?' સ્વપ્નને સળગવું હોય તો–'માં ઉમાશંકરે જગતનાં દુરિતોની વાત કરી છે. કહે છે : 'યંત્ર અને તંત્રમાં મંત્ર ગૂંગળાઇ ગયો. 'દુરિત પર બહાર ઘા કર્યો, પાછો વળી હૃદય ઉપર અકળાય ઘાલ્યા જગત નહિ તેટલું માનવી હૃદય એનું યુદ્ધ ક્ષેત્ર ઉમાશંકર 'મૃત્યુ ક્ષણ' કાવ્યમાં મૃત્યુની વાત જીવન અને પ્રેમના સંદર્ભમાં કરે છે. તે પછીનું કાવ્ય છે 'પંખી લોક'માં ઉમાશંકર બ્રહ્માંડની વાત કરે છે. એમાં અનેક પ્રકારનાં કલ્પનો છે. સંવેદનને ભાષાની જે અભિવ્યકિત સાંપડી છે તેમાં નિર્વ્યાજ સૌન્દર્ય છે. તે સાથે તેમાં તેમની ધર્મસંવેદના પણ છે. છેલ્લે કહે છે : 'મારા શબ્દ–આકારો જે કંઈ રસવીચિઓ તે હવે અન્ય હૃદયમય નામ મારું ભાષામાં ઓગળી ગયું છે. વેઇટ–એ બિટ છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે.'

## ઉપસંહાર

ડો. સુરેશ દલાલે ઉપસંહાર કરતાં કહ્યું હતું : મીરાં, કબીર, રવીન્દ્રનાથ, રિલ્કે, સુંદરમ્, ઉમાશંકર આ દરેક કવિના 'પરસનલ ગોડ' છે. સુંદરમ્ ઉમાશંકરની વાત કહું તો તો સુંદરમ્નાં ગીતોમાં એકાદ ક્ષણ પણ એમને ઇશ્વરની પ્રતીતિ થઈ હોવાનું આપણને સમજાય છે. ઉમાશંકર માટે અનુભવ એ જ પોતાનો પરમેશ્વર છે એવી વાત છે. ઉમાશંકરને કે કોઈ પણ કવિને ઉછીનો ઇશ્વર ખપતો નથી. ઉમાશંકર અને સુંદરમ્ વચ્ચે ભેદ એ છે કે બંનેના ખભા ઉપર એકવાર ગાંધીજી અને ટાગોર બેઠા હતા. પછી સુંદરમ્ના ખભા ઉપર શ્રી અરવિંદ બેઠા. ઉમાશંકરના ખભા ઉપર અત્યારે કોઈ નથી. સુંદરમ્ની ઇશ્વર સામે એક ફરિયાદ છે. જે ઘડો એને ભરવો નહોતો તે એણે બનાવ્યો શું કામ ? કારણ ઘડો ભરાયા પછી તરતો રહી શકતો નથી. તો ઉમાશંકરે એમને જણાવ્યું કે ઘડાએ જો તરવું હોય તો એણે ખાલી રહેવું જોઇએ. દરેક કવિ અને કલાકાર પોતાનો 'ગોડ ક્રિએટ' કરવાનો છે. એ 'ગોડ' સાથેના એના સંવાદની પરાકાષ્ટા મૌનમાં જ આવે. ભાવક પણ કવિના 'ગોડ' સાથે સંવાદ કરે છે. અને એ સંવાદ પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે વાણી મૌનમાં વિરમે છે.

* વિદ્યાસત્રનાં આ ત્રણે વ્યાખ્યાનમાં આ લખનાર જાતે સંજોગવશાત્ હાજર રહી શકયો નહોતો. આ ત્રણ વ્યાખ્યાનોનું વૃત્તાન્ત મુંબઈ જૈન યુવક સંઘે આ લખનારને ત્રણેય વ્યાખ્યાનોની કેસેટ પૂરી પાડી તેને આધારે લખાયાં છે.

(પૃષ્ઠ–૨૬૪ પરથી ચાલુ)

જેઓ સર્જક હોય છે તેઓ અતિશય સંવેદનશીલ હોય છે. જ્યારે નિરાશામય અંગત સંવેદનાઓ બહુ ઉત્કટ બની જાય છે ત્યારે, અને જીવનનો પંથ નજર સામે હવે બહુ ટૂંકો જણાતો હોય છે ત્યારે તેવા સર્જકોને આશાભર્યા ભાવિજીવનનું સ્વપ્ન રહેતું નથી. તેવે વખતે આવી પરિસ્થિતિમાંથી છૂટકારા તરીકે કોઇકને મૃત્યુ વહાલું લાગતું હોય છે અને તેઓ આત્મઘાત કરે છે.

ટોલ્સ્ટર યહૂદી હતા અને યહૂદીનો બચ્ચો કોઈ દિવસ આપઘાત કરે નહિ એવી લોકમાન્યતા યુરોપમાં પ્રવર્તે છે, પરંતુ Rootless Cosmopolitan તરીકે ઓળખાયેલા ટોલ્સ્ટરે પોતે પોતાના લખાણમાં રસહીન નિરર્થક જીવનનો માણસે પોતે સ્વેચ્છાએ અંત આણવો જોઇએ એવી ભલામણ કરી છે. પોતાની એ માન્યતા અનુસાર એમણે પોતાના જીવનનો અંત આણ્યો.

જીવન અને મૃત્યુ વિશેના દૃષ્ટિકોણ પ્રજ્ઞાશીલ મહાન લેખકોમાં પણ વિવિધ પ્રકારનાં હોય છે.

## જ્યારે તારા વિશ્વો એકબીજાને ગળી જાય છે

મનુભાઇ મહેતા

(૧) થોડોક સાહિત્ય વિહાર–

તિમિ એ સંસ્કૃત શબ્દનો અર્થ વ્હેલ જેવી મોટી માછલી એવો થાય છે. આ સામાન્ય અર્થ છે પણ સંસ્કૃત ભાષાના શબ્દો, પ્રસંગોપાત, એમને માટે નક્કી કરેલા વાડામાં બંધિયાર રહેતા નથી અને આજુબાજુ પણ પોતાની અસર ફેલાવે છે. એ જ પ્રમાણે કાળે કરીને તિમિ શબ્દનો અર્થ બધાજ પ્રકારની માછલી એવો થવા લાગ્યો અને સમુદ્રનું પણ નામ પાડવામાં આવ્યું તિમિકોષ : (માછલીઓનો ભંડાર) અથવા 'તિમિમાલિન' (માછલીઓની માળા જેણે પહેરી છે. તે, જેમ ચન્દ્રને અંશુમાલિન એટલે કે કિરણોની માળા જેણે પહેરી છે તે એવું નામ આપવામાં આવ્યું છે તેમ).

કેટલાકને કદાચ ખ્યાલ હશે કે તિમિધ્વજ નામનો એક રાક્ષસ પણ હતો જેની સાથે લડવા માટે ઇન્દ્રે રાજા દશરથની સહાય લીધી હતી અને એ લડાઇ દરમિયાન દશરથ જ્યારે થોડા સમય માટે બેભાન થઈ ગયો ત્યારે એનો બચાવ કરનાર કૈકેયીને એણે બે વરદાનો માગી લેવા કહ્યું હતું. પાછળથી આ વરદાન માગીને કૈકેયીએ રામને વનવાસ મોકલ્યા હતા. તિમિ એ મોટી વ્હેલ જેવી માછલી હોય છે, છતાં એને ગળી જાય એવી વિરાટ માછલીઓ પણ હોય છે એવું સૂચવવા 'તિમિંગિલ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને આ 'તિમિંગિલ'ને પણ ગળી જાય એવી માછલીઓનું અસ્તિત્ત્વ કલ્પીને 'તિમિંગિલગિલ' એવો શબ્દ પણ પ્રયોજવામાં આવ્યો છે. અને ખૂબી તો એ છે આ તિમિંગિલગિલને પણ ગળી જાય એવી રાઘવ નામની માછલીની પણ કલ્પના કરવામાં આવી છે. આ બધી લીલા, દુનિયાભરમાં શેરને માથે સવાશેર હોય છે એ બતાવવા માટે જ પ્રયોજવામાં આવી છે.

પરંતુ પંડિતરાજ જગન્નાથે આ કથાનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કર્યો છે. પોતાના આશ્રયદાતા રાજાને એમણે, ભામિની વિલાસના એક શ્લોકમાં સાગર સાથે સરખાવ્યો છે અને પોતાને એ સાગરમાં તરતી રાઘવ માછલી સાથે સરખાવ્યા છે, (અલબત્ત, આ બધું વ્યંગ્યાર્થમાં કહ્યું છે, સ્પષ્ટાર્થમાં તો એ શ્લોકમાં સાગર, તિમિ, તિમિંગિલ અને રાઘવ મત્સ્યની જ વાત છે) પંડિતરાજ જગન્નાથ સંભવત; એ સૂચવવા માગે છે કે રાઘવ જેમ બધી માછલીઓને ગળી જાય છે તેમ હું તમારા દરબારના બધા કવિઓને તો ગળી જઈ શકું છું પણ તમે–સાગર–તો મારા આધાર છો.

ભામિની વિલાસની ટિપ્પણીમાં આ તિમિ માછલી અંગે ટાંકવામાં આવેલો શ્લોક પણ જાણવા જેવો છે. કવિઓ અતિશયોકિતની પરાકાષ્ટા કેવી કરે છે. તે એ શ્લોક પરથી જણાય છે.

અસ્તિ મત્સ્યક તિમિર્નામ શતયોજનમાયતઃ
તિમિંગિલગિલો ઽપ્યસ્તિ તદ્ગિલોઽપ્યસ્તિરાઘવ :

અર્થાત્ તિમિ નામની એક માછલી હોય છે, જેની લંબાઇ સો યોજન જેટલી હોય છે પણ એને ગળી જનારી તિમિંગિલ અને એને પણ ગળી જનારી તિમિંગિલગિલ માછલીઓ પણ હોય છે. પણ એ બધાંને ગળી જાય એવી રાઘવ માછલી પણ હોય છે. આ થયો થોડો સાહિત્ય વિહાર–

(૨) અને હવે વિજ્ઞાનવિહાર–

ઉપર તિમિ અને તિમિંગલની આખ્યાયિકા કહી તેનો હેતુ તો, આગળ જણાવાઇ ચૂકયું છે તેમ આ દુનિયામાં

બધે જ શેરને માથે સવાશેર હોય છે. તે ખ્યાલને વ્યક્ત કરવા માટે જૂના સમયથી કેવાં દૃષ્ટાન્તો પ્રયોજાતાં આવ્યાં છે તે દર્શાવવાનો હતો. નાનું જીવડું મોટા જીવડાંનો ખોરાક બને અને એ મોટું જીવડું વળી એનાથી મોટાં જીવડાંનો ખોરાક બને એ તો કુદરતનો ક્રમ છે, દુન્યવી વ્યવહાર છે.

પણ હવે એ પણ જણાયું છે કે દુન્યવી વ્યવહારનું આ પાસું બ્રહ્માણ્ડના વ્યવહારમાં પણ દૃષ્ટિગોચર થાય છે અને આખીને આખી ગેલેક્સિઓ (તારા વિશ્વો) બીજી આખીને આખી ગેલેક્સિને ગળી જતી હોવાનો અણસાર હમણાં વિજ્ઞાનીઓને મળી રહ્યો છે. ગ્રીસના પ્રાચીન વિદ્યાધામમાં હમણાં જ મળી ગયેલી દુનિયાભરના ખગોળ શાસ્ત્રીઓની પરિષદમાં આ, એક ગેલેક્સિનાં બીજી ગેલેક્સિ દ્વારા થતાં ભક્ષણ અંગે એક નોંધપાત્ર નિબંધ રજૂ કરવામાં આવ્યો હતો. એ પરિષદનું આ રહ્યું વિહંગાવલોકન–

–પ્રાચીન ગ્રીસના સ્થપતિઓએ, એથેન્સમાં ઇ. સ. પૂર્વે બાંધેલો એક્રોપોલિસ નામાભિધાનવાળો કિલ્લો હજી પણ હયાત છે. અલબત્ત, ખંડિયેર હાલતમાં–અને દુનિયાની અજાયબીઓમાંના એક ગણાતાં આ ખંડિયેરો જોવાનું, ગ્રીસ જનાર કોઈ પણ પ્રવાસી ચૂકતો નથી. એક વખત આ ખંડિયેરોમાંના થિયેટરમાં ગ્રીક કલાકારોની કલા વિલસી હતી તો ગ્રીક વિચારકો ફિલસૂફોની અને બુદ્ધિમાનોની દલીલોના ઘોષ – પ્રતિઘોષ કાયમ સંભળાયા કરતા હતા. આજ એક્રોપોલિસની સાથે સંકળાયેલાં, ખુલ્લાં આકાશ હેઠળના થિયેટર 'ઓડીઓન' માં ગ્રીસના ગણિતશાસ્ત્રીઓ, ખગોળ–શાસ્ત્રીઓ અને ફિલસૂફો ભેગા મળીને બ્રહ્માંડની રચનાનો ભેદ ઉકેલવા ચર્ચા કરતા અને જેમ બુદ્ધિમાનોની સભાઓમાં બને છે તેમ આ ચર્ચાઓ કેટલીકવાર ઉગ્ર પણ બનતી. આજે પાશ્ચાત્યો ભલે પોલાન્ડના વિજ્ઞાની કોપરનિસકને, હેલિયોસેન્ટ્રિક સોલર સિસ્ટમ એટલે કે ગ્રહમાળાના બધા જ ગ્રહો સૂર્યની આજુબાજુ ફરે છે એવા સિધ્ધાન્તનો પ્રણેતા માનતા હોય પણ આજ ઓડિઓનની ચર્ચા સભાઓમાં ભાગ લેનાર ગ્રીક ખગોળશાસ્ત્રી એરિસ્ટાકિસે, ઈ. સ. પૂર્વનાં વર્ષોમાં, બધા ગ્રહો સૂર્યની આજુબાજુ ફરતા હોવાનો સિધ્ધાંત રજૂ કર્યો હતો!

આ એરિસ્ટાકિસ, અને પેરિકિલસ અને હિપ્પોક્રેટીસ જેવા વિવિધ વિદ્યા શાખાઓના ધુરંધરોની દેવવાણીથી પુનિત થયેલાં ઓડિયોનમાં હમણા જ વિશ્વભરના ખગોળશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદ ભરાઇ ગઈ. પૂરા પંદર દિવસ સુધી આ પરિષદ ચાલી હતી અને રોજ સાત સાત ચર્ચા સભાઓમાં ખગોળ વિદ્વાનો પોત પોતાનાં મંતવ્યો રજૂ કરતા રહ્યા હતા. ભૂતકાળમાં જેવી ઉગ્ર ચર્ચા થતી હશે તેવી જ ઉગ્ર ચર્ચા પરિષદના પંદર દિવસો દરમિયાન પણ ઓડિયોનમાં થઈ હતી અને ચર્ચાનો સૌથી વધારે વિવાદાસ્પદ તથા ચિત્તો ઉકળાવનારો પ્રશ્ન હતો મેં આ બ્રહ્માણ્ડની વય કેટલી?

કોઇક વિદ્વાને કહ્યું હતું : "મેટલ રિચ ફ્રેસ્ટાર્સ" એટલે કે જે તારાઓમાં ધાતુઓનું પ્રમાણ વિશેષ છે તે તારાઓનો ઈન્ફ્રારેડ કિરણોત્સર્ગ વડે અભ્યાસ કરીને એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે બ્રહ્માણ્ડનું વય ૧૮ અબજ વર્ષનું છે. વળી બીજા સંશોધકોએ અન્ય પ્રકારના કિરણોત્સર્ગના અભ્યાસ વડે બ્રહ્માણ્ડની વયનો અંદાજ બારેક અબજ વર્ષનો મૂક્યો હતો. રાજા જનકની વિદ્યા સભામાં બ્રહ્મ અંગે એક બાજુ યાજ્ઞવલ્કય તો બીજી બાજુ અશ્વલ, આર્તભાગ, ભુજ્યુ, ઉષસ્ત કહોલ અને ગાર્ગી વચ્ચે જેવી ઉગ્ર ચર્ચા ચાલી હતી તેવી જ ઉગ્ર ચર્ચા ઓડિયોનમાં પણ ચાલી હશે અને જનકની વિદ્યાસભામાં જેમ બ્રહ્મની વ્યાખ્યા અંગે કોઈ અંતિમ નિર્ણય થઇ શકયો નહોતો તેમ ઓડિયોનની ચર્ચા સભામાં પણ બ્રહ્માણ્ડની વય અંગે કોઈ આખરી કે સ્વીકૃતિ નિર્ણય થઇ શકયો નહોતો. એક સમયે બ્રહ્માણ્ડની વય બે અબજ વર્ષની ગણવામાં આવતી. આજે વધતી વધતી એ વીસ અબજ વર્ષ સુધી પહોંચી છે–અને આ અંદાજ વધારે મોટો થાય તો પણ આશ્ચર્ય પામવા જેવું નથી.

પણ ખગોળ વિજ્ઞાનીઓ ઓડિયોનમાં પંદર દિવસ સુધી ઝગડયા જ હતા એવું પણ નથી. કેટલાયે વિદ્વતાપૂર્ણ નિબંધોએ પરિષદમાં રજૂ થયા હતા. તેમાંનો એક નિબંધ એકબીજાને 'ગળી જતી' ગેલેક્સીઓ અંગેનો હતો.

ખગોળપ્રેમીઓ જાણતા જ હશે કે આ ગેલેક્સિઓ, અબજો તારાઓનાં બનેલાં તારાવિશ્વો છે જેમ આપણું આકાશગંગા તારા વિશ્વ છે તેમ. પણ બધી જ ગેલેક્સિઓ એક સરખી નથી હોતી. કેટલીક ગેલેક્સિઓ ભૂજાઓ વાળી હોય છે તો વળી કેટલીક ચોકકસ આકાર વિનાની હોય છે. કેટલીક ગેલેક્સિઓ એલિપ્ટિક એટલે કે ઈંડાનો આકાર ધરાવતી હોય છે અને આવા આકારની ગેલેક્સિઓ કેમ રચાઈ હશે એની ચર્ચા ઉકત પરિષદમાં ભારે રસપ્રદ નીવડી હતી.

આ અંગે નિબંધ રજૂ કરનાર વિજ્ઞાનીઓએ જણાવ્યું હતું કે અવકાશમાં કેટલીક ટુકડાએ એક ગેલેક્સિ બીજી ગેલેક્સીને ગળી જતી હોવાનું અથવા તો એક ગેલેક્સિ બીજી ગેલેક્સિમાં મળી જતી હોવાનું જણાવ્યું છે. આવાં તોફાની ત્રિલન પહેલાં તો ગેલેક્સિઓને ભૂજાઓ હોય છે, પણ બન્ને ગેલેક્સિઓ ભેટે અને એક બીજામાં વિલીન થાય ત્યારે ભૂજાઓનું કામ રહે નહિ અને ભૂજાઓ દૂર અવકાશમાં ફંગોળાઇ જાય. બન્ને ગેલેક્સિઓનો બનેલો અંડાકાર ગોળો જ સ્થાનબદ્ધ રહે. આ અંડાકાર ગોળો તે જ એલિપ્ટિકલ ગેલેક્સિ.

આજ સુધીમાં જણાયેલી ગેલેક્સિઓમાં સૌથી મોટામાં મોટી ગણાતી જે એક ગેલેક્સિ અમેરિકન વિજ્ઞાનીઓએ શોધી કાઢી છે તે પણ બે ગેલેક્સિઓનાં મિલનમાંથી પેદા થયેલી હોવાનું માનવામાં આવે છે.

આ ગેલેક્સિ પૃથ્વીથી દોઢ લાખ પ્રકાશ વર્ષ દૂર છે અને એ એવડી મોટી છે કે એના એક છેડેથી બીજે છેડે જતાં, સેકન્ડના ત્રણ લાખ કિલોમિટરની ઝડપે પ્રવાસ કરતા પ્રકાશને ૭ લાખ વર્ષ લાગે છે! આ ગેલેક્સિમાં એક લાખ અબજ (૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦– એકડા ઉપર ૧૪ મીંડા ચઢાવીએ અને જે આવે તે સંખ્યા) તારાઓ છે, (આપણી ગેલેક્સિમાંના તારાઓની સંખ્યા ૨૦૦ અબજથી માંડીને ૪૦૦ અબજ સુધીની મૂકવામાં આવે છે.)

આ એક લાખ અબજ તારાઓમાં એક તારો એવો છે, જેની વય માત્ર વીસ કરોડ વર્ષની હોવાનું જ જણાવ્યું છે. અવકાશી કાલ ગણનાના સંદર્ભમાં આ વીસ કરોડ વર્ષ ખૂબ નાની વય ગણાય. એટલે આ તારો એ ખૂબ યુવાન કહો કે કિશોર તારો છે એમ વિજ્ઞાનીઓ કહે છે. વિજ્ઞાનીઓ માને છે કે આ તારાનો જન્મ એમ નાની ગેલેક્સિમાં થયો હશે અને પછી એ ગેલેક્સિ જ્યારે એક મોટી ગેલેક્સિની નજીક પહોંચી ત્યારે મોટી ગેલેક્સિએ એ નાની ગેલેક્સિઓનું બધું દ્રવ્ય પોતાની તરફ ખેંચી લીધું હશે અને એ રીતે ગેલેક્સિઓ મળીને એક વિરાટ ગેલેક્સિનો જન્મ થયો હશે.

કુદરત નિત્ય નવી અદાઓ દેખાડે છે, એ અદા કદી જૂની થવાની નથી અને ખૂટવાની નથી અવકાશમાં વિસ્તરેલું દેવોનું કાવ્ય કદી જીર્ણ થતું નથી, કદી લુપ્ત થતું નથી.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

# વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન થયું છે. તેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

**વિષય :** ભારતમાં કેન્દ્ર અને રાજ્યોના સંબંધનું ભાવિ **(Future of Centre & State Relationship in India)**

| દિવસ | વ્યાખ્યાતા |
|---|---|
| સોમવાર, તા. ૪-૪-૧૯૮૩ | **શ્રી બાબુભાઇ જશભાઈ પટેલ** (ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન) |
| મંગળવાર, તા. ૫-૪-૧૯૮૩ | **શ્રી અતુલ એમ. સેતલવડ** (એડવોકેટ, હાઇકોર્ટ) |
| બુધવાર, તા. ૬-૪-૧૯૮૩ | **ડા. ડી. ટી. લાકડાવાળા** (આયોજન પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ) |
| ગુરૂવાર, તા. ૭-૪-૧૯૮૩ | **શ્રી કુલદીપ નાયર** (અગ્રણી પત્રકાર) |

**સ્થળ :** તાતા ઓડિટોરિયમ, હોમી મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**સમય :** દરરોજ સાંજના ૬-૧૫ કલાકે.

સંઘના સદ્‌ગત પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની મધુર સ્મૃતિમાં આ વ્યાખ્યાનમાળાને 'શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા' (Shri C. C. Shah Memoriol Spring Lecture Series) એ રીતે નામ આપવાનું સંઘે ઠરાવ્યું છે. તદનુસાર પ્રથમ દિવસે **શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ** આ વ્યાખ્યાન શ્રેણીની નામકરણવિધિ કરશે.

માનનીય શ્રી **શ્રી મોરારજીભાઇ દેસાઇ** આ વ્યાખ્યાન શ્રેણીનું ઉદ્‌ઘાટન કરશે.

**શ્રી અમર જરીવાલા** આ વ્યાખ્યાન શ્રેણીમાં પ્રમુખસ્થાને બિરાજશે.

સૌને સમયસર ઉપસ્થિત રહેવા સપ્રેમ નિમંત્રણ.

**રમણલાલ ચી. શાહ** — પ્રમુખ

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ, મંત્રીઓ**

★

## ભગવાન મહાવીર જયંતી નિમિત્તે કાર્યક્રમ

સંઘના ઉપક્રમે શ્રમણ ભગવાન મહાવીરની જન્મ જયંતી નિમિત્તે રવિવાર, તા. ૨૪-૪-૧૯૮૩ ના રોજ સવારના ૯-૦૦ કલાકે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એ અંગેનો સવિગત કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

**ચીમનલાલ જે. શાહ, કે. પી. શાહ**
મંત્રીઓ

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૪ અંક : ૨૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧૬-૪-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## 'વિશ્વવત્સલ મહાવીર'

### (પ્રેરક અને પ્રબોધકર ચરિત્રકાવ્ય)

★ રમણલાલ ચી. શાહ

પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વ. શ્રી સંતબાલજી મહારાજની જૈન સંત તરીકેની પ્રતિભાથી જેમ એમના ભક્તો, અનુયાયીઓ અને ચાહકો સુપરિચિત છે તેમ તેમની કવિ-પ્રતિભાથી પણ સુપરિચિત છે. થોડા સમય પહેલાં એમણે 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' જેવા કઠિન સંસ્કૃત ગ્રંથનો સરળ ગુજરાતી પદ્યમાં અનુવાદ પ્રગટ કર્યો હતો, જે એમની, કવિત્વશક્તિની પ્રતીતિ કરાવે છે. પોતાના પૂજ્ય ગુરુવર્ય સુપ્રસિધ્ધ કવિ સ્વ. નાનચંદ્રજી મહારાજ પાસેથી પૂ સંતબાલજીએ (મુનિ શ્રી સૌભાગ્યચંદ્રજીએ) જેમ સંયમની દીક્ષા લીધી હતી, તેમ કવિતાની પણ દીક્ષા લીધી હતી. અલબત્ત, સંત-મહાત્માઓ કાવ્યના માધ્યમનો ઉપયોગ કેવળ વાણીવિલાસ માટે નહિ, પણ પોતાના સાધક-જીવનની અનુભૂતિઓને અભિવ્યકત કરવા માટે કરતા હોય છે. એમ કરવામાં કવિતા ન સધાય એવું નથી. સર્જકની પોતાની પ્રતિભા ઉપર એનો સવિશેષ આધાર રહે છે. સંત કવિઓની વાણીમાં જીવનના મર્મની વાત આવ્યા વિના રહે નહિ. કયારેક તે વ્યંજનારૂપે આવે, તો કયારેક તે ગર્ભિત કે પ્રગટ ઉપદેશરૂપે પણ આવે. પ્રગટ ઉપદેશથી કાવ્યકલાને કદાચ કયારેક હાનિ પહોંચે તો તેની દરકાર સંત કવિઓને ન હોય, કેમ કે કવિતાકલા કરતાં જીવનકલા એ એમને મન પ્રધાન વસ્તુ હોય છે.

'વિશ્વવત્સલ' શબ્દ પૂ. સંતબાલજીને અતિ પ્રિય છે. 'વિશ્વવાત્સલ્ય' શબ્દ એમણે પોતાની સંસ્થા અને મુખપત્ર માટે પણ પ્રયોજ્યો છે. એટલે જગતના તમામ જીવો પ્રત્યે જેમને મૈત્રીભાવ છે, વિશ્વના તમામ જીવો માટે જેમને વાત્સલ્યભાવ છે એવા ભગવાન મહાવીર વિશે કાવ્ય લખવા તેઓ પ્રેરાય એ અત્યંત સ્વાભાવિક છે અને એ માટે તેમનો અધિકાર પણ છે. ભગવાન મહાવીરની સુરેખ અને રસિક જીવનરેખા 'વિશ્વવત્સલ મહાવીર' નામના એમના આ મહાકાવ્યની કે દીર્ઘ ખંડકાવ્યની કક્ષાના ચરિત્રકાવ્યમાં સાંપડી રહે એમ છે.

મહાપુરુષોનું જીવન અનેક ઘટનાઓથી સભર હોય છે. એમાંથી અનેક લોકોને વિવિધ પ્રકારની પ્રેરણા સાંપડતી હોય છે. જેનું જીવન સવિશેષ ઘટનાસભર, તેમ તેમના ચરિત્રકારને લેખન માટે વિશેષ અવકાશ રહે. મહાત્માઓના જીવનમાંથી પ્રેરણાનાં પીયૂષ પામતાં કવિઓની વાણીની સરવાણી વહેવા લાગે છે. જે વિવિધ ક્ષેત્રના મહાપુરુષોની બાબતમાં બને છે તે વિશ્વવંદ્ય વિભૂતિઓની બાબતમાં તો અવશ્ય બને જ. પ્રત્યેક જમાને નવા નવા કવિ-લેખકો તેમના વિશે નવી નવી રચનાઓનું સર્જન કરતાં ધરાય નહિ એવું અખંડ પ્રેરણાસ્રોત જેવું એ વિભૂતિઓનું જીવન હોય છે. તેમાં પણ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું સમગ્ર જીવન તો, આબાલવૃદ્ધ સહુને વાંચવી-સાંભળવી ગમે એવી વિવિધ રસિક અને પ્રેરક ઘટનાઓથી સભર છે. વળી વર્તમાન ચોવીસીના તીર્થંકરોમાં સવિસ્તર ઘટનાપ્રચુર જીવનચરિત્ર તો છેલ્લા ચોવીસમા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીનું જ છે. વળી આપણા માટે સૌથી વધુ નજીકના-આસન્ન-તીર્થંકર તે ભગવાન શ્રી મહાવીર સ્વામી છે. એટલે એમના જીવન વિશે વિવિધ પ્રકારની કૃતિઓનું સર્જન સમયે સમયે થયા કરે એ સહજ છે.

મહાવીર સ્વામી વિશે ગુજરાતી ભાષામાં સ્તવનના પ્રકારની રચના વિશેષ થયેલી છે. તદુપરાંત સ્તોત્રના પ્રકારની પ્રાચીન રચનાઓ સંસ્કૃત ભાષામાં મળે છે. એમના સમગ્ર જીવનને આલેખતી પુરાણ કે મહાકાવ્યના પ્રકારની કૃતિઓ પણ પ્રાચીન સમયમાં સંસ્કૃત કે પ્રાકૃતમાં ઘણી લખાઈ છે. એમાં પદ્મનંદિકૃત 'વર્ધમાનચરિત્ર', અસગકૃત 'વર્ધમાનપુરાણ', કેશવકૃત 'મહાવીર પુરાણ', વાણીવલ્લભકૃત 'મહાવીરપુરાણ' સકલકીર્તિ કૃત 'મહાવીરપુરાણ' ગુણચંદ્રગણિકૃત 'મહાવીરચરિય' હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' (દશમું પર્વ), વગેરે સુદીર્ઘ કૃતિઓમાં ભગવાન મહાવીરનું સવિસ્તર જીવનચરિત્ર નિરૂપાયું છે. તદુપરાંત સિદ્ધસેન દિવાકરકૃત 'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા', હેમચંદ્રાચાર્યકૃત 'વીતરાગસ્તોત્ર' ઉપાધ્યાય યશોવિજયકૃત 'મહાવીરસ્તવ', ધર્મવર્ધનગણિકૃત 'વીરભક્તામર', અજ્ઞાતકવિકૃત 'વીરસ્તવ' ઇત્યાદિ સંખ્યાબંધ કૃતિઓ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં મહાવીર સ્વામી વિશે લખાયેલી સાંપડે છે.

ગુજરાતી ભાષામાં મહાવીર સ્વામી વિશે ગદ્યમાં ઘણી કૃતિઓ લખાઈ છે, પરંતુ સળંગ પદ્યમાં લખાયેલી પૂ. સંતબાલજીની આ કૃતિ ભગવાન મહાવીર વિશેના સાહિત્યમાં એક અનોખી ભાત પાડે છે. શ્રી હીરાચંદ ઝવેરીએ પણ ભગવાન મહાવીર વિશે 'ત્રિભુવનતિલક' (સં. ૨૦૨૨) નામનું મહાકાવ્ય ગુજરાતીમાં ચોવીસ સર્ગમાં લખ્યું છે.

પૂ. સંતબાલજીએ આ ચરિત્રકાવ્યની રચના ૧૦૦૧ કડીમાં કરી છે. એમાં મહાવીર સ્વામીનો જીવ દેવલોકમાંથી ચ્યવીને માતા દેવાનંદાની કૂખે અવતરે છે, અને ગર્ભાપહરણ પછી માતા ત્રિશલાદેવી જન્મ આપે છે, ત્યાંથી શરૂ કરીને ભગવાન

મહાવીરના નિર્વાણસમય સુધીના જીવનને ૬૬૭ કડીમાં વિસ્તારથી આલેખવામાં આવ્યું છે. તદુપરાંત કાવ્યની છેલ્લી ચોત્રીસેક જેટલી કડીમાં મેઘકુમાર, ચંદનબાળા, સુલસા વગેરે ભગવાન મહાવીર સ્વામીના શાસનનાં સુરતનોનો પરિચય અપાયો છે. પૂ. સંતબાલજીએ આ ચરિત્રનું નિરૂપણ શ્વેતાંબર પરંપરા પ્રમાણે કર્યું છે. એટલે એમાં દેવાનંદાના પ્રસંગનું તથા વર્ધમાન મહાવીરના યશોદા સાથેના લગ્નજીવનનું અને એમની પુત્રી પ્રિયદર્શનાનું નિરૂપણ કરવામાં આવે એ સ્વાભાવિક છે. પૂ. સંતબાલજીના આ સુદીર્ઘ ચરિત્રકાવ્યની રચના નીચે પ્રમાણે સાત પર્વમાં થઇ છે : (૧) ચ્યવન, જન્મ અને શૈશવ, (૨) યૌવન, લગ્ન અને દામ્પત્ય, (૩) દીક્ષાની ભાવના અને દીક્ષાકલ્યાણક, (૪) પાદવિહાર, પરિષહ, ઉપસર્ગ અને કેવળજ્ઞાન કલ્યાણક, (૫) સદુપદેશ, સદાચાર અને સંઘરચના, (૬) વ્યાપક ધર્મસમન્વય અને નિર્વાણ અને (૭) શાસનનાં સુરત્નો. આ પર્વોના વિષયો અને પેટાવિષયોની અનુક્રમણિકા જોતાં પણ તરત પ્રતીતિ થશે કે ભગવાન મહાવીરના જીવનના લગભગ બધા જ મહત્ત્વના પ્રસંગો તેમાં આવરી લેવાયા છે.

પૂ. સંતબાલજીએ ભગવાન મહાવીરના જીવન-વૃત્તાંતની મુખ્ય ઘટનાઓનું માળખું પ્રમાણભૂત અને શાસ્ત્રસંમત રાખ્યું છે; પરંતુ કેવળ રૂઢિગત શૈલીથી કથાનું આલેખન ન કરતાં વિવિધ પ્રસંગોના નિરૂપણમાં એમણે કવિતા, વ્યવહાર જીવન, મનોવિજ્ઞાન, ધર્મતત્ત્વ ઇત્યાદિની દૃષ્ટિથી સ્થળે સ્થળે પોતાની મૌલિક કલ્પનાના રંગો પૂર્યા છે. ત્રિશલાદેવીની દિનચર્યા, સ્વપ્નપાઠક સાથે સિદ્ધાર્થ રાજાનો સંવાદ, ત્રિશલામાતા અને વર્ધમાન મહાવીરનો સંવાદ, વર્ધમાન મહાવીર અને યશોદા વચ્ચેનો સંવાદ, નંદિવર્ધન અને વર્ધમાન મહાવીર વચ્ચેનો સંવાદ ઇત્યાદિ પ્રસંગોના નિરૂપણમાં એથી તાદૃશ જીવંતતા અનુભવી શકાય છે. પૂ. સંતબાલજીનું પોતાનું આ મૌલિક અર્પણ છે, જે એક સર્જક કવિ તરીકેની એમની શક્તિની આપણને પ્રતીતિ કરાવે છે. આ સર્જક તત્ત્વના કારણે એ પ્રસંગોના નિરૂપણમાં ઇતિહાસના તથ્ય કરતાં કલ્પનાનું સત્ય વિશેષ રહેલું છે. ઉદાહરણ તરીકે વર્ધમાન મહાવીર અને યશોદાના દામ્પત્યજીવનનું નિરૂપણ ઐતિહાસિક દૃષ્ટિએ બરાબર એ જ પ્રમાણે હશે એમ નહિ કહી શકાય, પરંતુ સર્જક કવિએ તેનું પોતાની મૌલિક કલ્પનાથી આલેખન કર્યું છે.

કવિ સંતબાલજીના આ ચરિત્રકાવ્યમાં પાત્રો, પ્રસંગો, પરિસ્થિતિ, પ્રકૃતિ ઇત્યાદિના નિરૂપણમાં વિવિધ છટાઓ નિહાળવા મળે છે. કોઈ કોઈ સ્થળે પ્રકૃતિનિરૂપણ કેવું છટાદાર થયું છે. તે નમૂનારૂપ નીચેની કેટલીક પંક્તિઓ પરથી જણાશે :

સામેનો દીપ કે' તો તો, ચંદ્રજ્યોત પ્રકાશશે;
ને પછી વરમાળાને, કટે આરોપશે ઉષા.૪૦
બાગનાં કુમુદ ભૃંગો, વિહંગો વૃક્ષ ઉપરે;
ગોશાળામાં તથા ગાયો, સ્વસ્થાને અશ્વ ને ગજ. ૪૧
બાંદીઓ સેવકો સર્વે, રજની અંકમાં રહ્યાં;
હતું સ્તબ્ધ સમું શાંત, નીરવ વાયુ મંડલ. ૪૨

કલરવ કરે કુંજે, કલિત-કંઠ કોકિલા;
મત્ત દ્વિરેફ ગુજંતાં, વાર્યા વરે ન વાદીલા. ૧૨૩
સારસ જોડલાં શીળો, ભીઠો ધ્વનિ કર્યા કરે;
પ્રણય-રસ રેલંતાં, દંપતી પાંખ પાથરે. ૧૨૪
કળા કરી કલાપીઓ, રીઝવે પ્રિય ઢેલને;
સૌંદર્યમદ માતેલા, કેકારવ કર્યા કરે. ૧૨૫
કલહંસ શુકો ધીરાં, મૃદુ તાન જમાવતાં
મનોજ્ઞ ભગિની રાણી, વસંત ઋતુ રાજતાં. ૧૨૬

બાળ વર્ધમાન મહાવીરનું ચિત્ર આલેખતાં એમના પ્રેમના ચમત્કારનો પ્રભાવ અન્ય બાળકો ઉપર કેવો સરસ થાય છે તે નીચેની થોડીક પંક્તિઓમાં કવિએ સુંદર રીતે દર્શાવ્યો છે :

ચમત્કાર નહિ આ તો, પ્રેમનો ચમકાર છે;
એવો સૌ બાળને હૈયે, વર્ધમાન વસે ખરે. ૧૭૩
પ્રેમમાં ભય કે શંકા, સ્વાર્થ માત્ર નહીં રહે;
સમતા, શાંતિ ને શ્રદ્ધા, પ્રેમમાં જ ટકી રહે. ૧૭૪

વર્ધમાન મહાવીરને કેવળજ્ઞાન થાય છે એ પ્રસંગનું આલેખન કેટલું સચોટ થયું છે તે નીચેની થોડીક પંક્તિઓમાં જુઓ :

ધ્યાતા, ધ્યાન અને ધ્યેય, એકરૂપ બની ગયાં;
ક્ષીણ મોહ થતાં પામ્યા, પૂર્ણ તે વીતરાગતા. ૬૯૭
ન જોયો કેવળજ્ઞાન,-પૂર્ણ આત્મા તણો રવિ:
હરતામલકવત્ છે જ્યાં, સમસ્ત ભાવની ગતિ.૬૯૮
કરોડો ચંદ્ર ને સૂર્ય, પ્રકાશે સામટા છતાં;
ન આવે ઉપમા તેની, એવો આત્મપ્રકાશમાં. ૬૯૯
ભવબીજ બળ્યું છેક, કૃતકૃત્ય થઇ ગયા;
આયુવશ રહ્યો દેહ, લોકકલ્યાણ કારણ. ૭૦૦

ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન થાય છે. તેઓ સર્વજ્ઞ, જિન, અર્હત્ થાય છે તે સમયે બધા જીવો તેમની સ્તુતિ કરતાં એમના સ્વરૂપનું જે વર્ણન કરે છે તેનું મનોહર નિરૂપણ વસંતતિલકા છંદની નીચેની સુરેખ પ્રાસયુક્ત પંક્તિઓમાં થયું છે :

સર્વજ્ઞ હે સકલ દોષ-વિહીન શુદ્ધ,
આનંદકંદ, શિવ, શાંત, સમસ્ત બુદ્ધ;
ઓ વીતરાગ ! જિનરાજ ! અનંત વીર્ય,
અધ્યાત્મપૂર્ણ, અજ, નિત્ય, અખંડ ધૈર્ય. ૭૦૪

પૂ. સંતબાલજીની કવિપ્રતિભાના વિવિધ ઉન્મેષો સ્થળે સ્થળે આપણને જોવા મળે છે. એમણે ઉપમાદિ અલંકારો ઘણે સ્થળે પ્રયોજ્યા છે. દીર્ઘ તપસ્વી મહાવીરને કેવળજ્ઞાન થાય છે તે પ્રસંગે એમના વિવિધ ગુણોનું વર્ણન કરતાં કવિએ પ્રયોજેલી ઉપમાઓની હારમાળા (માલોપમા) કેટલી મનોહર અને મનોરમ છે તેની પ્રતીતિ નીચેની પંક્તિઓ વાંચતાં થશે :

પ્રજ્ઞાનમાં અક્ષય સિંધુ જેવા શીતાંશુ તારાગણમાં શશીમા;
ક્ષમા નહીં ભૂમિસમા રસોમાં, ઇક્ષુસમા ઇષ્ટ મધુર આપ. ૭૦૫
વનો મહીં નંદનના સમાન, શીળા સદા ચંદનના સમાન;
શબ્દો મહીં મેઘની ગર્જનાશા, ગતિ મહીં આપ ગરુડ જેવા ૭૦૬
મેરુ ગિરિશા સ્વરૂપે અડોલ, અગાધ ગંભીર સમુદ્ર તુલ્ય;
આકાશશા નિત્ય નિર્જવલંબી, વાયુસમા અપ્રતિબદ્ધ ચારી. ૭૦૭
ગંગાસમા પૂર્ણ પવિત્ર આપ, નિર્લેપ છો પદ્મ સમાન નાથ;
કર્મ-મૃગો સિંહ સમાન દેખી, ન આપને બાધ કરે હવેથી. ૭૦૮

પૂ. સંતબાલજીએ આ સુદીર્ઘ ચરિત્રકાવ્યની રચના વિવિધ છંદમાં કરી છે. રચના સુદીર્ઘ હોય તો પ્રસંગ કે ભાવ અનુસાર તેમાં છંદવૈવિધ્ય આવે એ સ્વાભાવિક છે. મહાકાવ્ય કે દીર્ઘ ખંડકાવ્યમાં સળંગ નિરૂપણ માટે કેટલાક છંદો વિશેષ અનુકૂળ રહે છે. અનુષ્ટુપ છંદ એવો વિશિષ્ટ ક્ષમતાવાળો છંદ: છે. એમાં સળંગ સેંકડો પંક્તિઓ લખવા છતાં એકવિધતા

(અનુસંધાન પૃષ્ઠ ૨૮૧ પર)

# કેન્દ્ર અને રાજ્યના સંબંધનું ભાવિ

**સંકલન : શીલા ભટ્ટ**

[શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે 'શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળામાં' ઉપરોક્ત વિષય પર ચાર વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. દક્ષિણ ભારતના ત્રણ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશના મુખ્ય પ્રધાનોની રચાયેલી કાઉન્સીલ અને ભારત સરકારે કેન્દ્ર-રાજ્યોના સંબંધ અંગે સરકારિયા પંચની કરેલી નિમણુક : આ બાબતના સંદર્ભમાં આ વિષય પરના વ્યાખ્યાનોને વિશેષ પરિમાણ મળ્યું. પ્રથમ દિવસના વ્યાખ્યાનનો સાર 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો માટે આ અંકમાં આપ્યો છે. બાકીના વ્યાખ્યાનોનો સાર હવે પછીના અંકમાં આપવામાં આવશે. -તંત્રી]



સંઘના ઉપક્રમે 'શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા' યોજાઈ તે પ્રસંગની તસવીરમાં આ વર્ષની વ્યાખ્યાન શ્રેણીનું દીપક પ્રગટાવીને શ્રી મોરારજીભાઈ દેસાઈ ઉદ્‌ઘાટન કરે છે. ડાબી બાજુથી: વ્યાખ્યાન શ્રેણીના પ્રમુખ શ્રી અમર જરીવાલા, સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ અને મંત્રી શ્રી કે. પી. શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૪, ૫, ૬ અને ૭મી એપ્રીલ, ૧૯૮૩ના રોજ સાંજના ૬-૧૫ કલાકે તાતા ઑડિટોરિયમ, હોમી મોદી સ્ટ્રીટ, મુંબઈ-૧ ખાતે ઉપરોક્ત વિષય પર પંદરમાં વર્ષની વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન **શ્રી અમર જરીવાળાના** પ્રમુખપદે થયું હતું, વ્યાખ્યાતા તરીકે અનુક્રમે ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય મંત્રીશ્રી **બાબુભાઇ જશભાઈ પટેલ,** મુંબઈ હાઇકોર્ટના એડવોકેટ શ્રી **અતુલ એમ. સેતલવડ,** આયોજન પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ **ડૉ. ડી. ટી. લાકડાવાલા** અને જાણીતા પત્રકાર શ્રી **કુલદીપ નાયર** હતા.

### વ્યાખ્યાનશ્રેણીનું ઉદ્‌ઘાટન

પ્રથમ દિવસે **શ્રી મોરારજીભાઇ દેસાઇએ** વ્યાખ્યાન શ્રેણીનું ઉદ્‌ઘાટન દીપક પ્રગટાવી કર્યું. એમણે એ નિમિત્તે વક્તવ્ય કરતા કહ્યું : 'આ વ્યાખ્યાનમાળા સાથે સદ્‌ગત ચીમનલાલ ચકુભાઈ શાહનું નામ જોડવાનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘે નિર્ણય કર્યો તે આનંદની વાત છે. શ્રી ચીમનભાઇ લોકશાહી અને જાહેર સેવાના પ્રખર પુરસ્કર્તા હતા. અમે બન્ને ઘણા વર્ષોથી નિકટના મિત્રો હતા. તેમને ભારતની એકતામાં અને લોકશાહીમાં દૃઢ વિશ્વાસ હતો.'

### પ્રાંતવાદથી દોરવાઇ ન જવું

આ વર્ષની વ્યાખ્યાન શ્રેણીના વિષયની ઉપયોગિતા અને મહત્તા સ્વીકારીને એમણે કહ્યું : પ્રાંતવાદથી આપણે દોરવાઇ ન જવું. એથી દેશને નુકસાન થાય. આપણને સ્વતંત્રતા મળી ત્યારે આપણે રાજકીય રીતે સંપૂર્ણ સ્વતંત્ર થયા ન હતા. સરદાર વલ્લભભાઇ પટેલે નાના નાના રજવાડાઓનું વિલીનકરણ કર્યું ત્યારે જ આપણે ખરેખરા સ્વતંત્ર થયા.'

### રાષ્ટ્રની એકતા અને લોકશાહી માટે યોગ્ય બંધારણ

શ્રી મોરારજીભાઇએ કહ્યું : 'મારા મત પ્રમાણે આપણા દેશનું બંધારણ ઘડવામાં આવ્યું છે તે યોગ્ય છે. રાષ્ટ્રની એકતા અને લોકશાહીની વિભાવના માટે આવું બંધારણ જરૂરી છે. કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંબંધો તંદુરસ્ત અને પૂરક રહેવા જોઇએ. કેન્દ્ર પાસે વ્યાપક સત્તા છે. તેણે દરેક રાજ્ય દરેક રીતે ઊંચું આવે તે જોવું જોઇએ. કેન્દ્ર મજબૂત હોવું જોઇએ તેમ રાજ્ય પણ મજબૂત રહેવું જોઇએ. આ બાબત જો કે કેન્દ્ર પર નિર્ભર છે.

### વ્યાખ્યાનમાળાનો હેતુ

તેમણે વધુમાં કહ્યું કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ કોઈ પણ રાજકીય પક્ષ સાથે સંલગ્ન નથી તેમ એ ધાર્મિક સંસ્થા પણ નથી. અહીં આવતા શ્રોતાઓ રાષ્ટ્રના પ્રશ્નો અંગે જાગૃત થાય અને એવી બાબતોને વર્તનમાં મૂકે એ આ વ્યાખ્યાતમાળાનો હેતુ છે. એને હું આવકારું છું.

### વ્યાખ્યાનમાળાનું નામાભિધાન

વસંત વ્યાખ્યાનમાળા સાથે સંઘના પ્રમુખ સદ્‌ગત ચીમનલાલ ચકુભાઈ શાહનું નામ જોડવાનો સંઘે ગત

ડિસેમ્બરમાં ઠરાવ કર્યો હતો. એના અનુસંધાનમાં આ વ્યાખ્યાનમાળાની નામકરણવિધિ શ્રી બાબુભાઇ જશભાઇ પટેલે કરી હતી. 'શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા' એ રીતે આ વ્યાખ્યાનમાળાનું નામાભિધાન જાહેર કરતાં એમણે પોતાનો આનંદ વ્યકત કર્યો હતો. એમણે કહ્યું : 'સદ્‌ગત શ્રી ચીમનભાઇ બંધારણ સભાના સભ્ય હતા અને બંધારણ ઘડવામાં એમના ડહાપણનો લાભ આ દેશને મળ્યો હતો. તેઓ લોકસભામાં પણ ચૂંટાયા હતા, તત્ત્વચિંતક હતા અને જીવનના અંત સુધી પ્રવૃત્ત અને જાગૃત હતા. એમના રસના વિષયોમાં વૈવિધ્ય હતું. આ વ્યાખ્યાનમાળા સાથે એમનું નામ જોડવામાં આવ્યું એ સર્વ રીતે યોગ્ય અને આવકાર્ય છે.

## (૧) શ્રી બાબુભાઈ જશભાઇ પટેલ

### કેન્દ્ર વિશેષ જવાબદાર

'કેન્દ્ર અને રાજ્યના સંબંધનું ભાવિ', એ વિષે બોલતાં એમણે કહ્યું : 'કેન્દ્ર અને રાજ્યના સંબંધની વર્તમાન પરિસ્થિતિમાં કેન્દ્ર વિશેષ જવાબદાર છે. બંધારણે કેન્દ્રને વ્યાપક સત્તા આપી છે. તેમાં માત્ર આર્થિક સત્તાનો પ્રશ્ન નથી. પરંતુ તેની રાજકીય સત્તા પણ વધુ વ્યાપક છે. કેન્દ્ર ધડીના છઠ્ઠા ભાગમાં રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે. રાજ્યોના રાજ્યપાલની નિમણુક તેના હસ્તક છે. વિધાન સભાને વિખેરી નાખવાની પણ તેને સત્તા છે. રાજ્યપાલ કોઇની પણ સાથે મસલત કર્યા વિના માત્ર કેન્દ્રના ઇશારા પર આ સત્તાનો કેવો ઉપયોગ કરી શકે છે એ આપણે અનુભવથી જાણીએ છીએ.

કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ભાગીદારી સંબંધો હોવાનું કહેવાય છે. ભાગીદારી જેવું જો કાંઇ પણ હોય તો કેન્દ્ર મુખ્ય અને મહત્ત્વનો ભાગીદાર છે. આજથી ત્રણ દાયકા પહેલાં કેન્દ્રના એ વખતના વાહનવ્યવહાર મંત્રી શ્રી લાલ બહાદુર શાસ્ત્રીને મુંબઇના રસ્તાઓની જાળવણી, મરામત આદિ માટે સહાય કરવા કહ્યું ત્યારે નાણાકીય સાધનોના અભાવે નનૈયો ભણ્યો. હકીકતમાં રાજ્યે પોતાનો ફાળો આપ્યો હતો અને કેન્દ્ર પાસે મુંબઈ રાજ્યને સહાય કરવા માટે પૂરતું ફંડ હતું.

ભારતમાં દર સો ચોરસ કીલોમીટરે ૩૯ કીલોમીટર રસ્તાની સામે ગુજરાતમાં ૨૩ કીલોમીટર રસ્તાઓ છે. ગુજરાત કેન્દ્રને પેટ્રોલ અને ડીઝલ આપે છે છતાં રાજ્યને મદદ માટે ભીખ માંગવી પડે એવી સ્થિતિ છે. ઈ. સ. ૧૯૭૬ માં કુંડ પર રૂ. ૪૨ ની રોયલ્ટી આપવાની જાહેરાત થઈ, જે સરાસર અન્યાય હતો. કુંડ રાજ્યની મિલ્કત છે. આ રીતે રોયલ્ટી આપીને કેન્દ્ર રાજ્યોનું શોષણ કરે છે. આ બાબત પેટ્રોલિયમ અને રસાયણ ખાતાના મંત્રીશ્રી કે. ડી. માલવીયાજીને મેં લખ્યું હતું. પ્રત્યુત્તરમાં એમણે કહ્યું : 'તમે માત્ર રાજ્યનો વિચાર કરો છો, હું સમગ્ર દેશનો. અમે યોગ્ય જ નકકી કર્યું છે.' વળતા પત્રમાં મેં લખ્યું હતું કે રાજ્ય એ ભારતનો જ એક ભાગ છે. એની વ્યાજબી માંગણીમાં સંકુચિતતા નથી. વધુ સગવડો રાજ્યને મળવી જોઇએ. કેન્દ્ર રાજ્યની સંભાળ લેતી નથી, અને લેવા દેતી પણ નથી.

એમણે કહ્યું : 'હું થોડા સમય પહેલાં આસામ ગયો હતો. આસામના લોકો દૃઢપણે માને છે કે કેન્દ્ર અને સમગ્ર રાષ્ટ્ર એમની અવગણના કરી છે. દેશના કુંડના ઉત્પાદનમાં ૬૦% ચાના ઉત્પાદનમાં ૫૫% અને પ્લાયવુડના ઉત્પાદનમાં પણ એટલો જ આસામનો ફાળો છે. આસામના લોકોને લાગે છે કે કેન્દ્રને આ ઉત્પાદનમાં જ રસ છે. છેલ્લા ૨૫ વર્ષમાં ૪૫ લાખ વિદેશીઓએ ગેરકાયદે ઘૂસણખોરી કરી છે સરહદ પર ચોકિયાતો મૂકવા કેન્દ્રને વારંવાર વિનંતી થઈ છે. વસતિની ચકાસણી કરવા તેઓએ કહ્યું છે. પરંતુ આ દિશામાં કોઈ પગલાં લેવાયા નથી. આસામમાં ઉત્પન્ન થતું કુંડ બરોલી રીફાઇનરીમાં ૧૨૦૦ કીલોમીટર લાંબી પાઇપ લાઇન દ્વારા લઇ જવાય છે. ભારત સરકારને રૂા. ૧૧૦૦ કરોડની થતી આવક સામે આસામને માત્ર રૂા. ૨૨ કરોડ અપાય છે. આ અન્યાય નથી શું ? આ આસામ પૂરતી વાત નથી. પંજાબ, તામિલનાડુ, કેરળ, આંધ્ર પ્રદેશ અને કર્ણાટક આદિ રાજ્યોની જનતાએ કેન્દ્ર સરકાર તરફથી મોં ફેરવી લીધું છે. એ અંગેના કારણો વિચારવા જોઇએ.

### નાણાકીય સાધનોની વહેંચણીમાં અન્યાય

બંધારણે કેન્દ્રને મહત્ત્વના આવકના સાધનો પર અધિકાર આપ્યો છે. એકસાઇઝ અને કસ્ટમ્સ ડયુટી, આવકવેરો, કોર્પોરેશન ટેકસ આદિ આવકના સાધનો કેન્દ્ર સરકાર હસ્તક છે. એમાંથી રાજ્યોને થતી ફાળવણીમાં અન્યાય થાય છે. તેમાં ય જે આવકની રાજ્યોને ફાળવણી થતી નથી, તેની આવક ઉત્તરોત્તર કૂદકે ને ભૂસકે વધી છે. કસ્ટમ્સ ડયુટીની આવક જોતજોતામાં રૂ. ૪૦૦૦ કરોડની થઇ. કોર્પોરેશન ટેકસની રૂ. ૧૪ કરોડની આવક રૂ. ૮૪૦ કરોડની થઇ. આ આવકની ફાળવણી રાજ્યોને થતી નથી. આવક વેરાની રૂ. ૧૩૩ કરોડમાંથી રૂ. ૮૪૦ કરોડની આવક થઇ. તેના પર સર ચાર્જ વખતોવખત વધારવામાં આવે છે પરંતુ તે આવક સંપૂર્ણપણે કેન્દ્ર પાસે જ રહે છે. રૂ, કાપડ, તમાકુ અને સાકર ઉપર થતી વધારાની આવક રાજ્યોએ કેન્દ્રને હવાલે કરવી પડે છે. રાજ્યોએ ઢસરડા કરવા પડે છે, જ્યારે કેન્દ્ર હસ્તક આવકના ધીંગા સાધનો છે.

રાજ્યોએ શિક્ષણ, આરોગ્ય, રસ્તા, ઘર-મકાનો અને તંદુરસ્તીની જવાબદારી વહન કરવાની છે. તે માટેના નાણાકીય સાધનો કેન્દ્ર સરકાર પાસે છે. એનો અર્થ એટલો જ કે મજૂરી રાજ્ય કરે અને કેન્દ્ર આવક જમે. આ બાબતો અંગે રાજ્યે કેન્દ્ર સરકાર પાસે વખતોવખત નાણાકીય માંગણી કરવી પડે છે. કેન્દ્ર આયોજન પંચનો હવાલો આપે. આયોજન પંચ હા ભણે અને નાણા પંચને યોગ્ય લાગે તો થોડું-ઘણું 'દાન' મળે. આ રીતે રાજ્ય સરકાર હંમેશા નાણાભીડમાં રહે છે.

રાજ્યોને લોન લેવી હોય તો કેન્દ્ર અખાડા કરે. એની જરૂરિયાત પ્રમાણે મંજૂરી પણ ન આપે. વિદેશમાંથી લોન મેળવવાની કોશિશમાં કેન્દ્ર વાટાઘાટ કરે. કેન્દ્ર વાટાઘાટ કરી સસ્તા દરે લોન મેળવે અને રાજ્યોને ઊંચા દરે લોન આપે.

શ્રી મનુ સુબેદારે એક વાર કહ્યું હતું : 'ભારતે જિલ્લાઓમાં વહેંચાઈ જવું જોઇએ. ભારતમાં રાજ્યોની હસ્તી રાખવાની જ નહિ.' સત્તાનું વ્યાપકપણે વિકેન્દ્રીકરણ કરવાની આ એક છેડાની વાત હતી. બીજી બાજુ 'એ.બી.સી.' તરીકે ઓળખાયેલો મત પ્રવર્તતો હતો. 'એ.બી.સી.' એટલે અફઘાનિસ્તાન, બર્મા અને સીલોનને ભારત સાથે જોડીને એક સત્તાબળના અસ્તિત્વની વાત હતી. બન્ને અલગ અલગ અંતિમો છે. હું તો એટલું જ ઇચ્છું છું કે સરકારિયા પંચે દૂરનું વિચારવું જોઇએ. બંધારણમાં ફેરફાર કરવાની આવશ્યકતા લાગે તો તેમ કરવા કેન્દ્ર સરકારને ભલામણ કરવી જોઇએ. કેન્દ્ર-રાજ્ય સંબંધોની ઊંડાણથી સમીક્ષા થાય. ભારતના વિકાસ માટે અને આજની પારસ્થિતિના ઉકેલ માટે કેન્દ્ર સરકારે પરસ્પરના આ સંબંધો વિષે ગંભીરતાથી વિચાર કરવો જોઇએ.

(ક્રમશઃ)

# સાહિત્ય અને નૈતિક મૂલ્યો

ડૉ. હસમુખ દોશી

ઉત્તમ સાહિત્યમાં હંમેશાં જીવનની અને જીવનનાં મૂલ્યોની કલાત્મક અભિવ્યક્તિ થતી હોય છે. વિશ્વના શ્રેષ્ઠ સાહિત્ય સ્વામીઓએ માણસની અપૂર્ણતાઓનું નિરૂપણ કર્યું જ છે; પરંતુ તેમનો અભિગમ માનવીય અપૂર્ણતાઓના આલેખન દ્વારા માણસને સંપૂર્ણતા તરફ વાળવાનો રહ્યો છે. એ જ રીતે શ્રેષ્ઠ સાહિત્યકૃતિઓમાં જીવનની દુર્ભાગ વાસ્તવિકતાઓ પ્રતિબિંબિત થતી જ હોય છે, પણ એ વાસ્તવિકતાઓ તેના સર્જકનું અંતિમ પ્રયોજન હોતી નથી; દુર્ભાગ વાસ્તવિકતાઓના આલેખન પાછળ પણ પ્રતિભાશીલ સર્જકનો સુભગ દૃષ્ટિકોણ નિહિત હોય છે. વાલ્મિકી, કાલિદાસ, શેક્સપિયર કે તોલ્સતોય જેવા સાહિત્ય સ્વામીઓ નૈતિક મૂલ્યોની ખેવના કરતા હતા એટલે તેઓ કલાકાર જ નહોતા એમ માનવાની અને મનાવવાની હિંમત તો કદાચ આજનો સર્જક કે વિવેચક કરી શકે તેમ નથી. અથવા તો ઉકત સાહિત્યસ્વામીઓ ઉત્તમ પાત્રોનું સર્જન કરે છે. જે પાત્રો શ્રેષ્ઠ મનુષ્યો છે માટે તેઓ 'કૃતક' હતા એમ કહેવાનું સાહસ સીધી રીતે તો આજના સાહિત્ય સર્જક કે વિવેચકથી થઇ શકે એમ નથી. એટલે ઉત્તમ સાહિત્યસ્વામીઓને પગલે ચાલનારા આજના સર્જકો કે આજના એવા સર્જકોની કૃતિઓનું યોગ્ય મૂલ્યાંકન કરનારા વિવેચકો કલાને કે આજના મનુષ્યને ઓળખી શકતા નથી એવો આરોપ કરવામાં આવે છે. મનુષ્યની વ્યાખ્યા બદલાતી રહે છે, અને નીતિ કે ધર્મનું પોતાનું જ કંઈ ટેકાણું નથી ત્યાં આજનો સાહિત્યકાર નીતિ કે ધર્મનું કલાત્મક અર્થઘટન કરી શકવા સમર્થ હોય તો પણ એ સાચો સર્જક ગણાય નહિ એમ આજનો વિવેચક માને છે. અપૂર્ણ મનુષ્ય જ સાચો અને સંપૂર્ણ મનુષ્ય છે, એવો આધુનિક યુગની એક મહત્ત્વની પાશ્ચાત્ય વિચારસરણીનો સૂર છે, અને એ સૂર ઘૂંટીઘૂંટીને આલાપ કાઢનારા આપણા નવીન સર્જકો અને વિવેચકો સાહિત્યસર્જન દ્વારા પરોક્ષ રીતે ઉચ્ચ જીવનલીલાનું કલાત્મક નિરૂપણ કરતાં કલાકારોને 'કૃતક' ગણે છે.

પરંતુ કોઈ પણ જમાનામાં નીતિ કે ધર્મની વ્યાખ્યા બદલાતી નથી. નીતિ અને ધર્મ ચિરકાલીન સત્ત્વો છે. નીતિ અને ધર્મના પાયાના સિદ્ધાંતો વિશ્વના બધા ધર્મોમાં સરખા છે, અને જ્યારે એ શબ્દો બદલાશે ત્યારે પણ તેનો અર્થ અથવા તો તેની વ્યાખ્યા એ જ રહેશે. કલાકાર કે સાહિત્યનો સર્જક તેની અવગણના કરે એટલે નીતિ કે ધર્મનાં મૂલ્યો બદલાઇ શકતાં નથી. આજનો મનુષ્ય જરૂર બદલાયો છે, પણ તેનું પરિવર્તન વધારે સુખદ છે અને ઓછું દુઃખદ છે. પડતાં આખડતાં, ભૂલો ને ગુનાઓ કરતાં પણ માણસે ક્રમશ: પોતાનું ઉર્ધ્વીકરણ સાધ્યું છે અને તેમ કરવામાં તેને વધારે મદદ ઉચ્ચ નીતિ અને ધાર્મિકતા પ્રેરિત કલાકૃતિઓએ કરી છે એ પણ એટલું જ સાચું છે.

આજના સાહિત્યમાં આપણે રામ કે કૃષ્ણની અપેક્ષા ન રાખીએ. તદ્દન સામાન્ય માણસોની પાત્રો તરીકે અપેક્ષા રાખીએ, જેમનામાં ઘણી અપૂર્ણતાઓ હોય. પરંતુ આ અપૂર્ણતાઓ એવી તો ન હોવી જોઇએ ને કે જેનું ગૌરવ કરવામાં આવે! અથવા તો માણસ વૃત્તિઓ અને વાસનાઓ વડે દબાયેલો હોવાથી તેનો ઉદ્ધાર કદાપિ શકય જ નથી એમ તો ન માની શકીએ ને? વાલ્મીકિ કે કાલિદાસથી માંડી ટાગોર અને તોલ્સતોય સુધીના સર્જકોએ માનવીય નિર્બળતાઓનું નિરૂપણ કર્યું જ છે, પણ એ નિર્બળતાઓનું નિરૂપણ માણસને વધારે સબળ બનાવવા માટે થયું છે. ત્યારે આજનો સર્જક અને વિવેચક માણસ કદાપિ આદિમ આવેગોને જીતી શકશે નહિ એવું અંતિમ ગૃહીત સ્વીકારીને બેસી ગયો છે. અને એટલે જ નીતિમાન મનુષ્યોને સાહિત્ય કૃતિઓમાં પાત્રો તરીકે તે સહન કરી શકતો નથી. કરોડો વર્ષોની તપસ્યા પછી માણસે કંઇ જ સિદ્ધ નથી કર્યું? નિરંકુશ આદિમ આવેગો પાસે એ હમેશાં શું માટીપગો જ રહ્યો છે? આવા પ્રશ્નો મારી સમક્ષ ઉપસ્થિત થાય છે. કેટલાંય જૈન સાધુ-સાધ્વીઓ અને એવું જ જીવન સંસારમાં રહીને પણ વ્યતીત કરતા કેટલાંક મનુષ્યો– જેઓ આજના જમાનામાં અને આજના સાહિત્યમાં ઠીકઠીક ઠેકડીને પાત્ર બન્યાં છે. એક જમાનામાં હું પણ તેમના સંયમધર્મને 'કૃતક' ગણી તેમનો ઉપહાસ કરતો હતો. પરંતુ મે જોયું: વૃત્તિઓનાં અનેક ખેંચાણો વચ્ચે, પ્રલોભનોનાં અનેક આકર્ષણો સામે, કવચિત્ ભૂલો કરતાં રહીને પણ તેમણે ઘણી ઉન્નતિ સાધી હોય છે. ત્યારે માનવીના આદિમ આવેગો જીતી શકાય એવા નથી, એ તો રહેવાના જ છે એમ માનીને બેસી જવું, એટલું જ નહિ, એવા આવેગોનું ગૌરવ કરવા માંડવું અને એવા આવેગોને કારણે પતનમાં પરિણમતા જીવન ઉપર મંડિત થયેલી સાહિત્યરચનાઓને જ સાચી કે ઉત્તમ કલાકૃતિ માનવી એ તો કલાને પક્ષઘાતથી પીડોતી જોવા જેવું છે.

આજની એક સમર્થ પાશ્ચાત્ય વિચારસરણીએ માણસના ફકત અસ્તિત્વને જ પ્રમાણ્યું. માણસ જેવો છે તેવો જ રહે છે એમ માની લીધું, એટલું જ નહિ પોતે હોય એ કરતાં વધારે સારા થવાની માણસે જરૂર નથી, કેમ કે બદલાવું એ તો 'કૃતક' ઘટના છે એવું પ્રતિપાદિત કર્યું. એવી વિચારસરણીથી અંજાયેલા અને અંતે છુંદાઇ ગયેલા આપણા પ્રવર્તમાન પુસ્તકપંડિતો મનુષ્યને ઐહિક જીવનમાં જેવો છે તેવો જ જોવા મથે છે, એટલું જ નહિ સાહિત્ય સર્જનના લાભાર્થે કે કલાની સિદ્ધિ માટે માણસનું ઉર્ધ્વીકરણ તેમને માન્ય નથી! માણસ ગુનાઓ કરે, કપટ કરે, કોઇનું ઓળવીને પોતાનું કરી લ્યે એ બધું માનવીય છે માટે તેનું ગૌરવ થવું જ જોઇએ! એટલું જ નહિ, માણસ આદતોનો ગુલામ હોય તો તેણે આદતો છોડવાની નથી, કેમકે એ જ તો સાચું અને પૂર્ણ મનુષ્યત્વ છે! તે દારૂ પીતો હોય, જુગાર રમતો હોય, વ્યભિચાર કરતો હોય તો તેમાં કશું ખોટું નથી, કેમકે ખરું અને ખોટું તો સાપેક્ષ છે અને ખરાંખોટાંની વ્યાખ્યા તો બદલાતી રહે છે!–અને એટલે જ 'આકાર' અને 'સ્વર્ગ' નીચે મનુષ્ય જેવી નવલકથાઓ કે 'કુત્તી' અને 'રાત્રિર્ગમિષ્યતિ' જેવી ટૂંકી વાર્તાઓ આજના વિવેચનનો આદર્શ બની ગયેલ છે.

નીતિને કલાવિરોધી ગણવામાં શ્રી કનૈયાલાલ મુનશીની જેમ આજનો સર્જક કે વિવેચક ગૌરવ લે છે, સાહિત્ય હંમેશા નીતિનિરપેક્ષ હોવું જોઇએ. એટલે ધર્મ કે સદાચારનું કામ આજે સાહિત્યની કલા પાસે કરાવવું તે કલા પાસે રાખવામાં આવતી બહુ મોટી અને ઘણી ખોટી અપેક્ષા છે એમ તેમનું માનવું છે. બરાબર છે. તો પછી એ જ

રીતે કલા પાસેથી અનીતિ કે અનાચાર ફેલાવવાનું કામ લેવું એ પણ એટલું જ કુત્સિત કેમ ન ગણાવું જોઇએ? કોઈ પણ માણસ સમાજમાં રહે, મસ્તીથી જીવે, કોઇને ઉપયોગી ન થાય ત્યાં સુધી તો તે નિર્દોષ છે. પણ જો એ જ માણસ અનીતિ કે અનાચાર આચરવા લાગે તો સમાજ એની એ પ્રવૃત્તિઓથી ગંધાઈ જ ઊઠે.

અને વિશ્વના મહાન સાહિત્યસ્વામીઓએ સીધી રીતે જીવનમૂલ્યો પ્રબોધવાનું કામ કલા પાસે કદાપિ કરાવ્યું નથી પણ એમણે એવી કલાત્મક રચનાઓ કરી, જેમાં આજે કૃતક ગણાતાં જીવનમૂલ્યો કલામય રીતે દૃઢપ્રતિષ્ઠ થયેલાં હોય છે. આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવે આ જ રીતે કવિની કવિતામાં ઉચ્ચ ધાર્મિકતાની અપેક્ષા રાખી છે અને ત્યારે તેઓ પણ સાહિત્યમાં સીધી ધાર્મિકતાના નિરૂપણનો વિરોધ કરે છે. તેઓ લખે છે: 'ઓથેલો'માં એક પણ પાદરી પ્રવેશતો નથી છતાં તેમાં રહેલું ડેસ્ડીમોનાનું પાત્ર જ ઉચ્ચ ધાર્મિકતા સિદ્ધ કરે છે. સમર્થ કલાસ્વામીની કલા આ જ પ્રકારની Un-moral Art Amoral Art હોય છે. અને છતાં એ પણ એટલું જ સાચું છે કે સમર્થ કલાસ્વામીઓએ પોતાનાં પાત્રોની સીધી ઉક્તિઓ દ્વારા પણ નીતિમય જીવનની વાતો કરેલી જ છે, અને તેમાં દોસ્તોયેવસ્કી કે કામૂ જેવા સર્જકો પણ અપવાદ નથી. અને વાચકો કે વિવેચકોએ આવાં લખાણોને પ્રચારક કે પક્ષિલ લખાણના ચોપડા તરીકે સ્વીકાર્યા નથી.

આજની નવલકથાનાં પાત્રો અનાચારી હોય તો પણ તેઓ સંપૂર્ણ મનુષ્યો છે, કેમ કે તેમનું આલેખન 'અકૃતક' છે, એવું આજનો સાહિત્યવિવેચક કહે એટલે સંપૂર્ણ મનુષ્યની કે ધર્મની વ્યાખ્યા બદલી જવાની નથી. નીતિ કે ધર્મનો ભોગ લીધા વિના પણ જગતમાં ઉત્તમ સાહિત્યરચનાઓ થયેલી છે જે રચનાઓ કહેવાતી નીતિનિરપેક્ષ સાહિત્યકૃતિઓ કરતાં વધારે આકર્ષક અને કલાત્મક હોય છે.

# કાવ્યની શૈલી : શૈલી વિજ્ઞાન : કાવ્યશાસ્ત્રની દૃષ્ટિ

[ પ્રો. કે. બી. વ્યાસનાં મુંબઇ યુનિવર્સિટીના ઉપક્રમે યોજાયેલી ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળાના પ્રથમ ત્રણ વ્યાખ્યાનોનો સંક્ષેપ ]

**ડૉ. કૃષ્ણવીર દીક્ષિત**

પ્રાચીન ગુજરાતી ભાષા, પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન અને અદ્યતન ગુજરાતી સાહિત્ય, સંસ્કૃત તથા પાશ્ચાત્ય સાહિત્ય, તથા ભાષાશાસ્ત્ર તેમજ વ્યાકરણના ઊંડા અભ્યાસી વિદ્વાન પ્રો. કાન્તિલાલ બળદેવરામ વ્યાસે તા. ૨૪-૧-૧૯૮૩ થી તા. ૨૯-૧-૧૯૮૩ (૨૬મી જાન્યુઆરી બાદ) સુધી રોજ સાંજે મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ ચી. શાહના અધ્યક્ષપદે યુનિવર્સિટીના પદવીદાન સમારોહ ખંડમાં યુનિવર્સિટી આયોજિત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન શ્રેણીમાં પાંચ વ્યાખ્યાન આપ્યાં. વ્યાખ્યાન વિષય હતો: 'કાવ્યની શૈલી, શૈલીવિજ્ઞાન અને કાવ્યશાસ્ત્રની દૃષ્ટિ.' પ્રથમ ત્રણ વ્યાખ્યાનોનો સંક્ષેપ અહીં રજૂ કરવામાં આવે છે. બાકીનાં બે વ્યાખ્યાનોનો સંક્ષેપ હવે પછી રજૂ થશે.

આરંભમાં ડૉ. રમણલાલ ચી. શાહે વક્તાની પ્રતિભાનો તથા ભાષા, વ્યાકરણ, અને સંશોધન ક્ષેત્રે તેમણે કરેલા મૂલ્યવાન પ્રદાનનો પરિચય આપ્યો હતો.

પ્રો. કાન્તિલાલ વ્યાસે આ વ્યાખ્યાનો આપવા પોતાને નિમંત્રણ આપવા બદલ મુંબઈ યુનિવર્સિટીનો તથા પ્રમુખશ્રીનો આભાર માની પોતાનું પ્રથમ વ્યાખ્યાન આપ્યું હતું તેનો વિષય હતો: 'કાવ્યની શૈલી: ભાષાવિજ્ઞાન અને શૈલીવિજ્ઞાન અનુસાર વિશ્લેષણ'.

## પ્રાસ્તાવિક

વક્તાએ પ્રથમ પ્રાસ્તાવિક વક્તવ્યમાં, ઋગ્વેદમાં વાણીનો મહિમા કેવો થયો છે તે માનવ ભાષાનાં મૂળથી માંડીને પરિવર્તન પામતાં પામતાં તેનો સધાયેલો વિકાસ, ભાષાના સ્વરૂપનું અધ્યયન કયારથી આરંભાયું, ભાષાવિજ્ઞાનની વર્ણનાત્મક, સ્વરૂપાત્મક અને મનોવિજ્ઞાનમૂલક એમ ત્રિવિધ શાખાઓ અને તેની પેટાશાખાઓ વિશે વિગતે રજૂઆત કરી તેમણે કહ્યું કે: 'અદ્યતન ભાષાવિજ્ઞાન એની ચરમ સીમાએ પહોંચ્યું તેમાં સાહિત્યની શૈલીનું સ્વરૂપવિશ્લેષણ એ છેક નવોદિત ક્ષેત્ર હતું. પ્રથમ એને સાહિત્ય શૈલીનું નામ આપવામાં આવ્યું. તે પછી વર્તમાનમાં એને શૈલી વિજ્ઞાનનું અભિધાન પ્રાપ્ત થયું.' કવિતાની ભાષાનું વિશ્લેષણ, અધ્યયન, કાવ્યની ભાષા ને વ્યવહારની ભાષા વચ્ચેનો ભેદ, વ્યવહારની ભાષા કરતાં કાવ્યની વાણી ઊર્ધ્વતમ શાથી? કાવ્યની વાણી મનુષ્યના સંવિત્તનું સંસ્કરણ કરે છે તે શાથી? અને ભાષાવિજ્ઞાન તેમાં શી સહાયતા કરે છે વગેરે પ્રશ્નો તેમણે છેડ્યા.

## ભાષાવિજ્ઞાનની મર્યાદા

શૈલીવિજ્ઞાન એ ભાષાવિજ્ઞાનની છેક અદ્યતન પ્રશાખા હોવાનું જણાવીને વક્તાએ શૈલીવિજ્ઞાનની વ્યાખ્યા સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન, શૈલીનું કાર્યક્ષેત્ર, શૈલી વિજ્ઞાનનો એની સાથે સંકળાયેલાં શાસ્ત્રો સાથેનો સંબંધ, શૈલીવિજ્ઞાનના સૌન્દર્ય શાસ્ત્ર સાથેના સંબંધની થયેલી ગવેષણા ભાષાશાસ્ત્ર અને ભાષાશાસ્ત્ર અને શૈલીવિજ્ઞાનનો અન્યોન્ય સંબંધ વગેરેની ચર્ચા કરી. તેમણે એવું તારણ રજૂ કર્યું કે ભાષાવિજ્ઞાન કાવ્યની શૈલીનું આંતરતત્ત્વ અર્થાત્ મર્મ પ્રગટ કરવાને અપર્યાપ્ત છે. ભાષાવિજ્ઞાન શૈલીવિશ્લેષણ માટે સક્ષમ નથી. કાવ્યમાં એવાં કેટલાંયે તત્ત્વો છે જ્યાં ભાષાવિજ્ઞાન કે શૈલીવિજ્ઞાન પહોંચી શકતું નથી. ભાષાવિજ્ઞાનના ચોકઠામાં કાવ્યની શૈલી સમાઈ શકતી નથી. કાવ્યના શક્ય અર્થોમાંથી તેના ઇષ્ટાર્થ પ્રગટ કરવાનું ભાષાવિજ્ઞાનનું સામર્થ્ય નથી.

નિમ્ન, પ્રશિષ્ટ અને મધ્યમ એમ શૈલીના ત્રિવિધ પ્રકાર, પરિમાણ વાચ્યાર્થનું અને રસનું એમ કવિતાનું દ્વિવિધ સ્વરૂપ આ સર્વની ચર્ચાને અન્તે વક્તાએ કહ્યું: 'ભાષાવિજ્ઞાન કાવ્યના કેવળ વાચ્યાર્થનું જ સ્વરૂપદર્શન કરાવી શકે. એના રસસ્વરૂપને પ્રગટ કરી આપવાનું એનું સામર્થ્ય નથી.' કાવ્યશૈલીના સ્વરૂપને સ્વાયત્ત વિવિધ શાસ્ત્રોનાં તત્ત્વોના વ્યવસ્થિત સંયોજનરૂપ શાસ્ત્ર ગણવાની હિમાયત કરીને વક્તાએ શૈલીવૈજ્ઞાનિક જ્યોફ્રે લીચે કાવ્યશૈલીના યથાર્થ અવગમન અર્થે કરેલા પ્રયત્નને બિરદાવ્યો. અને લીચનાં મંતવ્યો વિગતે રજૂ કર્યાં. તેનો સાર આટલો: કાવ્યની રચના એ માત્ર ભાષાનો ઉન્મેષ નથી; કાવ્યની ભાષાના બહિરંગના વર્ણનાત્મક વિશ્લેષણથી કશી મહત્ત્વની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. એને બદલે કાવ્યની ભાષાનું અને એમાંથી નિષ્પન્ન થતા અર્થાદિકનું સ્વરૂપ ભાષાવૈજ્ઞાનિકની દૃષ્ટિએ તપાસવું વધારે ફલદાયી થાય.

## કવિવાણીનો વિશેષ

વક્તાએ તે પછી કવિવાણીના વિશેષ વિશે ચર્ચા કરી, કાવ્યની શૈલી દ્વારા ભાષાની સમૃદ્ધિ વધી હોવાનું પ્રતિપાદન કર્યું. પ્રાચીન ગ્રીસ અને રોમના કાવ્યમીમાંસકોએ કાવ્યની શૈલી વિશે કરેલી વિચારણાનો ખ્યાલ આપ્યો. પાશ્ચાત્ય કવિઓ જેમ કે વર્ડ્ઝવર્થ, એલિયટ કે ડેનહામ તથા અન્ય કવિઓએ કાવ્યમાં બોલચાલની ભાષાના તો ક્વચિત સ્લેંગ (ઉપશિષ્ટ) ના કરેલા ઉપયોગનો નિર્દેશ કર્યો તેમ કાવ્યના શબ્દના અર્થવિશેષ વિશે તથા કવિવાણીના સ્વાતંત્ર્યના લક્ષણ વિશે લીધે કરેલાં નિરીક્ષણો રજૂ કર્યાં હતાં; જેમકે પૂર્વે નહીં યોજાયેલી ભાષા ભંગિઓનો કવિએ કરેલો વિનિયોગ– જેને વ્યુત્ક્રમ એ સંજ્ઞાથી ઓળખાવી શકાય એવો હોવો જોઇએ કે ભાવક પોતાના કલ્પનાસહજ આયાસે કાવ્યનો મર્મ ગ્રહણ કરી શકે. બીજું ધ્વનિ આદિનાં આંતરે આંતરે વ્યવસ્થિતપણે આવતાં આવર્તનો, જે કાવ્યને ચમત્કૃતિ અર્પે છે તથા કાવ્યપંક્તિનાં ચરણોમાં આવતા વાક્યખંડો કે ઉપવાક્યો તથા સમાન્તર વાક્યાન્વય (સિન્ટેક્સ) જે પણ કાવ્યમાં ચમત્કૃતિ સાધે છે. આવર્તન પ્રક્રિયાનું એક સ્વરૂપ કાવ્યનાં ધ્વનિસંયોજનોની સમાન્તરતા છે. કાવ્યનું પદ્યસ્વરૂપ વસ્તુત : કાવ્યની છંદોરચના, ધ્વનિઓના કાલમાન અનુસારની વ્યવસ્થા કે ભારયુક્ત 'સિલેબલો' ઉપર મંડિત નિશ્ચિત વ્યવસ્થા અને ભાષાના લયતત્ત્વ એ બંને તત્ત્વો ઉપર આધારિત છે. એ બન્નેને સ્વરૂપ યથાસ્થિત ગ્રહણ થાય તો જ ભાષાની પદ્યરચનાનું વાસ્તવિક સ્વરૂપ સમજી શકાય. લયબંધ કાવ્યના તાત્પર્યને ઉત્કટપણે ભાવવાહી બનાવે છે. લયથી કાવ્યપંક્તિઓ રચાય છે, જેમાં આવર્તનોથી શ્લોકનું સ્વરૂપ બંધાય છે લીચ લયસંયોજનને પારંપરિક છંદ સંધિઓ કરતાં વધુ મહત્ત્વ આપે છે. એને મતે એ જ કવિતાનું પ્રાણતત્ત્વ છે. ક્વચિત કાવ્યખંડની છેલ્લી પંક્તિ અતિ હ્રસ્વ હોય તો તે વિશિષ્ટ અર્થસિદ્ધિ સાધે છે. લીચ રૂપકને (કે રૂપકાત્મક શબ્દસંયોજનને) કવિ કર્મના પાયારૂપ ગણે છે. લીચની સલાહ આંતરસૂઝે પ્રગટાવેલી પરમ સૂક્ષ્મતાથી માર્મિકતાથી નિહાળીને એના મર્મનો આસ્વાદ કરવાનો છે. એમાં જ કાવ્યની સાર્થકતા છે. આમ ભાષાવિજ્ઞાન અને શૈલીવિજ્ઞાનની કાવ્યતત્ત્વનું વિશ્લેષણ કરવાની ક્ષમતાનું અવલોકન વક્તાએ પોતાના પ્રથમ વ્યાખ્યાનમાં કર્યું.

## કાવ્યની શૈલી

બીજા વ્યાખ્યાનનો વિષય હતો "કાવ્યની–શૈલી કાવ્યશાસ્ત્ર પ્રણાલિકા અનુસાર વિશ્લેષણ."

પ્રો. કે. બી. વ્યાસે પોતાના વ્યાખ્યાનમાં પ્રથમ અંગ્રેજી કાવ્યવિવેચનના સિદ્ધાન્તો ઉપર દ્રષ્ટિપાત કર્યો અને પછી ભારતીય કાવ્યશાસ્ત્રના મૂલગામી સિદ્ધાન્તોની અછડતી ચર્ચા કરી.

તેમણે કહ્યું: "અંગ્રેજી કાવ્ય વિવેચનની દ્રષ્ટિ પ્રથમ સમસ્ત કાવ્યની આયોજન પદ્ધતિ, એ દ્વારા સધાતી વિશેષતા, અને કાવ્યના ધ્વનિતમાં એનું અર્પણ ઇત્યાદિનું માર્મિક અવલોકન એ પ્રમાણેની રહી છે. આ પદ્ધતિનાં મૂળ છેક પ્રાચીન ગ્રીક અને લેટિન વિવેચના સુધી લંબાઈ છે. જો કે અંગ્રેજી કાવ્યવિવેચનામાં પણ દ્રષ્ટિભેદને કારણે વિવિધ પદ્ધતિઓ વિકસી છે. અંગ્રેજી કાવ્યવિવેચનની પદ્ધતિ કેટલીક રીતે આપણી કાવ્યમીમાંસાની પૂરક ગણી શકાય.

પ્રાચીન ભારતીય કાવ્યમીમાંસાનું એકમ સામાન્યત: એક શ્લોક કે શ્લોકગુચ્છ છે. એને અનુલક્ષીને શબ્દની શક્તિ વિશે, કાવ્યના અંતરતત્ત્વ વિશે, કાવ્યના ગુણદોષ અને અલંકારો વિશે એમ સૂક્ષ્મ છણાવટ કરાઈ છે તે જ પ્રમાણે મહાકાવ્યો અને એમના સ્વરૂપ સંયોજનની વિચારણા થઇ છે.

અંગ્રેજી કાવ્યમીમાંસકોની દ્રષ્ટિએ કાવ્યની ધ્યાન ખેંચતી વિચારતત્ત્વની અભિવ્યક્તિ ઇત્યાદિની વિગતો મહત્ત્વની અવશ્ય છે પણ એનું મહત્ત્વ સમગ્ર કાવ્યના કથયિત્વ–ધ્વંગિત કરતાં ગૌણ ગણાય. વિવેચકનું કર્તવ્ય દ્વિવિધ છે. કવિનું વક્તવ્ય તથા કવિતાના વર્ણ્ય વિષય તરફનો એનો અભિગમ પ્રગટ કરવો અને એમાં એને કેવી સિદ્ધિ મળી તે દર્શાવવું કવિકર્મની સફળતા શેમાં છે તે વિવેચકે દર્શાવવાનું છે. કવિની પદાવલિ પદાર્થો અને વિચારભાવોના પ્રતીકરૂપ છે. વાચક એ પ્રતીકો દ્વારા કવિના અનુભવને એની સંવેદનાને પોતાના મનમાં પુનરુજ્જીવિત કરે છે.

## લયનું મહત્ત્વ

એક જ વ્યક્તિને અનુલક્ષીને રચાયેલી કવિતા અને સમષ્ટિને સ્પર્શતી કવિતા જે માનવના મનોભાવોના વિશાળ ફલકને સ્પર્શે છે એમ કવિતાના બે વર્ગોનો નિર્દેશ કર્યા પછી વક્તાએ કવિતાનું સ્વરૂપ પાઠ્ય હોવાથી લય વડે જ તેનું વિશિષ્ટ સામર્થ્ય પ્રગટ થાય છે એમ કહીને છંદ અને લય બંનેમાં સામ્ય હોવા છતાં તે પરસ્પરના સમાનાર્થ નથી એમ કહ્યું. લય દ્વારા જ કાવ્યનું વિશિષ્ટ સૌન્દર્ય સિદ્ધ થાય છે. લય વડે સમગ્ર કાવ્યનું મનોગત સહજ રીતે વ્યકત થતું હોય છે. સમુચિત છંદરચના અને લયબંધનું માધુર્ય કવિને પોતાના કાવ્યનું ધ્વંગિત છતું કરવામાં અને વાચકમાં સંક્રાન્ત કરવામાં ઘણું સહાયભૂત થાય છે. લયબંધ અને પદલાલિત્યની માફક જ કલ્પના ચિત્રો અને ચિત્રાત્મકતા પણ કાવ્યને સૌંદર્ય અર્પે છે અને મર્મ પ્રગટ કરવામાં સહાયભૂત થાય છે. કલ્પના ચિત્રો ધ્વનિગમ્ય નેત્રગમ્ય ક્રોઞ્કિ સ્પર્શનું, ગંધનું તો ક્રોઇક ગતિનું દર્શન કરાવે છે કાવ્યનાં પ્રાણપદ તત્ત્વોની ગવેષણામાં કવિનો નિરુપ્યમાણ વિષય, કવિતાનું રહસ્ય, એના લયબંધ, પદસૌષ્ઠવ કલ્પના ચિત્રો આદિ વડે કેવું ઊપસી રહે છે એ જ જોવાનું છે. કવિનુ ઉદ્દિષ્ટ કથન શું છે એ પ્રત્યે કવિનો અભિગમ કયા પ્રકારનો છે અને કવિનું એ મનોગત કાવ્યના પ્રતીકાદિ દ્વારા વાચકના મનમાં સુરેખપણે સ્ફુરી રહે છે કે ક્રમ એના વડે જ કાવ્યની સિધ્ધિનું મહત્ત્વ અંકાય છે.

## સંસ્કૃત કાવ્યશાસ્ત્ર

સંસ્કૃત કાવ્યશાસ્ત્રની વાત કરતાં તેમાં વ્યાકરણ અને ન્યાયનું પ્રારંભથી જ અસાધારણ મહત્ત્વ રહ્યું છે એમ કહીને વક્તાએ કહ્યું કે સર્વ આલંકારિકોએ કાવ્યને ઇષ્ટ (ચમત્કૃતિ પ્રધાન) અર્થવાળા શબ્દને કાવ્ય કહ્યું છે. આનન્દ વર્ધન, અભિનવગુપ્ત મમ્મટ વગેરે આલંકારિકોની કાવ્ય વિભાવના વાચ્યાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થ એ શબ્દના ત્રિવિધ પ્રકારની અભિધા, લક્ષણા અને વ્યંજનાની તથા વક્રોકિત વગેરેની તેમજ રસનિષ્પત્તિની અને ભાવ, અનુભાવ વિભાવ વગેરેની અછડતી ચર્ચા કરીને વક્તાએ પ્રાચીન ભારતીય કાવ્યશાસ્ત્રમાં અલંકાર સંપ્રદાય રીતિ સંપ્રદાય તથા વક્રોકિત સંપ્રદાય એ ત્રણ મુખ્ય પ્રવાહોનો નિર્દેશ કરી બીજું વ્યાખ્યાન સમાપ્ત કર્યું હતું.

## ધ્વનિસંયોજનનાં વિવિધ સ્વરૂપો

ત્રીજા વ્યાખ્યાનનો વિષય હતો: 'કાવ્યનીશૈલી : વિશેષ

વિચારણા : ધ્વનિ સંયોજનનાં વિવિધ સ્વરૂપો.'

વક્તાએ ધ્વનિ સંયોજન એ કાવ્યમાં કેવું પ્રથમ દૃષ્ટિએ ધ્યાનાકર્ષક તત્ત્વ છે તે ઈશાવાસ્યોપનિષદના પ્રારંભના શાન્તિ પાઠ-ઓમ્ 'પૂર્ણમદઃ, પૂર્ણમિદં, પૂર્ણાત્ પૂર્ણ મુદચ્યતે પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે'ના ઉલ્લેખથી દર્શાવ્યું હતું તેમણે કહ્યું હતું : 'પૂર્ણ' શબ્દનાં પુનઃપુનઃ આવર્તનો વિશ્વમાં બ્રહ્મ કેવું પરિપૂર્ણપણે વ્યાપ્ત છે તે દર્શાવે છે. વક્તાએ પોતાનો મુદ્દો દૃઢાવવા ઋગ્વેદ, અથર્વવેદ અને યજુર્વેદમાંથી વ્યંજન સંયોજનની સમાનતાવાળા મંત્રો ઉદાહરણાર્થે રજૂ કર્યા હતા. વક્તાએ વિશુદ્ધ પ્રકારની ધ્વનિ-વ્યવસ્થાનું એટલે કે અન્યશ્રુતિના આવર્તનનું તથા આદ્ય-ધ્વનિનું આવર્તન જેમાં હોય એવાં ઉદાહરણો આપીને કહ્યું હતું કે 'વેદના મંત્રોમાં ધ્વનિ આવર્તનો એ મંત્ર દૃષ્ટા ઋષિઓના ઋજુ મનોભાવોથી પ્રગટેલા ઉદ્‌ગારો છે.' વક્તાએ પ્રાચીન ગુજરાતી જેવી નૂતન ભારતીય આર્ય ભાષાઓમાં પણ પ્રસંગે પ્રસંગે કવિઓએ સહેતુક કરેલાં આવાં ધ્વનિ સંયોજનનાં ઉદાહરણો આપ્યાં હતાં. તેમણે વાલ્મીકિ અને કાલિદાસ, તથા પશ્ચિમના કવિઓ તેમ નરસિંહ, પ્રેમાનન્દ, ટાગોર, કાન્ત, નરસિંહરાવ, મણિલાલ નભુભાઈ, હરિહર્ષદ ધ્રુવ, ન્હાનાલાલ, ઉમાશંકર તથા સુન્દરમ્ એમ અનેક કવિઓની કૃતિઓમાંથી ધ્વનિના અંતરંગનું સામર્થ્ય અનુભવાય એવી ધ્વનિ આવર્તનવાળી પંક્તિઓ રજૂ કરી વર્ણસંયોજનની પ્રસન્ન લીલાનો ખ્યાલ આપ્યો હતો. પ્રતિધ્વનિ રૂપનું ધ્વનિ સંયોજન સમુચિત લય બંધમાં પ્રયોજતા કોમલવર્ણો, લઘુવર્ણનાં ત્વરિત આવર્તન, સુદીર્ઘ વર્ણવિન્યાસ, સુદીર્ઘ ધ્વનિઓનો સમુચ્ચય, કઠોર વર્ણોનો વિન્યાસ, તથા ગંભીર ઘોષ યુક્ત વર્ણ વિન્યાસ આ સર્વ કાવ્યમાં વિવિધ રસ વિચારપલટા અને મનોહર ચિત્રોની અનુભૂતિમાં કેવી કેવી રીતે ઉપકારક નીવડે છે તે પણ અનેક કાવ્યપંક્તિઓ ઉદાહરણાર્થે રજૂ કરીને દર્શાવ્યું હતું. વર્ણસંયોજનની વિવિધ છટાઓનું નિરીક્ષણ કર્યા બાદ, વક્તાએ વર્ણગત સ્વરોની વિશિષ્ટ સંયોજના કેવી અદ્‌ભુત રીતે કવિને અભિમત ભાવનું સૂચન કરે છે તે કાલિદાસનું 'રઘુવંશ' ન્હાનાલાલનું 'પિતૃતર્પણ,' કાન્તનું 'દેવયાની' સુન્દરમ્‌નું 'શશી ભૂલ્યો' મણિલાલનું 'અભાનોમિ', ઉમાશંકરનું 'યુગદ્રષ્ટા' પ્રેમાનન્દનું 'નળાખ્યાન' તથા નરસિંહનાં ભક્તિરસિક પદો વગેરેમાંથી પંક્તિઓ રજૂ કરીને દર્શાવ્યું હતું. વક્તાએ અંગ્રેજી ભાષાના શબ્દોમાં અમુક વિશિષ્ટ પ્રકારના ધ્વનિઓ શ્રોતાના ચિત્તમાં કેવાં અમુક ચોક્કસ પ્રકારનાં પ્રતીકો ઉપસાવે છે તેમ ભારતીય ભાષાઓમાં પણ વિશિષ્ટ ધ્વનિઓ કેવા વિશિષ્ટ વિચારભાવનું દ્યોતન કરે છે તે ઉદાહરણો સહિત દર્શાવ્યું હતું. એ પછી તેમણે પ્રાચીન અને અર્વાચીન કવિતામાં પ્રાસ વિશે તુલનાત્મક દૃષ્ટિથી ઉદ્‌ભવ, વિકાસ, પ્રવર્તન અને લોપ સંદર્ભે ઉદાહરણો સહિત ચર્ચા કરી હતી. એમણે એક નિરીક્ષણ એ કર્યું કે કાવ્યની મહત્તા પૂર્વે એના શબ્દાલંકારો અર્થ ચમત્કૃતિ, ચિત્રાત્મક પ્રબંધ કાવ્યો ઇત્યાદિ પર નિર્ભર હતી. જ્યારે હવે કવિ સ્વાનુભૂત સાર્વજનીન સંવેદનને કવિતામાં ઉચિત શબ્દપ્રતીકો યોજીને પ્રગટ કરે છે અને ભાવકને તેનો સહભાગી બનાવે છે આમ કહીને વક્તાએ ત્રીજું વ્યાખ્યાન સમાપ્ત કર્યું હતું. (ક્રમશઃ)

# સાગરતટે અમૃતવાણીની વર્ષા

ગણપતલાલ મ. ઝવેરી

ઋતુ વસંતનું ગુલાબી ને તાજગીભર્યું વાતાવરણ છે, શીતળ સમીર લહેરાઈ રહ્યો છે. એક તરફ ઘૂઘવતા અરબી સમુદ્રની ભરતી તો બીજી તરફ ઊભરાતા માનવ-મહાસાગરની ભરતી. તેમાં વળી, વિશાલ શમિયાણાની વચ્ચોવચ્ચ સુશોભિત વ્યાસમંચ પર બિરાજેલા યુવાન ને મોહક સંત મોરારિબાપુની રામકથા-રસની ભરતી.

આ ત્રણે ભરતીઓનો સુભગ સંગમ થયો ચોપાટી તટે. જ્યારે નવ નવ દિવસ સુધી રોજના ૭-૭ કલાક સુધી, લાખ બે લાખ જેટલા મુંબઈ મહાનગરના ધર્મપિપાસુ શ્રોતાજનોએ મોરારિબાપુની અમૃતવાણીનું આકંઠ રસપાન કર્યું. એ મંગલ અવસરે આ કથારસની વહેતી સરિતામાંથી ઘણાએ આચમન કર્યું; કેટલાંએ ઘૂંટડાભર્યા, કોઇ કાંઠે બેસી ભીંજાયા, કોઈ ન્હાયા, કોઇ કોઇએ ડૂબકી મારી, કોઇ તર્યા, કોઈ ડૂબ્યા, કોઈ ગળાબૂડ ડૂબીને તર્યા. જેવી જેની મતિ, શકિત અને ભાગ્ય તેવું ને તેટલું એણે પ્રાપ્ત કર્યું.

મોરારીબાપુના કંઠે સાક્ષાત્ સરસ્વતી બિરાજે. હૃદયમાં બિરાજે સંત તુલસી અને રોમેરોમમાં વસે ભગવાન રામ. બુલંદ અવાજ સરળ અને સહજ કહેણી. મુગ્ધકર વાણી. એક એક શબ્દ મધપૂડામાંથી ઝરતું એક એક રસબિંદુ. એવું એક એક વાકય જાણે એક એક અમૃતનો ઘૂંટડો. સંગીતમય કથા કહેતા જાય ને વચ્ચે વચ્ચે આડકથા, છંદ, દૂહા, મુકતક, શ્લોક, કવિતા, ગઝલ, શાયરી ઇત્યાદિને તાણાવાણાની જેમ વણી લે. શૃંગાર, કરુણ, વીર, હાસ્ય, શાંત આદિ રસોમાં પ્રસંગોપાત વિહાર કરે અને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે. રાગ-રાગિણીઓના મંગલ સૂરો છેડે અને ભાવકોને ડોલાવે. ઉદાહરણોમાં કવચિત્ વિનોદ-હાસ્ય અને નિર્દેશ વ્યંગ કે કટાક્ષની છાંટ પણ હોય.

બ્રહ્મા, વિષ્ણુ મહેશની પૌરાણિક કથાઓ ભગવાન રામચંદ્ર અને શ્રીકૃષ્ણની લીલાના અદ્‌ભુત પ્રસંગો, ભગવાન મહાવીરની અતિશયતા અને ગૌતમબુદ્ધની કરુણા, મુસ્લીમ પીર-ફકીરોના બોધવચનો વગેરે શ્રી મોરારિબાપુના સર્વધર્મ સમાદર અને સમભાવના દ્યોતક છે. અને આ હકીકત એમના ઇતરધર્મોના અભ્યાસ તથા જ્ઞાનની સાક્ષી પૂરે છે.

વાલ્મિકી, તુલસી, કબીર, મીરાં, નરસિંહ મહેતા, જ્ઞાનદેવ, તુકારામ આદિ આદિ ભક્તજનો અને સંત મહંતોના દૃષ્ટાંતો આપે અને પદો-અભંગોનું સસ્વરે પઠન કરે તે જ પ્રમાણે, સંસ્કૃત, વ્રજભાષા, હિન્દી, ગુજરાતી, ઉર્દૂ ભાષાના પ્રાચીન અને અર્વાચીન કવિઓ અને શાયરોની સુંદર રચનાઓ અને શાયરોની સુંદર રચનાઓની રમઝટ બોલાવે ને ચિત્તને હરી લે.

રામાયણની કથા સાથે સાથે મહાભારત, ઉપનિષદ શ્રીમદ્ ભાગવત, તેમજ પૌરાણિક પ્રસંગોનાં હૃદયસ્પર્શી વર્ણનો કરતા જાય. મુખ્યત્વે રામાયણના એક એક પાત્રને એમણે શબ્દ ચિત્ર દ્વારા મૂર્તિમંત અને જીવંત કર્યા.

આવી રીતે શ્રી મુરારિબાપુએ પૂરા નવ દિવસ પર્યન્ત (તા. ૧૯-૩-૮૩ થી તા. ૨૭-૩-૮૩ સુધી) આબાલવૃધ્ધ, નર ને નારી, તરુણ ને યુવાન એવા લાખો નગરજનોને રામકથાની અજબ મોહિની લગાવી, શ્રોતાજનોની ધર્મ ચેતનાને જાગ્રત કરી અને શહેરના કલુષિત વાતાવરણને પોતાની સંસ્કાર સમૃદ્ધ વાણીથી પવિત્ર કર્યું.

શતશત વંદન હો મોરારિબાપુને અને એમની અમૃતવાણીને.

(પૃષ્ઠ ૨૭૪ પરથી ચાલુ)

આવતી નથી. રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવદ્‌ગીતા વગેરેમાં આવતી અનુષ્ટુપની સેંકડો પંક્તિઓ એનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે. ગુજરાતી ભાષામાં પણ સળંગ રચનાને માટે અનુષ્ટુપનો ઉપયોગ ઘણા કવિઓએ કર્યો છે. પૂ. શ્રી સંતબાલજીએ પણ આ કાવ્યમાં અનુષ્ટુપ છંદનો ઉપયોગ સૌથી વધુ પ્રમાણમાં કર્યો છે, જે આ પ્રકારની રચનાને માટે સવિશેષ અનુરૂપ છે. અનુષ્ટુપ ઉપરાંત શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, માલિની, શિખરિણી, દ્રુતવિલંબિત, ઉપજાતિ, ઇત્યાદિ છંદો પણ પ્રસંગાનુસાર એમણે પ્રયોજ્યા છે, જે વિવિધ છંદની રચના કરવાની એમની કુશળતા દર્શાવે છે. છંદરચનામાં, અલબત્ત, કોઈ કોઇ સ્થળે એમને લઘુ-ગુરુની છૂટ લેવી પડી છે, પરંતુ તે આ પ્રકારની રચનામાં સહજ ગણી શકાય એવી છે.

ધર્મક્ષેત્રની પરમ વિભૂતિનું ચરિત્ર-વર્ણન હોય અને તેનું સર્જન કરનાર સાધુ ભગવંત હોય તો તેવી કૃતિમાં ધર્મોપદેશની વાત પ્રગટ કે અપ્રગટ રીતે આવ્યા વિના રહે નહિ. તેમાં પણ આ તો તીર્થંકર પરમાત્માનું જીવનચરિત્ર છે, એટલે એમણે પ્રરૂપેલા અને ઉપદેશેલા ધર્મતત્ત્વના નિરૂપણ વિના આ પ્રકારની ચરિત્રકૃતિ અપૂર્ણ જ ગણાય. આ કૃતિમાં ધર્મોપદેશનું નિરૂપણ યથાવકાશ વચ્ચે વચ્ચે થયું છે અને અંત ભાગમાં ઠીક ઠીક વિસ્તારથી થયું છે. તદુપરાંત, પૂ. સંતબાલજીને પ્રિય એવી સમન્વય અને લોકસેવાની ભાવનાનો ઉપદેશ પણ એમાં યથોચિત રીતે વણી લેવાયો છે. ધર્મોપદેશ કયારેક કાવ્યરસમાં બાધક બની શકે એ ખરું, પરંતુ આવા પ્રકારની કૃતિનો જે ભાવક હોય તે એમાં સહજ રીતે જ ધર્મોપદેશની અપેક્ષા રાખતો હોય છે, એટલે એમાં બાધકતાનો પ્રશ્ન ગૌણ બની જાય છે. અલબત્ત, ઉત્તમ સ્થિતિ તો એ જ કે એમાં ધર્મોપદેશ પણ કાવ્યમય બનીને આવે. એ દૃષ્ટિએ જોતાં આ કૃતિમાં તત્ત્વચર્ચા ઘણે સ્થળે સચોટ કાવ્યમય પંક્તિઓમાં અભિવ્યક્ત થઈ છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ભગવાન મહાવીરે જે ઉપદેશ આપ્યો છે તેનું નિરૂપણ કડી ૭૨૦ થી ૯૩૧ સુધીમાં કરવામાં આવ્યું છે. આમાં પૂ. સંતબાલજીએ સમગ્ર જૈન ધર્મદર્શનનો સંક્ષેપમાં સાર આપી દીધો છે. આ ચરિત્રકાવ્યનો આ શ્રેષ્ઠતમ ભાગ છે એમ કહી શકાય. સવા ચારસો જેટલી અનુષ્ટુપની પંક્તિઓમાં જીવ, આત્મા, ચાર ગતિ, ષડ્‌દ્રવ્ય, નવતત્ત્વ, સપ્તભંગી જ્ઞાનના પ્રકારો, કર્મના પ્રકારો, ભાવનાઓ, શ્રાવક અને સાધુના માર્ગ, બંધનમુક્તિનાં સાધનો ઇત્યાદિની વિશદ છણાવટ કરવામાં આવી છે. એક જ છંદમાં આટલી સળંગ સુદીર્ઘ રચના આ ચરિત્રકાવ્યમાં ફક્ત આ પર્વમાં જ થઇ છે અને તે વિષય તથા પ્રસંગને સર્વથા અનુરૂપ છે. અહીં વિષય પારિભાષિક હોવા છતાં એની અભિવ્યક્તિ સચોટ અને પ્રાસાદિક બની છે. એમાં ઘણી પંક્તિઓમાં કવિતા અને તત્ત્વજ્ઞાનનો સુભગ સમન્વય થયો છે. જેમને જૈનદર્શનનો થોડો પણ અભ્યાસ હશે તેમને આ પંક્તિઓ વાંચતાં અનેરા ઉલ્લાસનો અનુભવ થશે. એમાંની નીચેની કેટલીક પંક્તિઓ ઉદાહરણ તરીકે જુઓ:

રાગ ને દ્વેષ બે વૈરી, મોહ છે મૂળ જેમનું;
અજ્ઞાને જન્મતો મોહ. મોહે અજ્ઞાન વાધતું. ૭૪૭
આમ અજ્ઞાન ને કર્મ, વચ્ચેનું ચક્ર ચાલતું;
માટે જ જ્ઞાન સંસારે, મુખ્ય સાધન મોક્ષનું ૭૪૮
મૃત્યુની ક્ષણોમાં જે હોય છે સ્થિતિ જીવની;
પામે તે સ્થિતિથી તે જ, તે સ્થિતિ જોગની ગતિ. ૭૪૯

* * *

જીવ અજીવ એ વિશ્વે, તત્ત્વ તો મૂળ બે જ છે;
જીવ સ્વરૂપ છે મૂળ, જ્ઞેય જ માત્ર એક એ. ૭૭૨
મુખ્ય જે ચાર આકાશ, ધર્મ અધર્મ પુદ્‌ગલ;
અજીવમાં ગણાય છે, કાળ તો ઔપચારિક ૭૭૩
માટે જ જીવની સાથે, એ અસ્તિકાય પાંચ છે,
માત્ર પુદ્‌ગલ છે મૂર્ત, બીજાં બધાં અમૂર્ત છે. ૭૭૪
જ્ઞાને મિથ્યાત્વનો નાશ, વ્રતે અવિરતિ ટળે;

* * *

મદો, નિંદા, ભયો, શલ્યો, વિકથા ને કષાય સૌ. ૮૬૯
ટળે ક્રમે ક્રમે દોષો, સંયમ ત્યાગ ને તપ;
વ્રત આલોચના નિત્યે, સાધકે કરવી ઘટે. ૮૭૦
ભાવના શુદ્ધિથી ધ્યાન, ક્રમશ: ચડતું જતું;
આર્ત ને રૌદ્ર છોડીને, ધર્મ ને શુક્લ છેવટે ૮૭૧
ને તેથી દ્રવ્ય ને ભાવ, લેસ્યાઓ પણ નિર્મળ;
થઇ અંતે મળે સિદ્ધિ, અવ્યાબાધ અનુત્તર ૮૭૨

સ્વ. પૂ. સંતબાલજીની આ પ્રેરક અને પ્રબોધકર કૃતિ એમના સમગ્ર સાહિત્યમાં અનોખું સ્થાન પામે એવી છે. ભગવાન મહાવીર સ્વામી વિશે પદ્યમાં લખાયેલી સુદીર્ઘ ચરિત્રકૃતિઓમાં પણ તેનું સ્થાન વિશિષ્ટ રહેશે.

ચરિત્ર નાયક તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીર સ્વામી અને ચિરિત્રકાર પૂજ્ય ગુરુવર્ય શ્રી સંતબાલજી ઉભયને આપણી વંદના હો!

(ટૂંક સમયમાં પ્રગટ થનાર ચરિત્ર કાવ્ય વિશ્વવત્સલ મહાવીર'ની પ્રસ્તાવના)


## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, મુંબઇ-૪૦૦૦૦૪.
ફોન : ૩૫૦૨૯૩.

### ભગવાન મહાવીર જયંતી

સંઘના ઉપક્રમે ભગવાન મહાવીર જયંતી પ્રસંગે નીચે મુજબ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

| | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|
| ૧. | પ્રા. તારાબેન શાહ | ભગવાન મહાવીરનો સંદેશ |
| ૨. | પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | આત્મશોધક પ્રભુ મહાવીર |
| ૩. | પૂ. મહાસતીશ્રી પ્રીતિસુધાશ્રીજી | ભગવાન મહાવીર-વર્તમાન સંદર્ભમાં |

**સ્થળ : બિરલા ક્રિડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૭.**
**સમય : રવિવાર તા. ૨૪-૪-૧૯૮૩ ના રોજ સવારના ૮-૩૦ કલાકે.**

સવારના ૮-૩૦ થી ૧૦-૩૦ વ્યાખ્યાન અને ત્યાર બાદ ભક્તિ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

સૌને સમયસર ઉપસ્થિત રહેવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ. ભવદીય,

રમણલાલ ચી. શાહ — પ્રમુખ
ચીમનલાલ જે. શાહ, કે. પી. શાહ — મંત્રીઓ.

# સાધુભગવંતોને હિતશિક્ષા

પૂ. સ્વ પૂજ્ય પન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી

૧. આ વિષમ કાળમાં પણ પૂર્વજન્મની આરાધનાને કારણે ઉત્તમ જાતિ, કુળમાં જન્મ તથા દુર્લભ એવું શ્રી જિનેશ્વર ભગવંતનું કહેલું ચારિત્ર-રત્ન મળ્યું છે; અને તેને વિધિપૂર્વક ગ્રહણ કરીને ગુરુકુળવાસમાં રહીને આરાધવા ભાગ્યશાળી બન્યા છો, તે ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય છે એમ માનીને તેનું ખૂબખૂબ અનુમોદન કરજો અને અવશેષ રહેલ જીવનમાં આથી પણ વધુ ઉલ્લાસપૂર્વક તેનું અણીશુધ્ધ આરાધન કરીને મનુષ્ય જન્મ સફળ કરશો.

૨. મોક્ષનું મૂળ ચારિત્ર છે. અને ચારિત્રનું મૂળ સમકિત છે. તે સમ્યગ્ દર્શન ગુણની આરાધના માટે શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, સુસાધુઓની પર્યુપાસના, તીર્થોની યાત્રા ચતુર્વિધ સંઘને ધર્મમાં સહાય વગેરેની સાથે, સાધુઓમાં પરસ્પર વાત્સલ્ય, સ્નેહ, સ્થિરિકરણ, ઉપબૃંહણા વગેરે સમ્યગ્દર્શન ગુણના આચારોના પાલનમાં અધિકાધિક અપ્રમત્ત બનશો. એથી બોધિસુલભ બનશે, જન્માંતરમાં જૈન ધર્મની પ્રાપ્તિ સુલભ થશે. અપ્રતિપાતી એવા વૈયાવચ્ચ ગુણની આરાધના દ્વારા યાવત્ તીર્થંકર ગોત્રની પ્રાપ્તિના અધિકારી થવાશે.

૩ ધર્મનું મૂળ વિનય છે. વિનય વડે વિદ્યા અને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે. અરિહંતનો વિનય, સિદ્ધનો વિનય, સાધુનો વિનય, રત્નાધિકનો વિનય, જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોનો વિનય. એ આઠે કર્મોનો નાશ કરનાર છે એમ માનીને ગુણાધિકનો વિનય કેળવવામાં અપ્રમત્ત રહેશો. દૃષ્ટિને નિધાન મળ્યું એમ માનીને વિનયાદિ ગુણરત્નોને એકઠા કરવામાં વધારેમાં વધારે ઉત્સાહી બનશો.

૪ ધર્મનું મૂળ દયા છે, જયણા છે. છ જીવ નિકાયની રક્ષા એ ચારિત્રનો પ્રાણ છે. બધા જીવો આત્મ સમાન છે એમ માનીને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના જીવોના ભેદ જાણીને તેમની રક્ષામાં અપ્રમત્ત રહેશો. દીર્ઘ આયુષ્ય, પંચેન્દ્રિય-પૂર્ણતા, આરોગ્યાદિ જે ધર્મનાં સાધન મળ્યા છે તે પૂર્વે આરાધેલી જીવદયારૂપી કલ્પવેલડીનાં ફુસુમો છે. તેને પ્રત્યક્ષ અનુભવીને તે જીવદયા અને જીવયતનારૂપી ધર્મનું આરાધન કરવા માટે વધુ ઉત્સાહી બનશો.

૫. દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયીના આરાધનમાં પ્રાણ પૂરનાર તપ ગુણ છે. તેના બાર પ્રકાર છે: આયંબિલ ઉપવાસાદિ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત વિનયાદિ અભ્યંતર તપ છે. બાહ્યતપમાં યથાશકિત ઉદ્યમ કરી રહ્યાં છો, તેમ અભ્યંતર તપના આરાધનમાં પણ ઉદ્યમી બનશો. પ્રાયશ્ચિત વિનય, વૈયાવચ્ચાદિની જેમ સ્વાધ્યાય, ધ્યાન કાર્યોત્સર્ગાદિ ઉત્તરોત્તર અધિક અધિક કર્મક્ષયનાં પ્રબળ સાધનો છે. તેને પણ દરેક પોતાની શકિત મુજબ આરાધવામાં આગળ વધશો અને પરમાત્માએ બતાવેલ આત્મકલ્યાણનો અમોઘ રસ્તો પોતાના દૃષ્ટાંત વડે જગત સમક્ષ અખંડ રાખશો.

૬. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની સાથે વીર્યાચારનું અખંડ પાલન કરવા માટે ઉત્સાહી બનશો. મન વચન કાયાનું જે બળ મળ્યું છે તેને જરા પણ ગોપવ્યા વિના મોક્ષ માર્ગની સાધનામાં ઉપયોગ કરશો એથી ઉત્તરોત્તર અધિક ધર્મ બળ મળવા સાથે સર્વ કર્મ ક્ષય કરવાનું અનંતબળ ચરમ ભવમાં પ્રાપ્ત કરી શકાશે.

૭. આ બધી આરાધના એક સાથે કરવા માટેની સામગ્રીવાળો ભવ મળ્યો છે. તેનું મૂલ્ય સમજી અને આ માર્ગે ચઢાવનાર ઉપકારીઓના ઉપકાર સદા લક્ષ્યમાં રાખી તે ઉપકારનું ઋણ ઉતારવા માટે અનેકાનેક યોગ્ય આત્માઓને આ માર્ગે ચઢવામાં સહાયક થશો. અને 'સહાયપણું ધરતાં સાધુજી, એ શાસ્ત્ર વચનને સાર્થક કરી સાચા સાધુ બનવાનું ધ્યેય રાખશો.

૮ ભવચક્રમાં ભ્રમણ કરતાં અનંતકાળે મનુષ્યભવ મળે છે તેમાં પણ ધર્મસામગ્રીવાળો ભવ કવચિત્ મળે છે. આયુષ્ય ક્ષણભંગુર છે. તેમાં પણ અજ્ઞાનવશ અધિક કાળ નિદ્રા, વિકથામાં, સંજ્ઞાઓને પોષવામાં, બાલ્યાવસ્થાની અજ્ઞાનદશામાં, વૃદ્ધ અવસ્થાની અસહાય અવસ્થામાં રોગ, શોક અને ઉપદ્રવો અને તેથી નિપજતાં આર્ત-રૌદ્ર ધ્યાનોમાં પસાર થઇ જાય છે. થોડો જ વખત ધર્મસાધનામાં જાય છે તે પણ અવિધિ-આશાતનાઓથી ભરપૂર હોય છે. મહાપુરુષો પણ કહે છે કે અમારા જેવા પ્રમાદગ્રસ્ત અને ચરણ-કરણ હીન જીવોને તરવાનો એકજ ઉપાય છે અને તે પ્રવચન ઉપરનો શુભ રાગ છે.

પ્રવચન, દ્વાદશાંગી, જિનમૂર્તિ-જિનાગમ અને તેને આરાધનારા તથા શિરસાવંદ્ય કરનારા પુણ્ય પુરુષો ઉપર ભકિતરાગ, એ જ આપણા જેવા પામર જીવોને ભવસાગર તરવાનો એકનો એક ઉપાય છે. તેથી પ્રવચનમાં રાગ ખૂબ કેળવવો અને સમાન ધર્મીની, ધર્મમાં પરસ્પર સહાયક થનારની ખૂબ ભાવથી સેવા કરવી. સમાન ધર્મી ઉપર થોડી પણ અરુચિ, કષાય કે સંકલેશ એ અનંતાનુબંધી કષાય બની જાય અને બોધિબીજને બાળી નાંખે, તેથી કાંઇપણ મનકલેશ થાય તો પરસ્પર ખમાવી લેવું અને પરસ્પર સમાધિ ઉપજાવવા પ્રયત્ન કરવો. પરલોક પ્રધાન બનવું. આ લોકના સુખના ભોગે પણ પરલોક સુધારવા પ્રયત્નો કરવો.

૯ તે માટે શ્રી નમસ્કાર મહામંત્રનો આશ્રય વારંવાર લેવો. આપણાં દુષ્કૃતોની ગર્હા કરવી. સર્વનાં સુકૃતોની અનુમોદના કરીને અને સંસારમાં કેવળ અરિહંત અને અરિહંતે ભાખેલો ધર્મ એ જ એક સારભૂત છે એવી શ્રદ્ધા દૃઢ કરવી. જ્ઞાનવૃધ્ધ ગુણવૃદ્ધ અને વયોવૃદ્ધની યથાયોગ્ય સેવા સુશ્રુષા કરવી. પૂર્વના ઋણાનુબંધથી મારો પણ તમારી સાથે જે સંબંધ થયો છે તેમાં જેટલા પરસ્પર સહાયક બનાયું છે. તેની અનુમોદના અને જાણતાં-અજાણતાં પણ છદ્મસ્થના કારણે સહજપણ કોઇને સંકલેશમાં નિમિત્ત બનાયું હોય તેનો ત્રિવિધ વિવિધ મિચ્છામિદુક્કડમ્.

પૂર્વ પુરુષોની અને સુગુરુઓના ઉપકારતળે આવીને ધર્મપ્રાપ્તિની અલ્પ પણ યોગ્યતા પ્રાપ્ત થઈ હોય તે વડે ભવોભવ તેમની સેવા પ્રાપ્ત થાઓ એ જ પ્રાર્થના.

[ સં. ૨૦૨૮, અક્ષયતૃતીયા, લુણાવા-રાજસ્થાન. : આ અપ્રગ્રંથસ્થ લખાણ શ્રી શશિકાન્ત મહેતા દ્વારા પ્રાપ્ત ]

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧-૫-૮૩ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૧૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## કરુણાની ચરમ કોટિ

રમણલાલ ચી. શાહ

દુનિયામાં કોઈ પણ ધર્મને સદાકાળ માટે સર્વ અનુયાયીઓ સાચા, શુદ્ધ અને પરિપૂર્ણ મળી રહે એવું બની શકે નહિ. ધર્મને પોતાની સમજણ અનુસાર જીવનમાં પ્રામાણિકપણે ઉતારવાનો પ્રયત્ન કરનાર અનુયાયીઓમાં પણ અનેક કક્ષા હોઈ શકે. અજ્ઞાન કે અધૂરી સમજણથી ધર્માચરણ કરનાર માણસોનો વર્ગ સામાન્ય રીતે મોટો રહેવાનો. જાણતાં અજાણતાં ધર્મના સિદ્ધાંતોથી ઊલટું આચરણ કરનારા અને છતાં પોતાને ધાર્મિક કહેવડાવનાર લોકો પણ દરેક ધર્મમાં મળવાના.

અણસમજથી અધૂરું આચરણ કરનાર કેટલાક મનુષ્યોના ખોટા દાખલાથી ધર્મ વગોવાય છે. બીજી બાજુ ધર્મનાં તત્ત્વો કે રહસ્યોને સમજ્યા વગર ધાર્મિક માણસોની ટીકા કે વગોવણી કરનારાઓનો એક વર્ગ પણ હોય છે.

સદાચારની કોઈ નાનકડી પ્રવૃત્તિથી માંડીને ઊંડી આત્મખોજ સુધી, મોક્ષગતિ સુધી ધર્મનું ક્ષેત્ર વિસ્તરેલું છે. એ પૂર્ણપણે પામવું એ કોઈકે વિરલ વ્યક્તિ માટે શક્ય છે. સામાન્ય માણસો તો દુરાચાર કરતાં અટકે અને સદાચારી બની રહે એ પણ ઘણી મોટી વાત કહેવાય. પરંતુ ધર્મની ચરમસીમા ત્યાં આવી ગઇ એમ માનીને જેઓ ત્યાં અટકી જાય છે તેઓ પોતે શાનાથી વંચિત રહી જાય છે તે જાણતા નથી.

દુનિયામાં દરેક ધર્મ એના ખોટા અનુયાયીઓને કારણે વગોવાયો છે. તપશ્ચર્યા અને અહિંસાની ભાવનાના ઉચ્ચતમ કોટિના સિદ્ધાંતોને કારણે કેટલાક સામાન્ય માણસો, જો યોગ્ય માર્ગદર્શન ન મળે તો સાધનાના કેટલાંક પગથિયાં ચૂકી જવાનો સંભવ રહે છે.

ભગવાન મહાવીરે અઢી હજાર વર્ષ પૂર્વે અહિંસાનો જે ઉપદેશ આપ્યો તે ઘણી જ ઊંચી કોટિનો છે. સમગ્ર વિશ્વના રોજિંદા સુખશાંતિને માટે તે જેમ ઉપયોગી છે તેમ વ્યક્તિની આધ્યાત્મિક સાધનાને માટે પણ ઉપયોગી છે. 'દરેક જીવને જીવવું ગમે છે અને કોઇને મરવું ગમતું નથી. માટે કોઈ પણ જીવને મારવો નહીં,'–અહિંસાનું ભગવાન મહાવીરે આપેલું આ સર્વમાન્ય સૂત્ર છે. પરંતુ બધા જીવો એકસરખા નથી. માણસ, ગાય, પક્ષી, માખી, વાંદો કે કીડી–એ દરેકને મારી નાખવાનું પાપ એકસરખું ન હોઈ શકે. કારણ કે ઇન્દ્રિયો અને ચિત્તનો વિકાસ બધામાં એક સરખો નથી હોતો. એવી રીતે મનુષ્યમાં પણ બાળક, વૃદ્ધ, દુર્જન, ગર્ભવતી સ્ત્રી, સંત મહાત્મા એ દરેકની હત્યાનું પાપ પણ એકસરખું ન હોઇ શકે. વળી હત્યા કરનાર બધાના મનના આશય અને ભાવો એકસરખા નથી હોતા. બીજા જીવોને પોતાના દ્વારા પ્રતિકૂળતા થવી કે બીજાના મનને દૂભવવું ત્યાંથી માંડીને ઘોર હત્યા કરવી ત્યાં સુધી હિંસાનું ક્ષેત્ર ગણાયું છે. પરિણામે હિંસાની તરતમતા અનંત કોટિની હોઇ શકે.

પ્રેમ અને કરુણા એ મનુષ્યના નૈસર્ગિક ગુણો છે. એ જેમ વધુ સતેજ અને તેમ મનુષ્યની અહિંસાની ભાવના સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફ ગતિ કરે. મનુષ્યમાં રહેલાં પ્રેમ અને કરુણા માત્ર પોતાના કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, જ્ઞાતિ, ધર્મ કે સમુદાયનાં મનુષ્યો પૂરતાં જ સીમિત ન રહેવાં જોઇએ. માનવ-પ્રેમ જગતના તમામ માનવો સુધી વિસ્તરવો જોઇએ. પોતાનો દ્વેષ કે ધિક્કાર કરનાર દુશ્મનને પણ જે સાચી રીતે ચાહી શકે તેની ધર્મભાવના તેટલી ઊંચી. કેટલાક માણસોનો પ્રેમ મનુષ્ય ઉપરાંત માત્ર પાળેલાં પ્રાણીઓ સુધી વિસ્તરે છે. એથી આગળ વધી કેટલાક માણસો હિંસક કે અહિંસક એવા તમામ પશુપક્ષીઓને ચાહે છે; પણ જીવજંતુઓને મારવામાં તેમને કશું પાપ જણાતું નથી. તો બીજા કેટલાક એથી પણ આગળ વધી નાનામાં નાના જીવોની પણ હિંસા ન થાય તેવી રીતે પોતાનો જીવનવ્યવહાર ગોઠવે છે.

સૂક્ષ્મ જીવોનો વિચાર કરીએ તો હિંસા વિના એક ક્ષણ પણ જીવન ન ટકી શકે. એટલે જ અલ્પતમ હિંસાનું ધ્યેય સ્વીકારાયું છે.

કેટલાક વિદ્યાર્થીઓ જેમ આગળ ભણે અને પાછળનું ભૂલે, તેમ કેટલાક માણસો અહિંસાની ભાવનામાં નાનામાં નાના જીવો પ્રતિ પહોંચે છે, પરંતુ મોટા જીવોને ભૂલી જાય છે. કીડીને બચાવે, પણ ગરીબ માણસનું ક્રૂર શોષણ કરતાં જરા પણ ન અચકાય. આવા માણસોના એકાંગીણ વ્યવહારથી અહિંસાની ભાવના વિષે સામાન્ય લોકોમાં ગેરસમજ પ્રવર્તતી હોય છે, અને ધર્મ વગોવાય છે. કેટલાક માણસોની ધર્મભાવના માનવદયાથી વધુ વિસ્તરતી નથી. તેઓ એમ માને છે કે માનવરાહતનું અને માનવનાં સુખશાંતિનું કાર્યક્ષેત્ર જ એટલું મોટું છે કે એથી બહાર જવાની જરૂર નથી. આ માન્યતા અધૂરી છે, કારણ કે જગતના તમામ મનુષ્યોને સર્વકાળ માટે સર્વ રીતે સુખી કરી શકાય તેવું સંસારનું સ્વરૂપ નથી. વળી, માનવતાનું

તમામ કાર્ય પૂર્ણ થયા પછી જ અન્ય પ્રાણીઓ પ્રત્યે દયા પ્રગટવી જોઇએ એવું વિભાજિત ઊર્મિતંત્ર મનુષ્યનું નથી. એટલે મનુષ્ય પોતાની ચેતનાનો વિસ્તાર અન્ય મનુષ્ય પૂરતો જ સીમિત કરવાનો પ્રયત્ન કરે તે યોગ્ય નથી. કેટલાક મહાત્માઓના હૃદયમાં જગતના તમામ મનુષ્યો પ્રત્યે જેમ પ્રેમ અને કરુણા રહેલાં હોય છે, તેમ જગતના તમામ પશુપક્ષીઓ તેમ જ જીવજંતુઓ પ્રત્યે અર્થાત્ તમામ જીવો પ્રત્યે પ્રેમ અને કરુણા રહેલાં હોય છે. તેમનો કોઈ પણ વ્યવહાર જગતના કોઈ પણ જીવને મન, વચન અને કાયાથી તથા કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રિવિધે ત્રિવિધ જરા પણ દુઃખ ન થાય એ કોટિનો હોય છે.

ભગવાન મહાવીરે અહિંસાની ભાવનાને માનવદયા પૂરતી સીમિત ન કરતાં જીવદયા સુધી વિસ્તારી. જીવદયામાં માનવદયા તો અવશ્ય સમાવિષ્ટ જ છે તે કયારે ય ભૂલાવું ન જોઇએ. ભગવાન મહાવીરે અહિંસાની, પ્રેમ અને કરુણાની-ભાવનાને પોતાના જીવનમાં એની ચરમ કોટિ સુધી પહોંચાડી. આ ભાવનાની તરતમતાને પારખવી એ કેટલાક માટે જો સહેલી વાત ન હોય તો તેને સમજણપૂર્વક જીવનમાં ઉતારવી તે તો કેટલી બધી કઠિન વાત ગણાય!

ધર્મની સાચી સમજણ પ્રાપ્ત થાય અને તે પ્રમાણે આચરણ પણ થાય તો એ દ્વારા આત્મશાંતિ અને વિશ્વશાંતિ ઉભય સાધી શકાય.

# સ્વ. ડો. ઈન્દુકલા ઝવેરી

**રમણલાલ ચી. શાહ**

ડો. કુ. ઈન્દુકલા ઝવેરીનું તા. ૮ મી માર્ચે પંચાવન વર્ષની વયે અકાળ અવસાન થયું છે. એમના અવસાનથી આપણે એક તેજસ્વી જૈન વિદુષી મહિલા પ્રાધ્યાપિકા ગુમાવ્યા છે.

ડો. ઇન્દુકલાના નામથી અમદાવાદના વિદ્વાનો જેટલા સુપરિચિત છે તેટલા કદાચ મુંબઇના વિદ્વાનો નહીં હોય. આમ તો ઈન્દુકલા મુંબઇના જ ગણાય. તેઓ મુંબઇના શ્રેષ્ઠીવર્ય હીરાચંદ ઝવેરીનાં સુપુત્રી હતાં. 'ત્રિભુવનતિલક' નામનું ભગવાન મહાવીરના જીવન વિશેનું ગુજરાતીમાં મહાકાવ્ય લખનાર હીરાચંદભાઇએ પોતાની સુપુત્રીને મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં સંસ્કૃત વિષય સાથે બી. એ. અને એમ. એ. નો અભ્યાસ કરાવ્યો હતો. ત્યાર પછી પી એચ. ડી. ના અભ્યાસ માટે ઈન્દુકલા અમદાવાદ ગયાં. ત્યાં શ્રી રસિકલાલ પરીખના માર્ગદર્શન નીચે તેમણે સાંખ્યયોગ અને જૈન સિદ્ધાંતો વિશે શોધનિબંધ તૈયાર કરીને ૧૯૫૩ માં પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી.

પીએચ. ડી.ના અભ્યાસ માટે ઈન્દુકલા મુંબઇ છોડી અમદાવાદ ગયાં ત્યારે તેમણે પંડિત સુખલાલજીની સાથે 'સરિત-કુંજ'માં રહેવાનું રાખ્યું હતું. પૂજ્ય પંડિતજી જેવાની છત્ર-છાયામાં રહેવાનું મળે એ કેટલું મોટું સદ્‌ભાગ્ય કહેવાય! પછી તો ઇન્દુકલા અમદાવાદમાં જ સ્થાયી થયાં.

ઈ. સ. ૧૯૫૫માં મને એક વર્ષ માટે અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજમાં અધ્યાપન કરાવવાનું કાર્ય સોંપાયું હતું. તે વખતે બપોર પછી રોજ હું પંડિત સુખલાલજીની પાસે જતો, અને એમની ઇચ્છાનુસાર ગ્રંથો કે સામાયિકો વાંચી સંભળાવતો. એ વખતે ઇન્દુકલાનો મને વિશેષ પરિચય થયો હતો. એમના વિદ્યાભ્યાસ અને જીવનઘડતરમાં 'દાદા' પંડિતજીએ કેટલું મહત્ત્વનું કાર્ય કર્યું હતું તે ત્યારે પ્રત્યક્ષ જોવા મળ્યું હતું.

ગુજરાત વિદ્યાસભા તરફથી શરૂ થયેલી નવી કોલેજ-રામાનંદ કોલેજ (હાલની હ. કા. આર્ટ્સ કોલેજ) માં ઇન્દુકલા સંસ્કૃત વિષયનાં પ્રાધ્યાપિકા તરીકે જોડાયાં, અને લગભગ અઠ્ઠાવીસ વર્ષ એ જ કોલેજમાં કાર્ય કર્યું. એમણે હરિભદ્ર-સૂરિકૃત 'યોગશતક'નું અનુવાદ સહિત સંપાદન કર્યું હતું, અને 'ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા' નામનો એક અનૂદિત ગ્રંથ પણ તૈયાર કર્યો હતો. આ ગ્રંથો પરથી પણ ઇન્દુકલાની વિદ્વત્તાનો આપણને પરિચય મળી રહે છે.

ઇન્દુકલાએ સંસ્કૃત લલિત સાહિત્ય ઉપરાંત જૈનદર્શન, બૌદ્ધદર્શન, તથા સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, ઇત્યાદિ દર્શનોનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. દર્શનશાસ્ત્રના અભ્યાસનો પ્રભાવ એમના જીવન પર પણ ઘણો બધો પડયો હતો. એમનું જીવન શાંત, સરળ અને સાત્ત્વિક હતું. સ્વભાવે તેઓ એકાંતપ્રિય હતાં અને જાહેર પ્રવૃત્તિઓની ધમાલથી દૂર રહેતાં હતાં.

ડો. ઇન્દુકલા ઝવેરીના અવસાનથી વિદ્વત્તાના ક્ષેત્રે આપણને ખોટ પડી છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપો.

# ભગવાન મહાવીર જયંતી

સંકલન : ગુલાબ દેઢિયા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે પહેલી જ વાર ભગવાન મહાવીર જયંતી નિમિતે, રવિવાર તા. ૨૪-૪-૮૩ના રોજ બિરલા ક્રીડા કેન્દ્રમાં ત્રણ પ્રવચનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

'ભગવાન મહાવીરનો સંદેશ' એ વિશે બોલતાં પ્રા. તારાબેન શાહે કહ્યું હતું કે, મહાવીર જયંતીનો દિવસ આનંદ અને મંગળનો દિવસ છે. અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીર જન્મ્યા અને તેઓ કેવું ધન્ય-ભવ્ય જીવન જીવ્યા હશે કે આજ સુધી લાખો જૈનો એમના કલ્યાણકારી ગુણોનું સ્મરણ કરે છે.

ભગવાન મહાવીર પોતાના સાધના કાળમાં જે ઉત્તમ તત્ત્વો પામ્યા તેને પ્રજા સમક્ષ મૂકવાનો પ્રયત્ન કર્યો. એમણે પોતે સમતા ભાવની આકરી પ્રતિજ્ઞા લીધી હતી. એમનું જીવન એ જૈન પરંપરાનું ઉત્તમ પ્રતીક છે. એમણે ચારિત્ર્ય નિર્માણ પર વિશેષ ભાર મૂક્યો હતો. પ્રભુએ કહ્યું હતું કે, પ્રત્યેક આત્મા શુદ્ધ, બુદ્ધ અને મુકત છે પણ તેના પર કર્મના આવરણો લાગેલાં હોય છે. તપ, ત્યાગ, જ્ઞાન અને સહન-શીલતાથી એ કર્મોનાં આવરણો દૂર થઈ શકે છે.

ઘણા એમ માને છે કે, જૈન ધર્મ નિવૃત્તિપ્રધાન છે, પણ એ માન્યતા ભ્રામક છે. જૈન ધર્મમાં, શું શું ન કરવું એટલું જ નહિ પણ શું શું કરવું એનો પણ ઉપદેશ છે તેથી પ્રવૃત્તિપ્રધાન પણ છે. અહિંસા એટલે કોઇની હિંસા ન કરવી એટલું જ નહિ પણ સૌ પ્રત્યે કરુણા, ઉદારતા અને મૈત્રી રાખવી એમ સૂચવ્યું છે. અપરિગ્રહ એટલે સંગ્રહ ન કરવો એટલું જ નહિ પણ પોતાની પાસે જે છે તેમાંથી બીજાને આપવું.

પ્રભુ મહાવીરે પ્રથમ ઉપદેશ 'સામાયિક' એટલે સમતાભાવ વિશે આપ્યો હતો. સામાયિકથી પાપ ધોવાય છે. એ આત્મશુદ્ધિનું મોટું ફળ છે. સામાયિક જૈન ધર્મનો સાર છે,

(અનુસંધાન પૃષ્ઠ ૯)

# કેન્દ્ર અને રાજ્યના સંબંધનું ભાવિ

સંકલન : **શીલા ભટ્ટ**

[ સંઘના ઉપક્રમે યોજાયેલ 'શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા' નાં બાકીનાં ત્રણ વ્યાખ્યાનોનો સાર ]

## (૨) અતુલ એમ. સેતલવડ

વસંત વ્યાખ્યાનમાળાના બીજા દિવસે વ્યાખ્યાતાશ્રી અતુલ સેતલવડે કહ્યું : 'ભારતના બંધારણની પહેલી કલમ અનુસાર ભારત રાજ્યોનું સમવાયતંત્ર છે. બંધારણનાં કેટલાંક અંગો ભારતને રાજ્યોના સમૂહનો ( Union of States ) દરજ્જો આપે છે. છેલ્લા ૩૩ વર્ષોમાં કેન્દ્ર અને રાજ્યના સંબંધમાં બંધારણે કેવો ભાગ ભજવ્યો અને એ સંબંધો કેવા રહ્યા તેની છણાવટ મારા વકતવ્યમાં હું કરીશ.'

### શહેર સુધરાઇ જેવી રાજ્યોની હાલત

બંધારણની કેટલીક જોગવાઇઓ, કેન્દ્ર સરકારની કામ કરવાની પદ્ધતિ અને સમાજવાદી સમાજરચનાનો સ્વીકારેલો ઢાંચો તેમજ કેન્દ્ર અને રાજ્યોમાં અત્યાર સુધી મોટે ભાગે રચાયેલી એક જ પક્ષની સરકારને લીધે રાજ્યોની હાલત શહેર સુધરાઈ જેવી થઈ છે.

રાજ્યોને ખાસ કરીને નાણાકીય બાબતોમાં અસરકારક સ્વાયત્તતા આપવા માટે બંધારણમાં યોગ્ય ફેરફાર કરવા જોઇએ અને સમવાયતંત્રને અસરકારક બનાવવા રાજ્યની સત્તા પાંખી કરવાના વલણમાં પણ પરિવર્તન લાવવું જોઇએ. રાષ્ટ્રીય સ્તરે સત્તાનું કેન્દ્રીકરણ ચાલુ રહેવાનું હોય તો કેન્દ્ર અને રાજ્યોની બેવડી નોકરશાહીનો બોજ બંધ કરવો જોઇએ. રાજ્ય સ્તરે જિલ્લા કક્ષાના નાના નાના એકમો સ્થાનિક તંત્ર તરીકે કામ કરે એવી જોગવાઇ કરવી જોઇએ.

### બંધારણના ઘડવૈયાઓના ઇરાદા

બંધારણના ઘડવૈયાઓએ એ જોઇ લીધું કે આપણો દેશ એક ઉપખંડ જેવો છે. દિલ્હીથી સમગ્ર રાષ્ટ્ર પર હકૂમત ચલાવવાનું શકય અને ઇચ્છનીય પણ નથી. એટલે બંધારણના ઘડવૈયાઓએ સમવાય તંત્ર અપનાવી, કેન્દ્રને મજબૂત બનાવવાની સાથે રાજ્યોને પોતાની મેળે મજબૂત થવાની તક આપવાનું ધ્યેય રાખ્યું.

### કેન્દ્રના અધિકારના ક્ષેત્રો

રાજ્ય કક્ષાએ ટ્રેડીંગ કોર્પોરેશનની રચના, બેન્કીંગ અને લગભગ તમામ ઉદ્યોગોનું નિયમન કેન્દ્ર કરે છે. કનકરન્ટ લીસ્ટની એન્ટ્રી ૧૩૩ પ્રમાણે અમુક ઉદ્યોગોની તમામ ચીજોના વ્યાપારનું પણ કેન્દ્ર નિયંત્રણ કરે છે. કેન્દ્રના અધિકાર હેઠળ મેટલર્જીકલ ઉદ્યોગો, લોહ અને બિનલોહ ધાતુઓ, બળતણ, ઔદ્યોગિક અને કૃષિ યંત્રો, ખાતર, રસાયણ, ખનિજ પેદાશો અને તેના પર આધારિત ઉદ્યોગો વગેરે છે. પરિણામે રાજ્યો તો માત્ર 'પથ્થર અને કાદવ' પર જ હકક ધરાવે છે. કોલસા, બોકસાઇટ, પેટ્રોલિયમ આદિ કેન્દ્ર હસ્તક છે અને તેના પર રોયલ્ટી પણ કેન્દ્ર સરકાર ઠરાવે છે. લઘુ ઉદ્યોગની વ્યાખ્યા, કયા ઉદ્યોગને લઘુ ઉદ્યોગ માટે અનામત રાખવો, ઉદ્યોગની સ્થાપના માટે કયા વિસ્તારને પછાત વિસ્તાર તરીકે જાહેર કરવો વગેરે બાબતો પણ કેન્દ્ર નકકી કરે છે. ખેતીવાડી એ રાજ્યનો વિષય હોવા છતાં એના પર આધારિત ખાંડ વનસ્પતિ-ઘી, પ્રોસેસ્ડ ફુડ વગેરે ઉદ્યોગો અને અનાજ તેમજ કપાસના વ્યાપાર અને વિતરણ કેન્દ્રની હકૂમત હેઠળ છે. સોયાબીન કે કોકાના ખેતીવિષયક પાસાંને રાજ્ય સંભાળે, પરંતુ એના પર આધારિત ઉદ્યોગો માટે રાજ્યે કેન્દ્ર પર આધાર રાખવો પડે.

ટ્રેડ યુનિયનો, ભાવ નિયંત્રણ, આયોજન વગેરે કેન્દ્રના હાથમાં હોવાથી વ્યાપક આર્થિક સત્તા કેન્દ્રિત થઈ છે. રાજ્યો પાસે નામની સત્તા હોવાથી દિલ્હીના આંટાફેરા અને દબાણ લાવવા સિવાય મુખ્ય પ્રધાનો કશું કરી શકતા નથી. કેન્દ્ર પણ 'કલ્યાણકારી નિશાળીયા' જેવા રાજ્ય પર રીઝે છે અને માથું ઉંચકતા રાજ્યોને દંડે છે. દબાણ લાવવાનું શકય ન રહે ત્યારે આસામમાં રિફાઇનરી અને સેલમમાં સ્ટીલ પ્લાન્ટ માટે થયા તેવા આંદોલનોનો રાહ લેવાય છે.

### રાજ્ય હસ્તકના ક્ષેત્રમાં પણ દખલગીરી

આરોગ્યનું ક્ષેત્ર રાજ્ય હસ્તક છે, છતાં મેલેરિયા નાબૂદી કે પાણી શુદ્ધિમાંથી મહત્ત્વ કોને આપવું તે કેન્દ્ર નકકી કરે છે. ઈ.સ. ૧૯૫૦ માં કેન્દ્ર સરકારના એક ઠરાવ માત્રથી અસ્તિત્વમાં આવેલ આયોજન પંચ પર કેન્દ્રનું વર્ચસ્વ છે, અને બંધારણ અનુસાર રચાયેલાં નાણા પંચની ઉપરવટ કામ કરે છે. રાજ્યોના ક્ષેત્રોની બાબત હોય ત્યાં પણ રાષ્ટ્રીય કાર્યક્રમો ઢંગલાબંધ છે. આવશ્યક પણ હશે, પરંતુ એથી નોકરશાહી ફાલેફૂલે છે એ મારો મુદ્દો છે.

આ બધું શકય બન્યું છે. કારણ કે ૩૩ વર્ષમાં કેન્દ્ર અને રાજ્યોમાં મોટા ભાગે એક જ પક્ષની સરકાર રહી છે.

### સરકારિયા પંચ

કેન્દ્ર અને રાજ્યના સંબંધ અંગે નીમાયેલ સરકારિયા પંચ અંગે એમણે કહ્યું: 'વડા પ્રધાને આ પંચની કાર્યસૂચિ જાહેર કરી નથી. પરંતુ એમ કહેવામાં આવ્યું છે કે બંધારણની મર્યાદામાં રહીને આ પંચ કામ કરશે. એનો અર્થ એટલો જ કે બંધારણમાં ફેરફાર ન સૂચવાય. એથી સરકારિયા પંચની કસરત નકામી જશે.

## (૩) ડો. ડી. ટી. લાકડાવાલા

'સત્તાના વિકેન્દ્રીકરણમાં આર્થિક બાબતનું પણ ઘણું મહત્ત્વ છે. એટલે કેન્દ્ર અને રાજ્યના સંબંધની બાબતમાં મુખ્યત્વે હું નાણાકીય પાસાની જ છણાવટ કરીશ,' એમ વિષયનો પ્રારંભ કરતાં ડો. ડી. ટી. લાકડાવાળાએ કહ્યું હતું:

### સાધનોનો મહત્તમ ઉપયોગ જરૂરી

એમણે વધુમાં કહ્યું : 'કેન્દ્ર અને રાજ્ય જબરી આર્થિક સંકડામણ અનુભવે છે. નાણાકીય સાધનો પૂરેપૂરા ઉપયોગમાં લેવાઈ ચૂકયા છે અને નવા સાધનો સરળતાથી કે ઝડપથી ઉભા થઈ શકે એમ નથી, એવા સંજોગોમાં કેન્દ્ર અને રાજ્યોએ વર્તમાન સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો જોઇએ. એમાં વ્યાવહારિક ડહાપણ છે.'

કેન્દ્ર અને રાજ્યના સંબંધ વધુ સારા અને સુવ્યવસ્થિત કરવા રાજ્યો માટે નવા સાધનો ઊભા કરવા અને એ માટે નવા કયા રસ્તા છે એ જાણવું જોઇએ. કેન્દ્ર પાસે જે ભંડોળ ઊભું થાય તે રાજ્યોને સોંપવું જોઇએ આ રીતે નાણાકીય સાધનો

સોંપતા આપણો દેશ વિશાળ છે; એના શક્તિશાળી અને સમૃદ્ધ રાજ્યો કરતાં નબળા રાજ્યોને વધુ સહાય મળવી જોઇએ એ બાબત સતત લક્ષમાં રાખવી જોઇએ. આપણું બંધારણ એ રીતે ખૂબ જ ડહાપણપૂર્વક ઘડાયું છે.

એમણે વિશેષમાં કહ્યું: 'કસ્ટમ્સ, સીધા કરવેરા, કોર્પોરેશન ટેક્સ, આદિ આવકના સાધનો, વિદેશી લોન અને મોટી નાણાકીય સંસ્થાઓ કેન્દ્રના અધિકાર હેઠળ છે અને રહેવા જોઇએ. જો આમ ન થાય તો ઉદ્યોગોને આકર્ષવા રાજ્યો કરવેરામાં અનેક છૂટછાટો આપે. વળી, રાજ્યોને આ બધી બાબતો સોંપવાથી રાજ્યો કેન્દ્રની માફક આ વેરાઓ, વિદેશી લોન કે નાણાકીય સંસ્થાઓ દ્વારા મોટી આવક ઊભી કરી શકે નહીં. રાજ્યોને આવકના સાધનો ટ્રાન્સફર કરવાની વાત કરીએ ત્યારે રાજ્યો પોતાના નાણાકીય સાધનો જિલ્લા કક્ષાના એકમને કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને કેટલા પ્રમાણમાં ટ્રાન્સફર કરે છે એ પણ વિચારવું જોઇએ.'

### અંદાજપત્રમાંથી રાજ્યોને ફાળવણી

છેલ્લા અંદાજપત્રમાં કેન્દ્ર સરકારની આવકનો ત્રીજો ભાગ રાજ્યોને ફાળવવામાં આવ્યો છે. ઉત્તરોત્તર આ ફાળવણી વધતી ગઇ છે. કેન્દ્ર સરકારની આવક સંરક્ષણ અને જાહેર દેવા પરના વ્યાજની ચૂકવણી તેમજ કેન્દ્ર હસ્તકની વિકાસ પ્રવૃત્તિઓમાં વપરાય છે. ઉદ્યોગો, રેલ્વે અને સંદેશા-વ્યવહાર માટે પણ જોગવાઇ કરવાની હોય છે.

યુરોપીય સમાન બજાર જેવું ભાવ નિયંત્રણ કરનારું તંત્ર આપણે ત્યાં નથી. દુષ્કાળ જેવી સ્થિતિમાં ભાવ આસમાને જાય અને મબલખ ઉત્પાદનના વર્ષમાં ખેડૂતોને વ્યાજબી ભાવ ન મળે. ૩ અંગે રાષ્ટ્રીય સમાન નીતિ જોઇએ. સીમેન્ટ, ખાંડ આદિની પરિસ્થિતિ વણસે નહીં: આ બધું જોવા માટે રાષ્ટ્રીય સ્તરે સત્તા હોવી જોઇએ. એ માટે કૃષિ પંચ, કોટન કોર્પોરેશન, આયોજન પંચ કે નાણાપંચ કેન્દ્રીય કક્ષાએ રહ્યા છે એ આવકાર્ય છે.

### રાજ્યોને નાણાની ફાળવણીનાં પ્રકાર

કેન્દ્ર તરફથી રાજ્યોને થતી ફાળવણી નાણા અને આયોજન પંચ તેમ જ કેન્દ્રના 'ડીસ્ક્રેશનરી પાવર' થી થાય છે. પ્રથમ બે પ્રકારની વ્યવસ્થા જડબેસલાખ છે. પરંતુ કેન્દ્રના ડહાપણ પર આધાર રાખતી બાબતમાં સમસ્યા ઊભી થાય છે. મને એમ લાગે છે કે એ અંગે એક કાયમી તંત્ર ઊભું કરવું જોઇએ, જે વખતોવખત રાજ્યોને થતી ફાળવણીની સમીક્ષા અને પુનર્વિચારણા કરે. ઓવર ડ્રાફ્ટ દ્વારા થતા બેફામ ઉપાડને લાંબા ગાળામાં ફેરવી નાખવાની મનોવૃત્તિનો પણ રાજ્યોએ ત્યાગ કરવો જોઇએ.

## (૪) શ્રી કુલદીપ નાયર

કેન્દ્ર અને રાજ્યનો સંબંધ એ સળગતી સમસ્યા છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ખરી મુસીબત ઈ. સ. ૧૯૬૭ થી થઈ, જ્યારે કેટલાંક રાજ્યોમાં વિપક્ષોની સરકાર રચાઇ હતી. એ પહેલાં કેન્દ્ર અને રાજ્યોના સંબંધો એક જ સિક્કાની બે બાજુઓ જેવા હતા. તામિલનાડુની દ્રાવિડ મુનેત્ર કળગમ અને પશ્ચિમ બંગાળની માર્કસવાદી સરકારે કેન્દ્ર પાસે સંરક્ષણ, વિદેશી સંબંધો, ચલણ, સંદેશા વ્યવહાર અને આર્થિક નીતિને લગતી સત્તા સિવાયની બાબતો રાજ્ય હસ્તક રાખવાની હિમાયત કરી.

દેશ સ્વતંત્ર થયો ત્યારે સરહદ પર હુલ્લડો ફાટી નીકળ્યા. બંધારણના ઘડતર પર આ બિનાની અસર થઇ હશે. એટલે ભારતમાં સમવાય તંત્ર દ્વારા કેન્દ્ર સરકાર મજબૂત બને એવી ભાવના હોવી જોઇએ આમ છતાં બંધારણમાં 'સમવાય તંત્ર' શબ્દનો ઉલ્લેખ પણ નથી. માત્ર 'રાજ્યોનો સંઘ' (Union of States) તરીકે ભારતને ઓળખાવાયું છે.

કેન્દ્ર અને રાજ્યોના સંબંધમાં રાજ્યોને બંધારણે જેટલી સત્તા આપી છે તે વ્યવહારમાં ભોગવી શકાતી નથી. બંધારણની કલમ ૩૫૬ અનુસાર કેન્દ્રને એમ લાગે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી શકાય તેમ નથી તો કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે. આ જોગવાઇનો અત્યાર સુધી કેવો ઉપયોગ થયો છે તે આપણે જાણીએ છીએ. ઇ. સ. ૧૯૭૭ અને ઈ. સ. ૧૯૮૦ માં નવ રાજ્યોની વિધાન સભાઓનું કરાયેલું વિસર્જન આ બાબતનું ઉદાહરણ છે. લોકસભાની ચૂંટણી અને કાર્યક્ષેત્ર ભિન્ન છે. રાજ્યની ધારાસભાના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સંસદની ચૂંટણીના પરિણામે લોકોનો વિશ્વાસ ગુમાવ્યો છે એવા બહાના હેઠળ રાજ્યોની ધારાસભા વિખેરી નાખવાનું પગલું ગેરવ્યાજબી છે. પ્રતિનિધિને પાછો બોલાવી લેવાની (Right to Recall) જોગવાઇ કરવાનું લોકનાયક શ્રી જયપ્રકાશ નારાયણનું સૂચન આ બાબતના સંદર્ભમાં સાચી દિશાનું છે અને એ આવકારવું જોઇએ. કેન્દ્ર-રાજ્યોના સંબંધ અંગે બંધારણમાં ફેરફાર કરવાની જરૂર છે કે નહિ એ હું જાણતો નથી, પરંતુ એવી જરૂર હોય તો બંધારણમાં જરૂર ફેરફાર કરવા જોઇએ એમ એમણે ઉમેર્યું હતું.

હું પાકિસ્તાનમાં હતો ત્યારે એક ઉચ્ચ અધિકારીએ મને કહ્યું હતું: 'ભારત એક અખંડ રાષ્ટ્ર તરીકે ટકી રહ્યું છે એનું કારણ મુક્ત ચૂંટણી, સંસદ અને વિચારોની સ્વતંત્ર અભિવ્યક્તિ છે. અને અખબારી સ્વાતંત્ર્ય છે. મુક્ત ચૂંટણીના કારણે વર્તમાન પરિસ્થિતિ માટે લોકો પણ જવાબદાર છે અને સંસદમાં વિવિધ જાતિ, ભાષા, ધર્મ પ્રાંત વગેરેનું પ્રતિનિધિત્વ છે.'

આપણી રાજ્યસભા અંગે શું કહેવું? એ તો 'પાંજરાપોળ' જેવી બની ગઇ છે. રાજ્યસભા સાચા અર્થમાં રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે એવી હોવી જોઇએ. એ માટે એને લોકસભા જેવો દરજ્જો આપવો જોઇએ અને એની જેમ એના સભ્યોની ચૂંટણી થવી જોઇએ. આજે રાજ્યસભામાં ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશના વિશેષ પ્રતિનિધિઓને કારણે 'હિન્દી બેલ્ટ' જ દેખાશે. દક્ષિણના રાજ્યો આ અંગે આંગળી ચીંધે એ પહેલાં આ બાબત વિચારવું જોઇએ.

બંધારણે રાજ્યોને જે ખાતાઓ સોંપ્યા છે તેમાં કેન્દ્રે દખલગીરી ન કરવી જોઇએ. આરોગ્ય, શિક્ષણ, ખેતી, વગેરે બાબતો રાજ્ય હસ્તકની છે. આમ છતાં કેન્દ્રીય સ્તરે કૃષિ અને શિક્ષણ ભવનની શી જરૂર છે એ મને સમજાતું નથી. ખરેખર તો કેન્દ્ર કક્ષાએ સંકલન માટે 'કો-ઓર્ડીનેશન બોડ' હોવું જોઇએ. રાજ્ય હસ્તકની બાબતમાં કાં તો એને સંપૂર્ણ સ્વાયત્તતા હોવી જોઇએ. અથવા કેન્દ્રે એ ખાતા સંપૂર્ણપણે પોતાના હાથમાં

લઇ લેવા જોઇએ. બંધારણમાં 'ઇન્ટર-સ્ટેટ કાઉન્સીલ' માટે સૂચન છે. આવી સમિતિની હવે ખાસ જરૂર છે.

અંતમાં હું માનું છું કે રાજ્યોની ખરી તાકાતમાં જ કેન્દ્રની તાકાત રહેલી છે.

* * *

વ્યાખ્યાનમાળાના પહેલા દિવસે સંઘના પ્રમુખ ડૉ. રમણભાઇએ સૌને આવકાર આપતાં સંઘના પ્રમુખ સદ્‌ગત ચીમનલાલ ચકુભાઇ શાહની સ્મૃતિમાં એમની અભિરુચિ પ્રમાણેની પ્રવૃત્તિ હાથ ધરવા સંઘે સ્મારક નિધિ સંચય કરવાનો નિર્ણય કર્યો છે એમ જણાવી અત્યાર સુધીમાં સંઘને લગભગ સાડા ત્રણ લાખ રૂપિયા જેટલો માતબર નિધિ પ્રાપ્ત થયો છે એમ કહ્યું હતું. સ્વ. ચીમનભાઇ સ્થૂળ દેહે આજે આપણી સમક્ષ નથી; પરંતુ સૂક્ષ્મ દેહે એમની હયાતિ આપણે અહીં અનુભવીએ છીએ એમ એમણે ઉમેર્યું હતું.

ચારેય વ્યાખ્યાતાઓનો પરિચય અનુક્રમે શ્રી અમર જરીવાળા, શ્રી કંચનલાલ તલસાણીયા, શ્રી રામુ પંડિત અને શ્રી હરીન્દ્રભાઇ દવેએ આપ્યો હતો. પ્રથમ ત્રણ દિવસ વ્યાખ્યાનોના અંતે શ્રી અમર જરીવાળાએ આભારવિધિ કરી હતી.

વ્યાખ્યાન શ્રેણીના અંતે આભારવિધિ કરતાં શ્રી કે. પી. શાહે સૌના ઉમળકાભર્યા સહકાર અને શ્રોતાઓની તન્મયતાની ભૂરીભૂરી પ્રશંસા કરી હતી. વ્યાખ્યાતાઓ આ વ્યાખ્યાનમાળાનો પ્રાણ છે એમ જણાવી સદ્‌ગત ચીમનલાલ ચકુભાઇ શાહના સુપુત્રો શ્રી અચ્યુભાઇ અને શ્રી સુધીરભાઇએ આ વ્યાખ્યાનમાળાના ખર્ચ માટે પ્રતિવર્ષ રૂ. ૫૦૦૧ આપવાનું સંઘને વચન આપ્યું છે એની હર્ષોલ્લાસપૂર્વક જાહેરાત કરી હતી. શ્રી અમર જરીવાળાના સફળ સંચાલન અંગે આનંદ વ્યક્ત કરી આગામી વર્ષે આ જ રીતે પ્રસન્ન વાતાવરણમાં આપણું મિલન થશે એવી અભિલાષા એમણે વ્યક્ત કરી હતી.

# તારાપુરનું ચલકચલાણું

✻ પરેશ ર. વૈદ્ય

તારાપુરનાં અણુવીજળીમથક માટેનું બળતણ છેવટ ફ્રાન્સ પાસેથી મળશે તેમ લાગે છે. આ મથકે ઘણા વર્ષોથી વર્તમાનપત્રોનાં મથાળાને સાચવ્યું છે. તેથી સામાન્યજન તેના નામથી તો પરિચિત છે, પરંતુ તેનાં ઈંધણ માટેનાં ચલકચલાણા પાછળનાં તથ્યો કદાચ તેને જાણીતા નહીં હોય. કારણ કે આપણા છાપાંઓને પૂર્વાપર સંબંધ સાથે વાત કરવાની ટેવ નથી. અત્રે તેનો મર્યાદિત ખ્યાલ મેળવીએ.

આ વીજમથક થાણા જિલ્લામાં ચીંચણી ગામની નજીક આવેલ છે. પશ્ચિમ રેલવેનાં પાલઘર કે બોઇસર સ્ટેશને ઉતરી ત્યાં જઇ શકાય છે. ૧૯૦ મેગાવોટ વીજળી પેદા કરતી એક, તેવી બે અણુભઠ્ઠીઓ (Reactors) અહીં છે. મથકની ડિઝાઇન તથા બાંધકામ અમેરિકાની જનરલ ઇલેક્ટ્રીક કંપનીએ કર્યાં અને ૧૯૬૯ થી વીજળી મળવા લાગી. આ મથક આપવા માટેના કરાર ટર્ન કી ધોરણે અમેરિકા જોડે ૧૯૬૩ માં થયેલા. અત્રેની અણુભઠ્ઠીઓમાં ઉર્જા પેદા કરવા માટે જે યુરેનિયમ વાપરવામાં આવે છે તે આપણી રાજસ્થાનમાં આવેલી અણુભઠ્ઠીઓ કરતાં જુદું છે. કુદરતમાં મળતું યુરેનિયમ રાજસ્થાનમાં ચાલે છે, જેમાં યુરેનિયમ-૨૩૫ નામના ઉપયોગી આઇસોટોપ ના ૦.૭ ટકા હોય છે. પરંતુ તારાપુર માટે આ આઇસોટોપ લગભગ અઢી ટકા જેટલાં પ્રમાણમાં જોઇએ છે. આનું યુરેનિયમ 'સમૃદ્ધ કરેલું' Enriched કહેવાય છે અને તે સમૃદ્ધિકરણની પ્રક્રિયા ઘણી મોંઘી છે. ભવિષ્યમાં આપણા બીજા મથકો માત્ર કુદરતી યુરેનિયમ પર ચાલવાનાં હોઈ આ પ્રક્રિયા પાછળ ભારત સમય-શક્તિ અને પૈસા નથી વાપરવા માગતું.

હવે હકીકતોના બીજા તખ્તા પર આવીએ: એ છે યુનાઇટેડ નેશન્સ (U. N.) ની સામાન્ય સભા. આ સભાએ ઘણી ચર્ચા બાદ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અણુશસ્ત્રોના ફેલાવાને રોકવા માટે એક સંધિ તરતી મૂકી: Nuclear Non-Proliferation Treaty (N.P.T.) ૧૯૬૮ના જુલાઇમાં ત્રણ સંરક્ષક દેશો અમેરિકા, ઇન્ગ્લેન્ડ અને રશિયાએ તેમાં સહી કરી. બીજા દેશોની સહી માટે ખુલ્લી મૂકી. આ પ્રકારની સહીને પ્રત્યેક દેશે પોતાની સંસદ પાસે બહાલી અપાવવાની રહે છે; તેને 'રેટિફિકેશન' કહે છે. ઠરાવ્યા મુજબ ૪૦ દેશોએ બહાલી આપ્યા બાદ માર્ચ ૧૯૭૦ થી સંધિ અમલમાં આવી. સંધિમાં વિશ્વના દેશોના બે પ્રકાર પાડવામાં આવ્યા, જેની પાસે ૧૯૬૭ની પહેલી જાન્યુઆરીએ અણુશસ્ત્રો હતાં તેવા અને તે સિવાયના ૧૧ આર્ટિકલના સંધિના મુસદ્દામાં મુખ્ય સૂર એ છે કે જે દેશો પાસે તા. ૧-૧-૬૭ સુધી અણુશસ્ત્રો ન હતાં, તેમણે હવે તે પ્રાપ્ત ન કરવાં. આ માટે અણુશસ્ત્રોવાળા દેશો પર પણ કેટલાંક બંધન નાંખવામાં આવ્યાં. આર્ટિકલ ત્રીજો આવી કલમોમાં મુખ્ય છે અને તારાપુરના પ્રશ્નને આપણને લાગુ પડે તેવો છે. તે મુજબ અણુશસ્ત્ર વિનાના દેશને કોઇ દેશ પ્લુટોનિયમ અને સાદું કે સમૃદ્ધ યુરેનિયમ વેચી ના શકે; આ પદાર્થો ઉત્પન્ન કરવાની સામગ્રી કે પ્લાન્ટ પણ વેચી ના શકે, પછી ભલેને તેવા પદાર્થોનો ઉપયોગ શાંતિમય હેતુઓ માટે થવાનો હોય. જો ખરીદનાર દેશ આ પદાર્થો જ્યાં જ્યાં વપરાય તે તે જગ્યાઓનું આંતરરાષ્ટ્રીય નિરીક્ષણ કરવા દે તો આવા વેચાણની છૂટ છે. આ પ્રકારના નિરીક્ષણને Safeguard કહે છે. તેમાં એમ કહેવામાં આવે છે કે ખરીદનાર દેશ તેના મથકનો ઉપયોગ અણુશસ્ત્રો માટે નથી કરતો. અલબત્ત, આ નિરીક્ષણની સત્તા એકાદા દેશ પાસે નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય અણુશક્તિ સંસ્થા International Atomic Energy Agency ને સોંપાઈ છે. ટૂંકમાં આ 'સેઇફગાર્ડ' તે પેલી સંધિ NPT જોડે સંકળાયેલ છે.

હવે આમ જોઇએ તો એન. પી. ટી. સંધિ સારાં હેતુપૂર્વકની જ જણાય છે. ખાસ કરીને એ કારણે કે જેમ જેમ વિશ્વમાં અણુભઠ્ઠીઓ વધતી જાય છે તેમ તેમ વીજળીની ઉપપેદાશ તરીકે તેમાંથી મળતા બોમ્બ બનાવવાને લાયક પદાર્થોનો સ્ટોક પણ વધતો જાય છે. જો અણુશસ્ત્રોની ટેક્નોલોજી કે કાચો માલ ત્રાસવાદીઓના હાથમાં જાય અથવા તો પશ્ચિમ એશિયામાં છે તેવા અવિચારી રાજ્યકર્તાઓના હાથમાં જાય તો ચાર અબજ લોકોની જિંદગી ઘણી ટૂંકી અને દુઃખદાયક થઈ જાય. આથી અણુભઠ્ઠીઓ પર નજર

રાખવાની વાતમાં કશું અજુગતું નથી. પરંતુ તેની મુખ્ય ખામી એ છે કે તે તોફાની છોકરાઓને બદલે શાંત છોકરાઓને જ મારે છે; તો પછી વર્ગમાં ધાંધલ બંધ થવાની આશા કેમ રહે? જો મહાસત્તાઓ શસ્ત્રો બંડકવાં બંધ ન કરે તો તેને બીજાના હાથ બાંધવાની સત્તા ન હોય. સંધિના મુસદ્દા મુજબ આ દેશોનાં અણુસંસ્થાનો ઉપર Safeguard Inspection ની કોઇ જોગવાઈ નથી. ભારતે સતત આ મુદ્દાઓને લઇને NPT સામે વાંધો ઉઠાવ્યો છે, અને તેમાં સહી કરી નથી. 'મહાસત્તાઓ પોતાનાં શસ્ત્રોમાં ઉત્તરોત્તર ઘટાડો કરે તો જ અમે સહી કરીએ' તે મતલબનું મોરારજીભાઈનું વિધાન વાંચકોને યાદ હશે.

૧૯૮૨ ના વર્ષની ૧૫મી જૂન સુધીમાં ૧૧૭ દેશો આ સંધિના સભ્ય થયા છે. તેના સભ્ય ન થયા હોય તેવા દેશોમાં ફ્રાન્સ, ચીન (જે બંને પાસે અણુશસ્ત્રો પણ છે!) તેમજ ભારત, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા અને ઇઝરાયલ મુખ્ય છે. પાકિસ્તાને સહી ન કરી એનું કારણ એ છે કે ભારતે સહી નથી કરી! ફ્રાન્સે સહી કરી ન હોવા છતાં જાહેર કર્યું છે કે તે સહી કરી હોય તે રીતે જ વર્તશે. ભારતની બાબતમાં હર્ષ થવા જેવી વાત એ છે કે આટલાં વર્ષોમાં સરકારો બદલાઇ અને અણુશક્તિ પંચના અધ્યક્ષ પણ બદલાયા, તેમ છતાં આપણી નીતિ ખૂબ જ દૃઢ અને એકવાક્યતાવાળી રહી છે.

સંધિમાં સહી ન કરવા છતાં આટલાં વર્ષ આપણને તારાપુરનું બળતણ મળતું જ રહ્યું હતું તેનું મુખ્ય એક કારણ એ કે સંધિની પૂર્વે થઇ ચૂકેલા કરારો બાબત સંધિમાં કોઇ શરત કે સ્પષ્ટતા નથી. આવા સંયોગોમાં સામાન્ય અર્થ એવો જ નીકળે કે વર્તમાન કરારો ચાલુ જ રહે, અને આપણા અમેરિકા જોડેના કરાર છેક ૧૯૫૩ ના છે. પરંતુ ૧૯૭૮ થી પરિસ્થિતિમાં પલટો આવ્યો. એ વર્ષે અમેરિકાએ ઉપરોકત સંધિને આનુષંગિક તેનો એક આંતરિક ધારો પસાર કર્યો. તેનું નામ Nuclear Non-Proliferation Act, 1978. જે દેશો આં. એ. એ. એ. સંસ્થા (IAEA) નાં નિરીક્ષણ હેઠળ પોતાનાં સંસ્થાનો મૂકે અને અણુશસ્ત્રો ન બનાવે તેને જ અમેરિકા અણુશક્તિને લગતી સામગ્રી વેચે તેવી તેમાં જોગવાઇ હતી. આ માટે ભારે સંકુલ અને ગૂંચવાડાવાળું વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવ્યું. આંતરરાષ્ટ્રીય સમજૂતી કરતાં પહેલાં ઉર્જામંત્રીએ વિદેશમંત્રી પાસે મંજૂરી લેવી તેવું ઠર્યું, કોંગ્રેસ તેમ જ સેનેટની સમિતિઓ અને અમેરિકી પ્રમુખને પણ કેટલીક જવાબદારીઓ સોંપાઈ. આમ છતાં સેનેટ અને કોન્ગ્રેસની ના હોવા છતાં પ્રમુખ આવી સામગ્રી વેચવાની છૂટ આપી શકે, જો તેમને એમ લાગે કે સામગ્રી ન વેચવાથી અણુશસ્ત્રોનો ફેલાવો ઘટાડવાનાં લક્ષ્યને ઉલ્લું નુકશાન થાય છે. આ જોગવાઇ હેઠળ જ ભારત ૧૯૭૭ થી ૮૦ ના ગાળામાં બે કે ત્રણ વાર અમેરિકી બળતણનો પુરવઠો પ્રમુખ કાર્ટર પાસેથી મેળવી શકયું હતું.

આ જોગવાઇનો ઉપયોગ આમ તો અણુશસ્ત્ર પ્રસાર અટકાવવા માટે થવો જોઇએ પણ તેમાં રાજકીય ગણત્રીઓ પણ ભાગ ભજવી જાય છે. જો કે અમેરિકાના પક્ષમાં એટલું કબૂલ કરવું જોઇએ કે પાકિસ્તાનને આરમાં ખાતેનાં અણુવીજળી મથક માટે મદદ ન કરી. તેઓએ આ કાયદાના અક્ષરોને માન આપ્યું કહેવાય. આથી ઉલ્લું, કદાચ ભારત સાથેના વર્તનમાં ૧૯૭૪ નો અણુધડાકો ભાગ ભજવી ગયો હોય તેવું પણ શકય છે; કારણ કે ગાંધી–નહેરુના દેશ તરીકે ઓળખાતા આ દેશની વિશ્વમાં નિખાલસ દેશ તરીકેની વિશ્વસનીયતા Creditability થોડા વખતથી ઘટી હતી. છેવટ જો કે ફ્રાન્સને આ બળતણ પહોંચાડવાની જવાબદારી સોંપીને અમેરિકા તેના પોતાના જ ૧૯૭૮ ના આંતરિક કાયદાના ઘેરામાંથી બહાર આવી ગયું છે. રાષ્ટ્ર પ્રમુખને પોતાના જ કાયદામાંથી બહાર આવવા માટે આંતરરાષ્ટ્રીય તખ્તા પર ઉતરવું પડે તેને બહુ ઊંચી લોકશાહી પ્રણાલી કહીશું કે રાજકીય સ્ટંટ?

એ જે હો તે, પણ તારાપુરનું આ નાનું શું વીજળી-મથક વિશ્વના અણુશક્તિના તેમજ રાજકીય નકશા પર ખૂબ જ અગત્યનું સ્થાન લઇને બેઠું છે. ભારત માટે એ માત્ર વીજળી ઉત્પન્ન કરતાં મથક કરતાં વધુ તો રાષ્ટ્રીય સ્વમાનનું પ્રતીક છે. ભારતની પ્રજાએ સરકારને અને અણુ વૈજ્ઞાનિકોની પાછળ ઊભા રહી સધિયારો આપવો જોઇએ કે આટલી ૪૦૦ મેગાવોટ વીજળી બચાવવા અમે ઘરમાં એક બલ્બ ઓછો બાળશું, પણ માત્ર તેનાં બળતણ માટે NPT માં સહી કરવાની જરૂર નથી.

# પદ સંયોજન : વાકય સંયોજન : કાકુ, લયબંધ અને ઇંગિત

[પ્રો. કાન્તિલાલ બ. વ્યાસનાં મુંબઈ યુનિવર્સિટી વ્યાખ્યાનો ૪ અને ૫ નો સંક્ષેપ]

## ✻ કૃષ્ણ વીર દીક્ષિત

વિદ્વાન સારસ્વત પ્રો. કાન્તિલાલ બલદેવરામ વ્યાસે તા. ૨૪-૧-૧૯૮૩ થી ૨૯-૧-'૮૩ (૨૬ મી જાન્યુઆરી બાદ) સુધી રોજ સાંજે મુંબઇ યુનિવર્સિટીના પદવીદાન સમારંભ બાદમાં યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડો. રમણલાલ ચી. શાહના અધ્યક્ષપદે યુનિવર્સિટી આયોજિત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન શ્રેણીમાં 'કાવ્યની શૈલી: શૈલીવિજ્ઞાન અને કાવ્યશાસ્ત્રની દૃષ્ટિ' એ વિષય ઉપર આપેલાં પાંચ વ્યાખ્યાનોમાંનાં પ્રથમ ત્રણ વ્યાખ્યાનોનો સંક્ષેપ 'પ્રબુદ્ધ જીવન'ના ૧૬-૪-૧૯૮૩ ના અંકમાં પ્રસિદ્ધ થઇ ચૂકયો છે. આજે તેમનાં ચોથા અને પાંચમા એ બે વ્યાખ્યાનોનો સંક્ષેપ રજૂ કરવામાં આવે છે.

### પદસંયોજન અને વાકય સંયોજન

ચોથા વ્યાખ્યાનનો વિષય હતો : 'કાવ્યની શૈલી; વિશેષ વિચારણા : પદ સંયોજન અને 'વાકય સંયોજન' આ વ્યાખ્યાનમાં વકતાએ કાવ્યમાં અર્થદૃષ્ટા કવિ કેવાં પદોનું સંયોજન કરે છે, એ પદોનાં મૂલ તથા એમનું સ્વરૂપ કયા પ્રકારની સવિશેષ અર્થસિદ્ધિ કરવા ઉદ્યુકત છે તેની વિચારણા કરી હતી.

વકતાએ પ્રથમ, ગુજરાતી ભાષાનું પદ્ય સ્વરૂપ મધ્યકાલમાં સંપૂર્ણપણે ઘડાઈ ચૂકયું હતું. પરન્તુ ત્યારે ગદ્ય પ્રમાણમાં ઓછું ખેડાતું. નર્મદ દલપત યુગમાં અંગ્રેજી ભાષાના પ્રારંભિક સંપર્કને કારણે તથા યુનિવર્સિટીના શિક્ષણે તેની કાયાપલટ કરી નાખી અને ગદ્યમાં તેમજ પદ્યમાં પ્રાચીન તેમજ સમકાલીન વ્યાવહારિક વાણીનો શબ્દકોશ અને સંસ્કૃત પ્રશિષ્ટ કાવ્યસાહિત્યમાંથી લેખનની સૌન્દર્યસિદ્ધિ તથા આદાન કરેલો શબ્દસંચય એ સમયના સાહિત્યમાં પ્રવિષ્ટ થયાં એ હકીકત કહીને વ્યાખ્યાનની ભૂમિકા બાંધી. પંડિત યુગના આરંભથી અગ્રણી કવિઓએ કાવ્યના વિચારભાવ માટે

આધકાંશે પ્રશિષ્ટ સ્વરૂપની શબ્દાવલિમાં વચ્ચે વ્યવહારુ દૈનંદિન વાણીના શબ્દો પણ કેવા નિ: સંકોચ ગૂંથ્યા છે તે, વકતાએ દાખલાઓ આપીને કહ્યું. ગોવર્ધનરામે પદ્યમાં,'ઝટ, ઝાપટી, મર (ભલે), રઢિયાળા', હર્ષદ ધ્રુવે 'કહેર, ઝૂમે, સ્હાઈ (પકડી), હીસી, મેળલિયે, પરસનાં (સ્પર્શતાં)' નરસિંહ રાવે 'ભેળા, હમડે, બાની, સેજ, બનીઠની, પઢતાં' વગેરે શબ્દો (જે દૈનંદિન વાણી વ્યવહારમાં વપરાતા) ના કરેલા ઉપયોગનો ઉલ્લેખ કર્યા પછી વકતાએ કહ્યું : 'અર્વાચીન કવિતાની અભિનવ શબ્દ સંયોજન જ્ઞાતિનો ન્હાનાલાલથી થાય છે.' એમણે 'પુણ્ય પાંગરા, પૃથ્વીવિશાલ, ધર્મયોધમણિ (પાથ), સકલ સંચારિણી, કલ્લોલબોલ, મૃદંગ પડછંદ, બ્રહ્મપરાગ, પિતૃજનના પુણ્યપ્રાંતમાં' વગેરે ન્હાનાલાલ પ્રયુકત શબ્દોના દાખલા આપી કહ્યું : 'ન્હાનાલાલે વિલક્ષણ પદ વિસ્તારથી શબ્દ વિસ્તારીને કવચિત્ એક પ્રકારના પદને અન્ય પ્રકારમાં નિયોજી કવચિત્ તળપદી કે રોજિંદી વાણીનો ઓપ આપી કાવ્યસૌંદર્ય વધાર્યું''

વર્તમાન કવિઓએ પણ પ્રાચીન અને વ્યવહારની વાણીના શબ્દોને યથાવત્ કે સંસ્કારીને યોજ્યા છે એમ કહી વકતા એ પ્રથમ આગલી પેઢીના કવિઓએ પ્રયોજેલા શબ્દોનાં ઉદાહરણ આપ્યાં હતાં. જેમ કે કવિ બોટાદકરે પોતાનાં કાવ્યોમાં 'લુબ્ધક (શિકારી) ધુનિ (નદા) પુરંદર (મેઘ) પારાવારમાં (સાગરમાં), કવિ લલિતજી એ 'વિદય (નિર્દયા વ્હાતાં (છેતરતાં) સહચરી સાક્ષી', કવિ કાન્તે દરકાર (મારા મહીં) માલ (નથી) બાબત (દુષ્ટ), ખબર (અતિ જ્ઞાન, શબ્દો પ્રયોજ્યા હતા. વકતાએ સમકાલીન અગ્રણી કવિઓએ કરેલા વિલક્ષણ શબ્દ પ્રયોગોના દાખલા તે પ્રત્યેકની કાવ્યપંકિતઓ રજૂ કરતાં કરતાં આપ્યા હતા. જેમ કે ઉમાશંકરે 'હયે (હૃદયમાં), ન્હોશે (ન હશે) કોડીલ (કોડ ભર્યું) ચંદિરા (જ્યોત્સના), 'કવિ સુંદરમે 'મોરલા ગહેકે', 'પાવન જે' 'વ્હેવાડી 'તેજધારા', (વ્હેવરાવી) શ્રી રાજેન્દ્ર શાહે 'ધ્વનિ' કાવ્ય સંગ્રહમાં ધુત (દ્યુતિ) ધ હ (જીવિતને) નંદ (આનન્દ) વૃક્ષના મૂદનં દેશે (ટોચે) વિહીરંત સુધામય તેજ'; શાંત કોલાહલ'માં કંજ લક્ષ્મી (કમલની શોભા) રાગ ઉજ્જવલ (લાવણ્ય) નિચોલ (પછેડી-ઘૂંઘટ) અદર્શ (હિલચાલ), વાહસ (પ્રચંડરાય) રત્નરીત, અનલ ગંગાને' વગેરે વાપરેલા શબ્દોનાં દાખલા આપ્યાં હતાં. તે સાથે વકતાએ નરસિંહરાવ, ઠાકોર, કલાપી, કાન્ત, રામનારાયણ ઉમાશંકર, સુન્દરમ્ વગેરેની કાવ્ય પંકિતઓમાં વિશિષ્ટ અર્થવ્યંજકતાનું દર્શન કરાવતી શબ્દ સમૃદ્ધિ કેવી વિલસી રહેલી છે. તે પણ દાખલા આપીને દર્શાવ્યું હતું.

### આવર્તનશીલતા

પદોની માફક વાકય સંયોજનોમાં પણ આવર્તનશીલતા વકતવ્યને કેવો સવિશેષ ભાર (એમ્ફેસિસ) અર્પે છે, તે પણ વકતાએ વાલ્મીકિ રામાયણ તથા મહાભારતમાંથી તેમ વર્તમાન ગુજરાતી કવિતામાં કવિ કાન્ત, કવિ ન્હાનાલાલની કાવ્યપંકિતઓ અવતારીને દર્શાવ્યું હતું વકતાએ ત્યારબાદ કાવ્યમાં વિરુદ્ધાર્થ ચરણોના સંયોજનથી સધાતી ચમત્કૃતિનાં ઉદાહરણ કેનોપનિષદમાંથી તથા ઉમાશંકરના 'નિશીથ' માંથી આપ્યાં હતાં... કવચિત્ આર્ષકાવ્યોમાં એવા નિર્દેશનો મળે છે કે જેમાં બબ્બે પદ્યો (શ્લોકો) ના યુગ્મમાં પ્રથમ શ્લોકમાં જે વિચારો પ્રશ્ન રૂપમાં પ્રગટ થયા હોય અને તેના પછીના શ્લોકમાં પૂર્વશ્લોકની જ પદાવલિ શકય એટલી યથાવત્ રાખીને અપાયેલા ઉત્તરથી દૃષ્ટિગોચર થતી સમાન્તરતાના અર્થાત્ બિંબપ્રતિબિંબભાવના દાખલા મહાભારતમાંથી યક્ષપ્રશ્નાવલી રજૂ કરીને આપ્યા હતા અને તેમાં વિચારની અસાધારણ સચોટતાની સાથે તેમાંના લાઘવના ગુણ પ્રત્યે વકતાએ ધ્યાન ખેંચ્યું હતું.

ત્યાર બાદ વકતાએ આર્ષ-કાવ્યોમાં તેમાં વર્તમાન કવિતામાં અર્થાલંકારોની શોભા કેવી વિલસી રહેલી છે તે દર્શાવવા પ્રથમ કાલિદાસ જેવા મહાકવિનો નિર્દેશ કર્યો હતો અને સંસ્કૃત કાવ્ય શાસ્ત્રને ધણા શાસ્ત્રકારોએ અલંકાર શાસ્ત્રનું અભિધાન શા માટે આપ્યું છે તેના પર પ્રકાશ પાડયો હતો. આપણી વર્તમાન કવિતા અલંકારનું આવું માહાત્મ્ય કરતી નથી તે પણ વકતાએ કહ્યું હતું. અર્થાલંકારોની શોભા અંગે વકતાએ પ્રથમ વાલ્મીકિ, અને કઠોપનિષદમાંથી દાખલા આપ્યા હતા. વર્તમાન ગુજરાતી કવિતામાં કવિ પોતાના વકતવ્યને પર્યાપ્તપણે નિરૂપવાને ઉપમા કે રૂપકોની શ્રેણી કેવી પ્રયોજે છે તે વકતાએ કાન્ત, ન્હાનાલાલ, રામનારાયણ તથા ઉમાશંકરની કાવ્યપંકિતઓ અવતારીને દર્શાવ્યું હતું અને કહ્યું હતું કે વર્તમાન ગુજરાતી કવિતામાં કવિઓએ કવચિત્ વિરોધાભાસ, વિશેષોકિત, અસંગતિ, સહોકિત, અર્થાન્તર ન્યાસ વગેરે અલંકારો યથા પ્રસંગ વાપર્યા છે. ઉમાશંકર અને સુન્દરમે પણ ઉપમા રૂપક ઉપરાંત સ્વભાવોકિત, અને સજીવારોપણનો ઉપયોગ કર્યો છે આમ કહીને વકતાએ ચોથા વ્યાખ્યાનની સમાપ્તિ કરી હતી.

## કાકુ : લયબંધ કાવ્યનું સ્થાપત્ય

પ્રો. કે. બી. વ્યાસના પાંચમાં વ્યાખ્યાનનો વિષય હતો : 'કાવ્યની શૈલી : વિશેષ વિચારણા : કાકુ (વિશિષ્ટ સ્વરભંગિ) લયબંધ, કાવ્યનું સ્થાત્ય અને ધ્વનિત.

પ્રો. વ્યાસે પ્રથમ કાકુની સમજણ આપી હતી. તેમણે કહ્યું : 'ધણા સમર્થ કવિઓ પોતાનું ધ્વનિત યથોચિત વ્યકત કરવાને ભાષાની શબ્દ શકિત ઉપરાંત કાકુ (સ્વર ભંગિ એટલે કે, જે વડે દુ:ખ, રોષ, ભય, આદિ પ્રસંગોએ વકતાના સૂરમાં આવતી વિશિષ્ટતા) વિષયાનુરૂપ છંદ કે લયબંધ ધ્યાદિનો આશ્રય લે છે. ભાષા વિજ્ઞાનમાં કાકુ આદિ પ્રકિયાને અધિવાચ્ય અંગાત્મક-સુપ્રામેન્ટલ લેખે છે. કારણ કે એ વ્યાકરણ દષ્ટયા પૂર્ણ વાકય ખંડમાં અધિ-અર્થાત્ ઉપર નિક્ષિપ્ત-વધારાનું ઉમેરેલું તત્ત્વ છે. એક જ વાકય પદોના કશા જ ફેરફાર વિના માત્ર સૂરભેદથી જ વિભિન્ન અર્થ સૂચવે છે. ચીની જેવી ભાષામાં તો સૂરભેદ એ ભાષાનું જીવાતુભૂત તત્ત્વ છે પણ ભારતીય આર્ય ભાષાઓ જેમાં સૂરભેદનું આવું મહત્ત્વ નથી ત્યાં પણ વ્યવહાર ભાષામાં તેમજ કવિતામાં કાકુ કે સ્વરભંગિ ધ્વન્યાર્થમાં વ્યંજના વ્યાપાર દ્વારા અસાધારણ પરિવર્તન કરવા સમર્થ છે. વકતાએ આ વાત 'વેણી સંહાર' માંથી 'તથા ભૂત્વાં દૃષ્ટવા નૃપસદસિ પાંચાલતનયા' એ શ્લોક લઈને સમજાવી હતી. એ શ્લોકનો શ્રી રામનારાયણે આ પ્રમાણે અનુવાદ કર્યો છે :

**બને વ્યાધો સાથે ઘણુંય વસિયા વલ્કલધરી**
**વિરાટ પ્રાસાદે અકરમ કર્યા ગુપ્ત રહીને**
**હજ હું બીજાઓ ગુરુ મુજ શું બીજે ન કુરુને ?**

અહીં મૂળ શ્લોકનું ચોથું ચરણ 'કાકુ' વિશિષ્ટ સ્વરભંગિમાં વિરામ પામે છે. એનો વાચ્યાર્થ તો સ્પષ્ટ છે: વડિલબંધુ કૌરવો પ્રત્યે હજી યે ગુસ્સે થતા નથી. પણ કાકુથી વિશિષ્ટ ઉચ્ચ સ્વરથી (તાદ્યા આ આ પિ કુરુષુ ?) એમ બે છેલ્લા શબ્દો વિલંબિત વધતા જતા સ્વરભારથી ઉચ્ચારાતા હોય તો એ વક્તાના રોષના નિદર્શક બને છે. પણ જો જરા ધીરે ધીરે અને ઘટતા જતા સ્વરભારથી અને છેલ્લે અત્યંત મંદતાથી ઉચ્ચારાતા હોય તો એ દુઃખના, ખેદના નિદર્શક બનશે.

વક્તાએ શકુંતલાને શાપ આપતા દુર્વાસાનો શાપવચન-વાળો શ્લોક રજૂ કરી એક વિશેષ ઉદાહરણ આપ્યું હતું. શ્રી ઉમાશંકરના એક કાવ્યમાંથી કાકુનો ખ્યાલ આપતી પંક્તિ રજૂ કરી હતી, તે આ પ્રમાણે છે.

**હું ગુલામ ?**
**સૃષ્ટિ બાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ ?**

એ જ કવિનું એક બીજું કાવ્ય 'જઠરાગ્નિ' તથા શ્રીધરાણીનું એક કાવ્ય 'સ્વરાજ્ય રક્ષક' એ બેને ઉદાહરણ તરીકે રજૂ કર્યાં હતાં.

કાકુની માફક જ કવિના ધ્યેય વક્તવ્યને યોગ્ય છંદ કે લયબંધ ઉઠાવ આપે છે એમ કહીને વક્તાએ કહ્યું હતું: 'વસ્તુતઃ તો સૂરના આરોહ અવરોહનું સમુચિત સંયોજન જ પ્રધાન તત્ત્વ છે. છંદનું વિષય સાથે સામંજસ્ય ન હોય તો અન્યથા સરસ કવિતાની કલા વણસી જાય છે. પ્રધાન રસોનાં કાવ્યો જેમાં લયબંધ કાવ્યના વિચારભાવને વિલક્ષણ રીતે પુષ્ટ કરતો હોય એવા કરુણરસના કાવ્યના ઉદાહરણ રૂપે રતિવિલાપ (કુમાર સંભવ) અજવિલાપ (રઘુવંશ) અને એ બે ઉપરાંત વર્તમાન ગુજરાતી કવિતામાંથી વૈતાલીય (કે વિયોગિની) છંદમાં રચાયેલું કાવ્ય આવા સંદર્ભમાં જોવાં જેવાં છે એમ કહીને વક્તાએ ઉમાશંકરના એક કાવ્યની પંક્તિઓ અવતારી હતી.

**કરજે પ્રિય માફ આટલું–**
**કદી બોલાવી ન લાડથી તને**
**સહજે પ્રિય જિંદગી મહીં**
**નવ પાયાં પ્રણયામૃતો પૂરાં**

વક્તાએ ભવભૂતિના ઉત્તર રામ ચરિતમાંથી એક ઉદાહરણ, કલાપીના 'અસ્વસ્થ ગૃહિણી' કાવ્ય પંક્તિ, ગોવર્ધનરામની 'શશી જતાં પ્રિય રમ્ય વિભાવરી' પંક્તિથી આરંભાતું કાવ્ય, કાન્તનું 'અંજની' વગેરે કાવ્યોનાં ઉદાહરણો આપ્યાં હતા.

## ન્હાનાલાલની ડોલનશૈલી

શૃંગારરસ અને વીરરસ માટેના વિશિષ્ટ છંદોની વાત કર્યા પછી વક્તાએ ન્હાનાલાલનાં ડોલનશૈલીનાં કાવ્યો વિશે તે શૈલીના વૈશિષ્ટ્ય સંદર્ભે વાત કરી હતી અને કહ્યું હતું કે 'પદ્યરૂપનાં નહિ છતાં મનોરમ લયયુક્ત ઉદાત્ત ભાવોથી સભર ઉપનિષદોના વિચારખંડોનું ન્હાનાલાલનાં ડોલનશૈલીનાં કેટલાંક કાવ્યો અચૂક સ્મરણ કરાવે છે. વક્તાએ વધુમાં ખબરદારે 'કલિકા'માં વાપરેલા મુક્તધારા છંદની તથા ગોવર્ધનરામે 'સ્નેહ મુદ્રા'માં ઉપયોગમાં લીધેલા કરાવ છંદની વાત કરી હતી.

## કાવ્યનું ધ્વનિત

વક્તાએ તે પછી કાવ્યના ધ્વનિત વિશે વાત કરતાં કહ્યું: 'નરસિંહરાવે વડોદરામાં પ્રકૃતિ કાવ્યો ઉપરથી કવિતા રચી ત્યારથી વર્તમાન કવિતાની કાયાપલટ થઈ ગઈ' આમ કહીને એમણે વર્તમાન ગુજરાતી કાવ્ય શૈલીના અપૂર્વ ઘડવૈયા કવિ કાન્તનાં કાવ્યો પૈકી એમનાં ઉત્તમ ખંડકાવ્યો વસંતવિજય–ચક્રવાક મિથુન-દ્વેયાની–ની વાત કરી અને કવિ કાન્તે ઉલ્લાસભર્યાં ઉત્તમગીતો પણ એટલા જ કૌશલથી રચ્યાં. વક્તાએ કાન્તનાં સાગર અને શશી, ઉદ્‌ગાર, ઉપહાર વગેરે કાવ્યોનો ઉલ્લેખ કરી કહ્યું કાન્ત એટલે વર્તમાન ગુજરાતી કવિતાની શૈલીનું શિખર ભવિષ્યમાં કોઇ ગુજરાતી મહાકવિ થશે તો એને પોતાની પૂર્વછાયા કાન્તમાં લાધશે. કાન્તના વ્યાપમાં કલ્પનાના ઉડ્ડયનમાં કાન્તની હારમાં બેસે એવા એ યુગના એક જ કવિ ન્હાનાલાલ એમ કહીને તે વિધાનનું સમર્થન કરતાં કવિશ્રીનાં કેટલાંક કાવ્યોનો નિર્દેશ કર્યો હતો. નરસિંહરાવનાં પ્રકૃતિ કાવ્યોમાં ઋજુતા, ભાષાશુદ્ધિ અને અનવદ્ય છંદો રચના છે, એમ કહીને વક્તાએ ઠાકોરના 'ભણકાર' જૂનું પિયેરઘર તથા વધામણી' એ કાવ્યોનો તેમજ ઉમાશંકરનાં 'બળતાં પાણી' 'કલાનો શહીદ' 'ભોમિયા' વિના', સુન્દરમ્‌નાં 'બુદ્ધનાં ચક્ષુ', 'સાફલ્ય ટાણું' 'બાનો ફોટોગ્રાફ', કાં ન ચહુ", 'શિશુવિષ્ણુ લાંછન' 'વિરાટની પગલી' વગેરે કાવ્યોનો નિર્દેશ કર્યો હતો. વક્તાએ તે પછી કેટલાંક મનનીય નિરીક્ષણો કરીને પાંચમા વ્યાખ્યાનની સમાપ્તિ કરતાં એક તારતમ્ય એ કાઢયું કે 'ભાષાવિજ્ઞાન કાવ્યશૈલીનું યથાર્થ આકલન કરવામાં વિશેષ સહાયભૂત થઇ શકે એમ નથી. શૈલીવિજ્ઞાન પણ કવિતાના બહિરંગમાં વિશ્લેષણથી આગળ વધતું નથી. બેશક, ધ્વનિઓની શકિત યથાર્થપણે ગ્રહણ કરવામાં એ ઉપયોગી છે. એક સન્નિષ્ઠ ભાવકરૂપે કવિનાં કાવ્યો સાથે તદાકાર થઇને એના અંતર્ગૂઢ મર્મ સુધી પહોંચવા મથવું અને એને નિખાલસપણે વ્યકત કરવું એ જ કાવ્યની શૈલીનું સાચું અધ્યયન બને છે.'

ડો. રમણલાલ શાહે પાંચે ય વ્યાખ્યાનના મહત્ત્વના મુદ્દાઓને આવરી લઇ ઉપસંહાર કર્યો હતો ને વક્તાનો હાર્દિક આભાર માન્યો હતો.

# આગમ–અર્ક

## ગુલાબ દેઢિયા

[આગમ–અર્ક સંશોધિકા નીતાબાઈ સ્વામી મહાસતીજી, પ્ર. શાંતિલાલ દેવજી નંદુ, ૨૨૮–એ, લીલાભવન, કાલીવાડા સ્ટેશન પાસે, સાયન–પૂર્વ મુંબઈ–૪૦૦૦૨૨, કિ. રૂા. ૫.]

જૈન આગમ સૂત્રો એ તીર્થંકરોની વાણી છે, તે વાણીને ગણધરોએ સૂત્રરૂપે ગૂંથી છે. 'આગમ અર્ક' પુસ્તકમાં મહાસતીજી નીતાબાઈ સ્વામીએ પોતાની સંશોધક વૃત્તિથી અભ્યાસીઓને ઉપયોગી એવાં કોષ્ટકોનો સંગ્રહ કર્યો છે.

આગમોની અર્કરૂપ માહિતીને આ રીતે વ્યવસ્થિત રૂપમાં રજૂ કરીને, પૂ. મહાસતીજીએ સુંદર સંદર્ભ ગ્રંથ તરીકે આ પુસ્તકનું નિર્માણ કર્યું છે.

છ કાયનાં બોલનું કોષ્ટક, નવ તત્ત્વનું કોષ્ટક, કર્મ પ્રકૃતિનું કોષ્ટક, ગુણસ્થાનદ્વારનું કોષ્ટક, છ આરાનાં બોલનું કોષ્ટક, રૂપી અરૂપીના બોલનું કોષ્ટક ગતાગતના બોલનું કોષ્ટક, દંડકનું કોષ્ટક ઇત્યાદિ વિવિધ વિષયનાં કોષ્ટકો આ ગ્રંથમાં આપવામાં આવ્યાં છે.

છ લેશ્યા, પંદર યોગ, ચૌદ ગુણસ્થાન, બાર ઉપયોગ, અગિયાર ગણધરો, બાર ચક્રવર્તીઓ, નવ બળદેવ, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ નારદ, જીવોની માર્ગણા વગેરે વિષયોની પ્રશ્નો અને ઉત્તરોરૂપે ઉપયોગી શાસ્ત્રીય માહિતી આપવામાં આવી છે, જે અભ્યાસીઓને સંદર્ભ તરીકે સદ્યસુલભ બની શકે એવી છે. કોશ જેવો આ ગ્રંથ એ વિષયના અભ્યાસીઓને માટે અત્યંત મૂલ્યવાન છે.

( પૃષ્ઠ ૨ થી ચાલુ )

સમતામાં જેમ જેમ સ્થિરતા વધતી જાય તેમ તેમ જીવનમાંથી પાપ ઓછાં થતાં જાય. અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં માનવીએ સમતા ધારણ કરવી જોઇએ. શાસ્ત્ર વચનોનું વાચન, ચિંતન અને મનન કરવું જોઇએ. સામાયિક બે બાબતો પર ભાર મૂકે છે. એક, આત્મ નિરીક્ષણ અને બીજું સર્વ પાપ કર્મોની માફી માગવી. ત્રિવિધે-શરીર, વાણી અને મનથી થયેલ અશુભ કર્મોની આત્માની સાક્ષીએ અને વડીલો પાસે માફી માગવી. સામાયિક એ રીતે બે ઘડીનુ સાધુપણું છે.

અહિંસા ભગવતી માતાના સ્થાને છે. કરુણા અને મૈત્રીભાવ વગર અહિંસા શક્ય નથી. કુવિચાર માત્ર હિંસા છે, કોઇને મનથી પણ ન દૂભવવું જોઇએ. અપ્રમાદ એ અહિંસા છે.

અનેકાન્તવાદ એટલે પ્રત્યેક વસ્તુ અનેક ગુણ અને અનેક ધર્મવાળી છે. દરેક વસ્તુને ઊંડાણથી અને સર્વ દૃષ્ટિએ તપાસવી જોઇએ. મારું જ સત્ય એમ માનવું એ વિચાર પરિગ્રહ છે. સામે પક્ષે પણ સત્ય હોઈ શકે એમ માની બીજાના વિચારોને પણ માન આપવું જોઇએ. અનેકાન્તવાદથી આપણા વલણમાં ઉદારતા આવે છે.

પોતાને માટે જ સંપત્તિ રાખનાર, બીજાના ભોગે સંગ્રહ કરનાર અને પ્રમાણભાન વગર સંપત્તિ ભોગવનાર ચોર છે. સંસારીએ મર્યાદિત પરિગ્રહ રાખવો જોઇએ અને આવશ્યકતાઓને ક્રમે ક્રમે ઘટાડવી જોઇએ. ગાંધીજીએ ટ્રસ્ટીશિપના સિદ્ધાંતમાં આ જ વાત કરી છે.

મુનિશ્રી વાત્સલ્ય દીપે 'આત્મ શોધક પ્રભુ મહાવીર' એ વિશે પોતાની વિશિષ્ટ શૈલીમાં કહ્યું હતું કે, આ ભવ સમુદ્રમાં ભગવાન મહાવીર દીવાદાંડી જેવા ઊભા છે. જે પાયાની વસ્તુ જિંદગી છે, તે ખોવાઈ ગઈ છે તેની શોધ આરંભવી જોઇએ. મૃત્યુનું જ મૃત્યુ થઈ જાય એ કરવા જેવું કામ છે, જેથી ભવોભવમાં મૃત્યુનો ભય ન રહે. આપણે તો અનંત સુખ, અનંત ગતિ અને અનંત આનંદ તરફ જવું છે.

નયસારના જીવનો એક નવકારમંત્રથી કલ્યાણ થઇ ગયો. જો આપણા હૃદયમાં પણ ઋજુતા અને પવિત્રતા હોય તો કલ્યાણ થઇ જાય. આપણે તો માળા પૂરી ક્યારે થશે તેનો વિચાર કરીને નવકારમંત્રની શરઆત કરીએ છીએ. જ્યાં અટકવાપણું છે ત્યાં વિકાસ નથી; તીર્થંકરોના કલ્યાણક પ્રસંગે નારકી જીવો પણ સમતા પામે છે.

આજનો મનુષ્ય ચન્દ્ર પર પગ મૂકી આવ્યો પણ આત્માની ભૂમિ જે ખૂબ નજીક છે તે જ ખૂબ દૂર થઇ ગઇ છે, તે અજાણી બની ગઈ છે. જે પોતાના આત્માને ઓળખે છે તે જગતને ઓળખે છે. આજે પહેલું ભંજન પ્રતિષ્ઠાની દીવાલોનું થવું જોઇએ.

જે કંઈ છે તે મારું નથી, એટલું સમજાય તો પણ બસ છે. અપેક્ષા મોક્ષની હોવી જોઇએ, પુણ્યની નહિ. જેમ ખેડૂતને અપેક્ષા અનાજની હોય છે, ઘાસ તો આપમેળે ઊગે છે. નિરર્થક આપવડાઈ અને નિરર્થક જૂઠાણાને છોડીએ તો પણ ઘણા બધા ક્લેશ મટી જાય.

ભગવાન મહાવીરનું જીવન તો ક્રાંતિની પ્રયોગશાળા જેવું હતું. એમનો અખંડ પ્રકાશ આપણા પર પડે અને સતત જાગૃતિથી આત્મશોધને માર્ગે વળીએ એવી શુભેચ્છા સાથે મુનિશ્રીએ પોતાનું વક્તવ્ય પૂરું કર્યું હતું.

મહાસતીશ્રી પ્રીતિ સુધાશ્રીજીએ 'ભગવાન મહાવીર : વર્તમાન સંદર્ભમાં' એ વિશે બોલતાં જણાવ્યું હતું કે, માત્ર પૂર્વ દિશા જ સૂર્યને જન્મ આપી શકે અને માત્ર સૂર્ય બધાને પ્રકાશ આપી શકે તેમ અરિહંત ભગવાન સર્વને માર્ગ બતાવી શકે. અઢી હજાર વર્ષ પહેલાં એક એવું ફૂલ ખીલ્યું જે હજી કરમાયું નથી. તેથી જ આજે આપણે પ્રભુ મહાવીરનો હેપી બર્થ ડે' મનાવી રહ્યા છીએ.

ભગવાને કહ્યું છે. 'મા હણો, મા હણો'–કોઇને પણ મારો નહિ, કોઇને પણ દૂભવો નહિ. આજે કતલખાનાઓમાં મૂંગા પશુઓની કતલ થઇ રહી છે અને આપણે કંઈ જ કરતા નથી. આજે આપણા અંતરનું સંગીત તૂટી ગયું છે. આપણે એવા બક્સ લગાવ્યા છે કે જેથી કોઈ પણ પ્રસંગની કરુણતાનો આપણને આંચકો ન લાગે. આજે એક કરોડ જેટલાં જૈનો અને દશ હજાર જેટલાં સાધુ–સાધ્વીઓ ધારે તો અહિંસાનો સંદેશ ફેલાવી શકે, આ દેશના પશુધનની થતી હિંસા અટકાવી શકે.

આ રીતે મહાસતીજીએ પોતાની જુસ્સાદાર દર્દભરી વાણીમાં આજના યુગના સંદર્ભમાં જૈનોએ શું કરવું જોઇએ અને કઈ રીતે જાગવું જોઇએ તે સમજાવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપ્યો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે આ અવસરની ભૂમિકા સમજાવતાં કહ્યું હતું કે, ભગવાનનો સંદેશો વખતોવખત સાંભળીએ અને જીવનમાં કંઇક ઉતારવાનો પ્રયત્ન કરીએ તો કલ્યાણ થઇ જાય. આત્માની સર્વોત્કૃષ્ટ સ્થિતિ તે તીર્થંકર પદ છે. તીર્થંકરના પાંચ પ્રસંગો મહત્ત્વના છે. ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ. આ પંચકલ્યાણક અનેક જીવોના કલ્યાણનું નિમિત્ત બને છે. આજે આપણે જન્મ કલ્યાણક ઊજવી રહ્યા છીએ.

પ્રવચનો પછી સંગીતકાર શ્રી બંસીભાઈ ખંભાતવાળા અને મંડળીએ ભક્તિ સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો.

## શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત
# શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર

**સમશ્લોકી અનુવાદ સાથે**

આપણા સંઘના આજીવન સભ્ય, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી, મુંબઈ અને મહારાષ્ટ્ર રાજ્યના ભૂતપૂર્વ મંત્રી શ્રી શાન્તિલાલ શાહના પિતા શ્રી હરજીવનભાઇએ શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ કર્યો છે અને સંક્ષિપ્ત ભાવાર્થ આપ્યો છે. મૂળ સંસ્કૃત સ્તોત્ર અનુવાદ અને ભાવાર્થ શ્રી શાન્તિભાઇએ અગાઉ પ્રગટ કરેલો ત્યારે 'ભક્તામર સ્તોત્ર'ની અને 'કલ્યાણ મંદિર સ્તોત્ર'ની હજારેક નકલ સંઘના સભ્યોને ભેટ મોકલેલી.

હમણા બીજી વખત તેમણે સંઘના સભ્યો માટે 'કલ્યાણ મંદિર સ્તોત્ર'ની ૨૫૦ નકલો મોકલી છે. તે રસ ધરાવતા સભ્યોને વિનામૂલ્યે આપવાની છે. કોઇને એકથી વધારે નકલ નહિ મળે. જિજ્ઞાસુ સભ્યોને સંઘના કાર્યાલયમાંથી તે વિના મૂલ્યે મળશે. આવી ભેટ આપવા માટે અમો મુરબ્બી શ્રી શાન્તિભાઇના ખૂબ જ આભારી છીએ.

લિ.

**ચીમનલાલ જે. શાહ**

**કે. પી. શાહ**

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# શાબ્દિક સમાપ્તિ પછીનું ગૂંજન

* આસ્વાદ: પન્નાલાલ ૨. શાહ

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી
જગતમાં એટલું સુયશ લીજે
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ દીન પર દયા કીજે... ... ...તાર હો...૧

રાગ દ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો
લોકની રીતમાં ઘણું એ રાતો
ક્રોધ વશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહે હું વિષયમાતો... ... ...તાર હો...૨

આદર્યો આચરણ લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો.
શુદ્ધ શ્રદ્ધા ન વળી, તત્ત્વ અવલંબ વિનુ,
તેહવો કાર્ય તિણે કો ન સીધો... ... ...તાર હો...૩

સ્વામિ દરિશણ સમો, નિમિત્ત લહી નિર્મળો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે.
દોષ કો વસ્તુનો અથવા ઉદ્યમ તણો
સ્વામિ સેવા સહી નિકટ લાશે... ... ...તાર હો...૪

સ્વામિ ગુણ ઓળખી, સ્વામિને ભજે
દરિશણ શુદ્ધતા તેહ પામે
જ્ઞાન, ચારિત્ર, તપ વીર્ય ઉલ્લાસથી
કર્મ ઝીપી વસે મુક્તિ ધામે... ... ...તાર હો...૫

જગત વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણ ને શરણ વર્યો,
તારજો બાપજી બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો... ... ...તાર હો...૬

વિનતિ એ માનજો, શકિત એ આપજો.
ભાવરયાદ્વાદતા શુદ્ધ ભાસે.
સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે ... ... ... તાર હો. ... ૭

* * - દેવચંદ્રજી

માર્સેલ રેમન્ડે કવિતાને જિંદગીનો ચહેરો કહ્યો છે તે યથાર્થ છે. અહીં શ્રી દેવચંદ્રજીએ જિંદગીના ચહેરાને, કોઈપણ જાતના સજાવટ મંડિત સૌંદર્યનો કૃત્રિમ ઓપ આપ્યા વિના એના મૂળભૂત સ્વાંગમાં રજૂ કર્યો છે. એ સાથે જ અવગુણભર્યા દાસને પોતાનો જાણી તેને ઉદ્ધરવા પ્રાર્થના કરી છે; દયા દાખવવાની, દીન-હીન ગણીને પણ, યાચના કરી છે. સાથેસાથ એટલો સુયશ લેવાનું સૂચન કરવાનું પણ ચૂક્યા નથી. 'દયાનિધિ દીન પર દયા કીજે'માં વર્ણસગાઈ ધ્યાન ખેંચે એવી છે.

જૈનોમાં પર્યુષણ પર્વને, આત્મનિરીક્ષણ, ક્ષમાયાચના અને મૈત્રીના ત્રિવેણીસંગમરૂપે ઓળખવામાં આવે છે. માત્ર માનવી જ નહિ, પરંતુ પ્રાણી માત્ર સાથેની મૈત્રીનો પાયો છે-બીજાના દોષો પરત્વે ઉદારતા અને પોતાની ભૂલો માટે ક્ષમાયાચના. એમાં ય પોતાના દોષો માટે આત્મનિરીક્ષણ મહત્ત્વનું છે. એ દૈનિક કર્મ છે. આત્મનિરીક્ષણની ભૂમિકા વ્યક્તિએ વ્યક્તિએ ભિન્ન હોઈ શકે. પરંતુ દોષોની પાછળના કારણો સર્વસામાન્ય છે. એ સર્વસામાન્ય બાબતને અહીં કાવ્ય સ્વરૂપ આપ્યું છે. જીવ રાગ-દ્વેષથી ભરેલો, મોહવશ અને લોક વ્યવહારમાં રાચનારો છે. ક્રોધથી ધમધમતો અને વિષયમાં અંધ બનીને ભવાટવીમાં ભમે છે. આત્મા શુદ્ધ ગુણમાં રમમાણ નથી. આચરણ લૌકિક દૃષ્ટિનું છે અને શાસ્ત્રાભ્યાસ પણ એવા કારણોથી કર્યો છે. પરંતુ તેમાં શ્રદ્ધા ન હોવાથી અને તત્ત્વાલંબનના અભાવે કાંઈ કાર્ય સરતું નથી. (કડી ૨-૩)

ઈશ્વરના સાનિધ્યના નિર્મળ નિમિત્તથી પણ કર્મની મલીનતા દૂર થઈને ઉપાદાન શુદ્ધ ન થાય તો દોષ કોઇ વસ્તુનો અથવા આપણા ઉદ્યમમાં, પ્રયત્નમાં ક્ષતિ હોવી જોઇએ. એટલે જ 'समयं गोयम मा पमाइए'-'હે ગૌતમ! એક પણ ક્ષણનો પ્રમાદ ના કરીશ' એવો સંદેશ શ્રમણ ભગવાન મહાવીરે વારંવાર આપ્યો છે. કુમારપાળ વિરચિત આત્મનિંદામાં પ્રમાદ સેવનના પરિણામનું સરસ આલેખન થયું છે :

બહુ કાળ આ સંસાર સાગરમાં પ્રભુ હું સંચર્યો
થઇ પુણ્ય રાશિ એકઠી ત્યારે જિનેશ્વર તું મળ્યો
પણ પાપકર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી
શુભ યોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુ એ કરી.

આ જ વાતને 'જિજ્ઞાનની જીવન વાટિકા'માં બહુ સરસ રીતે સમજાવી છે: 'માણસને મળેલાં રાગ, દ્વેષ, પ્રેમ, આનંદ, દયા, ક્રોધ, મોહ, ત્યાગ એવી એવી અનેકવિધ વૃત્તિઓની ફૂલગૂંથણીમાંથી, એને પોતાનું ગીત મેળવવાનું છે અને એના કોયડાનો ઉકેલ પણ એમાંથી જ એને જડવાનો છે. ... અને છતાં આશ્ચર્યનું આશ્ચર્ય તો એ છે કે માણસ જેવો માણસ, પોતાની વિવિધ વૃત્તિઓની રંગબેરંગી જાજમ બિછાવીને, એના ઉપર જીવન-સંગીતની મહેફિલ જમાવવાને બદલે, એ તો એમનાથી હેરાન-પરેશાન થયા કરે છે, અને જીવન જેવું જીવન એક નાના ફુત્કાર જેવા ક્રોધને માટે કે પરપોટા જેવા અભિમાન માટે કે સાંધ્યરંગોની સુરખીના આભાસી દેખાવ સમા થોડા ચમકના મોહ-ભભકા માટે વેડફી નાખે છે. એનું જે દિવ્ય સંગીત ગગન સુધી પહોંચવાનું છે, તેનો એકે સ્વર એને જડતો નથી. કે એનો કોયડો, જેનો ઉકેલ થતાં, આનંદ મહોદધિની છોળ ઉપર છોળ ઊડવાની છે, એ કોયડાનો પણ કોઇ જ અર્થ એને જડતો નથી, અને જીવન તો પૂરું થાય છે.' (કડી ૩-૪)

અને એ જીવન પુરું થાય એ પહેલાં, શુભયોગને પામવા છતાં અને દુર્લભ માનવ જન્મ એળે જાય એવી મૂર્ખાઈ થાય એ પહેલાં સ્વામીની સેવા અને પ્રચંડ પુરુષાર્થ હાથ ધરવાની વાત કવિ કરે છે. ગુણ ગ્રાહકતા અને ભજનની દિશા ચીંધી છે. સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર અને તપની વીર્યોલ્લાસપૂર્વક આરાધનાથી કર્મક્ષય કરીને મુક્તિધામમાં વસવાની શ્રદ્ધા દાખવી છે, સાથેસાથ શ્રમણ ભગવાન મહાવીરના ચરણ ને શરણમાં વસવાની ઉત્કંઠા દાખવી છે. દાસની વત્તી-ઓછી સેવા સામું જોયા વિના, તારકનું બિરુદ જાળવવા, સેવકને પાર ઉતારવાની વિનંતિ કરી છે. 'બાપજી'ના શબ્દપ્રયોગ દ્વારા નિકટતા દર્શાવી છે. એ વિનંતિ માનવાની અને શકિત આપવાની પ્રાર્થના સહ આ જીવ વિમલ-પ્રભુતા પ્રાપ્ત કરશે એવી શ્રદ્ધા સાથે સ્તવન પૂરું થાય છે. (કડી ૫-૬-૭)

નવલિકા, નવલકથા કે નાટક તેની શાબ્દિક સમાપ્તિ સાથે પૂરું થાય છે. પરંતુ કાવ્ય એ રીતે પૂરું થતું નથી, ભાવકના હૃદયમાં એનું ગૂંજન સતત ચાલુ રહે છે. પ્રસ્તુત સ્તવનના શાબ્દિક પૂર્ણ વિરામ સાથે સહૃદય ભાવક, નદી સાગરમાં નામરૂપ છોડીને વિલીન થાય તેમ, વિમલ-પ્રભુતા અને પ્રકાશની ઝાંખીના આનંદ હિલોળે ચડે છે, અને ઝૂલણા છંદમાં રચાયેલી આ રચના એના હૃદયમાં સતત ગૂંજે છે. સરળ શૈલીની રચના પણ એમાં નિમિત્ત બને છે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૭૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧૬-૫-૮૩ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે સિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પ્રતિષ્ઠાનો પ્રશ્ન

★ રમણલાલ ચી. શાહ

વ્યક્તિ, સંસ્થા, સમાજ કે રાષ્ટ્રની અમુક કક્ષાની પ્રતિષ્ઠા બંધાઇ ગયા પછી તે જાળવી રાખવાનું કાર્ય કઠિન હોય છે. કયારેક તેમ કરવા જતાં દંભ, અસત્ય, દ્વેષ, જેવા દુર્ગુણોથી માંડીને અનાચાર કે હિંસા સુધી માણસ પહોંચે છે. પોતાની પ્રતિષ્ઠા વધતી ન હોય તો પણ અન્ય પક્ષની પ્રતિષ્ઠા પોતાના કરતાં વધી જાય તે પણ તેનાથી સહન થતું નથી. એ પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા માટે માણસ દ્વેષ, ઈર્ષા, અસત્ય, જૂઠા આક્ષેપો, અપમાન, અપશબ્દ સુધી પહોંચી જાય છે. પ્રતિષ્ઠા કયારેક નશો બની જાય છે અને 'બીડી ઉપર કટક' જેવું વેર પણ લેવડાવે છે.

આસામ પછી પંજાબમાં જે હિંસાત્મક બનાવો કેટલાક સમયથી બની રહ્યા છે તેમાં દરેક પક્ષે પ્રતિષ્ઠાનો પ્રશ્ન મહત્ત્વનો બની ગયો છે.

મુંબઇમાં મિલ મજદૂરોની હડતાળ લગભગ સવા વર્ષથી ચાલે છે. આ પ્રશ્ન તરત ન ઉકલી શકે એવો અટપટો નથી પરંતુ પોતાપોતાની પ્રતિષ્ઠા દરેક પક્ષને તેમ કરતાં અટકાવે છે. તેનું કપરું પરિણામ ભોગવવું પડે છે, બિચારા મિલ-મજદૂરોને. આ પ્રશ્નનાં બીજા ઘણાં પાસાં હોઇ શકે અને દરેક પક્ષે બીજા પક્ષની વિરુદ્ધ ઘણું બધું સાચું કહેવાનું હોય તો પણ એમાં માનવતાની દૃષ્ટિ બાજુ પર રહી જાય છે એમાં શંકાને સ્થાન નથી.

આજેન્ટિનાએ બ્રિટનના ફોકલેન્ડ ટાપુ ઉપર આક્રમણ કર્યું ત્યારે બ્રિટનને માટે તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો. પોતાની પ્રતિષ્ઠા ટકાવી રાખવા માટે કેટલા બધા નિર્દોષ માણસોનો બ્રિટન દ્વારા ભોગ લેવાયો!

મુંબઇમાં એક મોટા બિલ્ડર પાસે પોતે વેચેલી જમીનના પૈસાની ઉઘરાણી પાંચ માણસ વચ્ચે કરનાર એક સાધારણ વેપારીને બરાબરનો પાઠ ભણાવવા માટે એ બિલ્ડરે પૈસા આપવાનો ઇનકાર કરી, કોર્ટે ચઢી, કેસ લાંબાવ્યા કરી, સામા પક્ષના વકીલને ફોડી લેવા વેપારીને પાયમાલ કરી દેવાભેગો કરી દીધો.

મુંબઇની એક કોલેજે કેટલાંક વર્ષ પહેલાં કશા જ વાંક વગર છૂટી કરેલી બે મહિલા પ્રાધ્યાપિકાને યુનિવર્સિટીના આદેશની અવગણના કરીને નોકરીમાં પાછી ન લીધી તે ન જ લીધી. કોલેજની પ્રતિષ્ઠાને ખાતર યુનિવર્સિટીને કંઇક વચલો રસ્તો કાઢવો પડ્યો. પરંતુ તેથી લાચાર પ્રાધ્યાપિકાઓને થયેલો અન્યાય તો દૂર થયો જ નહીં. મુંબઇની બીજી એક કોલેજના એક આચાર્યને બે વર્ષની કાયમી નોકરી પછી અચાનક છૂટા કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીની ટ્રાયબ્યુનલે તેમને પાછા લેવા માટે આદેશ આપ્યો છે, પરંતુ મેનેજમેન્ટ પૈસાને જોરે એને હવે કદાચ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવે તો નવાઇ નહિ.

આ તો થોડાક દાખલા આપ્યા. આવાં તો કેટલાંય ઉદાહરણો પોતાની આસપાસનાં કુટુંબોમાંથી કે સમાજમાંથી દરેક વ્યક્તિ આપી શકે. અદાલતોના સેંકડો કિસ્સાઓમાં પ્રતિષ્ઠાનો પ્રશ્ન સંકળાયેલો હોય છે. નાનાં નાનાં કુટુંબો અને મંડળોથી માંડીને મોટી સંસ્થાઓ અને સરકાર સુધી આ દૂષણ વ્યાપેલું હોય છે. કયારેક બે દેશો વચ્ચેના મોટાં યુદ્ધોનાં બીજ બે રાજ્યકર્તાઓથી જાણતાં-અજાણતાં એકબીજાની ઘણ સચવેલી નાની-મોટી અવહેલનામાં રહેલાં હોય છે. પ્રતિષ્ઠાનો પ્રશ્ન કેટલી મોટી હિંસા કરાવી શકે છે તે એવાં યુદ્ધો વખતે જોવા મળે છે.

જ્યાં સત્તાધાર વ્યક્તિ પાસે સત્તા ઘણી હોય છે અને સંસ્થાઓના પૈસા ઉપર અધિકાર મોટો હોય છે ત્યાં તેઓ કયારેક પોતાની વ્યક્તિગત પ્રતિષ્ઠાને ખાતર સંસ્થા પાસે ભોગ ચઢાવતા હોય છે. આપણા દેશમાં કાયદાનું ચક્ર એટલું લાંબું છે કે કેટલીક વખત ન્યાયનો વિજય થાય છે એમ કહેવા કરતાં અંતે પૈસાનો વિજય થાય છે એમ કહેવું બરાબર છે. જેઓ પાસે અતિશય સંપત્તિ છે તેઓ પોતાની સંપત્તિના જોરે પોતાની પ્રતિષ્ઠા બચાવવા માટે ઘણાં મોટાં અન્યાયયુક્ત કાર્યો કરી લે છે.

પોતાની પ્રતિષ્ઠાને ખાતર બીજા ઉપર વેર લેવા જતાં દરેક વખતે માણસ ફાવી જ જાય છે એવું નથી હોતું. કયારેક તેમ કરવા જતાં પોતાની પ્રતિષ્ઠા તો ગુમાવે જ છે, પરંતુ સાથેસાથે સંપત્તિ, સત્તા, સંતાનો વગેરે ઘણું બધું ગુમાવવું પડે છે. 'હું મરું પરંતુ તને તો રાંડ કરું જ' જેવા રૂઢપ્રયોગમાં આ પ્રતિષ્ઠાતીજ હોળી દેખાય છે. સમાજની કેટકેટલી પ્રતિષ્ઠિત વ્યક્તિઓને આવા રૂઢપ્રયોગનો ભોગ બનતી જોઇએ છીએ ત્યારે ખેદ થાય છે.

એક વખત ગયેલી પ્રતિષ્ઠા ફરી પાછી સહેલાઇથી આવતી નથી. કેટલાક એમ માને છે કે એક વખત જો નમતું જોખ્યું તો પછી શેરીનું કૂતરું પણ પોતાને બચકું ભરી જશે. માટે માથું ઊંચકનારને પહેલેથી એવી રાતી આંખ બતાવવી કે જિંદગીમાં એને બરાબરનો પાઠ મળે.

જેઓ પેતરકેન પ્રકારેણ પોતાની પ્રતિષ્ઠા સાચવવાનો પ્રયત્ન કરતા હોય છે, પરંતુ અંદરથી પોલા ને પાંગળા હોય છે તેઓ વસ્તુતઃ પોતાની પ્રતિષ્ઠાના ભ્રમમાં જ રહે છે. જ્યારે વાસ્તવમાં કર્ણોપકર્ણ તેમની વગોવણી જ

થતી હોય છે. એવા માણસોને જ્યાં જ્યાં ત્યાં પોતાનો બચાવ કરતા રહેવું પડે છે. પરંતુ પોતે કેટલા ખોટા હોય છે તે તેઓ મનથી જાણતા હોય છે.

વ્યક્તિ, સંસ્થા, સમાજ કે રાષ્ટ્રે શું પોતાની પ્રતિષ્ઠાનો બચાવ ન જ કરવો? એમ તો કેમ કહેવાય? ક્યારેક એવા પ્રસંગ પણ આવે કે પ્રતિષ્ઠા બચાવવા ખાતર પ્રાણ પણ અર્પણ કરવા પડે. પરંતુ પોતાને પક્ષે સત્ય હોય, ધર્મ હોય, ન્યાય હોય તો જ તે શોભે. દેખીતો અન્યાય હોય, હડહડતું જૂઠાણું હોય, વેર લેવાની વૃત્તિ હોય, નર્યો અધર્મ હોય અને માત્ર પ્રતિષ્ઠાને ખાતર વિપક્ષને પાયમાલ કે નામશેષ કરી નાખવાનો વિચાર જેમના ચિત્તમાં સ્ફુરે છે તેમનું દુરાચરણ મોડું-વહેલું પણ અપકીર્તિને પામ્યા વગર રહેતું નથી.

જ્યારે જ્યારે પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે પોતાને પક્ષે દંભ, અસત્ય, અન્યાય, વેરવૃત્તિ તો નથી રહેલાં ને? એની ખોજ સાચા માણસોએ કરવી ઘટે. એને જો એમ લાગે તો તેમણે પોતાની પ્રતિષ્ઠાના ભોગે પણ પોતાનો મત કે આગ્રહ પડતો મૂકવો જોઈએ. તેવું માનવતા ચુકત વર્તન કરનારને લાંબે ગાળે વધુ સાચી પ્રતિષ્ઠા મળે છે.

## ગો-વંશ રક્ષા સત્યાગ્રહ : આપણી ફરજ

ગો-કુળની રક્ષા માટે પૂ. વિનોબાજીની સૂચનાનુસાર તા. ૧૧-૧-૧૯૮૨ થી દેવનાર કતલખાના પર શ્રી અચ્યુત દેશપાંડેના નેતૃત્વ હેઠળ સત્યાગ્રહ સતત ચાલુ છે! અત્યાર-સુધીમાં થયેલાં સત્યાગ્રહોમાં કદાચ આ સત્યાગ્રહ સૌથી લાંબો અને સઘન રહ્યો છે. દેશના વિભિન્ન ખૂણેથી આવતા સત્યાગ્રહીઓના ભોજન અને નિવાસ આદિ પ્રબંધ માટે અત્યારસુધીમાં આશરે રૂા. દસ લાખનો ખર્ચ થઈ ચૂક્યો છે.

આ સત્યાગ્રહમાં સાધુ-સંતોએ ભાગ લીધો છે. પૂ. વિનોબા એના પ્રેરક છે, એ ઉપરાંત અસંખ્ય ભાઈઓ-બહેનોના નિયમિત સત્યાગ્રહથી મહારાષ્ટ્ર સરકારમાં કરુણાનો આવિર્ભાવ થવો જોઈતો હતો. ઓછામાં ઓછું ગાય, બળદ અને વાછરડાંની ગેરકાનૂની કતલ બંધ કરવાનો નિર્ણય આ સત્યાગ્રહને પરિણામે લેવાવો જોઈતો હતો. પરંતુ એમ થયું નથી સરકારની મનોવૃત્તિમાં પણ આ અંગે કાંઈ પરિવર્તન થયું હોય એવા ચિહ્નો જણાતા નથી. કદાચ સત્યાગ્રહ શાંત હોવાથી તાકીદનો ઉકેલ માગતા પ્રશ્ન તરીકે સરકારને મન એની ગણના નહીં હોય અથવા સત્યાગ્રહ નિમિત્તે થતાં ખર્ચથી આયોજકો લાંબે ગાળે થાકી જાય અને અંતે સત્યાગ્રહ ભાંગી પડે એવી ગણતરીથી કદાચ સરકારે શું આ પ્રશ્ન અંગે ઉપેક્ષાવૃત્તિ કે ઉદાસીનતા દાખવી હશે?

સાચી વાત એ છે કે આ માત્ર ધાર્મિક લાગણીનો પ્રશ્ન નથી. આર્થિક દૃષ્ટિએ પણ ગો-કુળ રક્ષાની તાતી જરૂરિયાત છે. કેટલા લાંબા સમય સુધી સત્યાગ્રહ ચાલુ રાખવો પડે તેની ચિંતા કર્યા વિના તે ચાલુ રાખવો જોઈએ. એ માટે અહિંસા અને કરુણાનો સંસ્કાર વારસો ધરાવતા, આર્થિક દૃષ્ટિએ સંપન્ન દાતાઓ, ધર્માદા અને સાર્વજનિક ટ્રસ્ટો, જૈન સંઘો અને જીવદયાની સંસ્થાઓ આદિએ આવા સત્યાગ્રહના આયોજકોની આર્થિક ચિંતા વહોરી લેવી જોઈએ. આ સત્યાગ્રહ સતત ચાલુ રહે એ માટે નીચેના સરનામે-

"શ્રી અખીલ ભારત કૃષિ ગો-સેવા સંઘ" ના નામે ચેક અથવા રોકડેથી સહાય મોકલવાની તેના કાર્યાધ્યક્ષથી તુલસીદાસ વિશ્રામે જાહેર વિનંતી કરી છે: આ સંસ્થાને અપાતું દાન આવક વેરા ધારાની કલમ ૮૦ (G) અનુસાર કરમુક્ત છે.

**શ્રી અખીલ ભારત કૃષિ ગો સેવા સંઘ**
ભારતીય વિદ્યાભવન, ચોપાટી
મુંબઈ ૪૦૦૦૦૭ ફોન: ૩૬૬૩૧૩

ગો-વંશનો સંહાર એટલે ગો-કુળનો નાશ યા-(ગોકુળને) દવ!

આવો, આવા ઉમદા કાર્યને આપણે સૌ વધાવી લઈએ!

## શ્રી ભારત જૈન મહામંડળનું ૪૪ મું અધિવેશન

જૈન ધર્મની શ્વેતામ્બર મૂર્તિપૂજક, સ્થાનકવાસી, દિગમ્બર અને તેરાપંથાદિ ફિરકાઓની એક સંસ્થા શ્રી ભારત જૈન મહામંડળની ઈ. સ. ૧૮૯૯માં સ્થાપના થઈ હતી. બી. પી. એમ. હાઈસ્કુલના પટાગણમાં (ખાર, મુંબઈ પ્રાન્તે) તા. ૩૦મી એપ્રિલ અને તા. ૧લી મે, ૧૯૮૩ના રોજ શ્રી દીપચંદ એસ. ગાર્ડીના અધ્યક્ષપદે ૪૪ મું અધિવેશન યોજાયું હતું. અત્યાર સુધીમાં આ રીતે યોજાયેલા અધિવેશનમાંથી ગુલાબચંદજી ઢઢ્ઢા, શ્રી વા. મો. શાહ, શ્રી અમૃતલાલ શેઠ, શ્રી ઋષભદાસજી રાંકા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ આદિ પ્રતિભાસંપન્ન વ્યક્તિ-ઓનું નેતૃત્વ સાંપડ્યું હતું.

ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી આવી સંસ્થાના અધિ-વેશનથી ઉત્સાહ, ઉમંગ અને ઉમંગથી કાર્યશીલતા વધે છે. પરંતુ ક્યારેક નિત્યક્રમ જેવી ચીલાચાલુ જેવી પણ એની કાર્યવાહી બને છે. એવું થતું હોય તો પણ સમાજ અને સંસ્થાના સાતત્ય માટે, સમયના તકાદાને અનુરૂપ અપનાવવા જેવા નૂતન અભિગમ અને વિચાર વિનિમય માટે તેમજ સભ્યપદ દ્વારા નવા લોહીના સમાવેશ માટે પણ ચોક્કસ સમયના આંતરે આવા યોજાતા અધિવેશન આદિ-કાર્યવાહી આવકાર્ય બની રહે છે. શ્રી ભારત જૈન મહામંડળના ૪૪ મા અધિવેશનનું મૂલ્યાંકન આ ભૂમિકાના સંદર્ભમાં નિઃશંક કરી શકાય. અધિવેશનમાં જણાતી પાંખી હાજરી અંગે અધ્યક્ષ સહિત મોટાભાગના વકતાઓ અચાવ કે ટીકારૂપે દાખવેલી ચિંતા પણ આ રીતે મૂલવી શકાય. આવા અધિવેશનની સફળતાનો માપદંડ ગુણવત્તા લેખાવી જોઈએ. અલબત્ત, સંખ્યા પણ એક પાસું છે.

પૂ. મહાસતીશ્રી પ્રીતિસુધાશ્રીએ અહિંસા ધર્મની વિશદ છણાવટ કરતાં જણાવ્યું: 'આપણી અહિંસા નિર્માલ્યો-કાયરોની અહિંસા બની છે, મહા-જનની રહી નથી. મહા-જનની અહિંસા રહી હોત તો કતલખાનામાં થતી બેધડક હિંસા ચાલુ રહી શકી ન હોત. અહિંસા અને શાકાહારનો પ્રચાર પણ આપણે અહિંસક અને શાકાહારી સમાજ વચ્ચે જ કરીએ છીએ. એનો શો અર્થ? એથી અહિંસક સમાજનું ફલક વિસ્તરતું નથી. આજે હિંસા ભણી વળેલાં લોકોને પ્રતિબોધ પમાડવાની ખાસ જરૂર છે.' ઈ. સ. ૧૯૬૪ માં શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની જન્મશતાબ્દી અંગે પૂ. કાકાસાહેબ કાલેલકરને મારે મળવાનું થયું ત્યારે તેમણે પણ આ બાબત અંગે કરેલી સૂચક ટકોરનું આ પ્રસંગે મને સ્મરણ થયું. વધુમાં મહાસતીજીએ જૈન કોન્વેન્ટ શરૂ કરવાની હિમાયત કરીને બધા ય ફિરકાઓને માન્ય એવા સૂત્રો અને કર્મગ્રંથાદિના અભ્યાસની સુવિધા કરવાનો એમણે અનુરોધ કર્યો. આ અધિવેશનમાં પૂ. આચાર્ય શ્રીવિજયકીર્તિચંદ્રસૂરિ આદિ સાધુ ભગવંતો, અધ્યક્ષ શ્રી દીપચંદભાઈ ગાર્ડી, નિવૃત્ત થતા પ્રમુખશ્રી અભયકુમાર કાંસલીવાલ, ઉદ્ઘાટક શ્રી શ્રેયાંસ-પ્રસાદ જૈન, સ્વાગત પ્રમુખશ્રી નૃપરાજજી જૈન, મંત્રીશ્રી જવાહર એમ. શાહ, ન્યાયમૂર્તિશ્રી આશકરણ તાતેડ આદિએ કરેલા પ્રાસંગિક વકતવ્યોમાં જૈનોની એકતા પર ભાર મૂક્યો હતો અને જૈન તીર્થોને, અમૃતસરના સુવર્ણ મંદિરના માફક, પૂર્ણ અહિંસા ક્ષેત્ર તરીકે જાહેર કરવાની માંગણી કરતો ઠરાવ અધિવેશનમાં પસાર કરવામાં આવ્યો હતો.

# ખરા વિજય માટેની જીવન સાધના

ડૉ. ગુણવંત શાહ

એક માણસ બીજા માણસ સાથે સુજનતાભર્યો વ્યવહાર રાખે એટલી અપેક્ષા રાખનારાઓ આ દુનિયા પર મોટી સંખ્યામાં જીવે છે. કદાચ દુનિયા આટલી સાદીસીધી મૂળભૂત અપેક્ષા રાખીને જીવતા બહુસંખ્ય માણસોને કારણે જ હજી ટકી રહી છે. પ્રશ્ન એ થાય કે: માણસ માણસ વચ્ચેની સુજનતાના પાયામાં કઇ બાબત હોઈ શકે? આવી સુજનતાના પાયામાં હિંસા હોઇ શકે ખરી? આવી સુજનતાની આધારશિલા વેર હોઇ શકે? પરિગ્રહવૃત્તિ આવી સુજનતાનું આધરબિંદુ બની શકે ખરું? ઘડીભર બધા જ ધર્મોને બાજુએ મૂકીએ તો ય એટલું કહેવું પડશે કે માણસ–માણસ વચ્ચેના સુજનતાભર્યા સુમેળ માટે અહિંસા, અવેર અને અપરિગ્રહને જીવનમાં યોગ્ય સ્થાન આપવું રહ્યું.

બે માણસો વચ્ચેની તકરારનો ઉકેલ બળપ્રયોગથી જ આણવાની વાત હોય તો સમજી લઇએ કે પશુઓમાં પણ એ રીત પ્રચલિત છે. જો વેર ભૂલવાનું કે વેરવૃત્તિને ઠંડી રાખવાનું કોઈ મૂલ્ય ન હોય તો એટલું સ્વીકારી લઇએ કે એવી વૃત્તિ માનવ માનવ વચ્ચેના સુમેળને પોષનારી નથી. જો ભેગું કરીને સઘળું પચાવી પાડવાનો છૂટો દોર મળે તે સમાજમાં સુમેળ ટકી રહે એ શક્ય નથી જણાતું. જે સમાજમાં હિંસા, વેર અને પરિગ્રહની જ બોલબાલા હોય એ સમાજના સભ્યો વચ્ચે મારામારી, દ્વેષ અને ઝુંટાઝુંટનો જ વ્યવહાર હોઈ શકે; સુજનતાનો નહીં. આવા સમાજમાં ન ગમતા કે પછી ન જોઇતા માણસને ઢાળી દેવાનો કે ધાયલ કરવાનો રિવાજ હોઇ શકે. આવા સમાજમાં કોઇ મને નુકસાન પહોંચાડે તો એને નુકસાન પહોંચાડયા સિવાય હિસાબ ચુકતે કરવાનો બીજો કોઇ માર્ગ ન રહે, આવા સમાજમાં દસ કેરી ખાવા માટે પંદર માણસો હોય તો પ્રત્યેક માણસ વધુમાં વધુ કેરી પડાવી લેવાની જ કોશિશ કરે અને કયારેક એકાદ પરિગ્રહ-સમ્રાટ પંદરે પંદર કેરીઓ પડાવી લે એમ પણ બને.

કહેવાનું એટલું જ કે અહિંસા, અવેર અને અપરિગ્રહના આદર્શોને પૂરી સમગ્રતાપૂર્વક અમલમાં ન મૂકનારા સમાજે પણ મૂલ્ય તરીકે તો એ જ આદર્શોને આદરભર્યું સ્થાન આપવું રહ્યું. મૂલ્ય હિંસાનું, વેરનું કે પરિગ્રહનું હોઈ ન શકે. મૂલ્ય મારામારી, કાપાકાપી, અદેખાઇ, દ્વેષ, બદલો લેવાની વૃત્તિ કે મારીબથાટીને પડાવી લેવાનું કે ભેગું કરવાનું ન હોઈ શકે. આજથી લગભગ અઢી હજાર વર્ષો પહેલાં ભગવાન મહાવીર સ્વામીએ અહિંસાને, અવેરને અને અપરિગ્રહને પાયાનાં મૂલ્યો તરીકેની પ્રતિષ્ઠા આપીને લોકકેળવણીનું, લોકક્રાંતિનું અને મૂલ્યપરિવર્તનનું મહાન કામ કર્યું.

થોડા વખત પર એક નવલકથા બહાર પડી, જેનું નામ છે: 'Worldy Goods' અને લેખક છે, માઇકલ કોરડા. નવલકથા, હિટલરના જીવન પર આધારિત છે અને એમાં હિટલરને શાકાહારનો હિમાયતી બતાવવામાં આવ્યો છે. એ નવલકથામાં પોલ ફ્રોસ્ટરના પાત્રના મોંમાં લેખકે બે સુંદર વાક્યો મૂક્યાં છે:

(૧) વેરની વાનગી તો ઠંડી પડે પછી જ આરોગેલી સારી, (The dish of revenge is best eaten cold).

(૨) સુંદર રીતે જીવવું એ વેર લેવાનો ઉત્તમ માર્ગ છે. (Living well is the best revenge).

કોઈ મહાત્માના મોંમાં જ શોભે એવાં આ વાક્યો હવે આજની દુનિયાની વાસ્તવિકતામાં સામાન્ય માણસે પણ સમજીને આત્મસાત્ કરવાં પડશે.

ભગવાન મહાવીરની એક મૌલિક દેણગીનું સ્મરણ કરી લઇએ. 'વિજય' શબ્દ સાથે હંમેશાં બીજો માણસ (The other person), બીજો પક્ષ, બીજો સમાજ, બીજું રાજ્ય આપોઆપ જોડાઇ જાય. કેમકે અવર ન હોય તો વિજય માટે કોઇ જ ગૂંજાઇશ રહેતી નથી. કોઇક વિજેતા બને તે માટે બીજો કોઇક પરાજિત બને એ અનિવાર્ય ગણાય. કોઈ જ હારે નહીં, ત્યાં સુધી કોઇ જીતે શી રીતે? ટૂંકમાં વિજય પણ પરાજયનો ઓશિયાળો જ ગણાય! જ્યાં વિજય–પરાજયનું દ્વન્દ્વ (Dichotomy) હોય ત્યાં હિંસા, વેર, રાગ, દ્વેષ, પરિગ્રહ, પૂર્વગ્રહ, દુરાગ્રહ અને અસૂયા જેવાં દૂષણો આપમેળે ચાલ્યાં જ આવે. મહાવીર સ્વામીએ 'વિજય' શબ્દને એક નવો જ આયામ (ડાઇમેન્શન) આપ્યો. 'જીતવી જાતને સારી, અન્યને જીતવા થકી,' આ પંક્તિમાં વિજય અવરપણા (Otherness) માંથી છૂટકારો પામતો જણાય છે. વિજય કોઇક પર નહીં, પોતાની જાત પર મેળવવાનો છે. વિજય પોતાની જ વૃત્તિઓ પર, અપર્યાપ્તતાઓ પર અને ઇન્દ્રિયો પર મેળવવાની વાત મહાવીરસ્વામીએ કરી. સિકંદરના 'વિજય'માં અને મહાવીરના 'વિજય'માં પાયાનો ફરક છે. ખરો 'વિજય' બીજા રાજ્ય કે દેશ કે સમાજ પર મેળવવાનો નથી. આવો વિજય તો કયારેક હિટલર જેવો આદમી ય મેળવી શકે. પોતાની વૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કરવાનું શત્રુને પરાજિત કરવા કરતાં અનેકગણું મુશ્કેલ છે એ વાત મહાવીરે આપણને સમજાવી. આપણા જીવનમાં બને છે એવું કે આપણે ઘણુંખરું ઇન્દ્રિયોના તાબામાં હોઇએ છીએ; ઇન્દ્રિયો આપણા કાબામાં નથી હોતી. આ અર્થમાં આપણે ઇન્દ્રિયોનાં ગુલામ હોઇએ છીએ. આવો ગુલામ માણસ કોઈ બીજા માણસ કે વિસ્તાર પર કબજો જમાવે તો ય અંદરથી તો ગુલામ જ રહી જવા પામે છે. કહેવાતા સમ્રાટો પણ આ અર્થમાં 'સમૂહ ગુલામો' જ હતા ને! મહાવીરે આવી 'અંદરની ગુલામી'માંથી છૂટવાનો માર્ગ બતાવ્યો.

કોઈ મને ગાળ દઇ જાય અને હું કલાકો સુધી વિહ્વળ બની રહું તો, હું સ્વતંત્ર ગણાઉ ખરો? એક ટૂંક ખાવાનું ન મળે એટલામાં માણસોને ઊંચાનીચા થઈ જતા આપણે નથી જોતા? એકાદ અણગમતી બાબત આપણો આખો દિવસ બગાડી મૂકે છે. આ બધું એટલું જ સૂચવે છે કે આપણે અંદરથી ગુલામ છીએ. માનવીને આવી તો કંઈ કેટલી બાબતો પજવે છે. આવી પજવણી એ જીવનભર સહન કરતો રહે છે, ગુલામની માફક. આવી પજવણીમાંથી છૂટવા એ સતત ઝંખે છે. આ ઝંખના એ સ્વરાજ્યની ઝંખના છે; સાચા વિજયની ઝંખના છે. આવા ખરા વિજય માટે મથવું એ જ જીવનસાધના. આ એવો વિજય છે, જેમાં બીજા કોઇનો પરાજય હોતો નથી.

આવી જીવનસાધનાનો મર્મ સમજનારા ભગવાન મહાવીરે જગતને અહિંસાનો સંદેશ આપ્યો. અણુયુદ્ધના ઓથાર નીચે જીવતી આજની ત્રસ્ત, ગ્રસ્ત, અસ્વસ્થ પ્રજા માટે મહાવીર પ્રભુના આ સંદેશની પ્રસ્તુતતા ઘણી છે. એમના અહિંસાના સંદેશની અવગણના આપણે સર્વનાશ નોતરીને જ કરી શકીએ.

વિગ્રહ અને પરિગ્રહ વચ્ચેનું સગપણ સદીઓ જૂનું છે. જે સ્વામીત્વ છોડે તે જ ખરો સ્વામી. આ અર્થમાં મહાવીર પ્રભુ ઔદાર્યના સ્વામી હતા.

'અહિંસા પરમો ધર્મ' એ સૂત્ર કેવળ બોલવાનું સૂત્ર નહીં, પરંતુ વિશ્વશાંતિની ઝંખના ધરાવતી પ્રજાનું જીવન સૂત્ર બની રહે એવી પરિસ્થિતિ વિજ્ઞાને સર્જી છે.

આપણે હવે આપણી રસમો બદલ્યે જ છૂટકો છે.

# જૈન વિદ્યાનાં અધ્યયન–સંશોધન કેન્દ્રોની સ્થાપના : કેટલીક વિચારણા

ડૉ. કે. આર. ચંદ્ર

[ જૈન વિદ્યાનાં અધ્યયન અને સંશોધન પ્રત્યે સમાજના અગ્રગણ્ય શ્રીમન્તોની રુચિ વધવા લાગી છે તે એક સારો સંકેત છે. થોડાંક વખત પહેલાં જલગાંવથી જૈન વિશ્વવિદ્યાલયની સ્થાપના માટે અતુલ ધન–રાશિના દાનની સ્તુત્ય ઘોષણા કરવામાં આવી હતી, તો મદ્રાસ શહેરના જૈનોએ ત્યાંના વિશ્વ–વિદ્યાલયમાં જૈન વિદ્યાનો એક અલાયદો વિભાગ શરૂ કરતા માતબર રકમ આપવાનું નક્કી કર્યું છે. સકળ સંઘ આવી પ્રવૃત્તિની મુક્તકંઠે પ્રશંસા કરશે એમાં કોઇ સંદેહ નહીં. આ આયોજનના આગેવાનો ખરેખર ધન્યવાદને પાત્ર છે. જૈન વિદ્યાને લગતા કેટલાક મુદ્દાઓ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યા છે. લાભાલાભની દૃષ્ટિએ તે વિષે વિચાર કરવો યોગ્ય લેખાશે. –તંત્રી]

ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવના સમયથી દેશના ખૂણે ખૂણે જૈન વિદ્યાકેન્દ્રોની સ્થાપના કરવાની પરંપરા ચાલી અને આનંદની વાત છે કે તે પરંપરા આજે પણ ચાલુ છે. બધા લોકો પોતપોતાના પ્રાચીન સાહિત્ય અને ધર્મના ક્ષેત્રમાં અનુસંધાનપૂર્વકના અધ્યયનમાં આગળ વધી રહ્યા છે. તેથી આપણે પણ તે દિશામાં પ્રગતિ સાધવી જોઇએ. આ એક ઉત્તમ પગલું છે અને તેના પુરસ્કર્તાઓનું આપણે હાર્દિક સ્વાગત કરવું જોઇએ. આની આવશ્યકતા એટલા માટે છે કે મધ્ય યુગમાં વિદ્યાના વિવિધ પાસાંઓનો જેટલો વિકાસ આપણે ત્યાં થયો છે, તેટલો આધુનિક સમયમાં થઈ શકયો નથી. વળી, જ્ઞાન પ્રત્યે જે રુચિ આપણા સમાજ અને શ્રમણ વર્ગમાં હોવી જોઇએ તે આજે અલ્પ પ્રમાણમાં નજરે આવે છે. આપણો સમાજ મુખ્યત્વે કરીને વ્યાપારીવર્ગ હોવાને કારણે બીજા આડંબરોથી વધુ આકર્ષાય છે. પરંતુ વિદ્યાના ક્ષેત્રમાં તેની રુચિ હ્રાસ પામતી છે. સંપૂર્ણ જાણકારીના અભાવે હમણાં હમણાં જે 'જૈનચેર' તથા અધ્યયન–કેન્દ્ર સ્થાપિત કરાયાં છે અને લાખો રૂપિયાનો જે ખર્ચ કરેલ છે તેનાથી શું આપણા ઉદ્દેશ્યની પૂર્તિ થાય છે ખરી? જેટલું કાર્ય થવું જોઇએ તેટલું શું તે કેન્દ્રોનું સંચાલન યોગ્ય વ્યકિતઓ દ્વારા થાય છે? આ બધી બાબત પર વિચાર કરવાની ખાસ જરૂર છે, નહીં તો સમાજ દ્વારા ખર્ચાયેલ નાણાંનું જે વળતર મળવું જોઇએ તથા અધ્યયન અને સંશોધનના ક્ષેત્રમાં જે ઉન્નતિ થવી જોઇએ તે થઈ શકશે નહીં અને આપણે પસ્તાવું પડેશે. આથી તે બહુ જરૂરી છે કે જૈન વિદ્યાનાં વિવિધ ક્ષેત્રોનાં જે વિખ્યાત વિદ્વાન, અનુભવી અને સ્વયં ભુકત–ભોગી લોકો છે તેમની પાસેથી યોગ્ય માર્ગદર્શન મેળવવું જોઇએ, જેનાથી આપણે કરેલ કાર્ય વ્યર્થ ન જાય.

સૌથી પહેલાં આપણે તે વિચારવું જોઇએ કે, આપણે માત્ર ભવ્ય ઇમારત બનાવવા નથી ઇચ્છતા કે ન માત્ર દાતાઓના નામની પ્રસિદ્ધિ અર્થે કાર્ય કરતા. આપણું ધ્યેય તો જૈનવિદ્યાના યોગ્ય વિદ્વાન તૈયાર કરવાનું છે, જેઓ અધ્યયન અને સંશોધનની પરંપરાને આગળ ધપાવી શકે. એ તો સર્વવિદિત છે કે ઉત્સાહી પ્રેરકો અને દાતાઓની ખોટ નથી. પરંતુ જૈનવિદ્યાના વિવિધ વિષયો, ધર્મ, દર્શન, સાહિત્ય, ઇતિહાસ, કલા અને સંસ્કૃતિ, આદિના આધુનિક વિદ્વાનોની અછત હોવાને કારણે અનેક 'જૈનચેર અને અનુસંધાન કેન્દ્રો માટે યોગ્ય સંચાલક મળી શકતા નથી, અને ત્યાં જે રીતે કાર્ય થવું જોઇએ તે પ્રમાણે થતું નથી. આથી આપણું પ્રથમ અને મૌલિક કાર્ય 'વિદ્વાનોનું સર્જન' તથા આ ક્ષેત્રમાં કાર્ય કરનાર 'લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થાઓને આર્થિક દૃષ્ટિએ સુદૃઢ બનાવવી' તે જ હોવું જોઇએ.

એ માટે નીચે દર્શાવેલા કેટલાક ઉપાયો આપણા ઉદ્દેશ્યની પૂર્તિમાં મદદરૂપ થઈ શકે તેમ છે.

૧. વિદ્યાર્થીઓ અને સંસ્થાઓને નીચે મુજબ યોગ્ય સહાય કરવામાં આવે :–

(૧) જૈનવિદ્યાનો અભ્યાસ કરનારને આકર્ષક શિષ્યવૃત્તિ (યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની સમકક્ષ શિષ્યવૃત્તિ) આપી પ્રોત્સાહિત કરવા.

(૨) આ રીતે તૈયાર થનાર વિદ્વાનો માટે નોકરી અંગે ઓછામાં ઓછી પાંચ વર્ષની બાંયધરી હોવી જોઇએ, જેથી તેમનું ભાવિ અંધકારમય ન બને.

(૩) જૈનવિદ્યાના ક્ષેત્રમાં કાર્યરત એવી લબ્ધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ તથા વિદ્વાનો પાસે વિદ્યાર્થીઓને મોકલવા જોઇએ અને આ ક્ષેત્રમાં વિકાસ સાધવા માટે યોગ્ય વિદ્વાનોની સલાહ લેવી.

(૪) જે જે સંસ્થાઓએ આ ક્ષેત્રમાં આદ્વતીય કાર્ય કર્યું છે તેને તથા આર્થિક દૃષ્ટિથી ડામાડોળ જણાતી સંસ્થાઓને સુદૃઢ કરવી.

(૫) જે પ્રદેશ કે રાજ્યમાં વિદ્યાર્થીઓ સહેલાઇથી મળતા હોય ત્યાં અધ્યયન, પ્રકાશન તથા સંશોધન સંસ્થાઓને પ્રથમ તક આપવી.

(૬) પ્રાચીન સાહિત્યની હસ્તપ્રતો જ્યાં પ્રચૂર માત્રામાં ઉપલબ્ધ થતી હોય ત્યાં અધ્યયન અને સંશોધન માટે ઉપયુકત સાધન વસાવવા તથા સુવિધા પૂરી પાડવી.

(૭) સત્યશોધક વિદ્યા અને અનુસંધાન કેન્દ્રોમાં સાંપ્રદાયિક આગ્રહ ન રહે તેનું ધ્યાન રાખવું. અનેકાન્તવાદનું ઉલ્લંઘન ન થવું જોઇએ.

(૮) એ પ્રકારની સંસ્થાઓ માટે, જે રીતે બીજી વિદ્યા–સંસ્થાઓને મળે છે તે રીતે ભારત સરકાર, રાજ્ય સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન પાસેથી યોગ્ય અનુદાન મેળવવું. જૈન લોકો પણ ભારતના નાગરિક છે, કરદાતા છે, રાજ્યની આવક, વ્યાપાર, ઉદ્યોગ, લોક–ઉત્કર્ષ તથા અન્ય રાષ્ટ્રીય કાર્યોમાં પોતાનો સહયોગ આપવામાં પાછળ રહેતા નથી. તો પછી જૈન વિદ્યા તથા પ્રાકૃત ભાષાના ઉત્થાન તેમ જ વિકાસમાં તેમના તરફથી યોગ્ય સહકાર કેમ ન મળે? ખરેખર તો આ દિશામાં આપણા પ્રયત્નોમાં જ કચાશ છે. જો આ વસ્તુસ્થિતિથી આપણે પૂરેપૂરા માહિતગાર હોઇએ તો આપણા કાર્યોમાં તેમનો સંપૂર્ણ સહકાર મેળવવો અસંભવ નથી. જો આપણો આગ્રહ જ નહીં હોય તો અધ્યયન અને સંશોધનમાં સહાયતા કયાંથી મળશે?! કાર્ય કરવાની તથા કરાવવાની સજ્જતા હોવી જરૂરી છે.

(૯) જૈનવિદ્યાનું અધ્યયન અને સંશોધન ત્યારે જ યોગ્યરૂપે આગળ વધી શકે, જ્યારે પ્રાકૃત ભાષામાં રચાયેલ

મૌલિક ગ્રંથોનું અધ્યયન કરવામાં આવે. જૈન આગમ સાહિત્ય પછી તેના જ આધારે તથા સ્વતંત્રરૂપે, આગળ જતાં, વિપુલ પ્રમાણમાં પ્રાકૃત તેમજ સંસ્કૃત સાહિત્યની રચના થઇ છે, આથી પ્રાકૃત ભાષા અને સંસ્કૃત ભાષાનું જ્ઞાન અનિવાર્ય થઇ પડે છે. આ બન્ને ભાષાઓનો પૂરેપૂરો પરિચય પામ્યા પછી જ જૈનવિદ્યાની કોઇપણ શાખા-ધર્મ, દર્શન, સાહિત્ય, ઇતિહાસ, કલા, સંસ્કૃતિ-વગેરેમાં યોગ્ય પ્રગતિ થઇ શકશે, નહીં તો જે મૌલિક કાર્ય થવું જોઇએ તે થઇ શકશે નહીં.

પૂ. દાતાઓ, પ્રબન્ધકો અને અગ્રગણ્ય વ્યક્તિઓને અમારી સવિનય વિજ્ઞપ્તિ છે કે જૈન ચેરની સ્થાપના, જૈન સંસ્થાની સ્થાપના, ત્યાંના અધ્યાપકો અને સંચાલકોની નિયુક્તિ વગેરેનાં સમયે ઉપરની બાબતો પરત્વે પૂરેપૂરું ધ્યાન આપવામાં આવે. માત્ર દાન આપીને કે ધનસંચય થી જ પોતાને ધન્ય ન માને, નહીં તો જે કાર્ય થવું જોઇએ તે થશે નહીં; તથા ઉપયુક્ત કાર્યકર્તાઓની જગ્યાએ અયોગ્ય વ્યક્તિ આવી જતાં પાછળથી પસ્તાવું પડશે, જેમ આ પાંચ સાત વર્ષોમાં નવી સ્થપાયેલ કેટલીક સંસ્થાઓની બાબતમાં બન્યું છે. આ અનુભવની વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે.

સમગ્ર ચર્ચાનો સાર એટલો જ છે કે, નવી સંસ્થાની સ્થાપના કરવાથી, કે કોઇક સંસ્થાને આર્થિક સહાય કરવાથી કે ચેરની સ્થાપના કરવા માત્રથી જ ઇતિશ્રી આવી જતી નથી. પરંતુ જૈન વિદ્વાનો તૈયાર કરવામાં, સંશોધનનું મૌલિક કાર્ય કરાવવામાં આપણા ઉદ્દેશ્યની પૂર્તિ થાય છે કે નહીં તે ધ્યાન રાખવાનું છે. કેવી રીતે કાર્ય કરાવવું અને યોગ્ય વ્યક્તિઓ મેળવવી તે ધ્યાનમાં રાખીને જ પગલું ભરવું જોઇએ. વ્યાપારી વર્ગ નવીન વ્યાપાર, ધંધો, ઉદ્યોગ કે અન્ય કાર્ય શરૂ કરતાં પહેલાં બહુ સમજી વિચારીને લાભાલાભને ધ્યાનમાં રાખીને પગલું ભરે છે. તેથી આ કાર્યમાં પણ તેવી જ સતર્કતા અને દૂરંદેશિતા રાખશે તો કોઇના પૈસાનો દુર્વ્યય નહીં થાય એવી અમારી માન્યતા છે.

# સંતબાલજીના તપોવનમાં

સંકલન : પન્નાલાલ ર. શાહ

'સત્યનો વિજય હો', 'ન્યાયનો વિજય હો,' 'પ્રેમનો વિજય હો,' 'ગલીગલીમાં ગૂંજે નાદ, ગુરુદેવનો જયજયકાર,' 'સંતબાલજી અમર રહો' વગેરે સૂત્રો પોકારતા પૂ. મુનિશ્રી સંતબાલજીની પ્રથમ પુણ્યતિથિએ એમની અંતિમ સમાધિના દશ્યને એમના ભક્તોની સાથે હું જઇ રહ્યો હતો, ત્યારે મને તપોવનમાં વિચરતો હોવાની અનુભૂતિ થઇ.

મુંબઇ જેવા પ્રદૂષણ યુક્ત વાતાવરણથી મુક્ત ચીંચણના ધીરેધીરે છટાથી લહેરાતા-ઘૂઘવતા સમુદ્ર કિનારે અમે વહેલી સવારે પહોંચ્યા. આ જગ્યાએ પૂ. સંતબાલજી એમના અંતિમ વર્ષોમાં ધ્યાનસ્થ બેસતા. જાણે કન્યાકુમારીથી પ્રસારિત થયેલો સ્વામી વિવેકાનંદનો માનવ-પ્રેમનો, વિશ્વવાત્સલ્યનો સંદેશો આઝાદ ભારતના કર્મઠ યોગીએ અહીં ઝીલ્યો ! એમના અનુયાયી-ભક્તોએ એટલી જાગૃતિ રાખી કે આ સમાધિ-સ્થાન એક વર્ષમાં તૈયાર કરી, ખૂલ્લું મૂકવું અને આ સમાધિસ્થાન પરફૂલ પણ ન ચડાવવાની તાકીદ કરી, એનો અમલ કર્યો. પૂ. સંતબાલજીનો 'વ્યક્તિલોપ' નો આદર્શ આ રીતે સિદ્ધ કર્યો. સમાધિ પર પણ એમના ગુરુ કવિવર્ય નાનચંદ્રજી મહારાજનો જીવનમંત્ર સૌ પ્રથમ મૂકીને મુનિશ્રી સંતબાલજીનો 'ૐ મૈયા શરણમ્ મમ' એ જીવનમંત્ર એમના ચરણમાં મૂક્યો ન હોય અને ગુરુ-માતા-પ્રકૃતિને ખોળે તેઓ સમાધિસ્થ થયા ન હોય એવી સાદગીપૂર્ણ એની રચના છે. સમાધિસ્થાન ઉદ્ઘાટન વિધિના આધુનિક સંસ્કારથી મુક્ત રહ્યું એ અરબી સમુદ્ર પરથી આવતા મલયાનિલને આભારી હશે શું ?!

તેર એકર જમીનમાં વિસ્તરેલો આશ્રમ આંબાવાડી, ચીકુવાડી અને વનરાજિની વચ્ચે આવેલો છે. એક વર્ષમાં સાધના માટેનાં ચાર આવાસો તૈયાર થયા છે. નિવૃત્તિની વયે કે અહીંની જંજાળમાંથી છૂટીને શાંતિથી સાધના કરવાની જિજ્ઞાસા ધરાવતા સાધકો માટે આ આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. અહીં શ્રીમદ્ રાજચંદ્રનો અધ્યાત્મયોગ પૂ. ગાંધીજીનો અનાસક્તિ યોગ, પંડિત નહેરુની વિભાવના અને મુનિશ્રી સંતબાલજીના વિશ્વવાત્સલ્યનો સુ-યોગ થાય એવું આયોજન કરવામાં આવ્યું છે.

આંબાવાડીની મધ્યમાં અને પૂ. વિમલાતાઇના સાનિધ્યમાં સભા મળી. મુનિશ્રી સંતબાલ સાહિત્ય સંપુટના છ પુસ્તકોનું પ્રકાશન મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અને આપણા સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહના વરદહસ્તે કરવામાં આવ્યું. આ પુસ્તકોનું પ્રકાશન કરતાં એમણે કહ્યું: 'આપણને અહીંના વાતાવરણમાં એક વર્ષ બાદ પણ સાત્ત્વિકતાનો અનુભવ થઈ રહ્યો છે એ મુનિશ્રી સંતબાલજી સૂક્ષ્મરૂપે અહીં વિદ્યમાન છે એની પ્રતીતિ કરાવે છે. બોલાતા શબ્દોને તરંગ-લંબાઇ હોય છે. પરંતુ એ બધા શબ્દો ટકી શકતા નથી. સહજભાવે ઉચ્ચારાતી સંતની વાણીનું પોત ટકાઉ હોય છે. કારણ કે એની પાછળ સંતોનું ઉત્તમ ચારિત્ર અને તપોબળ હોય છે. મુનિશ્રી સંતબાલજી ઉત્તમ કોટિના વીરલ સંત હતા અને જૈન સાધુ હોવા છતાં કર્મઠ યોગી થઇને માનવ-પ્રેમ અને સેવાના કાર્યોમાં રત પણ (આસક્તિથી) વિરક્ત હતા.'

પૂ. વિમલાતાઇની નિશ્રામાં ત્રણ દિવસની સત્સંગ શિબિર યોજવામાં આવી હતી. એમણે કહ્યું: 'પૂ. મુનિશ્રી સંતબાલના પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું નથી. પરંતુ એમનામાં કર્તવ્યની ગંગા, પ્રેમ-વાત્સલ્યની યમુના અને કરુણાની સરસ્વતીનો ત્રિવેણી સંગમ થયો હતો.'

આ પ્રસંગે શ્રી દુલેરાય માટલીયાએ શ્રાવકના બાર વ્રત સાથે વાનપ્રસ્થ જીવન અંગિકાર કર્યાનો સંકલ્પ જાહેર કર્યો. તેઓ તેમનું શેષ જીવન આશ્રમમાં વીતાવશે, આશ્રમની વ્યવસ્થા સંભાળશે, એમના પત્ની અને સુપુત્ર ડો. પીયૂષભાઇ માટલીયાએ જાતે હાજર રહીને આ શુભકાર્યમાં સંમતિનો સૂર પૂરાવ્યો હતો. આ પ્રસંગે પૂ. મુનિશ્રી જ્ઞાનચંદ્રજી, પૂ. વિમલાતાઇ, શ્રી ભાલ નળ કાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખશ્રી ગુલામ મહમદ કુરેશી, ડો. રમણભાઇ અને શ્રી દુર્લભજીભાઇ ખેતાણીએ એમનું અભિવાદન કર્યું હતું, અને એમના આ સ્તુત્ય પગલાંની અનુમોદના કરી હતી.

કેન્દ્રમાતા મીરાંબેનના ભાવવાહી મધુર ભજનથી સમારંભનો પ્રારંભ થયો હતો. શ્રી અંબુભાઇ શાહે ગતવર્ષમાં થયેલી કાર્યવાહીનો ટુંકો અહેવાલ આપ્યો હતો. ત્યારે આભારવિધિ શ્રી ઉત્તમચંદ ગોસલીયાએ કરી હતી.

## સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક

# વસંત વ્યાખ્યાનમાળા: એક પ્રતિભાવ

★ કંચનલાલ તલસાણિયા

મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત કેન્દ્ર અને રાજ્યોના ભાવિ સંબંધો' ઉપરની વ્યાખ્યાનમાળા તા. ૪ થી ૭ એપ્રિલ ૧૯૮૩ સુધી તાતા ઓડિટોરિયમમાં રાખવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળા ખૂબ જ સફળ રહી.

માનનીય શ્રી મોરારજીભાઇ દેસાઇ, શ્રી બાબુભાઈ જશભાઇ પટેલ, શ્રી અતુલ મોતીલાલ સેતલવડ, ડૉ. ડી ટી. લાકડાવાલા અને શ્રી કુલદીપ નાયર જેવા મહાનુભાવોએ વિચારપ્રેરક વાણીમાં 'કેન્દ્ર અને રાજ્યોના ભાવિ સંબંધો'ના વિષય ઉપર પોતપોતાના જ્ઞાન અને અનુભવના નિચોડરૂપ જે મનનીય પ્રવચનો કર્યાં તેમાંથી તુલનાત્મક સમીક્ષા અને સારગ્રહણરૂપે નીચે મુજબના મુદ્દાઓ નોંધી શકાય.

૧. પૂજ્ય ગાંધીજીના નેતૃત્વ નીચે ભારતે આઝાદી મેળવ્યા પછી થોડા જ વખતમાં શ્રી સરદાર વલ્લભભાઇ પટેલે પોતાની આગવી દૂરંદેશી, વિચક્ષણ બુદ્ધિ અને શકિતથી દેશી રજવાડાઓનું સમજાવટથી વિલીનીકરણ કરીને ભારતને પ્રાદેશિક એકતા અને અખંડિતતા આપવામાં ખૂબ જ મૂલ્યવાન ફાળો આપ્યો.

૨. ભારતમાં ભાષા, ધર્મ, કોમ, નાતજાત, શિક્ષણ, સંસ્કાર, પહેરવેશની વિવિધતા છે. ભૌગોલિક પરિસ્થિતિ ભિન્ન ભિન્ન છે. છતાં પણ ભારત એક અને અખંડ છે.

૩. ભારતનું સાર્વભૌમત્વ સમર્થ અને અખંડિત રાખવા માટે કેન્દ્ર સરકાર, શકિતશાળી હોવી અને રહેવી જ જોઇએ. કેન્દ્રની નબળી સરકાર સમગ્ર દેશ માટે નુકસાનકારક છે.

૪. રાજ્યોની સરકાર પણ શકિતશાળી હોવી અને રહેવી જોઇએ.

૫. ભારતના બંધારણમાં રહેલી કાયદાની જોગવાઇને અનુરૂપ અને ભારતના બંધારણના માળખામાં રહીને, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ પોતપોતાની સરકારનો વહીવટ, લોકશાહી રીતે પ્રજાના પ્રતિનિધિઓથી ચલાવવો જોઇએ. સત્તાના વધારે કેન્દ્રીકરણની જરૂર નથી પણ વિકેન્દ્રીકરણની જરૂર છે.

૬. કેન્દ્રમાં કોઇપણ એક વ્યકિતની અબાધિત, અમર્યાદિત સત્તા ન હોવી જોઇએ. લોકશાહીમાં, વારસાગત સત્તા હોઈ શકે જ નહીં અને હોવી પણ ન જોઇએ. Dynastic Rule નો અભિગમ, વલણ અને તે દિશાની ગતિ, વ્યવસ્થા આયોજન અને પ્રયત્નો ભારતની લોકશાહી માટે ખતરનાક છે.

૭. શ્રીમતી ઇન્દિરા ગાંધીનું ૧૯૬૭ની આસપાસના સમયમાં રાજકીય સત્તારોહણ, ૧૯૭૭માં ટૂંક સમયનો રાજકીય વનવાસ, અને ફરી ૧૯૮૦માં સત્તારોહણ પછી, લોકશાહી મૂલ્યો, ભાવનાઓ, રીતરસમો અને કાર્યપદ્ધતિઓને ખૂબ જ ધસારો લાગ્યો છે.

૮. કેન્દ્રનું શાસન એવી રીતે જાણીજોઇને ચલાવવામાં આવે છે કે રાજ્યોનો પોતાની રીતે, પોતાની પરિસ્થિતિ, સંજોગો, દેશકાળ સ્થિતિ મુજબ, પોતાની શાન અને શકિત જળવાઈ રહે અને કુદરતી રીતે વિકાસ પામે તેવી રીતે, ભારતના બંધારણ મુજબ, સ્વાયત્ત રીતે રાજ્યવહીવટ ચલાવવા દેવામાં આવતો નથી, રાજ્યના મુખ્ય મંત્રીની નિમણૂંક રાજ્યના પ્રધાનમંડળમાં કોને લેવા, કોને ન લેવા, લીધેલાને પડતાં મૂકવા રાજ્યોની બંધારણ સભાઓનું અચાનક વિસર્જન, ગવર્નરોની નિમણૂંક તેમની ફેરબદલી, વગેરેનું સંચાલન કહેવાતી કેન્દ્ર સરકાર વતી શ્રીમતી ઇંદિરાજી અને તેમની કેટલીક વિશ્વાસુ વ્યકિતઓ કરે છે. જ્યાં સુધી કેન્દ્રમાં અને રાજ્યોમાં એક જ પક્ષની સરકાર હતી, ત્યાં સુધી પરિસ્થિતિ આદર્શ ન હતી છતાં ખરાબ પણ ન હતી. ભારતના મહાનુભાવો જેવાં કે જવાહરલાલજી, સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, રાજગોપાલાચારી વગેરેએ પોતાની સૂઝબૂઝથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે એક સંપ અને સુમેળ સાધી અને જાળવી શકયા હતાં. ભારતનું રાજકીય ચિત્ર બદલાવા માંડયું છે. તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કેરાલા, પશ્ચિમ બંગાળની રાજ્ય સરકારો જુદાજુદા રાજકીય પક્ષો એ ચૂંટણીઓમાં બહુમતિ મેળવીને રચી છે. બિનકોંગ્રેસી રાજ્ય સરકારોને પોતાનું સ્વમાન છે. તેમના ભૌગોલિક સાધનો, ખનીજની ઉપજો, ખેતીની પેદાશ વ્યાપાર અને ઉદ્યોગોની ખીલવણી અને વિકાસ, ત્યાંના રહેવાસીઓની રુચિ, વલણો અને આર્થિક, સામાજિક, અને સાંસ્કૃતિક પરંપરા મુજબ કરવાનો કાયદેસર અધિકાર અને સત્તા છે. તેમાં કેન્દ્ર તરફથી બિનજરૂરી દખલગીરી, રકાવટ રોકટોક, થાય છે. કેન્દ્ર સરકાર પોતાના પક્ષની રાજ્ય સરકારો પ્રત્યે અને બીજા પક્ષોની રાજ્યસરકારો વચ્ચે ઓરમાયું, ભેદભાવયુકત વર્તન રાખે છે. પરિણામે કેન્દ્ર અને રાજ્યના સંબંધોમાં સુમેળ અને સંપ, વધવાને બદલે ઘટે છે, ઘર્ષણની ભાવના અને વાતાવરણ સર્જાય છે, જે ભારતની અખંડિતતા વિકાસ અને સમૃધ્ધિ માટે હાનિકારક છે.

૯. રાજ્યસરકારો સરકારો, નથી રહી પણ મ્યુનિસિપાલીટી જેવી થઈ ગઈ છે.

૧૦, કેન્દ્રની રાજ્યસભા પાંજરાપોળ જેવી બની ગઇ છે.

૧૧. ભારતના ભાગલા પડશે નહીં, એકતામાં વિવિધતા, અને વિવિધતામાં એકતા, ભારત જાળવી શકશે. પ્રાદેશિકવાદ દક્ષિણના બિનકોંગ્રેસી રાજ્યોની કાઉન્સીલ, કેન્દ્ર સરકારની સત્તા સામે પડકાર કે બળવો નથી. બિનકોંગ્રેસી રાજ્યસરકારો ભારતમાંથી છૂટા પડવાની વાત નથી કરતી, પોતાની સાધન સામગ્રી, કુદરતી સંપત્તિમાં યોગ્ય હિસ્સો અને વિકાસની તકો માંગે છે. કેન્દ્રે ઉઘરાવેલા ઇન્કમટેક્ષ, કોર્પોરેટ ટેકસ ઇત્યાદિમાં વિશેષ લાગભાગ માંગે છે.

૧૨. આસામમાં પરદેશીના પ્રશ્નો, પંજાબમાં અકાલીઓની માંગણીઓની બાબતોને કેન્દ્ર સરકારે દેશના હિતોને લક્ષમાં રાખીને સમયસર પગલાં નહીં લેવાથી તેમ જ રાજકીય લાભાલાભની ગણતરી રાખીને જટીલ, ગૂંચવણભર્યાં બનાવી નાખ્યા છે તે પ્રશ્નોનો ન્યાયી અને તાત્કાલિક નીવેડો લાવવાની જરૂર છે.

૧૩. લોકશાહીના સાતત્ય, વિકાસ અને વૃદ્ધિ માટે સ્વતંત્ર ન્યાયાધિશોની સુપ્રીમકોર્ટમાં, પ્રાંતોની હાઇકોર્ટોમાં નિમણૂંક અને બઢતીની જરૂર છે. અખબારી અને વાણીની સ્વાતંત્ર્યની જરૂર છે.

૧૪. રેડીયો, ટેલિવિઝન જેવા પ્રચાર માધ્યમોને, સ્વાયત્ત બનાવી તેનો ભારતની બધી જ પ્રજાઓના વિકાસ માટે ઉપયોગ થાય અને સત્તાધારી રાજકીય પક્ષોના પ્રચારનું પડધમ કે વાજિંત્ર ન બની રહે તેવી નૂતન વ્યવસ્થા અને નિર્માણ કરવાની જરૂર છે.

૧૫. શ્રીમંત અને ગરીબો વચ્ચેની વર્ષોજૂની ખાઇ આઝાદી પછી ઘટવાને બદલે વધી છે. શિક્ષિત બેકારોની ફૌજમાં વધારો થયો છે. શિક્ષણક્ષેત્રે જબરી અંધાધૂંધી પ્રવર્તે છે. તેમાં આમૂલ અને ધરખમ ફેરફારો કરવાની જરૂર છે.

૧૬. ભારતના સામાન્યજનોને, ખેતમજૂરોને, નબળા વર્ગો અને અનુસૂચિત અને જનજાતિઓને, આર્થિક રીતે નોંધવા યોગ્ય લાભ મળ્યો નથી.

૧૭. જરૂર પડે ભારતના બંધારણમાં સુધારાવધારા કરીને પણ સામાજિક અને આર્થિક પ્રગતિ વિશેષ ઝડપી અને સઘન બને અને તેનો લાભ નબળા, અભણ વર્ગોને, નાતજાત કે ધર્મના ભેદભાવ વગર મળે અને પહોંચે તેવા ઉપાયો શોધવાની યોજનાઓ ઘડવાની અને તેનો તાત્કાલિક અમલ કરવાની જરૂર છે.

# નિરંતર આનંદનો પ્રવાહ

**યુવાચાર્ય મહાપ્રજ્ઞ** અનુ : **ગુલાબ દેઢિયા**

'હું દુઃખ ભોગવવા નથી જન્મ્યો.' આ ખૂબ મહત્ત્વપૂર્ણ સૂત્ર છે. જે વ્યક્તિને ખબર છે કે, પોતાની અંદર અસીમ આનંદ છે, તે વ્યક્તિ દુઃખ શા માટે ભોગવે? જેને આનંદની ખબર નથી તે દુઃખ ભોગવે છે. તે માને છે કે જેવા સંજોગ હોય તે પ્રમાણે દુઃખ ભોગવવું પડે. એને જ્યારે ખ્યાલ આવે કે, જે અજ્ઞાનને કારણે હું દુઃખ ભોગવી રહ્યો છું એ અજ્ઞાનને જ દૂર કરી દઉં તો આનંદ દૂર નથી.

જીવનના બે પક્ષ છે. એક આશાનો બીજો નિરાશાનો. એક ઉલ્લાસ અને હર્ષનો પક્ષ બીજો ચિન્તા અને વિષાદનો પક્ષ. એક ભય અને બીજો અભયનો પક્ષ. મનુષ્યસ્વભાવ ચિન્તા, નિરાશા અને ભયને જલદી પકડી લે છે. આનંદ આશા અને અભયને જલદી નહિ પકડે.

અમેરિકાના ભૂતપૂર્વ કૃષિમંત્રી એન્ડરસનને એકવીસ વર્ષની ઉમરે ક્ષયની ભયંકર બિમારી થયેલી. ડોકટરો નાઇલાજ બની ગયા. એન્ડરસન એક વૃદ્ધ માણસની સલાહ માની ચિંતા છોડી આનંદથી જીવવા લાગ્યા. રોગને છાતી સુધી જ રાખ્યો, મસ્તક સુધી પહોંચવા ન દીધો. પછીથી ડોકટરોએ નોંધ્યું. જે ચિંતાઓને મગજમાં ભર્યા કરે છે તે બિમારીથી નહિ ચિંતાઓથી મરી જાય છે.

જે વ્યક્તિ નિર્ધાર કરે કે, હું દુઃખ ભોગવવા નથી આવ્યો, હું રોગના બિછાને તડફડવા નથી આવ્યો, તે કયારેય જીવનમાં દુઃખી નહિ થાય. દુઃખ અને વિષાદની ક્ષણો એને પ્રભાવિત નહિ કરી શકે, પસાર થઈ જશે.

જૈન મુનિઓની એક શ્રેણી છે–જિનકલ્પ. જે મુનિ જિનકલ્પની સાધનાનો સ્વીકાર કરે છે તેમને અત્યંત કઠોર આચારનું પાલન કરવું પડે છે. મૃગાપુત્ર રાજકુમારે દીક્ષા માટે રજા માગી, માતા–પિતા રોકવા ઇચ્છતા હતા. પુત્રને સમજાવ્યું, 'વત્સ! મુનિચર્યા કઠોર હોય છે. માંદગી આવતાં ચિકિત્સા પણ નહિ કરાવી શકે. શરીર તો રોગનું ઘર છે.' મૃગાપુત્રે કહ્યું, 'તમારી વાત થોડીક સાચી હશે પણ વિચારો કે, જંગલમાં એક હરણ બિમાર પડે છે તેની ચિકિત્સા કોણ કરે છે? તે અસ્વસ્થ હોય છે ત્યારે ઝાડની છાયામાં બેસી જાય છે. સ્વસ્થ થતાં ખાવા–પીવા ચાલ્યો જાય છે. હું પણ મૃગાચર્યામાં રહીશ.'

જે વ્યક્તિમાં આ આસ્થાનું નિર્માણ થાય છે, તે રોગોના ભયંકર આક્રમણોથી પણ બચી જાય છે. અંદરની શકિતઓની સાથે સંપર્ક થઇ જાય છે તે ચિકિત્સા માટે બહુ વ્યગ્ર નથી હોતો. એવા પણ મનુષ્યો હોય છે જેમના શરીરનો અણુએ અણુ દવાઓથી ભરેલો હોય છે. શરીરમાં કેટલું ઝેર ભેગું થઇ જાય છે? અને ઝેર વધુ ઝેર માગી રહ્યું હોય છે.

હમણાં હમણાં ફૂલકુમારી શેઠિયા અમેરિકા જઇ આવી. એણે બતાવ્યું, 'અમેરિકામાં' સાયન્સ ક્રિશ્ચિયન સોસાયટી' છે. એના પાંચસો ચર્ચ છે અને હજારો સભ્યો છે. એ સોસાયટીનો એક નિયમ છે કે કોઇ પણ સભ્ય દવા ન લઈ શકે. ભલે તાવ આવે, શરદી થાય કે ક્ષય રોગ થાય કે હૃદયરોગના તકલીફ થાય, પણ તે કોઇ પણ પ્રકારની ચિકિત્સા નથી કરાવી શકતો. ફૂલકુમારીએ એક સભ્યને પૂછ્યું, 'તમે લોકો બીમાર નથી પડતા? તો તમે તમારી બીમારી કઈ રીતે મટાડો છો?' તે સભ્યે કહ્યું, 'પરમાત્મા એટલા ઉદાર અને શકિતશાળી છે કે તે કરુણા વરસાવે છે અને અમારી બધી બીમારીઓ મટી જાય છે. અમે રોગીના મનમાં એક એવી આસ્થા જગાડીએ છીએ કે, તેની બીમારીઓ ધીરે–ધીરે વિના ઔષધ મટી જાય છે.'

હમણાં એક ચિકિત્સા પધ્ધતિ પ્રચલિત છે- તેનું નામ છે–Faith Heeling. તેનો અર્થ છે 'આસ્થા દ્વારા રોગ–ચિકિત્સા' આસ્થાથી થનાર લાભની વાતો આપણા ગ્રંથોમાં ભરપૂર છે પણ પ્રશ્ન એ થાય છે કે, આસ્થા ઘનીભૂત કેમ થાય? આપણો આપણા અંતર સાથે મેળાપ કેમ થાય? જ્યાં સુધી પોતાના અસ્તિત્વના આંતરિક સ્રોતો સાથે સંપર્ક સ્થાપિત નથી થઈ શકતો ત્યાં સુધી બાહરનાં ભરોસે જીવવું પડે છે.

બીમારી, આપત્તિ, કુદરતી પ્રકોપ બધું આવશે, રોકી નહિ શકાય પણ જો વ્યક્તિ એ ઘટનાને જાગૃત મન સુધી જ રાખે અને અજાગૃત મન સુધી વાત પહોંચવા ન દે અને પોતે દ્રષ્ટા બનીને જોઇ શકે તો એની કોઈ અસર નહિ થાય. 'હું દુઃખ ભોગવવા નથી જન્મ્યો' એ સૂત્ર મહત્વપૂર્ણ છે. આ છે અનાસકત યોગ. એનો અર્થ છે–પદાર્થની સાથે જોડાયેલી ચેતનાથી છૂટી જવું. જ્યારે આમ બને છે ત્યારે આખા જીવનમાં ચેતના વ્યાપી જાય છે અને આસકિત દૂર થઇ જાય છે.

આપણે બધા તથ્ય સમજી લઇએ એ બધું થઇ નથી રહેતું. સ્વભાવમાં એ જગાડવું જોઇએ. આપણી અંદર અનંત આનંદ છે, પણ સૂતેલો છે. આપણી અંદર અનંત ચેતના છે, પણ સૂતેલી છે. આપણી અંદર અનંત શકિત છે, પણ સૂતેલી છે. એ દબાઇને સૂતેલા આનંદ અને શકિતનું હોવું ન હોવું

સમાન છે. સુંદર પંખો હોય પણ વીજળી ન હોય તો પંખાનો ઉપયોગ શું? શક્તિ પ્રાણશક્તિ સાથે જોડાય ત્યારે કામ લાગે.

ધ્યાન શીખવતી વખતે શરીરને જોવાનું કહેવામાં આવે છે. એ શરીર એટલે હાથ, પગ, કાન માત્ર નહિ જે અરીસામાં પણ જોઇ શકાય. શરીરના અણુએ અણુમાં વહેતા ચેતના પ્રવાહને જોવાનું છે. એનો સાક્ષાત્ અનુભવ કરવાનો એક ઉપાય શરીર-પ્રેક્ષા છે. આ સમાધિ સુધી પહોંચવાનો ઉપાય છે.

કાયોત્સર્ગ તાણને મટાડવાની એક મહત્ત્વપૂર્ણ સાધના છે. મનુષ્ય જ નહિ પશુઓ પણ તાણનો અનુભવ કરે છે. આહાર, ભય, કામ અને પરિગ્રહ એમ ચાર તનાવ મુખ્ય છે. સૈધાન્તિક ભાષામાં જેને આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા કહે છે. જે બધા પ્રાણીઓમાં જોવામાં આવે છે.

પશુ પંખીઓમાં પરિગ્રહ તનાવ સૌથી ઓછો હોય છે. ગાય-ભેંસ ખાવાનું હોય એટલું ઘાસ ખાઇ લે છે, સંગ્રહ નથી કરતા. પશુઓમાં પરિગ્રહથી વધુ મૈથુન તનાવ અને એનાથી વધુ ભય તનાવ અને સૌથી વધુ આહાર તનાવ હોય છે.

મનુષ્યમાં સૌથી ઓછો તનાવ ભયનો, એનાથી વધુ આહાર, એનાથી વધુ પરિગ્રહ અને સૌથી વધુ કામ-વાસના મૈથુન તનાવ. પશુમાં સૌથી વધુ તનાવ આહારનો જ્યારે મનુષ્યમાં મૈથુનનો તનાવ સૌથી વધુ હોય છે.

જ્યાં સુધી મનુષ્યમાં કામનો તનાવ નથી ઘટતો ત્યાં સુધી સમાધિની વાત શક્ય નથી. ક્રોધ, ભય વગેરેના તનાવ બે-ચાર કલાકમાં શમી જાય છે. જ્યારે કામ વાસનાનો તનાવ જાણે અજાણે ચોવીસ કલાક રહી જાય છે. પછી એનાથી અન્ય તનાવ આવે છે.

સમાધિ સુધી પહોંચવાના બધા આલંબન આપણી અંદર છે, બાહરથી કંઈ શોધવાની જરૂર નથી. ધ્યાન કરતી વખતે કહો કે, 'પવિત્ર અને વીતરાગ આત્માઓ જેમના આનંદનો પ્રવાહ અવિરત છે, શક્તિ પૂર્ણ જાગૃત છે, જેમની ચેતના અનાવૃત્ત છે. એ મહાશક્તિને હું શ્વાસની સાથે અંદર લઈ જાઉં છું. ચેતનાના કણ કણમાં વ્યાપ્ત કરું છું' આ અભ્યાસથી ખ્યાલ આવશે કે, જીવનમાં અનંત શક્તિ, અનંત ચેતના અને નિરંતર આનંદનો પ્રવાહ વહી રહ્યો છે.

# સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક નિધિ

(સંઘના પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહની સ્મૃતિમાં સ્મારક નિધિ સંચય કરવાનો સંઘે ગત ડિસેમ્બરમાં નિર્ણય કર્યો હતો. ઉપયોગ: સ્વ. ચીમનભાઇની અભિરુચિ પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા આ સ્મારક નિધિનો ઉપયોગ કરવામાં આવશે. 'અવગાહન' બાદ સ્વ. ચીમનભાઇએ 'પ્રબુદ્ધ જીવન'માં લખેલા લેખોનું પુસ્તક તૈયાર થઇ રહ્યું છે. અમને જણાવતા આનંદ થાય છે કે અત્યાર સુધીમાં આ સ્મારક નિધિમાં અમને રૂ. ૩,૩૬,૦૩૭=૦૦ ના વચનો મળ્યા છે. સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો, સામાન્ય સભ્યો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને સ્વર્ગસ્થના ચાહકો તેમજ મિત્રો પૈકી જેમણે પોતાનો ફાળો આ સ્મારક નિધિમાં ન મોકલાવ્યો હોય તેમને સત્વરે તે મોકલી આપવા નમ્ર વિનંતી છે. ચેક 'Bombay Jain Yuvak Sangh'ના નામનો મોકલવા વિનંતિ. લિ. મંત્રીઓ, **શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**)

૨,૨૭,૮૩૫ તા. ૧-૨-૮૩ ના અંકમાં પ્રગટ થયેલી યાદીનો સરવાળો.

૧૧૦૦૦ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ
૧૧૦૦૦ ગોપુરી ચેરીટી ટ્રસ્ટ
૧૦૦૦૦ મે. મેનેટ કોલમેન એન્ડ કું. પ્રા. લી.
૫૦૦૦ મે. વિઠ્ઠલદાસ હકમચંદ પ્રા.ટ્રસ્ટ
૫૦૦૦ માતુશ્રી રતનબાઇ લખમશી ઘેલાભાઇ ચેરિટેબલ ટ્રસ્ટ. હ. શ્રી વસનજી લાલજી શાહ
૫૦૦૦ મે. ફીરોદિયા ટ્રસ્ટ.
૫૦૦૦ મે. ટપુલાલ ભગવાનજી મહેતા વેલફેર ટ્રસ્ટ.
૨૫૦૧ શ્રી બીપીનચન્દ્ર કે. જૈન
૨૫૦૦ શ્રી. કે. પી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ-જામનગર.
૨૫૦૦ શ્રી બળવંતભાઇ કે. પારેખ
૧૫૦૩ શ્રી રમણીકલાલ એસ. ગોસળીયા
૧૫૦૦ મે. ધીરજલાલ મોરારજી અજમેરા ચેરીટેબલ ટ્રસ્ટ
૧૫૦૦ મે. સેવંતીલાલ ફકીરચંદ એન્ડ કું.
૧૫૦૧ શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ સ્ટ્રટ.
૧૫૦૦ શ્રી બી. કે. શાહ
૧૦૦૦ ડૉ. ઉર્મિબહેન
૧૦૦૦ શ્રી. એમ. વી. સવાણી
૧૦૦૧ મે. ગાંધી ઇલેકટ્રીકલ એન્જી-નિયરિંગ કું. હા. શ્રી હર્ષદભાઈ ગાંધી
૧૦૦૦ શ્રી નારણજી શામજી મોમાયા
૧૦૦૧ શ્રી નવનીતભાઈ કાપડિયા
૧૦૦૧ મે. પુંજાણી એન્ડ કું. રાજકોટ
૧૦૦૧ શ્રી નવિનચન્દ્ર ધીરજલાલ
૧૦૦૧ મે. લખમશી એન્ડ કું.
૧૦૦૦ શ્રી એમ. પી. ગાંધી
૧૦૦૦ બેરિસ્ટર વિરેન્દ્ર શીવલાલ પાટીલ
૧૦૦૧ મે. સી. પારેખ એન્ડ કું.
૧૦૦૧ મે. લાયન પેન્સીલ્સ લી.
૧૦૦૧ શ્રી છોટાલાલ કપુરચંદ શાહ
૧૦૦૧ શ્રી જે. વી. દોશી બેંગલોર
૧૦૦૦ શ્રી સનત પી. મહેતા-એડવોકેટ
૧૦૦૦ શ્રી છોટાલાલ જીવરાજ શેઠ
૧૦૦૦ શ્રી કે. એમ. ચંદેરિયા
૧૦૦૧ શ્રી કે. કે. કાપડિયા
૫૫૧ શ્રી મહેન્દ્ર ડી. શાહ
૫૦૧ મે. વિમલ સ્ટીલ કોર્પોરેશન
૫૦૦ શ્રી લાભુભાઈ જી. મહેતા
૫૦૦ શ્રી મે. પાયોનિયર ટ્રેડીંગ કું.
૫૦૧ શ્રી ચીમનલાલ નેમચંદ ઓફ
૫૦૧ શ્રી ગાંગજીભાઈ પુંજાભાઇ વડાલવાળા
૫૦૦ મે. પન્નાલાલ ઝવેરી ચેરી-ટેબલ-ટ્રસ્ટ, અમદાવાદ
૫૦૧ શ્રી અરવિંદ સુખલાલ શાહ
૫૦૦ શ્રીમતી ગુલાબબેન હરીભાઈ ઘેાધાવાળા
૫૦૧ શ્રીમતી કમલબહેન પીસપાટી
૫૦૧ મે. મંજૂલાબહેન લલિતચંદ્ર ફાઉન્ડેશન
૫૦૧ શ્રી મે. રમણલાલ નગીનદાસ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦ શ્રી મનુભાઇ ડી. શાહ
૫૦૧ મે. એકસલ ફાઉન્ડેશન
૫૦૧ મે. ધીરજલાલ તલકચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૧ શ્રીમતી જયાલક્ષ્મીબહેન જયન્તિલાલ શાહ
૫૦૦ શ્રીમતી ઇન્દુમતીબહેન રમણીકલાલ શાહ
૫૦૧ શ્રી ભાણજી ખેરાજ
૫૦૧ શ્રી ડી. એલ. શાહ

૫૦૦ શ્રી માણેકલાલ એસ. શાહ
૫૦૧ શ્રી પ્રવિણચન્દ્ર હેમચંદ અમરચંદ
૫૦૧ મે. કીર્તિલાલ એન્ડ ભણશાલી મેમોરિયલ ટ્રસ્ટ
૫૦૦ શ્રી સુરેશભાઈ પી. સોનાવાલા
૫૦૧ શ્રી પ્રકાશ અમીચંદ શાહ
૫૦૧ શ્રીમતી મુક્તાબહેન એલ. સંઘવી
૪૯૯ શ્રીમતી લીલાવતીબહેન રતિલાલ ચીમનલાલ ઝોઢારી
૨૫૧ શ્રી નેણસી રવજી વીરા
૨૫૧ શ્રીમતી ચન્દ્રાબેન એમ. શાહ
૨૫૧ મે. નવભારત સાહિત્ય મંદિર
૨૫૧ શ્રી જગજીવન પી. શાહ
૨૫૧ મે. દામજી મરચન્ટ એન્ડ કું.
૨૫૧ એક ગુણાનીરાગી બહેન
૨૫૦ શ્રી ત્રિભોવનદાસ હરજીવન શાહ
૨૫૧ મે. પી. એમ. મહેતા ફાઉન્ડેશન
૨૫૧ મે. સુનિર શીપીંગ સર્વિસ
૨૫૧ શ્રી જગશી જેસંગ સાલિયા
૨૫૧ શ્રી હરકિશન પ્રેમચંદ પારેખ
૨૫૧ મે. ઇસ્ટર્ન એજન્સીઝ
૨૫૧ શ્રી એ. પી. દલાલ
૨૫૧ શ્રી એસ. વી. પટેલ
૨૫૧ શ્રી હસમુખભાઇ દોઢીવાળા
૨૫૧ શ્રીમતી ભાનુબહેન રમણીકલાલ શાહ
૨૫૧ શ્રી ચંપકભાઇ અજમેરા
૨૫૧ શ્રી નટવરલાલ આર. મહેતા
૨૫૧ શ્રીમતી મંદાકિનીબહેન નાણાવટી
૨૫૧ શ્રી ચંદુલાલ આર. પટેલ
૨૫૧ શ્રી કનૈયાલાલ દવે
૨૫૧ શ્રી વી. આઇ. પી. ઓટો સેન્ટર
૨૫૦ શ્રી નેશનલ કેમિકલ્સ એન્ડ કલર કું.
૨૫૧ શ્રી પ્રાણલાલ પ્રભુદાસ ગોરડિયા
૨૫૦ શ્રી રામજી ટોકરસી શાહ
૨૫૦ શ્રી ચંદનબેન કાંતિલાલ પારેખ
૨૫૧ શ્રી માનવમંદિર
૨૦૧ શ્રી કાન્તિલાલ એ. શાહ
૨૦૧ શ્રી લક્ષ્મીચંદ કેશવજી શાહ
૨૦૧ શ્રી મોહનલાલ કે. શાહ
૨૦૧ શ્રીમતી મેનાબહેન અજિતભાઈ દેસાઇ
૧૫૧ શ્રી જયેશ જે. ગાંધી
૧૫૧ શ્રી ડી. વી. ઝોઢારી
૧૫૧ શ્રીમતી ભારતીબહેન બી. શાહ
૧૫૧ શ્રી મગનલાલ વછરાજ શાહ
૧૫૧ આચાર્યશ્રી અમૃતલાલ યાશ્રિક.
૧૫૧ શ્રી મોહનલાલ નગીનદાસ જરીવાળા
૧૫૧ શ્રી શામજી ચનાભાઇ દેઢીઆ
૧૩૩ એક ગૃહસ્થ
૧૨૫ શ્રી કુંવરજી નરશી શાહ
૧૨૫ શ્રી જનાર્દન નાનાલાલ ભટ્ટ
૧૧૧ શ્રી કુસુમબેન સુરેશભાઈ પારેખ
૧૧૧ શ્રીમતી કમળાબહેન ગંભીરચંદ શાહ. તેમના ૧૧૦૦૭ પ્રથમ પ્રગટ થઇ ગયા છે. ચેક રૂા. ૧૧૧૧૧નો આવ્યો એટલે ૧૧૧ અહીં પ્રગટ કર્યો.
૧૧૬ પ્રો. ઉષાબહેન મહેતા
૧૦૧ ડો. એમ. ડી. પારેખ
૧૦૧ શ્રી પોપટલાલ મેઘજી દેઢિયા
૧૦૧ શ્રીમતી જયાબહેન ઇન્દુભાઈ વોરા
૧૦૧ શ્રી રોહિત યજ્ઞેશ શુકલ
૧૦૧ શ્રીમતી રસિલાબહેન ડી. કાકાબળીયા
૧૦૧ શ્રી કાકુલાલ સી. મહેતા
૧૦૧ ડો. અમૂલ એન. શાહ
૧૦૧ શ્રી પ્રદીપ ત્રીકમલાલ શાહ
૧૦૧ શ્રી પ્રચુભાઈ પી. દોશી
૧૦૧ શ્રી ભાનુભાઈ ઘડિયાળી
૧૦૧ શ્રી કાન્તિલાલ વી. શેઠ
૧૦૧ શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદી
૧૦૧ શ્રી નેમચંદ હીરજી છેડા
૧૦૧ શ્રી મણીલાલ લાલજી ગાલા
૧૦૧ મે. સી. એચ. વોરા એન્ડ કું.
૧૦૧ મે. ઓવોરિયન વોચ કું.
૧૦૧ શ્રી દલીચંદ જે. સંઘવી
૧૦૧ શ્રી સેવંતીલાલ એમ. શાહ
૧૦૧ શ્રી એમ. જાદવજી
૧૦૧ શ્રી પ્રાણજીવનદાસ રામચંદ દોશી
૧૦૧ શ્રી જેઠાલાલ સી. શાહ
૧૦૧ શ્રી રસિકચન્દ્ર ડી. તુરખીયા
૧૦૧ શ્રી શાન્તિલાલ સી. શાહ
૧૦૧ શ્રી એન. એમ. સંઘવી
૧૦૧ શ્રીમતી કોકીલાબહેન જગદીશચન્દ્ર
૧૦૧ શ્રી ધરમચંદ નથુભાઇ શાહ
૫૮ શ્રી રમણીક વી. શાહ
૫૧ શ્રીમતી મીઠાં મૂળજી શાહ
૫૧ ત્રિ. બકુલ રાવળ
૫૧ શ્રી અનિલકુમાર એન. શાહ
૫૦ શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી
૫૧ શ્રી વિનુભાઈ રાખી,
૫૧ મે. પટેલ એન્જીનિયરીંગ કું.
૫૧ મે. નવજીવન કોલ ડેપો
૫૧ શ્રી એન. કે. પંડ્યા
૫૧ શ્રીમતી કુમુદબહેન સી. શાહ
૫૦ શ્રીમતી મંજુલાબહેન મહેતા
૩૭૭ ૩. પચ્ચાસથી નીચેની રકમો

૩. ૩,૩૯,૦૩૭

# સાભાર સ્વીકાર

## બાલ ગોવિંદ પ્રકાશન, અમદાવાદના પ્રકાશનો

(૧) **ઋષિવાણી** લે. અનિરુદ્ધ ઝવેરભટ્ટ, કીમત રૂ. ૧૦-૦૦
(૨) **દાદાસાહેબ માવળંકર** લે. ઇશ્વરભાઈ પટેલ ,, રૂ. ૩-૫૦
(૩) **બબલભાઇ** લે. ઇશ્વરભાઈ પટેલ ,, રૂ. ૩-૫૦
(૪) **સહજ સમાધિ ભલી** લે. વીમલા ઠકાર અનુ. ભાગીરથી મહેતા ,, રૂ. ૧૩-૫૦
(૫) **મનની ક્ષિતિજ** લે. વીમલા ઠકાર અનુ. કીસનસિંહ ચાવડા ,, રૂ. ૪-૨૫
(૬) **છલવેલ્લું** લે. નટવરલાલ પ્ર. શુચ. રૂ. ૧૫-૦૦

## સંસ્કાર સાહિત્ય મંદિર-ભાવનગર દ્વારા પ્રકાશિત

(૧) **દીવાસ્વપ્ન** લે. ગીજુભાઈ રૂ. ૧૧-૦૦
(૨) **પાગલ દશભક્ત** લે. કાંતિલાલ શાહ રૂ. ૨-૫૦
(૩) **સુભાષિત રત્નમાળા** લે. રામનારાયણ વિ. પાઠક રૂ. ૭-૦૦
(૪) **હઝરત મહમ્મદ પયગમ્બર** લે. નાનાભાઇ ભટ્ટ રૂ. ૩-૦૦

## વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, મહેસાણાના પ્રકાશનો

(૧) **ધૂપ સુગંધ** કીમત રૂ. ૧-૦૦ (૨) **કમળ જેવા માનવી** (૩) **વાર્તાદીપ** (૪) **વાર્તાની વીણા** (૫) **ઊગતા સૂરજની સાખે** (૬) **ફૂલપાંદડી,** પુસ્તક ૧ થી ૪ ના લેખક પં. પ્રવરશ્રી ભદ્રગુપ્ત વિજયજી ગણિવર અને પુસ્તક ૫-૬ ના લેખક **સ્નેહદીપ** દરેક પુસ્તકની કીમત રૂ. ૧-૦૦

(૧) **માનવ! ભોર ભયો ઊઠ જાગો.** લે. મુનિશ્રી રત્નસુંદર વિજયજી મહારાજ પ્રકા. દિવ્ય દર્શન સાહિત્ય પ્રકાશન સમિતિ, કાળુપુર, અમદાવાદ. કીમત રૂા. ૧૨-૦૦

# શુભ કાર્યો માટે પ્રેરણા, પ્રોત્સાહન અને સહયોગ જરૂરી છે

✪ સ્વ. અગરચંદજી નહાટા

આ વિશ્વ વિવિધતાઓનો ભંડાર છે. આકૃતિ, ધ્વનિ, રુચિ, યોગ્યતા વગેરે અલગ અલગ જીવોમાં એટલી હદે ભિન્ન ભિન્ન દેખાય છે કે, એના પર વિચાર કરતાં માણસ ચકિત થઈ જાય. એ જ પ્રમાણે બુદ્ધિ અને વિચારધારાથી પણ અંતરનો ખ્યાલ આવે છે. આવી સ્થિતિમાં માણસ વિચાર કરે છે કે, બધાંની સામે સુમેળ કઈ રીતે સાધી શકાય અને પોતાની પ્રગતિ સાથોસાથ બધાંના સુખનો વિચાર કઈ રીતે કરી શકાય ? પરસ્પરના સંઘર્ષ અને વિષમતાઓનું નિવારણ કઈ રીતે કરી શકાય ? ભેદથી અભેદ સુધી કઈ રીતે પહોંચી શકાય ? આપણા પૂર્વજોએ આ વિષય પર ગંભીર ચિંતન કરી ઘણા ઉપાય શોધ્યા છે. અહિંસા, અપરિગ્રહ, મૈત્રી, સમતા, ક્ષમા, સહિષ્ણુતા, પરોપકાર વગેરે અનેક સદ્‌ગુણો મનુષ્યને એ પ્રેરણા દે છે કે સુખ અને શાંતિથી જીવો અને સુખ શાંતિથી જીવતા દો. વિવિધતાઓ અને વિભિન્નતાઓ તો સદીઓથી છે અને રહેશે. એમને આપણે હટાવી શકવાના નથી, પણ એટલું તો જરૂર કરી શકીએ કે એમની સાથોસાથ જે સમાનતાઓ છે એને વિશેષ મહત્ત્વ આપી, એકમેકને સહકાર આપી ઉન્નતિના માર્ગે આગળ વધી શકીએ.

જગતમાં ભલાઈ અને બુરાઈને અડખેપડખે જોઈ શકીશું, પાપ અને પુણ્ય, ધર્મ અને અધર્મ પરાપૂર્વથી ચાલતાં આવ્યા છે. કોઈક દેશકાળમાં એક ઘટે છે તો બીજું વધે છે. એટલે કે વખતોવખત સારા-નઠારાની સંખ્યામાં વધઘટ થતી જોવા મળે છે. પણ બન્ને રહ્યાં છે અને રહેશે. એટલે તો શુભ પ્રવૃત્તિઓ કરનારને પ્રેરણા, પ્રોત્સાહન અને સહયોગ આપી એવું કરનારાઓની સંખ્યા વધારવી જોઈએ. અશુભ પ્રવૃત્તિઓ કરનારાઓની સંખ્યા ઘટે તે માટે પ્રયત્ન કરવો જોઈએ.

મનુષ્ય, પ્રકૃતિની સર્વ શ્રેષ્ઠ કૃતિ છે. મોક્ષ જેવી વસ્તુ પ્રાપ્ત કરવા દેવતાઓ આતુર છે, તેને મનુષ્ય પોતાનાં શુભ કર્મો દ્વારા પ્રાપ્ત કરી શકે છે. નરમાંથી નારાયણ અને આત્મામાંથી પરમાત્મા માણસ જ બની શકે છે. તે એટલી ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે કે દેવ અને ઇન્દ્ર એને ત્યારે વંદન કરે છે. પ્રાપ્ત શક્તિ અને સાધનોનો સદુપયોગ કરી મનુષ્ય પરમાત્મા બની શકે છે અને દુરુપયોગ કરી નારકી બની શકે છે. જ્યારે આવી પ્રચંડ શક્તિ પ્રાપ્ત થયેલી છે તો શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, એનો વિચાર જરૂર માણસે કરવા જેવો છે. કારણ કે, તેના ઉપર તેના ભવિષ્યનો આધાર છે.

પશુ-પક્ષી, કીટ-પતંગ વગેરે અનેક યોનિઓમાં આ જીવ અનાદિ કાળથી ભટકતો રહ્યો છે અને વિવિધ સંસ્કાર ભેગાં કરતો રહ્યો છે. એમાંથી ખરાબ અસર વધુ અને સારી અસર ઓછી હોય છે. તેથી જ પતન સહજ અને સ્વાભાવિક છે. એથી જ ઉત્થાન માટે ખૂબ પ્રયત્ન કરવો પડે છે.

કુસંગતિથી બચીને ચાલવું જોઈએ અને ગુણીજનો અને સત્પુરુષોની વાણી અને સત્સંગનો વિશેષ લાભ લેવો જોઈએ.

✪ અનુ : ગુલાબ દેઢિયા

જેથી આજે નહિ તો આવતી કાલે આપણે પણ પરમાનંદ અથવા મુક્તિને પ્રાપ્ત કરી શકીએ.

પૂર્વ જન્મના સંસ્કારોનો પણ આ જીવનમાં ખૂબ પ્રભાવ હોય છે. પરંતુ આ જીવનમાં પણ આપણી અંદર સારા-માઠા સંસ્કારો બચપણથી જ પ્રવેશતા રહે છે. બાળક જ્યારે જન્મ લે છે ત્યારે તે સરળ હોય છે, એ કોઇની હિંસા નથી કરતું, ચોરી નથી કરતું કે ખોટું નથી બોલતું. તે પ્રાકૃતિક સ્થિતિમાં હોય છે. થોડીક જ વાતો જાણે છે અને બોલે છે. ન પાપને સમજે છે ન ધર્મને. ભૂખ લાગે તો રડે છે અને પ્રસન્ન થાય તો હસે છે. જે સ્નેહ આપે એની પાસે એ જાય છે. પંખત જતાં એ ક્યાંકથી દુર્ગુણ શીખી આવે છે.

આ સમસ્યા પર વિચાર કરતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે, સારા કે ખરાબ વાતાવરણની અસર મનુષ્ય પર જલદી પડે છે. એ જેનાં જેનાં સંપર્કમાં આવે છે, તેમની પ્રવૃત્તિઓનું અનુકરણ કરવા પ્રેરાય છે. સારાસારનો વિવેક કરવાની બુદ્ધિ નથી હોતી. તેથી બાળકનાં માતા-પિતા અને કુટુંબીજનોએ ખૂબ સાવચેતી રાખવી જોઇએ, જેથી બાળક ખરાબ વાતાવરણથી બચી શકે અને સારા વાતાવરણનો વધુમાં વધુ લાભ એને મળતો રહે.

સજ્જનો, ગુણીજનો પોતે જે રીતે આત્માનો વિકાસ કરી શક્યા હોય તે માર્ગ અનેક ભૂલા ભટક્યા અને અજાણ મનુષ્યોને બતાવવો જોઇએ. કોઈ પડે અને આપણે જોતા રહીએ એ યોગ્ય નથી. પડતાને હાથ પકડી ઉઠાડવો જોઇએ. હંમેશાં એક સરખી સ્થિતિ કોઇની પણ નથી રહેતી. આજનો અજ્ઞાની પરમ જ્ઞાની બની શકે છે. આજનો મહા પાપી મહા ધર્મી બની શકે છે. તેથી જ આપણે પ્રાપ્ત થયેલી શક્તિ અનુસાર સદુપયોગ કરતા રહીએ.

માનવીય ગુણોનો વિકાસ ઘણી વાર બીજાને પ્રેરણા, પ્રોત્સાહન આપી એની સાહસવૃત્તિને બિરદાવવી જોઇએ, સાથોસાથ જ્યાં સહયોગની જરૂર હોય ત્યાં પોતાનો સહયોગ આપી કામને સફળ બનાવવા પ્રયાસ કરીએ. આ રીતે જ પાપ અને દોષ ઓછા થતાં જશે અને ગુણોની વૃદ્ધિ થતી રહેશે. એ જ 'સ્વ' અને 'પર'ના કલ્યાણનો માર્ગ છે.

જ્યાં પ્રેમ છે ત્યાં જીવન છે; દ્વેષ એ નાશનો માર્ગ છે.

## સાભાર સ્વીકાર

(૧) **મહાસતી ઋષિદત્તા** ભા. ૧-૨, લે. આચાર્યશ્રી વિજય ભુવન-ભાનુસૂરીશ્વરજી મહારાજ. પ્રકા. દિવ્ય દર્શન, ટ્રસ્ટ, ૬૮, ગુલાલ વાડી, મુંબઇ ૪૦૦૦૦૪ કીમત અનુક્રમે રૂા. ૭-૦૦ અને ૯-૦૦

(૨) **યશોધર મુનિ ચરિત્ર** : લે. આચાર્યશ્રી વિજય ભુવન ભાનુસૂરીશ્વરજી મહારાજ. પ્રકા. દિવ્ય દર્શન સાહિત્ય પ્રકાશન સમિતિ, કાળુપુર, અમદાવાદ કીમત રૂ. ૧૨-૦૦

(૩) **ભક્તામર-યંત્ર-તંત્ર** : લે. આચાર્ય શ્રી વિજય-માનતુંગસૂરીશ્વરજી મહારાજ અનુ. યતિ રતનચંદજી મહારાજ. પ્રકા. શ્રી હરિહર પુસ્તકાલય, સુરત. કીમત રૂા. ૭-૫૦.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧ ૬-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦] પરદેશ માટે ડૉલર ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ટેલિકોમ્યુનિકેશન વર્ષ

રમણલાલ ચી. શાહ

તાર કરતાં ટેલિફોનની સેવાનો ઉપયોગ મોડો શરૂ થયો, પણ બહુ ઝડપથી દુનિયામાં તેનો પ્રચાર વધી ગયો. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ત્વરિત સંપર્ક અને જીવંત શબ્દની ઉષ્માને કારણે તથા શબ્દની અમર્યાદ અભિવ્યક્તિને કારણે ટેલિફોનનું સાધન અતિ લોકપ્રિય થઈ ગયું. ટેલેક્સની સેવા પ્રમાણમાં ઘણી મોડી શરૂ થઈ અને ઘણુંખરું વેપારી પેઢીઓ અને સંસ્થાઓ સુધી સીમિત રહી છે. રહેઠાણો સુધી એની ગતિ થવાનો સંભવ બહુ ઓછો છે. અલબત્ત, જેમ જેમ ટેલેક્સનો પ્રચાર વધશે તેમ તેમ તારનું મહત્વ ઘટતું જશે. કારણ કે ટેલેક્સનો સંદેશો પોતાને સ્થાનેથી સીધો લક્ષ્ય સ્થાને ટાઇપ થઇને ઉતરે છે અને તેમાં લેખિત વાતચીત થઇ શકે છે.

જેમ ક્ષેત્ર અને પ્રચાર વધુ તેમ તેના ઉપયોગની સાથે દુરુપયોગનું પ્રમાણ વધુ. મજાક-મસ્કરી માટે કે બીજાને હેરાન-પરેશાન કરવા માટે તાર કરતાં ટેલિફોનનો ખોટો ઉપયોગ વધુ થાય છે. તેવી રીતે તાર કરતાં ટેલિફોનની સેવાનો ગેરલાભ પણ વધુ ઉઠાવાય છે. અપ્રામાણિક ઉપયોગને પણ તેમાં વધુ અવકાશ હોય છે.

અમેરિકામાં સરકારી ખાતાઓમાં હમણાં હમણાં ટેલિફોનનું બિલ અચાનક ઘણું બધું વધી ગયું છે. અમેરિકામાં સરકારી કર્મચારીઓને પોતાના અંગત કામ માટે ટેલિફોન કરવાની કાયદેસરની કોઈ મનાઈ નથી. વળી, આખા અમેરિકામાં એક સ્થળેથી બીજે સ્થળે ડાયરેક્ટ ડાયલિંગ કરી ફોન કરી શકાય એવી સારી સુવિધા છે. અલબત્ત તેના દર વધુ ઊંચા હોય છે, પરંતુ સરકારી કર્મચારીઓને બહારગામ પણ ફોન કરવાનો એટલો જ હક હોય છે. આ હક વર્ષોથી તેઓ ભોગવે છે, પરંતુ સરકારી ખાતાંઓનું ટેલિફોનનું બિલ અચાનક હમણાં વધી જવાનું કારણ કંઈક વિચિત્ર છે.

ન્યૂ યોર્કની 'હાઈ સોસાયટી' નામની એક ક્લબે એક નવો નુસ્ખો શોધ્યો છે. આખા અમેરિકામાંથી જે કોઈ એ ક્લબને ફોન કરે, તેને સ્ત્રીપુરુષના શૃંગારિક પ્રસંગનું લગભગ એક મિનિટનું રેકોર્ડિંગ ટેલિફોન પર સંભળાવવામાં આવે છે. અલબત્ત, તે માટેની ફી જે મંજૂર રાખે તેનો જ નંબર ત્યાં જોડાય છે. ક્લબમાં રોજ પચાસ હજાર ફોન આવે છે. આ ફોનમાં ઘણા બધા ફોન સરકારી કર્મચારીઓના હોય છે. એથી સરકારી ખાતાઓનું ટેલિફોનનું બિલ ઘણું વધવા માંડ્યું છે. પરિણામે સરકાર આ બાબતમાં કાયદેસર શું નવા પગલાં લઇ શકાય તેનો ગંભીર વિચાર કરી રહી છે.

અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં પણ સુશિક્ષિત સરકારી કર્મચારીઓ દ્વારા ઓફિસના કામકાજની વચ્ચે ટેલિફોનનો કેવો દુરુપયોગ થઇ શકે તે આ પ્રસંગ દ્વારા જોઇ શકાય છે.

દુનિયાના તમામ દેશોમાં સરકારી તંત્રોમાં ટેલિફોનનો વપરાશ ઘણો મોટો હોય છે, તેમાં અંગત કામ માટે થતા ઉપયોગ કે દુરુપયોગનું પ્રમાણ પણ ઠીક ઠીક હોય છે. અલબત્ત કેટલીક વખત અંગત કામ અને સરકારી કામ વચ્ચે ભેદ રાખવાનું બહુ સરળ કે સગવડભર્યું હોતું નથી. તો પણ ઘણા એવા પ્રામાણિક સરકારી કર્મચારીઓ હશે કે જેઓ પોતાના અંગત કામ માટે સરકારી ટેલિફોનનો ઉપયોગ નહિ કરતા હોય.

ભારતમાં સરકારી ખાતાંઓમાં ટેલિફોનની સુવિધા પ્રમાણમાં ઓછી છે, અને બહારગામ માટે ડાયરેક્ટ ડાયલિંગની વ્યવસ્થા ઘણુંખરું કઢાવી નાખેલી હોય છે, તો પણ સરકારી ખાતાંઓનું બિલ ઓછું નથી હોતું. આપણી ટેલિફોન વ્યવસ્થા વારંવાર બગડેલી હોય છે એ કેટલીકવાર બજેટની દૃષ્ટિએ સરકારને આશીર્વાદરૂપ હોય છે. સામાન્ય સરકારી કર્મચારીઓ કરતાં ઉચ્ચ અધિકારીઓ અને પ્રધાનોનાં ટેલિફોનનાં બિલ અસાધારણ મોટાં હોય છે. બહારગામના ટ્રંકકોલ વાતે વાતે થતા હોય છે, અને અમલદારો તથા પ્રધાનોનાં કુટુંબીઓ ઉપરાંત સગાંસંબંધીઓ અને મિત્રો દ્વારા તેનો પુષ્કળ લાભ લેવાતો હોય છે.

સરકારી ખાતાંઓનું ટેલિફોનનું બિલ જેમ મોટું હોય તેમ કેટલાક વેપારીઓનું બિલ વપરાશ કરતાં ઓછું આવતું હોય છે. ભારતનાં જે સરકારી ખાતાંઓમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર છે એમાંનું એક ખાતું ટેલિફોનનું પણ છે. બધાં મોટાં શહેરોમાં તે સડેલું છે. એક વેપારીએ કહેલું કે એમનો વ્યવસાય એવા પ્રકારનો છે કે જો એમનો ટેલિફોન એક દિવસ બગડેલો રહે તો બે-પાંચ હજાર રૂપિયાનું નુકસાન થાય, પરંતુ તેમણે નિયમિત મોટો હપ્તો બાંધી આપ્યો છે. એટલે વર્ષોથી એમનો ટેલિફોન બગડતો નથી, અને બગડે તો અડધા કલાકમાં અચૂક સમો થઇ જાય છે, અને બિલ પણ વપરાશ કરતા ઓછું આવે છે. બીજા એક વેપારી પાસેથી સાંભળેલું કે એમની દિલ્હી, કલકત્તા, મદ્રાસ અને બેંગ્લોરમાં શાખાઓ છે. રોજ સાંજે જુદી જુદી આઇટેમોનો બજારભાવ તેઓ એકબીજાને જણાવી દે તો બીજે દિવસે લે-વેચની સારી સમજ પડે. એટલા માટે રોજ સાંજે એમને નિશ્ચિત સમયે કોલ મળી જતો હોય છે. એ માટે ઠરાવેલ હપ્તો ચૂકવી દેવાનો રહે છે. બીજા એક સજ્જને કહેલું કે એમને ઘણીવાર પરદેશ કોલ કરવો પડે છે. લાંબો સમય કોલ ચાલે છે. પરંતુ ગોઠવણ કરી લીધી હોવાથી દરેક વખતે ફક્ત ત્રણ મિનિટનું જ બિલ આવે છે. આ તો થોડા દાખલા છે. આવા તો અસંખ્ય બનાવો, વિશેષતઃ મોટાં શહેરોમાં, બનતા હશે. તે બધા પુરવાર ન થઇ શકે. પરંતુ લાગતાવળગતા એની સાચી જાણકારી ધરાવતા હોય છે.

આવો ભ્રષ્ટાચાર માત્ર ભારતમાં જ છે એવું નથી. અવિકસિત કે અર્ધવિકસિત ઘણાખરા દેશોમાં પાકિસ્તાન, બંગલાદેશ, થાઇલેન્ડ, ફિલિપાઇન્સ, કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનિયા, નાઇજિરિયા, શ્રીલંકા-વગેરે ઘણા બધા દેશોમાં આ ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. યુરોપના નાના નાના સામ્યવાદી દેશોમાં પણ એટલી જ ગેરરીતિઓ ચાલતી હોય છે. અસત્ય

અને અપ્રામાણિકતાના પોષણમાં આ રીતે ટેલિફોન પણ એક મહત્ત્વનું નિમિત્ત બને છે.

ભારતનું અને તેમાં પણ મુંબઇનું ટેલિફોન તંત્ર ઘણું કથળેલું છે. એને સદ્‌ભાગ્ય માનવું કે દુર્ભાગ્ય ? એક અંદાજ મુજબ એકલા મુંબઇના ટેલિફોન ખાતાને બાર મહિને માત્ર રોગ નંબરની આવક એક કરોડથી વધુ રૂપિયાની છે! સ્વયંસંચાલિત યંત્રો વડે કૉલ ગણાય છે. પરંતુ તેમાં પણ ચોરાં નથી થતાં એમ નહીં કહી શકાય. નાની નાની વાતે ટેલિફોન કંપનીને સાચી લડત આપી વિજય મેળવનાર એક ભાઇને મોટાં મોટાં બિલ આપીને અને વારંવાર ટેલિફોન અગાડીને એમના જરસાને સંબંધિત અધિકારીઓએ ઠંડો પાડી દીધો હતો. ટેલિફોન એ ગરજ અને લાચારીનું ક્ષેત્ર છે. તેના અધિકારીઓ તમને ક્યારે ને કેવી રીતે સતાવી શકશે તેની તમને પોતાને પણ કદાચ ખબર ન હોય. એટલા માટે વ્યવહારુ માણસો વાત પતાવવામાં માને છે. પણ એથી સરવાળે ભ્રષ્ટાચારને વધુ પોષણ મળે છે.

અમેરિકા, જાપાન કે યુરોપના દેશો જેવા વિકસિત દેશોની સરખામણીમાં ભારતની ટેલિફોન સેવા ઘણી પછાત અને ખામીભરેલી છે. ટેલિફોનના ક્ષેત્રે દુનિયા ઝડપથી આગળ વધી રહી છે. સેટેલાઇટના માધ્યમ દ્વારા તેમાં ઘણી પ્રગતિ સધાઇ રહી છે. લંડન જેવા શહેરમાંથી તો દુનિયાના ઘણાંખરાં મોટાં મોટાં શહેરોમાં સીધો નંબર જોડીને વાતચીત કરી શકાય છે. ક્રોડલેસ ટેલિફોન દ્વારા રસ્તામાં ચાલતાં ચાલતાં કે ટ્રેન કે બીજા કોઇ વાહનમાં બેઠાં બેઠાં વાત થઇ શકે છે. ટી.વી.–ટેલિફોનની શોધ તો ઘણાં વર્ષોથી થઇ ગઈ છે, પરંતુ વેપારી ધોરણે એ ચાલુ થશે ત્યારે રૂબરૂ મળ્યા જેટલો માણસને આનંદ થશે. ટેલિફોન દ્વારા શ્રાવ્ય વિયોગ ઘણો ઓછો થયો છે. ટી.વી. ટેલિફોન દ્વારા દૃશ્ય વિયોગ પણ ઓછો થશે.

ટેલિફોન માનવજાત માટે આશીર્વાદરૂપ છે. એને દુનિયાના લોકોના ઘણા ધક્કા બચાવી દીધા છે. જેમ લગભગ આખી દુનિયામાં ઘરે ઘરે ઘડિયાળ પહોંચી ગયાં છે તેમ ભવિષ્યમાં ટેલિફોન પણ પહોંચી જશે. ધરતીના કોઇ પણ એક છેડાથી બીજા છેડા સુધી માણસ સીધો નંબર જોડી વાતચીત કરી શકશે.

ટેલિકોમ્યુનિકેશનનું આંતરરાષ્ટ્રીય વર્ષ હવે જ્યારે ઊજવાઇ રહ્યું છે ત્યારે આપણા ભારતના તે ખાતાના પ્રધાન ઘરમાં બેઠેલો માણસ એક જ સમયે ટ્રેન, વિમાન અને સ્ટીમરમાં બેઠેલા પોતાના મિત્ર કે સગા સાથે ટ્રાન્કરન્સ કૉલ કરી શકે એટલી સગવડ યુરોપ-અમેરિકાની જેમ વધારવાનું આશાવાદી સ્વપ્ન સેવી રહ્યા છે. આપણે એને જરૂર આવકારીએ, પણ આખા તંત્રમાં જે સડો છે તે ઓછો કરવા માટે અને વારંવાર ઊભી થતી કે કરાતી યાંત્રિક ખામીઓ દૂર કરવા માટે પણ તેઓ સક્રિય બને એવી આશા પણ રાખીએ.

ટેલિફોનની જેમ તાર અને ટેલેક્સની સેવાઓમાં પણ ઝડપથી પ્રગતિ થઇ રહી છે. એમાં નાનાં નાનાં ગામો સુધીનું સીધું જોડાણ આવતાં તો વર્ષો લાગશે, પરંતુ કોમ્પ્યુટરની મદદથી, SFT (store and forward telegraph system) દ્વારા ઘણું ઝડપથી કામ અમેરિકા અને યુરોપમાં થવા લાગ્યું છે એમાં માણસોની ઓછી જરૂર પડતી હોવાથી તાર–ટેલેક્સની સેવા ઘણી સસ્તી સરળ અને ઝડપી રહેશે એમ એ વિષયના નિષ્ણાતો કહે છે. ભારતમાં તાર–ટેલેક્સની સેવા છે. એથી સસ્તી બનવાની આશા રાખવી વ્યર્થ છે, પણ નજીકના ભવિષ્યમાં એ વધુ કાર્યક્ષમ બને એવી આશા રાખવી એ પણ વધુ પડતી વાત છે એમ વર્તમાન પરિસ્થિતિ જોતાં કેટલાકને લાગે છે.

જોઇએ કે ટેલિકોમ્યુનિકેશન વર્ષ દરમિયાન ભારતમાં શી પ્રગતિ થાય છે.

## જૈનમત સંતના અનાસક્ત વાત્સલ્યની ઝાંખી

(પૃષ્ઠ ૨૮ થી ચાલુ)

ગોવધબંધી ન થાય તો વિનોબાજીએ તા. ૨૨–૪–૧૯૭૯થી આમરણ ઉપવાસ જાહેર કર્યાં. મુનિશ્રી સંતબાલજીને ગોવધબંધીની વાત સ્પર્શી ગઇ. એમણે ૨૧ દિવસની ઉપવાસ સહિત તપોમય પ્રાર્થના તા. ૧–૪–૭૯થી કરી.

અસ્પૃશ્યતાનિવારણ એ એમનું જીવનકાર્ય હતું. મુનિશ્રીની સંસ્થા પ્રાયોગિક સંઘમાં શ્રી પરીક્ષિતલાલ મજમુદારને સંસ્થાના મુખ્ય મંત્રીપદે સ્થાપ્યાં. હરિજનવાસમાં નિવાસ કરીને, પોતાના પિતરાઇઓ એવા સાધુ સમાજને ક્યારેક પ્રેમથી અને ક્યારેક રોષથી આ કલંકને દૂર કરવા અનુરોધ કરીને, ક્યારેક સ્વૈચ્છિક અન્ન ત્યાગ કરીને અસ્પૃશ્યતાનિવારણનું એમણે કાર્ય કર્યું. સાણંદમાં એમણે લીધેલી હરિજનવાસની મુલાકાતનો પ્રસંગ આપીને લેખકે આ બધા પ્રયત્નોની નોંધ લીધી છે. હરિજનોને મુનિશ્રી 'ઋષિબાલ' કહેતા એ વિશિષ્ટ શબ્દપ્રયોગ પણ નોંધવાનું લેખક ચૂક્યા નથી.

સૌરાષ્ટ્રમાં ઢાંકુ ભૂપતની રંજાડ હતી. ઢેબરભાઇ, નાનાભાઇ ભટ્ટ આદિ એમની મુલાકાતે આવ્યા ત્યારે રાજ્ય સરકારની ફરજની પ્રેમપૂર્વક યાદ આપીને સૌને જાગૃત કર્યા અને દારૂના વ્યાપાર, એ વ્યાપારમાં સહાયકર્તા આનુષંગિક વ્યાપારને છોડી દેવાની ત્યાંના વ્યાપારીઓએ પ્રતિજ્ઞા કરી. આ એમની વાત્સલ્યભાવે થયેલી માગણીનો પરિણામરૂપ હતું. મહાગુજરાતના આંદોલન વખતે પોતે બૃહદ્ મુંબઇ રાજ્યના સમર્થક હોવાથી એમની વિરુદ્ધ બહાર પડેલી અશ્લીલ પત્રિકા અંગે સમત્વ અને તટસ્થભાવ ધારણ કરી અન્યને પણ તેમ કરવાની પ્રેરણા આપી. મુનિશ્રી સંતબાલજી એવા જાગૃત હતા કે પોતાના વિષે ચમત્કારભરી વાતો ન ફેલાય એની તકેદારી રાખતા. લેખકે એમના મસ્તકમાં જોયેલી ૐકારની આકૃતિ અંગે એમણે કહ્યું : 'એ તો તમારી કલ્પના છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ...આમ કરીને જ લોકો ચમત્કારની વાતો જોડી કાઢે છે.' એ જ રીતે પોતાનો દીકરો મુનિશ્રીએ સહજભાવે આપેલાં આશિર્વાદથી સાજો થયો અને નવા વર્ષના પહેલાં જ દિવસે એ દીકરાની માતા સંતબાલજીની આરતી ઉતારવા આવ્યા. ત્યારે મક્કમપણે એવી આરતી ઉતારવાની ના કહી. 'આપણાથી આ ન જ થાય' એ નવા વર્ષનો સંદેશો એમણે આપ્યો. આવા તો કેટલાંય હૃદયંગમ પ્રસંગો આ પુસ્તકમાં આલેખાયાં છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી મનુભાઇ પંચોળી 'દર્શક' નોંધ્યું છે : 'સંતબાલજી મહારાજ પણ એક રત્ન હતા. પોતે જૈન સાધુ હોવાથી તેમને માટે લોકસેવાની પ્રવૃત્તિ કરવી તે વધારે કઠણ હતું. કારણ કે જૈન ધર્મ સાધુને માટે સંપૂર્ણપણે નિવૃત્તિમાર્ગ છે. તેની પરંપરા આત્યંતિક નિવૃત્તિની. લોકસેવા પરાણમુખ છે. હિન્દુ ધર્મ આ બાબતમાં આટલો આત્યંતિક નથી. એટલે સંતબાલજીને માટે ઉપાશ્રયમાં બેસીને કે વિહાર કરતાં કરતાં અસ્પૃશ્યતા નિવારણ કરવું, ભૂતમંડળો ચલાવવાં, ખાદી કામ કરવું કે કરાવવું – પૂ. રવિશંકર મહારાજ કે જુગતરામભાઇ કરતાં વધારે વિકટ કામ હતું. સાવ પ્રતિકૂળ પરંપરાને ઉથલાવીને તેમણે રસ્તો કાઢવાનો હતો. આ માટેનું ઠંડુ તેજ તેમનામાં ખૂબ ભર્યું હતું. આ સ્મરણોમાં તેની ઝાંખી થાય છે. ઠંડુ તેજ એટલે બાળે નહીં પણ પ્રકાશ ફેલાવે.'

આવા પ્રેરક અને જીવન ઘડતરમાં ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન એ સ્વસ્થ સમાજની નિશાની છે, સમાજના સ્વાસ્થ્ય માટે જરૂરી છે. એને આવકારવું એ આપણી ફરજ છે.

# રવીન્દ્રનાથ ટાગોરની સત્ય અને સુંદરની સાધના

-ડા. યશવંત ત્રિવેદી

સત્ય, સૌંદર્ય, આ જગત, તેની સદ્‌તા, મનુષ્યનું અસ્તિત્વ વગેરે પ્રશ્નો પર ઘણી વિચારણા થઈ છે. એમ કહેવાયું છે કે આ જગત મિથ્યા છે, વિવર્ત અને ભ્રાન્તિમાન છે; માત્ર બ્રહ્મ સત્ય છે. આ સત્ય, આ reality જેને સદ્‌તા કહીએ છીએ. તે શું છે? અને 'હું' એટલે કોણ? દેકાર્તે એ કહ્યું છે કે હું વિચારું છું એટલે હું છું. સાર્ત્રે કહ્યું કે આમાં સાબિત કરવાની મુશ્કેલી પડશે. એમ કહીયે કે વસ્તુઓ વિષે વિચારું છું એટલે હું છું. 'હું'નું હોવું એટલે કે જગતના બીજા પદાર્થો વિષેનું મારું જ્ઞાન હોવું અને ચેતનાના આંતરસંબંધી-આકલનથી તેને પામવું. તેની સાથે જગતનો આદુર્ભાવ મનમાં થાય છે, દર્શન દ્વારા.

સત્ય વિષે, સૌંદર્ય વિષે, અસ્તિત્વ વિષે, કલાકૃતિ વિષે, બ્રહ્માંડ વિષે રવીન્દ્રનાથે વિચાર્યું છે. તેમણે કહ્યું છે કે જ્યારે આપણું વિશ્વ અનંત પુરુષ સાથે સંવાદી બને છે ત્યારે આપણે તેને સત્ય તરીકે પીછાનીએ છીએ, સૌંદર્ય તરીકે અનુભવીએ છીએ. 'હું' અને આ વિશ્વ અનંત પુરુષને સદ્‌ભે છે.

ઉપનિષદોનો જે સાર છે તેનું ધાવણ રવીન્દ્રનાથની કવિતામાં છે. છાંદોગ્ય ઉપનિષદમાં ગાર્ગ્ય ભગવાન પિપ્પલાદને પૂછે છે કે ભગવાન, હું સૂઈ જાઉં ત્યારે કોણ જાગે છે? ભગવાન પિપ્પલાદ ઉત્તર આપે છે: પ્રાણાગ્નય એવ એતસ્મિનપુરે જાગ્રતિ, ગાર્ગ્ય!' આ પ્રશ્ન સદ્‌તાના સંદર્ભે છે. આપણે સૂઇ જઇએ છીએ ત્યારે પ્રાણરૂપી અગ્નિ આખા શહેરમાં-શરીરમાં-જાગ્રત હોય છે. આ આખી પ્રક્રિયા 'મનસ્યેકી ભવતિ'ની કે 'એષ મ આત્મા અન્તર્હૃદય' ની છે. ઉપનિષદે ચેતનાનું સ્વરૂપ આ રીતે સમજાવ્યું છે. સચ્ચિદાનંદ-અવસ્થામાં ચેતના શું કાર્ય કરે છે તેના સૂક્ષ્મ અનુભવો ઉપનિષદોએ આપ્યા છે. રવીન્દ્રનાથની જે સત્ય અને સૌંદર્યની ખોજ છે તેનો પાયો ઉપનિષદોમાં છે. સૂર્ય અને ચંદ્ર જેની આંખો છે અને આખું વિરાટ આકાશ-પરિપ્રેક્ષ જેની કાયા છે, તે, 'તે' છે. આ 'તે' જ રવીન્દ્રનાથના અનંત પુરુષ છે.

સત્ય કે સૌંદર્ય માણસથી પર નથી. રવીન્દ્રનાથે મનુષ્યને સંદર્ભે જ સત્યબોધ અને સૌંદર્યબોધની વાત કહી છે. અનંત પુરુષમાં રહેલી સંપૂર્ણ સંવાદિતાના આદર્શમાં સૌંદર્યાનુભવ છે. રવીન્દ્રનાથની દરેક રચનામાં આ સૌંદર્યાનુભવની અભિવ્યક્તિ માટે મથામણ છે. વૈશ્વિક મનની સંપૂર્ણ સૂઝમાં સત્ય રહેલું છે. વૈશ્વિક મનની એટલે કે વ્યક્તિ-ચેતના cosmic identification ને પામે તેવી આદર્શ સ્થિતિની ઝંખના. રવીન્દ્રનાથ આ વિશાળ પરિપ્રેક્ષ સાથે સંવાદી બને છે. રવીન્દ્રનાથ નિસર્ગરમણાથી નાચી ઊઠે છે. તેઓ એમનાં ગીતોના છંદે છંદે મનુષ્યને દેવત્વ અપાવવા ઇચ્છે છે. તેઓ મનુષ્યના નાનકડા વ્યક્તિત્વને અસીમ વિશ્વમાનવ્યથી બૃહદ્ કરી નાખવા મથે છે.

રવીન્દ્રનાથે કહ્યું કે મારો ધર્મ તો વ્યક્તિથી પર એવા અનંત પુરુષને એટલે કે વૈશ્વિક માનવીય આત્માને પામવામાં રહેલો છે. રવીન્દ્રનાથની લગભગ દરેક રચનામાં સત્ય, સૌંદર્ય કે મુક્તિની વિભાવના જોવા મળે છે. 'ગીતાંજલિ'ના એક કાવ્યમાં તેમણે કહ્યું છે-તેં મારા જીવનને અનંતતા આપી છે. તારી એ ઇચ્છા છે. કુંભ જેવા આ દેહને તું વારંવાર ખાલી કરે છે, અને ફરી ફરીને તું જ એને જીવનથી ભરી દે છે.-મૃત્યુ તો માત્ર પડદો છે. આ તો અનંત જીવન છે. અનંત શાશ્વતીની જુદી જુદી ક્ષણો છે. રવીન્દ્રનાથ એમની કવિતામાં Universe in a moment એક ક્ષણમાં જ શાશ્વતીને ભરી દેવા મથે છે. શાશ્વતીની શોધ એક ક્ષણમાં કરવાની છે. Absurd school ના નાટ્યકારે lost ientity (ભૂંસાયેલી અસ્તિની) વાત કરી છે. આપણે ખોટા માણસોને મળીએ છીએ, આપણે ખોટા વ્યક્તિત્વને મળીએ છીએ. અંતે તો ખોજ આપણામાં આપણાપણાની છે. વીસમી સદીનો સાહિત્યકાર negative (નકારાત્મક) થઇને આ પરમ સત્યની શોધ કરે છે. રવીન્દ્રનાથની શોધમાં Positiveness (હકારાત્મકતા) છે. વિશ્વાત્મા તરફ એમની સીધી ગતિ છે. ઉપનિષદનું વાક્ય છે-તે મારા સાન્નિધ્યમાં આવીને મને અડીને બેઠો પણ હું જાગ્યો નહીં. ઉપનિષદનો અવાજ રવીન્દ્રનાથમાં સંભળાય છે. મને આ નવાઇ લાગતી રહી છે, જેનો શ્વાસ મારી નિદ્રામાં પણ મને સ્પર્શ કરે છે, એટલું નિકટ જેનું સાન્નિધ્ય છે તેને કોણ જાણે કેમ કોઇ દિવસ દેખી શકતો નથી. આમ, કશાકને પામવાની ચિરંતન તૃષા રવીન્દ્રનાથમાં છે. તેમણે કહ્યું છે કે હું જ્યારે આ સૃષ્ટિમાંથી વિદાય લઉં ત્યારે એટલું જ કહી શકું કે જે મેં જોયું છે તે કલ્પનાતીત સૌંદર્ય હતું, તો બસ, એ જ મારો છેલ્લો શબ્દ હો.

પરમાત્મા માણસમાં પ્રકટ થવા ઇચ્છે છે. પરમાત્માને માણસ પ્રત્યે અનર્ગળ અનુરાગ છે. એટલા માટે જ એ રાજરાજેશ્વર મારા હૃદયને આકર્ષવા સૌંદર્ય સાગરનો મુગટ ધારણ કર્યો છે. રવીન્દ્રનાથે કહ્યું છે કે એ એટલા બધા અનર્ગળ આનંદમાં ઊભરાયો હશે કે અણુઅણુમાં વિભાજિત થયેલો છે. પરમાત્મા પ્રત્યે રવીન્દ્રનાથને આસ્થા છે. છેલ્લામાં છેલ્લા કાવ્ય સુધી એ આસ્થા ડગી નથી. પણ 'ગીતાંજલિ'નાં કાવ્યોનો જે જુસ્સો છે તે થોડોક ઓછો છે. 'બલાકા' ની કવિતામાં તેઓ અલંકાર વગરની કવિતા લઇને આવ્યા. પરમાત્મા વિષેની, રહસ્ય વિષેની જે અલંકૃત વાણી હતી તે આછી થઈ ગઈ. બે વિશ્વયુધ્ધો તેમણે જોયાં, તેમણે કહ્યું છે કે ઇશ્વરે આ સંસારમાં યુગે યુગે દૂતો મોકલ્યા છે, તેમણે પ્રેમ અને ક્ષમાનો સંદેશ આપ્યો છે, તેઓ પૂજનીય અને સ્મરણીય છે તો પણ આજે આ કપરા કાળમાં બહારને દરવાજેથી વ્યર્થ નમસ્કાર કરીને તેમને વળાવ્યા છે. મેં જોયું છે કે નિઃસહાય મર્યા છે, અન્યાય થયો છે. મારો કંઠ આજે રુંધાયેલો છે. એટલે જ તને અશ્રુ સાથે પૂછું છું-

'યાહારા તોમાર વિષાઇ છે વાયુ, નિભાઇ છે તવ આલો,
તુમિ કિ તાદેર ક્ષમા કરિયાછ, તુમિ કિ બેસેછ ભાલો?'

જેઓ તારા વાયુને વિષમય બનાવે છે, તારા પ્રકાશને બુઝાવે છે, તેમને તેં ક્ષમા કરી છે, તેમને તેં પ્રેમ કર્યો છે? આ રીતે તેઓ સત્ય તરફ, મનુષ્યની મુક્તિ તરફ ચાલ્યા છે. એમ કરતાં તેમના અવાજમાં આક્રોશ ભળ્યો છે.

શાશ્વતી, સત્ય અને સૌંદર્ય મનુષ્યને બોલાવે છે. રવીન્દ્રનાથે વારંવાર આ કહ્યું છે. બહારનું રૂપ, ઉછીનું લીધેલું રૂપ એ 'ચિત્રાંગદા'નો પ્રશ્ન છે-સાચી અને ખોટી જાતનો પ્રશ્ન છે. સ્ત્રી થઇ પુરુષનું-અર્જુનનું-મન ને જીતી શકનાર ચિત્રાંગદાને પહેલીવાર સમજણ આવી કે રાજકુમારની જેમ રહેતાં પોતે જે વિદ્યા શીખી છે તે વૃથા છે. અર્જુનનો મદ

ઉતારવા એક દિવસ માટે રૂપ માગતાં એને વસંતના અક્ષય-નિધિમાંથી એક વરસ માટે રૂપ મળ્યું. મનુષ્યોનાં સત્યોને રવીન્દ્રનાથે એની આંખ સામે મૂક્યાં છે, જેમાંથી મનુષ્ય પોતે પોતાને ખોજી લે છે. બહારના રૂપથી થયેલો પ્રેમ તો અંતે ચાલી જાય છે. અધ્યાત્મ સુધી પહોંચતા જે પ્રેમ પ્રાપ્ત થાય છે તે શાશ્વત છે. 'અભિજ્ઞાન શાકુન્તલમ્'માં કાલિદાસે પણ આ જ કહ્યું છે.

'ડાકઘર'નો અમલ ભણ્યો નથી, નથી એને મા-બાપ. માધવ દત્તને મળ્યો છે, એની lost identity છે. પહાડ ઓળંગીને ચાલ્યા જવાનું એને મન થયા કરે છે. એને લાગે છે કે પૃથ્વી ખોલી શકતી નથી એટલે આ રીતે નીલ આકાશમાં પોતાનો પહાડરૂપી હાથ ઊંચો કરીને બોલાવે છે, જેઓ દૂર દૂર ઘરમાં બેસી રહે છે તેઓ પણ આ બૂમ સાંભળી શકે, માત્ર પંડિતો એ નહીં સાંભળી શકતા હોય. આ પર્વત, ટેકરીઓની પાર ટેકરીઓ, વૃક્ષો, સમુદ્રો, નદીઓ છે. પણ અમલ તો ત્યાં જઈ શકે જ નહીં, એ તો બિમાર છે. મનુષ્ય આ કારાગારમાંથી બહાર આવે, સાજો થાય, તો, રવીન્દ્ર-નાથ કહે છે તેમ એ સૌંદર્ય જોઈ શકે. પેલી પાર રાજાની પોસ્ટ ઓફિસ છે. આ રાજાના-પરમાત્માના-કાગળની અમલ રાહ જોયા કરે છે. અમલમાં નિર્દોષિતા છે. નિર્દોષિતા હોય ત્યાં પરમાત્માનું અનુસંધાન થાય છે. અમલને એક વાત સમજાતી નથી. પહેરેગીર ઘંટ વગાડે છે તે પ્રમાણે ઘડિયાળ સમય બતાવે છે કે ઘડિયાળમાં નવ વાગે એટલે પહેરેગીર નવ ઘંટ વગાડે-કોઈ કહે છે કે વખત વહી ગયો છે, કોઈ કહે છે કે વખત થયો નથી. પણ વખત તો સદા યે ચાલ્યો જ જાય છે, બેસી નથી રહેતો. વખતની સાથે, સમયની સાથે ચાલ્યા જવાની અમલને બહુ ઇચ્છા થાય છે, એને દૂર દૂરને દેશ ચાલ્યા જવું છે જે દેશની કોઈને ખબર નથી. એ તો સત્ય છે કે એ દેશ તો બધાયને જવું પડશે. રાજાના પધારવાની રાહ અમલ જોયા કરે છે, અંતે સુધા આવી. સુધાને અમલ માટે ખૂબ જ પ્રેમ. નિર્દોષ મનુષ્યપ્રેમ રવીન્દ્રનાથે આલેખ્યો છે. મનુષ્યમાં સંગ-અસંગની, રોધ-અવરોધની વચ્ચે જે સૌંદર્યની બેનમૂન નકશી રચાતી આવે છે, તે રવીન્દ્રનાથની રચનાઓમાં ઊપસે છે. 'ડાકઘર'માં શાશ્વતી સૌંદર્યની સતત ખોજ છે.

અપ્રતિમ સૌંદર્ય, જીવનમાં સત્યો, સમાજ, મનુષ્યનું અસ્તિત્વ, સમય અને મૃત્યુ-રવીન્દ્રનાથનાં કાવ્યો, નાટકો, નવલકથાઓ, વાર્તાઓ આ બધા જ પ્રશ્નોને આવરી લે છે. ચિત્રાંગદાના પૌરાણિક પાત્રમાં જે નારીનું ચિત્ર દોરાયું, દુર્યોધનને દેશનિકાલ કરવા ઇચ્છતી ગાંધારીનાં પાત્રમાં જે ચિત્ર દોરાયું એ નારીમુક્તિનું ચિત્ર છે. સંસ્કૃતિને ટકાવવા સમાજની અનિવાર્યતા રવીન્દ્રનાથે જોઈ છે, પણ હૃદયધર્મ પર સમાજમાંના કોઈ તત્ત્વ દ્વારા આક્રમણ થાય તો સમાજનો છોડી દેવો જરૂરી બને છે. રવીન્દ્રનાથે ઉપનિષદો વાંચ્યાં છે. સમયને શી રીતે ઓળંગી શકાય એ પ્રશ્ન છે. ટી. એસ. એલિયટે ઉપનિષદો વાંચીને સમયને ઓળંગવાનો ક્રમિયેા 'ફોર ક્વાર્ટેટસ'માં દર્શાવ્યેા છે. એલિયટ અને રવીન્દ્રનાથ સમયની તીવ્ર સભાનતાની પીડાથી પરિચિત છે. એટલે એ પ્રશ્નને બન્નેએ વિશદતાથી ચર્ચ્યો છે. બન્નેએ પોતપોતાની રીતે તેની સબળ અભિવ્યક્તિ કરી છે. સમયના કારાગારને ઓળંગીને આનંદના સિંહદ્વાર લગી કેમ પહોંચી જવું તેનો ક્રમિયેા સંવિતમાં બન્નેએ દર્શાવ્યેા છે. રવીન્દ્રનાથ તો વિશાળ પરબ્રહ્મ સન્મુખે એટલા ઊઘડ્યા છે કે એમણે અસીમ શાશ્વતીને પોતાના અસ્તિત્વના અણુએ અણુમાં ગૂંથી લીધી છે. મૃત્યુ આવે છે, એને અટકાવી શકાતું નથી. સંવાદિતા કેળવવી આવશ્યક છે. સંગીત એ રીતે સાંભળવું કે જાણે કશું જ સાંભળ્યું નથી. એની આનંદસમાધિ લાગી જવી જોઇએ. જ્ઞાતા અને જ્ઞેય જ્ઞાનોપાર્જનની પ્રક્રિયામાં એવા તો લેલીન થઇ જાય કે દ્વૈત ઓગળી જાય. જ્યારે Existential School વિષેની આપણા ભાવકને ખબર ન હતી ત્યારે, ૧૯૦૦ની આસપાસ રવીન્દ્રનાથે identityનો, અસ્તિત્વનો પ્રશ્ન નાનાવિધ રીતે આલેખ્યો; વાસ્તવ અને ભાષા વિષેના પ્રશ્નોની ઊંડી મીમાંસા કરી. આખી યુગચેતનાને પોતાની સંવિતમાં આત્મસાત્ કરી તેને અશેષ પ્રકટાવવા મથ્યા.

# મોતની સજાના અમલની દયાળુ રીત હું

લેખક : વિજયગુપ્ત મૌર્ય

પૂણેમાં ૧૯૭૧માં સંસ્કૃતના વિદ્વાન કાશીનાથ અભ્યંકર અને કુટુંબીઓ સહિત બીજા નવ વ્યક્તિઓની ઠંડે કલેજે હત્યા કરવામાં આવી હતી. હત્યારાઓ ધંધાથી ખૂની છે. કોલેજ સુધીનું શિક્ષણ પણ મેળવ્યું છે અને યુવાન છે. તેમને ફરમાવવામાં આવેલી ફાંસીની સજા સર્વોપરી અદાલત સુધી અને રાષ્ટ્રપતિ સુધી કાયમ રહી. ફાંસીની સજા અમલમાં મૂકવા માટે ૪૮ કલાક બાકી હતા ત્યારે સર્વોપરી અદાલતના વેકેશન જજના ઘેર તેમના તરફથી એવી અરજી કરવામાં આવી કે ફાંસીની સજા ક્રૂર અને અમાનુષી છે માટે તેનો અમલ ન થવો જોઇએ. મોતની સજાનો અમલ કરવો જ હોય તો બીજી કોઈ દયાળુ રીતે કરવો જોઇએ.

ભારતમાં અને બીજા સુધરેલા દેશોમાં જ્યાં મૃત્યુદંડ છે ત્યાં આરોપીને મોતની સજા ફરમાવ્યા પછી એ સત્તાના સર્વોચ્ચ સ્થાન સુધી લડત ચલાવે છે. પુરાવા અને કાયદામાં છટકબારી શોધે છે. એના ધારાશાસ્ત્રીઓ છેલ્લી ઘડી સુધી નવા નવા મુદ્દા ઉપસ્થિત કરે છે, તેથી ઘેાડાઘણાં વર્ષો વીતી જાય છે. સજાનો એક હેતુ એ છે કે ગુનેગારને દાખલા-રૂપ સજા થાય ત્યારે બીજા માણસો ઉપર એવી છાપ પડે કે ગુનો કરીને ફાયદો ઊઠાવી શકાતો નથી, અને તેની સજા ભોગવવી પડે છે. ખૂનનો બનાવ લોકોના મનમાંથી હજી ભૂલાઈ ગયો ન હોય ત્યાં સુધીના ગણત્રીના સમયમાં ગુનેગારને દાખલા પૂરતી સજા થઈ જાય તો લોકોના મન ઉપર છાપ પડે કે ગુના કરવાથી ફાયદો નથી થતો. પરંતુ આપણી ન્યાયપદ્ધતિ બિલંબકારી છે, પોતાના અસીલનો કેસ નબળો હોય ત્યારે વકીલો કોઈને કોઇ બહાને કેસ લંબાવે છે, અદાલતો પાસે પણ કેસના ઢગલાં પડ્યા હોય છે, તેથી ન્યાયમાં ખર્ચા અને વિલંબ વધી જાય છે, ગુનો અને ગુને-ગારોનાં નામ પણ ભૂલી જવાય છે. અભ્યંકર ખૂન કેસ ૭ વર્ષથી અદાલત સમક્ષ ચાલે છે અને જ્યારે ફાંસીના અમલને બે દિવસની વાર હતી ત્યારે હમણાં તો અમલ બે મહિના મુલતવી રહ્યો છે, અને સંભવિતપણે વધુ લંબાશે. રંગા અને બિલ્લા હીનમાં હીન પ્રકારના ગુનેગાર હતા, અને વર્ષો સુધી તેમણે લડત આપી, જે છેવટે નિષ્ફળ ગઇ. રામન રાઘવનને થયેલી મોતની સજાનો વિલંબ દાયકામાં ગણાય છે.

મોતની સજા કાયદેસરનું ખૂન છે અને ખૂનીને સુધારવાની

તક તેની પાસેથી આંચકી લે છે, એવી દલીલ કરીને પ્રગતિશીલ દેશોમાં સુધારકો મોતની સજા કાયદામાંથી રદ કરાવવા ઝુંબેશ ચલાવે છે. મોતની બીકે ખૂન ઓછા થાય એવી માન્યતા સાચી નથી તેમ કાયદામાંથી મોતની સજા કાઢી નાખવાથી ખૂનોના બનાવ વધી જશે એવી બીક પણ સાચી ઠરી નથી. હત્યા માટે સામાજિક, આર્થિક કે કોઇ ટોળાંએ રાજકીય મરણો હોય છે. જ્યારે, માણસ ખૂન કરે છે ત્યારે તેણે ઉશ્કેરાટની પળમાં ખૂન કરી નાખ્યું હોય કે અભ્યંકરના ખૂનીઓની જેમ વિચારપૂર્વક અને યોજનાપૂર્વક ખૂન કર્યા હોય તો પણ તેમને મૃત્યુદંડનો ભય ખૂન કરતાં અટકાવી શકતો નથી.

મોતની સજા કરવી એમાં ન્યાય છે કે માનવતાની હત્યા? મોતની સજા બંધારણીય છે કે નહિ? જન્મટીપની સજા પામેલો કેદી ખૂન કરે તો તેને મોતની સજા આપવી એ ઇન્ડીઅન પિનલ કોડની ૩૦૩ કલમ પ્રમાણે ફરજિયાત છે કે નહિ? મોતની સજા ફરમાવ્યા પછી બે વર્ષમાં તેનો અમલ ન થાય તો આપોઆપ મોતની સજાને ટોળાંએ જન્મટીપની સજા લાગુ પડી જાય કે નહિ? એવા પ્રશ્નો ઉપર આપણા દેશમાં ઘણો વાદવિવાદ થયો છે; કેસો લડાયા છે અને વરિષ્ટ અદાલતોના ચુકાદા પણ આવ્યા છે. પરંતુ જ્યાં સુધી કાયદામાં મોતની સજા છે ત્યાં સુધી એ સજાનો અમલ માનવતા ભરેલી રીતે અને કેદીને ઓછામાં ઓછી પીડા થાય એવી રીતે કેમ કરવો તેની ચર્ચા થતી નથી. બ્રિટિશ જમાનાની પહેલાં શિરચ્છેદ, શૂળી અને બીજી કેટલીક ક્રૂર રીતે મોતની સજાનો અમલ થતો હતો. અંગ્રેજોએ ફાંસીની સજા દાખલ કરી અને મોતની સજાની બીજી બધી પ્રથા રદ કરી. એમ માની લેવામાં આવ્યું કે ફાંસીની સજામાં કેદી ઓછામાં ઓછી યાતના ભોગવે છે; તેના પગ નીચેનું પાટિયું સરકાવી લેવાથી કેદી જે પછડાટ અનુભવીને લટકી રહે છે, તેથી તેની ડોક તૂટી જવાથી તે તત્કાળ મરી જાય છે. પરંતુ આ બધી માન્યાતાને સમર્થન નથી મળતું. ફાંસીની સજાથી લોહી નથી રેડાતું અને કાળા મુખવટાની અંદર છૂપાએલું મોં શી યાતના ભોગવે છે તે જોઇ શકાતું નથી. કેદીએ શી યાતના ભોગવી, કેટલા સમય સુધી ભોગવી અને તેનો પ્રાણ ક્યારે અને કેવી રીતે ગયો તે કોઇ કેદી પાસેથી આપણે જાણી શકીએ નહીં.

બીજા દેશોમાં મોતની સજાના અમલની વિવિધ રીતો છે. આરબ દેશોમાં શિરચ્છેદની પ્રથા પણ છે અને ગળાસુધી ખાડામાં દાટીને, પત્થરો મારીને મારી નાખવાની પ્રથા પણ છે.

અમેરિકામાં કેટલાંક રાજ્યોમાં મોતની સજા રદ કરવામાં આવી છે. જે રાજ્યોમાં મોતની સજા છે ત્યાં કોઇ ટોળાંએ બંદૂકોની ગોળીઓ વડે, કોઇ ટોળાંએ ફાંસી વડે, કોઇ ટોળાંએ વીજળી વડે તો કોઇ ટોળાંએ ગેસ વડે ગૂંગળાવીને મોતની સજા કરવામાં આવે છે. ગયા ડિસેમ્બરમાં એક મુસ્લીમ સીદીને 'માનવતાની રીતે' ઝેરી ઇંજેક્શન આપીને મોતની સજાનો અમલ કરવામાં આવ્યો.

ચાર્લી બ્રુકસ નામના ગુનેગારે ખૂનનો ગુનો કર્યો હતો. અમેરિકામાં પણ મોતની સજા ભાગ્યે જ અપાય છે. આપણા દેશમાં જન્મટીપની સજાનો અર્થ વીસ વર્ષની જેલ થાય છે. તેમાંથી રજાના દિવસો અને સારી ચાલચલગતની કપાત બાદ જતાં, ૧૪ વર્ષમાં જન્મટીપનો કેદી છૂટી જાય છે. ગોડસેના ભાઇને છોડવામાં નહોતો આવ્યો ત્યારે તેણે કોર્ટને અરજી કરી છૂટકારો મેળવ્યો હતો.

બ્રુકસે ૨૬ વર્ષના એક મોટર મિકેનિકનું ખૂન કર્યું હતું. છ વર્ષ સુધી તે પોતાના બચાવ માટે લડયો. અમેરિકામાં ૧૧૦૦ જેટલા ખૂની મોતની સજા નીચે છે અને દર વર્ષે તેમાં એકસોનો વધારો થાય છે. અદાલતોમાં તેઓ લડત ચલાવે છે, તેથી સજાનો અમલ વિલંબમાં પડે છે. બ્રુકસ બધે હારી ગયો ત્યારે મોતની સજાનો અમલ કેવી રીતે કરવો તેની તેને પસંદગી આપવામાં આવી. તેણે ઝેરી ઇંજેક્શનની પસંદગી કરી. અમેરિકાના ઇતિહાસમાં આવી પસંદગી પહેલી છે. અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે વીજળીની ખુરસી કેદીને તત્કાળ મારી નાખે છે, તેથી તે ઓછામાં ઓછો સમય પીડા ભોગવે છે. પરંતુ બ્રુકસનો કિસ્સો બતાવે છે કે ઝેરી ઇંજેક્શન આપવાથી કેદી તત્કાળ બેશુદ્ધ થઇને કશી પીડા વિના થોડી જ વારમાં મરી જાય છે.

આશરે ૨૩૦૦ વર્ષ પહેલા ગ્રીક તત્વજ્ઞાની સોક્રેટિસને ઝેરી વનસ્પતિનો રસ પીને આત્મહત્યા કરવાની સજા કરવામાં આવી હતી. તેના કરતાં ઝેરી ઇંજેક્શન વધુ 'દયાળુ' છે. ઇ. સ. ૧૮૯૦માં વીજળીની ખુરશીનો ઉપયોગ શરૂ થયો હતો. તેમાં કેદીને બેસાડીને બાંધી રાખવામાં આવે છે, અને હજારો વોલ્ટના દબાણવાળો વીજળીનો પ્રવાહ ચાલુ કરવામાં આવે છે, જેથી નિષ્પ્રાણ બની ગએલ શરીર બળવા પણ લાગે છે. ૧૯૨૪માં ગેસ ચેમ્બરની પ્રથા દાખલ કરવામાં આવી. તેમાં એમ માનવામાં આવ્યું કે ગેસથી કેદી તત્કાળ બેશુધ્ધ થઇ જવાથી તેને પીડા થતી નથી.

પરંતુ ઝેરી ઇંજેક્શન આપવાના બનાવે વિવાદના કેટલાક નવા મુદ્દા ઊભા કર્યા છે. ડોકટર તેના ઉમદા ધંધામાં દર્દીને રોગમુકત કરવા માટે ઇંજેક્શન આપે છે. કેદીને મારી નાખવા માટે ઇંજેક્શન આપવું એ તેના ધંધાની નીતિમત્તાથી વિરુદ્ધ છે. તેથી અમેરિકામાં કેટલાંક ડોકટરોએ વાંધો ઊઠા યેા છે. વળી, કેદીને ઝેરી ઇંજેક્શન આપવા કાયદા પ્રમાણે ડોકટરને ફરજ પાડી શકાય નહિ. તેથી અમેરિકન મેડિકલ એસોસિએશને પોતાના વાંધાના આ નૈતિક મુદ્દા રજુ કર્યા છે.

અહીં ઇંજેક્શન આપનાર ડોકટરની દલીલ એવી છે કે ઇંજેક્શન મેં આપ્યું નથી. એ ખરૂં છે કે તેણે બાર્બીટ્યુરેટનું ઇંજેક્શન તૈયાર કરી આપ્યું હતું. પહેલાં બ્રુકસના જમણા હાથની શિરામાં ઇંજેક્શનની સોઇ અને ટયુબ બેસાડી દેવામાં આવ્યાં તેને સેલાઇન, સોલ્યુશનના લટકતા શીશા સાથે જોડી દેવામાં આવી. આ નળી સાથે વચ્ચે ઝેરી ઇંજેક્શનની ૩ પીચકારીઓ જોડી દેવામાં આવી. આ બધું કામ તો ડોકટર કે નર્સ જ કરી શકે. ડોકટરનો એવો બચાવ હોય કે ઇંજેક્શન તેણે નહોતું આપ્યું, તો પણ તે પોતે બ્રુકસની હત્યા કરવામાં મદદગાર તો ખરો જ ને?

ચાર્લી બ્રુકસને ખાટલા પર સૂવડાવીને તેને તથા તેના હાથને ખાટલા સાથે બાંધી લેવામાં આવ્યા. તે પછી તેના બંને હાથની શિરામાં સિરિંજ બેસાડી દેવામાં આવી. આ બધી ગોઠવણી દરદીને લોહી અથવા ગ્લુકોઝ સેલાઇન આપવામાં આવે છે તેના જેવી જ હતી. પરંતુ વધારામાં ઝેરી ઇંજેક્શનનું જોડાણ હતું. કેદી માત્ર પોતાના હાથમાં બેસાડેલ સોઇ અને સિરિંજ જ જોઇ શકે, બાકીનું બધું બાજુના ઓરડામાં ગોઠવવામાં આવ્યું હતું. અર્ધા કલાક સુધી માત્ર સેલાઇન સોલ્યુસન બ્રુકસની શિરામાં ચઢાવવામાં આવ્યું. રાતના ૧૨ વાગ્યા પછી ઝેરી ઇંજેક્શનની ત્રણ સિરિંજમાંથી પહેલી સિરિંજ સેલાઇન સોલ્યુસનના પ્રવાહમાં સામેલ કરી દેવામાં આવી. તેમાં બે ગ્રામ બાર્બીટ્યુરેટ સોડીયમ થીઓપેન્ટલ હતું. શસ્ત્રક્રિયા માટે દરદીને બેશુદ્ધ કરવા માટે અપાય તેના કરતાં આ માત્રા પાંચ ગણી હતી. બીજા બે ઇંજેક્શનની જરૂર ન હતી, પરંતુ નિઃશંક મૃત્યુની ખાત્રી તરીકે આપવામાં આવ્યાં. બીજું ઇંજેક્શન પાન કયુરોનિયમ બ્રોમાઇડનું હતું, જે શરીરના

ચેતાતંતુઓને નિષ્ક્રિય બનાવી દે છે. અને તેથી શ્વાસોચ્છ્વાસ બંધ કરી દે છે. છેલ્લું ઇંજેક્શન પોટેશિયમ ક્લોરાઇડનું હતું જે હૃદયને બંધ પાડી દે છે. ૭ મિનિટમાં ગુનેગારને મરી ગએલો જાહેર કરવામાં આવ્યો, ત્યારે પોટેશિયમ ક્લોરાઇડનો ૨/૩ ભાગ હજી શીશીમાં હતો.

આ બનાવે અમેરિકામાં અને બીજા વિચારશીલ સમાજોમાં પણ ઘણી ચર્ચા જગાવી છે. મોતની સજાના વિરોધીઓને અને હિમાયતીઓને વાદવિવાદના નવા મુદ્દા મળ્યા છે, અને તેમાં ડોક્ટરી ધંધો પણ સંડોવાયો છે. જેલના સત્તાવાળાનો બચાવ એવો છે કે ઇંજેક્શન ડોક્ટરે આપ્યું જ ન હતું. તેઓએ તો માત્ર વ્યવસ્થા તપાસી હતી.

જો મોતની સજા પામેલી વ્યક્તિ મેદવાળી હોય, તેની શિરાઓ બરડ હોય, તો આ સજાના અમલનો વ્યથાહીન મૃત્યુનો હેતુ માર્યો જાય.

મોતની સજા ગમે તે રીતે કરવામાં આવે પણ ખૂન અને મોતની સજા વચ્ચે ફરક એટલો જ છે કે ખૂન ખૂની માણસ ગેરકાયદે કરે છે, ત્યારે મોતની સજા સત્તાધીશો કાયદેસર કરે છે. બંને કિસ્સામાં માણસનું મૃત્યુ નિપજાવવામાં તો આવે જ છે. તેમ છતાં જો મોતની સજા રાખવી જ હોય તો તેનો અમલ એવી રીતે કરવો જોઈએ કે તે જોનારને ત્રાસદાયક ન લાગે અને સજા પામનારને ઓછામાં ઓછી પીડા થાય. ઝેરી ઇન્જેક્શન વડે કદાચ કંઈજ પીડા થતી નથી, કારણકે કેદી તત્ક્ષણ ઊંઘમાં પડે છે. ઊંઘ તત્ક્ષણ બેશુદ્ધિમાં ફેરવાઈ જાય છે અને બેશુદ્ધિ તરત મૃત્યુમાં પરિણમે છે.

# ભારતના અર્થકારણમાં ગોવંશનું સ્થાન

કાન્તિલાલ વોરા

પ્રાચીન ભારતમાં હજારો વર્ષ પહેલાં માનવ, કૃષિ-પ્રધાન સંસ્કૃતિમાં જીવતો હતો. ત્યારે ગોવંશ એને માટે આધાર-સ્તંભરૂપ હતો. ઈશ્વરની રચના જ એવી છે કે જીવન ઉપયોગી તમામ ચીજો ગાય દ્વારા મળી રહે. પોષણ માટે સત્ત્વશીલ અને ઓજસદાયી દૂધ, ખેતી માટે બળદ અને કુદરતી ખાતર તથા એમાંથી પેદા થતા અન્ન વસ્ત્રથી મનુષ્ય સરળ, સાત્ત્વિક અને નીતિમય જીવન ગુજારતો હતો.

ગાયના દૂધ ઉપરાંત છાણ અને મૂત્રમાં પણ આરોગ્યની દૃષ્ટિએ ચમત્કારિક ગુણો હોવાને કારણે, એને માતા તુલ્ય અને અવધ્ય માનવામાં આવી. આ સંસ્કૃતિ હજારો વર્ષ સુધી ચાલી.

પરંતુ છેલ્લી એકાદ સદીથી આપણે પાશ્ચિમાત્ય દેશોનું અંધ-અનુકરણ કરીને યંત્રોદ્યોગ-પ્રધાન, ભૌતિકવાદી અર્થ-નીતિ અપનાવી, જેમાં આપણી કૃષિ-પ્રધાન સંસ્કૃતિનું સ્થાન તદ્દન ગૌણ બની ગયું. નવી અર્થનીતિમાં ઔદ્યોગીકરણને વેગ આપવા સૃષ્ટિના નિયમ વિરુદ્ધ પૃથ્વીને ધમરોળીને એના પેટાળમાં અરબો વર્ષથી જમા થયેલ ખનિજ તેલ, કોલસા, ધાતુ, જળ વગેરે અંધાધૂંધ રીતે બહાર કાઢવાથી પૃથ્વીનું સમતુલન પણ ખોરવાઈ ગયું છે. તેમજ તેલ (પેટ્રોલિયમ) તો હવે થોડા જ દાયકામાં પૃથ્વીમાંથી ખતમ થવાની પરિસ્થિતિ નિર્માણ થઈ છે, જે ઉદ્યોગો વગેરેનો મુખ્ય આધાર છે. જળની સ્થિતિ પણ વિષમ થતી જાય છે. આજની કૃત્રિમ વ્યવસ્થામાં, વપરાયેલું જળ જમીનમાં પાછું જવાને બદલે (Percolate થવાને બદલે) ગટરો દ્વારા સમુદ્રમાં ધકેલાઈ જાય છે. જેથી ભવિષ્યમાં પીવાના પાણીની પણ સમસ્યા ઉભી થવાનો સંભવ છે

આમ છતાં આ ઔદ્યોગીકરણથી અમુક જરૂરતના સાધનો સિવાય દુનિયાને નોંધપાત્ર રીતે મળ્યું છે શું? મુખ્યત્વે મોજશોખનો અને મોતનો સામાન ભયંકર શસ્ત્રાસ્ત્રો. આ ઉદ્યોગો ભાંગી પડે તો પાશ્ચિમાત્ય ઘણા દેશોનું અર્થતંત્ર જ ભાંગીને ભૂકકો થઈ જાય એમ છે. આ 'મોતના સામાન'નું ઉત્પાદન જ ઘણા દેશોની તો જીવાદોરી બની ગયું છે અને એ મોતના સોદાગરો પોતાના શસ્ત્રો વેચવા માટે એક રાષ્ટ્રને બીજા રાષ્ટ્ર સાથે લડાવી મારવા તરકીબો અજમાવી રહ્યા છે.

ઉપરાંત આ ઉદ્યોગોના કારખાનામાંથી ઊડતા કેમીકલ્સ, તેલ, કોલસો અને લોહના જથ્થાબંધ રજકણો તથા ધૂમાડો અવકાશમાં ફેલાતાં, મનુષ્યના જીવનનો જેના ઉપર મુખ્ય આધાર છે, એ હવા-પ્રાણવાયુ દૂષિત (ઝેરી) બને છે. કારખાનાઓનો જંગી કચરો સમુદ્ર અને નદીઓમાં ઠલવાતાં, પીવાનું પાણી પણ શુદ્ધ ન રહેતાં દૂષિત બન્યું છે, તેમજ કારખાનામાં પેદા થતા કૃત્રિમ (રાસાયણિક) ખાતર દ્વારા ખેતી થવાથી, એમાં જીવાત ઉત્પન્ન થતાં એના ઉપર છાંટવામાં આવતી ઝેરી દવાઓને કારણે અનાજ પણ શુદ્ધ મળવું મુશ્કેલ બન્યું છે. વધારામાં આ પ્રદૂષણોને અટકાવનાર કુદરતી વન-સંપત્તિ (વૃક્ષો)નો પણ લાકડું તથા બળતણ મેળવવા આડેધડ નાશ કરીને કુદરતી બચાવની રચનાનો પણ આપણે બેવકૂફાઇપૂર્વક હ્રાસ કરીએ છીએ. વૃક્ષોનો નાશ થતાં, વરસાદથી જમીનનું ધોવાણ થાય છે અને ખેતીને નુકસાન પહોંચે છે તેમજ નદીઓમાં કાંપ જમા થતાં પૂરથી તથા વૃક્ષોના અભાવથી વરસાદ ઓછો થતાં દુષ્કાળથી દેશને વારંવાર નુકસાન થાય છે.

કૃષિ-પ્રધાન આપણા દેશમાં અગાઉ પણ મોટા ઉદ્યોગો હતા જ, જે આજની જેમ યાંત્રિક પ્રકારના નહીં, પરંતુ માનવ-શક્તિથી ચાલતા વિકેન્દ્રત અને ગૃહઉદ્યોગ તથા ગ્રામોદ્યોગ સ્વરૂપના હતા, જેથી એ ઓછામાં ઓછી મૂડીમાં વધારેમાં વધારે માણસોને રોજી આપી શકતા અને જીવન જરૂરતની ચીજોને અગ્રસ્થાન આપીને એનું ઉત્પાદન થતું તથા સમાન વહેંચણી એ એનું લક્ષ રહેતું, જેથી દરેક વાપરનારને એ સસ્તા ભાવે મળી રહેતું. કુદરતી સંપત્તિનો પણ એમાં ઓછામાં ઓછો વ્યય થતો અને આ ઉદ્યોગો દ્વારા કોઇ પ્રકારનું પ્રદૂષણ પણ થતું નહીં.

દાખલા તરીકે જીવનાવશ્યક શુદ્ધ ઘીનો સૌથી મોટો ગૃહઉદ્યોગ ઘર ઘરમાં ચાલતો, જેમાં મૂડીનું રોકાણ નહીંવત્ થતું અને ઉત્પાદન લાખો ટનનું થતું, જેથી શ્રીમંત ગરીબ સૌને એ સસ્તા ભાવે મળી રહેતું. ઉપરાંત હોમ, હવન, મંદિરોનાં અખંડ દીવા વગેરેમાં હજારો ટન શુદ્ધ ઘી જ વપરાતું. આમ છતાં વધતું, એની પરદેશમાં નિકાસ થતી. ગાયના દૂધ, ઘી, માખણમાં આરોગ્યદાયી ઔષધીય ગુણો રહેલા હોઇ, લોકોનું આરોગ્ય પણ ઉત્તમ પ્રકારનું રહેતું.

આજે કરોડો રૂપિયાના રોકાણ છતાં, મોટા કારખાનાઓમાં વેજીટેબલ (કૃત્રિમ) ઘીનું ઉત્પાદન એટલું ઓછું થઈ શકે છે કે જે માંગને પહોંચી વળવા સમર્થ નથી.

કૃષિ ઉત્પાદન-શેરડીમાંથી ગોળ બનાવવાનો મોટો ઉદ્યોગ ગામેગામ ચાલતો. એનું સસ્તાપણું તથા એમાં રહેલ ચૂનાના તત્ત્વને કારણે શ્રમિક ગરીબોને માટે એ ખૂબ આશીર્વાદ સમાન હતો.

અન્ય કૃષિ ઉત્પાદન–કપાસમાંથી સૌથી મોટો અને સમૃદ્ધ કાપડ–વણાટનો ઉદ્યોગ ચાલતો હતો. ભારતમાં દરેક વ્યક્તિ પૂરતા પ્રમાણમાં વસ્ત્ર પહેરતી અને વધારાનું કાપડ ચીન, જાપાન, રશિયા, ઇંગ્લેંડ, આફ્રિકા વગેરે દેશોમાં નિકાસ થતું. સુંદરતા, ટકાઉપણું તથા સસ્તાપણામાં એ વિશ્વમાં બિનહરીફ હતું. ઢાકાની મલમલ અને અમદાવાદની કિનખાબ મશહૂર હતા. આ બધા ઉદ્યોગો ગોવંશ અને કૃષિ આધારિત હતા.

આજે મિલ ઉદ્યોગમાં કરોડો રૂપિયાનું રોકાણ થવા છતાં, દેશની મોટા ભાગની વસતિ અર્ધ-નગ્ન હાલતમાં જીવે છે. આ રીતે વિજ્ઞાન અને યાંત્રિક કારખાનાઓ દ્વારા પ્રજાનું શોષણ જ થાય છે.

આ સિવાય પશુ-ઉછેર, ચર્મ ઉદ્યોગ, લોહ ઉદ્યોગ, વહાણો બનાવવાનો ઉદ્યોગ, વગેરે વગેરે મોટા ઉદ્યોગો આપણા દેશમાં ચાલતા જ હતા. પણ એની વિશેષતા એ હતી કે એમાં કોઇનું શોષણ થતું ન હતું તેમ જ–શક્તિને આધારે ચાલતા હતા, જેથી એ સમયે બેકારીનો પ્રશ્ન જ ઉદ્ભવતો નહોતો.

અર્વાચીન યંત્રોદ્યોગ અને ભૌતિકવાદનું એક અનિષ્ટ પરિણામ એ પણ આવ્યું કે વધારે ને વધારે કમાણી કરવા માટે સરકાર તથા વેપારીઓ દ્વારા વિવિધ પ્રાણીઓની તથા ગાય બળદની કતલ કરીને એના માંસની પણ નિકાસ થવા લાગી, જે પશુધન ભારતીય અર્થકારણની કરોડરજ્જુ સમાન છે.

પરંતુ જો આમ જ ચાલે તો થોડાં જ વર્ષોમાં દેશમાં ગાય–બળદની એટલી અછત સર્જાય કે એનો દુષ્કાળ પડવા જેવી સ્થિતિ નિર્માણ થાય, જે ભારતને કોઈ પણ સંજોગમાં પરવડે એમ નથી.

આજની યંત્રોદ્યોગ–પ્રધાન અર્થરચનામાં પણ ગાય (ગોવંશ)નું સ્થાન નીચેના કારણોસર વિશેષ મહત્વનું પૂરવાર થાય છે.

(૧) પેટ્રોલિયમની ભારે અછતની અવેજમાં, ગાય-બળદ વગેરે પશુઓના છાણમાંથી મળતો મિથેન–ગેસ અને એમાંથી ઉત્પન્ન થતી ઉર્જા, કારખાના તથા વાહનો ચલાવવા માટે એક મોટો અને અનિવાર્ય વિકલ્પ બને છે.

(૨) ગામેગામ ગોબર ગેસ – પ્લાન્ટ બનાવીને, મિથેનગેસ દ્વારા રસોઈ બની શકે તથા બત્તીઓ જલાવી શકાય. એક સંશોધન મુજબ ભારતમાં દર ત્રણ કુટુંબે એક કુંટુબ, ગોબરના છાણા બાળીને રસોઈ કરે છે. આ રીતે કિંમતી ખાતરનો નાશ થાય છે. એને બદલે એ(ગોબર)માંથી જો મિથેન-ગેસ કાઢી લઈ એનાથી રસોઇ બનાવવામાં આવે તો ૨,૭૧,૦૦,૦૦૦ (બે કરોડ એકોતેર લાખ) કુટુંબને એ ગેસ પૂરો પાડી શકાય અને ગેસ નીકળતા બાકી જે બચે એનો ઉપયોગ ખાતર તરીકે થઈ શકે. ઉપરાંત બળતણ માટે વૃક્ષોનો મોટા પ્રમાણમાં નાશ કરવામાં આવે છે, એનો પણ સારા પ્રમાણમાં બચાવ થાય, જેથી હવાના પ્રદૂષણ ઉપર પણ નિયંત્રણ થાય.

(૩) રાસાયણિક ખાતરને બદલે પશુના ગોબરમાંથી બનતા કુદરતી ખાતરથી શુદ્ધ અને સાત્વિક અન્ન પેદા કરી શકાય. ગોબરનું સેંદ્રિય ખાતર, ખેતરમાં જમીનની ઉર્વરા શક્તિને સતત જાળવી રાખે છે. જેથી (ગાયના) 'ગોબરમાં લક્ષ્મીનો વાસ છે' એમ કહી આપણા પૂર્વાચાર્યોએ એને ઉચ્ચ સ્થાન આપેલું છે. રાસાયણિક ખાતરથી જમીનને નુકસાન પહોંચે છે અને થોડા વર્ષો બાદ એની ફળદ્રૂપતા ઘટે છે.

રાસાયણિક ખાતર કરતાં ગોબરનું ખાતર ઘણું સસ્તું પડે છે. રાસાયણિક ખાતરવાળી જમીનને પાણી પણ વધારે જોઇએ છે. જ્યારે ગોબરના ખાતરવાળી જમીનને ઘણા ઓછા પાણીથી ચાલી શકે છે.

ગાયના છાણ અને મૂત્રમાં વિશેષ પ્રકારના તત્વો છે, જેથી એના ખાતરવાળી જમીનમાં કીટાણુઓ પડતા નથી. માનવ ચિકિત્સામાં પણ ગૌ-મૂત્ર ઘણું ઉપયોગી છે. કોલેરા, જલોદર, મેલેરિયા વગેરે રોગોને એ મટાડે છે.

(૪) યંત્રોદ્યોગના આજના જમાનામાં પણ ભારતમાં ૬૦ ટકા ખેતી બળદ દ્વારા જ થાય છે. ટ્રેક્ટર આપણા દેશની પરિસ્થિતિમાં પરવડે એમ જ નથી. વળી ટ્રેક્ટર માટે પેટ્રોલિયમ જોઇએ છે, જેની ભારે અછત છે અને ખૂબ મોંઘુ છે. એને વારંવાર રિપેર કરવું પડે છે, જ્યારે બળદ ફક્ત એણે જ પેદા કરેલું ઘાસ ખાઈ, હરવખ્ત કામ આપે છે. વધારામાં ગોબરરૂપી કિંમતી ખાતર આપે છે.

(૫) પરિવહનનું મોટું સાધન, આપણા દેશમાં બળદ–ગાડું છે, જે રેલ્વે અને ટ્રક કરતાં પણ મોટા પ્રમાણમાં યાતાયતનું કામ કરે છે. દેશભરના પાવર હાઉસમાંથી મળતી વીજળી–શક્તિ કરતાં પણ, બળદ દ્વારા મળતી ભારવહન–શક્તિ ( horse power ) વધારે છે. દેશની દોઢ કરોડ ઉપરાંત બૈલગાડીઓ, કાચા રસ્તાઓ ઉપર ખેત–પેદાશનો સામાન હેરફેર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

(૬) ગાયનું દૂધ આરોગ્ય માટે, તમામ દૂધમાં ઉત્તમ છે. પ્રદૂષણના આજના યુગમાં કથળતા જતા માનવ સ્વાસ્થ્યનું રક્ષણ કરવાની, ગાયના દૂધ, ઘી, માખણમાં ક્ષમતા છે. ગાયનું દૂધ સત્વશીલ, સુપાચ્ય, ઓજસદાયી તથા રોગોનો પ્રતિકાર કરનાર અનેક ગુણોવાળું, અમૃત તુલ્ય છે, જેથી એ સંપૂર્ણ ખોરાકનું સ્થાન ધરાવે છે. એ કારણે દુનિયાના મોટા ભાગના દેશોમાં ગાયનું જ દૂધ વપરાય છે. રેસના ઘોડાઓને પણ ગાયનું દૂધ આપવામાં આવે છે.

(૭) દેશના અર્થતંત્રમાં ગોવંશનો ફાળો આજની સ્થિતિમાં પણ, ૧૬,૦૦૦ કરોડ રૂપિયાનો છે; દૂધ ઉત્પાદનની કિંમત વાર્ષિક રૂા. ૬૦૦૦ કરોડ, બળદ દ્વારા મળતી ઉર્જા શક્તિની કિંમત ૫૦૦૦ કરોડ, ગોબરમાંથી મળતા ખાતરની કિંમત ૩૦૦૦ કરોડ તથા ગોબરમાંથી મળતા ગેસની કિંમત ૨૦૦૦ કરોડ. આમ છતાં આપણી કમનસીબી છે કે આવી મહાન રાષ્ટ્રીય સંપત્તિ(ગોવંશ)ની આપણા દેશમાં આડેધડ કતલ થઇ રહી છે.

ગોવંશના રક્ષણ, પોષણ અને સંવર્ધન માટે સક્રિય અને રચનાત્મક કદમ ઉઠાવવામાં આવે તો જ આ કાર્ય સફળ થઈ શકે. આ માટે એવું આયોજન થાય કે મુંબઈ જેવા શહેરમાં, જ્યાં હજારો દોલતમંદ ગોપ્રેમીઓ, ગોભક્તો વસે છે. તેમાંથી ફક્ત ૧૦૦ સજ્જનો આગળ આવીને ગોવંશને બચાવવા માટેના પ્રોજેક્ટમાં રૂા. એક એક લાખ આપે, તો એક કરોડ રૂપિયા થાય. આવા પ્રકારનું કાર્ય કરતી સેંકડો સંસ્થાઓ પણ મુંબઇમાં અને દેશમાં છે. તે એકથી પાંચ લાખ રૂપિયા પણ આપી શકે. આ માટે રકમ આપનારને 'રૂરલ ડેવલપમેન્ટ સ્કીમ' મુજબ ઇન્કમ ટેક્સમાં ૧૦૦ ટકા માફી મળી શકે.

આ રકમમાંથી દેશમાં ૫-૬ પ્રદેશમાં, જેવા કે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આંધ્ર, તામીલનાડુ વગેરે ટુકડાંએ આ માટેના નમૂનેદાર, પ્રોજેક્ટ (ગોસદન), ગોબર ગેસ પ્લાન્ટ તથા ટેનરી (ચર્મોદ્યોગ) સહિતના ઊભા કરી શકાય, જેમાં ઊંચી ઓલાદની ગાયોનું ઉત્તમ સાંઢ દ્વારા સંવર્ધન કરી, દૂધનું ઉત્પાદન સારા પ્રમાણમાં વધારી શકાય. ગેસ–પ્લાન્ટ દ્વારા

ગેસ, ઉર્જા તથા કુદરતી સેંદ્રિય ખાતર ઉત્પન્ન કરી શકાય તથા ચર્મોદ્યોગ દ્વારા મૃત પશુઓના અવશેષો—ચામડા, હાડકાં, ચરબી વગેરેનો પણ સંપૂર્ણ ઉપયોગ કરી શકાય.

ઉપરાંત ઘરડા, અશકત ગાય-બળદને પણ આ ગોસદનોમાં ચારોપાણી આપીને નિભાવી શકાય. કારણ કે તેઓ પણ છાણ-મૂત્ર દ્વારા ગેસ, ઉર્જા તથા કિંમતી ખાતર આપતા હોઇ બિનઉપયોગી તો નથી જ.

ક્રમે ક્રમે આવી યોજના દેશભરમાં વિકસાવી શકાય, કે જે આપણા પૂર્વજોએ દીર્ઘદ્રષ્ટિપૂર્વક ગામેગામ ગોશાળા-પાંજરાપોળો દ્વારા ઊભી કરી હતી. પરંતુ આપણે સ્વાર્થવશ એ તરફ દુર્લક્ષ કરતા. આજે એ વ્યવસ્થા તૂટી જતાં ગોવંશની બેફામ કતલ થઈ રહી છે. હવે એ જૂની વ્યવસ્થા આપણે નવા સ્વરૂપે અને આધુનિક ઢબે ફરીથી ચાલુ કરવી પડશે, તો જ ગોવંશ બચશે અને દેશ પણ બચશે.

આ માટેનું સંપર્કસ્થાન : અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ. ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ ૭. ફોનઃ ૩૬૬૩૧૩ છ.

# મરઘીઓ પ્રત્યે માણસની ક્રૂરતા

મૂળ અંગ્રેજી– લિલિયન મેસોન

અનુવાદક – શારદાબેન બાબુભાઇ શાહ

તમને ઇંડા ખાવાનો શોખ છે? એમાંથી બનતી બીજી વાનગીઓ તમને ગમે છે? તમારા ડાઇનીંગ ટેબલ પર આવતાં ઇંડાનું ઉત્પાદન કઈ રીતે થાય છે તેની તમને જાણ છે? એવી જાણ ન હોય તો તે જાણવા જેવું છે.

ચાલીસેક વર્ષો પહેલાં તો મરઘીઓ રમતી કૂદતી, જમીન ખોતરતી, તાજી હવા અને સૂર્યપ્રકાશ મેળવતી પોતાનું કુદરતી જીવન જીવતી હતી. જમીનમાં તે પોતાના પગ વડે ખાડો ખોદતી, નાના નાના જીવજંતુઓનું ભક્ષણ કરી વાતાવરણને ચોખ્ખું રાખતી. અને મુકત રીતે ફરતી ફરતી અને પોતાનો કાળ આવે ત્યારે સ્વાભાવિક રીતે ઇંડા મૂકતી. પરંતુ હવે એ દિવસો ગયા. ઇંડા ઉત્પન્ન કરવાની રીતમાં આજે ઘણો બધો ફેર પડયો છે. યુ. કે. ના સંખ્યાબંધ પોલટ્રી ફાર્મમાં ૯૦ ટકા જેટલી મરઘીઓને ઇલેકટ્રીક પીંજરામાં પૂરવામાં આવે છે. આ પીંજરામાં તેઓ દયનીય દશામાં જીવે છે. તદ્દન સાંકડાં એવાં સંખ્યાબંધ પીંજરામાં દસ હજાર જેટલી મરઘીઓને પૂરવામાં આવે છે. પીંજરું સાંકડું હોવાથી તે છૂટથી હરીફરી શકતી નથી. તદ્દન સાંકડાં એવાં આ પીંજરામાં ચાર ચારની સંખ્યામાં તેમને પૂરી રાખવામાં આવે છે. આ રીતે કેદી બનેલી મરઘીઓ છૂટથી પીંછા ખેરવી શકતી નથી, પાંખો ફફડાવી શકતી નથી, તેમને કુદરતી હવા પ્રકાશ મળતાં નથી તેમજ તે આસાનીથી બેસી શકતી નથી. પીંજરું ખૂબ સાંકડું હોવાથી મરઘીઓનાં શરીર એક બીજા સાથે ઘસાય છે અને કોઈવાર એમાંથી ઉઝરડા પડે છે અને લોહી નીકળે છે.

મરઘીઓના ખોરાકનો વિચાર કરીએ તો દરેક પીંજરામાં પટા જોડવામાં આવે છે અને એના પર રસાયણ મિશ્રિત ખોરાક આપવામાં આવે છે, જેથી મરઘીઓ અકુદરતી રીતે મોટાં અને સંખ્યામાં ઝાઝાં ઇંડા મૂકી શકે અને માણસને નાણાંકીય લાભ થાય.

પોલટ્રી ફાર્મની દિવાલો પર સંખ્યાબંધ ઇલેકટ્રીક પીંજરાઓ રાખવામાં આવે છે. આ પીંજરામાં મરઘીઓને ધકેલવામાં આવે છે. તેમના બહાર દેખાતાં ડોકાં અત્યંત દયાજનક દશ્ય ઊભું કરે છે. નાણાંકીય લોભમાં પડેલો માણસ એટલું ભૂલી જાય છે કે આ મરઘીઓ પોતાને થતી વેદના પરત્વે સભાન છે. તે પણ આપણી જેમ હાડમાંસનું બનેલું કુદરતનું સર્જન છે. તેમનામાં પણ લાગણી જેવું તત્ત્વ છે.

મરઘીઓને ઇંડા મૂકવાનો કાળ લગભગ ત્રણસો દિવસોનો હોય છે. આ કાળ વીત્યા બાદ કોઈ નકામી વસ્તુને ફેંકી દેવામાં આવે તેમ તેમને હડસેલી મૂકવામાં આવે છે. આવી રીતે સખત બંધનવાળી અને ત્રાસજનક જિંદગી ગુજારવાને લીધે મરઘીઓ શારીરિક રીતે બેહાલ થઈ ગઈ હોય છે. આવી રીતે અકુદરતી અને ફરજિયાત ઇંડા મૂકવાને લીધે તેઓ થાકી ગઇ હોય છે. કુદરતી રીતે તેમને કોઇ કસરત ન મળવાને લીધે તેઓ પક્ષાઘાતનો ભોગ બને છે, તેમનું માથું ધ્રૂજે છે અને તેઓ સાવ જ નિર્બળ બની ગઈ હોય છે.

આ બાબતમાં આપણે શું કંઇ ન કરી શકીએ? પ્રાણીઓ પ્રત્યેની માણસની આટલે હદ સુધીની ક્રૂરતા પ્રત્યે આપણે શું અવાજ ન ઊઠાવી શકીએ? આ બાબતમાં સરકાર કંઇ કરે અને આવી ક્રૂરતાને અટકાવે એવો અવાજ આપણે જરૂર ઊઠાવી શકીએ. મૂંગા પ્રાણીઓ આપણા મિત્રો છે. તેમના પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતાને અટકાવવા આપણે દ્રઢ નિશ્ચય કરીએ તો આ દિશામાં જરૂર સુધારો થાય.

# જાગૃત સંતનાં અનાસકત વાત્સલ્યની ઝાંખી

**સંત પરમ હિતકારી** લે. મનુ પંડિત. પ્રકા. જીવન-સ્મૃતિ સ્વાધ્યાય મંદિર, ૧૭, વસંત નગર, ભૈરવનાથ માર્ગ, મણિનગર, અમદાવાદ ૩૮૦૦૦૮. પ્રથમ આવૃત્તિ, માર્ચ, ૧૯૮૩. પૃષ્ઠ ૧૨૮. કિંમત રૂા. ૬-૦૦

સતત, પ્રતિક્ષણ જાગૃતિ અને એને અનુરૂપ જાગૃત જીવન એ સંતનું આગવું લક્ષણ છે. ધર્મ અને અધ્યાત્મ, ગહન તત્ત્વજ્ઞાન અને ઉપદેશથી સંતના જીવનનું પ્રજ્ઞાશીલ પરિમાણ જાણી શકાય, જ્યારે ઉચ્ચ તત્ત્વજ્ઞાનને સાધુ જીવનની યંત્રવત્, કઠોર શિસ્તને બદલે વાત્સલ્ય અને પ્રેમાચરણના માધ્યમ દ્વારા સહજભાવે આત્મસાત્ કરતાં, ખુલ્લી કિતાબ જેવા એમના સમગ્ર જીવનને, એમના જીવનના પ્રસંગો દ્વારા યથાયોગ્ય પામી શકાય. શ્રી મનુપંડિત મુનિશ્રી સંતબાલજીના અંતેવાસી હતા. એટલે એમને નજીકથી જાણવાનો લહાવો એમને મળ્યો હોય એ સ્વાભાવિક છે. સાક્ષી એવા લેખકે મુનિશ્રી સંતબાલજીના જીવનના પ્રસંગો દ્વારા એમના વ્યકિતત્વનો આપણને જીવંત સ્પર્શ કરાવ્યો છે. સરળ ભાષા અને નિરાડંબરી શૈલીથી એમણે આલેખેલાં પ્રસંગો સહજ સિદ્ધ બન્યા છે.

પૂ. વિનોબાજી અને મુનિશ્રી સંતબાલજીનું પ્રત્યક્ષ મિલન થયું ન હતું. પરંતુ બન્ને એક બીજાના હૃદયથી નિકટ હતા. વિનોબાજીએ ભૂદાનનો કાર્યક્રમ દેશ સમક્ષ મૂક્યો ત્યારે મુનિશ્રીએ ગુજરાતની ભૂદાન સમિતિને પોતે જ્યાં ચાતુર્માસ હતા ત્યાં નોતરી. ગુજરાતનો ભૂદાન લક્ષ્યાંક નકકી થયો. પોતાના પ્રયોગક્ષેત્રના ચાર તાલુકાઓ, વીરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકા તાલુકાઓનો સંકલ્પ પણ ત્યાં નકકી થયો. ચાતુર્માસ બાર ભૂદાનનો પ્રશ્ન મુખ્ય બનાવી પોતે સૌરાષ્ટ્રમાં ગયા. નિર્ધારિત સમયમાં જાહેર થયેલો લક્ષ્યાંક પૂરો ન થાય તો સંતની સાક્ષીએ થયેલો સંકલ્પ તૂટે. એટલે એ સંકલ્પની પૂર્તિમાં એમણે ઉપવાસ કરવાનું જાહેર કર્યું, અને એ લક્ષ્યાંક પૂરો થયો. વૈદ્યનાથધામમાં વિનોબાજી પર પંડાઓએ હુમલો કર્યો ત્યારે 'દેવોને સ્થાપિત હિતમાંથી બચાવો' એવું નિવેદન એક ધર્મ પુરુષને છાજે એ રીતે એમણે કર્યું. દેશભરમાં

# છાત્રાલયોની કામગીરી

પન્નાલાલ ૨. શાહ

ઉચ્ચ કેળવણીની સુવિધા પૂરી પાડતાં છાત્રાલયમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓની આવેલી અરજીઓ પર વિચારણા કરવા એક સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની સભામાં અમુક ટકાથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીને પ્રવેશ આપવો કે કેમ એ પ્રશ્ન વિચારણા હેઠળ હતો. આ પ્રશ્ન નીતિવિષયક (Policy) છે. એમાં બાંધછોડ થઇ શકે નહીં. અભ્યાસમાં નબળા હોય એવા વિદ્યાર્થીઓને દાખલ કરવાથી તેઓ અભ્યાસ પૂરો કરી શકે નહીં. એની પાછળ થતો ખર્ચ એથી એળે જાય.

શાળા કક્ષાના કે ઉચ્ચ અભ્યાસ માટે રહેવા-જમવાની અને અન્ય સુવિધા પૂરી પાડતાં છાત્રાલયો છેલ્લાં સાત આઠ દાયકામાં સ્થપાયા છે. એ અરસામાં કેળવણીનો વ્યાપક પ્રચાર કરવો જરૂરી હતો. એ સમયે શાળાઓ અને મહાશાળાઓ (Colleges) મુખ્ય શહેરોમાં જ હતી. એટલે નાના કેન્દ્રો અને ગામડાંઓના વિદ્યાર્થીઓ એવી કેળવણીથી વંચિત રહે. આ પરિસ્થિતિના ઉકેલરૂપે જ્યાં શાળાઓ કે મહાશાળાઓ સ્થપાઇ હોય તેવા શહેરોમાં છાત્રાલયોની સ્થાપના કરવામાં આવી. આવા યોગ્ય દિશાના અને સમયસરના પગલાંથી વિદ્યાર્થીઓની એળે જતી કારકિર્દીની સમસ્યાનો ઉકેલ આવ્યો. છાત્રાલયમાં જમવા-રહેવાની સુવિધા સાથે શાળા – મહાશાળાઓની ફી અને અભ્યાસક્રમના પુસ્તકો આપવાની પણ જોગવાઇ કરવામાં આવી. આ બધાના મૂળમાં એક ભાવના હતી: 'સગવડના અભાવે સમાજનો એક પણ વિદ્યાર્થી આધુનિક કેળવણીથી વંચિત ન રહેવો જોઇએ.' એ વખતે છાત્રાલયોમાં પ્રવેશ માટે ગુણવત્તાનું ધોરણ મુખ્ય ન હતું અને વિદ્યાર્થીઓને પ્રવેશ મળવાથી, એમની કારકિર્દી ઉજ્જવળ બની.

કેળવણીનો પ્રચાર વધ્યો અને છાત્રાલયમાં રહીને અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ જીવનમાં આગળ વધ્યા-વધી શકયા. એ જોઇને પણ ગામડાંમાં વસતાં મા-બાપ અને વાલીઓનો પણ આધુનિક શિક્ષણ તરફ ઝોક વધ્યો. પરિણામે છાત્રાલયોની ક્ષમતાથી પણ વિશેષ અરજીઓ પ્રવેશ માટે આવવા લાગી. એમાં પ્રવેશ કોને આપવો અને કોને નહીં એ પ્રશ્ન ઉભો થયો. આવા સંજોગોમાં લાગવગના કારણે કોઇનો હક ઝૂંટવાઇ જાય. એવું ન બને એટલે આ પ્રશ્નના નિરાકરણ માટે વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે દાખલ કરવાનું વિદ્યાર્થીગૃહોના વહીવટકર્તાઓએ વિચાર્યું હોય એ બનવાજોગ છે. તત્કાલીન પરિસ્થિતિમાં એ વ્યાજબી પણ હતું. વિદ્યાર્થીઓના સમાવેશની ક્ષમતા કરતાં વિશેષ અરજીઓ આવવાથી ગુણવત્તાના ધોરણે માત્ર તેજસ્વી વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળતો થયો. એટલે પરીક્ષાઓના પરિણામો પણ વિશેષ સારાં આવતા થયા. આ કારણથી અને વર્ગને સ્થાન ન રહેવાથી-સમાજમાં આવા છાત્રાલયોની પ્રતિષ્ઠા પણ બંધાણી. અરજીઓનું પ્રમાણ સતત વિશેષ થવાથી. આવા છાત્રાલયોના જાગૃત સંચાલકોએ વિદ્યાર્થીગૃહોનું વિસ્તરણ અને રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીના કેન્દ્રોમાં શાખા વિદ્યાર્થીગૃહો કે કોલેજના વિદ્યાર્થીઓ માટે નવા છાત્રાલયો સ્થપાયા.

કેળવણીના વ્યાપક પ્રચાર માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર પણ જાગૃત હતી. એટલે આઝાદી બાદ ઘણી નવી યુનિવર્સિટીઓ અને સરકારી કોલેજો અસ્તિત્વમાં આવી. એ જ રીતે સામાજિક સ્તરે જાગૃત, કલ્પનાશીલ અને ગતિશીલ અગ્રણીઓએ નાના નાના શહેરોમાં કોલેજની અને ગામડાંઓમાં હાઇસ્કૂલની સ્થાપના માટે સફળ પ્રયત્નો કર્યા. વળી આર્થિક વિકાસ સાધવાની દૃષ્ટિએ ગામડાંમાં વસતાં ઉજળિયાત વર્ગે શહેરો ભણી દોટ મૂકી. અભ્યાસના માધ્યમના કારણે પણ ગુજરાતમાંથી મુંબઇ અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓનો પ્રવાહ ક્ષીણ થતો જાય છે. વળી, શિક્ષિત બેકારોની સમસ્યાના કારણે પણ કેળવણી તરફનો ઝોક અને મમત્વ ઓછા થતા જાય છે. આવા બધા કારણોસર છાત્રાલયોમાં પ્રવેશ મેળવવાની આવશ્યકતા, છેલ્લાં ત્રણેક દાયકાના અનુભવ કરતાં, ઉત્તરોત્તર ઘટતી જાય છે. નજરે ન ચડે એ રીતે આની પરિસ્થિતિનું નિર્માણ છેલ્લાં કેટલાંક વર્ષોથી થઈ રહ્યું છે.

આ સંજોગોમાં છાત્રાલયમાં પ્રવેશ આપવા માટે ચોકકસ ટકાથી, દા. ત. ૬૦% થી ઓછા ગુણ મેળવનારને, છાત્રાલય ભલે ખાલી રહે, પરંતુ પ્રવેશ ન જ આપવો એવું વલણ અપનાવવાનું. પ્રવેશ આપવાની બાબત નીતિવિષયક ગણવાની અને એને પ્રતિષ્ઠાના ભૂતનું વળગણ લગાડવામાં કેટલું ઔચિત્ય છે એ એક પ્રશ્ન છે. મારી દૃષ્ટિએ પ્રવેશ આપવા માટેના માપદંડ તરીકે એનો ઉપયોગ ત્યાં સુધી જ થઇ શકે, જ્યાં સુધી ઉપલબ્ધ ક્ષમતા કરતાં અરજીઓ વધારે હોય. ઉપલબ્ધ ક્ષમતાં કરતાં અરજીઓ ઓછી હોય તો છાત્રાલયો ખાલી રાખવાનો વહીવટકર્તાઓને કોઈ અધિકાર નથી. જે છાત્રાલયોમાં ૭૦% થી નીચે ગુણ મેળવનારને અગાઉ પ્રવેશ મળતો ન હતો ત્યાં આજે ૫૦% માર્કસ મેળવનારને પ્રવેશ મળે એવી સ્થિતિ છે. જે છાત્રાલયો સાથે હું સંકળાયો છું ત્યાં વિચાર વિનિમય બાદ આ રીતે નિર્ણય લેવાયો છે.

મહત્ત્વનો પ્રશ્ન આવતા દાયકાઓમાં છાત્રાલયોની કામગીરીનો છે. દાખલ થવા માટે આવતી અરજીઓનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું જાય તો બદલાતા સંજોગોમાં એની કામગીરી શું હોઈ શકે એ બાબત વ્યવસ્થાપકોએ વિચારવાની ખાસ જરૂર છે. મારા વતનના જિલ્લામાં શાળાના વિદ્યાર્થીઓ માટે નવ વિદ્યાર્થીગૃહો હતા. એ પૈકી એક વિદ્યાર્થીગૃહે, અલબત્ત જુદા કારણોસર, બહેનો માટેના છાત્રાલયતરીકે એનું રૂપાંતર કર્યું. આવો નિર્ણય કરતાં પહેલાં વ્યવસ્થાપકોને ડર હતો કે વિદ્યાર્થિનીઓ આગળ આવશે કે કેમ ? એવા છાત્રાલયના એક ટ્રસ્ટી સાથેની વાતમાં મેં મારું અનુમાન જણાવ્યું હતું કે અરજીઓ નામંજૂર કરવી પડે એવી પરિસ્થિતિ સર્જાશે. હકીકતે એમ જ બન્યું. આવા નવ છાત્રાલયો (હવે આઠ) પૈકી હજુ ત્રણ છાત્રાલયોનું કન્યા છાત્રાલયમાં રૂપાંતર થઈ શકે. કોલેજ કક્ષાના જિલ્લાના મુખ્ય મથકના છાત્રાલયે પણ મારા આ દૃષ્ટિબિંદુ અંગે વિચારણા બાદ કન્યા છાત્રાલયમાં રૂપાંતર કર્યું છે. સમાજના અર્ધા અંગની કેળવણી વિષયક જરૂરિયાત તરફ આ માત્ર અંગૂલિનિર્દેશ છે.

ઉચ્ચ અભ્યાસ માટે મોટા શહેરના છાત્રાલયોમાં હજુ દાખલ થવા માટેની અરજીઓનો અભાવ જણાશે નહીં. પરંતુ એવી પરિસ્થિતિનું નિર્માણ થાય એવા સ્પષ્ટ એંધાણ તો છે જ. એટલે કેળવણીની કોઈ પણ શાખામાં સ્નાતક કક્ષા સુધી જ પ્રવેશ આપવાની નીતિને બદલે સ્નાતક પછીના અભ્યાસક્રમો, વ્યવસાયલક્ષી ટૂંકા અભ્યાસક્રમો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એમ. બી. એ. આદિ અભ્યાસ કરવા ઇચ્છા ધરાવનાર વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવાની દૃષ્ટિ વ્યવસ્થાપકોએ રાખવી પડશે. એક જ શહેરમાં એક જ સંસ્થાના એકથી વધુ વિદ્યાર્થીગૃહો હોય ત્યાં એકાદ વિદ્યાર્થીગૃહને બહેનોની સગવડતા માટે ખુલ્લું મૂકવાનું વિચારવું પડશે. અથવા આ માટે સમાજના જુદી જુદી સંસ્થાઓના સંચાલન હેઠળના વિદ્યાર્થીગૃહો વચ્ચે સંકલન સાધી, વ્યવસ્થા વિચારવી પડે એવો સમય બહુ દૂર નથી.

# પુસ્તક મેળા

© રમણલાલ ચી. શાહ

વાંચવાની ટેવ અને રુચિ કેળવ્યે કેળવાય છે. બધા જ માણસોને વાંચવામાં રસ ન પડે. કોઇકનું તો તરત માથું દુખવા આવે, તો કોઈકે એવા પણ હોઈ શકે કે જે સળંગ બાર-ચૌદ કલાક વાંચ્યા પછી જાણે નવી તાજગી અનુભવતા હોય તેમ પ્રસન્ન અને પ્રફુલ્લિત દેખાય. પ્રજા તરીકે દુનિયામાં નોર્વે અને સ્વીડનના લોકો સૌથી વધુ વાંચે છે. (જો કે ટી. વી.ના આગમન પછી એનું પ્રમાણ ઘણું ઘટ્યું છે), કારણ કે ઉત્તર ધ્રુવની નજીક આવેલા એ દેશોમાં ત્રણ-ચાર મહિનાની સળંગ રાત્રિ હોય છે.

એક જમાનો એવો હતો કે જ્યારે છાપું વાંચવું હોય તો માણસ વાચનાલયમાં જાય. આજે હવે પાડોશીનું છાપું લઇને વાંચવાનું પણ માણસને ગમતું નથી. પોતાનું છાપું પોતે વાંચવાની પ્રથા હવે ખૂબ પ્રચલિત થઈ ગઇ છે.

છાપાં અને ચોપાનિયાંની જેમ પુસ્તકોની બાબતમાં હજુ એટલું પરિવર્તન આવ્યું નથી. પુસ્તકાલય કે મિત્રો પાસેથી પુસ્તક મેળવીને વાંચવાની પ્રથા હજુ ઠીક ઠીક પ્રમાણમાં છે. પરંતુ તેને લીધે માણસ કયારેક સારાં પુસ્તકોથી વંચિત રહી જાય છે. પોતાને મનગમતાં પુસ્તકો વાંચવા માટે ઘરમાં વસાવવાં એ સંસ્કારી માણસનું લક્ષણ છે.

દુનિયામાં પ્રતિ વર્ષ લાખો પુસ્તકો પ્રગટ થાય છે. ફકત ગુજરાતી ભાષાનો વિચાર કરીએ તો દર વર્ષે સરેરાશ નાના-મોટા પાંચસોથી વધુ પુસ્તકો પ્રકાશિત થાય છે. પુસ્તકોની દુનિયા એટલે કે જાણે મહાસાગર. તરતાં તરતાં એને પાર કરવાનું શકય નથી. એટલે કે માણસે પોતાની પસંદગીની મર્યાદિત રેખા દોરી લેવી જોઇએ.

કેટલાક વાચકો ઊંટ કે બકરી જેવા (ઊંટ મેલે આકડો, બકરી મેલે કાંકરો) હોય છે: જે હાથમાં આવ્યું તે બધું જ વાંચી જતા હોય છે. એમાં વિવેક હોતો નથી. માત્ર સમય પસાર કરવાની વૃત્તિ હોય છે. એટલે વાંચેલાનું વિસ્મરણ પણ ઝડપથી થાય છે. કેટલાક વાચકો ગાય જેવા હોય છે. ગાય જેમ સૂંઘીને યોગ્ય અને પથ્ય હોય તેટલું જ ખાય છે, તેમ આવા વાચકો પોતાના વાંચન માટે મર્યાદિત સંખ્યામાં વિષય અને ગ્રંથો પસંદ કરી લે છે અને તેનું ઝીણવટથી વાચન કરે છે. એથી એમને રસાનંદના અનુભવ સાથે જ્ઞાન સંસ્કારની પ્રાપ્તિ પણ થાય છે. કેટલાક માણસો એવા સારા પારખુ હોય છે કે કોણે કેટલું વાંચ્યું અને પચાવ્યું છે તેનો અંદાજ તેમના ચહેરા ઉપરથી કાઢી લે છે.

પુસ્તકવિક્રેતા, ગ્રંથપાલ, પુસ્તકમેળાના આયોજકો વગેરે લેખક અને વાચક વચ્ચે સેતુ સમાન બની રહે છે. તેમાં પણ પુસ્તકમેળાના આયોજકોનું કાર્ય ત્વરિત પરિણામ લાવનારું હોય છે. કોઇ પુસ્તકમેળાની મુલાકાત આપણે લઇએ ત્યારે જોયાં કે જાણ્યાં ન હોય તેવાં કેટલાંયે આપણાં રસનાં પુસ્તકોની આપણને જાણ થાય છે.

કેટલીક વખત કોઈ વિષયમાં આપણી અપેક્ષા કરતાં વધુ ચઢિયાતું પુસ્તક આવા મેળામાંથી આપણને સાંપડે છે. જે કેટલાંક ઉત્તમ પુસ્તકો કેટલીક મર્યાદાઓને કારણે એના યોગ્ય વાચકો સુધી પહોંચ્યાં નથી હોતાં તેવાં પુસ્તકો આવા મેળા દ્વારા પહોંચે છે. મેળામાં પસંદગીને અવકાશ ઘણો મોટો હોય છે. વળી, નબળી અને નિરર્થક કૃતિઓમાં અટવાઈ જતાં બચી જવાય છે.

વિશ્વ-પુસ્તકમેળાનું પ્રતિ વર્ષ આંતરરાષ્ટ્રીય ધોરણે દુનિયાના જુદા જુદા શહેરોમાં આયોજન થાય છે. પરંતુ આપણી ગુજરાતી ભાષાની જેમ દુનિયાની ઘણી ભાષાઓને હજુ તેમાં પ્રતિનિધિત્વ સાંપડ્યું નથી. ભારતમાં નેશનલ બુક ટ્રસ્ટ તરફથી પ્રતિ વર્ષ મોટા પાયા ઉપર પુસ્તકમેળાનું આયોજન થાય છે. તેમાં ગુજરાતી ભાષાનાં પુસ્તકો પણ હોય છે. ગુજરાતી અધ્યાપકોનું 'સંમેલન' ઇતિહાસ પરિષદ વગેરેનાં સંમેલનોમાં પુસ્તક-પ્રદર્શન યોજાય છે. ઓકસફર્ડ, મેકમિલન જેવી મોટી કંપનીઓથી માંડીને નાના નાના પ્રકાશકો પોતાનાં પુસ્તકોનું વખતોવખત પ્રદર્શન યોજે છે. આ દિશામાં લોકમિલાપ ટ્રસ્ટની કામગીરી પણ ઘણી પ્રશસ્ય છે. એના વ્યવસ્થાપક-ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર મેઘાણી ઉત્તમ પુસ્તકોના સાચા રસિયા અને પુસ્તક પ્રચાર માટેના સાચા મિશનરી છે. વળી એમની પાસે વ્યવહારુ દૃષ્ટિ અને આયોજનની કુનેહ છે. વાચકોને ઓછી કિંમતે ઉત્તમ પુસ્તકો કેવી રીતે સાંપડે તે માટે તેમણે વિવિધ યોજનાઓ કરેલી છે. ભારતમાં વિવિધ સ્થળે પુસ્તકમેળાનું સફળ આયોજન કરી ગુજરાતી વાચકોની રસવૃત્તિને સતેજ કરવાનું મૂલ્યવાન કાર્ય તેમણે કર્યું છે. હવે તેમણે ગુજરાતી પુસ્તક મેળાને વિદેશોમાં લઈ જવાની યોજના ઘડી છે. અમેરિકા અને કેનેડા, ઇંગ્લંડ અને યુરોપ તથા ઓસ્ટ્રેલિયા, ફીજી અને ન્યુઝીલેન્ડના શહેરોમાં તેઓ ગુજરાતી પુસ્તકોનું પ્રદર્શન આરંભમાં નાના પાયા પર યોજવાના છે. વિદેશોમાં ગુજરાતી કુટુંબોમાંથી ગુજરાતી ભાષા ઘસાતી ચાલી છે. આવી યોજના દ્વારા તેને નવું બળ મળી શકે. શ્રી મહેન્દ્ર મેઘાણીને તેમના આ આયોજનમાં ઘણી સારી સફળતા મળે એવી આપણી શુભેચ્છા!

[શ્રી મહેન્દ્ર મેઘાણી આ વર્ષે જુલાઈ-ઓગસ્ટમાં અમેરિકા અને કેનેડામાં, સપ્ટેમ્બર-ઓકટોબરમાં બ્રિટન અને યુરોપમાં તથા નવેમ્બરમાં ફીજી, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં પુસ્તક પ્રદર્શન યોજશે. જેમને આ પ્રવૃત્તિમાં રસ હોય અને જેમનાં સગાંસબંધીઓ કે મિત્રો તે તે દેશોમાં હોય, તેઓનાં સરનામાં લોકમિલાપ ટ્રસ્ટ, પો. બો નં. ૨૩ (સરદારનગર), ભાવનગર એ સરનામે શ્રી મહેન્દ્ર મેઘાણીને જણાવવા તેમને વિનંતી.]

## સાભાર સ્વીકાર

**હરિજનોની સમસ્યા:** લે. ભોગીલાલ ગાંધી, પ્રકા. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા. કીંમત રૂા. ૩૨-૦૦.

## એકયુપ્રેશરના તાલીમ માટેના વર્ગો : ત્રીજી બેચ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-પ્રેમળ જ્યોતિ દ્વારા જે. એકયુપ્રેશરના કલાસો ચલાવવામાં આવે છે તેની બીજી બેચ પુરી થાય છે. ત્રીજી બેચ જુલાઇના પ્રથમ સપ્તાહમાં શરૂ કરવામાં આવશે. તાલીમ લેવામાં જેમને રસ હોય તેઓ જૂનની આખર તારીખ સુધીમાં નામો નોંધાવે-ત્યારબાદ નવા નામો નોંધવામાં આવશે નહિ તેની નોંધ લેવા વિનંતિ.

**નીરૂબહેન એસ. શાહ** **ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
સંયોજક, મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ
પ્રેમળ જ્યોતિ.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૭૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪. ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧૬-૬-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## એ ભારતનું અપમાન છે.

વાડીલાલ ડગલી

[અસત્યના પ્રયોગો નામનો મારો લેખ આ અંક માટે લખ્યો હતો તે પ્રથમ પાને ન છાપતાં છેલ્લે પાને છાપ્યો છે. એ લેખ લખાયા પછી અગત્યના એવા જ એક બીજા પ્રકારના સમાચાર છાપાઓમાં ચમકયા. અમેરિકન પત્રકાર સિમૂર હર્શ પોતાના પુસ્તકમાં એવો નિરાધાર આક્ષેપ કર્યો છે કે શ્રી મોરારજીભાઈ દેસાઇએ અમેરિકી જાસૂસખાતા સી. આઈ. એ. ના એજન્ટ તરીકે બંગલા દેશના યુદ્ધ વખતે કાર્ય કર્યું હતું. મુકત લોકશાહી અને અખબારી સ્વાતંત્ર્યનો કેટલી હદ સુધી દુરુપયોગ થઇ શકે તેનો આ એક નમૂનો છે. પોતાની સમૃદ્ધિ અને પોતાના અર્થતંત્રને ટકાવી રાખવા તથા દુનિયામાં પોતાનું રાજકીય વર્ચસ્વ જમાવવા કે ટકાવી રાખવા અમેરિકાના રાજદ્વારી પુરુષો સી. આઇ. એ. દ્વારા કેવી કેવી ગંદી રાજરમત રમતા હોય છે. અને નાના નાના અવિકસિત દેશોમાં પુષ્કળ નાણાં વેરી, નેતાઓને ફોડી કેવી રીતે કલહ અને સંઘર્ષ ઉભો કરી સરકારોને ઉથલાવી પાડવાની પ્રવૃત્તિ કરતા હોય છે તે જાણીતું છે. કેટલીક વાર પોતે આપેલી લાલચને વશ ન થનાર નેતાઓ સામે કેવાં કેવાં જૂઠાં, આક્ષેપાત્મક લખાણો પ્રગટ કરી કરાવી વ્યકિતના ચારિત્ર્યનું ખંડન ધરાદાપૂર્વક રાજકીય હેતુથી કરાતું હોય છે તે પણ જાણીતું છે. નિકસન-કિસિંજરના સમયમાં આ પ્રવૃત્તિ બહુ જોરદાર રીતે ચાલી હતી. પરંતુ અંતે નિકસનને પોતાને કેવી ખરાબ રીતે સત્તા છોડવી પડી હતી તે પણ આપણે જાણીએ છીએ.

સિમૂર હર્શે જે આક્ષેપો શ્રી મોરારજીભાઇ વિશે કર્યા છે તેના જબરા પ્રત્યાઘાતો દુનિયામાં પડયા છે; તે માટે ઘણો ઉહાપોહ થયો છે. એ વિશે લેખ લખી આપવા માટે મેં મારા પરમ મિત્ર શ્રી વાડીલાલ ડગલીને વિનંતી કરી. એનો એમણે તરત સ્વીકાર કર્યો અને આ લેખ લખી આપ્યો તે માટે એમનો આભારી છું.—તંત્રી]

ત્રીજી જૂને સવારનાં વર્તમાનપત્રો આવ્યાં અને ભારતની પ્રજાએ એક આંચકો અનુભવ્યો. સુપ્રસિદ્ધ ગાંધીવાદી ભૂતપૂર્વ વડા પ્રધાન અને એક સન્માનિત રાષ્ટ્રના નેતા શ્રી મોરારજી દેસાઈને અમેરિકન પત્રકાર સીમૂર હર્શે અમેરિકન સરકારની જાસૂસી સંસ્થા સી. આઈ. એ.ના એજન્ટ તરીકે જાહેર કર્યા. શ્રી હર્શે 'ધ પ્રાઇસ ઓફ પાવર' નામનું પુસ્તક લખ્યું છે તે થોડા સમયમાં પ્રગટ થવાનું છે. આ પુસ્તકમાં આ અમેરિકન પત્રકારે એવો આક્ષેપ કર્યો છે: બાંગલા દેશ અંગેના ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ દરમિયાન ૧૯૭૧ માં સી. આઇ. એ. ને માહિતી આપવા બદલ શ્રી મોરારજીભાઇને દર વર્ષે ૨૦,૦૦૦ ડોલર મળતા હતા! શ્રી મોરારજીભાઇએ લાક્ષણિક પ્રત્યાઘાત આપ્યો: 'જે માણસે આ કહ્યું એ પાગલ હોવો જોઇએ!' આ વખતે શ્રી મોરારજીભાઈ પોતાના વતી નહીં પણ સમગ્ર ભારત વતી બોલી રહ્યા હતા.

શ્રી હર્શે આ પુસ્તક અમેરિકાના માજી વિદેશમંત્રી શ્રી હેનરી કિસિંજરને ઉતારી પાડવા માટે લખ્યું છે. પણ એણે આ પુસ્તકમાં એવો આક્ષેપ કર્યો છે કે જ્યારે રિચર્ડ નિકસન એમના ડેમોકેટિક હરીફ હ્યુબર્ટ હંફ્રી સામે પ્રમુખપદની ચૂંટણી લડી રહ્યા હતા ત્યારે કિસિંજર બન્ને ઉમેદવારોને ખાનગી માહિતી આપતા હતા. આખરે નિકસન પ્રમુખપદની ચૂંટણી જીત્યા અને કિસિંજર વિદેશ પ્રધાન થયા.

જ્યારે શ્રી હર્શને 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'ના અમેરિકા ખાતેના પ્રતિનિધિ શ્રી જે. એમ. પારીમુએ જણાવ્યું કે ૧૯૭૧ માં ભારત-પાકિસ્તાન યુદ્ધ થયું ત્યારે શ્રી મોરારજીભાઈ શ્રીમતી ગાંધીની સરકારના સભ્ય ન હતા. ૧૯૬૯ માં જ્યારે શ્રીમતી ગાંધીએ નાણા ખાતું શ્રી મોરારજીભાઈ પાસેથી લઈ લીધું ત્યારે તેમણે સરકારમાંથી રાજીનામું આપી દીધું હતું. શ્રી હર્શને જ્યારે એમ જણાવવામાં આવ્યું કે દેસાઇ એ એક બહુ પ્રચલિત અટક છે એટલે તેમનામાં તેથી ગેરસમજ થઈ હોય. પહેલા પ્રશ્નના જવાબમાં એમણે આડકતરી રીતે ભૂલ કબૂલ કરી. બીજા પ્રશ્નના જવાબમાં તેમણે પોતાનો કકકો ખરો છે એમ જણાવ્યું. શ્રી હર્શે એમ પણ જણાવ્યું: 'કદાચ મેં ભૂલ કરી હોય. શ્રી મોરારજી દેસાઇ સરકારમાં નહોતા એ વાત ખરી. એટલી મારી નાની ભૂલ કહેવાય. પણ એ પાર્લામેન્ટના સભ્ય તો હતા જ. અને એમના સંપર્કો ઘણા મોટા હતા.'

મુખ્ય નોંધવાની વાત એ છે કે શ્રી હર્શે સી. આઇ. એ. ના કોઈ ઓફિસર પાસેથી સાંભળેલી વાત લખી છે. એમની પાસે કોઈ દસ્તાવેજી પુરાવો નથી. આવું ચારિત્ર્યખંડન અમેરિકામાં સામાન્ય વાત છે. પોતાના દેશ વિશે કે બીજા દેશોના આગેવાનો વિશે ગમે તેવા આક્ષેપો કરવા તે ત્યાં સહજ વાત થઇ ગઇ છે. દુનિયાનો સૌથી વધુ શકિતશાળી દેશ એટલે આવા દેશના નેતાઓ અને પત્રકારો બિનજવાબદાર દાદાઓની જેમ વર્તતા હોય છે.

એ એક દુઃખદ ઘટના છે કે શ્રી મોરારજીભાઇના ટેકેદારો અને વિરોધીઓ આવા બેહુદા આક્ષેપો સામે સાર્વત્રિક રોષ વ્યકત કરતા હતા ત્યારે ભારત સરકારના પ્રતિનિધિઓ 'નો કોમેન્ટ' એટલે કે અમારે કશી ટીકાટિપ્પણ કરવાની નથી એમ કહ્યું. સરકારી નોકરની વાત તો સમજ્યા પણ વડા

પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીનું મૌન અકળ છે. ભારતના એક સ્વમાની નાગરિક તરીકે શ્રીમતી ગાંધીની એ ફરજ હતી કે આવી બદનક્ષીના જાહેરમાં જવાબ આપે. શ્રીમતી ગાંધીમાં ઘણા ગુણો હશે પણ તેમનામાં રાજકીય શાણપણ નથી.

શ્રીમતી ગાંધી કદાચ એમ માનતાં હોય કે શ્રી મોરારજીભાઈ ઉપર આવો બેહૂદો આક્ષેપ થાય તો તેમની જાહેર પ્રતિમા ઝાંખી પડે. કેટલાક લોકો એમ માને છે કે રાષ્ટ્રીય કક્ષાએ શ્રીમતી ગાંધીના માર્ગમાં કોઇ એક નેતા હોય તો તે મોરારજીભાઇ છે. આ માન્યતામાં થોડું તથ્ય છે, કેમકે અત્યારે તો રાષ્ટ્રીય કક્ષાના બે જ નેતા છે. પણ પક્ષ કરતાં દેશ ઊંચો છે. પક્ષને ફાયદો થાય અને દેશની પ્રતિષ્ઠા નીચી જાય તો તેમાં સરવાળે પક્ષને પણ નુકસાન થાય છે. આ બાબતમાં શ્રીમતી ગાંધી સાવ એકલાં પડી ગયાં છે. શ્રીમતી ગાંધીની હંમેશાં તરફેણ કરતાં વર્તમાનપત્રોએ પણ મોરારજીભાઇ પરના આક્ષેપને રાષ્ટ્ર પરના આક્ષેપ તરીકે ઓળખાવ્યો છે.

આમાં એક બીજો પ્રશ્ન એ છે કે અમેરિકાના સત્તાધીશ વર્ગો–પ્રમુખ, પાર્લામેન્ટના સભ્યો, ઉદ્યોગપતિઓ અને વગદાર પત્રકારો એમ માનતા હોય છે કે ભારત જેવા ગરીબ દેશોના આગેવાનોને ડોલરના બળથી ગમે ત્યારે ખરીદી શકાય છે. શ્રીમતી ગાંધીની તરફેણ કરતું વિખ્યાત વર્તમાનપત્ર 'હિન્દુસ્તાન ટાઇમ્સ' તો ત્યાં સુધી કહે છે કે ભારત સરકારે પોતે શ્રી મોરારજી દેસાઇને પત્રકાર હર્શ અને તેના પુસ્તકના પ્રકાશક સામે અમેરિકાની અદાલતમાં કેસ માંડવામાં સહાય કરવી જોઇએ. આવી માગણી કરી 'હિન્દુસ્તાન ટાઇમ્સ' નો તંત્રીલેખ જણાવે છે કે 'જો મોરારજીભાઇ જેવા એકંદરે સ્વચ્છ અને પ્રામાણિક રાજકારણી ઉપર પણ આવી રીતે કાદવ ઉછાડવામાં આવે તો આપણને એવી શંકા ગયા વિના રહે નહિ કે અમેરિકામાં કેટલાક લોકો આપણા નેતાઓની અને એ દ્વારા આપણી રાજકીય પદ્ધતિની પ્રતિષ્ઠા નષ્ટ કરવા કૃતિબદ્ધ થયા છે. આવું તેઓ શા માટે કરવા ઇચ્છે છે તેની કલ્પના જ કરવાની રહી પણ આપણે સાવચેત રહેવું જોઇએ.'

ભારત સરકાર પોતાની ફરજ બજાવે કે ન બજાવે, પણ અમેરિકામાં વસતા ભારતીય લોકો અને કેટલાક અમેરિકનો આ પરિસ્થિતિ સામે હાથ જોડી બેસી રહેવા ઇચ્છતા નથી. અમેરિકન લો કોલેજના કેટલાક અગ્રગણ્ય પ્રોફેસરોની સલાહ લેવામાં આવી છે. ભારતનાં કેટલાક અગ્રગણ્ય વકીલોએ શ્રી મોરારભાઇને પોતાની સેવાઓ આપવાની ઓફર કરી છે. ભારતના વકીલો તો ભારતની અદાલતમાં જ ઊભા રહી શકે. પણ અમેરિકન અદાલતમાં તો ત્યાંના જ મોટા વકીલો રોકવા પડે. આ બધા માટે લાખો રૂપિયાનો ખર્ચ થાય. અમેરિકામાં વસતા ભારતીઓ આ ખર્ચ માટે ભંડોળ એકઠું કરી રહ્યા છે. પણ તેમને આ વિષે પૂરતી સહાય કરવાની આપણા સૌની ફરજ છે. આ માટે મને બે માર્ગ સૂઝે છે:

(૧) અમેરિકામાં કેસ લડવા માટે 'નેશનલ ફંડ ફોર ધ ડિફેન્સ ઓનર' (ભારતની પ્રતિષ્ઠા માટે રાષ્ટ્રીય ફંડ) ભેગું કરવું જોઇએ. આ માટે પચ્ચાસ લાખ રૂપિયા એકઠા કરવા જોઇએ. મોટી કંપનીઓ, વ્યક્તિઓ અને ભારતની રાજ્ય સરકારોએ આ ફાળામાં પોતાનો હિસ્સો આપવો જોઇએ. ૫૦ લાખ રૂપિયા કરીએ તો પણ તે ૫ લાખ ડોલર થાય. ભારત સરકારે આ રૂપિયા સામે હૂંડિયામણ આપવું જોઇએ.

(૨) ભારતમાં અમેરિકન કંપનીઓ અને બેન્કો દર વર્ષે કરોડો રૂપિયા કમાય છે. આ કંપનીઓ પોતાની મુખ્ય કંપનીઓ દ્વારા અમેરિકામાં ઓછામાં ઓછા ૧૦ લાખ ડોલરનું ભંડોળ એકઠું કરે અને અમેરિકામાં વસતા ભારતીઓ જે ભંડોળ એકઠું કરી રહ્યા છે તેમાં આ રીતે પોતાનો ફાળો આપે. ૧૦ લાખ ડોલર તો અમેરિકન કંપનીઓ માટે નાની રકમ છે. પણ જે દેશમાંથી તેઓ તર તારવી રહ્યા છે તે દેશની આબરૂ પર કટોકટ પડે ત્યારે તે અમેરિકન કંપનીઓ કોની સાથે છે તે વાત તેમણે આવો ફાળો એકઠો કરી બતાવી આપવી જોઇએ.

આપણે ભારતીય સંસ્કૃતિની મહત્તા વિશે વાત કરીએ છીએ. અમેરિકા એની લોકશાહીની મહત્તા વિશે વાત કરે છે. પણ ભારતે તો પૂર્વ અને પશ્ચિમ બન્નેની ઉદારતાને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કર્યો છે. શ્રી મોરારજીભાઇના જીવનમાં આવો પ્રયત્ન જોવા મળે છે. એમ ન હોત તો જ્યારે તેમના પર આવો અકલ્પ્ય આક્ષેપ કરવામાં આવ્યો ત્યારે પણ તેમણે આ વિધાન ન કર્યું હોત: 'વર્તમાનપત્રોએ આવી રીતે વતીને જ પોતાની જાતને નીચી પાડી છે. જોકે સમગ્ર અખબારી ક્ષેત્ર વિશે મારાથી આવું વિધાન કરાય નહિ. હું તો અખબારી સ્વાતંત્ર્યમાં માનનારો છું.'

# ગીતાનો ઉપદેશ

## [ સર્વપલ્લી ડા. રાધાકૃષ્ણન કૃત ગીતાની (અંગ્રેજી આવૃત્તિ) પ્રસ્તાવનાના આધારે ]

ડા. તનસુખ ભટ્ટ

શ્રીમદ્ ભગવદ્ ગીતા તત્ત્વચર્ચાના પ્રબંધ કરતાં પ્રશિષ્ટ ધર્મગ્રંથ રૂપે વધારે ગણનાપાત્ર છે. અમુક વિશેષ અધિકારીઓને જ સમજાય અને તેવાઓને માટે જ રચવામાં આવી હોય એવી આ અધિકારીભોગ્ય કૃતિ નથી, પરંતુ એકતાને અનેકતારૂપે લેખનારાને તથા નિરંતર પરિવર્તનના પ્રદેશમાં આથડનારાઓને પણ સહાયતારૂપ નીવડનારું એવું તે લોકસમુદાય માટેનું કાવ્ય છે. પ્રભુના દરબાર ભણી ડગલાં માંડનાર સર્વ સંપ્રદાયના સહયાત્રીઓની મહત્ત્વાકાંક્ષાને ગીતા વાચા આપે છે. જે ટકાણે માનવી મથે છે, હારે છે અને જીતે છે તે ટકાણે આપણે વાસ્તવિકતાની નક્કર ધરતીનો અનુભવ કરીએ છીએ. આધ્યાત્મિક ધર્મના આવશ્યક સિદ્ધાંતોને સુસ્પષ્ટ અને વેધક વાણીમાં સમજાવનારા આ મહાન ગ્રંથ દ્વારા કરોડો હિંદુઓને કે કે શતકોથી શાંતિ મળી છે. વળી ગીતાના આ સિદ્ધાંતો, ઢંગધડાં વગરનાં સ્થાપિત સત્યોમાંથી, વિજ્ઞાનવિરોધી ધર્માનુશાસનોમાંથી કે સ્વૈર તરંગો ઉપર રચાયેલાં અવાંતર સત્યોમાંથી ઊપજ્યા નથી. ગીતાની પાછળ આધ્યાત્મિક શક્તિનો દીર્ઘ ઇતિહાસ પડેલો હોવાથી તેની ગહનતમ પ્રજ્ઞામાંથી પ્રકાશ મેળવવા ઝંખનારાઓ માટે આજે પણ તે ઉપયોગી છે. ગીતાની આ પ્રજ્ઞા, યુદ્ધો અને ક્રાંન્તિઓના સંસ્પર્શવાળા આ જગત કરતાં વિશાળતર જગતનો આગ્રહ ધરાવે છે. ભગવદ્ગીતા આધ્યાત્મિક જીવનને નવપલ્લવિત કરવા કાજેનું સમર્થ પરિબળ છે. સંસારનાં મહાન શાસ્ત્રોમાં તેણે પોતાનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

કોઇ એક જ માનવે કે એક જ સંપ્રદાયે સુયોજિત વિચારપૂર્વક રચેલા અધ્યાત્મશાસ્ત્રનું નિરૂપણ એટલે ગીતાનો ઉપદેશ છે એમ માનવાનું નથી. માનવજાતિના ધાર્મિક

# મુઠ્ઠીભર આનંદની વાત.....

★ નેમચંદ એમ. ગાલા

માન્ચેસ્ટરના ડોક્ટર જેમ્સ હેમિલ્ટનનાં દવાખાનામાં એક દર્દી પ્રવેશ્યો. દર્દીના ચહેરા પર સાક્ષાત્ મૃત્યુના ઓછાયા તરવરતા હતા. 'તમે માંદા લાગો છો? શી તકલીફ છે?' ડોક્ટરે પૂછ્યું.

'હું ખૂબ ભયભીત છું. હતાશાની ગર્તામાં ધકેલાઇ ગયો છું...કશી વાત પણ મને આનંદ આપી શકતી નથી... જીવવામાં કોઇ રસ રહ્યો નથી. હું મરી જઇશ...આપઘાત કરી બેસીશ...મને આમાંથી ઉગારો'... દર્દીએ કાકલૂદી કરી.

'મિત્ર, તમારો રોગ કંઈ ગંભીર નથી. તમારા પોતાના સકંજામાંથી તમારી જાતને બહાર કાઢો. જીવનમાંથી કંઇક આનંદ મેળવવાનો પ્રયત્ન કરો...હસો...તમને હસવાની જરૂર છે,' ડોક્ટરે આશ્વાસન આપતાં કહ્યું.

'તો હું શું કરું?...તમે જ બતાવો...' દર્દીએ પૂછ્યું.

'આજે રાતે જ સરકસ જોવા જાઓ...એમાં જોકર ગ્રીમાલ્ડીની રમૂજ માણો. એ વિશ્વનો સૌથી રમૂજી માનવી છે. તમારો રોગ ગ્રીમાલ્ડી દૂર કરી શકશે. તમે સાજા થઇ જશો...'

'ડોક્ટર સાહેબ,' ગમગીનીથી દર્દીએ ડોકું હલાવતા કહ્યું. 'હું પોતે જ એ ગ્રીમાલ્ડી છું...' ૧૮૦૮ ની સાલમાં બનેલી આ સત્ય ઘટના છે.

જગતને હસાવનાર ગ્રીમાલ્ડી પોતે જ ગમગીનીમાં ગળાડૂબ હતો...સરકસમાં અભિનય કરતો ત્યારે જ લોકોને હસાવવા પોતે હસતો...સંભવ છે કે પોતાનું દુઃખ ભૂલાવવા જ હસતો-હસાવતો...! એનો અભિનય માત્ર અભિનય જ રહી જવા પામ્યો...એને આત્મસાત્ ન કરી શકયો....

રામકૃષ્ણ પરમહંસના જીવન પર આધારિત નાટકો ભજવનાર બંગાળના કલાકાર ગુરદાસ બેનર્જી ખુદ રામકૃષ્ણ જેવા થઈ ગયા...! પરંતુ જોકરનો અભિનય કરતો ગ્રીમાલ્ડી વિષાદથી ઘેરાયેલો જ રહી ગયો...?

આપણે પણ મહદ્ અંશે એવા જ છીએ...કોઇ હસાવે ત્યારે હસીએ...પાછા હતા તેવા જ...હસવાના-હર્ષ અનુભવવાના અનેક ઉપકરણો--અવલંબનો આપણે શોધ્યા જ કરીએ છીએ. અને આ શોધ શારીરિક સ્તર સુધી જ પહોંચે છે. માનવી ઇન્દ્રિયજન્ય સુખોમાં જ રચ્યોપચ્યો રહે છે. માનવીમાં વિકસીત બુદ્ધિ હોવા છતાં માત્ર અપેક્ષા અને અહંના પોષણ-પ્રાપ્તિમાં જ સુખ પામે છે. માનવી અને પ્રાણીમાં બુદ્ધિ ઉપરાંત મૂળ ભેદ છે-હસવાની ક્ષમતાનો...

હર્ષ અને આનંદમાં મૂળભૂત ભેદ છે. હર્ષ પરાવલંબી છે...આનંદ સ્વાવલંબી સ્વતૃપ્તિનું ફળ છે. આપણો હર્ષ કોઈ અન્યની મુઠ્ઠીમાં બંધ હોઈ શકે...પણ આનંદ મુકત હોય છે. અહંને ઠેસ વાગે તો પીડા થાય. ઇચ્છાથી તૃપ્તિ સુધીનો કાળ હંમેશા અસ્વસ્થ જ રહેવાનો...સુખ અને દુઃખ, હર્ષ અને શોક એ બે અંતિમ છેડા વચ્ચેનો ગાળો એટલે અજંપાનો ગાળો...એ બેઉ બિંદુઓથી પર...બેઉને સમાવિષ્ટ કરતું ત્રીજું બિંદુ એટલે આનંદ...! સ્થૂળ કે જડ પ્રકારના આનંદનો અનુભવ સ્થૂળ, જડ અને ક્ષણિક જ રહેવાનો.....!

'Man is born to be happy' માનવી સુખી રહેવા સર્જાયો છે. એ વાત ભૂલાઈ ગઈ છે. જીવન જટિલ છે. એક સંગ્રામ છે એમ માની માનવી પોતાની વૃત્તિઓ સાથે લડવામાં જ જીવન વ્યતીત કરી દે છે. વૃત્તિઓ સાથે લડવું એટલે પોતાની સામે જંગ માંડવો. અને પોતાની સાથેના જંગમાં હંમેશા માનવી પોતે જ પરાજિત થાય છે.!

સત્તા, સંપત્તિ અને પરિગ્રહથી સુખ તો નથી મળતું, પણ સુખની શોધમાં જરૂર ભટકી શકાય છે!

ખલિફા અબ્દુલ રહેમાને ૮૯૧ થી ૯૬૨ સુધી ૪૯ વર્ષ સામ્રાજ્ય ભોગવ્યું. એની વાર્ષિક આવક હતી, ૩,૩૬,૦૦૦,૦૦૦ ડોલર! ૬૩૨૧ સ્ત્રીઓ હતી. એના મૃત્યુ પછી એના વિલમાં લખેલું હતું. 'મારા સર્વાંગી ઐશ્વર્યપૂર્ણ જીવનમાં મેં જે દિવસોએ નિર્ભેળ સુખ મેળવ્યું છે એ દિવસોનો આંકડો છે. ૧૪.' માત્ર ૧૪ દિવસ એણે આનંદમાં ગુજર્યા એમ કહી શકાય.

સચ્ચિદાનંદ સત્, ચિત્ત આનંદની કલ્પનામાં છેલ્લું ચરણ છે, આનંદનું. આ આનંદ એટલે અંગ્રેજીમાં જેને કહેવાય છે, 'Bliss' નિર્ભેળ સ્વયં ભૂ, સ્વાધીન અને સ્વસ્થ આનંદની અનુભૂતિ આનંદની અવસ્થા એટલે આધ્યાત્મિક અવસ્થા, સમાધિની ઉપલબ્ધિ!

તેવી જ રીતે આધ્યાત્મિક પ્રક્રિયામાં ત્રીજો તબક્કો છે, મુદિતા...એટલે આનંદ...!

બ્રહ્મ પરમાત્મા અથવા ચેતના સર્વમાં રહેલ જ છે. આ વિશ્વ ચેતના કે બ્રહ્મ જ તમામ આત્યંતિક આનંદનું કારણ છે. પદાર્થોની ઉપેક્ષા કરી તેમાં રહેલ બ્રહ્મને કેવી રીતે જોવું તે વિદ્યાને બ્રહ્મવિદ્યા કહેવામાં આવે છે.

આનંદ વિનાની સ્વતંત્ર માનવીની પરાધીન દશાનો ચિતાર ડગલે ને પગલે જોવા મળે છે.

ગાંધીજીએ યથાર્થ કહ્યું હતું:

વિનોદ વિનાનું ગાંભીર્ય

અને

ગાંભીર્ય વિનાનો વિનોદ

અર્થશૂન્ય છે.

એક એવી માન્યતા ઘર કરી ગઈ છે કે જ્ઞાની માણસ ગંભીર હોય...પછી તો લોકો જ્ઞાની હોવાનો ડોળ કરવા ગંભીર વદન ધારણ કરે છે અને જ્ઞાનના બોજ તળે બેવડ વળી ગયેલા ગંભીર ડાચું કરી બેસી રહેનારા વિદ્વાનોનો પણ તોટો નથી...અને કાર્યરત-વ્યસ્ત માણસને તો હસવાની પણ ફુરસદ નથી હોતી...હસતો માણસ લૌકિક દૃષ્ટિએ આછકલો દેખાય છે. બેફિકરામાં ખપી જાય છે...'

ડો. આલ્બર્ટ સ્વાઈત્ઝર જીવન જીવવા માટે બે બાબતોને મહત્ત્વ આપતા-એક રમૂજ અને બીજી નિષ્ઠાભર્યું કામ....

ગીતામાં પ્રબોધિત ઉદાસીન વૃત્તિને લોકો ઉદાસી સમજી બેઠા હોય છે. અર્થનો અનર્થ થઇ જતો હોય છે.

ગીતાનાં ચૌદમાં અધ્યાયમાં આવે છે. 'જે ગુણનો વેગ નથી ઊઠતો તેના તે વખતે ઇચ્છા કરતો બેસતો નથી, અને જે ઊઠયો છે, તેનો દ્વેષ કરવા બેસતો નથી, જાણે ગુણોના ઉદ્ભવ કે લોપ સાથે પોતાને લેવાદેવા જ ન હોય, તેમ એ બેયથી પર ઉદાસ (ઉદ્ + આસ્ એટલે ઊંચે બેઠેલો) રહી બુદ્ધિની સમતા જાળવે છે, વ્યગ્ર થવા દેતો નથી, વિનોબાએ કહ્યું છે:

એક ગણું ખાવ, બે ગણું પીઓ ત્રણ ગણી હવા લો, અને ચાર ગણું હસો...!

નોર્મન કઝીન્સે હસી હસી અસાધ્ય જેવા રોગને હાંકી કાઢેલો... (જીવવાનો ચાન્સ ૫૦૦ માં ૧.)

અંતરની પ્રસન્નતા વગર સ્મિત આવવું મુશ્કેલ છે, અને સ્મિત વગરના ચહેરા સ્વસ્થ હોય એવું બહુધા નથી બનતું.

સ્મિત અંતરંગના સ્થાયી ભાવનું ચહેરા પર થતું રેખાંકન છે. હાસ્ય, મોજાં જેવું ક્ષણિક છે, પણ સ્મિતમાં સ્વસ્થતાનો આવિષ્કાર છે, અસ્તિત્વનો સ્વીકાર છે અને માનવ્યનું અભિવાદન છે.

પોતાનો વિકૃત કે બેડોળ ચહેરો અરિસામાં જોઈ હસી શકનારા બેલદિલ કેટલા મળી આવશે? ગાંધીજી તો પોતા પર પણ રમૂજ કરતા. પોતાનાં મહાત્માપણાની પણ ટીકડી ઉડાડતા. !

પોલેન્ડવાસીઓ માને છે કે બાળકનું સ્મિત સૌથી મૂલ્યવાન અર્થાત્ અમૂલ્ય ઘટના છે.

૧૯૬૮ થી આ વિચારને મૂર્ત સ્વરૂપ અપાયું છે... ત્યારથી દર વર્ષ પોલેન્ડનો કે વિદેશનો જે વ્યક્તિઓએ બાળકોને હસાવવા માટે ખુશ રાખવા માટે, એમની સુખાકારી માટે ભગીરથ કાર્યો કર્યા હોય, તેમને પોલેન્ડનાં બાળકો 'Order of Smile' ના બિરુદથી વિભૂષિત કરે છે. જગતના ઇતિહાસમાં આ અભૂતપૂર્વ ઘટના છે.

ડેસ્મોન્ડ મોરિસે આંસુ અને હાસ્યના અન્વયને માર્મિક પંક્તિઓમાં ઢાળ્યું છે.

For as Laughing is secondary form of crying, so smiling is secondary form of laughing.

આંસુ વિના-વિષાદ વિના હાસ્ય શક્ય નથી. There is no hunour without tragedy. સ્વર્ગમાં કોઈ હસતું નથી, કારણકે ત્યાં વિષાદ પણ હોતો નથી. !

હસવા માટે પ્રયત્ન કરવો પડે, એ સહજ દેખાવા માટે અભિનય કરવા જેવી બેહૂદી લાગે એવી વાત છે.

મન તો આનંદનું ઉપસ્થાન હોવું જોઇએ. અને સ્મિત તો ફૂલડાંની જેમ ખીલવાં જોઇએ.

## પાંચમો જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના સંયુકત ઉપક્રમે સંભવત: આગામી ડિસેમ્બર માસમાં માંડવી (કચ્છ) ખાતે પાંચમો જૈન સાહિત્ય સમારોહ યોજાશે. આ સમારોહમાં જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન, સ્થાપત્ય-શિલ્પ, કલા, ઇતિહાસ વગેરેનું પરિશીલન થશે.

આ અંગે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી નિમણુક કરવામાં આવેલી સમિતિમાં (૧) ડો. રમણલાલ ચી. શાહ (કન્વીનર), (૨) શ્રી અમર જરીવાલા (૩) શ્રી કાન્તિલાલ ડા. કોરા (૪) શ્રી નટવરલાલ એસ. શાહ (૫) શ્રી પન્નાલાલ ૨. શાહ (૬) ડો. ધનવંત ટી. શાહ (૭) શ્રી વસનજી લખમશી શાહ (૮) શ્રી નાનાલાલ વસા (૯) અને શ્રી શશીકાન્ત મહેતાનો સમાવેશ થાય છે.

* * *

## આગમ વાચના

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી કે. ટી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના (હ. શ્રી શશીકાન્તભાઇ મહેતા) સંયુકત ઉપક્રમે શંખેશ્વર તીર્થ ખાતે પૂ. જંબુવિજયજી મહારાજની નિશ્રામાં મૂળ આગમ ગ્રંથની વાચના સંભવત: આગામી નવેમ્બર માસમાં થશે. આ અંગેની સમિતિમાં (૧) ડો. રમણલાલ ચી. શાહ (કન્વીનર) (૨) શ્રી અમર જરીવાલા ૩) શ્રી કાન્તિલાલ ડા. કોરા (૪) શ્રી નટવરલાલ એસ શાહ (૫) શ્રી પન્નાલાલ ૨. શાહ (૬) ડો. ધનવંત ટી. શાહ (૭) શ્રી વસનજી લખમશી (૮) શ્રી નાનાલાલ વસા અને (૯) શ્રી શશીકાન્ત મહેતાનો સમાવેશ થાય છે.

* * *

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૬૮૫, સરદાર વી. પી. રોડ,
વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪.

★

## વાર્ષિક સામાન્ય સભા

**સંઘની વાર્ષિક સામાન્ય સભા, બુધવાર તા. ૨૨-૬-૧૯૮૩ ના રોજ સાંજના ૬-૦ કલાકે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.**

**(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને મંજૂર કરવા.**

**(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.**

**(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતના ૬૫ સભ્યોની ચૂંટણી.**

**(૪) સંઘ તેમ જ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટર્સની નિમણુક કરવી.**

**વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે સૌ સભ્યોને ઉપસ્થિત થવા વિનંતી.**

**ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે, સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના ૨ થી ૫ વાગ્યા સુધીમાં કોઇપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો તેમને બે દિવસ અગાઉ લેખિત મોકલવા વિનંતી.**

**વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે ઉપસ્થિત થવા વિનંતી.**

**ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ-મંત્રીઓ**

## સુધારો

'પ્રબુદ્ધ જીવન'નો સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મૃતિ અંકમાં (તા. ૧૬-૧૨-૮૨ અને તા. ૧-૧-૮૩નો સંયુકત અંક) મુખપૃષ્ઠ ૪ પર ડો. ઉમાશંકર જોષીનો લેખ 'નીડર વિચારકનું નેતૃત્વ' પ્રગટ થયો હતો. આ લેખની ૪૧ મી પંક્તિ 'ધચલકરજી આગળ ગાડી અટકી ગયેલી જોઇ' એમ છપાયું છે. તેમાં સ્થળના નામ તરીકે ધચલકરજીના બદલે ધગતપુરી વાંચવું.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## તા. ૩૧-૧૨-૮૨ ના રોજ પૂરા થયેલા વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૮૧ રૂ. | ચૈ. | આવક | ૧૯૮૨ રૂ. | ચૈ. | ૧૯૮૨ રૂ. | ચૈ. | ૧૯૮૧ રૂ. | ચૈ. | ખર્ચ | ૧૯૮૨ રૂ. | ચૈ. | ૧૯૮૨ રૂ. | ચૈ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **ભેટના** | | | | | | | **વહીવટી અને વ્યવસ્થા ખર્ચ** | | | | |
| | | ચાલુ ભેટ | ૬,૪૨૬-૦૦ | | | | | | | | | | |
| ૨૭,૦૬૫-૬૦ | | પર્યુષણ વ્યાખ્યાન માળાને (નેટ) | ૨,૨૫૪-૫૦ | | ૮,૬૮૦-૦૦ | | ૧૦,૨૦૦-૦૦ | | પગાર અને બોનસ | | | ૧૧,૦૭૫-૦૦ | |
| | | **લવાજમના** | | | | | ૧,૦૬૧-૧૮ | | બ્લોક મેન્ટેનન્સ અને વીજળી ખર્ચ | | | ૧,૦૩૨-૪૬ | |
| | | ૧૯૮૧ ના | ૧૨૦-૦૦ | | | | | | | | | | |
| | | ૧૯૮૨ ના | ૪,૪૯૦-૦૦ | | | | ૫,૭૦૬-૩૬ | | પ્રીન્ટીંગ અને સ્ટેશનરી | | | ૬૮૨-૬૪ | |
| ૪,૧૭૫-૦૦ | | બાદ : શ્રી મુંબઈ જૈન યુવક | ૪,૬૧૦-૦૦ | | | | ૧,૩૫૭-૩૦ | | ટેલીફોન-ખર્ચ | | | ૧,૮૭૪-૩૩ | |
| | | સંઘના સભ્યોને | | | | | | | | | | | |
| | | પ્રબુદ્ધ જીવનની | | | | | ૪૫૬-૦૦ | | ટપાલ ખર્ચ | | | ૪૬૬-૬૦ | |
| | | પ્રત મોકલવાના | | | | | ૫૦૦-૦૦ | | ઓડિટરોને બોનરેરિયમ | | | ૧,૦૦૦-૦૦ | |
| ૧,૮૫૦-૦૦ | | | ૨,૫૦૦-૦૦ | | ૨,૧૧૦-૦૦ | | ૧,૩૬૬-૦૦ | | સ્ટાફ પ્રોવીડન્ટ ફંડ ફાળો ને વ્યાજ | | | ૧,૬૫૧-૦૦ | |
| ૨,૩૨૫-૦૦ | | | | | | | ૧૨,૮૨૬-૮૬ | | પરચુરણ ખર્ચ | | | ૧૩,૭૩૩-૬૦ | |
| | | **વ્યાજ** | | | | | — | | બેન્ક કમીશન | | | ૬૮-૬૬ | |
| ૫,૫૦૦-૦૦ | | ડિબેન્ચરો પર | ૫,૬૫૦-૦૦ | | | | | | | | | | |
| ૬૨૪-૬૬ | | બોન્ડના | ૬૩૪-૫૦ | | | | ૪૩૦-૦૦ | | પરમાનંદ કાપડિયા સભાગૃહ ખર્ચ | | | ૪૫૦-૦૦ | |
| ૫૬,૩૭૬-૦૦ | | બેન્કની ફીકસ ડિપોઝીટ | | | | | | | | | | | |
| | | અને ખાતાઓ પર | ૧,૦૦,૧૬૫-૨૦ | | | | — | | કેસેટ ખરીદી ખર્ચ | | | ૨,૩૪૬-૫૦ | |
| | | સરકારી કંપનીઓમાં | | | | | ૬૨૬-૦૦ | | ફર્નીચર પર ઘસારાના | | | ૫૬૬-૦૦ | ૩૫,૨૭૭-૦૬ |
| | | ડિપોઝીટ પર અને યુનીટ | | | | | | | **અન્ય ખર્ચ :** | | | | |
| ૩,૮૮૮-૧૫ | | ટ્રસ્ટના યુનીટોનું ડિવિડન્ડ | ૬,૩૭૫-૦૦ | | | | | | ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ અંગે | ૨,૬૧૮-૧૫ | | | |
| ૬૬,૩૮૬-૭૪ | | | | | | | | | **હેતુ અંગે :** | | | | |
| | | | ૧,૪૮,૨૬૬-૨૪ | | | | | | | | | | |
| | | **બાદ :** આજીવન સભ્ય ફંડના વ્યાજના | | | | | | | શૈક્ષણિક | ૨૦,૦૦૦-૦૦ | | | |
| | | પ્રબુદ્ધ જીવનના લવાજમ | | | | | ૫,૬૩૪-૮૦ | | વસંત વ્યાખ્યાનમાળા અંગે (નેટ) | ૭,૨૨૬-૬૫ | | ૨૭,૨૨૬-૬૫ | |
| ૧૪,૬૬૦-૦૦ | | ખાતે ... ૧૫,૦૦૦-૦૦ | | | | | | | | | | | |
| ૫,૧૬૦-૦૦ | | અન્ય અંકિત ફંડોને ૫,૪૬૬-૦૦ | ૨૦,૪૬૬-૦૦ | | ૧,૨૭,૮૦૩-૨૪ | | | | સરવૈયા ફરકના | | | ૬-૭૦ | |
| ૧૬,૮૨૦-૦૦ | | | | | | | ૨,૬૮૮-૦૦ | | પબ્લીક ટ્રસ્ટ એક્ટ ફંડ | | | — | |
| ૪૬,૫૬૬-૭૪ | | | | | | | ૩૫,૨૩૧-૧૪ | | વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો | | | ૭૫,૬૩૭-૧૫ | |
| | | | | | | | ૭૮,૪૨૫-૬૪ | | કુલ રૂ. | | | ૧,૪૧,૩૬૮-૭૪ | |

| | | | |
|---|---|---|---|
| | પરમાનંદ કાપડિયા | | |
| ૨૪૬૫-૦૦ | સભાગૃહનું ભાડું | ૨,૭૭૫-૦૦ | મુંબઇ તા. ૨૬-૫ ૧૯૮૩ |
| ૪૫-૦૦ | પરચુરણ આવક | | |
| ૭૮,૪૨૫-૬૪ | કુલ રૂ. | ૧,૪૧,૩૬૮-૭૪ | |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

**શાહ મહેતા એન્ડ કું.**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ

ઓડિટેડ

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## તા. ૩૧-૧૨-૮૨ના રોજ પૂરા થયેલાં વર્ષનો 'પ્રબુદ્ધ જીવન'નો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૮૧ | આવક | ૧૯૮૨ | ૧૯૮૨ | ૧૯૮૧ | ખર્ચ | ૧૯૮૨ | ૧૯૮૨ |
|---|---|---|---|---|---|---|---|
| રૂ. પૈસા. | | રૂ. પૈસા. | | રૂ. પૈસા. | વહીવટી અને વ્યવસ્થા ખર્ચ | રૂ. પૈસા. | રૂ. પૈસા. |
| | લવાજમ અને ભેટ | | | | | | |
| ૧૮,૫૨૨-૦૦ | લવાજમ વસૂલ આવેલ — — | ૧૮,૬૯૦-૦૦ | | ૧૧,૮૫૭-૦૦ | પગાર તથા બોનસ | ૧૨,૭૮૫-૦૦ | |
| | શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ચાલુ અને | | | ૩૩,૪૬૬-૦૨ | પ્રીન્ટીંગ ખર્ચ | ૫૧,૩૮૨-૨૨ | |
| | આજીવન સભ્યોને પ્રબુદ્ધ જીવનની પ્રત | | | ૧૫,૮૮૫-૪૦ | કાગળ | ૨૮,૧૧૯-૦૦ | |
| | મફત મોકલવાના વ્યાજ ખાતેથી : | | | ૩,૫૦૭-૬૦ | ટપાલ ખર્ચ | ૬,૨૦૭-૮૧ | |
| ૧,૮૫૦-૦૦ | ચાલુ સભ્યોના — — | ૨,૫૦૦-૦૦ | | ૨,૦૩૩-૦૦ | પુરસ્કાર | ૨,૩૪૦-૦૦ | |
| ૧૪,૬૬૦-૦૦ | આજીવન સભ્યોના — — | ૧૫,૦૦૦-૦૦ | | ૧,૩૯૬-૦૦ | પ્રોવીડન્ટ ફંડમાં ફાળો અને વ્યાજ | ૧,૬૫૧-૦૦ | |
| ૨૯,૮૫૯-૫૦ | ભેટ — — | ૫,૩૫૪-૦૦ | ૪૧,૫૪૪-૦૦ | | પરચુરણ ખર્ચ | ૧,૨૬૦ ૩૨ | ૧,૦૩,૭૪૫-૩૫ |
| ૫,૦૦૦-૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી | | | ૧,૭૪૬-૪૮ | વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો | | |
| | વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો | | | | વધારો | | |
| | વધારો — — — | | ૬૨,૨૦૧-૩૫ | | | | |
| ૬૯,૮૯૧-૫૦ | | કુલ રૂ. | ૧,૦૩,૭૪૫-૩૫ | ૬૯,૮૯૧-૫૦ | | કુલ રૂ. | ૧,૦૩,૭૪૫-૩૫ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

મુંબઇ, તા. ૨૬મી મે, ૧૯૮૩

**શાહ મહેતા એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.
ઓડિટર્સ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ :— તા. ૩૧-૧૨-૧૯૮૨ના દિવસનું સરવૈયું.

| ૧૯૮૧ રૂ. | ચૈ. | ફંડો અને દેવું | ૧૯૮૨ રૂ. | ચૈ. | | ૧૯૮૧ રૂ. | ચૈ. | મિલકત અને લહેણું | ૧૯૮૨ રૂ. | ચૈ. | | ૧૯૮૨ રૂ. | ચૈ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **રીઝર્વ ફંડ (ટ્રસ્ટ ફંડ)** | | | | | | **બ્લોક (કરાર મુજબ)** | | | | | |
| ૮,૨૯,૩૮૩–૧૮ | | ગયા સરવૈયા મુજબ | ૮,૯૩,૫૩૬–૧૮ | | | | | રસધારા કો. ઓપ. હા. સો. લિ. માં ગયા સરવૈયા મુજબ | | | | ૫૧,૨૩૦–૪૦ | |
| ૬૪,૧૫૩–૦૦ | | **ઉમેરો:** વર્ષ દરમિયાન ૪૪ આજીવન સભ્યોના લવાજમના. | ૧૫,૨૪૪–૦૦ | | ૯,૦૮,૭૮૦–૧૮ | | | **ઇન્વેસ્ટમેન્ટસ (ચોપડા મુજબ)** | | | | | |
| ૮,૯૩,૫૩૬–૧૮ | | | | | | ૯,૭૬,૯૩૦–૦૦ | | પરિશિષ્ટ ક મુજબ | | | | ૧૨,૧૬,૯૩૦–૦૦ | |
| | | | | | | | | **ફરનીચર અને ફીકસ્ચર્સ** | | | | | |
| ૨,૨૮,૬૪૫–૩૮ | | **અન્ય અંકિત કરેલાં ફંડો** પરિશિષ્ટ 'અ' મુજબ | | | ૩,૮૧,૪૪૪–૫૦ | ૧૦,૧૬૦–૨૪ | | (ચોપડા મુજબ) ગયા સરવૈયા પ્રમાણે | ૧૦,૧૬૦–૨૪ | | | | |
| | | | | | | ૩,૮૬૬–૨૪ | | બાદ: **ચાલુ વર્ષના** | | | | | |
| | | **દેવું** | | | | ૬૨૬–૨૪ | | ગયા સરવૈયા મુજબ ૪૪૬૮–૨૪ | | | | | |
| ૨૦,૩૪૫–૮૩ | | સ્ટાફ પ્રોવીડન્ટ ફંડના | ૨૪,૬૧૬–૧૩ | | | ૪,૪૬૮–૨૪ | | ચાલુ વર્ષના ૫૬૬–૦૦ | ૫,૦૬૪–૨૪ | | | ૫,૦૬૬–૦૦ | |
| ૧,૪૫૦–૦૦ | | અગાઉથી આવેલ લવાજમો | ૧,૮૮૦–૦૦ | | | ૫,૬૬૨–૦૦ | | **ડિપોઝીટ** | | | | | |
| ૩૦,૭૧૧–૬૨ | | પરચુરણ દેવું પરિશિષ્ટ 'બ' મુજબ | ૮૧,૮૧૬–૬૮ | | ૧,૦૮,૬૧૬–૧૧ | ૧૨૫–૦૦ | | પોસ્ટ ઓફિસમાં (પ્રભુદ્ધ જીવન અંગે) | ૧૨૫–૦૦ | | | | |
| ૫૨,૫૦૭–૦૫ | | **શ્રી જનરલ ફંડ (આવક ખર્ચ ખાતું)** | | | | ૬૩૦–૦૦ | | બી. ઇ. એસ. ટી. | ૬૩૦–૦૦ | | | | |
| | | ગયા સરવૈયા મુજબ | ૨,૪૬૮–૧૧ | | | ૩૬૦–૦૦ | | ટેલીફોન અંગે | ૩૬૦–૦૦ | | | ૧,૧૧૫–૦૦ | |
| | | **ઉમેરો:** વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો ૭૫,૬૩૭–૧૫ | | | | ૭૬,૬૬૫–૦૨ | | **લેણું (સદ્ધર)** | | | | | |
| | | | | | | | | શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય | ૭૪,૬૩૪–૫૬ | | | | |
| | | | | | | ૧,૫૭૬–૧૬ | | ઇન્કમ ટેક્ષ રિફંડ | ૫,૩૩૮–૧૬ | | | | |
| | | | | | | ૬,૪૫૩–૨૫ | | લહેણું થયેલું વ્યાજ | ૧૫,૬૭૬–૧૧ | | | | |
| | | | | | | ૧૬,૬૦૨–૦૦ | | સ્ટાફ પાસે | ૧૪,૭૬૪–૦૦ | | | | |
| | | **બાદ:** પ્રભુદ્ધ જીવન ના આવક ખર્ચ | | | | ૧૩,૨૮૮–૧૧ | | ખર્ચ અંગે અગાઉથી આપેલ | ૧,૨૭૫–૨૫ | | | ૧,૧૨,૩૨૧–૧૧ | |
| ૨૪૬૮–૧૧ | | ખાતેથી બાધના ૧૨,૨૦૧–૩૫ | ૧૩,૭૩૫–૮૦ | | ૧૧,૨૩૩–૬૧ | | | પરિશિષ્ટ ડ મુજબ | | | | | |
| | | | | | | | | **રોકડ તથા બેન્ક બાકી** | | | | | |
| | | | | | | ૨૨,૬૨૧–૪૭ | | બેન્ક ઓફ ઇન્ડિયા ચાલુ ખાતે | ૨૦,૨૨૦–૬૭ | | | | |
| | | | | | | ૫૦–૩૧ | | બેન્ક ઓફ ઇન્ડિયા બચત ખાતે | ૫,૧૨૦–૦૦ | | | ૨૫,૩૮૫–૧૬ | |
| ૧૧,૭૭,૪૮૬–૭૨ | | | | | કુલ રૂ. | ૧૧,૭૭,૪૮૬–૭૨ | | રોકડ પુરાંત | | | | ૪૪–૫૨ કુ રૂા.૧૪,૧૫,૦૭૭–૭૦ | |

**ઓડિટરોના રીપોર્ટ:**—અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૨ના દિવસનું ઉપરનું સરવૈયું મજકૂર સંઘના ચોપડા અને વાઉચર સાથે તપાસ્યું છે અને અમારા પૂરા સંતોષ પ્રમાણે રિપોર્ટ આપીએ છીએ.

મુંબઈ, તા. ૨૬-૫-૮૨

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડિટર્સ

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## તા. ૩૧-૧૨-૮૨ ના દિવસના સરવૈયામાં બતાવ્યા મુજબ અન્ય ફંડોની વિગત દર્શાવતું પરિશિષ્ટ અ

| ક્રમાંક | વિગત | તા. ૧-૧-૮૨ના વર્ષ દરમિયાન વર્ષ દરમિયાન ખર્ચ તા. ૩૧-૧૨-૮૨ના રોજ | | | | રોજ બાકી |
|---|---|---|---|---|---|---|
| | | રોજ | દાન/ભેટ | વ્યાજ | | |
| ૧ | શ્રી મકાન ફંડ | ૨૪,૦૧૯-૧૯ | — | — | — | ૨૪,૦૧૯-૧૯ |
| ૨ | શ્રી પુસ્તક પ્રકાશન ખાતું | ૨,૨૭૩-૨૫ | ૧૦,૦૦૦-૦૦ | — | ૪,૯૭૨-૧૧ | ૭,૩૦૧-૧૪ |
| ૩ | શ્રી માવજત ખાતું | ૧૨૬-૪૮ | — | — | — | ૧૨૬-૪૮ |
| ૪ | શ્રી પ્રેમળ જ્યોતિ રીઝર્વ ફંડ | ૧,૨૭,૦૦૦-૦૦ | — | — | — | ૧,૨૭,૦૦૦-૦૦ |
| ૫ | શ્રી પ્રબુદ્ધ જીવન કાયમી ગ્રાહક ફંડ | ૧,૦૦૦-૦૦ | ૨૦૦-૦૦ | — | — | ૧,૨૦૦-૦૦ |
| ૬ | શ્રી પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિ ખાતુ | ૧૮,૯૭૭-૯૮ | ૪૨,૮૯૧-૦૦ | — | ૫૮,૨૭૭-૭૭ | ૩,૫૯૧-૨૧ |
| ૭ | શ્રી દીપચંદ ત્રિભોવનદાસ પ્ર. ફંડ | ૪૪,૨૫૬-૨૮ | — | ૩,૫૩૬-૦૦ | — | ૪૭,૭૯૫-૦૦ |
| ૮ | શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું (ઉધાર) | ૧૩,૨૪૧-૬૦ | ૧,૦૦૦-૦૦ | ૧,૬૮૦-૦૦ | ૬,૧૯૦-૦૦ | ૧૬,૬૫૬-૬૦ |
| ૯ | શ્રી જીવન ઘડતર લક્ષ્ય પ્રવૃત્તિ ફંડ | ૩,૫૩૦-૮૦ | — | ૨૮૦-૦૦ | — | ૩,૮૧૦-૮૦ |
| ૧૦ | શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું | ૨૧,૦૦૫-૦૦ | ૫,૦૦૦-૦૦ | — | — | ૨૬,૦૦૫-૦૦ |
| ૧૧ | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક નિધિ | — | ૨,૭૫૧-૦૦ | — | — | ૨,૭૫૧-૦૦ |
| ૧૨ | શ્રી સ્ટોલ રીઝર્વ ફંડ | — | ૬,૬૦૦-૦૦ | — | — | ૬,૬૦૦-૦૦ |
| ૧૩ | શ્રી દત્તક બાળક પ્રવૃત્તિ ફંડ | — | ૩૩,૦૦૧-૦૦ | — | — | ૩૩,૦૦૧-૦૦ |
| ૧૪ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા ફંડ | — | ૧,૧૫,૦૦૦-૦૦ | — | — | ૧,૧૫,૦૦૦-૦૦ |
| | મુંબઇ, તા. ૨૬-૫-૮૩ | શાહ મહેતા એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડિટર્સ | ૨,૨૮,૬૪૫-૦૦ | ૨,૧૬,૪૪૩-૦૦ | ૫,૪૬૬-૦૦ | ૬૯,૪૩૬-૮૮ ૩,૮૧,૪૪૪-૫૦ |

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## તા. ૩૧-૧૨-૮૨ ના દિવસના સરવૈયામાં બતાવ્યા મુજબ પરચુરણ દેવાની વિગત દર્શાવતું પરિશિષ્ટ બ

લવાજમના (અગાઉથી મળેલ)

| | રૂ. પૈ. | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|---|
| ૧૯૮૩ ના | | ૧,૭૬૦-૦૦ | |
| ૧૯૮૪ ના | | ૭૦-૦૦ | |
| ૧૯૮૫ ના | | ૨૦-૦૦ | ૧,૮૮૦-૦૦ |
| **પરચુરણ દેવું** | | | |
| અલ્પાહાર ખાતું | | ૩૪-૬૨ | |
| સ્ટાફ બેનીફીટ ખાતું | | ૬,૪૪૩-૪૦ | |
| મુકેશ મેડિકલ સ્ટોર્સ | | ૫૬૨-૧૦ | |
| સુનિતાબેન શેઠ | | ૧,૦૦૦-૦૦ | |
| શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના પર્યુષણ વ્યાખ્યાનમાળા ફંડ અંગે | | ૩૫,૦૦૦ ૦૦ | |
| પેપર ખરીદી અંગે | | ૬,૬૦૦-૦૦ | |
| પ્રીન્ટીંગ અંગે | | ૧૪,૫૦૧-૮૬ | |
| ટપાલ ખર્ચ અંગે | | ૮૨૫-૦૦ | |
| ગુજરાત રાહત અંગે | | ૧૫,૮૨૩ ૦૦ | |
| મે. શાહ મહેતા એન્ડ કું. | | ૧,૦૦૦-૦૦ | ૮૧,૮૧૬-૬૮ |

**પરિશિષ્ટ ક**

લેણું: ખર્ચ અંગે અગાઉથી આપેલ રકમોની વિગત

| | |
|---|---|
| લીલાવતી લાલજી દયાળ સ્કૂલ | ૭૧૦-૨૫ |
| સુમન પ્રકાશન | ૨૬૫-૦૦ |
| ચંદારામજી ગલ્સ સ્કૂલ | ૩૦૦-૦૦ |
| કુલ રૂ. | ૧,૨૭૫-૨૫ |

## તા. ૩૧-૧૨-૮૨ ના દિવસના સરવૈયામાં બતાવ્યા મુજબ ઇન્વેસ્ટમેન્ટસની વિગત દર્શાવતું પરિશિષ્ટ ક

| | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| રસધારા કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ.ના શેર ૧૦ દરેક રૂ. ૫૦નો | | ૫૦૦-૦૦ |
| **ડિબેન્ચરો** | | |
| તાતા ઓઇલ કું. લિ. ૨૦૦ દરેકના રૂ. ૧૦૦ લેખે | ૨૦,૦૦૦-૦૦ | |
| બોમ્બે ડાઈંગ મેન્યું લિ. ૧૫૦ દરેકના રૂ. ૧૦૦ લેખે | ૧૫,૦૦૦-૦૦ | |
| વોલ્ટાસ લિ. ૧૫૦ દરેકના રૂ. ૧૦૦ લેખે | ૧૫,૦૦૦-૦૦ | |
| તાતા લોકોમોટીવ એન્ડ એન્જિનિયરિંગ કું. લિ. બોન્ડ | ૫,૮૫૦-૦૦ | ૫૫,૮૫૦-૦૦ |
| યુનીટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના યુનીટ | | ૧,૦૨,૦૦૦-૦૦ |
| **ગવર્મેન્ટ કંપનીમાં ડિપોઝીટ** | | |
| ઇન્ડિયન ટેલીફોન ઇન્ડસ્ટ્રીઝ | ૫૦,૦૦૦-૦૦ | |
| હિન્દુસ્તાન ઝીંક લિ. | ૩૫,૦૦૦-૦૦ | |
| ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન | ૧,૬૦,૦૦૦-૦૦ | |
| ભારત હેવી ઇલેક્ટ્રીકલ્સ લિ. | ૧,૦૦,૦૦૦-૦૦ | |
| ભારત પેટ્રોલિયમ કોર્પો. | ૭૫,૦૦૦-૦૦ | ૪,૨૦,૦૦૦-૦૦ |
| **બેન્કોમાં ફીકસ્ડ ડિપોઝીટસ** | | |
| બેન્ક ઓફ ઇન્ડિયા, | ૩,૭૬,૫૮૦-૦૦ | |
| બેન્ક ઓફ બરોડા | ૧,૪૦,૦૦૦-૦૦ | |
| યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા | ૧,૨૫,૦૦૦-૦૦ | ૬,૪૧,૫૮૦-૦૦ |
| કુલ રૂ. | | ૧૨,૧૬,૬૩૦-૦૦ |

# શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

તા. ૩૧-૧૨-૧૯૮૨ના દિવસનું સરવૈયું

| ૧૯૮૧ રૂ. | ચૈ. | ફંડો અને દેવું | રૂ. | ચૈ. | ૧૯૮૨ રૂ. | ચૈ. | ૧૯૮૨ | ૧૯૮૧ | મિલકત અને લેણું | ૧૯૮૨ | ૧૯૮૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **કાયમી ફંડ** | | | | | | | **ફિક્સ્ડ ડિપોઝીટસ** | | |
| | | | | | | | | ૩૦,૦૦૦-૦૦ | હિન્દુસ્તાન ઓર્ગેનીક કેમી. લિ. | ૩૦,૦૦૦-૦૦ | |
| ૧,૦૭,૮૯૪-૦૦ | | ગયા સરવૈયા મુજબ બાકી | | | ૧,૦૭,૮૯૪-૦૦ | | | ૩૦,૦૦૦-૦૦ | એચ. એમ. ટી. લિ. | ૩૦,૦૦૦-૦૦ | ૬૦,૦૦૦-૦૦ |
| | | **શ્રી પુસ્તક ફંડ** | | | | | | | **ફર્નીચર ( ખરીદ કીમતે )** | | |
| ૫,૫૦૦-૦૦ | | ગયા સરવૈયા મુજબ બાકી | ૫,૫૦૦-૦૦ | | | | | ૧૦,૬૯૫ ૬૩ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૦,૬૯૫-૬૩ | |
| | | **શ્રી ફર્નીચર ફંડ** | | | | | | ૫,૩૭૬-૬૩ | બાદ: કુલ ઘસારાના ૫,૬૦૮-૬૩ | | |
| ૨,૪૦૦-૦૦ | | ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૪૦૦-૦૦ | | | | | ૫૩૨-૦૦ | વર્ષ દરમિયાન | | |
| | | **શ્રી રીઝર્વ ફંડ** | | | | | | ૫૬૦૮-૬૩ | ઘસારાના ૪૭૮-૦૦ | ૬,૩૮૬-૬૩ | ૪,૩૦૬-૬૦ |
| ૩૧,૬૭૩-૪૨ | | ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧,૬૭૩-૪૨ | | ૩૬,૫૭૩-૪૨ | | | ૪૭૮૭-૦૦ | | | |
| | | **દેવું** | | | | | | | **પુસ્તકો ( ખરીદ કીમતે )** | | |
| ૧૬,૨૨૬-૦૦ | | પુસ્તકો અંગે ડિપોઝીટ | ૨૦,૩૪૧-૦૦ | | | | | ૯૩૦૫૬-૧૫ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧,૧૧,૩૮૫-૨૫ | |
| ૧૪,૧૦૫-૩૬ | | સ્ટાફ પ્રોવીડન્ટ ફંડના | ૧૫,૩૫૪-૫૨ | | | | | ૧૮,૩૨૬-૧૦ | ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી | ૧૭,૪૩૫-૮૫ | |
| ૭૬,૬૫૫-૦૨ | | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ના | ૭૪,૬૩૪-૫૬ | | | | | ૧,૧૧,૩૮૫,-૨૫ | | ૧,૨૮,૮૨૧-૧૦ | |
| ૮,૦૦૪-૩૦ | | પુસ્તક ખરીદ અંગે | ૬,૬૨૨-૩૦ | | | | | ૩૩,૫૫૬-૧૫ | બાદ : કુલ ઘસારાના ૪૪,૮૨૬-૨૫ | | |
| — | | ખર્ચ અંગે | ૧,૦૦૦-૦૦ | | ૧,૧૮,૫૫૨-૪૧ | | | ૧૧,૨૭૩-૧૦ | વર્ષ દરમિયાન | | |
| | | | | | | | | ૪૪,૮૨૬-૨૫ | ઘસારાના ૧૨,૫૬૮-૮૫ | ૫૭,૪૨૮-૧૦ | ૭૧,૩૬૩ ૦૦ |
| | | | | | | | | ૬૬૫૬-૦૦ | **લેણું** | | |
| | | | | | | | | ૧૦૪-૦૦ | ઈન્કમ ટેક્સ રિફંડના | ૧૦૪-૦૦ | |
| | | | | | | | | ૧૨૮૭-૦૦ | સ્ટાફ પાસે | ૧,૦૫૨-૦૦ | |
| | | | | | | | | — | ગ્રાન્ટ અંગે | ૨૦,૦૦૦-૦૦ | |
| | | | | | | | | | ભેટના | ૫,૦૦૦-૦૦ | ૨૬,૧૫૬-૦૦ |
| | | | | | | | | ૩,૫૪૩-૩૨ | બેન્ક ઓફ ઇન્ડિયા બચત ખાતે | ૧,૦૨૬-૩૨ | |
| | | | | | | | | ૪-૬૦ | રોકડ પુરાંત | ૩-૬૪ | ૧,૦૨૯-૬૬ |
| | | | | | | | | ૨૬,૪૫૦-૦૦ | બેન્ક ઓફ ઇન્ડિયા રીકરીંગ ડિપોઝીટ ખાતે | | — |
| | | | | | | | | | **શ્રી આવક ખર્ચ ખાતું :** | | |
| | | | | | | | | ૭૪,૩૦૪-૫૦ | ગયા સરવૈયા મુજબ બાકી | ૬૬,૭૨૬-૧૮ | |
| | | | | | | | | ૨૫,૦૦૦-૦૦ | બાદ : મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનની ગ્રાન્ટના | ૨૦,૦૦૦-૦૦ | |
| | | | | | | | | ૪૬,૩૦૪-૫૦ | | ૭૬,૭૨૬-૧૮ | |
| | | | | | | | | ૫૦,૪૨૬-૧૮ | ઉમેરો : વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | ૨૩,૪૦૫-૫૬ | ૧,૦૩,૧૩૬-૮૬ |
| | | | | | | | | ૬૬,૭૨૬-૧૮ | | | |
| ૨,૬૫,૪૫૮-૧૦ | | | | | ૨,૬૬,૦૬૬-૮૩ | | | ૨,૬૫,૪૫૮-૧૦ | | કુલ રૂ. | ૨,૬૬,૦૬૬-૮૩ |

## ઓડિટરોના રિપોર્ટ

અમોએ શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઇનું તા. ૩૧-૧૨ ૧૯૮૨ ના રોજનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાનાં ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસારના જુદા રિપોર્ટને આધીન બરાબર છે.

મુંબઇ : તા. ૨૬-૫-૧૯૮૩ સહી : **શાહ મહેતા એન્ડ કું.** ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,

# શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

## તા. ૩૧-૧૨-૧૯૮૨ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૮૧ | આવક | ૧૯૮૨ | ૧૯૮૨ |
|---|---|---|---|
| રૂા. પૈસા. | | રૂા. પૈસા. | રૂા. પૈસા. |
| | **વ્યાજના** | | |
| ૨,૪૫૦-૦૦ | રીકરીંગ ડિપોઝીટના | ૯,૧૫૨-૬૦ | |
| ૨૮૩-૬૫ | બેન્કના વ્યાજના | ૬૦૫-૭૦ | |
| ૯૬૫-૩૪ | હિન્દુ. ઓગે. કેમી. લિ.માં ડિપોઝીટ | ૪,૧૯૯-૯૦ | ૧૩,૯૫૮-૨૯ |
| | **ભેટ તથા લવાજમ** | | |
| ૩,૫૪૦-૦૦ | ભેટના | ૧૦૧-૦૦ | |
| -- | અન્ય ટ્રસ્ટો તરફથી | ૨૫,૦૦૦-૦૦ | |
| ૬,૩૮૫-૦૦ | પુસ્તક લવાજમનાં | ૮,૬૭૦-૦૦ | ૩૪,૦૭૧-૦૦ |
| | **પરચુરણ આવક** | | |
| ૫૧૬-૬૦ | પસ્તી વેચાણના | ૫૦૬-૪૦ | |
| ૨૧૩-૨૦ | પાસબુક વેચાણના | ૧૮૦-૮૦ | |
| ૬૭-૩૦ | દંડના | ૭૬-૦૦ | ૭૬૬-૨૦ |
| ૫૦,૪૨૧-૬૮ | વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૨૩,૪૦૫-૬૯ |
| ૬૪,૮૪૩-૦૭ | | કુલ રૂા. | ૭૨,૨૦૧-૧૮ |

| ૧૯૮૧ | ખર્ચ | ૧૯૮૨ | ૧૯૮૨ |
|---|---|---|---|
| રૂા. પૈસા. | | રૂા. પૈસા. | રૂા. પૈસા. |
| | **વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ** | | |
| ૪,૨૮૬-૧૦ | પેપર લવાજમ | ૫,૦૫૧-૬૫ | |
| ૩૧,૮૨૮-૦૦ | પગાર તથા બોનસ | ૩૭,૦૫૬-૩૦ | |
| ૭૬૫-૦૦ | બુક બાઇન્ડીંગ | ૧,૧૫૨-૫૦ | |
| ૨,૪૬૭-૬૦ | પ્રોવીડન્ટ ફંડ ફાળાના તથા પ્રોવીડન્ટ ફંડને વ્યાજના | ૨,૪૩૪-૪૦ | |
| ૬૧૫-૦૦ | વીમાના પ્રીમીયમના | ૬૧૫-૦૦ | ૪૬,૩૧૨-૮૫ |
| | **વ્યવસ્થા ખર્ચ** | | |
| ૩,૧૮૦-૦૦ | મકાન મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ | ૩,૦૬૬-૦૦ | |
| ૫૦૦-૦૦ | ઓડિટર્સને ઓનેરેરિયમના | ૧,૦૦૦-૦૦ | |
| ૧,૩૭૫-૦૦ | ટેલીફોન ખર્ચ | ૧,૮૭૪-૩૨ | |
| ૭,૪૭૬-૬૦ | ગાડીભાડું, યુનિફોર્મ, છત્રી તથા સ્ટાફને ચા-પાણી, રેલ્વે પાસ વગેરે પરચુરણ ખર્ચ | ૬,૬૩૫-૫૫ | |
| ૫૨૬-૩૭ | પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી | ૧૫૫-૬૧ | |
| | પ્રોફેશનલ ટેક્સ | ૫૦-૦૦ | ૧૨,૮૧૧-૪૮ |
| | **ઘસારાનાં** | | |
| ૫૩૨-૦૦ | ફર્નીચર પર ૧૦% લેખે | ૪૭૮ ૦૦ | |
| ૧૧,૨૭૩-૧૦ | પુસ્તક પર ૧૫% લેખે | ૧૨,૫૬૮-૮૫ | ૧૩,૦૭૬-૮૫ |
| ૬૪,૮૪૩-૦૭ | | કુલ રૂા. | ૭૨,૨૦૧-૧૮ |

અમોએ ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ, તા. ૨૬-૫-૮૩

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ-ઓડિટર્સ

૩૧-૧૨-૮૨ ના રોજ પૂરા થતાં વર્ષનો

જીવનમાંથી આવિષ્કાર પામેલી એક પરંપરારૂપે તે ઉપદેશનું નિરૂપણ થયું છે. હિંદુધર્મના કોઈ એક વિશિષ્ટ સંપ્રદાયની નહિ, પણ ગીતા સમગ્ર હિંદુ ધર્મની પ્રતિનિધિ છે.

પ્રત્યેક અધ્યાયને અંતે આવતી પુષ્પિકા દર્શાવે છે કે ગીતા, બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્ર એટલે કે સત્યનું વિજ્ઞાન તથા સત્યમાં ભળી જવાની કળા–એ બંને છે.

પોતાની શાસ્ત્રોક્ત પદવીને કારણે ગીતા ઉપનિષદ પણ કહેવાય છે; કારણ કે તેનો મુખ્ય પ્રેરણા સ્રોત ઉપનિષદ નામે સુપ્રસિદ્ધ શાસ્ત્ર સમૂહ છે.

હિંદુ ધર્મમાં પરસ્પર આંતરિક સ્પર્ધા કરનારાં સમકાલીન જુદાં જુદાં તત્ત્વોને ગીતામાં એકત્ર આણીને તેમને સૂક્ષ્મ તથા ગહન, સ્વતંત્ર તથા સુવિશાળ એવી સર્વગ્રાહી સંવાદિતામાં, એકરૂપ તથા પરિપૂર્ણ બનાવવામાં આવ્યાં છે. આ પ્રમાણે વેદનાં યજ્ઞઅનુષ્ઠાનો, ઉપનિષદનો સર્વાતીત પરબ્રહ્મનો ઉપદેશ, ભાગવતની આસ્તિકતા તથા સાત્ત્વિક સુકોમળ પવિત્રતા, સાંખ્ય દ્વૈતવાદ તથા યોગનો ધ્યાનમાર્ગ–આવી વિધવિધ વિચારધારાઓને વિશુદ્ધ કરીને ગીતાકાર તેમનો સમન્વય સાધે છે.

### કાળનિર્ણય તથા પાઠનિર્ણય

ઉપનિષદોની રચનાના આરંભકાળનાં પ્રતિનિધિ એવાં વિચાર વિકાસનાં આંદોલનોની પછીથી જ ગીતા આવે છે એ વાત ખરી છે. પરંતુ ષડ્દર્શનોની રચનાની તથા તેમનું સૂત્રોમાં નિબંધન થયું તે કાળની પૂર્વે તે અવશ્ય રચાઈ છે. ગીતામાંના કાલગ્રસ્ત વ્યાકરણપ્રયોગો તથા આંતરિક ઉલ્લેખો ઉપરથી આપણે અનુમાન તારવી શકીએ કે ગીતા અવશ્યમેવ ઇશુથી આરંભાતા સંવત્સર પૂર્વેની કૃતિ છે. ગીતાના પાઠમાં પાછળથી ઘણાં પરિવર્તનો થયાં હશે તો પણ ઇશુની પૂર્વેની પાંચમી સદીમાં તે ગ્રંથની રચનાનો કાળનિર્ણય કરી શકાય એમ છે. ગીતાનું કર્તૃત્વ પુરાણપ્રસિદ્ધ મહાભારતકાર વ્યાસનું લેખાય છે. ગીતામાં અનેક સ્વતંત્ર અને ઘૂંટાઈને એકરસ બનેલી તાત્ત્વિક તથા ધાર્મિક વિચારધારાઓનો સંગમ થવાને કારણે આ બાબતમાં વિવિધ મતો પ્રવર્તે છે. પોતાના યુગની માગણી સંતોષવા માટે પરસ્પર વિરોધાભાસી દીસતી અનેક માન્યતાઓનો સરળ રચના દ્વારા ગીતામાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઈશ્વરના અનુગ્રહની છત્રછાયા તળે જ આવી બધી માન્યતાઓ ઉદ્ભવી છે એવી હિંદુધર્મની અસલી ખાસિયતને કારણે જ તેમાં આવી એકતાનું દર્શન શક્ય બન્યું છે.

---

( પાના ૪૩ થી ચાલુ )

પુરવાર કરી આપ્યું છે કે ભાલણનું કહેવાતું બીજું 'નળાખ્યાન' તે મહાભારતના 'નલોપાખ્યાન'ના અર્વાચીન સમયમાં થયેલા એક ગુજરાતી અનુવાદ પરથી લખાયું છે, માટે તે પૂરેપૂરી બનાવટી કૃતિ છે. 'પ્રતિ માસ' અને 'સાદડી' જેવા શબ્દો એ બનાવટ પકડવામાં ચાવીરૂપ બન્યા હતા. ગુજરાતી ભાષાઓની જેમ દુનિયાની ઘણી ભાષાઓમાં વિવિધ હેતુઓથી સાહિત્યિક બનાવટો થઈ છે.

નકલ કરનારાઓ ક્યારેક બહુ ધંત અને ચીવટપૂર્વક નકલ કરતા હોય છે. જેની નકલ કરવાની હોય છે એના જીવન અને સાહિત્યનો તેઓ ઊંડો અભ્યાસ કરતા હોય છે. એના હસ્તાક્ષરોની બરાબર નકલ કરવા માટે વર્ષો સુધી તેઓ તાલીમ લેતા હોય છે, અને પછી તેવી બનાવટ બજારમાં મુકાય છે. લિન્કનના એન રટલેજ સાથેના બનાવટી પ્રેમપત્રોએ તો લિન્કનના અભ્યાસીઓને પણ મૂંઝવણમાં મૂકી દીધા હતા. ઇટાલીમાં મુસોલિનીની બનાવટી ડાયરીઓ લખનારાઓએ તો ત્રણ દાયકા જેટલો લાંબો સમય આવી બનાવટની તૈયારી કરવા પાછળ આપ્યો હતો. પરંતુ આવી બનાવટ કરનારાઓ કોઈક નાની બાબતમાં ભૂલથાપ આઇ જતા હોય છે, અને છેવટે બનાવટ પકડાઇ જાય છે.

હિટલરની ડાયરીઓનાં બાઇન્ડિંગમાં નાયલોનનો દોરો વપરાયો; પરંતુ નાયલોનના દોરાની શોધ તો બીજા વિશ્વયુદ્ધ પછી થઈ હતી એ વાત બનાવટ કરનારાઓના ખ્યાલ બહાર ચાલી ગઇ. એવી જ રીતે કાગળ, શાહી, ચુંદર વગેરેનાં રાસાયણિક પૃથક્કરણોએ પુરવાર કરી આપ્યું કે એ ડાયરીઓ એટલી જૂની નથી.

કાળનું બળ ઘણું મોટું છે. ભલભલી વસ્તુઓને તે જીર્ણશીર્ણ કે નામશેષ કરી નાખે છે. એટલે જ કાળના પ્રહારો સામે ટકી ગયેલી વસ્તુઓમાં માણસને રસ પડે છે. દુનિયામાં કેટલાય એવા માણસો હોય છે કે જેમને જીવંત રસ વર્તમાન કે ભવિષ્ય કરતાં ભૂતકાળમાં વિશેષ હોય છે. એવા રસજ્ઞ અભ્યાસીઓ પ્રાચીન ચીજવસ્તુઓનું મહત્ત્વ અને મૂલ્ય આપણને સમજાવે છે. તો એવા જ કેટલાક અભ્યાસીઓ પોતાના જ્ઞાનની શક્તિઓનો વિનિયોગ આવાં તરકટો યોજવામાં વાપરે છે. જ્યાં સુધી બનાવટ કર્યાના નિર્દોષ આનંદ સિવાય બીજું કશું જ પ્રયોજન નથી હોતું ત્યાં સુધી તો સારું જ છે. પરંતુ જ્યાં ઇતિહાસનું સપ્રયોજન ખંડન કરવાનો અને પૈસા કમાવાનો આશય હોય છે ત્યાં તે ટીકાપાત્ર બને છે. વર્તમાન સમયમાં સંશોધનના ક્ષેત્રે વિવિધ રાસાયણિક પ્રક્રિયાઓ શોધાઇ છે, ત્યાં નવી વસ્તુને જૂની તરીકે ખપાવવાનું તરકટ હવે લાંબા સમય સુધી ચાલી શકે નહિ.

આમ પણ, સત્યમાં એટલું બધું બળ છે કે ગમે ત્યારે પણ તે પ્રગટ થયા વિના રહે નહિ. અસત્ય છેવટે તો અસત્ય જ ઠરે છે.

---

## સંઘ સમાચાર

### પત્રકારત્વ અંગે પરિસંવાદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના સહયોગથી શુક્રવાર, શનિવાર અને રવિવાર, તા. ૩૦–૬–૧૯૮૩ અને તા. ૧ અને ૨ ઓકટોબર, ૧૯૮૩ના રોજ પત્રકારત્વ અંગે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગતો આ પ્રમાણે છે :

શુક્રવાર,
તા. ૩૦–૬–૮૩, સાંજે ૬–૦૦ પરિસંવાદનું ઉદ્ઘાટન

શનિવાર, સવારના ૯–૩૦ પ્રથમ બેઠક
તા. ૧–૧૦–૮૩ બપોરના ૩–૩૦ દ્વિતીય બેઠક

રવિવાર,
તા. ૨–૧૦–૮૩ સવારના ૯–૩૦ તૃતીય બેઠક અને સમાપન

સ્થળ : ઉદ્ઘાટન માટે શ્રી ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઇ–૭ અને ત્રણેય બેઠકો માટે ગીતા મંદિર હોલ, શ્રી ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ–૭.

વ્યાખ્યાતા અને વિષયો તેમજ અન્ય વિગતો હવે પછી જણાવવામાં આવશે.

ધનવંત ટી. શાહ
પન્નાલાલ ૨. શાહ
સંયોજકો.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ.

# અસત્યના પ્રયોગો

✪ રમણલાલ ચી. શાહ

પશ્ચિમના જગતમાં અસત્યના એક મોટા પ્રયોગે વિશ્વવ્યાપી ચકચાર જગાડી છે. એ છે હિટલરની કહેવાતી ડાયરીઓ. પશ્ચિમ જર્મનીના 'સ્ટર્ન' નામના સામયિકના ખબરપત્રી હાઇડમાને પશ્ચિમ જર્મનીની કોનરાડ ફિશર નામની એક વ્યકિત પાસેથી હિટલરની કહેવાતી ડાયરીઓ મેળવી હતી. ફિશર નાઝી સમયની યાદગીરીની ચીજવસ્તુઓ મેળવી, સંગ્રહ કરી એવી વસ્તુઓના સંગ્રહકારોને વેચવાનો ધંધો કરે છે. તેના કહેવા પ્રમાણે આ ડાયરીઓ તેને પૂર્વ જર્મનીમાં રહેતા હિટલરના સમયના એક લશ્કરી સેનાપતિ પાસેથી મળી હતી. બીજા વિશ્વયુદ્ધના અંત સમયે હિટલરે જે વિમાનને પોતાની ડાયરીઓ સુરક્ષિત સ્થળે પહોંચાડવા માટે રવાના કર્યું હતું તે તૂટી પડયું હતું અને ડાયરીઓ કોઇ અજાણી વ્યકિતના હાથમાં આવેલી. તે સચવાઇ રહી હતી.

'સ્ટર્ન' સામયિકે ૯૦ લાખ માર્ક જેટલી મોટી રકમ ચૂકવીને એ ડાયરીઓ પ્રગટ કરવાનો હક મેળવ્યો અને તેનું પ્રકાશન ચાલુ કર્યું. તદુપરાંત 'સ્ટર્ન' સામયિકે આ ડાયરીઓના પ્રકાશનના હક ઇંગ્લેંડ, ફ્રાન્સ, ઇટલી, અમેરિકા વગેરેનાં સામયિકોને આપીને મોટી રકમ મેળવી હતી. હપ્તે હપ્તે પ્રગટ થતી આ ડાયરીઓએ દુનિયામાં ઘણી મોટી સનસનાટી ફેલાવી, પરંતુ ત્યાં તો પશ્ચિમ જર્મનીની સરકારે આ ડાયરીઓ બનાવટી હોવાનું સાબિતી સાથે નિવેદન કર્યું. એટલે 'સ્ટર્ન' સામયિકને ડાયરીઓનું પ્રકાશન તરત બંધ કરવું પડયું; લોકોની માફી માગવી પડી. તંત્રીઓએ રાજીનામાં આપવાં પડયાં. 'લંડન ટાઇમ્સ'ને પૈસા પાછા ચૂકવવા પડયા. રિપોર્ટરને બરતરફ કરવો પડયો. આવી જાતજાતની ઘટનાઓ બની. એક ચકચારભર્યા પ્રકરણે આ રીતે અચાનક વળાંક લીધો.

અસલની નકલ કરવાનું ઘણા માણસોને મન થાય એ સ્વાભાવિક છે. કયારેક નકલ એટલી સરસ હોય છે કે કઇ કૃતિ અસલ અને કઇ નકલ તે પારખવું મુશ્કેલ બને છે. ચિત્રો, શિલ્પાકૃતિઓ, પ્રાચીન સિક્કાઓ વગેરેનાં ક્ષેત્રોમાં આવી બનાવટો વિશેષ થાય છે. કારણ કે જગતમાં શ્રીમંત સંગ્રહકારો લાખો રૂપિયા ખર્ચીને તેવી પ્રાચીન કૃતિઓ કે ચીજવસ્તુઓ મેળવવાનો પ્રયત્ન કરે છે. એમ કરવામાં કયારેક તેઓ છેતરાય પણ છે. પિકાસોનાં ચિત્રો અને માઇકલ એન્જેલોની શિલ્પાકૃતિઓની બાબતમાં આવી કેટલીય બનાવટો થઇ છે.

જયારે એક કરતાં વધુ એકસરખી પ્રાચીન કૃતિઓ બજારમાં વેચાવા લાગે છે ત્યારે મોટો વિવાદ જાગે છે.

એક દંતકથા પ્રમાણે રોકેફેલર જેવા ધનાઢય માણસે દાંતના દાકતર પાસે દુખતી દાઢ પડાવી, તો દાકતરે તે દાઢ કચરામાં નાખી ન દેતાં એક સંગ્રહકારને વેચી દીધી. રોકેફેલરને જયારે ખબર પડી કે પોતાની દાઢ મોંઘા ભાવે બજારમાં વેચાય છે, ત્યારે મોં માગ્યા ભાવ આપીને પણ તે પાછી મેળવીને પોતાના અંગત સંગ્રહસ્થાનમાં રાખવાનું તેમને મન થયું. પોતાના જુદા જુદા માણસોને તે દાઢ કોની પાસે છે તે તપાસ કરીને ખરીદી લાવવા મોકલ્યા, તો તેઓ 'રોકફેલરની દાઢ' તરીકે વેચાતી એવી પચાસેક જેટલી દાઢ બજારમાંથી મોંઘા ભાવે ખરીદી લાવ્યા! એમાં પોતાની દાઢ કઇ અને બીજાની કઇ તે ખુદ રોકફેલર પણ કેવી રીતે પારખી શકે?

હિટલરે જે પિસ્તોલથી આપઘાત કર્યો હતો તે માર્ક વાળી અને તે નંબરવાળી ઘણી બધી પિસ્તોલ યુરોપના બજારોમાં હજુ પણ વેચાય છે!

ક્લિઓપેટ્રાનુ હાડપિંજર બનાવી તે વેચનાર એક સંગ્રહકારથી એક અજાણ્યા ખરીદનારને ભૂલથી એક સાથે બે હાડપિંજર બતાવાઇ ગયાં ત્યારે એણે ખુલાસો કરેલો કે એક હાડપિંજર ક્લિઓપેટ્રા યુવાન હતી ત્યારનું છે અને બીજું એ મૃત્યુ પામી ત્યારનું છે! આ તો એક મજાક જેવી વાત છે.

કવિતા, વાર્તા, ચિત્ર, શિલ્પકૃતિ ઇત્યાદિ કલાકારીગીરીની પ્રાચીન કૃતિઓ, હસ્તપ્રતો, મહાન વ્યકિતઓએ વાપરેલી ઐતિહાસિક ચીજવસ્તુઓ વગેરેની બાબતમાં બનાવટ કરવા પાછળ વિવિધ આશય રહેલા હોય છે. કયારેક સામાન્ય લોકો ઉપરાંત બુદ્ધિશાળી, વિચક્ષણ માણસોને પણ છેતરવાનો નિર્દોષ આનંદ રહેલો હોય છે. (ટાગોરે યુવાન વય પોતાની કવિતાની બાબતમા આમ કરેલું). કયારેક કોઇકનું મહત્ત્વ વધારી દેવાનો અથવા કયારેક કોઇકને ઉતારી પાડવાનો આશય રહેલો હોય છે. કયારેક સમાજને માત્ર આઘાત આપવાનો આશય હોય છે, તો કયારેક નિર્ણાયકોની અન્યાયી અને આભમાની વૃત્તિને તોડવાનો હોય છે. કયારેક પૈસા કમાવા માટેનું તે એક માત્ર તરકટ હોય છે; તો કયારેક તેમાં ઇતિહાસનાં ખલ પાત્રોને સારાં ચીતરવાનો હેતુ હોય છે. પરંતુ જેમ કહેવાય છે કે ચોરી કરનાર માણસ પોતાને પણ ખબર ન હોય એવી કોઇક નિશાની પાછળ મૂકતો જાય છે અને તે પકડાતાં તેની ચોરી પકડાઈ જાય છે, તેવી રીતે સાહિત્ય, કલાકૃતિઓ અને પ્રાચીન અવશેષોનાં ક્ષેત્રે અસત્યના પ્રયોગો કરનાર છેવટે તો ખુલ્લાં પડી જતા હોય છે.

આપણા ગુજરાતી સાહિત્યમાં પ્રેમાનંદનાં કહેવાતાં નાટકોની બનાવટ ઘણા મોટા પાયા પર થઈ હતી. મહાકવિ પ્રેમાનંદ એમનાં આખ્યાનો માટે જાણીતા છે. એમણે નાટકો લખ્યા છે એવું કોઇ જાણતું નહોતું; પરંતુ પાંચેક દાયકા પહેલાં વડોદરાની પ્રાચીન કાવ્યમાળાના સંપાદકોએ પ્રેમાનંદે નાટકો પણ લખ્યાં છે એવી જાહેરાત કરીને ત્રણ નાટકો છાપ્યા. એ પાંચતાં જ કેટલાક વિવેચકોને વહેમ પડેલો કે એ નાટકો પ્રેમાનંદનાં હોઈ શકે નહિ. ગુજરાતી સાહિત્ય-જગતમાં ઘણાં વર્ષો સુધી એ નાટકો વિશે ચર્ચા ચાલી. બનાવટ કરનારાઓએ એનો બચાવ કર્યો, પરંતુ છેવટે એ પોકળ હોવાનું પુરવાર થયું. 'હાલીમવાલી', 'પરેડ', જેવા કેટલાક શબ્દો, જે અર્વાચીન સમયમાં વપરાય છે, એવા શબ્દો પ્રેમાનંદની ભાષામાં બનાવટ કરનારાઓથી અજાણતા વપરાઇ ગયાં. પરિણામે નાટકોની ભાષા આગે નરસિંહરાવ જેવા વિચક્ષણ ભાષાશાસ્ત્રીને વહેમ પડેલો અને એમણે એ નાટકો પ્રેમાનંદનાં નથી એની વિસ્તારથી ચર્ચા કરી.

કવિ ભાલણે પોતાનું પહેલું 'નળાખ્યાન' ગુમ થઇ જતાં બીજું 'નળાખ્યાન' લખ્યું હતું એવી વાત વહેતી મૂકીને પ્રાચીન કાવ્યમાળાના સંપાદકોએ ભાલણનું કહેવાતું બીજું નળાખ્યાન પ્રગટ કર્યું હતું; પરંતુ આ લખનારે પોતે પોતાના એક સંશોધન લેખમાં

( વધુ માટે જુઓ પાનું ૪૧)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૭૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧-૭-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## કૂતરાંઓની સમસ્યા

★ રમણલાલ ચી. શાહ

મુંબઇ નગરપાલિકાએ કૂતરાંઓને પકડીને મારી નાખવા માટે રૂપિયા પાંત્રીસ લાખની જોગવાઇ કરી છે એ સમાચારના અત્યાઘાત પ્રજાના ચિત્ત ઉપર જેટલા પડવા જોઇએ એટલા પડયા નથી.

માનવજીવન વખતોવખત એક યા બીજા પ્રકારના ઉપદ્રવથી ત્રસ્ત રહે છે. કયારેક પૂર કે દુકાળ જેવા કુદરતી ઉપદ્રવો હોય છે, તો કયારેક મેલેરિયા, કમળો, કોલેરા, શીતળા જેવા રોગચાળાઓ થાય છે, કયારેક માખી, મચ્છર કે ઉંદરનો ઉપદ્રવ હોય છે, તો કયારેક ડુક્કર, વાંદરા, કૂતરા વગેરે પ્રાણીઓની અતિ વસતિનો ઉપદ્રવ પણ થતો હોય છે.

આવા ઉપદ્રવો જ્યારે થાય છે ત્યારે પોતાના ગામ કે નગરને તેમાંથી મુકત કરવા માટે વ્યકિતગત કક્ષાએ કે શહેરની સુધરાઇ કક્ષાએ મોટા પાયા ઉપર પ્રયત્ન થતા હોય છે. એમાં પુષ્કળ નાણાં ખર્ચવા પડે છે. કયારેક ધ્યેય પાર પડે છે. કયારેક યોજના નિષ્ફળ જાય છે, જે દેશોમાં ગીચ માનવ વસતિ હોય છે, અને સ્વચ્છતાનું પ્રમાણ ઓછું હોય છે ત્યાં આવા ઉપદ્રવો વારંવાર થતા હોય છે.

શેરીઓમાં રખડતાં કૂતરાંઓની વસતિ ઘણી વધી જતાં દિવસ-રાત થતા એમના કોલાહલથી, અને એમના દ્વારા ફેલાતી ગંદકીથી તથા રોગચાળાથી માણસો ત્રાસી જાય છે. કૂતરાંઓની વસતિ કેમ ઓછી કરવી તેના ઉપાયો વિચારાય છે.

ભારતનાં મોટાં શહેરોમાં શેરીના કૂતરાઓ-સ્ટ્રીટ ડોગ્સ-નો ત્રાસ વખતોવખત વધી જાય છે. અને સુધરાઇને તેના ઉપાયો પાછળ ઘણું ખર્ચ કરવું પડે છે. જેમ જેમ કૂતરાંઓની વસતિ વધતી જાય છે તેમ તેમ સુધરાઇઓનું તે માટેનું ખર્ચ પણ ઉત્તરોત્તર વધતું જાય છે.

ફકત મુંબઈ શહેરનો જ વિચાર કરીએ તો ઈ. સ. ૧૯૮૧-૮૨ ના એક વર્ષ દરમિયાન લગભગ ૨૮,૦૦૦ કૂતરાંઓને મારી નાખવામાં આવ્યા હતા. અને તે પછીના નવ મહિનામાં બીજા લગભગ ૧૨,૦૦૦ કૂતરાઓ મારી નાખવામાં આવ્યા. આ કૂતરાઓને પકડવા માટે, મારી નાખવા માટે અને તેના શબનો નિકાલ કરી નાખવા માટે લાખો રૂપિયાનો ખર્ચ થયો છે. જુદાં જુદાં મોટાં શહેરોમાં થતા આ એક જ બાબત માટેના ખર્ચનો વિચાર કરીએ તો કરોડો રૂપિયાથી પણ વધુ રકમ ખર્ચાય છે અને લાખો કૂતરાંઓના અકાળે પ્રાણ હરી લેવાય છે. આપણા અર્થતંત્ર ઉપર આ નાનોસૂનો બોજો નથી. મોટા પાયા ઉપર ઘોર જીવહિંસા થાય છે તો તે વળી એથી પણ વધુ ભયંકર બાબત છે.

ભારતમાં જે બને છે તેવું દુનિયાના બધા દેશોમાં બનતું નથી. ઘણા દેશોમાં કૂતરાની તો ખેંચ વર્તાતી હોય છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં તો કૂતરાઓ રખેવાળી કરી દેશને કરોડો રૂપિયા કમાવી આપે છે. ઘણા દેશોમાં શેરીમાં રખડતા કૂતરાઓનું પ્રમાણ નહિવત્ હોય છે.

કૂતરું એ યુનિવર્સલ પ્રાણી છે. હાથી, ઊંટ, વાઘ વગેરે કેટલાંક પ્રાણીઓ અમુક જ દેશમાં જોવા મળે છે. કૂતરું જ્યાં જ્યાં માનવવસતિ છે ત્યાં ત્યાં, એટલે કે દુનિયાના તમામ દેશોમાં જોવા મળે છે. અલ્પ નિદ્રા, તીવ્ર ઘ્રાણેન્દ્રિય શકિત, ચકોર નજર, ગુનેગારનું પગેરું શોધવાની આવડત, પોતાના માલિક પ્રત્યેની વફાદારી, આજ્ઞાંકિતતા, રખેવાળુ, મિત્રતા, સમજદારી વગેરે ગુણોને કારણે કૂતરું આપણાં પાળેલાં પ્રાણીઓમાં મનુષ્યજીવનની સાથે સૌથી ઘનિષ્ઠ રીતે સંકળાયેલું છે. કૂતરું જીગરજાન દોસ્તની ગરજ સારે છે.

ગાય-ભેંસ જેવાં પ્રાણીઓને વાડા કે ગમાણ સુધી સ્થાન અપાયું છે. પરંતુ પાળેલું કુતરું તો મનુષ્યની સાથે એની પથારીમાં પણ સૂઈ જાય છે. કૂતરામાં સમજશકિત ઘણી હોય છે. કેળવવામાં આવે તો આઠ દસથી ૧૦૦ જેટલા સંકેત સમજી શકે છે. આવા કેળવાયેલા કૂતરાઓ હજારો રૂપિયાની કિંમતે વિદેશોમાં વેચાય છે. સ્કોટલેન્ડ યાર્ડના કૂતરાઓ દુનિયાભરમાં જાણીતા છે. ન્યૂઝીલેન્ડમાં કૂતરાઓને તાલીમ આપી તૈયાર કરી મોંઘા ભાવે વેચનારી ચારસોથી વધુ કલબ છે.

યુરોપ-અમેરિકામાં કેટલી યે સ્ત્રીઓ કૂતરાને સાથે લઇને રાતને વખતે એકલી બહાર જવાની હિંમત કરતી હોય છે. કૂતરો રક્ષક મિત્ર તરીકે, કયારેક પોતાના પ્રાણના જોખમે પણ વફાદારીપૂર્વક કાર્ય કરે છે.

સ્વિટઝરલેન્ડમાં સંત બર્નાર્ડના ચર્ચના કૂતરાઓ આજે પણ, પોતાના ગળામાં બ્રાન્ડીની બાટલી લટકાવી બરફના પહાડોમાં ભૂલા પડી ગયેલા અને ઠંડીમાં થીજી ગયેલા મુસાફરોને બચાવી લઈ સલામત સ્થળે પહોંચાડનાર ભોમિયાનું કામ કરે છે.

મહાન મુસાફર નાનસેને ઉત્તર ધ્રુવની સફરમાં જે ઘણી મોટી સિદ્ધિ મેળવી હતી તે એની બરફગાડી ખેંચનાર કૂતરાઓને આભારી છે.

દુનિયાના કેટલાક દેશોના બજેટમાં કૂતરું જ્યારે જમા પક્ષે છે, ત્યારે ભારતમાં તે ઉધાર પક્ષે છે એ ખરેખર અફસોસની વાત છે. પરંતુ એથી વધારે અફસોસની વાત

તો એ છે કે ભારત જેવા કરુણાસભર દેશમાં પ્રતિ વર્ષ લાખો કૂતરાઓની કતલ થાય છે.

કૂતરાંઓની શક્તિનો સારાં કાર્યો માટે ઉપયોગ ન થઇ શકે તો પણ એ જીવોને એવી રીતે ન બચાવી શકાય કે જેથી લોકોને ઉપદ્રવ ન થાય અને છતાં એની કતલ કરવાની જરૂર ન રહે? કેટલાંક ગામોમાં પાંજરાપોળમાં કૂતરાઓનો પણ વિભાગ હોય છે. શેરીમાંથી પકડેલા કૂતરા અને કૂતરીઓને જુદા જુદા વાડામાં રાખવામાં આવે છે, કે જેથી નવી પ્રજોત્પત્તિ થાય નહિ, અને કૂતરાઓને અકાળે મારવા પડે નહિ. આમ પણ કૂતરાનું આયુષ્ય દસ-બાર વર્ષથી વધુ નથી હોતું. એટલે એના ભરણપોષણની જવાબદારી બહુ મોટી રહેતી નથી. દયાળુ લોકો જ્યાં આ જવાબદારી ઉપાડી લેતા હોય છે ત્યાં સુધરાઇને માથે એટલો બોજો રહેતો નથી.

મુંબઇ નગરપાલિકા એક કૂતરો છોડાવવાના પાંત્રીસ રૂપિયા લે છે. મુંબઇની 'જીવદયા મંડળી', 'બ્યુટી વિધાઉટ ક્રૂઅલ્ટી' કે આપણી પાંજરાપોળો જેવી પ્રાણીદયાને વરેલી કેટલીક સંસ્થાઓ જો આ પ્રશ્ન અંગે કંઇક સક્રિયપણે વિચાર કરી શકે તો જીવહિંસાનું કેટલુંક કાર્ય જરૂર અટકાવી શકાય. દીર્ઘદૃષ્ટિથી, ડહાપણપૂર્વક યોજનાબદ્ધ રીતે જો આ કાર્ય થાય તો જ એની ઉપયોગિતા, નહિ તો ચીનના એક શહેર જેવી દશા આપણા શહેરની પણ થાય.

ચીનના એક શહેરમાં ઉંદરોનો ઉપદ્રવ ઘણો બધો વધી ગયો હતો. છેવટે શહેરની સુધરાઇએ પોતાના બજેટમાં ઘણી મોટી રકમની જોગવાઇ કરીને શહેરને ઉંદરોથી મુક્ત કરવાની યોજના ઘડી. જે કોઇ નાગરિક ઉંદર પકડીને સુધરાઇના તે ખાતામાં આપી આવે તેને પૈસા આપવાનું જાહેર થયું. આવી યોજનાને પરિણામે લોકોમાં ઉંદર પકડવાનો ઉત્સાહ વધી ગયો. રોજ સેંકડો માણસો ઉંદર પકડી પકડીને સુધરાઇમાં આપી આવવા લાગ્યા. દિવસે દિવસે પકડાતા ઉંદરોની સંખ્યા વધતી ગઇ. સુધરાઇને થયું કે આ યોજના સરસ ચાલી છે, લોકો કામે લાગી ગયા છે અને થોડા સમયમાં આખું શહેર ઉંદરથી મુક્ત થઇ જશે. પરંતુ જોગવાઇ કરેલી રકમ પૂરી થઇ ગઇ તો પણ હજારો લોકો પુષ્કળ ઉંદરો પકડીને લાવવા લાગ્યા હતા. તપાસ કરતાં માલુમ પડ્યું કે શહેરની ઉંદરોની સંખ્યા તો પહેલાં હતી તેના કરતાં પણ ઘણી વધી ગઇ હતી. ઘરેઘરે પાંજરાઓ રાખી માણસો ઉંદરોને ખવડાવી પોષણ કરી રહ્યા હતા. અને બચ્ચાંઓને ઉછેરી રહ્યા હતા. લોકોને જાણે કે ઉંદર દ્વારા આજીવિકાનું એક મોટું સાધન સાંપડ્યું. પરંતુ શહેર ઉંદરોથી ઊભરાવા લાગ્યું. અજ્ઞાની અને માત્ર પોતાના જ હિતનો વિચાર કરનાર પ્રજા ક્યારેક પોતાનું સામુદાયિક હિત સમજતી નથી. એટલે જ, રૂપિયા પાંત્રીસ આપી કૂતરું છોડાવવાની યોજના જો સરખી ન ગોઠવાય તો ગમે તેટલાં કૂતરાંઓ છોડાવ્યા પછી પણ કૂતરાંની વધતી જતી વસતિનો પ્રશ્ન તો એવો જ ગંભીર રહેવાનો.

પ્રજામાં સ્વચ્છતા, સહકાર, જવાબદારી વગેરે ગુણો અને આવડત કેળવવાનું એવું ડહાપણ ક્યારે આવશે કે જ્યારે ઉપદ્રવના આવા પ્રશ્નો જ ઊભા ન થાય?

## સૌરાષ્ટ્ર રેલ રાહત ફંડ

સૌરાષ્ટ્રમાં મેઘતાંડવથી આવેલા વિનાશક પૂરથી જુનાગઢ, અમરેલી, પોરબંદર વગેરે જિલ્લાઓમાં પારાવાર નુકસાન થયું છે. આ લખાય છે ત્યાં સુધીમાં પણ કેટલાય ગામડાંઓનો સંપર્ક સાધી શકાયો નથી. એ રીતે દુનિયાથી આ વિસ્તારો વિખૂટા પડી ગયા છે. ૧૦૦૦ માણસો મરણને શરણ થયાનો અંદાજ છે. પશુઓની પણ તારાજી થઈ છે. જાનહાનિ એથી વિશેષ હોવાની સંભાવના છે. નુકસાનીનો અંદાજ આવે એવું નથી. આ વિસ્તારમાં રાહત કાર્ય માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે 'સૌરાષ્ટ્ર રેલ રાહત ફંડ' શરૂ કરવાનું નક્કી કર્યું છે. આ માટેનો ચેક 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના નામનો મોકલવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો વગેરેને વિનંતી છે. કરુણાના આ કાર્યમાં હાલ તુરત નીચે મુજબ રકમ નોંધાઇ છે. રાહત ફંડની વિગતો વખતોવખત 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવશે. સંઘને આપેલું દાન આવક-વેરા ધારાની કલમ ૮૦ (જી) હેઠળ કરમુક્ત છે.

| | |
|---|---|
| ૧૫૦૦ | મે. નવનિત પ્રકાશન કેન્દ્ર |
| ૧,૦૦૦ | શ્રી રસિકલાલ મો. ઝવેરી |
| ૧,૦૦૦ | શ્રી એ. જે. શાહ |
| ૧૦૦૦ | મે. ચીમનલાલ ચકુભાઈ ટ્રસ્ટ ફંડ |
| ૧૦૦૧ | મે. સેવંતીલાલ કાન્તિલાલની કું. |
| ૧૦૦૧ | મે. એમિનેક્સ એજન્સી |
| ૫૦૦ | ડૉ. રમણલાલ ચી. શાહ |
| ૫૦૦ | શ્રી ચીમનલાલ જે. શાહ |
| ૫૦૦ | શ્રી કે. પી. શાહ |
| ૫૦૦ | શ્રી મફતલાલ ભીખાચંદ શાહ |
| ૫૦૧ | મે. સી. કે. શાહ ચેરિટી ટ્રસ્ટ |
| ૫૦૧ | શ્રી ટોકરસી કે શાહ |
| ૫૦૧ | મે. એરીસ્ટો કેમિકલ્સ પ્રા. લી. |
| ૫૦૧ | મે. આરવીકો રબ્બર ઇન્ડસ્ટ્રીઝ. |
| ૫૦૧ | શ્રી પન્નાલાલ કે. છેડા |
| ૫૦૧ | મે. મનુભાઈ અને નવીનચંદ્ર સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫૧ | શ્રી ગણપતલાલ મ. ઝવેરી |
| ૨૫૧ | શ્રી સી. એન. વોરા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫૧ | શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ |
| ૨૫૧ | મે. એસ. એમ. શાહની કું. |
| ૧૫૧ | શ્રી પ્રવીણચન્દ્ર મંગળદાસ શાહ |
| ૧૦૧ | શ્રી અમર જરીવાળા |
| ૧૦૧ | મે. નીરૂ એન્ડ કું. |
| ૫૧ | શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ |
| રૂા. ૧૨,૯૧૨ | |

## કારોબારી સમિતિમાં કો-ઓપ્ટેડ સભ્યો

તા. ૨૭-૬-૧૯૮૩ના રોજ મળેલ કારોબારી સમિતિમાં નીચે મુજબ પાંચ સભ્યોને ઉમેરવામાં (Co-opted) આવ્યા છે.

(૧) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
(૨) રા. ધનવંત ટી. શાહ
(૩) શ્રી પન્નાલાલ કે. છેડા
(૪) શ્રી અરવિંદ એમ. ચોકસી
(૫) શ્રી શૈલેષભાઇ એચ. કોઠારી

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : વાર્ષિક અહેવાલ

સંસ્થા માટે એમ કહેવાય છે કે સંસ્થામાં વ્યકિત તો આવે ને જાય. સંસ્થા એની પ્રવૃત્તિઓથી કાયમ છે. આમ છતાં કેટલીક વ્યકિતઓ સ્વયં સંસ્થા સમાન હોય છે. એ રીતે આપણા સંઘના પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્વયં સંસ્થા સમાન હતા. અને સંઘને વૈચારિક સંસ્થા તરીકે વિશેષ ઘાટ આપવામાં એમના પ્રદાનનું મૂલ્યાંકન થઈ શકે એમ નથી. સંઘની પ્રવૃત્તિઓનું ૫૪મું વર્ષ પુરું કરતાં અમારી સાથે આપ પણ આવી જ સંવેદના અનુભવશો, એવી શ્રદ્ધા સાથે ચોપનમા વર્ષનો અહેવાલ અમે રજુ કરીએ છીએ.

વહીવટી અને આર્થિક દૃષ્ટિએ તા. ૧-૧-૧૯૮૨ થી તા. ૩૧-૧૨-૧૯૮૨ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તા. ૩૧-૭-૧૯૮૨ ના રોજ મળી ત્યારથી આજ સુધીનો એટલે કે તા. ૨૨-૬-૧૯૮૨ સુધીનો છે.

**સંઘના સભ્યો**

સંઘના સભ્યોની સંખ્યા આજે નીચે મુજબ છે.

પેટ્રન સભ્યો; ૧૨૭ (૧૨૫)* સામાન્ય સભ્યો; ૨૦૦ (૩૦૦)* આજીવન સભ્યો : ૧૪૩૮ (૧૩૬૪) * પ્રબુદ્ધ જીવનના. ગ્રાહકો: ૧૦૫૦ (૧૧૦૫) (કૌંસમાં આપેલા આંકડા આગલા વર્ષના અહેવાલ મુજબના છે.)

**'પ્રબુદ્ધ જીવન' અને તેની આર્થિક બાજુ**

'પ્રબુદ્ધ જીવન' એક વૈચારિક પત્ર છે, અને પ્રથમ હરોળના સામયિકોમાં એનું વિશિષ્ઠ સ્થાન છે. સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રવાહોની ન્યાયયુકત, તટસ્થ અને અભ્યાસપૂર્ણ સમીક્ષા તેમજ જીવનના વિવિધ પાસાંઓની તાત્ત્વિક છણાવટ અને માર્ગદર્શન હવે સ્મૃતિશેષ બન્યું છે. માંદગીના બિછાનેથી પણ તેઓ 'પ્રબુદ્ધ જીવન' માટે લેખ લખાવતા. એ રીતે છેલ્લો લેખ તા. ૧૦-૧૧-૮૨ નાં રોજ લખાવ્યો હતો. તા. ૭-૧૨-૧૯૮૨ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિએ ડો. રમણભાઇ ચી. શાહની તંત્રી તરીકે વરણી કરી છે અને એમના તંત્રીપદે 'પ્રબુદ્ધ જીવન'ની યાત્રા નિયમિત અને સરળતાથી ચાલે છે.

વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'ને રૂ. ૪૧,૫૪૪-૦૦ ની આવક થઇ અને રૂ. ૧,૦૩,૭૪૫-૬૫ નો ખર્ચ થયો. પરિણામે વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો રૂ. ૬૨,૨૦૧-૬૫ થયો. છાપકામ, અને કાગળના ભાવમાં દિન-પ્રતિ-દિન થતો વધારો તેમ જ ટપાલના દરમાં થયેલા વધારાના કારણે વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'નો ખર્ચ વિશેષ થયો છે. સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મૃતિ અંક અંગે આશરે રૂ. ૨૦,૦૦૦ ના થયેલાં ખર્ચનો તેમાં સમાવેશ થાય છે. વર્ષ દરમિયાન રૂ. ૫,૩૫૪-૦૦ ભેટ મળ્યા, જે આગલા વર્ષમાં રૂ. ૩૫,૮૫૬-૫૦ ની હતી.

**સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મૃતિ અંક**

સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ચીમનલાલ ચકુભાઇ શાહનો તા. ૨૬-૧૧-૧૯૮૦ ના રોજ દેહ વિલય થયો. તા. ૧૬-૧૨-૮૨ અને તા. ૧-૧-૧૯૮૩ ના 'પ્રબુદ્ધ જીવન'નો સંયુકત અંક ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મૃતિ અંક તરીકે બહાર પાડવામાં આવ્યો, જેમાં ગુજરાતના અગ્રણી ચિંતકો, સારસ્વતો અને સામાજિક અગ્રણીઓએ સ્વ. ચીમનભાઇના જીવનના વિવિધ પાસાંઓનો હૃદયસ્પર્શી ખ્યાલ આપ્યો.

એ જ રીતે તા. ૧૬-૧-૧૯૮૩નો 'પ્રબુદ્ધ જીવન'નો અંક પં. મેચરદાસ સ્મૃતિ અંક તરીકે પ્રગટ કરવામાં આવ્યો પ. મેચરદાસજી સંઘ સાથે અને પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆતથી વ્યાખ્યાતા તરીકે સંકળાયેલાં હતા. સંઘના રજત જયંતી પ્રસંગે તેઓ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા.

**શ્રી મ.મા. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય**

પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂ. ૧૭,૪૩૫-૮૫નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ વર્ષ દરમિયાન રૂ. ૭૨,૨૦૧-૧૮નો ખર્ચ થયો અને આવક રૂ. ૪૮,૭૯૫-૪૯ની થઈ, જેમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી રૂ. ૨૦,૦૦૦/ અને શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ તરફથી રૂ. ૫,૦૦૦/ની મબલ ભેટનો સમાવેશ થાય છે. વર્ષ આખરે આવક કરતાં ખર્ચનો વધારો રૂ. ૨૩,૪૦૫-૬૯નો થયો. બૃહદ્ મુંબઇ મહાનગરપાલિકા તરફથી મળેલ ગ્રાન્ટના રૂ. ૨૦,૦૦૦-૦૦ બાદ કરતાં એકંદર ખાધ રૂ. ૩,૪૦૫-૬૫ રહે છે. આગલા વર્ષોના આવક કરતાં ખર્ચના વધારાના રૂ. ૯૯,૭૨૬-૧૮ ઉમેરતાં અત્યાર સુધીની ખાધ રૂ. ૧,૦૩,૧૩૧-૮૩ની થઇ.

પુસ્તકાલયનું ફંડ રૂ. ૫,૫૫૦-૦૦ છે. હાલ પુસ્તકાલયમાં આશરે ૧૩૦૦૦ પુસ્તકો છે. પુસ્તકો વાંચવા માટે ઘેર લઇ જનાર પાસેથી ડિપોઝીટના રૂ. ૨૦-૦૦ અને વાર્ષિક લવાજમના રૂ. ૧૫-૦૦ અને અર્ધવાર્ષિક લવાજમના રૂ. ૧૦-૦૦ લેવામાં આવે છે.

વાચનાલયમાં ૬ દૈનિક, ૨૮ સાપ્તાહિક, ૧૪ પાક્ષિક, ૪૧ માસિક અને ૯ વાર્ષિક સહિત એકંદરે ૯૮ સામયિકો આવે છે. ભાષાકીય દૃષ્ટિએ ૮૧ ગુજરાતી, ૮ હિન્દી, ૭ અંગ્રેજી અને ૨ મરાઠી દૈનિક-સામયિકો આવે છે.

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા તરફથી આપણા વાચનાલયને ગ્રાન્ટ મળે એ માટે સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને ઘાટકોપર વિભાગના કોર્પોરેટર શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહ સારી જહેમત ઊઠાવે છે. એ માટે એમનો અને બૃહદ્ મુંબઇ મહાનગરપાલિકા તેમજ ભેટ માટે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના ટ્રસ્ટીઓનો અમે આભાર માનીએ છીએ.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

છેલ્લા ૪૮ વર્ષોથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે તા. ૧૫-૮-૧૯૮૨ થી તા. ૨૩-૮-૧૯૮૨ સુધી એમ નવ દિવસ માટે ચોપાટી પરના બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં યોજવામાં આવી હતી. વિશાળ જગ્યા અને પટાંગણ છતાં શ્રોતાઓની ભીડને લક્ષમાં લેતા આ જગ્યા પણ ટૂંકી પડવા સંભવ છે.

**વ્યાખ્યાનમાળાના કાયમી ખર્ચ અંગે ઉદાર સખાવત**

મૂળ રકમ કાયમ રાખી, તેના રોકાણ પર થતી આવકમાંથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ખર્ચ કરવો એવી ભાવનાથી રૂ. ૧,૫૦,૦૦૦.- (રૂ. દોઢ લાખ) જેવી માતબર રકમનું દાન આપવાની ભાવના શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ દર્શાવી, જેનો તા. ૩-૬-૧૯૮૨ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ સાભાર સ્વીકાર કર્યો. શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જયંતીલાલ પી. શાહ અને તેમના બંધુઓએ દાખવેલી ઉદારતા અને મમતા માટે આપણે એમના ઋણી છીએ. આ દાન સંઘને મળે એ માટે પર્યુષણ વ્યાખ્યાનમાળાના અને હવે સંઘના પણ પ્રમુખ ડો. રમણભાઈ ચી. શાહે કરેલા સફળ પ્રયત્નોની અમે અહીં સાભાર નોંધ લઇએ છીએ.

આ વર્ષની વ્યાખ્યાનમાળાનો ખર્ચ રૂા. ૨૦,૧૫૬-૫૦ થયો હતો. ચાલુ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ખર્ચ સ્વ. શ્રી હીંમતલાલ ડાહ્યાભાઈ કોઠારીના સ્મરણાર્થે શ્રી શૈલેષભાઇ કોઠારી તરફથી ભેટ મળ્યો હતો.

વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને તેમના વ્યાખ્યાનના વિષયોની વિગતો આ પ્રમાણે છેઃ

| વ્યાખ્યાતાઓ | વિષય |
|---|---|
| શ્રી શશીકાન્ત મહેતા | જિનભક્તિ |
| પૂ. શ્રી ધર્મશીલાશ્રીજી | મિત્તિમે સવ્વ ભૂએસુ |
| શ્રી અનુપ જલોટા | ભક્તિ-સંગીત |
| શ્રી વસંતભાઈ ઓખાણી | શ્રીમદ્ રાજચંદ્ર |
| પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | આત્મદીપ બનો |
| ડૉ. કાંતિલાલ કાલાણી | સંતો મેરે પ્રેમ ઘટા ઝૂક આઇ |
| પ્રિ. શ્રીમતી ધૈર્યબાળા-બેન વોરા | વિવિધ પ્રચાર માધ્યમો અને સ્ત્રી |
| શ્રી કૃષ્ણકુમાર મહેતા | ગીતામાન્ય જીવનધારા |
| શ્રી કિરણભાઇ | પ્રકાશનો પંથ |
| શ્રી શૈલેષભાઈ મહાદેવિયા | મારી કૈલાસયાત્રા |
| ડૉ. કુમારપાળ દેસાઈ | અહમની ઓળખ |
| ડૉ. નરેન્દ્ર ભાનાવત | જૈન ધર્મ और जीवनमूल्य |
| ડૉ. સુરેશ દલાલ | શ્રી રામકૃષ્ણ પરમહંસ |
| જસ્ટિસ ધર્માધિકારી | भगवान सो गया, इन्सान खो गया |
| પૂ. મા યોગશક્તિ સરસ્વતી | आधुनिक संदर्भ में मानवजीवन समता |
| પ્રો. તારાબેન શાહ | મારી જીવનદૃષ્ટિ |
| શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | ભક્તિ સંગીત |
| શ્રી અરુણકુમાર સેન | સાધકની દૃષ્ટિ |
| પૂ. શ્રી મોરારીબાપુ | પચ્ચક્ખાણ |
| ડૉ. રમણલાલ ચી. શાહ | |

અત્રે એ વાતની નોંધ લેવી રસપ્રદ ગણાશે કે સ્વ. ચીમનભાઈ શાહ પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆતથી આ વર્ષની વ્યાખ્યાનમાળામાં સતત વ્યાખ્યાતા તરીકે પધાર્યા હતા.

**વસંત વ્યાખ્યાનમાળા**

છેલ્લા પંદર વર્ષથી યોજાતી રાષ્ટ્રની આર્થિક અને રાજકીય સમસ્યાઓ તેમજ આંતરરાષ્ટ્રીય પ્રશ્નો અંગેની આ વ્યાખ્યાનમાળા ચાલુ વર્ષે તા. ૪-૪-૧૯૮૩ થી તા. ૭-૪-૧૯૮૩ સુધી એમ ચાર દિવસ માટે સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી અમર જરીવાળાના પ્રમુખપદે તાતા ઓડિટોરિયમ, હોમી મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ-૧ ખાતે યોજાઇ હતી. વ્યાખ્યાનમાળાનો વિષયો હતો: 'ભારતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના સંબંધોનું ભાવિ.'

સંઘના પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહની સ્મૃતિમાં તા. ૧૫-૧૨-૧૯૮૩ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ વસંત વ્યાખ્યાનમાળાને 'ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા' એ રીતે નામ આપવાનો સર્વાનુમતે ઠરાવ કર્યો હતો. તદનુસાર આ વ્યાખ્યાનમાળાના પ્રથમ દિવસે ગુજરાત રાજ્યના એક વખતના મુખ્ય પ્રધાન શ્રી બાબુભાઈ જશભાઇ પટેલે વ્યાખ્યાનમાળાનું નામાભિધાન કર્યું હતું અને આ વર્ષની વ્યાખ્યાન શ્રેણીનું ઉદ્ઘાટન ભારતના એક વખતના વડા પ્રધાન માનનીય શ્રી મોરારજીભાઇ દેસાઇએ કર્યું હતું.

આ વ્યાખ્યાનમાળાના પ્રારંભ પહેલાં કેન્દ્ર અને રાજ્યના સંબંધો અંગે વડા પ્રધાને કરેલી સરકારિયા પંચની નિમણૂક અને દક્ષિણ ભારતના ચાર રાજ્યોના મુખ્ય પ્રધાનોની આ પ્રશ્ને રચાયેલી કાઉન્સીલથી વ્યાખ્યાનમાળાના વિષયને નવું પરિમાણ મળ્યું હતું. અલબત્ત, કેટલાક રાજ્યોની વચગાળાની ચૂંટણી બાદ આપણે જાન્યુઆરીમાં વિષયની પસંદગી કરી હતી. વિષય રસપ્રદ અને તાજેતે અભ્યાસનો હોવાથી તેમ જ વ્યાખ્યાતાઓ આ વિષયને પૂરો ન્યાય આપી શકે એવા જુદા જુદા ક્ષેત્રોના હોવાથી વ્યાખ્યાનમાળા સફળતાપૂર્વક પાર પડી. 'જન્મભૂમિ', 'પ્રવાસી', 'મુંબઈ સમાચાર' 'પ્રતાપ', 'ગુજરાત મિત્ર', 'સંદેશ', 'ગુજરાત સમાચાર' 'સાધના' 'નવરોઝ' 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા', 'ઇન્ડિયન એક્સપ્રેસ' 'ફ્રી પ્રેસ જર્નલ' 'નીરિક્ષક', 'ફૂલછાબ' આદિ વર્તમાનપત્રોએ તેમજ સામયિકોએ આ વ્યાખ્યાનોનો ટૂંકો કે વિગતે સાર આપીને આ પ્રશ્ને લોકોને જાગૃત કર્યા હતા અને લોકોને વિચારવંત કરવાના આપણા ધ્યેયને આ રીતે પુષ્ટિ આપી હતી.

આ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ આ પ્રમાણે હતા:

૧ **શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ** (ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય-પ્રધાન)

૨ **શ્રી અતુલ સેતલવડ** (એડવોકેટ, હાઇકોર્ટ)

૩ **ડૉ. હી. ટી. લાકડાવાળા** (આયોજન પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ)

૪ **શ્રી કુલદીપ નાયર** (અગ્રણી પત્રકાર)

અમને જણાવતા આનંદ થાય છે કે સદ્‌ગત ચીમનલાલ ચકુભાઇ શાહના સપુત્રો શ્રી મનસુખભાઈ અને શ્રી સુધીરભાઇએ આ વ્યાખ્યાનમાળાના ખર્ચ અંગે પ્રતિ વર્ષ રૂા. ૫૦૦૦/- આપવાનું વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસે જાહેર કર્યું હતું. એ માટે અમે એમનો આભાર માનીએ છીએ.

આ વર્ષે વસંત વ્યાખ્યાનમાળાનો ખર્ચ રૂા. ૧૪,૧૪૫-૨૫ થયો છે.

## પ્રેમળ જ્યોતિ

સંઘ સંચાલિત અને ખંભાતનિવાસી શ્રી મહાસુખભાઇ પ્રેરિત આ પ્રવૃત્તિના સંયોજકો તરીકે શ્રીમતી નીરૂબહેન સુબોધભાઇ શાહ અને શ્રીમતી કમલબેન પીસપાટી ખૂબ જ સારી રીતે કામગીરી બજાવી રહ્યા છે. આ પ્રવૃત્તિનો વ્યાપ ઉત્તરોત્તર વધે એ રીતે સૌનો સાથ અને સહકાર મળી રહ્યો છે, એનો અમને આનંદ છે.

પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિ ખાતામાં વર્ષની શરૂઆતમાં એટલે કે તા. ૧-૧-૧૯૮૨ ના રોજ રૂ. ૧૮,૬૭૭-૬૮ જમા હતા. વર્ષ દરમ્યિાન રૂ. ૪૨,૮૬૧-૦૦ આ પ્રવૃત્તિ માટે જુદા જુદા ઉદારચરિત મહાનુભાવો તરફથી ભેટ મળ્યા, અને વર્ષ દરમિયાન રૂ. ૫૮,૨૭૭-૭૭ ની સહાય કરવામાં આવી. તા. ૩૧-૧૨-૧૯૮૨ ના રોજ આ ખાતામાં રૂ. ૩,૫૬૧-૨૧ જમા બાકી રહે છે

વર્ષ દરમિયાન મૂળ રકમ કાયમ રાખી એના વ્યાજમાંથી દત્તક બાળક પ્રવૃત્તિ અંગે રૂ. ૩૩,૦૦૧-૦૦ અને પ્રજ્ઞાચક્ષુ કે શારીરિક દૃષ્ટિએ અપંગ વ્યક્તિઓને પગભર કરવા માટે સ્ટોલ કરાવી આપવા માટે રૂ. ૬,૬૦૦-૦૦ મળ્યા છે. મ્યુનિસીપાલીટીની પરવાનગી મળ્યેથી અને બીજી વિધિ પૂર્ણ થયેથી બન્ને સ્ટોલ યોગ્ય વ્યક્તિને આપવામાં આવશે. સ્ટોલ માટેની રકમ શ્રીમતી મંજુલાબેન ચીમનલાલ જે. શાહ અને શ્રીમતી કાન્તાબેન ચંદુલાલ ગાંધી તરફથી મળી છે.

વર્ષ દરમિયાન એક બહેરા-મૂંગા બહેનને પગભર કરવા માટે જોગેશ્વરી ખાતે સ્ટોલ આપવામાં આવ્યો. આ માટેની રકમ શ્રી ગુણવંતભાઈ અ. શાહ તરફથી મળી હતી. આ સ્ટોલ અર્પણ કરવાની વિધિ અને ઉદ્ઘાટન રવિવાર, તા. ૨૭-૨-૮૩ના રોજ

સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના અધ્યક્ષપદે થયું હતું, જ્યારે અતિથિવિશેષ તરીકે રાષ્ટ્રીય અંધજન સંગઠન (National Association for the Blind)ના પ્રમુખ શ્રી વિજય મરચન્ટ હતા. આ સંસ્થાના સહયોગથી આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે એનો અમને આનંદ છે.

તદ્‌પરાંત નેશનલ એસોસીએશન ફૉર ધ બ્લાઇન્ડ, વરલી ખાતેના, કમીની કૅપ્ટન હૉલમાં રવિવાર, તા. ૫-૬-૧૯૮૨ના રોજ ત્રણ અપંગ બહેનોને પ્લાસ્ટીકસની બેગોને સીલીંગ કરવાના મશીનો આપવાનો અને એ રીતે પગભર કરવા માટેનો એક સમારંભ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. અતિથિવિશેષ તરીકે નેત્રના સેક્રેટરી જનરલ કૅપ્ટન દેસાઇ તથા શ્રી સી. એન. સંઘવી પધાર્યા હતા. એક મશીનની કીંમત રૂા. ૩,૩૦૦/ થઈ છે. આ મશીનો માટે શ્રી રાજીવ સી. સંઘવી, શ્રીમતી હંસાબેન સી. સંઘવી અને શ્રી શૈલેષભાઇ કોઠારી તરફથી આર્થિક સહયોગ સાંપડયો હતો.

તા. ૧-૧-૧૯૮૩ થી આજ સુધીમાં એટલે કે. તા.૨૨-૬-૧૯૮૩ સુધીમાં પ્રેમળ જ્યોતિ માટે રૂા.૩,૧૬૩ ૦૦ની ભેટ મળી છે, જ્યારે આ પ્રવૃત્તિ માટે રૂા. ૨૪,૪૬૭-૩૦ની સહાય આપવામાં આવી છે. તદ્‌પરાંત એક સ્ટોલ માટે રૂા. ૩,૬૦૦-૦૦ નેશનલ એસોસીએશન ફૉર ધ બ્લાઇન્ડને આપવામાં આવ્યા છે. આ સ્ટોલનું ઉદ્‌ઘાટન ટૂંક સમયમાં રાખવામાં આવશે. આ સમય દરમિયાન શ્રી સી. કે. શાહ ચેરિટી ટ્રસ્ટ અને શ્રી કે. પી. શાહ-એમ બન્ને તરફથી રૂા. ૩,૫૦૦ લેખે કુલ બે સ્ટોલ માટે રૂા. ૭.૦૦૦ મળ્યા છે. એ જ રીતે મૂળ રકમ કાયમ રાખી એના વ્યાજમાંથી દૃષ્ટિક બાળક પ્રવૃત્તિ માટે શ્રી રંભાબેન રવિલાલ શાહ અને શ્રી અમૃતબેન ગાંડાલાલ શાહ તરફથી રૂા. ૫,૦૦૦ લેખે કુલ રૂા. ૧૦,૦૦૦ મળ્યા છે. આ રકમ અનામત તરીકે રહેશે.

પ્રેમળ જ્યોત પ્રવૃત્તિનો વ્યાપ વધી રહ્યો છે અને આરોગ્ય કેળવણી અને માનવસેવાના ક્ષેત્રે ઉત્તરોત્તર વધુ ને વધુ રકમની આર્થિક સહાય, પ્રેમળ જ્યોતિની બહેનોની જાતદેખરેખ અને અંગત મહાકાતના આધારે આપવામાં આવે છે. આ માટે ઉદારચરિત મહાનુભાવોનું અર્થસિંચન કરવા તરફ અમે ધ્યાન દોરવાની રજા લઇએ છીએ.

વર્ષ દરમિયાન અંકિત હેતુઓ માટે કે પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ અંગે મળેલાં સહકાર માટે અમે દાતાઓનો આભાર માનીએ છીએ. આ પ્રવૃત્તિના સંયોજકો શ્રીમતી નીરૂબેન સુબોધભાઇ શાહ અને શ્રીમતી કમલાબેન પીચપાટીની જાગૃત કામગીરી માટે અમે એમને ધન્યવાદ આપીએ છીએ.

'પ્રેમળ જ્યોતિ' અનામત ખાતે તા. ૧-૭-૧૯૮૨ ના રોજ રૂ. ૧,૨૭,૦૦૦/- જમા હતા. તેમાં કશો ઉમેરો થયેલ નથી. વર્ષ આખરે પણ એટલી જ રકમ જમા રહે છે.

### એકયુપ્રેશરના વર્ગો

'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે એકયુપ્રેશરથી શારીરિક રોગોની સારવાર આપવા માટે તાલીમ વર્ગો ગત વર્ષે શરૂ કરવામાં આવ્યા હતા. તેમાં પ્રથમ બેચમાં ૭૦ ભાઇ-બહેનો તાલીમાર્થી તરીકે જોડાયા હતા. બીજી બેચના પ્રથમ વર્ગમાં ૫૦ અને બીજામાં ૪૦ ભાઇ-બહેનોએ તાલીમ લીધી હતી. પ્રથમ બેચના તાલીમાર્થીઓની પરીક્ષા લેવાતા મોટી સંખ્યામાં ભાઇ-બહેનો સારા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા હતા. બીજી બેચના પ્રથમ વર્ગનો પૂર્ણાહૂતિ સમારંભ તા. ૧૭-૫-૧૯૮૩ અને બીજાનો તા. ૨૪-૫-૧૯૮૩ ના રોજ રાખવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિના મુખ્ય સંચાલક શ્રી ચીમનભાઈ દવેએ સતત એક વર્ષ સુધી માનાર્હ સેવા આપી. તેમને અભિનંદન આપતાં અમને આનંદ થાય છે.

### પ્રજ્ઞાચક્ષુઓ દ્વારા બનેલી હસ્તકલા – કારીગરીની ચીજોનું પ્રદર્શન

શ્રી નેબ કાકા પાટીલ સેન્ટર ફૉર ધ બ્લાઇન્ડ, અંધેરીની સંસ્થાને સીલીંગ મશીન, કબાટ, લોકર્સ આદિ કેટલાંક સાધનોની જરૂરિયાત હતી. 'ચેતન' સામયિકના તંત્રીશ્રી પ્રતાપરાય પી. વ્યાસે એની વિગતે માહિતી મેળવીને આપણું આ બાબત ધ્યાન દોર્યું હતું. સંસ્થાની જરૂરિયાત અંગેની યાદી, એ ચીજો બનાવતી કંપનીઓના ભરતીયા સાથે એ સંસ્થાનો આપણને પત્ર મળતાં રૂ. ૬,૭૧૨-૬૦ મંજૂર કરવામાં આવ્યા. એ રકમનો ચેક આપતા પરસ્પર પરિચય થાય એ હેતુથી સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સીમિત આકારનું મિલન ગોઠવાયું, ત્યારે આ સંસ્થાના પ્રજ્ઞાચક્ષુઓએ બનાવેલી હસ્તકલા – કારીગીરીની કેટલીક ચીજોના નમૂનાઓ પ્રદર્શિત કર્યાં હતાં. આવી ચીજોનાં ઉત્પાદનથી આવા કલાકારો સ્વાવલંબી તો બને જ છે, પરંતુ એવી ઉત્પાદનની ચીજોનું એક પ્રદર્શન ગોઠવાય તો જાહેર જનતાને પણ એ બાબતનો સારી રીતે ખ્યાલ આવી શકે. એટલે 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે તા. ૩૦-૬-૧૯૮૩ અને તા. ૧ અને ૨, ઑકટોબર, ૧૯૮૩ના રોજ એક પ્રદર્શનનું આયોજન વનિતા વિશ્રામ હૉલ ખાતે કરવામાં આવ્યું છે. સૌને આ પ્રદર્શનનો લાભ લેવા અને એવી જરૂરિયાતની ચીજોની ખરીદી દ્વારા આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા વિનંતી છે.

### હાડકાના દર્દીઓની સારવાર માટેનું કેન્દ્ર

સ્લીપ ડીસ્ક, મણકાની તકલીફ, હાડકાની તકલીફ, ગૂંઠણનો દોષો, પગની ઓડી અને કોણીમાં દુઃખાવો, બ્રભાનું જામ થઈ જવું કે વારંવાર ઉતરી જવું, બોન ટી. બી., શરૂઆતનો પોલીયો, ઓસ્ટીઓપોરોસીસ આદિ રોગોની વિનામૂલ્યે સારવાર માટેનું કેન્દ્ર 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. વિખ્યાત ડૉ. મઢીવાળાના શિષ્ય ડૉ. જે. પી. પીઠાવાળા આ કેન્દ્ર માટે માનાર્હ સેવા આપશે. એ અંગેની વિગતો નક્કી થયેથી હવે પછી જણાવવામાં આવશે. ડૉ. જે. પી. પીઠાવાળા આ રીતે શ્રી મોટુંગા ગુજરાતી સેવા મંડળના ઉપક્રમે માનાર્હ સેવા આપે છે.

### શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ

આ ટ્રસ્ટમાં વર્ષની શરૂઆતમાં રૂ. ૪૪,૨૫૬-૭૮ ની પુરાંત હતી. વર્ષ દરમિયાન વ્યાજના રૂ. ૨,૫૩૬-૦૦ ઉમેરતાં વર્ષ આખરે રૂ. ૪૭,૭૯૫-૭૮ બાકી દેવા રહે છે.

### વિદ્યાસત્ર

સંઘ સંચાલિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનું તા. ૧૦, ૧૧ અને ૧૨, જાન્યુઆરી, ૧૯૮૩ના રોજ તાતા ઑડિટોરિયમ, હોમી મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ખાતે ડૉ. સુરેશ દલાલના અધ્યક્ષપદે આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાતા તરીકે ડૉ. ભોળાભાઇ પટેલ પધાર્યા હતા. એમનો વિષય હતો : કવિતા અને ધર્મ સંવેદના. આ મુખ્ય વિષયના અંતર્ગત વિષય તરીકે એમણે (૧) કબીર અને મીરાં (૨) રવીન્દ્રનાથ અને રીલ્કે અને (૩) ઉમાશંકર અને સુંદરમની કવિતામાં ધર્મસંવેદનાની અભિવ્યક્તિની વિશદ અને રસપ્રદ છણાવટ કરી હતી. વ્યાખ્યાતા અને અધ્યક્ષશ્રીના અમે આભારી છીએ.

### અભ્યાસ વર્તુળ

સંઘની આ પ્રવૃત્તિ શ્રી સુબોધભાઇ એમ. શાહની રાહબરી

હેઠળ સારી રીતે ચાલી રહી છે. વર્ષ દરમિયાન અભ્યાસ વર્તુળના ઉપક્રમે યોજાયેલાં પ્રવચનો અને વ્યાખ્યાતાની વિગતો આ પ્રમાણે છે :

| દિવસ | વિષય | વ્યાખ્યાતા |
|---|---|---|
| તા. ૧૦-૬-૮૨ | ગાંધી દૃષ્ટિએ અશાંતિના મૂળ | શ્રી નારાયણ દેસાઈ |
| તા. ૧૧-૬-૮૨ | પશ્ચિમમાં શાંતિ આંદોલનનો છેલ્લો તબક્કો | શ્રી નારાયણ દેસાઈ |
| તા. ૧૨-૬-૮૨ | વિશ્વનાં કેટલાંક અસામાન્ય ગાંધીજનો | શ્રી નારાયણ દેસાઈ |
| તા. ૩૦-૬-૮૨ | કૈલાસ-માનસરોવર દર્શન (સ્લાઇડઝ) | શ્રી શૈલેષભાઇ મહાદેવીયા |
| તા. ૭-૧૦-૮૨ | અરવિંદનું જીવન દર્શન | પ્રા. અશ્વિનભાઇ કાપડિયા |
| તા. ૮-૧૦-૮૨ | ,, ,, | ,, ,, |
| તા. ૯-૧૦-૮૨ | ,, ,, | ,, ,, |
| તા. ૧૮-૧૨-૮૨ | આંખની સંભાળ | શ્રી ચંદ્રકાન્ત શાહ |
| તા. ૨૦-૧૨-૮૨ | લીવીંગ ફુડ | ડૉ. વીગમોર |
| તા. ૨૩-૧૨-૮૨ | કુંવરબાઇનું મામેરું | શ્રી અજિત પોપટ |
| તા. ૧૫-૧-૮૩ | દાંતની સંભાળ | ડૉ. પી. એન. ભણશાળી |
| તા. ૨૧-૧-૮૩ | સ્ટીલ કોલર કામદાર (યંત્ર માનવ) | ડૉ. રામુ પંડિત |
| તા. ૫-૨-૮૩ | કન્ઝયુમર્સ ગાઇડન્સ પ્રવૃત્તિ | શ્રી મનુભાઈ શાહ |
| તા. ૬-૩-૮૩ | શાંત રસ | શ્રી ડાહ્યાભાઇ કકલભાઈ શાહ |
| તા. ૭-૪-૮૩ | વાંસદાના આદિવાસીઓ | શ્રી શૈલેષભાઇ મહાદેવીયા |
| તા. ૧૩-૬-૮૩ | હિંસાના પ્રતીકારનું નવું દર્શન | ડૉ. યશવંત ત્રિવેદી |

અભ્યાસ વર્તુળના સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહ અને વ્યાખ્યાતાઓનો અમે આભાર માનીએ છીએ.

### પરમાનંદ કાપડિયા સભાગૃહ

સંઘના નિયમ પ્રમાણે સભાગૃહ ભાડેથી આપવામાં આવે છે. સભાગૃહનું ભાડું રૂા. ૫૬-૦૦ લેવામાં આવતું હતું. એપ્રિલ માસથી સભાગૃહનું ભાડું રૂા. ૧૦૭ લેવાનું ઠરાવવામાં આવ્યું છે. સગપણ માટે ભાડે આપવું નહિ એવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. વર્ષ દરમિયાન સભાગૃહના ભાડાની આવક રૂા. ૨,૭૭૫-૦૦ થઇ, જેમાંથી ખર્ચના રૂા. ૪૫૦-૦૦ બાદ કરતાં રૂા. ૨,૩૨૫-૦૦ની ચોકખી આવક થઈ.

### નવી પ્રવૃત્તિઓ હાથ ધરવા ઉપસમિતિ

સંઘના ઉપક્રમે નવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનું સૂચન શ્રી અમર જરીવાલાએ કરતાં નવી પ્રવૃત્તિઓના આયોજન અંગે તા. ૧૦-૭-૧૯૮૨ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ (૧) ડૉ. રમણલાલ ચી. શાહ (૨) શ્રી અમર જરીવાલા (૩) શ્રી ગણપતભાઇ મ. ઝવેરી (૪) શ્રી પન્નાલાલ કે. છેડા અને (૫) શ્રી પન્નાલાલ ૨. શાહ (સંયોજક) એમ પાંચ સભ્યોની ઉપસમિતિની નિમણૂક કરી હતી.

ઉપસમિતિનો અહેવાલ અને કાર્યવાહક સમિતિના નિર્ણય અનુસાર નીચે મુજબ પ્રવૃત્તિઓ હાથ ધરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

(૧) જુદી જુદી સંસ્થાઓ તરફથી અખીલ ભારતીય સ્તરે કે પ્રાદેશિક સ્તરે યોજાતા મહત્ત્વના અને ઉપયોગી પરિસંવાદ, કોન્ફરન્સ કે અન્ય કાર્યક્રમોમાં ભાગ લેવા માટે સંઘના બે પ્રતિનિધિઓને મોકલવા. પ્રતિનિધિઓને મોકલવાનો નિર્ણય વખતોવખત કાર્યવાહક સમિતિ કરશે. પ્રતિનિધિ તરીકે જનાર વ્યક્તિનો પ્રવાસ ખર્ચ સંઘ ભોગવશે.

(૨) જૈન ધર્મ અંગે પરિચયાત્મક પુસ્તિકા શ્રેણીના પ્રકાશનની પ્રવૃત્તિ શરૂ કરવી. આ પ્રવૃત્તિની જવાબદારી સંભાળે એવી યોગ્ય વ્યક્તિ મળે ત્યારે એ પ્રવૃત્તિ હાથ ધરવી.

(૩) વર્ષમાં એકાદવાર મુંબઇ બહાર જ્ઞાન શિબિર યોજવી.

(૪) પર્યુષણના દિવસો સિવાય મુંબઇ બહારના સ્થળે સ્થાનિક કક્ષાએ સ્થાનિક સંસ્થા વ્યાખ્યાન સત્ર યોજે તો તેવી પ્રવૃત્તિને સંઘે આર્થિક સહકાર આપવો અને તેવી પ્રવૃત્તિને વિકસાવવા પણ શકય અટલા સહકાર આપવો.

ઉપસમિતિની ભલામણ અને ત્યારબાદ આવેલ સૂચનો અનુસાર હાથ ધરાયલી નવી પ્રવૃત્તિઓની હવે વિગતો જાણીએ.

## હાથ ધરાયેલી નવી પ્રવૃત્તિઓ

### (૧) જ્ઞાન શિબિર

નવી પ્રવૃત્તિઓ હાથ ધરવા અંગે નિર્ણય થયા મુજબ સંઘના ઉપક્રમે 'પંચ મહાવ્રત' એ વિષય પર તા. ૧૧, ૧૨ અને ૧૩ મી માર્ચ, ૧૯૮૩ના રોજ દેવલાલી (જિ. નાસિક) ખાતે જ્ઞાન શિબિર યોજવાનું નક્કી થયું હતું. વ્યાખ્યાતાઓના અને અન્ય સંજોગોની પ્રતિકૂળતાના કારણે જ્ઞાન શિબિર મુલતવી રાખવામાં આવી હતી. હવે આગામી સપ્ટેમ્બર માસમાં દેવલાલી ખાતે જ્ઞાન શિબિર યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જ્ઞાન શિબિરના સંયોજકો તરીકે ડૉ. ધનવંત ટી. શાહ અને શ્રી પન્નાલાલ ૨. શાહની નિમણૂક કરવામાં આવી છે.

### (૨) શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ

સંઘના પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહની સ્મૃતિમાં નિધિ સંચય કરવાનો તા. ૧૫-૧૨-૧૯૮૩ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, પુસ્તક પ્રકાશન, કેળવણી, તબાળા સેવા અને માનવ સેવા આદિ વિવિધ પ્રવૃત્તિઓમાં સ્વ. ચીમનભાઇને જીવંત રસ હતો. એમની અભિરુચિ પ્રમાણના આવા બધા પ્રવૃત્તિઓ આ સ્મારક નિધિના મૂળ રકમ કાયમ રાખી, એનો આવકમાંથી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કાર્યવાહક સમિતિના સભ્યોમાંથી રૂા. ૫૦,૦૦૦ જેટલી માતબર રકમ નોંધાઇ ગઇ. સંઘના પટ્રના, આજીવન સભ્યો, વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને સ્વ. ચીમનભાઇના ચાહકો તરફથી ઉમદા ખૂબ જ પ્રમાણ સહકાર મળ્યો છે. અત્યાર સુધીમાં આ સ્મારક નિધિમાં રૂા. ૩,૪૩,૨૮૨ મળ્યા છે, જેની વિગતો 'પ્રબુદ્ધ જીવન'માં વખતોવખત પ્રગટ કરવામાં આવી હતી. સ્મારક નિધિ માટે નિમણૂક કરવામાં આવેલી ઉપસમિતિમાં (૧) શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી (૨) શ્રી પ્રવીણભાઈ કે. શાહ (૩) શ્રી રાસકલાલ લહેરચંદ શાહ (૪) શ્રી અ. જે. શાહ (૫) શ્રી પન્નાલાલ ૨. શાહ અને (૬) શ્રી કે. પી. શાહ (સંયોજક) નો સમાવેશ કરવામાં આવ્યો હતો, સર્વે દાતાઓનો અમે આ તકે આભાર માનીએ છીએ.

### (૩) સ્વ. ચીમનભાઇના લેખોનું પુસ્તક રૂપે પ્રકાશન

સ્વ. ચીમનભાઇના પુસ્તક 'અવગાહન'માં 'પ્રબુદ્ધ જીવન'માં માર્ચ, ૧૯૭૭ સુધીમાં પ્રગટ થયેલા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલાં લેખોનું એક પુસ્તક પ્રગટ કરવાનો તા. ૩૦-૫-૧૯૮૩ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો છે. આ પુસ્તકનું સંપાદન ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી પન્નાલાલ ૨. શાહ અને શ્રી ગુલાબ દેઢિયા કરશે. આ પુસ્તકનું પ્રકાશન સંભવતઃ આગામી નવેમ્બર માસમાં થશે.

### (૪) પત્રકારત્વ અંગે પરિસંવાદ

સંઘના ઉપક્રમે પ્રતિવર્ષ એક પરિસંવાદનું આયોજન કરવાનું શ્રી અમરભાઇ જરીવાલાએ સૂચન કરતાં (૧) શ્રી અમર જરીવાલા (૨) શ્રી સુબોધભાઇ એમ. શાહ (૩) શ્રી ગુણપતભાઇ એમ. ઝવેરી (૪) ડૉ. ધનવંત ટી. શાહ (સંયોજક) અને (૫) શ્રી પન્નાલાલ ૨. શાહ (સંયોજક) એમ પાંચ સભ્યોની ઉપસમિતિની નિમણુક કરવામાં આવી હતી.

ઉપસમિતિના અહેવાલ અને તા. ૩૦-૫-૧૯૮૩ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભાની બહાલી અનુસાર શુક્રવાર, શનિવાર અને રવિવાર, તા. ૩૦-૯-૧૯૮૩ અને તા. ૧ અને ૨, ઓક્ટોબર, ૧૯૮૩ના રોજ શ્રી ભારતીય વિદ્યા ભવનના (ચોપાટી, મુંબઇ ૪૦૦ ૦૦૭) સભાગૃહમાં આ વર્ષે પત્રકારત્વ અંગે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. શુક્રવાર, તા. ૩૦-૯-૧૯૮૩ ના રોજ સાંજના ૬-૦ કલાકે પરિસંવાદનું ઉદ્‌ઘાટન; શનિવાર તા. ૧-૧૦-૧૯૮૩ ના રોજ સવારના ૯-૩૦ કલાકે 'પત્રકારત્વ, સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યો' એ વિષે પ્રથમ બેઠક; એ જ દિવસે બપોરના ૩-૦ કલાકે "પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ: આઝાદી પહેલાનું અને આઝાદી પછીનું" એ વિશે દ્વિતીય બેઠક અને રવિવાર, તા. ૨-૧૦-૧૯૮૩ના રોજ સવારના ૯-૩૦ કલાકે 'શું પત્રકાર સ્વતંત્ર છે?' એ વિષે તૃતીય બેઠક અને સમાપન એ રીતે આયોજન કરવામાં આવ્યું છે. વ્યાખ્યાતાઓ આદિ વિગતો હવે પછી નક્કી થશે. સમગ્ર પરિસંવાદના પ્રમુખ-સ્થાને સંઘના અધ્યક્ષ ડૉ. રમણલાલ ચી. શાહ બિરાજશે.

### (૫) કેસેટ લાયબ્રેરી

પુસ્તકાલય અને વાચનાલય એ સંઘની મહત્ત્વની પ્રવૃત્તિ છે. એમાં યુગાનુસાર થતાં વિકાસ અને જરૂરિયાત મુજબ એ પ્રવૃત્તિને વિસ્તારવી જોઇએ. આ બાબતને લક્ષમાં રાખી સંઘના ઉપક્રમે કેસેટ લાયબ્રેરી શરુ કરવાનો તા. ૩-૯-૧૯૮૨ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો હતો. તદનુસાર જીવનને ઉન્નત બનાવે એવા પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રવચનો ઉપરાંત પૂ. મુરારિબાપુની રામાયણની, શ્રી ઇન્દુબેન ઘાનક અને અન્ય કલાકારોના ભક્તિ સંગીતની કેસેટો વસાવવામાં આવી છે. ડિપોઝીટ રૂા. ૫૦ અને રોજના રૂા. ૧ લેખે નિભાવ ખર્ચ લેવામાં આવે છે. સૌને આ કેસેટ લાયબ્રેરીનો લાભ લેવા વિનંતી છે.

### (૬) મહાવીર જયંતી :

સંઘના ઉપક્રમે પ્રથમવાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતી નિમિત્તે રવિવાર, તા. ૨૪-૪-૧૯૮૩ ના રોજ સવારના ૮-૩૦ કલાકે બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦ ૦૦૭ ખાતે (જન્મ જયંતીના આગળના દિવસે રવિવાર હોવાથી એ દિવસે આયોજન કરવામાં આવ્યું હતું. શ્રમણ ભગવાન મહાવીરની જન્મ જયંતી સોમવાર, તા. ૨૫-૪-૧૯૮૩ ના હતી.) એક દિવસની વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેની વિગત નીચે મુજબ છે:

| વ્યાખ્યાતા | વિષય |
|---|---|
| ૧. પ્રા. તારાબેન શાહ | ભગવાન મહાવીરનો સંદેશ |
| ૨. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | આત્મશોધક પ્રભુ મહાવીર |
| ૩. પૂ. મહાસતીશ્રી પ્રીતિસુધા-શ્રીજી | ભગવન મહાવીર: વર્તમાન સંદર્ભમાં |
| ૪. શ્રી બંસીભાઇ ખંભાતવાળા | ભક્તિ સંગીત |

### (૭) સર્વોદય સંમેલન, થામણા

અખિલ ભારતીય ધોરણે કે પ્રાદેશિક સ્તરે યોજાતા મહત્ત્વના પરિસંવાદ, કોન્ફરન્સ, અધિવેશન કે સંમેલનમાં સંઘના બે પ્રતિનિધિઓને મોકલવાનો નિર્ણય વખતોવખત સંઘની કારોબારી સમિતિ કરે છે. થામણા ખાતે તા. ૨૮ અને ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૨ના રોજ સર્વોદય સંમેલનનું આયોજન થયું હતું. સંઘના પ્રતિનિધિ તરીકે કાર્યાલયમંત્રી શ્રી શાંતિલાલ ટી. શેઠને મોકલવામાં આવ્યા હતા. આ સંમેલનનો અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૧૧-૧૯૮૨ના અંકમાં આપવામાં આવ્યો હતો.

### (૮) રાહત કાર્યો

કુદરતી કે માનવસર્જિત હોનારત કે આફતના સમયે માનવતાના દૃષ્ટિકોણથી યથાશક્ય પ્રયત્નો દ્વારા માનવીને બેઠાં કરવા એ આપણી પરંપરા છે. તદનુસાર ગુજરાત-સૌરાષ્ટ્રમાં ગત દીવાળીના તહેવારો દરમિયાન વાવાઝોડાથી થયેલી હોનારતમાં સપડાયેલાં અને હતાશ થયેલાં આપણા બંધુઓને બેઠાં કરવા સૌ કોઇએ કદમ ઉપાડ્યા. એ પ્રમાણે સંઘે પણ આવો પ્રયત્ન કર્યો હતો. આપણી ટહેલના પ્રત્યુત્તરમાં ગુજરાત-સૌરાષ્ટ્ર વાવાઝોડા રાહત નિધિમાં રૂ. ૧૯,૫૩૧-૦૦ મળ્યા. તે ઉપરાંત રૂ. ૧૭,૯૩૧-૦૦ ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને રાહત કાર્ય માટે આપવામાં આવ્યા. સણોસરાની શૈક્ષણિક સંસ્થા લોકભારતીને થયેલાં નુકસાન માટે રૂ. ૨,૫૦૦-૦૦ એ સંસ્થાના ટ્રસ્ટી અને ગુજ.તી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી મનુભાઇ પંચોળીએ (શ્રી ઇશ્વર પેટલીકર, શ્રી રઘુવીર ચૌધરી, ડૉ. કુમારપાળ દેસાઇ આદિ સાથે) સંઘની મુલાકાત લીધી ત્યારે આપવામાં આવ્યા હતા.

એ જ રીતે આસામ રાજ્યની વિધાન સભાની ચૂંટણી દરમિયાન હિંસક આંદોલનનો ભોગ બનેલાંઓનો પુનર્વસવાટ ન થાય ત્યાં સુધી આસામમાં ઠેર ઠેર છાવણીઓ ઊભી કરવામાં આવી હતી અને જાત દેખરેખ હેઠળ રાહતનું કાર્ય આસામ રાહત સમિતિએ હાથ ધર્યું હતું. ગુજરાત રાજ્યના એક વખતના મુખ્ય મંત્રીશ્રી બાબુભાઇ જશભાઇ પટેલ આસામની મુલાકાત લઇ, સંઘ તરફથી યોજાએલ વસંત વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે આવ્યા ત્યારે તેમણે ત્યાંની પરિસ્થિતિનો 'આંખે દેખ્યો અહેવાલ' આપ્યો હતો. આ રાહત કાર્ય માટે પોતે આસામમાં રહેવાના હતા અને રાહત કાર્ય માટે જરૂરી રકમની એમણે જાહેર ટહેલ નાંખી. આ પ્રસંગે સંઘ તરફથી રૂા. ૧૦,૦૦૦ નો બેન્ક ડ્રાફ્ટ આસામ રાહત સમિતિને આપવા માટે શ્રી બાબુભાઇ જશભાઇ પટેલને આપવામાં આવ્યો હતો. કહેવાની ભાગ્યે જ જરૂર હશે કે આ બન્ને રાહત કાર્યો માટેની મોટા ભાગની રકમ સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો અને અંતરંગ વર્તુળમાંથી જ સંઘને પ્રાપ્ત થઇ હતી. અમે આ તકે સૌ દાતાઓનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

### (૯) ગ્રંથ પરિચય પ્રવૃત્તિ

જુદી જુદી ભાષામાં અને આપણી માતૃભાષામાં પણ ઉમદા પુસ્તક બહાર પડે તો પણ કેટલીક વખત એની જાણ આપણને થતી નથી. આવી માહિતી અવારનવાર મળતી રહે અને એવા પુસ્તકોનો વિગતે પરિચય થાય એ માટે અભ્યાસ વર્તુળના ઉપક્રમે 'ગ્રંથ પરિચય'ની પ્રવૃત્તિ શરુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જિજ્ઞાસુઓની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય અને ઉત્તમ પુસ્તકો વસાવવા સભ્યોને માર્ગદર્શન મળી રહે એ આ પ્રવૃત્તિનો હેતુ છે. એમાંથી 'પુસ્તક બેન્કની' પ્રવૃત્તિ પણ વિકસી શકે. 'અભ્યાસ વર્તુળ'ના સંયોજક શ્રી સુબોધભાઇને આ કાર્યમાં શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ અને શ્રી પન્નાલાલ

કે. છેડા ઉપયોગી થઇ શકે એ દૃષ્ટિએ એમનો આ સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**(૧૦) નંદગાંવની મુલાકાત**

સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળાના કાયમી આયોજન માટે રૂ.. ૧,૫૦,૦૦૦ ની સખાવત આપનાર શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જયંતીલાલ પી. શાહ અને એમના ભાઇઓએ અમદાવાદ હાઇ-વે પર મનોર નજીક નંદગાંવ દત્તક લીધું છે. રોટરી ઇન્ટરનેશનલના ઉપક્રમે આ ગામને દત્તક લઇ બધી પ્રવૃત્તિઓ તેઓ સૌ ચલાવે છે. એની મુલાકાત લેવા સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોને (પત્ની સહિત) નિમંત્રણ આપ્યું. મુંબઇથી જવા-આવવાની તમામ વ્યવસ્થા અને આતિથ્ય વગેરે સઘળી જવાબદારી એમણે વહન કરી હતી. આ રીતે તા. ૨૦-૨-૧૯૮૩ના રોજ રવિવારે સીમિત આકારનું પર્યટન ગોઠવાયું. એનો યશ શ્રી જયંતીભાઈ અને તેમના બંધુઓને ઘટે છે. એ સૌનો અમે આભાર માનીએ છીએ.

**(૧૧) મુંબઇમાં વસતા શ્રેષ્ઠ ગુજરાતીઓનું સન્માન**

મુંબઇમાં વસતા જુદા જુદા ક્ષેત્રોના શ્રેષ્ઠ ગુજરાતીઓનું, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના, સન્માન કરવાનું સૂચન શ્રી અમર જરીવાલાએ કર્યું હતું. એ અંગેની યોજનાનો અહેવાલ તૈયાર કરવા માટે (૧) શ્રી ટોકરશી કે. શાહ (૨) શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ (૩) શ્રી અમર જરીવાલા (૪) ડૉ. ધનવંત ટી. શાહ (૫) શ્રી પન્નાલાલ ૨. શાહ અને (૬) પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ (સંયોજક) એમ છ સભ્યોની ઉપસમિતિની નિમણૂક કરવામાં આવી હતી. ઉપસમિતિ અને કાર્યવાહક સમિતિના નિર્ણય અનુસાર નીચે મુજબ આયોજન કરવામાં આવ્યું છે :

(૧) આ વર્ષે ઉદ્યોગ, માનવસેવા, તબીબી, સાહિત્ય, ચલચિત્ર અને કેળવણી-પત્રકારત્વ-આ ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી બજાવનાર ગુજરાતી-ભાષીનું શ્રેષ્ઠ ગુજરાતી તરીકે સન્માન કરવામાં આવશે.

(૨) વયમર્યાદા : સીનિયર વ્યક્તિઓનું જ સન્માન કરવું.

(૩) શ્રેષ્ઠ ગુજરાતી તરીકે પસંદગી પામનાર વ્યક્તિને શાલ અને ચાંદીનું કાસ્કેટ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(૪) શ્રેષ્ઠ ગુજરાતીઓની પસંદગી અંગે નવ સભ્યોની નિર્ણાયક સમિતિ રહેશે, જેમાં ચાર સભ્યો સંઘના રહેશે. બાકીના પાંચ સભ્યો વિવિધ ક્ષેત્રોના અનુભવી નિષ્ણાતો રહેશે.

(૫) આ અંગેનો સમારંભ નવેમ્બર-ડિસેમ્બરમાં રાખવો અને આ અંગેની સઘળી કાર્યવાહી કરવા માટે ઉપસમિતિને સત્તા આપવામાં આવી.

(૬) આ સમારંભ અંગે રૂા. ૧૫,૦૦૦/- સુધીનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો.

**સંઘની કાર્યવાહી**

વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ૧૦ સભાઓ મળી હતી. વર્ષ દરમિયાન રૂ. ૧,૪૧,૩૬૮-૭૪ ની આવક થઇ અને રૂ. ૬૫,૪૩૧-૫૯નો ખર્ચ થયો. વર્ષ દરમિયાન રૂ.૨,૩૫,૦૦૦-નું નવું રોકાણ, ચેરિટી કમીશ્નરની પરવાનગીથી, સરકારી કંપનીઓમાં ફીકસ્ડ ડિપોઝીટમાં ૧૪ ૧/૨%ના દરથી કરવામાં આવ્યું. સંઘના ખર્ચ કરતાં આવકના વધારાના રૂ. ૭૫,૯૩૭-૧૫ માંથી 'પ્રબુદ્ધ જીવન'ના આવક કરતાં થયેલા વધારે ખર્ચના રૂ. ૬૨,૨૦૧-૩૫ બાદ કરતાં રૂ. ૧૩,૭૩૫-૮૦નો વધારો જનરલ ફંડ ખાતે લઇ ગયા.

રિઝર્વ ફંડ ખાતે વર્ષના પ્રારંભમાં રૂા. ૮,૯૩,૫૩૬-૧૮ જમા હતા. તેમાં વર્ષ દરમિયાન આજીવન સભ્યોના લવાજમના રૂા. ૧૫,૨૪૪-૦૦ ઉમેરતા વર્ષ આખરે રૂા. ૯,૦૮,૭૮૦-૧૮ જમા રહે છે.

વર્ષ દરમિયાન સંઘને રૂા. ૬,૪૬-૦૦ અને પર્યુષણ વ્યાખ્યાનમાળાને રૂા. ૨,૨૫૪-૦૦ (નેટ : વ્યાખ્યાનમાળાનો ખર્ચ બાદ જતાં) ભેટ મળ્યા. આ રીતે વર્ષ દરમિયાન કુલ ભેટ રૂા. ૮,૬૮૦-૦૦ મળ્યા.

કાર્યવાહક સમિતિના દરેક સભ્યોનો પ્રેમાળ સહકાર મળતો રહ્યો છે. સભ્યો પણ વિશેષ સક્રિય થયા છે અને સંઘના પ્રમુખ સ્વ. ચીમનભાઇના અવસાન બાદ ડૉ. રમણભાઇએ સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે જવાબદારી સંતોષકારક રીતે સંભાળી લીધી છે. એનો અમને આનંદ છે. સૌના સહકારથી વિકાસયાત્રાના નવા સોપાન સર થઇ રહ્યા છે.

કારોબારી સમિતિએ મંજૂર કર્યો. **ચીમનલાલ જે. શાહ**
તા. ૩૦-૫-૧૯૮૩ **કે. પી. શાહ** મંત્રીઓ.
વાર્ષિક સામાન્ય સભાએ મંજૂર કર્યો. **પન્નાલાલ ૨. શાહ**
તા. ૨૨-૬-૧૯૮૩ સહાયક મંત્રી

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## પદાધિકારીઓ અને કારોબારી સમિતિ : ૧૯૮૩-૮૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા, બુધવાર, તા. ૨૨-૬-૮૩ ના રોજ સાંજના ૬-૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી, જેમાં સંઘના અન્વેષિત હિસાબો, સરવૈયું અને નવા વર્ષના અંદાજપત્રો રજૂ થયા. તે મંજૂર રહ્યા બાદ પદાધિકારીઓ અને કારોબારીના ૧૫ સભ્યોની ચૂંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### પદાધિકારીઓ

નીચે જણાવેલ સભ્યોને નવા વર્ષ માટે પદાધિકારીઓ તરીકે બિનહરીફ ચૂંટી કાઢવામાં આવ્યા હતા :

૧ **ડૉ. રમણલાલ ચી. શાહ,** પ્રમુખ
૨ **શ્રી રસિકલાલ મો. ઝવેરી,** ઉપપ્રમુખ
૩ **શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ,** કોષાધ્યક્ષ
૪ **શ્રી ચીમનલાલ જે. શાહ,** મંત્રી
૫ **શ્રી. કે. પી. શાહ,** મંત્રી

### કારોબારી સમિતિ

પદાધિકારીઓ ઉપરાંત કારોબારી સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી માટે ૨૩ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. ગુપ્ત મતદાન પદ્ધતિથી મતદાન થયું. મત ગણતરીના અંતે નીચે મુજબ ૧૫ સભ્યોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી અંગે નિરીક્ષક-અધિકારી તરીકે સંઘના અન્વેષક શ્રી ઉત્તમભાઇ પી. શાહ અને સંઘના સભ્ય શ્રી શીરીષ એસ. વસાએ સંભાળેલી કાર્યવાહી માટે તેમનો આભાર માનીએ છીએ.

| | |
|---|---|
| ૧ શ્રી અમર જરીવાલા | ૨ શ્રી તારાબેન ૨. શાહ |
| ૩ ,, નિરૂબેન સુબોધભાઇ શાહ | ૪ ,, સુબોધભાઇ એમ. શાહ |
| ૫ ,, કમલબેન પીસપાટી | ૬ ,, પન્નાલાલ ૨. શાહ |
| ૭ ,, હરિલાલ ગુલાબચંદ શાહ | ૮ ,, ગજપતલાલ મ. ઝવેરી |
| ૯ ,, એ. જે. શાહ | ૧૦ ,, શાંતિલાલ દેવજી નંદુ |
| ૧૧ ,, ટોકરશી કે. શાહ | ૧૨ ,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ |
| ૧૩ ,, રસિકલાલ લહેરચંદ શાહ | ૧૪ ,, હાસમજીભાઇ વેલજી શાહ |
| ૧૫ ,, જયંતીલાલ પી. શાહ | |

# હિંદુ વિ. મુસ્લિમ, હિંદુ વિ. શીખ, હિંદુ વિ. ખ્રિસ્તી, હિંદુ વિ. દલિતો

## આ સંઘર્ષણમાં દેશનું શું થશે ?

વિજયગુપ્ત મૌર્ય

કેરળમાં જંગલમાંથી મળી આવેલા એક ખ્રિસ્તી ક્રોસ ઉપરથી હિંદુઓ અને ખ્રિસ્તીઓ વચ્ચે જે કોમી સંઘર્ષણ જાગ્યું છે, તે સમગ્ર દેશમાં ઠેકઠેકાણે વિવિધ ધર્મો વચ્ચે અને સંપ્રદાયો વચ્ચે ધૂંધવી રહેલા કોમી સંઘર્ષની યાદ આપે છે. અંગ્રેજો હિંદુસ્તાનની પ્રજાના રાષ્ટ્રવાદને ભાંગી નાખવા માટે પ્રજાને વિવિધ કોમોમાં વહેંચી નાખી તેમની વચ્ચે હિતોની અથડામણ પ્રેરવા માગતા હતા. તેથી રાષ્ટ્રીય કોંગ્રેસની લડતનો મુસ્લિમો, શીખો, ખ્રિસ્તીઓ, હરિજનો, ગિરિજનો વગેરે દ્વારા વિરોધ કરાવ્યો હતો. તેના પરિણામે હિંદના ત્રણ ટુકડા થયા અને પાકિસ્તાન રચાયું. શીખો, હરિજન વગેરે વચ્ચે અલગતાવાદ પ્રેર્યો.

પરંતુ અંગ્રેજોએ આપણને લાત મારીને વિદાય લીધા પછી વિવિધ કોમો વચ્ચે અને જાતિઓ વચ્ચે જે સંઘર્ષ રહ્યો છે તેના માટે એ કોમોના નેતાઓ તથા રાજકીય પક્ષોના આગેવાનો જવાબદાર છે. હિંદુ અને મુસ્લિમો વચ્ચે તો બ્રિટિશ જમાનાથી હુલ્લડ થતાં આવ્યાં છે, પરંતુ હિંદુઓ અને શીખો વચ્ચે, હિંદુઓ અને ખ્રિસ્તીઓ વચ્ચે, હિંદુઓ અને હરિજનો વચ્ચે, મેદાનના લોકો અને ગિરિજનો વચ્ચે હુલ્લડો થાય એ નવી ઘટનાઓ છે. બહારના નિરીક્ષકોને એમ લાગે કે બહુમતિ કોમ તરીકે હિંદુઓ જ અસહિષ્ણુ અને આક્રમક છે. ગયા મે માસમાં પતિયાળામાં શીખો અને હિંદુઓ વચ્ચે પહેલી જ વાર હુલ્લડ થયાં. થોડા મહિના પહેલા કન્યાકુમારીમાં હિંદુઓ અને ખ્રિસ્તીઓ વચ્ચે હુલ્લડ થયાં હતાં. પંજાબમાં માલેરકોટલામાં પણ હિંદુઓ અને અકાલીઓ વચ્ચે હુલ્લડ થયાં હવે કેરળમાં નીલાચલમમાં ખ્રિસ્તીઓ અને હિંદુઓ વચ્ચે ગંભીર સંઘર્ષ જાગ્યો છે.

કેવા નજીવા અને નિર્માલ્ય બનાવોમાંથી કોમી હુલ્લડો જાગે છે તેનો દાખલો અને બોધપાઠ નીલાચલની ઘટના આપે છે. વાવેતર માટે ડુંગર ઉપર બોદકામ કરતાં પત્થરનો એક ક્રોસ મળી આવ્યો. તરત ખ્રિસ્તીઓએ દાવો કર્યો કે તે સંત થોમસનો ક્રોસ છે. ખ્રિસ્તી ધર્મ પશ્ચિમ એશિયામાંથી યુરોપમાં ફેલાયો તે પહેલા સંત થોમસ દ્વારા મલબાર કાંઠે ફેલાયો હતો. ઇસુના ૧૨ પટ્ટશિષ્યોમાં સંત થોમસનો પણ સમાવેશ થાય છે. ઇસુના સ્વર્ગારોહણ પછી થોમસે હિંદુસ્તાન આવીને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર શરૂ કર્યો, અને છેવટે મલબાર કાંઠે પોતાનું મથક બનાવ્યું.

પુરાતત્ત્વ વિજ્ઞાનીઓએ ક્રોસ તપાસીને જણાવ્યું કે તે સંત થોમસનો ક્રોસ નથી. પરંતુ ધર્મ શ્રદ્ધા ઉપર ચાલે છે, બુદ્ધિ કે તર્ક ઉપર નહિ. તેથી લંકામાં બુદ્ધના દાંત તરીકે પૂજાતો દાંત બુદ્ધનો નથી, કે કાશ્મીરમાં હઝરતબાલમાં પવિત્ર ગણાતો બાલ (વાળ) મહમદ પયગમ્બરનો નથી એમ સાબિત કરી આપવામાં આવે તો તેથી કોમી ઉશ્કેરાટ ફેલાય. એવી રીતે આ ક્રોસ વિશે પણ પુરાતત્ત્વ વિજ્ઞાનીઓનો અભિપ્રાય ખ્રિસ્તી સંસ્થાઓએ માન્ય ન રાખ્યો, અને ખ્રિસ્તી સંસ્થાએ ત્યાં એક દેવળ બનાવી તેને ખ્રિસ્તી યાત્રાધામ બનાવવાનો નિર્ણય કર્યો.

નકલીઓએ ક્રોસ ચોરાઈ ગયો. તેથી લાલબહાદુર શાસ્ત્રીજીના સમયમાં હઝરત બાલ ચોરાઈ જવાથી જેવો ઉશ્કેરાટ ફેલાયો હતો તેવો ઉશ્કેરાટ કેરળના ખ્રિસ્તીઓમાં ફેલાયો. તેથી એક નવો ક્રોસ તૈયાર કરીને યાત્રાધામનું બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું. પરંતુ હિંદુ મંદિર નજીક નવું ખ્રિસ્તી યાત્રાધામ બંધાય તેની સામે હિંદુઓએ વાંધો લીધો.

કેરળની સરકાર હિંદુઓ, મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને તેમના વિવિધ રાજકીય પક્ષોની બનેલી શંભુમેળા જેવી સરકાર છે, જેના મુખ્ય પ્રધાન કરુણાકરણ કોંગ્રેસી છે. આપણા નેતાઓ પોતાને બિનસંપ્રદાયી તરીકે ઓળખાવે છે, પરંતુ વર્તનમાં સંપ્રદાયી અને ધણા તો કોમવાદી પણ હોય છે. તેથી કેરળ સરકારે આં ખ્રિસ્તી યાત્રાધામને એક હેકટર જમીન આપવાનો નિર્ણય કર્યો. કેરળ સરકારનું એક અંગ કેરળ કોંગ્રેસ છે, જે ખ્રિસ્તીઓની કોંગ્રેસ છે. ખ્રિસ્તી દેવળ માટે જમીન અપાય તેથી હિંદુઓએ વાંધો લીધો અને આ આંદોલનની આગેવાની લેવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અને હિંદુ વિશ્વ પરિષદના માણસો પહોંચી ગયા. એમણે ૨૫ સભ્યોની એક પગલાં સમિતિ નીમી, અને લડત ઉપાડી કે આ નવું ખ્રિસ્તીધામ શબરીમાલાના મંદિરના માર્ગમાં આવે છે અને મહાદેવના મંદિરની નજીક આવે છે માટે ત્યાં નવું ખ્રિસ્તી દેવળ બાંધવા ન દેવું. તેથી કેરળ સરકારે ખ્રિસ્તી દેવળ માટે થોડે દૂર નવી જગ્યા પસંદ કરી, અને હિંદુઓને પણ એટલીજ જગ્યા બીજે ઠેકાણે આપવાનું ઠરાવ્યું.

પરંતુ હિંદુઓએ આ આશ્વાસન સ્વીકારવાનો ઇનકાર કર્યો. કેરળમાં ઈંદિરા કોંગ્રેસમાંથી અસંતુષ્ટોના એક જૂથે વિશ્વ હિંદુ પરિષદ સાથે ભળીને કેરળ સરકાર સામે ઝુંબેશ ઉપાડી અને કરુણાકરણનો બહિષ્કાર કર્યો. તે પછી કોમી છમકલાં શરૂ થયાં. હવે સરકારી મનાઈ હુકમોનો ભંગ કરવામાં આવે છે, અને ભંગ કરનારાઓ સામે પોલીસ લાઠીમાર ચલાવે છે, અશ્રુવાયુ છોડે છે. ધરપકડો પણ કરે છે.

મામલો વડી અદાલતમાં પણ ગયો, જ્યાં ખ્રિસ્તીઓને કેરળ સરકાર યાત્રાધામ માટે જમીન ન આપે એવો મનાઈ હુકમ મેળવવામાં આવ્યો. સરઘસો અને સભાઓ વડે વાતાવરણને તંગ બનાવવામાં આવ્યું. રાજકીય પક્ષોએ પણ તેમાં ઝંપલાવ્યું. નાયર સેવા સમાજે આ લડત ચલાવવા નેશનલ ડેમોક્રેટીક પાર્ટી નામનો નવો પક્ષ સ્થાપ્યો. હિંદુઓની આગેવાની નાયરોએ લીધી છે. પરંતુ એઝાવા નામની અવર્ણ હિંદુકોમનો સમાજવાદી પ્રજાસત્તાક પક્ષ અળગો રહ્યો છે. કેરળની પ્રજાને તેના રાજકીય અને કોમી આગેવાનોએ ધર્મો, સંપ્રદાયો, કોમો, જ્ઞાતિઓ અને પક્ષોમાં એવી વહેંચી નાખી છે કે તેમની વચ્ચે તેમનાં હિતો અથવા સ્વાર્થો અથડાતાં જ રહ્યાં છે. કરુણાકરણનું પ્રધાન મંડળ ચીભડાંની ભારી જેવું છે અને આ કોમી સ્વાર્થોની અથડામણની ખેંચતાણ ચીભડાંની ભારી સુધી પહોંચે છે. જ્યારે દેશ અને કેરળ રાજ્ય બિન સાંપ્રદાયિક છે, ત્યારે સરકાર ઝઘડતા સંપ્રદાયોને રાજી રાખવા જમીન આપે એ ધરમૂળથી ખોટું છે. પરંતુ પ્રધાનમંડળને કેરળ કોંગ્રેસના ખ્રિસ્તીઓના ટેકાની જરૂર છે, તેથી ખ્રિસ્તીઓને જમીન આપીને ઉપદ્રવ વહોરીલી ધો. પ્રધાનમંડળને નાયર સમાજના હિંદુ ટેકાની પણ જરૂર હોવાથી ભૂલનો ગુણાકાર કર્યો. આપણા રાષ્ટ્રીય નેતાઓ પોતાની સત્તા અને લાગવગ ટકાવી રાખવા કોમવાદને કેવી રીતે પંપાળે છે તેનું દ્રષ્ટાંત કેરળની આ ઘટના પૂરું પાડે છે.

લેનિને કહ્યું હતું કે ધર્મ અબુધ જનતા માટે અફીણ છે. આપણા દેશમાં સમજ્યા વિનાના ધર્મ ઉપરાંત વધુ માદક રાજકારણ છે. કેરળની પ્રજા શિક્ષણમાં મોખરાની હરોળમાં છે. ૧૯૬૧ માં લગભગ ૪૭ ટકા લોકો શિક્ષિત હતા, આજે ૬૯ ટકાથી જરા વધારે છે. દર ચો. માઇલે ૬૫૪ વ્યકિત જેટલી અતિ ગીચ વસતી ધરાવતા કેરળમાં વસતી વધારાનો દર ૧૯૭૧માં ૨૬.૨૯ ટકા હતો, તે ઘટાડીને ૧૯ ટકા કરી દેવામાં આવ્યો છે. આવી સુધરેલી પ્રજામાં પણ ધર્મ અને રાજકારણ સતત સંઘર્ષણ પ્રેરે છે, જે હિંસામાં પરિણમે છે.

ભારતના પશ્ચિમ કાંઠે ખ્રિસ્તી ધર્મ ફેલાવવા આલ્ફોન્સો-દ-આલ્બુકર્ક જેવા પોર્ટુગીઝોએ સિતમ ગુજર્યા હતા. ગોવામાં કતલ પણ ચલાવી હતી. કારણ કે પોર્ટુગીઝોનો હેતુ ખ્રિસ્તી ધર્મ ફેલાવવા ઉપરાંત પોતાનું સામ્રાજ્ય ફેલાવવાનો પણ હતો. પરંતુ બ્રિટિશ હિંદમાં અંગ્રેજોના શાસન નીચે ખ્રિસ્તીધર્મ શાંતિથી ફેલાયો હતો. ઇશાન ભારતમાં જ્યાં અનેક પહાડી જાતિઓમાં કોઇ સંસ્કારી ધર્મ ન હતો, ત્યાં પહાડી જાતિઓને સામુદાયિક ધોરણે ખ્રિસ્તી બનાવી દેવામાં આવી. યુરોપીય અને અમેરિકન મિશનરીઓએ ત્યાં આરોગ્ય અને કેળવણીના ક્ષેત્રે ઉમદા કાર્ય કર્યું છે. પરંતુ તે સાથે આ વિદેશી મિશનરીઓએ તેમનામાં અલગતાની એવી ભાવના પણ પ્રેરી છે કે ઇશાન ભારતની આ પહાડી જાતિઓ બાકીના હિંદુસ્તાનની પ્રજાથી જુદી છે. દેશના ભાગલા પડયા ત્યારે કેટલાક અંગ્રેજ રાજપુરુષોએ ઇશાન ભારતને જુદું પાડી તેને પોતાના હસ્તક રાખવાની ખટપટ પણ કરી હતી. વિદેશી મિશનરીઓ ગમે તેટલા સારા હોય તો પણ તેઓ બ્રિટિશ સામ્રાજ્યના આડતિયા હતા. તેથી ઇશાન ભારતમાં તેમણે જે જુદાઇની ભાવના પ્રેરી તેના પરિણામે હવે ત્યાં અંતિમવાદીઓ બળવાખોર પ્રવૃત્તિ કરી રહ્યા છે. અને તેમને ભારતનાં દુશ્મનો તરફથી મદદ મળે છે.

ઇસુના કેટલાક અનુયાયીઓ, જેવા કે પીટર અને પાઉલ માછીમાર હતા, તેથી પોર્ટુગીઝ મિશનરીઓએ ભારતના કાંઠાના માછીમારોને ખ્રિસ્તી બનાવવા તરફ વધુ ધ્યાન આપ્યું હતું. પરંતુ ઇશાન ભારતમાં વિદેશી મિશનરીઓએ આરોગ્ય અને કેળવણી માટે જે કર્યું તેવું પોર્ટુગીઝ મિશનરીઓએ ભારત કાંઠાના માછીમારો માટે ન હોતું કર્યું. પરિણામે ખાસ કરીને તામિલનાડુના માછીમાર ખ્રિસ્તીઓ પછાત રહ્યા છે. ખ્રિસ્તી ધર્મ એક ઉમદા ધર્મ છે, જે પ્રેમ અને શ્રદ્ધા ઉપર આધારિત છે. તેથી પોર્ટુગીઝોની ધાર્મિક અસહિષ્ણુતા છતાં ખ્રિસ્તી અને બીજા ધર્મો વચ્ચે સહિષ્ણુતા અને સહઅસ્તિત્વની ભાવના રહી હતી. પરંતુ પંજાબમાં અકાલીઓએ ધર્મમાં રાજકારણ ભેળવી દીધું છે એવી રીતે બીજા બધા ધર્મોમાં પણ રાજકારણનું અફીણ ભળી રહ્યું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પક્ષ દક્ષિણ ભારતમાં તથા ઇશાન ભારતમાં પોતાની લાગવગ અને વિચારસરણી ફેલાવી રહ્યાં છે. તેના પરિણામે થોડા માસ પહેલાં કન્યાકુમારીના ખ્રિસ્તીઓ અને હિંદુઓ વચ્ચે કોમી હુલ્લડો થયાં હતાં. ખ્રિસ્તીઓ દેવળોમાંથી અને હિંદુઓ મંદિરોમાંથી લાઉડસ્પીકરોમાંથી પોત પોતાના ધર્મનો પ્રચાર કરવાનો દુરાગ્રહ રાખતા હતા, તેમાંથી સંઘર્ષ થયો. પંજાબમાં આકાશવાણી દ્વારા શીખ સંપ્રદાયની ગુરુવાણીનું પ્રસારણ કરવામાં આવે એવી અકાલીઓની માગણી સ્વીકારીને ભારત સરકારે શીખોને રાજી રાખવા ખાતર એક ખોટો દાખલો બેસાડયો છે. આવતી કાલે હિંદુઓ, મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પણ આવી માગણી કરશે ત્યારે તેમને ના કેમ પાડી શકાશે? આકાશવાણી અને દૂરદર્શન બિન સાંપ્રદાયી રાષ્ટ્રના પ્રચાર-સાધનો છે. તેમને સાંપ્રદાયિક પ્રચારના માધ્યમ ન બનાવવા જોઇએ.

વિવિધ ધર્મો અને સંપ્રદાયોનાં જ્ઞાન અને ભજનો સ્વેચ્છાથી સંભળાવવામાં આવે તે જુદી વાત છે. પરંતુ અહીં તો જલંધર રેડિયો સ્ટેશન રોજ કલાકો સુધી ગુરુવાણી સંભળાવવા બંધાઇ જાય છે. ગુરુવાણી સામે કોઇને વાંધો ન હોઇ શકે. તેનાં મૂળ હિંદુધર્મના એકેશ્વરવાદ અને ભકિત સંપ્રદાયમાં છે અને હિંદુ તથા મુસ્લિમ ધર્મના ઉમદા તત્ત્વો શીખ ગુરુઓએ તેમાં સમાવી લીધાં છે. પરંતુ પંજાબમાં ૪૮ ટકા હિંદુઓ પણ છે. તેઓ હિંદુધર્મના પ્રચાર માટે આકાશવાણીના માધ્યમની માગણી કરશે ત્યારે તેમને શો જવાબ આપશું? આકાશવાણી કોઇ એક ધર્મના પ્રચાર માટે બંધાઈ જાય તે વાંધા પાત્ર છે.

સવર્ણ હિંદુઓ અને હરિજનો વચ્ચે સંઘર્ષ ન હતો. અંગ્રેજો હરિજનોને હિંદુઓથી જુદા ગણીને તેમને જુદો મતાધિકાર આપવા માગતા હતા. તેમને હિંદુઓથી જુદા નહિ પાડવા ગાંધીજીએ આમરણ ઉપવાસ શરૂ કર્યા હતા. અંગ્રેજોએ ગાંધીજીની સામે ડો. આંબેડકરનો શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો હતો. આજે કેટલા દલિતો ગાંધીજીને યાદ કરે છે? કંઈ નહિ તો મહારાષ્ટ્રમાં હરિજનો સ્વ. ભીમરાવ આંબેડકરને ભગવાન તરીકે પૂજે છે. તેમને રાજી રાખીને તેમના મત મેળવવા મહારાષ્ટ્ર સરકારે ઔરંગાબાદ યુનિવર્સિટીને ડો. આંબેડકર યુનિવર્સિટી નામ આપવાનું નક્કી કરી નાખ્યું હતું, અને મંજુરી માટે વિધાન સભ્યો પાસેથી ઠરાવ પણ કરાવી નાખ્યો હતો. પરતુ તેની સામે સવર્ણ હિંદુઓએ, મુખ્યત્વે મરાઠાઓએ ઉગ્ર હુલ્લડ મચાવ્યું, જેમાં હરિજનોએ ઘણું સહન કરવું પડયું. તેથી હવે સવર્ણોને રાજી રાખવા સરકાર અને વિધાન સભ્યો બધા ફરી બેઠા! પરંતુ આ હુલ્લડોથી જે કડવાશ ઉત્પન્ન થઈ છે, તે ઘટી નથી, વધી છે. તાજેતરમાં નાસિકમાં થયેલાં હુલ્લડો તેનો પુરાવો છે. તામિલનાડુમાં પણ હુલ્લડો થયાં છે. અહીં મુસ્લિમોએ હરિજનોનું સામુદાયિક ધર્મપરિવર્તન કરવાની પ્રવૃત્તિ ઉપાડી. તેની સામે આક્ષેપ થયા કે હરિજનોને મુસ્લિમ બનાવવા વિદેશોમાંથી નાણાં આવે છે. આપણા દેશની એક મુશ્કેલી એ છે કે બે મોટા ધર્મોનું ઉદ્ભવસ્થાન અને પ્રેરણા-ત્રિદેશોમાં છે. પોપ બ્રિટનના રાજકારણમાં અને પ્રજાજીવનમાં હસ્તક્ષેપ ન કરે તે માટે બ્રિટિશ પ્રજાએ ૪૦૦ વર્ષ પહેલા ધર્મનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું.

ડો. આંબેડકર હરિજનોનું સામુદાયિક ધર્મપરિવર્તન કરવાની ગાંધીજીને ધમકી આપતા હતા અને ગાંધીજી કહેતા હતા કે હિંદુધર્મ કરતાં બીજો ધર્મ વધુ સારો છે એમ તમને પ્રામાણિકપણે લાગે તો જરૂર ધર્મપરિવર્તન કરો.

ડો. આંબેડકરે અને તેમના અનુયાયીઓએ બૌદ્ધ સંપ્રદાય સ્વીકાર્યો. આજે જાણે હિંદુ ધર્મ અને બૌદ્ધ સંપ્રદાય જુદા અને પરસ્પર વિરોધી ધર્મો હોય એવી રીતે કહેવાતા સવર્ણો અને અવર્ણો લડી રહ્યા છે.

જેમ રાજકીય પક્ષો ભાંગીને ટુકડા થઇ રહ્યા છે અને તેઓ કૂકડાની જેમ લડે છે તેમ ધર્મો સંપ્રદાયોમાં અને સંપ્રદાયો વાડામાં વહેંચાઇને લડી રહ્યા છે. હિંદુઓ વિરુદ્ધ મુસ્લિમો, હિંદુઓ વિરુદ્ધ ખ્રિસ્તીઓ, હિંદુઓ વિરુદ્ધ શીખો, હિંદુઓ વિરુદ્ધ નવબૌદ્ધો લડે ત્યારે બહારના નિરીક્ષકને એમ લાગે કે હિંદુઓ બહુ ખરાબ, અસહિષ્ણુ અને લડાયક હોવા જોઇએ. જ્યારે પ્રજા અસંખ્ય પક્ષોમાં, ધર્મોમાં, સંપ્રદાયોમાં અને વાડાઓમાં વિભકત થઇને આપસ આપસમાં લડયા કરે ત્યારે દેશ કેટલો સમય સંગઠિત રહી શકશે? આપણે ઇતિહાસમાંથી કોઇ બોધપાઠ લીધો નથી.

(પૃષ્ઠ ૫૪ પરથી ચાલુ)

અલબત્ત, આ પ્રકારના કથાના અંતને માનસ-શાસ્ત્રીય આધાર છે: જીવનના રંગઢંગ બદલી નાખે એવી પરિવર્તનની પ્રક્રિયા દરમિયાન, મધ્યમમાર્ગી પ્રકૃતિ ધરાવતા લોકો કરતાં આવી પ્રકૃતિ ધરાવતી વ્યક્તિઓ એક અંતિમ પરથી બીજા અંતિમ પર ઝડપથી વિદ્યુત્ (કે પ્રકાશની ઝડપે) વેગે ગતિ કરે છે. આવી વ્યક્તિઓ બે અંતિમો વચ્ચેના સ્તર પર કે બિંદુ પર રોકાતી નથી.

એક વાત સમજી લેવી બહુ જરૂરી છે. આપણી સમાજ વ્યવસ્થામાં પણ આવી ઘટના અપવાદરૂપ લેખાવી જોઇએ. હૃદય પરિવર્તન, પશ્ચાત્તાપ અને એવી વ્યક્તિની સામાજિક સ્વીકૃતિ એ રોજિંદી ઘટમાળ કે નિયમ ન બની શકે, ન બનાવી શકાય. એવું થાય તો જીવનની કોઇક નબળી ક્ષણે સ્ખલન કરતાં માનવી અચકાય નહિ. પ્રાયશ્ચિતના લીધે સમાજમાં પુનઃસ્થાપિત થવાનું સરળ હોય તો સમાજમાં આવું (અલબત્ત, જુદી જુદી વ્યક્તિઓના જીવનમાં બનતું હોવાના કારણે) વારંવાર બનતું હોવાની છાપ પડે. આ એક ભયસ્થાન છે. વળી, ખરેખર ગુનાહિત જીવનમાંથી પાછી ફરવા માંગતી વ્યક્તિ અને સમાજની તાસીર જાણીને એનો લાભ ઊઠાવવા માંગતી વ્યક્તિ-એ બે વચ્ચે ભેદરેખા દોરવી અને સમજવી મુશ્કેલ છે. એ બે વચ્ચે વિવેક જાળવીને આ બાબતનો સમાજના વ્યાપક હિતમાં ઉપયોગ કરવાનું અશકય નહીં તો અસંભવ જરૂર જણાયું હશે. એટલે જ કદાચ સમાજ આવી બાબતોમાં આળો બન્યો હશે. લોકનાયક જયપ્રકાશ નારાયણના સત્પ્રયત્નોથી ડાકુઓના જીવનમાં આવેલું સમૂળું પરિવર્તન આવકારદાયક છે. પરંતુ દાણચોરીમાં સંડોવાયેલાંઓએ અને અન્ય ડાકુઓએ ત્યાર બાદ કરેલી શરણાગતિની બાબતોમાં સમાજ આળો જ રહે એ આવી બાબતો-રોજિંદી ઘટમાળ કે નિયમ ન બની શકે, ન બનાવી શકાય-એ બાબતનું સમર્થન કરે છે. આમ છતાં સિદ્ધાંત અને શિસ્તની જડ દિવાલોથી સમાજ જીવંત રહેતો નથી અને એટલે જ દુનિયાના બધા ધર્મો આત્મનિરીક્ષણ, પશ્ચાતાપ અને ક્ષમાના ઔદાર્યનો બોધ આપે છે, પછી એ 'મિચ્છા મિ દુક્કડમ્' રૂપે એ વાત હોય Confession રૂપે એની વ્યવસ્થા હોય કે કયામતના દિવસે ખુદાને હિસાબ આપવાની બાબત હોય. એની પાછળની ભાવના અપવાદરૂપે જ જેટલે અંશે સ્વીકૃત બને એટલે અંશે આપણી સમાજવ્યવસ્થા વધુ જીવંત બને. આપણી સંસ્કૃતિનું આ આગવું લક્ષણ છે. પરંતુ એ ઉપેક્ષિત-ઉવેખાયેલું રહ્યું છે. જો આવી સ્વીકૃતિ ન થાય તો ગુનેગાર વ્યક્તિને હંમેશા એ જ નજરે જોવાય છે. એટલે એને સુધરવા માટે કોઇ પ્રેરકબળ રહેતું નથી. આપણી ન્યાયપ્રથાનો મૂળ ઉદ્દેશ તો ગુનેગારના માનસને સમજવું અને એના ગુનાહિત માનસને સુધારવાનો છે. એ માટે એને સમાજમાં પાછા ફરવાની તક મળવી બહુ જરૂરી છે.

સમાજ જીવનમાં ભાવિને વીંધીને જોઈ શકનારી વ્યક્તિને સમાજ પારખી શકતો નથી. સ્વીકૃત મર્યાદાથી આગળ લઈ જનારા વિચારને સમાજ શરૂઆતમાં પચાવી શકતો નથી અને એવો વિચાર આપનાર વ્યક્તિને સમાજ સાંખી શકતો નથી. એ જ રીતે ચોક્કસ-સ્વીકૃત ધોરણની બહારના-ઉતરતી કક્ષાના વ્યવહારને સમાજ જીરવી શકતો નથી. એટલે જ એવી વ્યક્તિના સામાજિક પુનરાગમનમાં એ ઘાતક પરિબળ બની રહે છે. એ બાબત અંતે તો સમાજના વિકાસમાં પણ બાધકરૂપ નીવડે છે. કારણ, અંતે તો સમાજ પણ વ્યક્તિઓ જ બનેલો છે ને?

**શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય**

વાચનાલય અને પુસ્તકાલય માટે નીચે મુજબ સમિતિની નિમણૂક કરવામાં આવી છે.

**(૧) શ્રી શાંતિલાલ દેવજી નન્દુ** (મંત્રી)
**(૨) શ્રી ગણપતલાલ મ. ઝવેરી**
**(૩) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ**
**(૪) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ**
**(૫) શ્રી પન્નાલાલ ર. શાહ**

**સહાયક મંત્રી**

તા. ૨૭-૬-૮૩ના રોજ મળેલ કારોબારી સમિતિમાં **શ્રી પન્નાલાલ ર. શાહની** સંઘના સહાયક મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

**અસ્થિ સારવાર કેન્દ્ર : ડૉ. પીઠાવાલા**

"પ્રેમળ જ્યોતિ"ના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અસ્થિ ચિકિત્સાના જાણીતા નિષ્ણાત ડૉ. જે. પી. પીઠાવાલા આ કેન્દ્રને માનાર્હ સેવા આપશે. કેન્દ્ર અંગેની સઘળી જવાબદારી નીચે જણાવેલ ઉપસમિતિ સંભાળશે. ઉપસમિતિને જરૂર જણાય તો ત્રણ સભ્યો આ સમિતિમાં ઉમેરવામાં આવશે.

**(૧) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ**
**(૨) શ્રી ગણપતલાલ મ. ઝવેરી**
**(૩) શ્રીમતી નિરૂબેન એસ. શાહ**
**(૪) શ્રીમતી કમલબેન પીસપાટી**
**(૫) શ્રીમતી જયાબેન ટી. શાહ (વીરા)**
**(૬) શ્રીમતી ભાનુબેન પી. શાહ**
**(૭) શ્રી અરવિંદભાઈ એમ. ચોકસી**
**(૮) શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ** (સંયોજક)

**સહયોગ સમિતિ**

સંઘની કારોબારી સમિતિના સભ્ય તરીકે એક વખત સંઘ સાથે સંકળાયેલા સભ્યો ત્યારબાદ કારોબારી સમિતિના સભ્ય તરીકે ન પણ હોય એવું બને. આવા સભ્યોની ઉપયોગિતા તો છે જ સંઘ સાથે એમનું સાતત્ય અને એમની આત્મીયતા જળવાઇ રહે અને એમની શક્તિનો લાભ સંઘને સંપાદન થાય એ હેતુથી તા. ૨૭-૬-૧૯૮૩ના રોજ મળેલી કારોબારી સમિતિએ એક સહયોગ સમિતિની નિમણૂક કરી છે. આવી સહયોગ સમિતિની, વર્ષમાં બે થી ત્રણ વાર જરૂરિયાત પ્રમાણે, સભા બોલાવવામાં આવશે. કારોબારીએ આ રીતે નિમણૂક કરેલી સહયોગ સમિતિના સભ્યો નીચે મુજબ છે:

**(૧) શ્રી જયંતીલાલ કેતેહચંદ શાહ**
**(૨) શ્રી રમણલાલ લાકડાવાળા**
**(૩) શ્રી ધીરજલાલ કુલચંદ શાહ**
**(૪) શ્રી માણેકલાલ વી. સવાણી**
**(૫) શ્રી વસનજી લખમશી શાહ**
**(૬) શ્રી ચંપકલાલ એમ. અજમેરા**
**(૭) શ્રી ચંદ્રકાન્તભાઈ ગાંધી**
**(૮) શ્રી જોરમલભાઇ મંગળજી મહેતા**
**(૯) શ્રી દામિનીબેન જરીવાલા**
**(૧૦) શ્રી ડુંગરશીભાઇ આર. ગાલા**

# આપણી સમાજવ્યવસ્થાની તાસીર

પન્નાલાલ ૨. શાહ

માનવજીવનના ઉષઃકાળથી સ્ત્રીની ભૂમિકા ન સમજી શકાય એવી સમસ્યારૂપ રહી છે. વિશ્વ સાહિત્યમાં આપણા સંસ્કાર સમૃદ્ધ વારસાના પ્રતીકરૂપ આપણા બે ઉત્તમ ગ્રંથો રામાયણ અને મહાભારત છે. એનાં સ્ત્રીના પાત્રો પૈકી સતી સીતા અને દ્રૌપદીએ આર્ય સન્નારીના આદર્શનો પિંડ બાંધ્યો. એ બન્નેની સહનશીલતાએ તો મોંમાં આંગળા નંખાવે એવી હદ કરી. એ ગુણ અન્ય સ્ત્રીઓ માટે પ્રેરક અને ઉત્તમ ઉદાહરણરૂપ છે. પરંતુ સ્ત્રીની સહનશીલતા જ એની મર્યાદા અને પરવશતાનું દ્યોતક બને છે. આર્ય સન્નારીના આદર્શનો પિંડ બાંધનારી અને યુગે યુગે એ પિંડને પુષ્ટ કરનારી સતી સ્ત્રીઓની થતી વિડંબનાને કોઈપણ ભૂમિકાથી ન્યાયયુક્ત ઠેરવી શકાય એવી પ્રતિતી થતી નથી. આપણી સમાજવ્યવસ્થાની, આદર્શને જડતાથી વળગી રહેવાની, આ એક તાસીર છે.

આપણી સમાજવ્યવસ્થાની એક બીજી પણ તાસીર છે. સંજોગવશાત્, કોઈની ભૂલનો, દગાનો ભોગ બનેલી, લાચારી કે અન્ય કારણોસર નગરવધૂ બનેલી સ્ત્રીની દશા આપણા દિલને હચમચાવી મૂકે એવી પણ હોય. સંસ્કાર અને નીતિમત્તાનો અંચળો ઓઢેલાં સમાજમાંથી એના તરફ તિરસ્કારનો લાવારસ વહે, વહેવડાવવામાં આવે. એવા તિરસ્કારને આપણા સમાજના અગ્રણીઓ ઇંધણ પૂરું પાડે. એ રીતે સમાજમાં ઉન્નત મસ્તક લઈ ફરતાં એવા અગ્રણીઓ (કાળની અંધાર ઘેરી દિવાલની આડશે) એવી સ્ત્રીઓ સાથે સંબંધ પણ બાંધે. આવા 'વાસનાના વાલ્મિકી' કોઇપણ કાળની સમાજવ્યવસ્થામાં અચૂક મળે! 'ઊંચી બુદ્ધિમત્તા ધરાવનાર પુરુષને આવો સહવાસ જરૂરી છે' એવા તર્ક દ્વારા આવા વર્તનને વ્યાજબી ઠેરવવાનો પ્રયત્ન એ માનવજાતની કરુણતા છે. એ એક ફરેબી છે.

દેહના સોદાના વ્યવસાયમાંથી બહાર આવીને ઘડીભર માની લ્યો કે એક નારીને સંસ્કારી ગૃહિણી થવું છે. પશ્ચાત્તાપની આગમાં શેકાઇને, શુદ્ધ કાંચન સ્વરૂપે બહાર આવી, એને સંસ્કારી જીવન જીવવું હોય તો એવું જીવન જીવવાની એની મથામણ, એની ભાવના, ગૃહ જીવનના સંઘર્ષમાં ટકી રહેવાની એની ક્ષમતા, અને માનસિક તૈયારી એ પાયાની બાબત છે, એમ આપણે સૌ એકી અવાજે કહીશું. એ બધી જ પાયાની બાબતોમાં-એના મૂળમાં રહેલી એક મહત્ત્વની વાત મારે ઉમેરવાની છે. એવી સ્ત્રીનું મનોબળ તૂટી ન પડે એ રીતે એને સહકાર આપવાની બાબત એની ભાવનાની સફળતાનો આધાર છે. એના હૃદય પરિવર્તનને, વાસ્તવિકતાની ધરતી પર આપણે કેટલી આવકારી શકીએ એ પ્રશ્ન તો છે જ, એટલું જ નહિ, પરંતુ એની આ ભૂમિકાની આપણે વિડંબના ન કરીએ તો જ નવાઇ. સંસ્કારી નારી તરીકે સમાજમાં પુનઃ સ્થાન મેળવવાના એના પ્રયત્નોની પરાકાષ્ઠાએ એની ઠેકડી ઉડાડીને માનસિક રીતે એ ભાંગી પડે એવું અ-સામાજિક વર્તન આપણું હોય છે. સ્ત્રીની સમસ્યાના કારણરૂપ આપણી સમાજવ્યવસ્થાની આ ત્રીજી બાજુ છે. નવાઈની વાત તો એ છે કે આપણને સ્ત્રી એક ન સમજી શકાય એવી સમસ્યારૂપ લાગે છે.

સતી સીતાએ અગ્નિ પરીક્ષા આપી. એમાં એ સફળ થયા. કુસુમથી યે કોમળ એવા ભગવાન રામે લોક-નિંદાથી હૃદય પર પત્થર મૂક્યો અને વજ્રથી યે કઠોર બન્યા. સતી સીતાનો ત્યાગ કર્યો. રામાયણની આ ઘટનાથી સમાજજીવનમાં ઉચ્ચ ચારિત્રનો પાયો નંખાયો. એ પાયો એકપક્ષીય રહ્યો. સ્ત્રીઓ પૂરતો રચાયેલો એ આદર્શ લોક-અપવાદના રામાયણ કાળથી આજ સુધીની સતી સ્ત્રીઓ માટે વિડંબનાનું પણ કારણ બન્યો છે. 'સ્ત્રી માત્ર શંકાથી પર હોવી જોઇએ' એવા આદર્શની એ ભૂમિકા જ ગણિકાને કુલીન અને સંસ્કારી ગૃહિણી બનાવવામાં, એની સામાજિક સ્વીકૃતિમાં ઘાતક પરિબળ છે.

કરુણતા તો એ છે કે જે સહનશીલતાથી આર્ય સન્નારીના આદર્શનો પિંડ બંધાયો એ સહનશીલતા લાચારીના રૂપમાં એનો અવગુણ બન્યો. પરિણામે નારીની વિડંબના યુગે યુગે એક યા બીજા સ્વરુપે થતી આવી. આત્મનિરીક્ષણ, હૃદય પરિવર્તન, પ્રશ્ચાત્તાપની ગંગામાં નાહીને પુનિત થવાની આપણી વિભાવના અને ક્ષમાનું ઔદાર્ય: આ બધાનું નગરવધૂના સ્વરૂપથી ફંટાતી નારીના સમગ્ર જીવનના આવા મહત્ત્વના વળાંક વખતે બાષ્પિભવન થતું જોવા મળે છે. સાવ સહજ હોય એ રીતે. લોક-અપવાદની સામે સચ્ચાઇને પડખું આપવાનું કૌવત આપણામાં કયાં છે? બન્ને પ્રકારની સ્ત્રીઓએ આમ દરેક જમાનામાં સહનશીલતાનો પાઠ ભજવ્યે જ જવાનો હોય અને આદર્શના કોડિયાને જલતો રાખવા ઉદાહરણરૂપ પોતાની જાતનું દીવેલ પૂરતું જ રહેવાનું હોય એવો ઘાટ આપણી આ સમાજવ્યવસ્થાનાં કારણે થતો હોય એવું લાગે છે. ધર્મ-અધ્યાત્મ અને સંસ્કૃતિની રખેવાળી અને સંસ્કાર-વારસાનું સંવર્ધન કરવાનો ઠેકો લઈ બેઠેલાં આપણા વિચારકોના ધ્યાન પર એ વાત આવતી નથી કે સતી સ્ત્રીઓની વિડંબના અને સંસ્કારી, ગૃહજીવન તરફ વળવા માંગતી નારીની ભાવનાનો આ રીતનો ઉચ્છેદ એ સંસ્કારની રખેવાળી અને સંવર્ધનના પ્રયત્નોમાં સુરંગ ચાંપે છે.

આપણી આ સમાજવ્યવસ્થાની પકડ જડબેસલાખ છે. એનું પ્રતિબિંબ આપણા પ્રાચીન-મધ્યકાલીન કથા સાહિત્યમાં બરાબર ઝીલાયું છે. વારાંગનાને પ્રતિબોધ પમાડતી આપણી કથાઓમાં નગરવધૂએ ગૃહ જીવન સ્વીકાર્યું હોય એવો વળાંક કે કથાનો અંત કયારેય આવતો નથી. સર્જક બિચારો જાણે છે કે સમાજમાં એનો સ્વીકાર થાય એવી આછી-પાતળી પણ શકયતા નથી. એવા સંજોગોમાં સર્જક એના માનસ-સંતાનરૂપ પાત્રને રસ્તે રઝળતું કેમ મૂકી શકે, ભલા? એટલે આવી કથાઓનો અંત ગણિકા શ્રમણ જીવન સ્વીકારે છે એ રીતે આપણા પ્રાચીન-મધ્યકાલીન કથા સાહિત્યમાં જોવા મળે છે. પછી એ જાતક કથા હોય, જ્ઞાતા ધર્મકથા હોય કે પૌરાણિક કથાઓ હોય. અલબત્ત, શ્રમણ સંસ્કૃતિ અને ધર્મ પ્રચારકોનો એ જ તો ઉદ્દેશ હોય છે. આમ છતાં એ હેતુને લક્ષમાં રાખી, 'અનૈતિક' જીવનમાંથી પ્રારંભમાં ગૃહ જીવનનો સ્વીકાર, ત્યારબાદ સાધુ જીવન અને અંતે પરમ પદની પ્રાપ્તિ એવા ક્રમિક વિકાસને આલેખતી કથા-ગૂંથણી થઇ શકે ખરી. એવી કથા-ગૂંથણી થઇ નથી. એને આપણી સમાજવ્યવસ્થાનું પ્રતિબિંબ – પરિણામ લેખી શકાય.

(વધુ માટે જુઓ પાનું ૫૩ મું)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧૬ ૭-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## રમતગમતમાં ભારત

© રમણલાલ ચી. શાહ

રાષ્ટ્રસમૂહના આઠ દેશો–ઇંગ્લેંડ, ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન, વેસ્ટઇંડિઝ, શ્રીલંકા અને ઝિમ્બાબ્વે–વચ્ચે રમાયેલી એક દિવસ માટેની મર્યાદિત ઓવરની ક્રિકેટ મેચમાં ભારતે વિજય મેળવીને પ્રુડેન્શિયલ કપ પ્રાપ્ત કર્યો એ ઘટનાએ ભારતને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઘણું ગૌરવ અપાવ્યું છે. દર ચાર વર્ષે રમાતી આ મેચમાં છેલ્લા બે વખતથી વિજય મેળવતી વેસ્ટ ઇંડિઝની જબરી ટીમને પરાજિત કરવાનું કામ જરા યે સહેલું નહોતું, પરંતુ એ ટીમને પક્ષે વધુ પડતો આત્મવિશ્વાસ અને ભારતીય ટીમને પક્ષે સંઘભાવના, ધીરજ, સહકાર અને કુનેહને કારણે ભારતે અસાધારણ વિજય મેળવ્યો છે. અલબત્ત, આવી મેચમાં કયારેક પ્રારબ્ધ પણ ભાગ ભજવી જતું હોય છે, પરંતુ એકંદરે તો ખેલાડીઓની પોતાની જ કામગીરી પર તેનો આધાર રહે છે. ૧૯૭૧ માં ભારતે ઉપરાઉપરી ત્રણ સીરીઝમાં વિજય મેળવ્યો હતો એ યશસ્વી ઘટના પછી ફરીથી આ એક વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. અલબત્ત, આ વિજયની ઉજવણીનો અને માનસન્માનનો અતિરેક એટલો બધો ન થવો જોઇએ કે એનો નશો આપણને ફરી પાછા પાછળ પાડી દે.

ગ્રેટ બ્રિટને બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપના કરી ત્યારથી એણે પોતાના સંસ્થાન દેશોમાં પોતાની ક્રિકેટની રમતને અતિશય લોકપ્રિય બનાવી દીધી હતી. આજે પણ ક્રિકેટની લોકપ્રિયતા રાષ્ટ્રસમૂહના દેશોમાં જેટલી છે, તેટલી અન્ય દેશોમાં નથી. પોતાની રાષ્ટ્રીય રમત હોવા છતાં બ્રિટન હંમેશા એમાં મોખરે જ રહ્યું હોય એવું બન્યું નથી, કારણ કે રાષ્ટ્રસમૂહના કેટલાક દેશોએ પણ ક્રિકેટને પોતાની રાષ્ટ્રીય રમત જેટલું પ્રાધાન્ય આપ્યું છે.

રાષ્ટ્રસમૂહના દેશો વચ્ચે વિશ્વકપ માટે આ મેચ રમાતી હતી ત્યારે દુનિયાના કરોડો લોકોએ પુષ્કળ સમય કાજલ પાડીને ઘેર બેઠાં ટી. વી. પર એ મેચ નિહાળી હતી, એ દર્શાવે છે કે આવી રસાકસીભરી મેચ નિહાળવા માટે લોકો કેટલા આતુર અને ઉત્સુક હોય છે. અલબત્ત, કેટલીકવાર એમાં અતિશય ઘેલછા અને સમયનો દુર્વ્યય પણ રહેલા હોય છે.

બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાના ઘણા દેશોમાં રમતગમતની પ્રવૃત્તિઓ માટે સભાનતા વધી છે. ક્રિકેટ ઉપરાંત હોકી, ફૂટબોલ, ટેનિસ, બેડમિન્ટન, જેવી રમતો માટેની વૈશ્વિક સ્પર્ધાઓમાં તથા તરવું, દોડવું, વ્યાયામના ખેલો ઇત્યાદિ ખેલકૂદની સ્પર્ધાઓમાં લોકો હવે પુષ્કળ રસ લેવા લાગ્યા છે. ઓલિમ્પિક સ્પર્ધાઓ માટે તો ઘણી વહેલી તૈયારીઓ થવા લાગે છે.

સોવિયેત યુનિયને ૧૯૧૭ ના ઓકટોબરની ક્રાંતિ પછી ખેડાળુ પ્રજાજીવનને જે એક નવો વળાંક આપ્યો, તેમાં રમતગમતની પ્રવૃત્તિનો ફાળો પણ ઘણો મોટો છે. યુવાનો તો કુદરતી રીતે જ રમતગમતમાં રસ ધરાવે, પણ પ્રૌઢો અને વૃદ્ધો પણ રોજે રોજની રમતગમતની પ્રવૃત્તિઓ ઉપરાંત વર્લ્ડ વેટરન ઓલિમ્પિકની સ્પર્ધાઓમાં ભાગ લેતા હોય છે તથા તેવી પ્રવૃત્તિઓને પ્રત્યક્ષ કે ટી. વી. પર નિહાળવા કે તેને વિષેના સમાચારો વાંચવામાં અને એની ચર્ચા કરવામાં પુષ્કળ સમય પસાર કરતા હોય છે. સોવિયેત યુનિયનને અનુસરીને યુરોપના બીજા સામ્યવાદી દેશોમાં પણ રમતગમતની પ્રવૃત્તિઓ જેટલી જોરદાર રીતે ચાલે છે અને સમગ્ર પ્રજાને જેટલો એનો નાદ લાગ્યો હોય છે તેટલો અન્યત્ર કદાચ જોવા નહિ મળે. જર્મનીના બે ભાગ થતાં પૂર્વ જર્મનીએ રમતગમતમાં જેટલી સિદ્ધિ હાંસલ કરી છે તેટલી પશ્ચિમ જર્મનીએ કરી નથી. સામ્યવાદ આવ્યા પછી બહુ ઓછાં વર્ષોમાં ચીને રમતગમતના ક્ષેત્રે જે પ્રગતિ કરી છે તે ભારત જેવા અતિ વસતિ-વાળા દેશને પણ શરમાવે એવી છે. સામ્યવાદી દેશોમાં જો ફરવાની તક મળે તો ત્યાંની પ્રજાને રમતગમતોનો અને ખેલકૂદનો કેટલો બધો રસોત્સાહ છે તેની પ્રત્યક્ષ પ્રતીતિ થાય.

રમતગમત દ્વારા સુદઢ શરીર અને સારી તંદુરસ્તી ઉપરાંત પ્રજામાં શિસ્ત, સંઘભાવના, ખેલદિલી, પ્રામાણિકતા, ફરજ બજાવવાની તત્પરતા, ઉત્સાહ વગેરે ગુણો કેળવાય છે. એ પણ એક મોટો લાભ છે. એટલે જ કોઈ પણ પ્રજાને વિશેષતઃ યુવા પેઢીને રમતગમતથી વંચિત રહેવું પરવડે નહિ.

માત્ર જો આંકડાની દૃષ્ટિએ જ વિચારીએ તો ભારતે પ્રુડેન્શિયલ કપ પ્રાપ્ત કર્યો, એ બહુ મોટી સિદ્ધિ ન ગણવી જોઇએ. ઇંગ્લેંડ, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોએ પોતાની વસતિના પ્રમાણમાં જેટલા ઉત્તમ ખેલાડીઓ ક્રિકેટના ક્ષેત્રે પેદા કર્યા છે તેથી દસ-બાર ગણા ખેલાડીઓ પેદા કરી શકાય એવી ક્ષમતા ભારત પાસે છે. ૮૦ કરોડ જેટલી વસતિમાંથી પંદરેક જેટલા સર્વોચ્ચ ખેલાડીઓ આપણે હંમેશને માટે જરૂર એવા મેળવી શકીએ કે જે ભારતને સતત વિજય અપાવી શકે. પરંતુ એમ બનતું નથી તેના ઘણાં કારણો છે. આર્થિક દૃષ્ટિએ ભારત પછાત છે. ખેલાડીઓને મળવી જોઇતી આર્થિક સુવિધા મળતી નથી. પ્રેકિટસ માટે મળવો જોઇતો સમય પણ બહુ ઓછાને પૂરા પ્રમાણમાં મળે છે. વળી, પસંદગીના ક્ષેત્રે ચાલતી પક્ષાપક્ષી, ઇર્ષ્યા, કલહ, વગેરે પણ એમાં અગત્યનો ભાગ ભજવે છે. ક્રિકેટ ઉપરાંત હોકી, ફૂટબોલ, બેડમિન્ટન, વગેરે માટેના રાજ્ય કક્ષાનાં અને કેન્દ્ર કક્ષાનાં બોર્ડ કે ફેડરેશનોમાં ભ્રષ્ટાચાર, પક્ષપાત, આંતરકલહ, ઇત્યાદિ એટલાં બધાં છે કે સરકાર દ્વારા ખર્ચાતાં પુષ્કળ નાણાંનો

લાલ ખેલાડીઓ સુધી જેટલો પહોંચતો જોઇએ તેટલો પહોંચતો નથી. પરિણામે પૂરતી તાલીમ અને પ્રોત્સાહનના અભાવે આપણા ખેલાડીઓએ પોતાની સિદ્ધિઓમાં જેટલું સાતત્ય જાળવવું જોઇએ તેટલું સાતત્ય તેઓ જાળવી શકતા નથી.

મિલ્ખાસિંગ (ઝડપી દોડ), માઇકલ ફરેરા (બિલિયર્ડ્‌ઝ), પ્રકાશ પદુકોણ (બેડમિન્ડન) જેવાં ભારતીય ખેલાડીઓએ કોઇ કોઇ વખત આંતરરાષ્ટ્રીય વિજય મેળવ્યા છે. પરંતુ બોર્ગ, મેકેનરો સ્ટીવ ઓવેટ સેબાસ્તિયન કો જેવાં ખેલાડીઓએ ઉપરાઉપરી આત્મવિશ્વાસપૂર્વક સતત આંતરરાષ્ટ્રીય ફત્તેહ મેળવી છે, એવી ભારતીય ખેલાડીઓએ જવલ્લે જ મેળવી છે. રમતગમત માટેનાં આપણાં ફેડરેશનોએ આ પ્રશ્નનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો ઘટે.

જ્યારથી ભારતીય પ્રજાને બ્રિટિશ લોકોએ ક્રિકેટનું ઘેલું લગાડ્યું છે ત્યારથી આપણી ભારતીય રમતો–કબ્બડી, ખો–ખો વગેરે પ્રત્યે દુર્લક્ષ સેવાયું છે. નહિ જેવા ખર્ચવાળી, શરીરને ખડતલ બનાવનારી અને ભાગ લેનાર તમામને સતત સક્રિય રાખનારી આપણી આ રમતોને સરકાર તરફથી પૂરતું પ્રોત્સાહન મળવાની આવશ્યકતા છે. પાશ્ચાત્ય દેશોનું દરેક રમતની બાબતમાં આંધળું અનુકરણ કરવા જેવું નથી. બોક્સિંગ જેવી પાશવી, ક્રૂર, અને જાનના જોખમવાળી રમતને તો જરા પણ પ્રોત્સાહન આપવા જેવું નથી. એને બદલે આપણી અખાડાની ઘસાતી જતી પ્રવૃત્તિઓને વધુ સક્રિય અને સજીવન કરવાની જરૂર છે. આમ પણ એકંદરે આપણી પ્રજાનું સરેરાશ સ્વાસ્થ્ય, આર્થિક અને બીજા કારણોને લીધે યુરોપ–અમેરિકા કે ચીન–જાપાનની પ્રજાઓ જેટલું સારું નથી. તે સારું કરવા માટે ઓછી ખર્ચાળ એવી આપણી વ્યાયામ વગેરે પ્રવૃત્તિઓને, કોરિયાની તાએ–કોન–ડોની પ્રવૃત્તિની જેમ, પ્રજાજીવનમાં ગૌરવભર્યું સ્થાન આપવાની જરૂર છે. સરકારી કક્ષાએ વિવિધ આકર્ષક સ્પર્ધાઓ દ્વારા એને જરૂર એવું ગૌરવભર્યું સ્થાન મળી શકે. આપણી શાળા કોલેજોમાં વ્યાયામના વર્ગો કેટલી યે વાર માત્ર કાગળ ઉપર જ ચાલતા હોય છે. એને ખુલ્લાં મેદાનોમાં લાવવામાં આવે અને ચીવટપૂર્વક તાલીમ અપાય તો સુદૃઢ સ્વાસ્થ્ય ઉપરાંત પ્રજામાં વિવિધ સદ્‌ગુણોનો કેળવાય, અને સરદાર પૃથ્વીસિંહ, ઝીણાભાઇ નાવિક કે નાથુરામ પહાડે જેવી અનેક વ્યક્તિઓનું ઘડતર કરી શકાય.

ભારત પાસે માનવસંપત્તિ અઢળક છે. ભારતની શરીરસંપત્તિ અઢળક ક્યારે થશે ?

# સ્વ. પૂ. લીલાવતીબાઈ મહાસતીજી

● રમણલાલ ચી. શાહ

પરમ પૂજ્ય મહાસતી શ્રી લીલાવતીબાઇ સ્વામી શનિવાર તા. ત્રીજી જુલાઇના રોજ રાત્રે પોણાબાર વાગે સુરેન્દ્રનગરમાં કાળધર્મ પામતાં જૈનસમાજને એક પરમ તેજસ્વી, બાળબ્રહ્મચારી, વિદુષી સાધ્વીજી મહારાજની ખોટ પડી છે.

તેમના કાળધર્મના સમાચાર તરત સમગ્ર સૌરાષ્ટ્રમાં તથા અમદાવાદ, મુંબઇ, કલકત્તા વગેરે સ્થળોએ ઝડપથી પ્રસરી ગયા. અને રવિવારે અનેક ઠેકાણેથી જૈન સંઘના આગેવાનો સુરેન્દ્રનગર આવી પહોંચ્યાં. બપોરે ત્રણ વાગ્યે એમની પાલખી નીકળવાનો સમય હતો, તે પહેલાં તો સ્થાનિક અને બહારગામના હજારો ભાવિકો સુરેન્દ્રનગરમાં તેમનાં અંતિમ દર્શન માટે ઉપાશ્રયે આવી પહોંચ્યા હતા. એ દિવસે ઠાંગઠાંમાં સ્થાનકવાસી મોટા સંઘના ઉપાશ્રયના નવા મકાનના ઉદ્‌ઘાટનનો પ્રસંગ હતો. મુંબઇથી ઘણા માણસો એ પ્રસંગે ઠાંગઠાં પહોંચ્યા હતા. પરંતુ ઉદ્‌ઘાટનનો પ્રસંગ સાદાઇથી પતાવી તેઓ સહુ સુરેન્દ્રનગર પહોંચી ગયા હતા. આ પ્રસંગે મારે પણ ઠાંગઠાં અને સુરેન્દ્રનગરમાં ઉપસ્થિત રહેવાનું બન્યું હતું.

હજારોની માનવમેદની વચ્ચે પૂ. લીલાવતીબાઇના પાર્થિવ દેહની અંતિમ સંસ્કારવિધિ કરવામાં આવી હતી.

સ્થાનકવાસી સંપ્રદાયમાં પૂ. લીલાવતીબાઇનો પ્રભાવ ઘણો મોટો રહ્યો હતો. લગભગ ૪૮ વર્ષના દીક્ષાપર્યાય દરમિયાન એમના હાથે ઘણાં મોટાં મોટાં કાર્યો થયાં છે અને સંખ્યાબંધ શ્રાવિકાઓએ દીક્ષા લીધી છે. પ. પૂ. મંજુલાબાઇ મહાસતીજી તથા પ. પૂ. મુક્તાબાઇ મહાસતીજી સહિત એમની શિષ્યાઓની સંખ્યા ૭૩ની છે, જેમાં પાંચેક તો યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ છે. (મારા વડીલ મિત્રશ્રી વાડીલાલ જેઠાલાની શાહની બે દીકરીઓ પૂ. મનીષાબાઇ તથા પૂ. પ્રિયદર્શનાબાઇ પણ એમની જ શિષ્યાઓ છે.) એક દીક્ષા તો પંદરેક દિવસ પછી આપવાનું ગોઠવવામાં આવ્યું હતું. પરંતુ તે પહેલા લીલાવતીબાઇ કાળધર્મ પામ્યાં. શિષ્યાઓનો આવડો મોટો સમુદાય બતાવે છે કે સમાજ ઉપર પૂ. લીલાવતીબાઇનો પ્રભાવ કેટલો બધો હતો.

પૂ. લીલાવતીબાઇજીનો જન્મ સં. ૧૯૭૫ના માગશર સુદ તેરસને રવિવારના રોજ બર્મામાં થયો હતો. નાનપણથી જ તેમનામાં વૈરાગ્યના સંસ્કાર પડેલા હતા અને ૧૮ વર્ષની ઉંમરે સં. ૧૯૯૨ના જેઠ સુદ અગિયારસને દિવસે તેમણે લીંબડી સંપ્રદાય (છ કોટિ) નાં પ. પૂ. દિવાળીબાઇ મહાસતીજી પાસે વાંકાનેર મુકામે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી. કડક ચારિત્ર્યપાલન, ઉત્તમ કોટિની જ્ઞાનની આરાધના, પ્રખર વ્યાખ્યાનશક્તિ વગેરે દ્વારા એમણે પોતાના સમુદાયમાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું હતું. એમણે સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઇ સુધીના વિહારો દરમિયાન પોતાનાં વ્યાખ્યાનો વડે અનેક લોકોને પ્રભાવિત કર્યા હતા. તેમનાં વ્યાખ્યાનોના કેટલાક સંગ્રહો પ્રગટ થયા છે. મુંબઇમાં એમણે કાંદાવાડી, માટુંગા, ઓરીવલી, ઘાટકોપર, દાદર, પાલેમાં એમ છ ચાતુર્માસ કર્યાં હતાં. તેઓ મુંબઇમાં પધાર્યાં ત્યારે તેમની સાથે ૨૧ શિષ્યાઓ હતી અને તેઓ મુંબઇથી છેલ્લે વિહાર કરીને ગયાં ત્યારે ૪૨ શિષ્યાઓ હતી. આ બતાવે છે કે એમનું પોતાનું જીવન મુમુક્ષુ આત્માઓને માટે કેટલું બધું પ્રેરક હતું ! માતા જેવાં અપાર વાત્સલ્યના કારણે એમની શિષ્યાઓને પણ એમનું સાન્નિધ્ય છોડવું ગમતું નહિ. તેઓ પોતે ચારિત્ર્યપાલનમાં અત્યંત કડક હતાં. મુંબઇ જેવા શહેરમાં ગોચરી વગેરે બાબતમાં ક્યારેક થોડી શિથિલતા આવી જવાનો સંભવ રહે, પરંતુ ત્યાં પણ તેઓ પોતે કડક પાલનના ચુસ્ત આગ્રહી રહ્યાં હતાં, અને તે માટે પોતાની શિષ્યાઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપતાં રહ્યાં હતાં.

મુંબઇમાં શ્રમણી વિદ્યાપીઠના પદવીદાન પ્રસંગે મારે એમને પ્રથમવાર મળવાનું થયું હતું ત્યારે એમની સાથેની વાતચીતની તથા એમના ઉચ્ચ વિચારોની મારા ચિત્ત ઉપર ઊંડી છાપ પડી હતી.

સ્વ. પૂ. લીલાવતીબાઇ મહાસતીજીના ભવ્યાત્માને અપાર શાંતિ હો અને ભાવાદરપૂર્ણ વંદના હો !

# જી. ડી. બિરલા: ઔદ્યોગિક ભારતના ઘડવૈયા

● વાડીલાલ ડગલી

ઘનશ્યામદાસજી બિરલા જૂન ૧૧, ૧૯૮૩ને દિવસે ૮૯ વર્ષની પાકટ વયે લંડનમાં અવસાન પામ્યા. તેઓ ભારતની આર્થિક સ્વતંત્રતાનું એક જાજ્વલ્યમાન પ્રતીક હતા. શ્રી જી. ડી. બિરલાના જીવનમાં ભારતીય પ્રજાનું નીડર વ્યાપારી સાહસ પ્રતિબિંબિત થતું હતું. ઘનશ્યામદાસજીએ કેવળ એક સામાન્ય દલાલ તરીકે જીવનનો પ્રારંભ કર્યો હતો. પણ આ સદીનાં પ્રારંભનાં વર્ષોમાં ભારતના બ્રિટિશ વહીવટદારો કરતાંય વધુ સામ્રાજ્યવાદી એવા ઉદ્ધત બ્રિટિશ વેપારીઓએ એમનું અપમાન કર્યું તેથી તેમણે નિર્ણય કર્યો કે વેપાર છોડી ઉદ્યોગો સ્થાપવા.

બ્રિટિશ વેપારીઓ સામ્રાજ્યવાદી સત્તાની બેયોનેટની મદદથી એકઠી કરેલી દોલતનો ઘમંડ હંમેશાં વ્યકત કરતા હતા. ઘનશ્યામદાસજીએ આ ઘમંડ સામે પડકાર ફેંકયો અને ભારતના આર્થિક ઇતિહાસની દિશા પલટાવી નાંખી. જમશેદજી તાતા અને વાલચંદ હીરાચંદે આઝાદી પૂર્વે જે ઔદ્યોગિક સાહસ બતાવ્યું અને જે ભગીરથ કાર્ય કર્યું તેવું જ ઘનશ્યામદાસજીએ આઝાદી પછીના યુગમાં કર્યું. તેમના બે પુરોગામીઓએ પાડેલી પરંપરાને ઘનશ્યામદાસજીએ પોતાના દેશપ્રેમથી ભરેલા અને આશાવાદી વ્યકિતત્વથી દૃઢ કરી એક ગુલામ અને પછાત અર્થતંત્રનું, સ્વતંત્ર દેશના સ્વાવલંબી ઔદ્યોગિક અર્થતંત્રમાં જે રૂપાંતર થયું તેનું પ્રતીક ઘનશ્યામદાસજીનું જીવન હતું. ભારતીય ઉદ્યોગો સ્થાપવા માટેના એમના પુરૂષાર્થમાં બ્રિટિશ વેપારીવર્ગે ઘણાં વિઘ્નો નાખ્યાં હતાં પણ અગાઉ જમશેદજી તાતા અને વાલચંદ હીરાચંદે કરેલું તેમ ઘનશ્યામદાસજી તસુ તસુએ લડયા. તેઓ સાધારણ સુખી કુટુંબમાં જન્મેલા. કિશોર વયમાં એમણે સામાન્ય દલાલ તરીકે જિંદગી શરૂ કરી અને તેઓ એક બ્રિટિશ કંપનીના મેનેજરની ઓફિસમાં એક ખૂણામાં શાંતિથી બેસતા અને સાહેબ બોલાવે તેની રાહ જોયા કરતા.

## આર્થિક રંગદ્વેષ

ગુલામ ભારતમાં આર્થિક રંગદ્વેષ હતો. ભારતીય અને અંગ્રેજ દલાલો માટે બેસવાની અલગ પાટલીઓ હતા. જેમ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાના અક રેલવના ડબ્બામા સર્વવ્યાપી રંગદ્વેષ માટે બળવા કર્યા તેમ ઘનશ્યામદાસજી બિરલાએ તેમની પોતાની ભૂમિમા આર્થિક રંગદ્વેષ સામે વિદ્રોહ કર્યો. એકવાર તેઓએ અક બ્રિટીશ મનજર સાથે મુલાકાત નકકી કરેલી અન તે સાહબ પાતાન બોલાવ તેના રાહ જોતા હતા. એકાએક તમન વેઇટિંગ રૂમમાંથા બહાર જતા રહેવાનું કહેવામાં આવ્યું. સંભવ છે કે કોઇ બ્રિટીશ દલાલ એ ખંડમાં દાખલ થયા હશે. ઘનશ્યામદાસજીને ઊંડો ઘા લાગ્યો. તેઓ ત્યાંથી બહાર નીકળી ગયા અને તેમણે એ બ્રિટિશ વેપારી કંપનીમાં ફરી પગ ન મૂકવાની પ્રતિજ્ઞા કરી.

આ બનાવે એમને પ્રતીતિ કરાવી દીધી કે જો પોતે ઉદ્યોગો ઊભા નહિ કરે તો પોતાનું સ્વમાન કદી સાચવી શકાશે નહિ. પણ જ્યારે બેન્કો, વીમા કંપનીઓ, વહાણવટાની કંપનીઓ અને ઊર્જાનું એકમાત્ર સાધન કોલસો સંપૂર્ણપણે બ્રિટિશ વેપારીઓના અંકુશ નીચે હોય ત્યારે ઉદ્યોગ કેવી રીતે શરૂ કરવો? એમણે ઉદ્યોગ ચલાવવાનું શિક્ષણ મેળવવાની દૃષ્ટિએ દિલ્હીની નજીકમાં એક સુતરાઉ કાપડની મિલ ખરીદી. ૧૯૧૮ માં જ્યારે તેઓ ફકત ૨૪ વર્ષની ઉંમરના હતા ત્યારે એમણે એક આશ્ચર્યકારક નિર્ણય લીધો—એક શણની અને બીજી કાપડની એમ બે મિલો શરૂ કરવાનો. એમણે શેરો કાઢયા. એ શેરો ધાર્યા કરતાં વધુ ભરાયા અને તે એટલી હદે કે બ્રિટિશ વેપારી વર્ગ ગભરાટમાં પડી ગયો.

બ્રિટિશ વેપારીઓ તરફથી વળતો આર્થિક ફટકો તરત જ આવી પડયો. આંતરિક જળ પરિવહનના દર બિરલા માટે એકાએક આસમાને પહોંચાડવામાં આવ્યા. તે વખતે ધીરાણ ઉપર ઇમ્પીરિયલ બેન્કનો અંકુશ હતો અને એ બેન્ક બ્રિટિશ વેપારી વર્ગ કરતાં પણ વધુ બ્રિટિશ હતી. એટલે ઇમ્પીરિયલ બેન્કે બિરલાની કંપનીઓને રોજિંદા કામકાજ માટેની મૂડી (વર્કીંગ કેપિટલ) આપવાનો ઇન્કાર કર્યો. ઘનશ્યામદાસજીએ એક બ્રિટિશ દલાલ મિત્રની મદદ લીધી. ઇમ્પીરિયલ બેન્કે અમુક કિંમત માગીને નમતું મૂકયું. બેન્ક બે નવી બિરલા કંપનીઓને વર્કિંગ કેપિટલ આપશે, પણ તેની ઉપરના વ્યાજનો દર બ્રિટિશ ઉદ્યોગો પરના વ્યાજના દર કરતાં ઘણો વધારે રહેશે.

## આર્થિક સ્વાતંત્ર્યયુદ્ધ

ઘનશ્યામદાસજીનો નિર્ણય ફકત એક શણની મિલ કે કાપડ મિલની સ્થાપના માટેનો જ નહોતો. એ તો આર્થિક સ્વતંત્રતા માટેના એક ભગીરથ યુધ્ધનો પ્રારંભ હતો. જે યુવાન દલાલને એક કાપડની મિલ અને એક શણની મિલ શરૂ કરતો અટકાવવા માટે નિષ્ફળ પ્રયત્ન થયો હતો તેણે ભારતને દુનિયાના ઔદ્યોગિક નકશા ઉપર મૂકવામાં સફળતા પ્રાપ્ત કરી. તેણે દેશમાં પોતાના લગભગ સાત દાયકાની ઉદ્યોગપતિ તરીકેની કારકિર્દીમા કાગળ, રેયોન, સુતરાઉ કાપડ, શણ, વહાણવટું, એલ્યુમેનિયમ અને મોટરના ઉદ્યોગો સફળતાપૂર્વક શરૂ કર્યા. એમણે ભારતને દુનિયાના ઔદ્યોગિક નકશા ઉપર મૂકયું એટલું જ નહિ પણ આફ્રિકા અને અગ્નિ એશિયામાં ભારતીય કંપનીઓ દ્વારા ઉદ્યોગો સ્થાપવાનો પણ પ્રારંભ કર્યો. આ રીતે ઘનશ્યામદાસજીએ પરદેશમાં ભારતીય ઉદ્યોગ-વીરોની શકિત માટે છાતી ફૂલે તેવું માન પ્રગટાવ્યું.

હું ઘનશ્યામદાસજીના નિકટ પરિચયનો દાવો કરી શકું તેમ નથી. પણ જ્યારે જ્યારે હું એમને મળતો ત્યારે એમના વ્યકિતત્વના જે એક લક્ષણનો મને ચેપ લાગતો તે તેમના અદમ્ય આશાવાદ હતો. તેઓ આશાથી ઊભરાતા હતા. તેઓ કદી નિરાશાવાદી કચકચ કરતા નહિ. તેઓ હંમેશાં રસ્તો ચીંધતા. એક ભારતીય ઉદ્યોગપતિ તરીકેનું અભિમાન તેઓ ધરાવતા હતા. એમને ભારતના ઔદ્યોગિક ભાવિમાં શ્રદ્ધા હતી અને તેમની સાથે બે-પાંચ મિનિટ વાત કરનાર માણસ પણ ભારતના આર્થિક ભાવિમાં એમના જેવી જ શ્રદ્ધા લઇને ઓરડાની બહાર નીકળતો.

૧૯૬૦ના દાયકાનાં પાછલાં વર્ષોમાં મંદીના દિવસો હતા. ત્યારે કેટલીક ઇજનેરી કોલેજોએ હવે ઓછા ઇજનેરોની જરૂર પડશે એમ કહીને ઇજનેરી કોલેજોમાં જગ્યાઓની સંખ્યા ઘટાડી નાખી. 'કોમર્સ' અઠવાડિકે આ પગલાને ટૂંકી દૃષ્ટિનું અને રાષ્ટ્રવિરોધી ગણાવી તેની ઉપર પ્રહારો કર્યા.

અમે એવી દલીલ કરી કે મંદી તો એક કામચલાઉ ઘટના છે, અને જ્યારે ઉદ્યોગ ફરીવાર એની ઊર્ધ્વગામી સફર શરૂ કરશે ત્યારે આપણને વધુ ઇજનેરોની જરૂર પડશે,

તે આપણે પરદેશથી ઇજનેરો આયાત કરીશું ? અમે એમ પણ દલીલ કરી કે ભારતના જ ઉદ્યોગની અને ખેતીની નહિ પણ પાડોશી દેશોની જરૂરિયાતોને પણ પહોંચીવળવા માટે ભારતની ઇજનેરી કૉલેજોની ક્ષમતા સારા પ્રમાણમાં વિસ્તૃત કરવી જોઇએ. ધનશ્યામદાસજીએ આ લેખ જોઇને મને લખ્યું. 'ભગવાન તમારું ભલું કરે, હું તમારી ભાવનાની પ્રશંસા કરું છું.' પછીથી જ્યારે હું તેમને મળ્યો ત્યારે એમણે મને કહ્યું : 'તમારી ટીકા મોળી હતી. ઇજનેરો અને બીજાઓના ઉત્પાદનની બાબતમાં હંમેશાં માંગ કરતાં બહુ જ આગળ રહેવું જોઇએ.'

## માલ પેદા કરે તે ટેકનોલોજી

ધનશ્યામદાસજીના વ્યક્તિત્વના બીજા જે પાસાએ મને આકર્ષ્યો તે હતું ભારતના ઉદ્યોગીકરણ પ્રત્યે એમનો વિચારસરણીમુક્ત અભિગમ. એ અર્થમાં તેઓ બીજા વિશ્વયુદ્ધ સમયના ચર્ચિલ જેવા હતા. તેઓ યુદ્ધ જીતવા માટે સેતાનની પણ મદદ લેવા તત્પર હતા. ૧૯૫૦ ના દાયકાની શરૂઆતમાં એકવાર એમણે પત્રકારોને એવું કહીને ચમકાવી દીધેલા કે પોતે નવી સૂક્ષ્મ પ્રકારની ટેકનોલોજી અને જૂનવાણી ટેકનોલોજી વિષેનો વિવાદ સમજી શકતા નથી. ભારતને તત્કાળ તો કેપિટલ ગૂડ્ઝની જરૂર છે. પછી એમણે શાંતિથી એક વાત કહી : 'યુદ્ધ પછી તરત મેં એક રશિયન મશીન આયાત કર્યું હતું. એ સારું કામ આપે છે. માલ ઉત્પન્ન કરે છે. આ યંત્રની ટેકનોલોજી અત્યંત આધુનિક છે કે જૂનવાણી છે એની મને બિલકુલ પરવા નથી. એ યંત્ર મારા દેશ માટે માલ ઉત્પન્ન કરે છે એ એક જ ગણતરી મારે માટે પ્રસ્તુત છે.'

જાહેર ક્ષેત્ર અને સરકારની આર્થિક નીતિઓ પ્રત્યેનું એમનું વલણ પણ વ્યવહારુ હતું. એકવાર એમણે ઉદ્યોગપતિઓની પરિષદમાં કહેલું : 'હવે એવો વખત આવી પહોંચ્યો છે જ્યારે આપણે વેપારી લોકોએ સરકારની ટીકા કરવાને બદલે પરિસ્થિતિનો અભ્યાસ કરવો જોઇએ અને આપણા પોતાના કળિયામાં અને સરકાર સમક્ષ પણ કંઇક રચનાત્મક વસ્તુ મૂકવી જોઇએ.'

ધનશ્યામદાસજીના સ્વભાવનું આ તત્ત્વ કદાચ ગાંધીજી અને સરદાર પટેલ સાથેના ગાઢ સંબંધથી વધુ દૃઢ બન્યું હશે. ગાંધીજીને માટે તેઓ પુત્ર કરતાંય વધુ હતા અને સરદાર પટેલના તેઓ એક વિશ્વાસપાત્ર મિત્ર હતા. તેમની સલાહનું ઊંચું મૂલ્ય આંકતા ગાંધીજી અને સરદાર સાથેના એમના સંબંધને લીધે બ્રિટિશ સરકારના મનમાં શંકા ઉત્પન્ન થતી. તેઓ રાષ્ટ્રવાદી ચળવળને ભંડોળ પૂરું પાડતા હતા એવી તેમની ઉપર શંકા હતી. તેમણે સ્વતંત્રતાની લડતમાં કદી સક્રિય ભાગ લીધો નહોતો. પણ ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિયપણે સામેલ થયા હતા. ગાંધીજી અને સરદાર સાથેના તેમના સંબંધને લીધે તેમની પુષ્કળ રાજકીય વગ હતી. જવાહરલાલજી સાથે તેમનો સંબંધ ગાઢ ન હતો. પણ આઝાદી પહેલાં બ્રિટિશ સરકાર અને રાષ્ટ્રવાદી આંદોલન વચ્ચે તથા આઝાદી પછી વેપારી વર્ગ અને સરકાર વચ્ચે તેઓ સેતુની ભૂમિકા ભજવતાં. આ જ ભૂમિકાએ તેમને પ્રતિષ્ઠા અને બળ બન્ને આપ્યાં. એ બળનો તેમણે ભારતીય અર્થતંત્રના ઔદ્યોગિક પાયાને દૃઢ બનાવવામાં ઉપયોગ કર્યો.

## સામ્યવાદીઓ સાથે પણ

૬૦ દેશમાં એમને એવી અચળ શ્રદ્ધા હતી અને ભારતના ભાવિ વિષે તેમની આશા એટલી જીવંત હતી કે કેરળમાં, જ્યાં સામ્યવાદીઓ સત્તા પર હતા ત્યાં, પણ મેવૂર માટે વાંસમાંથી પલ્પ બનાવવા માટેનું ઔદ્યોગિક કારખાનું નાખવા જવામાં એમને સંકોચ ન થયો. ધનશ્યામદાસજી બિરલા જેવા એક મૂડીવાદીએ કેરળ જવાનું પસંદ કર્યું તેની સામે ઘણાય લોકોનાં ભવાં ચડ્યાં હતાં. પણ જી. ડી. બિરલા માટે આ એક સ્વાભાવિક નિર્ણય હતો. તેઓ કદી ટૂંકા ગાળાની દૃષ્ટિએ જોતા નહિ. ભારતને ઔદ્યોગિક બનાવવાનાં તેમનાં સ્વપ્નોને કોઈ પણ પ્રકારની વિચારસરણીની દીવાલ નડતી નહોતી.

૧૨ વર્ષની વયે જિંદગીનો પ્રારંભ કરનાર અને સંપૂર્ણપણે સ્વયંશિક્ષિત શ્રી બિરલા શિક્ષણના પ્રસાર માટે દાન આપવામાં હંમેશાં ઉદાર હતા. પિલાણીનું શૈક્ષણિક સંકુલ અને દેશભરમાં ફેલાયેલી વિવિધ શિક્ષણસંસ્થાઓ, ટેકનિકલ અને વ્યવસ્થાપકીય શિક્ષણનો પ્રસાર કરવાના તેમના સ્વપ્નશીલ ઉત્સાહથી સ્થપાઇ હતી. એમણે એકવાર કહેલું : 'પૈસો મેળવવો સહેલો છે, પણ યોગ્ય રીતે ખર્ચવો મુશ્કેલ છે.' ધનશ્યામદાસજીએ પોતાનો પૈસો યોગ્ય રીતે ખર્ચ્યો એટલું જ નહિ પણ પોતાના જીવનની પળેપળનો હિસાબ આપ્યો.— એવું જીવન, જે આર્થિક દેશભક્તિનો પર્યાય બની ગયું હતું.

# લોકસાહિત્યમાં વાદ્યોના ઉલ્લેખો

ડૉ. તનસુખ ભટ્ટ

પરબ્રહ્મ વસ્તુ સ્વભાવે શૂન્ય અને સ્પન્દન વિનાનું, કેન્દ્રમાં રહેલા બિન્દુ જેવું તત્ત્વ છે સચ્ચિદાનંદ તત્ત્વ. જ્યાં ઘનીભાવ પામે છે ત્યાં શૂન્યબિન્દુ જાગે છે. તેનું બીજું નામ કારણબિન્દુ છે. આ કારણબિન્દુ ભેદાતાં જે નાદકલા જન્મે છે તે ધ્વનિ છે. તે જ ઓંકાર છે. આમ ધ્વનની-સંગીતની-ઉત્પત્તિ સૃષ્ટિની પૂર્વે જ થઇ છે.

નિરાકાર બ્રહ્મ સાકાર બનતાં તે બ્રહ્મા તરીકે સૃષ્ટિની ઉત્પત્તિ, વિષ્ણુ તરીકે સ્થિતિ અને રુદ્ર તરીકે લય કરે છે. વિષ્ણુનું ચિહ્ન શંખ અને રુદ્રનું ચિહ્ન ડમરુ છે. બંને વાદ્યો છે, પરબ્રહ્મને શક્તિ માનીને ઉપાસના કરવામાં આવે ત્યારે તે સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગા તરીકે પૂજાય છે, સરસ્વતી માટે 'વીણાવરદંડમંડિતકરા' તથા 'વીણાપુસ્તકધારિણી' વિશેષણો વપરાયા છે.

ઇશ્વરે પ્રકૃતિના સત્ત્વગુણમાંથી દેવોની ઉત્પત્તિ કરી. તેમાં દેવર્ષિ નારદ વીણાધારી છે. ગંધર્વો ગાયક અને અપ્સરાઓ નર્તિકા મનાય છે. ગંધર્વોમાં હાહા અને હૂહૂ નામના બે સુપ્રસિદ્ધ ગવૈયાઓ છે, તેઓ આલાપો ઉપરથી જ પોતાનાં નામાભિધાન પામ્યા જણાય છે.

માનવજગતની આદિમ અવસ્થામાં શૃંગાર અને વીર આ બે રસ પ્રમુખ હોય છે. લડાઇમાં વીરરસને ઉત્તેજવા વાદ્યોનો ઉપયોગ અતિ પ્રાચીન કાળથી જ થતો આવ્યો છે. તેમાં મુખ્યત્વે ઢોલ અને રણશીંગાં આગળ પડતાં ગણાય. ભગવદ્ ગીતાના આરંભે યુદ્ધવાદ્યોનાં નામો આપી વ્યાસ મુનિ કહે છે : 'પછી શંખો, નગારાં, મૃદંગ, ઢોલ તથા રણશીંગા તુરત જ વાગવા લાગ્યાં, જેથી તે અવાજ ઘણો મોટો થયો.'

મહાભારતના વીરોના શંખોનાં વિવિધ નામો હતાં. વ્યાસ મુનિ કહે છે : 'શ્રીકૃષ્ણે પાંચજન્ય, અર્જુને દેવદત્ત, ભીમે પૌંડ્ર, યુધિષ્ઠિરે અનંતવિજય, નકુલે સુઘોષ તથા સહદેવે

મણિપુષ્પક નામના શંખો વગાડ્યા. આકાશ અને પૃથ્વીને ગજાવતા તે ભયાનક નાદે કૌરવોનાં હૃદયોને ચીરી નાખ્યાં.'

રામાયણમાં લવ અને કુશ રામે કરેલા યજ્ઞમાં આવીને વીણા સાથે વાલ્મીકિકવિનું રચેલું રામાયણ ગાય છે તેવો ઉલ્લેખ છે. કાલિદાસ મૃદંગ ઉપર પડતી થાપીને વર્ણવતાં કહે છે કે 'મયૂરના અવાજને મળતી માર્જાના મનને નશો ચડાવે છે.' તેની યક્ષપત્ની વીણામાં નિષ્ણાત છે. ભાસકવિનો વત્સરાજ ઉત્તમ વીણાવાદક છે અને કદાચ તેથી આકર્ષાઈને પ્રદ્યોત ચંડમહાસેન પોતાની પુત્રી વાસવદત્તા તેને પરણાવે છે. બાણભટ્ટની તપસ્વિની મહાશ્વેતા એવી વીણા વગાડે છે કે જાણે ભ્રમરો, ગુંજન કરતો હોય! જયદેવ તો સંગીતમાં પારંગત છે. તે ગીત ગોવિંદના દરેક સર્ગના આરંભે રાગનું અને તાલનું નામ આપે છે, તાલનું નામ મૃદંગવાદક માટે જ હોય.

રાજદરબારોમાં અને મંદિરોમાં ચોઘડિયાં વાગતાં. કોટયધિપતિ શ્રીમંતોને પોતાના ભવનો ઉપર ધ્વજા ઉડાડવાનો અને ચોઘડિયાં અથવા અન્ય વાદ્યો સમયે સમયે વગાડવાનો અધિકાર હતો. રબારી ભરવાડો જેવી પશુપાલક કોમો ઢોર ચરાવતાં વનનું એકાંત ભૂલવા માટે પાવો વગાડે છે.

મોગલ રાજ્યમાં સંગીતને ઉત્તેજન મળ્યું. મૃદંગના, વચ્ચેથી બે કટકા કરીને, તબલાં બનાવવામાં આવ્યાં. વાદ્યોનાં અનેક મુસલમાની નામો જોવામાં આવે છે. બીન, રબાબ, તાઉસ, મિઝરાબ, દિલરુબા જેવાં નામો હજી પ્રચલિત છે મુસલમાન ઉસ્તાદોએ ગાયકોમાં અને સાજમાં ઊંચેરો રાખ્યો છે એમ કહીએ તો અસત્યકથન નહિ થાય.

સંગીતના સંસ્કૃત ગ્રંથોમાં વાદ્યોના ચાર પ્રકારો ગણાવ્યા છે. (૧) તત (૨) સુષિર (૩) ઘન (૪) આનદ્ધ-તત એટલે વીણા–સત્તાર જેવાં તંતુવાદ્ય–સુષિર એટલે શંખ, ભૂંગળ, રણશીંગા જેવાં વાયુવાદ્ય.–ઘન એટલે ઝાંઝ, મંજીરાં, કરતાલ જેવાં ધાતુવાદ્ય. આનદ્ધ એટલે થાપીથી કે દાંડીથી વાગતાં તબલાં, મૃદંગ, ઢોલ જેવાં ચર્મવાદ્ય.

ગ્રામીણ લોકજીવન માનવજીવનનાં ઘણાં ક્ષેત્રોનું ઊંડું ખેડાણ કરતું નથી પરંતુ તેમનો સ્પર્શ તો અવશ્ય કરે જ છે. ત્યાં સંસ્કૃત કે અંગ્રેજી જેવી સુસંસ્કારી, પૂર્ણતાની છાપ પાડનારી ભાષા નથી. તેમ શોધક બુદ્ધિના પરમ ઉત્કર્ષ જેવાં જળયાનો, સ્થળયાનો, વાયુયાનો કે ક્ષેપકયાનો નથી, ત્યાં અનેક વિદ્યાઓ અને કલાકૌશલ્યો તેની પ્રાથમિક અવસ્થામાં હજારો વરસોથી જેમનાં તેમ પડયાં છે. ત્યાં નથી પણ મિલ્ટન માનડો છે, ત્યાં શેક્સપિયર નથી પણ શંભુચેલો છે. ત્યાં કીટ્સ નથી પણ કાગ છે, ત્યાં કાળિદાસ નથી પણ કાળો મરમલ છે, ત્યાં ગણકયંત્ર નથી પણ આંકલેખાં છે, બોલપેન નથી પણ વતરણાં છે, એનસાઇકલોપીડિયા નથી પણ સંસારચોપડી છે. પિયાનો નથી પણ રામસાગર છે, વાયોલિન નથી પણ રાવણહથ્થો છે, સિમ્ફની નથી પણ સોરઠા છે.

ગ્રામીણ લોકજીવનમાં કૃષિવિદ્યા, વસ્ત્રવિદ્યા, સુતારીકામ, લુહારકામ મોચીકામ, ચમારકામ, જેવી વ્યવહારુ વિદ્યાઓ છે. તેમાં ભડલીવાકય જેવું વાયુચક્રશાસ્ત્ર છે. અડધા ડઝન નક્ષત્રોનાં નામો જાણવા પૂરતું આકાશ જ્યોતિષ છે, રેણય (રોહિણી) મરગશર (મૃગશીર્ષ) આડદરા (આર્દ્રા) હાથિયો (હસ્ત) જેવાં નક્ષત્રનામો દરેક બેહૂદ જાણે છે. તેનાં ઉત્તમ કાવ્યો એટલે દુહા–સોરઠાબદ્ધ કથાકાવ્યો, તેની નવલિકાઓ એટલે સૌરાષ્ટ્રની રસધારમાં છે તેવી વાર્તાઓ, તેનું ઉત્તમ સંગીત એટલે ભજનો, ધોળ, લગ્નગીત. સરજુ નામનું માત્ર સ્વરાત્મક, માત્ર આલાપાત્મક, શબ્દરહિત સંગીત, તે તેના ભરવાડોનું ધન છે. તેના નૃત્યમાં પુરુષો ગરબી અને સ્ત્રીઓ ગરબા લે છે, દાંડિયારાસ ઉભયલિંગી છે. ગ્રામીણ પ્રજામાં કાવ્ય ને સંગીત કંઠમાં, ચિત્ર ભીંતો ઉપર અને વસ્ત્રોમાં, શિલ્પ મંદિરોમાં અને સ્થાપત્ય વાવકૂવા, મંદિરો તથા કોટકિલ્લામાં છે. હરિજનો જેવી ઉપેક્ષિત કોમમાં ભક્તિયોગ, મંત્રયોગ, હઠયોગ ને રાજયોગ પ્રચલિત છે. ડાકણો નામે ઓળખાતી સ્ત્રીઓમાં મેલી વિદ્યા અર્થાત્ તંત્ર વિદ્યા છે. મૂઠ મારનારા મરદોમાં પણ મેલી વિદ્યા છે. સાપનું ઝેર ઉતારનારાઓ મંત્રવિદ્યાનો પ્રયોગ કરે છે. પરચાઓ (યોગસિદ્ધિઓ) સાધુસંતોની અને મહાત્માઓની લાયકાત કે કસોટી ગણાય છે. તેનો બહુ મોટો મહિમા છે. આવું સંકુલ છતાં લોકજીવન ઉપર ચોટિયું છે.

આ લેખમાં પાંચ લલિતકલાઓ (કાવ્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય) માંથી એક સંગીત કલાનો જ ઇશારો કરવાનો ઇરાદો રાખ્યો છે. સંગીતમાં પણ ગીત, નૃત્ય તથા વાદ્ય એમ ત્રણ શાખાઓ છે. તેમાંથી વાદ્યશાખાનો ઉલ્લેખ લોકસાહિત્યમાં દર્શાવવાનો ઇરાદો છે. તેમાં દોકડ (તબલાં) તથા રાવણ હથ્થો (ઘુઘરિયાળી કામડીવાળી નાની સારંગી–હસ્તી સારંગી) આ બેના ઉલ્લેખો મને લોકકાવ્યોમાં મળી શકયા નથી, બીજા વાદ્યોના ઉલ્લેખો આમ છે :–

(૧) મેહુલો ગાજે ને માધવ નાચે, રુમઝુમ વાગે પાય ઘુઘલડી
**તાલ, પખાજ** વગાડે રે ગોપી,
કૃષ્ણ વગાડે વેણુ **વાંસલડી**

(૨) ઘેર પધાર્યા હરિજશ ગાતા, વાતા **તાળ, મૃદંગ** ને **શંખ**
હસી હસી નાગર તાળીઓ લે છે, આ શારે બ્રાહ્મણના ઢંગ?

(૩) રામનામ ધન અમારે વાજે ને ગાજે
છપ્પન ઉપર **ભેર, ભેરી,** ભૂંગળ વાજે–

(૪) **મોરલીના** નાદમાં, શ્રવણના સાદમાં
**ઝાંઝરી, ઝાલરી,** ડમક વાજે;
**તાલ, મૃદંગ** ને **ચંગ** ઉપમા ઘણા
ભેરીનો નાદ બ્રહ્માંડ ગાજે.

(૫) રવિરામ રણુંકાર, નામકી **નોબત** ગડી

(૬) ચરણદાસ નિરગુણ, હરિદાસ **શંખ** બજાવે.

(૭) કોઈ જુઓને ગગનાં હેરી, બજે **બંસરી** ગહેરી

(૮) ગડગડ ગડગડ ગગનાં બાજે, બાજે અનહદ **તૂરાં**

(૯) બોલે છે માંઇ **એકતારો એકતારો**
માંઇ હેરે હેરણહારો

(૧૦) મંત્ર સજીવન શ્રવણે સાંભળિયો
માંહી **મોરલી** મધુરી ધૂન વાગીરે,

(૧૧) ઘડી ઘડીનાં **ઘડિયાળાં** વાગે
વાગે છત્રીશી રાગ શીની;
ઝળકત મોલ ને ઝરુખે જળિયાં
**ઝાલરી** વાગી ઝીણી ઝીણી,

(૧૨) સત નામનો **સંતાર** લીધો, ગુણ તખત પર ગાયો
લખીરામચરણે કરમણ બોલ્યા, ગુરુએ ગુપત પિયાલો પાયો,

(૧૩) પાંચ તંતરા બન્યા **તંબૂરા** ખૂંટ લગાયા તીન ગુનકા,

(૧૪) **ઢોલ ત્રંબાળું** ઝુશેક વાગે, વારૂં ચડી છે હજાર,

(૧૫) કાંધ **રવાજ** કરી, ગઢપત કોઇ ગાયો નહિ;
થાપી! ધ્યાન ધરી, મોહન લડાવ્યો તેં મીઠિયા!

(૧૬) દિન આંબલીએ ડાયરા **કાંસીરા** ઠણકા થાય
તણ પાદશાહી જગા તણા, જીવણ મોલ જમાય,

(૧૭) કે **દાદર** કે **ડાંકલા,** કે પૂંજે પાખાણુ;
(પણ) રાત ન ભાંગે રાણ! કમણે કસ્યપરાઉત!

(૧૮) ક્રાકલપુરની **ઢેલડી,** બરવાળાનો **મોર**

હાથી આવે ઝુલતા, શરણાયું'ના શોર.
(૧૯) લાદા ત'બુ લૂંટિયા, નગારાં ને નિસાણ
મોયેં હરમત મૂળવેા, ખાંડેા હાથ ખુમાણ.
(૨૦) ઘડીનાં ઘડિયાળાં, છત્રપતિ ચેત્યા નહિ.
માથે મેાતવાળાં, ગડે દદામાં દાદવા!

(૨૧) જ'તર મેાટે તુંબડે, બત્રીસે ગમે,
છત્રીશ લાવણ રમે, વીજાણું દને ટેરવે,
(૨૨) ત'બુરાની તાંત વાગી, ભગત ભેળા થાય
(૨૩) તૂટયેા મારા ત'બૂરાને। તાર, ભજન અધૂરું ભગવાનનું
(૨૪) તનમય ત'બૂરેા રે, તુંહિતુંહિ બેાલે છે એકતાર

# 'જૈન સેાશ્યલ ગ્રુપ' આંતરરાષ્ટ્રીય બને છે.

ગણપતલાલ મ. ઝવેરી

ભારતથી હજારેા માઇલ દૂર આંગ્લભૂમિમાં જૈન સેાશ્યલ ગ્રુપ રૂપી શતદળ કમળની ઉભી પાંખડી લંડનમાં ખીલે છે, અને આ રીતે ભારત અને બ્રિટન વચ્ચે સદ્ધર્મ, સ્નેહ અને સૌજન્યના પાયા ઉપર જૈન સેાશ્યલ ગ્રુપેાનેા મંગળમય સેતુ રચાય છે.

ભારતમાં જેનું મૂળ હેાય અને જેની ૩૬ જેટલી શાખાએા હેાય, એવી સંપ્રદાયવાદ અને ફિરકાવાદથી પર કેાઇ જૈન સંસ્થા ગ્રેટબ્રિટનનાં પાટનગર લંડનમાં સ્થપાય એ પ્રસંગ જૈન જગતમાં કદાચ एकं एव अद्वैतीयम् હશે.

તદનુસાર, રવિવાર તા. ૨૧-૫-૮૩ની શુભ સંધ્યાએ લંડન સ્થિત ભારતીય વિદ્યાભવનના સુંદર સભાગૃહમાં જૈ. સેા. ગ્રુપ લંડનના માંડવે સ્નેહાતિથ્યના લીલાં તેારણ બંધાયાં અને હર્ષોલ્લાસનું વાતાવરણ સર્જાયું. તે અવસરે, ખાસ આ પ્રસંગ નિમિત્તે ભારતથી પધારેલ ૩૨ જેટલા મહેમાન સભ્યેા, લંડન-ઇંગ્લંડના પ્રતિષ્ઠિત આમંત્રિત નાગરિકેા અને લંડન ગ્રુપના યુગલ સભ્યેાની ભરચક હાજરીમાં આરંભાય છે મંગલ ઉદ્ઘાટન વિધિ.

સૌ પ્રથમ, સ્થાનિક બહેનેાએ 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' પ્રાર્થનાથી સમારેાહનેા પ્રારંભ કર્યો. ત્યારબાદ માત્ર સેાળ વર્ષીયા કુ. શ્રુતિ પંકજ વેારાએ જૈન સેા. ગ્રુપના અધિકૃત સૂત્ર 'Walk together Talk together, Act with one mind' ના પેાતે અંગ્રેજીમાં કરેલેા સુંદર કાવ્યાનુવાદ ગાઇ સંભળાવ્યેા અને બધાને સાનંદાશ્ચર્યચકિત કર્યા. ખરે જ આ કિશેારીમાં ભવિષ્યની એક અતિ લબ્ધપ્રતિષ્ઠ કવયિત્રીના દર્શન થયા.

સમારંભ અંતે ગ્રુપ પ્રમુખ ડેા. શ્રી નટુભાઈ શાહે તે પછી સર્વે ઉપસ્થિત સજ્જનેા અને સન્નારીઓને લંડનગ્રુપ વતી હૃદયપૂર્વક સત્કાર્યા અને કહ્યું કે જૈન સેા. ગ્રુપ લંડનની સ્થાપના એ એક આંતરરાષ્ટ્રીય તેમજ ઐતિહાસિક ઘટના છે જે જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.

પશ્ચાત, ઉદ્ઘાટક શ્રી સી. એન. સંઘવીએ દીપ પ્રગટાવીને, તાળીઓના હર્ષનાદ વચ્ચે લંડનગ્રુપનું મંગલ ઉદ્ઘાટન કર્યું. એમનું ઉદ્ઘાટન પ્રવચન અભ્યાસપૂર્ણ ને મનનીય હતું. તેમણે કહ્યું કે જૈ. સેા. ગ્રુપે હવે આંતરરાષ્ટ્રીય દરજ્જો પ્રાપ્ત કર્યો છે, જેથી એનેા કીર્તિકળશ વધુ ઉજ્જવળ બન્યેા છે.' લંડનનું આ ગ્રુપ ઉત્તરેાત્તર પ્રગતિના શિખરેા સર કરતું રહે અને યુરેાપ તથા અમેરિકામાં હવે પછી સ્થપાનારા અનેક ગ્રુપેાની માતૃસંસ્થા બની રહે એવી એમણે સદ્ભાવના વ્યક્ત કરી. બીજા ૩-૪ પ્રાસંગિક પ્રવચનેા દ્વારા અન્ય વક્તાઓએ પણ શુભેચ્છા દર્શનમાં પેાતાનેા સૂર પૂરાવ્યેા.

મધ્યાંતર પછી પ્રસ્તુત થાય છે ભારતીય નૃત્યેાનેા મનભાવન સાંસ્કૃતિક કાર્યક્રમ. મુખ્ય કલાકાર યુગલ હતું ભારતના શ્રી પ્રતાપ પવાર અને તેમની નૃત્યાંગના પત્ની પ્રિયા પવાર એમણે બન્નેએ ઉચ્ચ કેાટિના ભરત નાટયમ, કથ્થક અને અને ઉડીસી નૃત્યેા, સૂર, લય અને તાલબદ્ધ રીતે પેશ કર્યા. ત્યાર બાદ આ કલાકાર દંપતીએ ઐતિહાસિક 'અનારકલી'ની નૃત્યનાટિકા રજૂ કરી પ્રેક્ષકેાને મંત્રમુગ્ધ કર્યા. એમની સાથે સંગતમાં હતા, સારંગીવાદક એક અંગ્રેજ યુવક શ્રી નિકેાલાસ જેમનું સારંગીવાદન સુંદર અને સમુચિત હતું. આ સર્વે કલાકારેાનું શ્રેાતાજનેાએ ઉમળકાભેર અભિવાદન કર્યું.

કાર્યક્રમને અંતે, ભારતના મહેમાનેા વતી શ્રી ગણપતભાઇ ઝવેરીએ આવી સર્વાંગ સુંદર નૃત્યકલાની રજૂઆત કરવા માટે કલાકારેાને અને આવા શુદ્ધ શાસ્ત્રીય અને નૃત્યસભર કાર્યક્રમનું આયેાજન કરવા માટે લંડન ગ્રુપના સંચાલકેાનેા અંતઃકરણપૂર્વક આભાર માન્યેા. યેાગ્ય જ કહેવાયું છે કે To participate in a great event is to share greatness.

ઉપર્યુક્ત સુરેખ ઉદ્ઘાટન કાર્યક્રમના સંચાલક અને (Master of ceremonies) પ્રવક્તા હતા કુશળ અને સાહિત્યાનુરાગી શ્રી પંકજ વેારા, જેમની કાવ્યમય વાણીથી સમસ્ત કાર્યક્રમમાં ઓર રંગત આવી ગઇ. અંતે, આભાર-દર્શન કર્યું 'જૈન' પત્રિકાના તંત્રી શ્રી મનસુખભાઈ શાહે. લગભગ મધ્યરાત્રિએ ઉપર્યુક્ત કાર્યક્રમની સફળ અને સુખદ પૂર્ણાહુતિ થઇ અને સૌ પ્રસન્નચિત્તે વિખરાયા.

## લેસ્ટરની યાત્રા

લીસેસ્ટરશાયર જેને લેસ્ટર કહેવાય છે તે લંડનનું એક પરું (County) છે. લંડનથી લગભગ ૧૦૦ કિ. મિ. દૂર છે. ડેા. નટુભાઇ શાહના ભાવભીના આમંત્રણને સ્વીકારી બીજે દિવસે અમે લંડનથી લેસ્ટર ગયા. ત્યાં ભારતીયેા અને જૈનેાની મેાટી વસ્તીને કારણે એને ભારતનું નાનું નગર કહી શકાય.

ત્યાં જૈન સમાજ દ્વારા એક પ્રાચીન ક્રિશ્ચિયન દેવળ ખરીદવામાં આવ્યું છે. તેમાં 'જૈન સેન્ટર' નામે એક વિશાળ સંસ્થાનું નિર્માણ થઇ રહ્યું છે. ઉક્ત ઇમારતમાં મહાવીર પ્રભુનું જૈન મંદિર, ઉપાશ્રય, સ્થાનક સભાગૃહ, પુસ્તકાલય, જૈન શિલ્પ-ચિત્ર સંગ્રહાલય, અતિથિગૃહ રંગમંચ ઇ. ઇ. વિભાગેાનેા સમાવેશ કરાશે. ઉપરાંત જૈન ધર્મ અને ફિલેાસેાફી, પ્રાચીન ગ્રંથેાનેા અભ્યાસ તથા સંશેાધન કાર્ય, જૈન પુસ્તકેાના સરળ ભાષામાં અનુવાદ અને પ્રકાશન, જૈન ધર્મના પ્રસાર અને પ્રચાર માટે યેાગ્ય શિક્ષકેા તૈયાર કરવા માટેનું શિક્ષણ વિ. વિ. સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આ સેન્ટર એક અનેાખું કેન્દ્ર બની રહેશે. વળી આ સંસ્થાની એક આગવી વિશેષતા એ હશે કે જે જન્મે જૈન ન હેાય છતાં જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને અનુરાગ હેાય તેવા અંગ્રેજો અને પરધર્મીઓને પણ અહીં આવકારાશે ને અપનાવાશે.

ભારતથી હજારેા માઇલ સુદૂર ઇંગ્લંડમાં આવી આદર્શ જૈન સંસ્થાનું નિર્માણ એ વસ્તુતઃ અતિ પ્રશંસનીય અને ઉલ્લેખનીય ઘટના છે. લગભગ ૩. પેાણેા કરેાડનેા આ આખેા પ્રેાજેક્ટ છે. સન ૧૯૮૪ના અંત સુધીમાં ચણતર અને નિર્માણકાર્ય સંપૂર્ણ થઈ જાય એવી આશા રખાય છે. અત્યાર સુધીમાં અર્ધાથી વધુ ફંડ એકત્રિત થયું છે. જૈન ધર્મના બધા સંપ્રદાય 'જૈન સમાજ'માં સંગઠિત છે.

પ્રતિષ્ઠિત નાગરિકો આ સંસ્થાના ટ્રસ્ટીઓ છે. ઉક્ત જૈન સેન્ટરના ઉદાત્ત ઉદ્દેશ્યો અને એની કામગીરીથી પ્રભાવિત થઇને લેસ્ટરની સિટી કાઉન્સિલે તથા એક બીજી સરકારી સંસ્થાએ (જેમના મોટા ભાગના ચૂંટાએલા સભ્યો અંગ્રેજજનો છે) તેમણે જૈન સમાજને આજ સુધીમાં કુલ રૂ. પંદર લાખ જેટલી માતબર રકમ દાન (ગ્રાન્ટ)માં આપી છે. આ હકીકત જૈન સમાજ માટે ખરેખર ગૌરવપ્રદ છે. તેમજ આવી ઉદારવૃત્તિ અને વિશાલ દૃષ્ટિ માટે ઉક્ત બે સંસ્થાઓ સર્વેના હાર્દિક અભિનંદનને પાત્ર બને છે.

જૈન સમાજના મુખપત્ર તરીકે 'ધ જૈન' નામનું ત્રિમાસિક પ્રગટ થાય છે. સુંદર, સુઘડ તથા આકર્ષક Getup વાળા આ મુખપત્રમાં હિન્દી, ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનને લગતા તેમજ અન્ય મનનીય લેખો પ્રકાશિત થાય છે.

ડૉ. નટુભાઇ શાહ તથા એમના સન્નિષ્ઠ સાથીદારોની કુશળ નેતાગીરીના આશ્રયે ઉક્ત સંસ્થાનું અને સમાજનું ભાવિ ઘણું ઉજ્જવળ છે.

બપોર પછી અમારા સન્માનાર્થે એક વિલક્ષણ ને સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો.

મૂળ ક્રિશ્ચિયન દેવળ જેમાં સ્થાપના કરાઈ છે જિનાલયની. તેમાં હાજરી હતી જૈનો જૈનેતરો. અંગ્રેજો, વૈષ્ણવો એવા વિવિધ ધર્મી ભાઇબહેનોની. આવા વાતાવરણમાં એક ઇસ્માઇલી ખોજાભાઇ શ્રી. નીસ્સ મેઘજી શુધ્ધ ઉચ્ચારણ સાથે નવકાર-મંત્રનું સસ્વરે પઠન કરે છે. ત્યારબાદ જૈન સ્તવનો, હિન્દી ગીતો શાસ્ત્રીય તરજો, ગરબા, નૃત્ય, રાસ ઇ.નો અદ્‌ભુત કાર્યક્રમ ભાઇ મેગજી અને એમના ૧૮ જેટલા બાળકલાકારો એક પછી એક પ્રસ્તુત કરે છે, જે જોઇ-સાંભળીને પ્રેક્ષક વર્ગ મંત્રમુગ્ધ અને આનંદ વિભોર બની જાય છે. બધા બાળકલાકારોએ સૌરાષ્ટ્રના રબારી રબારણનો વેશ પરિધાન કર્યો છે. બાળકોમાં બે અંગ્રેજ બાલિકાઓ, એક આફ્રિકન સીદ્દી કિશોર, અને અન્ય બધા જ અન્યધર્મી બાળકો. એકે જૈન નહીં. બાળકોનાં આ વૃંદને Multiraceld (બહુરાષ્ટ્રીય) અને Internatioal (આંતરરાષ્ટ્રીય) કહી શકાય. સર્વધર્મ સમભાવ અને સર્વધર્મ સ્વીકારના ખરા દર્શન અમને ત્યાં થયા. આવો શિષ્ટ અને હૃદયંગમ કાર્યક્રમ માણીને સૌએ ધન્યતા અનુભવી. તથા સંયોજકોને અભિનંદન આપવામાં આવ્યા.

ઉક્ત કાર્યક્રમની પૂર્ણાહુતિ પછી ભારતના કોઇ જિનેશ્વર પ્રભુના દેરાસર જેવું વાતાવરણ ત્યાં સર્જાયું. ઘીની બોલી બોલવામાં આવી અને ભગવાનની આરતી તથા મંગલદીવાના સ્વરમય પઠન અને ઘંટારવથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું.

પ્રફુલ્લિત વદને ત્યાંથી વિદાય થઇ ડૉ. નટુભાઇ શાહ દંપતીની હાર્દિક મહેમાનગતી માણીને મોડી રાત્રે અમે લંડન પાછા ફર્યા. આ પ્રસંગ અમારા ચિત્તમાં ચિરસ્મરણીય રહેશે.

# ધર્મશાસન—રાજશાસન

© પનાલાલ જગજીવનદાસ ગાંધી

શાસન બે પ્રકારના છે. ધર્મશાસન અને રાજશાસન. ધર્મશાસાનની ધુરા ઋષિમુનિઓ—સંતો—મહંતો—મુનિ ભગવંતોના હાથમાં હોય છે. રાજશાસનનો દોર રાજા-મહારાજા-સત્તાધીશોના હાથમાં હોય છે. ઉભયનું કાર્ય દોષ અને દુર્જનતા દૂર કરી, ગુણ અને ગુણીજનો એટલે કે સજ્જનોનું રક્ષણ કરવું તે છે. છતાં ઉભયની કાર્યપ્રણાલિકામાં ફરક છે.

દુર્જનતાનો નાશ કરવો અને દુર્જન કોઈ ન પાકે તેની તકેદારી રાખી સજ્જનોને પ્રોત્સાહન આપવું તે રાજધર્મ છે. અર્થાત્ રાજાઓનું અને સત્તાધીશોનું કર્તવ્ય છે. એ ક્ષાત્રવટ છે. રાજા, રાજદંડ વિનાનો ન હોય. રાજા દુર્જનને દંડ કરે તે રાજધર્મ છે. રાજા જો દુર્જનને ક્ષમા આપે તો તે અધર્મ છે. એટલું જ નહિ પણ દુર્જન હોય કે સજ્જન સર્વ પ્રજાજનને ખાવાપીવા, પહેરવા ઓઢવા અને રહેવાં મળી રહે તેવી વ્યવસ્થા કરવી તે ય રાજધર્મ છે. ગુનેગાર કેદી પણ એટલું મેળવવાનો અધિકારી છે. એ પ્રજાપાલકતા છે. અને પ્રજાનું તેવું પાલન કરનારા પ્રજાપાલકતાનું બિરુદ યથાર્થ સાર્થક કરે છે. રાજા શબ્દની ઉત્પત્તિ જ રાજી શબ્દ પરથી થઇ છે. કે...

'રાજી કરે તે રાજા.'

रञ्जिताश्च प्रजा चेन तस्माद्राजेति शब्दते ।

'પ્રજાને પ્રસન્ન રાખે તે રાજા.'

નિર્બળનું પ્રાણના ભોગે પણ રક્ષણ કરવું અને સબળ પણ જો દુર્જન હોય તો તેનો પ્રતિકાર કરી તેની પર સત્તા અર્થાત્ શાસન ચલાવવું તે રાજશાસન છે. આથી જ આપણે ત્યાં ક્ષત્રિયકુળને ઊંચું કુળ કહેલ છે.

સંતો અને મુનિભગવંતો પણ દુર્જનોના દોષ અને દુર્જનતા દૂર કરવાનું કાર્ય પોતાનાં આચરણ અને ઉપદેશ દ્વારા પ્રેમ અને વાત્સલ્યપૂર્વક કરે છે. રાજા તો પોતાની રાજવ્યવસ્થા સચવાય અને જળવાય રહે તેવાં હેતુપૂર્વક-એના પ્રજાજનનો વર્તમાન ભર જન્મથી મૃત્યુ પર્યંતનો સુખેથી સજ્જન બની રહેવાપૂર્વક પસાર થાય તે અંગે જ એનું રાજશાસન ચલાવે છે. જ્યારે ઋષિમુનિઓ, મહાત્માઓ તો પોતાના શરણે આવનારાઓ, પોતાના સંપર્કમાં આવનારાઓના ભવોભવની ચિંતા કરી, તેમને પુનર્જન્મ અને પૂર્વજન્મની સમજણ આપી, શુભ-અશુભ; પુણ્ય-પાપ, નીતિ-અનીતિ, આભવ-પરભવ, જડ-ચેતન અથવા જીવ-અજીવ, આત્મા-પરમાત્મા, સત્-અસત્, વિનાશી-અવિનાશી ઇત્યાદિના ભેદ બતાડી તેમનો વર્તમાનકાળ સુધારી ઉજ્જવળ ભવિષ્યકાળનું નિર્માણ કરી, કાલાતીત બનવાની પ્રેરણા કરી ધર્મનું શરણ સ્વીકારાવે છે. અર્થાત્ ધર્મથી શાસિત કરે છે; ધર્મશાસન ચલાવે છે. રાજા તો માત્ર વર્તમાન ભવની ખેવના કરે છે. જ્યારે જ્ઞાની ભગવંતો તો ભવોભવ સુધરે અને ભવાંત થાય તેની ખેવના રાખે છે.

રાજા પોતાની રાજ વ્યવસ્થા અંગે સુખી લોકો પાસેથી કર ઉઘરાવે છે અને ગરીબ-દુઃખીને પણ તેનો દેહ ટકાવવા પૂરતી જીવન જરૂરિયાતની સામગ્રી મળી રહે તેની વ્યવસ્થા કરે છે. સંતો-મુનિભગવંતો પોતાની દેશના-ઉપદેશ દ્વારા પુણ્યશાળીઓ એવાં સુખી ને સમૃદ્ધ લોકોને 'तेन त्यक्तेन मुंजिथा:' નો ત્યાગમંત્ર આપી દાનાદિ દ્વારા સુખી શ્રીમંતો અને સત્તાધીશોની શ્રીમંતાઇનો તથા શક્તિઓનો બહુજનહિતાય સદુપયોગ કરાવે છે. એમાં તો આપનારનું ય ભલું થાય છે અને લેનારનું ય ભલું થાય છે. દુર્ભાવ અટકે છે. શુભ ભાવ આવે છે અને શુદ્ધ ભાવ અર્થાત્ સ્વભાવ ભણી પ્રયાણ શરૂ થાય છે. ભવપરંપરા સુધરે છે અને અંતે ભવાંત થાય છે ને મુક્તિ મળે છે.

રાજા પોતાના રાજદંડથી માત્ર કાયિક દુર્જનતા દૂર કરાવી શકે છે, જ્યારે જ્ઞાની ભગવંતો–ઋષિમુનિઓ કાયિક-વાચિક અને માનસિક એમ ત્રણે પ્રકારની દુર્જનતા વ્યક્તિમાંથી અને સમષ્ટિમાંથી દૂર કરાવી શકે છે. રાજાને રાજશાસન ચલાવવા સંપત્તિ સત્તા-શકિત અને સૈન્યની જરૂર રહે છે. જ્યારે સંતો મહંતોને ધર્મશાસન ચલાવવા મંદિર–મૂર્તિ અને શાસ્ત્રગ્રંથોની આવશ્યકતા રહે છે. અથવા તો કોઇ એવી વિશિષ્ટ પ્રભાવશાળી વ્યક્તિ હોય તો તેઓ કશાયની સહાય વિના ધર્મશાસન કેવળ પોતાના જ્ઞાન અને તે પ્રમાણે સદ્વર્તનથી ચલાવે છે.

નીચવૃત્તિઓ અર્થાત્ પાશવીવૃત્તિઓ પશુપણામાંથી જન્મે છે. જે મનુષ્યપણું મળ્યાં છતાં ગઈ ન હોય તો તેને મળેલાં મનુષ્યભવમાં, દૂર કરી માનવને માનવ બનાવવાનું કાર્ય રાજાઓ કરે છે. જ્યારે સંતો એથી આગળ વધી માનવનો સંબંધ પરમાત્મા સાથે કરાવી આપી તેને માનવમાંથી મહામાનવ બનાવવાનું અને તેના પરમાત્મ તત્ત્વને પ્રગટાવી આપવાનું અનન્ય કાર્ય નિષ્કામ ભાવે કરે છે.

જીવ દુર્જન કોટિનો રહેશે તો ભવપરંપરામાં તિર્યંચ–નિગોદ–નરકની દુઃખયોનિના કારમાં દુઃખ ભોગવવા પડશે. હીરા–માણેક-પાના-સત્તા સમૃદ્ધિ-વૈભવ-વિલાસ ઓછાં હશે તો કે ઓછાં મળશે તો ચાલશે, પણ સજ્જનતા હશે તો જ સદ્ગતિ પ્રાપ્ત થશે.આ લોકોત્તર વિચારણા છે. રાજા હો કે સંત હો સહુ કોઇનું કાર્ય વિશ્વમાંથી પાપ-દોષ–અને દુર્જનતાને દેશવટો દેવાનું જ બની રહેવું જોઇએ, કારણકે દુર્જનતા એ મનુષ્યયોનિનો મહારોગ છે.

કુટુંબમાં-જ્ઞાતિમાં-સમાજમાં-ગામમાં કે દેશમાં બીજાંઓનું ભલું કરીને જીવવું તે સંસ્કાર મહાન છે. બીજાનો કાંઇ પડી નથી તે રીતે બેદરકાર–લાપરવા થઇ જીવવું એ હલકાઇ છે,–અપાત્રતા છે.

ચક્રવર્તી મહારાજાઓની આજ્ઞા જગતમાં તેમની હયાતી હોય ત્યાં સુધી પળાય છે અને તેમાંય તેઓ સત્તા ઉપર હોય ત્યાં સુધી જ તેમની આજ્ઞા સર્વત્ર વર્તે છે. પરંતુ મહાત્માની–ઋષિઓ–સાધુમહારાજાઓની આજ્ઞા તો તેમના જીવનકાળમાં તો પળાય જ છે પણ તેઓની હયાતી બાદ પણ જગતમાં પળાય છે. સીકંદરો, સીઝરો અને અકબરો વહી ગયા અને તેમનાં રાજ્યો ખાલસા થઇ ગયાં, જ્યારે કૃષ્ણ–બુદ્ધ–મહાવીર–વ્યાસની વાતો–વિધાન–આજ્ઞા આજે ય લાકો શીર્ષાવંદ્ય કરી રહ્યા છે. રાજા મહારાજાઓ ક્ષત્ર એટલે કે રાજ્ય-ભૂમિના વિજેતાઓ હોય છે. જ્યારે મુનિમહારાજાઓ કાળ વિજેતા અર્થાત કાલાતીત થઇ કાળ ઉપર વિજય મેળવનારા હોય છે.

જો રાજશાસન-ધર્મશાસન અરસપરસના સહાયક અને પૂરક બને તો સુવર્ણકાળ અવતરે. રામરાજ્યની વાતો કરીએ છીએ પણ વિચારતા નથી કે રામ માત્ર સત્તાધારી રાજા જ નહોતા પણ ભકતરાજા હતા,–રાજા હતા. વળી સવિષ્ઠ જેવા ઋષિની એમને નિશ્રા મળી હતી. અશોક, અકબર, શિવાજી, વિક્રમ, કુમારપાળ આદિ મહારાજાઓના રાજ્યશાસન આજેય આદર્શ રાજશાસન ગણાય છે. એના મૂળમાં આ જ કારણ છે કે તેઓ ધર્મશાસન સ્વીકારી રાજશાસન ચલાવતા હતાં. અશોકે બુદ્ધનું શરણ સ્વીકાર્યું હતું. અકબરે ધર્મરત્નોને પોતાનાં નવરત્ન જેવાં સલાહકારોમાં સ્થાન આપેલ હતું. શિવાજી રામદાસની પાદુકાને પોતાના રાજસિંહાસને સ્થાપી રાજ ચલાવતા હતા, વિક્રમ સ્વયં ભગવદ્ ભકત હતા. કુમારપાળ મહારાજાને હેમચંદ્રાચાર્યનું શરણું મળ્યું હતું. ચંદ્રગુપ્તને ચાણકય જેવો જ્ઞાની અને નિસ્પૃહી સલાહકાર મળ્યો હતો.

વર્તમાન રાજ્યકાળને સુવર્ણકાળ બનાવવો હોય તો એ અત્યંત આવશ્યક છે કે કોઇ સત્તાધીશ વડો પ્રધાન જે આજનો રાજા છે તે ભકત બને અથવા તો કોઇ ભકત એ સ્થાને પહોંચે અને ધર્મશાસન સ્વીકારી રાજ્યશાસન ચલાવે અથવા તો પછી ભકત અને રાજા ભેગાં મળી રાજધુરા ચલાવે.

રાજ્યવ્યવસ્થા અર્થાત્ રાજશાસન દેશ અને સમાજની વ્યવસ્થા માટે છે કે જેથી ધર્મને અનુકૂળ વાતાવરણ સર્જાય. જે ધર્મશાસનને પામી વ્યકત અને સમાષ્ટ પોતાના શુધ્ધાશુદ્ધ સ્વરૂપને સમજી સ્વરૂપશાસનમાં પ્રવેશી કર્મમળને દૂર કરી પોતાના મૂળ, વિશુદ્ધ એવા પરમ આત્મસ્વરૂપનું પ્રાગટીકરણ કરી શકવાં સમર્થ બને.

## 'પ્રેમળ જ્યોતિ' નું પ્રદાન:

નેળ કાકા પાટીલ સેન્ટર ફોર ધ બ્લાઈન્ડ અંધેરીને સીવવાના બે ઇલેકટ્રીક મશીનો અને લોકસ વાળા બે કપબોર્ડઝ સંઘ તરફથી અર્પણ કરવા અને ઉદ્ઘાટન વિધિ રવિવાર, તા. ૨૬-૬-૧૯૮૩ના રોજ સવારના ૧૦-૦ કલાકે સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહના વરદહસ્તે રાખવામા આવી હતા. આ મશીનો અને લોકસની કીંમત આશરે રૂા. ૧૦,૦૦૦/- થાય છે.

આ કેન્દ્રમાં ૩૫ પ્રજ્ઞાચક્ષુ ભાઇઓ–બહેનોને તાલીમ આપવામા આવે છે. અને તેમના દ્વારા ઉત્પાદન થતી ચાજવસ્તુઓનું સૌ પ્રથમ નિરીક્ષણ કરવામા આવ્યું હતું.

પ્રારંભમાં સંસ્થાના મુખ્ય અધિકારી શ્રી મન્સુલાકરે સૌનું સ્વાગત કર્યું હતું. અને કાર્યાધ્યક્ષ શ્રી ડી. આર. પરીખ નેળ કાકા પાટીલ સેન્ટરની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. સંઘના પ્રમુખ, ડો. રમણભાઈ ચી. શાહ, 'પ્રેમળ જ્યોતિ'ના સંયોજક શ્રી કમલબેન પાસપાટી, સંઘના મંત્રી શ્રી કે. પી. શાહ આ સંસ્થાની પ્રવૃત્તિઓ જોઇને આનંદની લાગણી વ્યકત કરી હતા અને સંસ્થાની જરૂરિયાત માટે સંસ્થાના 'પ્રેમળ જ્યોત' વિભાગ તરફથી આપવામા આવેલી આ ભેટ ફરજના અંક ભાગરૂપ સહુએ આણખાવી ત્યાંના સંસ્થાના સંચાલકોને એમના પ્રવૃત્તિઓ માટે અભિનંદન આપ્યા હતા.

ડો. ભાલ પાટીલ સંઘ તરફથી આપવામા આવેલી ભેટ માટે આનંદ વ્યકત કર્યો હતો, અને સેન્ટરના સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી આર. એ. નાયકે આભારવિધિ કરી હતી. સેન્ટરના પ્રજ્ઞાચક્ષુ ભાઇઓએ સુમધુર ગીતો રજુ કર્યા હતાં.

જૈન સોશ્યલ ગ્રુપ અંધેરીના પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ શાહે સંઘના હાજર રહેલાં સભ્યો માટ ભોજન વ્યવસ્થા કરી હતી. અને શ્રી કે. પી. શાહ સુંદર ભાજન માટે આભાર માન્યા હતો.

## અસ્થિ સારવાર કેન્દ્ર

**'પ્રેમળ જ્યોત'ના ઉપક્રમ સ્લીપ ડીસ્ક, મણકાની તકલીફ, ગૂંઠણના સાંધા, પગના અંડા અને કાણામાં દુઃખાવા, બેસવાનું જમ થઇ જવું કે વારંવાર ઉતરા જવું, બાન ટા. બી., શરૂઆતના પાલયા, સ્પોન્ડીલોસીસ આદિ રોગોના લાભ મૂલ્ય સારવાર સંઘના કાર્યાલયમા રાખવામાં, તા. ૩૧-૭-૧૯૮૩થી શરૂ કરવામા આવશે, અને દર રવિવાર સવારના ૯-૦ થી બપોરના ૧-૦ સુધી સારવાર કેન્દ્ર ચાલુ રહેશે.**

**વિખ્યાત અસ્થિ ચિકિત્સક ડો. જે. પી. પીઠાવાળા માનાર્હ સેવા આપશે.**

**સમય :** દર રવિવારે સવારના ૯-૦૦ થી ૧-૦૦

**સ્થળ :** પરમાનંદ કાપડિયા હોલ ૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે પ્રાર્થના સમાજ, મુંબઇ–૪૦૦૦૦૪ ફોન : ૩૫૦૨૪૬

**પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ**
સંયોજક

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ

# સૌરાષ્ટ્ર રેલ રાહત ફંડ

**સંઘની અપીલને માન આપીને જેમણે રકમો નોંધાવી છે, તેમના પ્રેમાળ સહકાર માટે અમો તેમના અત્યંત આભારી છીએ.**

**આજ સુધીમાં એકંદરે રૂા. ૩૯,૦૦૮-૦૦ નોંધાયા છે. જેમણે હજુ રકમ નોંધાવી ન હોય તેમને પોતાની રકમ તુરત જ નોંધાવવા આગ્રહભરી છતાં નમ્ર વિનંતી છે. આવા માનવતાના કામમાં દરેક સભ્ય, સંઘના શુભેચ્છકો તેમજ ટ્રસ્ટો પણ નાની મોટી રકમ નોંધાવી માનવતાના આ કાર્યમાં પોતાનો સાથ-સહકાર આપે એવી નમ્ર પ્રાર્થના.**

| | |
|---|---|
| ૧૨૬૧૬-૦૦ | ગતાંકમાં પ્રગટ થયેલી યાદી મુજબ |
| ૩૦૦૦-૦૦ | શ્રી પિયૂષકુમાર શાન્તિલાલ કોઠારી |
| ૨૫૦૦-૦૦ | મે. લાઠીયા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫૦૧-૦૦ | મે. અરવિંદ ટ્રેડીંગ કું. |
| ૧૨૫૧-૦૦ | મે. કિશોરચન્દ્ર કલ્યાણજી એન્ડ કું. |
| ૧૨૫૧-૦૦ | મે. કે. હંસરાજ એન્ડ કું. |
| ૧૦૦૧-૦૦ | શ્રી હીંમતલાલ ડાહ્યાભાઇ કોઠારી હા. શ્રી શૈલેષભાઇ કોઠારી |
| ૧૦૦૧-૦૦ | મે. લખમશી વેલાભાઇની કું. |
| ૧૦૦૦-૦૦ | શ્રી વૈકુંઠભાઈ છાપીઆ |
| ૧૦૦૧-૦૦ | શ્રી જોરમલભાઈ મંગલજી મહેતા |
| ૧૦૦૧-૦૦ | મે. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦-૦૦ | શ્રી લીલાધર પાસુ શાહ |
| ૧૦૦૦-૦૦ | શ્રી જયન્તીલાલ કેતેહચંદ શાહ |
| ૧૦૦૦-૦૦ | શ્રી જસવંતલાલ વોરા |
| ૧૦૦૦-૦૦ | શ્રી વિઠ્ઠલભાઈ સી. પટેલ બરોડા. |
| ૧૦૦૮-૦૦ | શ્રી કે. એમ. દિવાનજી |
| ૫૦૦-૦૦ | શ્રી વીસનજી નરસી વોરા |
| ૫૦૦-૦૦ | શ્રી મનહરલાલ એમ. મહેતા |
| ૫૦૦-૦૦ | શ્રી ખેતસી નથુભાઇ શાહ |
| ૫૦૧-૦૦ | શ્રી વર્ધમાન પી. તુરખીયા |
| ૫૦૧-૦૦ | મે. રોયલ કેમીસ્ટસ |
| ૫૦૧-૦૦ | શ્રીમતી મેનાબેન અજિતભાઇ દેસાઇ |
| | **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ** |
| ૨૫૧-૦૦ | શ્રી બિપિનચંદ્ર ગુણવંતરાય શાહની પુણ્યતિથિ નિમિત્તે |
| ૨૫૧-૦૦ | મે. વિશા પ્રિન્ટરી |
| ૨૫૧-૦૦ | મે. ત્રિશલા ઇલેક્ટ્રોનીકસ |
| ૨૫૧-૦૦ | મે. ઓટોમોટીવ ઇન્ટરનેશનલ |
| ૨૫૦-૦૦ | શ્રી કાન્તિભાઈ મોદી |
| ૨૫૧-૦૦ | મે. ઓલંપીક એન્ટરપ્રાઇઝ |
| ૨૫૧-૦૦ | મે. શાહ નન્દુ એન્ડ દેઢીયા-એડવોકેટસ |
| ૨૫ -૦૦ | મે. સમીર એન્ડ કું. |
| ૨૫૧-૦૦ | શ્રી સુખલાલ એમ. મહેતા |
| ૧૨૫-૦૦ | શ્રી કુંવરજીભાઇ રતનસી શાહ |
| ૧૦૧-૦૦ | શ્રીમતી કમલબેન પીસપાટી |
| ૧૦૧-૦૦ | શ્રી કાન્તિલાલ સી. શાહ |
| ૩૯,૦૦૮ ૦૦ | |

## આપણી ફરજ

તંત્રીશ્રી,

તારીખ ૧૬-૬-૧૯૮૩ ના પ્ર. જી. માં શ્રી વાડીલાલ ડગલી લખે છે, એ મુજબ અમેરિકન પત્રકાર હર્શના મોરારજીભાઇ વિષેનાં વિધાનો 'એ ભારતનું અપમાન છે' એમ આપણે બધાં ખરેખર માનતાં હોઇએ, તો ડગલીએ, કરેલા બે સૂચન મને નિરર્થક, ખરચાળ અને આપણા ગુલામી માનસનું પ્રદર્શન કરનારા લાગે છે. માનો કે અમેરિકાની સર્વોચ્ચ અદાલતમાં મોરારજીભાઇ બાબત કેસ મંડાય, અને ન્યાયાધીશો મગનું નામ મરી ન પાડે, કે હર્શને શકનો લાભ આપી નિર્દોષ ઠરાવે, અથવા તો ત્યાંની સરકારનું જ દબાણ ન્યાયાધીશો પર આવે ને હર્ષ બિનગુનેગાર ઠરે તો આપણે શું કરવાના હતા?

આપણે ન્યાય મેળવવા વળી કોઇની પાસે જવાની શી જરૂર? જો ભારતની પ્રજાને મોરારજીભાઇ વિષેના લખાણથી ખરેખર આંચકો લાગ્યો હોય, તો પોતાનું ખમીર બતાવવાનો એક ઉત્તમ મોકો આપણને મળ્યો છે. આપણે નીચે બતાવેલાં પગલાં (અગર એના જેવાં બીજાં) ભરવાં જોઇએ :-

(૧) હર્શની જેટલી ચોપડીઓ આપણા દેશમાં હોય તે **બધીજ** બાળી મૂકવી જોઇએ. અને એક પણ નવી નકલ દેશનો કોઇ નાગરિક ખરીદે નહિ એવી ઝુંબેશ ચલાવવી જોઇએ.

(૨) પત્રકારોમાં ખમીર હોય (અને વર્તમાન પત્રોના માલિકોમાં રાષ્ટ્રપ્રેમ હોય) તો એક પણ અમેરિકન સામયિકમાંથી કોઇ પણ લેખ હિંદુસ્તાનમાં ન છપાય એવી તકેદારી રાખવી જોઇએ. આ સૂચનમાં જેને અતિવ્યાપ્તિનો દોષ લાગે તેઓ ભાઇ ડગલીનું આ વિધાન યાદ કરી જાય: 'દુનિયાનો સૌથી વધુ શકિતશાળી દેશ એટલે આવા દેશના નેતાઓ અને પત્રકારો બિનજવાબદાર દાદાઓની જેમ વર્તતા હોય છે.'

(૩) જે અમેરિકન કંપનીઓ અને બેન્કો અહીંથી અઢળક નાણું ધસડી જાય છે **તે બધીનો** બહિષ્કાર કરવો જોઇએ. આ કંપનીઓની એક પણ બનાવટ ખરીદવી નહિ, અને બેન્કોમાં મૂકેલાં **બધાં નાણાં** પાછાં ખેંચી લેવા જોઇએ. આપણા ઉદ્યોગપતિઓમાં આવી ખુમારી છે?

(૪) સમસ્ત દેશમાં સ્વદેશી અને સ્વાવલંબનનું આંદોલન ચલાવવા માટેની આ ઉત્તમોત્તમ તક છે. સત્તા માટે પડાપડી કરતા રાજકીય પક્ષોમાંથી કોઇનામાં પણ આવો તીવ્ર રાષ્ટ્રપ્રેમ છે? આપણા બૌદ્ધિકોમાં મૌલિકતા છે? મૌલિક રીતે વિચારવાની શકિત છે? જો જવાબ ના હોય, તો શુભસ્ય શીઘ્રમ્!

આપણી ભારત સરકાર આ બાબતમાં કાંઇ પગલું ભરે કે અસંદિગ્ધ વિધાન કરે એવી અપેક્ષા વધારે પડતી છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આપણા જેવા રાષ્ટ્રની સ્થિતિ બહુ **નાજુક** કહેવાય. અમેરિકા જેવા શકિતશાળી અને સમૃદ્ધ રાષ્ટ્રને નારાજ કરવાનું કદાચ ભારતની સરકારને ન પાલવે, તથાપિ **ભારતની પ્રજા અમેરિકાની, રશિયાની, કે ચીનની, કે વિશ્વબેન્કની, કોઇનાય બાપની ગુલામ નથી.** આપણે બોંકારીને બોલીશું? કાંઇ પગલાં ભરીશું?

છાપામાં મોરારજીભાઇએ કેસ માંડવાની, ને હર્શના પુસ્તક સામે સ્ટે. મેળવવાની જોગવાઇની વાતો આવે છે સમસ્ત દેશની દૃષ્ટિએ, આ બધું અપ્રસ્તુત છે, ગૌણ છે.

અમદાવાદ. ડા. કાન્તિલાલ શાહ

# રાષ્ટ્રીય દૃષ્ટિકોણની આવશ્યકતા

● ડા. હરીશ વ્યાસ

આઝાદી પછીનાં પાંત્રીસ વર્ષ દરમ્યાન આપણી સામે અનેકવિધ સમસ્યાઓ આવી છે અને આપણા દેશનેતાઓએ અને વિચારકોએ એમાંથી કુનેહ, હૈયાઉકલત અને આપ સૂઝથી માર્ગ કાઢયો છે. પરંતુ છેલ્લાં પાંચેક વર્ષથી જે સમસ્યાઓ દેશ સામે ઘુમરાઈ રહી છે તે વિશે શાન્તિ, સ્વસ્થતા અને દીર્ઘદૃષ્ટિથી વિચારીશું નહિ, તો આ બધા સવાલો દેશને છિન્નભિન્ન કરી નાખશે. ભારત પદયાત્રી શ્રી ચન્દ્રશેખરે કહ્યું છે તેમ, 'શાન્તિને માર્ગે ક્રાન્તિ નહીં આવે તો દેશ હિંસા અને અરાજકતાનો ભોગ થઈ પડશે.'

જોઈ શકાય છે કે છેલ્લાં ત્રણચાર વર્ષથી 'આસામ વિદ્યાર્થી પરિષદ,' વિદેશી ઘૂસણખોરીના પ્રશ્ન અંગે શાન્તિ અને અહિંસાને માર્ગે, અસહકાર, સવિનય કાનૂન ભંગ જેવી સત્યાગ્રહી રીતો અખત્યાર કરીને લડત ચલાવી રહેલ છે. એને ઉકેલવા માટે એક બાજુ વાટાઘાટો-મંત્રણાઓનો દોર ચાલતો હતો તો બીજી બાજુથી પોલીસ, લશ્કરની મદદથી આ લડતને કચડી નાખવાના પ્રયત્નો યે ચાલતા હતા. બળતામાં ઘી હોમ્યું, ઉપરથી બળજબરીથી લાદવામાં આવેલી ચૂંટણીએ. પ્રજાના અસહકારની વચ્ચે બીજા પ્રાંતોમાંથી અધિકારીઓને ઉતારીને લશ્કરી મદદથી ચૂંટણીઓ થઈ. વિદેશીઓના જ દશ ટકા મતદાન અને નેવું ટકા જેટલા પ્રજાવિરોધ વચ્ચે કોંગીએ સરકાર રચી, જે સામે પ્રજાનો અહિંસક વિરોધ ચાલુ છે. આ યંત્રણાઓમાં રમખાણો ફાટી નીકળતાં ૪૦-૫૦ ગામો આગથી ખાખ થઇ ગયાં અને પાંચેક હજાર લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા, જે અંગે 'એમનેસ્ટી ઇન્ટરનેશનલ' જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાએ ભારત સરકારની કડક અને વેદનાપૂર્ણ આલોચના કરી છે. બીજો પ્રશ્ન પંજાબનો છે, જ્યાં 'ખાલિસ્તાન'ની ચળવળ અમુક માગણીઓ સાથે ચાલી રહી છે, જેમાંથી સરકારે કેટલીક માગણીઓ સ્વીકારી છે, જેનો અમલ કરવામાં આવ્યો નથી. જ્યારે કેટલીક માગણીઓ વણઉકલી રહી છે. અકાલીઓમાંથી મવાળ અને અંતિમવાદી એમ બે જૂથો આ સવાલો ઉકેલવા માટે ઉગ્રાતિઉગ્ર રીતો ઉત્તરોત્તર અખત્યાર કરતાં જાય છે અને સરકારની વાટાઘાટો-મંત્રણાઓ માટેની માગણીઓને વાહિયાત ગણીને ફુકરાવતાં જાય છે. બન્ને પક્ષો એકમેકને મ્હાત કરવા, પરાસ્ત કરવા માટે જાતજાતના પેંતરાઓ અને યુક્તિ-પ્રયુક્તિઓ તથા ભાંગફોડો, ખૂનામરકી અને હિંસક પદ્ધતિઓ અખત્યાર કરતાં જાય છે, જેમાંથી નિકટતાને બદલે દૂરતા, ઉદારતાને બદલે સંકીર્ણતા તથા ઉકેલને બદલે ગૂંચવાડાનું બખડજંતર ઉત્તરોત્તર વધતું જ જાય છે. આ કુસંપ, સંકીર્ણતા અને અવિશ્વાસનું વાતાવરણ દેશને માટે ભારે ખતરનાક છે. એ જ રીતે દેશ સામે આર્થિક-સામાજિક સમસ્યાઓ છે. ગરીબી, બેકારી, મોંઘવારી, ભીષણ ભાવ વધારો, કુશિક્ષણ અને ભ્રષ્ટાચારની દેશની પાંત્રીસ કરોડથી યે વધુ વસ્તી ગરીબીની રેખા નીચે જીવે છે, જેને માંડ માંડ એક ટંક ખાવાનું મળે છે, અને બીજા ટંકના સાંસા છે. એમને ચૂંટણીમાં વચનો આશ્વાસનોની લહાણી થાય છે, પરંતુ કામધંધા કે રોજી-રોટીની વ્યવસ્થા થતી નથી. બીજી બાજુ મોંઘવારીના ચકકરમાં વધતા જતા ભીષણ ભાવવધારા વચ્ચે આમજનતા પીસાયે જાય છે. દશ કરોડ વિદ્યાર્થીઓને મળતું શિક્ષણ તેમને બેકાર, અનુત્પાદક, પરાવલંબી અને આત્મ વિશ્વાસ વિહોણા બનાવી રહ્યું છે. વહીવટી તંત્રો, શાળા-કોલેજના પ્રવેશો અને પરીક્ષાઓમાં ઠેર ઠેર લાંચરૂશ્વત, ખાયકી, કટકી, ભ્રષ્ટાચારો વગેરે વધતાં જ જાય છે. આ બધી સમસ્યાઓ ઊધઈના રાફડાઓની જેમ દિનપ્રતિદિન સંસ્કૃતિના લીલા મોલને ભીતરમાંથી કોરી કોરીને ખાઇ રહી છે.

આ બધાના ઉકેલ માટે દેશના શાસકપક્ષ કે વિરોધ પક્ષોએ તેમજ વિચારશીલ બૌદ્ધિકો અને રચનાત્મક કાર્યકર્તાઓએ પારસ્પરિક ફૂંસાતૂંસી, સદ્‌ભાવ કે ખેંચા-તાણીઓ બાજુએ મૂકીને, આ તમામ લોકોએ Round Table Conference ગોળમેજી પરિષદ રૂપે સાથે મળીને પક્ષીય, સંસ્થાકીય કે સંકીર્ણ દૃષ્ટિ છોડીને રાષ્ટ્રીય દૃષ્ટિકોણથી આ બધી સમસ્યાઓ વિશે વારંવાર મળવાનું અને ચર્ચા-વિચારણા કરવાનું ગોઠવવું જોઇશે. ડો. રામમનોહર લોહિયાએ તેમના 'Democracy' વિશેના ગ્રંથમાં બે બાબતો ઉપર ભાર મૂકયો છે: (૧) Point of Contact સંપર્કનાં બિન્દુઓ, (૨) Areas of agreement-સર્વ સંમતિનાં ક્ષેત્રો. વારંવાર સાથે મળવાથી આપસી સદ્‌ભાવ, સ્નેહ અને સૌજન્ય વધશે. અને જે બાબતોમાં બધા સંમત થતા હોય તેને સર્વ સંમતિથી સ્વીકારીને કાર્ય કરવાથી સર્વસંમતિનાં ક્ષેત્રોનો વિસ્તાર વધતો જશે, જે રાષ્ટ્રીય એકતા પ્રત્યે ધીરે ધીરે દેશને દોરી જશે.

ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં અનેક પ્રાંતો, ભાષાઓ, પક્ષો, વાદો, ધર્મ-સંપ્રદાયો, જ્ઞાતિ-જાતિઓ, વેશ, વર્ણ લિપિ, બોલીઓ વગેરેની વિવિધતાઓ છે, ત્યાં ડો. રાધા-કૃષ્ણને કહ્યું છે તે 'Unity in diversity' વિવિધતામાં એકતા શોધવા માટે શાસકો, વિપક્ષો, બૌદ્ધિકો વિચારકો, લોકસેવકો વગેરેની ગોળમેજી પરિષદો કરીને, ચર્ચાવિચારણા કરીશું તો સર્વસંમતિનાં ક્ષેત્રો જરૂર વિસ્તરતાં જશે. જે ભારતીય એકતા યા રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરવામાં ખૂબ ખૂબ ઉપકારક નીવડશે. એટલા માટે જ ઉપનિષદના ઋષિએ ગાયું છે:

" ૐ સહ ના ભવતુ, સહ નૌ ભુનક્તુ, સહવીર્યં કરવાવહૈ
તેજસ્વિનાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥ ૐ શાંતિ : શાંતિ : શાંતિ : ॥

હે ઈશ્વર! અમે સાથે રહીએ, સાથે ભોગવીએ, સાથે પરાક્રમો કરીએ, અમે સાથે તેજસ્વી અધ્યયન કરીએ. અમે એકમેકનો દ્વેષ ન કરીએ. હે ઈશ્વર! અમને શરીર, મન અને હૃદયની શાન્તિ આપો. અસ્તુ.


## આજની સાંજ
## શૂન્ય પાલનપુરીની સાથે

આયોજન: **શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**
સંચાલન: **શ્રી શૈલેષ કોઠારી**
સમય: **શનિવાર, તા. ૨૦-૮-૧૯૮૩** રાત્રીના ૮-૩૦ કલાકે
સ્થળ: **બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૭**

ગઝલ પ્રેમીઓને સંઘના કાર્યાલયમાંથી તા. ૧૦-૮-૮૩ થી તા. ૧૫-૮-૮૩ દરમિયાન સવારના ૧૧-૦ થી ૬-૦ સુધીમાં પ્રવેશપત્ર, વહેલો તે પહેલો ધોરણે, આપવામાં આવશે. કાર્યક્રમમાં પ્રવેશ માટે પ્રવેશ પત્ર જરૂરી છે.

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ** — **ચીમનલાલ જે. શાહ**
૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, બીજે માળે, મુંબઇ-૪ ફોન: ૩૫૦૨૬૬ — **કે. પી. શાહ** મંત્રીઓ,


માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન: ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, તા. ૧-૮-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## દેહાંતદંડ

રમણલાલ ચી. શાહ

ગળામાં દોરડું ભરાવીને અપાતી ફાંસીની સજા ક્રૂર અને જંગલી છે કે કેમ એની હમણાં ચર્ચા ચાલી છે. દેહાંતદંડની સજા પામેલાઓની સજાના અમલમાં વિલંબ કરવા માટે વકીલોએ ચલાવેલો આ માત્ર કુતર્ક છે એમ કેટલાકનો મત છે.

ચોરી, મારામારી, છેતરપિંડી, બદનક્ષી, વ્યભિચાર વગેરે સામાજિક ગુનાઓ કરતાં ખૂન કે હત્યાનો ગુનો સૌથી ગંભીર ગણાય છે. જેમ ગુનો ગંભીર તેમ તેને માટેની સજા પણ ગંભીર હોવી ઘટે એ સ્વીકાર્ય મત છે. કેટલાક દેશોમાં ખૂન કરતાં દેશદ્રોહ કે વ્યભિચારનો ગુનો વધુ ગંભીર ગણાય છે, અને તેને માટે પણ મોતની સજા ફરમાવાય છે.

છૂટાં રખડતાં પ્રાણીઓની હત્યાને કેટલાક દેશોમાં ગુનો લેખવામાં આવતો નથી. કોઇની માલિકીનાં પાળેલાં પ્રાણીઓની હત્યા કરવી તે કાયદેસર ગુનો છે અને ગુનેગારને તેને માટે સજા થાય છે. પ્રતિબંધિત વિસ્તારમાં પ્રાણીઓનો શિકાર કરવો તે પણ ગુનો મનાય છે. તેવા ગુનાઓ વિશે અને તેના માટે થયેલી સજા વિશે જાહેરમાં ખાસ ચર્ચા થતી નથી.

મનુષ્યનો વધ એ ગંભીર બાબત છે, કારણ કે પંચેન્દ્રિયની પૂર્ણતા, વિકસિત ચિત્ત, સંવેદનશીલ ઊર્મિતંત્ર અને વિકસિત વાચા ધરાવનાર, ભૂત અને ભવિષ્યનો ઊંડો વિચાર કરનાર મનુષ્ય, જીવસૃષ્ટિમાં સર્વોચ્ચ સ્થાને છે. મનુષ્ય સામાજિક પ્રાણી છે, ઘર માંડીને કુટુંબ સાથે રહે છે, પરસ્પર વ્યવહાર સંભાળે છે, બીજા મનુષ્યો પ્રત્યે પ્રેમ, દયા, સહકાર વગેરેની લાગણી અનુભવે છે, સુખેદુઃખે એકબીજાની પડખે રહે છે. માટે જ પોતાના સમુદાયમાંથી એકાદ વ્યક્તિ ઓછી થતાં મનુષ્ય શોક અને દુઃખની આઘાતભરી તીવ્ર લાગણી અનુભવે છે. મોટી ઉંમરને કારણે સહજ મૃત્યુ થયું હોય તો પણ જો તે દુઃખનું કારણ બની શકે, તો કોઈકની કોઈક અચાનક હત્યા કરી હોય તો એ કુદરતી રીતે જ મોટા દુઃખનું કારણ બને.

બીજાને મારી નાખવાની વૃત્તિ મનુષ્યમાં સામાન્ય રીતે હોતી નથી; પરંતુ ગંભીર સ્વાર્થહાનિ થતાં કે વિષમ સંજોગોમાં મૂકાતાં ઉશ્કેરાયેલો માણસ બીજાને મારી નાખવાનો વિચાર કરે છે. અલબત્ત, આવા વિચાર કરનાર માણસોમાંથી પણ તેને અમલમાં મૂકી બીજાની ખરેખર હત્યા કરનાર માણસો તો એકાદ-બે ટકાથી વધુ નથી હોતા. કાયદેસરની સજા, સામાજિક અપકીર્તિ, સગાંસંબંધીઓનો તિરસ્કાર, પાપાચરણનાં આકરાં પરિણામો વગેરેના ભયને કારણે માણસ આવું મોટું અપકૃત્ય કરતાં અચકાય છે. જ્યારે સામુદાયિક ધોરણે બે વર્ગ વચ્ચે વેરભરી અતિશય ઉશ્કેરણી થાય છે ત્યારે હત્યાની પરંપરા સર્જાય છે.

જે માણસે બીજાના પ્રાણ હરી લીધા હોય તેને શી સજા થવી જોઇએ? વ્યવહારુ કુદરતી ન્યાય પ્રમાણે તો તેના પણ પ્રાણ હરી લેવાવા જોઇએ, પરંતુ હત્યાનો દરેક ગુનો એકસરખી કોટિનો હોતો નથી. ક્યારેક ઇરાદો ન હોય પરંતુ અતિશય આવેગને કારણે અજાણતાં જ હત્યા થઇ જાય, ક્યારેક પ્રહાર નહિ જેવો જ હોય, પરંતુ સામી વ્યક્તિને માટે તે જીવલેણ નીવડ્યો હોય; ક્યારેક પ્રહાર કરતાં વધુ પડતા માનસિક આઘાતને કારણે જ સામી વ્યક્તિનું મૃત્યુ થયું હોય એમ બની શકે. બીજી બાજુ ક્યારેક ઠંડા કલેજે કરેલું યોજનાબદ્ધ ક્રૂર કાવતરું ખૂન માટેનું હોઇ શકે.

ખૂનનો આરોપ પુરવાર કરવાનું ક્યારેક સહેલું હોય છે, તો ક્યારેક અઘરું પણ હોય છે. અલબત્ત, ઘણા ખરા કિસ્સાઓમાં ખૂની વહેલોમોડો પકડાયા વગર રહેતો નથી. ન્યાયાધીશો ખૂન માટેના સંજોગો અનુસાર તથા ખૂન કરનાર વ્યક્તિની જાતિ, ઉંમર, શિક્ષણ, આશય ઇત્યાદિ અનુસાર સજા કરતા હોય છે. કેટલીક વખત સજા જનમટીપની હોય છે, તો કેટલીક વખત દેહાંતદંડની હોય છે.

જેણે કોઈ એકની હત્યા કરી હોય તેને દેહાંતદંડની સજા થાય, પરંતુ જેણે પંદર-પચીસ માણસોની હત્યા કરી છે તેવું પુરવાર થાય તો તેને શી સજા કરાય? એક ખૂન માટે પણ દેહાંતદંડ અને પચીસ ખૂન માટે પણ દેહાંતદંડ એને તર્કપૂત ન્યાય કેમ કહી શકાય?! ગુનેગારને પચીસ વખત દેહાંતદંડની સજા તો થઇ શકતી નથી. માટે જ જગતના વ્યાવહારિક ન્યાયને પણ મર્યાદા છે એમ કહેવું ઘટે. વળી, પાંચ-પંદર ખૂન કરનાર ક્યારેક પકડાય જ નહિ એમ પણ બને! તો વળી ક્યારેક જેણે ખૂન કર્યું નથી એવા નિર્દોષ માણસને માથે આરોપ મૂકાય અને ન્યાયાલયમાં પુરવાર પણ થઇ જાય! આવા કિસ્સાઓ વિષે જ્યારે વિચારીએ છીએ ત્યારે જગતના વ્યવહારમાં પૂરો ન્યાય પ્રવર્તતો નથી, બલકે ક્યારેક તો અન્યાય પણ પ્રવર્તે છે એમ લાગે. માટે જ ધર્મતત્ત્વવેત્તાઓ બીજાં સૂક્ષ્મ પરિબળોનો વિચાર કરે છે અને કર્મ, પુનર્જન્મ,

નરક ઇત્યાદિની માન્યતા પર આવે છે.

જેણે ખૂન કર્યું છે તેને પણ પ્રેમથી માફી આપવામાં આવે, તેને પણ પોતાની ભૂલ માટે પશ્ચાતાપ કરવાનો અને સુધરવાનો અવકાશ આપવામાં આવે એવો ઉત્તમ ન્યાય સાધુસંતોનો હોય છે. મરનાર વ્યક્તિ તો ગઈ, પરંતુ તેની પાછળ બીજો એક જીવ શા માટે ઓછો કરવો ?– એવો તેમનો મત હોય છે. પરંતુ સંતોનો ન્યાય વ્યવહારમાં બહુ ચાલતો નથી, કારણ કે સમાજમાં સમજદારીને કારણે જેટલા ગુનાઓ થતા અટકે છે તેથી ઘણા વધુ ગુનાઓ ભયને કારણે અટકે છે. ભય ન હોય અને માણસો અજ્ઞાની તથા બાલીશ હોય તો ગુનાખોરી ઘણી વધી જાય. બહોળા સમાજને સંયમમાં રાખવા માટે કાયદાનું બંધન અને સજાની વ્યવસ્થા અનિવાર્ય છે.

હત્યા કરનારને જનમટીપની સજા શું બસ નથી ? દેહાંતદંડ અનિવાર્ય છે ? આ અંગે વિભિન્ન મત પ્રવર્તે છે. કેટલાક વિચારકો દૃઢપણે માને છે કે દેહાંતદંડની સજા અચૂક હોવી જ જોઇએ અને તે હોય તો જ હત્યાના બનાવો ઓછા બને. બીજા કેટલાક એમ માને છે કે મોતની સજા જંગલી અને ક્રૂર છે, માનવજાતને માટે શરમરૂપ છે. એવી સજાથી ગુનાખોરી ઓછી થાય છે એ માત્ર ભ્રમ છે. જનમટીપની સજાનો ભય એ માટે પૂરતો છે, એમાં ખૂનીના હૃદયપરિવર્તનને અવકાશ છે.

અલબત્ત, બધા કેદીઓનું હૃદયપરિવર્તન થાય જ છે એવું નથી. કેટલાક તો છૂટીને કે છટકીને પણ ફરી પાછા વેર લેવા, હત્યા કરવા લાગે છે. કેટલાક અતિશય ક્રૂર, રીઢા, નરરાક્ષસ જેવા ખૂની માણસોનું અસ્તિત્વ, જેલમાં હોય તો પણ જોખમરૂપ છે. તેમને ફરી પાછા સમાજમાં છૂટા મૂકીને બીજા બે-પાંચ નિર્દોષ માણસનો ભોગ કેમ લેવા દેવાય ? જે પ્રજા સુશિક્ષિત છે, ડાહી છે, સુખી અને સમૃદ્ધ છે અને જ્યાં હિંસક ગુનાઓ ઓછા બને છે ત્યાં મોતની સજાની આવશ્યકતા ખાસ રહેતી નથી; જનમટીપ કે થોડાં વર્ષની જેલથી ચાલી શકે. જે પ્રજા ઝનૂની છે, અજ્ઞાની છે, આર્થિક અને સાંસ્કારિક દૃષ્ટિએ પછાત છે, વેરભાવથી ભરેલી છે, જ્યાં રોજ રોજ ખૂનના બનાવો બનતા રહે છે એ પ્રજામાં મોતની સજાનો ડર ન હોય તો પરિસ્થિતિ વધુ વણસે છે.

મોતની સજા ઠેઠ પ્રાગૈતિહાસિક કાળથી ચાલતી આવેલી જોવા મળે છે. રામાયણ, મહાભારત, ભાગવત જેવા પૌરાણિક ગ્રંથોમાં કે પ્રાચીન સંસ્કૃત નાટકોમાં એવા પ્રસંગોનો નિર્દેશ છે. ચાણક્યનીતિ પણ એમ જ માને છે. ભગવાન પાર્શ્વનાથના સમયમાં દેશી રાજાએ શરીરમાં આત્મા રહેલો છે કે નહિ તેની તપાસ કરવાના આશયથી શરીરના ટુકડા કરવા માટે મૃત્યુદંડની સજા પામેલા માણસોનો ઉપયોગ કર્યો હતો. આટલા લાંબા કાળથી મૃત્યુદંડની સજા થતી આવી છે તે બતાવે છે કે સમયે સમયે સમાજહિતચિંતકો તેમાં માનતા આવ્યા છે. આ પ્રશ્નને માનવતાની ઉદાર દૃષ્ટિથી જોનારા ચિંતકોનો, સાધુસંતોનો એક વર્ગ રહ્યા કરશે અને કેટલાક દેશો પરિસ્થિતિ અનુસાર મોતની સજા વખતોવખત રદ કરતા રહેશે તો પણ માનવસમાજમાંથી મૃત્યુદંડની સજા સર્વથા નિર્મૂળ થઇ જશે એવો સંભવ ઓછો છે, કારણ કે સમગ્ર માનવસમાજ એવી ડહાપણભરી કોટિએ પહોંચી જાય કે જ્યાં કોઇનું ખૂન જ ન થાય અને ખૂન થાય તો મૃત્યુદંડની સજાની આવશ્યકતા ન રહે તેવો સંભવ ઓછો છે.

અપરાધીને મૃત્યુદંડની સજા કરવી કેવી રીતે ? કેટલાક પ્રકારો ક્રૂર હોય છે, તો કેટલાક અક્રૂર, ખૂની પ્રત્યે વળી દયા કેવી ? એને તો રીબાવી રીબાવીને મારવો જોઇએ, એવું માનનારો વર્ગ પણ હોય છે. જમીનના ખાડામાં અડધો પૂરીને પથરા મારી મારીને અપરાધીનું મોત નિપજાવવાની સજા હજુ પણ કયાંક ફરમાવાય છે. જાહેરમાં તલવાર કે એવા ઘાતક શસ્ત્રના ઝાટકે માથું ઉડાવી દેવાના–શિરચ્છેદના બનાવો પણ બન્યા છે. અપરાધીને સ્તંભે ચડાવી હાથેપગે ખીલા ઠોકાયા છે. વાઘ કે સિંહના પાંજરામાં કે તેવા ખાડામાં કે ઝેરી સર્પવાળા કૂવામાં ધકેલી દેવાના બનાવો પણ બન્યા છે. સરોવર કે સાગરમાં મોટા મગરો જ્યાં એકત્ર હોય તેમની વચ્ચે માણસને ફેંકી સજા પણ થઇ છે. હાથીના પગ નીચે કંધકને કચડી નખાયા છે. ધાણીમાં પીલવાની ઘટનાઓ પણ બની છે. ગળે કે પેટે વજનદાર પથ્થર બાંધી ઊંડા પાણીમાં કોઇકને ડૂબાવી દેવાયા છે. કેટલાકને ભીંતમાં જીવતા ચણી લેવાયા છે. હાથ અને પગ સામસામે છેડે ખેંચીને મોત આણવાની સજા પણ ફરમાવાઇ છે. પર્વતના ઊંચા શિખર ઉપરથી ફેંકી દેવાની સજા પણ થઇ છે. ઊંચા સ્તંભ ઉપર કરેલી અણીદાર શૂળી ઉપર ગુનેગારને ભરાવાયો છે. આવી અને બીજી વિવિધ પ્રકારની રીતો મૃત્યુદંડની છે. કેટલીકવાર આવી સજા નગરજનોની હાજરીમાં જાહેર રીતે કરાયેલી છે. વધસ્તંભ પર લઇ જતાં પહેલાં અપરાધીને નગરમાં ફેરવવામાં આવ્યા છે. પ્રજામાં ધાક બેસાડવાનો એનો હેતુ હોય છે.

માણસને ઓછી વેદના થાય અને ગુપ્તપણે મૃત્યુદંડનો અમલ થાય એવું સુધરેલી પ્રજાઓમાં, વિશેષત : લોકશાહી રાજ્યોમાં બને છે. ઝેરનો પ્યાલો પાઇને, ગળે દોરડાનો ફાંસો લટકાવીને ગોળીથી ઠાર કરીને, ઇલેકટ્રિક શોક આપીને, ગેસ ચેમ્બરમાં દાખલ કરીને કે ઝેરનું ઇન્જેકશન આપીને મૃત્યુદંડની સજા ફરમાવાય છે. શરીરમાંથી લોહી ન નીકળે, ઓછામાં ઓછી વેદના થાય અને થોડીક ક્ષણોમાં મૃત્યુ થાય એ રીતે દેહાંતદંડની સજા વિચારાઈ છે. આ બધી સજાઓમાં પણ કઇ ઘાતકી અને કઇ દયાળુ એ વિશે વિભિન્ન મત પ્રવર્તે છે. ગળે ફાંસો લટકાવીને અપાતી સજા ઘણી ક્રૂર છે, એમ કેટલાક માને છે, તો બીજી બાજુ એના જેવી ત્વરિત અને દર્દરહિત સજા બીજી એકેય નથી એમ તે વિષયના નિષ્ણાતોનો મત છે. ઝેરના ઇંજેકશનની સજા સૌથી ઓછા દર્દવાળી છે એમ મનાય છે, પરંતુ તે તબીબી નીતિસંહિતાની વિરુદ્ધ છે.

મૃત્યુદંડના આધુનિક પ્રકારોમાં પાંચ–પચીસ મિનિટથી વધારેની વાત નથી. ક્ષણાર્ધમાં અજ્ઞાન રીતે દર્દરહિત મૃત્યુ નીપજે એવી વૈજ્ઞાનિક શોધ દૂર નથી. મૃત્યુદંડના પ્રકારનો પ્રશ્ન જેટલો ગંભીર છે એટલો ગંભીર પ્રશ્ન તો સજા પછી એના અમલમાં થતા વિલંબને કારણે કેદીઓને થતી માનસિક યાતનાનો છે; જો કે સ્વસ્થ કેદીને વધુ દિવસ જીવ્યાનો આનંદ પણ હોઇ શકે.

સમગ્ર માનવજાતમાં મોતની સજાની આવશ્યકતા જ ન રહે એવો સુવર્ણદિન કયારે ઊગશે ?

# એક પ્રબુદ્ધ જીવન

શ્રી આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી

એ પળ બહુ વિચિત્ર હતી. શું કરવું? નાટક જોવાનો ભારે શોખ, સારું ખાવા-પીવાનો ભારે શોખ. ખિસ્સાને પોસાય નહીં ત્યાં અકરમાત્ સો રૂપિયાની નોટ પગારમાં વધુ આવી ગઇ. મન દ્વિધામાં પડયું. લેવાય કે ન લેવાય? દાદર ઉતરી ગયા. ઇશ્વરની આપવાની મરજી છે. પૈસાની બહુ જરૂર છે. આપનારને કશી વધુ મુશ્કેલી પડવાની નથી. ના, આ નોટ ભૂલથી વધારે આવી ગઈ છે. અણહકનું ન રખાય. પગ પાછો દાદરો ચડયા, અર્ધેથી પાછા વળ્યા. નાટકો જોવા જવાશે. નહીં તો નાટક જોવા જવાનું કોઈ કાળે પોસાશે નહીં. માતા કસ્તુરબાનો ચહેરો યાદ આવ્યો. વિધવા માનો એકનો એક દીકરો. મુંબઇ આવવાની પરાણે હા પાડેલી. વ્હાલસોયી માએ ભાવતું ભાતું બંધાવેલું. જરા સરખી મૂડીમાંથી ગાંઠે જરૂરી ગરથ બંધાયેલું અને સાથે ચિત્તમાં એક વચન કોતરી આપેલું. 'જોજે હો ભાઇ, અનીતિનો એક પૈસો ય ન ખપે હો!' વાટમાં ભાવનગરથી મુંબઈ આવતાં સ્ટીમર જેવી હાલક-ડોલક થઇ હતી તેવી જ ચિત્તાવસ્થા અત્યારે હતી પણ મા યાદ આવતાં, માનું વચન યાદ આવતાં ક્ષણાર્ધમાં તોફાન શાંત થઇ ગયું. નિર્ણય લેવાઇ ગયો. મનમાં નિરાંત અને પ્રસન્નતા છવાઇ ગઇ. આ વખતે દાદરો ઉત્સાહથી ચડાયો. 'જૈન'ના તંત્રી શ્રી ભગુભાઇ કારભારીને સોની નોટ પાછી આપી. 'કેમ?' 'વધારાની છે.' 'હોય નહીં. તમારા ખિસ્સામાં તમારી જ પડી હશે.' 'ના રે, મારી પાસે નાની નોટ પણ નથી તો સોની નોટ તો કયાંથી હોય!' ભગુભાઇએ રાજી થઈ આશીર્વાદ આપ્યા એના પ્રતાપે જિંદગીભર શેઠ ગુલાબચંદ લલ્લુભાઇના ખિસ્સામાં સો સો ની નોટોનો થડકલો રહ્યા કર્યો.

તા. ૧૬-૬-૮૩ના રોજ ભાવનગરના પ્રબુદ્ધ જૈન શેઠ ગુલાબચંદ લલ્લુભાઈનું પ્રબુદ્ધ જીવન ૮૮ વર્ષની ઉંમરે સમાપ્ત થયું ત્યારે ભાવનગરની હવામાંથી ગુલાબની સુગંધ અદૃશ્ય થઈ ગઈ. પૃથ્વી આવા લોકોને કારણે તો હજુ જીવવા જેવી લાગે છે.

૧૮૯૫માં જન્મેલા ગુલાબચંદે આઠ વર્ષની ઉમ્મરે પિતાની છાયા ગુમાવી દીધી. મૂડીમાં માતાનું શીલ માત્ર. ગરીબી એવી કે પેનમાં સ્યાહી પૂરવાની પણ તકલીફ. જૈન આત્માનંદ સભાના પગથિયે ઊભો રહે આ બાળક અને કારકુન ભાઇને દયા આવે. સ્યાહી પૂરી આપે. જીવનની ઉત્તરાવસ્થાએ જૈન આત્માનંદ સભાના પ્રમુખ તરીકે શેઠ ગુલાબચંદ શાહ દાદરા ચડે ત્યારે રોજ રોજ પગથિયે ઊભા રહી સ્યાહી પૂરાવતા પોતાનાં બાળરૂપને સ્મરે.

નાનપણથી લખવા-વાંચવાનો શોખ. આનંદ પ્રિન્ટિંગ પ્રેસવાળા શ્રી દેવચંદ દામજી સાથે જોડાયા. અઢાર અઢાર કલાક કામ કરે. જ્ઞાનના ગ્રન્થો છપાય તે લીટીએ લીટી વાંચે.

શ્રી કૃન્તેહચંદ ડાહ્યાભાઇ સાથે પરમ દોસ્તી. બન્ને મિત્રો હોટલમાં ચા પીતા બેઠા હતા. ત્યાં એક જ્યોતિષી સૌના હાથ જુએ. કુતૂહલથી બન્નેએ હથેળી પ્રસારી. જોશીએ કહ્યું, 'મુંબઇ જવાના યોગ છે.' કૃન્તેહચંદ સામે જોઇને કહે, 'તમે મુંબઇ રહી જાશો.' ગુલાબચંદને કહે, 'તમે પાછા આવશો' બન્ને ખડખડાટ હસ્યા. કૃન્તેહચંદનું મુંબઇ જવા મન વધ્યું. દિલોજાન મિત્ર વગર જવું ગમે નહીં. ગુલાબચંદને પણ જવાનું મન પણ માને એકલી મૂકીને કેમ જવાય? અંતે માએ રજા આપી. આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાંથી રજા લઇ, ગયા. ભગુભાઇએ મુંબઇમાં સ્વજનની જેમ સાચવ્યા. કૃન્તેહચંદે ઝંડુ ફાર્મસીમાં નોકરી લીધી તે જીવન પર્યંત ત્યાંજ રહ્યા અને ગુલાબચંદ પાછા ભાવનગર આવ્યા. ભગુભાઈ વિલાયત ગયેલા ત્યારે 'જૈન' ગુલાબચંદને સોંપેલું. પોતાનું 'મહોદય પ્રિન્ટિંગ પ્રેસ' કરતાં પહેલાં શ્રી દેવચંદ દામજીના પુત્રને પ્રેસલાઇનનું બધું કામ ખંતપૂર્વક શીખવ્યું. મહોદયે તો એવી નામના કાઢી કે વિદ્વત્ જગતમાં એને બીજું 'નિર્ણય-સાગર' પ્રેસ સૌ કહેતાં. છાપકામની ચોકસાઇ અને સુંદરતા માટે મહોદય પ્રેસ બહુ વખણાયું. ૧૯૫૭ માં પ્રેસ વેચી દીધું ત્યાં સુધીમાં ધર્મ, યોગ અને સાહિત્યના સો જેટલા ગ્રન્થો તેમણે છાપેલ. એક એકથી ચડિયાતાં ગ્રન્થ! મુંબઈના બુદ્ધિસાગર જ્ઞાન પ્રસારણ મંડળ તરફથી ઉત્તમ ગ્રન્થો ઉત્તમ રીતે છાપવા માટે તેમને ચંદ્રક આપવામાં આવેલો. વ્યવસ્થાપક એવા સારા કે આટલું બધું કામ પ્રેસમાં થાય પણ પોતે છૂટા ને છૂટા. તેમની ઓફિસમાં તો વિવિધ વિષયો પર વાર્તાલાપો જ ચાલતા હોય. ચા પાણીના દોર દિવસ આખો ચાલતા હોય. ખાણી-પીણીનો પૂરો શોખ એટલે નાસ્તા પાણી પણ ચાલ્યા કરે.

કળાનો નાનપણથી શોખ. નાટકને સંગીતમાં ડૂબેલા. નાનપણમાં નાટક જોવાના પૈસા નહીં, એટલે થિએટરની પછીતે ઊભા રહી સંવાદ અને ગીતો સાંભળ્યા કરે. પોતે પછી પગ-પેટી વસાવેલી. બન્ને હાથે વગાડતાં અને શાસ્ત્રીય સંગીત ગાતાં. જલસાઓમાં તો અવશ્ય હાજર હોય.

ગાંધીયુગ ચાલતો. રાજકીય અને સામાજિક કાર્યકરો સાથે દોસ્તી. બધા પ્રકારની પરોક્ષ સહાય કરે. લોકલાડીલા નેતા બળવંતરાય મહેતા સાથે ઘરોબો. આ નેતાઓ સત્તારૂઢ થયા પછી તેઓ બોલાવે તો જ જવાનું રાખ્યું. કાંઇ અપેક્ષા જ નહીં પછી લાભ લેવાની તો વૃત્તિ જ કયાંથી હોય?! જૈનસમાજની સેવામાં જંત ખપાવી દીધી. વડવા જૈન મિત્ર-મંડળની સ્થાપના તરુણાવસ્થામાં જ કરેલી. સંવત ૧૯૮૧ના વિજયાદશમીના મંગળપ્રભાતે આ સંસ્થા શરુ થયેલી.

યશોવિજય જૈન ગ્રન્થમાળા, જૈન આત્માનંદ સભા, વડવા જૈન મિત્ર મંડળનું પ્રમુખપદ શોભાવ્યું. 'આત્માનંદ પ્રકાશ'નું તંત્રીપદ પણ સંભાળ્યું અને ભાવનગર જૈન સંઘનાં મંત્રીત્વને ગૌરવ અપાવ્યું. નાની ઉમ્મરમાં જ એક ભવ્ય આયોજન કર્યું.

સંવત્ ૧૯૮૧માં જ સમેતશિખર સહિત જૈન તીર્થ સ્થળોની યાત્રા માટે સાતસોથી વધુ યાત્રીઓની એક સ્પેશ્યલ ટ્રેન તેઓ લઈ ગયા હતા અને ઉત્તર ભારતના બધા સ્થળોની યાત્રા કરીને ખૂબ કીર્તિ મેળવી હતી.

વાત આમ બની હતી.

તીર્થયાત્રા એ પ્રત્યેક ધર્મમાં ભારે આકર્ષણ જગાવે છે. તીર્થયાત્રા જેટલી વધુ અઘરી તેટલું આકર્ષણ વધુ. ભાવનગરના થોડા સુખી ગૃહસ્થોએ સમેતશિખરની યાત્રાની યોજના કરી. ગામડાની બે આધેડ વિધવા સ્ત્રીઓએ પણ ગાંઠની પુંજી ઓછી કરીને પણ સાથે જવાનું નક્કી કર્યું. પેલા ગૃહસ્થોએ સંમતિ આપી પણ પેલી બહેનો તો ભાવનગર આવે તે પહેલાં તો તેઓ રવાના થઇ ગયા. બહેનો બહુ નિરાશ થઈ. ગુલાબચંદ અને એના મિત્રો આ વાતથી બહુ દુઃખી થયા. વિચારે ચડયા. સમૂહ યાત્રાનો વિચાર આવ્યો. મુશ્કેલીઓનો પાર નહીં. રેલ્વેઓ જુદી જુદી. તીર્થો આવે. આઘે રેલ્વે કંપનીઓ સાથે પત્રવ્યવહાર કર્યા કર્યો. 'જૈન' પત્રે વગર મૂલ્યે આ જાત્રાનો પોતાના પત્રમાં પ્રચાર કર્યો. યાત્રીઓના ભોજનની પણ વ્યવસ્થા કરવાની હતી. આબુ-દેલવાડા જેવા અનેક સ્થળોએ જવા રેલ્વે સ્ટેશનથી વાહનોની પણ સગવડ કરવાની. પણ ટિકિટો ખપવા લાગી. જૈન સમાજે વિચારને વધાવી લીધો. ચારે બાજુથી સહકાર પણ મળવા માંડયો. વિજયાદશમીના દિવસે સ્પેશ્યલ ટ્રેન ઉપડી ત્યારે ભોજન સમિતિ, લાઇટ સમિતિ, હિસાબ સમિતિ, આરોગ્ય સમિતિ, ચોકી સંરક્ષણ સમિતિ, ફોટોગ્રાફી સમિતિ, સૂચના-પ્રકાશન સમિતિ, પેટા મુસાફરી સમિતિ વગેરે સમિતિ-ઓએ પોતપોતાનું કામ સંભાળી લીધું હતું. ડાઇનીંગ-કાર અને સીધું સામાન ભરેલું વેગન સાથે હતાં. જૈન ધર્મના આચાર વિચાર પ્રમાણેની જ ભોજન વ્યવસ્થા હતી તેમ છતાં વધારે સખ્તાઇથી આ બાબતોનું પાલન કરવા ઇચ્છતા લોકો માટે ખાસ વ્યવસ્થા હતી. રજસ્વલા બહેનો માટે અલગ બેઠક-વ્યવસ્થા રાખેલી.

સ્થળે સ્થળે યાત્રીઓનાં સન્માન થતાં. દેશી રજવાડાઓમાં તો ભવ્ય સમારંભ થતાં. ગુલાબચંદભાઇને હાથીની અંબાડીમાં ફેરવવામાં આવતા. સંયોજકોએ યાત્રા પૂરી થતાં પાઇએ પાઇનો હિસાબ યાત્રીઓને આપ્યો. આ જાત્રાનો સ્પેશ્યલ રિપોર્ટ આપતો ગ્રન્થ આજે પણ વાંચવો ગમે તેવો છે. છપાઈ-સફાઇની દૃષ્ટિએ પણ આ સચિત્ર ગ્રન્થ દર્શનીય અને પઠનીય બન્યો છે. ઓડિટ રિપોર્ટ વાંચતાં એ જમાનાની સસ્તાઇનો ખ્યાલ આવે છે.

મહોદય પ્રિન્ટિંગ પ્રેસ જે મકાનમાં ચાલતું હતું તે મકાનના માલિક જોડે મતભેદ થયો. ગુલાબચંદભાઇના મનમાં વાનપ્રસ્થના વિચારો જામવા માંડયાં હતાં. કાયદા-કાનૂન પણ બદલાવા લાગ્યા હતા. જિંદગીમાં કોઇ કારીગર જોડે પણ ઊંચા અવાજે વાત કરવાનો પ્રસંગ બન્યો ન હતો. નિર્ણય લઇ લીધો. મૂડી તપાસી લીધી. સુખેથી જીવી શકાશે એની ખાત્રી થઈ. પ્રેસ વેચી નાખ્યું. ઘરના લગભગ બધા પ્રસંગો બાકી હતાં, પણ વાનપ્રસ્થ જીવન ગાળવાનું નક્કી કરી નાખ્યું. ધર્મનિષ્ઠ પત્નીનો પૂરો સહકાર હોય પછી શું?

વાનપ્રસ્થ જીવનમાં થોડા આઘાતો પણ સહન કરવા પડયા. પ્રિય પુત્ર ભાસ્કરનું અવસાન થયું. લગભગ પોણા બે લાખ રૂપિયા પણ ખોયા. આખર સુધી ઘરનું ઘર પ્લોટ વિસ્તારમાં ન ચણાયું. ભાડે જ રહેવું પડયું; પણ પુણ્યનો પાર નહીં. એટલે દીકરા-દીકરીઓ બધા સારે ઠેકાણે વર્યા, વેપાર ધંધામાં પડયા અને સૌ સુખી છે. પત્નીએ પ્રિય સખીના પુત્રને નાનપણથી જ પાળવા-પોષવાની જવાબદારી લીધી એને પ્રેમપૂર્વક ભણાવ્યો, ગણાવ્યો, ધંધો શરુ કરી આપ્યો અને હજુ પણ એ કુટુંબની સાથે જ રહે છે. એને પળવારે ય ખબર નથી પડવા દીધી કે એ પેટનો જણ્યો નથી. બે માસની ઉમ્મરે ઘરે આવેલા એ ત્રીસ વરસનો વિવેકી શાણો યુવાનને પણ કદી પરાયાપણું લાગ્યું નથી.

સ્ત્રીશિક્ષણમાં પહેલેથી માનનાર ગુલાબચંદભાઇએ આઝાદી પહેલાં ઘણા વખત પૂર્વે 'સ્ત્રીદુઃખ દર્પણ' સામયિક પણ ચલાવેલું. ભાડું વધારવા ઇચ્છનાર આજના એમના મકાન-માલિકને ખબરે ય નથી કે વડવામાં ગુલાબચંદભાઇનો મકાનમાં રહેતાં અને ભાડું ન ભરી શકતાં ભાડૂતોને રેશન પણ પોતે પહોંચાડતાં. ભાવનગરની જૈન ભોજનશાળામાં તેમના તરફથી રોજ એક વ્યક્તિ જમે એવી વ્યવસ્થા તો દાયકાઓથી ચાલી આવે છે.

એક પરિચિત વેપારીને નાણાંની જરૂર પડી. મકાન ઉપર ધીર્યાં. પેલો નાણાં પાછાં ન આપી શક્યો. મકાન લેવાનો પ્રસંગ આવ્યો. ખબર પડી કે મકાનમાં તો પેલાની રખાત રહે છે. એ બિચારી રડી પડી. ગુલાબચંદભાઇએ દસ્તાવેજ ફાડી નાખ્યો.

એક સટોડિયાભાઈ ઉત્તરાવસ્થામાં ખૂબ કમાયા. પણ જીવને શાંતિ મળે નહીં. ગુલાબચંદભાઇએ કહ્યું, 'જેમનાં વછીયતના પૈસા ખાધાં છે, તેમનાં સંતાનોને શોધી શોધીને ચૂકવી આપો. શાંતિ થશે.' પેલાએ તેમ કર્યું અને શાંતિનો અનુભવ કર્યો.

૧૭-૯-૪૨ ની સાંજ હતી. ગામમાં જોરદાર અફવા ફેલાણી કે ફલાણાભાઈ સૈનિકો માટે ઢોર ચડાવે છે, જેમાં ગાયો પણ હોય છે. જોતજોતામાં અફવાએ જોર પકડયું. એ ભાઇ તો કામ પ્રસંગે બહાર ગયેલા. પણ ઘરનાં સૌ ગભરાયાં. લોકટોળાં તો મશાલ લઇને ઘર ને ઘરવખરી અને કુટુંબીઓને બાળવા આવ્યા. સૌએ એ લોકોને ભાગી જવાનું કહ્યું. ગુલાબચંદભાઇને ખબર પડી. એ દોડયા. ટોળાની સામે ઊભા રહ્યાં. સમજાવવાનું શરુ કર્યું. પોતે જમીન થયા. ગુલાબચંદભાઇની પ્રામાણિકતા પર લોકોને ભારે વિશ્વાસ. કુટુંબ અને મિલકત બચી ગયાં. ૨૩-૯-૪૨ ના રોજ એ ભાઇએ ગુલાબચંદભાઇને લખ્યું, 'રૂબરૂ ઉપકાર માનતાં મારી આંખમાં પાણી આવી જાય ને હું મારે કહેવાનું કહી શકું નહીં તેથી આ લખીને આપનો જન્મઋણી છું. અને મારા ભાઇઓ તથા પુત્રોને ભલામણ કરી છે કે આખી જિંદગી સુધી ગુલાબચંદભાઇનો ઉપકાર ન ભૂલી જવાની લાયકાત મેળવશો. આપનું, આપના કુટુંબનું પરમાત્મા ભૂંડું કરે તેવી મારી અને મારા આખા કુટુંબની પ્રાર્થના છે.....'*

એક વાર તેમના નામેરી એક ભાઇનું મૃત્યુ થયું. છાપામાં સમાચાર છપાયા. ગુલાબચંદભાઇના ઘરે સંવેદનાના અને આશ્વાસનના પત્રો આવવા લાગ્યા. પોતે વાંચતાં જાય ને કહેતા જાય, 'લોકો મારા તરફ કેવી લાગણી રાખે છે એની મને જીવતે જીવત ખબર પડી. હું ધ્યાનમાં રાખીશ કે લોકો મારી પાસે આવા ગુણોની આશા રાખે છે.'

એમણે કરેલાં ગુપ્ત દાનો અને જરૂરિયાતવાળાઓને કરેલી સહાયની કથાઓ હવે પ્રકાશમાં આવતી જાય છે. એમનાં

એક જૂના દરજી પડોશીને તો કાવ્યાંજલિ આપવાનું મન થયું અને દરજી પરશોતમ જીવણે ગુલાબચંદ શેઠના નામના એક એક અક્ષરો પરથી એક એક પંક્તિ રચીને કુટુંબને કાવ્ય પહોંચાડયું.

એમની આ છેલ્લી માંદગી વખતે તેઓ તકિયાના સહારે બેસીને આંખો મીંચીને કંઈક પ્રાર્થના કરતા હતા. હું ચુપચુપ પાસે જઈને બેસી ગયો. મહાવીરનું નામ આવતું હતું અને પ્રાર્થના ચાલતી હતી કે મારી ઇચ્છા મોક્ષની નથી. મારે તો ફરી જન્મીને લોકોને સુખી કરવા છે. જન્મ શત્રુંજય પાસે મળે કે સમેતશિખર પાસે, ગરીબ અને જરૂરિયાતવાળાની મદદ થઈ શકે એવું જીવન મળે તો સારું.

ભાવનગરના જ એક બીજા સપૂત વીર આત્મારામભાઇ સ્વેચ્છાથી હસતાં મૃત્યુને વર્યા. અન્યાય સામે અહિંસક રીતે લડવાની જ ઇચ્છા. આ માટે આ વૃદ્ધ શરીર કામ આપતું નહોતું માટે ઉપવાસ કરીને છોડી દીધું. સ્વર્ગ કે મોક્ષની ઇચ્છા નહીં, ફરી જનમવાની અને બીજાને મદદરૂપ થવાની ઇચ્છા.

જે પેઢી જઈ રહી છે તેના ચિત્તમાં 'ન ત્વહં કામયે રાજ્યં ન સ્વર્ગં ન પુનર્ભવં, કામયે દુઃખતપ્તાનાં પ્રાણિનાં આર્તિનાશન" વાળો શ્લોક કેવો ઊંડે સુધી અંદર સ્થિર થયો હતો!

આપણે પણ એમની પાસેથી એ જ વારસો લઇએ તો તેમને અંજલી આપી ગણાય.

---

* સોનાનો ચેઇન ધોવરાવવા સોનીને ત્યાં માણસને મોકલ્યો. એ પાંચેક મિનિટ આઘો પાછો થતાં સોનીએ એમાંથી થોડું સોનું કાપી લીધું. ગળામાં નાખતી વખતે ચેઇન ટૂંકો થયો છે, તેની ખબર પડી ગઇ. તપાસ કરતાં સોનીએ કબૂલાત કરતાં જણાવ્યું કે 'સંજોગોની ભીંસમાં આવી જતાં મારાથી આમ થઇ ગયું છે. હવે તો મારે આપઘાત કર્યે જ છૂટકો છે. 'ગુલાબચંદભાઇએ એને ચોરીમાંથી જ નહીં, સંજોગોની ભીંસમાંથી પણ મદદ કરીને મુક્ત કર્યો.

# એકઝોટિક ક્રોસ બ્રીડીંગ અને ગાય

● કાન્તિલાલ વોરા

છેલ્લા કેટલાક વર્ષોથી આપણા દેશમાં ગુજરાત-મહારાષ્ટ્રમાં ગાયના દૂધનું ઉત્પાદન વધારવા માટે 'એકઝોટિક ક્રોસ બ્રીડીંગ' પદ્ધતિ અપનાવવામાં આવે છે. એટલે કે વિદેશી સાંઢનું થીજવેલું વીર્ય ઇંજેકશન દ્વારા આપીને ગાયને કૃત્રિમ રીતે ગર્ભાધાન કરાવવામાં આવે છે.

એ કારણે દૂધ વધારે મળવાનો દેખીતો ઉપરછલ્લો ફાયદો લાગે છે, પરંતુ સાથોસાથ એનાથી બીજા કેટલા પ્રકારનું નુકસાન થાય છે, એનો ખ્યાલ ઘણી બાબતોમાં બને છે તેમ કહેવાતા વિકાસને નામે આપણને નથી હોતો. ગાયના કુદરતી દૂધમાં સત્ત્વશીલ, ઓજસદાયી તથા નીરોગીપણાના જે ગુણો છે, તે આ કૃત્રિમરીતે વધારેલા દૂધમાં નથી મળતા. જેમ કે ભેંસના દૂધમાં પણ ઉપરોકત ગુણોને બદલે જડ તત્ત્વ રહેલું હોય છે. જેથી બાળકો માટે તથા આરોગ્ય માટે ગાયનું જ દૂધ વપરાય છે.

આવું જ ખેતીની બાબતમાં પણ બને છે. જમીનને, છાણમાંથી બનેલ કુદરતી સેંદ્રિય ખાતરને બદલે કૃત્રિમ રાસાયણિક ખાતર આપવાથી કેટલાક વર્ષોમાં જમીન કસહીન બને છે તથા એમાંથી ઉત્પન્ન થતું અનાજ સત્ત્વહીન મળે છે.

હકીકતમાં આપણી ઉંચી ઓલાદની ગાયો સારી માવજત તથા ઉંચી ઓલાદના સાંઢ દ્વારા કુદરતી ગર્ભાધાનથી પણ ઘણા સારા પ્રમાણમાં દૂધ આપી શકે છે. આવી ગાયો આજે દેશમાં મોજુદ છે. મુંબઈની પાંજરાપોળમાં જ રોજનું ૩૦ લીટર આસપાસ દૂધ આપતી ગાયો છે. આ તરફ દુર્લક્ષ કરીને કૃત્રિમ ઉપાયોથી દૂધ વધારવું એ અહિતાવહ તથા માનવીની કાબેલિયતને પડકાર સમાન છે. કોઇ પણ કૃત્રિમ વસ્તુ, કુદરતી વસ્તુનો મુકાબલો ન જ કરી શકે, એ ન સમજી શકાય, એવી વાત નથી.

કૃત્રિમ ગર્ભાધાનથી પેદા થતા એ બળદો, ખેતીને માટે નકામા નીવડે છે. ભારતની આબોહવાને એ અનુકૂળ થઇ શકતા નથી. વધારે ખોરાક તથા દવાઓ દ્વારા એની માવજત કરવાનું ખૂબ ખર્ચાળ બને છે. આમ છતાં વધારે શ્રમ કરતાં એ થાકી જાય છે, જેથી આવા બળદ (વાછરડા) મોટા ભાગે પેદા થતાં જ કતલખાને જાય છે. ઉપરાંત આ પશુઓના છાણ મૂત્રમાંથી મળતું કુદરતી ખાતર તથા 'મિથેન' ગેસ કે જે ઉર્જા માટેનો મોટો વિકલ્પ છે. એનાથી પણ આપણે વંચિત રહીએ છીએ.

આજે ખેતી માટે દેશમાં બળદની ભારે અછત છે. કારણ કે એક તરફથી માંસની નિકાસ માટે એની કતલ થાય છે અને બીજી તરફથી એકઝોટિક ક્રોસ બ્રીડીંગથી બિનઉપયોગી બળદ પેદા થાય છે. જેથી ખેતી માટે આ ગંભીરરીતે વિચારણીય પ્રશ્ન છે. ટ્રેકટરથી આપણે ત્યાં અનેક કારણસર ૧૦ ટકાથી વધારે ખેતી થઇ શકતી નથી.

આમાં એક સૌથી વધારે મહત્વની અને વિચારણીય બાબત, એ પણ છે કે સ્વાર્થવશ ગાયને કૃત્રિમ ગર્ભાધાન કરાવવામાં માનવ દ્વારા કદાચ અજ્ઞાનવશ પણ એના ઉપર કેટલો ત્રાસ અને જુલ્મ ગુજારવામાં આવે છે! ઇશ્વરે ઉત્પન્ન કરેલ માનવ, પશુ, પક્ષી તમામને સેકસ દ્વારા અલૌકિક આનંદ પ્રાપ્ત કરવાની તથા પ્રજોત્પતિ કરવાની કુદરતી સંજ્ઞા તથા હકક આપેલ છે. એ હકક છીનવી લઇને, માનસિક ત્રાસ આપીને કૃત્રિમ રીતે વધારે દૂધ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે, એ દૂધમાં સ્નેહ તત્ત્વ, ઓજસ તત્ત્વ તથા બીજા આરોગ્યદાયી તત્ત્વ મળે જ કયાંથી? ગાય પાસેથી એનો આ કુદરતી હકક છીનવી લેવાનું કેટલું અમાનુષી ગણાય?

ગાય-ગોવંશ, હજારો વર્ષથી માનવ જીવનનું એક મહત્ત્વનું અંગ બની ગયેલ છે. એનું મુખ્ય કારણ એ છે કે ગાયનાં દૂધમાં તથા એના મળ મૂત્રમાં કેટલાક વિશેષ પ્રકારના તત્ત્વો છે, જે માનવના જીવન-આરોગ્ય માટે ઘણા ઉપયોગી છે.

અમેરિકન સંશોધનકારનું કહેવું છે કે ૪ ટકાથી વધારે ચરબી ધરાવનાર દૂધ આરોગ્ય માટે હાનિકારક છે. ચાર ટકા ચરબી ફકત ગાયના દૂધમાં જ છે. રશિયન સંશોધનકારનું કહેવું છે કે જે મકાનને ગાયના છાણથી લીંપવામાં આવ્યું હોય એને એટમિક અસર થતી નથી. અગાઉ આપણા

ગામડાઓના ઘરમાં આવું જ લીંપણ થતું. કેટલેક ઠેકાણે હજી પણ થાય છે. આ બતાવે છે કે આપણા પૂર્વજો કેટલા જ્ઞાની અને દીર્ઘદૃષ્ટા હતા.

આ સંજોગોમાં એકઝોટિક કોસ બ્રિડીંગને કારણે થતું નુકસાન તથા બળદ (વાછરડા) નો થતો નાશ, આ પદ્ધતિમાં ફેરવિચારણા માગી લે છે.

વિકાસ અને પ્રગતિને નામે આજે ઘણી બાબતોમાં આંધળુ બને છે. અને ઘણી આફતો આપણે નોતરી લઇએ છીએ. તેમ જ એના માઠાં ફળ ભોગવવા પડે છે. હજી પણ જાગૃતિ થઇએ તો આવી ઘણી આફતોમાંથી બચી શકીએ.

# બ્લેક હોલ (તમસ્કાય) : જૈન દર્શન અને વિજ્ઞાનની દૃષ્ટિએ

પન્નાલાલ ૨. શાહ

ભારતના વતની પણ હાલ અમેરિકા સ્થિત શ્રી નિરંજન વખારિયા "Cosmological Truth of Ancient Indian Religions—Jainism and Hinduism" એ નામનું પુસ્તક અમેરિકાથી પ્રગટ કરવાના છે. એની ભૂમિકારૂપે એમણે 'ભારતીય જૈન ધર્મની પ્રાગ-ઐતિહાસિક શોધ : શ્યામ ગર્ત-અવકાશી તમસ્કાય પ્રદેશ, (Super Black Hole) એ નામની ગુજરાતીમાં ૬૪ પૃષ્ઠની નાની પુસ્તિકા બહાર પાડી છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. રમણભાઇએ એ પુસ્તિકા મને જોવા મોકલી. એ પુસ્તિકા વાંચતા મને આ વિષયમાં રસ પડ્યો અને એમાં રજૂ થયેલી શ્યામ ગર્ત અંગેની જૈન દર્શનની માન્યતા અને આધુનિક શોધ-સંશોધનનાં ફળસ્વરૂપે વૈજ્ઞાનિકોની રજૂઆતને થોડીક વધુ ન્યાયપૂર્ણ ભૂમિકા પર મૂકવી જોઇએ, એવું જણાતા આ લેખ લખવાનું પ્રયોજન થયું. હું વિજ્ઞાનનો વિદ્યાર્થી નથી. એટલે પ્રસ્તુત લેખમાં રહી જતી ક્ષતિ એ મારી મર્યાદા છે અને જે કાંઈ સફળતા છે તેનો યશ આ લેખ માટે આધારરૂપ નીવડેલા પુસ્તકોને અને તેના વિદ્વાન લેખકોને છે. આ લેખ માટે શ્રી નિરંજન વખારિયા કૃત પ્રસ્તુત પુસ્તિકા, પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ : ૫૬૪ : બ્લેક હોલ શું છે?' (લે. ડૉ. સુશ્રુત પટેલ) અને 'જૈન દૃષ્ટિએ મધ્યલોક' (સંશોધક : પૂ. શ્રી નવીનઋષિ મહારાજ)નો મેં મુખ્યત્વે આધાર લીધો છે.

સૌ પ્રથમ આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ બ્લેક હોલ, જૈન દૃષ્ટિએ તમસ્કાય પ્રદેશ, અને અંતે બન્ને વચ્ચે રહેલું સામ્ય એ રીતે આ વિષયને તપાસવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે. ભારતીય પ્રાચીન ગ્રંથોમાં આવી કેટલીય બાબતો સચવાયેલી છે અને એના અભ્યાસથી સંશોધનની નવી દિશા સાંપડે એમ છે એ તરફ સ્વાભાવિક અંગુલિનિર્દેશ કરવાનું મન થાય છે. બ્રહ્માંડનાં કેટલાંય રહસ્યો આપણા આવાં પ્રાચીન ગ્રંથોમાં સચવાયેલાં હશે. એને શ્રદ્ધાથી ભલે સ્વીકારીએ; પરંતુ જિજ્ઞાસાવૃત્તિથી એનો અભ્યાસ અને એનું સંશોધન કરવાની પણ એટલી જ જરૂર છે. આટલી ભૂમિકા સાથે હવે આપણે મુખ્ય વિષય તરફ વળીએ.

° ° °

પ્રત્યેક વસ્તુની જેમ તારાઓ પણ જન્મ અને મૃત્યુની ઘટમાળને આધીન છે. એમાં ગુરુત્વાકર્ષણ-બળ મહત્ત્વનો ભાગ ભજવે છે. યુવાનીમાં કેન્દ્રીય પ્રક્રિયાઓના કારણે તારાને ચોગમથી ભીંસી રહેલાં ગુરુત્વાકર્ષણ-બળની સામે તારો લડત આપે છે, અને એનું કદ જળવાઇ રહે છે, પરંતુ જ્યારે તારાનું બળતણ ખલાસ થવા આવે ત્યારે એનું સંતુલન ખોરવાય છે. અને ગુરુત્વાકર્ષણ બળ તારાને ઝડપથી દબાવવા માંડે છે. આથી તારાનું દ્રવ્યમાન તો મૂળ જેટલું જ રહે છે, પરંતુ એનું કદ ઘટવા માંડે છે. અંતે તે શ્વેત-વામન (White Dwarf), ન્યૂટ્રોન-તારો કે પછી શ્યામ છિદ્ર (Black Hole) બને છે. એનો આધાર એના મૂળ દ્રવ્યમાન પર છે.

અમેરિકા સ્થિત ભારતીય વૈજ્ઞાનિક શ્રી સુબ્રહ્મણ્યમ્ ચંદ્રશેખરે ઇ. સ. ૧૯૩૧ માં સૂચવ્યું હતું કે તારાનું દ્રવ્યમાન આપણા સૂર્ય જેટલું જ કે એથી ઓછું હોય અને તેનું બળતણ ખલાસ થઈ જતાં એ સંકોચાય તો તે શ્વેત-વામનમાં પરિણમે છે. નાના તારાઓના દ્રવ્યમાનની આ નિર્ધારિત મર્યાદાને Chandrashekhar-Mass-limit કહેવાય છે. પરંતુ જે તારાનું દ્રવ્યમાન આપણા સૂર્ય કરતાં ૧૦ ગણું કે એથી વધુ હોય તો તે તારાનું બળતણ ખલાસ થતાં એમાં ચાલતી કેન્દ્રીય પ્રક્રિયાઓ બેકાબૂ બની જાય છે. તારો અસ્થિર બને છે અને ફૂલવા માંડે છે. આખરે પ્રચંડ ધડાકા સાથે એ ફાટી પડે છે. આ ઘટનાને 'Super-Nova' કહેવાય છે. તારાની બહારનું આવરણ દૂર-સુદૂર ફંગોળાય છે પરંતુ એનું કેન્દ્ર અંદરની તરફ સંકોચાતું જાય છે, જેને આંતરિક વિસ્ફોટ (imploision) કહેવાય છે. દ્રવ્યમાન ઘટ્ટ થતાં આખરે એમાંથી ન્યૂટ્રોન-તારો સર્જાય છે. કર્ક નિહારિકા એનું ઉદાહરણ છે.

આવા આંતરિક વિસ્ફોટથી ફાટી પડતાં તારાના કેન્દ્રમાં જો દ્રવ્ય ઘણું હોય તો એનું સંકોચન ચાલુ જ રહે છે અને આઇન્સ્ટાઇનની કલ્પના મુજબ આ પિંડની ઘનતા અને પરિણામે ગુરુત્વાકર્ષણ એટલી હદે વધી જાય છે કે એમાંથી કોઈ પણ જાતનું વિકિરણ-પ્રકાશ સુદ્ધાં બહાર નીકળી શકતું નથી. અને પિંડ પોતે અદૃશ્ય થઇ જાય છે, જેને શ્યામ છિદ્ર (Black-Hole) કહેવાય છે.

આઇન્સ્ટાઇને સૂચવ્યું કે અવકાશને ચાર ખૂણે ખોડેલા થાંભલા સાથે બાંધેલી સ્થિતિ-સ્થાપક રબ્બરની મોટી ચાદર સાથે સરખાવીએ અને સૂર્ય, ગ્રહો તેમજ તારાઓને એમની પર મૂકેલા કલ્પીએ તો એ બધા પોતાના વજનને અનુરૂપ ઓછી-વત્તી ઊંડાઇના ખાડા એમાં પાડશે. આપણી પૃથ્વી પણ એમાં નાનો ખાડો પાડશે. પરંતુ શ્યામ છિદ્ર સહુથી વજનદાર હોવાથી ચાદરમાં ખાડો નહીં, પરંતુ ઊંડો કૂવો કે ભોગદું જ બનાવી દેશે. આઇન્સ્ટાઇને આવા ખાડાઓને અને ચાદરને અવકાશ-કાલ સાથે સાંકળી લીધા, જ્યાં સમય સ્થગિત થઈ જાય છે. શ્યામ છિદ્ર, ગુરુત્વાકર્ષણના બળને કારણે, પોતાની આસપાસના દ્રવ્યને શોષી લે છે પણ તેમાંથી કશું બહાર નીકળતું નથી, એવી જ રીતે એમાં દાખલ થતું કશું દેખાતું નથી. એમાં ચૂસાયેલું દ્રવ્ય ક્યાં જતું હશે એની પણ વૈજ્ઞાનિકોએ કલ્પના કરી છે.

આઇન્સ્ટાઇનની કલ્પના હજુ આગળ વધારીએ. ઉપર જણાવ્યું તેમ સ્થિતિ-સ્થાપક ચાદરની નીચે બીજી એક રબ્બરની ચાદર હોય તો ઉપરની ચાદરમાંના શ્યામ છિદ્રે સર્જેલા બોગદાને તળિયે બેઠેલો બ્લેક હોલ પોતાના ચુંબક જેવા બેંચવાના ગુણને જોરે એની નીચેની ચાદરને પોતાની તરફ બેંચશે. પરિણામે બીજી ચાદરમાંથી પણ બોગદા જેવું બનીને એના તરફ બેંચાઈ આવશે. આ બન્ને બોગદા એકમેકને મળશે. આ બોગદાની કલ્પના ઇ. સ. ૧૯૩૫માં આઇન્સ્ટાઇન અને તેના સહકાર્યકર નાયન રોઝનને રજુ કરેલી એટલે બન્ને બોગદાના આ જોડાણને આઇન્સ્ટાઇન રોઝન બ્રીજ અથવા વર્મ હોલ (Wormhole) કહેવાય છે. આથી ઊલટું નીચેની ચાદરમાંનો બ્લેક હોલ ઉપરની ચાદર સાથે સેતુ રચી શકે. આ દૃષ્ટાંતમાં ઉપરની ચાદરને આપણા પોતાના વિશ્વનું અવકાશ (Space) કહીએ તો નીચેની ચાદર બીજું જ વિશ્વ થયું. આવા બે વિશ્વને જોડતી કરોડો પ્રકાશવર્ષ જેટલી લાંબી આ ભૂંગળીઓમાં (Tunnel) જો કોઈ યેનકેન પ્રકારે ઘૂસી જાય તો લાખો-કરોડો પ્રકાશવર્ષ જેટલા અંતરની મુસાફરી સહજ બને અને માનવી આ વિશ્વમાંથી બીજા વિશ્વમાં પહોંચી જાય. શ્યામ છિદ્રે શોષેલું દ્રવ્ય, આવા સેતુ દ્વારા કાં તો આપણા જ વિશ્વમાં અથવા તો બીજા જ વિશ્વમાં પહોંચી જાય, જ્યાં દ્રવ્ય અને શક્તિના ફુવારારૂપે છૂટે. ઉર્જા પ્રકટ કરતા સ્રોતને વ્હાઇટ હોલ કહેવાય છે. આમ, બ્લેક હોલ દ્રવ્ય અને શક્તિ શોષે, તો વ્હાઇટ હોલ (White Hole) એનું દૂર-સુદૂર ઉત્સર્જન કરે.

ઇ. સ. ૧૭૯૫માં ફ્રાંસના પીઅરે લાપ્લાસ નામના ગણિતજ્ઞે સૂચવ્યું હતું કે અતિ વિરાટ કદના તારા પોતાના પ્રચંડ ગુરુત્વાકર્ષણને લઇને એના પોતાના પ્રકાશને જ બહાર છટકવા ન દે તો આટલો મોટો પિંડ અદૃશ્ય થઈ જાય. અલબત્ત, તારાના સંકોચનની વાત એમને સૂઝી ન હતી. તારાના કદના આધારે જ એમણે આ કલ્પના કરી હતી. ઈ. સ. ૧૯૧૫માં આઇન્સ્ટાઇને સાપેક્ષવાદના સામાન્ય અને વિશેષ (General and special theries of Relativity) એવા બે વાદ રજુ કર્યા. સાપેક્ષતાના સામાન્ય વાદ પરથી શ્વાર્સચિલ્ડે સ્થળ-કાળના (Space-Time) સંદર્ભમાં શ્યામા છિદ્ર માટે Singularity શબ્દ પ્રયોજ્યો અને પોતાની ધરી ઉપર સ્થિર રહેતા બ્લેક હોલની એમણે કલ્પના કરી. ઇ. સ. ૧૯૩૯ માં ઓપેનહાઇમર, વોલ્કોફે તથા હાર્ટલેન્ડ સ્નાઇડરે ન્યૂટ્રોન તારા તથા શ્યામ છિદ્રની શક્યતાનું સમર્થન કર્યું અને ગુરુત્વાકર્ષણને લીધે થતા સંકોચનની ઘટના પાછળના કારણોનું વિગતે પૃથક્કરણ કર્યું. ઇ. સ. ૧૯૬૦ માં એમ. ડી. ક્રુસ્કલે સ્થિર શ્યામ છિદ્રની પાસે દિક્-કાળમાં થતી ઘટનાઓનું બયાન કર્યું. પરંતુ ઇ. સ. ૧૯૬૩માં આઇન્સ્ટાઇનના વાદના આધારે રોય કેરે બ્લેક હોલ પોતાની ધરી ઉપર કલ્પનાતીત ઝડપે ઘૂમતા હોવાનું જણાવ્યું. ઈ. સ. ૧૯૭૫ માં ડેવિડ રોબિન્સે પણ આ બાબતને સમર્થન આપ્યું. આમ બ્લેક હોલની વૈજ્ઞાનિકોએ કરેલી શોધ તાજેતરના સમયની છે, પરંતુ એ આખરી તો નથી જ.

૦ ૦ ૦

જૈન ધર્મમાં ત્રિપદીનું વિશિષ્ટ મહત્ત્વ છે: ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય. સર્જન, વિલય અને સત્ત્વરૂપે ધ્રૌવ્ય. દરેક વસ્તુ, પદાર્થમાત્ર સર્જન, વિસર્જન અને પરિવર્તન પામે છે. આ સિદ્ધાંત પ્રાણી માત્રથી લઇને વનસ્પતિ અને બ્રહ્માંડના સઘળા પદાર્થોને લાગુ પડતો જોઇ શકાય છે.

જૈન દર્શને ચૌદ રાજલોકની કલ્પના કરી છે. એનો આકાર કોઈ પુરુષ બન્ને પગ પહોળા કરીને બન્ને હાથ કમર પર રાખીને ઊભો હોય તેવો છે. એના મધ્ય-લોકમાં તમસ્કાય પ્રદેશ આવેલો છે. તમસ્કાય પ્રદેશ (Region of Deep Darknes ) એ જ વૈજ્ઞાનિકોએ શોધેલ શ્યામ ગર્ત કે શ્યામ છિદ્ર. સાતમી સદીમાં લખાયેલ 'બૃહદ્ સંગ્રહણી' નામના ગ્રંથમાં જૈન દર્શન અનુસાર ચૌદ રાજલોકની ચિત્રો સહિત સમજણ આપવામાં આવી છે. બારમા સૈકામાં એ ગ્રંથ પર ટીકા રચવામાં આવી છે. સ્થાનકવાસી સંપ્રદાયના પૂ. શ્રી કાંતિ-ઋષિજી મહારાજના સુશિષ્ય પૂ. શ્રી નવીનઋષિજી મહારાજે આ વિષય પર સંશોધન-સંકલન કરી 'જૈન દ્રષ્ટિએ મધ્યલોક' એ નામનું પુસ્તક ગુજરાતી ભાષામાં ઇ. સ. ૧૯૭૮ માં પ્રગટ કર્યું છે. એમાં તમસ્કાય પ્રદેશનું વર્ણન આપવામાં આવ્યું છે. તદનુસાર 'જંબૂદ્વીપથી તીરછા અસંખ્યાત દ્વીપ-સમુદ્રો ઓળંગતા અરુણવરદ્વીપની બહારની વેદિકાના અંતથી અરુણોદય સમુદ્રમાં બેતાળીશ હજાર યોજન અવગાહીને પાણીની ઉપરના ભાગથી એક પ્રદેશની શ્રેણીવાળો તમસ્કાય (અંધકાર પિંડ) શરુ થાય છે. પછી તે ૧૭૨૧ યોજન ઉપર ચઢીને ફેલાતી ફેલાતી સુધર્મા વગેરે ચાર દેવલોકોને ઘેરીને પાંચમાં બ્રહ્મલોકમાં રિષ્ટ વિમાન આવતાં પૂરી થાય છે. આ તમ કાયનો આકાર નીચે-મલ્લક મૂળ અને ઉપર મરઘાના પાંજરા જેવો છે.' એના લોકતમિસ્ર વગેરે ૧૩ નામ છે, અને તેની આઠ કૃષ્ણરાજીઓ છે.' (જુઓ : જૈન દૃષ્ટિએ મધ્યલોક, પૃષ્ઠ ૨૩૧.)

પૂ. શ્રી નવીન ઋષિ મહારાજે અનુયોગદ્વાર, જંબુદ્વિપ-પ્રજ્ઞપ્તિ, તિલોકસાર, ઠાણાંગ, સમવાયાંગ, વ્યાખ્યાનપ્રજ્ઞપ્તિ, ઉત્તરાધ્યયનસૂત્ર,-જીવાભિગમ, રાયપસેણીય, પન્નવણા, જ્ઞાતાસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, તિલોયપણ્ણત્તિ આદિ આગમો અને આગામાનુસારી ગ્રંથો તેમજ જૈન-તત્ત્વ પ્રકાશ, ગણિતસાર-સંગ્રહ, લઘુક્ષેત્રસમાસ, ગોમ્મટસાર, ષટ્‌ખંડાગમ જેવા ગ્રંથોમાંથી માહિતીઓનું સંકલન કરી વિષયની રજૂઆત કરી છે.

અમેરિકાની અવકાશ અંગે શોધ-સંશોધન કરતી વિખ્યાત સંસ્થા-નાસાએ ઉપગ્રહ દ્વારા 'ક્ષ' કિરણો વડે શ્યામ ગર્તની તસવીરો મેળવી છે. એના પરથી કલાકારે દોરેલું ચિત્ર અને જૈન દર્શનની માન્યતાનુસાર તમસ્કાય પ્રદેશનું ચિત્ર તદ્દન મળતું આવે છે.

જૈન દૃષ્ટિએ આ અંધકારપિંડ પાંચમું દેવલોક આવતા પૂરું થાય છે. ત્યારબાદ બાકીના દેવલોક આવેલા છે. જૈન દર્શને ચૌદ રાજલોકના ત્રણ ભાગ પાડ્યા છે: ઉર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક ઉર્ધ્વલોકમાં બાર દેવલોક કલ્પવામાં આવ્યા છે. આ શ્યામ ગર્તમાંથી ચોકકસ વૈજ્ઞાનિક ઢબે જો પેલે પાર નીકળી શકાય તો બીજા વિશ્વનો ખ્યાલ આવે. આઇન્સ્ટાઇન-રોઝન બ્રીજ સેતુરૂપ છે. શ્યામગર્તમાં આઠ કૃષ્ણરાજીઓ જૈન દર્શને ગણાવી છે, તે સેતુરૂપ ગણી શકાય. અહીં એક વાત ખાસ નોંધવી જોઇએ કે આઇન્સ્ટાઇનની કલ્પના અને સાપેક્ષતાના સામાન્ય સિદ્ધાંત

અનુસાર આવા સેતુને અવકાશ-કાલ સાથે સાંકળ્યા છે, જ્યાં સમય સ્થગિત થઈ જાય છે. જૈન દર્શનની માન્યતા અનુસાર પલકમાત્રમાં, આંખનું મટકું મારીએ એટલીવારમાં દેવલોકના દેવોનું કોટાકોટી સાગરોપમનું આયુષ્ય પૂરું થતું હોવાનું જણાવાય છે તે સમય સ્થગિત થાય એવી આઇન્સ્ટાઇનની કલ્પનાને સમર્થન આપે છે. અથવા હિન્દુ ધર્મમાં ભગવાન ભક્તને માયાનું દર્શન નદીમાં ડૂબકી મરાવીને કરાવતા હોવાનું વર્ણન આવે છે. પાણીમાં મારેલી ડૂબકી જેટલાં સમયમાં ભક્તના બે-ત્રણ જન્મ-પુનર્જન્મ જેટલાં સમયને સાંકળી લેવાય છે. સમયની સ્થગિતતાનો પ્રશ્ન અમુક અપેક્ષાએ છે તેનું આ રીતે સમર્થન મળે છે. જૈન ધર્મમાં આવતી દેવલોકની બાબત અને આધુનિક વૈજ્ઞાનિકો અવકાશમાં માનવજાત કરતાં વધુ બુદ્ધિમાન, વધુ શક્તિશાળી અને વધુ ઐશ્વર્યમાન સંસ્કૃતિ (Intilligent Civilisation in Space) હોવાનું સંભવિત માને છે એ વિચારસરણીમાં પણ સામ્ય છે. જૈન દર્શનની માન્યતાનુસાર દેવલોકમાં વસતાં દેવોએ સંચિત કરેલાં શુભકર્મોનો, પુણ્યનો ત્યાં ભોગવટો જ કરવાનો છે. શ્યામગર્તની સાથોસાથ શ્વેત વામન હોવાની વૈજ્ઞાનિકોની કલ્પના છે, અને શ્યામગર્તમાં સંચિત થતાં પદાર્થો અને શક્તિ શ્વેત વામન દ્વારા બીજા વિશ્વમાં ઉપયોગી થતી હોય તો એ શક્તિથી એ સંસ્કૃતિ વધુ શક્તિશાળી, વધુ ઐશ્વર્યમાન હોઇ શકે. વધુ ઐશ્વર્ય હોય તો જ શુભકર્મોનો ભોગવટો થઇ શકે અને જૈન દૃષ્ટિએ દેવલોકનાં આવતાં વર્ણનો આ વાતની શાખ પૂરે છે.

## કૂતરાંઓ વિશે

'પ્રબુદ્ધ જીવન'માં કૂતરાંઓની સમસ્યા રજુ કરીને અહિંસક સમાજની મર્મ-વેધક વેદનાને આપે વાચા આપી છે. તે માટે ધન્યવાદ. ખાસ કરીને આપણી પ્રબુદ્ધ પ્રજા સમક્ષ આ પ્રશ્ન રજુ થતાં કમસે કમ આ વર્ગની ઉપેક્ષા વૃત્તિ થોડી ખંખેરાશે અને કૂતરાં તરફ સમભાવ જાગશે તો હું માનું છું કે આ પ્રશ્નને હલ કરવા માટે નવું બળ પ્રાપ્ત થશે.

આપે કહ્યું છે તેમ કૂતરાંની માનવસેવા અનુપમ છે. તેની મૈત્રી અને વફાદારી, આજ્ઞાંકિતતા અને સમજદારી, માણસ માટે પણ દાખલારૂપ બને તેવાં છે. છતાંય આપણે કૃતજ્ઞીને બદલે કૃતઘ્ની થઈ તેને રહેંસી નાખવામાં સાધનરૂપ બનીએ છીએ તે દુઃખની વાત છે.

મુંબઇમાં કૂતરાંનો સવાલ આજનો નથી. બેઢસો વર્ષ પૂર્વે ઈ.સ. ૧૮૩૪ માં કંપની સરકારના સમયમાં કૂતરાં અને રખડતાં ઢોરોને ગોળીથી મારવાનો મુંબઇના ગવર્નરે ફતવો બહાર પાડયો હતો. મુંબઇની અહિંસક પ્રજામાં આ કારણથી રોષ ફેલાયો અને આ હુકમ વિરુદ્ધ હુલ્લડ ફાટી નીકળ્યું. કંપની સરકારે હુકમ મોકૂફ રાખ્યો અને ગવર્નરના આમંત્રણથી પ્રજાનું ડેપ્યુટેશન સરકારને મળ્યું. પરિણામે આવાં જીવોને પકડીને સંભાળવા માટે તથા સંખ્યા વધી જતાં મુંબઇના ટાપુની બહાર મોકલી આપવા માટે શેઠ મોતીશા અમીચંદ, મોટા મંદિરના મહારાજશ્રી અને સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ (પહેલા)ના પ્રયાસોથી મુંબઇ પાંજરાપોળની સ્થાપના કરવામાં આવી.

આજે લગભગ બેઢસો વર્ષ આ વાતને થયાં છે. છતાંય આ પ્રશ્ન હજુ તેમ જ ઊભો છે. એ જ દર્શાવે છે કે આ વિકટ પ્રશ્ન હલ કરવો એટલો આસાન નથી, જેટલો માનવામાં આવે છે. આજે જેમ જેમ વસ્તી અને ખાસ કરીને ગૂંડાપટ્ટી વધી રહી છે, દારૂ ગાળવાનો ધંધો વિસ્તર્યો છે ત્યાં ત્યાં કૂતરાની વસ્તી સદરહુ ધંધાદારીને પોલીસની ધાકથી ચેતવવા વિ. ઘણા કારણો માટે ખૂબ જ વધી છે. કૂતરાંઓ જ્યાં ધર્મની દૃષ્ટિએ આશ્રય અને ખોરાક પામે છે તે વિસ્તારોમાં પણ લોક ઉપેક્ષાને કારણે કૂતરાંની વસ્તી વધે છે અને આજુબાજુના રહેવાસીઓનો હડકવાનો ખોટો હાઉ તથા કૂતરાંની ગંદકી અને અવાજના ઉપદ્રવની ફરિયાદો મળતા મ્યુનિ. તેને પકડીને ઇલેક્ટ્રિક શોક આપીને મરણને હવાલે કરે છે. કૂતરાં પાળનારા પણ કૂતરો ઘરડો અથવા બીમાર થતાં અથવા તેની વસ્તી વધતાં તેમની કાળજી રાખવાને બદલે ઘર-બહાર ધકેલી દે છે. વધુમાં હમણાં કૂતરાં પાળવાની લાઇસન્સ ફી તથા છોડાવવાની ફીમાં મ્યુનિ. એ બેહદ વધારો કરતાં વધુ કૂતરાં મરણ શરણ થાય છે.

આ પ્રશ્નના ઊકેલ માટે મુંબઇ મ્યુનિસીપલ કોરપોરેશન મેયર સાહેબની ચેંબરમાં જુદા જુદા મ્યુનિ. કમીશ્નરો સમક્ષ વખતો વખત શ્રી મુંબઇ જીવદયા મંડળી, ઓલ ઇંડિયા એનિમલ વેલફેર એસોસીએશન અને અન્ય કરુણા પ્રસારક સંસ્થાઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે. મ્યુનિસીપાલીટી કૂતરાં પકડી, તેને કોઇ છોડાવે ન આવે ત્યાં સુધી ત્રણ દિવસ સાચવવાં, ખોરાક આપવો તથા મોટા કૂતરાંને ઇલેકટ્રિક શોકથી અને નાના બચ્ચાંને ક્લોરોફોર્મથી મારી નાંખી તેના શબના નિકાલ માટે પ્રતિ વર્ષ લાખો રૂપિયા ખર્ચે છે. જો કે મહાલક્ષ્મીમાં આ કૂતરાંઓને જે સ્થિતિમાં રખાય છે, જે ખોરાક અપાય છે તે ઘૃણા ઉપજાવે તેવું છે. છતાંય પ્રશ્ન ઉકેલાતો નથી પરંતુ વધુને વધુ ગૂંચવણભર્યો અને વ્યાપક બનતો જાય છે.

આનું મુખ્ય કારણ કૂતરાંની વધતી જતી વસ્તી ઉપર નિયંત્રણનો અભાવ તથા કૂતરાં પકડવા ઉપર જરૂરી ધોરણનો અભાવ છે. જીવદયા મંડળી અને અન્ય જીવ-પ્રેમી સંસ્થાઓ તરફથી છેલ્લે જ્યારે શ્રી ચૌગલે મ્યુનિ. કમીશ્નર હતા ત્યારે આ પ્રશ્ન અંગે ખુલ્લા દિલે વાત થઇ હતી. આ પ્રથમ અવસર હતો. જ્યારે મ્યુનિસીપાલીટીના કેટલાક સ્થાપિત હિત ધરાવતા અધિકારીઓની વિરુદ્ધ જઇ શ્રી ચૌગલેએ ખુલ્લા મનથી અમારી રજુઆત સાંભળી હતી. તેમાં મુખ્યત્વે બે વાત હતી.

(૧) જીવ-પ્રેમી સંસ્થાઓ કૂતરાંની વસ્તી રોકવા નર કૂતરાંને ખસી અને માદાને ઓપરેશન દ્વારા વંશ-વૃદ્ધિ રોકવાની યોજના અમલમાં મૂકશે અને તેવા પ્રત્યેક કૂતરાં ઉપર ખાસ નિશાની કરશે, જેથી બીજા કૂતરાંથી તે જુદો ઓળખાઇ આવે. અને તેને એન્ટીરેબીટ કરવામાં આવશે અને આશ્રય (પાલક) શોધી આપવામાં આવશે. આટલું ખર્ચ અને મહેનત બાદ આવાં કૂતરાંને મ્યુનિ. પકડશે નહિ તથા મારી નાંખશે નહિ તેવી મ્યુનિ. એ ખાત્રી આપવી જોઇએ.

(૨) મ્યુનિસીપલ કોરપોરેશન લાખો રૂપિયા કૂતરાંને મારવા માટે ખર્ચે છે તેના ફકત ૨૫ ટકા જેટલી રકમ ડોકટરોની સેવા અને વૈદકીય સગવડતાઓના રૂપે ઉપરોકત સેવાભાવી સંસ્થાના કૂતરાંની વસ્તી વધારો રોકવાના

કાર્યમાં ફાજલ પાડવી. જેથી મ્યુનિ. નિષ્ણાતોના સહકારને પરિણામે આ યોજનાનો વિસ્તાર અને ગતિ વધારી શકાય અને ધીરે ધીરે સમગ્ર મુંબઈને સદરહુ યોજના નીચે આવરી લેવાય.

શ્રી ચૌગલેએ આ સૂચનો વિચારપૂર્વક તપાસીને ફરીથી મળવા ખાત્રી આપી હતી. દુર્ભાગ્યે શ્રી ચૌગલેએ હોદ્દો છોડ્યા પછી અવારનવાર રજુઆત કર્યા છતાં હજુ સુધી આ બાબતમાં કાંઈ પ્રગતિ થઈ શકી નથી. આપણા સમાજમાં દયાના ઝરણાં ખૂબ જ વહે છે. છતાંય આવા પશુઓને દત્તક લેવા અથવા કાયમી સંભાળ-વામાં ઘણા ઓછાં કુટુંબો તૈયાર થાય છે. મુંબઈ જીવદયા મંડળી અને અન્ય દયાળુ સજ્જનો આવાં સેંકડો ફૂતરાં પ્રતિવર્ષ મૃત્યુના મુખમાંથી બચાવે છે. મંડળી કેટલાકને પોતાના પશુ-આશ્રમમાં સંભાળી, બાદ યોગ્ય ઘર શોધી આપે છે પરંતુ તેની એક મર્યાદા બની રહે છે. તેથી બચાવેલાં ઘણાં ફૂતરાં મુંબઈ બહાર ગામડાઓમાં મોકલી આપવામાં આવે છે. પરંતુ આ પ્રશ્નનો આ સાચો અને કાયમી ઈલાજ નથી.

જ્યાં સુધી મ્યુનિ. સત્તાવાળાઓ તથા આપણા નગર સેવકો અને મ્યુનિ. કમીશ્નર આ પ્રશ્નને ઉકેલવા ઉત્સુક સેવાભાવી સંસ્થાઓનો સહકાર મેળવી કોઈ રચનાત્મક કાર્યક્રમ નહીં સ્વીકારે ત્યાં સુધી હિંસા અટકવાની નથી. આવી હિંસા ચાલુ રાખી કમાઈ લેવાની વૃત્તિવાળા મ્યુનિ. કોર્પોરેશનમાં રહેલાં કેટલાંક સ્થાપિત હિતોનો હિંમતથી સામનો કર્યા સિવાય આ પ્રશ્નોનો ઉકેલ શક્ય લાગતો નથી.

લિ.

**-દશરથભાઇ ઠક્કર**

માનદ મંત્રી, શ્રી મુંબઇ જીવદયા મંડળી.

# આત્માનું અસ્તિત્વ

**યુવાચાર્ય મહાપ્રજ્ઞ** ❖ **અનુ : ગુલાબ દેઢિયા**

દાર્શનિક જગતમાં દૃશ્ય અને મૂર્ત પદાર્થોને બદલે અદૃશ્ય અને અમૂર્ત પદાર્થોની વિચારણા વધુ થાય છે. દૃશ્ય અને મૂર્ત પદાર્થો વિશે જ્યાં સૌની એકમતિ નથી ત્યાં અદૃશ્ય અને અમૂર્તના વિષયમાં સહમતિની આશા કયાંથી રાખી શકાય? મહાવીરે કહ્યું, 'આત્મા અમૂર્ત છે તેથી તે ઇન્દ્રિયગમ્ય નથી, સોક્રેટીસે કહ્યું, 'સાચો દાર્શનિક આત્માની શોધમાં મંડ્યો રહે છે.'

આત્માની અસ્તિ અને નાસ્તિ વિશે વિવાદ હજારો વર્ષોથી ચાલ્યો આવે છે. ભારતીય દર્શનોમાં શ્રમણ અને બ્રાહ્મણ બન્ને પરંપરાઓમાં અનેક આચાર્યો આત્માને પૌદ્ગલિક માનતા રહ્યા છે. આત્માના અસ્તિત્વનો નકાર વિશેષ રૂપે બૃહસ્પતિ કે ચાર્વાક દર્શને કર્યો છે. સૂત્રકૃતાંગના અધ્યયનથી ખ્યાલ આવે છે કે, મહાવીરના સમયમાં ભૂતવાદીઓના અનેક સંપ્રદાય હતા. અજિતકેશકંબલ એક શ્રમણ સંપ્રદાયના આચાર્ય હતા. સાથોસાથ આત્માના અસ્તિત્વને નકારવામાં પણ અગ્રણી હતા. આત્માના સ્વરૂપ વિશે સાંખ્ય, વેદાન્ત, ન્યાય વૈશેષિક અને પૂર્વ મીમાંસા-આ બધા એકમત નથી, છતાં આત્માના અસ્તિત્વની વાત તો બધાએ કરી છે. બૌદ્ધ દર્શનમાં આત્માનો વિષય જટીલ સમસ્યા જેવો છે. જૈન દર્શનમાં આત્માની સ્વીકૃતિ બહુ સ્પષ્ટ છે.

પશ્ચિમી ફિલસૂફોમાં પણ આત્માના અસ્તિત્વ વિશે મતભેદ રહ્યા છે. લ્યુક્રેટિયસે (ગ્રીક દાર્શનિક ઈ. પૂ. ૯૮-૫૫) પ્રતિપાદન કર્યું કે, આત્મા કેવળ વિશેષ પ્રકારના ભૌતિક પરમાણુઓનું જ રૂપ છે.

સોક્રેટીસે (ગ્રીક દાર્શનિક ઈ. પૂ. ૫૦૦) આત્માના અસ્તિત્વનો સ્વીકાર કર્યો. એણે કહ્યું, 'જો આત્મા અપરિવર્તનશીલ અને શાશ્વત તત્ત્વોને જાણે છે તો તે પણ અપરિવર્તનશીલ અને શાશ્વત હોવો જોઇએ. જ્યારે તે શરીરને જ્ઞાનનું માધ્યમ બનાવે છે ત્યારે તેને તે અશાશ્વતના ક્ષેત્રમાં ખેંચી જાય છે. પણ આત્મા પોતાનામાં પાછો ફરે છે ત્યારે એનું જગત બીજું હોય છે. તે વિશુદ્ધિ, શાશ્વતતા અને અમરતાનું ક્ષેત્ર છે. તે અપરિવર્તનશીલ છે.

સોક્રેટીસના મતે શરીર એક કારાગાર છે. આત્મા એમાં બંદીવાન છે. ઇન્દ્રિયો અને કષાયોના દૂષણથી આત્મા દોષિત થાય છે. જ્યારે આપણે શરીરના પ્રભાવોથી ઓછામાં ઓછા પ્રભાવિત થઇએ છીએ, ત્યારે આપણે જ્ઞાનની વધુ નજીક હોઇએ છીએ, ત્યારે આપણે જ્ઞાનની વાસ્તવિક સીમામાં પ્રવેશ થઇ ચૂક્યો હોય છે. પૂર્ણ વિશુદ્ધિ માટે આત્માનું શરીરથી અલગ હોવું અનિવાર્ય છે. સોક્રેટીસે મૃત્યુ સમયે પોતાના મિત્રોને કહ્યું, 'સાચો દાર્શનિક હંમેશાં આત્માની શોધમાં હોય છે, એટલે કે તે હમેશાં મૃત્યુના અભ્યાસમાં વ્યસ્ત હોય છે.'

અરરતૂ (ગ્રીક દાર્શનિક ઈ. પૂ. ૩૮૪-૩૨૨) એ કહ્યું છે. 'આત્માનું અસ્તિત્વ છે કે નહિં, એ જાણવાનું કામ સૌથી કઠિન કામ છે. આત્માને કારણે જ જીવિત પદાર્થોમાં જીવનનું અસ્તિત્વ છે.'

પ્લેટો (ગ્રીક દાર્શનિક ઇ. પૂ. ૪૨૮-૩૪૮)નો મત છે કે, આત્માનું અસ્તિત્વ શરીર કરતાં પૂર્વવર્તી છે. એનું અસ્તિત્વ સ્વતંત્ર છે. અને એનું પોતાનું સ્વરૂપ છે. પ્લેટોએ ત્રણ પ્રકારના આત્માની વાત કરી છે, વનસ્પતિ, પ્રાણી અને મનુષ્ય. વનસ્પતિ પ્રાથમિક પ્રકારનો આત્મા છે, પ્રાણી મધ્યમ પ્રકારનો આત્મા છે અને મનુષ્ય ઉત્તમ કોટિનો આત્મા છે. વિવેકપૂર્ણ ચિંતનથી મનુષ્યને એ સ્થાન મળ્યું છે.

દેકાર્ટ (ફ્રેન્ચ દાર્શનિક ઈ. સ. ૧૫૯૫-૧૬૫૦) આત્માના અસ્તિત્વને અભૌતિક માને છે. એણે કહ્યું, 'હું વિચારું છું એટલે હું છું. ચિંતન આત્માનો ગુણ છે એટલે ચિંતનશીલ પ્રાણી જ આત્માવાન છે. મનુષ્ય સિવાય વનસ્પતિ અને પ્રાણીઓમાં તેનો અભાવ છે.' લાક અને કાન્ટે દેકાર્ટના તર્કને ખોટો કહ્યો અને એમાં પોતાની વાત ઉમેરી.

લોક (અંગ્રેજ દાર્શનિક ઇ. સ. ૧૬૩૨-૧૭૦૪) એ કહ્યું કે, ચિંતન ઉપરાંત સંવેદન, સ્મૃતિ અને કલ્પના પણ આત્માના ગુણ છે. મનુષ્ય અને પ્રાણી આત્માવાન છે. વનસ્પતિ આત્માવાન નથી.

કાન્ટ (જર્મન દાર્શનિક ઇ. સ. ૧૭૨૪-૧૮૦૪) એ

ડેકાર્ટના 'હું વિચારું છું તેથી હું છું' આ તર્કનું ખંડન કર્યું. એના મતે ડેકાર્ટના તર્કથી આત્માનું અંતર્દર્શન નથી થઇ શકતું. એના સરલતા, ચેતના, શાશ્વતતા વગેરે ગુણોનું આંતરિક જ્ઞાન નથી થઈ શકતું. એટલે આત્માનું અસ્તિત્વ પ્રત્યયાત્મક છે, વસ્તુ રૂપ નથી. છતાં પણ વ્યાવહારિક જગતમાં આત્માને શાશ્વત અને અભૌતિક માનવું જરૂરી છે. એના આધારે જ નૈતિક નિયમો બની શકે છે.

બર્કલે (અંગ્રેજ દાર્શનિક ઇ. સ. ૧૬૮૫-૧૭૫૩) ડેકાર્ટના તર્કનું સમર્થન કરે છે. એના મતે આત્મા અભેદ્ય, અરૂપી, અનાકાર અને પૂર્ણ શુદ્ધ છે.

વિલિયમ્સ જેમ્સ (અમેરિકન મનોવૈજ્ઞાનિક, દાર્શનિક ઇ. સ. ૧૮૪૨-૧૯૧૦) એ કહ્યું છે કે, આત્માના નાસ્તિત્વને સિદ્ધ કરવામાં અમે અસફળ થયા છીએ.

આત્માના વિષયમાં અનેક દાર્શનિકોના મતની સમીક્ષા કરવાથી નિષ્કર્ષરૂપે બે વસ્તુ સામે આવે છે : પ્રત્યક્ષ જ્ઞાન અને તર્ક. અસ્તિત્વનો સ્વીકાર અને અસ્વીકાર. બન્ને અધિકાંશ રીતે તર્ક પર નિર્ભર છે, એટલે આત્માની સ્વીકૃતિ પણ આનુમાનિક સ્વીકૃતિ છે અને એની અસ્વીકૃતિ પણ આનુમાનિક અસ્વીકૃતિ છે. આનુમાનિક સ્વીકૃતિ અને અસ્વીકૃતિનું મૂલ્ય પ્રત્યક્ષ જ્ઞાન થાય ત્યારે અર્થહીન થઇ જાય છે. અણુપરીક્ષણથી પરમાણુની સંરચના સાક્ષાત થઈ તેથી અનુમાનનું મહત્ત્વ ન રહ્યું. આત્માના સૂક્ષ્મ સ્વરૂપનો પ્રત્યક્ષ બોધ થાય તો અનુમાનનું મહત્ત્વ ન રહે. આત્મા અમૂર્ત હોવાથી ઇન્દ્રિયગ્રાહ્ય નથી. ભગવાન મહાવીરે આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરી આત્માના અસ્તિત્વને તર્કાતીત જાહેર કર્યો હતો. પરોક્ષ જ્ઞાનની પરિક્રમા કરનારા પ્રત્યક્ષ જ્ઞાનને બદલે તર્કમાં વધુ વિશ્વાસ રાખે છે. પ્રત્યક્ષ જ્ઞાન સ્વસંવેદ્ય હોય છે. બીજા માટે તો પરોક્ષ જ્ઞાન જ ઉપયોગી થાય છે. એટલે સૂક્ષ્મ કે સ્થૂળ, અમૂર્ત કે મૂર્ત કોઈ પણ દ્રવ્ય, અસ્તિત્વ કે નાસ્તિત્વના સમર્થન માટે તર્કનો આશરો લેવાની પરંપરા છે. દર્શનમાં તર્કનો ઘણો વિસ્તાર છે. પ્રત્યક્ષનો કોઇ વિસ્તાર નથી હોતો. સાક્ષાત્કાર થવાથી સંદેહ એક ક્ષણમાં સમાપ્ત થઈ જાય છે. વિસ્તાર પરોક્ષમાં જ શક્ય છે. પક્ષની સ્થાપના, હેતુ, દૃષ્ટાંત, ઉપનય અને નિગમન આ બધું પરોક્ષની ભૂમિકામાં હોય છે. એનાથી ચર્ચા લાંબી થઇ જાય છે. ભારતીય અને પાશ્ચાત્ય દર્શનોમાં આત્માના પક્ષ અને પ્રતિપક્ષમાં જે તર્ક છે તે બધાના પુનર્મૂલ્યાંકનનો વખત પાકી ગયો છે.

## ★ સંઘ સમાચાર ★

### આજની સાંજ

### શૂન્ય પાલનપુરીની સાથ

આયોજન : **શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

સંચાલન : **શ્રી શૈલેશ કોઠારી**

સમય : શનિવાર, તા. ૨૦-૮-૧૯૮૩, રાત્રીના ૮-૩૦ કલાકે

સ્થળ : **બિરલા ક્રીડા કેન્દ્ર**, ચોપાટી, મુંબઈ ૪૦૦૦૦૭

આ એક કવિના મુશાયરામાં **શ્રીમતી કોકિલાબેન વકાણી** કવિની કેટલીક ગઝલો એમના વાદ્ય-કલા વૃંદ સાથે સંભળાવશે.

સંઘના ગઝલપ્રેમી સભ્યોને સંઘના કાર્યાલયમાંથી તા. ૧૦-૮-૧૯૮૩ થી તા. ૧૫-૮-૮૩ દરમિયાન સવારના ૧૧-૦ થી ૬-૦ સુધીમાં વહેલો તે પહેલો ધોરણે પ્રવેશપત્ર આપવામાં આવશે. તો પ્રવેશપત્રો મેળવી લેવા વિનંતી. કાર્યક્રમમાં દાખલ થવા માટે પ્રવેશપત્ર જરૂરી છે.

**ચીમનલાલ જે. શાહ** * **કે. પી. શાહ**

### અસ્થિ સારવાર કેન્દ્ર

અગાઉ જાહેરાત કર્યા મુજબ 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે રવિવાર, તા. ૩૧-૭-૧૯૮૩ થી સ્લીપ ડીસ્ક, મણકાની તકલીફ, ઘૂંટણનો સોજો, પગની એડી અને કાણીનો દુઃખાવો, ખભાનું જામ થઇ જવું કે વારંવાર ઉતરી જવું, બોન ટી. બી., શરૂઆતનો પોલીયો, રયોન્ડીલેસીસ આદિ રોગો માટેનું મફત અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ થઈ ગયું છે. અસ્થિ ચિકિત્સાના નિષ્ણાંત, વિખ્યાત ડો. જે. પી. પીડાવાલા આ કેન્દ્રને માનાર્હ સેવા આપે છે.

દર રવિવારે સવારના ૯-૦ થી ૧-૦ સંઘના કાર્યાલયમાં આ કેન્દ્ર ચાલુ રહેશે. વહેલો તે પહેલો ધોરણે તે જ દિવસે નંબર આપવામાં આવે છે, અને એ ક્રમ અનુસાર દરદીઓને તપાસવામાં આવે છે.

જરૂરિયાતવાળા દરદીઓને આ કેન્દ્રનો લાભ લેવા વિનંતી.

**પ્રવીણભાઇ મંગળદાસ શાહ** **ચીમનલાલ જે. શાહ**
સંયોજક **કે. પી. શાહ** મંત્રીઓ,

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પ્રતિ વર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે પણ તા. ૩-૯-૧૯૮૩ થી તા. ૧૧-૯-૧૯૮૩ એમ નવ દિવસ માટે સવારના ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી એમ દરરોજ બે વ્યાખ્યાનો બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ ૪૦૦ ૦૦૭ ખાતે યોજવામાં આવ્યા છે. વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને સંઘના પ્રમુખ **ડો. રમણલાલ ચી. શાહ** બિરાજશે.

વ્યાખ્યાતા તરીકે પૂ. આચાર્યશ્રી સંભવસાગરજી, પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ, પૂ. ભટ્ટારકશ્રી ચારુકીર્તિ માનનીયશ્રી મોરારજીભાઇ દેસાઈ, પૂ. મોરારિબાપુ, ડો. રમણલાલ ચી. શાહ, શ્રી પુરુષોત્તમ માવળંકર, ડો. ગુણવંત શાહ, ડો. નરેન્દ્ર ભાણાવત, ડો. શાન્તા ભાણાવત, શ્રીમતી મૃણાલીની દેસાઇ, શ્રી શશીકાન્ત મહેતા, ડો. શેખરચંદ્ર જૈન, ડો. રઘુવીર ચૌધરી, ડો. કુમારપાળ દેસાઇ શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ વગેરે પધારશે.

વ્યાખ્યાતાનાં વિષયો સહિત વિગતવાર કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

વ્યાખ્યાનમાળાનો સૌને લાભ લેવા વિનંતી છે.

**ચીમનલાલ જે. શાહ** * **કે. પી. શાહ**, મંત્રીઓ.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No: 137

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, તા. ૧૬-૮-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સાહિત્યકારનું ગૌરવ

રમણલાલ ચી. શાહ

સમાજમાં સામાન્ય માણસો કરતાં કવિ, લેખક, ચિત્રકાર, શિલ્પી, સંગીતકાર વગેરેનું સ્થાન ગૌરવભર્યું હોય છે, કારણ કે તેમની પાસે એવી કોઇક વિશેષ શક્તિ હોય છે, પ્રતિભા હોય છે, જે કુદરતી રીતે બધામાં ન હોઈ શકે. સમાજ એવા પ્રતિભાશીલ સર્જકોનું સન્માન વખતોવખત પદ, પારિતોષિક, ચન્દ્રક ઇત્યાદિ આપીને કરે છે.

સાહિત્યના ક્ષેત્રે આપણા ભારતમાં આવાં પદ, પારિતોષિક, ચન્દ્રક, પુરસ્કાર વગેરેની જેટલી સંખ્યા છે તેથી ઘણી વધુ સંખ્યામાં યોગ્ય સુપાત્ર ઉમેદવારો હોય છે. પરિણામે કન્યાની અછતવાળી જ્ઞાતિમાં મુરતિયાઓને કે તેમના વડીલોને કે સગાંસંબંધીઓને જેવો પુરુષાર્થ કરવો પડે છે તેવો પુરુષાર્થ આપણા સાહિત્યજગતમાં પણ ક્યારેક નજરે પડે છે. એથી સાહિત્યકારના ગૌરવને હાનિ પહોંચે છે. અન્ય પક્ષે, જેટલાં પદ, પારિતોષિક, ચન્દ્રક ઇત્યાદિનું વિતરણ થયું છે તે સર્વથા યોગ્ય વ્યક્તિને માટે જ થયું છે એમ નહિ કહી શકાય. તટસ્થ નિર્ણાયકોની સમિતિ દ્વારા એનું જો પુનર્મૂલ્યાંકન થાય તો કેટલાક જૂના નિર્ણયો અવશ્ય બદલવા પડે.

આ સંદર્ભમાં સાહિત્ય જગતની બે વર્તમાન ઘટનાઓ થોડો વિચાર પ્રેરે એવી છે: (૧) ભારતીય જ્ઞાનપીઠ તરફથી આપણાં સુપ્રતિષ્ઠિત કવયિત્રી મહાદેવી વર્માને એમના કાવ્યગ્રંથ 'યામા' (અગાઉ પ્રગટ થયેલા પોતાના ચાર કાવ્ય સંગ્રહોમાંની કેટલીક કૃતિઓનો સંચય) માટે ૧૯૮૨ વર્ષ માટેનો પુરસ્કાર આપવાનું જાહેર થયું છે, અને (૨) ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે આચાર્ય શ્રી યશવંત શુક્લ બિન-હરીફ ચૂંટાયેલા જાહેર થયા છે.

ભારતીય જ્ઞાનપીઠનો રૂપિયા દોઢ લાખનો પુરસ્કાર ભારતના સાહિત્ય માટેનાં પુરસ્કાર કે પારિતોષિકોમાં સૌથી મોટો છે. સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક રવીન્દ્રનાથ ટાગોર પછી બીજા કોઈ ભારતીય સાહિત્યકાર સુધી પહોંચ્યું નથી, કદાચ પહોંચવા દેવાયું પણ નથી. ભારતીય લેખકો માટે એથી ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક એ સર્વોચ્ચ સન્માન ગણાય. પરંતુ જે રીતે એ પારિતોષિકની વહેંચણી થાય છે એ સર્વથા સંતોષકારક છે એમ નહીં કહી શકાય. છેલ્લાં દસેક વર્ષમાં પ્રગટ થયેલા ગ્રંથોમાંથી સર્વશ્રેષ્ઠ ગ્રંથ માટે આ પારિતોષિક અપાય છે, પરંતુ તેમાં ગ્રંથ ઉપરાંત વ્યક્તિ અને ભાષા પણ નજરમાં રખાતી હોય એમ લાગે છે. એના નિર્ણય ઉપર ક્યારેક રાજકારણનો પ્રભાવ પડતો હોય એવો આભાસ પણ કેટલાકને થાય છે.

થોડા વખત પહેલાં આ પુરસ્કાર પંજાબી કવયિત્રી અમૃતા પ્રીતમને મળ્યો હતો. ત્યાર પછી મહાદેવી વર્માને મળે છે. શિક્ષણક્ષેત્રે અધ્યાપિકામાંથી ઉપકુલપતિના પદ સુધી પહોંચેલાં, હિંદી સાહિત્યમાં ઘણા ઊંચા સ્થાને બિરાજતાં, સાહિત્ય માટેનાં વિવિધ પારિતોષિકો અને પુરસ્કારો પ્રાપ્ત કરનારાં, 'પદ્મભૂષણ'નો ઇલ્કાબ મેળવનારાં લગભગ છોંતેર વર્ષના પીઢ કવયિત્રી શ્રીમતી મહાદેવી વર્માની વરણી ભારતીય જ્ઞાનપીઠના પુરસ્કાર માટે થઈ તે સર્વથા યોગ્ય જ થયું છે. કવિપ્રતિભા, કાવ્ય-ગ્રંથો અને કવિતાસિદ્ધિની દૃષ્ટિએ અમૃતા પ્રીતમ અને મહાદેવી વર્માની તુલના કરનારને કદાચ પ્રશ્ન થાય કે આ પારિતોષિક મહાદેવી વર્માને વહેલું કેમ અપાયું નહિ? એનાં ઘણાં કારણો હોઇ શકે. કેટલાંક વાજબી પણ હોય. તો પણ નિર્ણય લેવા અંગે કસોટીના જે નિયમો છે તેમાં કયાંક ત્રુટિઓ છે એમ કહેવું પડશે. અલબત્ત, સાહિત્યના ક્ષેત્રમાં રુચિભેદ, દૃષ્ટિભેદ વગેરે માટે પુષ્કળ અવકાશ હોવાને કારણે દરેક નિર્ણય સર્વમાન્ય થાય જ એમ ન કહી શકાય. તો પણ એને બહુમાન્ય બનાવવા તરફનું વલણ હોવું ઘટે.

જ્ઞાનપીઠનો પુરસ્કાર ભારતની બધી ભાષાઓ માટે છે. એમ છતાં હિંદી સાહિત્યકારોને તે વધુ પ્રમાણમાં અપાયો છે; ગુજરાતી ભાષાને તો હજુ સુધી માંડ તેનો અડધો ટુકડો જ મળ્યો છે. શું ગુજરાતી ભાષા પાસે એવા સમર્થ કવિ-લેખકો નથી, જે આ પુરસ્કારને પાત્ર હોય? ભારતીય જ્ઞાનપીઠે પોતાના પુરસ્કારને વધુ ગૌરવભર્યો બનાવવો હોય તો ભારતીય ભાષાઓની ત્રણ કે ચાર વર્ગમાં વહેંચણી કરીને તેનો ક્રમ જાહેર કરવો જોઇએ અને તેની નિર્ણાયક સમિતિમાં ભારતની જુદી જુદી ભાષાઓનાં સમર્થ અને તટસ્થ સાહિત્યકારોને વારાફરતી સ્થાન આપવું જોઇએ. અને તેઓનાં નામ જાહેર કરવાં જોઇએ. વળી, પુરસ્કાર માટે જૂની કૃતિઓના નવા સંચયનો પ્રશ્ન પણ વિચારવો જોઇએ, (પ્રથમ પંક્તિના સુપ્રસિદ્ધ એક હિંદીભાષી કવિએ પોતાની જૂની કૃતિઓનો સંચય હમણાં પ્રગટ કર્યો છે તે આવી કોઇ અપેક્ષાથી હશે?)

° ° °

આચાર્યશ્રી યશવંતભાઇ શુકલ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે બિન હરીફ ચૂંટાઇ આવ્યા એ ઘણા આનંદની વાત છે. પ્રમુખસ્થાન માટે ચૂંટણી થઇ હોત તો અકારણ કેટલોક વિવાદ ઊભો થાત. શ્રી કે. કા. શાસ્ત્રીએ પોતાની ઉમેદવારી સમયસર પાછી ખેંચી લીધી, અને પરિષદને મૂંઝવણભરી પરિસ્થિતિમાંથી બચાવી એ માટે એમને ધન્યવાદ ઘટે છે એમનો ખરેખર આભાર માનવો જોઇએ. (શ્રી હરીન્દ્ર દવેએ પણ પોતાની ઉમેદવારી અગાઉથી જ પાછી ખેંચી લીધી હતી એ માટે એમને પણ ધન્યવાદ ઘટે છે.)

સાહિત્યકારે પરિષદનું પ્રમુખસ્થાન ચૂંટણી લડીને જીતવું પડે એ જરાય ગૌરવની વાત નથી. સાહિત્ય પરિષદે તો યોગ્ય વ્યક્તિને પ્રમુખસ્થાન માટે સન્માનપૂર્વક નિમંત્રણ આપવું જોઇએ. (પહેલા પ્રમુખ ગોવર્ધનરામ ત્રિપાઠીને એ રીતે અપાયું હતું.) પરંતુ એના હાલના બંધારણમાં એવી જોગવાઇ નથી. પરિણામે પ્રમુખપદની આકાંક્ષા સેવનારાઓએ ચૂંટણી જંગમાં ઝુકાવવું પડે છે! આવી સ્થિતિ જો ચાલુ રહેશે તો ભવિષ્યમાં કયારેક એવું પણ બનશે કે સાહિત્યકાર તરીકે જે સામાન્ય હોય પણ ચૂંટણી લડવામાં અતિ કાબેલ હોય એવી વ્યક્તિ પ્રમુખ બની બેસશે. આપણા માનનીય સાહિત્યકારોએ મતદાન માટે યાચના કરતા પત્રો સભ્યોને લખવા પડે એવી પરિસ્થિતિ પરિષદે હવે નિવારવી જોઇએ.

અમેરિકાના પ્રમુખની ચૂંટણીની જેમ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની ચૂંટણી એના સામાન્ય સભ્યોના મતદાન ઉપર અવલંબે છે. સામાન્ય સભા-સદ્દોને મળેલો આ હક એમની પાસેથી કેમ છીનવી લેવાય?-એવો એક પ્રશ્ન ઊઠે. પરિષદનું નવું બંધારણ જ્યારે ઘડાયું ત્યારે પ્રમુખપદની ચૂંટણીનો પ્રશ્ન અવશ્ય વિચારાયો હશે. પરંતુ ચૂંટણી વખતે ઉમેદવારોનાં જે નામો આવશે તે ઉમેદવારોમાં પોતાના કરતાં વધુ ચઢિયાતા સાહિત્યકારની તરફેણમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવા જેટલો વિવેક જરૂર હશે જ એમ માની લેવાયું હશે. પરંતુ હવે સમય બદલાયો છે. કેટલાક સમયથી ચૂંટણી થવા લાગી છે; વિવેક કે સંકોચનો પ્રશ્ન ઓછો થતો ગયો છે. લોકશાહીમાં ચૂંટણીની શરમ ન હોવી જોઇએ એવો મત પણ પ્રવર્તે છે. ભવિષ્યમાં સામાન્ય સાહિત્યકાર પણ ઉમેદવારી પાછી ન ખેંચતાં હકપૂર્વક ચૂંટણી લડવાનો આગ્રહ રાખશે. પૈસાને જોરે અગાઉથી વધુ મત મેળવી જવાનો પ્રયત્ન પણ થશે. કયારેક કોઇ સર્વોચ્ચ સાહિત્યકાર કહેવાતા સામાન્ય સાહિત્યકારને હાથે પરાજિત પણ થશે. એવી પરિસ્થિતિ ન આવવા દેવી હોય તો તે માટેના ઉપાયો અત્યારથી જ વિચારવા જોઇએ.

જ્યાં સુધી પ્રમુખપદની ચૂંટણી હશે ત્યાં સુધી એવું પણ બનશે કે ચૂંટણીજંગ ખેલવામાં ન માનનાર, મતયાચનાની લાચારીમાં મુકાવા ન ઇચ્છનાર એવા કોઇ સ્વમાનશીલ, ઉદાત્ત, સર્વોત્તમ સાહિત્યકાર પરિષદના પ્રમુખસ્થાનથી વંચિત રહેશે. એમાં એવા સાહિત્યકાર કરતાં વિશેષ હાનિ થશે પરિષદને.

પરિષદના પ્રમુખની વરણી એ ગૌરવભરી ઘટના હોવી ઘટે. એ પદ ચૂંટણીથી નહિ, પણ નિમંત્રણથી અપાય. સામાન્ય સભાસદોએ પ્રમુખપદ માટે સૂચવેલાં નામોમાંથી, મધ્યસ્થ સમિતિએ વિચારેલાં ત્રણથી પાંચ નામોમાંથી એકની પસંદગી પ્રમુખપદ માટે કરી શકાય. પાંચ-સાત કે દસ સભ્યોની બનેલી પસંદગી સમિતિને આ જવાબદારી સોંપી શકાય. એ પસંદગી સમિતિમાં પરિષદના કેટલાક ભૂતપૂર્વ પ્રમુખો પણ હોય. ઉપરાંત મધ્યસ્થ અને કારોબારી સમિતિ બીજા કેટલાક આદરણીય સાહિત્યકારોનાં નામ પસંદગી સમિતિ માટે નક્કી કરે. એ રીતે રચાયેલી પસંદગી સમિતિ જે સાહિત્યકારની પ્રમુખ તરીકે પસંદગી કરે તે સાહિત્યકારને પરિષદ સન્માનપૂર્વક નિમંત્રણ આપે તો પરિષદના પ્રમુખોનું ગૌરવ જળવાશે.

અલબત્ત, પરિષદનું પ્રમુખસ્થાન એ સાહિત્યિક સિદ્ધિનો એક માત્ર માપદંડ છે એમ નહિ કહી શકાય, કારણ કે પ્રમુખપદની વરણીમાં સાહિત્યેતર કારણો પણ કાર્ય કરતાં હોય છે. ભુલાભાઇ દેસાઇ કે હરિસિદ્ધભાઇ દિવેટિયા પરિષદના પ્રમુખસ્થાને આવી ગયા છે, જ્યારે કવિ નાનાલાલ, બળવંતરાય ઠાકોર વગેરે કેટલાકનું નામ પરિષદના પ્રમુખોની યાદીમાં નથી

## સચિત્ર લઘુ શત્રુંજય ગિરિરાજ દર્શન: સંપા. પં. કપૂરચંદ રણછોડદાસ વારૈયા

પ્રકા: શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર, તલાટી રોડ, પાલિતાણા ૩૬૪૨૭૦ કિ. રૂા. ૫-૫૦.

પૂ. આચાર્ય શ્રી કંચનસાગરસૂરિજી મ. સા. ના 'શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન' નામના સમૃદ્ધ ગ્રંથમાંથી આ પુસ્તકની રચના કરવામાં આવી છે. આ પુસ્તકમાં તળેટીથી માંડી વચ્ચે આવતા સ્થાનો, દેરીઓ, પરબો, કુંડો આદિનો ઇતિહાસ વિશિષ્ટ દેરાસરોનો ઇતિહાસ, ઐતિહાસિક મહત્ત્વ, નવ ટુંકના જિન મંદિરોનો ઇતિહાસ, તેના સ્થાપકો, યાત્રાનો ક્રમ, ગિરિરાજનાં મોટાં પર્વો, ગિરિરાજ પર સિદ્ધ ગતિને પામનાર આત્માઓની નોંધ, ગિરિરાજ પર જવાના માર્ગો વગેરે વિગતો આપવામાં આવી છે. સાથે મૂકેલા ૧૭ ફોટોગ્રાફસ પુસ્તકનું મૂલ્ય વધારે છે. ઉપરાંત ભારતભરના જૈન તીર્થો (૨૩૧)ની યાદી, પાલિતાણાના ૩૫ જિનાલયોની યાદી અને પાલિતાણાની ૮૫ જૈન ધર્મશાળાઓની યાદી પણ આપવામાં આવેલ છે.

આ રીતે આ પુસ્તક શત્રુંજય તીર્થની યાત્રા કરનારને ભોમિયાની જેમ માર્ગદર્શન આપે એવું છે. તીર્થનાં ઇતિહાસનો અભ્યાસ કરનારને પણ સારી માહિતી આ પુસ્તક દ્વારા મળી રહેશે.

## પ્રેમળ જ્યોતિ

મુંબઇમાં વરલી, દાદર, અંધેરી વિગેરે અંધશાળાઓમાં પ્રજ્ઞાચક્ષુઓને હારમોનિયમ, તબલાં વિગેરે વાજિંત્રોની ખૂબ જ જરૂર રહેતી હોય છે. જે કુટુંબોએ આવા સાધનો વસાવ્યા હોય અને હવે તેનો ઉપયોગ ન હોય તો સંઘના કાર્યાલયમાં જાણ કરવાથી પ્રજ્ઞાચક્ષુઓને પહોંચાડવા યોગ્ય કરવામાં આવશે.

નિરુબેન શાહ — ચીમનલાલ જે. શાહ
સંયોજક — કે. પી. સંઘ, મંત્રીઓ

# 'ન મો અ રિ હં તા ણં'

● પ્રા. અમૃતલાલ ગોપાણી

શત્રુઓને હણનાર એવો અરિહંત શબ્દનો અર્થ એના બીજા બધાં અર્થો કરતાં વધારે પ્રચલિત અને પ્રધાન છે. અહીં બાહ્ય શત્રુઓ નહિ પરંતુ આભ્યંતરિક શત્રુઓને સમજવાના છે. જૈન ધર્મ અહિંસા ધર્મ છે અને સંપૂર્ણ મૈત્રી ભાવનામાં તથા સમતામાં માનનારો છે એટલે એને કોઇ બાહ્ય શત્રુઓ હોઇ શકે જ નહિ. તો પછી એને હણવાની તો વાત જ ક્યાં રહી?

આભ્યંતરિક શત્રુઓ કોણ? જૈન ધર્મના મતે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો અને તેનાં મૂળ ઉત્પાદક કારણો રાગ-દ્વેષાદિ તથા કષાય વગેરે અને એક જ શબ્દમાં કહેવું હોય તો વિભાવપરિણતિને આત્માની કટ્ટર શત્રુ તરીકે ગણવામાં આવેલ છે. કર્મોના ભેદ-પ્રભેદો ગણ્યા ગણાય નહિ એટલાં છે. પરંતુ આઠ પ્રકારો મુખ્ય છે. એમનાં નામ આ પ્રમાણે છેઃ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આમાંના જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયને ઘનઘાતી કહ્યા છે કારણ કે આત્મિક ગુણોનો નાશ કરવામાં એનો હિસ્સો જબ્બર છે. આકીના ચાર પ્રમાણમાં નિર્માલ્ય છે. એની ચિંતા બહુ કરવાની નથી રહેતી. ઉપર ગણાવ્યા તે ચારેય ઘનઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને વ્યક્તિ અરિહંત બની શકે છે. એમનાથી કોઇ વસ્તુ અજ્ઞાત રહેતી નથી, એટલે એમનો ઉપદેશ શાશ્વત સત્યનું પ્રતિપાદન કરનારો હોઇ દરેક માટે બાહ્ય અને હિતકર બને છે. પરંતુ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોના મૂળ ઉત્પાદક રાગાદિ દોષો અને ક્રોધાદિ ચાર કષાયો છે. આ કારણોનો સર્વથા નાશ જ્યાંસુધી ન થાય ત્યાંસુધી કાર્યની ઉત્પત્તિ રોકી શકાશે નહિ. માટેજ, જગત આખાની ડામાડોળ પરિસ્થિતિ મૈત્રી અને સમતાની ભાવનાનો આશરો લીધા વિના કેવળ શસ્ત્રાસ્ત્રો ઓછાં કરવાથી હળવી બનાવી શકાશે નહિ.

'નમો અરિહંતાણં' નમોક્કાર મંત્રનું (નવકાર મંત્રનું) પ્રથમ પદ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-આ પાંચ જગતની પરમેષ્ઠીઓ અર્થાત્ મહાન વિભૂતિઓ છે. એનાથી ઊંચું જગતમાં કોઇ નથી. એમને જે મંત્રમાં નમસ્કાર કરવામાં આવ્યા હોય તેને પરમેષ્ઠી મહામંત્ર કહેવામાં આવે છે. એમાં ચૌદ પૂર્વનો સાર સમાવી દેવામાં આવ્યો છે. કારણ કે આ મહામંત્ર, નમસ્કાર દ્વારા નમ્રતા, દીનતા, મૈત્રી તથા પ્રેમનો આવિર્ભાવ કરે છે અને અહંની ઉત્પત્તિ તથા વૃદ્ધિને રોકી મોક્ષનો માર્ગ મોકળો કરી આપે છે.

દરેક ધર્મમાં મંત્રને સ્થાન આપવામાં આવ્યું છે. હિંદુ ધર્મમાં 'ઓમ્ નમઃ શિવાય," અને 'ઓમ્ નમો વાસુદેવાય', તથા બૌદ્ધ ધર્મમાં 'ઓમ્ મણિ પદ્મે હૂમ્' જેમ મંત્રો છે તેમ જૈન ધર્મનો પણ આ એક મહામંત્ર છે. અલબત્ત, એ અનેક રીતે બધાથી ભિન્ન અને વિલક્ષણ પ્રકારનો છે.

આ 'નમોક્કાર' કે 'નવકાર' મંત્રમાં પાંચ પદો પંચ પરમેષ્ઠીના હોવા ઉપરાંત ચાર બીજાં પદો પણ છે, જે એક આમ્નાય પ્રમાણે આ છે :-

'એસો પંચ નમુક્કારો, સવ્વપ્પાવપ્પણા સણો'
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલમ્।।" અને

બીજા આમ્નાય મુજબ પ્રમાણે આ છે : 'નમો નાણસ્સ, નમોદંસણસ્સ, નમો ચારિત્તસ્સ, નમો તવસ્સ.' પહેલા આમ્નાયના ચાર પદો ફલશ્રુતિના છે અને બીજાના ગુણ પૂજાને લગતા છે એ વાંચતાંવેંત સ્પષ્ટ થઈ જાય છે. પંચ પરમેષ્ઠીને કરવામાં આવેલા નમસ્કાર કે નમોક્કાર ઉભય સામાન્ય છે. પંચ પરમેષ્ઠી મહામંત્ર, નમોક્કાર મહામંત્ર કે નવકાર મહામંત્ર શબ્દ પ્રયોગો એકાર્થક છે. પંચ પરમેષ્ઠીઓનું નિદર્શન કરતા પાંચ પદો આ પ્રમાણે છેઃ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં. પાંચમા પદમાં 'લોએ' શબ્દ છે તે જૈન ધર્મની વિશાળતા, ઉદારતા અને અસાંપ્રદાયિકતા તરત જ સ્પષ્ટ કરી દે છે એ કહેવાની પણ જરૂરત નથી.

'મનનાત્ ત્રાયતે ચ : સ મંત્ર :' અર્થાત્ આપત્તિ, અધર્મ અને અનીતિમાંથી જેનું મનન, ચિંતન અને આરાધન બચાવી લે તે મંત્ર. આ દૃષ્ટિએ નમોક્કાર મંત્ર અભ્યુદય અને નિઃશ્રેયસ-બન્નેનું-એક અપ્રતિમ સાધન છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

અરિહંતાદિ પંચ પરમેષ્ઠીઓના ગુણોનું મનમાં રટણ કરનાર પોતે યથાક્રમે અરિહંત બની જાય છે. આ બાબતને જ એક આચાર્યે આ પ્રમાણે પદ્યમાં ગુંથી છે :

નમસ્તુભ્યં, નમસ્તુભ્યં, નમસ્તુભ્યં, નમો નમઃ।
નમો મહ્યં, નમો મહ્યં, નમો મહ્યં, નમો નમઃ।।

આનંદઘનજી આધ્યાત્મિક મસ્તીમાં નાચી ઊઠ્યા અને બોલી પડ્યાઃ

અહો અહો મુજને નમું, નમો મુજ નમો મુજ રે।
અમીત ફલ દાન દાતારની, જેહને ભેટ થઇ તુજ રે।।

પંચ પરમેષ્ઠી મહામંત્ર ભાવશત્રુઓનો સમૂળો નાશ કરનાર છે. આચાર્ય હેમચંદ્રે સોમનાથ મહાદેવની મૂર્તિને નમસ્કાર કરતા કહ્યું :

ભવ બીજાંકુર જનના રાગાદ્યા : ક્ષયમુપાગતા યસ્યા
બ્રહ્મા વા વિષ્ણુર્વા, હરો જિનો વા નમસ્તસ્મૈ।।

જેમણે ભવોત્પત્તિ કરનાર (અને વધારનાર) રાગાદિ દોષોનો (સર્વથા) નાશ કર્યો હોય તેમને મારા નમસ્કાર છે પછી ભલે એ બ્રહ્મા, વિષ્ણુ, શંકર કે જિન ભગવાન હોય! સર્વ ધર્મ સમભાવનો આનાથી વધુ જવલંત દાખલો જગતના ઇતિહાસમાં બીજો કોઈ નહિ મળે.

આત્માના ધનને લૂંટનાર અને જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોના મૂળ ઉત્પાદક રાગાદિ દોષો અને ક્રોધાદિ કષાયોને હણવા એ તો શુભક્રિયા થઇ. બાહ્યશત્રુઓ ઉપર મેળવેલો વિજય એ ખરા અર્થમાં વિજય નથી. યુદ્ધ જ કરવું હોય તો તારા આત્મા સાથે જ કર. ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયનમાં કહ્યું છે 'અપ્પાણુમેવ જુજ્ઝાહિ, કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ?' આત્મા સાથે જ યુદ્ધ કર. બહારના શત્રુઓ સાથે યુદ્ધ કરવાથી

શું ? માટે આવા આંતરિક શત્રુઓને હણનાર અરિહંતોને પંચ પરમેષ્ઠી મહામંત્રમાં સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. ભાવ-શત્રુઓનો વિધ્વંસ કરી, વીતરાગતા પ્રાપ્ત કરી હોય એ વ્યક્તિ પ્રણમ્ય છે, પછી ભલે એ વ્યક્તિ ગમે તે કાળે, સ્થળે અને સ્વરૂપે થઇ ગઇ હોય. જૈન ધર્મ કેટલો પરમતસહિષ્ણુ છે. એ આ ઉપરથી સૌ કોઈ સમજી શકાશે.

કોઈ પણ ધર્મના સંતને, મહાત્માને અપનાવવામાં એને કશી હરકત નડી નથી. એના સમભાવને, સમદર્શીપણાને, સમતાને કોઇ સીમા નથી. તુલસીની સાખી આ ક્ષણે યાદ આવી જાય છે: 'તુલસી મમતા રામસે, સમતા સબ સંસાર। રાગ, રોષ, ને દ્વેષ, દુઃખ, દાસ ભયો ભવપાર।। રામમાં અર્થાત્ ભાવશત્રુઓને હણનાર અરિહંતાદિકમાં મમતા અને બાહ્ય સંસાર તરફ સમતા–આ બે મહાગુણો (મમતા અને સમતા) પ્રાપ્તે કરે તો દાસ-ભગવાનનો ભક્ત-ભવ પાર કરી જાય. વ્યક્તિ પૂજામાં નહિ પણ ગુણ પૂજામાં જૈન ધર્મ માને છે. એના મતે ગુણનો મહિમા અપરંપાર છે. 'गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः' જ્ઞાતિ, જનતિ, સ્થળ અને કાળના કોઈ બંધનમાં એણે માનેલું ઇશ્વરત્વ બંધાઈ જતું નથી. એટલા માટે જ પંચપરમેષ્ઠી મહામંત્રને એટલે કે નમોકકાર મંત્રને કે નવકાર મંત્રને ચૌદ પૂર્વનો એટલે કે સકળ જૈન ધર્મનો સાર, આત્મા કહેવામાં આવ્યો છે. ઇંદ્રિય જય દ્વારા સાચું જૈનત્વ અને કષાયો, દુષ્ટ કર્મો, વાસનાઓ, વિકૃતિઓ ઇત્યાદિકના ક્ષય દ્વારા સાચી અરિહંતતા પ્રાપ્ત થાય છે. કયાંક વાંચ્યું છે (ઘણું કરીને વિદ્યારણ્ય મુનિના પંચદશી ગ્રંથમાં):

नैष्कर्म्येण न तस्यार्थः, न तस्यार्थः कर्मभिः।
न समाधान जाप्याभ्याम्, यस्य निर्वासनं मनः॥

જેના મનમાંથી વાસનાના બીજ જ બળી ગયા છે તેને કર્મવાદ, અકર્મવાદ, સમાધિ, જપ કે એવા બીજા કશાની કશી જરૂરત નથી. તે સ્વયં પરમાત્મા બની જાય છે. નિશ્ચય દૃષ્ટિએ એ પોતે પરમાત્મા જ છે. 'अप्पा सो परमप्पा' એ પોતે એવો નથી એવું જે માને છે તે તેનું અજ્ઞાન છે અને આ અજ્ઞાનને દૂર કરવામાં અરિહંતાદિ પંચ પરમેષ્ઠીને ભાવપૂર્વક કરેલા નમસ્કાર કામ આવે છે. આ નમસ્કાર પંચક સર્વ પાપનો નાશ કરનારૂં છે અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

'નમો અરિહંતાણં' પદમાં રહેલા 'નમો' શબ્દ દ્વારા ઋજુતા અને માનનો ત્યાગ સૂચવાયા છે. તુલસીની એક સાખીનું ઉત્તરાર્ધ 'तीरनेकु है दीनता, मुऊतकी अभिमान' પણ આ હકીકતનું સમર્થન કરે છે. નમસ્કાર દીનતા વિના ન થઇ શકે. દીનતા એટલે નમાલાપણું નહિ પણ સૌજન્ય. અહંને ફગાવી દીધા વિના એ ન આવે. નમસ્કારમાં ભક્તિ, નમ્રતા, ગુણાનુરાગ, નિરભિમાનીતા ઇત્યાદિ ગુણો સમાવિષ્ટ થઇ જાય છે. વિધિપૂર્વક અને ભાવપૂર્વક કરેલા નમસ્કાર આ બધું સિદ્ધ કરી આપે છે.

ભારતવર્ષના તમામ ધર્મોની એક તાસીર છે કે એ બધામાં ક્રિયાકાંડોની ભિન્નતા હોવા છતાં નીતિ અને આચાર વિષયક એક અતૂટ ઐક્ય છે, અને આને લીધે ભારતીયોમાં એકરસતા હજુ સુધી જળવાઇ રહી છે. મુખ્ય અને મૌલિક સિદ્ધાંતોની બાબતમાં બધા વચ્ચે એકવાક્યતા છે. માટે જ, નરસિંહ, તુલસી કે કબીરાદિએ જે કાંઇ કહ્યું છે તેના મોટા ભાગનું તારતમ્ય અખંડ જળવાઇ રહ્યું છે.

નમસ્કારને પ્રેરતી ઋજુતા વિષે પ્રાચીન ઋષિ, મુનિઓએ કહ્યું છે: 'सर्व जिण्हं मृत्युपदं, आर्जवं ऋत उच्यते'।' માયા-કપટ એટલે મૃત્યુ અને આર્જવ ત્યાં ઇશ્વરત્વ. સ્ફટિક જેવું નિર્મળ હૃદય ઇશ્વરની આવાસ ભૂમિ છે. રાગ, રોષ, દ્વેષ, દુઃખ વિનાની મનોભૂમિમાં અરિહંતતા વિરાજે છે. આ રીતે માનવજીવનમાં નમસ્કારને ઘણું ઊંચું સ્થાન છે. ભક્તિભાવથી ગદ્‌ગદિત બની મહાન આત્માઓને માનવી નમસ્કાર કરે છે, ગુણોને આગળ પોતાની અહંતાને ત્યાગી ગુણીના ચરણોમાં પોતાની જાતને સર્વતોભાવેન સમર્પિત કરી દે છે ત્યારે માનવીની આધ્યાત્મિકતાની પારાશીશી કેટલી ઊંચે ગઈ છે એનો પત્તો લાગી જાય છે. નરસિંહ ટકોર કરે છે 'હું કરું, મેં કર્યું' એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.' અહંના નાશ વિના નમસ્કાર ન સંભવે અને અહં દરેક અનર્થનું મૂળ છે. જીવત્વ અને અરિહંતત્વ વચ્ચે એટલે કે જીવ અને શિવ વચ્ચે કર્તાપણાનો આ દુર્ભાવ જ ખાઇ ઊભી કરે છે. અરિહંતોના ચરણોમાં માન મુકી સમર્પણ કરી દીધા વિના આધ્યાત્મિકતાની પરાકાષ્ઠારૂપ પરમેષ્ઠીપણાને પામી શકાશે નહિ. કબીરે કહ્યું છે:

'लघुता में प्रभुता वसे, प्रभुतासे प्रभु दूर.' ગીતાજીએ પણ ઉદ્‌ઘોષ્યું છે 'न मे भक्तो विनश्यति' પણ સાથે શર્ત મૂકી 'अनन्याश्चिंतयंतो मां ये जना पर्युपासते' જો એ મારૂં સ્મરણ અનન્યભાવે કરે તો; અરિહંતમાં પોતાની જાતને ઓગાળી નાખે તો; પ્રભુતા નહિ પણ લઘુતા ધારણ કરે તો.

જો કે જે કાંઈ કરવાનું છે તે આપણે પોતે જ કરવાનું છે. પણ આલંબનની આવશ્યકતા તો ખરીજ. નમોકકાર મંત્રના પાંચ પદ આપણા માટે એક આલંબન છે, એક આદર્શ છે, એક લક્ષણ છે. એને સિદ્ધ કરવું એ આપણું ધ્યેય હોવું જોઇએ. કમળના વિકાસમાં સૂર્ય જેમ નિમિત્ત કારણ છે તેમ અરિહંતાદિ મહાન આત્માઓનું ગુણ સંકીર્ત્તન પણ આત્મોન્નતિનું એક પ્રબળ નિમિત્ત–કારણ છે. એમના ગુણોના સતત સ્મરણ વિના અને તદનુસાર વર્ત્તન વિના અરિહંતની પદવી આપણે નહિ મેળવી શકીએ. સિદ્ધિ તો પોતે જ મેળવવાની છે. બાહ્ય પરિસ્થિતિ અને બાહ્ય વ્યક્તિ કેવળ નિમિત્ત બની શકે છે. આ દૃષ્ટિએ અરિહંતાદિનું મનન, ચિંતન અને નિદિધ્યાસન આત્માનું પૂર્ણ સ્વરૂપ પ્રકટ કરવામાં પ્રબળમાં પ્રબળ નિમિત્ત–કારણ બની શકે.

ભમરીના ધ્યાનથી ઇયળ ભમરી બની જાય છે. ઋગ્વેદમાં એક ઋચા છે: 'आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः' શુદ્ધ વિચારોનો પ્રવાહ ચોતરફથી મારા તરફ વળો. બરાબર આ નિયમાનુસાર શિવના વિચારોથી જીવ પણ શિવ બની જાય છે. અરિહંતના ધ્યાનથી ઇનસાન પણ અરિહંત બની જાય છે. દૈવી અને આસુરી એવા બે ભાગ વિચારોના ગીતાજીએ પાડ્યા છે તે પણ આ હકીકતનો જ નિર્દેશ કરે છે. સત્પુરુષોનું નામ લેવાથી, ધ્યાન ધરવાથી વિચાર પવિત્ર થાય છે. વિચાર પવિત્ર થવાથી અસત્ સંકલ્પ ઉત્પન્ન થતા અટકી જાય છે. એથી આત્મા સ્વસ્થ બને છે.

સશક્ત બને છે, એના આંતરિક વીર્યને સ્ફૂરાયમાન કરવાની તક મળે છે. અરિહંતાદિકોનો આપણા ઉપર મહાન ઉપકાર છે. એટલા માટે જ જૈનાગામોમાં એમને 'લોગ હિયાણું, લોગપઇ વાણું, લોગ પજ્જોયગરાણું' વગેરે વગેરે કહ્યાં છે.

આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ સિદ્ધ ભગવંત અરિહંત કરતાં ચડીયાતા છે; છતાં પંચપરમેષ્ઠી મહામંત્રમાં તેમનું સ્થાન બીજું છે. આ પ્રમાણે ક્રમ ગોઠવવામાં ઉપકારક મહાપુરુષને પ્રથમ સ્થાને મૂકી કૃતજ્ઞતાની ભાવના વ્યકત કરવી એ છે.

બાર અરિહંતના, આઠ સિદ્ધના, છત્રીશ આચાર્યના, પચ્ચીસ ઉપાધ્યાયના, સત્તાવીશ સાધુના–આમ એકસો આઠ ગુણ થાય. અરિહંતના બાર ગુણ છે. આમાં આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશયો છે.

અશોક વૃક્ષ, દેવો દ્વારા કૃત્રિમ પુરુષોની વૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, મનોહર ચામર યુગલ, અતીવ શ્રેષ્ઠ સિંહાસન, ભામંડલ, દેવદુંદુભિ, એક ઉપર બીજું એમ ત્રણ છત્રો–આ આઠ પ્રતિહાર્યો થયાં. જેવી રીતે પ્રતિહારી પોતાના સ્વામી પાસે દ્વાર પર ઉપસ્થિત રહે છે, તેવી રીતે, આઠ પ્રાતિહાર્ય જિનેશ્વર દેવની પાસે ઉપસ્થિત થઇ જાય છે. અરિહંત ભગવાનની આ લોકોત્તર વિભૂતિના સંબંધમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. પાતંજલ યોગદર્શનમાં યોગ વિદ્યાના સંબંધમાં આકાશગમનાદિ ઘણા મહત્ત્વપૂર્ણ ચમત્કારોનું વર્ણન આવે છે. એટલે આમાં શંકાને કશું સ્થાન નથી. સાધારણ યોગીઓ વર્તમાનમાં નાના ચમત્કારો દ્વારા માનવજગતમાં આશ્ચર્ય ઉપજાવે છે ત્યારે અસાધારણ સિદ્ધિવંતા અને લબ્ધિવંતા અરિહંતાદિ ભગવાનની તો વાત જ શી? ઉપરાંત, તેમના બીજાં ચાર અતિશયોની ગણના પણ ગુણમાં થાય છે.

અરિહંત ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં આસપાસના કોઇ પણ પ્રદેશમાં મહામારી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવા અપાયોનો સામનો કરવાનો હોતો નથી. બલ્કે, શાંતિ અને પ્રેમનું વાતાવરણ હોય છે. બકરી અને સિંહ એક સાથે રહેતા હોય છે અને લહેર કરતા હોય છે. આને અપાયાપગમ અતિશય કહે છે. અરિહંત ભગવાનને વિશ્વની કોઈ બાબત, કોઇ ચીજ, કોઇ વસ્તુ અજ્ઞાત રહેતી નથી. આ એમના અનંત જ્ઞાનનો અતિશય છે. અખિલ સંસાર એમને પૂજા, માન, સત્કાર કરે છે. એ એમનો પૂજા અતિશય છે. એમનો વચન અતિશય એટલો પ્રબળ છે કે દરેક પ્રાણુ, જીવ, સત્ત્વ, અને ભૂત એમની વાણી દ્વારા આત્મકલ્યાણનો લાભ ઉઠાવે છે. આમ આઠ અને ચાર મળીને અરિહંત ભગવાનના બાર ગુણો થાય છે. એમના આ બાર ગુણો એમને લોકોત્તર શ્રેણીમાં મૂકવા માટે બસ છે.

દુઃખ પ્રચુર આ સંસારમાં અરિહંત ભગવાન જીવ માત્ર માટે એક અને અનન્ય શરણ્ય છે. ચાર મંગલ, ચાર ઉત્તમ અને ચાર શરણોમાં અરિહંત ભગવાન પ્રથમ મંગલ, પ્રથમ ઉત્તમ, અને પ્રથમ શરણ્ય છે. અરિહંત ભગવાનનું નામસંકીર્ત્તન સંજીવની સમાન નીવડે છે. રાગ–દ્વેષથી પર બનાવી ચિત્તશુદ્ધિ દ્વારા સાચા આનંદની અનુભૂતિ કરાવનાર ઉત્તમ આધ્યાત્મિક રસાયણ છે.

હે નાથ! દુઃખિ જન વત્સલ! હે શરણ્ય!
કારુણ્ય પુણ્ય વસતે! વશિનાં વરેણ્યા!
ભક્ત્યા નતે મયિ મહેશ! દયાં વિધાય,
દુઃખાંકુરોદ્દલન તત્પરતાં વિધેહિ!॥

તારી પાસે હે નાથ! કાંઇ જ માગતો નથી. ફકત દુઃખના બીજોનો સમૂળો નાશ કરવા, હે ભગવન્! મને તત્પર બનાવ!

નમો અરિહંતાણં!

# સુધરેલા દેખાવાની કળા

❖ 'વ્રાત્ય'

કળા અને વિજ્ઞાનની વચ્ચે દેખીતો જ ભેદ જણાઈ આવે છે. વિજ્ઞાન એટલે કાર્યકરણના સંબંધોના નિયમો વિષેનું વ્યવસ્થિત તંત્ર કે શાસ્ત્ર, કળામાં કાર્યકારણ હોય છે, તેના સંબંધો અવશ્ય હોય છે. પણ તે સંબંધો ઘણે અંશે કળાકારને અને થોડે અંશે રસિકજનોને જાણીતા હોય છે. કેટલીકવાર તો અસાધારણ પ્રતિભાનો ઉન્મેષ થતાં ખુદ કળાકાર પણ આ સંબંધોને જાણી નથી શકતો. પ્રતિભાનો એક ઝબકારો થાય છે અને તે કયાંથી આવ્યો, કેમ આવ્યો, કોણ લાવ્યું એવા પ્રશ્નોના ઉત્તરો મળતા નથી. કળા એક પ્રકારનું જાદુ છે, તેની ગૂઢતામાં જ તેની વિશેષતા છે, તેની સિદ્ધિ છે, લાંબે ગાળે આ ઝબકારામાં યે કયાંક નિયમો હાથ લાગે છે, ત્યારે કલા તે કારીગરી બની જાય છે. કલાના નિયમોનું જ્ઞાન થતાં ધીમે ધીમે એક કલાતંત્ર રચાય છે, કલાનું યે વિજ્ઞાન રચાય છે. કલાની કલામયતા તેની અજ્ઞાત, અર્ધજ્ઞાત કે દિઙ્મૂઢતાપ્રેરક અકળપણામાં છે. નવીનતામાં કલાની નવાઇ છે. જૂનવટમાં કલાનું જાદુ ઊડી જાય છે.

નવીન રીતે વાળ કપાવવામાં આવે ત્યારે તે કલાત્મક દેખાય છે. નવીન રીતે ઓળતાં તેમાં સૌન્દર્યનું સ્ફુરણ પ્રતીત થાય છે. પરંતુ આ નવીનતાના નિયમો હાથમાં આવતાં તેનું તંત્ર કે વિજ્ઞાન બની જાય છે. કપડાંમાં ચીરો કે ખાંપો પડીને ફાટતાં તેને થીંગડું માર્યું હોય તો તે પહેરનારની દરિદ્રતા કહેવાય છે. પરંતુ કપડું ફાટયા વિના જ તેને થીગડું માર્યું હોય તો તે પંચવર્ક નામની કલા કહેવાય છે, કપડું સીવ્યા પછી ઓટયું ન હોય તો તે દરજીના અણઘડપણાની નિશાની છે. પરંતુ સીવીને ન ઓટવાનો માત્ર દેખાવ થાય તેમ ઓટયું હોય તો તે સિલાઈકલા કહેવાય છે.

નાનપણમાં અમે રતાશ પડતા કાળા બરુના કિત્તાથી કોપીબુક લખતા. કિત્તાને છેડેનો કાપ બરાબર દોરેલો ન હોય, તેમાં ખાંચો પાડયો ન હોય તો સુંદર ફૂલ જેવા અક્ષરોમાં વચ્ચે ઝબકાં પડતાં. આવું લેખન અસ્વચ્છ અને કલાહીન ગણાતું. વિદ્યાર્થી અણઘડ અને ફુવડ ગણાતો. પરંતુ 'મોડર્ન રિવ્યૂ' માસિકમાં તેના મથાળાંના અક્ષરો ધરાદાપૂર્વક ઝબકાવાળા મૂકવામાં આવતા. અમે અમારા શિક્ષક આગળ તેનો તિરસ્કાર કર્યો તો અમને કહેવામાં આવ્યું કે તે તો કલા કહેવાય. ત્યારે અમને જ્ઞાન થયું કે ભૂલથી ઉપજતું અણઘડપણું એટલે બલા, અને ધરાદાપૂર્વક ઉપજાવાતું અણઘડપણું એટલે કલા.

કેટલાક લોકો કોટનાં બુતાન (બટન) બરાબર નથી બીડતા, ગાંધીવાદ પૂરબહારમાં હતો ત્યારે લોકો પહેરણનું ઉપલું બટન ધરાદાપૂર્વક બંધ ન કરતા અને બટનની સામેનો છેડો અંદર વાળતા, આમ કરીને તેઓ બેદરકારીનો દેખાવ કરતા. આ બેદરકારી કલાકારનું લક્ષણ ગણાતી અને તેવાઓ કલાકારમાં ખપતા.

અસલના વખતમાં પાટલૂનના પાયચાના છેડા ન વાળતા. એકવાર પ્રિન્સ ઓફ વેલ્સે તે વાળ્યા તેથી તેના પિતા પંચમ જ્યોર્જે કટાક્ષમાં પૂછયું: 'કેમ દીકરા વરસાદ

બહુ વરસે છે?' આ નવીનતા હતી તેથી કલા ગણાઇ અને લોકોએ તેનો પ્રચાર કરતાં તે ફેશન બની ગઇ! જમાને જમાને ફેશન બદલાય છે. હવે એક વર્તુળ પૂરું થયું અને પાટલૂનના છેડા ન વાળવાનું વલણ ચાલુ થઇ ગયું છે. ફેશન સુધરેલા સ્વભાવની નિશાની છે. બ્રિટિશ રાજ્ય વેળાએ રોજ દાઢી કરવાની ફેશન હતી. કહો કે સફાચટ કલ્ચર હતું. સ્વરાજ્યમાં દાઢી વધારવાની ફેશન છે. રજપૂતોમાં અને લશ્કરી અમલદારોમાં મૂછના આંકડાને, વીંછીના આંકડાની જેમ, ઊંચા રાખવાની ફેશન છે. સ્વરાજ્યમાં ઝંડાયુદ્ધ પૂરું થતાં મૂછો નીચે નમી છે, ઝંડો નીચે ઊતર્યો છે, હવે ચીનાઓની મૂછો પ્રચારમાં છે. પહેલાં નીચી મૂછ ચીનાઓ અને વાણિયાઓ જ રાખતા. હવે અર્થપ્રધાન સંસ્કૃતિમાં વૈશ્યવિજય થયો છે. પુરાણા કાળમાં જાડી ચોટલી રાખવાની ફેશન હતી. બ્રિટિશ રાજ્યમાં ચોટલી પાછળથી ખસી આગળ આવી અને બાબરી બની ગઈ. લાંબી બાબરી ટૂંકી બનતાં તેને 'ગાંધીકટ' નામ મળ્યું. પહેલાં વિધવાઓ માથે મુંડન કરાવતી. વાળ વધે તો 'ગાંધીકટ' જેટલાં ભીંછાં જ વધારાય. પછી સધવાઓએ 'વિધવાકટ' સ્વીકાર્યો.

કપડાંમાં જોઇએ તો સ્ત્રીઓ સાડી પહેરતી. કન્યાઓ ઓઢણી ઓઢતી, પરંતુ મોંઘવારીએ એવો દાટ વાળ્યો કે અઢાર હાથની સાડી બંગાળી સાડી બની ગઇ. ઓઢણીને બદલે દુપટ્ટો આવ્યો અને પછી બ્લાઉઝ બુશશર્ટ બની ગયું. ઘાઘરાના ઘેરને બદલે પાટલૂનનાં ખોડીબારાં આવ્યાં. પુરુષો અને સ્ત્રીનો વેશ સરખો થયો. ભાઇ ને બાઇ સાથે જતાં હોય તો દૂરથી જોતાં તેમાં કોણ ભાઇ ને કોણ બાઇ તેની ગમ ન પડે!

વાણીમાં ફેશનેબલ તરુણો 'યસ' બોલતા તેને ટૂંકાણે 'યા' આવ્યું, 'યા' માંથી કયારે 'હા' થશે તે કાંઇ કહેવાય નહિ. ત્યારે ગુજરાતી ભાષા શાસ્ત્રીઓ દાવો કરશે કે ગુજરાતીમાંથી અંગ્રેજી ભાષા ઉદ્ભવી છે. પહેલાં કુશળ સમાચાર પૂછાતાઃ 'કેમ ભાઇ! સુવાણું છે?' સામો માણસ પ્રસન્ન વદને હા પાડતો. હવે હા પાડવાને બદલે તે 'ઓકે' 'ઓકે' એમ બોલે છે. સુવાણુને સાટે ઓકવાના ઉત્તર અપાય છે. લોકોની જઠરાગ્નિ મંદ પડી ગઇ લાગે છે.

પહેલાં માતાને મા કહેતા. પછી બા કહેવાનું શરૂ થયું. પાટીદારોમાં માને નામથી જ બોલાવવાનો ચાલ છે. હવે મમી કહેવાની ફેશન જોરશોરમાં ચાલુ છે. મમીનો અર્થ અમે એવો વાંચેલો કે મમી એટલે ઇજિપ્તમાં મશાલા ભરીને સાચવી રાખેલું માણસનું મડદું. ખરી વાત છે. સુધરેલી કન્યાઓને મમી પ્રાચીનકાળનો અવશેષ ભાસે છે. પિતાને 'પપ્પાજી' કહેવામાં આવે છે. પહેલા અક્ષરો ઉડાવી દઇને માત્ર 'પાજી' કહેવામાં નથી આવતા તે માટે તરુણો અભિનંદનના અધિકારી છે.

અંગ્રેજી શબ્દોનો તમે જેમ વધારે ઉપયોગ કરશો તેમ તમે વધારે ફેશનેબલ અર્થાત્ સુધરેલા દેખાશો. પુરાવો જોવો હોય તો 'મુંબઇ સમાચાર'માં વેપારીઓની જાહેર ખબરો વાંચો. કાપડ, રાચરચીલું, કલાકૌશલ્ય, યંત્રો ગમે તે વિષયની જાહેરખબર વાંચો. તેમાં ગુજરાતી લિપિમાં અને અંગ્રેજી ભાષામાં સહેજે દસબાર લીટીનો ફકરો વાંચવા મળશે. વેપારીઓનો માતૃભાષા પ્રેમ આમ છતાં વખાણવા લાયક છે. તેઓ પ્રત્યયો અને ક્રિયાપદો શુદ્ધ ગુજરાતી વાપરે છે. 'જય જય ગરવી ગુજરાત!'

અરે, નગરોનાં નામોના અંગ્રેજી ઉચ્ચાર કરવાથી પણ સુધરેલામાં ખપી શકાય તેમ છે. અંગ્રેજોએ આપણને આ વારસો આપ્યો છે અને આપણે તે બરાબર સાચવી રાખ્યો છે. મુંબઇને બદલે બોમ્બે, વડોદરાને બદલે બરોડા, ખંભાતને બદલે કેમ્બે શીવને બદલે સાયન, વાંદરાને બદલે બેન્ડ્રા ખડકીને બદલે કિર્કી, મથુરાને બદલે મુટ્રા, વારાણસીને બદલે બનારસ, ગંગાને બદલે ગેન્જીસ, સિંહલને બદલે સિલોન કાલીઘાટને બદલે કલકત્તા, આવા અંગ્રેજી ઉચ્ચારના નમૂના છે. અટકમાં પણ શરાફને બદલે શ્રોફ, સુતાર-લુહારને બદલે એન્જિનિયર, ઠાકુરને બદલે ટાગોર, બસુને બદલે બોઝ વપરાય છે. એક સુરતી બુદ્ધિમાને 'મકનજીભાઇની પેઢી' ને બદલે 'મેકેન્ઝી એન્ડ કંપની' નામ રાખતાં જ તેનો વેપાર વધી ગયો હતો.

વધારે સુધરેલામાં ખપવું હોય તો બંધન માત્રનો તિરસ્કાર કરો. તમે કોલેજિયન હો તો હોળીના ઘેરૈયાની જેમ ફાગફટાણાંની ધાણી ફોડો. ઘેરૈયા જો એકમાસ અપશબ્દો બોલે તો તમે બારેમાસ ગાળ ઉચ્ચારો, તમે તરુણી હો તો તમે નારીનો દેહ ધરાવો છો તે વધારેમાં વધારે અસરકારક રીતે સિદ્ધ કરો. તમે જો દાંડિયારાસ રમતા હો તો લોકગીતોને દેશવટો આપીને હપ્પસો, હપ્પસો એમ બોલો. કૂતરાં બિલાડાં બોલાવો. શ્રીકૃષ્ણના દાંડિયારાસમાં એટલું તો માર્દવ, નૃત્ય, લાલિત્ય, માધુર્ય હતાં કે તે જોવા માટે શરદપૂનમનો ચંદ્રમા છ મહિના સુધી આકાશમાંથી ખસ્યો નહિ અને જગત ઉપર છ મહિનાની રાત્રિ સરજાવી. તમે ડિસ્કો ડાન્સમાં કૂતરાં બિલાડાં બોલાવવાથી ખૂબ સુધરેલા ગણાશો. તેનું ઉદ્ઘાટન કરવા મિનિસ્ટરો પધારશે અને પાડોશીઓ ઘોંઘાટથી નાસી જશે. તેથી તમને મનપસંદ એકાંત મળશે.

તમે કવિ હો તો છંદોને લાત મારો. છંદોને કુછંદ જાહેર કરો. તમારો માર્ગ નાનાલાલ નામના કવિએ થોડો ખેડી આપ્યો છે. તેમણે અપદ્યાગદ્ય અર્થાત્ ડોલનશૈલી ઉપજાવી છે. પરંતુ વિવેચકોને તેમાંથે કોઇ અજ્ઞાત નિયમોનું અસ્તિત્વ છે તેવી શંકા જાય છે. માટે તમે બાણભટ્ટની જેમ ગદ્યકાવ્ય લખો. બાણભટ્ટની અલંકાર સમૃદ્ધિ, કલ્પનાકુંજ કે ભાષાલભક ન હોય તો મૂંઝાશો નહિ, અલંકારોમાં જુગુપ્સાજનક અલંકારો દાખલ કરો. વર્ણનોમાં બીભત્સ ચિત્રણ સરજો. ભાષાવૈભવ માટે અંગ્રેજી શબ્દો ઉમેરો. અર્થહીન શબ્દપ્રયોગો, વાકય પ્રયોગોની રચના કરો. યુરોપમાં બધાં રાષ્ટ્રો જર્મન આક્રમણ આગળ નમી પડયાં. તેના આઘાતમાંથી નિરાશાવાદ અને એવકૂફીવાદ (એબ્સર્ડિઝમ) જન્મ્યાં. તમે તેનું અનુકરણ કરો. આપણે ભારતમાં નિઃશસ્ત્ર પ્રજાએ સશસ્ત્ર પ્રજાને 'ભારતમાંથી ટળો'નો પડકાર કરી તેમને ભગાડયા. આથી પ્રજામાં ખુમારી હોય, સાહિત્યમાં ખુમારી હોય, પરંતુ યુરોપમાં સાહિત્યકારો તેમ નથી કરતાં. તમે સુધરેલા હો તો યુરોપિયનને પગલે ચાલો, ભારતીયો ભોથાં છે.

વિજયાલક્ષ્મી પંડિત જાપાન ગયાં ત્યારે ત્યાંની કોઇ જાપાની કન્યાએ તેમને પૂછયું, 'તમે કલ્ચર્ડ ડ્રેસ કેમ નથી પહેરતાં?' વિજયાલક્ષ્મીએ ઉત્તર આપ્યો કે ભારતમાં

સાડી સ્ત્રી માટે સંપૂર્ણ 'કલ્ચર્ડ' ડ્રેસ' ગણાય છે. પેલી કન્યાએ ફરી પૂછ્યું : 'ડ્રોક કેમ નથી પહેરતાં ?' અહીં આપણને 'કલ્ચર' ની વ્યાખ્યા મળે છે. કલ્ચર એટલે અનુકરણ, વિશેષ પશ્ચિમનું અનુકરણ. પોશાકમાં પશ્ચિમનો પોશાક પહેરો. તેમાં બદલાતી ફેશનનો સૂક્ષ્મ અભ્યાસ કરી નવીનતાને અપનાવો. વાણીમાં અંગ્રેજીનો ઉપયોગ કરો. તમે કોલેજિયન હો તો વગર હોળીએ ફાગફટાણાંનો ઉપયોગ કરો. તમે જો વેપારી હો તો ગુજરાતી લિપિમાં અંગ્રેજી શબ્દોના ફકરા લખીને ઘરાકને આકર્ષો, તમારી જાહેર ખબરોની લિપિ ભલે ગુજરાતી રહે, ઉચ્ચારો અંગ્રેજી કરો. ફ્લેટને બદલે એપાર્ટમેન્ટ અને મેન્યોરને બદલે ફૂટિંલાઇઝર લખો. હવે બ્રિટનના બાર વાગ્યા છે અને અમેરિકાની આણ વર્તે છે. તમે મુત્સદ્દી હો તો પદયાત્રાને સ્થળે વિમાનમાં જઇ શકો છો. તમે પંડિત હો તો જર્મની જઇને સંસ્કૃતનું પેપર વાંચો અને જાતવળાતનું ભાડું અને પુરસ્કાર મેળવી પરદેશ નિરખો. તમે જો તરુણ હો તો દાઢી પ્રદર્શન કરો. તરુણી હો તો અંગ પ્રદર્શન કરો. બાળક હો તો બાળમંદિરને કે. જી. કહો તથા શાળામાં ને ઘરમાં ચોવીશે કલાક અંગ્રેજી બોલો. એથી તમારાં માતપિતા હરખઘેલાં બનશે. તમે મિનિસ્ટર હો તો આગગાડીને બદલે એરોપ્લેન વાપરો. ધારાસભ્ય હો તો હોહા, બરાડા, ગોકીરા, હોકારા, પડકારા કરો. છૂટાં પેપરવેઇટ સભામાં ફેંકો. ભારતભરમાં યુદ્ધને ધોરણે કામ થાય છે તેમ ધારાસભામાં પણ કરો. તમે કલાપ્રિય હો તો ગાંધી ફિલ્મનાં ભારોભાર વખાણ કરી તમારો પોતાનો ખાનગી એવોર્ડ આપો અને પછી કબાટમાં પડેલાં ગાંધીનાં પુસ્તકોને ઉધઇને હવાલે કરો. ભાઇઓ તથા બહેનો ! તમે સુધરેલા થાઓ, સુધરેલા દેખાઓ, કેમ દેખાવું તેનો માર્ગ જાણી લો.

# 'મહાન સાઇગો'

● રણછોડભાઇ પટેલ

તાકામોરી સાઇગો જાપાનમાં 'મહાન સાઇગો' તરીકે જાણીતા છે. તે 'સેમુરાઇ' હતા, અને જાપાનના ઇતિહાસમાં તેમણે ગઈ સદીના અંતમાં અગ્રભાગ ભજવ્યો હતો. સામંતશાહી સરકારને ઉથલાવવામાં અને બંધારણીય શાસનતંત્રને સ્થાપવામાં તેમણે વિધાયક અને સક્રિય કાર્ય કર્યું હતું.

નવી સરકારમાં તેઓ વિદેશમંત્રી બન્યા. તેમનાં બહુપ્રમાણ અંગત પ્રતિષ્ઠા અને ચારિત્ર્યબળથી તેમનો હોદ્દો શોભતો. પાછળથી સિદ્ધાંત ખાતર તેમણે તેમના પદનો ત્યાગપત્ર મોકલી આપ્યો, અને નિવૃત્ત થયા. ૧૮૭૬ માં સરકારની પરદેશનીતિ ભૂલ ભરેલી છે એમ માનવાથી તેમના જૂથે સરકાર વિરુદ્ધ બળવો પોકાર્યો, અને એનું નેતૃત્વ લેવા સાઇગોને વિનવ્યા. બળવો નિષ્ફળ ગયો, અને સાઇગો, અંતિમ વિરોધના ઇંગિત તરીકે, 'સેમુરાઇ' પરંપરાને છાજે તે રીતે પોતાની જાતે જ મૃત્યુને ભેટયા.

સાઇગો મજબૂત, ભરાવદાર બાંધાના હતા. તેમના મિત્રોએ તેમનું હુલામણું નામ 'ઋષભ' પાડયું હતું. તે તેમની વ્યક્તિગત બહાદુરી માટે વિખ્યાત હતા. સામંતશાહી પક્ષે તેમની પર લાદેલો એક વર્ષનો કારાવાસ અને શારીરિક ત્રાસ તેમને ભાંગી શકયાં નહીં એ એમનાં હિંમત અને સહનશીલતાની સાક્ષી પૂરે છે. વિદેશમંત્રી તરીકે નિઃશેષ નિખાલસતા અને પ્રાંજલતાથી પરદેશમાં કામગીરી બજાવીને તેઓ સૌના આદરને પાત્ર બન્યા હતા. દુન્યવી સાફલ્યના શિખરે પહોંચ્યા ત્યારે પણ તેઓ ઉગ્ર કઠોર તપસ્વીનું જીવન જીવતા હતા. એમ કહેવાય છે કે, એ વખતે તેમની પાસે પહેરવાનો એક જ 'કિમોનો' (પહોળા બાંયવાળો જાપાની ઝભ્ભો) હતો. જ્યારે તે ધોવા માટે જતો ત્યારે તેમની બધી મુલાકાતો રદ કરવામાં આવતી હતી.

એમના સમયના ઘણા 'સેમુરાઈ'ની જેમ સાઇગોએ મહાન આચાર્ય પાસે ઝેન બૌદ્ધમતનો અભ્યાસ કર્યો. એમના વિવિધરંગી અનુભવોમાંથી એમણે જીવનોપયોગી કેટલાંક સત્યો તારવ્યાં.

ચાલો, આપણે એમનાં કેટલાંક સૂત્રોને આસ્વાદીએ.

○ જે જિંદગી કીર્તિ, પાયરી કે કાંચનની વાંછનાથી પર છે તેને તમે ભાગ્યે જ વશમાં રાખી શકશો. માત્ર આવા દુર્દાન્ત અણુતમ માણસો જ મુશ્કેલીઓનો સામનો કરીને રાજ્યનાં મહાન કાર્યોને પૂરાં કરી શકે છે.

○ બીજાનો દોષ ન કાઢતા, પણ એ તપાસો કે તમારી સચ્ચાઇ કયાં ઊણી પડે છે.

○ મોટી કે નાની દરેક બાબતમાં નેકીથી ચાલો; પૂરેપૂરા સહૃદયી રહો અને કદી પણ કપટનો આશ્રય લેતા નહીં.

○ સ્વર્ગના દેવ બીજાને અને મને સમભાવે ચાહે છે અને એમનું હૃદય જે મને ચાહે છે તે અન્યને પણ ચાહે છે.

○ જે મનુષ્ય માર્ગ (પરમતત્ત્વ) નું અનુસરણ કરે છે, તેના જીવનમાં મુશ્કેલીઓ તો આવે છે, પણ ગમે તેવા ગંભીર, કટોકટીભર્યા સંજોગો હોવા છતાં તે સફળતા કે વિફલતા યા તે જીવશે કે મરશે તેની કદી ચિંતા કરતો નથી.

○ આ દિવસોમાં લોકો ધારે છે કે તેમની પાસે પૂરતી ચાલાકી હશે તો તેમની ઇચ્છા પ્રમાણે બધી વસ્તુઓ બનશે, પણ ચાલાકી પર વિશ્વાસ રાખવો એ અતિ ભયાનક છે એમ મેં જોયું છે.

○ ન્યાય અને સચ્ચાઇથી બીજા પ્રતિ વર્તો.

○ ભૂલને સુધાર્યા પછી આમ વિચારવું શ્રેષ્ઠ છે : 'આ ભૂલ મારાથી થઇ હતી.' પછી આ બાબતને ભૂંસી દેવી. એના તરફ ફરીને ન જોવું, અને તત્ક્ષણ આગળ નીકળી આવવું. ભૂલ માટે શરમ અનુભવવી અને તેને કેમ છાવરવી એની ચિંતા કર્યા કરવી એ ચૂરેચૂરા થઈ ગયેલા કાચના ચાના પ્યાલાને સમારવા જેવું નિરુપયોગી છે.

○ બીજા શું કરે છે કે બોલે છે એની ફિકર કર્યા વગર આત્મસ્થ રહેવું જોઇએ.

○ જગત અને ગત પેઢી જેની પ્રશંસા કરે છે તે તો પૂર્ણ સચ્ચાઇની એક ક્ષણ જ હોય છે. પણ જ્યારે વિપુલ સચ્ચાઇ હોય છે ત્યારે એવા મનુષ્યને એના સમયમાં કોઈ પણ ન જાણતું હોય તો પણ, આવતા યુગમાં ઘણા લોકો તેને જાણશે એ નિઃસંદેહ છે.

# મારી યુરોપ યાત્રા

સંકલન : શાંતિલાલ ટી. શેઠ

('અભ્યાસ વર્તુળ'ના ઉપક્રમે શ્રી ગણપતભાઇ મ. ઝવેરીએ એમના તાજેતરના યુરોપ પ્રવાસ વિષે તા. ૨૩-૭-૧૯૮૩ના રોજ આપેલા વાર્તાલાપની ટૂંકી નોંધ અત્રે પ્રગટ કરતા આનંદ થાય છે. –તંત્રી)

લંડનમાં જૈન સોશ્યલ ગ્રુપની શાખાના ઉદ્‌ઘાટન નિમિત્તે અમારે યુરોપના પ્રવાસે જવાનું બન્યું એમ જણાવી શ્રી ગણપભાઇએ કહ્યું : 'મારે મન પ્રવાસ પર્યટન એટલે આનંદયાત્રા. નિસર્ગયાત્રા. પ્રકૃતિની સાથે એમાં આંતરગોષ્ટિ થાય.'

ગ્રેટ બ્રિટનના પાટનગર લંડનનો અધિકાંશ ભૂગર્ભ રેલ્વેથી ચાલે છે. ત્યાંના ટાવર બ્રીજની રચના એવી છે કે વિરાટ સ્ટીમરો ત્યાં આવે ત્યારે બ્રીજના વચ્ચેથી બે ભાગ થઇ, ઉપર ચાલ્યા જાય, અને સ્ટીમર પસાર થતાં તે પાછો યથાવત્ થઈ જાય. ત્યાંના પ્રાચીન વિશાળ કિલ્લાનાં–ટાવર ઓફ લંડનનાં–ઝવેરાતગૃહમાં સમ્રાટો અને સામ્રાજ્ઞીઓનાં રાજમુગટો બહુમૂલ્ય રત્નોથી જડિત છે. એ પૈકી એક મુગટમાં ભારતનો કોહીનુર હીરો જડેલો છે. જગતના મોટામાં મોટા રોમન કેથલિક ચર્ચ સેંટ પોલ કેથેડ્રલનું ભવ્ય શીલ્પ, મીણમાંથી બનાવેલાં માનવ કદના વસ્ત્ર પરિધાન કરેલાં પૂતળાઓનું સંગ્રહસ્થાન હાઉસ ઓફ વેક્સ મ્યુઝિયમ, ડોવર બંદર, ઝીબ્રુક શહેર, એમ્સ્ટરડમ બંદર, ડીઝનીલેન્ડની પ્રતિકૃતિ જેવું ફ્રેન્ટેસીયાલેન્ડ વગેરે જોયાં. વિજ્ઞાન અને માનવકૌશલ્યના વિનિયોગ તથા સંકલનના ફળસ્વરૂપે આ અજાયબીભરી નગરી પરીઓનો દેશ લાગે !

મહાકવિ ગેટેનું વતન ફ્રેન્કફર્ટ યુરોપનું બીજા નંબરનું હવાઈ મથક છે. બીજા વિશ્વયુદ્ધમાં મહદંશે નાશ પામેલ આ શહેરનું પુનઃ નિર્માણ થયું છે, જે ત્યાંની પ્રજાના પુરૂષાર્થ અને દેશભક્તિનું પરિણામ અને પ્રતીક છે.

પશ્ચિમ જર્મનીના ઔદ્યોગિક નગર મ્યુનિકમાં વિશ્વના સૌથી ઊંચા ઓલિમ્પિક ટાવર પરથી ચોતરફના રમણીય પ્રદેશનું અવલોકન આનંદપ્રદ નીવડ્યું. સીટી હોલ ટાવરની વિશાળ ઘડિયાળમાં સવારે અગિયારના ટકોરા થાય ને મોટા કદના પૂતળાંઓ નૃત્ય કરે, ઘોડેસ્વારો તથા લશ્કર આવે, યુદ્ધ થાય, યોદ્ધાઓ મરે આદિ સુંદર દૃશ્યો જોવા વિશ્વભરમાંથી હજારો માનવીઓ આવે છે. વિશ્વયુદ્ધથી સંપૂર્ણ વિનાશમાંથી બેઠું થઇને આ રાષ્ટ્ર જગતના શ્રેષ્ઠ રાષ્ટ્રોની હરોળમાં આજે ઉભું છે. એ માટે ત્યાંની પ્રજાનાં ખમીર અને ખંતમાંથી આપણે બોધ લેવો જોઇએ.

ઓસ્ટ્રિયાના ઈન્સબ્રુક શહેર થઇને અમે ઈટલી ગયા, જ્યાં ભારતીય વાતાવરણ જોવા મળ્યું. ઇટલીનું વેનીસ શહેર નહેરો અને જળાશયોમાં જ બંધાયું છે. ત્યાર બાદ ચોતરફ છૂટે હાથે નૈસર્ગિક સૌંદર્ય વેરેલાં રોમ શહેરને જોતાં સર્જનહાર કરતાં મહાન ચિત્રકાર આ બ્રહ્માંડમાં બીજું કોઇ નથી એની પ્રતીતિ થઇ. અહીંના ૨૦૦૦ વર્ષ પુરાણા સ્થાપત્યો અને ઇમારતોના ભગ્નાવશેષો જોતાં પ્રાચીન રોમન સંસ્કૃતિની ઝાંખી થઇ.

ગેલેરી ઓફ ધ એમ્પરર્સમાં જગ વિખ્યાત કલાકારો લિયોનાર્દ–વિન્ચી, માઇકલેન્જેલો, રાફેલ આદિની અદ્વિતીય કલાકૃતિઓ જોઇને રોમન કેથોલિક સંપ્રદાયના પોપ જોન પોલ બીજાની રાજધાની વેટીકન સીટીમાં અમે આવ્યા. અહીંનું ભવ્ય ચર્ચ જોયું. પુષ્પોની નગરી ફ્લોરેન્સ એ માઇકલેન્જેલો, લિયોનાર્દો–દ–વીન્ચી અને રાફેલનું જન્મસ્થાન. એ જોઇને અમે દુનિયાની સાત અજાયબીઓમાંનો એક પીસાનો ઢળતો મીનારો જોવા ગયા. ત્યાંથી અમે યુરોપના કાશ્મીર–સ્વીટઝરલેન્ડમાં પ્રવેશ્યા. સ્વીટઝરલેન્ડ એટલે નૈસર્ગિક સૌંદર્યની જ દુનિયા જાણે ! વિખ્યાત કવિ બાયરનનું જન્મસ્થાન જિનીવા દુનિયાભરમાં સૌથી વધુ ઘડિયાળોનું ઉત્પાદન કરતું ઔદ્યોગિક શહેર છે. અહીં ૪૦૦ ફૂટ ઊંચે આકાશમાં ઊડતો ફુવારો જોઇને અમે મંત્રમુગ્ધ થયાં.

આલ્પ્સ પર્વતમાળાનું ૧૩૫૦૦ ફૂટ ઊંચા શિખર જુંગફ્રો પર રેલ્વે દ્વારા અમે પહોંચ્યા. ચોગમ બરફીલું વાતાવરણ. જુંગફ્રોનો અર્થ 'સુંદર યુવતી'ને સાર્થક કરતાં નયનરમ્ય દૃશ્યો અમને હંમેશા યાદ રહેશે.

અમારા પ્રવાસનો છેલ્લો દેશ તે ફ્રાંસ. સેન નદીને કાંઠે વસેલાં આ સુંદર શહેરની બાંધણી અને તેનું આયોજન સરસ છે. જગતભરના સહેલાણીઓના માનીતા આ શહેરનો 'એફીલ ટાવર' ૧૦૦૦ ફૂટ ઊંચો અને વજનમાં ૬૦૦૦ ટનનો છે. જગતના શ્રેષ્ઠતમ કલાસંગ્રહસ્થાનમાં 'લુવર' મ્યુઝિયમની ગણતરી થાય છે. અહીં વિશ્વ વિખ્યાત મોના લીસાની કૃતિ નિહાળી. બુલેટ પ્રુફ કાચના કબાટમાં એ રક્ષિત છે. પેરીસમાં આવનાર કોઇ પણ પ્રવાસી લીડો , સ્ટેજ શો જોયા વિના ભાગ્યે જ રહે. એના રોમાંચક અને અદ્‌ભુત કાર્યક્રમો જોઇને અમે દિંગમૂઢ થયા ! પેરીસથી અમે Calais બંદર આવ્યા. ત્યાંથી ફેરી બોટમ ઇંગ્લીશ ચેનલ પાર કરી ડોવર બંદરથી અમે હીથ્રો હવાઈ મથક આવ્યા. ત્યાંથી સ્વદેશ પાછા ફરતાં અમારો પ્રવાસ પૂરો થયો.

પ્રારંભમાં અભ્યાસ વર્તુળના સંયોજક શ્રી સુબોધભાઇએ સૌને આવકાર આપ્યો હતો. સંઘના પ્રમુખ ડો. રમણભાઇએ ચંદનહારથી વ્યાખ્યાતા શ્રી ગણપતભાઇનું અભિવાદન કર્યું હતું, અને અંતમાં એમણે પ્રમુખસ્થાનેથી સમાપન કરતાં શ્રી ગણપતભાઇનો સરસ વક્તવ્ય માટે આભાર માન્યો હતો.

## સ્વ. ચીમનભાઇના લેખોનું નવું પુસ્તક 'સમયચિંતન' પ્રેસમાં

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના 'પ્રબુદ્ધ જીવન'માં ઇ. સ. ૧૯૭૧ થી માર્ચ, ૧૯૭૭ સુધીમાં પ્રગટ થયેલાં લેખોમાંથી તારવીને 'અવગાહન' નું પ્રકાશન સંઘ તરફથી કરવામાં આવ્યું હતું. ત્યાર પછીના સાડા પાંચ વર્ષના ગાળા દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા લેખો પૈકી સનાતન મૂલ્યોવાળાં લેખો તારવીને એનું પ્રકાશન કરવાનો સંઘની કારોબારીએ નિર્ણય કર્યો હતો. તદનુસાર આ પુસ્તકના છાપકામ માટે લેખો આદિ સામગ્રી પ્રેસને મોકલી આપવામાં આવી છે, અને સંભવતઃ એનું ઓક્ટોબર નવેમ્બર માસમાં પ્રકાશન થશે. આ પુસ્તકનું સંપાદન ડો. રમણલાલ ચી. શાહ, શ્રી પન્નાલાલ ૨. શાહ અને શ્રી ગુલાબ દેઢિયાએ કર્યું છે.

આ પુસ્તકના પ્રકાશનનો ખર્ચ મે. વિજય ટ્રાન્સપોર્ટ કું. વાળા શ્રી જગશીભાઇના માતુશ્રી પાંચીબાઈ ખીમજી પત્રીવાળા (કચ્છ) અને એમના પરિવારે આપવાનું સહર્ષ સ્વીકાર્યું છે.

( પાના ૮૪ થી ચાલુ )

ચકુભાઈ શાહનું નામ જોડવામાં આવ્યું છે. ૧૯૭૭થી એમના દેહવિલય સુધીના સમયમાં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલાં એમના લેખોમાંથી તારવીને સનાતન મૂલ્યોવાળા લેખોનું એક પુસ્તક 'સમય-ચિંતન'નું છાપકામ ચાલુ છે. સંઘ તરફથી ઓકટોબર-નવેમ્બર માસમાં એનું પ્રકાશન કરવાની ધારણા છે. તદુપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી સ્થપાનારી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ સાથે એમનું નામ યોગ્ય રીતે જોડાય એ શરતે, સંઘે રૂા. ૧,૧૧,૧૧૧ આપવાનો નિર્ણય કર્યો છે. અમને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતી સાહિત્ય પરિષદે આપણી આ દરખાસ્ત સ્વીકારી છે.

આવી બધી પ્રવૃત્તિઓ માટે આપના તરફથી ઉમળકાભર્યા પ્રતિસાદ સાથે માતબર રકમનું અર્થ-સિંચન થશે એવો અમને વિશ્વાસ છે. આપે હજુ સ્મારક નિધિમાં રકમ ન લખાવી હોય તો લખાવી દેવા વિનંતી. સંઘને અપાતું દાન આવકવેરા ધારાની કલમ ૮૦ (G) હેઠળ કર મુકત છે.

આપના મમતાભર્યા, પ્રેમાળ સહકારની અપેક્ષા સહ,

લિ. ભવદીય,

**રમણલાલ ચી. શાહ**, પ્રમુખ — **ચીમનલાલ જે. શાહ**

**રસિકલાલ મોહનલાલ ઝવેરી**, ઉપપ્રમુખ — **કે. પી. શાહ**, મંત્રીઓ

**પ્રવીણચંદ્ર કે શાહ**, કોષાધ્યક્ષ — **પન્નાલાલ ૨ શાહ**, સહાયક મંત્રી

## સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની કાયમી સ્મૃતિમાં સંઘ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને રૂા. ૧,૧૧,૧૧૧ નું દાન

ગુજરાતી સાહિત્ય પરિષદના શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિરમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ માટે સંઘ તરફથી રૂા. ૧,૧૧,૧૧૧ ગુજરાતી સાહિત્ય પરિષદને આપવાનો સંઘની કારોબારી સમિતિએ નિર્ણય કર્યો છે. શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ સાથે સ્વ. ચીમનભાઇનું નામ યોગ્ય રીતે જોડવામાં આવશે. આ સ્વાધ્યાયપીઠમાં પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યનું સંશોધન-પરિશીલન, એનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ અને એનું પ્રકાશન વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ગુજરાતી સાહિત્ય પરિષદે સંઘની આ દરખાસ્તનો સ્વીકાર કર્યો છે.

### અભ્યાસ વર્તુળ

વ્યાખ્યાતા : **શ્રીમતી ગીતાબેન શાહ**

વિષય : **દામ્પત્ય જીવનની ગઇ કાલ, આજ અને આવતી કાલ.**

સમય : **બુધવાર, તા. ૨૪-૮-૮૩**
સાંજના ૬-૧૫

સ્થળ : **પરમાનંદ કાપડિયા સભાગૃહ**

**સુબોધભાઇ એમ. શાહ**, સંયોજક — **ચીમનલાલ જે. શાહ**, કે. પી. શાહ, મંત્રીઓ,

### એકયુપ્રેશરના વર્ગો

**'પ્રેમળ જ્યોતિ' ના ઉપક્રમે એકયુપ્રેશરના વર્ગો તા. ૨૨-૮-૮૩ સોમવારથી શરૂ થશે માટે પ્રવેશ મેળવવા ઇચ્છનારાઓએ પ્રવેશ પત્રો સંઘના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.**

## સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ

૩,૩૯,૦૩૭ તા. ૧૧-૫-૮૩ના અંકની યાદી મુજબ
૨૫૦૦૦ એક મિત્રવર્તુળ તરફથી
૩૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૨૫૦૧ શ્રી તુલસીદાસ વિશ્રામ
૨૫૦૦ શ્રીમતી કુસુમબેન મોતીચંદ શાહ
૨૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૧૦૦૦ મે. દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ
૧૦૦૦ શ્રી વિઠ્ઠલભાઇ સી. પટેલ બરોડા
૧૦૦૦ મે. લાઠીયા ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦ મે. રમેશ પ્રેમચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૧ શ્રી ભુપતભાઇ સાંગાણી, રાજકોટ
૨૫૧ મે. આર. ચીમનલાલની કું.
૨૫૧ શ્રી મુગટલાલ જી. દોશી
૨૫૦ શ્રીમતી ગંગાબેન ઝવેરી
૨૦૨ શ્રી મદનલાલ ઠાકોરદાસ શાહ અને શ્રી રતિકાન્તા મદનલાલ શાહ
૧૫૧ શ્રી ધીરજલાલ છોટાલાલ દોશી
૧૨૫ શ્રી છબીલદાસ પ્રાણજીવનદાસ શાહ
૧૨૫ શ્રી કુંવરજી રતનશી શાહ
૧૦૧ શ્રી પ્રેમકુમાર એલ. કોઠારી, મદ્રાસ
૧૦૧ શ્રી પ્રમોદરાય લલ્લુભાઇ શાહ
૧૦૦ શ્રી ઉમાશંકર જોશી
૧૦ શ્રી હસમુખ શાન્તિલાલ શાહ

૩,૮૦,૧૯૬

## સૌરાષ્ટ્ર રેલ રાહત નિધિ

૩૬૦૦૮-૦૦ અગાઉ પ્રગટ થયેલી યાદી મુજબ
૧૦૦૦-૦૦ શ્રી સેવંતીલાલ મફતલાલ શાહ
૮૦૦-૦૦ શ્રીમતી લક્ષ્મીબેન કાનજી ખીમજી ગુડકા
૫૦૧-૦૦ શ્રી સી. એન. સંઘવી
૫૦૧-૦૦ શ્રીમતી જીવકુંવર અમીચંદ દોશી
૫૦૧-૦૦ શ્રી ઓમ જેમ્સ
૨૫૧-૦૦ શ્રી રમેશ વી. શેઠ
૨૫૦-૦૦ શ્રી નેમચંદ નાથાલાલ શાહ
૨૫૦-૦૦ શ્રી બકુલ નેમચંદ શાહ
૧૦૧-૦૦ એક સદ્‌ગૃહસ્થ
૧૦૧-૦૦ શ્રી રાજેશ એફ. ઝવેરી
૧૦૧-૦૦ શ્રી જગદીશ એન. ઝવેરી
૨૫-૦૦ શ્રીમતી ચંપાબેન જે. શાહ
૨૫-૦૦ શ્રી પુરુષોત્તમ બાલુભાઇ પરમાર
૧,૫૦૦-૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧-૦૦ શ્રી અમીચંદ જાદવજી દોશી
૫૦૧-૦૦ મે. ભુજપુરિયા ઇન્સ્યુરન્સ કોર્પોરેશન
૫૦૧-૦૦ શ્રી વીરજી નરશી સાલિયા માનવ કલ્યાણ પબ્લીક ચેરિટી ટ્રસ્ટ ફંડ, લાલબાગ
૫૦૦-૦૦ શ્રીમતી શકુંતલાબેન અરવિંદભાઇ દલાલ
૫૦૦-૦૦ શ્રી રમેશચંદ્ર ગણાત્રા
૨૫૧-૦૦ શ્રી ચીમનલાલ પી. શાહ
૨૫૧-૦૦ શ્રી દેવચંદ રવજી ગાલા
૧૦૧-૦૦ શ્રી હિંમતલાલ સૌભાગ્યચંદ શાહ
૫૧-૦૦ શ્રીમતી ચંદ્રાબેન

૪૮૦૭૧-૦૦

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી **શનિવાર, તા. ૩-૯-૮૩** થી **રવિવાર, તા. ૧૧-૯-૮૩** એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી પર આવેલા 'બિરલા ક્રીડા કેન્દ્ર'ના સભાગૃહમાં યોજવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાન-સભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૨૦ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. **રવિવાર તા. ૪-૯-૮૩ ને** દિવસે સવારના ૧૦-૩૦ થી ૧૧-૧૫ સુધી ભક્તિ સંગીતનો કાર્યક્રમ રહેશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| દિવસ | | | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|---|
| તા. ૩-૯-૮૩ | શનિવાર | ૧ | શ્રી શશિકાન્ત મહેતા | સિદ્ધચક્રનું માહાત્મ્ય |
| | | ૨ | પૂ. આચાર્ય શ્રી સંભવસાગરજી | દશ લક્ષણ ધર્મ |
| તા. ૪-૯-૮૩ | રવિવાર | ૧ | પૂ. મુનિ શ્રી વાત્સલ્યદીપ | આત્માથી આત્મા |
| | | ૨ | શ્રી પુરુષોત્તમ માવલંકર | ઉત્તમતા માટેની ખોજ |
| | | ૩ | શ્રી પિનાકીન શાહ તથા કુ. બી. કમલેશકુમારી | ભક્તિ સંગીત |
| તા. ૫-૯-૮૩ | સોમવાર | ૧ | ડૉ. શાન્તા ભાનાવત | चरित्र निर्माण में नारीकी भूमिका |
| | | ૨ | ડૉ. કુમારપાળ દેસાઇ | સ્વયં-જાગૃતિ |
| તા. ૬-૯-૮૩ | મંગળવાર | ૧ | ડૉ. રઘુવીર ચૌધરી | સંત-સાહિત્ય |
| | | ૨ | ડૉ. નરેન્દ્ર ભાનાવત | जिस मरन से जग डरे, मेरे मन आनंद |
| તા. ૭-૯-૮૩ | બુધવાર | ૧ | ડૉ. શેખરચંદ્ર જૈન | मन बांधो, तन साधो |
| | | ૨ | શ્રીમતી મૃણાલિની દેસાઇ | જ્ઞાનદેવની જ્ઞાનોત્તર ભક્તિ |
| તા. ૮-૯-૮૩ | ગુરુવાર | ૧ | પૂ. ભટ્ટારક શ્રી ચારુકીર્તિજી | દક્ષિણ ભારત મેં જૈન ધર્મ |
| | | ૨ | શ્રી અનવર આગેવાન | પ્રેમ-દેહથી દેહાતીત |
| તા. ૯-૯-૮૩ | શુક્રવાર | ૧ | શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ | વ્રજકાવ્યોમાં પ્રેમભક્તિ |
| | | ૨ | શ્રી કિરણભાઈ | ધ્યાન-વિચાર |
| તા. ૧૦-૯-૮૩ | શનિવાર | ૧ | શ્રી મોરારજી દેસાઇ | શ્રદ્ધાનું બળ |
| | | ૨ | ડૉ. રમણલાલ ચી. શાહ | તાઓ અને જૈન ધર્મ |
| તા. ૧૧-૯-૮૩ | રવિવાર | ૧ | ડૉ. ગુણવંત શાહ | શિક્ષણમાં લીલો દુકાળ |
| | | ૨ | પૂ. મોરારીબાપુ | પ્રેમમૂર્તિ ભરત |

વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

## ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક નિધિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાન-માળાને ૪૮ વર્ષ પૂરાં થયાં. આ વર્ષ ૪૯મું વર્ષ છે. વ્યાખ્યાન-માળાની શરૂઆતથી સતત ૪૮ વર્ષ સુધી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે પધાર્યા હતા. આ વર્ષે તેઓ સ્થૂળ દેહે વ્યાખ્યાનમાળામાં નહીં હોય. પરંતુ સૂક્ષ્મ દેહે આપણે એમની ઉપસ્થિતિની અનુભૂતિ અવશ્ય કરશું.

પર્યુષણ વ્યાખ્યાનમાળાના તેઓ શ્રેષ્ઠ વ્યાખ્યાતાઓ ચૌદ્રા એક હતા. સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે એમણે આપેલ સેવા, માર્ગદર્શન અને નેતૃત્વ માટે એમની સ્મૃતિ કાયમ જળવાય એવાં કાર્યો હાથ ધરવા એ આપણી ફરજ છે. એ માટે સંઘ તરફથી સ્મારક નિધિ સંચય કરવાનો નિર્ણય લેવાયો હતો. અમને જણાવતા આનંદ થાય છે કે આ સ્મારક નિધિમાં અત્યાર સુધીમાં અમને રૂા. ૩,૮૦,૧૯૬-૦૦ મળ્યા છે. (વિગતો અન્યત્ર આપી છે.) વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા હજુ વિશેષ નિધિની આવશ્યકતા રહે છે.

સંઘના ઉપક્રમે છેલ્લાં ૧૫ વર્ષોથી યોજાતી વસંત વ્યાખ્યાનમાળા સાથે હવે આ વર્ષથી સ્વ. ચીમનલાલ

(વધુ માટે જુઓ પાનું ૮૩ મું)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, તા. ૧-૯-૮૩ મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પર્વ પર્યૂષણા

© રમણલાલ ચી. શાહ

એક ઋતુચક્ર પૂરું થતાં વર્ષ પૂરું થાય છે. વર્ષ નવું પણ ઘટમાળ જૂની એવો જીવનક્રમ ઘણાંનો હોય છે. પ્રત્યેક નવા વર્ષે નવી પ્રેરણા, નવું ચેતન અને નવો ઉત્સાહ દાખવનારા, ઉત્તરોત્તર અધિક સિદ્ધિ પ્રાપ્ત કરનારા મનુષ્યો પણ ઓછા નથી હોતા. ઘટનાક્રમ જૂનો હોય પણ તેમાંથી પસાર થવામાં અભિનવતા અનુભવાતી હોય, પર્વ એનું એ હોય પણ એની આરાધનામાં વધુ તાઝગી, વધુ ઉત્સાહ અને વધુ શક્તિ અનુભવાતી હોય એ પણ એક સદ્‌ભાગ્ય છે. કોઈક આધુનિક બુદ્ધિવાદીને પ્રશ્ન થાય કે એની એ વાતમાં ફરીથી કેમ રસ પડે ? પણ શાસ્ત્રકારોએ કહ્યું છે કે જેમ જેમ ભોજનમાં, ઔષધમાં, અધ્યયનમાં પુનરુક્તિ એ દોષ નથી પણ ગુણ છે, તેમ પર્વની આરાધનામાં પણ પુનરુક્તિ એ દોષ નથી, બલ્કે ઇષ્ટ અનિવાર્યતા છે.

'પર્વન્' શબ્દના વિવિધ અર્થ થાય છે. એમાં મુખ્ય અર્થ છે 'પવિત્ર દિવસ' અથવા 'તહેવાર'. (બીજા અર્થો છે : પર્વ એટલે ગ્રંથનો ભાગ; પર્વ એટલે શેરડીનો બે ગાંઠા વચ્ચેનો ભાગ) સ્વ. પૂ. સાગરાનંદસૂરિજીએ તો 'પર્વ' અને 'તહેવાર' વચ્ચે પણ ભેદ દર્શાવતાં કહ્યું છે કે કોઈ એક ઘટના કે વસ્તુનું મહત્ત્વ દર્શાવવા કોઈ એક દિવસ સાથે એને જોડી દેવાય તે તહેવાર અને દર મહિને, ચાર મહિને કે વર્ષે નિયમિતપણે જે સામુદાયિક આરાધના સાથે ઊજવાય તે પર્વ. મહાવીર જયંતી કે ગાંધી જયંતી એ તહેવાર છે અને જ્ઞાનપંચમી કે પર્યૂષણા એ પર્વ છે. અલબત્ત, વ્યવહારમાં તહેવાર અને પર્વ એ બંને શબ્દો એકબીજાના પર્યાય તરીકે વપરાય છે.

'પર્યૂષણા' (પરિ+ઉષન્) શબ્દનો અર્થ થાય છે સારી રીતે સ્થિર થવું. વર્ષાવાસ દરમિયાન સ્થૂલ રીતે સ્થિર થવા ઉપરાંત આત્મામાં સ્થિર થવા ઉપર વિશેષ ભાર આ આધ્યાત્મિક પર્વમાં મૂકવામાં આવ્યો છે. જીવદયા, દાન, બ્રહ્મચર્ય, અઠ્ઠમ વગેરે પ્રકારની તપશ્ચર્યા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વ્રત, જિન-પૂજા, ગુરુવંદના, સાધર્મિક વાત્સલ્ય, શ્રુતશ્રવણાદિ જ્ઞાનારાધના, ચૈત્યપરિપાટી ઇત્યાદિ વિવિધ પ્રકારે આ પર્વની આરાધના કરવાની હોય છે. એટલે જ કહેવાય છે કે 'પુણ્યનાં પોષણાં, પર્વ પર્યૂષણા.' ('પર્યૂષણા' શબ્દ ઉપરથી પર્યૂષણ, પજુસણ, પજ્જોસણ વગેરે શબ્દો આવ્યા છે.)

શ્રાવણ મહિનો એટલે પર્વોનો મહિનો. વર્ષા ઋતુમાં જ્યારે ઘણો ખરો વરસાદ પડી ચૂક્યો હોય, ખેતીમાં કામે લાગેલા માણસો જ્યારે લગભગ નિવૃત્ત થઈ ગયેલા હોય, સફર માટે સાગરનું વાતાવરણ સાનુકૂળ બની ગયું હોય, નદી કે નાળાનાં પૂર ઓસરી ગયાં હોય, વાતાવરણમાં હજુ ઠંડક હોય, આકાશમાં આમતેમ છૂટાછવાયાં વાદળાં ટહેલતાં કે ઘડીક વરસતાં હોય એવાં વાતાવરણમાં શ્રાવણ-ભાદરવામાં મનુષ્ય અનેરો ઉલ્લાસ અનુભવે છે.

ચોમાસાના ચાર મહિનામાં આ એવો ઉત્તમ કાળ છે કે જ્યારે માણસ સમય ફાજલ પાડીને ઉત્સવમાં ભાગ લઈ શકે છે; આરાધનામાં જોડાઈ શકે છે. ઉત્સવ એ મનુષ્ય-જીવનનું મોટામાં મોટું પ્રેરક બળ છે. ઉત્સવ એટલે માણસ ઘર છોડી બહાર નીકળી સમુદાયમાં ભળે, અનેક લોકો સાથે પ્રેમ, આદર, સહકાર, સત્કાર વગેરેની લાગણી અનુભવે. ઉત્સવ એટલે મનુષ્યની સામુદાયિક ચેતનાનો વિસ્તાર અને વિકાસ. ઉત્સવ ન હોય તો મનુષ્ય જીવન ક્રમે ક્રમે જડ અને પાંગળું બની જાય. કટાઈ જતા જીવનને ઉત્સવ નવો ઓપ આપે છે.

ભારતીય પરંપરામાં ભોગ અને ત્યાગ બંનેનું મહત્ત્વ સ્વીકારાયું છે. પરંતુ ત્યાગ દ્વારા ભોગ (तेन त्यक्तेन भूंजीथा) ની ભાવનાનું પ્રાધાન્ય ભારતીય પરંપરામાં જેવું છે તેવું બીજે બહુ ઓછું જોવા મળશે. ખાવાના આનંદ કરતાં સહેતુક ભૂખ્યા રહેવાનો આનંદ ઘણો ચઢિયાતો છે, એની પ્રતીતિ તો જેઓ એવું આચરે છે તેને વિશેષ હોય છે.

આપણાં પર્વોમાં ખાદ્યપદાર્થો અને વસ્ત્રાલંકાર દ્વારા દેહને રીઝવવાના જેમ કેટલાંક લૌકિક પર્વો છે, તેમ ત્યાગ અને સંયમ દ્વારા આત્માની અનુભૂતિના આનંદને માણવા માટેનાં લોકોત્તર પર્વો પણ છે. પર્યૂષણા પર્વનો મહિમા લોકોત્તર પર્વ તરીકેનો છે.

આત્માની એ ખાસિયત છે કે જો તે જાગ્રત ન રહે તો ઘડીકમાં મલિન બની જાય. આત્મશુદ્ધિ એ સતત કરવાનું કાર્ય છે. પર્યૂષણા પર્વ એ માટેના પુરુષાર્થને પ્રેરે છે. પર્વનું જો આયોજન ન હોય તો ગમે તે માણસ ગમે તેટલું સારું કાર્ય કરે તો પણ એનો સામાજિક પ્રભાવ બહુ પડતો નથી. અનેક માણસો એક સાથે આવા કાર્યમાં જોડાય છે ત્યારે તેઓ પરસ્પર એકબીજાને માટે પ્રેરક બને છે અને એનો સામાજિક પ્રભાવ ઘણો મોટો પડે છે. પર્યૂષણા

પર્વ દરમિયાન જૈનોમાં ઉપવાસ વગેરેના પ્રકારની જે નાની-મોટી તપસ્યા કરવામાં આવે છે. એનો જો સરવાળો કરવામાં આવે તો આત્મશુદ્ધિના કાર્યમાં એનું કેટલું મોટું યોગદાન છે એ સમજી શકાશે. માત્ર જડતાથી કે દેખાદેખીથી તપશ્ચર્યા કરનારા કેટલાક જરૂર હશે (અને ભલે હોય) અને એવી તપશ્ચર્યાની ખોટી ટીકા કે નિંદા કરનારા પણ કેટલાક હશે (असमर्थों गृहारंभे समर्थो गृहभंजने) તો પણ સમગ્રપણે જોતાં માનવજાતિની આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં પ્રતિવર્ષ આ પર્વ દ્વારા ઘણું મોટું કાર્ય થાય છે એમ સ્વીકારવું જ પડશે.

ધર્મની આરાધના દાન, શીલ, તપ અને ભાવ-એ ચાર પ્રકારે કરવાની કહી છે. દરેક પોતાની શક્તિ અને રુચિ અનુસાર એક યા બીજા પ્રકારે તેમાં પ્રવૃત્ત થઈ શકે છે. પર્યુષણા પર્વનું હાર્દ તે સાંવત્સરિક ક્ષમાપના છે. પોતાના બીજા પ્રત્યે થયેલા દ્વેષો માટે ક્ષમા માગવી અને બીજાને એની ભૂલ માટે ક્ષમા આપવી, એ સરળ વાત નથી. ક્યારેક તેમાં પારંપરિક ઉપચાર રહેલો હોય છે તો પણ એકંદરે પરસ્પર ક્ષમાપના દ્વારા જીવન વધુ સુસંવાદી અને સ્નેહમય બને છે. શાસ્ત્રકારો તો કહે છે કે જીવને એના અંતિમ લક્ષ્ય સુધી-મુક્તિ સુધી-પહોંચવામાં આ ક્ષમાપનાનું તત્ત્વ જ વધુ સહાયરૂપ થાય છે.

પર્વની ઊજવણી દરમિયાન વખતોવખત એક યા બીજી વાતનો અતિરેક થઈ જતો હોય છે. પર્વોની ઊજવણી પણ સમતોલ રહ્યા કરે, અતિરેક થાય તો તે શુભ તત્ત્વનો ધ્વંસ અતિરેક જ હોય એ પ્રત્યે સમાજના વિવિધ વર્ગના-ગૃહસ્થથી સંત-મહાત્મા સુધીના-સૂત્રધારોએ લક્ષ્ય આપવું જોઈએ. જ્યારે અનિષ્ટ અતિરેક થતો હોય ત્યારે એવી દોરવણીની ઘણી અપેક્ષા રહે છે. પર્વ આનંદોત્સવને બદલે ક્યારેક સમાજના વિભિન્ન સાંપ્રદાયિક વર્ગો વચ્ચે કલેશ-કંકાસ કે ઈર્ષ્યા-નિંદાનું નિમિત્ત બને છે. ક્ષમાપનાના દિવસે જ અક્ષમાનો ભાવ વધુ આવી જાય છે. એના જેવું બીજું દુર્ભાગ્ય કયું હોઈ શકે?

પર્વદિન વેપારીઓ કે નોકરિયાત માણસો માટે જો નિવૃત્તિદિન હોય, વિદ્યાર્થીઓને માટે અનધ્યયનનો દિવસ હોય તો પર્વની ઊજવણીમાં બધાં સારી રીતે ભાગ લઈ શકે. તહેવારો માત્ર ધાર્મિક જ હોય એવું નથી, સામાજિક કે રાષ્ટ્રીય પણ અવશ્ય હોવા જોઈએ. પરંતુ આપણી સરકારો સૈકાઓથી ઊજવાતા આવેલા એવા કેટલાક ધાર્મિક-સાંસ્કૃતિક તહેવારોની રજા રદ કરીને કેટલાક રાજકીય તહેવારોનો ઉમેરો કરે છે તે યોગ્ય નથી. સમય પલટાતાં રાજકીય તહેવારો તરત વાસી બની જશે. માત્ર સરકારી દફ્તરો અને કેલેન્ડરો પૂરતી જ એની નોંધ લેવાશે. પ્રજાજીવનમાં નવી ચેતના જગાડવામાં એમનો હિસ્સો ખાસ નહિ હોય. સૈકાઓથી ઊજવાતા આવેલા મોટા ધાર્મિક તહેવારોની રજા રદ કરવાથી એકંદરે તો આપણી ભારતીય ભાવનાઓને હાનિ પહોંચે છે. રજાના સમયનો કેટલાક લોકો દુર્વ્યય કરે છે, એ ફરિયાદ ખોટી નથી, તો પણ કામના કલાકોનું આયોજન એવી રીતે થવું જોઈએ કે જેથી મોટા ધાર્મિક પર્વોની રજા રદ કરવાની જરૂર ન પડે.

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે વિભિન્ન વિદેશી આક્રમણો અને વિષમ પરિસ્થિતિઓ દરમિયાન ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખનાર પરિબળોમાં આપણા ધાર્મિક પર્વોનું યોગદાન ઓછું નથી.

## પત્રકારત્વ વિષે પરિસંવાદ

સંઘના ઉપક્રમે અને પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના આર્થિક સહયોગથી શુક્રવાર, શનિવાર અને રવિવાર, તા. ૩૦ મી સપ્ટેમ્બર, તા. ૧ અને ૨, ઓક્ટોબર, ૧૯૮૩ના રોજ પત્રકારત્વ વિષે એક પરિસંવાદ યોજવામાં આવ્યો છે.

પરિસંવાદનું પ્રમુખસ્થાન સંઘના પ્રમુખ ડૉ. **રમણલાલ ચી. શાહ** લેશે.

કાર્યક્રમની ટૂંકી રૂપરેખા આ પ્રમાણે છે:

શુક્રવાર, તા. ૩૦-૯-૧૯૮૩ સાંજના ૬-૧૫

**પરિસંવાદનું ઉદ્‌ઘાટન.**
ઉદ્‌ઘાટક: ઇન્ડિયન એક્સપ્રેસના તંત્રી
**શ્રી હિરણ્ય કારલેકર**
**વ્યાખ્યાતાઓ:**
**શ્રી એમ. વી. કામઠ,**
**શ્રી ડી. વી. ગોખલે,**
**ડૉ. નેમીચંદજી જૈન**
**શ્રી જેહાન દારૂવાલા,**
**શ્રી હરીન્દ્ર દવે, શ્રી જયંતી શુકલ,** વગેરે.
**સ્થળ**
કાનજી ખેતશી સભાગૃહ,
ભારતીય વિદ્યા ભવન,
ચોપાટી, મુંબઈ ૪૦૦૦૦૭

શનિવાર, તા. ૧-૧૦-૧૯૮૩ સવારના ૯-૦

**પ્રથમ બેઠક**
વિષય: **પત્રકારત્વ, સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યો**
પ્રમુખ: **શ્રી વાસુદેવ મહેતા**

શનિવાર, તા. ૧-૧૦-૧૯૮૩ બપોરના ૩-૦

**દ્વિતીય બેઠક**
વિષય: **પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ: આઝાદી પહેલાનું અને પછીનું**
પ્રમુખ: **શ્રી ભગવતીકુમાર શર્મા**

રવિવાર, તા. ૨-૧૦-૧૯૮૩ સવારના ૯-૦૦

**તૃતીય બેઠક અને પૂર્ણાહુતિ**
વિષય: **શું પત્રકાર સ્વતંત્ર છે?**
પ્રમુખ: **શ્રી હરીન્દ્ર દવે**

ઉદ્‌ઘાટન સિવાયની **ત્રણેય બેઠકોનું સ્થળ:** ગીતા હૉલ, ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ ૪૦૦ ૦૦૭.

વ્યાખ્યાતાઓમાં **શ્રી યશવંત દોશી, શ્રી નગીનદાસ સંઘવી, શ્રી જયંત પંડ્યા, ડૉ. ધૈર્યબાળાબેન વોરા, શ્રી કુંદન વ્યાસ, શ્રી હરસુખભાઈ સાંગાણી, શ્રી કીરિટ ભટ્ટ, ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી પ્રકાશ શાહ, શ્રીમતી સોનલ શુકલ, શ્રી હસમુખભાઈ ગાંધી, શ્રી વિજય સંઘવી** વગેરેનો સમાવેશ થાય છે.

ત્રણેય બેઠકોના વ્યાખ્યાતાઓની વિગત, દરેક બેઠકના વિષયના અનુસંધાનમાં આપવામાં આવેલ ચોકકસ સંદર્ભ વગેરે સવિગત કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

આ પરિસંવાદમાં ભાગ લેવા સૌને પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ. ભવદીય,

**ધનવંત ટી. શાહ** — **ચીમનલાલ જે. શાહ**
**પન્નાલાલ ૨. શાહ** — **કે. પી. શાહ**
સંયોજકો — મંત્રીઓ

# 'નર્મદનો જમાનો'

● પ્રા. ચી. ના. પટેલ

માણસને તેના સૌથી સુંદર આદર્શોની પ્રેરણા ધર્મશ્રદ્ધામાંથી મળતી હોય છે, પણ માણસજાતની કમનસીબી છે કે એ જ ધર્મશ્રદ્ધામાંથી અનેક વહેમો, દુરાચારો અને ક્રૂર આચારવિચારો પણ ઉદ્ભવે છે. એટલે દરેક પ્રજાએ પોતાની ધર્મશ્રદ્ધા સ્વચ્છ ને શુધ્ધ રાખવા સતત જાગ્રત રહેવાની જરૂર છે. એમ નથી બનતું ત્યારે વહેમો ને દુરાચારોના થર નીચે તેની ધર્મશ્રદ્ધાનો આત્મા રુંધાઈ જાય છે અને ધર્મને નામે અધર્મનું જોર ફેલાય છે. યુરોપમાં ચૌદમી ને પંદરમી સદીઓ ધર્મશ્રધ્ધાના એવા અંધકારની હતી. તેને પરિણામે સોળમી સદીમાં ધર્મસુધારાનું (Reformationનું) યુરોપવ્યાપી આંદોલન ઊપડ્યું અને કેથલિક સંપ્રદાયના ભાગલા પડી પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયનો ઉદ્ભવ થયો...થોડા સમયમાં એ સંપ્રદાયમાં પણ અનેક ફાંટા પડ્યા. એ બધા મૂળ એક જ ધર્મના જુદા જુદા પંથો વચ્ચે સોળમી અને સત્તરમી એમ બે સદીઓ સુધી ઝનૂની અને લોહિયાળ વિગ્રહ ચાલ્યો. છેવટે સામાન્ય પ્રજા ધર્મઝનૂનની અતિરેકતાથી કંટાળી અને અઢારમી સદીમાં ખ્રિસ્તી ધર્મનો ડહોળાયેલો પ્રવાહ શાંત પડવા લાગ્યો.

બસો વર્ષ સુધી ચાલેલા આ સાંપ્રદાયિક વિગ્રહોનું ઇંગ્લેંડમાં એક લાભદાયી પરિણામ આવ્યું. ત્યાંનો વિચારશીલ વર્ગ ધાર્મિક માન્યતાઓ અને આચારવિચારોને બુદ્ધિની-કસોટીએ તપાસતો થયો. દરેક ધર્મસંપ્રદાય ઇશ્વર, જીવ, સૃષ્ટિ, આલોક, પરલોક, સંસાર, મુક્તિ, આદિ વિશે બીજા સંપ્રદાયો કરતાં કંઈક જુદું માનતો હોય છે, પણ બધા સંપ્રદાયો માણસને ઇશ્વરના કે અંતરાત્માના આદેશને ઉપદેશે છે. એ આદેશ શો છે? એનો કેવી રીતે નિર્ણય થાય? શુદ્ધ ધર્મનિષ્ઠ જીવન કેવું હોય? એ પ્રશ્નોનો નિર્ણય ધર્મગુરુઓ કરે છે અને સામાન્ય પ્રજા એમના ઉપદેશને અનુસરે છે. પણ ધર્મગુરુઓનો નિર્ણય હંમેશાં શુદ્ધ નથી હોતો. તેઓ પણ માણસ છે, અને માણસની બુદ્ધિની બધી મર્યાદાઓ તેમને હોય છે. તેઓ કાં તો શાસ્ત્રના શબ્દને જડતાથી વળગી રહે છે અથવા અહંગ્રહ કે વર્ગહિતને વશ બની તેનો વિકૃત અર્થ કરે છે. એટલે તેમના સિવાયનો પ્રજાનો વિચારશીલ વર્ગ પણ એવા બધા પ્રશ્નો અંગે સ્વતંત્ર વિચાર કરતો રહે તો જ ધર્મગુરુઓના ઉપદેશમાં વિકૃતિઓ આવી જતી હોય તેમાંથી પ્રજાજીવન બચી શકે. અંગ્રેજ પ્રજામાં એવી સ્વતંત્ર દૃષ્ટિ સારા પ્રમાણમાં વિકસી અને તેનાં સાહિત્ય, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન આદિ સર્વ ક્ષેત્રોમાં તેની ઊંડી અસર પડી.

ઓગણીસમી સદીમાં અંગ્રેજી શિક્ષણ સાથે આ નવી સ્વતંત્ર વિચારદૃષ્ટિ ભારતમાં આવી. અંગ્રેજી સાહિત્ય, ઇતિહાસ ને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી આપણા શિક્ષિતો પ્રજાના સામાજિક વ્યવહારો તથા ધાર્મિક માન્યતાઓ ને આચાર-વિચારો વિશે સ્વતંત્ર વિચાર કરતા થયા. એ દૃષ્ટિથી એમણે આપણા જીવનમાં નાનામોટા અનેક દૂષણો જોયાં અને તેમને દૂર કરવા તેઓ પ્રવૃત્ત થયા. પ્રજાના ધર્મસુસ્ત વર્ગે એ સુધારકોનો ઉગ્ર, કયારેક ઝનુની પણ, વિરોધ કર્યો, પરંતુ છેવટે સુધારાનો આગ્રહ જીત્યો અને ગાંધીયુગની શરૂઆત પછી આપણા સામાજિક જીવનની અને ધાર્મિક આચાર-વિચારોની કાયાપલટ થઈ ગઈ.

છેલ્લાં દોઢસો વર્ષના આપણા ઇતિહાસની આ એક મોટી પ્રતિતિ છે. તેને ગુમાવવી ન હોય, જૂનાં અનિષ્ટો બીજા રૂપે પાછાં ન આવે અથવા તેમના સ્થાને બીજાં દુષણો ન ફેલાય એમ આપણે ઇચ્છતા હોઈએ તો પ્રજાના દરેક શિક્ષિત નાગરિકે આપણા એ જીવનપરિવર્તનની વાર્તાથી પરિચિત બનવું જોઈએ અને જે મૂલ્યોએ એ પરિવર્તન પ્રેર્યું તેમને આત્મસાત કરવાં જોઈએ. થોડા મહિના પહેલાં ગુજરાતમાં 'નર્મદનો જમાનો' વિશે જે વિવાદ ચાલ્યો તેનો આ દૃષ્ટિએ વિચાર કરવા જેવો છે. વિશ્વનાથ ભટ્ટના જાણીતા પુસ્તક 'વીર નર્મદ' એ નામના પ્રકરણનો થોડો ભાગ રાજ્યની ઉચ્ચતર માધ્યમિક કક્ષાના અગિયારમા ધોરણના પાઠ્ય-પુસ્તકમાં પસંદગી પામ્યો હતો. કેટલાક વૈષ્ણવ સજ્જનોએ રાજ્યસરકાર પાસે એ પાઠ સામે ફરિયાદ કરી કે તેનાથી વૈષ્ણવ સમાજની લાગણી દુભાય છે. રાજ્યસરકારે એમની ફરિયાદ માન્ય રાખી અભ્યાસક્રમમાંથી એ પાઠ રદ કર્યો. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી રાજ્યના એ નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો.

પાઠ રદ કરવાનો સરકારનો નિર્ણય યોગ્ય હતો કે નહિ એ પ્રશ્ન બાજુએ રાખીએ. લોકશાહીમાં દરેક સરકાર પ્રજાના કોઈ ને કોઈ વર્ગના દબાણને વશ થતી હોય છે. તો પ્રજાના ભવિષ્યની લાંબી દૃષ્ટિએ વધુ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે વૈષ્ણવોએ એ પાઠનો વિરોધ કર્યો તે યોગ્ય હતો? એ પાઠથી વૈષ્ણવોની લાગણી દુભાય એ સમજી શકાય એમ છે, કારણ કે આપણી ભૂતકાળની ભૂલો યાદ કરવી આપણને ગમતા નથી. પણ કોઈ વાર એવી ભૂલોની સ્મૃતિ તાજી રાખવાની જરૂર હોય છે. એમ કરવાથી પ્રજાની સત્યદૃષ્ટિ દૃઢ બને છે, તેનામાં ધર્મઝનૂન ઓગળી નમ્રતા આવે છે અને પરિણામે તેનું નૈતિક બળ વધે છે. જે પ્રજાઓ પોતાની ભૂતકાળની ભૂલો કબુલ કરતી નથી અથવા તેની સ્મૃતિ ભૂલી જવા મથે છે તે મોડીવહેલી જીવનનાં સર્વ ક્ષેત્રોમાં દુરાગ્રહના માર્ગે વળે છે. અંગ્રેજ પ્રજાના વિચારશીલ વર્ગે તેના ભૂત-કાળને સ્વસ્થ, તટસ્થ દૃષ્ટિથી જોવાની શક્તિ સારા પ્રમાણમાં કેળવી તેથી જ ઓગણીસમી સદીમાં તેમના રાજકીય સામ્રા-જ્યની સાથે જગતભરમાં તેમનું નૈતિક સામ્રાજ્ય પણ ફેલાયું. તેના પ્રભાવને વશ બની ભારતના શિક્ષિત વર્ગે લગભગ બે પેઢી સુધી બ્રિટિશ શાસનને–તેનાં બીજા અનિષ્ટો તે જાણતો હોવા છતાં–સ્વીકારી લીધું હતું. ઓગણીસમી સદીના આપણા સમાજસુધારકોએ અંગ્રેજ પ્રજાની એ શક્તિ પોતાનામાં કેળવી, અને ગાંધીજીએ તેને પૂરી આત્મસાત્ કરી. ભારતના ઇતિહાસના બ્રિટિશ યુગનો એ મૂલ્યવાન વારસો છે. જે વૃત્તિથી પ્રેરાઈ વૈષ્ણવ સજ્જનોએ 'નર્મદનો જમાનો' વિરુદ્ધ સરકારને ફરિયાદ કરી તે પ્રજામાં દૃઢ બનશે તો આપણે એ વારસો ગુમાવી બેસીશું અને ભૂતકાળના અંધકારને પાછો આમંત્રીશું. ફરિયાદ કરનારાં સજ્જનો વિચારે કે એમ કરી એમણે હિંદુધર્મની અને હિંદુસમાજની સાચી સેવા કરી છે?

# 'ઉપવાસ અને આરોગ્ય'

© સ્વામી પ્રીતમપ્રસાદદાસ

એકવાર ધૃતરાષ્ટ્રે વિદુરજીને પૂછ્યું : સર્વે વેદોમાં મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું જણાવવામાં આવ્યું છે; છતાં તે પોતાનું પુરું આયુષ્ય કેમ પ્રાપ્ત કરી શકતો નથી?

(આના જવાબમાં વિદુરજી બોલ્યા : 'હે રાજન! તમારું) કલ્યાણ થાઓ. અત્યંત અભિમાન, ક્રોધ, મિત્રદ્રોહ, અધિક બોલવું, ત્યાગનો અભાવ અને પોતાનું જ પેટ ભરવાની ચિંતા (સ્વાર્થ) આ છ તાતી તલવારો દેહધારીઓનું આયુષ્ય કાપી નાખે છે. એ જ મનુષ્યનો વધ કરે છે, મૃત્યુ નહિ.'

આમાંથી છેલ્લી ત્રણ તલવારો ઉપવાસ દ્વારા બુઠ્ઠી થઈ જાય છે. ઉપ+વાસ એટલે ભગવાનની સમીપમાં વાસ કરવો. 'જીવતા તહેવાર'માં કાકાસાહેબ કાલેલકર લખે છે : 'ઉપવાસનો મૂળ અર્થ અનશન નથી, ઉપ-વાસ એટલે પરમાત્મા નજીક રહેવું, એની સન્નિધિ અનુભવવી. જે ઇન્દ્રિયોને તૃપ્ત કરવા બેસે છે, તે ઈશ્વરનું નામ લેવા છતાં ઈશ્વરની સન્નિધિ અનુભવી ન શકે.'

સ્વાદ છૂટે તો એટલી સહાયતા મળે. ગીતા કહે છે કે, નિરાહાર રહેલા મનુષ્યના રસ છૂટી જાય, અને એમ આગળ વધતાં પરમાત્મા સાથે જોડાય એટલે મુક્ત બને. નિરાહારની વ્યાખ્યા બાંધતાં ગોપાળાનંદ મુનિએ કહ્યું છે કે ઇન્દ્રિયોના આહારમાંથી નીકળી જવું તે.

ભૂખ્યા રહેવું અને લંઘન એ બંનેમાં ઘણો તફાવત છે. ભૂખ્યા રહેવાથી શરીરના તંતુઓને પોષણની જરૂર પડવાથી તે ખૂંચવાય છે, જ્યારે લંઘનની ક્રિયા શરીરને સાચવે છે, દોષનું નિવારણ કરે છે, અંગોને સુધારે છે. માત્ર શરીર લેવાતું હોય કે ક્ષય જેવો વ્યાધિ થયો હોય ત્યારે જ લંઘન વર્જ્ય છે. બીજી સ્થિતિમાં લંઘનથી નુકસાન થતું નથી.

ધર્મામૃતમાં ભગવાન સ્વામિનારાયણે નિર્જળા ઉપવાસ ન થઈ શકે તો પાણી પીવાની છૂટ આપી છે. અહીં આપણે નકોરડા ઉપવાસ, માત્ર સાદું પાણી જ પી શકાય એ વિશે જોઈશું. આ ઉપવાસ દ્વારા ભગવાનની પ્રસન્નતા તો અચુક થાય જ છે, પરંતુ આરોગ્યની દૃષ્ટિએ પણ ઘણા ઘણા લાભ થાય છે. આયુર્વેદના ગ્રંથોમાં શરીર સ્વાસ્થ્ય માટે ઉપવાસને શ્રેષ્ઠ ઇલાજ ગણાવ્યો છે.

ડૉ. ડ્યૂઈ કહે છે કે, 'માંદા માણસનું ભોજન બંધ કરો ત્યારે એ ભૂખે મરી જશે એવો ડર ન રાખશો. હા, એનો રોગ ભૂખે મરી જાય એવી શક્યતા વધુ છે. ઉપરાંત આયુષ્ય વધારવા માટે ઉપવાસ ઉપકારી છે. ગાંધીજી કહેતા કે, 'આપણે આપણો આહાર જેટલો જોઈએ તેટલો જ લઈએ તો શરીરમાં મોકળાશ રહ્યા કરે.' એ મોકળાશ માટે ગાંધીજી ઉપવાસ-લંઘન-મિતાહારની ભલામણ વારંવાર કરતા.

જ્યારે ખોરાકમાં અરુચિ થતી હોય, ભૂખ ન ઊઘડતી હોય, જીભનો સ્વાદ મરી ગયો હોય, લોહી ફિક્કું થઈ ગયું હોય કે જઠરાગ્નિ મંદ પડયો હોય એવી પરિસ્થિતિમાં ઉપવાસ મહત્ત્વનો છે. એથી શરીરની વિષમતા દૂર થાય છે.

રશિયામાં અમુક વૈજ્ઞાનિકો દમના રોગમાં, હાઇબ્લડ પ્રેશરમાં, પેટનાં ચાંદા દૂર કરવામાં ઉપવાસના પ્રયોગદ્વારા સફળ થયા છે. શિકાગો યુનિવર્સિટિના ફીઝિયોલોજી વિભાગના ડૉક્ટરો કાર્લસન અને કુંદે એ સાબિત કરી બતાવ્યું કે ચાળીસ વર્ષનો માણસ હોય છતાં બે અઠવાડિયાં ઉપવાસ કરે તો તે સત્તર વર્ષના જુવાન જેવા તાજા કોષો અને તંતુઓ પુનઃ પ્રાપ્ત કરી શકે.

નાની નાની તકલીફો, માથાનો દુઃખાવો, તાવ, ફ્લુ વગેરેમાં ઉપવાસ કરવાથી મોટી માંદગીઓમાંથી બચી શકાય. આશ્ચર્ય છે કે આ વસ્તુ કેન્સરના કોષમાં પરિવર્તન લાવે છે. એને મેટાબોલિઝમ કહે છે. જન્મથી મૃત્યુ સુધી શરીરમાં અનેક પ્રકારનાં વિષ ઉત્પન્ન થયાં જ કરે છે. તેના અટકાવ માટે ઉપવાસ જરૂરી થઇ પડે છે.

ઉપવાસથી શરીરના જડ સંસ્કારોને પોષણ મળતું અટકે છે. આવો માણસ દૃઢ સંકલ્પશક્તિ ધરાવે છે. એક ટંકનું ભોજન ન છોડી શકે એવો માણસ પણ નક્કી કરે કે મારે આવતી એકાદશીએ નકોરડો ઉપવાસ કરવો છે, ત્યારે એના મન પર એની અસર થાય છે જ. આધ્યાત્મિકતા તરફ જવાનું અંતર કપાય છે.

એક દિવસનો ઉપવાસ હોય તો ચા, કોફી, દારૂ, તમાકુ વગેરેનું સેવન ન કરવું જોઇએ. આરોગ્યશાસ્ત્ર તો ઉપવાસના દિવસે દવા લેવાની પણ ના કહે છે. ઉપવાસના આગલા દિવસે તથા બીજા દિવસે આહારમાં સંયમની ખાસ જરૂર છે. જગતમાં આહારના અભાવથી મરી ગયેલા કરતાં વધુપડતું ખાવાથી મરી ગયેલા ઘણાં જોવા મળશે.

મુંઝાઇને પણ ઉપવાસ કરવો એ યોગ્ય નથી. મુંઝાયેલા મને ઉપવાસ કરે તો તેનું પુણ્ય મળતું નથી. પછી શારીરિક હાનિ પહોંચે છે. ઊંડી ખાણમાં કામ કરનારા મજૂરો હવા અને પાણી વડે જ જીવે છે, કારણકે ત્યાં ખોરાક પહોંચાડવો મુશ્કેલ છે. છતાં તેઓ હિંમતથી જીવે છે. કેટલાક મરી જાય છે તેનું કારણ તેમના મનમાં પેસી ગયેલો ભૂખમરાનો ડર હોય છે. નિર્ભયતા હોય તો ચારેક દિવસ ભોજન ન મળે તેમાં સાધારણ નિરોગી વ્યકિતનું મરણ ન થવું જોઇએ. ઉપવાસ એટલે ભૂખે મરવું એમ માનીને આપણે ઉપવાસ પ્રત્યે રુચિ દાખવી શકતા નથી.

ઉપવાસ કરવો કે ભૂખ્યા રહેવું એ તો સ્થૂળ શરીરવાળાનું જ કામ, એ માન્યતા ખોટી છે. ભોજન વગર દેહ કેમ ટકી શકે એ પ્રશ્ન સહેજે ઊઠે. પરંતુ આપણાં શાસ્ત્રોએ શોધી કાઢયું છે કે માનવશરીર પંચમહાભૂતોમાંથી બનેલું છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. આ પાંચ તત્ત્વો આપણને પોષણ આપે છે. એટલે અન્ય ભોજન લેવું જ નહિ એમ નહિ પણ જીવન ટકાવવામાં આહારનો ફાળો નહિવત્ છે.

ડૉક્ટરી વિજ્ઞાન કહે છે કે 'આટોલાયસિસ' એટલે શરીરમાં રહેલી ચરબીનો ઉપવાસથી થતી પ્રક્રિયામાં શરીર તેનો પોષક તત્ત્વ તરીકે ઉપયોગ કરી છે.

મેકિસકો દેશમાં થતી ગીલામોન્સ્ટાર લિઝાર્ડ નામની ગરોળી ભારે ચરબીદાર પૂંછડીવાળી હોય છે. તેને લઇને તે ઘણા દિવસો સુધી ખોરાક વગર રહી શકે છે. એમેઝોન વૃક્ષ પર રહેતા દેડકાઓ પોતાની પૂછડીમાંથી પોષણ મેળવીને અઠવાડિયાંઓ સુધી રહી શકે છે. ભારતમાં થતાં ટેડપોલ દેડકાઓ પણ પોતાની પૂછડીમાંથી પોષણ મેળવતા હોય છે. ઊંટની ખૂંધની ચરબી પણ લાંબો સમય પોષણ આપે છે. ઉત્તર ધ્રુવ પ્રદેશનાં રીંછ તેમ જ દક્ષિણ ધ્રુવનાં પેંગ્વિન પક્ષીઓ પણ શિયાળામાં સમાધિમાં હોય તેમ પડયા રહે છે.

ઉપવાસ ભૌતિક તેમજ આધ્યાત્મિક બંને પ્રકારનું સુખ આપે છે. પાર્વતીએ પોતાની ચિત્તશુદ્ધિ કેવી રીતે સાધી? પ્રથમ થોડાંક ફળ-ફૂલ ખાઇને શિવનું ચિંતન કરતી, પછી સૂકાં પાંદડાં ખાઈને, પછી તો પાંદડાં પણ છોડી દીધાં તેથી 'અપર્ણા' કહેવાઇ. અર્જુને પણ ઉપવાસ દ્વારા શિવનાં દર્શન કરી તેમની પાસેથી પાશુપતાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું હતું. કળિયુગમાં યોગીજી મહારાજ જેવા યુગપુરુષોએ ઉપવાસને કયાં પ્રોત્સાહન નથી આપ્યું?

# શિક્ષણની આજ અને આવતી કાલ

❖ ડૉ. સાગરમલ જૈન ❖ અનુ: ગુલાબ દેઢિયા

વર્તમાન શિક્ષણ આધ્યાત્મિક, નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોની દૃષ્ટિએ શૂન્ય છે. માત્ર માહિતીપ્રદ શિક્ષણ મનુષ્યનો સર્વાંગી વિકાસ કઇ રીતે કરી શકે? વિદ્યાર્થીના મગજમાં માત્ર માહિતી ભરી દેવાથી કંઈ માનવીય ગુણોનો વિકાસ નથી થતો, એટલે આજની શિક્ષિત વ્યકિત પણ પોતાની સ્વાર્થવૃત્તિ અને વાસના પર અંકુશ ન મેળવી શકતાં સાચા અર્થમાં મનુષ્ય નથી બની શકતી.

આજની સૌથી મોટી દુર્ભાગ્યની વાત તો એ છે કે, આપણામાંથી કોઇ પણ શિક્ષક, વિદ્યાર્થી, માબાપ કે શિક્ષણ શાસ્ત્રીઓ શિક્ષણના ઉદ્દેશ્યને સ્પષ્ટ રીતે સમજી નથી શકતા. ભૌતિકવાદી ચિંતનથી એમ જ માની લેવામાં આવે છે કે, શિક્ષણનું કામ આજીવિકા મેળવવા યોગ્ય બનાવવાનું છે. એ વાત સાચી, વ્યકિતને માટે રોજી-રોટી પ્રાથમિક વસ્તુ છે પરંતુ તે અંતિમ વસ્તુ તો નથી જ. આજે માબાપ એમ ઇચ્છે છે કે એમનો દીકરો એ પ્રકારનો અભ્યાસ કરે જેથી તેને વધુ સંપત્તિ અને વધુ સત્તા મળે. આપણે દીકરા-દીકરીને ડૉકટર, એન્જિનીયર કે આઇ. એ. એસ. એટલા માટે નથી બનાવતા કે સમાજને તે વધુ ઉપયોગી થાય, પણ એટલા માટે બનાવીએ છીએ કે તે વિપુલ પ્રમાણમાં સત્તાસંપત્તિ મેળવે. આજે શિક્ષણનો સંબંધ ચારિત્ર્યથી નહિ, આજીવિકાથી જોડવામાં આવ્યો છે. માનવતા અને સંસ્કારના મૂળભૂત ગુણોને વિસારે પાડવામાં આવ્યા છે. નૈતિક કે ચારિત્ર્ય શિક્ષણમાં શાસનને ધર્મની ગંધ આવે છે. ધર્મનિરપેક્ષતાનો અર્થ ધર્મહીનતા તો ન જ થઇ શકે. ધર્મનિરપેક્ષતા એટલે કોઈ એક જ ધર્મને પ્રાધાન્ય ન આપવું પણ નીતિ અને સંસ્કારની મુકિત ન હોય પછી ભલે આપણે લખ્યા કરીએ 'સા વિદ્યા યા વિમુકતયે.'

આજે શિક્ષક અને વિદ્યાર્થી બન્ને અર્થના દાસ બન્યા છે. એક તરફ શિક્ષક પગાર મળે છે માટે ભણાવે છે, એને સંસ્કાર, નીતિ વગેરે વાતોમાં રસ નથી. બીજી તરફ શાસન, માબાપ અને વિદ્યાર્થી તેને ગુરુ નહિ નોકર સમજે છે. જ્યારે ગુરુ નોકર છે તો પછી ચારિત્ર્ય નિર્માણની આશા રાખવી વ્યર્થ છે. આજે તો ગુરુ-શિષ્યમાં ભાવતાલ થાય છે. સોદો થાય છે.

વર્તમાન સમય માટે કવિ ફિરાક ગોરખપુરીએ કહ્યું છે.

સભી કુછ હો રહા હૈ, ઇસ તરકકી કે જમાને મેં,
મગર કયા ગજબ હૈ કિ, આદમી ઇન્સાન નહિ હોતા :

મનુષ્યમાં ત્રણ પ્રકારની ભૂખ હોય છે.

૧. આત્માની ભૂખ, ૨. મનની ભૂખ અને ૩. શરીરની ભૂખ. આ ત્રણેને સંતોષવા ત્રણ પ્રકારનું શિક્ષણ જરૂરી છે. ૧. આત્માની ભૂખને સંતોષવા માટે આધ્યાત્મિક મૂલ્યોવાળું શિક્ષણ ૨. માનસિક કે બૌદ્ધિક ભૂખને સંતોષવા માટે જ્ઞાન સંબંધી શિક્ષણ ૩. શારીરિક ભૂખ સંતોષવા માટે વ્યાવસાયિક શિક્ષણ.

સૌ પ્રથમ તો આધ્યાત્મિક શિક્ષણ એટલે ચારિત્ર્ય નિર્માણની વાત કરીએ તો, બાળકના ઘડતર માટે પહેલાં આપણે ઘડાવું પડશે. આપણામાં સત્ય અને સદાચાર મૂલ્યોને સ્થાન આપીશું ત્યારે જ પરિવર્તન આવશે. આધ્યાત્મિક શિક્ષણના પ્રાથમિક પાઠ બાળક કુટુંબમાંથી શીખી શકે, પછી એ માટે ધર્મગુરુ જ યોગ્ય શિક્ષક ગણાય. આ શિક્ષણમાં શબ્દોથી નહિ જીવનશૈલીથી જ કામ થઇ શકે. આમાં ઉપદેશથી કામ ન ચાલે, જીવન જીવી દેખાડવું પડે. જે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યનું શિક્ષણ આપે તે સ્વયં લૌકિક એષણાઓ અને વાસનાઓથી મુકત હોય અને સમાજની શ્રદ્ધાનું કેન્દ્ર હોય. વધુ નહિ તો થોડા પણ સાચા ધર્મગુરુઓ સમાજના ચારિત્ર્ય નિર્માણમાં ઉત્તમ યોગદાન આપી શકે. બાકી જેઓ રૂઢિવાદિતા, સાંપ્રદાયિક સંકુચિતતા, વ્યકિત પૂજા અને પ્રતિષ્ઠાની ભૂખથી પીડિત છે. તેઓ આ કાર્ય ન કરી શકે. જો આજે પણ ધર્મગુરુઓ ધાર્મિક મતાંધતામાંથી બહાર આવી શકે તો ચારિત્ર્ય નિર્માણ માટે સમાજ તેમની તરફ આશાભરી નજરે જોઈ રહ્યો છે.

જ્યાં સુધી ઔદ્યોગિક અને વ્યાવસાયિક શિક્ષણનો પ્રશ્ન છે ત્યાં એને આધ્યાત્મિક કે જ્ઞાનાત્મક શિક્ષણ સાથે ન સાંકળી શકાય. આજે જ્ઞાન-વિજ્ઞાનના શિક્ષણ સાથે જીવિકોપાર્જનના શિક્ષણને જોડવામાં આવે છે, તે યોગ્ય નથી. વ્યાવસાયિક શિક્ષણની અલગ શાળા મહાશાળાને બદલે ઔદ્યોગિક અને વ્યાવસાયિક ક્ષેત્ર જ એવાં હોય જ્યાં વિદ્યાર્થી ભણતાં ભણતાં કમાય અને તે કુટુંબ કે સમાજ પર બોજ રૂપ ન બની રહે. આજે પણ કપડાં સીવવા, મકાન બાંધવા, ફર્નિચર બનાવવું, લોખંડની વસ્તુઓ બનાવવી, જેવા વ્યવસાયોમાં તાલીમ અને આજીવિકા સાથે જ હોય છે. કમાવું અને શીખવું સાથે ચાલે એવા ક્ષેત્રોમાં જ વિદ્યાર્થીની રુચિ પ્રમાણે પ્રવેશ આપવામાં આવે તો ઘણો અર્થ-વ્યય બચી જાય. આજની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને ઉત્પાદન કેન્દ્રમાં ફેરવવી જોઇએ, જ્યાં શિક્ષક અને વિદ્યાર્થી બન્ને ઉત્પાદન કાર્યમાં જોડાયેલા હોય. એ માટે એવો નિયમ થઈ શકે છે. કામનું શિક્ષણ, કામ દ્વારા અને કામ માટે. ( Education of Vocation, by the Vocation and for the Vocation )

એન્જિનીયર એવો હોવો જોઇએ જેને લેથ મશીન ચલાવતાં આવડતું હોય કે દીવાલ બાંધતાં આવડતી હોય નહિ કે ખુરશી પર બેસી માત્ર ફાઇલો ઉથલાવ્યા કરતો હોય, એવા શિક્ષણમાં આજ કરતાં સમય વધુ લાગે પણ બીજા લાભ ઘણા છે. પ્રથમ તો શિક્ષણ ઉત્પાદક બનશે. વ્યકિત, સમાજ અને શાસનને માટે ભારરૂપ નહિ બને. વિદ્યાર્થીનું ભવિષ્ય આજીવિકાની દૃષ્ટિએ નિશ્ચિત બની શકશે, તેને વ્યાવહારિક જ્ઞાન મળશે અને શ્રમ પ્રત્યે નિષ્ઠા રહેશે.

જ્યાં સુધી જ્ઞાનાત્મક શિક્ષણનો પ્રશ્ન છે ત્યાં સુધી એને આજીવિકા સાથે જોડવાની જરૂર નથી. 'જ્ઞાન જ્ઞાનને માટે.' (Knowlege for Knowlege sake). જ્ઞાન-વિજ્ઞાનનું શિક્ષણ પ્રાથમિક સ્તર પર સર્વ સુલભ હોય અને વિશેષ ભારરૂપ ન હોય. હાઇસ્કૂલના સ્તર સુધી આ શિક્ષણ આપી શકાય. ઉચ્ચ શિક્ષણનો પ્રશ્ન છે ત્યાં આ શિક્ષણને પૂર્ણકાલિન ન બનાવતાં અંશકાલિન બનાવવી જોઇએ. એમાં તે લોકોને જ પ્રવેશ મળવો જોઇએ જે પોતાની આજીવિકા સ્વતંત્ર રીતે મેળવતા હોય. આ સ્તરનું જ્ઞાન જ્ઞાન ખાતર હોય, અર્થ ખાતર ન હોય. અધ્યયનની વ્યવસ્થા એવી હોવી જોઇએ કે વ્યકિતને આજીવિકાના કાર્યમાં અડચણ ન પડતી હોય. આમ થઇ શકે તો બે લાભ થાય. એક તો આ પ્રકારના શિક્ષણ માટે તેઓ જ આવશે જેને જ્ઞાન મેળવવાની ઇચ્છા હોય, બીજું જ્ઞાન – વિજ્ઞાનનું આ શિક્ષણ કોઇને માટે ભારરૂપ નહિ બને. આ શિક્ષણ મેળવતાં સમય વધુ લાગે પણ એક પરિપકવ મગજ જ આ ક્ષેત્રમાં વિકાસ પામશે. આજના કોલેજના શિક્ષકો જેટલા શિક્ષકોની જરૂર પણ નહિ પડે જેથી સમાજને ખર્ચ બોજ ઓછો રહેશે.

આ રીતે પ્રથમ શિક્ષણમાં નૈતિક, સામાજિક અને આત્મિક મૂલ્યોનો સમાવેશ થાય, જેથી વ્યકિત સુસંસ્કારી, કર્તવ્યનિષ્ઠ, ચારિત્ર્યવાન અને સાચા અર્થમાં મનુષ્ય બને. બીજા પ્રકારના શિક્ષણમાં આજીવિકોપાર્જન જોડાયેલ હોય, જેથી વ્યકિત રોજી રોટી માટે આત્મનિર્ભર થઇ શકે. ત્રીજા પ્રકારના શિક્ષણમાં ભાષા, ગણિત, સાહિત્ય, વિજ્ઞાન વગેરે વિષયોનો સમાવેશ હોય, જે આત્મસંતોષ તથા જ્ઞાનવિજ્ઞાનની પ્રગતિ અને માનવજીવનના સુખમાં ઉમેરો કરે, સમૃદ્ધ કરે.

# સત્વાણી

✠ આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી

પશુજીવનથી માનવજીવનને અલગ પાડનારા વ્યાવર્તક બળોમાં ભાષા મુખ્ય છે. અભિવ્યક્તિનું એ ભારે પ્રબળ સાધન છે. વાણી વ્યવહારવિહીન મનુષ્ય-જીવનની કલ્પના પણ કરવી આજે તો મુશ્કેલ છે. શાકભાજીની ખરીદી કરવી હોય કે છાપામાં જાહેરખબર આપવી હોય, ડૅન્સર અંગે ઉપલબ્ધ નવાં સંશોધનો સમજાવવા હોય કે અદાલતમાં કોઈ અગત્યનો મુકાદો આપવો હોય, આકાશવાણી પરથી સમાચારો પ્રસારિત કરવા હોય કે દુશ્મન દેશને વિરોધ-યાદી સુપ્રત કરવી હોય, તત્ત્વચર્ચા કરવી હોય કે કવિતા લખવી હોય ડગલે ને પગલે મનુષ્ય ભાષાનો ઉપયોગ કરે છે. કૂણી મીઠી લાગણીઓને વ્યક્ત કરવા પણ એ વાણીની સહાયતા લે છે, તો મનની મેલી મુરાદો પણ એ ભાષા દ્વારા વ્યક્ત કરતો હોય છે. ટૂંકમાં કોઈ પણ માનવ સમાજની આશા-આકાંક્ષા, સુખદુઃખ, રહેણી-કરણી, વિચાર-સરણી, મોજશોખ, આચાર-વિચારને સમજવા માટે ભાષા જેવું બીજું ઉત્તમ સાધન નથી. એ તો દેખીતું છે કે આ બધી જગ્યાએ પ્રગટ થતી ભાષાનું રૂપ એક સરખું નથી હોતું. મૂલતઃ એક હોવા છતાં એ 'જૂજવે રૂપે અનંત ભાસે' છે.

પણ આપણે આ કૉલમમાં કેવળ 'સત્વાણી' નો જ આસ્વાદ કરવાનો પ્રયત્ન કરવાનાં છીએ. કુત્સિત વાણીનો પ્રયોગ રોજ રોજ યત્રતત્રસર્વત્ર એટલો બધો થઈ રહ્યો છે કે ક્યાંક ક્યારેક ક્ષણભર ક્ષણભર સત્વાણી સાંભળવા કે વાંચવા મળે છે. તો મન પ્રસન્ન થઈ જાય છે.

આરંભ કબીરદાસથી કરીએ. કારણ શાળા-પાઠશાળામાં એ વાણીના વ્યાકરણનો પદ્ધતિસર અભ્યાસ કરી શકયા નથી, પણ તેમ છતાં એ વાણીના જેતાજ બાદશાહ હતા. સત્વાણીની એમણે વહાવેલી નિર્ઝરિણી હજુ લાખો પ્યાસાઓને તૃપ્ત કરે છે. વાણીનું ઉદ્ભવસ્થાન ચિત્ત છે. ચિદ્વિલાસ સિવાય વાગ્વિલાસ સંભવી ન શકે. મનુષ્યચિત્તમાં ઊઠનારા અસંખ્ય વિવિધ અને સૂક્ષ્માતિસૂક્ષ્મ તરંગોને ભાષામાં વ્યક્ત કરવા પ્રયત્ન કરવો એ હવાને કપડાં પહેરાવવા જેવું કપરું કામ છે. ચિત્તમાં ભાવ, વિચાર કે લાગણીની હળવી લહેરખીઓ જાગે કે તોફાની પવન કે આંધી-વાવાઝોડાં, એ સૌને ભાષામાં અનુવાદવા માટે કે ભાષા દ્વારા અન્યને અનુભાવવા માટે ચિત્તના માલિકનું ભાષા પરનું ગજબનું પ્રભુત્વ જોઈએ. શબ્દ, શબ્દરૂપ, વાક્ય, વાક્યભંગિમાઓની અદ્ભુત લીલાઓને મન ફાવે તેવી રીતે નચાવવાનું સામર્થ્ય જોઈએ. કબીરદાસના જમાનામાં ભાંખાનું કોઈ સ્થિર રૂપ બંધાયું ન હતું. વળી પોતે ગજબના યાત્રી હતા. એ સમયે પ્રચલિત બધી લોકભાષાઓના શબ્દોનો એમણે છૂટથી પ્રયોગ કર્યો છે. આપણાં સુધી આવતાં આવતાં તો એ ભાષા ઠીક ઠીક બદલાતી રહી છે.

માનવીની સૌથી મોટી ભૂખ પ્રેમની છે. પ્રેમની નિસરણીનું સૌથી ઊંચું પગથિયું ઈશ્વર-પ્રેમ છે. આ સકળ સૃષ્ટિના રચયિતાનો વિરહ કબીરદાસને સતાવે છે અને વિવિધ પ્રકારે આ વિરહાગ્નિની જ્વાલાઓ એમનાં ચિત્તને દઝાડે છે. તેઓ કહે છે કે 'કાં તો વિરહિણીને મોત દે, કાં તો તારા દર્શન દે' કારણ કે 'આઠ પહર કા દાઝણાં મોપૈ સહ્યા ન જાઈ!'

કેવાં છે આ આઠ પ્રહરનાં દાઝણાં?

ચકવી બિછુટી રૈણિ કી, આઇ મિલી પરભાતિ,
જે જન બિછુટે રામ સૂં, તે દિન મિલે ન રાતિ.
બાસુરિ સુખ નાં રૈણિ સુખ, નાં સુખ સુપિનૈ માંહિ,
કબીર બિછુટયા રામ સૂં, નાં સુખ ધૂપ ન છાંહ.
આઇ ન સકૌં તુઝ પૈં, સકું ન તુઝ બુલાઇ,
જિયરા યોંહી લેહુગે, બિરહ તપાઇ તપાઇ.
યહ તન જાલૌ મસિ કરૂં, જ્યું ધુવાં જાઇ સરગ્ગિ,
મતિ વૈ રામ દયા કરૈં, બરસિ બુઝાવૈ અગ્ગિ.
બિરહ ભુવંગમ તન બસૈ, મંત્ર ન લાગૈ કોઇ,
રામ બિયોગી ના જીવૈ, જિવૈ તો બૌરા હોઇ.

સબ રંગ તંત રબાબ તન, બિરહ બજાવે નિત્ત,
ઔર ન કોઇ સુણિ સકૈ, કૈ સાંઈ કૈ ચિત્ત.
અંખડિયાં ઝાંઇ પરીં, પંથ નિહારિ નિહારિ,
જીભડિયાં છાલા પડયા, રામ પુકારિ પુકારિ.
ઇસ તનકા દીવા કરૌં, બાતી મેલ્યૂં જીવ,
લોહી સીંચૌં તેલ જ્યૂં, કબ મુખ દેખૌં પીવ.
અંખડિયાં પ્રેમ કસાઇયાં, લોગ જાનૈં દુખડિયાં,
સાંઈ આપણૈં કારણૈં, રોઈ રોઇ રતડિયાં.

ચકવા-ચકવીનું પ્રેમી જોડું રાત પડતાંજ વિખૂટું પડે એવો એના પર શાપ છે. એ વાત કવિતા-જગતમાં સુપ્રસિદ્ધ છે. કવિ કાન્તના રમણીય ખંડ-કાવ્ય 'ચકવાવત્ત-મિથુન'માં આ વેદનાની વાત સુપેરે વણાઇ છે. રોજ રોજના વિરહથી કંટાળીને ચકવી કહે છે :

પાષાણોમાં નહિ નહિ હવે આપણે નાથ! રહેવું :
શાને આવું, નહિ નહિ જ રે! આપણે, નાથ! રહેવું!
ચાલો એવા સ્થલ મહિં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ!

પણ કબીરદાસ કહે છે કે ચકવો અને ચકવી તો સવાર પડતાં મળી શકતાં હતાં પણ જેને રામનો વિયોગ હોય તે બિચારાં શું કરે? એને તો ન દિવસે ન રાત્રે અને ન સપનામાં પણ સુખશાંતિ છે! રામ તો બહુ દૂર છે. નથી એની પાસે પહોંચાતું, નથી એને બોલાવી શકાતાં, આમને આમ જીવ જશે કે શું? ચાલો આ શરીરને અગ્નિને સોંપીને ભસ્મ કરી દઇએ, ધૂમાડો પછી સ્વર્ગે પહોંચીને રામને પિગળાવશે અને ભગવાન કદાચ આગ બુઝાવવાને બહાને પણ કૃપાપૂર્વક દર્શનરૂપી વર્ષા કરશે.

વિરહ રૂપી સર્પના દંશને ઉતારવામાં કોઇ મંત્ર કામ આવતો નથી. પ્રથમ તો રામના વિયોગનો ડંખ ખાનાર જીવે જ નહીં અને કદાચ જીવી ગયો તો બહાવરો બહાવરો પાગલની જેમ ફર્યા કરે! રોજ ને રોજ દૂબળું પડતું જતું શરીર હવે રબાબ (એક વાદ્ય) બની ગયું છે. વિરહ એને રોજ વગાડે છે. આ વાદ્યનું સંગીત સાંભળી શકે માત્ર બે જણ. એક તો રામ અને બીજું વિરહિણીનું ચિત્ત! ભગવાનની પ્રતીક્ષામાં પંથ નિહાળી નિહાળીને આંખે ઝાંખપ આવી ગઈ છે અને રામનું નામ પોકારી પોકારીને હવે જીભે તો ફોલ્લા પડી ગયા છે. હવે તો મન થાય છે કે આ શરીરનો દીવો કરું, વાટના સ્થાને

જીવ રાખું ને તેલની જગ્યાએ શરીરનું લોહી જ પૂરું, જો આ રીતે ય પ્રિય દર્શન દેતાં હોય તો ! હે સ્વામી, તમારા વિરહમાં રોઈ રોઇને આંખો લાલઘુમ થઈ ગઈ છે ને મિચાયું લોક માની બેઠું છે કે આંખ દુખવા આવી છે એટલે રાતી થઈ ગઈ છે !

માનવની સૌથી મોટી ભૂખ પ્રેમ છે. પણ આ પ્રેમનો સાચો પરિચય વિરહ છે. સંયોગ નહીં વિયોગ જ પ્રેમની કસોટી છે. સગા સંબંધીઓનો જ નહીં, નાનકડી ચીજ-વસ્તુનો વિયોગ પણ માનવીને પીડા આપે છે ત્યારે જીવને જ્યારે શિવનો વિયોગ સતાવે, કૃતિ જ્યારે કર્તાને મળવા આકુળ-વ્યાકુળ થાય ત્યારે અનુભવાતી વેદના જેવી તેવી તો ન જ હોય ને ! એ અનુભવને કબીરદાસ ચકવા-ચકવી, સર્પદંશ-મંત્ર, રબારનું જંતર જેવા લોકાનુભવ દ્વારા ઓછામાં ઓછા શબ્દોમાં આબાદ વ્યકત કરી આપે છે. વેદનાની તીવ્રતા વગર જીભમાં ફોલ્લા પડવાની વાત કોઇ કરી ન શકે. ઊંબરે ઊભીને દૂર સુદૂર સુધી લંબાયે જતાં માર્ગ પર નજર માંડીને કંઇક આંસુને કારણે અને કંઇક મટકું ય ન માર્યાની પીડાને કારણે ઝાંખપ અનુભવતી ચિરવિરહિણીનું ચિત્ર મધ્યયુગનું બહુ પ્રખ્યાત ચિત્ર છે. પ્રિયતમના મુખદર્શન માટે દીપક તો જોઇએ જ ને ? અને જાતને જલાવ્યા વિના આછો અમથો ય પ્રકાશ મળે છે કયારે ય ?

કબીરદા શબ્દના દીવડામાં અર્થનો જે પ્રકાશ ઝગમગાવ્યો છે તે અનંત કાળ સુધી પ્રજ્જ્વલિત રહ્યા કરે તેમ છે. કારણ તેમાં હૃદય નિચોવીને તેલ પૂર્યું છે.

# સંઘ સમાચાર

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘને પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે ભેટ

રૂા.

૧,૦૦૧ શ્રી શૈલેશભાઇ કોઠારી
૧,૦૦૧ શ્રી સી. એન. સંઘવી
૫૦૧ શ્રી રસિકલાલ એમ. ઝવેરી
૫૦૧ શ્રી જયંતીલાલ પી. શાહ
૩૫૧ ડૉ. રમણલાલ ચી. શાહ અને શ્રીમતી તારાબેન ર. શાહ
૩૫૧ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૩૫૧ શ્રી ચીમનલાલ જે. શાહ
૩૫૧ શ્રી કે. પી. શાહ
૩૫૧ શ્રી એ. જે. શાહ
૩૫૧ શ્રી ટોકરશી કે. શાહ
૩૫૧ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૩૫૧ ડૉ. ધનવંત ટી. શાહ
૩૫૧ શ્રી અરવિંદભાઇ એમ. ચોકસી
૩૦૧ શ્રી પન્નાલાલ કે. છેડા
૨૦૧ શ્રી સુબોધભાઈ એમ. શાહ
૨૦૧ શ્રી દામજીભાઈ વેલજીભાઇ શાહ
૨૦૧ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૨૦૧ શ્રી અમર જરીવાલા
૨૦૧ શ્રી શાંતિલાલ દેવજી નંદુ
૧૫૧ શ્રીમતી કમલબેન પીસપાટી
૧૦૧ શ્રીમતી નીરુબેન એસ. શાહ
૧૦૧ શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ
૧૦૧ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
૧૦૧ શ્રી પન્નાલાલ ર. શાહ

રૂ. ૮,૩૨૫

## ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ

૩,૮૦,૧૯૬-૦૦ તા. ૧૬-૮-૮૩ના અંકમાં પ્રગટ થયેલી યાદી મુજબ.
૫,૦૦૦-૦૦ શ્રી ચીમનલાલ જેસીંગભાઈ દલાલ હ. શ્રી સૂર્યકાન્તભાઇ દલાલ
૧,૦૦૧-૦૦ શ્રી પ્રવીણચંદ્ર કુલચંદ શાહ
૨૫૧-૦૦ શ્રી મહીપતરાય પ્રભુદાસ શાહ
૨૫૧-૦૦ શ્રી મનહરલાલ પ્રભુદાસ શાહ

૩,૮૬,૬૯૯-૦૦

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

ગતાંકમાં આપેલાં વિગતવાર કાર્યક્રમ મુજબ શનિવાર, તા. ૩-૯-૧૯૮૩ થી રવિવાર, તા. ૧૧-૯-૧૯૮૩ સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ ૪૦૦ ૦૦૭ ખાતે યોજાશે. દરરોજ પ્રાર્થના અને ભજન બાદ સવારના ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી એમ બે વ્યાખ્યાનો રહેશે. રવિવાર, તા. ૪-૯-૮૩ ના રોજ ૧૦-૩૦ થી ૧૧-૧૫ ભક્તિ-સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. વ્યાખ્યાનમાળાનાં પ્રમુખસ્થાને **ડૉ. રમણલાલ ચી. શાહ** બિરાજશે.

સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો અને રસજ્ઞોને આ વ્યાખ્યાનમાળાનો લાભ લેવા વિનંતી.

લિ. **મંત્રીઓ**

## રૂા. ૩,૫૦૦/ એક કુટુંબના જીવન નિર્વાહની સમસ્યાનું નિરાકરણ: 'પ્રેમળ જ્યોતિ' નું નવું સમીકરણ

'પ્રેમળ જ્યોતિ' દ્વારા શારીરિક દૃષ્ટિએ અપંગ કે પ્રજ્ઞાચક્ષુઓને આત્મ-નિર્ભર કરવાની યોજના ઉદાર-ચરિત મહાનુભાવોને સ્પર્શી ગઇ અને રવિવાર, તા. ૨૧-૮-૧૯૮૩ના રોજ વરલી ખાતે યોજાયેલ સમારંભમાં સ્વયંસ્ફુરણાથી નીચે જણાવેલ દાતાઓએ આ યોજનાને વધાવી છે. તેમનો અમે આભાર માનીએ છીએ અને અન્યને એવો પ્રેમાળ સહકાર આપવા વિનંતી.

રૂ. ૩,૫૦૦/- શ્રી યશવંતભાઇ દાદભાવાળા
રૂ. ૩,૫૦૦/- શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ
રૂ. ૩,૫૦૦/- શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ
રૂ. ૩,૫૦૦/- શ્રીમતી ચંપાબેન વોરા. ચિ. ભાઇ ચંદ્રકાન્તને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે.
રૂ. ૩,૫૦૦/- મે. એરીસ્ટો કેમિકલ્સ પ્રા. લિ. ના સ્ટાફ મેમ્બર્સ તરફથી.
રૂ. ૩,૫૦૦/- મે. લખમશી ઘેલાભાઇની કું., હ. શ્રી વસનજી લખમશી શાહ.
રૂ. ૩,૫૦૦/- શ્રી દીપચંદ કેશરીચંદ શાહ
રૂ. ૧,૦૦૦/- શ્રી પન્નાલાલ ખીમજી છેડા
રૂ. ૧,૦૦૦/- શ્રી ચંદ્રકાન્ત કપુરચંદ શાહ

## સ્વ. ચીમનભાઇના તૈલચિત્રનું અનાવરણ

સંકલન : શાંતિલાલ ટી. શેઠ

શ્રી જૈન કેળવણી મંડળ, વડાલા તરફથી એ સંસ્થાના સભાગૃહમાં સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના તૈલચિત્રનો અનાવરણ વિધિ રવિવાર, તા. ૧૪-૮-૮૩ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે શ્રી દુલભજભાઇ કે. ખેતાણીના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. તૈલચિત્રનું અનાવરણ જાણીતા ઉદ્યોગપતિ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને કર્યું હતું.

સમારંભના પ્રારંભમાં છાત્રાલયના વિદ્યાર્થીઓએ અને રત્નચિંતામણિ શાળાની વિદ્યાર્થિનીઓએ અનુક્રમે 'નવકાર મંત્ર' અને 'મૈત્રી ભાવનું પવિત્ર જરણું'નું પ્રાર્થના રૂપે ગાન કર્યું હતું. સંસ્થાના મંત્રી શ્રી ગીરજભાઇએ સૌને આવકાર આપતા કહ્યું કે 'આજે અહીં સ્વ. ચીમનભાઇનો પરિવાર એકઠો થયો છે એમ કહું તો જરા ય અતિશયોક્તિ નથી.' શ્રી જૈન કેળવણી મંડળની સ્થાપના, એને પગભર કરવામાં અને અન્યને એ માટે પ્રેરણા આપવામાં સ્વ. ચીમનભાઈનું પ્રદાન મહત્ત્વનું રહ્યું હતું એ યાદ કરીને એમણે કહ્યું કે, 'આ છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો, જરૂરિયાત મુજબ, તમામ ખર્ચ સંસ્થા કરે છે. આ સંસ્થાના પૂર્વવિદ્યાર્થીઓ આજે સારાં સ્થાને છે અને એ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓએ તો વિદેશમાં પણ વસવાટ કર્યો છે.' વધુમાં એમણે કહ્યું કે, 'પાંચસો વર્ષે એકાદ વ્યક્તિ પાકે એવા સ્વ. ચીમનભાઇના કાર્યોમાંથી પ્રેરણા લઈ એમની અભિરુચિ પ્રમાણેની પ્રવૃત્તિઓનો વ્યાપ આપણે વધારીએ એ એમને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.'

શ્રી મુળજી જૈન યુવક સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે આ પ્રસંગને મંગળ અને પ્રેરણાદાયી ગણાવી કહ્યું: 'સામાન્ય રીતે સંસ્થા દ્વારા વ્યક્તિ મહાન બનતી હોય છે. પરંતુ કયારેક પ્રતિભાશાળી વ્યક્તિત્વથી સંસ્થાનું મૂલ્ય વધી જતું હોય છે. સ્વ. ચીમનભાઇનું આવું અનોખું વ્યક્તિત્વ હતું. જ્યાં વિદ્યાર્થીઓ વસતા હોય ત્યાં એમનું તૈલચિત્ર હોય એ વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ બને અને એટલે એ આવકાર્ય છે.'

તૈલચિત્રનું અનાવરણ કરતાં શ્રેયાંસપ્રસાદ જૈને કહ્યું કે, 'જીવન અને મૃત્યુ એ તો સંસારનો નિયમ છે. પરંતુ મૃત્યુ પછી પણ જેઓ જીવંત રહે એવી વીરલ વ્યક્તિઓમાં શ્રી ચીમનભાઇ એક હતા. એમને દરેક પ્રકારનાં સેવાકાર્યોમાં રસ હતો અને તેઓ કુશળ કાર્યકર હતા. ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર કુદરતી આફતોના સમયમાં કરોડો રૂપિયાની મદદ કરે છે. એ સંસ્થાના વિકાસમાં સ્વ. ચીમનભાઇનો ફાળો મહત્ત્વપૂર્ણ હતો. એમણે આદર્શ સાથે કયારેય બાંધછોડ કરી નથી.'

પ્રમુખસ્થાનેથી શ્રી દુલભજભાઇ ખેતાણીએ જણાવ્યું હતું કે, 'અમારી પંચ વર્ષોથી મિત્રાચારી હતી. સમાજ ઊંચો ક્રમ આવે એ એમનું લક્ષ્ય અને હોંશ હતી.' શ્રી જૈન કેળવણી મંડળનો ઉદ્ભવ અને એની વિકાસગાથા જણાવી એમણે ઉમેર્યું હતું કે, 'સમાજના મહાન કાર્યકરો ગામડાંમાં પાકે છે અને સ્વ. ચીમનભાઇ પીણશીણા જેવા ગામડાંમાં પાકયા હતા.'

આ પ્રસંગે શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ, શ્રી જગુભાઈ એચ. દોશી, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના સેક્રેટરી શ્રી રતિલાલભાઇ શેઠ, શ્રી પ્રતાપભાઇ ગાંધી, શ્રી કંચનલાલ તલસાણીયા, ડો. જે. આર. શાહ, શ્રી મહાસુખભાઇ દેસાઇ, ડો. કે. એન. કામદાર, શ્રી વસુબહેન ભણશાળી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં, જ્યારે આભારવિધિ શ્રી સી. ડી. મહેતાએ કરી હતી. આવેલા સંદેશાઓનું વાંચન અને સભાનું સંચાલન શ્રી બચ્ચુભાઇ દોશીએ કર્યું હતું.

## રામચરિત માનસની કેસેટોનું પ્રકાશન

ત્રિશલા ઇલેકટ્રોનિકસ તરફથી ગોસ્વામી તુલસીદાસજી રચિત રામચરિત માનસની કેસેટોના સંગ્રહનો પ્રકાશન સમારંભ, શનિવાર, તા. ૨૦-૮-૮૩ના રોજ સાંજના ૭-૦ કલાકે હિન્દુજા ઓડિટોરિયમમાં જાણીતા ઉદ્યોગપતિ શ્રી રામપ્રસાદ પોદ્દારના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. કેસેટોનું વિમોચન રાજશ્રી પિકચર્સના દિગ્દર્શક શ્રી રાજકુમાર બડજાત્યાએ કર્યું હતું.

પ્રમુખસ્થાનેથી શ્રી રામપ્રસાદ પોદ્દારે જણાવ્યું હતું કે, 'છેલ્લા ચાર સૈકાથી ભારતીય જનજીવનમાં ગોસ્વામી તુલસીદાસ રચિત રામચરિત માનસની ચોપાઇઓ વણાઇ ગઈ છે. એને ધ્વનિમુદ્રિત કરીને ત્રિશલા ઇલેકટ્રોનિકસના સંચાલકોએ એક મહત્ત્વનું કાર્ય કર્યું છે. લખી-વાંચી શકતા ન હોય એવા લોકો પણ આથી એનો આનંદ માણી શકશે અને જીવનમાં મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ મેળવી શકશે. કારણકે રામાયણમાં દરેક પ્રશ્નોનો ઉકેલ મળી આવે છે.' કેસેટોનું વિમોચન કરતાં શ્રી રાજકુમાર બડજાત્યાએ ત્રિશલા ઇલેકટ્રોનિકસના સંચાલકોને અભિનંદન આપતા જણાવ્યું કે 'આ કેસેટોથી રામાયણ વ્યાપક વર્ગ સુધી પહોંચશે.'

શ્રી ઇન્દુમતીબેન ધાનકના ભકિતગીતોથી સમારંભનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે જાણીતા ગાયિકા કૌમુદી મુનશી, સંગીતકાર લલિત સેઠા આદિ કલાકારો હાજર રહ્યા હતા.

૪૪ કેસેટોના આ સંગ્રહમાં રામાયણની ચોપાઇઓનું ગાન પંડિત શ્રી નિવાસ પાઠકે કર્યું છે. સેટની કીંમત રૂા. ૧,૫૦૦ રાખવામાં આવી છે, પરંતુ તા. ૩૦-૯-૮૩ સુધીમાં આવો સેટ ખરીદનારને આ કીંમત પર દસ ટકા વટાવ કાપી અપાશે એવી જાહેરાત સંચાલકોએ કરી હતી, અને સહકાર માટે સૌનો આભાર માન્યો હતો.

## પાંચમો જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી અખિલ ભારતીય અચલગચ્છ (વિધિ પક્ષ) જૈન સંઘના સંયુકત ઉપક્રમે શુક્રવાર, શનિવાર અને રવિવાર, તા. ૨૩, ૨૪ અને ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૩ના રોજ માંડવી (કચ્છ) ખાતે પાંચમો જૈન સાહિત્ય સમારોહ યોજાશે. આ સમારોહમાં જૈન તત્ત્વજ્ઞાન, જૈન સાહિત્ય-સ્થાપત્ય-શિલ્પ-ઇતિહાસ-કલા-આદિ વિભાગીય બેઠકોમાં જૈન સાહિત્યનું પરિશીલન થશે. વિદ્વાનોને એમના સંશોધન લેખો મોડામાં મોડા તા. ૧૫-૯-૧૯૮૩ સુધીમાં સંયોજક, પાંચમો જૈન સાહિત્ય સમારોહ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬ એ સરનામે મોકલી આપવાની અને વિદ્વાનો તેમજ રસજ્ઞોને આ સમારોહમાં ભાગ લેવાની પાંચમાં જૈન સાહિત્ય સમારોહના સંયોજક શ્રી ડો. રમણભાઇએ વિનંતી કરી છે.

# દીવે દીવો પેટાય : 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે સેવા અને સ્વાવલંબનનો સુયોગ

સંકલન : **શાંતિલાલ ટી. શેઠ**

આમ જુઓ તો પ્રત્યેક નવલી ઉષા જીવનમાં આનંદ-મંગલ અને ઉમંગ પ્રગટાવે છે. પરંતુ રવિવાર, તા. ૨૧-૮-૮૩નું નવલું પ્રભાત પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોને અર્થોપાર્જનની દૃષ્ટિએ સ્વાવલંબી બનાવવાના શુભ સંદેશ સાથે ઊગ્યું હતું. એ દિવસે **શ્રી મુંબઈ જૈન યુવક સંઘના 'પ્રેમળ જ્યોતિ'** અને **રાષ્ટ્રીય પ્રજ્ઞાચક્ષુ સંગઠનની ( National Association for the Blind) આર. ટી. એન્ડ ઇ. કમીટીના** સંયુક્ત ઉપક્રમે સવારના ૧૦-૦ કલાકે કર્વેની કેપ્ટન ઑડિટોરિયમ, વરલી ખાતે સંઘના પ્રમુખ **ડૉ. રમણલાલ ચી. શાહના** અધ્યક્ષપદે દસ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોને આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશથી ભરત-ગૂંથણ, સીવણ અને પ્લાસ્ટીક બેગ્સ સીલીંગ મશીનો અર્પણ કરવાનો એક સમારંભ યોજાયો હતો. નેબની આર. ટી. એન્ડ ઇ. કમીટીના મંત્રી શ્રી **જે. વી. અજૈયા** મુખ્ય અતિથિ હતા, જ્યારે **શ્રી યશવંતભાઈ દાદભાવાળા** અને **શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ** અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતાં.

'પ્રેમળ જ્યોતિ' દ્વારા દસ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોને એકેક મશીન આપવામાં આવ્યું હતું. તેમાં (૧) સુપર-વેલ્વેડ ઇલેકટ્રોરેટ પોલીથીન બેગ સીલીંગ મશીન-૨ (૨) સીવવાના સંચા-૫ અને (૩) સીમેક ભરત-ગૂંથણના મશીન-૩ નો સમાવેશ થાય છે. આ યંત્રો માટેનાં દાન (૧) **શ્રીમતી મંજુલાબેન ચીમનલાલ જે. શાહ** (૨) **શ્રીમતી સવિતાબેન કે. પી. શાહ** (૩) **શ્રીમતી કાંતાબેન ચંદુલાલ ગાંધી** (૪) **શ્રી મનમોહનદાસ ડી. સંઘવી** (૫) **શ્રીમતી મંજુલાબેન મહાસુખલાલ કે. કામદાર** અને (૬) **શ્રીમતી ચંપાબેન સી. વોરા-શ્રી સી. એન. વોરા ચેરિટેબલ ટ્રસ્ટ** તરફથી મળ્યાં હતાં.

નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઇન્ડ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોને ઔદ્યોગિક તાલીમ આપે છે. એવી તાલીમ પૂરી કરેલાં પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોને આવા મશીનો વસાવી આપવામાં આવે તો માસિક રૂ. ૬૦૦ થી ૭૦૦ની કે એથી વિશેષ આવક કરી શકે છે. ઉત્પાદન થતા માલની 'નેબ' પાસે આગોતરી વરદી હોવાથી માલના વેચાણની કોઈ સમસ્યા નથી. કાચા માલ માટે રાષ્ટ્રીય કૃત બેન્ક દ્વારા ડી. આઇ. આર. સ્કીમ હેઠળ વાર્ષિક માત્ર ૪ ટકાના વ્યાજના દરથી લોન પણ મેળવી આપવામાં આવે છે. ભેટ આપેલ મશીનની માલિકી 'નેબ' સંસ્થાની રહે છે અને ભેટ લેનાર એના સદુપયોગની બાંહેધરી આપે છે. આ રીતે આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી બનાવવાની યોજના ઘડાયેલી છે, એમ 'નેબ'ના ઓફિસર-ઇન-ચાર્જ શ્રી એમ. વી. મંગસુલીકરે કહ્યું હતું.

પ્રારંભમાં 'પ્રેમળ જ્યોતિ'ના સંયોજક શ્રીમતી નિરુબેન શાહની પ્રાર્થના બાદ સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે સૌને આવકાર આપતાં ઉપસ્થિત મુખ્ય અતિથિ અને અતિથિવિશેષો તેમજ સભાજનોનું અભિવાદન કર્યું હતું. પ્રાસંગિક વકતવ્યોમાં સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહ અને આર. ટી. એન્ડ ઇ. કમીટી, નેબના મંત્રીશ્રી જે. વી. સરૈયાએ આવા ઉમદા કાર્યમાં સહભાગી, નિમિત્ત થવાનો આનંદ વ્યકત કર્યો હતો. અતિથિવિશેષો શ્રી યશવંતભાઈ દાદભાવાળા અને શ્રી ચીનુભાઈ છગનલાલ શાહે સંઘની આ પ્રવૃત્તિને બિરદાવવા સાથે પોતાના તરફથી એક મશીન આપવાની અને અન્ય મિત્રો પાસેથી પણ આવો સહકાર મેળવી આપવાની ભાવના વ્યકત કરી હતી.

સભાનું સંચાલન શ્રી એમ. વી. મંગસુલીકરે કર્યું હતું, જ્યારે આભાર વિધિશ્રી ડી. બી. શીરાલીએ કરી હતી.

સમારંભ બાદ પી. એમ. બાથ, ચોપાટી ખાતે શ્રી મનમોહનદાસ ડી. સંઘવી તરફથી સૌનું આતિથ્ય કરવામાં આવ્યું હતું. ભોજન બાદ આજના શુભ કાર્યનો આનંદ માનતા સૌ વિદાય થયા હતા.

---

(અનુસંધાન પાનું ૯૪ પરથી ચાલુ)

પ્રિયતમ-પ્રિયતમાના ભાવને ચોથી કડીમાં ૩૬ પ્રતીક કલ્પન દ્વારા સ્પષ્ટ કર્યો છે :

પિયુ પિયુ કરી તુમને જપું રે,
હું ચાતક તુમ મેહ

અહીં જપની વાત કરી છે. તે કોઈ માળાના મણકા ફરે અને જપ થાય એની વાત નથી. પરંતુ મેઘની રાહ જોતાં રાતભર 'પિયુ' 'પિયુ'ના ટહુકારથી જપ જપતા ચાતકની જેમ ઘટ ઘટમાં થતાં જપની વાત છે. કબીરની માફક 'ઘટ ઘટમેં વહ સાઁ ઇ રમતા' ની અનુભૂતિની મજા અને સજા બન્ને છે. ઘટ એટલે કે દેહ બાધક પણ છે અને સાધન પણ છે. દેહભાવ હોય ત્યાં બાધક છે. એટલે તપ, જપ અને નામ રટણ દ્વારા દેહભાવ ભૂલવાનો આયાસ છે. એકવાર દેહાભિમાનના ચૂરેચૂરા થાય અથવા દેહભાવ પૃથક્ થાય એટલે રોમેરોમમાં એ સાંઇ રમતા થાય. એટલે જ શ્રીમદ્ રાજચંદ્રે યોગ્ય કહ્યું છે :

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત
તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણિત.

આ સાથે એક પળમાં દુઃખ હરો અને સ્નેહ દ્વિગુણિત થાય એમ કવિએ કહ્યું છે, પરંતુ એ દ્વિગુણિત નહીં, પરંતુ અપરિમેય થાય એમાં નવાઇ નથી. કારણ કે 'વાધે અમણો નેહ' એ સ્થૂળ અર્થમાં અહીં લેવાનું નથી. સૂક્ષ્મ દૃષ્ટિએ દેહભાવ ઓગળી જતાં અને ઘટમાં સાંઇ રમતા થતાં, એ સાયુજ્યથી નેહ પળે પળે અમણો થાય છે.

મહામહોપાધ્યાય કવિ યશોવિજયજીની ઉપાલંભ, લાડ, મરતી, ટીખળ, મર્મ, નમ્રતા, ઉલ્લાસ, શ્રદ્ધા, ધન્યતાદિ ભાવોની દૃષ્ટાંત સુભગ અને સુઘડ કલ્પનાશીલ અને ઊર્મિ, સંવેદના અને કલ્પનાશીલ્પથી જીવંત બનતી વાણી સંભારવી ગમે એવી છે, એવું પ્રા. હસિત બૂચે નોંધ્યું છે તે યથાર્થ છે. * 'મોહું વહેલું આપવું રે તો શી ઢીલ કરાય?' એવો પ્રશ્ન દ્વારા નિર્વ્યાજ નૈકટય-લાડ અને 'વાચક યશ કહે જગ ધણી રે, તુમ તૂઠે સુખ થાય' એ દ્વારા પતિના સુખે સુખીને ભારતીય સ્ત્રીઓના પતિવ્રતાભાવને રજુ કર્યો છે અને એ રીતે નૈકટય આણ્યું છે. એ જ તો કવિકર્મની ખૂબી છે.

---

* જુઓ : શ્રી મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રંથ ભાગ-૧ : ગુજરાતી વિભાગમાં 'શ્રી યશોવિજયજીની કવિતા' વિષે પ્રા. હસિત બૂચનો લેખ પૃષ્ઠ ૧૬૦-૧૬૫.

# નૈકટ્ય અને લાડની વાણી

પન્નાલાલ ૨. શાહ

ચંદ્રપ્રભ જિન સાહેબા રે, તુમ છો ચતુર સુજાણ, મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો પદ નિર્વાણ, મનના માન્યા
આવો આવો રે ચતુર સુખભોગી, કાજે વાત એકાંત અભોગી
ગુણ ગોઠે પ્રકટે પ્રેમ, મનના માન્યા.....૧
ઓછું અધિકું પણ કહે રે, અંસગાયત જેહ, મનના માન્યા
આપે ફળ જે અણ કહે રે, ગિરુઓ સાહેબ તેહ, મન૦...૨
દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ, મન૦
જળ દીએ ચાતક બીજવી રે, મેઘ હુઓ તીણે શ્યામ, મન૦...૩
પિયુ પિયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમ મેહ, મન૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ, મન૦...૪
મોહું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ? મન૦
વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય. મન૦...૫

–યશોવિજયજી

* * *

ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ નોંધ્યું છે તેમ, 'જૈન પદોની એક વિલક્ષણતા એ છે કે, એમાં જૈનેતર પ્રેમલક્ષણા ભક્તિની અસર સ્પષ્ટપણે દૃષ્ટિએ પડે છે. વૈરાગ્યપ્રધાન જૈન ધર્મમાં પ્રેમલક્ષણા ભક્તિનું સ્થાન ન હોય, પણ જૈન કવિઓ પદના આ પ્રકારમાં પ્રેમ-લક્ષણા ભક્તિની પરિભાષામાં જ ઊર્મિને વ્યક્ત કરે છે. શૃંગારની પરિભાષાનો ઉપયોગ, જૈન કવિઓને પણ જૈનેતર કવિઓ જેટલો જ સુગમ હતો, અને એ વાહન દ્વારા પણ પોતાની ઊર્મિઓ અત્યંત આસાનીથી વ્યક્ત કરતા. ઈશ્વરને પ્રિયતમ માનીને એની ઉપાસના કરાઈ હોય એવા પદો, જાણે દયારામ કે નરસિંહે જ લખ્યા હોય, એવી ઉત્કટ શૃંગારની પરિભાષામાં પોતાના ભાવો વ્યક્ત કરે છે.'* આ સ્તવન એના ઉત્તમ ઉદાહરણો પૈકીનું એક છે.

વૈરાગ્ય પ્રધાન ધર્મમાં કે જ્ઞાન માર્ગમાં પ્રેમ લક્ષણા ભક્તિને સ્થાન ન હોય અથવા નિર્ગુણની જ વાત હોય. આમ છતાં આવી ભક્તિની વાત સંતસાહિત્યમાં ભક્ત કવિઓએ ઉલ્લાસપૂર્વક કરી છે, એટલું જ નહિ. પરંતુ એવા ઉલ્લાસને ઘણીવાર નરનારીના શૃંગાર મંડિત સંબંધોની પરિભાષામાં પ્રગટ કરવામાં આવ્યો છે. એનું કારણ એ છે કે ઉત્કટતાપૂર્વકની ભાવાત્મક સ્થિતિમાં દેહની પૃથક્તા ઓગળી જાય અને એકતાની ભરતી છલકાઈ ઊઠે એવું નરનારીના સંબંધમાં જ સંભવે છે. આવી સ્થિતિ, અલબત્ત જુદી અને એથી પણ ઉચ્ચ કક્ષાએ, ભક્ત કવિઓએ સિદ્ધ કરી છે. એવી એકતાની, તદ્રૂપતાની, તાદાત્મ્ય ભાવની, એકાકારની વાત કરવા સાથે એની પ્રબળ અને વ્યાપક અસર સંસારી પર ત્યારે જ થાય, જો એ સંસારીને પરિચિત એવા ભાવની ભૂમિકાનો આશ્રય લેવાય. એ હેતુ જોતાં, વૈરાગ્ય અને જ્ઞાનમાર્ગમાં પણ પ્રેમલક્ષણા ભક્તિ ઔચિત્યપૂર્ણ અને ઉપકારક લાગે છે.

પ્રેમલક્ષણા ભક્તિની આ ભૂમિકાના સંદર્ભમાં પ્રસ્તુત સ્તવન જોઈએ તો મનના માણીગર ચંદ્રપ્રભ જિનની સાથે એકાંતે ગોઠડી કરવાનો ભાવ દર્શાવ્યો છે, અને ગુણ–ગોઠડીથી પ્રેમના પ્રગટીકરણની વિશેષ સંભાવના દર્શાવી છે. પ્રેમમાં વિશ્રમ્ભે થતી ગોઠડીનું સુખ કલ્પનાતીત છે. વરતો વિશ્વંભર, આ સુખને ચૌદ લોકની પડછે છે મૂકી એનાથી રૂડું બીજું કશું એને લાગતું નથી એમ જણાવી એનો મહિમા કરે છે. અવધૂત યોગી આનંદઘનજી અને નરસિંહ મહેતા પણ અનુક્રમે આવી જ અનુભૂતિ કરે છે :

મીઠો લાગે કંતડો ને ખારો લાગે લોક
કંત વિહુણી ગોઠડી, તે રણમાંહે પોક –(આનંદઘનજી)

° ° °

ચંદ્ર વિના શી ચાંદની રે, દીવડા વિના શી રાત
હરજી વિના શી ગોઠડી, મારે જવું શામળિયા સાથ. (નરસિંહ)

લોકસાહિત્યના પ્રચલિત દુહા છંદમાં થયેલી અભિવ્યક્તિ લોકહૈયા સુધી પહોંચે એવી સરસ થઇ છે.

હવે બીજી ટૂંકમાં કવિ યાચકભાવની વાત કરે છે. યાચક તો ઓછું–વત્તું, અસંગત કહે અથવા માંગણી કરે. કારણ કે એની વિષમ સ્થિતિમાં એને માટે યોગ્યાયોગ્યનો નિર્ણય પોતે કરી શકે એવી એની મનઃ સ્થિતિ નથી. આ ભૂમિકા રચીને કવિ કહે છે કે વણકથ્યું કે વણમાગ્યું જે ફળ આપે તેની જ સાચી અને ખરી કીમત છે; એવું આચરણ કરનારની જ ખરી મહત્તા અને મોટાઇ છે. અહીં બાળગોઠિયા સુદામા અને શ્રીકૃષ્ણની વાતનું સ્મરણ કરવું અસ્થાને નહીં ગણાય. અયાચક વ્રતધારી પણ પત્નીના સૂચનથી ભગવાન શ્રીકૃષ્ણને મળવા ગયેલાં સુદામા ખૂબ જ ક્ષોભથી તાંદુલ સંતાડવાની તજવીજ કરે છે. એ જોઇને ભગવાન શ્રીકૃષ્ણ તાંદુલ માંગીને, પ્રેમથી એ આરોગે છે, અને સુદામાને અણસાર પણ ન આવે એ રીતે એની ગૃહસ્થાશ્રમની સ્થિતિમાં પલટો લાવે છે. એવી અપેક્ષા નિર્વાણ પદની પ્રાપ્તિ માટે કવિએ અહીં કરી છે. કવિ કહે છે :

'...આપે ફળ જે અણ કહે રે, ગિરુઓ સાહેબ તેહ...'

ત્રીજી કડીમાં રમ્યકોટિ (Conceit) જોવા મળે છે. યાચકને યાચકભાવ ન આવે એ રીતે આપવાથી દાતાની શાખ વધે છે અને યાચકની ઇજ્જત થાય એવી સહૃદયતાથી દાન કરવું જોઇએ. એવું ન થાય તો ચાતકને બીજવી બીજવીને વૃષ્ટિ દ્વારા જળસિંચન કરવાથી મેઘ જેમ શ્યામ થયો એવી હાલત દાતાની થાય. અહીં વાદળોની શ્યામતાના કારણ અંગેની કલ્પના દ્વારા આ કડીમાં રમ્યકોટિ જોવા મળે છે. ચાતક અંગેની પુરા–કથાનો પણ એવો જ રમ્ય ઉપયોગ થયો છે. આપણા પ્રાચીન મુક્તકો, અન્યોક્તિ, અત્યુક્તિ અને કલ્પનોના કારણે, બદલાતી કાવ્યરુચિ અને પલટાતા કાવ્ય-પ્રવાહો અને ઘોરણો વચ્ચે, આધુનિક રચનાઓ જેવા જ અને જેટલાં જ આજે પણ તાજગીપૂર્ણ અને આકર્ષક રહ્યા છે. આ કડી એનું ઉત્તમ ઉદાહરણ છે.

(વધુ માટે જુઓ પાનું ૯૩)

* જુઓ : આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિ સ્મારક ગ્રંથ : ગુજરાતી વિભાગ : લેખ સંગ્રહ વિભાગમાં 'જૈન સાહિત્યમાં પદો વિષે વિચારણા. પૃષ્ઠ ૪૨–૪૩.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦-૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 137

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, તા. ૧૬-૯-૮૩ મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સાંવત્સરિક ક્ષમાપના

રમણલાલ ચી. શાહ

જીવન જીવવા માટે અનેક લોકોના સ્થૂળ કે સૂક્ષ્મ સહકારની પરસ્પર અપેક્ષા રહે છે. બધાંની શારીરિક, માનસિક કે આત્મિક શક્તિ એકસરખી હોતી નથી. એથી વ્યક્તિ-વ્યક્તિના પુરુષાર્થમાં ફરક રહે છે. પરંતુ જેમની પાસે કર્મયોગે વધુ શક્તિ હોય છે તેવી વ્યક્તિઓમાં કયારેક સહકારને બદલે અસહકાર, સ્વાર્થ, અહંકાર જેવાં લક્ષણો આવી જાય છે. એથી વ્યવહારની સમતુલા ખોરવાય છે. દ્વેષ, ધિક્કાર, ઈર્ષ્યા, નિંદા અહિતચિંતા વગેરે ભાવોમાંથી વર્ષણ અને વૈરવૃત્તિ પ્રગટ થાય છે. એકબીજાને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન થાય છે. બદલો લેવાની ભાવના જાગે છે. અનુદારતા, અસહિષ્ણુતા, અક્ષમા વગેરેની વૃત્તિઓ જોર પકડતાં પરસ્પરનો વ્યવહાર દૂષિત થાય છે. ઉપેક્ષા, અણબનાવથી લડાઈ ઝઘડા સુધી વાત પહોંચે છે. એવા દૂષિત વ્યવહારને ફરીથી સરસ, સુખમય, શાંતિમય બનાવવા માટે પ્રેમ, સહકાર, ઉદારતા, સહિષ્ણુતા વગેરેની સાથે ક્ષમાની અતિશય આવશ્યકતા રહે છે.

પોતાની ભૂલનો એકરાર કરીને ક્ષમા માગવી અને પોતાના પ્રત્યે બીજાએ ભૂલ કરી હોય તો તે માટે તેને ઉદાર દિલથી ક્ષમા આપવી એમ ઉભય પ્રકારે ક્ષમાપના કરવાની હોય છે. આપણું અજ્ઞાન, આપણી કયાં ભૂલ થઈ છે તેનું આપણને કયારેક ભાન થવા દેતું નથી. કેટલીક ભૂલો તદ્દન નજીવી હોય છે; તો કેટલીક ભયંકર, જીવસંહારની કોટિ સુધીની હોય છે. જે માણસ જાગ્રત છે તે પોતાની ભૂલ સમજાતાં તત્ક્ષણ ક્ષમા માગી લે છે. કયારેક ભૂલની ખબર મોડી પડતાં ક્ષમા માગવામાં સકારણ વિલંબ થાય છે. કયારેક આપણી ભૂલ ઇરાદાપૂર્વકની હોય, તો કયારેક અજાણતાં થઈ ગઈ હોય. કયારેક કેટલાક અશુભ વિચારો આપણા ચિત્તમાં ઊઠીને શમી જાય છે. એના માત્ર આપણે પોતે જ સાક્ષી હોઈએ છીએ. કેટલીક વાર અશુભ વિચારો બીજા આગળ શબ્દમાં વ્યકત થઈ જાય છે, પરંતુ એ પ્રમાણે સ્થૂળ આચરણ કરતાં અટકીએ છીએ; તો કયારેક વિચારના આવેગ પ્રમાણે સ્થૂળ દોષ પણ કરી બેસીએ છીએ. મનુષ્યનું ચિત્તતંત્ર એટલું બધું સંકુલ છે કે એમાં ઊઠતા પ્રત્યેક અશુભ વિચારની ગણતરીપૂર્વકની નોંધ રાખવાનું સરળ નથી. માટે જ ક્ષમાપનાનો આચાર વ્યાપક ધોરણે સ્વીકારવાની જરૂર રહે છે. એટલા માટે જ મન, વચન અને કાયાથી તથા કરતાં, કરાવતાં અને અનુમોદતાં એમ ત્રિવિધેત્રિવિધ પ્રકારે (નવ કોટિએ) અને તે પણ જાણતાં-અજાણતાં થયેલા દોષો માટે ક્ષમા માગવાની હોય છે. એ માગતી વખતે ગરીબ-તવંગર, સુશિક્ષિત-અશિક્ષિત, નાના-મોટાં, ગુરુ-શિષ્ય, શેઠ-નોકરના ભેદનો વિચાર ન કરતાં પોતે જ સામેથી ક્ષમા માગી લેવી જોઈએ.

આપણે કયા માણસની ક્ષમા માગવી ? માત્ર માણસ શા માટે ? સમસ્ત જીવરાશિની હાથ જોડી નતમસ્તકે હૃદયમાં ધર્મભાવ ધારણ કરીને ક્ષમા ન માગીએ, કે જેથી અજાણતાં પણ કોઈ રહી ન જાય ? શાસ્ત્રકાર કહે છે.

सव्वस्स जीवरासिस्स, भावओ धम्म निहिअ-निय-चित्तो;
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयं पि.

શાસ્ત્રકારોએ દૈનિક, પાક્ષિક. ચાતુર્માસિક અને સાંવત્સરિક એવા ચાર મુખ્ય પ્રકાર ક્ષમાપના માટે બતાવ્યા છે. પહેલા ત્રણ પ્રકાર ચૂકી જવાય તો છેવટે સાંવત્સરિક ક્ષમાપના તો દરેક માણસે અવશ્ય કરી જ લેવી જોઈએ, કે જેથી એ ઋણમાંથી મુકત થઇ જવાય. શાસ્ત્રકારો કહે છે કે જે માણસ સાંવત્સરિક ક્ષમાપના ચૂકી જાય એના કષાયો અનંતાનુબંધી બની જાય છે. વળી એને જો સમ્યકત્વ પ્રાપ્ત થયું હોત તો તે ચાલ્યું જાય છે. સમ્યકત્વની પ્રાપ્તિ માટે અને કષાયોની મંદતા માટે ક્ષમાના તત્ત્વને જીવનમાં ઉતારવાની આવશ્યકતા છે. ભૂલ તો બધાની થાય, પણ ક્ષમા બધા માગતા નથી. પરંતુ જે ક્ષમા માગે છે અથવા બીજાને ક્ષમા આપે છે તેના જીવનમાં દૈવી અંશો પ્રગટ થાય છે. To err is human, but to forgive is divine. ક્ષમા માગવી અને આપવી એ અપ્રમત્ત ચિત્તની નિશાની છે. ક્ષમા સાથે જો પશ્ચાત્તાપ, હૃદય-પરિવર્તન, ફરી એવી ભૂલ ન થાય તે માટેનો સંકલ્પ ઇત્યાદિ સંકળાયેલાં હોય તો તે પ્રકારની ક્ષમા ઊંચા પ્રકારની બને છે.

માત્ર ઉપાચાર તરીકે શબ્દોચ્ચાર કરીને 'મિચ્છામિ દુક્કડમ્' કહેવું એ દ્રવ્ય-ક્ષમા છે. વ્યવહારમાં એની પણ આવશ્યકતા છે, પરંતુ માણસે દ્રવ્ય-ક્ષમામાં અટકી ન જતાં ભાવ-ક્ષમા સુધી પહોંચવાનું છે.

ક્ષમાના પાંચ પ્રકાર ગણાવવામાં આવે છે. ઉપકારક-ક્ષમા, અપકાર-ક્ષમા, વિપાક-ક્ષમા, વચન-ક્ષમા (આજ્ઞાક્ષમા) અને અને ધર્મ-ક્ષમા. જેણે આપણા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો હોય તેવી વ્યકિતને એની ભૂલ માટે આપણે તરત માફ કરી દઇએ છીએ. જેના તરફથી આપણા ઉપર અપકાર

થવાનો ડર રહે છે, તેની આપણે તરત માફી માગી લઇએ છીએ. મોટા અશુભ કર્મોનો દુઃખદાયક વિપાક જ્યારે થાય છે ત્યારે તે વખતે આપણે આપણાં ભૂતકાલીન અશુભ કર્મોને માટે તથા ભવિષ્યમાં એવાં મોટાં દુઃખો ન આવી પડે એવા ભયથી ક્ષમા માગી લઇએ છીએ. એ વિપાક-ક્ષમા છે. તીર્થંકર ભગવાનનાં આજ્ઞા-વચન સાંભળીને આપણે ક્ષમાયાચના કરીએ છીએ તે વચન ક્ષમા. સમ્યક્ત્વ હોય તો જ આવી ક્ષમા આવે. ધર્મની સાચી સમજણમાંથી આત્માના સ્વાભાવિક ધર્મ તરીકે ક્ષમાનો ભાવ પ્રગટ થાય છે તે ધર્મ-ક્ષમા છે ભયંકર નિમિત્તો મળતાં પણ ગજસુકુમાલ, મેતારજ મુનિ વગેરેની જેમ ક્ષમાનો ભાવ રહે તે ધર્મક્ષમા. પહેલા ત્રણ પ્રકારની ક્ષમા અજ્ઞાની-મિથ્યાત્વી માણસોને પણ હોઇ શકે.

આ વિવિધ પ્રકારની ક્ષમામાં ધર્મ-ક્ષમા શ્રેષ્ઠ છે. તે અનાયાસ હોય છે. પ્રતિ ક્ષણ તમામ જીવો પ્રત્યે ક્ષમાનો ભાવ સહજ રીતે જ વહ્યા કરે તે સહજ-ક્ષમા છે. આપણી ધર્મક્ષમા સહજ-ક્ષમા બની રહેવી જોઇએ.

ભૂલનો બચાવ કરી બીજાની સાથે લડવા માટે તત્પર એવા ઘણા લોકો હોય છે. પરંતુ ઘણા એવા સરળ માણસો પણ હોય છે કે જેઓ ભૂલનો એકરાર કરી, તે માટે તરત ક્ષમા માગી લે છે. ક્ષમા માગવી એ બહુ અઘરી વાત નથી. પરંતુ બીજા કોઇએ આપણા પ્રત્યે ભૂલ કરી હોય તો તેનો બદલો ન લેતાં તેને સાચા દિલની ક્ષમા આપવી એ દુષ્કર કાર્ય છે. ઘણા માણસો બીજા માણસને એની નાનકડી ભૂલ માટે બરાબર પાઠ ભણાવવાના આશયથી ઘણું મોટું વેર વાળતાં હોય છે, પરંતુ સહિષ્ણુ અને ઉદાર એવા મહામના માણસો એવે પ્રસંગે પણ એને ક્ષમા આપી એનું હિત ઇચ્છતા હોય છે. હૃદયમાં સાચો કરુણાભાવ હોય તોજ આમ બની શકે.

ક્ષમા એ કરુણાની બહેન છે અને અહિંસાની દીકરી છે. ક્ષમા ધારણ કરવામાં ઘણી મોટી નૈતિક હિંમતની અપેક્ષા રહે છે. એટલા માટે જ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ 'ક્ષમા તેજસ્વિનામ ગુણઃ, ક્ષમા રૂપમ તપસ્વિનામ વગેરે કહેવાય છે. એટલા માટે જ ક્ષમાના અવતાર એવા પંચ પરમેષ્ઠીને સાધુથી અરિહંતો (તીર્થંકરો) ને આપણે 'ક્ષમાશ્રમણ' (ખમાસમણ) કહીને વંદન કરીએ છીએ.

કેટલાક કહે છે કે ક્ષમા એ પૃથ્વી અને સ્વર્ગ વચ્ચેની સીડી છે.

'Mutual forgiveness of each vice,
Such are the gates of paradise.'

જૈન ધર્મમાં તો ક્ષમાને મોક્ષના ભવ્ય દરવાજા તરીકે ઓળખાવવામાં આવી છે. ક્ષમાના ભાવથી જીવને કર્મનિર્જરા થાય છે. ક્ષમા કર્મક્ષય સુધી મુક્તિ સુધી જીવને પહોંચાડે છે.

ક્ષમાપના વગર કોઇ ધાર્મિક કે આધ્યાત્મિક આરાધના થતી નથી. જેણે આરાધનાની ઇમારત ચણવી હોય તેણે ક્ષમાનો પાયો નાખવો પડશે. ક્ષમા માગીને તથા ક્ષમા આપીને જે ઉપશાન્ત થતો નથી. તે સાચો આરાધક બની શકતો નથી. ભદ્ર બાહુસ્વામીએ એટલા માટે જ કહ્યું છે:

જો ઉવસમઈ તસ્સ અત્થિ આરાહણા
જો ન ઉવસમઈ તસ્સ નત્થિ આરાહણા

ક્ષમાની સાથે મૈત્રી જોડાયેલી છે. મૈત્રી હોય ત્યાં વેરભાવ ન હોય ક્ષમા સમગ્ર વિશ્વમાં શાંતિ અને સંવાદિતા સ્થાપવામાં ઘણો મોટો ફાળો આપે છે. એટલા માટે જ કેટલાક લોકોનું નિરંતર ભાવરટણ હોય છે:

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ-ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ.

જૈનોનું પર્યુષણ પર્વ એ ક્ષમાપનાનું પર્વ છે. પર્વ નિમિત્તે પરસ્પર ક્ષમાપના કરાય છે. એમાં ઔપચારિકતા ઘણી હશે. તેમ પણ જીવનને સુસંવાદી બનાવવામાં આ પર્વનો ફાળો ઓછો નથી.

---

(૧૦૫ પાનાથી ચાલુ)

સમજાવી વર્ણવી શકાતું નથી તેની લેવડદેવડ થઈ શકતી નથી. જ્ઞાનની લેવડદેવડ થઈ શકે છે. સુખના સાધનોની પણ લેવડદેવડ થઈ શકે છે. સુખની વાતો થઈ શકે છે, જેને જ્ઞાન કહેવાય છે. પણ સુખની અનુભૂતિની લેવડદેવડ નહિ થાય.

કર્મનું કાર્ય એટલે કે સ્થિતિમાન, સાદિ-સાન્ત છે. જ્યારે આત્માનું સ્વરૂપ સુખ પોતાનામાં નિત્ય છે. બહારમાં કાંઇ નથી.

તીર્થંકર પરમાત્માએ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને શ્રુતજ્ઞાન દ્વારા છદ્મસ્થ જીવોને જ્ઞાન આપ્યું, પરંતુ તેમનું કેવલજ્ઞાનનું સુખ તેઓ છદ્મસ્થજીવોને આપી શકતા નથી.

જ્ઞાનનો ક્ષયોપશમ થાય છે. શ્રુતજ્ઞાન દ્વારા અને ભાષા વર્ગણાના પુદ્ગલો ધ્યાનપૂર્વક ગ્રહણ કરવા દ્વારા જ્યારે વેદનીય કર્મનો તો ઉદય કહેલ છે; અને નહિ કે ક્ષયોપશમ. અજ્ઞાન-મોહ-મમત્વને કારણે ભય, શોક રતિ અરતિ આદિ મોહનીય કર્મને નિરંતર વેદીએ છીએ. જ્યારે અશાતા તો અશાતાના ઉદય વેળાએ જ વેદીએ છીએ.

નિષ્કામભાવ-કરુણાભાવ વેદવો એ વિવેકભાવ છે. વિવેક એ જ્ઞાન છે. જ્ઞાની ભગવંત અન્ય જીવો પ્રત્યેના કરુણાભાવને પણ વેદે છે. જ્યારે શાતા-અશાતાના ઉદયમાં અવિવેકી અને અજ્ઞાની જીવ અજ્ઞાન અને મોહને વેદે છે.

જ્ઞાનની લેવડદેવડ થવા છતાં, લેવાતું કે દેવાતું જ્ઞાન ખૂટતું નથી. સુખની લેવડ દેવડ થઈ શકતી નથી પણ તેના સુખના સાધનની લેવડ-દેવડ થઇ શકે છે. જ્ઞાનશાળાઓ ખોલાતી નથી. સુખ અને દુઃખએ ઉભય પોતા પર નિર્ભર છે. ન તો તે કોઇને અપાય છે, ન તો તે કોઈ પાસેથી લઇ શકાય છે. દાન દ્વારા સુખનું સાધન અપાય છે. પરંતુ સ્વયંનું સુખ આપી નથી શકાતું. સુખની સામગ્રી, સુખના સાધન આપવા છતાં તે જીવનો તથા પ્રકારનો પુણ્યકર્મનો ઉદય ન હશે તો આપેલું સુખનું સાધન નિષ્ફળ જશે. વળી એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે ઇન્દ્રિયોનાં વિષયો અને સુખનાં સાધન લેનારને ક્રમથી આપી શકાય છે. જ્યારે જ્ઞાનમાં તો જ્ઞાની એક બોલે અને હજારો-લાખો લોકો એકી સાથે સાંભળે. જ્ઞાન એકી સાથે અક્રમથી આપી શકાય છે.

દુઃખ અને દેહ અભેદ છે અને જ્ઞાનમાં કેવલજ્ઞાન જ શુદ્ધ જ્ઞાન છે. બાકીના અશુદ્ધ જ્ઞાન છે. માટે જેને જેને સુખની વાંછના હોય તેણે તેણે દુઃખના કારણભૂત એવાં દેહથી છૂટી દેહાતીત અને અશરીરી બનવાના પ્રયત્ન કરવા જોઇએ. જે માટે સુખના સાધનરૂપ જ્ઞાનમાં વધારો કરતાં જઈ જ્ઞાન વડે અજ્ઞાનને ખતમ કરી એક માત્ર શુદ્ધ કેવલજ્ઞાનની જ પ્રાપ્તિ કરવી જોઇએ.

# ગીતાના પ્રમુખ ભાષ્યકારો

● તનસુખ ભટ્ટ

અનેક સદીઓથી ગીતા હિંદુધર્મના સનાતન શાસ્ત્ર તરીકે સ્વીકૃત થઇ ચૂકી છે. તે ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર જેટલી જ પ્રમાણભૂત ગણાય છે. ઉપનિષદો, બ્રહ્મસૂત્ર તથા ગીતા મળીને પ્રસ્થાનત્રયી કહેવાય છે. આ પ્રસ્થાનત્રયીમાંથી પ્રમાણો દર્શાવીને વેદાંતના આચાર્યોને પોતપોતાના વિશિષ્ટ મતોના પ્રચાર માટે ભાષ્યો રચવાં પડે છે. ઉપનિષદોમાં પરબ્રહ્મના સ્વરૂપ વિષે તથા જગત સાથેના તેના સંબંધો બાબતમાં વિવિધ પ્રકારના ઉલ્લેખો મળે છે. બ્રહ્મસૂત્રનાં સૂત્રો એટલાં તો ટૂંકાં તથા અસ્પષ્ટ છે કે તે અનેક જાતના અર્થનિર્ણયો તારવવામાં ઉપયોગી થાય છે. ગીતા આ કરતાં વધારે સુસંગત દૃષ્ટિ આપે છે. ગીતાની આ સુસંગતતાને કારણે ભાષ્યકારો માટે પોતાના હેતુને પુષ્ટિ આપતા અર્થ નિર્ણયો તારવવાનું કામ કઠણ થઇ પડે છે. બૌદ્ધ ધર્મની પડતી દશા આવ્યા પછી ભારતમાં અનેક સંપ્રદાયો ઉત્પન્ન થયા. તે સંપ્રદાયોમાં અદ્વૈતવાદ, વિશિષ્ટા-દ્વૈતવાદ, શુદ્ધદ્વૈતવાદ તથા દ્વૈતા દ્વૈતવાદ મુખ્ય છે. પોતાના સંપ્રદાયોના મંડન માટે તથા અન્ય આચાર્યોના મતના ખંડન માટે આચાર્યોએ ગીતા ઉપર અનેક ટીકાઓ લખી છે. તેમને ગીતામાં પોતાના ધર્મવિચાર-તંત્રનાં તથા સ્વકીય તત્ત્વજ્ઞાનનાં દર્શન થયાં છે. આનું કારણ એ છે કે ગીતાકાર એવું સૂચવે છે કે જે શાશ્વત સત્યને આપણે ખોળીએ છીએ અને જે પરમ સત્યમાંથી અન્ય સર્વ અવાંતર સત્યો ઉદ્ભવે છે તે શાશ્વત સત્યને એક જ સૂત્રમાં સમાવી ન શકાય. વળી શાસ્ત્રના અભ્યાસમાંથી તથા ચિંતનમાંથી, આપણામાં જેટલી શક્તિ હોય તેટલા પ્રમાણમાં જ આપણે જીવનસભર સત્યો તથા આધ્યાત્મિક પ્રભાવો પ્રાપ્ત કરી શકીએ છીએ.

શંકરાચાર્ય (ઇ. સ. ૭૮૮-૮૨૦)નું ગીતાભાષ્ય અત્યારે ઉપલબ્ધ થતાં ગીતાભાષ્યોમાં સૌથી પુરાણું છે. પોતાની પ્રસ્તાવનામાં પોતાનાની અગાઉનાં જૂનાં ભાષ્યોનો ઉલ્લેખ તેઓ કરે છે. પરંતુ આજે તે ભાષ્યો આપણી પાસે નથી. શંકરાચાર્ય એમ સ્થાપિત કરે છે કે બ્રહ્મ એકમેવાદ્વિતીય છે. આ પરિદૃશ્યમાન સમગ્ર અનેકાભાસી સંસાર જાતે સત્ય નથી, પરંતુ અવિદ્યા વડે ઘેરાયેલા જીવોને જ તે સત્ય લાગે છે. આવા સંસારમાં બંધાવું તે જ બંધન છે. અને એવા બંધનમાં આપણે બધાં ફસાયાં છીએ. આપણે ખોઇ નાખેલી આ મુક્ત દશા આપણને આપણા પ્રયત્નોથી મળવાની નથી. કર્મ નિરર્થક છે, અને આ અંતરહિત એવા કાર્યકારણમય મિથ્યા સંસારમાં આપણને કર્મો દૃઢતાપૂર્વક જકડી રાખે છે. જીવ અને બ્રહ્મ વચ્ચે ઐક્ય છે. એવું જ્ઞાન જ મોક્ષ અપાવે છે. જ્યારે આવા જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે અહંકારનો વિલય થાય છે. ચોરાશીનો ફેરો ટળે છે તથા આપણને પૂર્ણ આનંદની ને ધન્યતાની પ્રાપ્તિ થાય છે.

'બ્રહ્મની વ્યાખ્યા સત્ તરીકે આપી શકાય.' બ્રહ્મ સર્વે ગુણોથી તથા વિશેષ કરીને કર્તા, કર્મ અને ઇન્દ્રિયજ્ઞાનના ક્ષેત્રથી પર છે. આમ હોવાથી તેને સાકાર કહી ન શકાય. પરિણામે બ્રહ્મને માટે અનુરાગ કે ભક્તિ હોઈ ન શકે.

શંકરાચાર્ય માને છે કે કર્મો ચિત્તશુદ્ધિ માટે આવશ્યક છે પરંતુ જ્ઞાનની પ્રાપ્તિ થતાં કર્મો આપોઆપ ખરી પડે છે. પ્રકાશ અને અંધકારની પેઠે જ્ઞાન અને કર્મ પરસ્પર વિરુદ્ધ છે શંકરાચાર્ય જ્ઞાન કર્મ સમુચ્ચયવાદને સ્વીકારતા નથી તેઓ માને છે કે જેઓ અજ્ઞાનમાં બંધાયા છે તથા તૃષ્ણા પ્રવાહમાં તણાયા છે તેમને માટે જ વૈદિક કર્મોનું વિધાન થયું છે. મુમુક્ષુએ આ વિધિવિધાનનો ત્યાગ કરવો ઘટે છે. શંકરાચાર્યના મત પ્રમાણે ગીતાનું લક્ષ્ય બધાં કર્મોનું અસ્તિત્વ ધરાવનારા આદિઅંતવાળા આ સંસારનો સમૂળો ઉચ્છેદ કરવાનું છે-જો કે તેમનું પોતાનું જીવન તો જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી પણ તેમાં પ્રવૃત્તિશીલ રહેવાનું દૃષ્ટાન્ત છે.

શંકરાચાર્યના ઉપદેશનો, તેરમી સદીમાં થયેલા આનંદગિરિ, શ્રીધર (ઇ. સ. ૪૦૦) તથા મધુસૂદને (સોળમી સદી) પ્રચાર કર્યો છે. તુકારામ તથા જ્ઞાનેશ્વર એ બે મહારાષ્ટ્રી સંતો અધ્યાત્મ-વિદ્યામાં શંકરાચાર્યને અનુસરવા છતાં મહાન ભક્તો છે.

રામાનુજાચાર્ય (ઇ.સ.ની અગિયારમી સદી) પોતાના ગીતાભાષ્યમાં કર્મત્યાગના તથા સંસારના મિથ્યાત્વના સિદ્ધાન્તનો પ્રતિવાદ કરે છે. યામુનાચાર્યે પોતાના ગીતાર્થ સંગ્રહમાં આપેલા અર્થનિર્ણયને તેઓ અનુસરે છે. રામાનુજાચાર્ય કહે છે કે પરબ્રહ્મ પરમાત્મા છે પરંતુ તે નિર્ગુણ નથી. પોતાના અસ્તિત્વનું તેને ભાન છે અને પોતે છે તેનું તેને જ્ઞાન છે. તે જ પ્રમાણે આ સંસારને સર્જવાનો તથા પોતાના સર્જેલા જીવોને મુક્તિદાન કરવાનો પરબ્રહ્મનો સભાન સંકલ્પ છે. તે અનંત, શાશ્વત, આદર્શ ગુણોનું ધામ છે. તે બ્રહ્માંડોથી યે આદિ છે તથા તેમનાથી યે પર છે. તે એકમેવાદ્વિતીય છે. પરબ્રહ્મ વેદોના-દેવોના સ્રષ્ટા હોવાથી આ દેવો તેમના સેવકો છે, તેમને પરબ્રહ્મે પોતપોતાનાં કર્તવ્યો બજાવવા માટે સ્વસ્થાને નીમેલા છે. આ સંસાર નથી મિથ્યા કે નથી ભ્રમ પરંતુ તે અસત્ તથા સત્ય છે. જેમ દેહ અને આત્મા એક છે તેમ સંસાર અને સર્વેશ્વર એક છે. સંસાર અને ઇશ્વર મળી એક સમગ્રતા સરજાય છે. છતાં બંને અનિવાર્યપણે પરસ્પર ભિન્ન છે. સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં સંસાર, વૈવિધ્યપૂર્ણ આવિર્ભાવની તથા પ્રત્યક્ષ અસ્તિત્વની દશામાં પહોંચ્યો ન હોવાથી સંભવિતતાની (સામ્યાવસ્થાની) સ્થિતિમાં હોય છે. ઉત્પત્તિ થતાં તેનો નામરૂપમાં વિસ્તાર થાય છે. સંસાર ઇશ્વરનો દેહ છે, એમ દર્શાવવાથી એવું સૂચિત થાય છે કે પર બ્રહ્મે આ જગતને કોઇ બહારના પદાર્થમાંથી, કોઇ બીજા તત્ત્વમાંથી, નહિ પરંતુ પોતાનામાંથી જ ઉત્પન્ન કર્યું છે. ઇશ્વર આ સંસારનું ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણ છે. દેહ અને આત્માનું દૃષ્ટાન્ત એટલા માટે અપાયું છે કે જેમ દેહ સંપૂર્ણપણે આત્માને આધીન છે તેમજ આ જગત પણ સંપૂર્ણપણે ઇશ્વરને આધીન છે. વળી જગત ઇશ્વરનો માત્ર દેહ જ નથી પરંતુ તેનો અવશેષ (ઇશ્વરસ્ય શેષ) છે. આ શબ્દ પ્રયોગ જગતની ઇશ્વર સંબંધી સંપૂર્ણ આધીનતા, તેની પરપ્રકાશિત દશા, તથા મૂળ કારણ રૂપે નહિ પણ ગૌણભાવે તેની સ્થિતિ હોવાની સ્પષ્ટતા કરે છે.

સમગ્ર જ્ઞાનની કલ્પના આવવાની સાથે તેનાથી વિભિન્ન એવા એક કર્તા-કર્મની કલ્પના આવવાની જ. રામાનુજાચાર્ય તેને એક આધીન દ્રવ્ય અથવા ધર્મભૂત દ્રવ્ય કહે છે. આ ધર્મભૂત દ્રવ્ય બહાર વિસ્તરી શકે છે. જીવ મિથ્યા નથી તથા મોક્ષદશામાં તેનો વિલય થતો નથી. આત્મા મારા શરીરની ચેતના છે. તે જ પ્રમાણે ઉપનિષદવાક્ય 'તત્ત્વમસિ'નો અર્થ

ઇશ્વર મારો આત્મા છે એવો થાય છે, જે રીતે આત્મા દેહનું ધારક તત્ત્વ છે તેજ રીતે ઇશ્વર આત્માનું ધારક, નિયંત્રક તત્ત્વ છે. ઇશ્વર તથા આત્મા બંને એક છે તેનું કારણ એ નથી કે બંને સર્વ રીતે સમાન છે, એકરૂપ છે, પરંતુ તેનું કારણ એવું છે કે ઇશ્વર આત્મામાં વસે છે, ઇશ્વર આત્મામાં અંતર્ગત છે, અંતર્ભૂત છે. ઇશ્વર આપણો માર્ગદર્શક અંતર્યામી છે, તે અંતરાત્મા છે, અને તેથી તે આત્માનું પ્રાણપ્રદ, ચૈતન્યરૂપ, તત્ત્વ છે. **સર્વ વ્યાપકતાનો અર્થ એકાત્મતા થતો નથી. ત્રિકાલમાં તથા કાલાતીત અનંત દશામાં પણ સર્જનહાર પોતાના સર્જનથી વિભિન્ન છે.**

રામાનુજાચાર્ય પોતાના ગીતા ભાષ્યમાં એક પ્રકારના સાકાર ઇશ્વરીય રહસ્યવાદની માંડણી કરે છે. માનવ આત્માના એકાંત, ગુપ્ત, રહસ્યમય, ઊંડેરા ઓરડામાં ઇશ્વરનો નિવાસ છે ખરો પરંતુ જીવ જ્યાં સુધી મોક્ષપ્રદ જ્ઞાન પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેને તેનો સાક્ષાત્કાર થતો નથી. આપણા હૃદય વડે અને આત્મા દ્વારા ભગવાનની સેવા કરવાથી આપણને આ મોક્ષપ્રદ જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે. જેમને ઇશ્વરીય કૃપાપ્રસાદ મળ્યો છે તેમનામાં જ પરમેશ્વર પ્રતિ અપરિમેય શ્રદ્ધા, અખંડ વિશ્વાસ જાગે છે. ગીતામાં જ્ઞાન, ભક્તિ અને કર્મના માર્ગ પ્રબોધાયા છે, એ હકીકત રામાનુજાચાર્ય કબૂલ રાખે છે, પરંતુ તેમનું મંતવ્ય છે કે ગીતાનો ખરેખરો ઝોક ભક્તિ પ્રતિ છે. પાપની અધમતા, દિવ્ય પરમાત્મ તત્ત્વ માટે તલસાટ, ભગવાનના સર્વજિત પ્રેમ પ્રતિ ભારોભાર ભરોસો, વિશ્વંભરમાં વિશુદ્ધ વિશ્વાસ, ઇશ્વરમાં અવિચળ શ્રદ્ધા અને દિવ્ય પરમાત્મતત્ત્વે કરેલી પોતાની પસંદગીની અનુભૂતિ ઇત્યાદિ બાબતો પર રામાનુજાચાર્ય ભાર મૂકે છે.

તેઓ વિષ્ણુને પરમાત્મા ગણે છે. વિષ્ણુના દિવ્ય સિંહાસન પર અન્ય દેવો બેસી સકતા નથી. મુક્તિ એટલે સ્વર્ગમાં કહો, કે વૈકુંઠમાં કહો, પ્રભુસેવા અને પ્રભુનું પરમ સખ્ય.

મધ્વાચાર્યે (ઇ. સ. ૧૧૯૯થી ૧૨૭૬) ભગવદ્‌ગીતા ઉપર ગીતાભાષ્ય અને ગીતાવાત્પર્ય નામે બે રચના કરી છે. તેઓ ગીતામાંથી દ્વૈતવાદને તારવવા મથે છે. તેઓ કહે છે કે પરમાત્મા સાથે આત્માની એકરૂપતા છે એમ એક અર્થમાં કહેવું અને સાથોસાથ તે બંનેની ભિન્નતા છે એમ પણ કહેવું એ વિરોધમય કથન છે, વદતો વ્યાઘાત દોષ છે. આત્મા અને પરમાત્મા બંને એક બીજાથી ત્રણે કાળમાં ભિન્ન છે. તેજ પ્રમાણે તેમની વચ્ચે, આંશિક કે સંપૂર્ણ એકરૂપતા પણ અશક્ય છે. મધ્વાચાર્ય ઉપનિષદના 'તત્ત્વમસિ' મહાવાક્યનો અર્થ એવો કરે છે કે આપણે તારે અને મારે એવા ભેદભાવોનો ત્યાગ કરવો ઘટે છે તથા પ્રત્યેક પદાર્થ પરમાત્માના નિયંત્રણને આધીન છે એમ માનવું જોઇએ. તેમના મતાનુસાર ગીતામાં ભક્તિમાર્ગની સ્થાપના કરવામાં આવી છે.

નિમ્બાર્કાચાર્ય (ઇ. સ. ૧૧૬૨) દ્વૈતાદ્વૈતવાદ પ્રબોધે છે. તેમણે બ્રહ્મસૂત્ર પર લખ્યું છે તથા તેમના કેશવ કાશ્મીરી નામના શિષ્યે ગીતા પર તત્ત્વ પ્રકાશિક નામની ટીકા કરી છે. નિમ્બાર્કાચાર્ય માને છે કે, જીવ, જગત અને બ્રહ્મ પરસ્પરભિન્ન છે. જીવ તથા જગતનાં અસ્તિત્ત્વ તથા પ્રવૃત્તિ પ્રભુની ઇચ્છા પર અવલંબે છે. તેમના લખાણનો પ્રમુખ ધ્વનિ, મુખ્ય મુદ્દો છે પરમાત્માની ભક્તિ.

વલ્લભાચાર્ય (ઇ. સ. ૧૪૭૯) શુદ્ધાદ્વૈતવાદનું પ્રસ્થાપન કરે છે, **જીવની વિશુદ્ધ તથા ભ્રમમુક્ત દશામાં જીવ તથા બ્રહ્મ એક રૂપ જ છે.** જેમ અગ્નિમાંથી તણખા ઊડે છે તેમ ઇશ્વરમાંથી જીવો ઉત્પન્ન થાય છે. પરબ્રહ્મના અનુગ્રહ વિના મોક્ષ પ્રાપ્ત માટેનું આવશ્યક એવું જ્ઞાન જીવને મળી શકતું નથી. મોક્ષપ્રાપ્તિનો સૌથી અગત્યનો ઉપાય પરમાત્માની ભક્તિ છે. ભક્તિ એટલે અનુરાગયુક્ત સત્ય (સરખાવો શ્રીમદ્ ભાગવતના પ્રથમ અંતિમ શબ્દો : सत्यं परं धीमहि–).

ભગવદ્‌ગીતા ઉપર બીજા અનેક ભાષ્યકારો થયા છે. આપણા પોતાના યુગમાં આવા ભાષ્યકારોમાં મુખ્ય બાળ ગંગાધર તિલક તથા શ્રી અરવિંદ મહાત્મા ગાંધી તેમનું પોતાનું મંતવ્ય ધરાવે છે.

વિવિધ અર્થ નિર્ણયોમાં રહેલા ભેદો ને વિવિધ સ્વીકૃત દૃષ્ટિબિંદુઓને કારણે નિર્ણયાત્મક બનેલ ભેદો ગણવાનું સામાન્ય વલણ છે. હિંદુ પરંપરા માને છે કે **આવાં વિધવિધ દૃષ્ટિબિંદુઓ એકમેકનાં પૂરક છે.** ષડદર્શનો સુદ્ધાં વિધ વિધ દૃષ્ટિબિંદુઓ છે. અર્થાત્ વિવિધ પ્રકારે એક જ સત્યનાં થયેલાં જુદાં જુદાં દર્શનો છે. આમ હોવાથી તે દર્શનો પણ પરસ્પર વિરોધી નહિ પરંતુ પૂરક છે. ભગવદ્ ગીતા કહે છે કે ઋષિઓએ ભિન્ન ભિન્ન પ્રકારે તત્ત્વોનું નિરૂપણ કર્યું છે. એક પ્રચલિત શ્લોક કહે છે: 'દેહભાવે હું તમારો દાસ છું જીવભાવે તમારો અંશ છું. આત્મભાવે તમે અને હું એકજ છીએ એ આવી મારી પ્રતીતિ છે' જે ભૂમિકામાં ચેતના કેન્દ્રસ્થ બને છે તે ભૂમિકા અનુસાર પરમાત્માની તું ના કે હું ના સ્વરૂપમાં અનુભૂતિ થાય છે.

# અંગ્રેજી માધ્યમના ઘોડાપૂર

નાનાલાલ વમા

સ્વરાજ્ય મેળવ્યું, ત્યારે કલ્પના પણ ન હતી કે આ દેશમાં અંગ્રેજી ભાષાનું પ્રાબલ્ય અનેકગણું વધી જશે.

આજે મુંબઇ જેવા શહેરમાં લાખો ગુજરાતી બાળકો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં દાખલ થઇ રહ્યા છે. નવી નવી શાળાઓ ખુલતી જાય છે. ગુજરાતી શાળાઓ પણ આ ફેશનના ઘોડાપૂરમાં તણાઇ છે અને ત્યાં અંગ્રેજી વિભાગો ખૂલ્યા છે. ઘણી શાળાઓના સંચાલકો ગુજરાતી શાળાઓ બંધ કરવાનું વિચારે છે. કેટલીક બંધ પડી પણ છે.

કેટલીય કોલેજોમાં ગુજરાતી વિભાગ બંધ થયો છે.

આ હિસાબે પંદરેક વર્ષ બાદ ભાગ્યેજ ગુજરાતી અખબારો કે સામયિકો કે પુસ્તકો વંચાશે. જે કંઇ વંચાશે તે વૃધ્ધો માટે જ છે, એમ મનાશે.

સ્વરાજ વખતે આફ્રિકામાં ખાસ કરીને પૂર્વ આફ્રિકામાં ગુજરાતીનું રાજભાષા જેવું માન હતું. ત્યાંની ચલણી નોટો પર ગુજરાતીમાં અક્ષરો અને આંકડા લખાતા. ૧૯૬૦માં એ વિસ્તારો સ્વતંત્ર બન્યા ત્યારે શાળાઓ અને વહીવટી તંત્રમાંથી ગુજરાતી દૂર કરવાનો નિર્ણય લેવાયો. એના અનુસંધાનમાં દરેક દરેક જિલ્લાની ગુજરાતી શાળાઓના કમ્પાઉન્ડમાં ગુજરાતી પુસ્તકાલયોની લાખો પુસ્તકોની હોળી કરવામાં આવી. (જગા કરવા માટે)

આપણે અર્થપ્રધાન લોકો એટલે ૧૦ લાખ ગુજરાતીઓ આફ્રિકામાં હતા, તેઓ કંઈ ન બોલ્યા. ગુજરાતી સાહિત્ય પરિષદને તો આવી વાતની ખબર જ નહોતી અને આપણા અખબારો એ અરસામાં દેશના અને પક્ષોના ઘડતરમાં લાગેલા હતા.

પંદરેક વર્ષો બાદ ગુજરાતી પુસ્તકો પરતીવાળા પણ નહીં લે એવી સંભાવના છે. આજે ય મુંબઇના કાલબાદેવી, ભુલેશ્વર વિસ્તારોમાં ઘૂમકેતુના 'તણખા' જેવા પુસ્તકો ફૂટપાથ પર બબ્બે રૂપિયે વેચાય છે. મુંબઈના મેળાવડાઓમાં મંચ પર મહાલતા આજના મહાનુભાવોને નવી પેઢી નામથી પણ નહીં ઓળખે.

આજે મુંબઇના શાળાંત અંગ્રેજી માધ્યમવાળા લાખો ગુજરાતી છોકરા છોકરીઓને ઉમાશંકર, સુંદરમ, નરસિંહ, મીરા વગેરે નામો પરિચિત નથી લાગતા.

અંગ્રેજી માધ્યમની પાછળની આ ભયાનક દોટનું કારણ શું? એના પરિણામો શું? બાળકોને આ શિક્ષણ આપવા પાછળ કયું માનસ છે? શ્રીમંતાઇનો દોર દમામ? આઈ. એ. એસ. જેવી વહીવટી નોકરીઓ? મેડિકલ કોલેજો કે બજનેરી સંસ્થાઓમાં પ્રવેશ? કે ગ્રીનકાર્ડનો માર્ગ સરળ બને તે! દેશભક્તિ કે પોતાની ભાષાનો પ્રેમ વગેરે અવ્યવહારુ બાબત છે, તેની તો બધા જ માબાપોને ગ્રંથી બંધાઈ છે.

જગતભરમાં – વિશ્વસંસ્થાના બાળહકકોના ખતપત્રમાં તેમજ પરંપરાઓમાં–દરેક બાળકને માતૃભાષામાં શીખવાનો અધિકાર માન્ય રખાયો છે.

બીજા વિશ્વયુદ્ધના વર્ષોમાં લાખો નિરાધાર શરણાર્થી બાળકોની છાવણીઓ થતી. દુશ્મન દેશના બાળકોને પણ તેમની જ ભાષા શીખવાડાતી. ત્યારે વિજેતાઓએ એવો આગ્રહ નહોતો સેવ્યો કે પોતાની ભાષા શીખવવી.

આપણા બાળકોનો આ હકક કોઇ સ્વરમુખત્યારે છીનવ્યો હોત તો હજારોની શહીદી વહોરી લઇને પણ આપણે માતૃ-ભાષાને ટકાવી હોત.

આજે માબાપો જાતે જ સામે ચાલીને પોતાના બાળ-કોને પરભાષામાં શીખવવા પર ભાર મૂકે છે.

મનુષ્યના મગજની ખીલવણી વિષે તજજ્ઞો કહે છે કે મગજના અબજો કોષો બાળક જન્મતાં જ આસપાસના દૃશ્યો, શબ્દો, અવાજો, ગ્રહણ કરે છે. કમ્પ્યુટરની ભાષામાં તે બધું 'મેમરી' રૂપમાં સંગ્રહે છે. ચાર પાંચ વર્ષનું બાળક બરાબર વાતચીત કરતું થઇ જાય છે. તેને ચોપડી વાંચતાં ન આવડે, તો પછી વ્યાકરણ કયાંથી આવે? છતાં બાળક લગભગ શુદ્ધ ભાષા બોલે છે.

કોણે એને આ બધું શીખવ્યું?

ચાર પાંચ વર્ષની વયના બાળકના મગજમાં હજારથી વધુ શબ્દો અભિવ્યકિતમાં વપરાય છે. પરિણામે એ છ વરસે ભણવાનું શરૂ કરે, એટલે એનો શબ્દભંડોળ ઝડપથી વધે છે. શાળાંત વય સુધીમાં દસેક હજાર શબ્દો તે સમજી શકે છે.

ભાષાની આવડત શબ્દભંડોળ પર આધારિત છે, મહાવરા પર આધારિત છે. શબ્દભંડોળ અભ્યાસ અને આજુબાજુના વાતાવરણ પર આધારિત છે. જેની ભાષા અને શબ્દભંડોળ સારાં હોય, જેની ગ્રાહ્ય શકિત વધારે સતેજ હોય તે લખી શકે પણ સરસ રીતે. વસ્તુને સમજાવતાં તેને બરાબર આવડે.

પરિણામે માતૃભાષામાં શીખેલો વિદ્યાર્થી, સ્વાભાવિક રીતે, વધુ તેજસ્વી થાય છે. તે વધુ પુસ્તકો વાંચી શકે છે. તેને વિષયો સમજવામાં મુશ્કેલી પડતી નથી.

મુંબઇ જેવા શહેરમાં બધા જ માધ્યમોની શાળાંત પરીક્ષા એક જ હોય છે, એટલે મુંબઇના પરિણામો પરથી કઇ ભાષાના છોકરાઓ પ્રમાણમાં મેદાન મારી જાય છે, તે જાણી શકાય છે.

કેટલાય વર્ષોથી, પહેલા પચાસના મેરીટ સ્કોલરશિપના પરિણામો અસંદિગ્ધપણે બતાવી દે છે કે પ્રાદેશિક ભાષાના છોકરા છોકરીઓ ઘણા આગળ રહે છે. અંગ્રેજી ભાષામાં ભણેલા છોકરાઓ માર્ક સ્કોર કરી શકતા નથી.

અંગ્રેજી માધ્યમવાળા બાળકો ભણવા જાય, ત્યારે તેમના મગજે પોતાના કોમ્પ્યુટરમાં જે કંઇ મેળવ્યું, તે અભરાઇ પર મૂકવું પડે છે. વિદેશી ભાષા શીખતાં બહુ જ મુશ્કેલી પડે છે. શાળાંત અભ્યાસ સુધીમાં તે ભાગ્યે જ ત્રણેક હજાર શબ્દોનો પરિચય મેળવે છે. પરિણામે તેની ગ્રાહ્ય શકિત, તેમજ અભિવ્યકિત માતૃભાષામાં શીખેલા વિદ્યાર્થી કરતાં અધી કે ત્રીજા ભાગની હોય છે.

અલબત્ત, ભારે તેજસ્વી બાળકો આમાં અપવાદરૂપ નીવડે છે.

શાળાંત પરિણામો છતાં માબાપની આંખો નથી ખૂલતી, કારણકે કોલેજના એડમિશનમાં તેમજ ત્યાંના અંગ્રેજી માધ્યમના શિક્ષણમાં અંગ્રેજીવાળાઓને લાભ રહ્યો છે. વળી પ્રરતા પ્રમાણમાં અકવાઓ ફેલાવાઈ છે કે મોટા ભાગની વેપારી પેઢીઓ અંગ્રેજી માધ્યમવાળાને જ નોકરી આપે છે. રાજકારણના વાવંટોળે લોકોના માનસ પર ઠીકઠીક પ્રભાવ પાડયો છે. અમુક અણગમતી વ્યકિતએ અંગ્રેજી ભાષા કાઢી નાખવાનું કહ્યું, તેથી તેની વાતનો વિરોધ કરવો. ગુજરાતમાં પાંચમા અને આઠમા ધોરણની તકરારે આખા દેશને ભડકાવી દીધેલો કે હવે ગુજરાતનું શિક્ષણ ખાડે જશે. ગુજરાતી ભાષાને લીધે જ ત્યાં ઘણું બધું બગડયું છે, એમ પણ તેઓ માની બેસે છે. ખુદ ગુજરાતના ગામડામાં અંગ્રેજી માધ્યમની શાળા ન હોય, તો ત્યાંના ડોકટરો વકીલોને અફસોસ કરતાં જોયા છે.

સાચી વાત એ છે કે માતૃભાષામાં શિક્ષણ આપવાનો નિર્ણય બ્રિટિશ રાજ વખતે જ લેવાયેલો હતો. છેક ૧૯૩૫ થી કે તેની પહેલાં આ છૂટછાટ અપાઇ હતી. અંગ્રેજી રાજ અને અંગ્રેજી ભાષાની બોલબાલા છતાં આમ બન્યું હતું.

મહાત્મા ગાંધીજી માતૃભાષા તથા હિંદી વિષે બોલતા જ, પણ અનેક વિદ્વાન નેતાઓએ પણ તેમ કર્યું હતું. મરહૂમ નેતા અકબર હૈદરીએ છેક ૧૯૨૫માં કહ્યું હતું કે માતૃ-ભાષાના શિક્ષણથી વંચિત રાખવા જેવો અત્યાચાર બીજો કોઇ નથી. આંબેડકરે તો સંસ્કૃતમાં શીખવવાની અને તેને આખા રાષ્ટ્રની ભાષા બનાવવાની વાત કરી હતી. ફ્રેન્ચો, જર્મનો પોતાની ભાષા માટે લડયા છે.

મોરારજીભાઇએ તો કોંગ્રેસની નીતિના અમલનો આગ્રહ સેવ્યો હતો. બાકી લગભગ બધા જ રાજ્યોએ પ્રાદેશિક ભાષા અપનાવી છે, એકલા ગુજરાતે નહીં.

ગુજરાતના યુવાનો વેપાર ધંધામાં તથા નોકરીમાં ઠીક ઠીક આગળ રહ્યા છે. ગુજરાતી માધ્યમવાળા ઘણા, હજારો– યુવાનો અમેરિકા જાય છે, અને ત્યાંના વિદેશી વાતાવરણમાં પણ સારી રીતે ગોઠવાઈ ગયા છે. અમેરિકાની સંસ્થાઓ અને પેઢીઓમાં તેમને ઊંચા સ્થાનો મળ્યા છે.

આઠમાવાળા પાછળ નથી રહ્યા તો પાંચમાવાળા તો ન જ રહે. પાંચમાવાળા પણ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાની તરફેણ કરે છે.

આમ અંગ્રેજી માધ્યમ પાછળ દોડનારા માબાપોની કોઈ માન્યતા સાચી નથી. શ્રીમંતો કોન્વેંટમાં ભણવા મોકલે, એ બ્રિટિશ તંત્રનો વારસો હતો તે ચાલુ રહ્યો. પછી વ્યાપક બનતો ગયો. શ્રીમંત યુવાનો, વચ્ચેથી અભ્યાસ છોડે તો ય તેમને પરવડે, તેનો ખ્યાલ મધ્યમ વર્ગીય માબાપોને ન રહ્યો. કોન્વેંટ સારા ભણતરની નહીં, પણ પ્રતિષ્ઠા, અને મોભાની ચીજ હતી અને છે.

અધૂરામાં પૂરું દેશની મેડિકલ અને ઇજનેરી સંસ્થાઓમાં પણ પ્રાદેશિક ભાષાના માધ્યમોમાં શિક્ષણ લેનારાઓનું પ્રાબલ્ય રહ્યું. મુંબઈમાં તો લગભગ ૭૦ ટકા છોકરા છોકરીઓ પ્રાદેશિક માધ્યમવાળા હોય છે, અને બાકીના ૩૦ ટકા અંગ્રેજી માધ્યમવાળાઓ કરતાં, સરાસરીરીતે પ્રાદેશિક વિદ્યાર્થીઓના માર્ક વધારે હોય છે.

'આઈ. એ. એસ.'ની વાત કરીએ તો આટલી કોન્વેન્ટો અને અંગ્રેજી શાળાઓના રાફડા છતાં આખા મહારાષ્ટ્રમાં એવા ઘણા વરસો ગયા છે કે જ્યારે એક પણ જણ, આઇ. એ. એસ. ન બની શક્યું હોય.

આમ સર્વીસ, ગ્રીન કાર્ડ, ઉચ્ચ અભ્યાસ, મોટી પ્રોફેશનલ સંસ્થાઓના એડમિશન, સ્કોલરશિપ, વિશાળ વાંચન વગેરે અનેક ક્ષેત્રોમાં પ્રાદેશિક ભાષાઓનું સરિયામ વર્ચસ્વ છે.

અંગ્રેજી માધ્યમનું ઘોડાપૂર કેવા ખોટા માર્ગે જઈ રહ્યું છે, તેનો આના પરથી ખ્યાલ આવશે.

આપણી ભાષાઓ વિલીન થશે, એ ભય કરતાંય બીજા ભયો અનેક છે.

અંગ્રેજી માધ્યમના ભણતરમાં પહેરવેશ, ખોલચાલ, વર્તન, વધારાના પુસ્તકોનું વાંચન વગેરેમાં એકવાક્યતા છે. તે ગોરી યુરોપી પ્રજાની રીતભાતની નકલ ગોરાઓનું, પાશ્ચાત્ય સંસ્કૃતિનું મોટાપણું સ્વીકારવાનું વલણ, અજાણપણે આ દેશ પ્રત્યે અભાવ જાગે, વિમુખતા આવે, ધર્મ, સંસ્કાર પ્રત્યે કોઈ અભિરુચિ ન રહે, કુટુંબપરસ્તી સાવ ઓછી થાય એવું વલણ પેદા થાય છે.

વિદેશી ભાષામાં, પરધર્મની કવિતા કે પ્રાર્થના, બાળક બોલે, અને તેને ગૌરવ માને એ સમાજ કેવો દરીદ્ર હોય! એનું પોતાપણાનું પોત કેટલું પાતળું હોય!

અમેરિકામાં 'ટાઇ' નીકળી ગઈ છે, પણ અહીંની અંગ્રેજી શાળાઓમાં તે પ્રતિષ્ઠાવંત યુનિફોર્મનો ભાગ છે. અહીંની અંગ્રેજી માધ્યમ શાળાઓમાં ચાંદલો, સેંથી પૂરવી વગેરે પ્રતિબંધિત છે. ભારતીય તહેવારોનું ત્યાં બહુ મહત્ત્વ નથી.

અંગ્રેજી માધ્યમની શાળાઓમાં બાળકોને સખ્ત શારીરિક માર પડે છે. (આનો ઇન્કાર કરે તેઓ કાં જૂઠું બોલે છે, કાં અણજાણ છે.)

આપણી સરકારો સામાન્યતઃ જડ અને ચીલાચાલુ હોય છે તેમણે પણ બાળકો સાથે મનોવૈજ્ઞાનિક રીતે કામ લેવું એવી આચારસંહિતા ઘડી છે.

આ આચારનો છડેચોક ભંગ અંગ્રેજી તેમજ કોન્વેન્ટની શાળાઓમાં થાય છે. ત્યાં બાળકોને સોટીથી ફટકારાય છે. અમુક ગુન્હાના અમુક ફટકા એવું કોષ્ટક બનાવાયું હોય છે.

આપણા માબાપો મારમાં બહુ માનતા નથી, પણ શિસ્તની ખાતર, પોલીસની આ થર્ડ ડીગ્રી પદ્ધતિ સ્વીકારી લે છે. અંગ્રેજી માધ્યમની કે કોન્વેન્ટની શાળાની બહાર જઈને લોકો જુએ તો ખબર પડશે કે શિસ્ત કેવી છે!

લશ્કરી શાસનવ્યવસ્થા નીચેની શિસ્ત એ સાચી શિસ્ત ન કહેવાય.

જ્યારે ઘણી મરાઠી ગુજરાતી શાળાઓમાં બાળકોને શારીરિક સજા ન જ કરવી એવો નિયમ ઘડેલો હોય છે.

બાળકો બોલી શકતા નથી, એટલે કેટલાક અત્યાચારો તેમને સહન કરવા જ પડે છે. પણ જો કોઈ જીવદયા મંડળીને એ વાતનો ખ્યાલ આવે કે બે કે અઢી વરસના નાનકડા ફૂલ સમા બાળકને જડ નિશાળોમાં નાખી આવવા એ ભયાનક ક્રૂરતા છે, તોજ સમાજનું અને મા બાપોના ઘોર અપરાધનું નિરાકરણ શોધવામાં કાર્યવાહી થઈ શકે.

દુનિયામાં બધે જ ૭ વરસની વય બાદ બાળકને ભણાવવાની પ્રણાલિકા છે. સમગ્ર સુધરેલા કે જંગલી સમાજની આ પરંપરા છે. અમેરિકા કે રશિયા-કયાંય બાળકોને કુમળી વયમાં ભણાવાતા નથી. બાળકોનો શૈશવ ભોગવવાનો, રમવાનો ઘર આંગણે ઉછરવાનો અબાધિત અધિકાર છે.

પ્રાદેશિક માધ્યમોનું ભણતર બહુ ઓછું ખર્ચાળ છે. અંગ્રેજી માધ્યમ મધ્યમ વર્ગના લોકોનું ધન, સગવડો ચૂસી લે છે. વધુ ખર્ચનો કોઇ બદલો મળતો નથી. ઉલટું બાળકોને અભિમાની (સ્નોબીશ), લાગણી વગરના, તથા ઓછા તેજસ્વી બનાવવાનું ભણતર વધુ રકમથી આપવામાં આવે છે.

અહીં નર્સરી, કે. જી., સીનીયર કે જી., લોઅર કે. જી. વગેરે દુકાનો છે. આધુનિક માબાપોને બાળકો ઘરમાં ભારરૂપ લાગે છે? તેઓ વ્યવસાયી હોવાથી, ભણતરના નામે, કયાંક ધકેલવાની વાત પસંદ કરે છે?

પરિણામે બિચારા રોકકળ કરતા બાળકોને રોજ સવારે પાંજરાવાળી ગાડીમાં, તંગ યુનિફોર્મમાં લઈ જવામાં આવે છે. પહેલા દિવસે બારણાં બંધ કરી ખૂબ રડાવવામાં આવે છે. ક્યારેક પૂરવામાં આવે છે. ડરાવાય છે. બાળકો તરફડે છે. રડે છે. શાળાએ જવાના વાંધા કરે છે.

પણ મોટાઓની ક્રૂરતા સાથે કેટલું ટકાય?

સર્કસમાં સિંહો પણ આખરે સ્ટૂલ પર ઉભા રહેતા થઈ જાય છે, તો મારુ, ચોકલેટ વગેરેના સાધનોથી બાળકો બિચારા પોપટિયું વર્તન કરતા થઇ જાય છે.

ખૂબીની વાત એ છે કે સરકારે નમતું મૂકીને, વયની બાબતમાં સાતને બદલે અભ્યાસ શરૂ કરવા માટે પૂરા પાંચ વર્ષનો નિયમ ઘડયો છે છતાં તે કરતાં ય વહેલા વહેલા પહેલા ધોરણમાં મૂકવા આપણા માબાપો તૈયાર હોય છે.

આ બધી ક્રૂરતા, અવહેલના, અપમાન, વગેરે માટે વિશ્વસંસ્થાને ફરિયાદ થઇ શકે.

જે સમાજ પોતાના બાળકો પ્રત્યે બેરહમ છે, તે સમાજના વૃદ્ધોના હાલહવાલ થાય છે. તે સમાજમાં હિંસા સ્વાભાવિક બને છે. તે સમાજમાં જોહુકમી, રિવાજ બને છે.

વિશ્વના આંખના નિષ્ણાતો કહે છે કે પાંચ વરસ સુધી આંખનાં જ્ઞાનતંતુઓ મજબૂત નથી બનતા. તેથી 'એક જ સપાટી પરનું વાંચન અને નિરીક્ષણ' બાળકની આંખને નુકસાન કરે છે.

આપણે ત્યાં બેથી પાંચ વર્ષની વય વચ્ચે જ બારાખડી, આંક, ગણિત, પ્રાર્થના વગેરે શીખવાડી લેવાય છે. તેની પરીક્ષાઓ પણ થાય છે. નોટબુકો પણ બને છે. નાપાસનો ભય

અપાય છે. હોમવર્ક કરવું પડે છે. રમતનો કોઇ સમય અપાતો નથી. એ વયમાં નિષ્ફળ નીવડેલાઓને સજા પણ થાય છે. વધુ ભણાવવા ટ્યુશનો પણ રાખવા પડે છે.

અંધેરી જેવા ઉપનગરમાં અંગ્રેજી માધ્યમની કહેવાતી આગળ પડતી શાળાઓમાં ભણનારા નાના મોટા બાળકોને ભીન્ન વિષયો ઉપરાંત 'ડિસીપ્લીન' શીખવવા માટે પણ ટ્યુશન રખાય છે. માબાપના દેખતાં કૂટપટીથી સજા પણ થાય છે, અને 'પારકી મા કાન વિંધે' એમ માબાપને બોલતાં ય સાંભળ્યા છે.

કોન્વેંટમાં ભણતા મધ્યમ વર્ગના ગુજરાતી બાળકો ઘરમાં મસ્તી કરે, ત્યારે શિક્ષિત માબાપો, ખ્રિસ્તી ઢબે, તેમની પાસે ગુન્હાઓની કબૂલાતો કરાવે છે. સજા રૂપે, થોડી મિનિટો માટે, બાળકને ઘરની બહાર પણ કાઢે છે. 'મારામારીના' જંગલીઓ પર વર્ચસ્વ ભોગવતા ગોરા મહાબલિ પુરુષના,' 'ધાડપાડુઓ અને શિકારીઓના 'કોમિક્સ' પુસ્તકો, ઘણા બધા નાણાં ખર્ચીને માબાપો અંગ્રેજી માધ્યમના પોતાના બાળકોને સુશિક્ષિત બનાવવા આપે છે અને તેમને અંગ્રેજી વાતાવરણનો તથા ભાષાનો એ રીતે પરિચય અપાય છે.

આપણા લેખકો, વિદ્વાનો, પત્રકારો, નેતાઓ, સમાજ સેવકો, કેળવણીકારો, ગુરુઓ—આ બધી બાબતો અંગે, ચૂપ-કીદી સેવે છે. તેમના બાળકોને પણ આ માધ્યમમાં તેમણે ધકેલ્યા છે, કાં તો તેઓ અસહાય બન્યા છે, એટલે ચૂપ છે.

ગુજરાતમાં સેંકડો ગિજુભાઇઓની જરૂર છે, પણ આજે તો જાણે કે એકે ય નથી.

આ અંધેરી ઘોડાપૂર શું શું તાણી જશે? શું શું ડૂબાડશે?

# આવી રીતે ભાવનાનાં નીર સીંચજો !

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂા. ૫૨,૨૮૪/—ની રકમ ભેટ મળી છે. તદુપરાંત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે અને નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઇન્ડના સાથમાં અંધ, અપંગ, અનાથ અને અશક્તને આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી બનાવવાની યોજના અનુસાર સ્ટોલ, ટેલીફોન બૂથ, સીવવાનો સંચો, ભરતગૂંથણ કે પ્લાસ્ટીકસની બેગ્સ બનાવવાનું મશીન અપાવવા માટે એક મશીન દીઠ રૂ. ૩,૫૦૦.= આપવાની અમે કરેલી વિનંતીના પ્રતિસાદ એવો પ્રબળ પડ્યો કે ૧૨૦ દાતાઓ તરફથી ૧૪૬ મશીનો માટે રૂ. ૩,૫૦૦/— લેખે રૂ. ૫,૧૧,૦૦૦/—નાં વચનો આ વ્યાખ્યાનમાળા દરમિયાન મળ્યાં. 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રગટ થયેલી વિગતો મુજબ સાત દાતાઓએ આવી ઉદારતા દાખવી છે એ ઉમેરતાં આ રીતે કુલ ૧૫૩ પ્રજ્ઞાચક્ષુઓને આગામી સમયમાં આપણે અર્થોપાર્જનની દૃષ્ટિએ પગભર કરી શકીશું. જ્ઞાનયાત્રાની સાથોસાથ આવાં ઋણના કાર્યો માટે દાતાઓ તરફથી મળેલાં ઉમળકાભર્યા પ્રેમાળ સહકારથી અમે ભાવાભિભૂત થયા છીએ, અમારો ઉત્સાહ દ્વિગુણિત થયો છે. દાતાઓની ઉદાત્ત અને ઉદાર ભાવનાને અભિવંદતા અમે એમનો ઋણ સ્વીકાર કરીએ છીએ અને આપ સૌએ અમારામાં મૂકેલા વિશ્વાસને સાર્થક કરવા અમે સતત જાગૃત અને કટિબદ્ધ રહીશું એની ખાત્રી આપીએ છીએ. આપ સૌએ અમારામાં મૂકેલાં વિશ્વાસને સાર્થક કરવા પરમ કૃપાળુ પરમાત્મા અમને સામર્થ્ય આપે એવી પ્રાર્થના સહ સંઘને મળેલ ભેટ અને અશીન આદિ માટે મળેલ દાનની વિગતો અમે અત્રે પ્રગટ કરીએ છીએ. જેમની રકમ બાકી હોય એવા દાતાઓને રૂ. ૩,૫૦૦/—ની રકમનો 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ'ના નામનો ચેક સંઘના કાર્યાલય પર મોકલી આપવા વિનંતી છે. સંઘને અપાતું દાન આવક વેરા ધારાની કલમ ૮૦ (G) હેઠળ કરમુક્ત છે.

લિ. મંત્રીઓ

## 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે પ્રજ્ઞાચક્ષુ, અપંગ, અશક્ત અને અનાથને સ્વાવલંબી બનાવવા મશીનો માટે મળેલાં દાન

**શ્રી શૈલેશભાઇ કોઠારી દ્વારા ૧૩ મશીનો નીચેની વિગતે**

૧ શ્રી સરમી પ્રવીણભાઈ ભણશાળી
૧ શ્રી દીવાળીબેન ચમનલાલ મહેતા શ્રી મીનળબેનની અઠ્ઠાઈ નિમિત્તે
૧ શ્રી દેવીલા સૂર્યકાન્ત મહેતા
૧ શ્રી સ્નેહલતાબેન પ્રવીણભાઈ શાહ
૧ મેધા—સ્નેહલ
૧ શ્રી હીંમતલાલ ડાહ્યાભાઈ કોઠારી ચેરિટેબલ ટ્રસ્ટ
૧ મે. આર. કાન્તિલાલ એન્ડ કું.
૧ શ્રી આત્માનંદ જૈન સભા, મુંબઇ
૧ શ્રી મહેન્દ્ર ખુમચંદ શાહ
૧ શ્રી જે. આર. શાહ
૧ શ્રી બાબુભાઇ રતિલાલ ભણશાળી
૧ શ્રી કાનન દીપક નાણાવટી
૧ શ્રી નવીનચંદ્ર દલપતલાલ મહેતા

૧૩

૧ શ્રીમતી નિર્મળાબેન ગણપતભાઈ ઝવેરી
૧ શ્રીમતી તારાબેન ચંદુલાલ ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ
૧ શ્રીમતી ઇન્દુબેન ઉદાણી
૨ શ્રીમતી ચંપાબેન લક્ષ્મીચંદ વોરા
૨ શ્રી મહેન્દ્રભાઈ વોરા
૧ શ્રી જસવંતલાલ કપુરચંદ શાહ વઢવાણવાળા
૧ શ્રીમતી પૂરીબેન ટોકરશી સાવલા
૧ મે. અશોક મેન્યુ. કું., હ. શ્રી આણંદજી ગોવિંદજી
૧ શ્રી પ્રમીલાબેન રમેશભાઈ દલાલ
૧ શ્રી વિનુભાઈ ઉમેદચંદ શાહ
૧ શ્રી એ. જે. શાહ તથા મધુરીબેન શાહ
૧ શ્રીમતી વીરબેન પી. ઝવેરી
૧ શ્રીમતી માયાબેન ગોસલીયા
૧ શ્રીમતી ચંપાબેન સોમચંદભાઇ પરીખ
૧ શ્રીમતી કુસુમબેન રમણલાલ ઝવેરી

૧ શ્રીમતી પલ્લવીબેન શાહ
૧ શ્રી ચીમનલાલ જેસીંગલાલ દલાલ હ. શ્રી સૂર્યકાન્તભાઇ દલાલ
૩ શ્રી લાલજી વેલજી (એન્કર ઇન્ડસ્ટ્રીઝ)
૩ મે. અમર સન્સ હ. શ્રી શામજીભાઇ
૩ શ્રી ધર્મંડીરામ ગોવાણી.
૧૫ શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ મારફત (દાતાશ્રીએ ગુપ્તદાનની ભાવનાથી નામ જાહેર કરવાની ના કહી છે. એમની ભાવનાને અમે અભિવંદીએ છીએ.)
૧ શ્રીમતી નિર્મળાબેન શાન્તિલાલ કાપડિયા
૧ મે. મહાવીર વેલ્ફેર ટ્રસ્ટ, હ. શ્રી નવીનચંદ્ર મણિયાર
૧ શ્રી રમણલાલ નગીનદાસ દવાવાળા
૧ શ્રીમતી વનલીલાબેન નટવરલાલ મહેતા
૧ એક સદ્‌ગૃહસ્થ

૧ શ્રીમતી દીવાળીબેન હેમચંદ સંઘવી
૧ શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ, હ. પ્રા. તારાબેન તથા ડૉ. રમણલાલ ચી. શાહ
૧ શ્રીમતી જ્યોતિબેન પન્નાલાલ
૧ શ્રી દેવકીબાઇ હીરજી ભૂલા છેડા
૧ શ્રી વેલબાઇ કેશવજી કુંવરજી તાલપત્રીવાળા
૧ શ્રીમતી રમાબેન જયસુખલાલ વોરા
૧ શ્રી જગજીવન કપુરચંદ દોશી જેતપુરવાળા
૧ મે. ધી. ઓ. રેડિયો કું. તથા બોમ્બે ઇલેકટ્રોનીકસ
૧ શ્રીમતી અંજનાબેન પ્રવીણભાઇ ઝવેરી
૧ શ્રીમતી જયાબેન મોદી
૧ શ્રીમતી માનવંતીબેન હીરાલાલ શેઠ
૧ શ્રી રસિકલાલ કે. મહેતા
૧ શ્રી ચંચળબેન આણંદલાલ સંઘવી
૧ શ્રી વીમળભાઇ જગાભાઇ શેઠ
૧ શ્રી કાન્તિલાલ પ્રભુદાસ ઝવેરી
૧ શ્રી પ્રતાપરાય સી. શાહ
૧ શ્રી મનોરમાબેન રમેશભાઇ ઝવેરી
૧ શ્રી મંગળદાસ તલસાણિયા પરિવાર
૧ શ્રી હરખચંદ કાનજી છેડા
૧ એક સદ્‌ગૃહસ્થ
૨ શ્રી જોરમલ મંગળજી મહેતા
૨ શ્રી કાન્તિલાલ કેશવલાલ શેઠ
૧ એક શુભેચ્છક
૧ શ્રી કેશવલાલ ખુલાખીદાસ
૧ શ્રીમતી સરોજબેન શાંતિલાલ ઝવેરી
૧ શ્રી નંદલાલ તારાચંદ વોરા
૧ શ્રી સવિતાબેન કાંતિલાલ શાહ
૧ શ્રી જયંતીભાઇ દોશી
૧ શ્રી માનબાઇ કુંગરશી નાગડા
૧ શ્રી રમણીકલાલ ભોગીલાલ ઝવેરી
૧ ડૉ. એન. એસ. એલીસ. (ડૉ. ડી. કે. એલીસ અને મીઠીબાઇ એલીસની સ્મૃતિમાં)
૧ શ્રીમતી ચુલાબેન બાલાચંદ મહેતા
૧ શ્રી રજનીકાન્ત મણીલાલ મહેતા
૧ શ્રી મનુભાઇ ચીમનલાલ કોલસાવાળા
૧ શ્રી નેમચંદ ઠાકરશી ટ્રસ્ટ, કલકત્તા
૧ શ્રીમતી કસ્તુરીબેન ઠાકરશી ટ્રસ્ટ, કલકત્તા
૧ શ્રીમતી ઇન્દુમતીબેન શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, મદ્રાસ,
૧ શ્રીમતી અરવિંદા શીરીષ ચીનીવાળા
૧ શ્રીમતી પ્રેમકુમારી દેવચંદ ગાલા હ. શ્રી દેવચંદ રવજી ગાલા.
૧ શ્રીમતી ઇન્દીરાબેન વિભાકર કામદાર
૧ શ્રી ઝવેરબાઇ પોપટલાલ ચેરિટેબલ ટ્રસ્ટ નં. ૨.
૧ શ્રી એન. ડી. ગાંધી
૧ શ્રીમતી કળાબેન તારાચંદ સંઘવી
૧ શ્રી નલીનકાન્ત વૃજલાલ શેરબ્રોકર
૧ શ્રી છોટુભાઇ દોશી
૧ શ્રી કાન્તાબેન તારાચંદ દોશી
૧ શ્રી મણીલાલ શામજી વીરાણી ટ્રસ્ટ
૧ શ્રીમતી હીરાબેન ઠાકોરદાસ મહેતા
૧ ભોળાભાઇ મોહનલાલ ટ્રસ્ટ હ. રાગિનીબેન
૧ શ્રી હિતેન નાનજી ભેદા
૧ શ્રી નિર્મળાબેન નાનજી ભેદા
૧ મે. ચીમકો બાયો મેડિકલ એન્જિનિયરિંગ કું.,
૧ શ્રી નયનાબેન પ્રવીણચંદ્ર કોન્ટ્રેકટર
૧ એક શુભેચ્છક
૧ શ્રીમતી શાન્તાબેન મનુભાઇ અમૃતલાલ શેઠ
૨ શ્રી શાંતિલાલ નાનચંદ કોઠારી ચેરિટેબલ ટ્રસ્ટ હ. શ્રી પી. ડી. કોઠારી
૧ શ્રીમતી હીરાબેન દશરથલાલ કોઠારી હ. શ્રી પી. ડી. કોઠારી
૧ શ્રી નટવરલાલ નાનચંદ કોઠારી હ. શ્રી પી. ડી. કોઠારી
૧ શ્રી દામજી શામજી હ. શ્રી હરખચંદ દામજી
૧ કુ. સોનલ શેઠ, લંડન
૧ શ્રીમતી કલાબેન સંઘવી
૧ શ્રીમતી જયમતીબેન રતનચંદ પારેખ
૧ શ્રી નવીનચંદ્ર કેશવલાલ કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ
૧ શ્રી હીરાચંદ તલકચંદ શેઠ
૧ શ્રી જયસુખલાલ પારેખ
૨ શ્રીમતી હંસાબેન સી. એન. સંઘવી
૧ શ્રી જયંતીલાલ ઠક્કરના સ્મરણાર્થે
૧ વીડિયો માસ્ટર બચ્ચુભાઇ શીવજી
૧ એક સન્નારી
૧ શ્રી જયંતીલાલ જેઠાભાઇ ગાલા
૧ શ્રી હસમુખભાઇ શાહ
૧ શ્રી સેવંતીલાલ કપુરચંદ
૧ શ્રી નવનીતભાઇ ઉત્તમલાલ કાણકીયા (નેશનલ ટ્રાન્સપોર્ટ કું.વાળા)
૧ શ્રી ત્રિલોકકુમાર ગોવિંદજી નેણશી મહેતા
૧ શ્રી જાસુદબેન નાથાલાલ પરીખ
૧ ડૉ. ગીતાબેન મહેન્દ્રભાઇ શાહ
૧ શ્રી રમણીકલાલ ચુનીલાલ કામદાર
૧ શ્રી પ્રભુદાસ લીલાધર શેઠ
૧ શ્રી હંસાબેન મનુભાઇ મહેતા
૧ શ્રી લીલાવતી દલીચંદ કામદાર
૧ શ્રી ચંદુલાલ લક્ષ્મીચંદ બોમાણી

## પર્યુષણ પ્રસંગે સંઘના જુદા જુદા વિભાગને ભેટ

### ૧. સંઘને ભેટ

૨.
૮,૩૨૫-૦૦ ગતાંકમાં પ્રગટ થયેલી યાદી મુજબ (રૂ. ૩૦૧-૦૦ શ્રી ગણપતભાઇ મ. ઝવેરી, ગતાંકમાં આ નામ શરત ચૂકથી રહી ગયું હતું. પરંતુ સરવાળામાં આ રકમનો સમાવેશ થયો હતો.)
૩. ૧૦૧-૦૦ શ્રી હેમલતા લક્ષ્મીચંદ શાહ
૧૦૧-૦૦ ,, લક્ષ્મીચંદ કેશવજી શાહ
૧૦૧-૦૦ ,, લીલાધર પી. શાહ
૧૧-૦૦ ,, સર્વોદય શાંતિ સેવા સંઘ
૫૧-૦૦ ,, ભારતી ભુપેન્દ્ર શાહ
૧૦૫-૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૧-૦૦ શ્રી મોહનલાલ ટી. કોઠારી
૧૦૧-૦૦ ,, વિનયચંદ્ર ચીમનલાલ પરીખ
૫૧-૦૦ ,, કોકીલાબેન શાહ
૧૦૧-૦૦ ,, કુમુદબહેન શેઠ
૫૧-૦૦ ,, મધુસૂદન શાહ
૫૧-૦૦ ,, અંબાબેન લક્ષ્મીચંદ સંઘવી
૫૧-૦૦ ,, હીરાબેન દીપચંદ સંઘવી
૨૦૦-૦૦ ,, જોરમલ મંગળજી મહેતા
૨૦૦-૦૦ ,, લક્ષ્મીબેન જોરમલ મહેતા
૧૦૦-૦૦ ,, અજયભાઇ જોરમલ મહેતા

૧૦૦-૦૦ ,, અંબાલાલ ચતુરભાઈ શાહ
૨૫૧-૦૦ ,, એક સન્નારી
૫૦૧-૦૦ શ્રી સુવર્ણબેન દલાલ
૧૦૧-૦૦ શ્રી નેમચંદ નાથાલાલ
૨૫૧-૦૦ ,, જયંતીલાલ ફતેહચંદ શાહ
૫૧-૦૦ ,, સુખલાલ એમ. મહેતા
૨૫૦-૦૦ ,, કાન્તિલાલ છોટાલાલ
૧૦૧-૦૦ સ્વસ્થ માનવ
૧,૦૦૦-૦૦ મે. સુપીરીઅર કેપ માટે
૨૫૧-૦૦ શ્રી રતિલાલ ચીમનલાલ મહેતા
૧૦૧-૦૦ ,, તારામતીબેન ચીમનલાલ શ્રોફ
૧૦૧-૦૦ શ્રી મુક્તાબેન એલ. સંઘવી
૧૦૧-૦૦ ,, શાંતિલાલ ટોકરશી શાહ
૧૦૧-૦૦ ,, એમ. ડી. શાહ
૫૧-૦૦ ,, મૃદુલાબેન મહેતા
૧૦૦-૦૦ ,, મહેન્દ્ર શાંતિલાલ
૧૦૦-૦૦ ,, જયમતી રતનચંદ પારેખ
૨૫૧-૦૦ ,, લાભુભાઇ જી. મહેતા
૧૦૧-૦૦ ,, ઉષાબેન રમેશભાઇ ઝવેરી
૫૧-૦૦ ,, ગજેન્દ્ર રમણિકલાલ કપાસી
૨૫-૦૦ ,, જયવંતીબેન પારેખ
૪૦૦-૦૦ ,, કાન્તિલાલ ભાઇચંદ
૫૧-૦૦ ,, કુલચંદ ગુલાબચંદ ઝવેરી
૧૦-૦૦ ,, નવનીતભાઇ
૧૪૦૧૫૫-૦૦

**વ્યાખ્યાનમાળાને ભેટ**

૫૧-૦૦ શ્રી દિનકરરાય નંદલાલ પારેખ
૧૦૧-૦૦ સ્વ. પન્નાલાલ ચીમનલાલ કોઠારી
૧૦૧-૦૦ શ્રીમતી ઉષાબેન રમેશભાઇ ઝવેરી
૫૧-૦૦ શ્રી ગજેન્દ્ર રમણિકલાલ કપાસી
૩૦૪-૦૦

**ભેટનું તારણ**

| | રા. પૈસા |
|---|---|
| ૧ સંઘને ભેટ | ૧૪,૧૫૫-૦૦ |
| ૨ વ્યાખ્યાનમાળાને ભેટ | ૩૦૪-૦૦ |
| ૩ ચીમનલાલ ચકુભાઈ સ્મારક નિધિમાં | ૫,૦૦૧-૦૦ |
| ૪ 'પ્રબુદ્ધ જીવન'ને ભેટ | ૧૫૨-૦૦ |
| ૫ 'પ્રેમળ જ્યોતિ'ને ભેટ | ૧૨,૬૨૨-૦૦ |
| ૬ ઝોળીમાં | ૧૯,૦૪૫-૦૦ |
| કુલ રા. | ૫૧,૨૮૪-૦૦ |

**સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ**

રા.
૩,૮૬,૬૯૯-૦૦ ગતાંકમાં પ્રગટ થયેલી યાદી મુજબ
૩૦૧-૦૦ શ્રી વિનોદભાઇ ગુલાબદાસ ઝોકર
૨,૫૦૦-૦૦ દાવડા ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૧-૦૦ બી. સી. સંઘાણી
૫૧-૦૦ ,, ચંદ્રકાન્ત મણિલાલ મહેતા
૧૦૧-૦૦ ,, જયંતીલાલ અંબારામ શાહ તથા અ. સૌ. ઊર્મિલાબેન શાહ
૧૦૧-૦૦ ,, ડાહ્યાભાઇ શાહ
૧૫૧-૦૦ ,, કાન્તિલાલ સી. ભંડારી
૨૫-૦૦ ,, હીરજી કેશવજી ખોના
૧૦૧-૦૦ ,, ચંપાબેન ટી. ગાંધી
૧૦૧-૦૦ ,, ઉષાબેન રમેશભાઇ ઝવેરી
૧૦૧-૦૦ ,, ગજેન્દ્ર રમણિકલાલ કપાસી
૫૦૧-૦૦ ,, દેવકુંવર જે. શાહ
૫૦૧-૦૦ ,, ઉષાબેન મહેતા
રા. ૩,૯૧,૭૩૫-૦૦

**'પ્રબુદ્ધ જીવન'ને ભેટ**

રા. ૧૦૧-૦૦ શ્રી ઉષાબેન રમેશભાઈ ઝવેરી
૫૧ ૦૦ ,, ગજેન્દ્ર રમણિકલાલ કપાસી
રા. ૧૫૨-૦૦

**'પ્રેમળ જ્યોતિ'ને ભેટ**

રા.
૫૧-૦૦ શ્રી ઇન્દુલાલ હીંમતલાલ
૩૦-૦૦ ,, એ. જે. શર્મા
૫૦૧-૦૦ ,, રમેશભાઇ વી. શેઠ
૪૦૦-૦૦ ,, લીલાધર પી. શાહ (દત્તક બાળક માટે)
૪૦૦-૦૦ ,, કાન્તિલાલ લાલભાઈ મહેતા (દત્તક બાળક માટે)
૧૦૧-૦૦ ,, પ્રભાવતી મનસુખલાલ શાહ
૧,૦૦૧-૦૦ ,, પી. બી. ઝવેરી
૧૦૧-૦૦ ,, કેસરબેન
૧૧-૦૦ ,, જયંતીલાલ શાહ
૫૧-૦૦ ,, સુશીલાબેન ચંદ્રકાન્ત મહેતા
૧૦૧-૦૦ ,, અરુણાબેન મૂળચંદ
૪૦૦-૦૦ ,, લીલાબેન ચીનાઈ
૧૦૧-૦૦ ,, દીપકભાઇ વી. કાકાબળીયા
૧૦૦-૦૦ એક સન્નારી
૧૦૦-૦૦ એક સન્નારી
૧૧-૦૦ શ્રી ચંપાબેન
૧૫૧-૦૦ શ્રી હસમુખ હરખચંદ દોઢીવાળા
૭૫-૦૦ ,, અતુભાઇ અમૃતલાલ ઝવેરી
૪,૦૦૦-૦૦ ,, પ્રણવ અને ઉર્વીબેન કેકલભાઇ (દત્તક બાળક માટે કાયમી ડિપોઝીટ)
૧૦૦-૦૦ શ્રી પ્રેમચંદભાઈ ચંદરિયા
૧૦૧-૦૦ ,, દર્શીબેન રાજેન્દ્ર
૨૫૧-૦૦ ,, ઝવેરબેન મૂળજી પાસડ
૫૦૦-૦૦ ,, પન્નાલાલ ચીમનલાલ કોઠારી
૧૦૦-૦૦ ,, મહેન્દ્ર શેઠ
૫૧-૦૦ ,, જેઠીબેન લીલાધર ભાવસાર
૩૧-૦૦ ,, સુધાબેન ગેલાટ
૧૨૫-૦૦ ,, ચંદ્રકળાબેન પ્રવીણચંદ્ર શાહ
૧૦૧-૦૦ ,, પુષ્પાબેન કીર્તિલાલ ભણશાળી
૫૧-૦૦ ,, રેખાબેન હર્ષદરાય શાહ
૧૦૧-૦૦ શ્રી ઇન્દુબેન
૫૧-૦૦ એક સદ્‌ગૃહસ્થ
૧૦૧-૦૦ શ્રી રમાબેન હીરાલાલ ઝવેરી
૧૧-૦૦ ,, હસમુખભાઈ શાહ
૧૦૧-૦૦ ,, ચંપાબેન ટી. ગાંધી
૧૦૧-૦૦ ,, જગદીશ જે. સાલીયા
૧૦૧-૦૦ ,, ઉષાબેન રમેશભાઈ ઝવેરી
૫૦૧-૦૦ ,, જયશ્રીબેન દોશી
૧૦૧-૦૦ ,, ગજેન્દ્ર રમણીકલાલ કપાસી
૫૦૧-૦૦ ,, દેવકુંવરબેન જે. શાહ
૫૦૦-૦૦ ,, કાન્તિલાલ ચીમનલાલ શાહ
૧૦૧-૦૦ ,, ચત્રભુજ ભગવાનજી સંઘવી

૫૧-૦૦ ,, હીરાબેન કુલચંદ ઝવેરી
૧૦૧-૦૦ ,, રેણુકાબેન મહેતા
૧૦૧-૦૦ ,, નંદાબેન રવીન્દ્ર મહેતા
૧,૦૦૧-૦૦ ,, ગુલાબબેન રસિકલાલ દોશી

રૂા. ૧૨,૬૨૨-૦૦

**પેટ્રનો**

શ્રી દીપચંદભાઇ સલરાજ ગાંધી
,, બળવંતરાય કલ્યાણજી પારેખ

**આજીવન સભ્યો**

શ્રી રમેશ જે. શાહ
,, જયંતીલાલ માણેકલાલ કડિયા
,, પ્રાણલાલ સુંદરજી શાહ
શ્રીમતી રશ્મિ એન. મહેતા
શ્રી કાકુલાલ ચી. મહેતા
,, બાબુલાલ મિશ્રિલાલ વર્ધન
,, હરખચંદ કુંવરજી ગડા
,, જતીન સાકરચંદ વસા
શ્રીમતી બીના પી. ઝવેરી
,, કૈલાસબેન સૂર્યકાન્ત મહેતા
શ્રી કૃષ્ણકુમાર મગનલાલ મહેતા
,, રમેશચંદ્ર વાડીલાલ મહેતા
,, ગોવિંદજી વેલજી વિકલાણી
,, નરેન્દ્ર મોરારજી ભાટિયા
,, અરવિંદ શીરીષ ચીનીવાલા
,, હિતેન કલ્યાણજી ગડા
શ્રી ગુણવંતભાઇ એમ. કામદાર
,, સુબોધચંદ્ર પી. શાહ
,, ઉમેદભાઇ મૂળજી નંદુ
,, પ્રફુલભાઇ કાન્તિલાલ શાહ
,, લખમશી દેવશી નંદુ
શ્રીમતી અનિલા આર. શાહ
શ્રી નરેન આર. ભૂતા
શ્રીમતી અરૂણા નથુભાઇ પારેખ
શ્રી નટુભાઇ છો. પટેલ
,, લક્ષ્મીચંદ મણિલાલ શાહ
,, પ્રેમકુમાર લલિતકુમાર કોઠારી
,, દિનેશકુમાર કોઠારી
શ્રીમતી કસ્તુર ટી. ગાલા
શ્રી દામજી લાલજી શાહ
,, રમણીકલાલ એમ. શાહ
,, સોહનરાજ ચોપડા
શ્રીમતી કોકીલાબેન વકાણી
શ્રી નીનાબેન એન. શાહ
,, રમેશચંદ્ર છગનલાલ મોદી
,, વસંતભાઈ કાન્તિભાઇ ધીયા
શ્રી રતિલાલ એમ. શાહ
,, ચેતન રમણિકલાલ શાહ
,, કીરિટ સેવંતીલાલ શાહ
,, ભરત એસ. શાહ
,, હિમાંશુ રતિલાલ પાલેજવાળા
,, જીતેન્દ્ર લાલજીભાઇ દોશી
,, આર. વી. કોઠારી
,, ચીમનલાલ એમ. દોશી
,, રેખાબેન આર. શેઠ
,, ભવાનજી પાંચુભાઇ નાગડા
,, અશોક જશવંતલાલ શાહ
,, દીપક આર. શાહ
,, જશવંત વી. મહેતા
,, ગુણવંતલાલ બી. ઘીયા
,, દિવ્યાબેન ડી. કોઠારી
,, સેવંતીલાલ કાંતિલાલ શાહ
,, મુગટલાલ સી. શાહ
,, કિરણભાઇ પ્રેમચંદ શાહ
,, અતુલ કે. શાહ
,, થાવર ભારમલ ગડા
,, વસંત સુકેતુ શાહ
,, એમ. પી. દોશી

# જ્ઞા ન – સુ ખ

**પનાલાલ જગજીવનદાસ ગાંધી**

જ્ઞાન – ચેતના જે દ્રવ્યમાં છે તે દ્રવ્ય આત્મદ્રવ્ય છે; એ એનું ચિહ્ન છે, નિશાની છે, તેમ જ્ઞાનતત્ત્વ એ સુખની–આનંદની પણ નિશાની છે. આત્માનું સાચું–ખરું સ્વરૂપ આનંદ છે. જો આત્મા દુઃખ વેદતો હોય તો એનું જ્ઞાન વિકારી છે.

જ્ઞાની કે અજ્ઞાની દરેક જીવ સુખ ઇચ્છે છે. સંસારમાં પણ સુખનું સાધન જ્ઞાન છે. પરંતુ તે જ્ઞાન અપૂર્ણ હોવાને કારણે સુખ–આનંદથી અભેદ થતું નથી. મોક્ષમાં પણ સુખનું–આનંદનું કારણ કહો કે સાધન જ્ઞાન છે, જે પૂર્ણ હોવાના કારણે આનંદ સાથે અભેદ થઈ જાય છે.

જ્ઞાનની કૃપા શું છે? આત્મ ઉપર ગમે તેટલું આવરણ આવે તો પણ આત્મા સર્વથા જડ થતો નથી; અને તેનું ચૈતન્યપણું અવિરત ચાલુ રહે છે. જ્ઞાનના હોવા માત્રથી, પછી ભલે તે ઓછુંવત્તું હોય; ગમે તે સંજોગોમાં જ્ઞાનથી પોતાના સુખને વેદી શકાય છે. પૂર્ણ જ્ઞાને પૂર્ણ સુખ વેદાય છે.

અંધકાર ગમતો નથી, તે વાત સાચી. પરંતુ પ્રકાશ કેટલો ઇચ્છો છો તે પ્રશ્ન છે! જ્ઞાનાવરણીય કર્મનો કેટલો ક્ષયોપશમ કરવો તે પ્રશ્ન છે!

દુઃખ તો જીવને બિલકુલ ગમતું નથી. જ્યારે સુખ તો એ હરહંમેશ ઇચ્છે જ છે, એટલું જ નહિ પણ આવેલું સુખ ચાલ્યું ન જાય અને સદા સર્વદા બન્યું રહે એમ જ વાંછે છે. ભણવામાં–અભ્યાસમાં–અધ્યયનમાં કંટાળો આવે તો તે અધ્યયન જીવ છોડી દે છે પરંતુ જીવ સુખ તો છોડવા કદી ઇચ્છતો જ નથી.

જ્ઞાન અને સુખનું અભેદ આધાર સ્થાન આત્મા છે. માટે આત્મામાં લીન થઈ આત્મામાં જ આત્માનું આત્મિક સુખ વેદવાનું છે. શાસ્ત્ર તો આત્માના જ્ઞાન અને સુખનો નિર્દેશ કરી અવિવેકી મટી વિવેકી બનવા ફરમાવે. બાકી આત્માના જ્ઞાન અને સુખ જે શાસ્ત્રમાં બતાડેલાં છે એનું અનુભવન તો આત્માએ સ્વયં કરવાનું છે. કુશળ રસોઇયો રસવંતી રસોઇ બનાવી દે પણ તેનો રસાસ્વાદ તો માણનારે સ્વયં જ માણવો પડે.

જ્ઞાન તો સવિકલ્પક અને નિર્વિકલ્પક ઉભય છે. જ્યારે સુખ તો એકાંતે નિર્વિકલ્પક છે. અરે! દેહસુખ પણ આત્મા જ્યારે વેદે છે ત્યારે કયો વિકલ્પ વિચારે છે?

સુખ જોઇએ છે તો દુઃખ નથી જોઇતું અને દુઃખ ન જોઇએ તો દેહ ન જોઇએ.

પ્રકાશ (જ્ઞાન) જોઇએ છે. તો અંધકાર (અજ્ઞાન) ન જોઇએ. પૂર્ણ જ્ઞાન વિના પૂર્ણ સુખ મળતું નથી કે જે સુખ પણ દુઃખના એક અંશ વિનાનું સંપૂર્ણ જોઇએ છે. તેમ જ્ઞાન પણ અજ્ઞાન વિનાનું અર્થાત્ રાગ અને આવરણ વિનાનું જોઇએ ને?

આપણી પાસે જેમ દેહ છે તેમ અજ્ઞાન છે. નવો દેહ ન લો અને નવું અજ્ઞાન ન વધારો. અજ્ઞાન હઠાવીશું, પૂર્ણ જ્ઞાન પામીશું તો પૂર્ણ સુખ પામીશું, અને દેહાતીત દેહ-રહિત અવસ્થા પામીશું. દેહ જ અશાતાનું ઘર છે–કારણ છે. દેહ છે ત્યાં સુખ નથી. દેહ છે તો જન્મ છે, જરા છે. આધિ–વ્યાધિ છે, અને મૃત્યુ છે. સાચું શાશ્વત, અનંત, અક્ષય, અવ્યાબાધ સુખ કેવળ સિદ્ધપરમાત્માઓ પાસે છે જેઓ અશરીરી અરૂપી છે.

સુખ સ્વસંવેદ્ય ચીજ છે. સુખનું વેદન–અનુભવન છે. સુખ એ કાંઇ સાધન–સામગ્રી; દૃશ્ય પદાર્થ નથી. તેમ સુખને

# વ્યાખ્યાનમાળાની સફળતા નિમિત્તે સ્નેહ મિલન

**સંકલન : શાન્તિલાલ ટી. શેઠ**

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિ બાદ પ્રતિ વર્ષ વ્યાખ્યાનમાળાના પ્રમુખશ્રીનું અભિવાદન કરવામાં આવે છે. આ વર્ષે સંઘના અને વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણભાઇની મક્કમ સૂચનાથી વ્યાખ્યાનમાળાના પ્રમુખશ્રીના અભિવાદનની પ્રણાલિકાને તિલાંજલી આપવામાં આવી હતી, વ્યાખ્યાનમાળાની સફળતા નિમિત્તે સંઘની કારોબારીના સભ્યો, વ્યાખ્યાતાઓ અને સંઘના શુભેચ્છકોનું એક સ્નેહ મિલન મંગળવાર, તા. ૧૩-૯-૮૩ના રોજ સાંજના ૬-૩૦ કલાકે મે. સેવંતીલાલ કાન્તિલાલની કું.ના કાર્યાલયની વિશાળ જગ્યામાં યોજવામાં આવ્યું હતું. મે. સેવંતીલાલ કાન્તિલાલની કું.ની ઉજ્જ્વળ વ્યવસાયી કારકિર્દીના ૫૦ વર્ષ પૂરા થયા હોઇ તેની સુવર્ણ જયંતી નિમિત્તે એમના તરફથી સ્નેહ મિલન માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

પ્રારંભમાં સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે સૌને આવકાર આપતાં જણાવ્યું હતું કે પર્યુષણ વ્યાખ્યાનમાળાના ૪૯ વર્ષમાં આ વર્ષે શ્રી ચીમનભાઇ ચકુભાઇ શાહ આપણી વચ્ચે નથી. સંઘના ઉત્કર્ષમાં એમના મહત્ત્વના પ્રદાનને યાદ કરી તેમણે અંધ, અપંગ, અશક્ત અને અનાથને સ્વાવલંબી બનાવવા માટે મશીનોની ટહેલ આ વર્ષની વ્યાખ્યાનમાળામાં નાખી, ત્યારે ૩૦-૩૫ મશીનો માટે દાન મળવાની તેમની કલ્પના હતી તેમ જણાવી કહ્યું કે ૧૪૬ મશીનો માટે રૂા. ૫,૧૧,૦૦૦/-ના વચનો મળ્યા છે અને રૂા. ૫૧,૨૮૪/- સંઘને ભેટ મળ્યા છે. સંઘના પ્રમુખ તરીકે ડૉ. રમણભાઇની સર્વાનુમતે વરણી થઇ ત્યારથી આજ સુધીના દસેક માસના ટૂંકા ગાળામાં સંઘની પ્રવૃત્તિઓના વિસ્તરણ સાથે સમાજ તરફથી આશરે રૂ. દસેક લાખનો આર્થિક સહયોગ મળ્યો છે, એનો આનંદ વ્યક્ત કરતા સંઘનું સુકાન સફળતાપૂર્વક ડૉ. રમણભાઇ સંભાળી રહ્યા છે અને સંઘના વિકાસનો યશ ડૉ. રમણભાઇને ઘટે છે એમ એમણે ઉમેર્યું હતું. તેમણે યજમાન શ્રી જયન્તીભાઇ, એમના કુટુંબીજનો અને ભાગીદારો, વ્યાખ્યાતાઓ, શ્રોતાગણ અને સંઘના શુભેચ્છકો-દાતાઓ વગેરેનો આભાર માન્યો હતો.

સંઘના પ્રમુખ ડૉ. રમણભાઇએ નમ્રભાવે જણાવ્યું હતું હતું કે પર્યુષણ વ્યાખ્યાનમાળા અને સંઘની પ્રવૃત્તિઓ માટે સમાજમાંથી જે પ્રતિસાદ મળી રહ્યો છે, તેથી ગૌરવ લેવાનું મન થાય. આમ છતાં વ્યાખ્યાનમાળાના આયોજનમાં પણ ત્રુટિઓ રહેતી હશે. આવી ત્રુટિઓ તરફ ધ્યાન દોરવાની સૌને વિનંતી કરી હતી, અને એવી ક્ષતિઓ ન રહે તે માટે સતત કાળજી અને જાગૃતિ દાખવવાની એમણે તત્પરતા દાખવી હતી. સાથી કાર્યકરો સફળતાના યશના અધિકારી છે એમ જણાવી સંઘના નિર્ણયો સર્વાનુમતે લેવાય છે. એક પણ સભ્ય સહમત ન હોય તો તે બાબત મુલતવી રાખીએ છીએ. આપણે ટૂંકા ગાળામાં પ્રગતિ સાધી શક્યા છીએ તેનું ગૌરવ ભલે લઇએ, પરંતુ સૂક્ષ્મ રીતે પણ આપણામાં અભિમાન ન આવે એની તકેદારી રાખવા સૌને વિનંતી કરી હતી. તેમણે મે. સેવંતીલાલ કાન્તીલાલની કું. તેમજ તેમના ભાગીદારોનો હૃદયપૂર્વક આભાર માની આ પેઢીની પ્રામાણિકતા અને ઉચ્ચ પ્રણાલિકાના કારણે વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે કેવી પ્રતિષ્ઠા છે તે વિગતે જણાવી સુવર્ણ જયંતી પ્રસંગે સૌને અભિનંદન આપ્યા હતા.

યજમાન શ્રી જયંતીભાઇએ હૃદયસ્પર્શી શબ્દોમાં સંઘનો અને પોતાના આંગણે પધારેલાં સૌ મહેમાનોનો આભાર માન્યો હતો. સંઘનો પ્રેમ અમોને સતત મળતો રહ્યો છે એનો આનંદ વ્યક્ત કરતાં સંઘની કોઇપણ પ્રવૃત્તિ માટે અને ખાસ કરીને પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે આર્થિક સહયોગની જરૂર પડે ત્યારે એ માટે તેઓ સદા તત્પર રહેશે એમ એમણે ઉમેર્યું હતું.

ત્યારબાદ શ્રી શોભાબેન સંઘવીએ તેમના મધુર કંઠે ગીતો ગાયા હતા અને સૌને રસ-તરબોળ કર્યા હતા. અંતમાં મિષ્ટ ભોજન દ્વારા સૌનો હૃદયપૂર્વક યજમાનશ્રીએ આદર-સત્કાર કર્યો હતો અને એ આતિથ્યને હાજર રહેલાં સૌએ માણ્યું હતું.

# આજની સાંજ — શૂન્ય પાલનપુરીની સાથ

સંઘના ઉપક્રમે સંઘના ઇતિહાસમાં કદાચ પહેલીવાર શૂન્ય પાલનપુરીની ગઝલોનો એક કાર્યક્રમ શનિવાર, તા. ૨૦-૮-૧૯૮૩ના રોજ રાતના ૮-૩૦ કલાકે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શૂન્ય પાલનપુરની ગઝલોનો સંગ્રહ 'શૂન્યની સ્મૃતિ'નું પ્રકાશન સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે સૌને આવકાર આપતાં સંઘની પ્રવૃત્તિઓ વિસ્તરી રહી છે એનો ટૂંકમાં ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ શ્રીમતી કોકીલાબેન વકાણીએ 'શૂન્ય' પાલનપુરીની ગઝલોને સ્વયં સ્વરબદ્ધ કરી હતી એવી ત્રણ ગઝલોનું ગાન કર્યું હતું. આભારવિધિ શ્રી ચીમનલાલ જે. શાહે કરી હતી.

એક ગઝલકારના આ મુશાયરાનું સંચાલન શ્રી શૈલેશ કોઠારી 'શૈલ પાલનપુરી'એ કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન, નાણાં અને વહીવટી એમ ત્રિપરિમાણી જવાબદારી એમણે વહન કરી હતી. સંઘની કારોબારી સમિતિના તેઓ સક્રિય સભ્ય પણ છે, એનો આનંદ સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે પ્રાસંગિક વક્તવ્યમાં વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં શ્રી જે. આર. શાહ, શ્રી વશનજી લખમશી શાહ, શ્રી સી. એન. સંઘવી, શ્રી મહીપતભાઇ જાદવજી શાહ વગેરે જૈન સમાજના અગ્રણીઓ, નગરસેવક શ્રી આર. સી. અંકલેશ્વરિયા અને શ્રી હરિભાઇ ગુલાબચંદ શાહ તેમજ પ્રા. ચંદ્રકાન્ત બક્ષી, પ્રા. બકુલ રાવળ, ડૉ. પ્રકાશ કોઠારી આદિ સાહિત્યકારો અને વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# પત્રકારત્વ વિષે પરિસંવાદ

પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના આર્થિક સહયોગથી સંઘના ઉપક્રમે પત્રકારત્વ વિષે એક પરિસંવાદ શુક્રવાર, તા. ૩૦-૯-૧૯૮૩, શનિવાર, તા. ૧-૧૦-૧૯૮૩ અને રવિવાર, તા. ૨-૧૦- ૧૯૮૩ના રોજ યોજવામાં આવ્યો છે, જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

આ પરિસંવાદનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** સંભાળશે. ઇન્ડિયન એક્સપ્રેસના તંત્રીશ્રી **હિરણ્ય કારલેકર** પરિસંવાદનું ઉદ્‌ઘાટન કરશે.

આપને પરિસંવાદમાં ભાગ લેવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને સંઘના શુભેચ્છકોને સ્નેહભર્યું નિમંત્રણ છે.

લિ. ભવદીય,

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ

**ધનવંત ટી. શાહ**
**પન્નાલાલ ૨. શાહ**
સંયોજકો

## પરિસંવાદનો વિગતવાર કાર્યક્રમ

### ઉદ્‌ઘાટન બેઠક

**શુક્રવાર,**
**તા. ૩૦-૯-૮૩**
**સાંજના ૬-૧૫**

**સ્થળ**
શ્રી કાનજી ખેતશી સભાગૃહ,
ભારતીય વિદ્યાભવન
ચોપાટી,
મુંબઇ-૭

**ઉદ્‌ઘાટક**
ઇન્ડિયન એક્સપ્રેસના તંત્રી
**શ્રી હિરણ્ય કારલેકર**

**સમારંભ પ્રમુખ**
**ડૉ. રમણલાલ ચી. શાહ**

**વ્યાખ્યાતાઓ**
**શ્રી એમ. વી. કામઠ,**
**શ્રી ડી. વી. ગોખલે,**
**શ્રી જેહાન દારૂવાલા,**
**શ્રી જયંતી શુકલ,**
**શ્રી હરીન્દ્ર દવે અને**
**શ્રી કિશોર ભટ્ટ**

### પ્રથમ બેઠક

**શનિવાર,**
**તા. ૧-૧૦-૮૩**
**સવારના ૯-૧૫**

**સ્થળ**
ગીતા મંદિર હોલ,
ભારતીય વિદ્યા ભવન,
ચોપાટી મુંબઇ-૭

**વિષય**
પત્રકારત્વ : સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યો

**પ્રમુખ**
**શ્રી વાસુદેવ મહેતા**

| વિષય સંદર્ભ | વ્યાખ્યાતા |
|---|---|
| રાજકીય આંદોલન | શ્રી જયંત પંડ્યા |
| સામાજિક અને સાહિત્યક | શ્રી યશવંત દોશી |
| રાજ્ય વ્યવસ્થા અને વહીવટી તંત્ર | શ્રી કુંદન વ્યાસ |
| પત્રકારનીનજરે | શ્રી સુધીર માંકડ |
| સ્ત્રી સામયિકો અને વર્તમાન પત્રોમાં નારી પ્રશ્નોની કોલમ | ડૉ. ધૈર્યબાળાબેન વોરા |
| રાજકીય સત્તા-પલટો | શ્રી નગીનદાસ સંઘવી |

### દ્વિતીય બેઠક

**શનિવાર,**
**તા. ૧-૧૦-૮૩**
**બપોરના ૩-૧૫**

**સ્થળ**
ગીતા મંદિર હોલ,
ભારતીય વિદ્યાભવન,
ચોપાટી, મુંબઇ-૭

**વિષય**
પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ : આગાહી પહેલાંનું અને પછીનું

**પ્રમુખ**
**શ્રી ભગવતીકુમાર શર્મા**

| વિષય-સંદર્ભ | વ્યાખ્યાતાઓ |
|---|---|
| મીશનરી ઝીલ | શ્રી હરસુખ સાંગાણી |
| વૈવિધ્યમય વિભાગો, લેખો અને લખાવટ | ડૉ. કુમારપાળ દેસાઈ |
| પત્રકારની મુકત અભિવ્યકિત | શ્રી વિષ્ણુ પંડ્યા |
| સાપ્તાહિકોનાં પ્રદાન | શ્રી હરકીશન મહેતા |
| પત્રકારની નજરે | શ્રી રમેશ જાદવ |
| સ્ત્રી સમાનતા | શ્રીમતી સોનલ શુકલ |

### તૃતીય બેઠક

**રવિવાર,**
**તા. ૨-૧૦-૮૩**
**સવારના ૯-૧૫**

**સ્થળ**
ગીતા મંદિર હોલ
ભારતીય વિદ્યા ભવન,
ચોપાટી, મુંબઇ-૭

**વિષય**
પત્રકાર સ્વતંત્ર છે ?

**પ્રમુખ**
**શ્રી હરીન્દ્ર દવે**

| વિષય-સંદર્ભ | વ્યાખ્યાતાઓ |
|---|---|
| પક્ષો અને દેશના વળાંકો | શ્રી પ્રકાશ ન. શાહ |
| રાજકીય દબાણો | શ્રી કિરીટ ભટ્ટ |
| સામાજિક પત્રો | શ્રી વિજય સંઘવી |
| પત્રકારની નજરે | શ્રી ભાનુ સંઘવી |
| સાંસ્કૃતિક સંબંધો | શ્રી દિગંત ઓઝા |

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, તા. ૧-૧૦-૮૩ મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પાંચમો જૈન સાહિત્ય સમારોહ

(સમારોહના પ્રમુખસ્થાનેથી આપેલું વ્યાખ્યાન)

* ડૉ. રમણલાલ ચી. શાહ

સોનગઢમાં યોજાયેલા ચતુર્થ જૈન સાહિત્ય સમારોહ પછી આટલા ટૂંકા ગાળામાં કચ્છ માંડવીમાં આ પાંચમો સમારોહ યોજાય છે, એ ખરેખર બહુ આનંદની વાત છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની આ અનૌપચારિક પ્રવૃત્તિને કેટલો વેગ અને સહકાર મળતો જાય છે એની એ પ્રતીતિ કરાવે છે. મારા પરમ મિત્ર શ્રી વસનજી લખમશી શાહે આ બાબતમાં ઉત્સાહપૂર્વક જે રસ લીધો તેથી તથા શ્રી અચલ ગચ્છ જૈન સંઘના સભ્યો અને હોદ્દેદારોના સહકારથી તથા મારા મિત્ર શ્રી નાનાલાલ વસાએ અને બીજા સાથીદારોએ આ સમારોહ જલદી યોજાય એ માટે કેટલીક જવાબદારી ઉપાડી લીધી તેથી આ સમારોહના આયોજનનું કાર્ય સરળ બન્યું છે.

આ સમારોહના પ્રમુખ તરીકે છેવટે મારી વરણી કરવામાં આવી છે તે માટે સમારોહ સમિતિના સભ્યોનો હું આભારી છું. અગાઉના સમારોહમાં પ્રમુખ તરીકે પધારેલા શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી દલસુખભાઇ માલવણિયા, ડૉ. ભોગીલાલ સાંડેસરા અને સ્વ. અગરચંદજી નાહટા જેવા મહાનુભાવોની સરખામણીમાં હું એક સામાન્ય સાહિત્યકાર ગણાઉં. એટલે મારી વરણીમાં મિત્રોના અને સમિતિના સભ્યોના સદ્‌ભાવનું હું દર્શન કરું છું. એ માટે સર્વનો ઋણી છું.

સ્વ. અગરચંદજી નાહટા સોનગઢના સમારોહ પછી થોડા દિવસમાં અવસાન પામ્યા એથી આપણને જૈન સાહિત્યના 'જીવંત એન્સાઇક્લોપીડિયા' સમા એક બહુશ્રુત વિદ્વાનની ખોટ પડી છે. એમને આપણી સગૌરવ શ્રદ્ધાંજલિ હો.

સર્વ પ્રાણીઓમાં ફક્ત મનુષ્ય પાસે જ વિકસિત વાચા છે. એને લીધે જ ભાષા અને સાહિત્ય છે. વાણી અને વિદ્યા વિના મનુષ્ય પશુવત્ હોત. વિદ્યાની ઉપાસના જ મનુષ્યને મહામાનવની કોટિ સુધી પહોંચાડે છે. તીર્થંકર પરમાત્માની અનુપસ્થિતિમાં એમણે પ્રવર્તાવેલા ધર્મને ટકાવી રાખનારાં બે મુખ્ય આલંબન છે: (૧) જિનપ્રતિમા અને (૨) જિનવાણી અર્થાત્ જિનાગમ. ધર્મના માર્ગે ચાલનાર મનુષ્ય છેવટે કેવળજ્ઞાન પામી મુક્તિ પ્રાપ્ત કરે છે. વાગ્દેવતા અથવા શ્રુતદેવતાની સહાય વિના કેવળ જ્ઞાન સંભવિત નથી. એટલા માટે જ મનુષ્યજન્મમાં સૌથી વધુ આરાધ્ય તે શ્રુતદેવતા છે. એથી જ શ્રુતજ્ઞાનને ત્રીજા નેત્ર તરીકે-તૃતીય ચક્ષુ તરીકે ઓળખાવવામાં આવે છે. વ્યવહાર જ્ઞાન અને આત્મજ્ઞાન, પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાન, લૌકિક જ્ઞાન, લોકોત્તર જ્ઞાન, ઇન્દ્રિયસાપેક્ષના અને ઇન્દ્રિયાતીત એવા જ્ઞાનના સ્પષ્ટ બે મોટા ભેદોમાં પહેલાથી બીજા સુધી મનુષ્યે પહોંચવાનું છે.

જ્ઞાનનો મહિમા જૈન ધર્મમાં ઘણો બતાવાયો છે. જ્ઞાન એ જીવમાત્રનું લક્ષણ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવા નિગોદના જીવોમાં પણ અક્ષરના અનંતમાં ભાગ જેટલું જ્ઞાન અવશ્ય હોય છે. જ્ઞાનની આવી નિમ્નતમ કોટિથી 'જે એગં જાણઇ તે સવ્વં જાણઇ; જે સવ્વં જાણઇ તે એગં જાણઇ' સુધીની જ્ઞાનની અનેકવિધ ભૂમિકાઓ છે. પઢમં નાણું તઓ દયા', 'જ્ઞાનસ્યફલં વિરતિઃ', 'નાણેણ નજ્જએ ચરણું', 'નાણેણ ય મુણી હોઇ' વગેરે જ્ઞાન મહિમાનાં વચનો જૈન શાસ્ત્રગ્રંથોમાં મળે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં સરસ કહ્યું છે:

જહા સૂઇ સસુત્તા, પડિયાવિ ન વિણસ્સઇ
એવં જીવે સસુત્તે, સંસારે ન વિણસ્સઈ.

જેમ દોરો પરોવેલી સોઇ પડી જાય તો પણ ખોવાઇ જતી કે નષ્ટ પામતી નથી તેવી રીતે જ્ઞાનરૂપી દોરામાં પરોવાયેલો જીવ સંસારમાં નષ્ટ-ભ્રષ્ટ થતો નથી.

મહાભારતના શાન્તિપર્વમાં કહ્યું છે : कर्मणा बद्धयते जन्तुर्विद्यया तु प्रमुच्यते । (કર્મથી બંધાયેલો જીવ વિદ્યાથી મુક્તિ પામે છે.)

જ્ઞાન અથવા વિદ્યાનો આવો અપાર મહિમા હોવાથી એની આરાધના વિવિધરૂપે થતી આવી છે. વાણીના માધ્યમ દ્વારા, ભૂતકાળમાં થઇ ગયેલા અનેક મહાત્માઓનાં, બુદ્ધ પુરુષોનાં, તીર્થંકરોનાં અનુભવ, વચનોનો સુમંગલ વારસો આપણને સાંપડ્યો છે. એ વારસાને શોભાવવાનું કર્તવ્ય મનુષ્યમાત્રનું છે.

વર્તમાન સમયમાં વિશ્વની વસતિના પ્રમાણમાં જૈનોની વસતિ ઘણી જ ઓછી છે. એમ છતાં જૈનો પાસે પોતાનું જે સાહિત્ય છે તે અત્યંત વિપુલ છે. પ્રાકૃત, અર્ધમાગધી, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, રાજસ્થાની, હિંદી, મરાઠી, કન્નડ, તેલુગુ, તમીલ વગેરે ભાષાઓમાં પ્રાચીન જૈન સાહિત્ય પુષ્કળ લખાયેલું છે. જુદા જુદા હસ્તપ્રતભંડારોમાં વીસ લાખથી વધુ હસ્તપ્રતો સચવાયેલી છે જે જૈન સમાજ માટે ઘણી

ગૌરવની વાત છે. આ હસ્તપ્રતોમાંની ઘણી હજુ અપ્રકાશિત છે. સહેજે બે-ત્રણ સૈકાથી વધુ સમય ચાલે એટલું સંશોધનનું કાર્ય આ ક્ષેત્રમાં પડેલું છે. આપણા પૂર્વસૂરિઓએ વાઙ્મયની કેટકેટલી વિવિધ શાખાઓમાં અદ્વિતીય કાર્ય કર્યું છે તે એ વિષયના જાણકારો જાણે છે.

જૈન સાહિત્યના ઇતિહાસ અંગે શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' તથા 'જૈન ગૂર્જર કવિઓ'ના ત્રણ ભાગના દળદાર પુસ્તકો લખીને સૈકાઓ સુધી કામ લાગે એવી અપ્રતિમ સાહિત્યસેવા બજાવી છે.

શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયાએ 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' ના ત્રણ ભાગ લખ્યા છે, એ પણ આ દિશામાં એક સંગીન કાર્ય થયું છે.

શ્રી અગરચંદજી નાહટાએ પણ આ ક્ષેત્રમાં ઘણું જ સંગીન કાર્ય કર્યું છે. એમણે પોતાના જીવનકાળ દરમિયાન સંખ્યાબંધ ગ્રંથો પ્રકાશિત કરવા ઉપરાંત જૈન ધર્મ અને સાહિત્ય વિષે છ હજારથી વધુ લેખો લખ્યા છે. આ લેખો નાનાં-મોટાં સામયિકોમાં છપાયાં છે. એમાંના અનેક લેખો માહિતીની દૃષ્ટિએ અત્યંત મૂલ્યવાન છે. એ લેખો જો ગ્રંથરૂપે વેળાસર પ્રગટ નહિ થાય તો કદાચ હંમેશને માટે લુપ્ત થઇ જશે. આ દિશામાં રાજસ્થાનના જૈન વિદ્વાનો પોતાનો મૂલ્યવાન સમય આપીને સાહિત્યિક સેવા બજાવશે તો એક ભગીરથ કાર્ય પાર પડશે. તેમાં પુષ્કળ નાણાંની જરૂર પડશે. એ માટે જૈન વિદ્યાકીય સંસ્થાઓએ અને વિવિધ સંઘોના જ્ઞાન ખાતાંઓએ પોતાનો સહકાર ઉદારતાથી આપવાની તત્પરતા બતાવવી જોઇએ.

જૈન સાહિત્યના ઇતિહાસ અંગે વારાણસીના પાર્શ્વનાથ શોધ-સંસ્થાન તરફથી 'જૈન સાહિત્યકા બૃહત્ ઇતિહાસ'ના કેટલાક ભાગ પ્રગટ થયા છે, એ પણ એક મહત્ત્વનું કાર્ય થયું છે. આમ છતાં અપભ્રંશ અને ગુજરાતી-હિંદી ભાષા સહિત, તથા તમીલ, તેલુગુ, કન્નડ વગેરે ભાષાઓ સહિત સંસ્કૃત અને પ્રાકૃતમાં લખાયેલા સમગ્ર જૈન સાહિત્યનો સૈકાવાર વિસ્તૃત પ્રમાણભૂત ઇતિહાસ લખવાની જરૂર છે.

અમદાવાદ, વડોદરા, પાટણ, સુરત, જેસલમેર, બીકાનેર વગેરે ઘણાં બધાં સ્થળોના જ્ઞાનભંડારોમાં આપણા રાસાસાહિત્યની અનેક હસ્તપ્રતો પડેલી છે. એમાંની દસમા ભાગની રાસકૃતિઓ પણ હજુ પ્રગટ થઇ નથી. એ જેમ જેમ પ્રગટ થતી જશે તેમ તેમ તે આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં નવો પ્રકાશ પાડશે. ધર્મપ્રેમી સાધુ કવિઓના હાથે ઘણી ખરી રાસકૃતિઓની રચના થઇ હોવાને કારણે એમાંની કેટલીક કૃતિઓની સાહિત્યિક ગુણવત્તા ઓછી હશે તો પણ સંખ્યાબંધ એવા કવિઓ અવશ્ય છે કે જેમની પાસે શાસ્ત્રજ્ઞાનની સાથે સાથે ઊંચી કવિ-પ્રતિભા પણ છે. આ બધી રાસકૃતિઓ જલદી પ્રકાશિત થાય એને માટે કોઇક સંસ્થાના ઉપક્રમે વ્યવસ્થિત યોજના થવાની જરૂર છે. સુરતથી પ્રગટ થયેલી 'આનંદકાવ્ય મહોદધિ'ની શ્રેણીએ આ ક્ષેત્રમાં આ સદીના પૂર્વાર્ધમાં જેવું સંગીન કાર્ય કર્યું તેવું કોઇ એક સંસ્થાના ઉપક્રમે ત્યાર પછી થયું નથી એ શોચનીય બાબત છે. આ પ્રકારના સંશોધન-સંપાદન અને એના પ્રકાશનના કાર્યમાં ઘણી મહેનત અને ઘણાં નાણાંની જરૂર રહે છે. એ દિશામાં એટલા માટે સક્રિય આયોજનની જરૂર છે. જ્યારે આપણું રાસાસાહિત્ય ઘણું-ખરું પ્રગટ થયું હશે ત્યારે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ નવેસરથી લખવાની ફરજ પડશે. ભવિષ્યના તટસ્થ ઇતિહાસકારો આ વાતનું યોગ્ય મૂલ્યાંકન કરી શકશે.

આપણે ત્યાં અત્યાર સુધીમાં પ્રગટ થઇ ચૂકેલી રાસાકૃતિઓની સવિસ્તર સમાલોચના કરતી સળંગ માહિતી કોઇ એક સ્થળે ઉપલબ્ધ નથી. કોઇ રાસકૃતિ છપાઇ છે કે નહિ તેની જાણકારી બે-ચાર વિદ્વાનો સિવાય બહુ ઓછાને હોય છે. એક જ લેખ કે ગ્રંથમાં એ બધી માહિતી ઉપલબ્ધ થાય એ દિશામાં પણ કામ કરવાની આવશ્યકતા છે.

જેમ રાસાસાહિત્યની બાબતમાં તેમ ફાગુ, બારમાસી, કક્કા અને માતૃકા, વિવાહલુ, સ્તવન, સજ્ઝાય, બાલાવબોધ વગેરે પ્રકારના સાહિત્યની અપ્રકાશિત કૃતિઓ જલદી પ્રગટ થાય એ દિશામાં પણ વિદ્વાનોએ અને સંસ્થાઓએ કામ કરવાનું જરૂરી છે. અલબત્ત એને માટે પુષ્કળ નાણાંની પણ જરૂર રહે છે. એક વખત સંસ્થાઓ દ્વારા નાણાંનો પ્રવાહ જો ચાલુ થશે તો એ ક્ષેત્રમાં કામ કરનારા પંડિતો-સંશોધકો મળી રહેશે. આજે તો આવી ખાસ કોઇ મોટી યોજનાઓ ન હોવાને કારણે પંડિતો અને સંશોધકો પણ કયારેક ક્ષેત્ર-પરિવર્તન કરતા રહે છે.

ગયા સૈકામાં યુનિવર્સિટીની કક્ષાએ જ્યારે જુદી જુદી ભાષાઓને અભ્યાસક્રમમાં સ્થાન અપાઇ ચૂક્યું હતું ત્યારે જૈન સમાજે પ્રાકૃત, અર્ધમાગધી ભાષાને મેટ્રિક તથા બી. એ. અને એમ. એ. ના અભ્યાસક્રમમાં દાખલ કરાવવા પ્રયત્ન કર્યો હતો. એને પરિણામે શાળા-કોલેજોમાં અર્ધમાગધી ભાષા અને એમાં લખાયેલા જૈન સાહિત્યનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઠીકઠીક રહેતી. આ રીતે એ પરંપરા ચાલુ હતી. છેલ્લા ત્રણ-ચાર દાયકાથી સરકારી નીતિને કારણે, યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં થતા ફેરફારોને કારણે તથા જૈન સમાજની ઉદાસીનતાને કારણે શાળામાં અર્ધમાગધીનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી જ ઘટી. પરિણામે જૈન અર્ધમાગધી સાહિત્યમાં રસ લેનાર વિદ્વાનોની સંખ્યા પણ ઓછી થઇ ગઇ. અર્ધમાગધી ભાષાનો વિષય થોડો કઠીન ગણાય. વળી એ લેનાર વિદ્યાર્થીને આજીવિકાની દૃષ્ટિએ ભવિષ્ય બહુ ઊજળું ન લાગે. એને કારણે વિદ્યાર્થીઓ આ વિષય માટે બહુ તૈયાર ન થાય એ દેખીતું છે. ઠીકઠીક નાણાંકીય આયોજન વિના આ કાર્ય પાર પડી શકે નહિ. જૈનસમાજે પોતાના દાનનો પ્રવાહ આ દિશામાં ઊલટભેર વહાવવાની ઘણી આવશ્યકતા છે. જૈનસમાજ પાસે વિદ્વાન પંડિતો નહિ હોય તો જૈનેતરોને સંસ્કારનું ધોરણ નીચું જાય તો નવાઇ નહીં.

અર્ધમાગધી ભાષાનો અભ્યાસ જૈન સાધુઓમાં સંસ્કૃત ભાષાની સાથે ઠીક ઠીક રહ્યા કર્યો છે. કેટલાક આચાર્યો પોતાના શિષ્યોને ભાષા અને વ્યાકરણની સાથે શાસ્ત્રોનો સઘન અભ્યાસ કરાવી રહ્યા છે, એ આપણા માટે બહુ ગૌરવની વાત છે. આમ છતાં કેટલાક એવા સાધુ-ભગવંતો નજરે પડે છે જેમના ચહેરા ઉપર જ્ઞાનનું તેજ દેખાતું નથી. એમના-ગુરુ-ભગવંતોએ એ બાબતમાં લક્ષ્ય આપી, છાપાં-ચોપાનિયાંઓનાં પ્રકાશનો વાચનમાંથી

(વધુ માટે જુઓ પાનું ૧૧૭ મું)

# માણસને જીવવાનો અધિકાર છે, તો મરવાનો અધિકાર શા માટે નહિ ?

© વિજયગુપ્ત મૌર્ય

માણસને જીવવાનો અધિકાર છે. તો તેની ઇચ્છા હોય ત્યારે મરવાનો અધિકાર તેને ન હોવો જોઇએ? જ્યારે તેને એમ લાગે કે હવે તેનું જીવન ઉપયોગી નથી અથવા તે એવા અસાધ્ય રોગથી પીડાતો હોય અને અસહ્ય યાતના ભોગવતો હોય તથા તેની સેવા કરનારાઓ માટે પણ ભારરૂપ હોય ત્યારે તેને પોતાની જીંદગીનો સ્વેચ્છાથી અંત આણવાનો અધિકાર હોવો જોઇએ કે નહિ? તેના વિશે પ્રગતિશીલ દેશોમાં વિચારશીલ વ્યક્તિઓ વચ્ચે ઘણી ચર્ચા થઇ રહી છે. દયાથી પ્રેરાઇને વ્યકિત કે પ્રાણીના જીવનનો અંત આણી તેને વ્યાધિમુક્ત કરવાની ક્રિયાને અંગ્રેજીમાં યુથેનેશિઆ કહે છે. ગ્રીક ભાષામાં તેનો અર્થ સરળ મૃત્યુ થાય છે. ઘણાં વર્ષો પહેલાં ગાંધીજી સાબરમતી આશ્રમમાં હતા ત્યારે અસાધ્ય રોગની યાતનાથી પીડાઇ રહેલા એક વાછરડાને વ્યથામુક્ત કરવા ધાતક ઇંજેક્શન અપાવ્યું હતું ત્યારે જબ્બેરમાં ઘણો ઉહાપોહ થયો હતો અને ગાંધીજીના વિરોધીઓએ ગાંધીજીની કડોર ટીકા કરી હતી. વિરોધીઓ ન હોય એવી વ્યકિતઓએ પણ અહિંસા અને જીવદયાને આગળ ધરીને ગાંધીજીની ટીકા કરી હતી. તેનો અર્થ એ કે જીવ ગમે એટલી યાતના ભોગવે તો પણ તેની દયા ખાઇને તેના છૂટકારાનો પ્રયાસ ન કરવો.

આ વિષયની ચર્ચા એટલા માટે હાથ ધરી છે કે ખાસ કરીને અમેરિકામાં એવા કિસ્સા બની રહ્યા છે કે જેમાં દરદી અસાધ્ય રોગની અસહ્ય વેદનાથી પીડાતો હોય અને પીડાય પીડાઇને મરવા સિવાય બીજે કોઈ માર્ગ ન હોય ત્યારે તેની કે તેના આપ્તજનોની ઇચ્છાથી તેની ચિકિત્સા ડોકટરો બંધ કરી દે છે, જેથી તેના જીવનનો અને તેની યાતનાનો પણ અંત આવી જાય. મને ખ્યાલ છે તે પ્રમાણે કોઈ દેશની સરકારે યુથેનેશિયાને કાયદેસર ઠરાવતો કાયદો કર્યો નથી. તેમ છતાં વ્યવહારમાં પરોક્ષ રીતે યુથેનેશિઆનો અમલ કરવામાં આવે છે. તેની સામે કેટલાક કિસ્સા અદાલતમાં પણ ગયા છે. આપણા દેશમાં આત્મહત્યાનો પ્રયાસ કરવો એ શિક્ષાપાત્ર ગુનો છે. પરંતુ જે અસહ્ય કારણોથી વ્યકિત આત્મહત્યા કરવા પ્રેરાય છે તે કારણો દૂર કરવા સરકાર કે સમાજ પાસે કોઈ વ્યવસ્થા નથી.

દયાથી પ્રેરાઇને મૃત્યુ નીપજાવવાના 'ટાઇમે' આપેલા કેટલાક દાખલા જોઇએ.

અમેરિકાના ઓનાવેલ નગરમાં કેથી જોન્સ નામની બે બાળકો બે વર્ષ પહેલાં જનમ્યાં હતાં. તેમનો અસ્તિપ્રદેશ ( પેલિસ ) એકજ હતો, પગ ત્રણ હતા. કદાચ તેમનો ઉછેર થઇ શકે, પરંતુ એ ઉછેર તેમના માટે અને તેમના માતાપિતા માટે કેટલો ત્રાસરૂપ નીવડે! તેથી માતા-પિતાએ અને ડોકટરે તેમને પોષણ આપવાનું બંધ કરી દીધું. તેથી એ ત્રણે સામે માનવ હત્યાનો આરોપ મૂકી કેસ કરવામાં આવ્યો. પરંતુ અદાલતે તે કેસ કાઢી નાખ્યો.

બીજો કિસ્સો જોઇએ. ૪૧ વર્ષના એક શિક્ષકે પોતાની આંખો અને બન્ને પગ ગુમાવ્યા. તેનું મૂત્રપિંડ કામ કરતું ન હોવાથી તેને ડાયાલીસીસ વડે જીવાડવામાં આવતો હતો. તેણે કહ્યું કે આ નકામા અને યાતનાપૂર્ણ જીવનનો મારે અંત લાવવો છે માટે મારો જીવ ટકાવનાર બધી ચિકિત્સા બંધ કરો. પરંતુ હોસ્પીટલના ડોકટરો સંમત ન થયા, તેથી તેણે મંજુરી માટે કોર્ટને અરજી કરી. કોર્ટે સંમતિ આપી. પરંતુ હવે તે બેશુદ્ધ હતો. અને શ્વસનયંત્ર વડે તેને જીવતો રાખવામાં આવતો હતો. અદાલતની સંમતિ મળતાં શ્વસનયંત્ર બંધ કરી દેવામાં આવ્યું, અને તે મરી ગયો.

એક ત્રીજો દાખલો. સિનસિનાટીની જનરલ હોસ્પીટલમાં એક દરદી મરવા પડયો હતો. તે બેભાન થઈ ગયો. પણ ડોકટરે તેને ભાનમાં આણ્યો. તે બોલી શકતો ન હતો. તેથી કાગળ ઉપર લખીને ડોકટરને ઠપકો આપ્યો, 'ડો. ડનલોપ, તમે આવું શા માટે કર્યું ?'

હવે જ્યારે મોટા ભાગના ઘાતક રોગો ઉપર વિજય મેળવવામાં આવ્યો છે ત્યારે અમેરિકામાં સરેરાશ આયુષ્ય ૭૩ વર્ષ ઉપર ગયું છે. મોટા ભાગના દરદીઓ પાકટ વયે અસાધ્ય રોગના ભોગ બનીને મરે છે. ૮૦ ટકા દરદીઓ હોસ્પિટલમાં મરે છે. અને તેમાંથી ઘણા સમજુ દરદીઓ પીડા વિનાનું ઝડપી મૃત્યુ પસંદ કરે છે. સમજુ ડોકટરો તેમને સહકાર આપે છે. દા. ત. બંને મૂત્રપિંડ બગડી જવાથી મૃત્યુ નિશ્ચિત બને છે. તેથી ડાયાલીસીસની ખર્ચાળ અને ત્રાસજનક ચિકિત્સાથી જીંદગી લંબાવી શકાય, પણ તે દરદી કશું ઉપયોગી જીવન જીવી શકે નહિ. તેથી તેઓ જીંદગી લંબાવનાર ચિકિત્સા બંધ કરી જીવનનો અંત આણવાનું પસંદ કરે છે. (શ્રી જયપ્રકાશ નારાયણની જીંદગી ડાયાલીસીસ વડે લંબાવવામાં આવી હતી.)

આજે હૃદય કામ ન કરતું હોય તો રૂધિરાભિસરણ ચાલુ રાખવાના અને ફેફસાં કામ ન કરતાં હોય તો શ્વસનક્રિયા ચાલુ રાખવાનાં સાધનો શોધાયાં છે. તેમના વડે દરદીની જીંદગી લંબાવી શકાય, પણ આ ખર્ચાળ અને પીડાજનક ચિકિત્સા વડે જીંદગી લંબાવવાનો અર્થ શો છે ?

પરંતુ તેમાં કેટલીક વહેવારૂ મુશ્કેલીઓ છે. જીંદગીનો અંત આણવાનો નિર્ણય કયા તબકકે કરવો અને તે નિર્ણય કોણ કરે? દરદી? તેના આપ્તજનો? કે ડોકટર? ખ્રિસ્તી ધર્મમાં રોમન કેથોલિક સંપ્રદાય રૂઢિચૂસ્ત ગણાય છે. તેમ છતાં ૧૬૮૦ માં પોપ તરફથી જાહેરાત કરવામાં આવી હતી કે દરદી જીવન મરણ વચ્ચે ઝોકાં ખાતો હોય અને ભારરૂપ જીવન જીવે તેના કરતાં તેને અસાધ્ય રોગમાં જીવનનો અંત આણવાની રજા દેવી જોઇએ. ન્યુયોર્કના યહૂદી ધર્મગુરુએ કહ્યું કે માણસ જીવી શકે ત્યાં સુધી જીવવું એ તેનું કર્તવ્ય છે. પરંતુ જો તે બચી શકનાર ન જ હોય તો મૃત્યુને રોકવું એ ફરજીઆત નથી.

આપણા ધર્મગુરુઓએ શું કહેવાનું છે?

અમેરિકામાં પ્રમુખે નીમેલા એક પંચના ડોકટર, ન્યાયશાસ્ત્રી અને ધર્મશાસ્ત્રી સભ્યોએ પુષ્કળ વિચાર વિનિમય પછી ઠરાવ્યું છે કે જો દરદી પરિસ્થિતિ સમજીને નિર્ણય ઉપર આવી શકે તો તેને પોતાના ભાવિ વિશે નિર્ણય કરવાનો અધિકાર છે. વૃદ્ધત્વની વ્યાધિઓના વિષયના નિષ્ણાત ડો. જોન હીને કહ્યું છે કે દરદી બધું સમજી શકે એવી માનસિક

સ્થિતિમાં હોય અને તે પુખ્ત વયનો હોય તો તેને પોતાના શરીર પર સંપૂર્ણ અધિકાર છે. જો દરદી નિર્ણય કરી શકે એવી સ્થિતિમાં ન હોય તો તેના નજીકના આપ્તજનોએ નિર્ણય કરવો જોઇએ. ધારાસભાએ અને અદાલતોએ તેમાં માથું મારવું ન જોઇએ. આ નિર્ણય દરદી ઉપર, તેના કુટુંબ ઉપર અને ડોકટરો ઉપર છોડી દેવો જોઇએ.

મેં એક કિસ્સો જોયો હતો જેમાં એક બહુ સ્વમાની અને સ્વાશ્રયી સજ્જનને લકવાનો હુમલો થતાં તેમણે પથારીમાં જ લાચાર અને પરાધીન દશામાં જીવવા કરતાં પોષણ તજી દઇને મરવાનું પસંદ કર્યું. અપોષણથી પીડાઇને મૃત્યુની રાહ જોવી પડી. જો તબીબી મદદથી જીવનનો તત્કાળ જ અંત લાવવાનો કાયદો હોત તો તેમણે દિવસો સુધી પીડાવું પડયું ન હોત. અને તેમના આપ્તજનોએ ત્રાસ ભોગવવો પડયો ન હોત. અમેરિકામાં ઘણા વિદ્વાનોની વિચારસરણી એવી છે કે પુખ્તવયની સમજુ વ્યકિતને ચિકિત્સા બંધ કરી જીવનનો અંત આણવાનો અધિકાર છે. તેમ છતાં મરનારના આપ્તજનો ડોકટરોને જવાબદાર ગણે એ બીકે કેટલાક ડોકટરો દરદીને મરવામાં સહકાર આપતા નથી. પરંતુ અમેરિકાના કાયદા પ્રમાણે દરદીની ઇચ્છા વિરુદ્ધ બળજબરીથી તેની ચિકિત્સા કરવી એ પણ અપરાધ છે.

જ્યારે દરદી પુખ્તવયની અને સમજુ વ્યકિત ન હોય, તેનો માનસિક વિકાસ થયો ન હોય, વૃદ્ધત્વથી તેનું મગજ કામ કરતું ન હોય, વધુ ઓછા અંશે ગાંડો હોય, મગજને નુકસાન થયું હોય, તે બેશુદ્ધિમાં હોય ત્યારે ચિકિત્સા બંધ કરવા વિશે અને જીવનનો અંત આણવા વિશે નિર્ણય કોણ કરે? આવા કિસ્સામાં નિર્ણય કરવાનો અધિકાર તે વ્યકિતના નજીકના આપ્તજનોને અને ડોકટરોને મળવો જોઇએ. બેશુધ્ધિ એવી હોવી જોઇએ કે નિષ્ણાત ડોકટરો ખાત્રી આપી શકે કે હવે આ દરદી ભાનમાં આવશે નહિ. જો તેણે દિવસો અને મહિનાઓ સુધી જીંદગીના શેષ કાળમાં બેશુદ્ધિમાં જ રહેવાનું હોય તો તેને પરાણે પોષણ અને ઔષધો આપીને જીવાડવાનો શો અર્થ? મૃત્યુની વ્યાખ્યા એ છે કે વ્યકિતનાં હૃદય અને ફેફસાંની ક્રિયા બંધ પડી જાય. પરંતુ હવે આ બંને કુદરતી અવયવો કામ કરી શકતા ન હોય તો પણ બાહ્ય સાધનો વડે આ બંને ક્રિયા ચાલુ રાખી શકાય છે. તેથી મૃત્યુ નિપજ્યું છે કે નહિ, તે મગજ જીવતું છે કે મરી ગયું છે તેની ઉપરથી નકકી કરવું જોઇએ. ૧૯૬૮માં હારવર્ડની મેડીકલ સ્કુલે અભિપ્રાય આપ્યો હતો કે જો રોગી એવો બેશુદ્ધ હોય કે તેને ભાનમાં ન લાવી શકાય તો તેનું મગજ મૃત્યુ પામેલું ગણવું. થોડાક મહિના પહેલા અમેરિકામાં ડો. કલાર્ક નામના એક હૃદયરોગી ડેન્ટીસ્ટને ડોકટરોએ કહી દીધું કે તમારું હૃદય હવે થોડા કલાકથી વધારે કામ નહિ આપે. અમેરિકામાં પ્લાસ્ટિક અને એલ્યુમીનિયમનું હૃદય બનાવામાં આવ્યું છે. ડો. કલાર્કે માંદુ હૃદય કઢાવી નાંખી એના ઠેકાણે આ કૃત્રિમ હૃદય ગોઠવી દેવા સંમતિ આપી. લગભગ ૯ કલાકની શસ્ત્રક્રિયા પછી ડો. કલાર્કના શરીરમાં કૃત્રિમ હૃદય ધબકતું થઈ ગયું. ત્યાં સુધી શ્વસન અને રુધિરાભિસરણની પ્રક્રિયા બાહ્ય સાધનો વડે થતી હતી. શસ્ત્રક્રિયા પૂરી થઇ તે પછી ફેફસાં અને કૃત્રિમ હૃદય કામ કરતાં થઇ ગયાં અને તે ભાનમાં આવ્યો. કૃત્રિમ હૃદય વડે જીવનાર તે પહેલો માણસ હતો. ચારેક માસ પછી તે હૃદયની નિષ્ફળતાથી નહિ, પણ બીજી કેટલીક માંદગીથી મરી ગયો. તેમ છતાં તેનું કૃત્રિમ હૃદય ધબકતું હતું! આખરે બે કલાક પછી સ્વિચ બંધ કરીને હૃદયને અટકાવી દેવામાં આવ્યું.

આ કિસ્સામાં ડો. કલાર્કે મરવા કરતાં કોઇપણ રીતે એટલે કે કૃત્રિમ હૃદય વડે પણ જીવવાની જિજીવિષા વ્યકત કરી હતી, તેથી કૃત્રિમ હૃદય બેસાડવાનું અનિશ્ચિત જોખમ સ્વીકાર્યું હતું. પરંતુ હૃદય બંધ કરી દેવાની જવાબદારી ડોકટરોએ સ્વીકારી. આ કિસ્સાએ ઘણી ચકચાર જગાવી.

કાયદા, માનવતા અને માબાપની લાગણીને સ્પર્શતો એક ઐતિહાસિક કેસ ન્યુજર્સીમાં બન્યો હતો. કારેન નામની એક છોકરી અસાધ્ય રોગથી પીડાતી હતી અને પાછી ભાનમાં ન આવે એવી બેશુદ્ધિમાં એક વર્ષથી પડી હતી. ડોકટરો તેની જીવાદોરી કાપી નાખવા તૈયાર ન હતા. તેથી માબાપ ૧૯૭૩માં ન્યુજર્સીની સર્વોપરી અદાલતમાં ગયા. અદાલતે ચૂકાદો આપ્યો કે આ છોકરી માટે તેના માબાપને નિર્ણય લેવાનો અધિકાર છે. તેથી જો બાળકીની બેશુદ્ધિ અસાધ્ય ગણાય તો તેને જીવતી રાખનાર બાહ્ય શ્વસન-તંત્ર ડોકટરો બંધ કરી દઇ શકે. આપણા દેશમાં અદાલત આવો ચુકાદો આપે નહિ. અને ડોકટર દરદીના માબાપની ઇચ્છાથી પણ જો દરદીની જીવાદોરી કાપી નાખે તો તેઓ બધા મનુષ્યવધના અપરાધી બને.

૧૯૮૨માં ન્યુજર્સીમાં આવો બીજો બનાવ બન્યો હતો. થોમસ વ્હિટમોરની ૮૩ વર્ષની કાકી અસાધ્ય રોગથી મરણોન્મુખ હતી. વ્હિટમોરે ડોકટરોને કહ્યું કે તેને નાક વાટે પોષણ આપતી નળી કાઢી લ્યો જેથી તેની યાતનાનો અંત આવી જાય. ડોકટરે ના પાડી અને કહ્યું કે જે કામ ઇશ્વરનું છે તે હું નહિ કરું! તેથી વ્હિટમોરે અદાલતની પરવાનગી મેળવી. ન્યાયમૂર્તિએ લખ્યું કે માંદગીમાં એવો તબકકો આવે છે કે જયારે દરદી, અથવા તે અશકત હોય તો તેના વતી તેનો આપ્તજન દરદીની જીંદગી ટુંકાવી નાખવાનો નિર્ણય લઈ શકે.

આ ચુકાદા ઉપર અપીલ થવાની હતી. તેથી ડોસીના નાકમાંથી પોષણની નવી કાઢી લેવામાં ન આવી. દરમિયાન તે પીડાઈ પીડાઇને મરી ગઈ.

કારેન ગયા એપ્રિલ માસ સુધી તો મરી ન હતી. તેને ઓકસીજન આપનાર નળી કાઢી લેવામાં આવી હતી, પણ નાકવાટે પોષણની નળી કાઢી લેવામાં ન આવી. ડોકટરોનું એકમત છે કે તે ભાનમાં આવશે નહિ અને જીવશે નહિ.

તો પછી બધાની યાતના લંબાવવાનો શો અર્થ? જ્યારે ખોડખાપણવાળું બાળક જન્મે, જે ઉછરી આવે તો પણ પંગુ અને પરાધીન રહે ત્યારે તેની જીંદગી ટુંકાવી નાખવી કે તેને અતિ દુઃખી દશામાં જીવવા માટે ઉછેરવો તે પ્રશ્ન કાયદા અને નૈતિક દૃષ્ટિએ મુંઝવે તેવો છે. અમેરિકાના બ્લુમિંગ્ટન નગરમાં એક એવા બાળકનો જન્મ થયો કે જેની અન્ননળીની ખામીને લીધે તે કુદરતી રીતે પોષણ લઇ શકે નહિ. માબાપ તેની જીવાદોરી કાપી નાખવાના મતના હતા. પરંતુ હોસ્પીટલે તેની ઉપર શસ્ત્રક્રિયા કરવા અદાલતની રજા માગી-માબાપે વિરોધ કર્યો.

અને સર્વોપરી અદાલત સુધીતે ગયા. દરમિયાન બાળક મરી ગયું. આ કેસથી સમાજમાં ઘણો વિવાદ જાગ્યો, અને

બાળકને યેનકેનપ્રકારેણ જીવાડવાના હિમાયતીઓએ પ્રમુખ રેગનને વિનંતી કરી કે પંગુ જન્મેલા બાળકને હોસ્પિટલ પોષણ તથા ચિકિત્સા આપવાની ના પાડીને તેની જિંદગી ટુંકાવી ન શકે એવો કાયદો કરો.

આપણા સમાજમાં મેં એક એવો કિસ્સો જોયો છે કે જેમાં બાળક મગજ, વાચા અને શરીરથી પંગુ છે. બહુ ત્રાસ વેઠીને તેના માબાપે તેને ઉછેર્યો છે. પરંતુ માબાપના અવસાન પછી આ પંગુનું શું થશે ?

એક દલીલ એવી કરવામાં આવે છે કે મરવાનો અધિકાર માન્ય રાખવાથી કોઇ કિસ્સામાં અધિકાર ફરજમાં પણ ફેરવાઇ જાય, એટલે કે દરદીએ પોતાની ઇચ્છા વિરુદ્ધ મરવું પડે. યુથેનેશિઆ માન્ય રાખવા આડે એવી જ દલીલ નડે છે, કે આવી છૂટનો દુરુપયોગ કરીને કોઇવાર દરદીની ઇચ્છા જીવવાની હોય છતાં જીવાદોરી કાપી નાખવામાં આવે. આ દલીલમાં બહુ વજુદ નથી. કાયદામાં તકેદારીની બધી જોગવાઇઓ થઈ શકે. તેમ છતાં અધિકાર કે છૂટનો દુરુપયોગ થવાની બીકથી મરવાની સ્વતંત્રતા આંચકી લેવી ન જોઇએ. એમ છતાં પ્રમુખ રેગન રૂઢિચૂસ્ત રાજકર્તા હોવાથી ડોકટરોને અને માબાપને તેમની વિવેકબુધ્ધિ વાપરવાનો અધિકાર આપવાથી વિરુધ્ધ છે.

કેલિફોર્નિઆમાં કલેરન્સ હરમટ નામનો ૫૫ વર્ષનો એક માણસ પડી જવાથી બેશુધ્ધ થઇ ગયો. એની ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવી. તો પણ તે ભાનમાં ન આવ્યો. આખરે ડોકટરો એવા અભિપ્રાય ઉપર આવ્યા છે કે એ કદી ભાનમાં આવશે નહિ. અને તેને ઓકસીજન વડે જ જીવાડી શકાય. તબીબી દૃષ્ટિએ એ મરી ગએલો જ ગણાય. તેથી તેના કુટુંબની સંમતિથી ડોકટરોએ ઓકસીજનની નળી ખેંચી લીધી. હજી તેનો શ્વાસ ચાલતો હતો અને પાણી તથા પોષણ તેને નસ વાટે અપાતાં હતાં. તેની પત્નીની સંમતિથી તે પણ ખેંચી લેવામાં આવ્યાં. આખરે તે મરી ગયો. આ કિસ્સો લોસ એન્જલ્સની અદાલતમાં ગયો. રાજ્યના સત્તાવાળાઓએ ડોકટરો ઉપર મનુષ્યવધનો આરોપ મૂકયો. અદાલતે તે કાઢી નાખ્યો. પરંતુ કેસ અપીલમાં ગયો છે. એનું કુટુંબ ફરીબેહું છે અને હવે કહે છે કે અમને ડોકટરોએ ખોટી માહિતી આપી હતી. કદાચ કુટુંબને બીક હશે કે જો તેઓ ડોકટરોને ટેકો આપશે તો પોતે પણ મનુષ્યવધમાં મદદગાર કરશે.

અમેરિકામાં ૧૪ રાજ્યોએ અને કોલંબિયા જીલ્લાએ કાયદાથી છૂટ આપી છે કે દરદી જીવનના અંતકાળ સુધી પહોંચી ગયો હોય અને તે નિર્ણય કરવા અશકત હોય તો ડોકટરો પોતાની વિવેકબુધ્ધિ વાપરીને દરદીની જીંદગી લંબાવતી ચિકિત્સા બંધ કરી દઈ શકે. જો દરદી સભાન અને સમજણમાં હોય તો તે પોતે પોતાનો નિર્ણય ડોકટોરોને જણાવી શકે.

કોઇપણ છૂટનો દુરુપયોગ પણ થઈ શકે. દા. ત. દરદી પોતે નિર્ણય પર આવવા સભાન ન હોય ત્યારે જો કુટુંબીઓ સ્વાર્થી હોય તો તબીબી ખર્ચો બચાવવા અને દરદીનો વારસો વહેલો મેળવવા ડોકટર સાથે મળીને દરદીની જીવાદોરી કાપી નાખવા નિર્ણય લઇ શકે. બધા ડોકટરો પણ પ્રમાણિક ન હોય અને યુરોપના આદ્ય વૈદ્ય હિપોક્રેટસના શપથને વફાદાર નથી હોતા. મુડીવાદી અમેરિકામાં અને આપણા સમાજવાદી દેશમાં પણ હોસ્પીટલમાં સારવાર લેવી એટલી બધી મોંઘી થઇ ગઈ છે કે દરદી અને તેના કુટુંબીઓ લાંબી અને ખર્ચાળ સારવારનો ત્રાસ ભોગવવા કરતાં મૃત્યુ પસંદ કરેઃ ખાસ કરીને રોગ અસાધ્ય હોય ત્યારે. કેલિફોર્નિઆમાં એક સ્ત્રીના મગજને ગંભીર ઇજા થઈ હતી અને તે બેશુધ્ધ હતી. તે શુધ્ધિમાં આવવાની શકયતા ન હતી. પરંતુ તે સગર્ભા હતી. ૩૧ અઠવાડિયાં પછી તેણે બેશુધ્ધિમાં એક છોકરાને જન્મ આપ્યો, જે ઉછરી આવ્યો અને પછી તે સ્ત્રીને જીવતી રાખતાં સાધનો ખેંચી લેવામાં આવ્યાં.

પેટ્રીક મેકફેડ્રશન નામનો ૨૩ વર્ષનો એક યુવાન મોટર સાયકલના અકસ્માતમાં મરણતોલ ઇજા પામ્યો. માથામાં ઇજા થવાથી તેનું મગજ બહુ થોડું કામ કરતું હતુ. તે જન્મોની વ્યાધિથી પીડાતો હતો અને શરીરે આંચકી આવતી હતી પણ આંખો ખુલ્લી હતી. તેમાં ત્રાસ દેખાતો હતો. ગ ા જાન્યુઆરીમાં તેના ગળેથી પોષણ ઉતારવા જે ટલો સુધારો થયો. પરંતુ તે પંગુ જ રહેશે અને પથારીમાંથી ઉઠી શકશે નહિ, એમ લાગે છે. આવા યુવાન પણ આજીવન પથારીવશ રહેનારા દરદીની જીવાદોરી ખેંચી લેવાનો નિર્ણય કેમ થઈ શકે ?

આ ચર્ચા અને દ્રષ્ટાંતોમાંથી નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે :

* જે વ્યકિતને એમ લાગે કે તેનું ઉપયોગી જીવન પુરું થયું છે તેને પોતાની જીવાદોરી ટુંકાવી નાખવાનો અધિકાર હોવો જોઇએ ? કે વૃદ્ધાવસ્થા અને માંદગીથી પરાધીન દશામાં પીડાઇ પીડાઇને મરવાની તેને ફરજ પાડવી જોઇએ ?

* જ્યારે દરદીને સભાન અને સમજણવાળી અવસ્થામાં ખાતરી થાય કે તેનો રોગ (દા. ત. કેન્સર) અસાધ્ય છે ત્યારે તેણે પોતાની જીંદગીનો ડોકટરોના સહકારથી અંત આણવાનો અધિકાર હોવો જોઇએ કે નહિ ?

* જ્યારે એક કરતાં વધુ ડોકટરો સંમત થાય કે દરદીનો વ્યાધિ અસાધ્ય છે ત્યારે દરદીની, કે તેની અભાન અવસ્થામાં તેના આપ્તજનોની સંમતિથી તેનું જીવન લંબાવવાના ઉપાયો છોડી દેવા જોઇએ કે નહિ ?

* જ્યારે એવું બાળક જન્મે કે તેણે એની ખોડખાપણને લીધે પંગુ અવસ્થામાં ત્રાસજનક પરિસ્થિતિમાં જ જીવવું પડે તો એવા બાળકની જીંદગી ટુંકાવી નાખવી જોઇએ કે નહિ ?

સમાજશાસ્ત્રીઓ, ન્યાયશાસ્ત્રીઓ, ડોકટરો અને બીજા બૌદ્ધિકોએ આ પ્રશ્નો વિચારવા જેવા છે. દરેક વ્યકિત પોતાના કર્મનાં કે પૂર્વજન્મનાં સંચિત કર્મના ફળ ભોગવે છે, માટે દૈવાધીન વિષયમાં માણસે માથું ન મારવું જોઇએ એવું ભાગેડુ આશ્વાસન આ પ્રશ્નોનો જવાબ નથી.

# શિક્ષણમાં લીલો દુકાળ

● ગુણવંત શાહ

[મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બિરલા ક્રિડા કેન્દ્ર પર યોજાયેલા પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૩ને દિવસે આપેલું પ્રવચન.]

વ્યાખ્યાન માટે આ વિષય પસંદ કર્યો ત્યારે એક મિત્રે ટકોર કરી: શિક્ષણને બદલે બધાંને રસ પડે તેવો કોઇ વિષય સૂચવો તો સારું. મેં જવાબમાં જણાવ્યું: પ્રત્યેક પરિવારમાં કોઇ ને કોઈ ભણતું હોય તો ય શિક્ષણની વાતોમાં બધાને રસ ન પડે એમ બને ખરું? મિત્રે તો મારા જવાબમાં રહેલો તર્ક સ્વીકારી લીધો પણ મારા જ મનમાં ખટકો રહી ગયો. પ્રત્યેક પરિવાર સુધી શિક્ષણ પહોંચ્યું છે ખરું? ઇંગ્લેંડ જેવા દેશમાં તો 'મિલર ઓફ ધ ડી' સુધી, 'લ્યુસી ગ્રે' સુધી કે પછી વર્ડ્સ્વર્થની પેલી 'સોલિટરી રીપર' સુધી શિક્ષણનો રેલો પહોંચ્યો છે. આપણે ત્યાં શિક્ષણ હજી મેઘાણીની પેલી ચૌદ વરસની, ચૂંદડિયાળી, શ્વેત-સુંવાળી. લાલ-હીંગોળી, જોમવંતી, જગદમ્બા-શી 'ચારણકન્યા' સુધી કે જયંત પાઠકની 'આદિવાસી કન્યાના જીંથરિયા વાળ વચાળે સેંથી જેવી વાંકીચૂકી વગડાની કેડીઓ' સુધી પહોંચ્યું નથી. ઇન્દિરાજીએ થોડાક વખત પર સન ૧૯૯૦ સુધીમાં પ્રાથમિક, ફરજિયાત શિક્ષણ ૧૪ વર્ષની ઉંમરનાં સૌ સુધી પહોંચે એવી આશા વ્યક્ત કરી. પણ વાસ્તવમાં તો, હજી મામાનું ઘર દીવો બળે તેનાથી ય દૂર છે એ સ્વીકારવું રહ્યું.

કમારેક પ્રશ્ન થાય કે, આપણું સૌથી મોટું 'રાષ્ટ્રીય ભોળપણ' કયું? નિશાળોમાં અને કોલેજોમાં જે કાંઇ ચાલે તેને 'શિક્ષણ' ગણવામાં આવે એ થયું આપણું રાષ્ટ્રીય ભોળપણ. અમારે ત્યાં સુરતના હવાઇ મથકે સમડી ય લેન્ડિંગ કરતી નથી, કાગડો ટેઇક ઓફ કરતો નથી. રન-વે પર કેડ સમાણું ઘાસ ઊગ્યું છે અને આકાશ ઉજ્જડ બની ગયું છે તો ય લોકો એને 'એરપોર્ટ' કહે છે. લગભગ આ જ રીતે કેવળ ટેવને કારણે માંદી મીંદી જેવી, બંધ પડી ગયેલી કે બંડ ચાલુ રહેલી યુનિવર્સિટીને 'યુનિવર્સિટી' કહેવાનું ચાલુ રહે છે. વિક્રમ રાજાના બભા પરના શબ જેવી સવાસો કરતાંય વધારે યુનિવર્સિટીઓનો બોજ આ દેશ હર્યા ભોળપણને કારણે વેંઢારી રહ્યો છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી કે અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી જેવી કેન્દ્રિય યુનિવર્સિટીઓમાં શિક્ષણ રાબેતા મુજબ ચાલે ત્યારે ક્યે વર્ષે તાને સમાચારનો દરજ્જો પ્રાપ્ત થાય છે. આવી યુનિવર્સિટીઓમાં પૈસાની બોટ ન હોવાને કારણે સતત લીલો દુકાળ રહેતો હોય છે. સદ્ભાગ્યે આ યુનિવર્સિટીઓમાં લાયબ્રેરી તો હડતાલ હોય ત્યારે ય ચાલતી રહે છે. અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી મહિનાઓ સુધી બંધ રહે પણ વિદ્યાર્થીઓ લાયબ્રેરીનો લાભ ઊઠાવે તે જોઇને ઉમાશંકર દંગ થઇ ગયેલા.

'શિક્ષણની હેવી ઇન્ડસ્ટ્રી' જેવી બનારસ હિંદુ યુનિવર્સિટીની વાત કરું. ત્યાંની એક ફેકલ્ટીના ડીને સાચી વાર્તા કહી સંભળાવી. કોલેજને અનેક પ્રવૃત્તિઓ કરવા માટે મળેલી બસ જુની થઇ. એના રીપેરકામ માટે યુનિવર્સિટીને ઘણી વાર લખ્યું પણ આખ્ર કશું થયું નહીં. છેવટે એ ડીનસાહેબે વિદ્યાર્થીઓને સલાહ આપી. 'બસ કોઇ જલા દો તાકી નઇ બસ મિલ સકે'. વિદ્યાર્થીઓએ ગુરુજીની આજ્ઞાનું પાલન કર્યું અને નવી બસ મળી ય ખરી! હું એ નવી બસમાં બેઠો ત્યારે ડીનસાહેબે સ્વમુખે આ વાત કહી. આમ એક બાજુ 'ઉચ્ચ' શિક્ષણમાં આર્થિક સાધનોનો બગાડ અને બીજી તરફ મેધાણીની ચારણકન્યાને નિશાળે પહોંચાડવાના ફાંફાં! એ બિચારી નિશાળે જાય કે પેટિયું રળવામાં માબાપને મદદરુપ થાય!

થોડીક વિગતો આપવાનો લોભ નથી ટાળી શકાતો. ૬ થી ૧૪ વર્ષના ગાળામાં હજી કુલ ત્રણ કરોડ બાળકો શાળાએ જતાં નથી. જેમાં ૭૧ ટકા તો છોકરીઓ છે. ગામડાંની માત્ર ૧૮ ટકા નિશાળોમાં જાજરુની વ્યવસ્થા છે, ૨૦ ટકા નિશાળોમાં કોઇ જ ફર્નિચર નથી, કેટલીક નિશાળોમાં પાંચ વર્ગો વચ્ચે કેવળ એક શિક્ષક છે. એવી ય શાળાઓ છે જ્યાં શિક્ષક હોય તો વિદ્યાર્થીઓ નથી, વિદ્યાર્થીઓ હોય ત્યાં શિક્ષક નથી અને ક્યાંક શિક્ષક તથા વિદ્યાર્થીઓ વગરની 'ભૂતિયા' શાળાઓ પણ છે. છેલ્લાં સાંઠેક વર્ષથી શિક્ષણને સાર્વત્રિક બનાવવાની જરૂરિયાત વિષે આગ્રહ સેવાતો આવ્યો છે. ગોપાળકૃષ્ણ ગોખલેએ તો ૧૯૧૦-૧૨ નાં વર્ષોમાં એ માટે બિલ રજૂ કરેલું. આજે વિનોબાજીની જન્મજયંતી છે. એમણે પ્રાથમિક કક્ષાએ બાળક પાંચપાંચ કલાક ગોંધાયેલો રહે તેને બદલે 'એક કલાક'ની શાળાઓનું સૂચન કરેલું. રાજાજીએ મદ્રાસના મુખ્ય પ્રધાન તરીકે બે પાળીમાં શાળા ચાલે તેવી શરૂઆત પણ કરેલી. ડો. ઝાકીર હુસેને તો એક ડગલું આગળ જઇ ત્રણ વર્ષની ફરજિયાત કેળવણી માટે ૧૧ થી ૧૪ નો વયગાળો સૂચવેલો. આ ગાળામાં બાળકો જલદી ભણે અને સારું ભણે જેથી ઓછા ખર્ચે વધારે બાળકોને ભણાવી શકાય. શીતળાનો કેસ શોધી લાવનાર માટે રૂ. ૧૦૦૦ નું ઇનામ જાહેર થયું પણ તો ય વર્ષો સુધી એ ઇનામ લેનારો કોઇ મળ્યો નહીં. આવું જ્યારે નિરક્ષર માણસ આગે બનશે ત્યારે ગરીબી ટકી શકશે ખરી?

મનમાં કેટલાક વિચિત્ર પ્રશ્નો ઊઠે છે. એવું શા માટે કે કાટખૂણે આવેલી બે ભીંતો વચ્ચેનો ખૂણો આ દેશમાં આપોઆપ જાહેર પેશાબખાનું બની જાય છે? એવું શા માટે કે ક્યાંક સ્વચ્છ ભીંત દીઠી કે કેટલાક લોકોને તેના પર પાનની પિચકારી મારવાનું મન થાય છે? આવી પિચકારી મારનારાં બધા અભણ જ હોય એવું ખરું? સુરતમાં સ્ત્રીઓની હાજરીમાં નિરાંતે ગાળો બોલનારા કેવળ અશિક્ષિતો જ નથી હોતા, એનું શું? આપણાં ચલચિત્રોમાં ચુંબન પર પ્રતિબંધ છે પણ ક્રમકમાટી ઉપજાવે તેવા બળાત્કારનાં, ખૂનનાં, મારામારીનાં અને નિર્દયતાથી ભરેલાં દૃશ્યો પર કોઇ ખાસ પ્રતિબંધ નથી એનું શું કારણ? શું આપણે ચુંબનને નિર્ઘૃણ હત્યા કરતાંય વધારે બિભત્સ માનીએ છીએ? વધુ નિશાળો અને કોલેજો ખુલે તે સાથે પ્રત્યેક પંચવર્ષીય યોજનાને અંતે નિરક્ષરોની ગરીબી રેખાની નીચે જીવનારાઓની, બેકારોની, ગુનેગારોની, રોગીઓની, દહેજ-મૃત્યુનો ભોગ બનનારી સ્ત્રીઓની અને ઝુપડપટ્ટીઓની સંખ્યા વધે તેનું કારણ શું? કોઇ મકાનમાં ટ્યુબલાઇટોની સંખ્યા વધતી રહે તે સાથે અંધકારની માત્રા

(વધુ માટે જુઓ પાનું ૧૪ મું)

# ઉપાલંભની છાંટ અને ફરિયાદની છટાનું કાવ્ય

● પન્નાલાલ રસિકલાલ શાહ

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ
પૂરણ દૃષ્ટિ નિહાળીએ, ચિત્ત ધરિયે હો અમચી અરદાસ
પરમાતમ પૂરણ કલા...૧...

સર્વ દેશ ધાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાળ,
વાસ કિયો શિવ મંદિરીયે, મોહે વિસરી હો ભમતો જગજાળ
...પરમાતમ...૨...

જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર,
તાત કહો મોહે તારતા, કિમ કિની હો ઇણ અવસર વાર...
પરમા...૩

મોહ મહા મદ છાકથી, હું છકિયો હો નાહીં સૂધ લગાર,
ઉચિત સહી ઇણે અવસરે, સેવકની હો કરવી સંભાળ,...
પરમા૦...૪

મોહે ગયે જો તારશો, ઇણ વેળા હો કહાં તુમ ઉપકાર?
સુખ વેળા સજ્જન અતિ, દુઃખ વેળા હો વીરલા સંસાર...
પરમા૦...૫

પણ તુમ દરિશન યોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ,
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહી કર્મ વિનાશ...
પરમા૦...૬

કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ.
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશરામ...
પરમા૦...૭

ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ,
"ચિદાનંદ" મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણ દિણંદ...
પરમા૦.../

-ચિદાનંદજી

૦ ૦ ૦

આધુનિક કવિતામાં બોદલેરના પ્રભાવ હેઠળ બિહામણી કલ્પનસૃષ્ટિ અને નિત્શેની અસર હેઠળ ઈશ્વરની વિડંબના કે એના ઇન્કારની અભિવ્યક્તિ જોવા મળે છે. વર્તમાનની વિષમ તુલાના મૂળમાં કર્મતત્ત્વજ્ઞાનનું આપણે કરેલું સ્વાર્થજન્ય અને વિકૃત અર્થઘટન પડ્યું છે. એટલે ઈશ્વરની વિડંબના કે ઇન્કારના આઘાતથી આપણે જાગીએ તો ઈશ્વર પ્રત્યેના પારાવાર પ્રેમના એમાં દર્શન થાય. ઈશ્વર અંગેની મૂળભૂત વિભાવના આપણા અંતરતલમાં પડી છે. એના આવિર્ભાવ માટે આવો આઘાતજનક પ્રહાર આધુનિક કવિતામાં જોવા મળે છે. ઈશ્વરના ઇન્કારમાં એનો સ્વીકાર છે અને પ્રેમની ઉત્કટ અનુભૂતિ જ આપણી પાસે પ્રસંગ આવ્યે આકરી વાત કરાવી શકે છે એ ભૂમિકા આવા કાવ્યોમાં હું જોઉં છું.

પ્રભુગુણને વ્યક્ત કરવાની અભિલાષા એ આપણા સંત સાહિત્યનું આગવું લક્ષણ છે. એમાં અવ્યક્ત ઈશ્વરને રીઝવવાની અને એના પ્રેમમાં ઓળઘોળ થવાની વાત છે. નરસિંહ મહેતા, સૂરદાસ, અખો, આનંદઘનજી, ચિદાનંદજી, યશોવિજયજી, દયારામ કે કબીર આદિ જૈન-જૈનેતર સંતોના ભક્તિ સાહિત્યમાં આ બાબત યથાર્થ રીતે સ્ફુટ થઈ છે. પરંતુ ભગવદ્ ભજન અને પ્રભુપ્રેમમાં જૈન કવિઓએ એથી આગળ વધીને ઉત્કટ પ્રેમની અભિવ્યક્તિની એક મનઃસ્થિતિના સ્વરૂપે મીઠા ઉપાલંભ અને ફરિયાદની કાવ્ય-સરિતા વહાવી છે. એમાં કાવ્યની ભવ્યતા અને રમણીયતાની પ્રતીતિ થાય છે.

'નિશદિન પંથ નિહારું પિયકો; પલક ન પલભર લાગીરી' અથવા 'પિયુ પિયુ કરી તુમને જપું રે. હું ચાતક તુમ મેહ'. એમ ગાનાર અનુક્રમે મીરાં કે યશોવિજયજીની અનુભૂતિ અને વર્તમાનની ઈશ્વરના ઇન્કારની અભિવ્યક્તિ : એ બે અંતિમોની વચ્ચે ઉપાલંભની છાંટ સાથે ફરિયાદની આ છટા સૌમ્ય અને રમણીય છે.

ભક્ત કહે છે : 'ઘાતી-અઘાતી કર્મોનો ઘાત કરીને અને મને એકલો અટૂલો જગતની જંજાળમાં ભમતો અને ભટકતો મૂકીને આપ પરમપદને પામ્યા છો.' વાસ્તવિક પરિસ્થિતિના સરળ લાગતા આ બયાનમાં ફરિયાદ ગોપિત રહી છે. જગતારકનું બિરુદ મેળવીને કેટલાં ય અપરાધીઓનો આપે ઉદ્ધાર કર્યો છે તો આ ભક્તનો ઉદ્ધાર કરવામાં વિલંબ થવા પાછળ શું પ્રયોજન છે એવી પૃચ્છાનો ભાવ રહ્યો છે. મોહવશ અને મદથી છકી ગયેલાં આ જીવની સુધ-બુધ પણ રહી ન હોય એવા ઉચિત અવસરે સેવકની સંભાળ લેવાની અભીપ્સા દ્વારા એ ચૂકી ગયાનો ઈશ્વરને ગર્ભિત ઇશારો છે. અંગ્રેજ કવિ ફ્રાંસિસ ટોમ્સનના 'The Hound of Heaven' કાવ્યમાં કરુણાસાગર ઈશ્વરનો પ્રેમ કે અનુગ્રહ જીવને પોતાના આશ્લેષમાં લપેટી લેવા તેની પાછળ પડે છે એ કલ્પના અહીં યાદ આવે છે. એટલા માટે કે એ કાવ્યમાં તો પ્રભુના એ પ્રેમપાશમાં ન ફસાવા જીવ ચોતરફ દોટ મૂકે છે એવું નિરૂપણ છે, જ્યારે અહીં તો એથી વિરુદ્ધ મોહ અને મદના બાહુપાશમાં બીડાયેલા ભક્ત વત્સની કરુણાસાગર પિતાએ ઉચિત સંભાળ લેવી જોઇએ એવું નિરૂપણ થયું છે. એક બાજુ કરુણાસાગર ઈશ્વર જીવની સાર-સંભાળ લેવા પાછળ પડે છે તો જીવને એ મંજૂર નથી અને બીજી બાજુ જગતની માયામાં લપેટાયેલાં ચૈતન્યનો એ ભાવ છે કે એવા અવસરે કરુણાસાગરે એની સારસંભાળ લેવી જોઇએ. (પરંતુ એ ઈશ્વરને ગૃહિત નથી?) મનના ગહનતમ અને સૂક્ષ્મ ભાવોની આવી સંતાકૂકડી અને અભિવ્યક્તિમાં કવિકર્મનું જેટલું સાફલ્ય છે એટલું જ એ આહ્લાદક અને અદ્‌ભૂત પણ છે.

મોહનું આવરણ દૂર થતાં ઉદ્ધાર કરશો તો તેમાં ઉપકાર શો? સ્વયં પુરુષાર્થના એ પરિણામને ઉદ્ધારકનું પરિમાણ આપવાનો કવિ અહીં છેદ ઉડાડે છે, એમ કહીને કે માનવીના સારા સમયમાં ઘણા સજ્જનો એના મિત્ર અને હિતેચ્છુનો સ્વાંગ સજીને ઘેરી વળે છે, પરંતુ એના વિકટ અને કપરા કાળમાં એને સાથ આપનાર વ્યક્તિ જવલ્લે જ જોવા મળે અગર વીરલ હોય છે. દુન્યવી વ્યવહાર પાછળ રહેલાં શાણપણના આ સનાતન સત્યને ટાંકીને કવિએ અહીં મર્મસ્થાન પર બરાબર માર્મિક ચોટ લગાવી છે :

'સુખ વેળા સજ્જન સહુ, દુઃખ વેળા હો વીરલા સંસાર.'

જૈન ધર્મ પુરુષાર્થનો ધર્મ છે. પરમપદની પ્રાપ્તિની પૂર્વશરત છે, પાપ અને પુણ્ય, સત્કર્મ અને અધર્મ્યના જળ-કમળવત્ ભોગવટા દ્વારા એના ક્ષયની. એટલે એમાં ઈશ્વરના અનુગ્રહ, વરદાન કે ચમત્કારને સ્થાન નથી. અહીં સુધી હૃદયાકાશમાં જાગેલાં સ્પંદનો અને ભાવજગતના આરોહ અવરોહ અને અનુભવથી તેમજ દર્શન યોગથી અંતરમાં પ્રકાશ થયો છે દુઃખદાયી કર્મના વિનાશની અને એ માટેના પુરુષાર્થની દિશા સાંપડી છે. ભગવાન પણ કર્મકલંક નિવારીને નિજ સ્વરૂપમાં રમતા થયા. એવા જ અપૂર્વ ભાવથી એ દિશામાં જવાનો ભક્ત દૃઢ સંકલ્પ કરે છે. અહીં શ્રી નરસિંહરાવ દીવેટીયાના 'મંગલાચરણ' કાવ્યનું સ્મરણ થાય છે. એમાં દયાનિધાન પરમાત્માની દયાની યાચના, ઉપરથી રમ્ય અને આકર્ષક લાગતી પરંતુ અંતરમાં કાલકૂટ ઝેરથી ભરેલી વિષયમોહની આપણને અવળે માર્ગે લઈ જવા મથતી હોય ત્યારે તેનો ત્યાગ કરવા આપણા હૃદયને પૂરતું બળ મળી રહે તે માટે અને આપણે નિર્બળ થઈને મોહની-સુરા પ્રત્યે ધસડાતા હોઈએ તો હાથ ઝાલીને આપણને એ માર્ગે જતાં અટકાવે તે માટે કરવાની હોય. સન્માર્ગે ચાલવાનું તો આપણે જાતે જ હોય. એ માર્ગેથી આપણે ગબડી ન જઈએ અથવા વિચલિત ન થઈએ એ માટે દયાની યાચના અથવા પ્રાર્થના તેમણે કરી છે.

પ્રલોભનો સામે ટકી રહેવાનું બળ અને સત્યનું દર્શન કરાવી શકે તેવા જ્ઞાન માટે એમાં પ્રાર્થના છે. એ જ રીતે ચિદાનંદજી પણ શિવાદેવી માતાના પુત્ર ભગવાન નેમિનાથને ત્રિકરણ યોગે–મન, વચન અને કાયાના ત્રિકરણ યોગથી નાણદિણંદ જ્ઞાનની દિક્ષા માટે પોતાના અંતરતલમાં કાયમી વસવાટની વિનંતી કરે છે.

જીવે જે અધર્મ આચરણ કર્યા એથી પરમતત્ત્વને કેવો પ્રબળ આઘાત થયો હશે એ વિચારથી થતી મર્માંતિક વેદના અને એ માટે થવી જોઈતી શિક્ષાના બદલે પ્રભો તો એ સઘળું નૈવેદ્ય ગણીને સહજ રિમતથી સ્વીકારી લે. એને આ દીન હૈયું ભાગ્યે જ સ્વીકારી શકે. એથી પાપદગ્ધ હૈયું કણકણે અને પરમશક્તિ મૃદુતાને બદલે વજ્રાઘાતથી હૈયાની હીનતાને હણે (અને એને સ્વયં પુરુષાર્થથી નમ્રતાપૂર્વક પહોંચી વળાએ) તો જ હવે શાંતા વળે એવા કવિવર રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યોમાં થતાં ભાવદર્શનનું અહીં પુનિત સ્મરણ થાય છે. ઉદયમાં આવેલા દુઃખદાયી કર્મોને હસતે મુખે સમતાથી ભોગવવા અને એ રીતે એનો ક્ષય કરવો. પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે સ્વયં પુરુષાર્થનો ચિદાનંદજીએ અહીં મહિમા કર્યો છે એને કવિવર ટાગોરના ભાવ દર્શનની લગોલગ –સોડમાં મૂકવાથી આ સ્તવનની ભાવસૃષ્ટિનો હૃદયાકાશમાં અરુણોદય થશે. અસ્તુ.

---

( ૧૨ મા પાનાથી ચાલુ )

પણ વધતી રહે તો એ ટયુબલાઈટને આપણે 'ટયુબલાઇટ' કહીશું ખરા?

થોડુંક વિષયાંતર કરીને પણ એક મુદ્દા તરફ તમારું ધ્યાન ખેંચવા ઇચ્છું છું. ગુજરાતનાં બધાં પાઠયપુસ્તકોમાં એક પ્રતિજ્ઞાપત્ર છાપવામાં આવે છે. માત્ર બે બાબતોનો ઉલ્લેખ અહીં કરીશ. એમાં જણાવ્યું છે કે: 'હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.' શું આપણા કહેવાતા સમૃદ્ધ વારસામાં ય ફેંકી દેવા જેવું કશું જ નથી? આપણા 'સમૃદ્ધ' વારસામાં અસ્પૃશ્યતા પણ આવી જાય ને? પ્રતિજ્ઞાપત્રમાં બીજી બાબત છે: 'હું મારા માતપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ.' નવી પેઢી આ વાત કેવી રીતે સ્વીકારશે? પ્રહ્લાદ હિરણ્યકશ્યપ પ્રત્યે આદર રાખીને શું પામત? શું બધા જ શિક્ષકો 'આદરણીય' હોય છે? અને વડીલોની વાત તો શી કરવી? બીજી જુલાઇએ મુરાદાબાદ પાસેના એક ગામમાં, મહિપાલ નામના એક જુવાને કાકાની સલાહ પ્રમાણે શાંતિ સાથે લગ્ન કર્યાં અને પછી એને ખબર પડી કે શાંતિ સ્ત્રી નહીં પણ હિજડો હતો. ગિજુભાઈ બધેકા ઘણીવાર કહેતા કે બહુ ઓછાં માબાપ પાસે માબાપ બનવાની પાત્રતા હોય છે. In some cases, it is just biological parenthood.

મંદિરોમાં, ગિરજાઘરોમાં અને દેરાસરોમાં બંદી બનેલા ધર્મને તથા શાળાઓમાં, કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં પુરાઇ રહેલા શિક્ષણને જનસામાન્ય સુધી પહોંચવું પડશે. આ માટે શિક્ષણની દિશાલક્ષિતા (Directionality) અને કેન્દ્રીયતા (Centrality) બદલવી પડશે. જ્યોર્જ બર્નાર્ડ શૉએ કહેલું કે 'In democracy Mr. and Mrs. anybody gets elected by Mr. and Mrs. everybody આજે લોકશાહી સમાજવ્યવસ્થામાં શિક્ષણ મિસ્ટર એન્ડ મિસિસ–'એવરીબડી' સુધી પહોંચવું જોઇશે. પ્રશ્ન એક જ છે અને તે એ કે: Can you prepare omelet witbout breaking the egg? કેમ્પસની દીવાલોને અતિક્રમી ન શકાએ તો શિક્ષણનો લીલો દુકાળ દેશને ડૂબાડશે.

કાર્લ સેન્ડબર્ગની કાવ્યપંક્તિઓ આપણા બંધિયારપણાને ઢંઢોળી શકે એટલી હૃદયસ્પર્શી છે. કાવ્યનું શિર્ષક છે: 'Doors.' કહે છે:

The open door Says:
Come in.
The Closed door Says:
Who are you?
If a door is Shut and
You want it Shut
Why open it?
If a door is Open
and you want it open
why Shut it?
Only doors Know
What doors forget!

આપણાં બીડાયેલાં દ્વાર આપણે કયારે ખોલીશું? ખોલીશું ખરાં? શિક્ષણના ક્ષેત્રમાં ઘણાં વર્ષોની મથામણ પછી શિક્ષણની એક નવી જ વ્યાખ્યા મારા મનમાં વસી ગઈ છે. 'Education is celebration of awareness.' શિક્ષણ એ જીવનજાગૃતિનો મહોત્સવ છે. આ જાગૃતિ તે કક્ષાની એની અનેક કક્ષાઓ હોઇ શકે. સામાજિક, આર્થિક, પર્યાવરણાત્મક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક. જાગૃતિની સર્વોચ્ચ કક્ષાએ માણસ પોતાના અસ્તિત્વ અંગે, પોતાના Being અંગે સભાનતા કેળવે છે.

શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ વધતી રહે છે તો ય આવી સભાનતા કે જીવનજાગૃતિ પાંગરતી હોય એવી પ્રતીતિ પડતી નથી. ઊંડા વિસ્તારોમાં શિક્ષણ પહોંચ્યું નથી ને વળી જ્યાં પહોંચ્યું છે ત્યાં પચ્યું નથી!

આ જ છે શિક્ષણમાં વ્યાપેલો લીલો દુકાળ!

# અંગ્રેજી માધ્યમ વિશે

ડૉ. કાન્તિલાલ શાહ

સોળમી સપ્ટેંબરના પ્ર. જી.માં આવેલા 'અંગ્રેજી માધ્યમનાં ઘોડા પૂર' લેખ માટે ભાઇશ્રી નાનાલાલ વસાને અનેક વંદન તથા અભિનંદન; ઉપરાંત, લેખ છાપવા બદલ તમને ધન્યવાદ. આશા રાખું છું. કે ગુજરાતી સામયિકો પોતાના એકાદ અંકમાં આ આખો લેખ ઉતારશે.

લગભગ વીસેક વર્ષથી હું 'જ્યોતિર્ધર,' 'પ્રસ્થાન' 'બુદ્ધિપ્રકાશ' વગેરેમાં આ વિષે લખતો આવ્યો છું, ને અત્યારે પણ આ બાબત મારા મનમાં ઘોળાયા જ કરે છે. મારા નમ્ર મત મુજબ આપણા અંગ્રેજી ભણેલા બૌદ્ધિકો આ બાબતમાં મોટામાં મોટા ગુનેગાર છે. હું થોડાક દાખલા આપું.–

(૧) છેક ૧૯૨૮માં સર કાવસજી જહાંગીર હોલમાં સ્વ. ભુલાભાઇ દેસાઇનું ભાષણ સાંભળવા હું ગયો હતો. સાહેબને ગુજરાતીમાં ભાષણ કરતાં તો ક્યાંથી આવડે ? એટલે અંગ્રેજીમાં બોલ્યા હતા. ફાંકામાં ને ફાંકામાં કે અંગ્રેજોની નકલ કરવા એમણે **બારડોલી** નો ઉચ્ચાર **'બારડોલાઇ'** કર્યો હતો ! કૃપા કરીને કોઈ શંકા ન લાવે; મેં મારા કાનોકાન સાંભળેલી હકીકત છે.

(૨) ગુજરાત યુનિવર્સિટી સ્થાપવાનું મૂળ ધ્યેય એ હતું કે શિક્ષણના સર્વ સ્તરે બોધભાષા ગુજરાતી જ હોય. છતાં સ્વ. કનૈયાલાલ મુન્શી અમદાવાદ આવ્યા ત્યારે અંગ્રેજીની વકીલાત કરી ગયા હતા. પરિણામે એમની 'નિષ્ફળ વકીલાત' માટે મારે જ્યોતિર્ધર પાક્ષિકમાં લખવાનું બન્યું હતું.

(૩) ત્યારબાદ મૂળભૂત અધિકારોના બોટા ને મિથ્યા બહાને એક રોમન કેથલિક શિક્ષણ સંસ્થાએ યુનિવર્સિટીને કોર્ટમાં ઘસડી હતી. એ કેસનો ચૂકાદો આપનાર ન્યાયાધિશને પોતાને જ ગુજરાતીમાં બોલતાં આવડતું ન હતું, એટલે અંગ્રેજી માધ્યમની તરફેણમાં ચૂકાદો આપી સમસ્ત ગુજરાતની વિદ્યાર્થી આલમને મોટામાં મોટું નુકસાન કર્યું હતું.

(૪) એક સમય એવો હતો જ્યારે અમારી ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ગુજરાતી ભાષા આવશ્યક મનાતી ન હતી, પણ અંગ્રેજી આવશ્યક મનાતી હતી. આવી લઘુતાગ્રંથિ દુનિયાના કોઈ પણ સ્વતંત્ર અને સ્વમાની દેશમાં હશે ?

(૫) જ્યારે ગુજરાતમાં પાંચમા અને આઠમાની ચર્ચા ચાલતી હતી અને પોતાને કેળવણીકાર માની બેઠેલા શિક્ષકો, આચાર્યો, મૂડીવાદીઓ સ્વ. મગનભાઈ દેસાઈની સામે વિદ્યાર્થીઓને ઉશ્કેરતા હતા, અને વિદ્યાર્થીઓ 'મગન માધ્યમ' એવો શબ્દપ્રયોગ વાપરી ઠેકડી કરતા હતા, ત્યારે આ પાંચમાવાળા ડોળ તો એવો કરતા હતા કે પોતે બોધભાષા તરીકે તો ગુજરાતીની જ હિમાયત કરે છે. હકીકતમાં, જે અંગ્રેજી માધ્યમને એસ. એસ. સી. સુધી સફળતાથી હાંકી કાઢયું હતું તે જ માધ્યમ છેક બાળમંદિરથી ઘુસી ગયું ત્યારે આ મહાશયોનું રૂંવાડું ય ફરકયું નહોતું !

(૬) આપણાં ઉદ્યોગપતિઓને નોકરો જોઇતા હોય તો અંગ્રેજીમાં જાહેરખબર આપે, અંગ્રેજીમાં અરજીનું ફોરમ છાપે, ઉમેદવારને રૂબરૂ બોલાવે ત્યારે અંગ્રેજીમાં પ્રશ્નો પૂછે ! એની એમને શરમ પણ નહિ. અહ્યા ભાષા તારે કુશળ કારીગર જોઇએ છે, સક્ષમ વહીવટ કર્તા જોઇએ છે કે ભાષાવિદ્ ?

(૭) સ્વ. ડૉ. જીવરાજ મહેતાની ઘણી જ ઇચ્છા હતી કે તબીબી શિક્ષણની બોધભાષા ગુજરાતી જ હોવી જોઇએ. પણ તે વખતના શિક્ષકોની અડોડાઇ, આળસ અને અશ્રદ્ધા જ મોટામાં મોટું વિઘ્ન બની રહી. વિદ્યાર્થીઓ તો ગુજરાતીમાં શીખવા માગતા હતા, કારણ તે વખતે એ બધા ઇન્ટર સાયન્સ સુધીનું શિક્ષણ ગુજરાતી ભાષામાં જ લઇને આવતા હતા.

(૮) અંતમાં આપણા અંગ્રેજી ભણેલા કેટલાક દેશવાસીઓમાં મૌલિકતાનો કેવો અભાવ હોય છે, અને અંગ્રેજી ભાષા પ્રત્યે કેટલા મોહાંધ કે અજ્ઞાનાંધ હોય છે તેનો એક દાખલો ટાંકી લખાણ પૂરું કરીશ. ૧૯૭૬ની પહેલી જુલાઇના પ્ર. જી.માં મેં લખ્યું હતું.

'૧૯૫૬ માં મધ્યસ્થ સરકાર તરફથી તબીબી વિજ્ઞાનના પારિભાષિક શબ્દોના હિંદી પર્યાયોના એક યાદી બહાર પાડવામાં આવી હતી. આ પુસ્તિકામાંથી જાણવા મળ્યું કે ૧૯૫૦ માં મધ્યસ્થ સરકારે એક વૈજ્ઞાનિક પરિભાષા સમિતિ (બોર્ડ ઓવ સાયન્ટિફિક ટર્મીનોલોજી) નીમી હતી. આ સમિતિએ આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પરિભાષાની વ્યાખ્યા આ પ્રમાણે આપી હતી. By international Terminology is meant the Scientific and technical terms given in the proeeedings of the International Council of Scientific unions from time to time લગભગ આ જ અરસામાં (એટલે ૧૯૫૫ની આખરમાં) ગુજરાત યુનિવર્સિટી તરફથી વૈજ્ઞાનિક પરિભાષા ઘડવા માટે એક વગદાર સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિએ પણ આંતરરાષ્ટ્રીય પરિભાષાની એ જ વ્યાખ્યા અપનાવી લીધી હતી.

હું યુનિવર્સિટીની સમિતિમાં હતો. મે ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓવ સાયન્ટીફીક યુનિયન્સને પુછાવ્યું કે, ભાઇ તમારી આંતરરાષ્ટ્રીય પરિભાષાની યાદીઓ ક્યાં છે ? મને જવાબ મળ્યો. 'The first of the principles laid down by the Board of Scientifie Terminology at New Delhi which you quote, was framed without the Knowledge of the International Council of Scientific Unions. In short, this part of our proceedings has no existence outside the imagination of our Indian colleagnes.

અર્થાત્ આંતરરાષ્ટ્રીય પરિભાષાની કોઇ યાદી જ પ્રસિદ્ધ થઇ ન હોવા છતાં આપણા અંગ્રેજીપરસ્ત અત્ર માહાશ્ય વહ્વાના આંતરરાષ્ટ્રીય પરિભાષાની વાત ચુપચે રાખતા હતા ! છેક અખિલ ભારતીય સ્તરે પણ કેવો બફાટ !'

જે પ્રજાને પોતાની ભાષા, પોતાનો પહેરવેશ, પોતાના રીતરિવાજ અને પોતાની સંસ્કૃતિ માટે અભિમાન નથી, તેનો વિનાશકાળ પાસે છે એમ નક્કી સમજવું.

# નવ દિવસની જ્ઞાનયાત્રા

❖ ગુલાબ દેઢીયા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા તા. ૩-૯-૧૯૮૩ થી તા. ૧૧-૯-૧૯૮૩ સુધી એમ નવ દિવસ માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ-૭ ખાતે યોજવામાં આવી હતી. પ્રથમ દિવસે સંઘના અને વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સંઘના પ્રમુખ સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહને યાદ કરીને કહ્યું : 'વ્યાખ્યાનમાળાના ઓગણપચાસ વર્ષમાં આ વર્ષ જ એવું છે કે પહેલીવાર એમની ગેરહાજરી સાલશે. આપણે એમને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

પ્રથમ દિવસના વ્યાખ્યાતાઓમાં શ્રી શશીકાન્ત મહેતાએ 'સિદ્ધચક્ર માહાત્મ્ય' વિષે બોલતાં કહ્યું: 'મંત્ર, યંત્ર અને તંત્ર વિજ્ઞાનના ક્ષેત્રે છે. તેથી આપણને અનેક સુખ સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે. તે જ પ્રમાણે અધ્યાત્મ ક્ષેત્રે નવકાર એ મંત્ર છે, સિદ્ધચક્ર એ યંત્ર છે અને આપણા ભાવપ્રાણ વહે અને અમલમાં મૂકવાનું છે તે તંત્ર છે. સિદ્ધચક્રમાં અમૃતકુંભની આકૃતિ છે, જેમાં ચિત્ત પરોવીએ તો ભૂત અને ભવિષ્યને ભૂલી વર્તમાનમાં વિહરી શકાએ છીએ.'

પ્રમુખશ્રીએ વ્યાખ્યાનનો ઉપસંહાર કર્યા બાદ બીજા વ્યાખ્યાતા આચાર્યશ્રી સંભવસાગરજીનો પરિચય આપતાં કહ્યું હતું કે આ વ્યાખ્યાનમાળામાં દિગમ્બર સાધુ-ભગવંતના પ્રવચનનો લાભ મળે એવો આ પ્રથમ પ્રસંગ છે. દિગમ્બર સાધુઓને જોતાં ખ્યાલ આવી શકે કે પ્રભુ મહાવીર કેવી રીતે વિચરતા હશે. ત્યાગ અને સંયમનો ઉત્તમ સંગમ અહીં જોવા મળે છે.'

આચાર્યશ્રી સંભવસાગરજીએ 'દશ લક્ષણ ધર્મ' વિષે પ્રવચન આપતાં કહ્યું : 'ભગવાન કર્મરહિત હતા અને ધર્મસહિત હતા. આપણે કર્મસહિત અને ધર્મરહિત છીએ. મનુ સ્મૃતિમાં પણ દશ લક્ષણ ધર્મની વાત કરવામાં આવી છે એમ જણાવી એમણે વિશેષમાં કહ્યું હતું કે લાખો મંદિર બંધાવવા કરતા એક એવો વિદ્વાન તૈયાર કરો, જે મંદિરમાં જનારા તૈયાર કરી શકે.'

બીજા દિવસે પ્રથમ વ્યાખ્યાતા પ્રો. તારાબહેન શાહ 'ભગવાન મહાવીરનો જીવન સંદેશ' વિશે બોલ્યા હતા. મહાવીરની તપ અને સંયમની સાધના માત્ર સાડા બાર વર્ષની જ નહિ પણ સત્યાવીસ ભવની હતી. જેમ ધર્મની વિચારણા માત્ર નિવૃત્તિ મૂલક જ નહિ પ્રવૃત્તિ મૂલક પણ છે જ. અહિંસા એટલે હિંસાનો અભાવ માત્ર નહિ પણ કરુણા અને મૈત્રી એમાં અંતર્ગત છે જ. મહાવીરે સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસત્ય અને બ્રહ્મચર્યના પંચ મહાવ્રતની વાત સમજાવી હતી.

બીજા વ્યાખ્યાતા મુનિશ્રી વાત્સલ્યદીપ 'આત્માથી આત્મા' વિશે બોલ્યા હતા. આત્માની બે વસ્તુઓ છે. આત્મ ધર્મ એટલે પરમાત્મા ચિંતન. આત્મધર્મથી સમજાય છે કે જેવો હું છું તેવા બીજા છે. તેથી બીજાને દુઃખ દેતાં અટકી જવાય છે. દેહભાવને બદલે આત્મભાવ કેળવવાની વિશેષ જરૂર છે.

ત્રીજે દિવસે ડો. શાંતા ભાનાવત 'ચરિત્ર નિર્માણ મેં નારી કી ભૂમિકા.' વિશે બોલ્યા હતા. નારીએ રૂપની સાથે શક્તિ માગવાની છે. દેહની સુંદરતા માટે પ્રસાધનોની બનાવટમાં ખૂન કુરતા આચરવામાં આવે છે. પોતાના સંસ્કાર, સમર્પણ, પ્રેમ, શીલ અને સદાચાર દ્વારા કુટુંબ અને સમાજમાં નારી ભલાઇનાં અનેક કામ કરી શકે છે.

બીજા વ્યાખ્યાતા ડો. કુમારપાળ દેસાઇ 'સ્વયં જાગૃતિ' વિશે બોલ્યા હતા. મનુષ્ય કાં તો ભૂતકાળ, કાં તો ભવિષ્યકાળમાં જીવે છે. વર્તમાનથી ડરતો રહે છે. સ્વાભાવિક અને અંતરની સાદાઈ સ્વયં જાગૃતિ માટે ખૂબ જરૂરી છે. તપ કરતાં તપનો પ્રચાર મોટો છે. અહિંસા પાળીએ છીએ અને કરુણાને ભૂલી જઇએ છીએ, જાતનો વિચાર એ સ્વયં જાગૃતિ છે.

ચોથા દિવસે પ્રથમ વ્યાખ્યાતા ડો. નરેન્દ્ર ભાનાવત 'જિસ મરનસે જગ ડરે, મેરે મન આનંદ' વિશે બોલ્યા હતા. મૃત્યુનો અર્થ જે નથી જાણતો તે જીવન માણી નથી શકતો. જે વ્યક્તિ ઇન્દ્રિય ભોગને જીતે છે તે મૃત્યુનો આનંદ, પવિત્રતા અને સહજતાને પામી શકે છે. ક્ષણે ક્ષણે મરીએ છીએ તે નિત્ય મરણ છે અને બધી જ ઇન્દ્રિયો ચેતન ખોઇ બેસે ત્યારે તદ્ભવ મરણ છે.

બીજા વ્યાખ્યાતા પ્રા. ડો. રઘુવીર ચૌધરી 'સંત સાહિત્ય' વિશે બોલ્યા હતા. સંતોમાં કર્મકાંડ, બાહ્યાડંબર, અંધશ્રદ્ધા અને જાતિભેદ પ્રત્યે વિદ્રોહ છે અને એમની પાસે અનુભવની વાણી છે. શાંતિ પમાડે તે સંત છે.

હેમચન્દ્રાચાર્યે શંકર ભગવાનની પ્રાર્થના કરતાં કહ્યું હતું : 'જે વિભૂતિએ પોતાના બીજ રૂપ કર્મોમાંથી મુક્તિ મેળવી છે, તે શંકર, બ્રહ્મા, વિષ્ણુ કે જિન જે હોય તે બધાને હું પ્રણામ કરું છું.' ભક્તિ આંદોલનનો આરંભ નવમી સદીમાં દક્ષિણ ભારતમાં થયો હતો.

પાંચમા દિવસે ડો. શેખરચંદ્ર જૈન 'મનબાંધો, તન સાધો' વિશે બોલ્યા હતા મન માણસને બાંધે છે અને મુક્તિ પણ મન જ અપાવે છે. અસંયમ છે ત્યાં બંધન છે, સંયમ છે ત્યાં મુક્તિ છે. માણસને સાચો મનુષ્ય બનતાં શીખવે તે ધર્મ છે.

બીજા વ્યાખ્યાતા શ્રીમતી મૃણાલિની દેસાઇ 'જ્ઞાનદેવની જ્ઞાનોત્તર ભક્તિ' વિશે બોલ્યા હતા. સંન્યાસીના બાળક હોવાથી જ્ઞાનદેવને સૌ તિરસ્કારે છે. બધા અપમાનો પી જઇને એમણે ભક્તિ કરી, શાસ્ત્રજ્ઞાન મેળવ્યું પણ એકાંગી અભિમાની ન બન્યા. ઉચ્ચ-નીચના ભેદ ગણ્યા વગર સૌને આવકાર્યા અને ખૂબ જ પ્રેમપૂર્વક મહારાષ્ટ્રની પ્રજાના હૃદયમાં સ્થાન પામ્યા.

છઠ્ઠા દિવસે ભટ્ટારક શ્રી ચારુકીર્તિજી 'દક્ષિણ ભારતમાં જૈન ધર્મ' વિશે બોલ્યા હતા. પ્રથમ તીર્થંકર ઋષભદેવના વખતમાં ભારતનો વિસ્તાર ખૂબ જ હતો, હિમાલયથી ઉત્તરનાં પ્રદેશો બાહુબલિને મળ્યાં હતાં અને દક્ષિણના પ્રદેશો ભારત ચક્રવર્તીને મળ્યાં હતા. દક્ષિણ ભારતમાં શ્રવણ બેલગોલા જૈન સંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર છે. ચન્દ્રગુપ્ત મૌર્ય દીક્ષિત થઇ દક્ષિણ ભારતમાં આવ્યા હતા, તેથી ચન્દ્રગિરિ અને ચન્દ્ર ગુપ્ત નામો મળે છે. બાહુબલિની ભવ્ય પ્રતિમ નું નિર્માણ ચામુંડ રાજાએ કરાવ્યું હતું.

બીજા વ્યાખ્યાતા શ્રી અનવર આગેવાન 'પ્રેમ-દેહથી દેહાતીત' વિશે બોલ્યા હતા. કામ જ્યાં સુધી શરીર સુધી જ રહે છે ત્યાં સુધી વાસનારૂપ છે. મન સુધી જાય છે ત્યારે કળા રૂપ છે. અને આત્મા સુધી પહોંચી ત્યારે ચૈતન્ય રૂપ છે. પ્રેમ અનુભૂતિનો વિષય છે. પ્રેમમાં સમર્પણ ભાવ હોય છે, સ્વાર્થ નથી હોતો.

સાતમા દિવસે પ્રથમ વ્યાખ્યાતા શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ 'વ્રજ કાવ્યોમાં પ્રેમ ભક્તિ' વિશે બોલ્યા હતા. સંસ્કૃત પછી સૌથી વધુ માધુર્ય નાદ અને પ્રવાહિતા વ્રજ ભાષામાં છે. રહીમ, સૂરદાસ, રસખાન, બિહારી અને તુલસીદાસ જેવા કવિઓએ વ્રજ ભાષાને સમૃદ્ધ બનાવી છે. પ્રેમ-લક્ષણા ભક્તિમાં પરમાત્મા પ્રિયતમ અને ભક્ત પ્રિયતમા હોય છે જ્યારે સૂફીવાદમાં પ્રભુ પ્રિયતમા અને ભક્ત પ્રિયતમ હોય છે.

બીજા વ્યાખ્યાતા શ્રી કિરણભાઇ 'ધ્યાન-વિચાર' વિશે બોલ્યા હતા. ધ્યાનના માર્ગે જતાં પહેલાં આપણને પોતાને અળગા કરવાના છે. જેણે પૂર્ણ રીતે પોતાને જીત્યો છે એવા જિનના ગુણ ગાવાના છે અને જીવમૈત્રી કેળવવાની છે. પોતે પોતામાં સ્થિર થઇએ એ પર્યુષણનો સંદેશ છે.

આઠમા દિવસે શ્રી મોરારજી દેસાઇ 'શ્રદ્ધાનું બળ' વિશે બોલ્યા હતા. સાચી શ્રદ્ધા તે છે જે માણસને સતત શાંતિ આપે છે. શાંતિ મેળવવા માટે ચાર વસ્તુની જરૂર છે. અભય, સત્ય, અહિંસા અને નમ્રતા. શ્રદ્ધા વગરની બુદ્ધિ પાંગળી છે, બુદ્ધિ ઉપર શ્રદ્ધાની લગામ હોવી જોઇએ. દુઃખ એ તો કસોટી રૂપ છે, એમાંથી છૂટકારો નહિ, એ સહન કરવાની શક્તિ માગવાની છે. સાચી શ્રદ્ધા કયારેય ડગતી નથી. શ્રદ્ધા એટલે સતત જાગૃતિ.

બીજા વ્યાખ્યાતા ડૉ. રમણલાલ ચી. શાહ 'તાઓ અને જૈન ધર્મ' વિશે બોલ્યા હતા. લાઓત્સે ઇ. સ. પૂર્વે પાંચમાં ચીનમાં થઇ ગયા. એમણે સંતોષને ધર્મ માન્યો છે. અંતિમતાનો ઇનકાર કર્યો છે. સમત્વ પર ભાર મૂકયો છે. તાઓ ધર્મ એ જૈન ધર્મની સંક્ષિપ્ત આવૃત્તિ જેવો છે.

નવમા અને છેલ્લા દિવસે ડૉ. ગુણવંત શાહ 'શિક્ષણમાં લીલો દુકાળ' વિશે બોલ્યા હતા. આપણું રાષ્ટ્રીય ભોળપણ એ છે કે, આપણે માની લીધું છે કે, શાળા, કોલેજમાં જે ચાલે છે તે જ શિક્ષણ છે. ખાસ તો શિક્ષણમાં ઘણું બધું છે. એક સંસ્કારનો અભાવ છે.

લાખો રૂપિયા શિક્ષણ પાછળ ખર્ચાય છે. શાળા-કોલેજની સંખ્યા વધતી જાય છે પણ દેશની સ્થિતિના પરિવર્તનમાં શિક્ષિતોનો ફાળો નહિવત્ છે. કેટલા માબાપમાં, માબાપ થવાની લાયકાત છે, એ પૂછવા જેવું છે. શિક્ષણની સાચી વ્યાખ્યા તો છે 'શિક્ષણ એ ચેતનાનો ઉત્સવ' છે.

બીજા વ્યાખ્યાતા મોરારીબાપુ 'પ્રેરણામૂર્તિ ભરત' વિશે બોલ્યા હતા. ભરતના જીવનની ત્રણ લાક્ષણિકતાઓ છે. પોતાના જીવન માટે આત્મખોજ, જગતની સેવા અને જગદીશ માટે પ્રેમ, કાપડ પર ભરત ભરાય તેમ જીવનમાં ભરત ભરવાનું છે.

પ્રેમનું ક્રિયાત્મક રૂપ એટલે સેવા અને વિવેકાત્મક રૂપ એટલે ત્યાગ. સાધના એટલે ઇશ્વર સાથે સગાઇ, સિદ્ધ દશા એટલે ઇશ્વર સાથે લગ્ન, પણ ત્યારે અહંકાર આવે તો ઇશ્વર સાથે છૂટાછેડા.

મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ અને વ્યાખ્યાન માળાના અધ્યક્ષ ડૉ. રમણલાલ ચી. શાહે દરરોજના પ્રથમ વ્યાખ્યાનનો ઉપસંહાર કર્યો હતો. સતત નવ દિવસ જ્ઞાનનું ભાથું પૂરું પાડતી આ વ્યાખ્યાનમાળા આવતા વર્ષે પચાસમાં વર્ષમાં પ્રવેશે છે. ઓગણપચાસ વર્ષ દરમિયાન અનેક ક્ષેત્રના વિચારો વિશદ રૂપે શ્રોતાઓ સુધી પહોંચ્યા છે અને ઘણા જણના માનસ ઘડતરમાં નાનકડો ભાગ ભજવ્યો છે.

(પાના ૧૦૮ પરથી ચાલુ)

એમને મુક્ત કરીને શાસ્ત્રીય ગ્રંથોના અધ્યયન તરફ દોરી જવાની જરૂર છે. જ્યાં જ્યાં ઉપાશ્રયોમાં સાધુ-સાધ્વીઓ બિરાજમાન હોય ત્યાં રોજ થોડોક સમય તો અવશ્ય શાસ્ત્રાધ્યયનમાં પસાર થવો જ જોઇએ. વંદન દર્શનના કલાકોને પરિમિત કરીને સમાજે પોતે શ્રમણ-સમુદાયને આ સુવિધા કરી આપવી જોઇએ.

પ્રતિ વર્ષ જૈનો દાનમાં જે રકમ ખર્ચે છે એના પ્રમાણમાં વિદ્યાનું તેજ પ્રગટ થતું નથી. જૈનો મુખ્યત્વે વણિક વેપારી કોમ હોવાને કારણે અર્થોપાર્જનમાં તેને જેટલો રસ પડે છે, તેટલો વિદ્યાવ્યાસંગમાં નથી પડતો. સ્વભાવથી જેને વિદ્યાપ્રીતિ હોય એવા માણસો પણ સમય જતાં કેવળ અર્થપ્રાપ્તિ તરફ ઘસડાય છે. જૈનોના દાનની રકમ જો વ્યવસ્થિતરૂપે વપરાય તો જે થાય તેના કરતાં પણ વધુ સંગીન કાર્ય થઇ શકે. જૈન સંઘો ચાતુર્માસ પ્રવેશ, વિહાર, વ્યાખ્યાન ઇત્યાદિ નિમિત્તો પ્રતિ વર્ષ છાપાંની જાહેરખબરો દ્વારા લાખો રૂપિયાનું ખર્ચ કરે છે. તેને જો વ્યવસ્થિતરૂપ આપવામાં આવે તો એટલી જ પ્રસિદ્ધિ સાથે ઘણું ખર્ચ બચાવી શકાય, જે જ્ઞાનનાં અન્ય કાર્યોમાં વાપરી શકાય. એક વર્ષ જો શ્રમણ સમુદાય લોકૈષણાથી વિમુખ બની આ બધી જ જાહેરખબરો સદંતર બંધ કરાવે તો એટલાં નાણાંમાંથી કોઇ પણ સ્થળે એક સારું જ્ઞાનમંદિર કે એક નાનું રિસર્ચ ઇન્સ્ટિટયૂટ સ્થાપી શકાય.

જૈનો માટે પ્રત્યેક મોટા શહેરમાં એક રિસર્ચ ઇન્સ્ટિટયૂટની આવશ્યકતા છે. શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઇએ દીર્ઘદૃષ્ટિ વાપરીને એલ. ડી. ઇન્સ્ટિટયૂટની સ્થાપના કરી એ આ દિશામાં ઘણું મહત્ત્વનું અને પ્રશંસનીય કાર્ય છે. એની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય કોટિની બની છે.

'રિસર્ચ ઇન્સ્ટિટયૂટ તો બનાવીએ, પરંતુ એને લાયક વિદ્વાનો કયાં છે?' એવો પ્રશ્ન સહજ રીતે થાય એવો છે. પરંતુ પહેલાં ઇન્સ્ટિટયૂટ કે પહેલાં વિદ્વાનો-એવો પ્રશ્ન એથી વધુ ગંભીર પ્રકારનો છે, કારણ કે રિસર્ચ ઇન્સ્ટિટયૂટ હશે અને એમાં યુનિવર્સિટીની કક્ષાના પગારવાળી સારી નોકરીની વ્યવસ્થા જો હશે તો આપોઆપ વિદ્વાનો તેમાં આવવા પ્રેરાશે. અલબત્ત, આરંભના સમયમાં થોડાંક વર્ષ યોગ્ય વિદ્વાનો મેળવવાની મુશ્કેલી પડશે, પણ સમય જતાં તેના માટે સ્પર્ધા થશે. પશ્ચિમના દેશોની કેટલીક યુનિવર્સિટીઓમાં જૈન-દર્શન માટે વિભાગો છે. તેમાં કયારેક વિદ્યાર્થીઓ નથી હોતા, પરંતુ પ્રોફેસરની સગવડ હમેશાં હોય છે. વિદ્યાના ક્ષેત્રમાં પંડિતોનું માપ કારીગરોની ફૂટપટ્ટીથી કાઢી ન શકાય. કારીગરનું કામ શારીરિક અને નિશ્ચિત કલાકનું છે. પંડિતનું કાર્ય બૌદ્ધિક અને સમય મર્યાદા વગરનું છે. ઘરે પણ તે પોતાના વ્યવસાય અંગે કંઈકે ને કંઈકે કાર્ય કરતો રહેતો હોય છે, અને દિવસે દિવસે તે પોતાના વિષયની સજ્જતા વધારતો રહેતો હોય છે. એવા પંડિતો બીજું કશું ન કરે અને માત્ર પોતાનું પાંડિત્ય વધારે તો પણ એની પાછળ ખર્ચેલાં નાણાં વસૂલ છે. કોઈ પણ સમાજનું તેજ એના વિદ્વાનો, પંડિતોની સંખ્યા પર આધારિત હોય છે.

યુનિવર્સિટીની કક્ષાએ જો વિચારીએ તો જૈનો એક નહિ પણ પાંચ-સાત યુનિવર્સિટી સ્થાપવા જેટલાં નાણાં ખર્ચી શકે એમ છે. સરકાર સાથે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન સાથે સંલગ્ન હોય તેવી અને સંલગ્ન ન હોય તેવી એમ ઉભય પ્રકારની યુનિવર્સિટીની સ્થાપના કરી શકાય. જૈન વિદ્યા, ધર્મ, સંસ્કાર વગેરેનું જેમાં સિંચન હોય અને સાથે સાથે આધુનિક કેળવણી પણ અપાતી હોય એવી યુનિવર્સિટીની સ્થાપના મોટાં શહેરોમાં કે નાનાં કેન્દ્રોમાં જો કરવામાં આવે તો વિદ્યાર્થીઓનું એના પ્રત્યે આકર્ષણ વધે. એવો સુવર્ણ દિવસ કયારે ઊગશે કે જયારે ચાલુ યુનિવર્સિટીઓને બદલે જૈન વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવવા માટે જૈન તેમજ જૈનેતર વિદ્યાર્થીઓ દોડતા હોય અને એ વિદ્યાલયના પ્રમાણપત્રનું ગૌરવ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ ઘણું મોટું હોય.

મુંબઈ જેવાં મોટાં શહેરોમાં જૈન ધર્મનું કોઈ એક પુસ્તક વેચાતું જોઇતું હોય તો કોઈ એવી એક દુકાન નથી કે જયાંથી તે અચૂક મળી રહે. પ્રતિ વર્ષ જૈન ધર્મ અને સાહિત્ય વિશે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં સાધુ-સાધ્વીઓનાં અને વિદ્વાનોનાં દોઢસોથી વધુ પુસ્તકો પ્રગટ થતાં હશે, પરંતુ તે એક જ સ્થળે સુલભ હોય એવું વેચાણ કેન્દ્ર મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા જેવાં શહેરોમાં નથી. અમદાવાદમા 'સરસ્વતી પુસ્તક ભંડાર'વાળા પંડિત ભૂરાલાલે એકલે હાથે વર્ષો સુધી આ કાર્ય કર્યું. પાલીતાણાનું 'સુબોધા કાર્યાલય' આ કામ કરે છે. વાચકોને અને વિદ્વાનોને તેમજ સાધુ-સાધ્વીઓને પુસ્તક સુલભ કરી આપવામાં એમનો ફાળો ઘણો મોટો છે. પરંતુ એમની પદ્ધતિ જૂના પ્રકારની રહી છે. વળી તમામ પુસ્તકો ત્યાં મળતા નથી. આજે જરૂર છે આધુનિક પદ્ધતિથી આવાં વેચાણકેન્દ્રો શરૂ કરવાની. એકલાં જૈન પુસ્તકોના વેચાણના વ્યવસાયમાં કોઈ વ્યકિત પડે તો તે બહુ કમાય નહિ. કદાચ તેને ખોટ ખાવાનો વખત પણ આવે. આ કામ કોઈ સંસ્થાએ ઉપાડી લેવું જોઇએ, કે જેથી બાર મહિને આવતી ખોટ એના ભંડોળમાંથી પૂરી પાડી શકાય. જૈનસમાજ આટલું પણ જો મોટાં શહેરોમાં વ્યવસ્થિત રીતે કરે તો પણ જૈન ધર્મ અને સાહિત્ય પ્રત્યે જૈન અને જૈનેતર એવા ઘણા માણસો આકર્ષાશે, અને એ દ્વારા સાહિત્યનો વ્યવસ્થિત પ્રચાર થશે.

પુસ્તકોનાં આવા વેચાણકેન્દ્રોની સાથે જો જગ્યાની મોકળાશ હોય તો એક મોટા હોલમાં મહત્ત્વના જૈન ગ્રંથોનું એક કાયમનું પ્રદર્શન પણ યોજવા જેવું છે. એક અડધા કલાકની મુલાકાત દ્વારા પણ માણસને કેટલાં ય મહત્ત્વનાં પુસ્તકો નજરે જોયાનો આનંદ મળે, જો કોઇ વખત પણ એમાંનું એકાદ પુસ્તક વાંચવાના રસમાં પરિણમે તો આવા પ્રદર્શનની સાર્થકતા ગણાય. પુસ્તકોના પ્રદર્શનની જેમ એની સાથે અથવા અલગ રીતે જૈન શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકલા ઇત્યાદિના ફોટાઓના પ્રદર્શનનું આયોજન પણ કાયમી ધોરણે કરી શકાય. જયાં જૈન વિશ્વવિદ્યાલય હોય ત્યાં આવો એક ખંડ તો અચૂક હોવો જોઇએ.

છેલ્લા ત્રણેક દાયકામાં જેટ વિમાનના ઝડપી વ્યવહારને કારણે વિદ્યાભ્યાસ કે વ્યવસાય અંગે ઘણાં જૈન કુટુંબો યુરોપ, અમેરિકા, કેનેડા, જાપાન, થાઇલેન્ડ, સિંગાપુર, મલેશિયામાં જઇને વસેલાં છે. એની પહેલાં આફ્રિકાના કેટલાક દેશોમાં અને બર્મામાં પણ ઘણાં કુટુંબો વસેલાં છે. આમ જૈનોની વસતિ આખી દુનિયામાં પથરાયેલી છે. ત્યાં વસતાં કેટલાંયે મા-બાપોની ચિંતા પોતાનાં સંતાનોને જૈનત્વના સંસ્કાર કેવી રીતે આપવા અને પોષવા તેને લગતી છે. ગુજરાતી કે હિંદી ભાષાથી અજાણ, કેવળ અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન કે જાપાની ભાષા જાણનાર જૈન બાળકોને માટે જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની ભૂમિકા પૂરી પાડવા માટે સરળ અને લોકોપયોગી સામગ્રી મોટા પાયા પર તૈયાર કરવાની ઘણી જરૂર છે. હવે તો વીડિયો કેસેટની સગવડ થઇ છે. જૈન તીર્થો, જ્ઞાનભંડારો, કલાકૃતિઓ, સાધુ-સાધ્વીઓની દિનચર્યા વગેરેની પ્રમાણભૂત વીડિયો કેસેટ વ્યાવસાયિક ધોરણે તૈયાર થવી જોઇએ, કે જેથી વિદેશમાં વસતા પ્રત્યેક જૈન કુટુંબમાં આવી કેસેટ હોય કે જે સંતાનો અને વડીલો જિજ્ઞાસા થતાં તરત જોઇ શકે. આવી સામગ્રી માત્ર જૈનોને જ નહિ, રસ ધરાવતા ઇતર વિદેશીઓને પણ ઉપયોગી થઇ પડશે. જેમ વીડિયો કેસેટ તેમ તીર્થો વગેરેની રંગીન સ્લાઇડ પણ વ્યાવસાયિક ધોરણે તૈયાર થવાની જરૂર છે. દુનિયાના ઘણા પ્રવાસીઓ, મ્યુઝિયમો, યુનિવર્સિટીઓ વગેરે વિવિધ દેશોની અને વિષયોની સ્લાઇડોનો સંગ્રહ કરતા હોય છે. એમના સંગ્રહમાં આપણાં જૈન તીર્થોની સ્લાઇડો પહોંચવી જોઇએ. સ્લાઇડોના વ્યવસાયમાં પડેલી કંપનીઓના સહકાર સાથે આ કાર્ય થઇ શકે.

જૈન સમાજે આમ ઘણી જુદી જુદી દિશાઓમાં, જુદાં જુદાં કાર્યક્ષેત્રોમાં સંગઠિત થઇને કાર્ય કરવાની જરૂર છે. વિદેશના એક અર્થશાસ્ત્રીએ નોંધ્યું છે કે જૈનો જે રકમ દાનમાં આપે છે, સાધર્મિક કાર્યો પાછળ ખર્ચે છે તેટલી વ્યકિત દીઠ સરેરાશ રકમ દુનિયામાં બીજી કોઈ કોમ ખર્ચતી નથી. આ દાનપ્રવાહને લીધે જ જૈનોનું ઊજળાપણું છે. પોતાની જ્ઞાનસંપત્તિ કે ધનસંપત્તિમાંથી જે કોઇ માણસ થોડું પણ દાન કરતો નથી તે 'જૈન' કહેવાવાને પાત્ર નથી. જૈન બાળકોમાં આ સંસ્કાર જન્મથી જ હોય છે. એટલે જ આપણા દાનના પ્રવાહને વધુ વ્યવસ્થિત જો બનાવવામાં આવે તો હજુ પણ ઘણાં સારાં પરિણામો આવી શકે. મતમતાંતર અને ફિરકાભેદથી પર થઇને જૈન-જૈનેતર તમામનો સહકાર મેળવીને તમામને માટે અનેક શુભ કાર્યો કરવાની જરૂર છે.

આપણે આશા રાખીએ કે આવો ઊજળો દિવસ આપણને વહેલો જોવા મળે.

માંડવી (કચ્છ) શનિવાર, તા. ૨૪-૯-૮૩

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 84
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, તા. ૧૬-૧૦-૮૩ મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## વર્તમાનપત્ર અને સત્યનિષ્ઠા

© રમણલાલ ચી. શાહ

એક ચીની ફિલસૂફે કહેલું કે 'હું છાપું કયારેય વાંચતો નથી. દુનિયાની જે કોઇ સારી બાબતો હશે તેના સમાચાર ફરતા ફરતા આજે નહિ તો કાલે, કે ભવિષ્યમાં કયારેક મારી પાસે આવ્યા વગર રહેશે નહિ. જે સમાચાર મારી પાસે નહિ આવે તે જાણવા જેવા નહિ હોય અને એથી મારે કશું ગુમાવવાનું નથી એમ હું માનીશ.'

ઉદંત (સમાચાર) પત્રોમાં જાણવા જેવી અને ન જાણવા જેવી એવી ઘણી બધી વાતો છપાતી હોય છે. દુનિયામાં પ્રતિ ક્ષણ અવનવી ઘટનાઓ બનતી રહે છે અને આધુનિક સાધનો દ્વારા એના સમાચાર આખી દુનિયામાં પ્રસરી જાય છે. રેડિયો, ટી. વી. અને ઉપગ્રહોની મદદ દ્વારા ઘરમાં બેઠાં બેઠાં કેટલીયે ઘટનાઓ નજરે નિહાળી શકાય છે. એમ છતાં છાપાંઓનું મહત્ત્વ ઘટશે નહિ, કારણ કે તે ગમે ત્યારે નિરાંતે વાંચી શકાય છે. એમાં સમાચારો સવિગત હોય છે, અને રેડિયો તથા ટી. વી. દ્વારા ન આવરી શકાય એવા દુનિયાભરના વિવિધ પ્રકીર્ણ સમાચારો પણ હોય છે.

સવારનું છાપું બપોર પછીથી વાસી થઇ જાય છે, કારણ કે સમાચારોની દૃષ્ટિએ દુનિયા થોડા કલાકોમાં જ ઘણી આગળ નીકળી ગઈ હોય છે. એટલે થોડા સમયમાં જ છાપું ભૂતકાળની એક ઘટના કે ઇતિહાસનું એક પાનું બની જાય છે. છાપામાં છપાતા સમાચારમાં તત્કાલીન કે તત્ક્ષણનું સત્ય વિશેષપણે રહેલું હોય છે. રમતગમતના આંકડા હોય કે યુદ્ધની ખુવારીના આંકડા હોય, તે સમય માટે જ એ સાચા હોય છે. એટલે કે વર્તમાનપત્રના સમાચારોનું સત્ય એ બહુધા સાપેક્ષ સત્ય હોય છે. વિશિષ્ટ કાલસંદર્ભની દૃષ્ટિએ જે વાત સત્ય જણાઇ છે એ જ વાત અન્ય અપેક્ષાએ અન્ય કાલસંદર્ભમાં એટલી સાચી ન પણ લાગે. છાપાંઓમાં કેટલીક વાર પહેલા અને વચલા પાનામાં એકની એક બાબત વિશે પરસ્પર વિરુદ્ધ સમાચાર છપાઈ જાય છે. તેનું કારણ આ જ છે.

વર્તમાનપત્રના પત્રકારોએ બહુ ઓછા સમયમાં ઘણી બધી માહિતી એકઠી કરી લેવાની હોય છે. વર્તમાનપત્રો બારે માસ સમયની કટોકટીમાંથી પસાર થતા હોય છે. એટલે કયારેક ઉતાવળે અધૂરા સમાચાર પણ છપાઇ જતા હોય છે. અજાણતાં પણ કેટલીક વખત અર્ધસત્ય રજૂ થઇ જતું હોય છે.

ઘટના એક હોય, પરંતુ જોનારનાં દૃષ્ટિકોણ જુદા જુદા હોય તો એકની એક ઘટનાની રજૂઆત જુદા જુદા માણસો દ્વારા જુદી જુદી દૃષ્ટિથી થાય કે જે પરસ્પર વિરુદ્ધ પણ હોઇ શકે. યુરોપના એક ઇતિહાસકાર માટે એમ કહેવાય છે કે એમણે રસ્તામાં એક અકસ્માત નજરે બનતો જોયો. એ જ અકસ્માત વિશે એમણે ત્યાં ઊભેલાં કેટલાક માણસો સાથે વાતચીત કરી તો જણાયું કે અકસ્માતને નજરે જોનાર માણસોનાં વૃત્તાંતોમાં ફરક પડી જતો હતો. એમાં પણ અકસ્માતમાં સંડોવાયેલા જુદા જૂદા માણસોના સ્વજનોની રજુઆત પરસ્પર વિરુદ્ધ હતી. ઇતિહાસકારને થયું કે જે અકસ્માત પોતે નજરે જોયો છે તેના નિવેદનમાં પણ જો આટલો બધો ફરક પડી જતો હોય તો ભૂતકાળમાં બસો-પાંચસો વર્ષ પહેલાં બનેલી ઘટના વિશે જે માહિતી પોતાની પાસે આવી છે તેમાં પૂર્ણ સત્ય કેવી રીતે હોઇ શકે? એમ વિચારતાં ઇતિહાસલેખનમાંથી એમનો રસ ઊડી ગયો હતો. જેમ ઇતિહાસમાં તેમ વર્તમાનપત્રોના વૃતાંત નિવેદનમાં પણ જો તાટસ્થ્યની ઊણપ હોય તો કેટલીકવાર માત્ર એક દૃષ્ટિકોણનું જ સત્ય તે પ્રગટ કરે છે, એમ કહી શકાય.

સત્યને પ્રકાશિત કરવામાં વર્તમાનપત્રોનો ઘણો મોટો ફાળો હોય છે. પત્રકાર પાસે કોઈ પણ વાતને જાહેરમાં મૂકવાનું એક સબળ શસ્ત્ર હોય છે. એથી જાહેર જીવનમાં પડેલા કેટલાક માણસો પોતાની નિર્બળતાઓ પ્રગટ ન થઇ જાય એ માટે પત્રકારથી ડરે છે. કયારેક તેઓ પત્રકારને લાલચ આપી પોતાની નબળી વાત પ્રગટ થતી અટકાવે છે. પત્રકાર દ્વારા કેટલીકવાર આમ સત્ય ઢંકાઇ જતું હોય છે તો કેટલાક પત્રકારો કશી પણ લાલચને વશ થયા વગર નિર્ભીક રીતે, કયારેક તો જનના જોખમે પણ, સત્ય પ્રગટ કરતા હોય છે. પત્રકારની સત્યનિષ્ઠા આવે વખતે એને મોટું ગૌરવ અપાવે છે. આવે પ્રસંગે એવા બાહોશ પત્રકારો દ્વારા સમાજસેવા કે રાષ્ટ્ર-સેવાનાં મોટા કાર્યો થાય છે. વોટરગેઇટ કૌભાંડ હોય કે અંતુલે પ્રકરણ હોય, એને પ્રગટ કરવામાં પત્રકારોનો ઘણો મોટો હિસ્સો હોય છે. ઉચ્ચાસને બેઠેલા દંભી અને કપટી માણસોના તરકટોની વાત નીડર અને સત્યનિષ્ઠ પત્રકાર દ્વારા જાહેર જનતા સુધી પહોંચી શકે છે.

વર્તમાનપત્રની કચેરીમાં પ્રતિક્ષણ ચારેબાજુથી વાતો ઠલવાતી હોય છે. જે સમાચાર સમાજમાં એક રીતે પ્રચલિત હોય એ સમાચારોની પાછળ કેવાં કેવાં વહેણ અને વમળો કામ કરતાં હોય છે તેની સાચીખોટી વાતો પત્રકાર સુધી

પહોંચતી હોય છે. કેટલીક વાર એવું પણ બનતું હોય છે કે જે વ્યક્તિ પ્રત્યે સામાન્ય માણસો બહુ અહોભાવથી જોતા હોય છે તે વ્યક્તિ અંગત જીવનમાં કેટલી પામર હોય છે તેની ઘણી બધી વાતો પત્રકારો જાણતા હોય છે. રાજકારણના ક્ષેત્રમાં પડેલી વ્યક્તિઓ વિશે આવું સવિશેષ બનતું હોય છે. એટલે જ કહેવાય છે કે દુનિયાના ઘણાખરા રાજનેતાઓ પ્રત્યે પત્રકારોને બહુ ઓછો આદર હોય છે.

પત્રકાર પાસે જેમ સાચી વાત આવે છે, તેમ ઇરાદાપૂર્વક ખોટી વાતો પણ આવે છે. કોઈ પણ વાત પોતે પહેલી છાપ્યાનો યશ લેવાની વૃત્તિ પત્રકારને સહજ હોય છે. એથી સનસનાટીભર્યા સમાચારો છાપવામાં પાછળ ન પડી જવાય એની તકેદારી રાખવી પડતી હોય છે. પરંતુ એમ ઉતાવળ કરવામાં ક્યારેક છબરડા થઈ જાય છે અને પત્રકારની ભૂલ તો ઘરે ઘરે ચર્ચાનો વિષય બની જાય છે. વારંવાર બનતા આવા છબરડા વર્તમાનપત્રની પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચાડે છે. આથી પત્રકારે પોતાની પાસે આવતી વાતો કેટલી સાચી છે એની સવિવેક ચકાસણી કરતાં જ રહેવું જોઇએ. આવી વાતો પૂરી પાડનારના પ્રયોજન વિશે કેટલાક પત્રકારો એટલા માટે જ સકારણ વહેમી હોય છે.

પત્રકારે દરેક વખતે બધી જ સત્ય હકીકતો છાપવાનો આગ્રહ ન રાખવો જોઇએ. જે સત્ય સમાચાર પ્રકાશિત કરવાથી પ્રજાના એક યા બીજા વર્ગનું કે સમગ્ર રાષ્ટ્રનું અહિત થવાની સંભાવના હોય તેવું સત્ય પ્રગટ ન કરવું જોઇએ. યુદ્ધ સમયે મોરચા પર લડતી પોતાના રાષ્ટ્રની સેનાઓની હિલચાલના સમાચાર પોતાને મળ્યા હોય તો પણ પત્રકારે તે પ્રગટ કરવા ન જોઇએ. દેશના કોઈ પણ બે કોમો કે અન્ય પ્રકારનાં જૂથો વચ્ચે હિંસા ફાટી નીકળી હોય એ વખતે એક યા બીજા પક્ષની ખુવારીના મોટા આંકડાઓ વારંવાર પ્રગટ કરી દેવાથી વધુ હિંસાને પ્રોત્સાહન મળે છે. પત્રકારે એવે વખતે પોતાને મળેલી સાચી વાતને સંયમિત રીતે પ્રગટ કરવાની હોય છે. સત્યનું પ્રકાશન એ જેમ પત્રકારનો ધર્મ છે તેમ સત્યનું ગોપન એ પણ પત્રકારનો આવે પ્રસંગે ધર્મ બની રહે છે.

# પાંચમો જૈન સાહિત્ય સમારોહ

સંકલન : પન્નાલાલ ૨. શાહ

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયના** ઉપક્રમે **શ્રી અખિલ ભારતીય અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતામ્બર જૈન** સંઘના નિમંત્રણથી શનિવાર, તા. ૨૪ અને ૨૫ સપ્ટેમ્બર, ૧૯૮૩ના રોજ માંડવી (કચ્છ) ખાતે પાંચમો જૈન સાહિત્ય સમારોહ યોજાયો હતો. આ સમારોહનું પ્રમુખસ્થાન મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી **ડૉ. રમણલાલ ચી. શાહે** શોભાવ્યું હતું. આ સમારોહમાં **જૈન તત્ત્વજ્ઞાન** અને **જૈન સાહિત્ય** એમ બે વિભાગીય બેઠકો રાખવામાં આવી હતી, જેના પ્રમુખસ્થાને અનુક્રમે **શ્રી કીર્તિભાઇ માણેકલાલ શાહ** અને વારાણસીની પાર્શ્વનાથ શોધ સંસ્થાનના ડિરેક્ટર **ડૉ. સાગરમલજી જૈન** હતા.

**શોભા યાત્રા**

શનિવાર, તા. ૨૪-૯-૮૩ના રોજ સવારના ૮-૦ કલાકે જ્ઞાનની શોભા યાત્રા નીકળી હતી, જેમાં સુવર્ણાક્ષરે લખાયેલી કલ્પસૂત્રની હસ્તપ્રત રથમાં મૂકવામાં આવી હતી. મહારાજા સિદ્ધરાજ જયસિંહના સમયમાં 'સિદ્ધહૈમ' વ્યાકરણની નીકળેલી શોભા યાત્રાની એ યાદ અપાવતી હતી.

**ઉદ્‌ઘાટન બેઠક**

પ્રાર્થના, સ્તુતિ અને પૂ. સાધ્વીજી વસંતપ્રભાશ્રીજીના માંગલિક બાદ શ્રી લખમશી ઘેલાભાઇ શાહે દીપક પ્રગટાવી પાંચમા જૈન સાહિત્ય સમારોહનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગને અનુરૂપ તૈયાર કરવામાં આવેલી સ્મરણિકાનું પ્રકાશન શ્રી બિપિનભાઇ કે. જૈને, કલ્પસૂત્રની સુવર્ણાક્ષરે લખાયેલી હસ્તપ્રતનું પ્રકાશન શ્રી રવજી ખીમજી છેડાએ અને પ્રાચીન હસ્તપ્રતોનાં પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રી ગુલાબચંદભાઇએ કર્યું હતું.

**વિદ્યાલયની કચ્છમાં શાખા માટે વચન:**

અખિલ ભારતીય અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના પ્રમુખ અને સ્વાગતાધ્યક્ષ શ્રી વસનજીભાઇએ સૌનું અભિવાદન કરતાં કહ્યું: 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી ખ્યાતનામ અને માતબર સંસ્થા આ સમારોહની જનેતા છે. જો શ્રી મહાવીર જૈન વિદ્યાલય કચ્છમાં કોઇ વિદ્યા પ્રવૃત્તિ આદરે અગર એની શાખા ખોલે તો તે સંસ્થાને જમીન અને આર્થિક સહયોગ આપવા અમે તત્પર છીએ.

**સંશોધન-પ્રકાશનને વેગ**

એમણે વિશેષમાં કહ્યું; 'જૈન સાહિત્ય સમારોહથી પ્રેરાઇને અહીંનો સમાજ વધુ વ્યાપક પ્રવૃત્તિઓ કરે, અહીં ભંડારોમાં સચવાયેલી હસ્તપ્રતોનું સંશોધન-પ્રકાશન થાય, સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરે ભાષાઓનાં શિક્ષણને વેગ મળે તો આપણા સૌનું આ મિલન સાર્થક થશે.'

**રાસા સાહિત્યના પ્રકાશનનું મહત્વ**

સમારોહના પ્રમુખસ્થાનેથી ડૉ. રમણલાલ ચી. શાહે જ્ઞાનનો મહિમા કર્યા બાદ કહ્યું: 'જૈનો પાસે પોતાનું જે સાહિત્ય છે, તે અત્યંત વિપુલ છે. પ્રાકૃત, અર્ધમાગધી, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, રાજસ્થાની, હિન્દી, મરાઠી, કન્નડ તેલુગુ, તામીલ વગેરે ભાષાઓમાં પ્રાચીન જૈન સાહિત્ય પુષ્કળ લખાયેલું છે. જુદા જુદા હસ્તપ્રત ભંડારોમાં વીસ લાખથી પણ વધુ હસ્તપ્રતો સચવાયેલી છે, જેમાંની ઘણી હજુ અપ્રકાશિત છે. સહેજે બે-ત્રણ સૈકાથી વધુ સમય ચાલે એટલું સંશોધનકાર્ય આ ક્ષેત્રમાં પડેલું છે.' રાસા સાહિત્ય વિષે બોલતાં એમણે કહ્યું: 'જ્યારે આપણું ઘણું ખરું રાસાસાહિત્ય પ્રગટ થયું હશે, ત્યારે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ નવેસરથી લખવાની ફરજ પડશે. ભવિષ્યના તટસ્થ ઇતિહાસકારો આ વાતનું યોગ્ય મૂલ્યાંકન કરી શકશે.'

**સાધુઓનો શાસ્ત્રાભ્યાસ**

જૈન સાધુઓના શાસ્ત્રાભ્યાસની વાતો કરતા એમણે કહ્યું: 'કેટલાય આચાર્યો પોતાના શિષ્યોને ભાષા અને

(વધુ માટે જુઓ પાનું ૧૨૭મું)

# પત્રકારત્વ વિષે પરિસંવાદ

સંકલન : ગુલાબ દેઢિયા

સામાજિક વિષમતાઓ વચ્ચે પત્રકારોએ નીતિમત્તા અને મૂલ્યોની જાળવણી માટે વધુ જવાબદારીથી કામ કરવું પડશે એવો અનુરોધ 'ઇન્ડીયન એકસપ્રેસ'ના દિલ્હી ખાતેના નિવાસી તંત્રી હિરણ્યમય કાલેકરે કર્યો હતો.

મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા પત્રકારત્વ પર આયોજિત ત્રિદિવસીય પરિસંવાદનું ઉદ્‌ઘાટન કરતાં કાલેકરે જણાવ્યું હતું કે નીતિમત્તા અને મૂલ્યો પર આધારિત સમાજમાં જ સાચું અખબારી સ્વાતંત્ર્ય મળી શકશે.


અત્યારે પત્રકારોમાં જણાતી અધુરાઇઓ સમાજની અધુરાઇઓ અને ખામીઓનું જ પ્રતિબિંબ પાડે છે, તેમ છતાં પત્રકારે સત્ય શોધનની વધુ મોટી જવાબદારી અદા કરવાની હોવાનું કાલેકરે ઉમેર્યું હતું.

પરોક્ષ-રીતે અખબારો અને અખબારનવેશોને કઈ રીતે કચડવાના પ્રયાસ થાય છે તેની વિશદ ચર્ચા કરી હતી.

સરકાર ન્યુઝપ્રીન્ટ અને જાહેરખબરો પર નિયંત્રણથી અખબારોની આર્થિક સ્થિતિને કથળાવીને તેના પર અવલંબિત કરવા પ્રયત્નશીલ રહે છે. અથવા તો બિહાર પ્રેસ બીલ જેવા જંગલી કાયદાઓ દ્વારા પત્રકારોને સત્ય છાપવાથી વંચિત રાખી હેરાન કરે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ધ્લસ્ટ્રેટેડ વિકલીના ભૂતપૂર્વ તંત્રી એમ. બી. કામથે કહ્યું હતું કે અમૃતલાલ શેઠ, ખેલવી અને સદાનંદ જેવા નીડર અને બાહોશ તંત્રીઓ અત્યારે બહુ જ ઓછા રહ્યા છે.

ગુજરાતી અખબારો વધુ નીડરપણે લખે છે એની નોંધ લેતા કામથે હળવાશથી ઉમેર્યું હતું : 'ગુજરાતી અખબારો



પત્રકારત્વ વિષે પરિસંવાદની ઉદ્‌ઘાટન બેઠકમાં ઉદ્‌ઘાટક શ્રી હિરણ્ય કારલેકર પ્રવચન કરી રહ્યા છે. બેઠેલાંઓ (ડાબી બાજુથી) શ્રી. ડી. વી. ગોખલે, શ્રી એમ. વી. કામઠ, ડો. રમણલાલ ચી. શાહ, શ્રી જેહાન દારૂવાલા, શ્રી વાસુદેવ મહેતા અને શ્રી અમર જરીવાલા નજરે પડે છે.

સમાજમાં જ્યારે દરેક નાગરિક માટે સ્વાતંત્ર્ય એ જન્મસિદ્ધ અધિકાર જેવી પરિસ્થિતિ સર્જાશે, ત્યારે જ પત્રકારો સાચા અર્થમાં સ્વાતંત્ર્યને પામશે. આને માટે સુસંસ્કૃત સમાજનું અસ્તિત્વ અનિવાર્ય છે.

કાલેકરે સમય જતાં એવું વાતાવરણ સર્જાશે એવો આશાવાદ વ્યકત કર્યો હતો.

પત્રકારોને શિરે સત્યનું ઉચ્ચારણ કરવાની ગુપ્ત જવાબદારી હોવાનું જણાવવા છતાં કાલેકરે કહ્યું હતું કે સરકાર અને અખબાર સંચાલકો પત્રકારની આ જવાબદારી નિભાવવાના સ્વાતંત્ર્યને વિવિધ રીતે અસર કરે છે.

તેમણે સરકાર અને રાજ્યકારણીયો દ્વારા પ્રત્યક્ષ તેમજ

ધન્દિરા ગાંધી વિરૂદ્ધ બિન્દાસ લખી શકે છે કારણ, ધન્દિરા ગાંધી ગુજરાતી અખબારો વાંચતા નથી.

શ્રી કામથે કહ્યું હતું કે સેટેલાઇટને કારણે સંદેશવહેવાર એટલો ઝડપી બન્યો છે કે રીપોર્ટરોની જરૂર જ ન રહે એવી પરિસ્થિતિ ઊભી થશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં રેડીઓ અને ટી. વી.નો એટલી ઝડપથી વિકાસ કરાયો છે કે અખબારી સ્વાતંત્ર્ય પણ અર્થહીન બનું ગયું છે, કારણકે ટી. વી. દ્વારા સરકાર સીધી તમારા દિવાનખાનામાં આવી ગઇ છે.

મરાઠી દૈનિક 'મહારાષ્ટ્ર ટાઇમ્સ'ના સહાયક તંત્રી ડી. વી. ગોખલેએ ભારતીય પત્રકારોના સ્વાતંત્ર્યના અભાવ માટે

પત્રકારોમાંના પ્રાંતવાદી વલણને જવાબદાર લેખાવ્યું હતું.

આસામ આંદોલનના અહેવાલો આપનારા મોટા ભાગના અખબારનવેશો બંગાળી હોવાથી આંદોલનનું સાચું ચિત્રણ કર્યું નહોતું તેનો ઉલ્લેખ કર્યો હતો.

'મુંબઇ સમાચાર' ના તંત્રી જેહાન દારૂવાલાએ જણાવ્યું હતું કે બ્રીટીશ કાળમાં પારસી પત્રકારોએ નિર્ભયતાપૂર્વક લખાણો લખીને અખબારી સ્વતંત્રતાને જાળવી રાખી હતી.

આજે ફરિયાદો કરીએ છીએ પણ ભૂતકાળમાં પત્રકારો લડયા તેમ લડવામાં આજે શો વાંધો છે, એવો સવાલ કરીને દારૂવાલાએ ઉમેર્યું હતું કે એ વખતે જે મૂલ્યો હતાં એ આજે પણ એટલાં જ મહત્વનાં છે.

સરકાર ઘણું બધું છૂપાવે છે પણ અન્વેષણાત્મક રિપોર્ટીંગ દ્વારા તે બહાર લાવી શકાય છે એમ તેમણે જણાવ્યું હતું.

આપણે આઝાદી ગુમાવી રહ્યા છીએ. રાજકારણીઓ અને સરકાર જ નહિ પોલિસ અને સ્મગલરો સહિત બધાં જ આપણી (પત્રકારોની) સામે બંદૂક તાકી ઉભાં છે. એની સામે પત્રકારે લડવાનું છે એમ દારૂવાલાએ ઉમેર્યું હતું.

દાઉદી વોરાઓ પર વડા મુલ્લાજીના અત્યાચારોના સંદર્ભમાં દારૂવાલાએ કહ્યું હતું કે રાષ્ટ્રપતિ પણ તેનાથી વ્યથિત થયા, પરંતુ તેમણે સમદનાના મકબરાની મુલાકાત રદ ન કરી, કારણ તેની પાછળ મતોનું રાજકારણ છે. જુલ્મો સામે આંખ મિચામણા થઈ રહ્યા છે.

'જન્મભૂમિ' અને 'જન્મભૂમિ પ્રવાસી'ના તંત્રી હરીન્દ્ર દવેએ જણાવ્યું હતું કે પત્રકારને સર્જનની સ્વતંત્રતા અનિવાર્ય છે. પત્રકારે લખવું હોય ત્યારે તેને રોકનાર તત્ત્વ ન હોવું જોઇએ અને એણે ન લખવું હોય ત્યારે લખવાની ફરજ ન પડાવી જોઇએ. કટોકટીમાં આનાથી વિપરીત પરિસ્થિતિ હતી.

મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘની દશાબ્દી ઉજવણી સમિતિના અધ્યક્ષ શ્રી કિશોર ભટ્ટે જણાવ્યું હતું કે મુંબઇ જૈન યુવક સંઘનું ગુજરાતી પત્રકારત્વ પર ધ્યાન દોરાયું એ આનંદની વાત છે.

જગતમાં ૪૦૦ થી વધુ ગુજરાતી પત્રો સામયિકો નીકળે છે, અઢી કરોડ જેટલા વાચકો છે. તેમને પત્રકારો માહિતી પૂરી પાડે છે. એ સંદર્ભમાં આવા પરિસંવાદ પત્રકારત્વના વ્યાવસાયિક વિકાસમાં મદદરૂપ થઈ પડશે.

પ્રારંભમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અધ્યક્ષ ડો. રમણલાલ શાહે આવકાર પ્રવચનમાં સંઘની પ્રવૃત્તિઓનો અને તેના મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન'ના લખાણોનો ચિતાર આપ્યો હતો.

અખબાર ચલાવવાની મુશ્કેલીઓનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે કયારેક પત્રકારોને વાસ્તવિક પરિસ્થિતિથી સમાધાન કરવું પડે છે. પ્રારંભમાં નવા નવા પત્રકાર આદર્શવાદી હોય છે, પરંતુ સમયાંતરે તેમણે વાસ્તવવાદી બનવું પડે છે.

કેટલાક અખબારો કામદાર અશાંતિને કારણે બંધ કરવા જેવી સ્થિતિ પણ સર્જાતી હોવાનું ડો. શાહે કહ્યું હતું.

પરિસંવાદના ઉદઘાટક કાલેલકરે પ્રારંભમાં દીપ પ્રગટાવ્યો હતો અને દિવંગત પત્રકારો અમૃતલાલ શેઠ, ખેલવી, હોર્નીમન, સદાનંદ અને મહાત્મા ગાંધીની તસ્વીરોને પુષ્પહાર ચઢાવ્યા હતા..

પરિસંવાદનું સંચાલન અમર જરીવાલાએ કર્યું હતું અને સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભાર માન્યો હતો.

શનિવાર તા. ૧-૧૦-'૮૩ના સવારની પ્રથમ બેઠકનો વિષય હતો : 'પત્રકારત્વ : સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યો'. આ બેઠકના પ્રમુખ ખ્યાતનામ પત્રકાર શ્રી વાસુદેવ મહેતાએ પોતાના પ્રવચનમાં કહ્યું કે, વર્તમાનપત્રનું અડધું અંગ પત્રકારો છે, અને અડધું અંગ અમારા વાચકો છે. કોઇ જ્ઞાનીએ કહ્યું છે કે, આજની ગમે તે વ્યક્તિના દિમાગમાંથી બધી માહિતી ખાલી કરીને તપાસવામાં આવે તો ૯૯.૫ ટકા એણે વર્તમાનપત્ર દ્વારા મેળવેલ હશે.

આહાર, પાણી અને હવાની જેમ સમાચાર પણ શુદ્ધ મળવા જોઇએ. વાચકને પ્રભાવિત કરવાની દાનત કયારેક અમારામાં દેખાયા કરે છે.

સાહિત્યકાર કલ્પનાના રસાયણો વડે જાદુઇ દુનિયા પણ એની કૃતિમાં ઊભી કરી શકે છે, ત્યારે પત્રકારે નક્કર હકિકતોને પકડીને જ ચાલવું પડે છે, જેમાં કલ્પનાનું ચિત્રણ અક્ષમ્ય ભેળસેળ અને પાપ બને છે. બીજાના હક, સ્વાતંત્ર્ય વગેરેની રક્ષાનો દાવો કરતાં રાજકીય પક્ષો તથા જાહેર સંસ્થાઓનાં પ્રકાશનોમાં વધુ પડતી અસહિષ્ણુતા હોય છે અને પત્રકારોનું સ્વાતંત્ર્ય ઓછામાં ઓછું હોય છે.

સમાચાર સંપૂર્ણ ચકાસીને આપવા, વિગતોમાં ચોકસાઇની ચીવટ રાખવી, વાચકને દરેક દૃષ્ટિકોણ આપવા માટે સમાચારની બધી બાજુઓ તથા ચારેપાસની વિગતો આપવી. વિશેષણ તથા ક્રિયા વિશેષણ અણુ બોમ્બ કરતાંય વધુ ખતરનાક છે એમ સમજીને એ બે તેમજ આંકડાનો ઉપયોગ પૂરી જવાબદારીથી કરવો. પત્રકારો ધારે તો સમાચારોમાં અનિષ્ટ તરફનો ઝોક ઓછો કરીને ઇષ્ટનું પલ્લું ભારે બનાવી શકે છે.

પ્રથમ વકતા નિરીક્ષકના તંત્રી શ્રી જયંત પંડયાએ પ્રજાકીય આંદોલનના સંદર્ભમાં વાત કરતાં કહ્યું હતું કે, પગે જોડો ડંખે તેનો ઇલાજ કર્યે જ છૂટકો. મોટા ભાગના પ્રજાકીય આંદોલનો આવા કોઇક ડંખના ઉપચાર તરીકે પેદા થતાં હોય છે.

જયાં દેશ બિનસાંપ્રદાયિક હોય ત્યાં ધાર્મિક લઘુમતિ કયાંથી આવી શકે?

આસામની પ્રજા પોતાના ઘરમાં જ લઘુમતિમાં મુકાઇ રહી છે, એ શિસ્તબદ્ધ અને અહિંસક આંદોલન ચલાવે છે છતાં એમની વાતો સમગ્ર દેશ સુધી પહોંચતી જ નથી. જ્યારે પંજાબમાં મોટા ભાગની વાતો તલવારની અણીએ થાય છે, ત્યાં જે જાન હાનિ થઈ રહી છે, તેને કોઇ ગળું ખોંખારીને કહેતું નથી કે આ ખોટું થઇ રહ્યું છે.

અનામત આંદોલનમાં પણ દરેક માણસની સરેરાશ સામાજિક સ્થિતિ એક સરખી થાય, એમાં ઉચ્ચ-નીચ કે છૂત-અછૂતનો ભેદ ન હોય એ આદર્શ હોવો જોઇએ. તમે પોતાના જ દેશમાં એક નાગરિકથી બીજાને જુદો પાડો છો. તેથી જ તિરાડ પડે છે. તેને સાંધવાનું સરળ નથી.

અંતે તો એક જ મૂલ્ય સર્વોપરિ થઈ રહેવાનું છે. Man's Perfection or Man's excellence.' આ પરિપૂર્ણતા અને આ સર્વોત્કૃષ્ટતા એ જ સુખમય સમાજનાં ઘટક પરિબળો છે. એને ઊભાં કરવાં અને જીવતાં રાખવાં એ

પત્રકારત્વની પ્રતિબદ્ધતા છે.

સામાજિક અને સાહિત્યિક સંદર્ભમાં પ્રતિબદ્ધતા અને મૂલ્યો વિશે 'અંધ'ના તંત્રી શ્રી યશવંત દોશીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સામાજિક અને સાહિત્યિક પ્રતિબદ્ધતા વિશે વિચાર કરતાં મને સ્વ. પરમાનંદ કાપડિયાનું સ્મરણ થાય છે. તેઓ સતત લખતા, એમના લખાણોમાં પ્રગતિશીલતા હતી.

કોઈ પણ પત્રકાર સંપૂર્ણ તટસ્થ ન રહી શકે. જાણે-અજાણે પૂર્વગ્રહો કે પ્રતિબદ્ધતા આવી જાય છે. પૂર્વગ્રહની છાપ અસ્પષ્ટ હોય છે. પ્રતિબદ્ધતા સમજપૂર્વક સ્વીકારેલી વાત છે. પ્રગતિશીલ મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા હોવી જોઇએ. આપણી નજર આગળ હોવી જોઇએ. વીતી ગયેલો સુવર્ણયુગ હવે પાછો આવવાનો નથી. તેથી ભૂતકાળને જ મહાન અને સર્વોપરિ બતાવતી વાતોને વળગી ન રહેવું જોઇએ.

આજે સ્ત્રીની ભૂમિકા બદલાઇ છે. તેને ઘરથી બહાર નીકળવું જરૂરી બન્યું છે. નોકરી કરતી સ્ત્રીઓની મજાક કરવાથી કે તેમને ઉતારી પાડતી રજૂઆતોથી દૂર રહેવું જોઇએ.

નવી પેઢી પ્રત્યે આપણું વલણ પ્રત્યાઘાતી છે. એમની પ્રવૃત્તિઓને ઉતારી પાડવાનું કામ સહેલું છે, પણ યોગ્ય નથી. એમને માટેનું આ વાતાવરણ નિર્માણ તો આપણે જ કર્યું છે.

પત્રકારોએ આજની વાત સમજવાની છે અને નક્કર રીતે રજૂ કરવાની છે.

'જન્મભૂમિ પત્રોના દિલ્હી ખાતેના વિશેષ સંવાદદાતા શ્રી કુંદન વ્યાસે 'સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યો-રાજ્ય વ્યવસ્થા અને વહીવટી તંત્રના સંદર્ભમાં' વિશે પોતાના વકતવ્યમાં કહ્યું હતું કે, આજે રાજકારણનું સામાજિકરણ થયું નથી પણ સમાજનું રાજકીયકરણ થયું છે. ભાષા-ધર્મ, જાતિ, તથા આર્થિક તેમજ સામાજિક કારણોસર સમાજ વહેંચાઈ ગયો છે. આમાંથી તમે કયા સમાજને વફાદાર રહી શકો? સૌને પરસ્પર વિરોધી હિતો છે.

પત્રકારની આઝાદી વારસતમાં વ્યકિતની આઝાદી નથી. રિપોર્ટર કે તંત્રીની આઝાદી નથી. વાચક ધારે તે પ્રકારનું વિચારસરણીનું અખબાર મુકત રીતે મેળવી શકે અને માણી શકે તેનું જ નામ અખબારી આઝાદી. સોશ્યલ કમિટમેન્ટ એટલે પ્રામાણિકતા.

ભૂતકાળનો પત્રકાર સમાજનો શિક્ષક-માર્ગદર્શક હતો. આજે પત્રકાર વાચકનો સેકેટરી છે.

પત્રકાર તરીકે મારી પ્રતિબદ્ધતા શું? મારા રાષ્ટ્રનું હિત જોવાની. આમ કરવા જતાં રાજ્ય વ્યવસ્થાપકો કે વહીવટી તંત્રની ટીકા કરવી પડે તો કરવી. આ મૂલ્યોની જાળવણી કરવાની છે અને તેના પાયામાં પ્રામાણિકતા છે.

મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘના પ્રમુખ શ્રી સુધીર માંકડે 'સામાજિક પ્રતિબધ્ધતા અને મૂલ્યો : પત્રકારની નજરે' વિશેના પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, જગતનો સૌથી વધુ ચર્ચાસ્પદ વિષય પત્રકારિત્વ છે અને સૌથી વધુ ગેરસમજણો પણ પત્રકારિત્વ વિશે છે. પ્રતિબદ્ધતાની બેડીઓ સામે લડવાનું છે. સત્તાધારીઓ તમામ રીતે કંઇક લાદતા જ રહે છે.

૨૦૩ વર્ષ પહેલાં આ દેશમાં અખબારનો જન્મ થયો. પહેલાં ગોરાઓએ પછી આપણા સત્તાધારીઓએ અંકુશ મુકવાનું ચાલુ રાખ્યું છે. રશિયા, ઇંગ્લેન્ડ સર્વત્ર અખબારો કચડાયા છે. પ્રતિબદ્ધતાની જરૂર પત્રકારોને નથી, રાજકારણીઓને ખાસ જરૂર છે. પક્ષપલટુઓને ખાસ જરૂર છે. સાહિત્યકારો, શિક્ષકો, નેતાઓ, વેપારીઓ, સેવકો વગેરેને પ્રતિબદ્ધતાની જરૂર છે.

તમે જેવો સમાજ ઘડયો હશે એવા અખબારો તમને મળશે.

સમાજ અજ્ઞાન અને અજ્ઞાત રહે એમ મોવડીઓ ઇચ્છે છે. મુકત નહિ પણ ગુલામ છાપાં સૌ આગેવાનોને જોઇએ છે.

મુંબઇ શહેરમાંથી ગુજરાતી માધ્યમની શાળાઓ અને ગુજરાતીતા ઘટતી રહી છે, એ વિશે વિચાર કયારે કરીશું?

(ક્રમશ:)

# વૈવિધ્યમય વિભાગો, લેખો અને લખાવટ

© ડો. કુમારપાળ દેસાઇ

(સંઘના ઉપક્રમે યોજાયેલ પત્રકારત્વ વિષેના પરિસંવાદની દ્વિતીય બેઠકમાં 'પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ : આઝાદી પહેલાંનું અને પછીનું' એ વિષય પર 'વૈવિધ્યમય વિભાગો, લેખો અને લખાવટ'ના સંદર્ભમાં ડો. કુમારપાળ દેસાઇએ આપેલ પ્રવચન અત્રે પ્રગટ કરતાં આનંદ થાય છે. —તંત્રી)

ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતી પત્રકારત્વના વિકાસમાં આઝાદી પહેલાનું અને આઝાદી પછીનું એવી ભેદરેખા દોરી શકાય, પરંતુ પત્રોની માલિકી, વાચકની રુચિ, અદ્યતન યંત્રસામગ્રી અને પ્રજાકીય પ્રશ્નો પ્રત્યેના અભિગમની દૃષ્ટિએ ઈ. સ. ૧૯૫૦નું વર્ષ એ ઉચિત ભેદરેખા ગણાય. ૧૯૫૦ પહેલાંનું ગુજરાતી પત્રકારત્વ મહદ્અંશે કર્તવ્યનિષ્ઠ હતું. પત્રકાર પાસે ચોકકસ દિશા અને દૃષ્ટિ હતાં એનામાં સત્તાનો સામનો કરવાની ખુમારી અને ખુવાર થવાની તૈયારી હતી. સમાજસુધારો, સ્વરાજ્ય અને સ્વધર્મની ભાવનાના ખીલે બંધાયેલું એ પત્રકારત્વ એક મિશન હતું, ઉદ્યોગ નહિ. આજે કોઇ દૈનિક કે સામયિક ભાગ્યે જ જાહેરખબર વિના ચલાવી શકે, જ્યારે ગાંધીજીએ ત્રીસ-ત્રીસ વર્ષ સુધી જાહેરખબર વિના સાપ્તાહિકો ચલાવ્યાં. ૧૯૫૦માં લોકશાહીની સુકતતા, ગુજરાતી અખબારોની માલિકીમાં ફેરફાર અને મોનો ટાઇપ તેમજ ઝડપી અને રંગીન મુદ્રણ કરતાં રોટરી મશીનોનું આગમન થયું.

વર્તમાન સમયના અખબારો જે સમસ્યાને મહત્ત્વની ગણે છે, તે સમસ્યાઓનાં આઝાદી પૂર્વે માત્ર એંધાણ જ મળે છે. આર્થિક પ્રશ્નોના માત્ર કણગા જ ફૂટયા હતા, તે વિકરમા નહોતા. આજના ઘણા પ્રશ્નો આઝાદી પૂર્વે નહોતા અને જે હતા તેના પર પણ ગાંધીવાદી ગંભીરત્વની છાપ હતી. એ સમયે દૈનિકોનાં ચોથા પાના પર આજની માફક લેખ-વિભાગો આવતા નહિ. આવા લેખવિભાગોનું સ્થાન સાપ્તાહિકો અને માસિકોમાં જ રહેતું. વળી ગંભીરલેખો લખનારાઓનો આદર્શ રામાનંદ ચેટરજીનું 'મોડર્ન રીવ્યુ' તથા સી. વાય.

ચિંતામણિનું 'ઇન્ડિયન રીફોર્મર' હતાં. એ સમયના લેખકો આવાં ગંભીર સામયિકોને આદર્શરૂપે રાખીને લખતા હતા. 'પ્રજાબંધુ' અને 'ગુજરાતી પંચ' માં ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં અગ્રલેખો આવતા હતા, પણ એ અગ્રલેખો ખૂબ અભ્યાસપૂર્વક અને ગંભીરતાથી લખવામાં આવતા હતા.

આઝાદી પૂર્વેનું પત્રકારત્વ કર્તવ્યપ્રેરિત હતું. નર્મદ એના 'ડાંડિયો'માં દાંડી પીટીને, 'ખબરદાર' કહીને 'રૈયતને જુલમીઓના જુલમમાંથી બચાવવાને, લુચ્ચાની ટોળી વિખેરી નાખવાને, તમારામાંથી અજ્ઞાન, વહેમ ને અનીતિ કાઢી નાખવાને, દેશનું ભલું થાય તેમ કરવાને' કોશિશ કરે છે. અમૃતલાલ શેઠ કાળી શાહીથી નહિ પણ લોહીની લાલ શાહીથી દેશકલ્યાણના યજ્ઞસમા પત્રકારત્વનો પ્રારંભ કરે છે. 'પ્રજાબંધુ'ના પહેલા અંકમાં 'પ્રારંભે' શ્રી ભગુભાઇ ફત્તેહચંદ કારભારી પ્રશ્ન મૂકે છે: 'કહો જન્મ ધરી શી કરી દેશની સેવા?' અને એના ઉત્તરરૂપે સેવા કાજે પત્રનો પ્રારંભ કર્યાનું કહે છે. કરસનદાસ મૂળજીનું 'સત્યપ્રકાશ' જદુનાથ મહારાજના પાંખંડ અને ઢોંગ સામે જેહાદ પોકારે છે. 'સ્વતંત્રતા યજ્ઞસુખનું ધામ છે' એમ કહીને નિસ્તેજ થયેલી સ્વતંત્રતાને સતેજ કાંતિમાન કરવા ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ 'સ્વતંત્રતા' નામે માસિક કાઢે છે. 'સૌરાષ્ટ્ર'ના લેખકમંડળમાં ઝવેરચંદ મેઘાણી, કકલભાઇ કોઠારી, ગુણવંતરાય આચાર્ય, ભીમજીભાઇ 'સુશીલ' જેવા કેટલાય કુટુંબની શીળી છાયા અને ધંધા-રોજગારની નિયમિત આવક છોડીને રાણપુર જેવા નાનકડા ગામમાં હાથે રાંધીને પત્રકારત્વનો ભેખ લે છે. આ સૌરાષ્ટ્ર કાર્યાલય 'સૌરાષ્ટ્ર આશ્રમ' ને નામે ઓળખાતું તે આજે કેટલું સાર્થક લાગે છે! આ પત્રકારત્વે એક પ્રતિષ્ઠા ઊભી કરી હતી. આજે અખબારોની જે કંઈ પ્રતિષ્ઠા જોવા મળે છે, તે મૂડી આ ભેખધારીઓએ ભેગી કરેલી છે. પોતે માને તે પ્રમાણે લખવું, સમાજને દોરવણી આપવા માટે લખવું, નૈતિક રીતે ઉચ્ચ ધોરણોવાળું લખવું અને હિંમતભેર લખવું. એમ તેઓ માનતા હતા.

આઝાદી પૂર્વેનાં સાપ્તાહિકોમાં અને માસિકોમાં સારા એવા લેખવિભાગો જોવા મળે છે. 'ફૂલછાબ' સાપ્તાહિક રૂપે ચાલતું, ત્યારે તેમાં સાહિત્ય, આકાશદર્શન, સામાન્ય જ્ઞાન અને પશુપક્ષીનો પરિચય આપતા લેખવિભાગો પ્રગટ થતા હતા. સામયિક એ સંસ્કારનું સાધન ગણાતું અને તેને માટે તેમાં સાહિત્ય વિભાગ અનિવાર્ય લેખાતો. સાપ્તાહિક 'ફૂલછાબ'માં સાહિત્યચર્ચાના બે થી ત્રણ પાનાં આવતાં. ઇચ્છારામ સુર્યરામ દેસાઇના 'ગુજરાતી'માં સાહિત્યચર્ચા આવતી. જૂનાં કાવ્યો વિશે સંશોધનલેખ આવતા. સુંદર "સાહિત્ય પૂર્તિ"ની સળંગ શ્રેણી પ્રગટ થતી. ગ્રાહકોને ભેટપુસ્તક આપવાની 'ગુજરાતી'ની પ્રથાએ ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક નવલકથાના સર્જનમાં મહત્ત્વનું યોગદાન કર્યું છે. 'પ્રજાબંધુ'માં 'સાહિત્યપ્રિય'ના ઉપનામથી શ્રી ચુનીલાલ ચ. શાહની સાહિત્યચર્ચા તેમ જ 'ગ્રંથાવલોકને' વિભાગની ગ્રંથસમીક્ષાએ તો ગુજરાતી સાહિત્યમાં એક પ્રતિષ્ઠા ઊભી કરી હતી. હાજીમહમદ અલારખિયા શિવજીનું 'વીસમી સદી'એ સામાન્ય માનવીથી (માંડીને) નરસિંહરાવ જેવા દુરારાધ્ય વિવેચકનું પણ ધ્યાન ખેંચ્યું હતું. પત્રકારત્વમાં 'નારદ', કરસનદાસ માણેક કે વેણીભાઇ પુરોહિતના કટાક્ષ કાવ્યો હોય કે ખુલ્લો પત્ર હોય, પણ બધું જ રાષ્ટ્રીય લડતના રંગે રંગાયેલું હોય. 'વીસમી સદી', 'હિન્દુસ્થાન' અને 'નવચેતને' નવોદિતોને પ્રોત્સાહન પુરું પાડ્યું, જ્યારે 'નવજીવન'નું સમર્થ વિદ્વાનમંડળ એક જુદી જ પ્રભા ફેલાવે છે. આઝાદી પૂર્વે આપણાં સાપ્તાહિકો અને માસિકોએ ઘણા વૈવિધ્યમય વિભાગો ખોલ્યાં. કલમની તાકાત ધરાવતા નામાંકિત લેખકોને એ સમયનાં સાપ્તાહિકોમાં લખવું પ્રિય હતું. જાણે-અજાણ્યે એક એવો ખ્યાલ બંધાઇ ગયો હતો કે વિદ્વાન તો સાપ્તાહિક કે માસિકમાં જ લખે, દૈનિકમાં નહિ!

એ સમયે દૈનિકપત્રોમાં અનુવાદકો કે રિપોર્ટરો તો હતા જ, પરંતુ એ અખબારની પ્રતિષ્ઠાની પારાશીશી એમાં લખતા વિદ્વાન પરથી મપાતી. એમાં પણ અમૃતલાલ આ શેઠે પ્રણાલિકાને ખૂબ વિકસાવી. આઝાદી પછી આપણા પત્રકારત્વમાં સાહિત્યનો વિભાગ સંકોચાવા લાગ્યો. થોડાક અપવાદને બાદ કરતાં સમૃદ્ધ સાહિત્યવિભાગ મળતો નથી. આમ આઝાદી પૂર્વે સાહિત્યવિભાગ અને પત્રકારત્વ વચ્ચે જેટલી નિકટતા હતી, તેટલી નિકટતા આજે નથી. ઝવેરચંદ મેઘાણીનો 'કલમ અને કિતાબ' વિભાગ હજી આજે પણ એની રસપ્રદતા અને વાચકપ્રિયતા માટે વારંવાર યાદ કરીએ છીએ.

'સૌરાષ્ટ્ર' જૂથના લેખકોએ કેટલાક નવા લેખવિભાગોનું સર્જન કર્યું. મેઘાણીની સર્જકતાએ અનેક નવાં સ્વરૂપો સિદ્ધ કરી બતાવ્યાં. જયંતિ દલાલ જેવાએ 'રેખા' દ્વારા રાજકીય વિવેચન, ફિલ્મ વિવેચન, વિદેશી પુસ્તકોનો પરિચય, મનોવિજ્ઞાન, અત્યંત ટૂંકી વાર્તા જેવા વિભાગોનો પ્રારંભ કર્યો, જે માર્ગે એ પછી આપણાં દૈનિકો ચાલ્યાં છે. ધીરે ધીરે, ટૂંકી વાર્તા, ધારાવાહી નવલકથા, ખુલ્લા પત્રો, આર્થિક પ્રવાહો અને કાર્ટૂનો પ્રવેશવા લાગ્યા. જ્યોતિસ ધની પૂર્તિ દ્વારા નારીપ્રવૃત્તિને સ્થાન મળ્યું, પરંતુ આઝાદી પૂર્વેના આ મૌલિક સ્વરૂપો ઘડતા અને ઉદ્દામ વિચારસરણીવાળા લેખકો જેટલા 'જન્મભૂમિ' પાસે હતા, તેટલા બીજા કોઇ દૈનિક પાસે નહોતા, 'સૌરાષ્ટ્ર' જૂથના આ લેખકોએ વૈવિધ્યપૂર્ણ લેખવિભાગો, અવનવાં સ્વરૂપો અને ચમકદાર શૈલીથી પત્રકારત્વમાં એક પ્રકારની તાજગી આણી.

ગુજરાતી પત્રકારત્વના પ્રારંભમાં પારસીઓનું પ્રદાન ઘણું મોટું રહ્યું છે, આથી હાસ્યની કલમ જ નહિ, પરંતુ રમૂજી વાચન આપતા હાસ્યપત્રો પ્રગટ થતા. 'ગપસપ', 'ભીમસેન', 'પારસી પંચ', 'રમતા રામ', કાતરિયું ગેપ', 'મોજમજાહ' અને 'બે ઘડી મોજ' જેવા માત્ર રમૂજ આપતાં પત્રો નીકળતાં. પારસીઓની હાસ્યવૃત્તિનો પત્રકારત્વના તમામ અંગોને સ્પર્શ થતાં આગ, ખૂન કે અકસ્માતના સમાચાર પણ રમૂજી રીતે આપવામાં આવતા. 'દેશી મિત્ર' સાપ્તાહિકમાં ૧૮૭૬માં ૨૦મી જુલાઇના અંકમાં એના તંત્રી 'મેઘજી ઇંદ્રજીનું દેવાળું' વિશે સમાચાર આપતા લખે છે:

'મેઘજી ઇંદ્રજીની પેહેડીએ મોટું દેવાળું કાઢયું છે, એવી ધાસ્તી મુંબઇ ઇલાકામાં પથરાઇ ગઇ હતી. પણ શુકર તે રેહેમ કીરતારના, કે ગયા શનીવારથી આખા ગુજરાત અને મુંબઇના ભાગોમાં પોતાના માગનારાઓને એકદમ નાણું ચુકવી આપવા માંડયું છે. તે હજી સુધી મેઘજી ઇંદ્રજીની પહેડી તરફથી મળતું જાય છે, જેથી તમામ લોકોને ધીરજ આવી છે, અને ખુશાલી પેદા થઇ છે. વાંચનારા સાહેબો, સમજ્યા? આ પેહેડી તે કઈ? વરસાદની. ગઇ કાલ સુધીનો અને અગાડીનો વરસાદ

ઉમેરતાં ૧૭ ઇંચ અને ૭૧ ટેકડા વરસાદ પડી ચૂકો છે, ખેતીનું કામ ધમધોકાર ચાલવા માંડયું છે.'

અઠવાડિક 'કૂલછાબ'માં પ્રગટ થતી ગુણવંતરાય આચાર્યની 'હું, બાવો ને મંગળદાસ' કોલમ લોકપ્રિય થતાં જુદા જુદા અખબારોએ એવી હળવી કોલમનું અનુકરણ કર્યું. ગુજરાતી'માં 'બીરબલ'ના ઉપનામથી શ્રી ખરશેદજી બમનજી ફરામરોજની 'ભર કટોરા રંગ' કોલમ અને એમની હળવી કલમ ઘણા જાણીતાં થયાં. 'પ્રજાબંધુ'માં 'મંથન' અને 'ચકવાક' નામે 'મેરૂ' અને 'ચકોર' ઉપનામધારી લેખકોની હળવી કોલમ નોંધપાત્ર છે. આમાં 'ગુજરાત સમાચાર' દૈનિકે પણ સારો એવો ફાળો આપ્યો. આઝાદી પછીના અખબારોમાં પણ હળવી કોલમનું પ્રમાણ વધ્યું છે અને એણે સારી એવી વાચકપ્રિયતા મેળવી છે. આઝાદી પૂર્વેના પત્રકારત્વમાં ભાષાશુદ્ધિનું મોટું કામ નર્મદ અને ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ કર્યું. 'સૌરાષ્ટ્ર' જૂથના લેખકો તો મેઘાણી કહે છે તેમ પત્રકારની શૈલી પર 'સાહિત્યનો 'જરી–કસબ' કરતા.' રાણપુર શૈલી તરીકે ઓળખાયેલી આ શૈલીમાં ક્યાંક શબ્દોની ભભક અને વિચાર કરતાં શબ્દોનો ખડખડાટ વધુ મળે છે તેમ છતાં જરસાદાર ભાષા અને તળપદા શબ્દોના વિનિયોગ માટે આ શૈલી નોંધપાત્ર ગણાય. શ્રી ચુનીલાલ વ. શાહે પણ શૈલી માટે ઘણી ચીવટ દાખવી. ગાંધીજી આવતાં શૈલીની સાદાઈ અને ભાષાશુદ્ધિનું મોટું કામ થયું. ખેદ સાથે એ નોંધવું જોઇએ કે આપણાં દૈનિકો આજે જોઇએ તેટલી ભાષાની ચીવટ રાખતાં નથી.

આઝાદી પછી દૈનિકો પાનાંની દૃષ્ટિએ પુષ્ટ થયાં. આની સાથોસાથ વૈવિધ્યમય લેખ વિભાગો મોકળે હાથે પ્રગટ થવા લાગ્યા. મોટાં દૈનિકોએ અઠવાડિયામાં ત્રીસથી ચાલીસ જેટલા વૈવિધ્યપૂર્ણ વિભાગો આપવા શરૂ કર્યા પ્રજાજીવનની એકે એક પ્રવૃત્તિને જુદા જુદા વિભાગો દ્વારા વ્યાપમાં લેવા પ્રયાસ થયો, પણ વૈવિધ્યમય વિભાગોના આટલા બધા વ્યાપનું કારણ શું? આનું એક કારણ તે ગુજરાતી વાચકનું માનસ છે. આ વાચક અખબારને 'બારકેટ' જેવું માને છે. એમાં સમાચાર, તંત્રીલેખ કે જાહેરખબર તો હોય જ, પરંતુ વિષયોનું વૈવિધ્ય તથા માહિતી અને મનોરંજનને પણ સ્થાન મળ્યું હોય. એને માત્ર વર્તમાન બનાવો વિશેના લેખો જોઇતા નથી, બલ્કે ધાર્મિક, આધ્યાત્મિક યા વૈદક અને જ્યોતિષ જેવા લેખોની પણ એની ઘણી મોટી માંગ છે. બીજી બાજુ કોઇ એક વિષયને અનુલક્ષીને ચાલતાં સામયિકો ઝાઝું જીવતાં નથી, આથી વાચક ઓછામાં ઓછા ખર્ચે છાપાની 'બારકેટ'માંથી જ બધું મેળવવા પ્રયાસ કરે છે.

લેખ વિભાગોને કારણે સમાચાર વાંચવાના કંટાળામાંથી મુક્તિ મળે છે. એક સમયે અખબારોમાં માત્ર સમાચારો જ પ્રગટ થતાં, ત્યારે વિદેશીઓ આપણા અખબારને જોઇને નિરાશા સાથે કહેતાં કે ભારતનાં બધા જ વર્તમાનપત્રો સરખાં લાગે છે, ચહેરા વિનાના માનવી જેવા. જ્યારે લેખવિભાગ દ્વારા આવી એકવિધતા દૂર થાય છે. અખબારનું વ્યક્તિત્વ ઊપસે છે, પરંતુ આજે કેટલાંક અખબારોમાં તો સમાચારની અવેજીમાં લેખવિભાગ કામ કરતાં હોય તેવો વિપર્યાસ જોવા મળે છે. જાહેર ખબર અને ફીચરની વચ્ચે આજે સમાચારો ગભરામણ અનુભવે છે. આઝાદી પછી એવી ધારણા હતી કે રાજકીય પરિસ્થિતિનું આલેખન ઓછું થશે તેને બદલે આપણા અખબારોમાં રાજકારણનું વર્ચસ્વ વધી ગયું છે. બીજી બાજુ વૈચારિક દારિદ્રય તો પ્રગટ થયું, પરંતુ કટોકટીના સમયે કર્તવ્યનિષ્ઠાની પણ કસોટી થઇ. આઝાદીનું ધ્યેય સિદ્ધ થયા પછી અખબારોને કોઇ નવું ધ્યેય સાંપડયું નહિ અને જેમ જેમ વર્ષો વીતતાં જાય છે તેમ તેમ ધ્યેયનિષ્ઠ પત્રકારત્વ પાછું પડતું ગયું અને ધંધાદારી નફા–તોટાનું પત્રકારત્વ આગળ આવવા માંડયું. શ્રી મહાદેવભાઇ દેસાઇએ કરેલી ટકોર આજ આવે છે. તેઓ વર્તમાનપત્રને અનુલક્ષીને કહે છે– 'એ કમાવાનું સાધન માત્ર બને છે, ત્યારે નખ્ખોદ વાળે છે, પરંતુ પોતાનો ખર્ચ કાઢતાં કાઢતાં એ સેવાનું સાધન બને છે ત્યારે એ લોકજીવનનું આવશ્યક અંગ બને છે.'

ભારતને આઝાદી પ્રાપ્ત થઈ તે સમયે સમગ્ર વિશ્વનાં મનોવલણો, ટેકનોલોજી જેવી બાબતોમાં સમૂળી ક્રાંતિ થઈ છે. ૧૯૫૦ના ગાળામાં ગુજરાતી અખબારોનાં જેટલા માલિકો બદલાયા તેટલા ક્યારેય બદલાયા નથી. પરંતુ એ પછી પ્રજાને રીઝવવા અને ઉપયોગી થવા માટે સભાન પ્રયત્નો થવા લાગ્યા. સનસનાટીનો અતિરેક, ઉછીની વાચન સામગ્રી તેમ જ કૃત્રિમ શ્રદ્ધા દર્શાવતા લેખોની ભરમાર ચાલી. સાહિત્યની સમીક્ષા કે વિદેશી ગ્રંથોના પરિચયને બદલે લોકપ્રિય નવલકથાઓએ આસન જમાવ્યું. આમાં ભાગ્યે જ પ્રયોગશીલ કે સાહિત્યિક ગુણવત્તાવાળી નવલકથાઓ દેખા દે છે. પ્રજાની અસ્મિતા કે સાંસ્કૃતિક પરંપરાઓના સંવર્ધનની વાત ગૌણ બની. નૃત્ય, રંગભૂમિ, પુરાતત્ત્વ, પરિભ્રમણ જેવી બાબતોની ઉપેક્ષા થવા લાગી. સાહિત્ય, શિક્ષણ કે સંસ્કૃતિની ઘટનાઓ નાની નોંધરૂપે આવે તોય સદ્‌ભાગ્ય ગણાવા માંડયું. આનું એક કારણ એ છે કે આઝાદી પૂર્વે અખબારનું લક્ષ સુશિક્ષિત અને જાગૃત વર્ગ હતો, આજના અખબારની નજર મધ્યમ વર્ગ અને નીચલા વર્ગની રસ અને રુચિ પર છે. આ વર્ગ ભણેલો છે, સારી રીતે વાંચી શકે છે. પણ એની રુચિ કે સમજશક્તિ જોઇએ તેટલાં કેળવાયાં નથી. બીજી બાજુ એની વાચનભૂખ એટલી બધી છે કે કાચું–પાકું લખાણ હોય યા અનુવાદ હોય તો પણ તેને ચાલે.

વ્યક્તિના દૈનિક જીવનમાં આવતા એકેએક વિષયને અઠવાડિયે ચાલીસ જેટલા ફીચર આપીને વાચકને તરબતર કરવાનો પ્રયાસ થયો. આને કારણે અખબાર ડીપાર્ટમેન્ટલ સ્ટોર જેવું બની ગયું. આઝાદી પૂર્વે જ્યોતિષ કે વૈદક જેવા અસ્પૃશ્ય વિષયો વિશે લખાવા માંડયું. સૂર્યોદય, સૂર્યાસ્ત, પંચાંગ, આપની આજ, અવસાન નોંધ, લગ્ન મંગલ, ચોથા પાનાનાં ફીચર્સ, ગૃહઉદ્યોગ, યોગાસન, 'બ્યુટીફીકેશન' અને લોકસાહિત્ય એમ બધા જ લેખવિભાગો આપવાના શરૂ થયા. આ વિભાગો વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો લખતા હોવાથી આમાં મૌલિકતા મળે છે. આજે દૈનિક જેટલું એની ખબરને કારણે વેચાય છે, એટલું જ એના વૈવિધ્યમય લેખવિભાગને કારણે વેચાય છે. ક્યારેક તો અમુક લોકપ્રિય કોલમ્સને કારણે પણ તે વેચાય છે, આથી લેખકોમાં સારી એવી હરીફાઈ જાગે છે અને મૌલિકતા તેમજ અસરકારકતા માટે લેખક ચીવટ રાખે છે.

આઝાદી પૂર્વે તંત્રીની નીતિની આંગળીએ લેખવિભાગ ચાલતો હતો, હવે તંત્રી પોતાની નીતિ પ્રમાણે લેખ લખાવે તેવું રહ્યું નથી. દરેક લેખક પોતાના અભિપ્રાય મુજબ લખતો હોવાથી વૈચારિક મોકળાશનો

અનુભવ થાય છે, પણ વાચકને કયારેક વૈચારિક મૂંઝવણ થાય છે. એક કૉલમમાં ધર્મકથા કે ધાર્મિક મૂલ્યો દર્શાવતો પ્રસંગ હોય અને એની બાજુમાં બીજી જ કૉલમમાં ધર્મ તે અંધશ્રદ્ધા છે, અને વિજ્ઞાન સાચું છે તેવું પણ મળે. આમ આજના પત્રકારત્વમાં આદર્શ, મૂલ્ય કે રુચિ વિશે કોઇ સાતત્ય જડતું નથી અને તેથી આપણાં વર્તમાનપત્રો કોઇ એક ધ્યેયને વરેલા છે તેમ કહેવું મુશ્કેલ બને છે. દરેક અખબારની નીતિ જુદી હોય એટલું જ નહિ, કિન્તુ એક અખબારના લેખકો વચ્ચે પણ મૂલ્યભેદ કે મતભેદ મળે છે. આ રીતે અખબાર સમાજને દોરે છે એમ આઝાદી પૂર્વે જેટલી હિંમતથી કહી શકાતું તેટલું આજે કહેવાય તેમ નથી. બહોળા ફેલાવો ધરાવતાં વર્તમાનપત્રો પણ સમાજને દોરવણી આપી શકતાં નથી. આઝાદી પૂર્વે સમાજને દોરતા અખબારનો છપાયેલો શબ્દ શ્રદ્ધેય મનાતો આજે યુદ્ધ જેવા અપવાદરૂપ સંજોગોને બાદ કરતાં લોકો અખબારના કહેવા પ્રમાણે ચાલતા નથી.

ગુજરાતી અખબારના વૈવિધ્યમય લેખ વિભાગોને કારણે નવાં નવાં સ્વરૂપોની અજમાયશ અને સારી એવી વૈચારિક સામગ્રી વાચકને મળે છે. આવા વિભાગો પ્રજાને વર્તમાન પ્રવાહોથી સારી પેઠે વાકેફ રાખે છે. કેટલાક ફીચર્સ તો સાહિત્યિક મૂલ્યવત્તા ધરાવવાનું ગજું કાઢી શકે છે. આજના આપણા ઘણા સાહિત્યની ગંગોત્રી દૈનિક પત્રકારત્વ છે. એક જમાનામાં આનો ફેલાવો માંડ દસ હજારનો હતો, આજે જ્યારે દૈનિકનો બે લાખથી વધુ ફેલાવો હોય ત્યારે વિચાર, સ્વરૂપ કે શબ્દોની શુદ્ધતા જાળવવી મુશ્કેલ હોય છે. નાનો રૂમાલ ચોખ્ખો રાખી શકાય, મોટી ચાદરમાં કયાંક ડાઘ લાગે. આજના દૈનિકને કે દૈનિકના લેખકને પ્રજા નેતા તરીકે સ્વીકારતી નથી તેમ છતાં કેટલાંક સામયિકોની ધ્યેયનિષ્ઠ વૈચારિક આગેવાનીમાં વાચક શ્રદ્ધા દાખવે છે. 'ભૂમિપુત્ર,' 'નિરીક્ષક', 'લોક સ્વરાજ', ગ્રામનિર્માણ', 'પ્રબુદ્ધ જીવન', 'સંસ્કૃતિ' જેવાં સામયિકોએ પોતાનું ગંભીર સ્વરૂપ જાળવીને પ્રજાને બૌદ્ધિક દોરવણી આપવાનું કામ કર્યું છે. આવાં સામયિકો આર્થિક પરેશાની ભોગવતા હોય છે. તેમ છતાં એની નિષ્ઠા અને વૈચારિક આગેવાની દૈનિકો માટે આદર્શરૂપ ગણાય.

લખાવટનો વિચાર કરીએ તો આજના લેખકને માટે અભિવ્યક્તિ વધુ સરળ બની છે. અભિવ્યક્તિની સરળતા સાથે કયાંક વૈચારિક છીછરાપણું પણ આવ્યું છે. એક બાજુ અંગ્રેજી શબ્દોથી પ્રચૂર શૈલી અને બીજી બાજુ લોકબોલીના શબ્દોથી પ્રચૂર શૈલી જોવા મળે છે. આઝાદી પૂર્વે અખબાર લોકનેતા હતું, હવે લોકો અખબારને દોરે છે. પહેલાં વાચકની આટલી તમા રાખવામાં આવતી નહોતી. વાચકને ન સમજાય તો લેખક એમ પણ કહી દેતો કે આ સમજવું તમારા ગજા બહારનું છે. આજે વાચકને ન સમજાય તેવું લખાણ લખે તો કૉલમીસ્ટને ઠપકો મળે! પહેલાં છાપની પાસે લોકો આવતા, હવે લોકોની પાસે છાપું જાય છે, આથી જ આજના લેખકને લોકસંપર્કની વધુ જરૂર પડે છે. અને લોકરુચિ સંતર્પક લખવું પડે છે.

આઝાદી પૂર્વે અને પછીના વૈવિધ્યમય વિભાગોની ચર્ચા તો થઇ. હવે એના ભાવિ તરફ નજર કરીએ. લેખવિભાગના વૈવિધ્યને ખૂબ-ખૂબ મર્યાદિત કરી નાખે તેવો ઑફસેટનો યુગ આવી રહ્યો છે અને આવી ગયો પણ છે ઑફ-સેટમાં લેખ કરતાં ચિત્રને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે. ૬૦ ટકા ચિત્ર અને ૪૦ ટકા લખાણ એવું એનું પ્રમાણ છે અને તેમાં લખાણ પણ ચિત્રના સહારે ચાલતું હોય છે! આને પરિણામે અખબારનું જે થોડુંય વૈચારિક કલેવર છે તે ઝાંખું પડે તેવી એક દહેશત આપણી સામે ઊભી જ છે. જે દેશમાં ૪૦ ટકા લોકો જ શિક્ષિત હોય, ત્યાં લોકો અનુક્રમે ગંભીર લખાણ કરતાં હળવા લખાણને પ્રાધાન્ય આપે છે અને હળવા લખાણ કરતાં ચિત્રને પ્રાધાન્ય આપે છે આ સ્થિતિનો આપણા આવતી કાલના લેખકોએ પડકાર ઝીલવાનો રહેશે.

# "સૂર્યોપાસના"

અરુણ જોષી

'ત્રણે લોકમાં, દેહ, મન અને આત્માને ઉર્જાવળ કરનાર કલ્યાણકારી જે સૂર્યતેજ વ્યાપેલું છે તેનું હું ધ્યાન ધરું છું. તે તેજ મારી બુદ્ધિને પ્રેરણા આપે.' આવા ભાવાનુવાદને વ્યક્ત કરતા ગાયત્રીમંત્રની ઉપાસના આપણે ત્યાં છેક ઋગ્વેદકાળ જેટલી પ્રાચીન છે. વિશ્વવિહારી સવિતાદેવ દેવતાઓના ચક્ષુ તરીકે સંમાન્ય બનેલ છે અને ઉપાસ્ય રહેલ છે. સમસ્ત ગ્રહમંડળનો આ મુખ્ય અધિષ્ઠાતા પ્રાણીમાત્રનો આધાર છે તે કારણે 'મિત્ર' તરીકે, પોષણદાતા હોવાથી 'પૂષા' તરીકે, ત્રણે લોકમાં ગતિ કરતો હોવાથી વિષ્ણુ તરીકે ઋગ્વેદમાં વર્ણન થયેલ છે. આ આદિદેવ, પ્રભાકર તેમજ દિવાકર હોવાથી કઠોર તાપ આપે છે પણ જો આ પૃથ્વી ઉપર તેનું તેજ લુપ્ત થઇ જાય તો શું થાય એવી કલ્પના પણ ભયપ્રદ છે. આ દેવના મહત્ત્વને પ્રાચીનયુગના આર્યોએ પ્રમાણ્યું અને લગભગ ઉજનેક સૂક્તોમાં વૈદિકઋષિઓએ તેની સ્તુતિ કરી. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે સિંહરાશિના સ્વામી તરીકે માન્ય થયેલ આ દેવ રામ જેવા મર્યાદાપુરુષોત્તમ રાજાઓના વંશનું પ્રભવસ્થાન પણ મનાય છે.

ગાયત્રીમંત્ર દ્વારા આર્યોએ તેની ઉપાસના કરી. 'સૂર્યશતક'માં મયૂર કવિએ તેના ઓજસ્વી વ્યક્તિત્વની ગાથા શ્રદ્ધાપૂર્વક ગાઇને પોતાના અમંગળનો નાશ કર્યો. ભવભૂતિએ તેના કલ્યાણકારી તેજની સ્તુતિ કરી તો ચારણી કવિઓએ 'ભલે ઉગા ભાણ' એમ કહી સૂર્યના મહત્ત્વને વ્યક્ત કર્યું.

ત્રિનેત્રી, સહસ્રનેત્રી કે સહસ્રરશ્મિ તરીકે વિખ્યાત આ દેવ ભારતવર્ષમાં પૂજાતો રહ્યો છે તેમ ગ્રીસમાં પણ તે આરાધ્ય રહ્યો છે. આપણે ત્યાં તેના રથને સાત અશ્વો જોડેલા હોય છે એમ માનવામાં આવ્યું જ્યારે ગ્રીસમાં તેનો રથ ચાર અશ્વો ખેંચે છે એવી માન્યતા પ્રવર્તી.

સૂર્યની પૂજા માનવજાતિના ઇતિહાસમાં જૂનામાં જૂનું પ્રકરણ છે અને જગતના બધા ધર્મોના મૂળ તરીકે આ સૂર્યપૂજાને ગણવામાં આવી છે. તેની શુદ્ધ ઉપાસના કરવા માટેનો મંત્ર શ્રીકૃષ્ણને અતિપ્રિય એવા ગાયત્રી છંદમાં રચાયેલ છે અને તેથી તે 'ગાયત્રી મંત્ર' તરીકે પ્રખ્યાત થયેલ છે. સૂર્યની આ ગાયત્રીમંત્ર દ્વારા થતી ઉપાસના અનેક પ્રકારની સિદ્ધિઓ લાવી આપનાર છે એમ શ્રદ્ધાળુઓ દૃઢ રીતે માને છે.

આપણા ગુજરાતના અનેક રાજાઓ સૂર્ય અથવા આદિત્યના ઉપાસક રહ્યા છે એમ પ્રાચીન સિક્કાઓ અને તામ્રપત્રો પરથી ફલિત થાય છે. વળી, સૂત્રાપાડા અને મોઢેરાનાં

સૂર્યમંદિરો સૂર્યોપાસનાની વ્યાપકતાનો સ્પષ્ટ પુરાવો રજૂ કરે છે.

પ્રાચીન ગ્રંથોમાં મનુ અને યમના પિતા તરીકે સૂર્યનો ઉલ્લેખ થયો છે વિશ્વકર્માની પુત્રી સંજ્ઞા અથવા રન્ના એટલે કે રાંદલ સૂર્યની પત્ની છે. જેમ સૂર્ય જગતનો પિતા કહેવાય છે તેમ રન્ના જગતની માતા ગણાય છે અને ચૂંદી ચાંદલો અમર રાખવા માટે તથા ખોળાનો ખુંદનાર પ્રાપ્ત કરવા માટે આજે પણ રાંદલમાતાની પ્રાર્થના પ્રચલિત છે. આમ જીવનપ્રેરક અને પોષક સૂર્યની જેટલી અગત્ય છે તેટલી રાંદલમાતાની પણ છે.

સૂર્યની ઉપાસના કરવા માટે આરોગ્યપ્રતિપદ, કપિલા-ષષ્ઠી, રથસપ્તમી જેવાં વ્રતો સમાજમાં જાણીતા છે. સૂર્યનાં દર્શન કર્યા પછી જ જમવાનું વ્રત ઘણું વ્યાપક રીતે આચરવામાં આવતું હતું એ બાબતનો ઉલ્લેખ મહાત્મા ગાંધીની આત્મકથામાં પણ થયેલો છે.

સૂર્યની શક્તિને વૈજ્ઞાનિકોએ પણ વધાવી છે અને આગામી દાયકો સૂર્ય શક્તિ કેટલી સુવિધાઓ આપી શકે તેમ છે તે અંગેનો નિર્દેશક બનનાર છે એ બાબતમાં શંકાને સ્થાન નથી.

પ્રત્યક્ષ દેખાતા આ દેવની ઉપાસના મૂર્તમાંથી અમૂર્ત પ્રત્યે ગતિ કરે અને આ દેવને પણ તેજ આપનાર પરમદેવની ઝાંખી કરવા માટે આપણે અંતરાત્મામાં પ્રવેશ પામતા થઈએ તો જ આપણે સાચી ઉપાસના કરી કહેવાય.

---

(પાના ૧૨૦ પરથી ચાલુ)

વ્યાકરણની સાથે શાસ્ત્રોનો સઘન અભ્યાસ કરાવી રહ્યા છે. આમ છતાં કેટલાય એવા સાધુ ભગવંતો છે, જેમના ચહેરા પર જ્ઞાનનું તેજ દેખાતું નથી. એમના ગુરુ ભગવંતોએ એ બાબતમાં વિશેષ લક્ષ આપી, છાપાં-ચોપાનિયાંઓનાં પ્રકીર્ણ વાચનમાંથી એમને મુક્ત કરીને શાસ્ત્રીય ગ્રંથોનાં અધ્યયન તરફ દોરી જવાની જરૂર છે. જ્યાં જ્યાં ઉપાશ્રયોમાં સાધુ ભગવંતો બિરાજમાન હોય ત્યાં રોજ થોડોક સમય તો અવશ્ય શાસ્ત્રાધ્યયનમાં પસાર થવો જ જોઈએ.' વંદન-દર્શનના કલાકોને પરિમિત કરીને સમાજે પોતે શ્રમણ સમુદાયને આ સુવિધા કરી આપવી જોઈએ એમ એમણે ઉમેર્યું હતું.

### દાનના પ્રવાહને વાળવાની જરૂર

'પ્રતિ વર્ષ જૈનો દાનમાં જે રકમ ખર્ચે છે એના પ્રમાણમાં વિદ્વાન તેજ પ્રગટ થતું નથી' એમ જણાવી દાનની રકમના વ્યવસ્થિત વપરાશ માટે એમણે કહ્યું : 'જૈન સંઘો ચાતુર્માસ પ્રવેશ, વિહાર, વ્યાખ્યાન પ્રતિષ્ઠાદિ નિમિત્તે પ્રતિ વર્ષ છાપાંની જાહેર ખબરો દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરે છે, તેને જો વ્યવસ્થિત રૂપ આપવામાં આવે તો એટલી જ પ્રસિદ્ધિ સાથે ઘણો ખર્ચ બચાવી શકાય.' આ અંગે એમણે વિશેષમાં ઉમેર્યું : 'એક વર્ષ જો શ્રમણ સમુદાય લોકેષણાથી વિમુખ બની આ બધી જ જાહેર ખબરો સદંતર બંધ કરાવે તો આટલા નાણાંમાંથી કોઈ પણ સ્થળે એક સારું જ્ઞાન મંદિર કે એક નાનું રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ સ્થાપી શકાય.'

### સમયની માંગના સંદર્ભમાં સૂચનો

વર્તમાન સમયની આવશ્યકતાને લક્ષમાં રાખીને એમણે કહ્યું : 'વિદ્યાવ્યાસ કે વ્યવસાયના કારણે જૈનો વિશ્વના દરેક દેશોમાં વસેલાં છે. ત્યાં વસેલાં કેટલાય મા-બાપોને પોતાના સંતાનોને જૈનત્વના સંસ્કાર કેવી રીતે આપવા અને પોષવા એની ચિંતા છે. ભારતીય ભાષાઓથી અજાણ, કેવળ અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન કે જપાની ભાષા જાણનાર જૈન બાળકો માટે જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની ભૂમિકા પૂરી પાડવા સરળ અને લોકોપયોગી સામગ્રી મોટા પાયા પર તૈયાર કરવાની ઘણી જરૂર છે.' વિદેશમાં વસતા વડીલો અને એમનાં સંતાનો પોતાની જિજ્ઞાસા તુરત સંતોષી શકે એ માટે જૈન તીર્થો, જ્ઞાન ભંડારો, કલાકૃતિઓ, સાધુ સાધ્વીઓની દિનચર્યા વગેરેની પ્રમાણભૂત વીડિયો કેસેટ વ્યાવસાયિક ધોરણે તૈયાર થવી જોઈએ એવું એમણે સૂચન કર્યું હતું. વીડિયો કેસેટની જેમ તીર્થો વગેરેની રંગીન સ્લાઈડ્ઝ પણ વ્યાવસાયિક ધોરણે તૈયાર કરવાનો પણ એમણે અનુરોધ કર્યો હતો.

### જૈન સાહિત્યમાં કચ્છ

જૈન સાહિત્યમાં કચ્છના આવતા ઉલ્લેખોનો હવાલો આપીને એમણે કહ્યું : '૪૦૦ વર્ષ પહેલાં લખાયેલી કૃતિઓમાં કચ્છના હાલના રણપ્રદેશનું વર્ણન આવે છે. સાધુઓના વિહારનો એ માર્ગ હતો અને આ આખોય પ્રદેશ રળિયામણો અને હરિયાળો હતો. કચ્છનું રણ છેલ્લા ત્રણ-ચાર સૈકાની ઘટના હોવાનું જણાવી ભૌગોલિક પરિસ્થિતિમાં આવેલા પરિવર્તનનું એ સંભવતઃ કારણ હોવાનું એમણે જણાવ્યું હતું.

સ્વાગત મંત્રી શ્રી નાનાલાલ વસાએ પ્રાસંગિક વક્તવ્ય કર્યું હતું. આ પ્રસંગે સમારોહના ઉદ્ઘાટક શ્રી લખમશી ઘેલાભાઈ શાહ તરફથી આધ્યાત્મિક, સાંસ્કૃતિક તેમજ સામાજિક કાર્યો માટે રૂપિયા એક લાખના ટ્રસ્ટની રચના કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જેને સહુએ સહર્ષ વધાવી લીધી હતી. ત્યાર બાદ ઉદ્ઘાટન બેઠક પૂરી થઈ હતી.

(ક્રમશઃ)

## સૌરાષ્ટ્ર રેલ રાહત નિધિ

૪૮૦૭૧ તા. ૧૬-૮-૮૩ના અંકમાં પ્રગટ થઈ ગયેલા નામો.
૫૦૦૦ બાંદ્રા રપીરીટ ડેપો.
૫૦૦ શ્રીમતી લતાબેન મહપતરાય શાહ
૫૦૧ શ્રી આશકરણ પી. દલાલ
૨૫૧ શ્રી લક્ષ્મીચંદ કેશવજી શાહ
૨૫૧ મી. યુનિક એન્ટરપ્રાઇઝ
૨૫૧ મી. એચ. એમ. એન્ટરપ્રાઈઝ
૨૫૧ શ્રી. હીંમતલાલ ચીમનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ
હા. શ્રીમતી ઉષાબેન હીંમતલાલ મહેતા
૨૫૧ શ્રી. હીંમતલાલ ચીમનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ
હા. શ્રીમતી વનિતા ચીમનલાલ મહેતા
૧૫૧ શ્રી. રસિકલાલ નરોત્તમદાસ
૧૫૧ શ્રી સતીશ શાહ
૧૦૦ શ્રી યશવંત દોશી
૧૦૧ શ્રીમતી કેસરબેન
૧૦૧ શ્રીમતી અશ્રુમતીબેન શાહ
૨૫ શ્રીમતી વસંતબેન દોશી
૨૫ શ્રીમતી ચન્દ્રલેખાબેન દોશી
૨૫ શ્રીમતી ચિત્રાબેન મહેતા
૨૫ શ્રી અભિનવ દોશી

---

# ગાંધીજી: એક શબ્દ ચિત્ર

-જયેન્દ્ર ત્રિવેદી

Has God a sense of Humour ? Perhaps, he has, for how else can one explain His choice of a frail, unheroic, uncouth old man who neither spoke of a New Deal nor thundered about blood, sweat, toil and tears; who neither sermonized on the superiority of the blond race nor sent his opponents to the firing squad; who was neither versed in the arts of love nor an adept in the arts of war; who neither appeared in a saville Row suit, nor aped an Oxford accent, to humble one of the most powerful and resourceful empires mankind has ever seen.

શ્રી એસ. આર. બક્ષીના પુસ્તક 'ગાંધી એન્ડ સોલ્ટ સત્યાગ્રહ'ના પાનાં ફેરવું એ પહેલાં તો એના આવરણ પર છપાયેલા આ અનુચ્છેદ પાસે અટકી ગયો. વાંચું, ફરી ફરી વાંચું અને મુગ્ધ થતો જાઉં, લુબ્ધ થતો જાઉં વાણીના કુશળ પ્રયોજન પર ફિદા થતો જાઉં. થોડામાં ઘણું કહેવું હંમેશાં કઠણ હોય છે. મુઠ્ઠી હાડકાંના, આકાશ જેવો આત્મા ધરાવતા મહાત્મા ગાંધીની વિશેષતાઓ–અથવા વિશેષતાઓના અભાવને–મુઠ્ઠીભર શબ્દોમાં પકડવાનો કેવો સમર્થ પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે તે જોયા કરવાનો આનંદ મેં માણ્યા જ કર્યો.

યાદ આવ્યું–'રાષ્ટ્ર વીણા' માસિક માટે ગાંધી જન્મ-શતાબ્દી અંક પ્રસંગે આપણાં મૂર્ધન્ય વિવેચક આચાર્યશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ ગાંધીજી પરનો એક લેખ ગુજરાતીમાં મોકલેલો. તેનું હિન્દી કરવા હું બેઠેલો. અને કલાકોના કલાકો સુધી મેં જે પરસેવો પાડેલો તેનો આનંદ આજે પણ હું ભૂલી શકતો નથી. ભાષામાં વર્ણવાયેલ, કહેવાયેલ, વણાયેલ, ગુંથાયેલ કોઈ ભાવ, વિચાર કે લાગણીને જરા પણ ઊઝડયા વગર, એના શબ્દશરીરને ગુલાબની પાંદડી જેવી અંગુલિઓથી જ સ્પર્શ ન લાગે એવી નજાકતાથી સ્પર્શીને, હળવે હાથે ભાષા–વસ્ત્રપરિવર્તન કરાવવાનું કપરું કર્મ કર્યાનો એ આનંદ ચિત્તને આજે પણ સંતોષ આપે છે. દરેક ભાષાનો પોતાનો કંઈક આગવો જ 'વિશેષ' હોય છે. એ જિનિયસને સુરક્ષીને જ અનુવાદ, ભાવાંતર કે રૂપાંતર થઈ શકે. આપણે ભાષાંતર કરવાનું છે, ભાવાંતર નહીં અને એ કેટલું અઘરું કાર્ય છે તેની ખરેખરી પ્રતીતિ તે દિવસે, હજારો પાનાંઓનાં અનુવાદ–કાર્ય પછી, થઈ. ગાંધીજી વિષેનું પૂ. વિષ્ણુભાઈનું એ લખાણ એ પછી મારા માટે અવિસ્મરણીય રહ્યું છે. એવી જ સ્મરણીય એક કવિતા પણ રહી છે. રાષ્ટ્ર-ભાષા પ્રચાર આંદોલન ઊગીને મધ્યાહ્ને પહોંચ્યું એ દિવસોની વાત છે. પાઠય પુસ્તકમાં રામેશ્વર દયાલ દુબેની ગાંધીજી પરની એક કવિતા હતી. લાખો લોકો આ કવિતા દ્વારા ગાંધીજીનો પરિચય પામ્યા હશે. મને બરાબર યાદ છે, આ કવિતાની એક એક કડી સમજાવતાં મને એક એક પિરિયડ ઓછો પડતો. કેવો ઉત્સાહપ્રદ, આશાપૂર્ણ અને ચેતનથી થનગનતો એ આઝાદી પછીનો પહેલો દાયકો હતો! કવિતા સાવ સાદી હતી પણ શબ્દના મંત્રરૂપને અમે એ દ્વારા અનુભવેલું.

'તૂ જન્મજાત તો વૈશ્ય હુઆ,
બ્રાહ્મણ ક્ષત્રિય તૂ કર્મો સે,
આદર્શ શુદ્ર તૂ હૈ બાપૂ,
અપને માનસ કે મર્મો સે !'
'ઇસ યુગ કા તુઝ કો બુદ્ધ કહૂં ?
યા તુકારામ–સા સન્ત કહું ?
યા કહું વતી તૂ દૃઢ પ્રતાપ,
અથવા તુલસી–સા ભકત કહું ?'

આવી જ કંઈ લાગણી ગાંધીજી વિષેના આ પરિચ્છેદે જન્માવી. પરિચ્છેદ શબ્દનો ઉપયોગ તો હું લંબાણને કારણે કરું છું. નહીં તો આ એક વાકય જ છે. પહેલી પંક્તિથી શરૂ થયેલ વાકયનો અંત છેલ્લી પંક્તિથી આવે છે. વચ્ચે તો નીધર–નોર–ના પ્રયોગો જ આવે છે. નેતિ નેતિની સમજાવટ-વાળી પ્રયુકિત અહીં પણ વાપરવામાં આવી છે. ૧૯૩૨ના વર્ષની આર્થિક મંદી વખતે વાપરેલા ન્યુ'ડીલ' શબ્દ દ્વારા રૂઝવેલ્ટને, બીજા વિશ્વયુદ્ધ વખતે બ્રિટિશ પ્રજા પાસે રકત, પ્રસ્વેદ અને અશ્રુઓનું આહવાન કરનાર ચર્ચિલને; પોતાને ઉચ્ચ આર્ય જાતિના જર્મન લોહીના વંશજ ગણાવતા હિટલરને; કે તેની જ જેમ ક્રુરતાથી વિરોધીને કૂંકી મારનારા મુસોલિની કે સ્ટેલિનને; માનવ જાતને પ્રેમ કરનારા યુદ્ધ-મહાવીરને; યુદ્ધ-ભૂમિ ગજવતા ચંગીઝખાન, સિકંદર, નેપોલેયનને; ઉત્તમોત્તમ વસ્ત્ર–પરિધાનને માણતા અને ઓકસફર્ડીય ઉચ્ચારણોથી બ્રિટનની બરાબરી કરતા ભાષા વૈભવી ઝીણાસાહેબ કે પં. જવાહરલાલ નહેરુની નાતના ભારતીય નેતાઓને, લેખકે નામ આપ્યા વિના જ યાદ કરી લીધા છે. નેતાગીરીના આ ઐરખાંઓની તુલનામાં ગાંધી બિચારો સૂકા-લકડી, સાવ સામાન્ય દેખાવનો, અરે જરા બેડોળ અને ગામડિયો પણ લાગે તેવો હતો. ઇશ્વર પણ ભારે મજાકિયો છે! જગતના એક સમયના સર્વાધિક શકિતશાળી અને બધી રીતે સમૃદ્ધ એવા સામ્રાજ્યને નમાવવા માટે તેણે કેવી વ્યકિતની પસંદગી કરી છે!

ઇશ્વર મજાકિયો છે કે માણસની સુષુપ્ત શકિતઓનો મહિમા કરનારો છે! માણસ ધારે તો શું કરી શકે એનો ઇતિહાસમાં એક અદ્‌ભુત નમૂનો ગાંધીજીએ પૂરો પાડયો છે. જીવનની ક્ષણેક્ષણ આત્મ-સંશોધન અને આત્મવિકાસ પાછળ ગાળનાર એક સાધારણ આદમી અસાધારણતાના ઊંચામાં ઊંચા શિખરો સર કરી શકે છે એનું સર્વોત્તમ ઉદાહરણ ગાંધીજીએ પૂરું પાડયું છે. માનવજાતને કેટલો મોટો આત્મ-વિશ્વાસ ગાંધીજીએ પૂરો પાડયો છે!

કથ્ય અને શૈલીની દોસ્તી ગાંધીજીને કેવી મનોરમ અને નવીન પદ્ધતિએ રજૂ કરી જાય છે! વાચક શું આસ્વાદે છે–ગાંધીજીનું વ્યકિતત્વ કે વાણીની છટા? બન્ને.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd No. MH. By/South 84
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, તા. ૧-૧૧-૮૩ મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## વિશ્વસંમેલનો

રમણલાલ ચી. શાહ

બે અજાણ્યા માણસો અકસ્માત્ને મળે અને પ્રેમથી વિચારવિનિમય કરે એ અનુભવ અનોખો છે. જુદા જુદા સમાજના, પ્રદેશના, વ્યવસાયના, જાતિના ઘણા માણસો એકત્રિત થઇ મહત્ત્વના કોઇ વિષયની વિચારણા કરે તો તેના નવનીત રૂપે કેટલીક ઉત્તમ, ડહાપણભરી વાતો જાણવા મળે છે. આવી સભાઓમાં ઘણાંની બુધ્ધિ, દૃષ્ટિ, ડહાપણ, અનુભવ ઇત્યાદિ દ્વારા કેટલાક મતભેદોનું સુયોગ્ય, સંતોષકારક નિરાકરણ થાય છે. નવા નિર્ણયો થાય છે અને એથી નવી સંગઠનશક્તિ જન્મે છે, જે સારાં પરિણામો આણી જીવનને ઉચ્ચતર ભૂમિકા ઉપર મૂકી આપે છે. સંગોષ્ઠીઓ, સભાઓ, સંમેલનો, સંગીતિઓ, પરિષદો, ઇત્યાદિનું મહત્ત્વ મનુષ્યજાતને સમજાયું છે અને એનું આયોજન પ્રાગ્ઐતિહાસિક કાળથી થતું આવ્યું છે. વાદે વાદે જાયતે તત્ત્વબોધ: નું સૂત્ર આવી સભાઓએ આપ્યું છે. ધર્મ, ભાષા, સાહિત્ય, ઇતિહાસ, કેળવણી, રાજકારણ, વેપારઉદ્યોગ, રમતગમત, સંરક્ષણ ઇત્યાદિથી શરૂ કરીને વર્તમાન સમયમાં અણુશક્તિ, પેટ્રોલ, વિમાનવ્યવહાર, અવકાશી સંશોધનો, શસ્ત્રદોટ ઇત્યાદિ સુધીના અનેક વિષયો માટે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક સંમેલનો દુનિયામાં યોજવા લાગ્યાં છે.

એશિયાડ-૮૨ ના આયોજન પછી દિલ્હીમાં જે કેટલીક આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ પ્રાપ્ત થઇ છે એને પરિણામે દિલ્હીમાં હવે જુદા જુદા વિષયનાં આંતરરાષ્ટ્રીય સંમેલનો વારંવાર યોજવા લાગ્યાં છે. દુનિયાભરના તે તે વિષયના નિષ્ણાત પ્રતિનિધિઓ આવાં સંમેલનોમાં ભાગ લે છે. એને પરિણામે કોઇ પણ વિષયની ચર્ચાને જગતના મેધાવી મહાપુરુષોના મૌલિક ચિંતનનો વિશિષ્ટ લાભ મળે છે. આવાં સંમેલનોનો પ્રભાવ એમાં હાજર રહેનારા વિભિન્ન દેશોના પ્રતિનિધિઓ ઉપર ઘણો મોટો પડે છે, અને પરસ્પર સક્રિય સુમેળ સાધવામાં એ ઉપયોગી નીવડે છે. એક સાથે ઘણી બધી તેજસ્વી વ્યક્તિઓના સમુદાયનું દર્શન પણ નવી ચેતના જગાડી જાય છે.

દુનિયાના વિવિધ દેશ, જાતિ, ભાષા, ધર્મ વગેરેનું પ્રતિનિધિત્વ ધરાવનાર વ્યક્તિઓ આવાં સંમેલનો નિમિત્તે એકબીજાને મળે છે; સાંસ્કારિક આદાનપ્રદાન થાય છે. એથી દેશ-દેશ વચ્ચેની કે ભાષા, જાતિ કે ધર્મ માટેની સંકુચિત, મિથ્યાભિમાની પૂર્વગ્રહભરેલી ગ્રંથિઓ ભેદાય છે અને એકબીજાની વધુ નિકટ આવવાની, એકબીજાને સારી રીતે ઓળખવાની સુંદર તક સાંપડે છે. સંમેલનના વિષયને તો ન્યાય સાંપડે છે, પરંતુ સાથે સાથે ઇતર પ્રશ્નોના કે પૂર્વગ્રહોના અનૌપચારિક નિરાકરણ માટે જે તક સાંપડે છે તે પણ આવાં વિશ્વસંમેલનોની એક ઉત્તમ ફળશ્રુતિ છે.

જેટ વિમાનોની ઝડપી અવરજવરોને કારણે ઘડીકમાં પોતાના દેશમાંથી દૂરના કોઇ દેશમાં પહોંચી જઇ શકાય છે અને ચર્ચાઓમાં ભાગ લઇ તરત પાછા વળી શકાય છે. બે-ચાર કે આઠ-દસ દિવસનાં આવાં સંમેલનોનું આયોજન પહેલાં જેટલું કઠીન હવે રહ્યું નથી. દુનિયા હવે સાંકડી બનતી જાય છે અને આવાં સંમેલનો વિશ્વબંધુત્વની ભાવનાને પ્રસારવામાં ઘણાં ઉપયોગી નીવડે છે. ઝડપી વાહનવ્યવહારને કારણે માણસને બહુ સમય ગુમાવવો પડતો નથી. એથી રાજદ્વારી, સામાજિક, શૈક્ષણિક, વ્યાવસાયિક ઇત્યાદિ ક્ષેત્રના ઉચ્ચતમ સ્તરના મહાપુરુષો પણ એટલો સમય ફાજલ પાડીને આવાં સંમેલનોમાં ઉપસ્થિત રહે છે. ક્યારેક તો એમની થોડા કલાકની હાજરી પણ ઉપયોગી થઇ પડે છે. એથી આવાં સંમેલનોનું ગૌરવ વધે છે. અને એવા મહાપુરુષોનો પ્રભાવ નવું બળ અને પ્રેરણા આપે છે. પ્રસાર માધ્યમો દ્વારા એમની વાત આખી દુનિયામાં પહોંચી જાય છે.

એક જાપાની કહેવત છે કે સો પત્ર કરતાં ક્યારેક એક મુલાકાત વધુ ઉપયોગી નીવડે છે. તેવી રીતે સો પરિપત્ર કરતાં સભાની એક બેઠક દ્વારા વધુ સંગીન કાર્ય થઇ શકે છે. માણસ એકબીજાને પરસ્પર મળે તો ઘણી વાતોના રૂબરૂ ખુલાસા ઝડપથી થઇ શકે છે. ઘણાં પ્રશ્નોના ઉત્તર તરત સાંપડી રહે છે. સંમેલનોમાં ઘણી બધી વ્યક્તિઓ હાજર રહેવાથી એકજ વિષયની વિવિધ દૃષ્ટિકોણથી વિગતે છણાવટ થાય છે અને બધાંની બુધ્ધિ તથા દૃષ્ટિનો લાભ મળે છે. આવાં સંમેલનોમાં કોઇક વખત ઉત્તમ મૌલિક વિચારો કદાચ પ્રાપ્ત ન થયા હોય તો પણ ખોટા, ભ્રમિત કે દુષ્ટ વિચારોનું બધાંની હાજરીમાં ખંડન થઈ જાય છે એ પણ ઓછો લાભ નથી.

વિશ્વસંમેલનો ઓછાં ખર્ચાળ નથી હોતાં! એનું આયોજન પણ ક્યારેક સંતોષકારક નથી હોતું. દસ હજાર માઇલનો પ્રવાસ કરીને પહોંચેલા પ્રતિનિધિને સભામાં બોલવા માટે ક્યારેક દસ મિનિટ પણ મળતી નથી. પ્રતિનિધિઓની મોટી સંખ્યા અને સમયની ખેંચને કારણે વ્યક્તિ દીઠ ઓછો સમય ફાળવવામાં આવે છે. વિશ્વ સંમેલનોમાં આ પરિસ્થિતિ રહેવાની, કારણ કે સમયનો વિસ્તાર એટલે

ખર્ચનો વિસ્તાર. યજમાન સંસ્થા કે દેશને પરવડે એટલું જ આયોજન આવાં સંમેલનોનું થાય છે.

વિશ્વ-સંમેલનોમાં પછાત દેશોનું પ્રતિનિધિત્વ પ્રમાણમાં ઓછું રહેતું હોય છે. એક પ્રતિનિધિને મોકલવો એટલે હજારો રૂપિયાનું ખર્ચ અને તે પણ વિદેશી મુદ્રામાં. વિવિધ વિષયોનાં વિવિધ સંમેલનોમાં દરેક વખતે પોતાના પ્રતિનિધિને મોકલવાનું પછાત દેશોને પરવડે નહિ. શિક્ષણ, સાહિત્ય, ધર્મ, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, કાયદો ઇત્યાદિની વિવિધ શાખાઓની વિશ્વપરિષદોમાં ભાગ લેવા માટે યુરોપ-અમેરિકાના જેટલા પ્રતિનિધિઓ પોતાના, સંસ્થાના કે સરકારના ખર્ચે ઉપસ્થિત હોય છે તેટલા એશિયા કે આફ્રિકાના હોતા નથી. (છેલ્લા બે દાયકામાં જાપાન, કોરિયા અને સિંગાપુરના પ્રતિનિધિઓની સંખ્યા વધવા લાગી છે.) વિમાનપ્રવાસ અને મોંઘી હોટેલોમાં ઉતારો એ બધાનું ખર્ચ બધાંને પોષાય તેવું નથી હોતું. પરિણામે કેટલીકવાર વિશ્વસંમેલનોમાં યોગ્ય વ્યકિત કરતાં શ્રીમંત વ્યકિતઓ પ્રતિનિધિ તરીકે ઘૂસી જતી હોય છે. પૈસા ખર્ચી શકે એ પ્રતિનિધિ એવી વ્યાખ્યા પ્રતિનિધિની બની જાય છે. મોટા બિલ્લા લટકાવી, હાથમાં પોર્ટફોલીઓ લઈ ફોટા પડાવવા સિવાય અને આસપાસના પ્રદેશમાં સાઇટ-સીઇંગ કે શોપિંગ સિવાય સંમેલનોમાં એમને વિશેષ રસ હોતો નથી. ભારતમાં સાહિત્યિક કે સામાજિક વિષયોનાં સંમેલનોમાં જેમ પ્રતિનિધિ તરીકે જાત્રાળુઓ ઘૂસી જઈ, ઉતારે સામાન મૂકી આસપાસનાં સ્થળોની જાત્રા કરવા ભાગી જતા હોય છે અને સભાઓ કરતાં ભોજન સમારંભોમાં એમની હાજરી નિયમિત હોય છે, તેવી રીતે વિશ્વસંમેલનોમાં પણ કોઇક ઉદ્યોગપતિઓ, વેપારીઓ, કંપનીઓના ડાયરેકટરો, બેંકો કે વીમા કંપનીના મોટા ઓફિસરો, સાહિત્યિક, સામાજિક, આર્થિક કે શૈક્ષણિક સંમેલનોના પ્રતિનિધિ તરીકે લાગવગથી ઘૂસી જઈ બેઠકો કરતાં મહેફિલોમાં, પાર્ટીઓમાં અચૂક હાજરી આપતા હોય છે. સંમેલનના વિષય કરતાં પોતાના વ્યાવસાયિક સંબંધોના વિકાસ માટે તેમનો પુરુષાર્થ પ્રબળ હોય છે.

દરેક સંમેલન સફળ જ થાય છે એમ ન કહી શકાય. બે-ચાર બોટા માણસોના દુષ્ટ આશયને કારણે આવાં સંમેલનો ઊલટાના નવા પ્રશ્નો જગાડે છે. પરસ્પર વૈમનસ્ય અને કડવાશ વધારે છે; પ્રગતિને બદલે પીછેહઠ કરાવે છે. સમર્થ સૂત્રધારના અભાવે આવાં સંમેલનો નિષ્ફળ જાય છે. કેટલાંક સંમેલનોમાં પ્રકીર્ણ વાતોના વિવાદમાં કે શાબ્દિક મારામારીમાં એટલો બધો સમય વેડફાઇ જાય છે કે સક્રિય કાર્ય કરવાનું બાજુ પર રહી જાય છે. Sometimes they waste hours to save the accuracy of the minutes.

વિશ્વસંમેલનનું નામ જેટલું મોટું હોય છે તેટલું એનું આયોજન કયારેક મોટું હોતું નથી. કેટલાક સમય પહેલાં દક્ષિણ ભારતમાં એક વિશ્વસંમેલન યોજાયું હતું, પરંતુ તેમાં ભાગ લેનાર વકતાઓ અને શ્રોતાઓ મુખ્યત્વે એ નગરના જ હતા. સમગ્ર ભારતમાંથી આવેલા પ્રતિનિધિઓની સંખ્યા પણ નહિ જેવી જ હતી અને વિદેશોમાંથી માત્ર પાંચેક પ્રતિનિધિઓ આવ્યા હતા. એક સ્થાનિક મોટી વ્યકિતને વિશ્વસંમેલનનું પ્રમુખસ્થાન મળે એટલા માત્ર આશયથી એમને જે સંમેલનનું આયોજન થયું હતું, અને એને વિશ્વસંમેલનનું નામ અપાયું હતું. અખબારોમાં એની મોટી મોટી જાહેરખબરો છપાઇ હતી.

વિશ્વસંમેલનનું આયોજન ઓછામાં ઓછું બાર મહિના પહેલાં થવું જોઇએ, જો એમાં વિશ્વના ઘણા દેશોનું સાચું પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરવું હોય તો. પરંતુ કેટલીકવાર મહિના-બે મહિનાના સમયમાં જ એનું ઉતાવળિયું આયોજન કરી નંખાય છે. નિમંત્રણ મેળવનાર પ્રતિનિધિને પાસપોર્ટ- વીસા અને વિદેશી ચલણની તૈયારી કરવા જેટલો પણ સમય રહેતો નથી. કયારેક ખુદ આયોજકો જ મર્યાદિત બજેટને કારણે એમ ઇચ્છતા હોય છે કે વધુ પ્રતિનિધિઓ ન આવે તો સારું. એટલા માટે નિમંત્રણો પણ એવી રીતે મોડાં રવાનાં થાય છે કે જેથી ઘણા બધા પ્રતિનિધિઓ દોડી ન આવે. પરંતુ આવાં સંમેલનો સરવાળે પ્રભાવહીત હોય છે અને અપયશને પાત્ર બને છે.

લગભગ એક સૈકા કરતાં વધુ સમયથી આંતરરાષ્ટ્રીય પરિષદો કે વિશ્વસંમેલનો વિભિન્ન સંસ્થાઓ દ્વારા યોજાય છે. ઉત્તરોત્તર એવાં સંમેલનોની સંખ્યા વધતી જાય છે. કેટલીક સંનિષ્ઠ સંસ્થાઓ દ્વારા સુયોજિત સંમેલનોની દીર્ઘ પરંપરા ચાલી આવે છે. ઉદાહરણ તરીકે થિયોસોફિકલ સોસાયટી તરફથી પ્રતિવર્ષ યોજાતું આંતરરાષ્ટ્રીય સંમેલન સોની સંખ્યા વટાવી ચુકયું છે. આવી સુપ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા યોજાતાં સંમેલનો શતાયુથી અધિક આયુષ્ય ભોગવે છે, તો બીજી બાજુ અધકચરાં વિશ્વસંમેલનો અલ્પાયુ નીવડે છે. કયારેક તો પહેલું અપૂર્ણ વિશ્વસંમેલન જ એક અને અદ્વિતીય બની રહે છે.

જે વિશ્વસંમેલનોની સુદીર્ઘ, સુપ્રતિષ્ઠિત પરંપરા હોય, જેમાં ભાગ લેવા માટે નિમંત્રણ મળે એ મોટા ગૌરવનો વિષય હોય, જેની લાંબા સમયથી લોકો અને પ્રતિનિધિઓ ઉત્સુકતાપૂર્વક રાહ જોતા હોય અને એ માટે સરસ પૂર્વતૈયારી કરતા હોય, જેનું આયોજન ઝીણવટભર્યું અને સુવ્યવસ્થિત હોય, જેના વિશે કશો વિવાદ કે અપવાદ ન હોય, જેમાં ભાગ લેવો એ કશુંક પામ્યાનો અનેરો આનંદાનુભવ હોય, જેની પૂર્ણાહુતિ અત્યંત સંતોષકારક હોય અને જેનાં સંસ્મરણો વારંવાર વાગોળ્યા કરવાનું મન થાય એવાં હોય. એવાં સંમેલનો દ્વારા માનવજાતના અભ્યુદય માટે સમયે સમયે નવાં પરિમાણો સ્થપાતાં રહે છે.

વિજ્ઞાનની પ્રગતિ અને ઝડપી વ્યવહારને કારણે બદલાતા જતા જીવનપ્રવાહમાં નવા નવા પ્રશ્નો ઉદ્ભવતા રહેશે. એના નિરાકરણ માટે, એકબીજાને સમજવા માટે, સંવાદ અને શાંતિની સ્થાપના માટે, માનવજીવનના ઉત્થાન અને કલ્યાણ માટે હવે વિવિધ પ્રકારનાં વિશ્વસંમેલનોની આવશ્યકતા રહ્યા કરશે.

# પત્રકારત્વ વિષે પરિસંવાદ

✍ સંકલન : ગુલાબ દેઢિયા

શનિવારની દ્વિતીય બેઠકના પ્રમુખ ખ્યાતનામ સર્જક અને ગુજરાત મિત્રના તંત્રી શ્રી ભગવતીકુમાર શર્માએ 'પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ-સાંસ્કૃતિક-સાહિત્યિક પરિવર્તનના સંદર્ભમાં'-વિશે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, સાચા સમાચાર વસ્તુલક્ષી દૃષ્ટિએ આપવા એ વર્તમાનપત્રોનું પ્રથમ અને મુખ્ય કર્તવ્ય છે. કેવળ લોકપ્રિયતા અને લોકરુચિનું સમારાધન એ જ અખબારનું કર્તવ્ય નથી. એણે લોકરુચિના ઘડવૈયા પણ બનવાનું છે.

ક્ષમતા, પ્રમાણ, કદ, સંખ્યા વગેરે દૃષ્ટિએ ગુજરાતી-ભાષી પ્રજાની સાહિત્ય-કલા-સંસ્કાર, પ્રવૃત્તિઓમાં ભરતી આવી છે. આ પ્રવૃત્તિઓ વેરવિખેર છે તેથી પ્રજાના માનસ પર વિશદ છાપ નથી પડી.

આજે પ્રજાનો વાચન શોખ વધ્યો છે, ખરીદશક્તિ વધી છે, ત્યારે ગંભીરભાવે, લોકહિતલક્ષી, રુચિસંવર્ધક, વિચારપ્રેરક, ઊંડાણયુક્ત, સાહિત્યરંગી, સંસ્કારધર્મી, બૃહદ્ પરિમાણી પત્રકારત્વ ખિલવવાનો અવસર આપણે ચૂકી રહ્યા છીએ, ખરેખર ચૂકવા જેવો નથી. પ્રજાની વિચારશક્તિ પર જ્યારે આજે ચારે બાજુથી આક્રમણો થઇ રહ્યાં છે ત્યારે આપણાં અખબારો વરાહ બનીને આપણાં સંસ્કારવિશ્વનો ઉદ્ધાર કરશે કે તેની અવનતિમાં સહભાગી બનશે ?

'વૈવિધ્યમય વિભાગો, લેખો અને લખાવટ' વિશે બોલતાં ડા. ડો. કુમારપાળ દેસાઇએ જણાવ્યું હતું કે, આઝાદી પૂર્વે સાહિત્ય વિભાગ અને પત્રકારત્વ વચ્ચે જેટલી નિકટતા હતી તેટલી આજે નથી. ઝવેરચંદ મેઘાણીનો 'કલમ અને કિતાબ' વિભાગ હજી આજે પણ એની રસપ્રદતા અને વાચકપ્રિયતા માટે વારંવાર યાદ કરીએ છીએ.

અઠવાડિક 'ફૂલછાબ'માં પ્રગટ થતી ગુણવંતરાય આચાર્યની 'હું, બાવો ને મંગળદાસ' કૉલમ લોકપ્રિય થતાં જુદા જુદા અખબારોએ એવી હળવી કૉલમોનું અનુકરણ કર્યું. આજનાં દૈનિકો અઠવાડિયામાં ત્રીસથી ચાલીસ જેટલા વૈવિધ્યપૂર્ણ વિભાગો આપે છે. વાચકો ઓછા ખર્ચે ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સની જેમ છાપામાંથી પોતાની પસંદગીનું મેળવી લે છે.

૧૯૫૦ની આસપાસ ગુજરાતી ઘણા અખબારોના માલિકો બદલાયા, ટેકનોલોજી અને વિશ્વનાં મનોવલણો બદલાયાં જેની અસર અખબારો પર થઇ.

ઓફ સેટનો જમાનો આવી જતાં ૬૦ ટકા ચિત્ર અને ૪૦ ટકા લખાણ એવું પ્રમાણ થઇ જશે. અખબારનું જે બૌદ્ધિક વૈચારિક કલેવર છે તે ઝાંખું પડે એવી દહેશત ઊભી થઈ રહી છે.

શ્રી વિષ્ણુ પંડ્યાએ 'પત્રકારની મુક્ત અભિવ્યક્તિ' વિશે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, સત્તાનો સ્વાધીન શબ્દ સાથે સાપનોળિયા જેવો સમ્બન્ધ છે. સ્વાતંત્ર્ય પૂર્વે પત્રકારો પાસે ધ્યેય અને મિશન હતાં. લોકજીવનના પરિવર્તન માટે, પોતાની પાસે જે કંઇ શક્તિ હતી, તેના ઉપયોગ માટેનો વિનમ્ર તરવરાટ હતો. આજે શાસન જો નમસ્કાર કરવાનું કહે તો, આપણાં અખબારો શાષ્ટાંગ દંડવત્ પ્રણામ સુધી તત્પર બની જતાં નજદીકના ભૂતકાળમાં આપણે જોયાં છે.

કેટલાક કાનૂનો સત્તા પરસ્તોએ પોતાની સગવડતા માટે એવાને એવા રાખ્યા છે, એમાં ઉમેરો કર્યો છે. સેન્સર શિપ જુદા જુદા રૂપે હજી દેખાયા જ કરે છે. આસામનો મુક્ત અવાજ તેથી જ પ્રજા સુધી નથી પહોંચતો. સરકારમાં બેઠેલાઓનાં કૃત્યો ઉઘાડા પાડવાથી તેઓ ચીડાય છે, પોલિસતંત્ર તેને ખુશ કરવા ગમે તેની સામે કેસ કરીને મારપીટ કરે છે. છેવટે, પ્રોસિજરના કંટાળાજનક લંબાણ પછી સરકાર ગુનો સાબિત કરવામાંથી ફરી જાય છે. અસામાજિક તત્ત્વોનો ઉપયોગ પત્રકારો સામે આજકાલ થાય જ છે.

'ચિત્રલેખા'ના તંત્રી અને સાહિત્યકાર શ્રી હરકિસન મહેતાએ સાપ્તાહિકોનાં પ્રદાન વિશે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, આઝાદી પહેલાંના પત્રકારો ધ્યેયનિષ્ઠ હતા અને આજના પત્રકારો વામણા છે એવી લઘુતાગ્રંથિથી પીડાવાની કોઇ જરૂર નથી. તે રીતે જ લોકપ્રિય થવું, લોકપ્રિય હોવું એ પણ કોઈ નીચી કક્ષાની બાબત નથી.

આજના સમાજજીવનના મૂલ્ય હ્રાસ માટે બધાને દુઃખ છે, છતાં હું માનું છું કે, મારું તંત્રીપદ એ મારી રુચિની વાત છે. કોઇ બળાપા કાઢવાની જરૂર નથી. ઓફ સેટ એ પત્રકારની જવાબદારી વધારનાર વસ્તુ છે.

અખબાર સમાચારલક્ષી હોય છે, સાપ્તાહિક માહિતીલક્ષી હોય છે. દૈનિક જે સમાચાર દ્વારા વાચકની જિજ્ઞાસા જગાડે છે, તે જિજ્ઞાસા સંતોષવાનું કામ સાપ્તાહિકનું છે. ગુજરાતી દૈનિકો વાચકો માટે શું ખર્ચ કરે છે ? જ્યારે સાપ્તાહિક તો એક ઘટના માટે વિગતવાર, તલસ્પર્શી અને સચિત્ર અહેવાલ આપવા પાંચથી દશ હજારનો ખર્ચ કરે છે.

લખાણની ભાષા અને શૈલી એવાં તો આડંબરી, અલંકારપ્રચૂર ન હોવાં જોઇએ કે, વાચક વાંચવાનું જ છોડી દે. અમે નાચા નમી વાચકની આંગળી પકડી અને ચલાવીએ છીએ. આપણે નવા વાચકવર્ગને જોવાનો છે, અને તૈયાર કરવો પડશે.

શ્રી રમેશ જાદવે 'પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ-પત્રકારની નજરે' વિશે બોલતાં કહ્યું હતું કે દૈનિક પત્ર આમ તો અલ્પજીવી છે છતાં યુગના સમગ્ર જીવનનું પ્રતિબિંબ ઝીલે છે. દરેક દરેક વાચક પોતાની જરૂરિયાતની વસ્તુ વર્તમાનપત્રમાંથી મેળવી લે છે.

આઝાદી પહેલાંના પત્રોમાં 'નવજીવન' અને 'હરિજનબંધુ' એ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા અથાક પ્રયત્નો કર્યાં હતાં. ગાંધીજીએ તો દેશની પ્રજા અને સમગ્ર માનવજાત માટે શિસ્તબદ્ધ સાદાઈ પત્રકારત્વમાં અપનાવી. એમની ભાષાની સ્પષ્ટતા અને અસંદિગ્ધતા વિશેષ નોંધપાત્ર છે. સાધન શુદ્ધિનો એ વિજય અદ્‌ભુત હતો.

આઝાદી પછી કમનસીબી એ છે કે પત્રકાર, રાજકારણ અને રાજકારણીઓને વધુને વધુ મહત્ત્વ આપે છે. વ્યક્તિપૂજા એ જ ધરેડમાં ચાલુ છે. સામાન્ય મનુષ્યની આકાંક્ષાઓને યોગ્ય રીતે વાચા નથી મળતી.

લોકોની રુચિ ઘડવાને બદલે આજે વર્તમાનપત્ર પોતે લોકરુચિથી ઘડાઇ રહ્યું છે.

આજના પત્રકારની મર્યાદાઓ સાથે સિદ્ધિઓ પણ ઘણી છે. એ પર્યાવરણ અને અવકાશ વિજ્ઞાન, જાતિય વિજ્ઞાન વિશે લખે છે. અરુણ 'શૌરી જેવાએ તો અખબારી અહેવાલ દ્વારા અન્યાય અને ભ્રષ્ટાચાર સામે જે જેહાદ ચલાવી તે અદ્‌ભુત છે.

શ્રીમતી સોનલ શુક્લે 'પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ-સ્ત્રી સમાનતાની દૃષ્ટિએ' વિશેના પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, સ્ત્રી મુક્તિવાદી પત્રકારત્વ ભારતમાં ૧૯૭૭ પછી અસ્તિત્વમાં આવ્યું છે. ગુજરાતનું પ્રારંભિક પત્રકારત્વ પ્રતિબદ્ધ હતું. નર્મદ, કરસનદાસ મૂળજી, કાબરાજી વગેરે સુધારકોએ 'દાંડિયો', 'સત્ય પ્રકાશ,' 'રાસ્ત ગોફ્તાર', વગેરે પ્રકાશનોમાં સંસાર સુધારાના એક ભાગ તરીકે સ્ત્રીઓનો પ્રશ્ન સહાનુભૂતિ અને સમજથી ઉઠાવ્યો. સ્ત્રીઓ માટેનું પહેલું પ્રકાશન 'સ્ત્રી બોધ' એકસો ત્રીસ વર્ષ પહેલાં શરૂ થયેલું.

સ્ત્રી સામયિકોમાં કેટલીક પ્રથાઓ ચાલતી આવી છે. જેમાં બે મુખ્ય છે. એક તો સ્ત્રી એટલે પત્ની કે માતા અને તેથી ઉત્પન્ન થતો સ્ત્રી પ્રત્યેનો અભિગમ અને બીજી પ્રથા તે અભિગમથી ઉત્પન્ન થતી વિષય પસંદગી. જેમાં વાનગી, શણગાર, ઘર સજાવટ વગેરે મુખ્ય છે. સ્ત્રીને પુત્રી, પત્ની કે માતા વગેરેથી માત્ર ન ઓળખતાં એક વ્યક્તિ તરીકે ઓળખવી જોઇએ. કોઇ પણ વિષય એના રસનો વિષય છે-જો એને રસ પડે એ રીતે મુકાય તો.

મરાઠીમાં 'સ્ત્રી' અને અંગ્રેજીમાં 'વુમન વીકલી' સ્ત્રીજીવનના પ્રશ્નોને યોગ્ય રીતે આલેખતાં મોખરાના સામયિકો છે.

રવિવાર તા. ૨-૧૦-'૮૩ની તૃતીય અને અંતિમ બેઠકના પ્રમુખ, જન્મભૂમિ અને પ્રવાસીના તંત્રી શ્રી હરીન્દ્ર દવેએ 'પત્રકાર સ્વતંત્ર છે?' વિશે ભૂમિકા બાંધતાં કહ્યું હતું કે, કોઇ પણ વસ્તુનો ઉકેલ લાવવામાં અંતિમવાદી કે સમાધાનવાદીને બદલે પ્રગતિશીલ રહેવું એ સુસંસ્કૃત માણસ પસંદ કરે છે પણ એ કઠીન માર્ગ છે.

પત્રકારને સ્વતંત્ર રહેવામાં મુશ્કેલી પડે છે અને પડવાની જ. એનો કોઇ ટૂંકો માર્ગ નથી.

વોશિંગ્ટન પોસ્ટના તંત્રી ફિલ્લ ગ્રેહામને યાદ કરતાં એમણે કહ્યું હતું કે, અખબાર કે પત્રકારે માલિકોનું અંગત હિત જળવાય તે માટે નહિ પણ સમગ્ર પ્રજાનું હિત જળવાય તે માટે જાગૃત રહેવું જોઇએ. જાહેર હિત જાળવવા જતાં બલિદાન આપવાની તૈયારી પણ રાખવી પડે.

પત્રકારે જાહેર જનતા પ્રત્યે પ્રતિબદ્ધ રહેવાનું છે. પ્રજાના કલ્યાણ સાથે પોતાના વિચારો સુસંગત છે કે નહિ, તેનો ખ્યાલ રાખવો જોઇએ. પત્રકારનું કામ પોતાના વાચકને સાચી માહિતી આપવાનું છે. સામાજિક, રાજકીય, આર્થિક, વ્યક્તિગત કે માલિકો તરફથી દબાણો તો આવવાના જ, એ બધા વચ્ચે તટસ્થ રહેવાનું છે.

'પત્રકાર સ્વતંત્ર છે?- રાજકીય દબાણોના સંદર્ભમાં' વિશે ઇન્ડિયન એક્સપ્રેસના વિશેષ સંવાદદાતા શ્રી કિરીટ ભટ્ટે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, પત્રકારે વાચક વર્ગના દબાણની કેદમાંથી પ્રથમ છૂટવાનું છે. લોકોને ગમે તેવું લખવું એમાંથી પત્રકારે છૂટવાનું છે.

લોકશાહી એક પરમ લક્ષ્ય છે, અને એના સ્તંભોને નક્કર કરવાનું કામ કરીએ તો એ અખબારોને પૂરતું ધ્યેયલક્ષી વાહન કે મંઝિલ મળી રહે છે. પણ દેશ આજે સ્થાપિત હિતોના અને સત્તાકાંક્ષીઓના એટલા બધા વાડાઓથી ઘેરાઇ ગયો છે કે, લોકતંત્રનો ઝંડો બધાયે ઝાલી રાખ્યો છે પણ અંદર ખાને બધાયને અવસર પ્રમાણે સ્થાપિત હિતો અને મુઠ્ઠીભર-કેપિટાલિઝમનો રોગ પીડે છે.

સત્તા માટે ધનવૈભવ અને ધનવૈભવ માટે સત્તા, એ સત્તાને ધારણ કરનારાને પરસ્પર ફાવી ગયું છે. મોટા ભાગના રાષ્ટ્રીય પત્રોના અધિપતિઓ આ જ વ્યવસ્થાના પ્રતિનિધિઓ છે. રાજકીય સત્તા અને આર્થિક સત્તાએ એક નવી જ અંધેર-ધૂંધીની અરાજકતાની વ્યવસ્થા ઊભી કરી દીધી છે.

પત્રકારોને જરૂર પડયે સુખ સગવડો પૂરાં પાડીને આ બળો કો-ઓપ્ટ કરી લે છે.

આપણે પત્રકારોએ સંગઠિત થઇ પોતાનું કર્તવ્ય ઊજું કરવું પડશે, આચાર સંહિતા ઘડવી પડશે.

'પક્ષો અને દેશના વળાંકો' વિશે જનસત્તાના સહાયક તંત્રી શ્રી પ્રકાશ શાહે જણાવ્યું હતું કે, આપણે એવી લોકશાહીમાં જીવીએ છીએ કે, કયારે, કયું પલ્લું કયાં નમી જશે એની ખબર પડતી નથી. ખાનગી અને રાજ્ય માલિકી પત્રકારને ગૂંગળાવવા પ્રયત્ન કરે જ છે. આકાશવાણી જેવા માધ્યમોને કોઇ પણ સરકાર સંપૂર્ણ સ્વતંત્ર બનાવવા તૈયાર નથી.

અહીં પરિસંવાદમાં જે વિચાર વિનિમય થઇ રહ્યો છે તે પછી પણ ચાલુ રહેવો જોઇએ.

સંદેશના દિલ્હી ખાતેના સંવાદદાતા શ્રી વિજય સંઘવીએ સામાજિક પત્રો વિશે બોલતાં કહ્યું હતું કે, દરેક વ્યક્તિ સમાજમાં જન્મે છે, તેથી સમાજ, સ્થળ, સમય, સંજોગ વગેરેના નિયમો તો રહેવાના જ.

રાજકીય કટારો કરતાં સામાજિક કટારો વધુ અસરકારક હોય છે. એમાં શબ્દોની શકિતનો પરિચય થાય છે, પડઘો પડે છે.

અમે એશિયન ગેમ્સ વિશે જેટલું લખ્યું છે, એટલું દિલ્હીની કંગાળ શાળાઓ વિશે લખતા નથી, લખવું જોઇએ.

વ્યાપારના સહાયક તંત્રી શ્રી ભાનુ સંઘવીએ 'શું પત્રકાર સ્વતંત્ર છે?'-વિભાગમાં 'પત્રકારની નજરે' વિશે બોલતાં કહ્યું હતું કે, પત્રકાર હમેશાં સ્વતંત્ર જ હોય છે. સ્વતંત્રતા પત્રકારિતાનો પાયાનો ગુણધર્મ છે. નિહિત, અંતર્ગત, અવિચ્છનીય અભેદ્ય લાક્ષણિકતા છે. જેનો મિજાજ સ્વતંત્ર નથી તેને બીજું કંઈ પણ કહી શકાય, પત્રકાર ન કહી શકાય.

પત્રકાર માટે સ્વતંત્રતાની સાથે એની પોતાની મર્યાદાઓ અને જવાબદારીઓ છે.

સમાજે અસહિષ્ણુ બન્યા વગર પત્રકારોને એમનું કામ કરવા દેવું જોઇએ. પોતાને પક્ષે સારું કે વિપક્ષે ખરાબ નથી છપાયું તો અખબારની કચેરીમાં દોડી આવનાર કંઇ ઓછા નથી!

સ્વતંત્રતાની વિભાવના પોતે જ એક એવી આઝાદ વિભાવના છે કે જેને શબ્દોના બંધનમાં બાંધી શકાય નહિ. સ્વતંત્રતા માણી શકાય, અનુભૂતિ થાય પણ વર્ણવી ન શકાય. સ્વતંત્રતા સર્વકાલિન વસ્તુ છે. સ્વતંત્રતાની વિભાવના આત્મલક્ષી છે તેટલી વસ્તુલક્ષી નથી. મારી સ્વતંત્રતા હું જ નક્કી કરી શકું, મારી સ્વતંત્રતાનું માપ બીજા કોઇ ન કાઢી આપે.

આ બેઠકના છેલ્લા વક્તા શ્રી દિગંત ઓઝાએ સાંસ્કૃતિક સંબંધો' વિશેના પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, આ સદીમાં નિર્દયતા અને નિર્દયતા સામેની લડત અન્ય કોઇ યુગમાં નહિં થયાં હોય.

મોંઘવારીના વિષચક્રમાં ચવાતો પત્રકાર, નિરંતર વધતી જતી બેકારી બેરોજગારીના ખપ્પરમાં હોમાતો પત્રકાર, ભ્રષ્ટાચાર અનૈતિકતાના આતંકમાં અટવાતો પત્રકાર, કોમવાદના કાળોતરાનો ડસ્યો પત્રકાર—એની સ્વતંત્રતા પર જેટલા અને જેવા પ્રહારો આજે થઇ રહ્યા છે એટલા કદાચ અગાઉ કદિ કયાંય નહિ થયા હોય.

ભારતમાંથી કુલ ૮૦૧ દૈનિકો પ્રગટ થાય છે. એમાં ગુજરાતીની સંખ્યા ૨૭ છે; એટલે કુલ અખબારના માત્ર ૪ ટકા ગુજરાતી દૈનિકો છે. જ્યારે ફેલાવાની દૃષ્ટિએ ગુજરાતીની ટકાવારી ૧૧–૬ છે.

નવા વર્તમાનપત્રનું રજિસ્ટ્રેશન, નામ મેળવવું, અખબારી કાગળ, સરકારી અને અર્ધ સરકારી જાહેર ખબરો મેળવવી એ બધા માટે કેટકેટલી પરેશાની ભોગવવી પડે છે.

ગિફ્ટ લેતાં લેતાં ચીજોના સ્થાને ચીજની રોકડ કિંમત સ્વીકારવાની ખતરનાક સીમામાં ડગલું ભરી ચૂકેલા પત્રકારો કેટલા સ્વતંત્ર અને કોનાથી સ્વતંત્ર એનો વિચાર કરવો પડશેને ?

પ્રમુખ શ્રી હરીન્દ્ર દવેએ યોગ્ય ઉપસંહાર કર્યો હતો. છેલ્લે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સૌનો આભાર માન્યો હતો. આ બેઠકનું સંચાલન શ્રી અમર જરીવાલાએ કર્યું હતું.

# મરવાનો અધિકાર જોઇએ છે કે મારી નાખવાનો ?

ડો. કાન્તિલાલ શાહ

તારીખ પહેલી ઓકટોબરના પ્ર. જીં માં શ્રી વિજયગુપ્ત મૌર્યનો લેખ વાંચી સખેદ આશ્ચર્ય થયું. એમના જેવા બહુ શ્રુત વિદ્વાને આ બે પ્રશ્નોને કેમ ગુંચવી દીધા છે! પણ પોતાના લેખને અંતે એમણે જે મુદ્દા તારવ્યા છે, તેને મુખ્ય માની હું ચર્ચા કરીશ. તથાપિ લેખની શરૂઆતમાં એમણે જે લખ્યું છે, તેની થોડી વાત કરી લઉં.

(૧) સૌથી પહેલી વાત તો એ કે 'યુથનેઝિયા' અથવા સુખમૃત્યુ વિષે અગાઉ પ્ર. જી. માં ચર્ચા થયેલી છે. ધણું કરીને શ્રી પરમાનંદભાઇ તે વખતે હયાત હતા.

(૨) ગાંધીજીના વાછડાનું દૃષ્ટાંત આ ચર્ચામાં બિલ્કુલ અપ્રસ્તુત છે એવો મારો નમ્ર મત છે. પ્રશ્ન તો એમ પૂછવો જોઇએ કે વાછડાની જગાએ ગાંધીજીનો દીકરો હોત, અને (અ) એને મરવું હોત, અગર (આ) એને કોઈ પણ ઉપાયે જીવવું હોત, તો ગાંધીજી શું કરત?

(૩) શ્રી વિજયગુપ્ત લખે છે,' ... પ્રગતિશીલ દેશોમાં વિચારશીલ વ્યક્તિઓ વચ્ચે ઘણી ઘણી ચર્ચા થઇ રહી છે,' આવું જ્યારે વાંચું છું ત્યારે આપણા અંગ્રેજી ભણેલા વર્ગમાં મૌલિક રીતે વિચારવાની શક્તિનો અભાવ જોઇ દુઃખ થાય છે. પ્રગતિશીલ એટલે શું? એ લોકો દેહ અને દેહી જુદા છે એમ માને છે? એમને ત્યાં સંયુકત કુટુંબની પ્રથા છે? આપણે ત્યાં ઘણાં જૈન સાધુ સાધ્વીઓ સંથારો કરે છે, એવી કોઈ ધાર્મિક રૂઢિ એમને ત્યાં છે? આવા ગૂઢ અને ગંભીર પ્રશ્નોમાં જે પ્રજા આપણાથી બિલ્કુલ પછાત છે એના તરફ શા માટે જોવું? પણ આગળ ચાલું.

(૪) લેખના મથાળે જ પ્રશ્ન છે, 'જીવવાનો અધિકાર છે, તો મરવાનો શા માટે નહિ?' એનો સીધો ને સાદો જવાબ એ છે કે, 'જન્મવાનો અધિકાર કે જન્મવાની સત્તા તમારા હાથમાં છે? જેણે પોતાના જન્મનાં સમય અને સ્થળ નક્કી કર્યાં હોય તેને અવશ્ય મરવાનો અધિકાર છે." આ જવાબ તત્ત્વજ્ઞાન આપે છે. વ્યવહારમાં તો દરેક પુખ્ત ઉંમરની વ્યક્તિ પાસે આ અધિકાર છે જ. મને જીવન અધરું લાગે તો મારા ઘરની સામે જ રેલ્વે લાઇન છે, ત્યાં જઇને સૂઇ જતાં મને કોણ રોકવાનું છે? હજારો સ્ત્રીઓ બળી મરે છે, ને સેંકડો પુરુષો દુખી મરે છે, એ અધિકાર વિના? મારા અધિકાર પર રાજ્યની કે કાયદાની મહોર મારે શા માટે જોઇએ? કાયદાની ઐસી તેસી. હું **નિષ્ફળ જાઉં** ત્યારે જ કાયદો તો વચમાં આવે છે ને? એવકૂફ હોય તે જ નિષ્ફળ જાય. વસ્તુતઃ જેને ખરેખર મરવું નથી, તેને જ કાયદો નડતરરૂપ લાગે છે, મસાણી સાહેબે 'હુ ડાઇ વિથ ડિગ્નિટિ' એટલે મોભાપૂર્વક મરવાની વાત કરી, એટલે અમારા ચુનીભાઇ વૈદ્ય પોમાઇ ગયા. અલ્યા ભાઇ, મરવાનું તો સહેલું છે. 'જીવતાં જીવતાં મરી જવાનું" અઘરું છે. એમાં જ પ્રતિષ્ઠા છે, પ્રતિતા છે, કળા છે; અને એવી કળા સંતો જાણે છે.

(૫) વ્યક્તિ પોતે હરતી ફરતી હોય, તો મારી ઉપલી દલીલ યથાર્થ ઠરે છે. પરંતુ માનો કે હું એકદમ બેભાન થઇ ગયો, તો મારા સગાં વહાલાં શું કરે? તેનો જવાબ તો એ છે કે દરેક વિચારકે આને માટે પહેલેથી જ વિલ કરી રાખવું જોઇએ. ધણું કરીને સ્વ. કિશોરલાલ રાશરવાળાએ આવું વિલ કર્યું હતું.

(૬) માનો કે આવી કોઇ જોગવાઇ નથી, તો સગાં સંબંધી શું કરે? એ લોકો પેલી વ્યક્તિને જીવાડવાનો અવશ્ય પ્રયત્ન કરે, પણ દાકતરને પરમેશ્વર ન માની બેસે. દરેક વ્યક્તિના મૃત્યુનો સમય, સ્થળ, અને નિમિત્ત નક્કી થયેલાં હોય છે. વિનોબા તો આવું માનતા જ હતા, અને ઘણું કરીને ગાંધીજી પણ માનતા હતા. હું પોતે તો માનું છું. સાંભળ્યું છે કે મુંબઇના પ્રસિદ્ધ ડો. સ્વ. શિરોડકરના જમાઇ લગભગ બાર મહિના સુધી બેભાન રહ્યા હતા. એમનાં સગાં વહાલાંને પૂછવું જોઇએ કે કઇ ફિલસૂફી એમને પ્રેરણા આપતી હતી! વળી મનુષ્ય જાતિને એવી વિદ્યા કે શક્તિ મળી નથી કે એ મૃતાત્માને બેઠો કરી શકે. આવી શક્તિ ન હોય તે બીજાની જિંદગી કેવી રીતે ટુંકાવી શકે? શ્વાઇટઝરના 'રેવરન્સ ફોર લાઇફ' ના સિધ્ધાંત સાથે આ બેસતું આવી શકે? સ્વ. ચીમનભાઇને શ્વાઇટઝર માટે પુષ્કળ માન હતું તેથી શ્વાઇટઝરે આ બાબત કંઇ લખ્યું હોય તો જાણવાનું મને ગમે.

(૭) જે સારવાર કરનાર સગાં (અને કદાચ દાકતર પણ) પ્રમાણિકપણે માનતાં હોય કે, 'દરેક વ્યક્તિ પોતાનાં કર્મનાં કે પૂર્વજન્મનાં સંચિત કર્મનાં ફળ ભોગવે છે, માટે દૈવાધીન વિષયમાં માણસે માથું ન મારવું જોઇએ' તો એ માન્યતા 'ભાગેડુ આશ્વાસન' થઇ ગઈ? આ તરજુમિયા શબ્દ પણ

વિદેશીઓનો જ છે ને? જે પ્રજા પુનર્જન્મમાં માનતી નથી, સમજતી નથી, એને આવી બાબતમાં શી ગતાગમ પડે? ભારતીય સંસ્કૃતિ તો કહે છે કે આ જન્મમાં જેટલું ભોગવી લેવાય તેટલું જીવ ભોગવી લે, તો બીજા જન્મમાં ઓછું ભોગવવું પડે એટલું જ નહિ, જીવ સાત્ત્વિક વૃત્તિનો હોય, સત્સંગી હોય, માથે ગુરુ હોય, તો બધા ભોગ પૂરા થઈ જાય, ને જન્મમરણના ફેરામાંથી પણ કદાચ છૂટી જાય.

(૮) લેખકે ખોડવાળાં બાળકોનો દાખલો ટાંકયો છે. હેલન કેલરને એનાં માબાપે મારી નાખી હોત તો? એને જીવવાનો અધિકાર કયાંથી મળ્યો? કોણે આપ્યો? એના માબાપે માત્ર પોતાનો જ વિચાર કર્યો હોત તો? ભાઇ વિજયગુપ્તે નીચલા શરીરથી સંધાયલાં જોડિયાં બાળકોનો દાખલો ટાંકયો છે. આવી ખોડવાળું જોડકું લાખોમાં એકાદ જન્મતું હશે, પણ સિયામિઝ જોડકાનો દાખલો તો જગપ્રસિદ્ધ છે. એ બે ભાઇઓ કમરથી જોડાયલા હતા, છતાં જીવ્યા, પ્રસિદ્ધ થયા, અને માબાપને કીર્તિ તથા ધનની કમાણી કરાવી આપી. એમને ઉગરતાં, પાલવતાં, માબાપને કષ્ટ નહિ પડયું હોય? પોતાનો વિચાર કરી, જન્મતાં જ કે થોડા દિવસમાં આ બાળકોને સ્વધામ પહોંચાડી દીધાં હોત તો?

(૯) એક બીજો મહત્ત્વનો મુદ્દો. આ આખી ચર્ચામાં દેહનું કષ્ટ, દેહની યાતના, અને દેહના અસાધ્ય રોગની જ વાત છે. પરંતુ હૈયું નંદવાય, કે આદર્શોનું ધમસાણ મચ્યું હોય, પતિ અગર પત્નીના અવસાનથી જીવન શૂન્ય બની ગયું હોય (અને કવિ જયદેવની પદ્માવતી માફક તત્કાળ પ્રાણત્યાગ કરતાં ન આવડે), તો એ પતિ અગર પત્નીને જીવનનો અંત આણવાનો અધિકાર ખરો કે નહિ? સગાં સંબંધીઓ, સમાજે અને રાજ્યે એમાં સમત થવું જોઇએ કે નહિ? જો હા; તો સતી (કે સત્તા) થવાનો રિવાજ તર્કસંમત નથી? પણ આપણે તો સતીની પ્રથા બંધ કરનારનાં યશોગાન ગાઇએ છીએ, અને બીજી બાજુ નિરાધાર, અસહાય, અપંગ બાળકો તથા વૃદ્ધોને મારી નાખવાની છૂટ માગીએ છીએ!

# પાંચમો જૈન સાહિત્ય સમારોહ

પન્નાલાલ ૨. શાહ

## વિભાગીય બેઠક : જૈન તત્ત્વજ્ઞાન

શનિવાર, તા. ૨૪-૯-૧૯૮૩ના રોજ સવારના ઉદ્‌ઘાટન બેઠકની પૂર્ણાહુતિ બાદ તુરત જ જૈન તત્ત્વજ્ઞાનની વિભાગીય બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનું પ્રમુખસ્થાન શ્રી કીર્તિભાઇ માણેકલાલ શાહે લીધું હતું. નાદુરસ્ત તબિયત છતાં મુંબઇથી સીધા જ તેઓ આવી પહોંચ્યા હતા.

### અનેકાન્ત દર્શનમાં દ્રવ્યનું સ્વરૂપ

શ્રી કીર્તિભાઇ શાહે 'અનેકાન્ત દર્શનમાં દ્રવ્યનું સ્વરૂપ' એ વિષે પોતાના સંશોધન-અભ્યાસ લેખનું સંક્ષેપમાં તારણ આપતા કહ્યું: 'આ વિશ્વમાં ભાગ્યે જ કોઇ એવો વિષય હશે કે જેની જૈન દર્શને તલસ્પર્શી વિચારણા કરી ન હોય. આથી જૈન દર્શન વિશાળ દર્શન છે, વિશ્વ દર્શન છે. પરંતુ એની ખરી મહત્તા એની વિશાળતા કરતાં પણ એની સૂક્ષ્મતામાં છે. પ્રત્યેક તત્ત્વ, અર્થાત્ વસ્તુનું સર્વાંગી જ્ઞાન પ્રાપ્ત કરવા તેના અનેકાન્તમય સ્વરૂપનું દર્શન કરવા અને તેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંગનું જ્ઞાન બાકી ન રહી જાય તેવો પ્રબંધ અનુયોગદ્વાર આદિ સૂત્રો ગ્રંથો દ્વારા આ દર્શને કર્યો છે તે અજોડ છે.'

### સ્યાદ્વાદ અંતર્ગત નયવાદ:

'જૈન દર્શનના કોઈ પણ તત્ત્વને અનેકાન્તવાદ અને તેના અંતર્ગત નયવાદ વિના ન્યાય આપી શકાતો નથી' એમ જણાવી એમણે ઉમેર્યું: 'આ સિધ્ધાંતથી અપરિચિત વ્યકિત નિરૂપિત તત્ત્વને ગ્રહણ કરી શકતી નથી અગર ગ્રહણ કરે છે તો તે વિપરીત સ્વરૂપે ગ્રહણ કરે છે.' અનંત ધર્માત્મક વસ્તુની જટીલતા જેવો જ નયવાદ પણ એટલો જટીલ છે એ સમજાવી એમણે જણાવ્યું: આપણા સમગ્ર લોક વ્યવહારમાં નયમૂલક અનેકાન્ત સિદ્ધાંત એટલો ઓતપ્રોત થઈ ગયો છે કે એનું બારીકાઈપૂર્વક વિશ્લેષણ કરીએ તો આ સિદ્ધાંત સહજરીતે સમજાઈ જાય તેવો છે.'

### દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસ પર આધારિત નિબંધ

મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજે દ્રવ્ય-ગુણ-પર્યાય રાસની ૧૭ ઢાળોમાં દ્રવ્યાનુયોગને ઉતાર્યો છે. તેની બીજી ઢાળની પ્રથમ ગાથામાં તેઓએ દ્રવ્યનું લક્ષણ બાંધ્યું છે' એમ જણાવી આ ગાથા અને તે પર રચેલા સ્વોપજ્ઞ ટબ્બાના વિવેચનરૂપે આ નિબંધ એમણે લખ્યો છે એમ એમણે ઉમેર્યું હતું.

'તત્ત્વ અનુત્પન્ન અવિનાશી છે' એમ જણાવી એમણે લોકવ્યવહારમાં અનેકાન્તની સ્વીકૃતિ, દ્રવ્યાર્થિક નયની અભેદ દૃષ્ટિ, પર્યાયાર્થિકનયની ભેદ દૃષ્ટિ, સંગ્રહનયની અભેદ દૃષ્ટિ, વ્યવહારનયની ભેદ દૃષ્ટિ, સામાન્યના ભેદ, વિશેષના બે ભેદ અને અનેકાન્ત વગેરેની તલસ્પર્શી છણાવટ કરી અનેકાન્ત ઉત્તમ નીતિ છે એવું પ્રતિપાદન કર્યું હતું. ત્યારબાદ એમણે દ્રવ્યના લક્ષણો સમજાવતાં 'દ્રવ્યનું લક્ષણ સત્ છે; ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુકત છે તે સત્ છે; જે ગુણ અને પર્યાયવાળું છે તે દ્રવ્ય છે; અર્થક્રિયા-કારિત્વ એ દ્રવ્યનું લક્ષણ છે' વગેરે બાબતોની ન્યાયસંગત છણાવટ કરી એનું એમણે પ્રતિપાદન કર્યું હતું.

### જૈન દર્શન અને સંત તિરૂવલ્લુવર

'जैन दर्शनमें वीर भावकी अवधारणा' વિષે ડો. નરેન્દ્ર ભાણાવતે (જયપુર) સંશોધન-અભ્યાસ લેખ રજુ કર્યા બાદ શ્રી નેમચંદ ગાલાએ (મુંબઇ) 'જૈન દર્શન અને સંત તિરૂવલ્લુવર' વિષે રજૂઆત કરતાં કહ્યું: 'દક્ષિણ ભારતના આ સંત, કબીરની માફક વણકર હતા અને સાંપ્રદાયિકતાથી પર હતા. એમણે રચેલાં 'તરૂકુરળ' ગ્રંથમાં ૧૦ ઋચાઓનું એક પ્રકરણ એવા ૧૩૦ પ્રકરણોમાં ૧૩૩૦ ઋચાઓ છે,' એમ જણાવી 'ઋચાઓનો ભાવાર્થ' સાથે સંદર્ભ આપી જૈન દર્શનની એ કેટલું નજીક છે અગર જૈન દર્શનનો જ ઉપદેશ એમાં સમાયો છે' એમ એમણે ઉમેર્યું હતું. કેટલીક ઋચાઓના આધારે તેઓ જૈન હોવાનું જણાવીને એમણે ઉમેર્યું હતું કે પરંતુ આ માટે આધારભૂત માહિતી મળતી નથી. ત્યાર બાદ સમયાભાવે બેઠક બપોર પર મુલતવી રહી હતી.

### અન્ય સંશોધન-અભ્યાસ લેખો

આ વિભાગમાં અન્ય સંશોધન-અભ્યાસ લેખો રજૂ થયા હતા તેની વિગત આ પ્રમાણે છે:

(૧) The Contribution of Muni Santbalji to Spiritualism. શ્રી નિલેશ દલાલ (મુંબઇ) (૨) યોગ પાઠયક્રમ. ડૉ. રમેશ લાલન (મુંબઇ) (૩) કાયોત્સર્ગ. શ્રી જયેન્દ્ર શાહ (મુંબઇ), (૪) જૈન દર્શન અને સમાધિમરણ. શ્રી ચીમનલાલ એમ. શાહ 'કલાધર' (મુંબઇ), (૫) ક્ષમા માત્ર ઔપચારિક નહીં હૈ. પ્રા. શાન્તાબેન ભાણાવત (જયપુર), (૬) જૈન તત્ત્વ વિચાર. શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા (મુંબઇ), (૭) સમતા. પ્રા. તારાબેન ર. શાહ (મુંબઇ), (૮) આત્મવિકાસ અને ધર્મ. ડૉ. સુમનબેન પી. શાહ (મુંબઇ), (૯) લેશ્યા. શ્રીમતી શૈલજા શાહ (મુંબઇ), (૧૦) પ્રતિક્રમણઃ આજના સંદર્ભમાં. પ્રા. દેવબાલા સંઘવી (મુંબઇ), (૧૧) તપશ્ચર્યા: શાસ્ત્રોમાં અને વ્યવહારમાં. પ્રા. મુલકચંદ ર. શાહ (અમદાવાદ), (૧૨) જૈન ધર્મમાં કર્મનો સિદ્ધાંત. પ્રા. કોકીલાબેન શાહ (મુંબઇ), (૧૩) જૈન ધર્મ અને નીતિ. પ્રા. ઉત્પલાબેન મોદી (મુંબઇ), (૧૪) જૈન ધર્મ અને શ્રાવકાચાર. પંડિત કનૈયાલાલજી કમલ (જલગાંવ), (૧૫) જૈન ધર્મ અને ચારિત્ર-ઘડતર. ડૉ. તિલોત્તમા જૂની (મુંબઇ), (૧૬) જૈન દર્શનમાં ન્યાયશાસ્ત્ર. પ્રા. નાનકભાઇ કામદાર (ભાવનગર), (૧૭) स्यात् शब्दका अर्थ : एक सर्वेक्षण. ડૉ. બી. આર. યાદવ (અલ્લહાબાદ).

આ ઉપરાંત નીચે જણાવેલા સંશોધન લેખો વ્યાખ્યાતાઓ હાજર ન હોવાથી કે અન્ય કારણોસર રજૂ થયા ન હતા.

(૧) સદ્‌ગતિ કેમ મળે ?, શ્રી રમેશ લાલજી ગાલા (મુંબઇ), (૨) ઉપમિતિભવપ્રપંચ કથાના જીવંત પાત્રોમાં જૈન તત્ત્વજ્ઞાન. શ્રી શાંતિલાલ સાઠંબાકર (અમદાવાદ), (૪) સર્વજ્ઞ સર્વદર્શી. ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા (મુંબઇ), (૫) શ્રાવકધર્મનું માહાત્મ્ય. શ્રી અભિલાષકુમાર (મુંબઇ), (૬) ધર્મ: આચારની મહત્તા. પં. બાબુલાલ સવચંદ શાહ (અમદાવાદ), (૭) સ્યાદ્વાદ દિગ્દર્શન. આચાર્યા ડૉ, શ્રીમતી રંજન નગરશેઠ (સુરત), (૮) કેન્સર : કર્મ તત્ત્વજ્ઞાનના સંદર્ભમાં. શ્રી પન્નાલાલ ર. શાહ (મુંબઇ) (ક્રમશ :)

• • •

[માંડવી (કચ્છ)માં યોજાયેલા પાંચમાં જૈન સાહિત્ય સમારોહના પ્રમુખ તરીકે આપેલું મારું વ્યાખ્યાન 'પ્રબુધ્ધ જીવન'માં અગાઉ છપાઇ ગયું છે. ત્યાર પછી એ સમારોહનો સંક્ષિપ્ત અહેવાલ ગતાંકમાં છપાયો છે, જેમાં મારા વ્યાખ્યાનમાંથી કેટલીક પંક્તિઓ ટાંકવામાં આવી છે. મારું આખું વ્યાખ્યાન જેમણે ન વાંચ્યું હોય અને માત્ર આ પંક્તિઓ વાંચી હોય તેમના મન ઉપર કદાચ કંઈ જુદી છાપ પડવાનો સંભવ છે. મારા વ્યાખ્યાનમાં મેં જે એક-બે વિધાનો કર્યાં છે તે વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિના સંદર્ભમાં શાસનનો પ્રભાવ કેવી રીતે વધે એ હિતદૃષ્ટિથી દિશાસૂચનરૂપે છે, એમાં કોઇની નિંદા કે અવહેલનાનો આશય નથી. તેમ છતાં એ વિધાનોથી કોઇને પણ ચિત્તની અશાતા થઈ હોય તો તે માટે મિચ્છામિ દુક્કડં.

—રમણલાલ ચી. શાહ

# કર્મ વિશે કેટલીક શંકાઓનું સમાધાન

## ❶ કીર્તિભાઈ માણેકલાલ શાહ

પ્રશ્ન (૧) જીવના રાગ-દ્વેષાત્મક પરિણામ થકી જીવમાં જે સંસ્કાર રેડાય છે તેને જ કર્મ કહો, પરંતુ પુદ્‌ગલસ્વરૂપ જડ એવા કાર્મણસ્કંધોને વચમાં શા માટે લાવો છો?

**સમાધાન :** આ પ્રશ્નનો તાત્ત્વિક ખુલાસો તો દ્રવ્યાનુયોગ યાને કે પદાર્થવિજ્ઞાનની ઊંડી સમજ માગી લે છે. પરંતુ અત્રે સ્થૂલ ઉદાહરણ થકી સમાધાનનો પ્રયત્ન કરીએ. પાણીનો દાખલો લઇએ. પાણી શુદ્ધ હોય અથવા અશુદ્ધ હોય. શુદ્ધ જળ એટલે માત્ર જળ. જળ સિવાય અન્ય વિજાતીય પદાર્થનો જેમાં અભાવ છે તે શુદ્ધ જળ છે. તે શુદ્ધ જળ એક જ પ્રકારનું હોય. કારણ કે શુદ્ધ જળના અનેક પ્યાલાઓ લઇએ તો તેમાં એક જ પ્રકારનું જળ પ્રાપ્ત થાય. જળની શુદ્ધતામાં અન્ય વિજાતીય પદાર્થ કોઇ નિમિત્ત નથી. વળી તે શુદ્ધ જળને ગમે તેટલું હલાવો, વલોવો છતાં તે શુદ્ધનું શુદ્ધ જ રહેવાનું. શુદ્ધ જળમાં શુદ્ધ જળ નાખો તો પણ તે શુદ્ધ જળ જ રહેવાનું. ટૂંકમાં શુદ્ધ એક પદાર્થમાં કોઇ ભેદ પ્રભેદ ન હોય. હવે અશુદ્ધ જળ લ્યો. જળની અશુદ્ધતામાં જળથી અતિરિક્ત અન્ય પદાર્થ નિમિત્ત નિયમા હોય જ છે, કારણ કે તે સિવાય તે જળ અશુદ્ધ ન બને. વળી અશુદ્ધ જળ અનેક પ્રકારનું હોય. મીઠું નાખ્યા પછી જળ ખારું થાય તેથી તે અશુદ્ધ જળ ખારું થયું. તેવી જ રીતે સાકરની અશુદ્ધતાવાળું જળ ગળ્યું થયું. માટીના મિશ્રણથી જળ મેલું થયું. વળી ખારા જળના અનેક પ્યાલાના જળની ખારાશમાં પણ તરતમતા પ્રાપ્ત થવાની. આમ અશુદ્ધતામાં અન્ય વિજાતીય પદાર્થની આવશ્યકતા છે અને અશુદ્ધ પદાર્થના અનેક ભેદ-પ્રભેદ પડે છે તેથી અશુદ્ધ પદાર્થ અનેક નામ ધારણ કરે છે. કોઈ અશુદ્ધ જળ ખારું, કોઇ ખાટું, કોઇ મેલું, કોઇ ગળ્યું ઇત્યાદિ અશુદ્ધ જળનાં અનેક નામ પ્રાપ્ત થાય છે. આવી જ રીતે શુદ્ધ જીવ અને અશુદ્ધ જીવ એવા જીવના બે ભેદ પ્રાપ્ત થાય છે. શુધ્ધ જીવ એટલે માત્ર જીવ. અન્ય વિજાતીય પદાર્થના સંશ્લેષ સંબંધ વિનાનો જીવપદાર્થ શુધ્ધ જીવ છે. શુધ્ધ છે તેથી તેનો એક જ પ્રકાર છે. અનંત સિદ્ધ જીવો શુદ્ધ જીવો છે. તેમના કોઈ પણ ગુણમાં સહેજ પણ ન્યૂનાધિકતા પ્રાપ્ત ન થાય. પરંતુ સંસારી જીવ અશુદ્ધ છે, તેથી જ તો તેના અનેક રૂપ યા ભેદો પ્રાપ્ત થાય છે. નર, નારક, કીડી, કુંજર ઇત્યાદિ અનેક પ્રકારના અશુદ્ધ જીવો હોય છે. આ અશુધ્ધતામાં વિજાતીય એટલે કે જીવ સિવાય અન્ય કોઈ પદાર્થની નિમિત્તતા માનવી જ પડે છે. જળ જળથી અશુદ્ધ થાય નહિ, તેમ જીવ પણ પોતે પોતાથી અશુદ્ધ કેમ થાય ? જળની અશુદ્ધતામાં અન્ય પદાર્થ કારણ છે, તેમ જીવની અશુદ્ધ અવસ્થા માટે જીવથી અન્ય વિજાતીય પદાર્થની નિમિત્તતા સ્વીકારવી જ રહી. જીવથી અન્ય પદાર્થો ચાર છે. આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને પુદ્‌ગલ. આમાં

પ્રથમના ત્રણ પદાર્થો નિષ્ક્રિય છે. તેઓ એકબીજા સાથે કે જીવ સાથે બદ્ધ સંબંધ કરવાને સમર્થ નથી. તેઓ સદાએ તેમના એક શુદ્ધ સ્વરૂપમાં જ રહે છે. આથી બાકી રહી પુદ્ગલ, જે અનેક રૂપ ધારણ કરવાવાળો સક્રિય પદાર્થ છે. અને તેથી તે જ પદાર્થ જીવની અશુદ્ધતામાં નિમિત્ત બની શકે છે. શુદ્ધ જીવ એટલે પોતાના સ્વાભાવિક પરિણામોમાં રમણ કરતો જીવ. સિધ્ધાત્મા પોતાના સ્વાભાવિક પરિણામોમાં રમણ કરે છે તેથી તેમના પરિણમનમાં અન્ય કોઇ પણ પદાર્થની નિમિત્તતા નથી. સંસારી જીવ અનેક પ્રકારના વૈભાવિક પરિણામોમાં સંસરણ કરે છે. વૈભાવિક પરિણામો માટે સ્વથી ભિન્ન સક્રિય પદાર્થની નિમિત્તતા અવશ્ય જોઇએ. સંસારી જીવની વૈભાવિક પરિણતિમાં પૌદ્ગલિક કર્મ અને નોકર્મ વર્ગણાના સ્કંધો આ નિમિત્તતા પૂરી પાડે છે.

**પ્રશ્ન : ૨** જીવને અનાદિકાળથી જ કર્મથી લેપાયેલો માનશો તો કર્મબંધ નિષ્કારણ પ્રાપ્ત થાય છે. અર્થાત્ જીવની તે અનાદિકાલીન અવસ્થા સ્વાભાવિક જ પ્રાપ્ત થાય છે. આવી રીતે નિષ્કારણ અવસ્થા અનાદિની છે તો તેવી અવસ્થાનો અંત પણ કેમ આવે ? એટલે કે જેની બદ્ધ અવસ્થાનું કોઈ કારણ નથી તો તે જીવની કર્મથી મુક્તિ પણ થઈ શકે છે તે કેમ મનાય ?

**સમાધાન :** કર્મબંધની પરંપરા તો અનાદિકાલીન જ છે તેમાં શંકા નથી. પરંતુ વ્યક્તિગત કોઈ પણ એક કર્મ જીવ સાથે અનાદિકાળના સંબંધવાળું નથી. અર્થાત્ તે કર્મબંધ સાદિ છે. આજે જે કર્મ જીવ સાથે બંધાયેલું પડ્યું છે તે કંઈ અનાદિકાળથી જીવ સાથે સંબંધવાળું નથી. તે કર્મ વધુમાં વધુ તો ૭૦ કોડાકોડી સાગરોપમ પૂર્વ બંધાયેલું હોઇ શકે. ટૂંકમાં બંધાયેલાં કર્મો સાદિ છે, અનાદિ નહિ. પરંતુ કર્મબંધની પરંપરાને અનાદિ નહિ સાદિ માનીએ તો પહેલાં જીવ શુધ્ધ હતો અને પછી કર્મથી બંધાયો છે તેમ માનવું પડે. પરંતુ આમ માનીએ તો તો કર્મબંધ જ નિર્હેતુક બની જતાં મુક્ત જીવને પણ ફરી સંસારની પ્રાપ્તિ થાય અને મોક્ષ પુરૂષાર્થ જ વ્યર્થ બને, પરંતુ જ્ઞાનીઓએ આવું ભાખ્યું નથી. ખાણમાંથી નીકળતું સુવર્ણ તેના શુદ્ધ સ્વરૂપમાં કદી જ ઉપલબ્ધ થતું નથી, તેવી જ રીતે જીવ અનાદિકાળથી અશુદ્ધ અવસ્થામાં જ રહ્યો હોવાથી અશુદ્ધ જ પ્રાપ્ત થાય છે. પરંતુ જેવી રીતે સુવર્ણ અને ઉપલનો (માટીનો) ચિરકાલીન સંબંધ તથાવિધ તાપાદિ સામગ્રી પ્રાપ્ત થયે નષ્ટ થતાં સુવર્ણ-શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત થઇ શકે છે. તેવી જ રીતે તપ ધ્યાનાદિ સામગ્રી થકી ભવપરિપાકે જીવ અને કર્મનો અનાદિકાલીન સંબંધ પણ નષ્ટ થઇ, આત્મા તેનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે. જીવમાત્રનું અંતિમ ધ્યેય પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ જ છે. કારણ શુદ્ધ સ્વરૂપ જ પરમાનન્દરૂપ છે.

**પ્રશ્ન (૩) :** જડ એવું નિશ્ચેતન પૌદ્ગલિક કર્મ ચૈતન્યસ્વરૂપ એવા આત્માનો ઉપઘાત કેમ કરી શકે ? અર્થાત્ જડ પદાર્થ ચેતન પદાર્થ પર અસર કેમ કરી શકે ?

**સમાધાન :** અનુભવગોચર પદાર્થમાં તર્ક ન હોય. ડાહ્યા માણસની મતિ પણ જડ એવા મદ્યાદિ પદાર્થના પાન વડે ઉપઘાત પામે છે, તે પ્રત્યક્ષ છે. અશાતાથી પીડાતું ચેતન જીવદ્રવ્ય જડ એવી પૌદ્ગલિક ઔષધિના પાન વડે શાતા પામે છે, તે પ્રત્યક્ષ છે. આથી જડ એવું કર્મદ્રવ્ય ચેતન એવા આત્મદ્રવ્યને બાધક થાય છે અને પોતાનો શુદ્ધ સ્વભાવ વૈભાવિક અશુદ્ધ સ્વરૂપ ધારણ કરે છે તે બિલકુલ સંગત અનુભવસિદ્ધ પ્રક્રિયા છે.

---

( અનુસંધાન પાના ૧૩૮થી ચાલુ )

સુધી જવાને બદલે પોતાની નજીકના કેન્દ્રમાં લાભ મેળવી શકે.

દેશવિદેશથી સંસ્થાના કાર્યને જોવા આવનારાંઓએ અહીં પ્રેમભાવથી માનવતાનું જે મહાન કાર્ય થઈ રહ્યું છે તેની મુક્તકંઠે પ્રશંસા કરી છે. કરુણામૂર્તિ મધર ટેરેસાએ જ્યારે આ સંસ્થા જોઈ ત્યારે કહ્યું, 'વિકલાંગોને નવી આશા આપતા આવા સુંદર કાર્યને પરમાત્માના આશીર્વાદ પ્રાપ્ત થાઓ.'

સામાન્ય સાધનો વડે, દેશી કારીગરોની મદદથી ધગશવંતા કાર્યકરો વિકલાંગો માટે કેવી સેવા કરી શકે તેનો અણસાર અહીં નજરે જોયા વિના આવવો મુશ્કેલ છે.

જયપુરના જૈન ભાઇઓએ આવા પ્રકારની સંસ્થા ઊભી કરી ધર્મ તથા સેવાને એકબીજા સાથે વણી લઇ શ્રી મહાવીર પ્રભુનું નામ દેશ-પરદેશમાં પણ ઉજ્જવળ બનાવ્યું છે. જૈન ધર્મની અને અન્ય ધર્મની સર્વ સંસ્થાઓને આ સંસ્થામાંથી સુંદર માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

અનેક નિરાધાર દુઃખી અપંગોને સ્વાશ્રયી જીવન જીવવાની અનુકુળતા કરી આપતી આ સંસ્થા આશીર્વાદ સમાન છે. દીનદુઃખી માનવો માટેની સેવાનો ભાવ જેમના હૈયામાં યત્કિંચિત રહેલો હોય એવાં સૌ માટે જયપુરની આ સંસ્થાની તીર્થયાત્રા અનેક નવી પુણ્યપ્રેરણાઓ જગાડનારી અવશ્ય થશે.

જયપુર યાત્રા માટે, ધંધા માટે, ફરવા માટે જનારા સર્વ કોઇને એકવાર આ સંસ્થા નજરે જોવા અત્યંત નમ્ર વિનંતી છે.

( તા. ક. :- કોઈ પણ સંસ્થા પોતાના ગામનાં પગે અપંગ એવાં દીનદુઃખી ભાઇબહેનોને જયપુર મોકલવા ઇચ્છતી હોય તો તેનું તે અંગેનું તમામ ખર્ચ 'દિવાળીબહેન મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ' આપવા તૈયાર છે. તેવી સંસ્થાઓને નીચેના સરનામે પત્રવ્યવહાર કરવા નમ્ર વિનંતિ છે.

શ્રીમતી આશાબહેન મહેતા,
દિવાળીબેન મોહનલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ. ૬/૬૧૦, પ્રસાદ ચેમ્બર્સ; તાતા રોડ, નં. ૨, સ્વદેશી મીલ કમ્પાઉંડ, ઓપેરા હાઉસ, મુંબઈ ૪૦૦ ૦૦૪.

## સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

૧૯૮૩ના વર્ષના ઘણા સભ્યોના લવાજમો હજુ બાકી છે. લવાજમના રૂા. ૨૫/- સંઘના કાર્યાલયમાં સત્વરે મોકલી આપવા નમ્ર વિનંતિ. પણ પણ વ્યાખ્યાનમાળામાં તો અવશ્ય લવાજમો ભરાય જ્યા છે, પણ આ વખતે ભરાયા નથી. તો મોકલી આપવા નમ્ર વિનતિ.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

# સ્વરૂપ શાસન

પનાલાલ જગજીવનદાસ ગાંધી

દરેક જીવનું પોતાનું મનોરાજ્ય છે. જે દરેક જીવનું પોતાનું શાસન અર્થાત્ સ્વરાજ્ય છે. દરેક જીવ પોતાના મનોરાજ્યમાં રાજ કરે છે. પરંતુ અનિત્ય દશા હોવાથી દુઃખી રહે છે. તેથી જ તીર્થંકર ભગવંતો 'સવિ જીવ કરું શાસન રસી'ની સર્વોત્કૃષ્ટ ભાવનાથી તે સર્વે જીવોને એમના મનોરાજ્યમાં, જે મોહ અને અજ્ઞાને કરીને બગાડો ઉત્પન્ન થયો છે, એમાં માર્ગદર્શન આપીને સુધારો કરવા જણાવે છે. 'વીતરાગી બનો અને સ્વરૂપ સુખને વેદો !' એમ તેઓશ્રી ફરમાવે છે.

નિશ્ચયથી–પરમાર્થથી દરેક જીવો પોતાના મનોરાજ્યમાં રહે છે. એટલે સુધી કે દેહમાં પણ નથી રહેતાં દેહ છુટે તો પોતે પોતાના મનોરાજ્યને સાથે લઈ જાય છે; અને બીજો દેહ ગ્રહણ કરે છે. મનોરાજ્ય એટલે જીવનો પોતાનો જ્ઞાન-દર્શન ઉપયોગ.

બીજું શાસન કરવાવાળા પોતે અપૂર્ણ છે, અને જે શાસિત થાય છે તે નિર્બળ છે. ગુન્હેગાર અને દોષયુક્ત છે.

જ્યાં અપૂર્ણતા હોય ત્યાં પરમાત્માપણું ન હોય. ગુન્હેગાર રાંક છે. રંક રાંક નથી. ગુન્હેગારને ક્ષમા માંગવી પડે છે, નમ્ર બનવું પડે છે અને આજીજી કરવી પડે છે. અહીં ગુન્હેગારનો અર્થ માત્ર રાજ્ય ગુન્હેગાર નથી કરવાનો. જે કોઈ દોષ સેવે છે, પરાધીન જીવન જીવે છે એ ગુન્હેગાર છે.

જીવ માત્રનું સ્વરૂપ સ્વાધીન છે, એટલે કે સ્વને આધીન છે. પોતે પરને આધીન નહિ અને પર પોતાને આધીન નહિ. જો તેમ હોય તો ઉભય રીતે જીવ પરાધીન કહેવાય. પોતે ન તો બીજાઓ ઉપર નિર્ભર છે, કે ન તો બીજાઓ વડે છે. કે ન તો બીજાઓ પોતા.

પોતે બીજાઓ વડે છે અને બીજાઓ પોતા વડે છે એવું જે સમજે તેનો તે ભાવ દેહભાવ છે. જે આવરણ છે. અને તે દોષરૂપ છે. એ ભાવને કાઢયા વિના જીવ પૂર્ણતાને પામી નહિ શકે. સ્વરૂપથી જીવ બળવાન બને અને સર્વદોષોને કાઢી નાંખે તો જીવ પૂર્ણતાને–વીતરાગતાને–સિદ્ધપણાને પામે.

ધર્મનું શાસન-ભગવાનનું શાસન ચાલે છે એટલા માટે કે પ્રત્યેક જીવ પોતાનું સ્વરૂપ સમજી લે, સ્વરૂપને નિરાવરણ એટલે કે આવરણ રહિત કરે, દોષ રહિત થાય, પોતાના સ્વરૂપ શાસનને પામે અને અંતે સ્વરૂપસુખનું વેદન–અનુભવન કરે.

બાકી ભગવાનનું શાસન ચાલે છે પરંતુ ભગવાન શાસન કરતાં નથી. ભગવાન અન્ય જીવો ઉપર શાસન કરી કોઇને દંડતા નથી કે કોઇને પ્રાયશ્ચિત આપતા નથી અને તેય બધાના બધાં જ ભાવો જાણતાં હોવા છતાં. એ તો સ્વરૂપની સમજણ આપી સ્વરૂપસુખનું વેદન કરવા પ્રેરે છે.

ભગવાનનું શાસન-ધર્મશાસન ચાલે છે આત્માને આત્માના સ્વરૂપની સમજણ આપી સ્વરૂપશાસન પ્રવેશ કરાવવા માટે. ધર્મશાસન આત્માને જણાવે છે; અર્થાત આત્માને આત્માની ઓળખ આપે છે કે...

'આત્મા સ્વાધીન છે ! આત્મા પૂર્ણ છે! આત્મા પ્રેમ-સ્વરૂપ છે! આત્મા નિત્ય છે! આત્મા સ્થિર છે ! આત્મા અરૂપી છે ! આત્મા અમુર્ત છે! આત્મા અનામી છે! આત્મા નિરપેક્ષ છે! આત્મા અમર છે! આત્મા અવિનાશી છે! આત્મા સ્વયંભૂ છે! આત્મા અક્ષય છે! આત્મા અનંતસુખી છે ! આત્મા સ્વયં પ્રકાશ સ્વરૂપ છે ! આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે !.....આદિ અનેક સ્વરૂપપર્યાયથી આત્મસ્વરૂપની ચિંતવના કરવી તેનું જ નામ સ્વરૂપ શાસન અને તે જ મોક્ષપુરુષાર્થ છે. એ વિચારણાથી મોક્ષની રૂચિ થશે અને વધશે. મોક્ષનું લક્ષ્ય દૃઢ થશે. સ્વરૂપ નિવારણ થશે અને આત્મા પરમાત્મા બનશે.

ધર્મશાસનમાં દાન, શીલ, તપ અને ભાવધર્મની વાતો આવશે. જેને સ્વરૂપ સાથે સાંકળીશું તો આત્મા સુખ સ્વરૂપ

(ક્રમશઃ)

## સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની પુણ્યતિથિ નિમિતે

## 'સમયચિંતન' ગ્રંથનો પ્રકાશન સમારોહ

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા લેખોનું પુસ્તક 'સમય-ચિંતન'નો પ્રકાશનવિધિ બુધવાર તા. ૯-૧૧-૮૩ના રોજ સાંજના ૬-૧૫ વાગે. પાટકર સભાગૃહ (ન્યુ મરીન લાઈન્સ)માં યોજવામાં આવેલ છે.

આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડો. ઉષાબેન મહેતા શોભાવશે.

- અતિથિવિશેષ : શ્રી વસનજી લખમશી શાહ
- પ્રાસંગિક પ્રવચનો :
  - ડો. રમણલાલ ચી. શાહ
  - શ્રી વાડીલાલ ડગલી
  - શ્રી કેશવલાલ એમ.. શાહ (એડવોકેટ)
  - ડો. રામુ પંડિત

કાર્યક્રમની શરૂઆત શ્રીમતી ભાગેશ્રી પરીખના ભક્તિસંગીતથી થશે.

સૌને આ પ્રસંગમાં સહભાગી થવા અમારું ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.

કાર્યાલય :
૩૮૫, સરદાર વી. પી. રોડ
પ્રાર્થના સમાજ
મુંબઇ–૪૦૦૦૦૪
ફોન : ૩૫૦૨૯૬

લી. આપના
ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ
મુંબઇ જૈન યુવક સંઘ

# અપંગો માટે આશીર્વાદરૂપ જયપુરની સંસ્થા

શ્રી કિરણભાઈ

નજરે જોયા વિના માની ન શકાય એવી આ વાતો છે. જે અપંગને બનાવટી પગ બેસાડેલો હોય તે ઝાડ ઉપર ચડી જાય, બેતરમાં મજૂરીનું કામ કરી શકે, સાયકલ ચલાવી શકે અને જોનાર સમજી ન શકે કે તેના પગે કંઈક ખામી છે.

ભગવાન મહાવીર પ્રભુની ૨૫૦૦મી નિર્વાણ સંવત્સરી ઊજવવા ઈ. સ. ૧૯૭૫ની ૩૦મીએ 'ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ'ની સ્થાપના જયપુરમાં કરવામાં આવી. ત્યાંની 'સવાઈ માનસિંહ મેડીકલ કૉલેજ' અને 'હોસ્પિટલ' સાથે આ સંસ્થા કાર્યમાં સંકળાયેલી છે.

શ્રી મહાવીર પ્રભુની અનુકંપા તથા કરુણાની આજ્ઞાને અનુસરી નાતજાતના ભેદભાવ વિના સર્વ કોઈ દીનદુઃખી વિકલાંગની સેવાદ્વારા નવપુણ્યનું જવલંત ઉદાહરણ અહીં પ્રાપ્ત થાય છે. આ સંસ્થા કોઈપણ પ્રકારનું મહેનતાણું લીધા વિના વિકલાંગ વ્યક્તિઓને દવાની, રહેવાની, ખાવા-પીવાની તથા પગ બેસાડવાની સેવા કરે છે.

અહીં નિત્ય સવારે સર્વધર્મની પ્રાર્થનાઓ કરવામાં આવે છે. આ સંસ્થા જૈનોએ ઊભી કરેલ હોવા છતાં સર્વધર્મની પ્રાર્થના સાંભળનાર સર્વ કોઈમાં જાણે એક જ કુટુંબનાં સર્વ સભ્ય હોય એવી જ ઐક્યની પ્રેમભાવના જાગૃત રહે છે.

આ સંસ્થાના પ્રાણસમા ડૉ. પી. કે. શેઠી દેશવિદેશમાં સુવિખ્યાત ઓર્થોપેડિક સર્જન છે. તેમના સહયોગી ડૉ. કાસલીવાલ અને શ્રી માસ્ટરજી રામચંદ્ર વગેરેએ આ કાર્યને પોતાનું જીવન સમર્પિત કર્યું છે. શ્રી રાજરૂપજી ટાંક, હીરાચંદજી જૈદ, શ્રી ડી. આર. મહેતા વગેરે ટ્રસ્ટીઓનો સેવાનો અંતરંગભાવ તથા સંસ્થા માટે ઉત્સાહ અત્યંત પ્રશંસનીય છે.

રાજસ્થાનમાં જયપુરમાં વિકલાંગો માટે સેવાનું એવું સુંદર આ કાર્ય ચાલી રહ્યું છે, જે નજરે જોઈને સૌ કોઈને પ્રેરણા પ્રાપ્ત થાય.

કાશ્મીર, કેરલા, ગુજરાત, આસામ-ભારતભરમાંથી અપંગો અહીં આવે છે. અત્યાર સુધી કોઈને ના પાડવામાં આવી નથી. અહીં દીનદુઃખીનું ગૌરવ સાચવવામાં આવે છે. દૂરદૂરથી આવતાં દર્દીઓ પ્રત્યે અહીંની દરેક વ્યક્તિનો વર્તાવ સદ્‌ભાવભર્યો હોય છે. દર્દીઓના મોઢા પર પ્રસન્નતા વર્તાય છે, અહીં અસહાય અવસ્થામાં આવનાર વ્યક્તિ સ્વાશ્રયી થયાનો આનંદ અનુભવે છે. પગ બેસાડતાં અગાઉ જે અપંગ ભાઈ-બહેન લાચારી અનુભવતાં હતાં તેમનો પગ બેસાડયા પછી તેમને અહીં-સંસ્થામાં-દશ-પંદર દિવસ નવો પગ પહેરવાના મહાવરા માટે રાખવામાં આવે છે કે જેથી તેઓને નૈતિક બળ અને મનોબળ પ્રાપ્ત થાય. પોતે સામાન્ય માનવી જેવું જીવન જીવી શકશે, પોતાના જીવનનિર્વાહ માટે કામ કરી શકશે એવી માનસિક દૃઢતા કેળવાય, પોતામાં વિશ્વાસ જાગે. નવો પગ બેસાડી પોતાને ગામ પાછાં ફરનારના મુખ ઉપર આનંદ તરવરે છે અને આવાં ભાઈ-બહેનોની શ્રદ્ધા-ઈશ્વરમાં, પ્રાર્થનામાં, માનવતામાં વધતી જાય છે.

દરદીઓના સ્વચ્છ બીછાના તથા સ્વચ્છ ભોજનસામગ્રી-પ્રેમભાવથી પીરસાતાં દાળ, ચપાટી, કઠોળ, છાશ, ભાત વગેરે જોઈને ખુશી થાય છે. આવનાર દર્દીને એક નવો અંગૂછો, પ્લાસ્ટીકની નવી ડીશ, વાટકી, મંજન તથા ભગવદ્‌ભક્તિ માટે માળા આપવામાં આવે છે. પોતાને ઘેરે સમાચાર પહોંચાડી શકે તે માટે પોસ્ટકાર્ડ અપાય છે.

જયપુરમાં તૈયાર થતા આ આર્ટિફિશિયલ પગ વજનમાં હલકા તથા વિશેષ ટકાઉ હોય છે. અપંગને આ પગ બેસાડયા પછી કુદરતી પગ હોય એ પ્રમાણે લાગે છે. એક અપંગ જોને આવો બનાવટી પગ બેસાડયો હતો તેણે પીઠ ઉપર એક યુવાન છોકરાને ઉપાડયો અને ત્યાર પછી એ દોડયો. આથી સમજાય છે કે વજન ઊંચકવાનું કે મજૂરી કરવાનું મુશ્કેલ કામ પણ જયપુરમાં પગ બેસાડયા પછી થઈ શકે છે. આપણે જોઈએ તો કુદરતી પગ હોય એવું જ લાગે. આ બનાવટી પગ મજબૂત હોય છે, વોટરપ્રુફ હોય છે, એ પગે બુટમોજાં પહેરવા હોય તો પહેરી શકાય.

સંસ્થામાં કેટલાક અપંગો જેમના નવા પગ બેસાડેલા છે તેઓ પોતે જ કામ કરે છે. તેમનું સ્વાશ્રયીપણું આપણને સ્પષ્ટ દેખાય છે. અપંગને નવો પગ બેસાડયા પછી તે પોતાના બળ ઉપર બોજો ઊંચકી ચાલી શકે, પોતે જે ધંધો કરતો હોય તે સહજપણે કરી શકે. બેહુત હોય તો બેતરમાં હળથી બેડી શકે, કુંભાર હોય તો માટી ગુંદી શકે, તેને નવો ધંધો શોધવો ન પડે. નવો એક પગ બેસાડયો હોય કે પગ બેસાડયા હોય તેઓ પણ પલાંઠી વાળીને જમીન ઉપર બેસી શકે છે. 'જયપુર ફૂટ' થી એક અપંગ માનવી ઊંચું મસ્તક રાખીને ગૌરવથી સ્વતંત્ર જીવી શકે છે.

પોલીઓ વિગેરે કારણોથી જેમને પગ બેસાડી ન શકાય એવું હોય એવાં દીનદુઃખીને સ્વાશ્રયી બનાવવાની ક્રિયાની સહાયતા માટે Rehabilitation centre હાથગાડી અપાવી તેઓ પોતે જાતે જ કંઈ ધંધો કરી શકે તેની અનુકૂળતા કરી આપે છે.

વિકલાંગોને સહાયરૂપ થવા માટે કોઈ વ્યક્તિ કે સંસ્થા બીજે કયાંય આવા કેન્દ્રો ચાલુ કરવા ઇચ્છતી હોય તો એક સર્જન જે પોતાની અનુકૂળતા પ્રમાણે અઠવાડિયે એક કે બે વખત આવે. તે વ્યક્તિ કે સંસ્થા પાસે એક સ્થાયી ઓર્થોપેડિક ડૉક્ટર, એક સુથાર, એક મોચી અને એક લુહાર અવશ્ય જોઈએ. જયપુરની આ સંસ્થા આ સર્વેને તાલીમ આપવા તત્પર છે.

સંસ્થાને વરસે રૂા. ૧૫ લાખનો ખર્ચ થાય છે. સરકાર તરફથી રૂપિયા આઠ લાખની ગ્રાંટ મળે છે. બાકીના પૈસા સંસ્થાએ ભેગા કરવાના રહે છે.

જયપુરના ડૉ. શેઠી તથા ડૉ. કાસલીવાલાના સહકારથી ગુજરાત, સૌરાષ્ટ્ર તથા મહારાષ્ટ્રમાં જુદી જુદી જગ્યાએ આવાં કેન્દ્ર શરૂ કરવાનું શક્ય છે કે જેથી અપંગો જયપુર

(અનુસંધાન પાનું ૧૩૬ ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 84
Licence No. 137

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, તા. ૧૬-૧૧-૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ભ્રામક ઉક્તિઓ

રમણલાલ ચી. શાહ

સત્યનું સંપૂર્ણ દર્શન અત્યંત દુર્લભ અને વિરલ છે. સત્યના આંશિક દર્શનને સંપૂર્ણ દર્શન માનવાની ઉતાવળ ઘણીવાર થાય છે. ક્યારેક સત્યના દર્શનનો કેવળ ભ્રમ હોય છે. ભાષામાં વ્યક્ત થયેલા સત્યાભાસને પારખવાની શક્તિ બધાંની પાસે હોતી નથી. સામાન્ય માનવ એથી કેટલીક વખત ખોટી રીતે દોરવાઈ જાય છે.

સત્યના આંશિક દર્શનમાં અપેક્ષા-ભેદ એ ઘણી મહત્ત્વની બાબત છે. એક અપેક્ષાએ જે સત્ય હોય તે અન્ય અપેક્ષાએ ન પણ હોય. અથવા અપૂર્ણ પણ હોય. એક વ્યક્તિ માટે, એક સમાજ માટે, એક રાષ્ટ્ર માટે એક પ્રસંગ કે પરિસ્થિતિ માટે જે વાત સાચી હોય તે અન્ય વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર કે પરિસ્થિતિ માટે કદાચ સાચી ન પણ હોય. ક્યારે વિભિન્ન પરિસ્થિતિ માટેનાં વિધાનો પરસ્પર અસંગત પણ હોઈ શકે. આપણી ઘણી કહેવતો, ઉક્તિઓ, રૂઢપ્રયોગો ઇત્યાદિમાં આવું જોઇ શકાય છે. 'ન બોલ્યામાં નવ ગુણ' અને 'બોલે તેનાં બોર વેચાય' જેવાં વાક્યો પરસ્પર વિરુદ્ધ છે, છતાં અમુક અપેક્ષાએ એમાં સત્ય પણ છે. પુરોગામી પ્રજ્ઞાઓનાં અનુભવ અને ડહાપણનું નવનીત આપણને આવી ઉક્તિઓમાં સાંપડે છે.

જગતમાં સમયે સમયે નવા નવા ચિંતકો દ્વારા નવી નવી ઉક્તિઓ સાંપડતી રહે છે. એમ કહેવાય છે કે અત્યાર સુધીમાં જગતના મહાન ચિંતકોએ એટલા બધા વિચારો આપણને આપ્યા છે કે નવા વિચારોને કોઇ અવકાશ નથી. નવી ભાષા અને નવી ભંગિનો સ્વાંગ સજીને જે વિચારો અભિવ્યક્ત થાય છે તે નવા લાગે છે, પરંતુ તેનાં મૂળ આપણા પ્રાચીન ગ્રંથોમાં કયાંક ને કયાંક મળી રહે છે.

જીવન સતત પરિવર્તનશીલ છે, એટલે નવા સંદર્ભમાં નવી ઉક્તિઓ વખતોવખત પ્રચલિત બનતી રહેવાની. પરંતુ ક્યારેક ભ્રામક ઉક્તિઓ પણ પ્રચલિત બને છે અને એવી અખરાક ઉક્તિઓ દ્વારા સમાજ ક્યારેક ગેરમાર્ગે દોરવાય છે. હમણાં મુંબઇમાં એક જાહેર સ્થળ ઉપર બહુ મોટા અક્ષરે લખાયેલી આ પ્રમાણે ઉક્તિ વાંચવામાં આવી: 'A humble sinner is better than a proud saint.' એટલે કે એક અભિમાની સંત કરતાં એક વિનમ્ર પાપી વધુ સારો છે. આ ઉક્તિ જાણે કે પાપ અને પાપીનું ગૌરવ કરતી હોય તેવી ભાસે છે. એના વિશે ઊંડો વિચાર ન કરનાર માણસ, વિનમ્ર બનીએ તો પાપ કરવામાં કશું ખોટું નથી, એવો ભ્રમ સેવવા લાગે છે.

આ ઉક્તિને અખરાક બનાવવા માટે પરસ્પર વિરુદ્ધ એવા શબ્દો સામસામે મૂકીને એક પાસાને ચઢિયાતું બતાવવાનો મિથ્યા પ્રયત્ન છે. એક પક્ષે સંત અને બીજે પક્ષે પાપી છે. પરંતુ સંતને પક્ષે અભિમાન અને પાપીને પક્ષે વિનમ્રતા મૂકીને તુલના કરવામાં આવી છે અને પાપીને ચઢિયાતો બતાવવામાં આવ્યો છે. અભિમાન કરતાં વિનમ્રતા એ ચડિયાતો ગુણ છે, પરંતુ એટલા માત્રથી પાપી ચડિયાતો બની નથી જતો.

પ્રથમ દૃષ્ટિએ જોઇએ તો જે સંત હોય છે તે અભિમાની હોતા નથી અને જે અભિમાની હોય છે તે સંતની કોટિ સુધી પહોંચી શકતા નથી. કહેવાતા સાધુઓ કે ઢોંગી સાધુઓ અને સંત વચ્ચે ફરક છે. તેવી રીતે સંત અને સંત વચ્ચે પણ ફરક હોય છે. કેટલાક સાધારણ ઉચ્ચ કોટિના અને કેટલાક ઉચ્ચતમ કોટિના સંત હોય છે. સારા સાધુઓ પણ ક્યારેક ક્રોધ, અભિમાન, લોભ ઇત્યાદિ કરી બેસે છે. પરંતુ એમનામાં જો સાચું સાધુપણું હોય તો તે માટે તેમને તરત પશ્ચાત્તાપ થાય છે. તેઓ પોતાના એ દુર્ગુણનો તરત સક્ષમા એકરાર કરી લે છે અને ફરીથી એવો દુર્ગુણ પોતાનામાં ન આવી જાય તે માટે જાગૃત રહે છે. સાધુસંતોનું એ લક્ષણ છે. જો આ લક્ષણ ન હોય તો તેમનામાં સાચું સાધુપણું પ્રગટયું નથી, માત્ર વેષથી જ તેઓ સાધુ છે એમ કહી શકાય.

કેટલા બધા સદ્‌ગુણો હોય ત્યારે માણસ સંતની કોટિએ પહોંચે છે! અભિમાન જેવો એકાદ દુર્ગુણ બધા સદ્‌ગુણોનો નાશ કરે છે એમ નહિ કહી શકાય. એક દુર્ગુણમાંથી બીજા દુર્ગુણો પ્રગટે છે અથવા સદ્‌ગુણો ઉપર એની અવળી અસર પડે છે તે સાચું છે, પરંતુ એ તો ક્રમે ક્રમે થતી ભવિષ્યની ઘટના છે. બધાંનાં જીવનમાં એ ન પણ બને.

એક પાપી માણસ માત્ર નમ્ર બને એથી એ પાપી મટી જતો નથી. ક્યારેક પોતાનાં પાપોને છુપાવવા માટે માણસ નમ્રતાનો અંચળો ધારણ કરતો હોય છે. (नमन नमनमें भेद है बहुत नमे नादान ।) પાપી ખરેખર વિનમ્રપણું

હોઈ શકે. ક્યારેક તે પોતાનાં પાપોનો બીજાની સમક્ષ એકરાર પણ કરી લેતો હોય છે. એનામાં સરળતાનો ગુણ હોઈ શકે છે. પરંતુ આવા એકાદ-બે સદ્‌ગુણોને કારણે એના બીજા બધાં જ દુર્ગુણો મટી જાય છે એમ ન કહી શકાય. જે પાપ છે તે તો છેવટે પાપ જ છે. કેટલાક પાપીઓ પાપનો નમ્રતા-પૂર્વક એકરાર કરતા જતા હોય છે, પરંતુ ફરી પાછી તેમની પાપપ્રવૃત્તિ તો ચાલ્યા જ કરતી હોય છે. ક્યારેક પાપના સ્વીકારની એમની નમ્રતા વખત જતાં અભિમાનમાં પરિણમતી હોય છે. મનુષ્યનું એમની ચિત્ત કેટલીક વખત ન સમજાય એવા વળાંકો લેતું હોય છે.

સંતમાં એક દુર્ગુણ અને પાપીમાં એક સદ્‌ગુણ એટલા માત્રથી પાપી સંતથી ચઢિયાતો છે એમ કહેવું એ ભ્રમણામાં રહેવા બરાબર છે. આવી ભ્રામક ઉક્તિ લોકોને ગેરમાર્ગે દોરી જાય છે.

જેમ સંતની બાબતમાં તેમ પાપીની બાબતમાં પણ જુદી જુદી કોટિ હોય છે બે-પાંચ પૈસાની ચોરી કરનાર પણ પાપી અને પાંચ-પંદરનાં ખૂન કરનાર પણ પાપી. હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, નિંદા, ક્રોધ, અભિમાન, લોભ, કપટ ઇત્યાદિ વિવિધ પ્રકારના દુર્ગુણોની તરતમ કોટિ પાપીઓમાં હોય છે. આ બધાંઓને માત્ર વિનમ્રતાના ગુણને કારણે સંત મહાત્માઓ કરતાં ચઢિયાતા બતાવી દેવા એ તદ્દન અયોગ્ય છે.

પરિવર્તનશીલ જીવન કેટલાકની બાબતમાં વિકાસ તરફ ગતિ કરે છે, તો કેટલાકને અધોગતિ તરફ દોરી જાય છે. ચોર, ડાકુ, લુંટારા સંત બન્યાના કેટલાક દાખલા (વાલ્મીકિની જેમ) જોવા મળે છે; તો બીજી બાજુ કેટલાક સાધુસંતોનું અધઃપતન થયું હોય તેમ પણ જોવા મળે છે. પરંતુ આવા અપવાદરૂપ દાખલાઓ પણ પાપી સંત કરતાં ચઢિયાતો છે, એવું સિદ્ધિ ન કરી શકે. એક સદ્‌ગુણમાંથી બીજા સદ્‌ગુણો પ્રગટ થાય અને એક દુર્ગુણોમાંથી ઘણા દુર્ગુણો પ્રગટે એવું ક્યારેક બને છે, પરંતુ તે તો ભવિષ્યની વાત છે અને બધાંનાં જીવનમાં તેવું ન પણ બને. એટલે પેલી ઉક્તિ તો તદ્દન નિઃસંગત ઠરે છે.

ભોળા લોકો ચબરાક ઉક્તિથી અંજાઇ જાય છે. એમાં પણ પોતાના દુર્ગુણોનો બચાવ કરનાર ઉક્તિ એમને વહાલી લાગે છે. મુંબઇમાં એક શાયરને સભાઓમાં એમ કહેતાં સાંભળ્યા છે કે 'હું ધનવાન મટી ન જાઉં એટલા માટે કોઇ કોઇ વખત પાપ કરી લઉં છું.' આ ઉક્તિને તાળીઓના ગડગડાટથી વધાવી લેતા લોકોને પણ જોયા છે. પરંતુ કેટલી ભ્રામક અને સાદા-ભોળા લોકોને ઉન્માર્ગે દોરી જનારી આ ઉક્તિ છે!

સારું છે કે ભ્રામક ઉક્તિઓનું આયુષ્ય લાંબુ નથી હોતું!

## મુંબઇ જૈન યુવક સંઘ સંચાલિત 'પ્રેમળ જ્યોતિ' દ્વારા

# 'ટેલીફોન બુથ' નો ઉદ્‌ઘાટન વિધિ

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સંચાલિત 'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિ, મુંબઇના સામાન્ય સ્તરના, અપંગ, અંધ, વિકલાંગ, લોકો માટે, તેઓ પગભર થાય, તેમના જીવનમાં પ્રકાશ પથરાય અને તેઓ આર્થિક ચિન્તામાંથી મુક્ત બને, તેવા પ્રામાણિક પ્રયત્નો કરી રહેલ છે. 'પ્રેમળ જ્યોતિ', તાલીમ પામેલા અંધજનોને પગભર કરવા આર્થિક સહાય કરે છે, સ્ટોલો કરાવી આપે છે. વૈદ્યકીય સારવાર માટે આર્થિક સહાય પણ, નાતજાતના ભેદભાવ વીના કરે છે.

હાલમાં આ પ્રવૃત્તિએ એક નવું પદાર્પણ કર્યું. મહુવાના રહીશ શ્રી પ્રવિણ સંઘવીનો એક પગ ગાડીના અકસ્માતમાં કપાઈ ગયો હતો. તેને જયપુર મોકલી (જયપુરની જે સંસ્થાનો ગતાંકમાં પરિચય આપવામાં આવ્યો છે) આર્ટીફીશિયલ પગ કરાવી આપ્યો અને તેનો જીવનનિર્વાહ ચાલુ થાય એ માટે તેને, એસ્પ્લેનેડ કોર્ટ-(મહાપાલીકા રોડ, કોટ)ના કમ્પાઉન્ડમાં એક ટેલીફોન બુથ કરાવી આપ્યું.

તા. ૨૮-૧૦-૮૩ના રોજ સાંજના, આને લગતો એક સિમિત આકારનો સમારંભ યોજવામાં આવ્યો હતો.

તેમાં ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ શ્રી સી. એલ. કોટવાળા ચીફ ગેસ્ટ તરીકે પધાર્યા હતા. ડો. રમણલાલ સી. શાહ, અધ્યક્ષસ્થાને હતા. અતિથિવિશેષો તરીકે, બોમ્બે સાથઉનાઇ ટેલીફોન વિભાગના એરિયા મેનેજર શ્રી નારાયણ સ્વામી, આર. ટી. ઇ. કમિટિ, નેબના સેક્રેટરી શ્રી જે. વી. સરૈયા, સોશ્યલ વર્કર શ્રી જગજીવન પી. શાહ પધાર્યા હતા. તેમજ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટો સર્વશ્રી સી. બી. વેલકર, એમ. ડી. મટકર, આર. એમ. પાટીલ, એમ. એસ. સોભાલકર, એલ. એલ. દેશપાંડે તેમજ અન્ય મેજીસ્ટ્રેટો તથા એડવોકેટોની ઉપસ્થિતિ હતી.

આ સમગ્ર આયોજન નેશનલ એસોસીએશન ફોર બ્લાઇન્ડના સહકારથી યોજવામાં આવ્યું હતું. તેના ઓફીસર ઇન-ચાર્જ શ્રી એમ. વી. મનગસુલીકરે સભાનું સંચાલન કર્યું હતું.

સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે ઓળખવિધિ કરી સૌને આવકાર આપ્યો હતો તેમ જ સંઘની પ્રવૃત્તિની જાણકારી આપી હતી.

હાજર રહેલા દરેક મહેમાનોએ ટુંકા પ્રવચનો દ્વારા આવી સમાજોપયોગી પ્રવૃત્તિને હૃદયના ઊંડા ભાવપૂર્વક બીરદાવી હતી અને સહાનુભૂતિ વ્યકત કરી હતી.

એન. એ. બી.ના પ્રમુખ શ્રી વિજય મરચન્ટ તેમની નાદુરસ્ત તબિયતના કારણે હાજર રહી શકયા નહોતા.

સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે રીબીન કાપી સ્ટોલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

મહેમાનોનું ચંદનહાર તેમજ બુકેદ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ સ્ટોલના ડોનર શ્રી સી. એન. વોરા ચેરીટેબલ ટ્રસ્ટનો આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી મનગસુલીકરે જણાવ્યું કે પ્રેમળજ્યોતિની પ્રવૃત્તિના પ્રાણસમા શ્રીમતી નીરુબેન શાહ તથા શ્રીમતી કમલબેન પીસપાટી રાતદિવસ જોયા વિના સેવા કરી રહ્યા છે તેનો હું સાક્ષી છું, તેમને અંતરના પ્રણામ.

મેજીસ્ટ્રેટ શ્રી કોટવાળ સાહેબે સંઘની પ્રવૃત્તિઓને બીરદાવી હતી અને અન્ય જાહેર સ્થળો તેમ જ સોસાયટીઓના કમ્પાઉન્ડમાં પણ આવા બુથો કરવા જોઇએ એવો અભિપ્રાય વ્યકત કરતા તેમણે જણાવ્યું કે આવા જાહેર બુથો લોકો માટે ખુબ જ આશિર્વાદરૂપ ગણાય.

સંઘસંચાલિત આ યોજનાનો જનતા સારી રીતે લાભ લે એવી સંઘના પ્રમુખશ્રીએ અપિલ કરી હતી.

સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સૌનો આભાર માન્યો હતો, તેમજ એન. એ. બી. ના ઓફીસર ઇનચાર્જ શ્રી મનગસુલીકરની સેવાની ભાવના અને વ્યવસ્થાશકિતને બીરદાવી હતી.

છેવટે ઠંડા પીણાંને ન્યાય આપી સૌ વિખરાયા હતા.

# જ્યોર્જ બર્નાર્ડ શોનું પ્રણયજીવન

© ડૉ. હસમુખ દોશી

કેટલાક સમય પહેલાં ગુજરાતના એક ટોચના કહી શકાય એવા કટાક્ષ લેખકે પાશ્ચાત્ય સાહિત્યસર્જકોના પ્રણયપ્રસંગો વિશે લેખ લખ્યો હતો. આ લેખ નિયમિત કટારરૂપે ગુજરાતના એક અગ્રણી દૈનિકમાં છપાયો હતો. તેમાં જ્યોર્જ બર્નાર્ડ શોના પ્રેમજીવન વિશે પણ થોડુંક વક્ર દૃષ્ટિએ લખવામાં આવ્યું હતું. તેમણે લખ્યું હતું કે શોના એક સમકાલીન વિચારકની પુત્રી બર્નાર્ડ શોને ખૂબ ચાહતી હતી. યુવતીનો પ્રેમ ઊંડો અને સહૃદયતાથી સભર હતો ત્યારે શોને માટે તે એક રમૂજ માત્ર હતી. એથી પ્રેમભંગ થઇ તીવ્ર આઘાતના આવેશમાં તે યુવતીએ આપઘાત કર્યો હતો !

આપણા પ્રતિષ્ઠિત લેખકો જ્યારે જ્યારે પશ્ચિમના લેખકો વિશે લખે, અને વિશેષ કરીને તેમના પ્રણયજીવન વિશે લખે ત્યારે તેમણે વધારે ગંભીર બનવું જરૂરી લાગે છે. ઉક્ત કટાક્ષલેખકને આપણે નમ્રતાપૂર્વક એટલું જ પૂછીએ છીએ કે તેમણે આ વાત કેવી રીતે જાણી ? આ વાત તેમણે કયા પુસ્તકમાં વાંચી ? તેનો લેખક કોણ છે ? તેઓ આ વિશે આધારભૂત માહિતી પૂરી પાડશે તો અમે તેમાં રહેલું સત્ય ચોકકસ સ્વીકારીશું અને તેમને અભિનંદન આપીશું. પરંતુ મારો ખ્યાલ છે ત્યાં સુધી શોના જીવનમાં આવું કદાપિ બન્યું જ નથી. તેમણે જે પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે તે શોના જીવનમાં બન્યો નથી પરંતુ કવિ શેલીના જીવનમાં બન્યો હતો. શેલીના સમકાલીન વિચારક ગોડવીનની પુત્રી મેરી ગોડવીન શેલીના ઊંડા પ્રેમમાં હતી. પરન્તુ શેલી કલ્પનાતીત સૌન્દર્યનો રસિયો હતો; એટલું જ નહિ, એવું સૌન્દર્ય કોઇ જીવંત યુવતીમાં મૂર્ત થાય તે જોવાની તેની આકાંક્ષા હતી. આ તેની સચ્ચાઈ હતી કે પછી દંભ હતો એ હું તો સમજી શકયો નથી ! પરન્તુ તેમ કરવા જતાં તેણે બે ચાર યુવતીઓનું જીવન બરબાદ કર્યું હતું અને તેમાં મેરી ગોડવીને પ્રેમભંગ થતાં આપઘાત કર્યો હતો. આમ એક સાહિત્યસર્જકના જીવનની ઘટના બીજા સર્જકના જીવનમાં આરોપી દેવામાં ઔચિત્ય કેટલું ?

શોના પ્રેમજીવન વિશે ત્રણેક વર્ષો પહેલાં ઉકત અગ્રણી દૈનિકમાં જ બીજા કોઇ લેખકે વળી સમજ્યા વિના કૂવે તેમ ધસડયું હતું અને શો જેવા એક મહાન આત્માની હલકી હાંસી ઉડાવી હતી. અલબત્ત ત્યાં પણ કોઇ યુવતીએ શોના પ્રેમમાં પાગલ બનીને આપઘાત કર્યો હતો એવો નિર્દેશ નહોતો !

વસ્તુત : શોનું ચારિત્ર્ય અને વિશેષ તો તેનું પ્રેમજીવન અલૌકિક હતું. તેને બાલપણથી પ્રેમ મળ્યો નહોતો. એટલે તે પ્રેમનો ઘણો ભૂખ્યો હતો. કુટુંબમાં વાત્સલ્ય વિનાનું વાતાવરણ હતું. તેના પિતા પુષ્કળ દારુના ઘેનમાં ચકચૂર રહેતા અને કમાતા નહોતા એટલે તેની માતા શોની માતૃભૂમિ ડબ્લીન છોડીને લંડન આવી. તે કુશળ સંગીતકાર હતી એટલે સંગીત દ્વારા તે પોતાની આજીવિકા ચલાવતી હતી. તેની સાથે તેની બે પુત્રીઓ હતી. મોટી પુત્રી લ્યુસી સ્વતંત્ર સ્વભાવની અને ખૂબ મહત્ત્વાકાંક્ષી હતી; જ્યારે નાની પુત્રી એલિનોર વીસ વર્ષની ઉંમરે અવસાન પામી. શો પોતે ડબ્લીનમાં સામાન્ય કારકૂન હતો. કારકૂનીથી કંટાળીને તે પોતાની માતા પાસે લંડન આવ્યો. પરંતુ ત્યારેય સંગીત સેવી માતા અને મહત્ત્વાકાંક્ષી આઝાદ બહેન પાસેથી તેને પ્રેમ મળ્યો નહિ. અલબત્ત, માતાએ તેનામાં સંગીતના ઉચ્ચ સંસ્કારો મૂકયા, જે શોના જીવનપર્યંત જળવાઇ રહ્યા. પરંતુ એથી કરીને શોની માનસિક સંપત્તિમાં કોઈ વધારો થયો નહિ, એટલું જ નહિ, વાત્સલ્ય અને પ્રેમને ઝંખતું તેનું હૃદય તો અતૃપ્ત જ રહ્યું. કુટુંબજીવનમાં તેને જે હુંફ મળવી જોઇએ તે મળી નહિ. શો કોઇ ઉન્નત આત્મા હતો અને એટલે જ ઉચ્ચ પ્રેમની ઝંખનાથી એ ભરેલો હતો.

શોની માતા સંગીતનું શિક્ષણ આપતી હતી. સ્વાભાવિક રીતે તેના સંગીતના વર્ગોમાં યુવતીઓની સંખ્યા વધારે હતી. શો ત્યારે યુવાન હતો અને તેની માતાનો એક માત્ર પુત્ર હતો. તે સ્વરુપવાન નહોતો પણ તે ઘણો બુદ્ધિશાળી હતો. બૌદ્ધિક પ્રતિભા માણસને એક જુદા જ પ્રકારનું રુપ આપે છે એ તો ચોકકસ છે. શોના સમગ્ર વ્યકિતત્વમાં આવી બૌદ્ધિક પ્રતિભા લખલખી રહી હતી. માતા પાસે સંગીત શીખવા આવતી ઘણી યુવતીઓ તેના પ્રત્યે આકર્ષાયેલી હતી અને તેમ બનવું સ્વાભાવિક હતું. પરન્તુ ઉપર નોંધ્યું તેમ શોના પ્રેમ વિશેના ખ્યાલો ઘણા ઉચ્ચ હતા—જે ઉન્નત આત્માઓમાં જ સંભવી શકે. શોને સ્ત્રીઓ પ્રિય હતી પરન્તુ જે પ્રેમને તે ઝંખતો હતો તે કોઇ યુવતીમાં મૂર્ત થતો તેને લાગ્યો નહિ હોય. તેની માતા પાસે એક યુવાન વિધવા પણ સંગીત શીખવા આવતી અને તેને યુવાન શોનું ખૂબ આકર્ષણ હતું. પણ શોને આકર્ષણ નહિ, પ્રેમ જોઇતો હતો. પરિણામે પેલી યુવાન વિધવાની ઝંખના પરિતૃપ્ત થઇ નહિ. શોએ પોતે થોડાં વર્ષો પછી આ જ અનુભવોને પોતાની એક કોમેડી 'ફીલેન્ડ્રાર'માં અભિવ્યકિત આપી છે.

આમ શોને કેટલીક યુવતીઓ જરુર ચાહતી હતી, પણ શોને જે ઉચ્ચ પ્રેમની ઝંખના હતી તે તૃપ્ત કરી શકે એવી કોઈ યુવતીની બૌદ્ધિક કે સાત્ત્વિક પ્રતિભા નહોતી. અને પ્રેમ એકપક્ષી હોય તેની કોઇ અર્થ નથી. અપ્રિય પાત્રને ચાહવાનું દાખણ તો કોઇને થઈ શકે નહિ.

યુરોપમાં યુવક યુવતીઓને સહવાસની પુષ્કળ તકો મળતી હોય છે કેમકે તેમણે પોતાએ જ જીવનસાથીની પસંદગી કરવાની હોય છે. વળી તેમાંય શોની માતા સંગીનવિશારદ હતી એટલે તેને ઘણી શિષ્યાઓ હતી. શો એ બધીના પરિચયમાં આવ્યો હોય એ સ્વભાવિક છે, પરંતુ તેને કોઇ પ્રત્યે પ્રિયતમા જેવો ભાવ જાગ્રત થયો નહિ એ હકીકત છે. આવા સહવાસના પ્રસંગોને આપણા અજ્ઞાન કટારલેખકો 'ફ્લર્ટીંગ'માં ખપાવે એ સ્વાભાવિક છે. પરન્તુ શોના જીવનમાં 'ફ્લર્ટીંગ'ને કોઈ સ્થાન નહોતું. તેનું હૃદય ઉચ્ચ પ્રેમની ભાવનાથી ભરેલું હતું—અને જે પ્રેમ કદાચ તેને જીવનપર્યંત મળ્યો જ નહિ !

મળ્યો જ નહિ ? હા, ના જ મળ્યો.

યુવાન શો સ્વાધ્યાયથી પંડિત બનવા લાગ્યો. તેણે ઉચ્ચ શિક્ષણ તો શું, માધ્યમિક શિક્ષણ પણ નહોતું લીધું. છતાં આપમેળે તે રાજકારણ જેવા જટિલ વિષયનો ઉત્તમ જ્ઞાતા બની શકયો હતો. એ વખતે કાર્લ માર્કસનું 'દાસ કેપીટલ' વાંચનારા જે થોડાક વિદ્વાનો હતા તેમાં શો એક હતો અને તેના અભ્યાસને પરિણામે શોને સમાજવાદી વિચારસરણી પ્રત્યે પક્ષપાત થયો. એ વખતના ઇંગ્લાંડની પ્રખ્યાત ફેબિયન સોસાયટીનો તે સક્રિય સભ્ય બન્યો. ફેબિયન સોસાયટી

સમાજવાદી વિચારો માટે ખૂબ પંકાયેલી હતી અને ઇંગ્લાંડ ઉપર તેનો વ્યાપક પ્રભાવ હતો. અહીં શો એનીબિસેન્ટ અને શ્રીમતી બીયેટ્રિસ વેલ તેમજ બીજી થોડી પ્રતિભાશાળી મહિલાઓના પરિચયમાં આવ્યો. બીયેટ્રિસ વેલ સીડની વેલનાં પત્ની હતાં અને શોને ખૂબ ચાહતાં હતાં. પરન્તુ તે લાગણી મૈત્રીની હતી, પ્રેમની નહિ. શોએ પોતાની આત્મકથા જેવી નાનકડી ધડતરકથામાં એક સ્ત્રીમિત્રનો ફોટોગ્રાફ મૂકયો છે તેમાં એનીબિસેન્ટ કે બીયેટ્રિસ વેલનો ફોટોગ્રાફ નથી. એટલે શોને તેમના પ્રત્યે જે કંઇ લાગણી હતી તે બહુ ઊંડી નહોતી તેમ સમજાય છે.

વીસેક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના એક માતબર વર્તમાનપત્રે શ્રીમતી એનીબિસન્ટ સાથેના શોના 'રોમાન્સ' વિશે લેખ પ્રગટ કર્યો હતો. તેના વિરોધમાં આ લખનારે તે લેખના સમર્થનરુપે શ્રધ્ધેય સામગ્રીની માંગણી કરેલી પણ તે લેખના લેખિકા કે પત્રના તંત્રી તેની રજૂઆત કરી શકયાં નહોતાં. એટલે એ કહેવાતો રોમાન્સ માત્ર અફવા જ હતી તેમાં શંકા નથી. અને માની લઇએ કે શો અને એનીબિસેન્ટ પ્રેમમાં હતાં તો પણ શો ત્યારે કુંવારો હતો, અને પાશ્ચાત્ય દેશોમાં તો લગ્ન માટે યોગ્ય પાત્ર શોધવાની આ જાણીતી પ્રણાલિકા છે. આમ છતાં, એ પ્રેમમાં બહુ ઊંડાણ નહિ હોય તે ઉકત લેખ ઉપરથી જ સ્ફુટ થતું હતું અને શોના પહેલાંના કે મરણોત્તર ચરિત્રગ્રંથોમાં પણ આ વિગત કયાંય વાંચવા મળી નથી.

શ્રીમતી બીયેટિસ વેબ સમજતાં હતાં કે શો ખૂબ બુદ્ધિશાળી, પુરૂષાર્થી અને સખત પરિશ્રમ કરનાર વ્યકિત છે. પણ તે અંતરથી એકલો છે. તેણે હવે લગ્ન કરવું જ જોઇએ. પરંતુ શોને કોઈ યુવતી પસંદ પડતી નહોતી. તેમજ એ પણ એટલું જ સાચું છે કે જે પ્રતિભાસંપન્ન વ્યકિતનું મન બૌધ્ધિક પ્રવૃત્તિઓમાં રોકાયેલું હોય અથવા તો જેનું મન કલાસર્જન કે સમાજસેવા પ્રત્યે વળ્યું હોય તેવી વ્યકિતને સેકસનો બહુ વિચાર આવતો નથી. મને હંમેશાં એમ લાગ્યું છે કે શો અન્તરથી પ્રેમના ખૂબ ખૂબ વિચારો કરતો હતો, પ્રેમ માટે તડપતો હતો, પરન્તુ જે યુવતીઓના સંપર્કમાં તે આવતો હતો તેમાંથી કોઇ તેની ભાવનાઓને મૂર્ત કરી શકે એમ નથી તેમ તેને લાગ્યું હતું. તેના યુવાન તંદુરસ્ત મનમાં જે ભાવનામૂર્તિ રમતી હતી તેનો અણુસાર આપણને કેન્ડીડા, લેડી સેસીલી, જેનીફર; રેખા કે મેજર બાર્બરા જેવાં તેના સ્ત્રીપાત્રોમાં જોવા મળે છે. પરન્તુ વાસ્તવિક જીવનમાં તે બહુ ઓછી સ્ત્રીઓમાં નમ્રતા, પ્રેમ, વાત્સલ્ય, સમજશકિત કે સ્વાર્પણની ભાવના જોઈ શકયો હતો એવુ મારું અનુમાન છે. સામાન્ય રીતે શો સ્વીફ્ટની માફક Misan Thrope-માનવશત્રુ હતો અને તેમાં સ્ત્રીઓ પણ અપવાદ નહોતી. આ વસ્તુ આપણે સૂક્ષ્મ રીતે તેના પોતાના શબ્દોમાં જ વાંચી શકીએ છીએ. પોતાના એક પ્રિય મિત્ર ફ્રેન્ડ હેરિસના અવસાન બાદ શોએ તેના વિશે જે શબ્દો લખ્યા છે તે ઘણા સૂચક છે. હેરિસ શોના જીવન અને કાર્ય વિશે એક મહત્ત્વનું પુસ્તક લખી રહ્યો હતો. પુસ્તક લગભગ પૂરું લખાઈ રહેવા આવ્યું ત્યારે હેરિસનું અવસાન થયું. તેમાં હેરિસે શો ઉપર માન હોવા છતાં તેની કડક આલોચના કરી હતી. એ પુસ્તક પ્રસિદ્ધ થયું ત્યારે શોને ગ્રંથને અન્તે થોડું લખી આપવાની સૂચના થઇ. એ પુસ્તકમાં શોને બરાબર ન્યાય મળ્યો નથી છતાં શોએ વિષાદપૂર્વક હેરિસને ભવ્ય અંજલિ આપતાં લખ્યું છે: દુનિયામાં ફ્રેન્ડ હેરિસ એક જ હતી; અને તેણે આલેખેલી સ્ત્રી તો કેવળ કલ્પનામાં જ સંભવી શકે! આમ શો જેમના પ્રેમ માટે ખૂબ તલસતી હતી તેને તેમના માટે–સ્ત્રીઓ માટે બહુ આદર નહોતો એ સ્પષ્ટ છે. ગ્લોરિયા, હીપાટિયા, કલીઓપેટ્રા, જોની, લીના, જયુડીથ, મીસીસ વોરન જેવાં સંખ્યાબંધ સ્ત્રીપાત્રો સહાનુભૂતિવ્યૂક આલેખાયાં નથી એ પણ એટલું જ સાચું છે.

આમ છતાં શ્રીમતી બિયેટિસ વેબને શો માટે ઘણી લાગણી હતી. એટલે જ તેઓ ઇચ્છતાં હતાં કે શો કોઈ સુશીલ યુવતી જોડે પરણી જાય. એવો પ્રસંગ આપમેળે આવી જ બન્યો. ફેબિયન સોસાયટીમાં શાર્લોટ પાઉન્સેડ નામે શ્રીમંત યુવતી હતી અને સમાજવાદની પુરસ્કર્તા હતી. તે શોની પ્રશંસક હતી. શોના રાજકીય વિચારોથી અને તેની પ્રતિભાથી મુગ્ધ થયેલી હતી. પરંતુ શોની નાટયપ્રવૃત્તિ તેને ગમતી નહોતી. આમ છતાં બન્ને વચ્ચે ઘણી સારી મૈત્રી હતી. શોને ચાળીસમે વર્ષે 'પરનીસીયસ એનિમીયા' થયો અને તે સખ્ત માંદો પડયો. ત્યારે શાર્લોટ લોકલાજ છોડીને તેની સેવા કરવા જવા લાગી. તેમાંથી શો પ્રત્યેનું તેનું આકર્ષણ વધતું જ ગયું. બિયેટ્રીસ વેબનો આગ્રહ હતો જ. એટલે અન્તે શોએ શાર્લોટ સાથે લગ્ન કરી લીધાં. આ સમયે તેનું વય ચાળીસ કે બેંતાલીસ વર્ષનું હતું.

સામાન્ય રીતે શોનું દામ્પત્યજીવન સુખી ગણાય છે. પણ વાસ્તવમાં એ સુખી હતું કે નહિ એ સંબંધે રહસ્ય જ રહી ગયું છે. શોએ બહુ જ બુદ્ધિપૂર્વક આ ઘટનાને હંમેશાં ટાળી છે. શોના જીવનચરિત્રોમાં કે તેની વિલક્ષણ આત્મકથા 'સીક્ષટીન સેલ્ફ સ્કેચીઝ'માં આ સંબંધે ઉલ્લેખો જોવા મળતા નથી. તેના ચરિત્રલેખકો સુખી દામ્પત્ય જીવન વિશે બહુ શંકિત નથી. પરંતુ શોના મૃત્યુ બાદ શોની સેક્રેટરીએ 'થર્ટી યર્સ' વીથ જી. બી. એસ.' નામે પુસ્તક પ્રગટ કર્યું છે. તેમાંથી કેટલોક ભાગ આપણા 'ઇલેસ્ટ્રેટેડ વીકલી ઓફ ઇન્ડીયામાં પણ છપાયો હતો. તેમાં શોની સેક્રેટરીએ સ્પષ્ટ કર્યું છે કે શાર્લોટ શોને કુશળ રાજનીતિજ્ઞ બનાવવા ચાહતી. પણ શો રાજકારણની સાથે સંગીત, કલા, નાટક, રંગભૂમિ ઇત્યાદિનો પણ જબરો રસિયો હતો. શો નાટયકાર બને તે શાર્લોટને પસંદ નહોતું, ત્યારે શો માટે નાટયલેખન શ્વાસોચ્છવાસ જેવું હતું. ઉપરાંત શાર્લોટનો સ્વભાવ વહેમી હતો. તેનામાં ઇર્ષાનો ભાવ હતો. ખુદ મહિલા સેક્રેટરી સાથેનું શોનું નિખાલસ વર્તન તેનામાં અદેખાઇ પ્રેરતું હતું. શો નાટયકાર હતો અને પ્રખર બૌદ્ધિક હતો. એટલે ઘણી અભિનેત્રીઓ અને અન્ય સ્ત્રીઓ તેના પરિચયમાં હોય એ સ્વાભાવિક છે. એ સમયની તખ્તાની વિખ્યાત અભિનેત્રી એલન ટેરી સાથેનો શોનો સંબંધ હંમેશાં ચર્ચાસ્પદ રહ્યો હતો. શોની જ ઇચ્છા મુજબ તેના મૃત્યુ પછી એલન ટેરી સાથેનો પત્રવ્યવહાર પ્રગટ થયો છે. તેમાં જાતીયપ્રેમની દુર્ગંધ કયાંય આવતી નથી. પ્રેમ – ભૂખ્યા શોએ માત્ર એટલું જ એક જગ્યાએ નોંધ્યું છે: અરે! મહાન પ્રેમ ફકત પત્રલેખનમાં જ હોય છે. પત્રો દ્વારા જે પ્રેમની અભિવ્યકિત થાય છે એ જ પ્રેમ શુદ્ધ અને સમર્થ હોય છે!

પછીના વર્ષોમાં મિસિસ કેમ્પબેલ નામે અભિનેત્રી સાથેના શૉના પ્રણયની વાતો પણ વહેતી થઇ હતી. મિસિસ કેમ્પબેલ રંગભૂમિની અભિનેત્રી હતી. તેણે પોતાના પતિથી છૂટાછેડા લીધા હતા. આ સમયે શૉની ઉંમર લગભગ સાઠની આસપાસ હતી. શૉએ તેને માટે 'પિગ્મેલિયન' નાટક લખ્યું હતું. તેમાંની એલિઝાની ભૂમિકાને તે અભિનેત્રી જીવંત કરી ગઇ. એ નાટક ખૂબ પ્રશંસા પામ્યું. તેના ઉપરથી જ શૉના મૃત્યુ બાદ 'માય ફેર લેડી' જેવી 'મ્યુઝીકલ ઓપેરા' નું નિર્માણ થયું હતું, જેણે તે નાટકને વિશ્વવ્યાપી કીર્તિ અપાવી. દેશવિદેશની ભાષાઓમાં આ નાટક ઉપરથી નાટકો અને ચિત્રપટો ઉતર્યા છે. આપણે ત્યાં પણ 'સંતુ રંગીલી' શૉના ઉક્ત નાટકનું માત્ર રુપાન્તર છે. આ ઘટના ઉપરથી સિદ્ધ થાય છે કે એ નાટકમાં કંઈક વિશેષતા હતી અને તે કારણે મિસિસ કેમ્પબેલ શૉ પ્રત્યે આકર્ષાયેલી હતી. પણ શૉ હમેશાં ભાવનાશીલ હતો. તેને તેનું હૃદય બહુ સમૃદ્ધ લાગ્યું નહોતું. એટલે અભિનેત્રીઓ સાથેના શૉના સંબંધો ઘનિષ્ઠતા અને બહુ તો મૈત્રી કક્ષાના જ રહ્યા હતા.

'મેરીક ટુ જીનિયસ' નામે પુસ્તકમાં તેના લેખક જેફ્રી મેયર્સે કેટલાક પ્રતિભાસંપન્ન સાહિત્યસર્જકોના લગ્નજીવન સંબંધે આલેખન કર્યું છે. ટોલ્સ્ટોય, લોરેન્સ, હેમિંગ્વે, કોનરેક, જોયસ, ફ્રિટ્ઝરાલ્ડ, મેન્સફીલ્ડ વરજીનિયા વુલ્ફ અને બર્નાડ શૉ ઇત્યાદિના લગ્નજીવન વિશે તેમાં અભ્યાસનિષ્ઠ માહિતી આપેલી છે. તેમાં શૉના લગ્નને Sexless Marriage-કામનારહિત લગ્ન તરીકે ઓળખાવ્યું છે. શૉના ચરિત્રલેખક અને તેના સ્નેહાળ મિત્ર ફ્રેન્ક હેરિસે સ્પષ્ટ લખ્યું છે કે શૉએ બહુ વિચારપૂર્વક લગ્ન કર્યું હતું. કામતૃપ્તિ કે સન્તાનો માટે તે પરણ્યો નહોતો, પણ સહકાર, મૈત્રી અને સ્વપ્નસિદ્ધિની ભાવના ઉપર તેનું લગ્નજીવન મંડિત હતું. અલબત્ત શાર્લોટનો તેમાં ઘણો સહકાર હતો. શૉને સન્તાન નહોતું એ તો પ્રસિદ્ધ ઘટના છે.

*

ભોગપ્રધાન વિલાસી સંસ્કૃતિ વચ્ચે ઉછરીને મોટા થવા છતાં જે પુરુષ માંસાહાર, મદ્યપાન અને ધુમ્રપાન જેવા અનિષ્ટોથી દૂર રહ્યો હોય, ચર્ચિલ જેવા કૂટ રાજનીતિજ્ઞે પણ જેને સંત અને ઋષિ તરીકે સંબોધી ભવ્ય અંજલિ આપી હોય અને જે માણસ પત્ની સાથે પણ આપણા જયપ્રકાશ નારાયણની જેમ કામરહિત પ્રેમના સંબંધથી જ બંધાયેલો હોય; એ પુરુષ અન્ય સ્ત્રીઓ જોડે અઘટિત સંબંધો રાખે અથવા તો કોઈ યુવતીને પ્રેમભંગ કરી મરવાની ફરજ પાડે એવું બાલિશ અને બિનપાયાદાર 'સંશોધન' આપણા સદ્ગિધ્ધ ભ્રમિત લેખકો સિવાય બીજું કોણ કરી શકે?

# જો કછુ કરું સો પૂજા!

✿ જયેન્દ્ર ત્રિવેદી

કયા પૂજન કયા અર્ચન રે?
ઉસ અસીમકા સુંદર મંદિર મેરા લઘુતમ જીવન રે!
મેરી શ્વાસેં કરતી રહતીં નિત પ્રિયકા અભિનંદન રે!
પદરજકો ધોને ઉમડે આતે લોચનમેં જલ કણ રે!
અક્ષત પુલકિત રોમ, મધુર મેરી પીડાકા ચન્દન રે!
સ્નેહભરી જલતા હૈ ઝિલમિલ મેરા યહ દીપક-મન રે!
મેરે દૃગકે તારકમેં નવઉત્પલકા ઉન્મીલન રે!
ધૂપ બન ઉડતે જાતે હૈં પ્રતિપલ મેરે સ્પન્દન રે!
પ્રિય પ્રિય જપતે અધર, તાલ દેતા પલકોંકા નર્તન રે!

–મહાદેવી વર્મા

૧૯૮૨નું અખિલ ભારતવર્ષીય જ્ઞાનપીઠ પારિતોષિક સુપ્રસિદ્ધ હિન્દી કવયિત્રી સુશ્રી મહાદેવી વર્માને તેમના કાવ્ય-સંગ્રહ 'યામા' માટે મળ્યું છે.'યામા' ના એક પ્રાર્થના-ગીતને આજે એ નિમિત્તે આસ્વાદવાનો ઉપક્રમ રાખ્યો છે.

મહાદેવીજીએ ગીતો જ લખ્યા છે. ગીત એટલે ભાવનું નર્તન. એનો વિસ્તાર સીમિત પણ ઊંડાણ અગાધ. ગદ્ય કે મહાકાવ્યની ગતિ એનું ધ્યેય નહીં, ગીતની ગતિ વર્તુળાકાર. ઉદયશંકરનું નૃત્ય ન માણી શકનાર એક મુંબઇગરા શેઠિયાએ ખર્ચેલા પૈસા વસુલ કરવા પૂરા કાર્યક્રમમાં હાજરી આપેલ. ઘરે જતી વખતે મોટરમાં બેસતાં બેસતાં એમણે સાથી શેઠિયાને અભિપ્રાય આપ્યો કે આટલું બધું નાચવા છતાં ઠેરનો ઠેર રહ્યો! ચાલવા માંડ્યો હોત તો બોરીવલી પહોંચી જાત!

ઠેરનું ઠેર કોણ રહ્યું હતું એ કહેવાની ભાગ્યે જ જરૂર છે! ગીતમાં આભાસ એવો થાય છે કે આપણે ઠેરના ઠેર રહ્યાં છીએ પણ હકીકતમાં આપણે આપણી અંદરના ચેતનાના મહાકૂપમાં ઊંડા ને ઊંડા પાતાળલોકની પદ્મણિયુંના પ્રદેશમાં મહાલવા માંડીએ છીએ!

મહાદેવીજીને નરસિંહરાવની જેમ 'કરુણ ગાન' વિશેષ 'ભાવે' છે. પીડામેં તુમકો ઢૂંઢા, તુમમેં ઢૂંઢૂંગી પીડા' એ એમની પ્રિય પંક્તિ છે. એમની સમસ્ત કવિતા આકાશની પેલે પાર વસતા, અનેકવિધ સૃષ્ટિઓના રચયિતા, પરમ નિયંતા પરમાત્માની પ્રિયતમા બનીને વિરહમિલનની શતસહસ્ર અનુભુતિઓના સૂક્ષ્મ-સંકુલ સંસ્કારોની અશ્રુપૂત અભિ-વ્યક્તિમાં જ સીમિત થઈ છે. પણ એ થઈ એમની વ્યક્તિગત અન્તર્મુખી ભાવ-સાધના. પણ તેમ છતાં યે એમણે કવચિત્-કવિતામાં અને બહુધા અત્યંત રમણીય ગદ્યમાં માનવતાની ઉપાસનાને જ કેન્દ્રમાં રાખી છે. એટલે તો.

"એક ઘડી ગા લૂં પ્રિય મૈં ભી, મધુર વેદનાસે ભર અંતર,
દુખ હો સુખમય, સુખ હો દુખમય ઉપલ બનેં પુલકિત સે નિર્ઝર,
મરુ હો જાવે ઉર્વર ગાયક"

જેવી પંક્તિઓ લખી છે.

મહાદેવીજીની પૂજનવિધિ ધાર્મિક નથી, આધ્યાત્મિક છે. કબીરદાસ આવી અભિવ્યક્તિ કરી ચૂક્યા છે:

'સન્તો, સહજ સમાધિ ભલી;
સાંઇતે મિલન ભયો જા દિનતેં, સુરત ન અન્ત ચલી!
આંખ ન મૂંદૂં કાન ન રુંધૂં, કાયા કષ્ટ ન ધારું;
ખુલે નૈન મેં હંસ હંસ દેખૂં, સુંદર રુપ નિહારું!
કહૂં સો નામ, સુનૂં સો સુમિરન, જો કુછ કરૂં સો પૂજા!
ગિરહ-ઉદ્યાન એક સમ લેખૂં, ભાવ મિટાઉં દૂજા!
જહં જહં જાઉં સોઇ પરિકમા, જો કછુ કરું સો સેવા;
જબ સોઉં તબ કરુ દંડવત, પૂજૂ ઔર ન દેવા...વગેરે

સેવા-પૂજા તે આરતી-અર્ચન ને મંગળા-શયન પાછળ માનવીએ પ્રભુએ આપેલ અણમોલ જિંદગીનો બહુ કિંમતી સમય વેડફ્યો છે. આરસના મંદિરમાં પ્રભુ વસતા હશે એ ભ્રમે માણસે આ ઉર્વરા ધરતીની માટીને પત્થર અને રેતીમાં ફેરવી નાખીને પોતાની નાદાનિયતના જ દર્શન કરાવ્યા છે. મૃન્મયને મૃત કરવાની લીલાને આ અમૃત-પુત્ર પાછો પ્રભુભક્તિના પવિત્ર કાર્યમાં ખપાવે છે! મહાદેવીજી તો કહે છે કે મારું આ નાનકડું જીવન જ મંદિર છે. મંદિર કહેતાં જે પાવનત્વનો અનુભવ થાય છે તે બહાર નથી, અંદર છે. પોતાની અંદર પ્રભુ વસે એવું કરવા માટે કવિ સુંદરમ્‌ની આકુળતાવ્યાકુળતા ને આજીવ તો જુઓ!

'ઉચ્છ્વાસે નિઃશ્વાસે મારી એક જ રટના હો,
તું મુજમાં તુજ ધામ રચી જા, એ શુભ ઘટના હો.'

રોજ રોજ ભગવાનની પૂજા શી રીતે કરવાની છે? મહાદેવજી કહે છે કે મારો પ્રત્યેક શ્વાસ ભગવાનના અભિનંદનાર્થે જ છે, ભગવાનનાં ચરણકમળ ધોવા ગંગા-યમુનાનાં નીર લાવવાની જરૂર નથી, આ આંખોમાં અનાયાસ પ્રેમાશ્રુ ઉભરાઈ આવ્યાં છે એનો બીજો શું બખ છે? પ્રિયની પૂજાના આનંદમાં આ મારાં રૂંવાડે રૂંવાડાં ઊભા થઈ ગયાં છે એને જ અક્ષત ચોખા ગણી લ્યો ને! ચંદનને વાટી-પીસીને લેપન તૈયાર કરવાની શી જરૂર છે, મારી પીડા એટલી જ મધુર, સુવાસિત અને શીતળ છે. બીજો દીપક પ્રગટાવવા કરતાં મારું આ સ્નેહપૂર્ણ મન પ્રકાશિત કરવું શું ખોટું? સહસ્ત્ર-દલ-પદ્મની અવેજીમાં મારાં આ નયનોથી કામ ચાલશે. અગરબત્તીઓ શા માટે પેટાવો છો? આ મારા જીવનની ક્ષણેક્ષણ સુગંધ થઈને પ્રસરતી તમે અનુભવતાં નથી? ભગવાનને રિઝવવા મારા હોઠ સતત ગાયન અને મારી પાંપણો સતત નર્તન કરે છે! અરે, આથી વધારે પૂજન-અર્ચનની સામગ્રીની જરૂર જ શી છે?

માણસને; તુચ્છ, અલ્પ, નાદાન માણસને ચિત્તને કેન્દ્રિત કરવા ભલે દેવળ-દેરાસરની જરૂર પડે પણ પછી એણે ક્રિયા-કાંડ અને ધ્યાન-કરમની પળોજણમાંથી નીકળી પોતાનાં જીવનને જ મંદિર બનાવી લેવાનું છે, પોતાનાં જીવને જ પુજારી બનાવી લેવાનો છે, પોતાનાં દૃષ્ટિદેવને પોતાની અંદર જ પામી લેવાનું છે. જીવન જૂદું અને પૂજન જૂદું એમ માનનાર માનવી ભીંત ભૂલે છે. જે છે તે બધું અંદર જ છે અને એ અંદર જ વાળીચોળીને સ્વચ્છ રાખ્યા કરવાનું છે, એ અંદર-વાસીને જ હાજરાહજૂર ગણીને પોતાની સારી દિનચર્યા ગોઠવવાની છે. પેલો ગગનગુંજનજી યે પેલી પાર રહેતો પટ કરતોકને આવીને અંદર પેસી જાય ને બેસી જાય એવી રહેણીકરણી કરવાની છે.

ગીતરચનાની ખૂબી એ હોય છે કે એમાં આવતાં 'હું' 'મારો' 'મારું' શબ્દો કવિના જ માત્ર નથી હોતાં, વાચકના પણ બની શકે છે. એ સર્વનામ છે. માત્ર મહાદેવી જ નહીં, આપણે સૌ પણ આ ભાવને અનુભવી શકીએ છીએ. તથાસ્તુ.

# મૂળભૂત સ્વાતંત્ર્યો સામે સરકારી તરાપ

❖ ડા. હરીશ વ્યાસ

આપણા રાજ્યબંધારણે ભારતના નાગરિકને પુખ્ત મતાધિકાર આપીને, લોકોને પોતાનો પ્રતિનિધિ પસંદ કરવા માટેનો અધિકાર આપ્યો છે. પરન્તુ લોકશાહીનું, સેવા ઉપરાંત, સાચું હાર્દ તો છે, મૂળભૂત સ્વાતંત્ર્યોની રક્ષા માટેનાં અધિકારોમાં. જેને આધારે આ દેશના નાગરિકોને વિચાર સ્વાતંત્ર્ય, વાણી સ્વાતંત્ર્ય, અખબારી સ્વાતંત્ર્ય, સભા કે સંગઠનનું સ્વાતંત્ર્ય, અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય જેવાં સ્વાતંત્ર્યોના અધિકારો મળ્યા છે. આ એકેએક અધિકાર બરાબર ભોગવવા માટે એકેએક નાગરિકે સજ્જ, સભાન, સક્રિય અને સજાગ રહેવું જોઇએ. કારણ કે આપણા રાષ્ટ્રનેતા અને ગાંધીવાદી પ્રખર ચિન્તક આચાર્ય કૃપાલાણીએ કહ્યું છે, 'The people's consciousness is the price of democracy...If the people are not bigilent but indolent, the democracy would be in great danger.' અર્થાત્ લોકોની જાગૃતિ એ જ લોકશાહીની અમૂલ્ય શક્તિ છે...જો લોકો ઊંઘતા રહે, બલકે અજાગૃત હોય તો લોકશાહી માટે ભારે ભય પેદા થાય છે. આટલા માટે સર્વોદય ચિન્તક આચાર્યશ્રી દાદા ધર્માધિકારીએ સાચું જ કહ્યું છે, 'The people are our masters, we should go to them and create face-to-face,' not only that, I say, heart-to-heart-rilations...kie must educate our masters, if we want to save democracy and our independence also.' અર્થાત્ લોકો જ આપણા સ્વામીઓ છે. આપણે એમની પાસે જવું જોઇએ અને માત્ર આસપાસના જ નહિ, પણ હૃદય હૃદયના (જીવંત) સંબંધો સ્થાપિત કરવા જોઇએ...જો આપણે આપણી લોકશાહી અને સ્વતંત્રતાને રક્ષવા ઇચ્છતા હોઇએ તો આપણે લોકોને, જે આપણા સ્વામીઓ છે તેમને, શિક્ષણ આપવું જ જોઇએ. અહીં તેઓ માત્ર વર્ગ શિક્ષણની જ નહિ, પણ Mass Education-લોકશિક્ષણની યે વાત કરે છે. આ દિશામાં એકાદ વિનોબાજી, જયપ્રકાશ, ચન્દ્રશેખર નહિ, પણ સમસ્ત બૌદ્ધિકો, વિચારકો, આચાર્યો, અધ્યાપકો, શિક્ષકોએ વિચારવાનો સમય પાકી ગયો છે. જો આ દિશામાં આપણે બેફામ, બેજવાબદાર, નિષ્ક્રિય અને બેદરકાર રહીશું, તો ઇ. સ. ૧૯૭૪-'૭૬ માં જે કટોકટીકાળનો તાનાશાહી ખતરો ઊભો થયો હતો તે આપણને ફરીથી ચૂંગળાવી નાખશે. એટલા માટે, ચાલો, લોકશિક્ષણકાર્ય માટે લાગી પડીએ.

મહાકવિ પ્રેમાનંદે 'નળાખ્યાન'માં બતાવ્યું છે કે નળ નિયમિત રીતે સ્નાન કરતો હતો અને શરીરનાં તમામ અંગોપાંગોને સ્વચ્છ રાખતો હતો, પણ પગમાં માત્ર નાનકડું જ છિદ્ર, સ્નાન કરતાં સાફ કરવાનું રહી ગયું, જેમાંથી કળિએ પ્રવેશ કર્યો. એ રીતે આપણે ઉપરથી માંડીને નીચે સુધીના, યુનિવર્સિટીથી માંડીને પ્રાથમિક-માધ્યમિક શાળાઓ તેમ જ અમીરથી માંડીને ગરીબ સુધીના તથા શહેરથી માંડીને ગામડાં સુધીના લોકોનું શિક્ષણ લોકશાહીની દૃષ્ટિએ કરવું જ પડશે. એને માટે પદયાત્રાઓ, શિબિરો, સભાઓ, પરિસંવાદો, સંમેલનો, નાટકો, ફિલ્મો જેવાં અનેક લોકશિક્ષણનાં માધ્યમોને પ્રયોજવાં જ પડશે. શિક્ષિત લોકોની નિષ્ક્રિયતા જ આ દેશમાં તાનાશાહી બળોને મજબૂત કરશે.

કટોકટીકાળ પતાવ્યા પછી યે હાલના કેન્દ્રીય શાસકો

હજી પોતાની પુરાણી આદત ભૂલ્યા નથી. ગાયને ગમે એટલાં ખાણદાણ અને ઘાસચારો આપો તો યે જેમ તેને 'ઓખર' કર્યા વગર ચેન પડતું નથી એવું જ છે કેન્દ્રીય શાસકો અને શાસક પક્ષનું. આજે ય સંરક્ષણધારો અમલમાં છે, જેના નામ તળે ચાહે તેને-વિરોધીઓને પકડી શકે છે. આ ઉપરાંત આવશ્યક વસ્તુધારો, આવશ્યક સેવાઓના નિયંત્રણનો ધારો, તેમ જ હથિયારો ધારણ કરનારાઓના નિયંત્રણનો ધારો, જેવા નાનામોટા અનેક કાયદાઓ કરીને શાસકો પ્રજાની સ્વતંત્રતાને ગૂંગળાવવા મથી રહ્યા છે. કટોકટી કાળે જેમ પ્રેસને માથે પ્રિ-સેન્સરશિપ લોઢીને અખબારોને ભીંસવાનો પ્રયત્ન કર્યો હતો અને વિચારનું, વાણીનું, અખબારોનું અને પ્રેસનું સ્વાતંત્ર્ય કચડવાનો પ્રયાસ થયો હતો. એ જ રીતે અખબારી પંચે 'પ્રેસ કાઉન્સિલ'ને છાપાંઓને શિક્ષાત્મક સત્તાઓ આપીને પુનઃ અખબારી સ્વાતંત્ર્યને ગૂંગળાવવાનો જોરદાર પ્રયાસ આદર્યો છે, જેની પાછળ આ કટોકટીકાળની બદબૂ અનુભવાય છે. આ શિક્ષાત્મક પગલાં ભરીને જે છાપાંઓ સરકારની નીતિઓ, પગલાંઓ અથવા કાર્યોની કડક આલોચના કરતાં હોય તેમને ન્યુઝપ્રિન્ટ, જાહેરખબરોની વહેંચણી, પોસ્ટના રાહત દરો, તેમ જ એક્રીડીટેશન-સરકારી માન્યતા વગેરે બાબત નિયમિત કરવાનો, ભીંસવાનો જોરદાર પ્રયાસ સરકાર પક્ષે થઇ રહ્યો છે. આ અંગે દેશનાં તમામ અખબારો, સામયિકો, બૌદ્ધિકો, ચિન્તકો, રચનાત્મક સેવકો તેમ જ લોકશાહીમાં વિશ્વાસ ધરાવતા લોકોએ જાહેરસભાઓ, સરઘસો, જાહેર દેખાવો, પરિસંવાદો, પત્રિકાઓ, સંમેલનો પરિષદો વગેરે દ્વારા સખ્ત રીતે વિરોધ કરવો જોઇએ. 'બિહાર પ્રેસ બીલ' પછીનો આ, પ્રેસને કચડવાનો પ્રયાસ, મૂળભૂત સ્વાતંત્ર્યોની ઘોર ખોદનારો છે. તે અંગે જાગૃત નાગરિકો વડાપ્રધાનને વિરોધ અંગેનો પત્ર લખી શકે છે. તેમ જ જરૂર પડયે ગાંધીચીંધ્યા રાહે જરૂરી સત્યાગ્રહી પગલાંઓ લઇને ય મૂળભૂત સ્વાતંત્ર્યો અને અખબારી સ્વાતંત્ર્યને રક્ષવું જોઇશે. તો જ લોકશાહી અને સ્વાતંત્રતા બચશે એ વાત નિશ્ચિત છે. અસ્તુ.

# પાંચમો જૈન સાહિત્ય સમારોહ

સંકલન : પન્નાલાલ ર. શાહ

## વિભાગીય બેઠક : જૈન સાહિત્ય, આદિ

જૈન સાહિત્ય, સ્થાપત્ય-શિલ્પ, કલા, ઇતિહાસ આદિની વિભાગીય બેઠક શ્રી પાર્શ્વનાથ શોધ સંસ્થાન, વારાણસીના ડિરેક્ટર ડૉ. સાગરમલ જૈનના પ્રમુખસ્થાને મળી હતી. એમણે નૈતિક એવમ્ ધાર્મિક કર્તવ્યતાઃ જૈન દર્શનके परिप्रेक्ष्यमें नैतिक और धार्मिक कर्तव्यका स्वरूप એ વિષે નિબંધ રજૂ કર્યો હતો.

### નૈતિક અને ધાર્મિક કર્તવ્યોની અભિન્નતા

ડૉ. સાગરમલ જૈને (૧) વસ્તુનો સ્વભાવ ધર્મ છે (૨) ક્ષમા આદિ સદ્‌ગુણોનું આચરણ ધર્મ છે (૩) સમ્યક જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ ધર્મ છે અને (૪) જીવોની રક્ષા કરવી એ જ ધર્મ છે એમ જણાવી એમણે સ્પષ્ટ કર્યું કે જૈન ધર્મની દૃષ્ટિએ નૈતિક અને ધાર્મિક કર્તવ્યો અભિન્ન છે, એ બન્ને વચ્ચે ભેદરેખા દોરી શકાય નહીં. એના વ્યાવહારિક પક્ષની વાત કરતાં એમણે કહ્યું : 'આપી જો કોઈ ભેદરેખા દોરવી હોય તો સામાજિક કર્તવ્ય અને વૈયક્તિક કર્તવ્યના આધારે એવી ભેદરેખા દોરી શકાય. આપણું કર્તવ્ય અને ફરજ બે પ્રકારના છે: (૧) બીજા પ્રત્યેની આપણી ફરજ અને આપણું કર્તવ્ય અને (૨) બીજાનું આપણા પરત્વેનું કર્તવ્ય અને ફરજ. જે બીજા પ્રત્યે અર્થાત્ સમાજ પ્રત્યે આપણી ફરજ છે એ નીતિની સીમામાં આવે છે-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગેરે બાહ્ય અથવા વ્યવહાર પક્ષ છે, જ્યારે સમભાવ, દૃષ્ટાભાવ, સાક્ષીભાવ વગેરે-જૈન પરિભાષામાં આપણે 'સામાયિક' કહીએ છીએ-તેની સાધના એ ધાર્મિક કર્તવ્ય છે. આપણા સહજ સ્વભાવની ઉપલબ્ધિમાં સમભાવ કઇ સીમા સુધી ઉપયોગી છે એ વિચારતાં એનું મહત્વ સમજાય જાય છે.'

### અન્ય સંશોધન લેખો

આ વિભાગમાં રજૂ થયેલાં અન્ય સંશોધન લેખોની વિગત આ પ્રમાણે છે :

(૧) જૈન દર્શન અને સંસ્કૃત ભાષા: પ્રા. અમૃત ઉપાધ્યાય, (અમદાવાદ).

(૨) મધ્યકાલીન સાહિત્યમાં ચંદરાજા વિશેની કૃતિઓ : પ્રા. કલાબેન શાહ, (મુંબઇ)

(૩) કચ્છમાં જૈનો : પ્રા. ગુલાબ દેઢિયા (મુંબઇ)

(૪) જૈન પદ્ય સાહિત્યમાં તીર્થોની પ્રશસ્તિ : શ્રી નટવરલાલ એસ. શાહ (મુંબઇ),

(૫) જૈન સાહિત્ય કૌમુદી : શ્રી નાનાલાલ વસા (મુંબઇ)

(૬) ભક્તામરમાં ભક્તિ : પ્રા. સાવિત્રીબેન શાહ (મુંબઇ)

(૭) ધર્મમાં નારી : શ્રી નલીનીબેન ગાલા (મુંબઇ)

(૮) ઉત્તરાધ્યયસૂત્રની ધર્મકથાઓ : પ્રા. અરુણ જોષી (ભાવનગર)

(૯) ઓરિસ્સામાં જૈન ધર્મ: શ્રીમતી સુધા પી. ઝવેરી (ભુજ)

આ વિભાગમાં વ્યાખ્યાતાની ગેરહાજરી કે અન્ય કારણોસર રજૂ ન થઈ શકેલા નિબંધોની વિગત નીચે મુજબ છે:

(૧) કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને (૨) યાકિની મહત્તરાસુનું હરિભદ્રસૂરિ, ડૉ. ભગવાનદાસ મનસુખલાલ મહેતા (મુંબઇ).

(૩) आचारांगके द्वितीय श्रुतस्कंध एवम् महावीर चरित्रकी घटनाओंएंवम् प्रसंगोका विश्लेषण ડૉ. કે. ઋષભચંદ્ર (અમદાવાદ)

(૪) શત્રુંજય તીર્થ: શ્રી નલીનાક્ષ પંડયા (વલ્લભ વિદ્યાનગર)

(૫) भगवान पार्श्वनाथकी तपोभूमि श्री मुअज्झफ्फरहुसेन (મુંબઇ)

(૬) આપણી ધર્મશાળાઓ. ડૉ. ભાઇલાલ આવીશી (પાલીતાણા)

### યાત્રા પ્રવાસ

નિમંત્રક સંસ્થા તરફથી આ સમારોહમાં ઉપસ્થિત રહેલા બધા વિદ્વાનો માટે કચ્છ-ભદ્રેશ્વર તીર્થ અને અબડાસા તાલુકાની એમ પંચતીર્થીની યાત્રાના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તદનુસાર બધા ય વિદ્વાનોએ કચ્છના કલાત્મક મંદિરોની યાત્રા કરી હતી. કલામય મંદિરો અને એની જાળવણીથી સૌને આનંદ થયો હતો.

### નિબંધોના પ્રકાશનની જાહેરાત

અત્યારસુધીમાં જૈન સાહિત્ય સમારોહમાં રજૂ થયેલાં

નિબંધોના પ્રકાશન માટે સૂચન થતાં ડૉ. રમણભાઈ શાહે જણાવ્યું હતું કે એ માટે આશરે રૂા. ૨૫,૦૦૦/નો ખર્ચ થાય. એ માટે કોઈ દાતા આગળ આવે તો હવે પછી જૈન સાહિત્ય સમારોહ યોજાય એ વખતે એનું પ્રકાશન કરી શકાય.

**હસ્તપ્રતોનું પ્રદર્શન**

શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના સહકારથી પ્રાચીન અલભ્ય હસ્તપ્રતોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એ સંસ્થાના ક્યુરેટર ડૉ. કનુભાઈ શેઠ અને શ્રી નાનાલાલ વસાએ આ પ્રદર્શનનું આયોજન કર્યું હતું.

**કાયમી પ્રદર્શન માટે જાહેરાત**

જૈન કલા અને સ્થાપત્ય-શિલ્પોની લેમીનેશન કરેલી તસવીરોના કાયમી પ્રદર્શનનું આયોજન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ કે એવી અન્ય સંસ્થા કરે તો એ માટે રૂા. ૬૨,૫૦૦ નું દાન આપવાની જુદી જુદી છ વ્યક્તિઓએ જાહેરાત કરી હતી અને એ માટે વધારે રકમની જરૂરીયાત પૂરી કરવાનો સધિયારો આપવામાં આવ્યો હતો.

# સ્વરૂપ શાસન

(ગતાંકથી ચાલુ)

પન્નાલાલ જગજીવનદાસ ગાંધી

છે એ સમજણમાંથી અહિંસા-દયા-દાન-સેવા-પ્રેમ-પરોપકાર-ક્ષમા-વૈયાવચ્ચ આદિ પૂર્વક અન્ય જીવોના સંબંધી પ્રવૃત્તિ થશે. આત્મા સુખ સ્વરૂપ છે તેથી અન્ય જીવોને સુખી કરી શકાય તેવી જ રીતનું આત્માનું વર્તન હશે. સ્વયં પોતે પણ તે સમજણને અંગે દુઃખમાં પણ દુઃખી ન થતાં સુખી રહેશે અને અપરાધીને પ્રેમપૂર્વક આત્મભાવે ક્ષમા આપશે.

તીર્થંકર ભગવંત મહાવીર સ્વામીએ દીક્ષા લીધાં બાદ સાધનાકાળમાં પોતે કોઇ જીવને દુઃખી નથી કર્યા તેમજ અનેક અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગો સમભાવે સહન કરી લઈ, લેશમાત્ર દુઃખી નહિ થતાં ઉપસર્ગો કરનારા પ્રતિ કરુણા અને ક્ષમાના ભાવ ધારણ કર્યા હતા.

'હું સુખ સ્વરૂપ છું અને મારું સુખ અવ્યાબાધ સુખ છે' એવો દૃઢ વિશ્વાસ ન થયેલ હોય તો જ જીવ પોતે માને અને સમજે કે...'હું બીજાઓથી દુઃખી થાઉં છું.'

'જ્યાં જ્ઞાન પૂર્ણ હોય, શુદ્ધ હોય, કેવલજ્ઞાન હોય ત્યાં અજ્ઞાન ન હોય. જ્યાં સૂર્ય હોય ત્યાં અંધકાર ન હોય. જ્યાં સુખ હોય, પૂર્ણ સુખ હોય ત્યાં દુઃખ ન હોય.' આવો ભાવ જો સુખસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ એવાં આત્મામાં દૃઢ થયો હોય તો નિર્ભયપણે, સ્થિરતાપૂર્વક, નિશ્ચલતાથી સ્વરૂપમાં સ્થિર થવાય.

આત્મા પરમસુખ સ્વરૂપ-અવ્યાબાધ સુખ સ્વરૂપ છે એ મૂળભૂત આત્મસ્વરૂપને લક્ષમાં લઇ વ્યવહારમાં ધર્મપુરૂષાર્થથી અહિંસા. દયાદાનાદિ ધર્મ સેવવા જ્ઞાની ગુરુ ભગવંતો મુમુક્ષુ સાધકોને ફરમાવે છે.

વળી આત્મા એક સ્વરૂપ છે, અદ્વૈત છે એ સમજણથી આત્માએ ચિંતવવાનું છે કે...'આત્મા નિરપેક્ષ છે તો મારે, જીવે શા માટે કોઇની-કશાની અપેક્ષા રાખવી?' સ્વાધીનતા એ જો મારું મૂળ સ્વરૂપ હોય તો વ્યવહારમાં પણ શા માટે મારે સ્વાધીન-સ્વાવલંબી ન બની રહેવું? આમ જ્ઞાની સદ્‌ગુરુભગવંત આત્માના મૂળ અદ્વૈત-અભેદ સ્વરૂપનું લક્ષ્ય કરાવી વ્યવહારમાં ધર્મપુરુષાર્થથી સ્વાધીન બનવા સાધુ બનવા ફરમાવે છે.

આત્મા એના મૂળસ્વરૂપમાં નિત્ય હોવાથી; અનિત્ય એવાં પરિભ્રમણશીલતા અને પરિવર્તનશીલતા જેનો સ્વભાવ છે તેવાં પુદ્‌ગલને અને પુદ્‌ગલના મોહને છોડવાં જ્ઞાની સદ્‌ગુરુ ભગવંતો ફરમાવે છે.

આત્મા એના મૂળ સ્વરૂપમાં અદ્વૈત છે તો એને દ્વૈતના વળગાડ શા? પર પદાર્થના એને બંધન શીદને? આમ અદ્વૈત સ્વરૂપના લક્ષ્યે આત્માએ સ્વશાસિત થઈ પરપદાર્થના બદ્ધ સંબંધથી, નવપ્રકારના પરિગ્રહના વળગાડથી યાવદ્ દેહ-પીંજરથી મુકત થઇ દેહાતીત થવાનું છે. કેમકે દેહ પણ પર એવાં પુદ્‌ગલોનો બનેલો છે.

આત્મા એના પરમ સ્વરૂપે અદ્વિતિય છે-અનન્ય છે અને એથી વિશ્વના અન્ય સર્વશ્રેષ્ઠ પદાર્થો આત્મ સ્વરૂપથી હેઠળ છે-ઉતરતાં છે અને તુચ્છ છે. આમ આત્માની અન્યતાના લક્ષ્યે આત્માએ સ્વશાસિત થઈ અન્ય પદાર્થોની ઇચ્છા-મમતા-અહમ્ આદિથી મુકત થવાનું છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન હોય ત્યાં પૂર્ણપ્રકાશ હોય. ઇચ્છા એ અભાવ સૂચવે છે-અપૂર્ણતા સૂચવે છે-અંધકાર સૂચવે છે. અતૃપ્તિ-અજ્ઞાનની નિશાની એટલે છે ઇચ્છાનું હોવું. આત્મા સ્વયંની પરમશકિતના મહાત્મ્યને પીછાનતો નથી એટલે જ તે પરદાર્થને પોતાથી મહાન લેખી એના વગર એને ચાલે જ નહિ એવું વિચારી પરપદાર્થની ઇચ્છા કરે છે. માટે જો આત્મા કેવલજ્ઞાન સ્વરૂપ છે તો, આત્મા પૂર્ણ છે અને તેથી ત્યાં લેશમાત્ર પણ ઇચ્છા-અંધકાર-અજ્ઞાનને સ્થાન નથી. આમ આત્માના પૂર્ણજ્ઞાન પ્રકાશનું દર્શન કરી આત્માએ સ્વશાસિત થઈ પૂર્ણ પ્રકાશના સ્વામી-કેવલજ્ઞાનના ધણીએ ઇચ્છા રહિત અર્થાત્ નિર્મોહી નીરિહિ-વીતરાગ બનવાનું છે.

દેહ વડે આત્મા નથી પણ આત્મા વડે દેહ છે તો દેહને સાધન બનાવી સંયમ-તપ આદરી પંચાચારનું પાલન કરી પરમાત્મા બનું. દેહ વડે હું આત્મા છું એમ માનવાથી વિરતિમાં ન રહેવાતા અવિરતિમાં પ્રવર્તન થશે.

-મન અને બુદ્ધિ વડે હું આત્મા નથી પરંતુ આત્મા વડે મન અને બુદ્ધિ છે. તો મન અને બુદ્ધિને સાધન બનાવી બુદ્ધિને વિવેકી બનાવી મનથી પરમાત્માના ધ્યાનમાં-આત્મ-સ્વરૂપમાં દીન થઈ મન અને બુધ્ધિને સ્થિર કરી ધ્યાનમગ્ન આત્માએ મનને અમન બનાવી વિચાર દશામાંથી-સવિકલ્પદ-શામાંથી નિર્વિચાર-નિર્વિકલ્પદશામાં આવવાનું છે.

આત્મા વડે દેહાદિ-ભોગાદિ સામગ્રીઓ છે, એમ સમજશું તો દાન-શીયળ-તપ-ભાવરૂપ વ્યવહારધર્મ નિશ્ચયસાપેક્ષ સહજ જ થશે. મન-દેહાદિ-ભોગાદિ સામગ્રીઓ વડે હું છું એવી સમજણથી તો ત્યાગ-વિરાગ-સહિષ્ણુતાથી દૂર થવાશે અને ગ્રહણ-રાગ અને ભોગરૂપ અધર્મનું સેવન ચાલુ રહેશે.

આમ. ધર્મશાસનથી આત્માના શુદ્ધ સ્વરુપના વિશેષણોની મૂળમાંથી વિચારણા કરવા વડે કરીને આત્મા સ્વશાસિત થઇ સ્વસ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે. આવી સ્વરૂપ શાસિત થયેલ વ્યક્તિનું જીવન આદર્શ જીવન હોય છે અને નિર્દોષ જીવન હોય છે સ્વયં તે સુખી હોય છે અને એની છાયામાં આવનારને સુખનો સ્પર્શ થયા વિના રહેતો નથી.

ધર્મશાસિત થઈ ધર્માચરણ કરવું એ ધર્મપુરુષાર્થ છે. અને સ્વરૂપશાસિત થઇ સ્વરૂપ નિરાવરણની પ્રવૃતિ કરવી તે મોક્ષપુરુષાર્થ છે. મોક્ષપુરુષાર્થ અને ધર્મપુરુષાર્થનું અનુસંધાન connection કરવાથી ધર્મપુરુષાર્થ સહજ જ સેવાય છે. સાધ્યસ્વરૂપ-નિશ્ચયને લઇને આ રીતે વ્યવહાર સમજીશું તો સાચું આત્મબળ ધર્માચરણમાં ફેરવીશું અને મુક્તિ પામી શકીશું.

અધ્યાત્મની શૈલિ એટલે ત્રણે કાળને વિષે નિશ્ચયથી વ્યવહારધર્મ છે. નિશ્ચયમાંથી વ્યવહારધર્મ કાઢો એટલે વ્યવહાર સાચો કહેવાય. યાદ રાખો કે મોક્ષપુરુષાર્થ ધર્મપુરુષાર્થ વિહોણો નથી. તેમ ધર્મપુરુષાર્થ મોક્ષપુરુષાર્થ વિહોણો નથી. ધર્મપુરુષાર્થથી નરક-તિર્યંચ ગતિ ટાળી શકાય છે જ્યારે મોક્ષપુરુષાર્થથી દેવ-મનુષ્યગતિ ટાળીને પરમાત્મ સ્વરુપ અર્થાત્ સિદ્ધસ્વરુપને પામી શકાય છે કે જે પામ્યા પછી કાંઈ પામવાનું કાંઇ થવાનું-કાંઇ બનવાનું-કાંઇ પ્રગટાવવાનું બાકી રહેતું નથી. આત્યંતિક કાર્ય થતાં કાર્ય-કારણ અભેદ બની જઇ કૃતકૃત્યતા પ્રાપ્ત થાય છે.

સહુ કોઈ સુધર્મના સંયોગે સ્વશાસિત થઇ સ્વરુપને પ્રાપ્ત કરો ! સ્વરુપસુખનું વેદન કરો !

---

( પાના ૬૪૮ થી ચાલુ )

'ન હન્યતે'નું અવલોકન કરતા લેખો હોવાનું જણાવી તે સર્વની ચિંતનસમૃદ્ધિનો ખ્યાલ આપ્યો હતો.

### આંતરજીવનના યાત્રી

'કોમસ'ના તંત્રી અને કવિ તથા વિચારક શ્રી વાડીલાલ ડગલીએ સદ્‌ગતને અંજલિ આપતાં ચીમનભાઇના જિન્દગીનાં આઠ વર્ષ પછીના ચિંતનમાં વિચારનું પોત કેટલું બધું મજબૂત હતું તે કહીને જણાવ્યું હતું કે : 'સમયચિંતન'ના છેલ્લા ત્રણ લેખોમાં ચીમનભાઇએ રૂઢિચુસ્ત સમાજ સાથેનો છેડો ફાડી નાખ્યો હોવાનું જોઇ શકાય છે. એમનું સમગ્ર ચિંતન આંતરજીવનના યાત્રી જેવું હોવાનું જણાવી 'મહાવીર, માર્ક્સ, મહાત્મા' લેખનો ઉલ્લેખ કરી વકતાએ કહ્યું : 'ચીમનભાઇની જીવનદૃષ્ટિ ઘણી રીતે ગાંધીજીની જીવનદૃષ્ટિને મળતી આવે છે. મારી દૃષ્ટિએ ચીમનભાઇનો સંદેશો એ છે કે 'સમાજની શુદ્ધ ભાવે સેવા કરવી એ મોટામાં મોટો ધર્મ છે.' ચીમનભાઇ સમાજને સાથે રાખી સમાજને પેરે પેરે સુધારવા માંગતા હતા. વકતાએ શ્રી ચીમનભાઇના ગદ્યમાં વિચાર પરત્વે સાધ્ય સાધનની એકતા હોવાનું જણાવ્યું હતું. તેમણે સદ્‌ગતનાં સમગ્ર લખાણોને ગ્રન્થસ્થ કરવાનું સૂચવ્યું હતું.

અતિથિવિશેષ શ્રી વસનજી લખમશી શાહે સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ અને આ પુસ્તકના પ્રકાશન માટે આર્થિક સહયોગ આપનાર દાતા શ્રી જગશીભાઈ કે. શાહ અને ભાઇઓને બિરદાવ્યા બાદ 'જન્મભૂમિ'ના અને 'જન્મભૂમિ પ્રવાસી'ના તંત્રી શ્રી હરીન્દ્ર દવેએ ચીમનભાઇને શ્રદ્ધાંજલિ આપી તેમના નિધનથી શૂન્યાવકાશ સર્જાયો હોવાનું કહી કોઇ પણ રાજકીય ઘટનાનું સાચું પ્રતીતિકર અર્થઘટન કરવાની તેમની સૂઝ અને શકિતનો સ્વાનુભવ સંદર્ભે નિર્દેશ કર્યો હતો. તેમની પાસેથી શ્રીમદ્ રાજચન્દ્રની વાણીનું અર્થઘટન કેટલી સરલ ભાષામાં મળે છે ને 'સમયચિંતન' માંના એક લેખને આધારે તેમણે કહ્યું હતું: 'ભાષા બે ધારી તલવાર છે. સંપૂર્ણ સત્ય ભાષામાં આવતું નથી. આંશિક સત્યને સંપૂર્ણ માની માણસ ભ્રમમાં પડે છે. માણસને નિશ્ચયની ભાષા વાપરતાં આવડે છે એટલે મિથ્યાને સત્ય અને સત્યને મિથ્યા બનાવે એવી તેની બુદ્ધિ છે. એ શ્રી ચીમનભાઇના મંતવ્યનું અવતરણ આપી શ્રી હરીન્દ્ર દવેએ કહ્યું હતું.

'આ પુસ્તક પ્રત્યે આપણા મનનું ઉદ્‌ઘાટન થવું જોઇએ.'


### બહુમુખી પ્રતિભા

ડો. રમણભાઇ શાહે કહ્યું : સમયચિંતનનું ઉદ્‌ઘાટન એ આનન્દ અને ગૌરવનો પ્રસંગ છે. ચીમનભાઇના અવસાનથી અવકાશનું નિર્માણ થયું છે. તેમની પ્રતિભા બહુમુખી હતી. તેઓ તત્ત્વચિંતક હતા, વ્યવસાયે ધારાશાસ્ત્રી હતા, સમાજસેવક હતા. તેમણે વિદ્યાકીય તેમજ ધાર્મિક પ્રવૃત્તિ પણ ઘણી કરી છે. છેલ્લાં વર્ષોનું તેમનું ચિંતન અત્યંત સમૃદ્ધ છે. તે પરિપકવ પ્રતિભા અને પ્રજ્ઞાનું ફળ છે. છેલ્લાં બાર વર્ષમાં તેમણે ત્રણસોથી પણ વધુ લેખો લખ્યા છે, તેમાના કેટલાક 'અવગાહન'માં ને કેટલાક 'સમયચિંતન'માં સંગ્રહાયા છે: પત્રકારનું લેખન સનાતન કે ચિરંતન ન હોઈ શકે, પ્રસંગે તેનું મૂલ્ય ઘણું મોટું,પણ પછી બનતી ઘટનાઓ લેખનને તત્કાલીન બનાવી મૂકે છે. હજી ત્રણ ચાર પુસ્તકો થાય એટલી સામગ્રી છે. અને તેનું પ્રકાશન શ્રી મુંબઇ જૈન યુવક સંઘની યોજનામાં છે. ચીમનભાઇની ચિંતનપ્રતિભા ઊંચી કોટીની હતી. તેઓ તત્ત્વશોધક ચિંતક હતા. તેમની કર્તવ્યનિષ્ઠા એવી કે 'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા અંક સુધી તેમણે લખ્યું. આ ગ્રન્થ એ મહાપુરુષની પ્રસાદીરૂપ છે.'

પ્રમુખપદેથી ડો. ઉષાબહેન મહેતાએ વકતાઓનો અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો આભાર માનીને કહ્યું : 'ચીમનભાઇ સહુના વત્સલ વડીલ હતા.

તેમનું વ્યકિતત્વ વિરલ હતું. તેઓ સાધક ચિંતક હતા. સૌજન્યમૂર્તિ સંસ્કારપુરુષ હતા. કોઈ પણ સમસ્યા એવી ન હોય કે તમે એની પાસે જાઓ અને તેનો ઉકેલ ન મળે. તેઓ જૈન હતા પણ તેમનું નેતૃત્વ જૈન સમાજ પૂરતું સીમિત નહોતું. તેઓ સમસ્ત સમાજના મૂર્ધન્ય નેતા હતા. 'પ્રબુધ્ધ જીવન' ને તેમનો જે સ્પર્શ થયો તે પારસમણિનો સ્પર્શ હતો. તેમની લેખિનીમાં ગજબનો જાદુ હતો. કટોકટીકાળ દરમ્યાન તેમની ખમીરવંતી લેખિનીમાં સરકારનો સામનો કરવાનો અને યુવાનોને માર્ગદર્શન આપવાની તેમની ક્ષમતાનું દર્શન થતું હતું. ગઈ પેઢી અને નવી પેઢી વચ્ચે સેતુ બની રહેલા ચીમનભાઇ સદા યૌવનમૂર્તિ હતા. તેમના સ્મારકની જરૂર નથી. ક્ષર દેહે તેઓ આપણી વચ્ચે નથી પણ અક્ષરદેહે તેઓ આપણી સાથે જ છે. તેમનું મૃત્યુ આપણને એમનાથી દૂર લઈ જઈ શકે નહિ. તેઓ યુવાનો માટે પ્રેરણામૂર્તિ રહેવાના જ. એમણે ચીંધેલા રસ્તે આપણે આગળ વધીએ અને એમણે રજૂ કરેલા ચિંતનને વ્યવહારમાં ઉતારવાના પ્રયત્ન કરીએ એ જ એમનું સાચું સ્મારક છે. ડો. ઉષાબહેને 'સમયચિંતન' જેવાં વધુ પુસ્તકો મળે એવી અપેક્ષા વ્યકત કરી હતી.

સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભારદર્શન કર્યું હતું.



સંઘ આયોજિત સ્વ. ચીમનલાલ ચકુભાઇના લેખોના સંગ્રહનું પુસ્તક 'સમયચિંતન'ના પ્રકાશન સમારંભમાં ડો. ઉષા મહેતા પ્રવચન કરી રહેલા જણાય છે. બેઠેલાઓમાં ચિત્રમાં ડાબી બાજુથી વિજય ટ્રાન્સપોર્ટવાળા શ્રી જે. કે. શાહ, શ્રી વસનજી લખમશી શાહ, શ્રી વાડીલાલ ડગલી, ડો. રમણભાઇ શાહ, શ્રી કેશવલાલ એમ. શાહ તથા શ્રી કે. પી. શાહ વગેરે છે.

## સ્વ. ચીમનભાઇની પ્રથમ પુણ્યતિથિએ 'સમયચિંતન'નું પ્રકાશન

• કૃષ્ણવીર દીક્ષિત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘને ઉપક્રમે બુધવાર તા. ૯-૧૧-'૮૩ના રોજ સાંજે પાટકર હૉલમાં સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે એક સમારંભ યોજવામાં આવ્યો હતો, જે પ્રસંગે, 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ થયેલા સદ્‌ગતના લેખોના ગ્રન્થસ્થ સંગ્રહ 'સમયચિંતન'નું ડો. ઉષાબહેન મહેતાના હસ્તે પ્રકાશન કરવામાં આવ્યું હતું. સમારંભનું પ્રમુખસ્થાન પણ તેમણે શોભાવ્યું હતું, જ્યારે અતિથિવિશેષ હતા શ્રી વસનજી લખમશી શાહ.

આરંભમાં સ્વ. ચીમનભાઇનું તેમની જીવનદૃષ્ટિની અભિવ્યક્તિ આપતું ધ્વનિમુદ્રિત વક્તવ્ય ('પ્રબુદ્ધ જીવન'ના તા. ૨૯-૮-'૮૨ના અંકમાં પ્રસિધ્ધ થયેલો તેમનો લેખ) રજૂ કરવામાં આવ્યું હતું. સદ્‌ગતની સાથે શ્રોતાઓની સ્મૃતિનું અનુસંધાન કરતી એ ચિંતનવાણીના પ્રસારણ બાદ શ્રીમતી આગેશ્રી પરીખના સુમધુર ભક્તિસંગીતથી કાર્યક્રમનો આરંભ થયો હતો. સભા સંચાલન કરતાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પતાં સદ્‌ગતને જેમનામાં અપાર શ્રદ્ધા હતી તે શ્રીમદ્ રાજચન્દ્રની એક ચિંતનાત્મક કંડિકાનું પઠન કર્યું હતું. શ્રી ચીમનભાઇના દેહવિલયથી સર્જાયેલા અવકાશનો નિર્દેશ કરી પ્રકાશિત થનારા ગ્રન્થ વિશે તેમણે કહ્યું હતું કે 'સમય ચિંતન' માંના મોટા ભાગના લેખોમાં શ્રી ચીમનભાઇનું જે ચિંતન છે તેમાંના વિચારો સનાતન મૂલ્યોથી સભર છે.'

### 'સમયચિંતન'નું વિમોચન

શ્રી ચીમનલાલ જે. શાહની વિનંતીથી ડો. ઉષાબહેન મહેતાએ 'સમયચિંતન'નું વિમોચન કર્યું હતું.

પ્રથમ વક્તા શ્રી રામુ પંડિતે શ્રી ચીમનભાઇને અંજલિ આપતાં સદ્‌ગતના ગુણવિશેષો જેમકે વાણીની સચ્ચાઇ, શ્રીમંતો પાસેથી પૈસો છૂટો કરાવવાની તેમની શક્તિ વગેરેનો સાદર ઉલ્લેખ કરીને કહ્યું હતું કે 'શ્રી ચીમનભાઇ રૂઢિચુસ્તતા અને આધુનિકતા વચ્ચે સેતુરૂપ હતા. તેમની પ્રવૃત્તિ વિશેષત: જૈન સમાજલક્ષી હતી, પરન્તુ તેમણે વિચાર્યું, લખ્યું સમસ્ત સમાજને નજરમાં રાખીને. શ્રી ચીમનભાઇને સમાજના એક અગ્રગણ્ય વિચારક તથા સુધારક તરીકે ઓળખાવી શ્રી રામુ પંડિતે તેમની લેખનશૈલી વેધક અને ચિંતનપૂર્ણ હોવાનું જણાવી એમના શબ્દો કેવા હૃદયસ્પર્શી નીવડતા તે ૧૯૭૫ થી ૧૯૭૭ના ગાળામાં તેમણે 'પ્રબુદ્ધ જીવન'માં લખેલા લેખોના સંદર્ભમાં કહ્યું. તેમણે 'સમયચિંતન'માંના બે લેખ 'દંભ અને નિખાલતા' તથા 'મારી જીવન દૃષ્ટિ'નો મર્મ પ્રકટ કરી પ્રકાશિત ગ્રન્થને આપણા ચિંતનાત્મક સાહિત્યમાં મહત્ત્વના ઉમેરારૂપ હોવાનું જણાવ્યું હતું.

### ચીમનભાઇ : વિરલ વ્યક્તિ

પ્રસિદ્ધ એડવોકેટ શ્રી કેશવલાલ એમ. શાહે સદ્‌ગતની સ્મૃતિને નમન કરીને 'એક સદીમાં આવી કોઇક જ વિરલ વ્યક્તિ આવે છે' એમ કહી 'સમયચિન્તન' વિશે કહ્યું હતું: 'ચીમનભાઇના લેખો હંમેશાં લોકપ્રિય નીવડ્યા છે. તેનું કારણ તેઓ દરેક પ્રશ્નના મૂળમાં જતા, તત્ત્વને શોધતા અને તેનું વિશ્લેષણ કરતા 'પ્રબુદ્ધ જીવન'માં તેઓ દેશના રોજના સળગતા પ્રશ્નો છેડતા. તેમની લોકપ્રિયતાનું બીજું કારણ, તેમની સાદી ભાષા અને વિચારની અસરકારક રજૂઆત હતું. શ્રી કેશવલાલભાઇએ 'સમયચિંતન'માંના કેટલાક લેખો નિર્મળ ચિંતનના હોવાનું, કેટલાક વિરોધાભાસી દ્વંદ્વોની ચર્ચા કરતા અને તેનું નિરાકરણ શોધતા હોવાનું તથા 'હરિલાલ ગાંધી' અને 'મણિલાલ નભુભાઇ દ્વિવેદીનું આત્મવૃત્તાન્ત' મૈત્રેયીદેવીની નવલકથા

(વધુ માટે જુઓ પાનું ૧૪૭)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૧૨-૮૩
વાર્ષિક લવાજમ રૂા.૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ખાદ્યપદાર્થોમાં ભેળસેળ

© રમણલાલ ચી. શાહ

વનસ્પતિ ઘીમાં (અને સાચા ઘીમાં પણ) પ્રાણીજ ચરબી ભેળવીને એના ઉત્પાદકોએ ભેળસેળની બાબતમા હદ કરી નાખી છે. વળી આ વાતને રાજકારણનો રંગ આપીને રાજકીય હેતુઓ સિદ્ધ કરવા માટે રાજકીય પક્ષોએ જે જાતનો પ્રચાર આદર્યો છે તે પણ બેહદની વાત છે.

ઇ. સ. ૧૮૫૭ માં અંગ્રેજો વિરુદ્ધ ભારતીય સૈનિકોએ જે બળવો પોકાર્યો તે માટેનું એક કારણ તે રાઇફલોની કારતૂસો માટે વપરાતા ગ્રીઝમાં ગાયની ચરબીનો ઉપયોગ થયો હતો તે હતું. વર્તમાન સમયમાં તો એથી આગળ વધીને આપણા જ લોકોએ અપ્રામાણિકપણે ગેરકાયદે વનસ્પતિ ઘીમાં ગાય-બળદ ઇત્યાદિ પ્રાણીઓની ચરબી ભેળવીને પ્રજા સાથે ભયંકર છેતરપિંડી કરી છે. અંગ્રેજોને સારા કહેવડાવે એવી બેશરમ પ્રવૃત્તિઓ આપણા દેશબાંધવોએ જ આદરી છે. પ્રજાની લાચારીનો અતિશય લાભ ઉઠાવાય છે.

દુનિયાના બીજા દેશો કરતાં ભારતની પરિસ્થિતિ અનોખી છે. યુરોપ અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, જાપાન, ઇત્યાદિ દેશોમાં પ્રાણીજ ચરબી ખાદ્યપદાર્થ તરીકે જાહેર રીતે કાયદેસર વપરાય છે, કારણ કે ત્યાંની પ્રજા મુખ્યત્વે માંસાહારી છે. ભારતમાં ઘણા લોકો શાકાહારી છે. એટલે પ્રાણીજ ચરબી એમને માટે અખાદ્ય છે. એમાં પણ ગાય એમનું પવિત્ર પ્રાણી છે. એની ચરબીનો વપરાશ એમને માટે પાપરૂપ મનાય છે. એટલે વનસ્પતિ ઘીમાં પ્રાણીજ ચરબીની ભેળસેળ એ ભયંકર અપકૃત્ય લેખાવું જોઇએ.

ભારતમાં શુદ્ધ ખાદ્યપદાર્થો મેળવવાની બાબતમાં ઘણી દુર્દશા પ્રવર્તે છે. (ખાદ્યેતર સામગ્રીમાં પણ ભેળસેળ કંઈ ઓછી થતી નથી. બહુમાળી મકાનો તૂટી પડવાના દાખલા પણ હવે બનવા લાગ્યા છે.) આપણો દેશ અત્યંત વિશાળ છે. વસતિ ઘણી વધી ગઇ છે. જીવનજરૂરિયાતની ચીજોની ખેંચ સ્વાભાવિક કે કૃત્રિમ અછતને કારણે વારંવાર વરતાય છે. ગરીબી અને બેકારીનું પ્રમાણ ઘણું મોટું છે. અલ્પ-ખરીદ શક્તિને કારણે સસ્તુ લેવાની વૃત્તિ સમાજના વિશાળ સમુદાયમાં સહજ રીતે રહેલી છે. તો બીજી બાજુ પરિસ્થિતિનો લાભ ઉઠાવી ખોટી રીતે કમાઈ લેવાની પાપી મનોવૃત્તિ ઘણા વેપારીઓમાં, ઉત્પાદકોમાં રહેલી છે. કેટલીક મોટી કંપનીઓ પણ આમાં અપવાદરૂપ નથી

ખાદ્યપદાર્થોમાં ગેરકાયદે ભેળસેળ કરવાની વૃત્તિ અતિ વસતિવાળા ઘણા દેશોમાં ઓછેવત્તે અંશે રહેલી છે. પરંતુ ભારતમાં તેમનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ચાલ્યું છે એ દુઃખની વાત છે.

સારી વસ્તુ સાથે એની જ હલકી કક્ષાની જાત સહેતુક ભેળવવામાં આવે છે, તે તો હજુ-સહ્ય છે; પરંતુ ખાદ્યપદાર્થોમાં અખાદ્ય પદાર્થો ભેળવીને વેચનારાઓ પ્રજાના આરોગ્યને હાનિ પહોંચાડે છે. દૂધમાં પાણી ભેળવીને વેચનારાઓને એક જમાનામાં કડક શિક્ષા થતી. આજે દૂધ, મલાઈ, દહીં, લસ્સી, આઇસ્ક્રીમ વગેરે દૂધની વાનગીઓમાં અખાદ્ય ભ્લોટિંગ પેપર ભેળવનાર પોતાનો ધંધો વગર પકડાયે ધમધોકાર ચલાવતા હોય છે. શરબતમાં, મીઠાઇમાં, ફરસાણમાં, આઇસ્ક્રીમમાં ફક્ત ખાદ્ય રંગો વાપરવાની જ છૂટ છે. પરંતુ એમાં કેટલાય ટેકાણે આરોગ્યને અત્યંત નુકસાનકારક એવા અખાદ્ય રંગો વપરાય છે. ચાની ભૂકીમાં વજન વધારવા માટે લોખંડની રજકણ ભેળવાય છે. જેમાં નફાખોરી માટે અખાદ્ય અને આરોગ્યને હાનિકારક પદાર્થોની ભેળવણી થાય છે એની યાદી કરવા બેસીએ તો ઘણી મોટી થાય. દરેકને કોઇક ને કોઇક વસ્તુની ભેળસેળનો અનુભવ વખતોવખત થયા કરતો હોય છે. આ પરિસ્થિતિ ઉત્તરોત્તર બગડતી જાય છે.

પશ્ચિમના કેટલાક દેશોમાં ખાવાની ચીજવસ્તુઓમાં પ્રાણીજ ચરબી વાપરવાની કાયદેસર છૂટ છે. પરંતુ થોડાક શાકાહારી લોકોનો ધર્મ બરાબર સચવાય એટલા માટે એના ઉત્પાદકો વાનગીઓમાં વાપરેલા પદાર્થોનો નિર્દેશ એના પેકેટ ઉપર કરતા હોય છે. પાઉં કે બિસ્કિટમાં મોણ તરીકે પ્રાણીજ ચરબી વાપરી હોય, સૂપના પેકેટમાં ચીકનનો પાવડર વાપર્યો હોય, કોઇક વાનગીમાં ઈંડાં કે આલ્બ્યુમેનનો ઉપયોગ થયો હોય તો તેનો નિર્દેશ તેમાં કરવામાં આવે છે. લેનારે પોતે જોઇ-તપાસીને પોતાને અનુકૂળ વાનગી લેવાની રહે છે. વિદેશોમાં કેટલીક હોટેલોમાં શાકાહારી વાનગી તેલને બદલે પ્રાણીજ ચરબીમાં તળવામાં કે રાંધવામાં આવી હોય તો તે વાત છુપાવવામાં આવતી નથી. આપણે ત્યાં ભારતમાં કેટલીય નાની નાની કંપનીઓ વર્ષોથી બટાટાની વેફર પ્રાણીજ ચરબીમાં તળે છે. બે ચાર કારીગરો સિવાય આ વાતની કોઇને બહુ ખબર હોતી નથી, ખબર પડવા દેવામાં આવતી નથી. નાની કંપનીઓ ચુપ રીતે જે કામ ગેરકાયદે કરતી, તે મોટી કંપનીઓ હવે હિંમતભેર છડેચોક કરવા લાગી છે. એમના ગેરકાયદે કૃત્યની સરકારી તંત્રને ખબર નથી હોતી એમ નહિ, પરંતુ ભ્રષ્ટાચાર એટલો વ્યાપેલો છે કે સરળતાથી

બધું પતી જાય છે. કાયદાના પાલનની બાબતમાં વ્યવસ્થાતંત્ર કેટલું બધું શિથિલ બની ગયું છે તે આવા દાખલાઓ પરથી જણાય છે.

પૈસા કમાવાની લાલચ માણસને કયારેક આંધળો બનાવી દે છે. તેવી જોરદાર વૃત્તિને તેનો ધર્મ પણ અટકાવી શકતો નથી એ અફસોસની વાત છે. મરેલા ઢોરની ચરબી કાઢી લઈ સાચા ઘીમાં ભેળવી દઇ બીજા ગામે જઈ સસ્તા ભાવે વેચી આવતી રબારણ કે વાઘરણોના દાખલા હજુ પણ બને છે. એ વાત પ્રત્યે આંખમીંચામણાં કરીને તેમની પાસેથી સસ્તુ ઘી ખરીદીને બજારભાવે વેચવાનો લોભ નાનાં ગામોમાં સારા વેપારીઓ પણ જતો કરી શકતા નથી. કયારેક ધર્મના ક્ષેત્રે પ્રતિષ્ઠિત કહેવાતા વેપારીઓ તેમાં ભળેલા હોય છે. આવા નાના વેપારીઓથી શરૂ કરીને મોટી કંપનીઓના મોટા ડાયરેકટરો પણ આવાં કાર્યોમાં સામેલ હોય છે. કયારેક એક બાજુ તેઓ સમાજનાં ધાર્મિક કાર્યોમાં આગેવાનીભર્યો ભાગ લેતા હોય છે, તો બીજી બાજુ પ્રાણીજ ચરબીની આયાત કરવાનાં લાયસન્સ મેળવવા માટે જબરો પુરુષાર્થ કરતા હોય છે. 'આપણે કયાં નજરે જોવું છે? માલ બારોબાર આવે છે અને બારોબાર ચાલ્યો જાય છે અને આપણને આપણો પોતાનો નફો મળી જાય છે, પછી એવો ધંધો કરવામાં વાંધો શો હોય?'—આવી રીતે તેઓ પોતાનાં મનને મનાવતા હોય છે. કેટલાક વેપારીઓ વેપાર (ચરબી, ઈંડાં, માછલી વગેરેને લગતો) કાયદેસર કરતા હોય છે. એમના ધર્મ સાથે તે સુસંગત હોતો નથી એમ તેઓ જાણતા હોવા છતાં તેમ કરે છે અને પોતે ધર્મમાં અતૂટ શ્રદ્ધા ધરાવે છે, એવો ડોળ કરતા હોય છે. પૈસાની લાલચ માણસની પાસે કેવાં અકૃત્ય કરાવે છે તે આવે પ્રસંગે દેખાય છે.

ભારતમાં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કેટલી હદ સુધી વધી ગઇ છે તે પ્રાણીજ ચરબીના દાખલા પરથી પ્રતીત થાય છે. જ્યારે સરકારી તંત્ર સ્વચ્છ થશે, પ્રજા પોતે વિવિધ ગ્રાહક મંડળો ઊભાં કરીને જાગૃત બનશે, આવાં અપકૃત્યો કરનારને વિના વિલંબે ઘણી કડક સજા થવા લાગશે, ઉત્પાદકોમાં સમજદારી અને રાષ્ટ્ર તથા પ્રજા પ્રત્યેની વફાદારીની ભાવના ખીલશે ત્યારે શુદ્ધ ચીજવસ્તુઓ આપણને મળવા લાગશે. પરંતુ આ પરિસ્થિતિનું નિર્માણ થતાં કોણ જાણે હજુ કેટલાંય વર્ષ આપણે રાહ જોવી પડશે!

જે પરિસ્થિતિ સ્વાભાવિક અને સહજ હોવી જોઇએ એનું નિર્માણ કરવા માટે પરિશ્રમ ઉઠાવવો પડે એ ભારત માટે કેટલી દુર્ભાગ્યની વાત છે!

---

(અનુસંધાન પાના ૧૫૮ થી ચાલુ)

ઈ. સ. ૧૯૪૮ થી ઇ. સ. ૧૯૫૫ સુધી મારે જ્યારે આણંદ જવાનું થતું ત્યારે પેટલીકરને અચૂક મળતો. ૧૯૫૫ માં જ્યારે હું એમને મળ્યો હતો ત્યારે સતત લેખનકાર્યને કારણે તેમને જમણા હાથે writer's cramp 'કંપવા' થવા લાગ્યો હતો. એ હાથે સરખું લખાતું નહોતું. મેં કહ્યું, 'તમારે તો લખવાનો વ્યવસાય અને તેમાં હાથે આ તકલીફ થઇ, હવે શું કરશો?' એમણે કહ્યું, 'મારી તો આજીવિકા આ નવલકથાના લેખનમાંથી ચાલે છે. બાર મહિને એથી ત્રણ નવલકથાઓ મારે લખવી જ જોઇએ. એ માટે મેં ડાબા હાથે બારાખડી શીખી લીધી છે. હવે ડાબા હાથે લખવાનું હું ચાલુ કરીશ' મેં હસતાં હસતાં કહ્યું, 'આમ પણ નવલકથા લખવી એ તમારે મન હવે ડાબા હાથનો ખેલ છે. આ પ્રયોગ હવે તમારે માટે શાબ્દિક રીતે પણ સાચો પડશે.'

પેટલીકરે એટલી ઝડપથી હાથબદલો કરી લીધો કે નવલકથાના લેખનમાં એમણે જરા પણ ગાળો પડવા દીધો નહિ. એમની ડાબા હાથની નવલકથાઓ ગુજરાતને ઘણાં વર્ષ સુધી મળતી રહી.

નવલકથા–વાર્તાના વ્યવસાયી લેખન દરમિયાન, વચ્ચે ફાજલ સમય ઠીક ઠીક મળતો હોવાથી પેટલીકરે સામાજિક વિષયો ઉપર, ખાસ કરીને પોતાની પાટીદાર જ્ઞાતિની સમસ્યાઓ ઉપર લખવાનું ચાલુ કરેલું. વળી એમણે અંગત માર્ગદર્શન તથા સમસ્યાઓના નિરાકરણ માટે પોતાનો સમય મિશનરીની જેમ નિઃસ્વાર્થભાવથી આપવો ચાલુ કરેલો. એક વખત મને કહે, 'અમારી જ્ઞાતિના લોકોમાંથી કેટલીક જડતા જલદી દૂર થતી નથી. ગમે તેટલું ભણેલો યુવાન હોય, પણ પૈઠણના પૈસા લેતાં જરાયે અચકાય નહિ. કયારેક સારી કન્યા જતી કરે, પણ પૈસા જતા ન કરે. તો બીજી બાજુ કેટલાક શ્રીમંતો આફ્રિકામાં જઇ લાખો રૂપિયા કમાયા હોય, પણ દીકરીનાં લગ્ન વખતે જમાઇને પગે લાગવાનો જૂના ધારા પ્રમાણે સવા રૂપિયો જ આપે, અને તે પણ કોઇ વખત તો ચેકથી આપે!'

જ્ઞાતિની સમસ્યાઓને નિમિત્તે પેટલીકરને ભાતભાતના અનુભવો સાંભળવા મળતા, જેમાંના કેટલાક એમને એમની સર્જનાત્મક કૃતિઓમાં કામ લાગતા. પોતાની જ્ઞાતિના અને ત્યાર પછી તો વિશાળ જનસમાજના પ્રશ્નોના નિરાકરણમાં તથા સમાજસુધારણામાં સ્વ. પેટલીકરનું યોગદાન ઘણું મોટું રહ્યું છે.

પેટલીકર અમદાવાદ રહેવા ગયા ત્યાર પછી મારે એમને મળવાનું ઓછું થતું ગયું. પછીથી તો પેટલીકરે પણ નવલકથાનું લેખનકાર્ય છોડી દઇ વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને કયારેક રાજકીય વિષયો પર લેખો લખવાનું ચાલુ કર્યું. 'સંદેશ'માં 'લોકસાગરને તીરે તીરે' નામની કોલમ તેઓ નિયમિત લખવા લાગ્યા. એક વખત એમની સાથે નવલકથાઓના લેખન વિશે વાત થઇ ત્યારે એમણે કહ્યું, 'મારી નવલકથાઓમાં હવે કયારેક કોઇકે જૂનાં પાત્રો ને પ્રસંગોનું નવા વેશે અજાણતાં પુનરાવર્તન થઇ જાય છે. મારે જો હવે નવું કહેવાનું ન હોય તો નવલકથા લખવાનું છોડી જ દેવું જોઇએ એમ મને લાગ્યું છે. એટલે મેં છોડી દીધું છે. વળી આજીવિકા તો હવે રોયલ્ટીમાંથી સારી રીતે ચાલે છે એટલે વાંધો નથી.' પેટલીકરની આ નિખાલસતા મને સ્પર્શી ગઇ હતી.

ઘણાં વર્ષ પછી ઇંગ્લેંડના પ્રવાસેથી પાછા ફર્યા પછી નવો તાજગીસભર અનુભવ લઈ આવીને એમણે આપણને ફરી પાછી એક નવલકથા આપી.

સાહિત્ય પરિષદના અધિવેશનમાં કે જ્ઞાનસત્રમાં પેટલીકરને વારંવાર મળવાનું થતું. કોઇ વખત અમદાવાદમાં કે મુંબઇમાં પણ મળવાનું થતું. પરંતુ પહેલાં જેટલું એ હવે સતત રહ્યું નહોતું.

પેટલીકર સાથે છેલ્લા થોડા મહિના પહેલાં પત્રથી સંપર્ક થયો હતો. મારા પુસ્તક 'પાસપોર્ટની પાંખે' નું અવલોકન એમણે સંદેશમાં પોતાની કોલમમાં લખ્યું હતું. તેનું કટિંગ મોકલવા સાથે તેમણે મને ગઇ ૧૪મી જુલાઇએ વિગતવાર પત્ર

(અનુસંધાન પાનું ૧૫૭)

# પત્રકારત્વ, સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યો: પ્રજાકીય આંદોલનના સંદર્ભમાં

[સંઘ યોજિત પત્રકારત્વ વિષેના પરિસંવાદની પ્રથમ બેઠકમાં અપાયેલું વ્યાખ્યાન]

★ જયંત પંડ્યા

પ્રતિબદ્ધતા એટલે અંગ્રેજી ભાષામાં 'કમીટમેન્ટ'. આમ જુઓ તો ચોરને મન ચોરી કરવી એ પણ, 'કમીટમેન્ટ' છે. ફેર હોય તો એટલો કે એ અંગત અને વ્યક્તિગત 'કમીટમેન્ટ' છે. એ જ રીતે જોઇએ તો દાણચોરી, કરચોરી કરવા માટેય પ્રતિબદ્ધ માણસો હોય છે. એટલે એક અર્થમાં એ પણ 'કમીટમેન્ટ' ગણાય. પરંતુ આપણે મન પ્રતિબદ્ધતા એ કોઇ ઊંચેરો આદર્શ છે.

મૂલ્ય શબ્દ અહીં આર્થિક પરિભાષામાં વપરાયો નથી. એની ફેઇસ વેલ્યૂ અને ઇન્ટ્રિન્ઝિક વેલ્યુ બન્ને અપરિમેય છે. સદ્‌ગુણનો વાસ બે આત્યંતિક છેડાઓની વચ્ચે હોય છે. એ જ રીતે મૂલ્યનો વાસ પણ બે પરસ્પર વિરોધી ધ્રુવોની વચ્ચે હોય છે. જેમકે વીરતા એ કાયરતા અને આંધળુકિયાં વચ્ચેની સ્થિતિ છે. કંજુસાઇ અને ઉડાઉગીરીની વચ્ચે ઉદારતા છે. પ્રમાદ અને લોભ એ બે છેડાની વચ્ચે જે હોય તે મહત્વાકાંક્ષા છે. દીનતા અને ઘમંડ વચ્ચેનું સ્થાન વિનમ્રતાનું છે. કે કાસ અને ખુશામતની મધ્યમાં મિત્રતાનો વાસ છે. આને આપણે સદ્‌ગુણો ન કહેવા હોય તો ચાલશે. એને માનવ વ્યવહારની ઊંચી ચીજો તરીકે આપણે ઓળખીશું. આ ઊંચી ચીજો સ્પષ્ટ વિવેકથી, આત્મનિયમનથી, સમ્યક આકાંક્ષાથી અને ઉપકરણોની કલામયતાથી સિદ્ધ થઇ શકે છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે Such excellence is won by training and habituaion. આ બધાં કોઈ ભલા ભોળા માણસનાં ઘરેણાં નથી પરંતુ પૂરેપૂરું વિકસવા મથતા અને વિકસી ચૂકેલા માણસના અનુભવની ઉપલબ્ધિઓ છે.

જેમ વ્યક્તિગત જીવનમાં એવું જ સામાજિક જીવનમાં કશુંક ઉત્કૃષ્ટ સિદ્ધ કરવાની જરૂરિયાત રહે છે. સામાજિક જીવનમાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવી હોય તો જે એક આશ્ચર્યકારક વસ્તુની આપણને જરૂર પડે છે તે નૈતિક ભાવનાની. આ કોઈ હસી કાઢવા જેવો શબ્દ નથી, ક્ષણે ક્ષણ આપણને એનો મુકાબલો કરવો પડે છે. અનેક પ્રલોભનોની વચ્ચે ઘણીવાર આપણને એવું થાય છે કે અમુક કામ કરવા જેવું છે અને અમુક કામ તો હરગીઝ નહીં. ક્ષણિક નિર્બળતામાં આપણે ન કરવા જેવું કરી બેસીએ ત્યારે પણ આ ન કર્યું હોત તો સારું થાત એવી પશ્ચાત્તાપની ભાવના રહી રહીને આપણા મનને કોતર્યા કરે છે. આ પશ્ચાત્તાપના ડંખ અને તેના પ્રકાશમાં નવા સંકલ્પો આપણી પાસે કોણ કરાવે છે? એ છે આપણામાંથી ઊગતો સ્પષ્ટ આદેશ, હૃદયનો એક બિનશરતી હુકમ. આ હૃદયના હુકમો પાળવા જેવા છે એવું આપણે તર્કથી નહીં પણ તાદૃશ અનુભવોથી જાણીએ છીએ. કોઇક કટોકટીની પળમાં આપણે જુઠું બોલી ગયા પરંતુ જુઠાણાને સામાજિક આદર્શ તરીકે રજુ કરતા નથી. કોઇ કામનું પરિણામ સારું એટલે એ કાર્ય સારું કે ડહાપણભર્યું છે એવું નથી, પરંતુ એ સારું છે, કારણ કે આપણા અંદર રહેલા ધર્મભાવથી દોરાઇને એ થયેલું હોય છે. આ નૈતિક કાનૂન એ વ્યક્તિગત અનુભવનું ફળ નથી પરંતુ આપણા પિંડના કોઇક સંયોજનનું ફળ છે, જે આપણા વર્તમાન, ભૂત અને ભાવિના કર્તવ્યને ઘાટ આપે છે. આ નૈતિક કાનૂનને અનુસરવું એનું નામ છે શુભભાવના, જે નફા-તોટાના હિસાબોથી પર રહેવાનું વલણ ધરાવે છે. એ શુભભાવના આત્મસુખનો સિદ્ધાંત નથી. ઇમેન્યુઅલ કાન્ટ જેવા જર્મન ફિલસુફે તો કહ્યું છે કે: Morality is not properly the doctrine of how we may make ourselves happy, but huw we may make ourselves worthy of happiness.

'મેકિંગ વર્ધી ઓફ હેપીનેસ'ની પ્રક્રિયામાંથી જે મોતી હાથ લાગે છે તેનું નામ છે મૂલ્ય. આ મૂલ્ય નિરપેક્ષ હોય છે. એટલે કે એને માટે કોઈ શરતી પરિસ્થિતિની કે કોઇ તોલ માપની જરૂર નથી. સૂર્યના કિરણની જેમ એ સ્વયં પ્રકાશિત હોય છે. આગળ આપણે ક્ષણિક લાભ માટે જૂઠું બોલનારનો ઉલ્લેખ કરી કહ્યું કે જૂઠું બોલનારો માણસ પણ જુઠાણું એ સાર્વત્રિક નિયમ બને એવું પસંદ નહીં કરે. કારણકે એમ જ જો થાય તો દુનિયામાં સુખ ન રહે અને દુનિયા જીવવા જેવી ન હોય. આપણે જાણીએ છીએ કે દુનિયામાં કાવ્યન્યાય-Poetic Justice નથી. એમાં સેતાનની પૂજા થાય અને ગુણિયલ હડધૂત થાય એવું બને છે. શિયાળની લુચ્ચાઇ ફાવી જાય અને સસલાની નિર્દોષતા સજાપાત્ર બને. ધરમીને ધેર ધાડ અને અધમીને લીલાલહેર! આવું બધું આપણે જાણીએ છીએ છતાં મહિમા તો સચ્ચાઇનો જ કરીએ છીએ. તો આ સચ્ચાઇની ભાવના, આફતો વચ્ચે પણ ટકી કેમ શકે છે? એ ટકે છે કારણકે આપણા અંતરના ખૂણે રહેલી એક વાત આપણે બરાબર જાણીએ છીએ કે વ્યવહારના કાટલાંમાં એકાદ અવગુણ ભલે મહાલતો લાગે પરંતુ જય તો આખરે સત્યનો છે. આ દૃઢમૂલ શ્રદ્ધા એનું જ નામ સામાજિક મૂલ્ય. જીવનના કોઇપણ ક્ષેત્રમાં પ્રતિબદ્ધતા ઊભી કરવી એટલે આ દૃઢમૂલ શ્રદ્ધાઓને જીવતી રાખવી.

આ વિષયની માંડણીઓને માટે આટલી પૂર્વભૂમિકા અનિવાર્ય છે. આપણે જે રસ્તે જવાના છીએ એ રસ્તે દીવાની ગરજ સારવા માટે એ આપણને ખૂબ ઉપયોગી પુરવાર થશે.

હવે સવાલ એ આવે છે કે પ્રજાકીય આંદોલનોનાં સંદર્ભમાં પ્રતિબદ્ધતા અને સામાજિક મૂલ્યો કેવાં હોવાં જોઇએ? માણસજાત માટે પ્રજાકીય આંદોલન એ કોઈ નવાઇની ચીજ નથી. પગે જોડો ડંખે તો એનો ઇલાજ કર્યે જ છૂટકો. મોટા ભાગનાં પ્રજાકીય આંદોલનો આવા કોઇક ડંખના ઉપચાર તરીકે પેદા થતાં હોય છે.

ઐતિહાસિક પ્રવાહમાં જોઇએ તો આ દેશમાં કેટકેટલાં પ્રત્યક્ષ અને પરોક્ષ આંદોલનો ચાલ્યાં છે. જીવન પદ્ધતિઓ બદલાઇ છે. એ લાંબી ગાથામાં નહીં જઇએ. એ જ રીતે સંસાર સુધારાના આંદોલનો, સ્વરાજ માટે ચાલેલાં આંદોલનો એ પણ પ્રજાકીય આંદોલનો હતાં એની વાત પણ અત્યારે પ્રસ્તુત નથી. જે પ્રસ્તુત સવાલ છે તે એ છે કે પ્રજાકીય આંદોલનો

પ્રત્યે વર્તમાનપત્રોની અને ખાસ કરીને પત્રકારોની પ્રતિબદ્ધતા કેવી હોવી જોઇએ અને એમ કરવામાં પત્રકાર કયા મૂલ્યોને વફાદાર રહેવાનું પસંદ કરશે ?

આ સવાલ અભિગમનો છે એટલે માણસે માણસે એના જુદા જવાબ હોઇ શકે. તેમ છતાં એક Highest common factor નહીં તો Lowest common denominator ખોળી કાઢવાનો પ્રયત્ન આપણે કરવો જોઇએ. આજથી ત્રીસ-ચાલીસ વર્ષ પહેલાં વર્તમાનપત્રો સમાજની હિલચાલોને જે રીતે જોતાં હતાં તે રીત આજે રહી નથી. વર્તમાનપત્રોની નજર સમાજના શ્રેય ઉપર નહીં પણ ફેલાવા ઉપર મંડાયલી છે એટલે વર્તમાનપત્રનો ફેલાવો કેમ કરીને વધે એની ગડમથલમાં એ બધું જ ભૂલી જવા તૈયાર છે. સમાચારોની લાક્ષણિકતા વિશે ઘણીવાર એમ કહેવામાં આવે છે કે કૂતરો માણસને કરડે એ સમાચાર નથી, સમાચાર તો માણસ કૂતરાને કરડે એ છે. એનું સ્વાભાવિક પરિણામ એ આવ્યું છે કે હવે કૂતરા માણસને કરડતા બંધ થઇ ગયા છે અને કૂતરાને જઇને બચકું ભરે, એવા માણસોની જાત ઉછેરવાનું કામ ચાલે છે. આમાં પ્રજાકીય આંદોલનનો તો કોઇ સવાલ જ રહ્યો નથી.

આસામ નામનો એક પ્રદેશ ભારતમાં આવેલો છે. હસવાની કોઇ આ વાત નથી. આ વાત ગોખાવવી પડે એવા દહાડા આવી ગયા છે. આ આસામમાં નજીકના બંગલાદેશમાંથી સતત ઘુસણખોરી ચાલ્યા કરે છે અને એ ઘુસણખોરી એટલી હદે છે કે આસામવાસી ખુદ પોતાના ઘરમાં જ લઘુમતીમાં મૂકાઈ ગયો છે. દાખલ થઈ ગયેલા લોકો પાસે બ્રહ્મપુત્રની ખીણની રસાળ જમીનો પહોંચી ગઇ છે. આ પરિસ્થિતિ સામે છેલ્લા ત્રણેક વર્ષથી આસામની પ્રજાએ સમગ્ર ભારતની ઊંઘ ઉડાડવા માટે આંદોલન ચલાવ્યું. આંદોલન એવું વ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને મોટા ભાગના તબક્કાઓમાં એવું અહિંસક રહ્યું હતું કે ગાંધીજી આજે જીવતા હોત તો તેમનું હૃદય પણ હરખાત. એક પ્રજાનું આવડું મોટું આંદોલન, આટલો સમય ચાલે અને છતાં રાજ્યે રાજ્યે એના પડઘા ન પડે, એનું સમર્થન કરવા માટે જાગૃત માણસો આગળ ન આવે અને લોકોના પ્રતિનિધિઓની બનેલી સરકારનું રૂંવાડું ય ન ફરકે એવી લોકોત્તર ઘટના આ દેશમાં બની છે. એ આંદોલન ખોટું હતું કે એમાં જોરતલબી થતી હતી અથવા તો સાવ અન્યાયી માગણીના આધાર ઉપર એ રચાયલું હતું એમ પણ નહોતું. તેમ છતાં એ વાત ઊંચકાવી જોઇએ એટલી ઊંચકાઇ નહીં. કારણ મોટાભાગનાં વર્તમાનપત્રો એ તરફ ઉદાસીન હતાં. એકલદોકલ પત્રકારો અવશ્ય હતા. પરંતુ એ પીપુડીનું જોર કેટલું ?

એવો જ એક બીજો, પરંતુ જુદા છેડાનો સવાલ પંજાબનો છે. ત્યાં મોટાભાગની વાતો તલવારની અણીએ જ થાય છે. ત્યાં માગણીઓ પણ હુકમરૂપે આવે છે. એક સમુદાય કે જેણે ધર્મનો અમલ પીધો છે એ હિંસક માર્ગો અખત્યાર કરે છે, લોકોના જાનમાલને જોખમમાં મૂકે છે તેમ છતાં આટલું તો ખોટું જ છે અને કોઇપણ સંજોગોમાં ચલાવી લેવાય એવું નથી એમ ખોંખારીને કોઇ કહેતું નથી. આ સવાલો એ પ્રતિબદ્ધતા અને મૂલ્યોના સવાલ છે. એટલે પ્રતિબદ્ધતા કે મૂલ્યો પત્રકારત્વના ક્ષેત્રમાં જ નહીં, શિક્ષણમાં, સંસ્કારમાં, જાહેર વહીવટમાં, અરસપરસના વ્યવહારોમાં એ બધામાં તપાસવા પડે એવી આજે સ્થિતિ છે.

આ બે રાજ્યોના દાખલા છે. પણ એક આંદોલન એવું છે કે જેનું સંચરણ સૂક્ષ્મ રીતે ચાલ્યા કરે છે. એ સવાલ છે નોકરી, વહીવટ અને જુદી જુદી વિદ્યાશાખાઓમાં રાખવામાં આવતી અનામત બેઠકોનો. આ આંદોલન એવું છે કે એની તરફેણ કરનારી અને વિરોધ કરનારી એમ બંને ધારાઓ છે. આને વિશે આપણે કેવી પ્રતિબદ્ધતા રાખીશું. કેવાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરીશું ? મને લાગે છે કે આ પ્રશ્ન ઉપર ઊંડા ચિંતન-મનની જરૂર છે. આ દેશ વર્ણવ્યવસ્થાનો દેશ છે એ સાચું. એક જમાનામાં કદાચ વાજબી ગણાતી આ વર્ણવ્યવસ્થામાંથી જ્ઞાતિઓ તથા પેટાજ્ઞાતિઓનો રાફડો ફાટયો એ હકીકતનો પણ ઈન્કાર થઇ શકે તેમ નથી. જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ ધીમે ધીમે આપણી મર્યાદા બનતી ગઈ હતી એ પણ આપણે સહુ જાણીએ છીએ. પરંતુ સ્વરાજની લડતનો કાળ એ એક એવો સમય હતો જ્યારે જ્ઞાત-જાતથી પર થઇને વિચારવાનું શિક્ષણ મળ્યું હતું. પરિણામે જ્ઞાતો હતી, પરંતુ સાવ ધસાઈ ગયેલી સ્થિતિમાં. સ્વરાજ સંગ્રામ દરમિયાન મળેલું આ શિક્ષણ સ્વરાજ પછીનાં દસ-પંદર વર્ષ ટકયું અને એકાએક એવી રોશની પ્રગટ થઇ કે જેમાં રાઇ જેવડો જ્ઞાત-જાતનો ખ્યાલ હિમાલય જેવડો મોટો થઇ ગયો. હરિજનો, ગિરિજનો અને લઘુમતીના નામની દુહાઇ દેવાવા માંડી. ગઇ કાલ સુધી જે હરિજન કે આદિવાસી ભારતવાસી હતો તે દિવસે દિવસે ભારતવાસી મટતો ગયો અને હરિજન કે ગિરિજનના નામથી દાવો કરવા માંડયો. આ સ્થિતિમાં શાણા માણસો પણ મૂંઝાવા લાગ્યા. શું કરવું ? હરિજનો, આદિવાસીઓ વગેરે માટે અનામત રાખવી કે ન રાખવી ? એનો તોડ હજુ નીકળ્યો નથી. પરંતુ આપણે જ્યારે પ્રતિબદ્ધતા અને મૂલ્યનો વિચાર કરતા હોઇએ ત્યારે આપણા મનની સફાઇ થઇ જાય એ જરૂરી છે.

એક અદના માણસ તરીકે મને એમ લાગે છે કે આ અનામત નો વિચાર ગમે તેવા શુભાશયથી કરવામાં આવ્યો હોય તો પણ અત્યંત જોખમી અને વિઘાતક છે. આ આખી વાત એ રાજકીય ફરેબનું સીધું પરિણામ છે, એમાં ચણા આપીને કલ્લી કાઢી લેવાની પ્રાચીન રમત છે. આપનામાંથી કોઇને એમ લાગશે કે તો પછી તેમનો વિકાસ ન કરવો ? મારો જવાબ છે કે જરૂર કરવો. પ્રત્યેક દેશમાં એવા ઘણાં લોકો હોય છે જેને સરેરાશ મનુષ્યની હરોળમાં મૂકવા એ જે તે દેશનું પ્રધાન કર્તવ્ય છે. પરંતુ તે એક પ્રજાજન તરીકે, નહીં કે કોઈ કોમ કે જાતિના માણસ તરીકે. જે ઘડીએ તમે માણસને ભૂલીને જાતિને મહત્ત્વ આપવા માંડો તે ઘડીથી જ તમારો દાખલો ખોટો પડવાની શરૂઆત થાય છે. દરેક માણસની સરેરાશ સામાજિક સ્થિતિ એક સરખી થાય, એમાં ઊંચ-નીચ કે છૂત-અછૂતના ભેદ ન હોય એ તો રાખવા જેવો આદર્શ છે, પરંતુ એ આદર્શને મૂર્ત કરવા માટે તમે અનુચિત સાધનોનો ઉપયોગ કરો તો આદર્શ, આદર્શ ન રહેતાં બીજું જ કંઇ થઇ જાય છે. ઔચિત્ય તો એ ગણાય કે જે કોઈ માણસ અર્ધવિકસિત હોય કે સમાજના આગેકૂચમાં પાછળ રહી ગયો હોય તે જ્ઞાત કે જાતના કશા ભેદ વિના સમાન સ્તરે પહોંચવાને હકદાર છે. આવા માણસોની સંખ્યા અમુક જાતિ કે કોમમાં વધારે હોય તો એની કોમી-સભાનતા વકરાવ્યા વિના એક દુર્ભાગી ભારતજન તરીકે જ એનો વિચાર થઇ શકે. એને

સાહિત્ય, શિક્ષણ, સંસ્કાર કે કલાની ઉપાસના માટે આવશ્યક સગવડો અને આર્થિક સહાયનો વિચાર કરી શકાય પરંતુ સમાજના ચોક સમક્ષ એ પસંદગી માટે આવે ત્યારે કેવળ લાયકાત સિવાય બીજો કોઇ માપદંડ હોઇ ન શકે. આ સ્થળે પસંદગી કરુણા કે સહાનુભૂતિને આધારે નહીં પરંતુ માણસની સજ્જતાની ઉત્કૃષ્ટતાની રીતે થવી જોઇએ. આ જો તમે ન કરો તો રાષ્ટ્રીય એકતાના મૂળમાં સુરંગ ચાંપવાનું કામ તમારે હાથે થાય છે. તમારા પોતાના જ દેશમાં તમે એક નાગરિકને બીજા નાગરિકથી જુદો પાડો છો અને એ તિરાડ સાંધવા માટે તમારી પાસે શક્તિ પણ નથી, ગજું પણ નથી. ગરીબ અને કચડાયલાંને નામે એક મૂલ્ય ઊભું કરવાના પ્રયત્નો થાય છે. પણ એ સાચું મૂલ્ય નથી. એક નકલી મૂલ્ય સત્યના વાઘા પહેરીને મહાલે છે.

એ જ રીતે લઘુમતીની બાબતમાં પણ આપણે સ્પષ્ટ થવાની જરૂર છે. આ દેશમાં કોઇ ધર્મનું રાજ્ય નથી. જ્યાં ધર્મનું રાજ્ય હોય ત્યાં જ ધાર્મિક બહુમતી કે લઘુમતીનો સવાલ ઊભો થઇ શકે. પરંતુ રાજ્ય જ્યાં બિનસાંપ્રદાયિક હોય ત્યાં ધર્મને નામે લઘુમતી શી રીતે હોઇ શકે? ભારત જેવા વિશાળ દેશમાં થોડા ઘણા લોકો જુદી જુદી ઉપાસના કરતા હોય એ સ્વાભાવિક છે. પરંતુ ઉપાસના એ વ્યક્તિગત બાબત છે. ઉપાસના કરનારાઓનો સમુદાય હોય ત્યાં પણ આખરે તો એ સમૂહની એ અંગત બાબત છે. રાજ્ય એને અટકાવે પણ નહીં અને થાબડે પણ નહીં. પરંતુ આપણે ત્યાં તો એ 'ફ્રી ફોર ઓલ' એવી રમત છે. એ રમત જોયા કરવી એ બિનસાંપ્રદાયિકતા નથી. પહેલા રસ્તા પચાવી પાડવાની હરીફાઇ ચાલતી, હવે લાઉડસ્પીકર સ્પર્ધા ચાલે છે. આ વાત કરતી વેળા કોઇ એક કોમને નજરમાં રાખીને આ વાત હું નથી કરતો. તમામ સંપ્રદાયોને આ એક સરખી લાગુ પડે છે. આ પણ રાષ્ટ્રીય એકતાને ખાટલે મોટી ખોડ છે. આવા તો અનેક પ્રશ્નો છે જેને વિશે, માત્ર વર્તમાનપત્રો કે પત્રકારોએ નહીં પણ સમગ્ર પ્રજાએ પોતાની પ્રતિબદ્ધતા અને પોતાનું મૂલ્ય ખોળી કાઢવાનું છે.

અને અંતે તો એક જ મૂલ્ય સર્વોપરિ થઇ રહેવાનું છે. Man's perfection or Man's Excellence. આ પરિપૂર્ણતા અને આ સર્વોત્કૃષ્ટતા એ જ સુખમય સમાજનાં ઘટક પરિબળો છે. એને જીવતાં રાખવાં, જ્યાં ન હોય ત્યાં ઊભાં કરવાં એ ઊંચા પત્રકારત્વની પ્રતિબદ્ધતા અને મૂલ્ય હોવાં જોઇએ. આમ જોઇએ તો પત્રકારત્વની પ્રતિબદ્ધતા અને મૂલ્ય એવાં જોઇએ. આમ જોઇએ તો પત્રકારત્વ પોતે જ એક પ્રજાકીય આંદોલન છે. એ આંદોલન જેટલું સ્વસ્થ અને નરવું હશે એટલાં ઊંચાં નિશાન બીજાં આંદોલનો પણ તાકી શકશે. ડેન્ટીની 'ડિવાઇન કોમેડી'માં દોજખનું વર્ણન છે. એમાં માનવ સમાજ ભ્રષ્ટ થઇ ગયેલો છે. એમાં જીવન અસાર લાગે છે, જીવાતુભૂત શ્રદ્ધા નથી. ત્યાં ચારિત્ર્યની શિથિલતા છે અને અકરાંતિયો ઉપભોગ છે. ત્યાં ચૈસાના ગોટાળા છે અને વકરેલો મિજાજ છે. જીવન પ્રત્યે ત્યાં કોઇ આદર નથી. જાતીયતા એ શોષણની વસ્તુ છે, ધર્મનું વ્યાપારીકરણ થયું છે, નર્યો દંભ છે. નર્યાં કઠપૂતળીના ખેલ છે, જાતિ વિદ્વેષ અને વિગ્રહો છે, કુટુંબ, દેશ, મિત્રો અને ઊંચા આદર્શોને સહેલાઇથી છેહ દઇ શકાય છે. એ એક એવા સમાજનું ચિત્ર છે, જે મરણપથારીએ પડેલો છે, બધા સભ્ય સંબંધો પણ ખુઆઈ જવાની અણી ઉપર છે.

દોજખનું આ ચિત્ર અને આપણા આધુનિક સમાજનું ચિત્ર સરખાવી જુઓ. આપણી અને દોજખની વચ્ચે એક વેંતનું ય છેટું નથી. અને આપણી સામે પણ બે માંથી એકની પસંદગી કરવાનો પડકાર છે: કાં તો સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યનિષ્ઠા પસંદ કરો અથવા તો દોજખ.

# પ ર બ્ર હ્મ

★ તનસુખ ભટ્ટ

પોતાની આધ્યાત્મિક ભૂમિકાના આધારરૂપે ગીતા કોઇ દલીલ રજૂ કરતી નથી. જે શાસ્ત્રાર્થને સમજવા માટે માનવ-જાતિનો વિશાળ સમુદાય અસમર્થ છે એના શાસ્ત્રાર્થ વડે સિદ્ધ કરી શકાય એવી સમસ્યારૂપ પરબ્રહ્મ નથી, અંગત અનુભવ વિનાનો શાસ્ત્રાર્થ કદી ય સત્યની પ્રતીતિ કરાવી ન શકે. નિજ નિજનો અનુભવ જ આપણને આત્માના અસ્તિત્વનો પુરાવો પૂરો પાડી શકે. ખરી વાત તો એ છે કે આપણે બ્રહ્મનું કોઇ પણ જાતનું વર્ણન આપી શકીએ એમ છે જ નહિ. આપણાં લથડિયાં લેતાં વર્ણનો તથા ઊણાં ધોરણોની કાર્યસાધકતાનું દારિદ્ર દર્શાવવા માટે મૌનનું કઠોર સાધન જ એક માત્ર ઉપાય દીસે છે.

ઉપનિષદોમાં પરબ્રહ્મનું વર્ણન આપણને અક્ષર અચિંત્ય અને સાથોસાથ અખિલ બ્રહ્માંડના અધિષ્ઠતા તરીકેનું પણ મળે છે. તે આ વિશ્વમાંના સર્વે પદાર્થોનું આદિ કારણ છે છતાં તે સદૈવ અવિકારી અવ્યય છે. પરબ્રહ્મ જગતનો માત્ર આધાર કે અધિષ્ઠાન જ નથી પરંતુ તે તેની અંતર્ગત રહેલું પ્રવૃત્તિશીલ પરિબળ પણ છે. પરમાત્મા અગમ્ય જ્યોતિર્મય હોવાને લીધે વિશ્વાતીત પણ છે અને છતાં ઓગસ્ટાઇનના શબ્દોમાં, 'આત્મા પોતાને જેટલો પરિચિત હોઇ શકે તેના કરતાં તે આત્માને અધિક પરિચિત છે,' પરમાત્મા સ્વયંભૂ તરીકે પરબ્રહ્મ છે છતાં બ્રહ્માંડના સરજનહાર તથા વિશ્વ-નિયંતા તરીકે તે પરમેશ્વર છે, ભગવાન છે.

પરમેશ્વર પાપોને માટે સીધેસીધો તો નહિ પણ આડ-કતરી રીતે જવાબદાર ગણાય ખરો. જેમની ઉપર પ્રભાવ તો પાડી શકાય પણ જેમને નિયંત્રણમાં ન રાખી શકાય એવી પ્રવૃત્તિપ્રધાન, પ્રેય વાંછનારી વ્યક્તિઓ વડે આ સંસાર સભર છે, અને વળી જ્યારે પરમેશ્વર તે જગતમાં સરમુખત્યાર તરીકે વર્તતો નથી ત્યારે, સંઘર્ષ અનિવાર્ય બને છે, આ જગત સ્વતંત્ર જીવોથી ભરેલું છે એમ માનીએ તો તેનો અર્થ એવો જ નીકળે કે પાપ સંભવિત પણ છે ને સુશક્ત પણ છે. યંત્રમય જગતનો વિકલ્પ જોખમ-ભર્યું જગત તથા સાહસપ્રધાન સંસાર જ હોઇ શકે.

ગીતા એ વાત ઉપર ભાર મુકે છે કે પરબ્રહ્મ પોતાની પ્રકૃતિમાંથી આ દૃશ્ય વિશ્વને સરજાવનાર સાકાર ઈશ્વર છે. તે પ્રત્યેક જીવના હૃદયમાં વસે છે. તે સર્વે યજ્ઞોનો સ્વામી અને ભોક્તા છે. તે આપણા હૃદયમાં ભક્તિ પ્રેરે છે અને આપણી ઉપાસનાને સફળ કરે છે. આ જગતનાં મુલ્યોનું તે આદિસ્થાન છે, ધારણાસ્થાન છે. ઉપવાસના વડે તથા પ્રાર્થના વડે તે આપણી સાથે અંગત નાતો બાંધે છે.

સાકાર પરમેશ્વર આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને માટે જવાબદાર છે. પરબ્રહ્મની બે પ્રકૃતિ છે: ઉચ્ચ (પરા) અને ઉતરતી (અપરા), જીવો પરા પ્રકૃતિ છે અને પંચ મહાભૂતો અપરા પ્રકૃતિ છે–આદર્શ જે વડે વ્યવહાર બને છે તથા સંકલ્પ જે વડે સંસાર બને છે તેવા આદર્શમય સંકલ્પ તથા તેનું પ્રત્યક્ષ માધ્યમ સંસાર એ બંને માટે ઈશ્વર ઉત્તરદાયી છે. ઈશ્વર સરજનહાર બને છે ત્યારે બ્રહ્મા કહેવાય છે. ઈશ્વર પ્રેમપ્રવાહ વહેવરાવે છે અને તેના પ્રેમપ્રવાહ સાથે જ જેની તુલના થઈ શકે તેવી અપ્રતિમ ધીરજ વડે પ્રવૃત્તિશીલ બને છે ત્યારે તે વિષ્ણુ કહેવાય છે. તે આ જગતનું સદાય સંરક્ષણ કરે છે તથા નિરંતર કાર્યમગ્ન રહે છે. જ્યારે સંકલ્પમાંથી સંસાર સરજાય છે જ્યારે અવની ઉપર અમરાપુરી ઊતરે છે, ત્યારે તેના સકળ અર્થો સિદ્ધ થાય છે અને આવી અર્થસિદ્ધિના પ્રતિનિધિ શિવ છે. તે કાળે ઈશ્વર, પ્રજ્ઞા, પ્રેમ અને પૂર્ણતારૂપ છે. ગીતાને જગતના મોક્ષની પ્રક્રિયામાં રસ છે તેથી વિષ્ણુનું સ્વરૂપ પ્રમુખ સ્થાને આવે છે. પરબ્રહ્મના વિષ્ણુસ્વરૂપના પ્રતિનિધિ શ્રીકૃષ્ણ છે.

પરમ સત્ય આ સંસારથી, વિશ્વથી, બ્રહ્માંડથી, દશાંગુલ ઊંચું, શાશ્વત, 'દિકકાલાતીત પરબ્રહ્મ છે. આ દિકકાલની મર્યાદા ધરાવતા સંસારનો તે આધાર છે, તે પરમાત્મા છે અને સંસારનાં નામરૂપોને તથા ગતિવિધિઓને ચેતના સમર્પે છે. પ્રકૃત્તિનાં સંચાલનોનો તથા જીવાત્માનો તે અધિષ્ઠાતા ઈશ્વર છે તેમજ સંસારચક્રનો નિયંતા છે. તે પુરુષોત્તમ છે, તેની દ્વિવિધ પરાઅપરા પ્રકૃતિ સંસારની ઉત્ક્રાંતિમાં દશ્યમાન થાય છે. તે આપણામાં સભર ભર્યો છે, તે આપણી બુદ્ધિને પ્રકાશ સમર્પે છે તથા તેમાં રહેલા ગુપ્ત શકિતસ્રોતને પ્રવાહિત કરે છે.

પુરુષોત્તમથી નીચલી કક્ષાની બધીજ વસ્તુઓ જડ–ચેતનના દ્વૈતમાં સમાવેશ પામે છે. ઈશ્વર તો માયાનો નિયામક છે છતાં તેનામાં પણ માયાનો અંશ ભળેલો છે. તે પોતાની પ્રકૃતિનો વિસ્તાર કરે છે તથા પોતપોતાના સ્વભાવાનુસાર પોતપોતાની નિયતિને ઘડતા જીવાત્માઓનું નિયંત્રણ કરે છે. આ પરિવર્તનશીલ સંસારમાં પરબ્રહ્મ પોતાના સામર્થ્ય વડે આ બધું સરજે છે, અને નિયંત્રણમાં રાખે છે એ વાત ખરી, પરંતુ પરબ્રહ્મનું એક બીજું સ્વરૂપ કે બીજું પાસું પણ છે. તે નિરાકાર બ્રહ્મ છે. તેમજ સર્વવ્યાપક સંકલ્પ છે. તે કારણાતીત કારણ છે અને અણુસંચાલિત સંચાલક છે. મર્ત્યોમાં અને પ્રકૃતિમાં વ્યાપક હોવા છતાં બ્રહ્મ તે બંને કરતાં બૃહત્તર છે. અસીમ અવકાશમાં આવેલું આ અનંત બ્રહ્માંડ તેના આશ્રયમાં વસેલું ને ટકેલું છે. બ્રહ્મ બ્રહ્માંડના આશરે વસેલ કે ટકેલ નથી, ગીતાના પરમેશ્વરને સંસારમાં જ એકરૂપ અને તત્તુલ્ય ગણી ન શકાય, કારણ કે તે તો સંસારની પેલે પાર છે, વિશ્વાતીત છે; સર્વનો સ્પર્શ કરીને પછી તેનાથી દશાંગુલ ઊંચે સ્થિત છે. આ પ્રત્યક્ષ સંસારમાં પણ તે અમુક સ્વરૂપ કરતાં અમુક સ્વરૂપમાં વિશેષ રુપે આવિર્ભાવ પામે છે. ગીતાદર્શન ઉપર સર્વ દેવતાવાદ (પાનથી ઈઝમ)ને તેના ઊતરતી કોટિના અર્થમાં આરોપી શકાય તેમ નથી. પોતાની સાર્વભૌમ, સર્વોચ્ચ સ્થિતિમાં પરબ્રહ્મ પૂર્ણ છે જ્યારે બાકીના બીજા બધાજ સાકાર તથા સાક્ષાત દશ્યમાન થતા પદાર્થો તેટલા પરિપૂર્ણ નથી.

[સર્વપલ્લી ડો. રાધાકૃષ્ણન્ કૃત ગીતાની (અંગ્રેજી) પ્રસ્તાવનાના આધારે]

# નેપાલ: આપણો અવિશ્વાસુ નાનોભાઈ

* લે. વિજયગુપ્ત મૌર્ય

ગયા સપ્ટેમ્બરમાં નેપાલ અને ભારત વચ્ચે થોડોક ખટરાગ થઇ ગયો. તે અંગ્રેજી કહેવત પ્રમાણે ચાના પ્યાલામાં થએલાં તોફાન જેવો હતો. નેપાલ અને ભારત વચ્ચે સરહદ ખુલ્લી રાખવાના કરાર છે, તેથી બંને બાજુના લોકો છૂટથી આવજાવ કરી શકે છે, અને નાણાં તથા માલની લેવડદેવડ કરી શકે છે. તેનો લાભ લઇને લાખો નેપાલીઓ ભારતમાં નોકરી–ધંધા કરે છે અને એની કમાણી નેપાલમાં પોતાના કુટુંબોને મોકલે છે. ભારતીય સૈન્યમાં ગોરખા સૈનિકો પણ છે અને તેઓ યુદ્ધ–કૌશલ્ય અને બહાદુરી માટે પ્રખ્યાત છે. નેપાલીઓ ભારતમાં આવજાવ કરે તે માટે અમુક માર્ગો નકકી કરેલા છે. ગયા સપ્ટેમ્બરમાં જુદા માર્ગે આવતા નેપાલીઓને ભારત તરફથી અટકાવવામાં આવ્યા, તેથી મિન્નજ ગુમાવીને નેપાલી સત્તાવાળાઓએ નેપાલમાં વર્ષોથી કે પેઢીઓથી વસેલા હિંદીવંશી નેપાલીઓને કાઢી મૂકયા. આ ઘટનાઓને ભારત સરકારે બહુ પ્રસિદ્ધિ ન આપી અને એલચી કચેરીઓની સપાટીએ વાટાઘાટ હાથ ધરવામાં આવી. પરંતુ આ ઘટના બતાવે છે કે નેપાલની સરકાર પોતાના સાર્વભૌમત્વ, સ્વાતંત્ર્ય અને સમાનતા માટે વધુપડતી આગ્રહી છે.

આપણા પર્યટકો દર વર્ષે વધુ ને વધુ સંખ્યામાં નેપાલ જાય છે. તેમાંથી કોઇને પર્યટનનો શોખ હોય છે, કોઇ પશુપતિનાથની યાત્રાએ જાય છે તો કોઇ આનંદ પ્રમોદ કરીને કેટલોક વિદેશી માલ ખરીદી લાવે છે. આમ કાશ્મીરની જેમ નેપાલનું પણ આપણા પ્રવાસીઓને આકર્ષણ છે, તેથી તેનાં કેટલાંક પાસા જાણવા જેવાં છે.

૫૬૧૩૬ ચો. માઇલમાં પથરાએલ નેપાલ ઊંચા પહાડોનો પ્રદેશ છે. પાટનગર કાઠમંડુ મેદાન જેવી ખીણમાં વસેલું છે. આવા નાના અને પહાડી દેશ માટે ૧ કરોડ પપ લાખ જેટલી વસતિ વધુપડતી કહેવાય. દર ચો. માઇલે આશરે ૨૫૦ માણસોની વસતી થઈ. પરંતુ એ બધો વિસ્તાર વસવાટને યોગ્ય નથી, તે પહાડી છે. આમ વસતિ વધુ પડતી તો છે જ, તેમાં વળી ઊંચા જન્મપ્રમાણના કારણે વસતિ વધારો થયા કરે છે અને તે ઉભરાઇને ભારતમાં આવે છે. નેપાલની પ્રજાની ઓળખાણ કરીએ તો રાજકુટુંબ સહિત ઘણી જાતિઓ હિંદીવંશી છે. બીજી જાતિઓ તિબેટમાંથી આવેલી છે. રાજભાષા નેપાલી પણ ભારતીય ભાષાનો એક પ્રકાર છે. પ્રજામાંથી ૬૦ ટકા હિંદુ છે, ૭ ટકા બૌદ્ધ છે. દુનિયામાં નેપાલ એક જ હિંદુ રાજય છે. નેપાલના ઉત્તર અને મધ્ય પ્રદેશો હિમાચ્છાદિત પર્વતમાળાઓ ધરાવે છે. સૌથી ઊંચું શિખર એવરેસ્ટ પોતાનું હોવાનો નેપાલ અને ચીન બંને દાવો કરે છે. સમાધાન તરીકે તેઓ જણાવે છે કે અમારી વચ્ચેની સરહદ એવરેસ્ટની ટોચ ઉપરથી પસાર થાય છે.

એવરેસ્ટ અને બીજાં ઊંચા શિખરો પર આરોહણ કરવા દુનિયામાંથી ઘણા પર્વતારોહકો આવે છે અને તેમણે અગાઉથી પોતાનાં નામ નોંધાવી દેવાં પડે છે. દા. ત. એવરેસ્ટનું બુકીંગ લગભગ ૧૯૯૦ સુધી થઇ ગયું છે. આ બધાં પર્વતારોહણોમાં નેપાલની સરકારને તેમજ શેરપાઓને મોટી કમાણી થાય છે.

વધતી જતી વસતિને વધુ ખોરાક જોઇએ છે. પરંતુ ખેતી, ડુંગરમાળાઓની વચ્ચે આવતી ખીણો અથવા દૂનોમાં જ થઇ શકે છે. તેથી વસતિ વધે છે તેમ ગરીબી પણ વધે છે અને મોંધારત પણ વધે છે. દક્ષિણના સીમાડા ઉપર બંને બાજુ તરાઈ એટલે તળેટીનું ઊંચું-નીચું મેદાન છે. થોડાં દાયકા પહેલાં તે હાથી, ગેંડા, વાઘ વગેરે વન્ય સૃષ્ટિ ધરાવતું ગીચ જંગલ હતું. આજે જંગલ કાપીને ખેતી વિસ્તરી રહી છે અને તેમાં નેપાલી અને હિંદીવંશી પ્રજા વધી રહી છે. નેપાલમાંથી ઘણી નદીઓ ઉત્તર ભારતના મેદાનમાં થઇને ગંગામાં ભળી જાય છે. નેપાલમાં ખેતીને ખાતર જંગલો કપાઈ રહ્યાં છે; તેથી ઉઘાડાં પડી ગએલાં ડુંગરોનું ધોવાણ કરીને અબજો ટન કાંપ ભારતમાં ધસડાઈ આવે છે અને એ નદીઓ જ્યારે ભારતના મેદાનમાં આવે ત્યારે તેમનો વેગ ઘટી જવાથી નદીઓમાં અને કાંઠાના પ્રદેશોમાં કાંપ પથરાય છે. તેથી નદીઓ છીછરી અને પહોળી બને છે અને પૂરની હોનારતો વધતી જાય છે. જો આ બધી નદીઓને નાથવામાં આવે તો ભારતમાં વીજળીની અછત ન રહે, અને નેપાલને પણ પુષ્કળ કમાણી થાય. પરંતુ નેપાલના સત્તાવાળાઓને ભારત પ્રત્યે એટલો બધો અવિશ્વાસ છે, અથવા એમ કહો કે પોતાની આર્થિક સ્વતંત્રતા માટે એટલો બધો આગ્રહ છે, કે મોટા ભાગની આ નદીઓ નાથ્યા વગરની રહી છે. દરમ્યાન આ નદીઓને નાથવાના ખર્ચનો ગુણાકાર થતો જાય છે.

ત્રણ દાયકા પહેલાં નેપાલમાં રાણાશાહી હતી. રાણા વડાપ્રધાનનો હોદ્દો વંશપરંપરા ધરાવતા હતા અને રાજા માત્ર શોભના જ હતા. રાજા ત્રિભુવને રાણાશાહીની પકડમાંથી છૂટવા પંડિત નહેરુની મદદ મેળવી. તેમણે સહકુટુંબ શિકારની સહેલગાહે જવાની રાણા પાસેથી સંમતિ મેળવી. પણ શિકારે જવાને બદલે ભારતની એલચી કચેરીમાં આશરો મેળવ્યો. અને રાજા તરીકે બધી સત્તા પોતાને હસ્તક લેવાની જાહેરાત કરી. નહેરુના દબાણથી રાણાએ વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો અને રાજા ત્રિભુવને આ રીતે બધી સત્તા મેળવી લીધી. આમ રાજાઓ વડાપ્રધાનના ઓશિયાળા મટીને સર્વ સત્તાધીશ બની ગયા.

પરંતુ રાજકારણમાં ઉપકારની લાગણી તરત ભુલાઇ જાય છે. રાજા ત્રિભુવનના અવસાન પછી તેમના પુત્ર રાજા મહેન્દ્રએ અને મહેન્દ્રના અવસાન પછી રાજા બીરેન્દ્રએ ભારતને ખૂંચે એવી નીતિ અખત્યાર કરી. તેમણે ચીનની મદદથી તિબેટની સરહદથી કાઠમંડુ સુધી ધોરીમાર્ગ બંધાવ્યો : કાઠમંડુથી ભારતની સરહદ સુધી ધોરીમાર્ગ છે, એથી જો ચીને નેપાલ દ્વારા ભારત ઉપર આક્રમણ કરવું હોય તો તેના માટે આ રાજમાર્ગ ખુલ્લો છે. વિદેશનીતિમાં પણ નેપાલ સ્વતંત્ર છે એમ બતાવવા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ઘણીવાર ભારતની વિરુદ્ધ મત આપે છે. નેપાલી તરાઇમાં જે હિંદીવંશી નેપાલીઓ છે તેમને નેપાલ સરકાર નેપાલી નથી ગણતી. આમ રાજ્યાવહોણા લોકોને વર્ગ ઉત્પન્ન કર્યો છે.

વિદેશોમાંથી મોજશોખનો માલ મંગાવીને દાણચોરી દ્વારે ભારતમાં ઘૂસાડવામાં આવે છે. નેપાલી તરાઇમાં ચીનની મદદથી કેટલીક યોજનાઓ હાથ ધરવામાં આવી છે, જેથી ચીનાઓ આપણી સરહદ સુધી ડોકાય છે. આ ચીનાઓ બંગાળ અને ઇશાન ભારતમાં ડાબેરી અંતિમવાદીઓ સાથે સંપર્કમાં રહી શકે છે. તેરાઇમાં વસતા હિંદીવંશી તેપાલીઓને નાગરિક અધિકારોથી વંચિત રાખવામાં આવે છે, ત્યારે નેપાલથી આવતા લાખો નેપાલીઓ ભારતમાં નોકરી ધંધા કરે છે અને ઇશાન ભારતમાં લઘુમતી તરીકે તેઓ કોયડારૂપ બની ગયા છે. ત્યારે નેપાલની સરકાર એવી ફરિયાદ કરે છે કે ઉત્તર ભારતમાંથી ગરીબો કામધંધા કે મજુરી માટે નેપાલમાં આવે છે, તેથી જ્યારે પહાડી વિસ્તારમાં વસતિ વધારો ૧.૮ ટકા થયો છે ત્યારે તેરાઇમાં ૪.૧ ટકા છે. આ વસતિ વધારાનું એક કારણ એ લાગે છે કે બંગલાદેશી અને ભારતીય મુસ્લીમો તેરાઇમાં વસવા લાગ્યા છે અને સાઉદી અરબસ્તાન નેપાળમાં મૂડી રોકાણ કરે છે. તેથી મુસ્લિમોને તેરાઇમાં વસવા પ્રોત્સાહન મળે છે.

કરનાલી નદી ઉપર બંધ બાંધીને વીજળી તથા સિંચાઇનો લાભ મેળવવા ૨૦ વર્ષથી વાટાઘાટ ચાલે છે. દરમ્યાન બાંધકામના ભાવ ૨૦ ઘણા વધી ગયા છે. હવે કરનાલી યોજના હાથ ધરવી હોય તો બે અબજ ડોલર જોઇએ.

પશુપતિ સમશેર બહાદુર રાણા અને કાશ્મીરના ડૉ. કરણસિંહ સાળા બનેવી થાય. રાણા પ્રધાનમંડળમાં છે અને પાણીખાતું સંભાળે છે, પરંતુ તેઓ માનવ સગપણથી આગળ વધીને બે દેશો વચ્ચે નદીઓની કડી જોડી શકતા નથી.

નેપાલના સત્તાધીશો ભારત પ્રત્યે ખરબચડો વર્તાવ કરે છે, પણ ચીન પ્રત્યે ઘણો સુંવાળા છે. આપણા નક્સલબારી નજીક એક નહેર આપણે નેપાલને બાંધી આપી હતી હવે તેમાં સુધારાવધારા કરવાનો કોન્ટ્રાક્ટ ચીનને આપ્યો છે. નક્સલબારીનો પ્રદેશ ચીન તરફી નક્સલવાદીઓ માટે નામચીન છે.

નેપાલના રાજકર્તાઓને ભૂગોળ પ્રત્યે પણ અસંતોષ છે, કારણકે નેપાળ અને સમુદ્ર વચ્ચે બંગલા દેશ અને ભારત છે અને બંગલા દેશ અને નેપાલ વચ્ચે ૨૫ માઇલ પહોળી ભારતીય ભૂમિ છે. પરંતુ આપણે કલકત્તા બંદરમાં નેપાલને ઘણી સગવડો આપી છે તેમ છતાં નેપાલ બંગલાદેશના બંદરો દ્વારા માલ આયાત-નિકાશ કરવાનું પસંદ કરે છે.

નેપાલી અખબારો સરકારની શેહ નીચે હોય છે તેથી ભારત વિરોધી લખાણો નિયમિત રીતે છપાતા હોય છે. નેપાલની સંસદ (રાષ્ટ્રીય પંચાયત)માં વિદેશી પત્રકારોને આવવાની મનાઇ છે. તેથી આપણને જોઇતા સમાચાર નેપાલી સરકાર માટે કામ કરતા પત્રકારો પાસેથી મેળવવા પડે છે.

આપણને ખટકતી ઘણી બાબતો નાની હોય છે. બીજી ઘણી મહત્ત્વની પણ હોય છે, પરંતુ આપણને ખટકે એવી હકીકત એ છે કે નેપાલ પ્રત્યે આપણે ઉદાર અને સહૃદયી વર્તાવ રાખતા હોવા છતાં આપણને અવિશ્વાસ અને ખરબચડો વર્તાવ જ મળે છે. એટલું જ નહિ પણ જે દેશો આપણા પ્રત્યે વિરોધી નીતિ ધરાવે છે તેમને નેપાલમાં વિશેષ સારો વર્તાવ મળે છે. નેપાલના રાજકર્તાઓના માનસમાં અવિશ્વાસનું એવું ભૂત ભરાયું છે કે જાણે રખે ભારત

નેપાલને પોતાની શેહમાં દબાવી દે! તેથી ભારત સાથે મૈત્રી અને સહકાર ધરાવવાની નીતિને વરેલી નેપાલી કોંગ્રેસને ગેરકાયદે ઠેરવવામાં આવી છે.

નેપાલને વધુમાં વધુ આર્થિક અને ટેકનિકલ સહાય ભારત આપે છે તેમ છતાં ભારતની તરફેણમાં પલ્લું નમી ન જાય તે માટે ભારત વિરોધી દેશો સાથે નેપાલી સરકાર સંબંધ વિકસાવે છે. પાકિસ્તાનના જનરલ ઝીયાએ નેપાલની મુલાકાત લીધી હતી. અમેરિકાએ નેપાલને શસ્ત્રો આપવાની તૈયારી બતાવી! અને બંગલા દેશ નેપાલને બધી સગવડો આપે છે.

નેપાળમાં સંસદને રાષ્ટ્રીય પંચાયત નામ આપવામાં આવ્યું છે. તે માટે ચૂંટણી થાય છે, પણ પક્ષહીન ધોરણે થાય છે. રાજકીય પક્ષ સ્થાપવાની છૂટ નથી. રાજા પ્રધાનોને સ્થાપી અને ઉથાપી શકે છે.

વિદેશી પ્રવાસીઓ પાસેથી રાજ્યને પુષ્કળ હુંડિયામણ મળે છે. તેમને આકર્ષવા માટે પશ્ચિમી ઢબની સગવડો અને મોજ મજા આપવામાં આવે છે. તેમાં કેસીનો (પશ્ચિમી જુગારખાનું) પણ છે. તેમાં નેપાલીઓને જવાની મનાઇ છે.

નેપાલના રાજકર્તાઓ જો અવિશ્વાસનું ભૂત કાઢી નાખે તો બધાં ક્ષેત્રોમાં ભારતના સહકારથી નેપાલને પુષ્કળ લાભ થાય આપણી નીતિ પણ નેપાલને સ્વતંત્ર, સાર્વભૌમ અને તટસ્થ રાખવાની છે, જેથી ચીનની આડે તે આપણી પહેલી સંરક્ષણ હરોળ બની રહે.

## ગાંધીજીનો સમાજવાદ

— સત્સંગી

આઘાતની વાત છે કે મહાત્મા ગાંધીજીને તેમના અનુયાયીઓએ પૂજવા યોગ્ય પ્રતિમાનું સ્થાન આપ્યું, પરંતુ તેઓએ તેમની વિચારસરણીનાં અભ્યાસ, સમજાવટ અને અમલમાં સક્રિય રસ દાખવ્યો નહિ. ભલે રશિયાએ કાર્લ માર્કસની વિચારસરણીને પૂરો ન્યાય નહિ આપ્યો હોય તો પણ લેનિનના અવર્ણનીય ભવ્ય પુરુષાર્થનું જગત સાક્ષી બન્યું છે અને આ પુરુષાર્થનું સાતત્ય રશિયાના નેતાઓ જાળવતા રહ્યા છે. જ્યારે મહાત્મા ગાંધીજીની વિચારસરણી ઇતિહાસની દૃષ્ટિએ હજી ગઈ કાલની જ વાત ગણાય તે આજે જાણે આપણા જ દેશમાં છેક વિસરાઇ ગઇ હોય તેવું થયું છે. ગાંધી વિચારસરણીનો સમજપૂર્વકનો અમલ સ્વ. વિનોબા ભાવેએ ભૂદાનની પ્રવૃત્તિ દ્વારા કરી બતાવ્યો. અને અમેરિકામાં હબસી નેતા માર્ટીન લ્યુથર કિંગે ગાંધીજીએ બતાવેલી અહિંસક લડત દ્વારા રંગભેદના પ્રશ્નોનાં ઉકેલ માટે મથ્યા.

પાંત્રીસ વર્ષે પણ પશ્ચિમી સમાજવાદના સૂત્રથી આપણે ત્યાં સમાજવાદની શરૂઆત પણ થઇ હોય એમ જણાતું નથી. જ્યારે ગાંધીજીએ સમાજવાદ જીવનના છેલ્લા શ્વાસ સુધી જીવી બતાવ્યો, ત્યારે આપણે સમાજવાદને શાબ્દિક શોભાથી વિશેષ સ્થાન કેટલું આપ્યું છે એ પ્રશ્ન છે. સમાજવાદની પવિત્ર વિચારસરણીનો સાર એ છે કે પ્રત્યેક માનવીની પાયાની જીવનજરૂરિયાતો સુલભ બને અને ફાજલ સમય આધ્યાત્મિક ભૂખ સંતોષવામાં વપરાય. સમાજવાદ ભોગજીવનની છૂટ આપતો જ નથી. માણસની પાયાની જરૂરિયાતોનો સંતોષ એ સાધ્ય નથી, પણ આધ્યાત્મિક ઉન્નતિ સાધવા માટેનું સાધન છે. માણસમાત્રમાં આધ્યાત્મિક ભૂખ રહેલી જ છે, પરંતુ જીવનનિર્વાહ માટેનાં ચિંતા અને તંગદિલી આડે માણસ ગૂંગળાઇ જાય છે. સમાજવાદની વિચારસરણી સૌ કોઇની આધ્યાત્મિક આકાંક્ષાઓ સંતોષાય તે માટેની હિમાયત કરે છે. આ સમાજવાદ ધર્મગ્રંથોમાં વ્યક્ત થયેલો જ છે. મહાત્મા ગાંધીજીએ ધર્મગ્રંથો, પશ્ચિમી સમાજવાદનાં અભ્યાસ અને મનન તેમજ પોતાના પ્રયોગોના સારરૂપે સમાજવાદને બદલે સર્વોદયની ફિલસુફી સમાજને પ્રેમપૂર્વક આપી છે જેનાં અભ્યાસ અને મનન આ દેશને માટે આજે ખૂબ જરૂરી બન્યાં છે.

ગાંધીજીએ ૧૬-૩-૪૭નાં હરિજનમાં સમાજવાદનો પોતાનો આદર્શ આ પ્રમાણે દર્શાવ્યો છે:– 'સમાજવાદનો મારો આદર્શ એ છે કે દરેકને સરખું વેતન મળવું જોઇએ. વકીલ, ડોકટર, શિક્ષક, મજૂર–કામદાર કે ભંગી–બધાને સમાન વેતન મળવું જોઇએ. ભારતીય સમાજ આ ધ્યેય પર કદાચ કદી ન પહોંચે, તો પણ જો ભારત સુખી પ્રદેશ બનવાનો હોય તો બીજું કોઇ ધ્યેય માટે નહિ પણ આ જ ધ્યેય માટે પોતાના પ્રાણ રેડવા એ પ્રત્યેક ભારતવાસીની ફરજ છે.'

આ વિષમતા ન જ રહેવી ઘટે એમ ગાંધીજીના આદર્શમાં સ્પષ્ટ રીતે દર્શાયેલું છે. વળી તેઓએ ૩૧-૩-૪૧નાં હરિજનમાં આ પ્રમાણે દર્શાવ્યું છે;– 'મારા ખ્યાલ મુજબની આર્થિક સમાનતાનો એવો અર્થ થતો નથી કે દરેકની પાસે અક્ષરશ: સરખી રકમ હોય. તેનો સરળ રીતે એ અર્થ છે કે દરેક પાસે પોતાની જરુરિઆતો માટે પુરતું હોવું જોઇએ. આર્થિક સમાનતાનો ખરો અર્થ આ છે:–'દરેકને તેની જરૂરિયાત પ્રમાણે મળે -To each according to his need.' એ માર્કસની વ્યાખ્યા છે.' અહીં સ્પષ્ટ બને છે કે ગાંધીજી અને માર્કસની વિચારસરણીમાં મળતાપણું રહેલું છે. ગાંધીજી જૂનાપુરાણા ખ્યાલ ધરાવે છે. એવી માન્યતા ખૂબ ભૂલ ભરેલી છે. હા, ગાંધીજીની વિચારસરણીમાં આજે જે ભોગ જીવન ફાલ્યું ફૂલ્યું રહેલું છે. તેની સ્પષ્ટ 'ના' જ છે. જે સૌની પ્રગતિ સાધવી હોય, તો સૌ પોતાનાં જીવનનો વિકાસ સાધે અને આધ્યાત્મિક આકાંક્ષાઓ સંતોષે એવી સ્થિતિ નિર્માણ કરે.

ગાંધીજીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી પણ આપેલી છે આ આર્થિક અસમાનતા દૂર કરવામાં નહિ આવે તો હિંસક ક્રાંતિ થાય એ દેખીતું છે. થોડા લોકો સુખચેનથી રહે અસંખ્ય લોકોને પાયાની જીવનજરૂરિઆતો માટે પણ ફાંફાં મારવાં પડે એવી જ પરિસ્થિતિ ચાલુ રહે તો નીચલા વર્ગના લોકોને તે સ્થિતિ હિંસક ક્રાંતિને રસ્તે લઇ જાય એ દેખીતું છે. અહીં ગાંધીજી પશ્ચિમી સમાજવાદથી જુદા પડે છે. પશ્ચિમી સમાજવાદમાં સારાં ધ્યેય માટે ગમે તે સાધન અપનાવાય તેનો સ્વીકાર રહેલો છે. જ્યારે ગાંધીજીની વિચારસરણીમાં શુભ ધ્યેય જેટલી જ સાધનશુદ્ધિની હિમાયત છે. સારું ધ્યેય સિદ્ધ કરવા માટે પણ જે સાધન અપનાવાય તે સારું હોવું જોઇએ એવો ગાંધીજીનો સ્પષ્ટ મત છે. સમાજવાદ ધ્યેય પવિત્ર છે, પણ ભાંગફોડ કરીને સમાજવાદ સ્થાપા તેમાં અયોગ્ય અને અનિચ્છનીય સાધન અજમાવાય છે મા સમાજવાદની આ પ્રક્રિયા માનવીનું હિત કરનાર ન નીવ એવું ગાંધીજીનું દર્શન છે. ગાંધીજી ગરીબની સેવા કર માગતા જ હતા અને સાચા દિલથી કરતા જ હતા; પર

ામના સમાજવાદમાં વધારે આવકવાળાની કુસેવા કરવી એવા વેચારને સ્થાન નહોતું. તેથી જ તેઓ સમાજવાદ કરતાં સર્વોદયના હિમાયતી હતા–સર્વનો ઉદય થાય, સર્વનું કલ્યાણ ાય, સર્વનું શ્રેય થાય એવી વિશાળ અને આધ્યાત્મિક ૃષ્ટિના તેઓ હિમાયતી હતા. આ સર્વોદય હિંસાથી નહિ ણ કેવળ અહિંસાથી જ સ્થપાય એ તેમની મહત્વપૂર્ણ ાત હતી.

ગાંધીજીનો વિરોધ મૂડીવાદ પ્રત્યે હતો, પરંતુ મૂડીવાદી જમીનદાર પ્રત્યે વ્યકિત તરીકે વિરોધ ન હતો. તેઓ ૂડીવાદનો પદ્ધતિ તરીકે વિરોધ કરતા અને વર્ગવિહીન ામાજમાં જરૂર માનતા હતા. પરંતુ મૂડીવાદીઓનો નાશ રીને સામાજિક ફેરફાર લાવવાના સંપૂર્ણ વિરોધી હતા. એ સ્પષ્ટપણે કહેતા કે હિંસાથી લાવેલો સમાજવાદ ટકી ે તેવો સમાજવાદ નહિ હોય. મૂડીવાદીએ પોતાની પાયાની રૂરિઆતોથી વધારે મૂડી હોય તે ત્યજી દેવી જોઇએ, વી જ રીતે જમીનદારે પણ પોતાની પાયાની જરૂરિઆતોથી ેશિષ જમીન હોય તે ત્યજી દેવી જોઇએ, પરંતુ શ્રીમંતો અને મીનદારોનો નાશ કરાય જ નહિ, કારણકે બધા માણસોને વવાનો અને જીવનજરૂરિઆતો મેળવવાનો હક છે.

ધનવાનો પોતાની વધારાની સંપત્તિનો ત્યાગ કરે અને મીનદારો પોતાની વધારાની જમીનનો ત્યાગ કરે તે માટે ાંધીજીએ આ વર્ગનાં લોકોનાં હૃદયપરિવર્તનનો માર્ગ તાવ્યો છે અને તેમનાં જીવન દરમ્યાન તેઓ આવા પ્રયોાથી સફળતા મેળવતા રહેતા. ગાંધીજીના સમાજવાદની રિભાષામાં શ્રીમંતો સંપત્તિના માલિક નહિ પણ ટ્રસ્ટી છે , જે પ્રતિપાદન થયું છે તે ખૂબ સમજવા જેવું છે. શ્રીમંતો ોતાની સંપત્તિ જે મેળવી શકયા છે તે તેમની બુદ્ધિશકિતથી ળવી શકયા છે તો એવા બુદ્ધિશાળી માણસોનો નાશ કરીને માજવાદ સ્થાપવો એ દેશના હિતની વાત ગણાય નહિ. દ્ધિચાતુર્ય ધરાવતી વ્યકિતઓની શકિતનો લાભ દેશની ાળાદી માટે લેવાની ગાંધીજીની પ્રેમ અને દીર્ઘદૃષ્ટિની કમ-ાગી તરીકેની શુભ્ર અને શુદ્ધ ભાવના ખૂબ જ ધન્યવાદને ાત્ર છે. વિનાશક રીતો અપનાવ્યા વિના, પ્રેમભાવથી સામા-ાક ફેરફાર આણી શકાય છે એવો આત્મવિશ્વાસ ગાંધીજીએ મેશાં રાખ્યો હતો અને સઘળા ધર્મોમાં પ્રેમની જ ત મુખ્ય છે એ આપણે સતત યાદ રાખવું જ જોઇએ.

ગાંધીજીએ સામાજિક પરિવર્તન લાવવા માટે કેળવણી, મન્નવટ પ્રેમ અને અહિંસાનો ઉપયોગ કરવાની સ્પષ્ટ માયત કરી છે. તેમણે ૧૩-૭-૪૭ના હરિજનમાં જણાવ્યું છે સમાજવાદ પારદર્શક કાચ જેટલો શુદ્ધ છે અને તેથી તે દ્ધ કરવા માટે પારદર્શક કાચ જેવાં શુદ્ધ સાધનોની જરૂર છે. ણે ૨૦-૭-૪૭ના હરિજનમાં આ પ્રમાણે દર્શાવ્યું છે;– ' નિર્ભયતાથી અને મકકમતાથી આ ખાસ કહું છું કે ાગ્રહથી પ્રત્યેક યોગ્ય વસ્તુ સિદ્ધ કરી શકાય છે. સત્યાગ્રહ ્યતમ અને દોષરહિત સાધન છે, મહાનમાં મહાન બળ છે. ાજવાદ બીજા કોઇ સાધનથી મેળવાશે નહિ.'

ગાંધીજીએ આપેલો પ્રકાશ ઝાંખો થતો રહ્યો એ આપણે ોકારવું પડે તેમ છે. આ સ્વીકારમાં ખંડનાત્મક ટીકાનો ારવાદ ન ગણવો જોઇએ પણ હવે આપણું શું કર્તવ્ય છે વિચારવા અને આચરવાની ભૂમિકા તરીકે આ સ્વીકાર ુવો જોઇએ. ધર્મની પરિભાષામાં કહેવાય છે કે પ્રેમ સઘળા પ્રશ્નોનો ઉકેલ છે એ સત્ય ગાંધીજી જીવી શકયા અને આપણે તે માટે કટિબદ્ધ થવું જોઇએ અને તેમાં સૌનું કલ્યાણ જ છે.

આપણા દેશના લોકોએ ગાંધીજી પછી પણ સત્યાગ્રહની વાતો ઘણી કરી છે, પરંતુ તે ધરણાં, ઉપવાસ, હડતાલો, અહિંસક આંદોલનો વગેરે મોટે ભાગે અમુક વર્ગના લોકોએ પગારવધારા અને તેવી અન્ય માગણીઓ માટે કરવાનું રાખ્યું છે અથવા તો રાજકીય લાભો મેળવવા માટે થયાં છે. પરંતુ સામાજિક પરિવર્તન માટે સામૂહિક પાયા પર આવો કોઇ સત્યાગ્રહ યોજાયો નથી. જે ખરી જરૂર છે તે શ્રીમંતોનું હૃદયપરિવર્તન કરવાની છે, અને તે માટે જરૂર જણાય તો સત્યાગ્રહ આદરવો જોઇએ. પગારવધારાથી કે થોડા લોકોને નોકરીઓ મળવાથી સમાજવાદ સ્થપાય નહિ. શ્રીમંતો હદ ઉપરાંતનું ભોગજીવન છોડે અને પોતાની સંપત્તિના ટ્રસ્ટી બનીને પોતાની વધારાની સંપત્તિ આમજનતાના કલ્યાણ માટે ટ્રસ્ટ તરીકે રાખે તો જ વાતાવરણ સુધરે. આ વાતાવરણમાં જ નફાખોરી, સંગ્રહખોરી અને શોષણનાં દૂષણો દૂર થાય એ દેખીતું છે. આ રાતોરાત બનવાનું નથી. પરંતુ આ આદર્શને પહોંચવા માટે ગાંધીજીના અનુયાયીઓ જે હોય તેમણે વ્યવસ્થિત કાર્યક્રમ રાખવો પડે અને પ્રવૃત્તિપરાયણ બનવું જ ઘટે. જે પક્ષની સરકાર હોય તેણે આ કાર્યક્રમનું વજન પડે અને વ્યવસ્થિત રીતે અમલી બને તે માટે હૃદયથી અગ્રતાનો ક્રમ આપવો જોઇએ સમગ્ર પ્રજાનાં સુખ માટે, જેમાં પોતાનું પણ સુખ રહેલું જ છે. સૌ કોઇએ ભોગજીવનમાંથી બહાર આવવું જ જોઇએ અને મૂડીવાદ અને તેના સ્વપ્નને પણ તિલાંજલિ આપી દેવી જોઇએ. સર્વોદયનાં મૂલ્યની સ્થાપનાથી વૈયકિતક રહેણીકરણીમાં ધરમૂળથી ફેરફાર થવાનો અને સામાજિક જીવન સ્વચ્છ બનશે એ નિઃશંક છે. સામાજિક ફેરફારની હવા હૃદયસ્પર્શી બનતાં જૂના ખ્યાલો, જૂના રિવાજો, વ્યાપારીવૃત્તિ આ બધામાં સર્વોદયની ભાવનાથી શુદ્ધિ આવતી જશે એ કલ્પનાની વાત નથી પણ તર્ક સાથે સુસંગત બાબત છે. હિંસાથી વિનાશ નોતરીને સમાજમાં અંધાધૂંધી ઊભી કરવા કરતાં, અહિંસા અને પ્રેમની રીતોથી સમાજવાદ કે સર્વોદયની લાંબા સમયની પ્રક્રિયા અનેકગણી ઇચ્છનીય છે.

---

(અનુસંધાન ૧૫૦ થી ચાલુ)

લખ્યો હતો. આંખની તકલીફને કારણે વાંચવાની મુશ્કેલી તથા હાથે લખવાની તકલીફ વિશે એમાં નિર્દેશ કર્યો હતો.

પેટલીકર સ્વભાવે નિર્દંભ અને નિખાલસ હતા. પોતાને જે સાચું લાગે તે કહેતા. કયારેક તેમાં સહૃદયતાભરેલી નિર્ભયતા પણ દેખાતી. પેટલીકર વ્યકિતહિતચિંતક તેમજ સમાજહિતચિંતક હતા. એ માટે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય જણાવતા. તેમનામાં વેર કે દંશની વૃત્તિ નહોતી. સાચા અર્થમાં તેઓ અજાતશત્રુ હતા. પોતાની નિર્બળતા કે ક્ષતિનો પ્રામાણિકપણે તરત જાહેરમાં સ્વીકાર કરી લેતાં અચકાતા નહિ. તેઓ કોઇ મોટા સ્થાન, હોદ્દા કે પ્રસિદ્ધિ માટે લાગવગ કે પડાપડી કરે એવી પ્રકૃતિના નહોતા. નિસ્પૃહી રહેતા. એમની સુવાસ ઘણી મોટી હતી. લોકોના સાચા પ્રેમાદરને પાત્ર તેઓ બન્યા હતા. આપણું જાહેર જીવનમાં સજ્જનોનો દુકાળ વધતો જાય છે ત્યારે પેટલીકરની ખોટ આપણને વધુ વસમી લાગશે.

એમના આત્માને શાંતિ હો એવું પ્રાર્થીએ !

# સ્વ. ઈશ્વર પેટલીકર

રમણલાલ ચી શાહ

સુપ્રસિદ્ધ ગુજરાતી નવલકથાકાર, વાર્તાકાર તથા સમાજ-સુધારક શ્રી ઈશ્વર પેટલીકરનું અમદાવાદમાં ૨૨મી નવેમ્બરના રોજ ૬૬ વર્ષની વયે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું છે. એમના અવસાનથી આપણે એક સૌજન્યશીલ, સંસ્કારી, નિરાડમ્બર સાહિત્યકાર અને સમાજસેવક ગુમાવ્યા છે. એમના અવસાનથી મને એક વડીલ મિત્રની ખોટ પડી છે.

સ્વ. પેટલીકરનો પરિચય મને સૌ પ્રથમ ઈ. સ. ૧૯૪૮ માં જૂનાગઢની સાહિત્ય પરિષદ નિમિત્તે થયો હતો. તે સમયે હું મુંબઈમાં એમ. એ. નો અભ્યાસ કરતો વિદ્યાર્થી હતો અને 'સાંજ વર્તમાન' નામના દૈનિકના તંત્રીવિભાગમાં નોકરી કરતો હતો. 'સાંજવર્તમાન'ના પ્રતિનિધિ તરીકે મારે જૂનાગઢ સાહિત્ય પરિષદમાં જવાનું હતું. એ દિવસોમાં 'નવચેતન'માં હાસ્યરસની કટાર લખનાર શ્રી મૂળરાજ અંજારિયા સાથે જૂનાગઢ જવા હું મુંબઈથી નીકળ્યો ત્યારે આણંદ સ્ટેશનથી અમીસ, કોટ અને ધોતિયું પહેરેલા ત્રીસેક વર્ષના એક સજ્જન અમારા ડબ્બામાં ચઢ્યા. મૂળરાજ બોલકણા બહુ. અવાજ પણ મોટો. એટલે અમે સાહિત્ય પરિષદમાં જઈએ છીએ એની જાણ આસપાસના મુસાફરોને એની મેળે જ થઈ ગયેલી. સાહિત્ય પરિષદની વાત જાણીને પેલા સજ્જન અમારી બાજુમાં આવીને બેઠા. પરસ્પર પરિચય થયો. એ સજ્જન તે ઈશ્વર-પેટલીકર છે તે જાણીને અમને આનંદ થયો. ત્યારે પેટલીકર 'જનમટીપ' નવલકથાના નવોદિત લેખક તરીકે જાણીતા થયા હતા. 'પ્રજાબંધુ'માં ત્યાર પછી એમની 'મારી હૈયાસગડી' નામની નવલકથા છપાઈ હતી.

પેટલીકર સાથે આ રીતે પ્રથમ પરિચય થયો. સાથે જૂનાગઢ પહોંચ્યા. એક રૂમમાં ઊતર્યા. પરિષદમાં હાજરી આપી. છેલ્લે દિવસે ગિરનાર ઉપર ચઢ્યા. ત્યાં સાથે એક રૂમમાં રાત રોકાયા. જૂનાગઢથી પાછા ફરતાં ગોંડલમાં એક દિવસ મકરન્દભાઈ દવેને ત્યાં રોકાયા. વળતે દિવસે પાછા ગાડીમાં બેઠા. પેટલીકર આણંદ સ્ટેશને ઊતર્યા. હું અને મૂળરાજ મુંબઈ પાછા ફર્યા. હું તો એક સાહિત્યરસિક વિદ્યાર્થી હતો. પરંતુ પાંચ-છ દિવસના સહવાસને કારણે પેટલીકર સાથે મારે ગાઢ પરિચય થયો. એમની સાથે સાહિત્યિક દુનિયાની જાતજાતની વાતો થઈ. પ્રથમ પરિચયે જ પેટલીકરે ખુલાસો કરી દીધો કે પોતે બહુ ભણ્યા નથી. શાળામાં માસ્તર તરીકે કામ કર્યું છે. 'પ્રજાબંધુ'ના તંત્રી ચુનીલાલ વર્ધમાન શાહના પ્રોત્સાહનથી પોતે નવલકથા લખતા થયા છે. પરંતુ 'જનમટીપ'ની રોયલ્ટીની રકમ વિચારતાં લાગે છે કે શિક્ષણની નોકરી છોડીને નવલકથાકાર થાય તો સરળતાથી પોતાનું ગુજરાન ચલાવી શકશે. એટલે શાળાની નોકરી છોડી દીધી છે. આ રીતે શિક્ષક તરીકે 'ઈશ્વરભાઈ પટેલ'ના નામથી શાળામાં જેઓ જાણીતા હતા. તેઓ હવે ઈશ્વર પેટલીકરના નામે વધુ જાણીતા થયા. પોતાની જ્ઞાતિમાં ઈશ્વરભાઈ પટેલ નામની ત્રણ ચાર જાણીતી વ્યક્તિઓ હતી. એટલે એમનો યશ પોતાને લેખો ન આપે એટલા ખાતર પોતાનાં વતન પેટલીને યાદ કરી મરાઠી લેખકોની જેમ 'પેટલીકર' અટક એમણે રાખી હતી.

પેટલીકરની 'મારી હૈયા સગડી' નામની નવલકથામાં પાદરા નામના ગામમાં બનતી ઘટનાનું વર્ણન છે. વડોદરાથી દસેક માઈલ દૂર આવેલું ગાયકવાડી ગામ પાદરા મારું વતન વાર્તામાં પોતાના વતનની વાત આવે એટલે સૌને ગમે રમણલાલ દેસાઈની બધી જ નવલકથાઓ વિદ્યાર્થી હતો ત્યારે મેં વાંચેલી. રમણલાલ દેસાઈ વડોદરાના અને સયાજીરાવ ગાયકવાડ સરકારી ખાતામાં ઉચ્ચ અધિકારી હતા. એટલે પાદરા ઘણી વાર તેઓ ગયા હશે. પરંતુ એમની કોઈ નવલકથામાં પાદરાનો નિર્દેશ નથી. (જો કે એમણે પાત્રોની જેમ ગામોનાં નામ પણ ઘણું ખરું કાલ્પનિક વાપરવાની શૈલી અપનાવેલ એટલે પેટલીકરની સત્યઘટનાત્મક નવલકથામાં પાદરાનો ઉલ્લેખ વાંચી મેં હર્ષ-જિજ્ઞાસાપૂર્વક એમને એ વિશે પૂછેલું. એમણે કહ્યું કે એ ઘટના બરાબર પાદરામાં જ બનેલી. વળી પોતે પાદરાની શાળામાં શિક્ષક તરીકે કામ કરેલું. પેટલીકરે પાદરાના અનુભવોની વાતો સાંભળી એમની સાથે પ્રથમ મિલને જ આત્મીયતા સધાયેલી. એમની સરળ મુખમુદ્રા વાતચીતમાં અહંકારનો અભાવ, નિખાલસતા, તથા 'ળ' બદલે 'ર' કારવાળી ચરોતરી બોલીનો લહેકો-એ બધાં રંપષ્ટ છાપ પ્રથમ મિલને જ અંકિત થઈ ગઈ હતી.

સાહિત્ય પરિષદમાંથી પાછા ફરતાં ગોંડલથી અમે રાત ગાડી પકડી હતી. પ્રવાસનો થાક હતો. અમને ઊંઘ ર હતી. પરંતુ પેટલીકર સામી પાટલી પર બેઠેલા ઉતારુ સાથે રસથી વાતો કરતા જતા હતા; પ્રશ્નો પૂછતા અને એકચિ સાંભળતા. મધરાત થઈ એટલે અમે ઝોકાં ખાવા લાગ પરંતુ પેટલીકરે લગભગ આખી રાત એ ઉતારુ સાથે વ કર્યા કરી. ઉતારુ પણ થાક્યા વગર, બલકે ઊલટથી પોત સુખ-દુઃખની વાતો કરતો હતો. સવારે અમે પેટલીકરને ક 'તમે તો આખી રાત વાતો કર્યા કરી. આરામ નહે કરવો?' એમણે કહ્યું, 'એ ઉતારુની વાતમાં મને એટલો ર રસ પડ્યો કે એમાંથી મને એક નવલકથાનો પ્લોટ ગયો છે.

ત્યાર પછી કેટલેક વખતે પેટલીકરની 'મધલાળ' ના નવલકથા પ્રગટ થઈ. એમણે મને જણાવ્યું હતું કે જૂનાગ પ્રવાસ વખતે પેલા એક અજાણ્યા મુસાફરના અનુભવ પ લખાયેલી આ નવલકથા છે.

'જનમટીપ', 'મારી હૈયાસગડી' ઇત્યાદિ નવલકથા દ્વારા સત્યઘટનાત્મક કથાસામગ્રી ઉપર મંડાયેલી નવલ લખવાની ફાવટ પેટલીકરને આવી ગઈ હતી. પછીથી કોઈ વખત પ્રવાસ કરવા ખાતર ટ્રેનમાં ત્રીજા વર્ગમાં સફર કરતા, અને મુસાફરો પાસેથી જાતજાતના રસાનુભ પ્રસંગોની વાતો જાણી લાવતા. એમની નવલકથાઓમાં રીતે કેટલાંય પાત્રો અને પ્રસંગો વાસ્તવિક જીવનમ લેવાયાં અને આલેખાયાં છે. એમની કીર્તિદા, નવ 'લોહીની સગાઈ' પણ પોતાના કૌટુમ્બિક જીવનની સત્યઘટ આધારે લખાઈ છે.

(અનુસંધાન પાનું ૧૫૦)

માલિક : શ્રી મુંબઈ મહાજન પ્રબુદ્ધ જીવન પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, મકાન સંખ્યા : ૩૮૫, સરસ્વતી પી પી મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ડીલાઈલેટ મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, મિરજામ મુંબઈ ૪ ફોન : ૩૫૬૬

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૧૨-૮૩ મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા.૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અણુયુદ્ધોત્તર શિયાળો

રમણલાલ ચી. શાહ

અણુયુદ્ધ તો અત્યંત ભયંકર હશે જ, પણ વૈજ્ઞાનિકો કહે છે કે અણુયુદ્ધ પછી તરત જ સમગ્ર પૃથ્વીમાં ચાલુ થનારો શિયાળો પણ એટલો જ ભયંકર હશે.

અમેરિકામાં કોર્નેલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા મારા પુત્ર ચિ. અમિતાભે નવેમ્બરના ત્રીજા અઠવાડિયામાં ટી. વી. ઉપર એક ચલચિત્ર જોયું. એનું નામ છે : 'The Day After' અમેરિકા અને રશિયા વચ્ચે જાણે અણુયુદ્ધ થઈ ગયું છે અને એની સમગ્ર પૃથ્વી ઉપર શી અસર થઈ છે તેનાં દૃશ્યો આ ચલચિત્રમાં બતાવાયાં છે. ચલચિત્ર કાલ્પનિક છે, પણ વાસ્તવિકતાથી એ બહુ દૂર નથી. છેલ્લાં ત્રણેક અઠવાડિયાંથી આ જ વિષયની ચર્ચા અમેરિકામાં ઠેર ઠેર ચાલી રહી છે. અમિતાભ લખે છે કે એની કોર્નેલ યુનિવર્સિટીમાં અનેક અમેરિકન વિદ્યાર્થીઓ પ્રમુખ રેગન માટે ધિક્કારના શબ્દો બોલે છે. આ ચલચિત્રથી રેગન સામે અણગમાનો વંટોળ અમેરિકન પ્રજામાં જાગ્યો છે, કારણ કે રેગન અમેરિકાને અણુયુદ્ધ તરફ ધસડી રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી રશિયા અને અમેરિકા (ઇંગ્લેંડ અને યુરોપના કેટલાક દેશો સહિત) માં અણુશસ્ત્રો વિશે ભારે આક્ષેપબાજી અને અસમજૂતીની વૃત્તિ ચાલી રહી છે. સોવિયેત યુનિયનના પ્રમુખ સ્વ. બ્રેઝનેવ અને અમેરિકાના પ્રમુખ કાર્ટર વચ્ચે જેટલું અંતર હતું તેથી ઘણું અંતર રેગન અને આન્દ્રોપોફ વચ્ચે હવે પડ્યું છે. બંને તેજ મિજાજના, અસહિષ્ણુ તથા વેર-વૈમનસ્યની વૃત્તિવાળા છે. રશિયાએ તોડી પાડેલા કોરીઅન વિમાનની દુર્ઘટનાએ રેગનને ખૂબ ઉશ્કેર્યા છે. સોવિયેત યુનિયન અને અમેરિકાએ અણુયુદ્ધ માટેની પાકી તૈયારી કરી લીધી છે. મહત્ત્વનાં લશ્કરી મથકો અને મોટાં મોટાં શહેરોને નિશાન બનાવે એવાં સ્વયંસંચાલિત ક્ષેપકાસ્ત્રો મોટી સંખ્યામાં દુનિયાભરમાં, વિશેષત: યુરોપમાં, ગોઠવાઇ ગયાં છે. આખા યુરોપને થોડી મિનિટોમાં ભસ્મીભૂત કરી નાખે એવી રીતે રશિયાએ પોતાની સરહદો ઉપર ૧૬૪ જેટલાં ક્ષેપકાસ્ત્રો ગોઠવી દીધાં છે. અમેરિકાએ રશિયાની સામે પશ્ચિમ જર્મનીમાં ક્ષેપકાસ્ત્રો ગોઠવવાની હિલચાલ આદરી કે તરત જ તેના પ્રતિકારરૂપે રશિયાએ અમેરિકાની ફરતે સમુદ્રમાં જહાજો અને સબમરીનોમાં ક્ષેપકાસ્ત્રો ગોઠવવાની સ્પષ્ટ ચેતવણી જાહેર રીતે ઉચ્ચારી છે. ઉભય પક્ષે ક્ષેપકાસ્ત્રોની સંખ્યા ઘટાડવા માટે વાટાઘાટોની થોડીક ભૂમિકા રચાઇ છે, પરંતુ પરસ્પર અવિશ્વાસ, વેરવૃત્તિ, વટ ઇત્યાદિને કારણે જીનીવામાં ચાલતી એવી વાટાઘાટો લગભગ ભાંગી પડી છે.

યુરોપી પ્રજાએ બીજા વિશ્વયુદ્ધની ભયાનકતા નજરે નિહાળી છે. પોતાની ભૂમિ ઉપર ફરી પાછો એવો સર્વનાશ નોતરવા એ પ્રજા જરા પણ ઉત્સુક નથી, ભલે પ્રજાનો ઘણો મોટો વિરોધ છે; પરંતુ યુરોપનાં નાના નાનાં રાજ્યોએ એક યા બીજી મહાસત્તાનાં પ્યાદાં બનવું પડે છે. જ્યાં સુધી યુદ્ધ યુરોપની ધરતી પર ખેલાય ત્યાં સુધી અમેરિકન સરકાર અને પ્રજાને યુદ્ધની ભયાનકતા કદાચ બહુ ન કંપાવે. પરંતુ અમેરિકાની ફરતે સમુદ્રમાં ક્ષેપકાસ્ત્રો ગોઠવવાની આન્દ્રોપોફની ધમકીથી અમેરિકન સરકાર અને વિશેષત : પ્રજા ચિંતાતુર બન્યાં છે. એમાં 'The Day After' જેવા ચલચિત્રે એમની આ ચિંતાને અતિશય વધારી દીધી છે.

સોવિયેત યુનિયન અને અમેરિકાએ જે અણ્વાસ્ત્રો ગોઠવ્યાં છે તેમાંનાં ઘણાં ખરાં સ્વયંસંચાલિત છે, અને કોમ્પ્યુટર નેટવર્કથી જોડાયેલાં છે. કમાન્ડિંગ કોમ્પ્યુટર ઉપરથી સિગ્નલો મળતાં જ એ બધાં અસ્ત્રો તત્ક્ષણ છૂટે. એક પક્ષ તરફથી ક્ષેપકાસ્ત્રો છૂટે તો તેની ચેતવણી બીજે પક્ષે પોતાનાં સાધનો દ્વારા થોડી જ મિનિટમાં મળી જાય અને એ પક્ષ પણ કોમ્પ્યુટર દ્વારા પોતાનાં બધાં જ ક્ષેપકાસ્ત્રો તત્ક્ષણ છોડી દઇ શકે છે. કોમ્પ્યુટર ગમે તેટલું સંપૂર્ણ હોય અને પ્રત્યેક ક્ષણે તેની સંપૂર્ણતાની ચકાસણી ચાલ્યા કરતી હોય તો પણ અંતે તો તે યંત્ર છે અને કયારેક યાંત્રિક ખરાબીને કારણે ભૂલ થઈ જાય; એકાદ-બે ક્ષેપકાસ્ત્રો ભૂલથી પણ છૂટી જાય તો એ ભૂલ છે કે સાચું યુદ્ધ છે એ નક્કી કરવા જેટલો પણ સમય હવે રહે તેમ નથી, કારણ કે નવી શોધો દ્વારા ક્ષેપકાસ્ત્રોની જે ગતિ વધારાઇ છે એ પ્રમાણે તો ક્ષેપકાસ્ત્રો દસેક મિનિટની અંદર પોતાના લક્ષ્યસ્થળે જઇને પડે તેમ છે. આવું અણુયુદ્ધ જ્યારે ખેલાશે ત્યારે તો એ ભૂલથી થયું હતું કે સાચું હતું એનો જવાબ આપવા માટે પણ કોઈ હયાત નહીં હોય. કોમ્પ્યુટરની ભૂલની કારણે અણુયુદ્ધ ખેલાઇ જાય તેની ચિંતા અમેરિકન વૈજ્ઞાનિકોએ પૂરી ગંભીરતાથી વ્યકત કરી છે.

પ્રમુખ રેગનના મનમાં અણુયુદ્ધની વાત વારંવાર ઘોળાયા કરે છે. અણુયુદ્ધથી ડરી જવાનું નથી અને મર્યાદિત અણુયુદ્ધ (Contained Nuclear war) માં જરૂર જીત મેળવી શકાય છે એવી એમની માન્યતા છે. અલબત્ત રેગનના આ મત સાથે અમેરિકન રાજદ્વારી પુરુષો કે વૈજ્ઞાનિકો સંમત થતા નથી, કારણ કે મર્યાદિત અણુયુદ્ધ થાય તો પણ કેટલીક

જવાઓ સંદેશ-વ્યવહારની વ્યવસ્થા જો ભાંગી પડે તો સમયસર સંદેશાઓ પહોંચી શકે નહિ અને કદાચ સમયસર સંદેશાઓ પહોંચે તો પણ તે સાંભળે તેવું કામ કરનાર માણસોમાં અતિશય ગભરાટને કારણે ભાગાભાગી ચાલી હોય. એટલે કે મર્યાદિત અણુયુદ્ધ સંપૂર્ણ અણુયુદ્ધમાં જ પરિણમશે એવી ચેતવણી વૈજ્ઞાનિકોએ ઉચ્ચારી છે.

હિરોશિમા અને નાગાસાકી ઉપર ફેંકાયેલા અણુબોમ્બની બનાવટ તો હવે તદ્દન જૂની અને કાલગ્રસ્ત ગણાય છે. ચારેક દાયકાના આ સમયમાં ક્રુઝ, પર્શિંગ, એસ. એસ.-૨૦ વગેરે ઘણા ભયંકર પ્રકારના અણુબોમ્બ શોધાયા છે. બીજા વિશ્વ-વિગ્રહના સમગ્ર ગાળા દરમિયાન યુરોપની ધરતીમાં બોમ્બમારામાં કુલ જેટલા બોમ્બ ફૂટયા છે, એથી વધુ વિનાશ કરવા માટે બે મેગાટનની શકિતવાળો આધુનિક પ્રકારનો ફકત એક જ અણુબોમ્બ જોઇએ, એમ વૈજ્ઞાનિકો કહે છે.

સોવિયેત યુનિયન, અમેરિકા, ઇંગ્લેંડ, ફ્રાન્સ, ચીન વગેરે મહાસત્તાઓ પાસે અત્યારે જુદા જુદા પ્રકારના બધું મળીને પચાસ હજારથી વધુ અણુબોમ્બ છે. એ બધાની કુલ શકિત તેર હજાર મેગાટનથી વધુ છે. એ બધા અણુબોમ્બ જો વપરાય તો હિરોશિમા જેવાં દસ લાખ શહેરોનો નાશ કરી શકાય. પરંતુ તેટલાં શહેરો છે કયાં? પૃથ્વી ઉપર લાખ કે તેથી વધુ વસતિવાળાં ત્રણ હજાર જેટલાં શહેર પણ નથી એટલે કે બધા અણુબોમ્બ જો ફૂટે તો દુનિયામાં કેટલો બધો વિનાશ થશે તેની કલ્પના કરી શકાય છે. વળી, યુદ્ધ-નીતિ પ્રમાણે શત્રુની જેટલી શકિત હોય છે તેથી ઓછી આંકવામાં આવે છે, કે જેથી ધાર્યું પરિણામ અચૂક આવે. એટલે કે પચાસ હજાર અણુબોમ્બની જેટલી અંદાજિત વિનાશશકિત છે તેથી વધુ વિનાશ થશે, ઓછો નહિ.

અણુયુદ્ધ જો થશે તો રશિયા, અમેરિકા, યુરોપ, જાપાન, ચીન અને કોરિયા ઉપર જુદી જુદી દિશામાંથી અણુબોમ્બ છોડાશે. આ બધા દેશો પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં આવ્યા છે. એટલે કે ઉત્તર ગોળાર્ધમાં સર્વનાશ જેવી પરિસ્થિતિ પ્રવર્તશે. સવા અબજ જેટલા માણસો મૃત્યુ પામશે. અદૃશ્ય થઇ જશે, કારણ કે એમનાં અસ્થિ પણ ઓગળીને વરાળ થઈ ગયાં હશે. ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, લેટિન અમેરિકાના અને દક્ષિણ આફ્રિકાના કેટલાક દેશો ઉપર અણુબોમ્બ પડવાનો સંભવ ઓછો છે. (એટલા માટે અમેરિકામાં કેટલાક લોકોએ ન્યૂઝીલેન્ડ કે ઓસ્ટ્રેલિયા જવા માટેની વિમાનની ટિકિટ અત્યારથી ખરીદી રાખી છે, કે જેથી કદાચ સમય રહે અને વિમાનો ઊડી શકે તો પોતાને ભાગી જવા માટે પહેલી તક મળે). આમ છતાં દક્ષિણ ગોળાર્ધના દેશો આમ બચી જશે એમ કહેવાય નહીં એવો વૈજ્ઞાનિકોનો મત છે. કોર્નેલ યુનિવર્સિટીના અવકાશ-સંશોધનના વિષયના વિભાગના ડાયરેકટર ડો. કાર્લ સેગને બીજા ચાર વૈજ્ઞાનિકો સાથે એક પુસ્તક લખ્યું છે: Global Atmospheric Consequences of Nuclear war. આ પુસ્તકમાં એમણે અણુયુદ્ધ પછીની પૃથ્વીના હવામાનની સ્થિતિ વિશે અભ્યાસ કર્યો છે. તેમના જણાવવા પ્રમાણે કેટલાક અણુબોમ્બ જમીન ઉપર ફૂટે અને કેટલાક કદાચ ઉપર હવામાં ફૂટે તો તે બધાને પરિણામે જે અગ્નિ પ્રગટશે, ધૂમાડો થશે, ધૂળનાં વાદળો ઊમટશે, એથી વરસાદ પડશે, ઝેરી વાયુઓ પ્રસરશે તથા કિરણોત્સર્ગની ક્રિયા થશે તેને પરિણામે હવામાંથી ઓઝોન વાયુનું પ્રમાણ ઘણું ઘટી જશે. ત્રણ-ચાર અઠવાડિયાં સુધી જે અંધકાર પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં ફેલાશે તે પછીથી ક્રમે ક્રમે દક્ષિણ ગોળાર્ધમાં પણ છવાઈ જશે. એથી સમગ્ર પૃથ્વીનું વાતાવરણ ઓછામાં ઓછું ચાર મહિના સુધી, ધ્રુવ પ્રદેશ કરતાં પણ ઘણું બધું ઠંડું થઇ જશે. પરિણામે બચેલા માણસો અને પશુઓ જીવી નહિ શકે. ખોરાક અને વનસ્પતિ બધું ખાખ થઈ જશે. એમ છતાં જે માણસો બચશે તેઓ ખાવાનું ન મળતાં ભૂખમરાને લીધે મરશે. જેઓ ભૂખમરાથી બચશે તે કિરણોત્સર્ગથી, વિવિધ પ્રકારના રોગચાળાઓથી મરશે.

દક્ષિણ ગોળાર્ધના છૂટાછવાયા ટાપુઓ ઉપર કદાચ કોઇ બચ્યા હશે, તો તેમની પ્રતિકારશકિત હણાઇ ગઇ હશે. પૃથ્વી ઉપરથી મનુષ્યજીવન નામશેષ થશે. હજારો-લાખો વર્ષ પૂર્વે જેવી સ્થિતિ હતી તેવી સ્થિતિ પૃથ્વીની થશે. પ્રલયનું પૌરાણિક ચિત્ર સત્ય બનશે. અર્થાત્ અણુયુદ્ધ એટલે સર્વનાશ. વૈજ્ઞાનિકોને એની ભયંકરતા જેટલી સમજાઇ છે તેટલી રાજદ્વારી પુરુષોને નથી સમજાઇ.

સર્વોચ્ચ સત્તા ઉપર બેઠેલા રાજદ્વારી પુરુષોની સદ્બુદ્ધિ ઉપર અણુયુદ્ધમાંથી બચવાની આશાનો આધાર રહે છે. તેઓને સતત સદ્બુદ્ધિ મળતી રહો એવું જ પ્રાર્થવાનું રહે છે.

---

# રસપ્રદ શૈલીમાં જૈન કથાઓ

## ● ગુલાબ દેઢિયા

શ્રી પુષ્કર પ્રસાદી કથામાળા શ્રેણી ૧૧ થી ૨૦. જે. દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી પ્ર. લક્ષ્મી પુસ્તક ભંડાર ગાંધી માર્ગ-અમદાવાદ-૧. દરેક શ્રેણીમાં દશ-દશ પુસ્તિકાઓ છે.

જૈન ધર્મની વિવિધ કથાઓને રસપ્રદ રીતે સરળ અને સૌને સમજાય તથા વાંચવામાં રસ પડે એવી શૈલીમાં લેખકે રજૂઆત કરી છે. જેમાં અગ્નિ વેતાળ, મહાકવિ કાલિદાસ, વત્સરાજ, સત્યવાદી હરિશ્ચંદ્ર, કર્મ નચાવે નાચ, કર્મ કૌતુક, સતી કુસુમવતી, શ્લોક પંડિત રતિસાર, વહેતું પાણી, જ્યાનંદ કેવલી, તિલક મંજરી, ભાગ્ય ચક્ર, ભાવનાચંદન, તરંગવતી, ચંદન ચરિત જેવી પુસ્તિકાઓ રસપ્રદ છે. વિવિધરંગી મુખપૃષ્ઠ છે. દરેક પુસ્તિકાની કિંમત બેથી અઢી રૂપિયા સુધીની છે.

---

## સાભાર સ્વીકાર

(૧) શ્રી ચારિત્રવિજય. લે.સં. બાલાભાઇ વીરચંદ દેસાઇ જયભિખ્ખુ. પ્ર. શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા C/o. જૈન ધર્મલાભ કાર્યાલય ન્યુ દાણા પીઠ ભાવનગર.

(૨) જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ-ચોથો. લે. મુનિ શ્રી દર્શન વિજયજી, જ્ઞાનવિજયજી અને ન્યાયવિજયજી ત્રિપુટી મહારાજ પ્રકાશક શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા C/o. જૈન ધર્મલાભ કાર્યાલય ન્યુ દાણાપીઠ ભાવનગર કિ. રૂા. ૩૫.

# નફ્રત જો સિખાયે, વો ધરમ તેરા નહીં હૈ

© અનવર આગેવાન

ગીતામાં કૃષ્ણ ભગવાને કહ્યું છે :

'પરિત્રાણાય સાધુનાં
વિનાશાય ચ દુષ્કૃતામ્
ધર્મ સંસ્થાપનાર્થાય
સંભવામિ યુગે-યુગે.'

સાધુ-પુરુષોના રક્ષણ માટે, પાપ અને દુષ્કર્મોનો નાશ કરવા માટે અને ધર્મની સ્થાપના કરવા માટે હું વારંવાર જન્મ લઉં છું.

પ્રશ્ન એ થાય છે કે, ધર્મ શું છે?

આપણાં મનિષી પ્રાચીન કાળથી આ પ્રશ્નનો ઉત્તર આપવાનો પ્રયત્ન કરતાં આવ્યા છે. આદિ કવિ વાલ્મીકિ અનુસાર :

ધર્મો હિ પરમો લોકે
ધર્મે સત્યં પ્રતિષ્ઠિતમ્

આ લોકમાં ધર્મ જ પરમ તત્ત્વ છે, ધર્મમાં જ સત્ય સમાયેલું છે.

તો પછી એ પ્રશ્ન જાગે છે કે, સત્ય શું છે? આ વિશે એવું કથન છે.

'આહુ: સત્યં હિ પરમં
ધર્મ ધર્મવિદોજના :'

ધર્મજ્ઞજનોના કથનાનુસાર સત્ય જ પરમ ધર્મ છે. અથત્ ધર્મમાં સત્ય સમાયેલું છે અને સત્યમાં ધર્મ.

'મહાભારત'માં ધર્મની વ્યાખ્યા એક અલગ રૂપે જ કરવામાં આવી છે–

ધર્મ યો બાધતે ધર્મો
ન સ ધર્મ: કુધર્મ તત્
અવિરોધાત્ તુ યો ધર્મ :
સ ધર્મ : સત્યવિક્રમ.

હે સત્યવિક્રમ, જે ધર્મ ધર્મની (અન્ય ધર્મની) આડે આવે છે એ ધર્મ નથી, કુધર્મ છે. જે ધર્મ બીજા ધર્મનો વિરોધ કરતો નથી, એની સાથે ઝઘડતો નથી, એ જ ધર્મ છે.

સાહિર લુધિયાનવીની આ પંક્તિઓમાં પણ ધર્મના આ જ રૂપની ઝલક છે–

નફ્રત જો સિખાયે, વો ધરમ તેરા નહીં હૈ;
ઇન્સાનકા ખૂન પીયે, વો કદમ તેરા નહીં હૈ.

આમાં જેમ સર્વધર્મ સમભાવની કલ્પના છે, તેમ અનેક ધર્મોના અસ્તિત્વનો પણ સંકેત છે. આ જ પ્રકારનો સંકેત ગીતામાં કૃષ્ણની આ ઉક્તિમાં મળે છે: 'સર્વધર્માનિ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ (સર્વ ધર્મોને ત્યાગીને મારા શરણે આવો.)

શું આ શક્ય છે? ટોલ્સ્ટનનું કથન છે કે, 'માનવી એના માટે ઝઘડશે, એના માટે લખશે, એના માટે મરશે, બધું જ કરી છૂટશે પણ એના માટે જીવશે નહિ.' વિનોબા કહે છે કે, જે માનવી માટે ઝઘડો કરે, એ ધર્મ નથી. બે ધર્મોનો કયારેય ઝઘડો હોતો નથી. સર્વ ધર્મોનો અધર્મ સાથે જ ઝઘડો છે.'

હકીકતમાં ધર્મના નામે માનવી જેટલું લડયો છે, એણે જેટલું જેહાદ વહાવ્યું, છે, આજે પણ વહી રહ્યું છે, એણે ધર્મની સાચી તસવીર કયારેય આપણી સામે આવવા દીધી નથી. એમ પણ કહી શકાય કે, ધર્મને પરિભાષિત કરવાના અત્યાર સુધીના બધા પ્રયત્નો નિષ્ફળ રહ્યા છે. ધર્મ એટલો વ્યાપક અને એટલો આત્મસાક્ષાત્કારી છે કે એને વ્યાખ્યાના બંધનમાં બાંધી શકાય નહિ. ધર્મની સર્વ વ્યાખ્યાઓ એના કોઈ અંગ વિશેષની જ વ્યાખ્યા છે. ધર્મ ઉપાસના છે, ધર્મ આચરણ છે, ધર્મ જીવન પદ્ધતિ છે, ધર્મ સ્વભાવ છે, ધર્મ ગુણ છે, ધર્મ નીતિ છે, ધર્મ સત્ય છે. આ બધી વસ્તુઓ સાપેક્ષ છે, એથી ધર્મ પણ સાપેક્ષ છે. નિરપેક્ષ નથી.

ધર્મ સાપેક્ષ છે, એટલે ધર્મની આટલો અંતર્દ્વંદ્વ છે, આટલો અંતર્વિરોધ છે. એક સમય જે ધર્મ છે, એ પારસ્થિતિ બદલવાથી અધર્મ પણ બની શકે છે. એ વાત પણ આપણે સ્વીકારવી પડશે. જ્યારે ધર્મ પોતાને નવી પરિસ્થિતિઓ અનુસાર ઢાળી શકતો નથી ત્યારે એનું સ્થાન લેવા માટે એક નવો ધર્મ આગળ આવે છે. આમ ધર્મનું વિભાજન થતું જાય છે અને ધર્મની સાથે માનવીનું પણ વિભાજન થતું જાય છે–

માલિકને હર ઇન્સાનકો ઇન્સાન બનાયા
હમને ઉસે હિન્દુ યા મુસલમાન બનાયા.

વિનોબાએ કહ્યું છે– 'ઉપયોગિતા ધર્મનું શરીર છે. ચિત્ત શુદ્ધ આત્મા.' ઉપયોગિતા ખતમ થયે આ શરીર મૃતવત્ બની જાય છે. અને એમાંથી દુર્ગંધ આવવા લાગે છે. આવો ધર્મ આરસીમાં પોતાનું રૂપ જોઈને આરસી સાથે જ લડવા લાગે છે. સાજન ગ્વાલિયરીએ ઠીક જ કહ્યું છે.

લડ રહે હૈ આઇનેસે આજ વ મજહબ
આત્મા જિનકી સડી હૈ કયા કિયા જાય?

એથી ધર્મનું બાહ્ય રૂપ જોઈને આપણે ભ્રમમાં પડી જઈએ છીએ કે, આ ધર્મ છે કે અધર્મ? માકર્સ કહે છે– 'ધર્મ જનતા માટે અફીણ છે. ધર્મ એક ભ્રમાત્મક સૂર્ય છે, જે માનવીની આસપાસ ત્યાં સુધી ઘૂમે છે, જ્યાં સુધી માનવી પોતાની (માનવતાની) આસપાસ ઘૂમતો નથી.'

આપણી આ અનુભૂતિનું એક કારણ આપણાં કોઈ રોગનો, આપણી કોઇ સમસ્યાનો ઇલાજ નહિ કરી શકનાર એ માર્ગદર્શકો છે. ધર્મનું પ્રથમ કાર્ય છે–માનવ મનને શાંતિ પ્રદાન કરવી. પરંતુ શું એને આ શાંતિ મળી છે? અદા જાફરીના શબ્દોમાં–

થે ખિજ્ર ભી લાખો યહાં
ઇસા ભી બહુત થે
આજાર જો દિલકા હૈ
સો આજાર ચલે હૈ.

'સાહિર' કહે છે કે, જે પોતાની જાતને મંજિલના જાણકાર કહે છે, એને પણ મંજિલની જાણ નથી. એ પણ આપણી જેમ જ ભ્રમિત છે. છતાં પણ પૂછતાં જવાબમાં શું વાંધો છે?

'જો ખુદકો કહ રહે હૈ
કિ મંજિલ શનાસ હૈ
ઉનકો ભી કયા ખબર હૈ,
મગર પૂછતે ચલો.'

આ જ વાત ગંગા સહાય 'પ્રેમી' કહે છે–

'સંસારી વક, કાક, અકિંચન
કૈસે કિસકો માર્ગ દિખાએં
હંસ પરીક્ષા–વિધિ ભલે હૈ
પાપ–પુણ્યમેં નીર–ક્ષીર કી.

બાલ કવિ બૈરાગી તો જ્યાં માનવની સહન શક્તિ સમાપ્ત થઈ જાય છે, એ સીમા પર પહોંચી ગયા છે. એટલે જ તો તેઓ ચેતવણીના સ્વરમાં વાત કરે છે–

પંડિત, તૂં તો કહતા થા
પાષાણ પિઘલ જાયેગા;
કાજી, તૂ ભી બોલા થા
રહમાન બદલ જાયેગા;
અબ ભી અવસર હૈ,
સમજલો વરના ફિર રોઓગે.
ઈશ્વર–અલ્લા કો ભૂખા
ઇન્સાન નિગલ જાએગા.

શું તેઓ સમજી શકશે ? ખરેખર તો ઈશ્વર–અલ્લાહ અને ધર્મને વિકૃત રૂપે રજૂ કરનાર આ લોકો જ છે. કૈલાસ 'કમલ'ની ફરિયાદ છે–

પાખંડિયોંને ઇસ તરહ
સમઝાયા ધર્મકો
વાસ્તવમેં જો થે અપને
વહી છૂત હો ગયે.

આજે આપણે આ કલંકને ધોવાનું છે.

આગળ કહ્યું એમ ધર્મ નિરપેક્ષ નહિ. સાપેક્ષ છે અને સાપેક્ષતા દ્વંદ્વને જન્મ આપે છે. આમ ન હોત તો ધર્મનું વિભાજન થાત આ દ્વંદ્વ છે. પુણ્ય અને પાપનો, નીતિ અને અનીતિનો, સત્ય અને અસત્યનો આ દ્વંદ્વ પ્રગટ થાય છે, સામાજિક માન્યતાઓ, રિવાજો, મૂલ્યો રૂપે. એ માન્યતાઓ, રિવાજો, સામાજિક મૂલ્યો સ્થિર રહેતા નથી. એથી એના પરિવર્તનની સાથે ધર્મનું સ્વરૂપ પણ બદલાય એ સ્વાભાવિક છે. પ્રશ્ન એ જાગે છે કે, આપણે કયા સ્વરૂપને આદર્શ માનીએ ?

યહ પાપ હૈ કયા,
યહ પુણ્ય હૈ કયા,
રીતોં પર ધર્મકી મુહરેં હૈં
હર યુગમેં બદલતે ધર્મોંકો
કૈસે આદર્શ બનાઓગે ?

આ જ વાત કવિ બચ્ચને 'પ્યાલા' ના માધ્યમથી વ્યકત કરી છે–

વહ પુણ્ય કૃત્ય, યહ પાપ કર્મ
કહ ભી દૂં તો દૂં કયા સબૂત
યહ ચિર અનાદિસે પ્રશ્ન ઉઠા
કયા આજ કરૂંગા મૈં નિર્ણય.

અંતે વાત ફરી માનવ સુધી પહોંચે છે. ધર્મ સૃષ્ટિ છે, માનવ સ્રષ્ટા છે. સૃષ્ટિએ સ્રષ્ટાનું અનુગમન કરવું જ પડશે. જે ધર્મ માનવ માનવ વચ્ચે દિવાલ ઊભી કરે અથવા એને વિગ્રહના માર્ગે દોરી જાય એને હરગિજ ધર્મ કહી શકાય નહિ. 'નીરજ' ની આ પંક્તિઓ સાથે આપણે જરૂર સહમત થવું પડશે ;

કયા કરેગા પ્યાર વહ ભગવાનકો
કયા કરેગા પ્યાર વહ ઇમાનકો
જન્મ લેકર ગોદમેં ઇન્સાનકી
પ્યાર કર પાયા ન જો ઇન્સાનકો

# સમય

© ભોગીલાલ જ. સાંડેસરા

'સમય' એટલે 'કાળ, વખત અવસર' પણ કાળનો સૂક્ષ્મતમ અંશ જેનું વિશેષ વિભાજન થઇ જ ન શકે, એને પણ શાસ્ત્રમાં 'સમય' કહે છે, કાળ અનંત છે; એનો કોઈ અવધિ નથી. આથી કવિ ભવભૂતિએ कालो ह्ययं निरवधि-विपुला च पृथ्वी । 'આ કાળ નિરવધિ છે અને પૃથ્વી વિપુલ છે' એમ કહ્યું છે, કાળ અથવા સમયનો અંગ્રેજી પર્યાય 'ટાઇમ' હવે તો આપણી ભાષાઓનો જ શબ્દ બની ચુક્યો છે.

કાળ અનંત છે. દિવસ, માસ અને વર્ષથી ખરેખર એની ગણતરી થઇ શકતી નથી. વાસ્તવિક રીતે જોઇએ તો, ઘડિયાળથી એને પામી શકાતો નથી; ઘડિયાળ તો સમય માપનનું એક સ્થૂળ સાધન છે. અનંત કાળની ગણતરી મર્યાદિત આયુષ્ય અને મર્યાદિત સ્મૃતિવાળો મનુષ્ય કેવી રીતે કરી શકે ? આથી પ્રાચીન ભારતવાસીઓએ સર્જન અને પ્રલયનો વિચાર કરતાં બ્રહ્માનાં દિવસ–રાત્રિની કલ્પના કરી, એથી પણ આગળ વધી જૈન શાસ્ત્રોમાં સમયમાપન માટે પલ્યોપમ, સાગરોપમની કલ્પના થઈ, અને તે પણ કોટાકોટિ સુધી. કોટાકોટિ એટલે એક કરોડને એક કરોડથી ગુણીએ એટલું. અર્વાચીન વિજ્ઞાને પ્રકાશ વર્ષની ધારણા કરી છે.

અનંત કાળની તુલનાએ મનુષ્યની આયુમર્યાદા સ્વલ્પ છે. એ સ્વરૂપ સમયનો સદુપયોગ પણ તેણે જ્ઞાનાર્જન અને જીવનનો વિકાસ કરનાર વિવિધ પ્રવૃત્તિઓ અને પુરુષાર્થ માટે કરવાનો છે. નીતિ શાસ્ત્રના આપણા અમર ગ્રન્થ 'પંચતંત્ર' ના પ્રારંભમાં એક સ્થળે એના કર્તાએ કહ્યું છે.

अनन्तपारं किल शब्दशास्त्रं
स्वल्पं तथा चुर्वहवश्च विघ्नाः ।
सारं ततो ग्राह्यमपास्य फल्गु
हंसैर्वथा क्षीरमिवाम्बुमध्यात् ॥

(અર્થાત્ શબ્દશાસ્ત્ર અનંત છે, આયુષ્ય અલ્પ છે અને વિઘ્નો ઘણાં છે; માટે હંસો જેમ પાણીમાંથી દૂધ ગ્રહણ કરી લે છે તેમ, તુચ્છ વસ્તુ છોડી દઇને સાર વસ્તુ ગ્રહણ કરવી.)

આમ સમય અનંત અને નિરવધિ હોવા છતાં પ્રત્યેક મનુષ્યને માટે તે અત્યંત મૂલ્યવાન છે ગ્રીસ અને રોમના કેટલાક મહાપુરુષોના, પ્લુટાર્ક લખેલાં જીવન ચરિત્રોમાં એક વિશિષ્ટ પુરુષની ઉક્તિ છે કે Time is the most precious commodity in the world. અર્થાત્ જગતમાં સૌથી કીમતી ચીજ ટાઇમ-સમય છે. ગયેલો સમય કદી પાછો આવતો નથી. આથી, ખરું જોઇએ તો, સમય વેડફવાનું કોઇને પાલવે એમ નથી. ચાલુ તેનો વિચાર કરવાનો અર્થ નથી, ભવિષ્યની ચિન્તા કરવાની જરૂર નથી. પણ વર્તમાનનો ઉપયોગ તો આપણા હાથમાં છે. એક સુભાષિતકારે કહ્યું છે–

गते शोको न कर्तव्यः भविष्यं नैव चिन्तयेत्
वर्तमानेन कालेन प्रवर्तन्ते विचक्षणाः ॥

(ગતનો શોક ન કરવો, ભવિષ્યની ચિન્તા ન કરવી. વિચક્ષણ મનુષ્યો વર્તમાનને અનુલક્ષીને પ્રવર્તે છે.)

અહીં 'વર્તમાનને અનુલક્ષીને પ્રવર્તન' એટલે વર્તમાન સમયનો પૂરો ઉપયોગ. સમય વેડફવાનું એક મોટું દૂષણ આપણા દેશમાં છે. આ દૂષણ માણસની શક્તિઓને ક્ષીણ કરી નાખે છે. આપણો સમય બરાબર રોકાયેલો હોવો જોઇએ. કેટલાક લોકો એવી ફરિયાદ કરે છે કે અમને સમય મળતો નથી. વસ્તુતઃ આ ફરિયાદ નવરા માણસોની છે, જેમને ઝાઝું કામ હોતું નથી, કામગરા લોકો અથવા કાર્યવ્યસ્ત મનુષ્યો સમયનો પૂરો સદુપયોગ કરે છે. મારા ગુરુતુલ્ય એક મહાન સંશોધકે કહ્યું હતું કે 'કામનું દબાણ હોય તો જ કામ થાય છે.' જેમકે એથી કામોનો અગ્રતાક્રમ નક્કી કરવો પડે છે. કામનો ભાર ગજા ઉપરાંત ન હોય એ બરાબર છે. પણ દરેક માણસ ઉપાડી શકે એટલો-એની શક્તિઓનો પૂરો ઉપયોગ થઇ શકે એવો પર્યાપ્ત-તે ભાર હોવો જોઇએ. તો જ માણસની શક્તિઓ વિકસે છે. અને ધારદાર બને છે. તથા સમય પણ લેખે લાગે છે. સમયનો સ્વધર્મમાં અર્થાત્ કર્તવ્યમાં વિનિયોગ તે અપ્રમાદ-જીવન પ્રત્યે જાગૃતિ અજ્ઞાત રુપે પણ તે એક પ્રકારની સાધના બની જાય છે.

ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ ગણાતા જૈન આગમ 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના અગિયારમા 'દ્રુમપત્રક' અધ્યયનમાં પોતાના પટ્ટશિષ્ય ગૌતમસ્વામીને અપ્રમાદ વિષે મહાવીર કહે છે-

दुमपत्तए पंडुयए जहा निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं समयं गोयम मा पमायए ॥

(જેમ પીળું પાંદડું રાત્રિઓના સમૂહ પસાર થતાં એટલે કે વેળાં વીતતાં નીચે પડી જાય છે તેમ મનુષ્યોના જીવનનું પણ સમજવું. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર !)

# પત્રકારત્વ, સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યો

© વાસુદેવ મહેતા

વર્તમાનપત્રનું અડધું અંગ પત્રકારો છે અને અડધું અંગ અમારા વાચકો છે. અમે જાણીએ છીએ કે વાચકોનું અમારી સામેનું તહોમતનામું નાનુંસૂનું નથી. આપે એને રીતસર ધરી દીધું નથી એ આપના અસીમ ઔદાર્યને આભારી છે. પણ અમે વાચકોના ઓછેવત્તે અંશે તહોમતદાર છીએ એવો અનુભવ વખતો વખત થાય છે. આ પરિસંવાદના વિષયોમાં પણ એની છાયા જોઇ શકાય છે.

ધર્મ તેમ જ વિજ્ઞાને કહ્યું છે કે, જીવસૃષ્ટિ આકાશ, તેજ, વાયુ વગેરે પાંચ મૂળભૂત તત્ત્વો પર આધારિત છે, પરંતુ મનુષ્ય માટે પાંચ નહિ પણ ખરેખર છ મૂળભૂત તત્ત્વો અનિવાર્ય છે. છઠ્ઠું તત્ત્વ છે માહિતીની આપલે માટેની અદમ્ય તડપ. સરકારી માહિતી ખાતાઓને પ્રતાપે એ શબ્દ મોટો બન્યો છે. એક બીજાના અને જગતના ખબર અંતર પૂછવા માટે માનવી એટલો તલપાપડ હોય કે તે ખાતર પાંચ-દસ માઇલ કાપી નાખ્યા પછી પણ માત્ર એક-બે નજીવા ખબરની આપ-લે કરે ત્યારે તેનો થાક ઉતરી જાય. આ માટે 'કોમ્યુનીકેશન' શબ્દ છે, પણ ગુજરાતીમાં તેની બરાબરનો શબ્દ નથી. એટલે માહિતીની આપ-લે જેવો મોઘમ શબ્દપ્રયોગ કરવો પડે છે. પશુ જેવા જંગલી લોકો પણ રોજ કુંડાળું વળીને બે-ચાર વાક્યોમાં કંઇક નવાજૂની કહી નાંખે ત્યારે સંતોષ થાય છે. સમાચાર માટે છાપું કે રેડીયો કે ટી.વી. ને આશ્રયે જાય અને એ ન હોય તો છેવટે કોઇને રુબરુ મળીને પણ સમાચારની તલબ સંતોષતા આજના માનવીમાં તથા આ આદિવાસીમાં 'કોમ્યુનીકેશન'ની અનિવાર્યતા પૂરતો કશો ફરક નથી. માણસને ત્રાસ આપવા માટે પ્રકાશ, પાણી અને આહાર બંધ કરી દેવામાં આવે છે અને વધારે ત્રાસ આપવા માટે તેને એકાંતમાં પૂરીને 'કોમ્યુનિકેશન' વગરનો બનાવે છે. જળ અને આહાર વગર એ તરફડે તેમ કોમ્યુનિકેશન વગર પણ તરફડે છે.

કોઈ જ્ઞાનીએ સાચું કહ્યું છે કે, આજની ગમે તે વ્યક્તિના દિમાગની તમામ માહિતી ખાલી કરીને તપાસવામાં આવશે તો ૯૯.૫ ટકા ભાગ તેણે વર્તમાનપત્રમાંથી મેળવેલો હશે અથવા કોઇ વર્તમાનપત્રના વાચક પાસેથી કણેકણું મેળવેલો હશે. જ્ઞાન ગુરુ કે ગ્રંથ કે અનુભવ દ્વારા મળે છે, પણ માહિતી જે આપણા લગભગ આખા દિમાગને ભરી દે છે તે-તો એનાં સાધનો વર્તમાનપત્ર, રેડિયો અને ટી. વી. દ્વારા જ મળે છે; એની આગળ જાત માહિતી કે પ્રત્યક્ષ જાણકારીની બાબતોનું પ્રમાણ નહિવત્ હોય છે.

વર્તમાન પત્ર, રેડિયો તથા ટી. વી. ત્રણેય માધ્યમોનો આત્મા, સમાચાર તથા તેના પરની ટીકાટિપ્પણો પૂરતો પત્રકારજ હોય છે. જો સમાચારની જરૂર દરેક માનવીને જલ, વાયુ અને આહાર જેટલી અનિવાર્ય છે, તો એ સંપૂર્ણ શુદ્ધ મળવા જોઇએ તે પણ એટલું જ અનિવાર્ય છે.

પરંતુ સમાચાર તથા તેના વાહકો તરીકે વર્તમાનપત્રો અશુદ્ધમાં અશુદ્ધ બનતાં જાય છે. માનવીના ચિત્તમાં ધૂસીને આમતેમ વાળવા તલસતા સહુ જણ છટ દઇને વર્તમાનપત્રને, ખાસ કરીને તેની સમાચારબાજુએ પકડવા જાય છે. સમાચાર તો ઠીક પણ તેના માત્ર મથાળાથી દુનિયામાં મગજ ફેરવી નાખતા કસબીઓ પણ અમારામાં નીકળ્યા છે.

આ ક્રિયા અમારા હાથે કેટલીક વખત અજ્ઞાનપણે અને કયારેક સજ્ઞાનતાથી પણ થાય છે. વાચકને શુદ્ધ સમાચાર આપવાની તકેદારી સાથે પણ એને આમ કે તેમ પ્રભાવિત કરવાની દાનત છૂપી છૂપી કામ કર્યા વિના રહેતી નથી. તમે સવારે છાપું લઇને વાંચવા માંડો છો ત્યારે તમારા ચિત્તતંત્રને સીધી અસર કરતી કોઈ દવાનું સેવન કરો છો એમ કહેવું મારી દૃષ્ટિએ જરા પણ વધુ પડતું નથી. કોઈ વખત તમે અમને પકડી પાડીને કાનપટ્ટી પકડાવો છો પણ સામાન્ય રીતે તો અમે સફળ થતા હોઇએ છીએ.

પત્રકારો અને પત્રકારત્વના પરિસંવાદ એમના પૂરતા જ હોય છે. 'પ્રોફેશનલ વાતો છે એમ કહીને તમને બહાર રાખીએ છીએ. પરંતુ આ પરિસંવાદમાં વાચક વર્ગના સત્ત્વ જેવા આપ સહુ છો તેથી આનંદ થાય છે તથા અમે અમારી વાત નિખાલસતાથી કરીએ એવી આપની આગ્રહભરી અપેક્ષાથી વધારે આનંદ થાય છે. અમે આપની સાથે કેમ અને શું શું કરીએ છીએ તે અમારાં વાચક થાતો અમારા દરદી તરીકે ગણ-

વાનો અધિકાર છે. તમે એ કેમ વારંવાર અજમાવતા નથી એનું જ મને આશ્ચર્ય છે. 'હિસાબ' માંગવાની ઇચ્છા તો ઘણાની થતી હોય છે એ હું જાણું છું, પરંતુ કદાચ સર્વજ્ઞ તથા સર્વ શક્તિમાન હોવાનો અમારો ડોળ તમને પાછા પાડતો હોય છે. પરંતુ મને કોઇએ ગુપ્તતાના સોગંદ હજી ખવડાવ્યા નથી એટલે અમારા વ્યવસાયની ગુપ્તમાં ગુપ્ત વાત એ છે કે, અમારી સાથે સતત સંવાદ સાધીને અમારો જવાબ વાંચકો માગે તો જ આ વ્યવસાય અને વર્તમાનપત્ર સ્વચ્છ રહી શકશે. આપનાં પાંચ-દસ પોસ્ટકાર્ડ પણ અમને ખટકો આપવા માટે પૂરતાં છે એ અંદરની વાત પણ સાથે સાથે કહી દઉં.

ત્રણ દિવસ અને ચાર બેઠકોની કેફિયતમાં પ્રથમ વાત અમારે અમારી સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યોની કરવાની છે. હમણાં અરુણ શૌરીએ 'ઇન્ડિયા ટુડે'માં આ વાત છેડી છે અને પત્રકાર માટેની આચારસંહિતા ખહુ જાણીતી છે અને તેને કાગળ પર ઉતારીને નાહકની પીડા ઊભી કરવાની જરૂર નથી એમ 'ટાઇમ્સ ઓફ ઇંડિયા'માંથી કોઇએ એમને જવાબ આપ્યો છે. શૌરીએ ગાંધીજીની ઢબે આચાર સંહિતાનો જે નમૂનો આપ્યો તેની સાથે કોઇ કદી અસંમત થાય તેમ નથી. પણ પ્રતિબદ્ધતાની વાત જરા અટપટી છે. પત્રકાર શેને પ્રતિબદ્ધ રહે? ગાંધીજીના સમયમાં એટલે કે આઝાદી પહેલાના સમયમાં પત્રકારે સ્વાધીનતા માટેની લડતને, સ્વદેશીને અને રાષ્ટ્રીયતાને પ્રતિબદ્ધ રહેવાનું હતું. બધાં નિશાન સ્પષ્ટ હતાં. સ્વરાજ્ય આવ્યું કે તરત જ પત્રકારો માટે પણ એ કામ પતી ગયું અને બે ત્રણ આદર્શોનું સ્થાન અનેક આદર્શો તથા ધ્યેય તથા જવાબદારીઓએ લીધું. અધૂરામાં પૂરું નવા નવા ધ્યેય અને આદર્શો પ્રામાણિક મતભેદોથી ભરપૂર છે. તથા અપ્રામાણિક મતભેદો પારખવા મુશ્કેલ છે. કોઇ સમાજવાદને માટે મથે કોઇ સુધરેલા મૂડીવાદની હિમાયત કરે અને, આજે તો ગાંધીયુગમાં જેને વિષે કશો મતભેદ ન હતો એવી ખાદી અને દારૂબંધી વિષે પણ મતભેદ છે. સહુને પોતાના મતનો અધિકાર છે, અને સત્ય મારી જ જીભ તથા કલમમાં છે. એવું કોઇ કહી ન શકે.

પત્રકારત્વ અને સાહિત્યમાં મૂળભૂત તફાવત એ છે કે, સાહિત્યકાર એના સર્જનમાં સંપૂર્ણ સ્વતંત્ર છે, પણ પત્રકાર ઓછામાં ઓછો સ્વતંત્ર છે. સાહિત્યકાર કોઈ પણ વિચાર, આદર્શ, 'વાદ'નું પ્રસારણ સાહિત્યના કોઇ પણ સ્વરૂપને માધ્યમ બનાવીને કરી શકે છે. પત્રકારને એવી સ્વતંત્રતા નથી. જે પદાર્થ એની કૃતિ માટે કાચો માલ બને છે એટલે કે છાપું બનાવવા માટેના કાચા માલરૂપ સમાચાર પત્રકારના કાબૂમાં નથી. સાહિત્યકાર કલ્પનાના રસાયણો વડે જાદુઇ દુનિયા પણ એની કૃતિમાં ઊભી કરી શકે છે, જ્યારે પત્રકારે નકકર હકીકતોને જ પકડીને ચાલવું પડે છે, જેમાં કલ્પનાનું મિશ્રણ અક્ષમ્ય ભેળસેળ અને પાપ બને છે. એકની તાકાત બીજાની નબળાઈ બને છે. સાહિત્યકાર એની 'ક્રીડ' હોય તો તેને વળગી રહીને તેને રજૂ પણ કરી શકે. પણ પત્રકાર સમાચારની શુદ્ધિ માટે જેટલો આગ્રહ રાખે એટલો 'ક્રીડ' માટેનો આગ્રહ પડતો મૂકવો પડે. વ્યવહારુ દૃષ્ટિએ પણ 'ક્રીડ' એટલે આદર્શની દૃષ્ટિએ પોતાની 'ક્રીડ' ને પોતાની 'ક્રીડ વળગી રહેવાનો સંકલ્પ વ્યવસાયી પત્રકાર પાળી શકે તેમ નથી. વિવિધ નીતિ તથા વિવિધ ઉદ્દેશોવાળાં પત્રોમાં નોકરી કરવાની હોવાથી ક્રીડનો આગ્રહ રાખનાર વ્યવસાયી પત્રકારે નોકરીને રામરામ કરવા જ પડે. આ વાત વાણી તથા અભિવ્યકિતના સ્વાતંત્ર્યમાં માનતા દેશોના છાપાંને પણ બરાબર લાગુ પડે છે. એવા મુકત દેશોમાં અખબારી સ્વાતંત્ર્ય એટલે પ્રકાશકનું સ્વાતંત્ર્ય એવો થાય છે. પોતાની ક્રીડ ચલાવવા માટે પત્રકારે એ માટે પોતાનું જ છાપું પ્રગટ કરવું પડે. તેથી 'પેન ઇઝ માઇટીઅર ધેન ધી સ્વોર્ડ' કહેવત પછી 'પ્રિન્ટિંગ મશીન ઇઝ માઇટીઅર ધેન પેન' એવી નવી કહેવત જન્મી છે. મારો અનુભવ તો એવો છે કે, બીજાના હક, સ્વાતંત્ર્ય વગેરેની રક્ષાનો દાવો કરતાં રાજકીય પક્ષો તથા જાહેર સંસ્થાઓનાં પ્રકાશનોમાં વધુ પડતી અસહિષ્ણુતા હોય છે અને પત્રકારોનું સ્વાતંત્ર્ય ઓછામાં ઓછું હોય છે.

પોતાનો વાદ કે જીવનદર્શન હોય એ 'ક્રીડ' તથા એની સામે વ્યવસાયને બાંધી દઇ એનાથી જુદું પડે તે પ્રત્યે દ્વેષ રાખીને કામ કરે એવી પ્રતિબદ્ધતા વ્યવસાયી પત્રકાર સમાચાર પત્રમાં રાખી શકે. છતાં અમુક વિચારો માટે છે એવી સ્પષ્ટતા સાથે દૈનિક કે સાપ્તાહિક કે ગમે તે સામયિક કાઢી શકે, કારણ કે અભિવ્યકિતનું, પોતાના વિચારો ફેલાવવાનું સ્વાતંત્ર્ય સહુને છે. પરંતુ વ્યસાયી પત્રકાર અને પ્રચારક અથવા મુંબેશી પત્રકાર વચ્ચે તફાવત છે. પ્રચારક પત્રકાર 'એકટીવીસ્ટ' છે; મેદાનની અંદર સૈનિકની જેમ ઘૂમનાર છે. એને માટે પત્રકારત્વ પોતાના ધ્યેયની પૂર્તિ માટે છે, સાધન છે. નર્મદ તથા તેમના યુગના સુધારકો, આઝાદીની લડતમાં વૈચારિક તેમજ સમાચાર પત્રો કાઢનારા આ વર્ગના છે.

વ્યવસાયી પત્રકાર રાજકારણ, સાંસારિક બાબતો વગેરે કોઇ ક્ષેત્રનો એકટીવીસ્ટ ન હોય તો એની ક્રીડ શું અને પ્રતિબદ્ધતા શેની સાથે? એની સામાજિક જવાબદારી, વ્યાવસાયિક કુશળતા તથા અણિશુદ્ધ પ્રામાણિકતા માટે આગ્રહ પત્રકારત્વ માટેનાં ત્રણે માધ્યમ વર્તમાન પત્ર રેડિયો, ટી. વી. પાણી હવા અને આહાર પછીની મૂળભૂત જરૂરિયાત પૂરી પાડે છે, અને વ્યકિત તેમજ સમાજના મર્મસ્થાન પર કામ કરે છે તેથી તેને સંપૂર્ણ સ્વચ્છ રાખવાની પત્રકારની પ્રથમ ફરજ છે.

સમાચાર સંપૂર્ણ ચકાસીને આપવા; વિગતોમાં ચોકસાઇની ચીવટ રાખવી; વાચકને દરેક દૃષ્ટિકોણ આપવા માટે સમાચારની બધી બાજુઓ તથા ચારેપાસની વિગતો આપવી; વિશેષણ તથા ક્રિયા-વિશેષણ અણુબોમ્બ કરતાંય વધારે ખતરનાક છે એમ સમજીને એ બે તેમજ આંકડાનો ઉપયોગ પૂરી જવાબદારીથી કરવો.

સમાચારની પસંદગીમાં વાચકના કાજી બની બેસીને અમુક સમાચાર આપવા કે દબાવી દેવામાં પત્રકારના પૂર્વગ્રહ કામ કરે છે. તેને બદલે કેવળ સમાચાર મૂલ્યને વળગી રહીને પસંદગી કરો. મેજોરિટીની મનોવૃત્તિ પત્રકારના ધર્મનો ભંગ કરે છે. સાચી મનોવૃત્તિ કમિશન ઓફ ઇન્કવાયરી વડે સત્યને પકડવા મથતા પંચની છે.

સમાચાર સંપાદકનું કામ કરતા પત્રકારો બધી રીતે કુશળ છે છતાં ભાષાનો કસબ હજી વધારે ખીલવે અને વધારે એવી ઇચ્છા રહ્યા કરે છે. સમાચાર આપવામાં આપખુદી ન હોય, વિગતોમાં પણ દૃષ્ટિકોણની બાદબાકી ન હોય, છતાં ભાષા, પાનામાં ગોઠવણી તથા મથાળામાં સંપાદકનો પક્ષપાત કઇ તરફ છે એનો ઇશારો વાચકને વ્યંજનાથી મળવો જોઇએ.

આ વ્રતો પાળવામાં વાચકોને અમે બરાબર સંતોષ આપી શકતા નથી એ પત્રકારો પોતે જાણે છે. એ દરેક ઉદ્યોગનો અભાવ થઇ શકે છે. સમયનો અભાવ, ઓછા માણસો અને કામનો વધુ બોજ, માહિતી ન જ આપવાની અમલદારો તેમજ નેતાઓની વૃત્તિ, માહિતી એકત્ર કરવા માટે થતા ખર્ચમાં પત્રોના માલિકોની કંજુસાઈ વગેરે બાબતો આ વ્યવસાયમાં સહુને જાણીતી છે. આ અગવડો ગુજરાતી પત્રોના પત્રકારોને ખૂબ પરેશાન કરે છે. પોતાની અનુભવ વૃદ્ધિ થાય અને વાચકોને પણ લાભ થાય એવી ધણી તકથી આ પત્રકારોને વંચિત રાખવામાં આવે છે. પરિણામે જે નવું લોહી ખૂબ હોંશથી આ વ્યવસાયમાં જોડાય છે તે નાસીપાસ થઈ જાય છે અને તેનું ધડતર ઢીંગરાઇ જાય છે. ગુજરાતી પત્રો તેમજ પત્રકારત્વ અત્યારે આ બિમારીમાં છે. વાચકો આગળ પોતાને નિર્દોષ બતાવવા ખાતર સંચાલકો 'સારા પત્રકાર મળતા નથી'ની બૂમો પાડયા કરે છે, પણ સામો સવાલ એ છે કે, 'સારા પત્રકાર થવાની લાયકાત અને હોંશવાળું નવું લોહી આવે એવું આકર્ષણ છે ક્યાં?

કામ બહારનાં કારણોથી જવાબદારી બરાબર અદા નથી થઇ શકતી એ બચાવ નકકર છે. અને વજૂદવાળો છે. પરંતુ અમારી ધંધાકીય ક્ષતિનો બીજો ભાગ એવો છે, જેને માટે ક્યાં તો પ્રામાણિક બચાવ નથી અથવા વાચકોની નજરે અમારા બચાવ બોદા છે. એના મૂળમાં આ ક્ષેત્રમાંથી આદર્શો તથા સમાજની સાત્વિક સેવાની તમન્નાની વિદાય તથા તેની જગ્યાએ આવેલી વેપાર વૃત્તિમાં રહેલું છે. ફેલાવો અને આવક ગમે તે ભોગે વધારવા માટે કેવળ સનસનાટીને આરાધ્ય બનાવવામાં આવે છે. આર્થિક પરિવર્તન એવું થયું છે કે, છાપું ખરીદીને ગંભીરતાથી વાચનાર સંસ્કારી વર્ગમાંની ખરીદ શકિત ઘટી છે. ઘરના બજેટમાં છાપાનું સ્થાન ખૂબ નીચે ગયું છે. તેની સામે બાજુએ સનસનાટી, સેકસ ગુનાખોરી, કુથલી હળવામાં હળની ગપ્પાબાજી વગેરે શોધી શોધીને માગનાર વર્ગની ખરીદશકિત વધી ગઇ છે. ફેલાવો વધારવા માટે એ વર્ગની ખુશામતમાં કશો છોછ કે સંયમ જોવા મળતો નથી.

ભાવતી વાનગીઓ વધુ આપો તેમ એવા ગ્રાહકો વધે અને એ વધે તેમ તેની વાનગીઓમાં વધારો કરો. એ રીતે વિષચક્ર બંધાય છે અને વધે છે. આ માર્ગ એટલો બધો સરળ અને રસકસવાળો છે અને એ માર્ગે જનારા એટલા જાગૃત છે કે એમના પર કોઇ દલીલ કે અપીલ કામ કરે તેમ નથી. છતાં એના પર લગામ મૂકવાની વાત સાવ હાથ ધોઇ નાંખવા જેવી નથી. સારા અને વિવેકી વાચકો પોતે એમના છાપા પર દબાણ લાવી શકે છે. ખરાબ વૈસા કમાવા માટે પણ પ્રતિષ્ઠાનો અંચળો સહુને જોઇએ છે. સારા વાચકો ઓછી ધરાકી કરાવે છે. પણ છાપાને સાચી પ્રતિષ્ઠા તેઓ અપાવે છે. કોઈ માલિક કે સંપાદક એવા નહિ મળે પોતાના આવા વાચકની ટીકા, દબાણ, વિનંતી કે આગ્રહને જે ઉવેખી શકે.

બીજો ઉપાય ખૂબ વ્યવસાયી પત્રકારોના હાથમાં છે. ગુજરાતી પત્રોમાં મોટો ભાગ માલિક-તંત્રીઓના કડક અંકુશ નીચે છે. છતાં પત્રકારોને રોજીંદી કામગીરીમાં સ્વતંત્રતાનો ઘણો અવકાશ હોય છે. ડાકુઓ તથા ખૂનીઓના ફોટા અને વર્ણન ઓછા ચગે અને ગામની શાળા માટે ૫૦ હજારનું દાન નિવૃત્તિ વખતે જાહેર કરતી શિક્ષિકાના ચિત્ર અને સમાચારને જરા ખીલવીને મૂકી શકાય. ગુનાખોરી કે સેકસના સમાચારની ભાષા તથા મથાળા જરા ઢાવકાં બનાવીને સદ્‌વિચાર પરિવાર, હરિ ઓમ્ આશ્રમ, યુવકોની સ્પર્ધાઓ તથા વિદ્વાનોની સિદ્ધિઓને વધારે વજન આપી શકાય. તંત્રી નોંધોમાં પણ તેને રાજકારણ વગેરેની સમોવડતું સ્થાન આપી શકાય. અંધજન મંડળો, ગ્રામોદ્યોગોમાં અવનવા પ્રયોગો, યુવકોની સંઘર્ષ વાહિનીઓની પ્રવૃત્તિ વગેરે ફટફટલી પ્રવૃત્તિઓ પ્રસિદ્ધિ તથા પ્રોત્સાહન માટે તલસે છે. એમને કશું નહિ તો છેવટે ખૂણાખાંચરાની ધણી જગ્યાઓ હોય છે તે મોકળાશથી આપી શકાય. સેવા સંસ્થાઓ, યુનિવર્સિટીઓનાં વિદ્યાભવનો, સાહિત્ય પરિષદ, મહિલાઓ અને કલાકારોની પ્રવૃત્તિ વગેરેને ઓછું ને ઓછું સ્થાન છાપામાં મળે એ પ્રવાહ ખૂબ ખેદજનક છે. ખેલકૂદમાં અર્જુન એવોર્ડ અથવા બહાદુર બાળકોને રાષ્ટ્રીય કક્ષાએ જેમને ઇનામ અર્પણ થાય છે એમની વિગતોને છાપામાં સ્થાન મળતું નથી. વ્યવસાયી પત્રકારો આ ક્ષતિઓ દૂર કરીને વધુ નહિ તો અનિષ્ટ તરફનો ઝોક ઓછો કરીને ઇષ્ટનું પલ્લું ભારે બનાવી શકે છે.

છાપાનાં માલિકો, સંચાલકોને કમાણીમાં ગળાકાપ હરીફાઇ કરતા રોકવા એ આજના મુંબઇમાં કડક દારૂબંધીની ઝુંબેશ જેવું દુઃસાધ્ય કામ છે. પરંતુ ગુનાખોરી વગેરેને ખૂબ સંયમિત પ્રસિદ્ધિ આપવી, દાણચોરી વગેરેના સમાચાર ચગાવીને, શણગારીને ન મૂકવા, સમાજની ગુણવૃદ્ધિ કરે એવી બાબતોને પ્રસિદ્ધિ આપવાનું ન ચૂકવું વગેરે નાનકડી આચાર સંહિતા જો સમાજના થોડા ભોભી માણસો આ માલિકો, સંચાલકો અને તંત્રીઓ પાસે પ્રેમના દબાણથી પણ પળાવે તો અનિષ્ટને પ્રસિદ્ધિ આપવાની હરિફાઈ બંધ થાય અને છાપાંનું પુણ્યકારી બળ વધે.

હવે આપણાં સ્થાન ફેરવીને આપને તહોમતદારના પાંજરામાં મૂકીને હું ફરિયાદી બનવા માગું છું. પત્રકારની પ્રતિબદ્ધતા, તેના વ્યાવસાયિક સ્ખલન અને ઉપયોગી છણાવટ આપણે કરી. જો પત્રો તથા પત્રકારોની હાલત સંતોષકારક નથી તો એ માટે આજનો સમાજ વધારે જવાબદાર છે. કલા અને ભોકતા વચ્ચે અતૂટ તથા સીધો સંબંધ છે તેમ વર્તમાન પત્ર તથા સમાજ વચ્ચે પણ એજ સંબંધ છે. વર્તમાનપત્ર તથા પત્રકારની નજર ક્ષણેથી સમાજ ક્ષણભર પણ દૂર થતો નથી. વર્તમાનપત્રમાં જાહેરખબરો સહિત જે કંઇ અપાય છે તે સમાજને ઉશ્કેરવા, પ્રેરવા ઢંઢોળવા, પ્રોત્સાહિત કરવા માટે જ અપાય છે. અખબાર વેચ્યા પછી એ બનાવીને બજાર કરનારા એના પ્રત્યાઘાતની અપેક્ષા રાખે છે, પણ પ્રત્યાઘાત આપે એવો જાગૃતો, સંવેદનશીલ અને હિંમતવાળો સમાજ 'કાલ' પછી સુઇ ગયો છે, કશું જ ન સાંભળવાની, જોવાની, વિચારવાની ગાંઠ મનમાં પાકી બાંધીને સુઇ ગયો છે. છાપું એની જાગૃતિના ઉપરના પડથી વધારે ઊંડે જતું જ નથી. પત્રકારોએ, અનેક નબળાઇઓ ઋને બેદરકારી છતાં સમાજને ઢંઢોળવા માટે પુષ્કળ આપ્યું છે. તમે વિચાર કરો કે આજનો કયો ભ્રષ્ટાચાર, કયું પાપ નામઠામ સાથે એક યા બીજા પત્રએ ખુલ્લું કરીને તમારી

સમક્ષ મૂકયું નથી. દાણચોરી, કાળાબજાર, ભ્રષ્ટાચાર, કરચોરી, દંભ બદમાસી વગેરે ખુલ્લાં કરીને મૂકવામાં કોઇ ચમરબંધીની શરમ પણ નથી રાખી. એમને ફિટકાર આપતા અગ્રલેખોએ કસર રાખી નથી. કટાક્ષ ચિત્રોનાં તીર રોજ ચલાવ્યાં છે. વર્તમાનપત્ર કે પત્રકારની ઉધાર બાજુની સામે જમા પાસું ય છે. ચોર સામે માલિકને જગાડવા એ મથ્યા કરે છે પણ તમે જાગતા જ નથી. કોઈ રમત એક જ ટીમની ન હોય. વ્યવસાયનાં ઉચ્ચ મૂલ્યોને પ્રતિબદ્ધ પત્રકાર જાગૃત, સક્રિય સમાજની અપેક્ષા રાખે છે. આજની તકલીફ ઉચ્ચ મૂલ્યો માટે પત્રકારની પ્રતિબદ્ધતાની ઉદ્દાપને કારણે જેટલી છે તેટલી જ, બલકે તેથી વધુ પ્રમાણમાં, મૂલ્યોની ખેવના વગરના, બેદરકાર અને જડ બનેલાં સમાજની છે.

(તા. ૧-૧૦-૮૩ ગીતા મંદિર હોલ, ભારતીય વિદ્યા-ભવન, મુંબઇ-૭ ખાતે સંઘના ઉપક્રમે યોજાયેલ પરિસંવાદની પ્રથમ બેઠકના પ્રમુખસ્થાનેથી આપેલું વકતવ્ય.)

## સાભાર સ્વીકાર

(૧) પ. પૂ. આચાર્ય શ્રી વિજય અમૃત ધર્મધુરંધરસૂરિ સ્મારક ગ્રંથ સં. રતિલાલાલ દીપચંદ દેસાઇ પ્ર. શંખેશ્વર પાર્શ્વનાથ પેઢી ડૂ. દોલતનગર બોરીવલી (પૂર્વ) મુંબઇ ૬૬. કિ. રૂા. ૪૧.

(૨) અ સોર્સ બુક ઇન જૈન ફિલોસોફી લે. દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી પ્ર. શ્રી તારક ગુરૂ જૈન ગ્રંથાલય શાસ્ત્રી ચોક, ઉદયપુર રાજસ્થાન કિ. રૂા. ૫૦.

(૩) શ્રી મોટી સાધુ વંદણા-લે. રસિકલાલ છગનલાલ શેઠ પ્ર. વીરવાણી પ્રકાશન, C/o. નંદલાલ તારાચંદ વોરા, ૪૫/૪૬, નવ શાંતિ નગર, ૯૮, નેપીયન્સી રોડ, મુંબઈ-૬. કિ. રૂા. ૫.

(૪) જૈન સિદ્ધાન્ત પ્રદીપિકા લે. પૂ. આ. સંભવસાગરજી પ્ર. શ્રીમતી રતનીદેવીજી, બારાબંકી (ઉ. પ્ર.) કિ. રૂા. ૪.

(૫) પરબ્રનાં પાણી લે. અજિત પોપટ પ્ર. ચીમનલાલ જે. શાહ, સુદામા, ૨જે માળે મલબાર હીલ, ૨૧૪, વાલકેશ્વર મુંબઇ-૬, વિકેતા નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઇ-૨.

(૬) જવા દઇશું તમને-લે. કુન્દનિકા કાપડીઆ. પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઇ-૨. કિં. રૂા. ૨૩-૫૦.

(૨) સ્વાતિ-લે. ઇશ્વરભાઇ પટેલ. પ્ર. સ્વાતિ પ્રકાશન ૪૪૮/૧ રચના સોસાયટી, સેકટર ૨૨, ગાંધીનગર કિં. રૂા. ૧૦.

(૩) પ્રમુખીય લોકશાહી યોગ્ય વિકલ્પ-લે. જશવંત બી. ૧૪૫, મિત્તલ ટાવર, નરીમાન પોઇન્ટ. મુંબઇ-૨૧. કિં. રૂા. ૨૦.

(૪) નવકાર મંત્ર તત્કાળ ફેમ ફળે-લે મુનિશ્રી તત્ત્વાનંદ વિજયજી. પ્ર. નવભારત સાહિત્ય મંદિર. મુંબઇ-૨. કિં. રૂા. ૪.

(૫) પર્યુષણ પત્રમાળા-લે. મુનિશ્રી કીર્તિચન્દ્ર વિજયજી પ્ર. પ્રેરણા પ્રકાશન શાંતિ નિકેતન મુ. તીથલ જિ. વલસાડ. ગુજરાત કિ. રૂા. ૪.

(૬) બા. વાટું-લે. ઓસમાન સાટી પ્ર. કુંવર પબ્લિ-કેશન્સ ડૉ. ગિરીશ વીછીવોરા ૫૦/૪ રામસદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા-મુંબઈ ૧૯, કિ. રૂા. ૫.

(૭) શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ, ૩૬/૪૧, ધનજી સ્ટ્રીટ મુંબઇ-૩ તરફથી અંગ્રેજી પુસ્તકો : (૧) લોર્ડ મહાવીર એન્ડ હીઝ ટીચીંગ્સ કિં. રૂા. ૫. (૨) ધી ડોકટ્રાઇન્સ ઓફ જૈનીઝમ કિં. રૂા. ૫. (૩) જૈનીઝમ લે. હર્બર્ટ વોરન સં. ડૉ. નગીન જે. શાહ કિં. રૂા. ૫.

(૧) શૂન્યની સ્મૃતિ-લે. શૂન્ય પાલનપુરી પ્ર. સ્મૃતિ સમિતિ ૪૧, વિજય દીપ, ૩૧, રીજ રોડ મુંબઈ-૬. કિ. રૂા. ૩૦.

(૨) મોક્ષ માર્ગ મેં બીસ કદમ લે. આચાર્ય પદ્મસાગર સૂરીશ્વરજી પ્ર. અરુણોદય ફાઉન્ડેશન, મુંબઇ કિ. રૂા. ૧૧.

(૩) શ્રી સવાસો ગાથા વિવરણ લે. રસિકલાલ છગનલાલ શેઠ પ્ર. મુકતાગૌરી રસિકલાલ શેઠ ૧૮, પટેલ કોલોની સિદ્ધનાથ રોડ, વડોદરા-૧. કિ. રૂા. ૭.

(૪) ગુણસ્થાન લે. ભીખાલાલ ગિરધરલાલ શેઠ પ્ર. અ. ભા. શ્વે સ્થા. જૈન કોન્ફરન્સ ૧, વિજયવલ્લભ ચોક, મુંબઇ-૩. કિ. રૂા. ૬.

(૫) સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટે?-લે, ભીખાલાલ ગિરધરલાલ શેઠ પ્ર. જયંતીલાલ ધનજીભાઈ દોશી ૮૪ બી, પશ્ચિમ એપ્રાટમેન્ટ, કીર્તિ કોલેજ પાસે દાદર મુંબઇ-૨૮

(૬) શ્રી આનંદ ઘનજી કૃત ચોવીશી-સાર્થ. અર્થકાર-પં. શાંતિલાલ કેશવલાલ પ્ર. જૈન મ. સો. સામે વર્ધમાન ફલેટ નં: ૪૪ પાલડી અમદાવાદ-૭,

(૭) શ્રી જિન પ્રણિત કર્મવિજ્ઞાન લે. પ્ર. કીર્તિ માણેકલાલ શાહ પ્રાપ્તિ સ્થાન. સુધોષા કાર્યાલય પાલિતાણા કિ. રૂા. ૧૬


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું નવું પ્રકાશન**

## સ મ ય ચિં ત ન

**લે. સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ**

સંપાદકો: **ડૉ. રમણલાલ ચી. શાહ * પન્નાલાલ ૨. શાહ અને ગુલાબ દોઢયા**

**મૂલ્ય રૂા. ૩૦/-**

સંઘના પેટ્રનો અને આજીવન સભ્યોને આ પુસ્તક ભેટ આપવાનું છે. અલગ ટપાલથી એ અંગે સૌ સભ્યોને જાણ કરવામાં આવી છે. તેમાં જણાવ્યા અનુસાર તા. ૩૧-૧૨-૮૩ સુધીમાં સંઘના કાર્યાલયમાંથી સવારના ૧૧-૩૦ થી સાંજના ૬-૦૦ દરમિયાન આ પુસ્તક મેળવી લેવા વિનંતી. ત્યારબાદ આ પુસ્તક રૂા. ૩૦/- માં મળશે.

પુસ્તક ખરીદવા ઇચ્છનારે પણ ઉપરોકત સમય દર-મિયાન કાર્યાલયનો સંપર્ક સાધવો.



## અસ્થિ સારવાર કેન્દ્ર

હાડકાના દર્દોના નિષ્ણાત ડૉ. જે. પી. પીઠા-વાલા સંઘના કાર્યાલયમાં દર રવિવારે સવારના ૯ થી ૧ સુધી નિયમિત સેવા આપી રહ્યા છે. હાડકાના દરદીઓને આ કેન્દ્રનો લાભ લેવા વિનંતી.

પ્રવીણભાઇ મંગળદાસ શાહ સંયોજક

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ,

# વિકલાંગ માટે સ્ટોલ

© શાંતિલાલ ટી. શેઠ

સંઘ સંચાલિત પ્રેમળ જ્યોતિ અને રાષ્ટ્રીય અંધજન સંગઠનના સંયુક્ત ઉપક્રમે રવિવાર તા. ૨૭-૧૧-૮૩ના રોજ સવારના ૧૧ વાગે વીલેપાર્લે-પૂર્વમાં, મહાત્મા ગાંધી રોડ ઉપર આવેલ 'લક્ષ્મી ટોકીઝ'ની સામે નિર્માણ કરવામાં આવેલ એક સ્ટોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. શ્રી ભરત પ્રધાન જે વિકલાંગ છે-અને તેમને તેની આજીવિકા માટે આર્થિક સહયોગ મળી રહે એવા ઉદ્દેશથી આ સ્ટોલ તેમને અર્પણ કરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં શ્રી કમલબેન પીસપાટીએ પ્રાર્થના કરાવી હતી.

મ્યુનિસિપલ ડેપ્યુટી કમિશ્નર શ્રીમતી કુંદાકદમ ચીફગેસ્ટ તરીકે પધારવાના હતા પરંતુ સંજોગોવશાત્ તેઓ આવી શકયા નહોતા. એટલે ચીફગેસ્ટ તરીકે વીલેપાર્લે (પૂર્વ) વિસ્તારના મ્યુ. કોર્પોરેટર અને એસ. ઇ. એમ. શ્રી રમેશ પ્રધાન પધાર્યા હતા. શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ ડો. રમણલાલ શાહ, સંઘના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ તથા શ્રી કે. પી. શાહ, પ્રેમળ જ્યોતિના સંયોજકો શ્રીમતી નીરૂબેન શાહ તથા શ્રીમતી કમલબેન પીસપાટી, પાર્લાના સામાજિક કાર્યકર શ્રી મધુકર સરપોદાર, શ્રી જયુભાઇ શાહ, બેંક ઓફ ઇન્ડિયાના સ્થાનિક શાખાના મેનેજર શ્રી ગોખલે, લક્ષ્મી ટોકીઝના માલિક શ્રી આણુભાઇ તથા તેના મેનેજર, પોલીસ ઇન્સપેકટર શ્રી બી. એસ. લાડ વગેરે વ્યકિતઓની ઉપસ્થિતિ હતી અને તેમાંથી મોટા ભાગના મહાનુભાવોએ વકતવ્યો કર્યા તેમાં તેઓએ એ ભાવ વ્યકત કર્યો હતો કે મુંબઇ જૈન યુવક સંઘ વિકલાંગો તેમજ પ્રજ્ઞા-ચક્ષુઓ તેમજ અસહાય વ્યકિતઓ માટે જે કામ કરી રહેલ છે, તે પાયાનું કામ છે અને આવી એક સંસ્થા આટલા વ્યાપક ક્ષેત્રે જનસેવાનું જે રીતે કામ કરે છે તે ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર તેમજ અભિનંદનીય છે. દરેક વકતાએ કહ્યું કે સંઘના આવા કામોમાં જ્યારે જરૂર હશે ત્યારે અમારો હૃદયપૂર્વકનો સહયોગ આપવા અમો તત્પર રહીશું.

ડો. રમણલાલ શાહ, શ્રી ચીમનલાલ જે. શાહ અને શ્રી કે. પી. શાહે કહ્યું કે અમારી ભાવના ખૂબ મોટી છે. ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સવા પાંચ લાંખ રૂપિયાના દાનો આવા કામ માટે મળ્યા-શ્રી મનસુલીકરને અમારું આહવાન છે કે તમો જે વધારે ઝડપ રાખીને વધારે વ્યકિત-ઓને કામે લગાડશો તો આવતા વર્ષે અમો દસ લાખ પણ મેળવી આપીએ એવી અમારી ભાવના છે. આ આપણું કામ આમ તો સાગરના એક બિંદુ સમાન છે પરંતુ તેનો જેટલો વ્યાપ વધે તેટલો વધારવાની અમારી અંતરની ઇચ્છા છે.

મેળના કાર્યવાહક વ્યવસ્થાપક શ્રી મનસુલીકરે મુંબઇ જૈન યુવક સંઘનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો તેમણે કહ્યું કે જૈન યુવક સંઘ અમારે માટે ભગવાન સમાન છે. આટલી મોટી રકમનું અને આટલી ઉદારતાથી બીજી કોઈ સંસ્થાએ અમોને દાન નથી આપ્યું. સંઘના સહયોગને કારણે અમો ભવિષ્યમાં ઘણું મોટું કામ કરી શકીશું એવી દૃઢ શ્રદ્ધા અમને બંધાણી છે. અમો મુંબઇ જૈન યુવક સંઘના ખૂબજ ઋણી છીએ.

છેલ્લે હારતોરા કરવામાં આવ્યા હતા. ડો. રમણલાલ શાહે રીબીન કાપીને સ્ટોલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સૌએ ત્યાંથી થોડી ખરીદી પણ કરી હતી. ઠંડા પીણાને ન્યાય આપી સૌ વિખરાયા હતા. ત્યારબાદ આ સ્ટોલના દાતા શ્રી સી. કે. શાહ ચેરિટી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પ્રવિણચંદ્ર કે. શાહે વાંદરા પર આવેલી સિદ્ધાર્થ હોટેલ'માં બધાને ભોજન કરાવ્યું હતું. તેમનો આભાર માની સૌ વિખરાયા હતા.

## સાભાર સ્વીકાર

૧ મહર્ષિ તોલ્સતોય લે. ભોગીલાલ ગાંધી, સુભદ્રા ગાંધી પ્રકા. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા-૫, કીમત રૂ. ૨૫-૦૦.

૨ જીવન દૃષ્ટિ ભા. ૧ લે. ડો. નરેન્દ્ર ભાનાવત, સૌભાગ્યમલ શ્રીમાલ પ્રકા. શ્રી એસ. એસ. જૈન સુબોધ શિક્ષા સમિતિ, જ્ઞાન પ્રકાશ ભવન, સાંગાનેરી દરવાજા, જોહરી બજાર, જયપુર-૩૨૨૦૦૩, કીમત રૂ. ૫-૦૦.

૩ સ્વ. મહાદેવભાઇ દેસાઈ સ્મૃતિચિત્રો, લે. ચંદુલાલ ભગુભાઈ દલાલ પ્રકા. સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૭, કીમત રૂ. ૮-૦૦.

૪ ભગવાન શ્રી રજનીશ રસધારા સં. રવામીચંદ્ર મુનિ પ્રકા. સમન્વય રજનીશ ધ્યાન કેન્દ્ર, ૨૩ A ૧૩૫૩ ભરત-નગર ભાવનગર-૨ કીમત રૂ. ૩-૫૦.

૫ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ ભા. ૧ લે. રતિલાલ દીપચંદ દેસાઇ, પ્રકા. શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદ ૩૮૦૦૦૧.

૬ શ્રી. તીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ. લે. રતિલાલ દીપચંદ દેસાઇ, પ્રકા. શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદ ૩૮૦૦૦૧. કીમત રૂા. ૧૫-૦૦.

૭ મધ્ય એશિયા ઔર પંજાબમેં જૈન ધર્મ, હીરાલાલ દુગ્ગડ પ્રકા. જૈન પ્રાચીન સાહિત્ય પ્રકાશન મંદિર, કલા નિકેતન ઇ ૩૧, માનસરોવર પાર્ક, શાહદરા, દિલ્હી-૩૨ કીમત રૂ. ૫૦-૦૦.

૮ જીવન જ્યોત જલાવો પ્રવચનકાર. પન્યાસ પ્રવરશ્રી ભદ્રગુપ્ત વિજયજી ગણિવર પ્રકા. શ્રી. વિશ્વકલ્યાણ. પ્રકાશન ટ્રસ્ટ : મોજીપીર રોડ, મહેસાણા ૩૮૪૦૦૨. કીંમત રૂા. ૧૫-૦૦.

૯ સંબોધોદય, સાધના મુદ્રણાલય ટ્રસ્ટ, ખમાસા-ગેઇટ અમદાવાદ કીમત રૂા. ૨-૦૦.

૧૦ Jaina Temples of Western India, Dr. Harihar Singh. Parshvanath Vidyashram Research Institute Varanasi - 221005. Price Rs. 200-00.

૧૧ ગાંધી : પ્રસંગ-પુષ્પો-૧, સંપાદક : રતિલાલ અધ્વર્યુ, રતિલાલ અધ્વર્યુ. ૩ દત્ત સોસાયટી (ભદ્રકાલી) અમદાવાદ-૩૮૦૦૦૭, કીમત રૂા. ૫-૦૦.

## સ્વ. ટોકરશી કે. વીરા



અમારા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના એક સક્રિય સભ્ય શ્રી ટોકરશી કે. વીરાનું રવિવાર તા. ૧૧ મી ડિસેમ્બરના રોજ વહેલી સવારે, પર વર્ષની યુવાન વયે, હૃદયરોગના હુમલાને કારણે અચાનક અવસાન થતાં અમે સૌએ આઘાત અને શોકની ઘેરી લાગણી અનુભવી છે. એમના પુત્ર ચિ. વિનેશનાં લગ્નનો સત્કાર સમારંભ તા. ૧૦ મીએ રાત્રે પતી ગયા પછી તેઓ ઘરે આવ્યા હતા. ત્યાર પછી રાત્રે અચાનક છાતીમાં ભારે દુખાવો થતાં નીચેના માળે ડોકટરને બોલાવવા ગયેલાં એમનાં પત્ની જયાબહેન પાછાં આવી પહોંચ્યાં તે પહેલાં તો એમનું અવસાન થયું. પાસે માત્ર હતો એમનો પાળેલો પ્રિય કૂતરો સિલ્કી. શ્રી વીરાના અવસાનથી અમને એક સ્નેહસભર, વિચારશીલ, ખેલદિલ સાથીદારની ભારે ખોટ પડી છે.

સ્વ. વીરા અમારા સંઘની સમિતિના લગભગ અઢાર વર્ષથી સભ્ય હતા. તેઓ મિલનસાર, ઉત્સાહી, ઉદાર અને કાર્યદક્ષ હતા. સંઘની પ્રત્યેક પ્રવૃત્તિમાં વિશેષત: 'પ્રેમળ જ્યોતિ' ની પ્રવૃત્તિમાં તેઓ એમનાં પત્ની જયાબહેન સાથે સક્રિય ભાગ લેતા. સંઘના કાર્યક્રમ માટે બહાર ગામથી પધારનાર મહેમાનોને સ્ટેશને કે એરપોર્ટ પર લેવા મૂકવાની તથા પોતાને ઘરે ઉતારવાની જવાબદારી તેઓ સામેથી આગ્રહને સહર્ષ સ્વીકારી લેતા. સંઘની સાંમતિની કેટલીક મિટિંગ સ્વ. વીરાને ત્યાં યોજાતી ત્યારે વીરાદંપતીના પ્રેમાળ આતિથ્યનો અનોખો અનુભવ અમને થતો. સ્વ. વીરા કાપડના વેપારી હતા. પરંતુ વેપાર કરતાં સાહિત્ય, સંસ્કાર, સમાજ સેવા અને રાજકારણની બાબતોમાં તેમને વિશેષ રસ હતો. તેઓ તાજેતરમાં લાયન્સ કલબ ઓફ બોમ્બે સેન્ટ્રલના પ્રમુખ થયા હતા.

પ્રભુ સદ્‌ગત વીરાના આત્માને શાંતિ આપે અને શ્રીમતી જયાબહેનને અચાનક આવી પડેલા આ દુ:ખમાં ધૈર્ય ધારણ કરવાની શક્તિ આપે એવું પ્રાર્થીએ છીએ.

–તંત્રી

## 'મીસ્ટર' વીરાને–

✡ સુબોધભાઇ એમ. શાહ

વીરા, તમે ખૂબ જલ્દબાજી કરી
તમે તો Lion હતાં; Lion–hearted હતાં,
જીવનની બાજી આમ હારી જવાય?
મૃત્યુ સામે થોડીક તો ટક્કર લેવી હતી!
અમારાં જેવા ૬૦/૬૫ વાળાં રહી ગયાં,
ને તમે બાવન વરસે ચાલી નીકળ્યાં?
અમે તો ઠીક–જયાબ્હેનને તો 'જઉં છું' કહેવા રોકાવું હતું?
તમારાં 'સિલ્કી'ને તો 'બાય' કરવા રહેવું હતું?
–પણ બિચારો એ ય સમજી ગયો હશે
કે 'પપ્પા' ચાલી ગયાં
તમારાં મુખ પર ચારે બાજુ ચૂમીઓ ભરીને
એણે તમને વિદાય આપી!
–અને મિત્ર,
લગ્નનાં મંડપમાં નેવી બ્લૂ સૂટમાં તમે કેવા શોભતાં હતાં?
રાત્રે બે વાગે તમારો નિશ્ચેતન ચહેરો પણ એવો જ સોહામણો
લાગતો હતો.
એવો જ રૂપાળો,
એવો જ સુંદર,
જાણે હમણાં તમે બેઠા થશો, બોલશો ને પૂછશો,
કે આપણે ત્યાં આજે પાર્ટી છે કે શું?
કોઇએ કહ્યું છે Loved most, wanted most
વીરા, તમે ઇશ્વરને વહાલાં થઇ ગયાં,
તમે અમને પણ વહાલાં હતાં તેનું શું?

## પ્રજ્ઞાચક્ષુઓ માટે મળેલા મશીનો : દાતાઓની યાદી

૨ મે. તારાચંદ ધનજી ચેરિટેબલ ટ્રસ્ટ
૧ શ્રીમતી લીલાવતી નગીનદાસ દફ્તરી
૧ શ્રીમતી સરલાબેન પરીખ
૧ સ્વ. ઇન્દિરાબેન રમણલાલ પટેલના સ્મરણાર્થે
હા. શ્રી રમણલાલ ભગવાનદાસ પટેલ
૧ શ્રી જમનાદાસ નેમચંદ હેમાણી
૧ શ્રી ભોળાભાઇ જેસીંગભાઇ ચેરિટેબલ ટ્રસ્ટ
૧ દિલિપ રમણીકલાલ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
હા. શ્રી જીતેન્દ્રભાઇ મહેન્દ્રભાઇ વોરા
૧ મે. જયંત પેકીંગ ઇન્ડસ્ટ્રીઝ

## શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર

સંઘના ઉપક્રમે બુધવાર, ગુરુવાર અને શુક્રવાર, તા. ૪, ૫ અને ૬ જાન્યુઆરી, ૧૯૮૪ના રોજ ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભા-ગૃહમાં વિદ્યાસત્રનું આયોજન કરવામાં આવ્યું છે. એ અંગેની વિશેષ વિગતો હવે પછી જણાવવામાં આવશે.

લિ. મંત્રીઓ

આલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪. ફોન : ૩૫૬૮૩૨